૧૯૪૧ – 1941

કિંમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4260.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨ અંક : ૧૮ મુંબઇ : ૧૫ જાન્યુઆરી ૧૯૪૧ બુધવાર. લવાજમ રૂપિયા ૨

ઈશ્વરની આસ્તિકતા

ઇશ્વરના અસ્તિત્વ વિષે લોકોએ ઘણું લખ્યું છે અને દરેક લખનાર માને છે કે પોતે ઇશ્વરનું અસ્તિત્વ પૂરેપૂરું સિદ્ધ કર્યું છે. પણ ઇશ્વરના આસ્તિક્ય વિષે કોઇએ વિચાર જ કર્યો નથી. આસ્તિક અથવા નાસ્તિક એ વિશેષણો માણસને જ લગાડવામાં આવે છે. જે ઇશ્વર ઉપર વિશ્વાસ રાખે તે આસ્તિક, અને ઇશ્વરના અસ્તિત્વ વિષે જેને વિશ્વાસ બેસતો નથી, તે નાસ્તિક એવો સામાન્ય લોકોનો અર્થ છે. આવી હાલતમાં ઇશ્વર આસ્તિક છે એ વાક્યરચના જ લોકોને મૂંઝવણમાં નાખે એવી છે, છતાં ઇશ્વરનું આસ્તિક્ય એ એક સાચી વસ્તુ છે અને એમાંજ માણસને મોટામાં મોટું આશ્વાસન મળે એમ છે. ભક્તોએ આજ સુધી ઇશ્વરને બાદશાહ જેવો માન્યો છે. એને સર્વસમર્થ તરીકે વર્ણવ્યો છે. કર્તુમ્ અકર્તુમ્ અને અન્યથા–કર્તુમ્ શકિત તો એની જ છે. એ જે ક્ષણે જેમ ધારે તેમ થઇ જ જાય છે. એની ઇચ્છાને રોકનાર કશું જ નથી. એમ ભક્તો બહુ ઉત્સાહપૂર્વક કહે છે.

તેઓ ભૂલી જાય છે કે ઇશ્વર સર્વસમર્થ હોવા છતાં પોતાનું સામર્થ્ય વાપરવા માગતો નથી. એ ઇચ્છે છે કે માણસ પોતાનું સામર્થ્ય પોતાની મેળે કેળવે, વીટો (veto) અને સરટિફિકેશન (certification) ની સત્તા હાથમાં હોવા છતાં એ ન વાપરવી એમાં જ ઇશ્વરનો આનંદ છે. એ સર્વસમર્થ છે, છતાં સર્વસહ રહેવામાં જ એ પોતાના ઐશ્વર્યનો અનુભવ કરે છે. એ બધું સહન કરે છે અને ધીરજપૂર્વક અનંતકાળ સુધી રાહ જુએ છે અનંતવીર્ય હોવા છતાં એ અનંત ધીરજ ધારણ કરે છે અને માણસને બધી રીતે સ્વતંત્ર રાખી એની સગવડે એને પોતાની પાસે આવવા દે છે.

વેપારીઓ કોઇ સજ્જનને કરજ આપ્યા પછી ધીરજ ખૂટે એટલે કહે છે, કે "રકમ જોખમમાં નથી, પણ મુદત જોખમમાં છે. અને મૂડી કરતાં અમારે મન મુદત વધારે મહત્વની છે. પૈસા જો વખતસર ન મળે, તો એ ગયા જેવા જ છે." ઇશ્વરને ત્યાં મુદતનો સવાલ જ નથી હોતો. એના ચોપડામાં હિસાબ અનંતકાળનો જ હોય છે અને કોઇ પણ માણસ વિષે પોતાની મૂડી જોખમમાં નથી એ એનો દૃઢ વિશ્વાસ હોય છે.

માણસ પોતાના પર વિશ્વાસ રાખે એના કરતાં ઇશ્વરનો માણસ ઉપરનો વિશ્વાસ વધી જાય છે.

આ વસ્તુ સમજવા માટે મનુષ્યજીવનની વિચિત્રતા સમજી લેવી જોઇએ.

માણસ એટલે દેહધારી આત્મા–વિષયો તરફ દોડનારું શરીર, અને ઇશ્વર તરફ અખંડ ખેંચાણ ચલાવનાર આત્મા. એ એનો કટોકટીનો સંસાર તે મનુષ્યજીવન. એ જીવનમાં શરીર અને આત્મા વચ્ચે, વાસનાઓ અને ભક્તિ વચ્ચે, પ્રવૃત્તિ અને નિવૃત્તિ વચ્ચે સનાતન ગજગ્રાહ ચાલે જ છે અને એ ગજ-ગ્રાહમાં દુર્બળ માણસ ઘણી વાર હારીને નાસીપાસ થાય છે. એને થાય છે કે "આપણે માટે ઉન્નતિનો માર્ગ છે જ નહિ. આપણે કોઇ કાળે ચઢી શકવાના જ નથી. પ્રયત્ન કર્યે લાભ શો?"

આમ જ્યારે માણસ પોતાના પરનો વિશ્વાસ બોજ બેસે છે, એની શ્રદ્ધાનું દેવાળું નીકળે છે, ત્યારે પણ ભગવાન એને અપનાવે છે. એને વિષે નિરાશ થતો નથી. એની આત્મશકિત ઉપર વિશ્વાસ રાખે છે અને કહે છે, "હું હજી રાહ જોઇશ. હજીય આ માણસને ઉપરતિ થશે અને એ ખાડા-માંથી નીકળી આવી ટેકરીએ ચઢવા માંડશે. હું રાહ જોઇશ. એના અનેક ભવ સુધી રાહ જોઇશ. એ આજે મને ભૂલી ગયો છે, પણ એને મારું સ્મરણ થયા વિના રહેવાનું નથી. અત્યારે જે રસ્તે જાય છે એમાં એને મજા પડે છે, પણ એની એ મજા ટકવાની નથી. એ ત્યાં કંટાળશે, અને અંતે મારી પાસે આવશે જ. એ હમણાં સૂતો છે, પણ હું તો જાગું છું. હમણાં એના મનમાં મારે વિષે ભક્તિ નથી, પણ હું એને ચાહું છું. મારા મનમાં એને વિષે ભક્તિ છે–હા એ ભક્તિ જ કહેવાય. એનામાં પોતા વિષે જે વિશ્વાસ નથી, તે મારામાં એને વિષે છે. એની હૃદયશકિત, એની આત્મ-શકિત ઉપર મારો જે વિશ્વાસ છે એ જ એને અંતે તારશે. પોતાની દરેક વાસના અને દરેક કૃતિદ્વારા એ મને આજે ભલે પરાસ્ત કરતો હોય, પણ હું નિરાશ થવાનો નથી. અંતે એ મારો-જ છે. એ કોઇ પણ ક્ષણે મારાથી દૂર જવાનો જ નથી અને હું એને ખોવાનો નથી."

ઇશ્વરનું આ વલણ–ઇશ્વરની આ નિષ્ઠા–એ જ એની આસ્તિકતા છે. ઇશ્વર આસ્તિક છે તેથી જ દુનિયા ટકી છે અને દુનિયા આગળ સાધનક્રમ મૌજુદ છે. આસ્તિકતા એ જ ઇશ્વર છે.

કાકા કાલેલકર.

પ્રાર્થના

(રાગ–પટદીપ તાલ–ત્રિતાલ

ચરણ ત્યજી પ્રભુ ક્યાં જવું મારે ?
વન વન ઢૂંઢયાં, જગત જન ઢૂંઢયાં,
કોઇ ન બોલે, છૂપાયો તું ક્યારે ?—ચરણ૦
ફૂલ કરમાય, પવન જાય સરકી,
જે જે ધરું, તે વિલાતું ધુંકારે—ચરણ૦
રખડી ભમી પ્રભુ શરણે આવ્યો,
અધમ ઉદ્ધારણ તું જ ઉદ્ધારે—ચરણ૦

અ ફ. ખબરદાર

આપણી પાંજરાપોળો અને ગૌશાળાઓ.

(તા. ૩૦-૧૧-૪૦ ના રોજ સાબરમતી આશ્રમે એકત્ર થયેલ પ્રથમ ગુજરાત કાઠિયાવાડ ગોસેવા સંમેલનના પ્રમુખસ્થાનેથી સ્વામી આનંદ આપેલું વ્યાખ્યાન.)

મિત્રો,

મારા જેવા ટૂંકપૂંજિયાને આ સંમેલનનું પ્રમુખપદ શું જોઇને આપે એનાયત કર્યું હશે, એ મારે માટે એક ભારે કોયડો થઇ પડયો છે. આપ સૌ જેઓ અહીં મળ્યા છો તેમાં, ગોસેવાની પાછળ જીવનનાં કીમતી વર્ષો અને શક્તિ જેમણે ખરચ્યાં છે. એવાં સજ્જનો મોજૂદ છે. ગોસેવા પ્રત્યે પ્રેમ અને ભક્તિભાવની તીવ્રતામાં પણ અહીં બેઠેલા આપ સૌમાં મારું સ્થાન બહુ નીચું છે એ હું જાણું છું.

માનવ-પ્રશ્ન કે પશુ પ્રશ્ન?

આજની ઘડીએ જ્યારે મનુષ્યપ્રાણીના ઉપદ્રવોએ દુનિયા બધીને બેજાર બેહાલ કરી મૂકી છે અને એ પ્રાણીનું શું કરવું એની જ મહામૂંઝવણમાં દુનિયાની પ્રજાઓ ડૂબી ગઇ છે, તેવે ટાંકણે વળી પશુપ્રાણીના પ્રશ્નનો વિચાર કરવા નીકળનારા આપણે અપ્રાસંગિક તો ન લેખાઇએ એમ પણ મને ઘડીવાર લાગ્યું. પણ જે ભૂમિ ઉપર આ સંમેલન આપે યોજ્યું છે તે ભૂમિ એક એવા જગદ્વંદ્ય તપસ્વીની તપસ્યાથી પાવન થયેલી છે કે, જેણે આજની દુનિયાના માનવીના પ્રગતિ અને સુધારણાને લગતા તમામ શેખીભર્યા દાવાઓને પડકાર આપ્યો છે અને તેના દંભ ઉઘાડા પાડયા છે. જેણે આ જ ભૂમિ ઉપર બેસીને માટીમાંથી માણસ ઘડયાં અને 'જન-પશુ-જગ-ના કલ્યાણયજ્ઞ'માં એક પછી એક ભેટ ધર્યાં. જેણે એક બે દાયકા જેટલા અલ્પ અવધિમાં આપણી પ્રજા આખીનો કાયાપલટ કરી નાંખ્યો અને જે આજે પણ વૃદ્ધ વયે અને ક્ષીણ દેહે વેરઝેરથી બળીજળી દુનિયાને અવેરનો, અભયનો, પ્રેમભર્યા પ્રતિકારનો એકમાત્ર ઉકેલ બતાવી રહેલ છે. એ તપોભૂમિ ઉપર એ સંતની અતિપ્રિય પ્રવૃત્તિઓમાંની એક એવી આ ગોસેવા પ્રવૃત્તિ કોઇ પણ કાળે અપ્રસ્તુત કે અપ્રાસંગિક નહિ લેખાય, અને એમાં રોકાનારને સારૂ એ સંતના હમેશ રહેલા આશીર્વાદ મારા જેવા અણઘડને પણ આપ સૌએ સોંપેલી આ જવાબદારી પાર પાડવાની પ્રેરણા અને શક્તિ આપશે, એ ભરોસે આપની આજ્ઞાને મેં શિરોધાર્ય ગણી છે.

એક પવિત્ર સ્મૃતિ

ગોસેવાની ભાવના જોડે એક પવિત્ર સ્મૃતિ મારા અંતરપટ ઉપર આજીવન અંકાઇ ગઇ છે; તે બિહાર પ્રાંતમાં મારી કિશોર અવસ્થામાં જોયેલા એક ગોઉપદેશક રાજસ્થાની પંડિતજીની. ગામડાંમાં ભરાતાં અઠવાડિક બજારોમાં, મેળાઓમાં, પર્વણીઓ ઉપર અને સ્વદેશી આંદોલનના એ યુગમાં ગામેગામ મળતી અમારી ગંજાવર સભાઓમાં, એમની મૂર્તિ ચંદ્રસૂર્યની નિયમિતતાથી હાજરી આપતી. દરેક પ્રસંગે પોતે પૂરા શિસ્તપાલન સાથે અતિ વિનયપૂર્વક સભાસંચાલકની 'સબસે પીછે પાંચ મિનટ' બોલવાની રજા માગી લે અને પોતાની અતિ રસાળ વિનયપરિપ્લુત વાણીથી 'કલુષ કળિકાળમાં સુલભ-અન્ન સૌને સારૂ સુલભ એવો ધર્મ આચરવાનો સુવર્ણમાર્ગ' એક ગોસેવા જ કઇ રીતે છે એ સાબિત કરી બતાવે. ગાય જ સંસારની તમામ રિદ્ધિસિદ્ધિની જન્મદાત્રી કેવી રીતે છે અને માણસને એની દુન્યવી જીવનયાત્રા દરમ્યાન એના ઝીણામોટા તમામ વહેવારોમાં ગાય જ કેવી ઉપકારક છે; બલકે મનુષ્ય-પશુ, કીટ-અનુકીટ, દેવદાનવ, ચંદ્ર-સૂર્ય—ઇશ્વરરચિત સકલ સૃષ્ટિનું આલંબન ગાય જ કઇ રીતે છે; સૃષ્ટિના તમામ ધોળા પદાર્થો 'ગાયકા દૂધ'માંથી જ ધોળાશ કઇ રીતે પામ્યા, એની સદાકાળ એમને જીભવાગ્રે રહેતી કથા પુરાણકારોની શૈલીમાં સંભળાવીને મોટામોટી ગામડિયા માનવમેદનીઓને એઓ ડોલાવતા. એમના કથનની પુરાણ ઢબની અતિશયોક્તિઓ તથા અસંબદ્ધતાઓનું અમને તે કાળે હસવું આવતું. હજુયે કોઇ વાર વિનોદ-પ્રસંગોમાં એમના ઉપદેશોના કિસ્સા યાદને લાયક બને છે. પણ એમની ગોભક્તિ અને પરાયણતાની સ્મૃતિ આખી ઉમ્મર કરી મારા અંતરમાંથી ખસી નથી. ભક્ત તુલસીદાસજીએ જેમ હાથમાં ધનુષ્યબાણ ન લીધેલી કોઇ પણ પ્રભુ-મૂર્તિને ઓળખવા ના પાડી. તેમ ગાયથી વિખૂટી એવી સંસારની કોઇ પણ વ્યક્તિ કે વસ્તુને પંડિતજીની સૃષ્ટિમાં હસ્તી નહોતી. ગાયની કોટે વળગીને કેમ જાણે હમેશાં હીંચકા લેતી હોય તેમ પંડિતજીની કીંગણી મૂર્તિ સદાકાળ મારા જીવનની સ્મૃતિમાં જડાઇ ગઇ છે. જાણે કે ગાયથી એને હું જુદી જ પાડી શકતો નથી. એ પુણ્યાત્માને મારી કોટિ કોટિ વંદના હજો.

પ્રેરણા

પણ પશુ-પ્રશ્નનો અભ્યાસ અને આપણા દેશમાં તેની આજની દુર્દશાની ચિકિત્સાની દિશાએ રસ લેવા તો જીવદયાના પરમ મિશનરી સ્વ. નગીનદાસ અમૃલખરાયે મને પ્રેર્યો. એમની જ ધગશ અને તાલાવેલીએ મહાત્મા ગાંધીજીએ પ્રજાને આપેલા અનેક વિધ રચનાત્મક કાર્યક્રમમાંના આ ગોસેવા પ્રશ્નના મહત્ત્વ તરફ મારૂં ધ્યાન પ્રથમ ખેંચ્યું. આપણી પરાધીનતા અને આપણા તમોગુણને કારણે આપણા પ્રજાજીવનના એકે એક ક્ષેત્રમાં જે દુર્દશા આજે વર્તી રહી છે તે જ આપણા પશુધનની બાબતમાં પણ બન્યું છે. આપણી ઉપેક્ષાને પાપે આખી પ્રજા શરીર અને મનથી ક્ષીણ થઇ ગઇ અને આજે મરણોન્મુખ થવા બેઠી છે. આ મહાદશાનો ગંભીરપણે વિચાર કરવા મહાત્મા ગાંધીજી જેવા યુગપ્રવર્તક પુરૂષ પ્રેરાયા અને તેમણે આ પ્રશ્નને સર્વાંગે વિચારવા અને છણવા આપણને દોરવણી આપી, તેમાંથી આપણી પશુસંસ્થાઓના નવેસર સુધાર અને સંગઠનની કલ્પના આજે ઉઠી છે. એ પ્રેરણાને બળે પ્રેરાયેલા ગોપ્રેમી સજ્જનોના આમંત્રણને માન આપીને એકલા ગુજરાત કાઠિયાવાડમાંથી પણ આજે આપ આટલાં ગોસેવાપ્રેમી સજ્જનો એકઠાં મળ્યાં છો એને હું એક ભારે શુભ શુકન ગણું છું.

જીવદયા-મહાસિદ્ધાંત

જીવદયા એ હિંદુ સંસ્કૃતિની ખાસ બક્ષિસ છે. એ મહાસિદ્ધાંત આખા હિંદુસમાજનો અણમૂલો વારસો છે. માનવેતર સૃષ્ટિની પેઠે જ મનુષ્યપ્રાણી પણ દુનિયા આખીમાં 'जीवो जीवस्य जीवनम्' ના કુદરતી કાયદાને અનુસરનારો હતો—અને હજુ આજે પણ એ રડયાખડયા અપવાદો સિવાય એથી બહુ આગળ નથી ગયો—ત્યારે આપણા પૂર્વજોએ પોતાનાં પુણ્ય અને પુરૂષાર્થને બળે સમસ્ત જીવસૃષ્ટિ જોડે આત્મીયતા સ્થાપનારો અને જીવમાત્રને માણસનાં ભેરૂ-ભાંડરૂ, બલકે આત્મરૂપ ગણીને એમની જોડે વર્તવા કહેનારો મહાસિદ્ધાંત શોધ્યો. એટલું જ નહિ, પણ એક આખા માનવસમાજને એ સિદ્ધાંત પોતાના ઝીણામોટા તમામ

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૭ જુઓ)

કાઠિયાવાડમાં અઠવાડીયું.

આ ક્રીસ્મસની રજાઓમાં નિંગાળા ખાતે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું પંદરમું અધિવેશન ભરાવાનું હતું તે નિમિત્તે કાઠિયાવાડ તરફ જવાનું બન્યું. આ પ્રવાસ દરમિયાન ઘણોખરો સમય નિંગાળા ખાતે જ વ્યતીત થયો. એક દિવસ બોટાદ અને ત્રણ ચાર દિવસ ભાવનગર. નિંગાળા અધિવેશનની ભાત જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનાં આગળનાં અધિવેશનો કરતાં તેમ જ તેવા પ્રકારનાં અન્ય કોમી કે સાંપ્રદાયિક અધિવેશનોથી ઘણા પ્રકારે જુદી પડે છે. તેથી તેને લગતાં કેટલાંક સંસ્મરણો પ્રસ્તુત કોન્ફરન્સમાં રસ ધરાવનારાઓને જ નહિ પણ અન્ય સામાન્ય વાંચકોને પણ રસપ્રેરક બનશે એ કલ્પનાથી આકર્ષાઈને અહિં નોંધવા લલચાઉ છું.

અધિવેશનનો બાહ્ય રંગ.

નિંગાળા અધિવેશનનો બાહ્ય રંગ અનેક રીતે ખૂબ જ આકર્ષક હતો. સાધારણ રીતે આવી કોન્ફરન્સો કે પરિષદો મોટા શહેરોમાં જ ભરાય છે, જ્યારે આ અધિવેશન હજાર બારસોની વસ્તીના અને તેમાં પણ જૈનોના તો પાંચ પંદર કુટુંબોવાળા એક નાના સરખા ગામડામાં ભરવામાં આવેલું. તેથી આ અધિવેશનના કેટલાંક ઉપરંગ આગળનાં અધિવેશનોથી તદ્દન જુદાં પડે એ સ્વાભાવિક હતું. આ ઉપરાંત આ અધિવેશન ભરવાની જવાબદારી રાષ્ટ્રીય મહાસભાના જાણીતા કાર્યકર્તા અને આજે વાણીસ્વાતંત્ર્યને લગતા સત્યાગ્રહની લડતના કારણે જેલવાસી બનેલા શ્રી. મણિલાલ જેમલ શેઠે ઉપાડી હતી. તેથી તેમની યોજનામાં રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનની છાયા જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થાય એ પણ એટલું જ સ્વાભાવિક હતું.

મોટાં શહેરમાં અધિવેશન ભરાય ત્યારે સાધારણ રીતે સ્વાગત સમિતિના સભ્યો તો પોતપોતાના ઘેર જ રહેતા હોય છે અને અધિવેશનમાં ભાગ લેવા માટે આવેલા પ્રતિનિધિઓને પણ શહેરમાં સુલભ મોટાં મોટાં મકાનોમાં ઉતારવામાં આવે છે. પરિણામે અધિવેશનના સમયે સૌ એકત્ર થાય છે અને બેઠક પુરી થયે સૌ કોઈ પોતપોતાના નિવાસસ્થાને વિદાય થાય છે. નિંગાળા તો નાનું સરખું ગામ. બહારથી આવેલા મહેમાનોને ઉતારી શકાય એવાં આલીશાન મકાનો નિંગાળામાં તો હોજ જ ક્યાંથી ? વળી સ્વાગત સમિતિ ગોહેલવાડ તેમજ ઝાલાવાડમાં વસતા જૈનો સુધી વિસ્તૃત કલ્પવામાં આવી હતી. તેથી સ્વાગત સમિતિના સભ્યો તથા અધિવેશનના પ્રતિનિધિઓ વચ્ચે મહત્ત્વનો કશો ભેદ નહોતો. આ સર્વને ઉતરવા-રહેવા તથા સુવા માટેની વ્યવસ્થા નિંગાળા ગામને પાદર 'કેરી' નદીના કીનારે જ્યાં અધિવેશનનો મંડપ બાંધવામાં આવેલ તેની આસપાસ તંબુઓ તેમજ કનાતબંધ રોમાં કરવામાં આવી હતી. આ રીતે અધિવેશનના કાર્યકર્તાઓ સ્વાગત સમિતિના સભ્યો, પ્રતિનિધિઓ, સ્વયંસેવકો-સૌ કોઈને બે, ત્રણ કે ચાર દિવસ સાથે જ રહેવાનું હતું. આવો સમુહવસવાટ ભાઈચારાનું-કુટુંબી ભાવનાનું-કોઈ જુદું જ વાતાવરણ ઉભું કરે છે અને પરસ્પરને મળવા હળવા ઓળખવાની પણ એવી જ આવકારદાયી સગવડ આપે છે. આ અધિવેશને બીજું કાંઈ પણ કર્યું ન હોય તો પણ આવા સુંદર સ્થળ અને તંદુરસ્ત આબોહવામાં જૈન સમાજના નાના મોટા ભાઈઓને એકત્ર વસવાની તક ઉભી કરી એ પણ આવું અધિવેશન ભરવાની જહેમત અને દ્રવ્યવ્યયનો નહાનો સુનો બદલો ન ગણાય.

શહેર અને ગામડાના અધિવેશનના તફાવતનો વિચાર કરતાં લક્ષ્ય ઉપર આવતી બીજી બાબત એ છે કે શહેરમાં તો જે કોમ કે જે વર્ગનું અધિવેશન ભરાવાનું હોય તે કોમ કે વર્ગ સિવાય અન્ય કોઈને તેમાં જરા પણ રસ હોતો નથી. મોટા શહેરમાં તો અનેક જલસાઓ ચાલતા હોય છે તેમાં આ એક વધારે. શહેરની સામાન્ય પ્રજાને મન આવા અધિવેશનની એક સાધારણ જલસાથી વધારે કીંમત, ઉપયોગિતા કે મહત્વ હોતું નથી, ગામડામાં તો આવું અધિવેશન ભરવું હોય તો ત્યાં વસતાં તે વર્ગ કે કોમના પાંચ પંદર કુટુંબો આવા મોટા કાર્યને પહોંચી વળી શકે જ નહિ. તે માટે તો માત્ર તે ગામડાના જ નહિ પણ આસપાસના ગામડામાં વસતા અનેક લોકોનો સહકાર જોઈએ અને આનંદજનક તો એ છે કે ગામડાના લોકો આવા અધિવેશનને પોતાનું જ ગણે છે અને બને તેટલો સહકાર આપે છે. ગામને મન આવું અધિવેશન મહાજનનો મેળો હોય છે અને પોતાને આંગણે બહારના સારા સારા માણસો આવે છે એ બાબતનો કોઈ જુદો જ આનંદ હોય છે. અધિવેશનમાં ભાગ લેવા માટે આવેલા માણસો કરતાં કુતુહળ અને સદ્‌ભાવથી પ્રેરાઈને આવેલાં ગામડાનાં ભાઈ બહેનોની સંખ્યા ઘણી વધારે જોવામાં આવે છે. મંડપ તેમજ બીજી કેટલી બાંધતાં ઉપર તેમજ બાજુએ આચ્છાદિત કરવા માટે નિંગાળાના તેમજ આસપાસના લોકોએ બહુ મોટા પ્રમાણમાં ચોકળો-ખુંગણો-પુરાં પાડયાં હતાં. આ ઉપરાંત મંડપની વ્યાસપીઠિકા જ્યાં પ્રમુખ સાહેબ તેમજ અન્ય સંભાવિત ગૃહસ્થોને બેસવાની ગોઠવણ કરવામાં આવી હતી તે આખો વિભાગ રેશમી ભરતના કાઠિયાવાડી ગાલીચા, ચાકળા, ચંદરવા તેમજ ભાતભાતનાં તોરણોથી શણગારવામાં આવેલ હતો. ખરી રીતે દેશી કારીગીરીના ચાકળા ચંદરવાનું આ એક નાનું સરખું પ્રદર્શન જ હતું. આ પણ આસપાસનાં ગામના લોકોએ જ પુરાં પાડયાં હતાં. અધિવેશનના પ્રમુખના આગમન પ્રસંગે રેલ્વે સ્ટેશનથી મણિલાલ કોઠારી નગર (કોન્ફરન્સનું અધિવેશન જે સ્થળે ભરવામાં આવ્યું હતું તેને આ નામ આપવામાં આવ્યું હતું) સુધી એક ભવ્ય સરઘસ કાઢવામાં આવેલું. આ પ્રસંગે પ્રમુખ મહાશયને જુની ઢબના અને સુન્દર રીતે શણગારેલા રથમાં બેસાડવામાં આવ્યા હતા. આ રથને ભરેલા ચંદરવાની રંગબેરંગી ઝુલોથી શરણગારેલા અગિયાર બળદ જોડવામાં આવ્યા હતા. આ બળદોની જોડીઓમાં કાઠિયાવાડની ભારે ખુમારી તરવરતી હતી. તેમનાં શીંગડાં પણ ભરતકામથી આચ્છાદિત કરવામાં આવ્યા હતા. આ સરઘસમાં આસપાસના ગામડાંઓમાંથી ચાલી આવેલ સંખ્યાબંધ નરનારીઓએ ભાગ લીધો હતો. બેહુત સ્ત્રીઓનાં ભિન્ન ભિન્ન આકૃતિવાળા રંગબેરંગી ભરતવાળા કપડાંઓ, બેહુત પુરૂષોના રંગબેરંગી ફેંટાઓ, અગિયાર બળદોથી બેંચાતો પૌર્વાત્ય સંસ્કૃતિ અને શણગારરચનાને મૂર્ત સ્વરૂપ આપતો રથ, આગળ ઢોલ અને શરણાઇ, વચ્ચે સ્વયંસેવક દળ અને મહાજન, પાછળ સ્વાગત ગીતો ગાતું નારી વૃંદ-કાઠિયાવાડની સુકી અને વૃક્ષવિરલ ભૂમિ ઉપર નિર્મલ ભુરા આકાશ નીચે, શિયાળાને લીધે મધ્યાહ્ન કાળે પણ મીઠા લાગતા તડકામાં પસાર થતા આ સરઘસનું દર્શન આંખોને કોઈ જુદો જ આનંદ આપતું હતું. અધિવેશનના પ્રમુખ સાહેબને નિંગાળા ગામના લોકોએ નાતજાતના કશા પણ ભેદભાવ સિવાય તેમના આગમન પ્રસંગે ભાવનગર રાજ્યના દિવાન શ્રી. અનન્તરાય પટ્ટણીના પ્રમુખપણા નીચે માનપત્ર આપ્યું હતું. નિંગાળા તેમજ આસપાસના ગામડાંના લોકોએ આ અધિવેશન કાર્યમાં કેવો સહકાર આપ્યો હતો અને તેના

(અનુસંધાન પૃષ્ટ ૧૮૦ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

જાન્યુઆરી ૧૫ ૧૯૪૧

ધર્મને નામે

ધર્મને નામે જેટલા ઝગડા થાય છે તેટલા ભાગ્યેજ બીજા કશા માટે થતા હશે. આત્મોન્નતિના સાધન રૂપ ધર્મને અવનતિનું કારણ અજ્ઞાનતાથી બનાવી લેવામાં આવે છે. ધર્મને નામે નિરર્થક અને નિરૂપયોગી બાબતો ઉપર પણ ઝગડા કરવામાં આવે છે. જૈન સમાજમાં છેવટે કંઇ નહિ તો તિથિયો જેવી ક્ષુલ્લકમાં ક્ષુલ્લક બાબત પણ ઝગડાનું કારણ બની શકે છે. જૈન ધર્મમાં ગણાવેલા છ દ્રવ્યોમાં એક દ્રવ્ય તરીકે કાલને પણ ગણવામાં આવે છે. દિવસ-રાત મહિના-વર્ષોની રચના બુદ્ધિદ્વારા જ કરવામાં આવી છે. અમુક નિયમનના પ્રતીક તરીકે કોઇપણ વસ્તુની સ્થાપના કરવામાં આવે તેમ કાલની પણ બુધ્ધિદ્વારા વિભાગો પાડી રચના કરવામાં આવી. આવી એક બુધ્ધિદ્વારા રચાયેલી વસ્તુ માટે જ્યારે આપણે અનેકને ક્લેશનું કારણ આપીએ ત્યારે આપણે કેટલા અજ્ઞાન અને જડ છીએ તે જ જગતને બતાવીએ છીએ. અમુક દિવસે કે અમુક સમયે જ ધાર્મિક ક્રિયાઓ કરવાથી આત્મ-વિકાસ થશે અને તે સિવાય નહિ એવો કોઇ મહાપુરૂષોએ ઉપદેશ આપ્યો હોય એમ સાંભળ્યું નથી. મનુષ્ય સ્વભાવ એવો છે કે એના પર જો અમુક અંકુશો મૂકવામાં ન આવે તો એ બેલગામ બની જાય છે એટલા માટે અમુક ક્રિયાઓ માટે ચોકકસ દિવસો નકકી કરવામાં આવ્યા, જેથી એ ક્રિયાઓ કરવાનું એ બીજા દિવસ પર મુલતવી રાખી એ સંબંધમાં બેદરકાર ન બને. એટલા માટે દિવસોનું નિયમન જરૂરનું છે. પણ જ્યારે દિવસોને જ સર્વ કાંઇ માની લેવામાં આવે અને અમુક દિવસોએ જ અમુક કાર્ય થવું જોઇએ એવું પ્રતિપાદન કરવા શાસ્ત્રોના ઉતારા શોધવામાં પોતાના જીવનની અમૂલ્ય ક્ષણો વેડફી દેવામાં આવે ત્યારે તો મુર્ખતાની પરાકાષ્ઠા જ આવી રહે છે અને એવી વ્યકિતઓની બુદ્ધિમતા (!) માટે માન ઉપજે છે! ધન્ય છે તમારી બુધ્ધિને! એવા ઉદ્‌ગાર સહેજે વિચારવાનના મુખમાંથી સરી પડે છે.

જો અમુક દિવસો અને આત્મ-વિકાસને કંઇ સંબંધ હોય અને આપણને એ દિવસો માર્ગદર્શન આપતા હોય અને એથી આપણે આત્મ-વિકાસ સહેલાઇથી સાધી શકીએ છીએ એમ હોય તો એને માટે શાસ્ત્રોના ઉતારા શોધવા, વાદવિવાદો ચલાવવા યોગ્ય છે. પણ જો એવું કશું ન હોય તો એની પાછળ સમય ગુમાવવો એટલે પોતાના જીવનની અમૂલ્ય ક્ષણો નિરર્થક વેડફી દેવી એ યોગ્ય ગણાય ખરૂં ? જેને પોતાના જીવનની કિમ્મત છે, તે પોતાનો સમય કદિ એવી બાબતો માટે ન જ વેડફે કે જેથી પોતાને કે પરને કશો લાભ ન હોય. આપણે તિથિઓ માટે ઝગડીએ છીએ, અને તે પણ ધર્મને નામે ધર્મને જીવનનું મુખ્ય અંગ બનાવવાને બદલે આપણે ઝગડાનું સાધન બનાવી મૂકયું છે.

આત્મોન્નતિના સાધન માટે સર્જવામાં આવેલા મંદિરો અને તીર્થસ્થાનોને પણ આપણે કલેશના, ઝગડાના કારણ બનાવી મૂકયા. શાંતિના સાધનોદ્વારા આપણે અશાંતિ ફેલાવવા માંડી. જે મહાત્માઓએ માયા-મમતાનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો તેમનાં જ મંદિરો અને તીર્થસ્થાનોની માલેકીના મમત્વમાં પડી આપણે ઝગડવા માંડયા અને એટલેથી જ ન સંતોષાતાં એ માલેકીનો હકક મેળવવા પરદેશીઓ પાસે ગયા અને હજારો રૂપિયાનું પાણી કર્યું. રાગ-દ્વેષનો ત્યાગ કરવાનો સંદેશો આપનારાઓની મૂર્તિઓ માટે રાગદ્વેષ કરી એમના શબ્દ-દેહનો છડેચોક અનાદર કરી આપણે એમની કેટલી અવહેલના કરીએ છીએ? પ્રભુની મૂર્તિમાં કે મંદિરમાં પ્રભુ વસતા નથી. આપણે જ એ મૂર્તિઓમાં ભગવદ્‌ભાવનું આરોપણ કરી આપણી ભાવના એમાં મૂર્તિમંત કરીએ છીએ. બાકી એ તો મૂર્તિ જ હતી. તેમાં આપણે જ્યારે એ મૂર્તિઓમાં શ્વેતાંબર, દિગંબર એવા ભેદ પાડીએ છીએ ત્યારે તો નરી બુદ્ધિહીનતા જ દેખાય છે. અને જ્યારે કોઇ શ્વેતાંબર, દિગંબર મૂર્તિઓને ન નમવાની અને દિગંબર મંદિરમાં જવાથી અને દિગંબર મૂર્તિને નમવાથી મિથ્યાત્વ લાગી જવાનું જણાવે છે ત્યારે તો એની જડતા માટે કેવળ દયા જ આવે છે. સાધ્યને ભૂલી માત્ર સાધનોને પકડી બેસી જવું એનાથી વધુ અજ્ઞાન બીજું શું હોઇ શકે? રાગ-દ્વેષ-મોહ-મમતાનો ત્યાગ કરનારા મહાત્માઓની યાદ માટે મંદિરો બાંધવા, એમની મૂર્તિઓનું પૂજન કરવું પગલે પગલે એમની આશાતના ન થાય તે માટે ડરતા રહેવું. રખે કોઇ ફૂલ કચડાઇ જાય, રખે આપણો શ્વાસ એમને સ્પર્શી જાય તે માટે આપણે ખુબ સાવધ રહેવું-આ બધી સંભાળ આપણે પુરી ચીવટથી લઇએ છીએ; પણ એ મહાવીરોના વિશ્વ-પ્રેમના-સમભાવના-શાંતિના સંદેશા તો આપણે ક્ષણે ક્ષણે અવગણી એમની અશાતના કરી રહ્યા છીએ એ તો આપણને સ્વપ્ને પણ યાદ નથી રહેતું. ત્યાગ-મૂર્તિ પ્રભુનું પ્રતીક બનાવી આપણે એમનું પૂજન અર્ચન કરવા માંડયું. પ્રતિદિન પરમ વીતરાગ સ્વરૂપ પ્રભુના દર્શન કરવા છતાં આપણે કેમ ત્યાગી નથી બની શકતા? એ સંબંધી આપણે કદિ વિચાર નથી કરતા. એમના જેવા થવાને બદલે આપણે એમને પોતાના જેવા બનાવી દીધા. આપણને વસ્ત્રાલંકારો ગમે છે તેથી પ્રભુને પણ એ વસ્તુઓ પહેરાવવા માંડી. નહિ તો ત્યાગમૂર્તિ પ્રભુને મુગટ શાને? બાજુ બંધ શાને? માળાઓ શાને? એમની મૂર્તિને પ્રતિક્ષણે વીતરાગપણાનું ભાન કરાવતી રાખવાને બદલે આપણે આપણી કામનાઓના પ્રતિબિંબ સમી બનાવી મૂકી. આપણી ઇચ્છાઓને મૂર્તિઓમાં પ્રગટ કરીને આપણને જ શું ગમે છે તે આપણે બહાર આણ્યું. પ્રભુના સંતાનો ભલે અન્ન વિના ટળવળતા હોય, પૈસાને અભાવે ભલે અજ્ઞાનતામાં સબડતા હોય, પણ આપણે તો પ્રભુને મુગટ માળાઓ પહેરાવી એમને આપણી વિવેકહીન ભકિતથી રીઝવવા પ્રયત્ન કરીએ છીએ. એક વખત નિર્ભય ગણાતા, આત્માર્થીઓના આશ્રય સ્થાન સમા મંદિરોને પણ આપણે ભયનું સ્થાન બનાવી મુકેલ છે. એને પણ તાળા મારવા પડે છે. મંદિરોમાં ચોરીઓ થાય છે. આપણે ત્યાં જોખમી ગણાતી ચીજો જો એકકી કરી ન હોત તો તાળાં મારવાની કે ચોકી કરવા માણસો રાખવાની જરૂર ન પડત. એકાંત શોધતા આત્માર્થીઓને માટે એ સ્થળો સદા ખુલ્લાં રહી શકત. આપણે ધર્મને નામે હજારો રૂપીયા ખરચીએ છીએ છતાં એ દ્વારા કેટલી ધર્મની ઉન્નતિ કરી? અનેક મંદિરો બંધાયા અને બંધાય છે; અનેક સંઘો નીકળ્યા અને નીકળે છે; અનેક સ્વામીવાત્સલ્યો થયા અને થાય છે; અનેક જાતના ઉપધાન સમારંભો થયા અને થયા કરે છે. આ બધામાં બેસુમાર પૈસો

વપરાય છે. પૈસો વાપરનારા માને છે કે પોતે એથી ધર્મ કરી રહ્યા છે; પણ આ બધી ક્રિયાઓનો પ્રભાવ અન્યધર્મીઓ પર કેટલો પડ્યો? કેટલા જૈન ધર્મનું મહત્વ સમજી એનો સ્વીકાર કરવા નીકળ્યા? કેટલા જૈનોએ આ બધી ક્રિયાઓ દ્વારા અસાધારણ આત્મ-વિકાસ સાધ્યો? શત્રુંજય પર્વત પર અનેક મંદિરો છે, હજારો મૂર્તિઓ છે. પાલીતાણા શહેરમાં દર વર્ષે અનેક જાતની તપશ્ચિયાઓ ઉજવાય છે અને રથયાત્રાઓ નીકળે છે. અનેક સંઘો આવે છે, નવકારશીઓ થાય છે. આ બધી ક્રિયાઓ દ્વારા જૈન ધર્મનો પ્રચાર થાય છે, અથવા તો એના સિદ્ધાંતો લોકોને વધારે સમજાય છે અથવા જે આ વડે જેનો અસાધારણ આત્મોન્નતિ સાધે એવો જો કોઇ દાવો કરે તો આખા પાલીતાણા શહેરમાં તો બીજો ધર્મ જ ન સંભવે છતાં આપણે જાણીએ છે કે તેમ નથી બન્યું. એટલે આ બધી વસ્તુઓ માત્ર જૈનોની સમૃધ્ધિનું પ્રતીક માત્ર બની રહે છે. આનાથી જૈનોનાં હૃદયમાં ધાર્મિક ભાવનાનો વિકાસ થાય છે, એમ જો કોઇ કહે તો પણ આપણે એવી કોઇ અદ્‌ભૂત ચારિત્ર્યવાન, અસાધારણ વ્યક્તિ વર્તમાન કાળમાં તો જૈન સમાજમાં જોઇ શકતા નથી કે જેણે તપના પ્રભાવથી જગતનું ધ્યાન ખેંચ્યું હોય. માત્ર વસ્ત્રો બદલવાથી ત્યાગી બની જવાતું હોય તો એવા અનેક ત્યાગી નીકળશે. પણ જેણે મનમાંથી જગતને ત્યાગ્યું હોય, રાગદ્વેષ પર વિજય મેળવ્યો હોય એવા ત્યાગીઓજ સાચા ત્યાગી કહી શકાય. ધર્મને નામે વ્યક્તિગત કીર્તિ માટે ફાંફા મારનારા તો ઠેર ઠેર નજરે પડશે. પણ ધર્મને જીવનનું મુખ્ય અંગ બનાવી, એની ઉન્નતિ માટે જીવન જીવનારા કેટલા નીકળશે? ધર્મને નામે ઝગડા સાચા ધર્મીઓ કદિ કરતા નથી. જેમણે ધર્મને ઓળખ્યો છે તેમનામાં કોઇ પણ જાતનો આગ્રહ કે મત-પંથનું મમત્વ હોતું જ નથી સાચી ધાર્મિક વ્યક્તિની વાણીમાં એક શબ્દ પણ એવો નહિ આવે કે જેથી કોઇનો આત્મા દુભાય. બીજાના દોષો જાણવા છતાં એ દોષો એ કદિ ઉઘાડા નહિ પાડે. બીજાની નિંદા કરનાર, બીજાના દોષ જોનાર, પોતાના પક્ષનું પ્રતિપાલન કરવા બીજા પક્ષોની નિંદા કરનાર પામરજ હોઇ શકે. સાચા ધર્મને ઓળખનાર ધર્મને નામે ઝઘડા તો સ્વપ્ને પણ ન જ કરે.

સરલાબહેન સુમતિચંદ્ર શાહ

કેટલાક સમાચાર અને નોંધ.

સ્વાતંત્ર્ય દિન પ્રતિજ્ઞા

પંડિત જવાહિરલાલના પ્રમુખપણા નીચે ઇ. સ. ૧૯૨૯ ના ડીસેંબર માસમાં મળેલ લાહોરની રાષ્ટ્રીય મહાસભાએ સંપૂર્ણ સ્વાતંત્ર્ય મુકમ્મીલ આઝાદી Complete Independence ને હિંદીપ્રજાના ધ્યેય તરીકે જાહેર કર્યું હતું અને ૧૯૩૦ ના જાન્યુઆરીની ૨૬ મી તારીખને સ્વાતંત્ર્ય દિન તરીકે ઉજવ્યો હતો આ દિવસે હિંદના શહેરે શહેર અને ગામે ગામ વસતા પ્રજાગણે સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞા લીધી હતી. ત્યારથી તે આજ સુધી દર વર્ષે એ દિવસ સ્વાતંત્ર્યદિન તરીકે ઉજવાતો આવ્યો છે અને રાષ્ટ્રીય મહાસભાએ નક્કી કરેલી સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞા લેવાતી આવી છે. ચાલુ જાન્યુઆરી માસની ૨૬ મી તારીખ આવે છે ત્યારે ગાંધીજીએ આદેશ કર્યો છે કે હિંદના સ્વાતંત્ર્યપ્રેમી પ્રજાગણે એ જ પ્રકારે સ્વાતંત્ર્ય દિન ઉજવવો અને એ જ પ્રકારની થોડીક ઉમેરણીવાળી પ્રતિજ્ઞા સૌ કોઇએ જાહેરમાં લેવી. એ દિવસે કોઇએ સવિનય ભંગ કરવો નહિ. આ દિવસે સવારમાં પ્રભાતફેરીઓ કાઢવી અને ધ્વજવંદન કરવું. સાંજે પ્રજાએ સરઘસો કાઢી જાહેર સભાના સ્થાને જઇ અને ત્યાં એકત્ર થયેલા સૌ કોઇએ વાક્યે વાક્ય અને શબ્દે શબ્દની સમજણપૂર્વક નીચેની પ્રતિજ્ઞા લેવી.

"અમે માનીએ છીએ કે સ્વતંત્રતા મેળવવાનો, પોતાની જાતમહેનતનાં ફળનો ઉપભોગ કરવાનો અને પોતાનો વિકાસ સાધવાની તમામ તકો પૂરેપૂરી રીતે મળે એ રીતે જીવનની જરૂરિયાતો મેળવવાનો હિંદી પ્રજાનો, તેમજ બીજી કોઇ પણ પ્રજાનો કોઇથી ન ખૂંચવી શકાય એવો જન્મસિધ્ધ હક છે. વળી અમે માનીએ છીએ કે જો કોઇ પણ સરકાર પ્રજાના આ હકોને છીનવી લે અને તેમના પર જુલમ ચલાવે તો એવી સરકારને બદલવાનો કે ખતમ કરવાનો પણ પ્રજાને છે. હિંદમાં પડેલી બ્રિટિશ સરકારે હિંદી પ્રજાનું સ્વાતંત્ર્ય છીનવી લીધું છે, એટલુંજ નહિ પણ તેણે આમ વર્ગોના શોષણ ઉપર પોતાની સ્થાપના કરી છે, અને આર્થિક દૃષ્ટિએ, રાજકીય દૃષ્ટિએ, સંસ્કૃતિની દૃષ્ટિએ તેમજ આધ્યાત્મિક દૃષ્ટિએ હિંદને પાયમાલ કર્યું છે. તેથી અમે માનીએ છીએ કે હિંદે બ્રિટિશ સંબંધ તોડીને પૂર્ણ સ્વરાજ એટલે કે સંપૂર્ણ સ્વાતંત્ર્યની પ્રાપ્તિ કર્યે જ છૂટકો છે.

અમે સમજીએ છીએ કે અમારી મુક્તિ મેળવવાનો સચોટમાં સચોટ માર્ગ હિંસા મારફત નથી. હિંદે શાંત અને ન્યાયી રીતોને અનુસરીને જ બળ તેમજ સ્વાશ્રય કેળવ્યાં છે અને સ્વરાજનો ઠીક ઠીક પંથ કાપ્યો છે અને એ રીતોને વળગી રહીને જ એ સ્વાતંત્ર્યપ્રાપ્તિ કરશે.

અમે હિંદની સ્વાતંત્ર્યપ્રાપ્તિને સારૂ ફરીવાર પ્રતિજ્ઞાબધ્ધ થઇએ છીએ અને પૂર્ણ સ્વરાજ મળે ત્યાં સુધી આ સ્વાતંત્ર્યની લડત ચલાવ્યે જવાનો પવિત્રપણે નિરધાર કરીએ છીએ.

અમે માનીએ છીએ કે અહિંસક લડત માટે સર્વસાધારણપણે, અને ખાસ કરીને સત્યાગ્રહ માટે, ખાદી, કોમી એકતા તેમજ અસ્પૃશ્યતાનિવારણનો કાર્યક્રમ સફળપણે ચલાવવો જરૂરી છે. અમે ન્યાતજાતના કે ધર્મના કશા ભેદ વગર અમારા દેશભાઇ-ઓમાં સદ્‌ભાવ ફેલાવવાની એકએક તક સાધીશું. જેમના પ્રત્યે દુર્લક્ષ કરવામાં આવ્યું છે તે સૌને અજ્ઞાન અને દારિદ્રયમાંથી ઉંચે લાઇ જવા અને જેઓ પછાત અને દલિત ગણાય છે તેમનાં હિતોને દરેક રીતે આગળ વધારવા અમે મથીશું. અમે જાણીએ છીએ કે જો કે અમે સામ્રાજ્યતંત્રનો નાશ કરવા ઊઠ્યા છીએ છતાં અમલદાર અગર બિનઅમલદાર અંગ્રેજો જોડે વ્યક્તિગત નાતે અમારો કશો કજિયો નથી. અમે જાણીએ છીએ કે સવર્ણો અને હરિજનો વચ્ચેના ભેદ ભૂંસ્યે અને હિંદુઓએ પોતાના રોજના વ્યવહારોમાં એ તમામ ભેદોને ભૂલ્યેજ આરો છે. ધાર્મિક માન્યતાઓ જુદી હોય તો પણ આવી જાતના ભેદ અહિંસક વર્તાવમાં વિઘ્નરૂપ છે. તેથી અરસપરસના વ્યવહારોમાં અમે એકસરખા રાષ્ટ્રીયત્વથી સંકળાયેલાં અને એકસરખા રાજદ્વારી તેમજ આર્થિક હિતથી બંધાયેલાં એક જ ભારતમાતાનાં સંતાનો તરીકે વર્તીશું.

રેંટિયો અને ખાદી એ હિંદનાં સાત લાખ ગામડાંના પુનરૂજ્જીવનના અને આમ પ્રજાની ભયાનક ગરીબી ટાળવાના અમારા રચનાત્મક કાર્યક્રમનું અનિવાર્ય અંગ છે. તેથી અમે નિયમિત રેંટિયો કાંતીશું. અમારી અંગત જરૂરીયાતોમાં શુદ્ધ ખાદી સિવાય કશું નહીં વાપરીએ, અને બીજા તમામ ઉપયો-

ગમાં પણ બનતા લગી ગામડાંની પ્રજાના હાથની બનાવટની જ ચીજો વાપરીશું, અને બીજાઓ પાસે પણ તેમ કરાવવા પ્રયાસ કરીશું.

અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે કોંગ્રેસના સિધ્ધાંતોનું અને નીતિનું અમે શિસ્તપૂર્વક પાલન કરીશું, અને હિંદની આઝાદી માટે લડતમાં સામેલ થવા જ્યારે કયારેય હાકલ થશે ત્યારે તેમ કરવા હરઘડી તૈયારે રહીશું.

આજે વ્યકિતગત સવિનય ભંગ ચાલુ થઈ ગયો છે અને હિંદ ભરમાંથી સંખ્યાબંધ મહાસભાવાદી. ગીરફતાર થયા છે. એ બીના ધ્યાનમાં લેતાં રચનાત્મક કાર્યક્રમ કે જેને પાર પાડયા સિવાય વ્યકિતગત કે સમુહગત કોઇ પણ પ્રકારના સવિનય ભંગથી સ્વરાજ પ્રાપ્ત કરી કે ટકાવી શકાય તેમ નથી તે રચનાત્મક કાર્યક્રમ પાછળ બમણા જોસથી લાગી જવાનો દરેક હિંદીનો ખાસ ધર્મ બને છે, ટુંકાણમાં કહીએ તો હાથ કંતામણ અને ખાદીનો સર્વ વ્યાપી સ્વીકાર તથા ગ્રામોદ્યોગોનો અને ગામડાની પ્રજાએ પેદા કરેલી ચીજોનો પ્રચાર એમાંજ રચનાત્મક કાર્યક્રમનો સાર આવી જાય છે. અમો માનીએ છીએ કે અહિંસાના સંગીન પ્રચારના પરિણામે કોમી એકતા જરૂર સિધ્ધ થવી જોઇએ અને દરેક પ્રકારની અને રીતની અસ્પૃશ્યતાનો સદંતર નાશ પણ થવો જ જોઇએ."

આ સ્વાતંત્ર્ય દિનના ઉદ્યાપન સંબંધમાં ગાંધીજી જણાવે છે કે "અહિંસાના આધારે રચાતા સ્વરાજનો અર્થ માત્ર સત્તાની ફેરબદલી નથી. એ સ્વરાજ એવું હોવું જોઇએ કે જેથી આર્થિક ગુલામીની ભયંકર ચુડમાં ફસાયલાં મહેનત મજુરી કરતાં અને છતાં ભુખે મરતાં લાખો આદમીઓને સાચી મુકિત મળે. આ ત્યારે જ બને કે જ્યારે માલમીલ્કત ધરાવનારા ગણ્યા ગાંઠયા લોકો લાખો દેશબંધુઓ સાથે આત્મીયતા અનુભવે અને તેમની ખાતર પોતાના સર્વસ્વનો ભોગ આપવાને તત્પર બને.

એ દિવસે એકતા અને બંધુભાવને ખૂબ ઉત્તેજના મળવી જોઇએ, આપણા દિલમાંથી અસ્પૃશ્યતા જવી જોઇએ; મદ્યનો સૌ કોઇએ ત્યાગ કરવો જોઇએ; કાંતવું જોઇએ; અને ખાદી અને ગ્રામોદ્યોગથી નિષ્પન્ન થતી ચીજોનું વેચાણ તેમજ પ્રચાર કરવો જોઇએ."

મહારાષ્ટ્રના કેટલાક જૈન આગેવાનો ગિરફતાર

સાંગલી તાલુકાની કોંગ્રેસ કમીટીના પ્રમુખ, સાંગલીની ચેંબર ઓફ કોમર્સના પ્રમુખ અને જાણીતા જૈન સુધારક શ્રી. દીપચંદ ભાઇચંદ વોરા બી. એ. એલએલ. બી. ને આજે ચાલી રહેલ સવિનય ભંગની લડતમાં ભાગ લેવા માટે એક વર્ષની સખ્ત મજુરીની સજા ફરમાવવામાં આવી છે.

આવા જ કારણે સોલાપુરસીટીની કોંગ્રેસ કમીટીના અધ્યક્ષ અને જૈન યુવક સંઘના માજી પ્રમુખ શ્રી. કેશવલાલ વીરચંદ શાહને પણ હિંદી સંરક્ષણ કાનુનની ૧૨૯ મી કલમ નીચે ગિરફતાર કરવામાં આવ્યા છે.

આવી જ રીતે અહમદનગર નિવાસી શ્રી. કુન્દનમલજી ફિરોદિયા બી. એ. એલએલ બી. જેઓ મુંબઇની ધારાસભાના સભ્ય છે તેમને પણ સરકારે ગિરફતાર કર્યા છે. શ્રી. કુન્દનમલજી ફિરોદિયા સ્થાનકવાસી સમાજના બહુ જાણીતા આગેવાન છે અને અહમદનગરના સુવિખ્યાત વકીલ અને પ્રજાસેવક છે.

આ પ્રમાણે જામનેર નિવાસી શેઠ રાજમલજી લલવાણી જેઓ પણ મુંબઇની ધારાસભાના સભ્ય છે તેઓ પણ સત્યાગ્રહના કારણ સરકારની અવકૃપાના પાત્ર બન્યા છે અને આજે જેલવાસ ભોગવે છે. તેઓ એક જમીનદાર છે અને પ્રજાસેવામાં બહુ સારો રસ ધરાવે છે.

આ સર્વે ગૃહસ્થોને દેશની આઝાદી અને વાણીસ્વાતંત્ર્યના હકકની ખાતર જેલવાસ સ્વીકારવા બદલ જૈન સમાજના અનેક ધન્યવાદ ઘટે છે. પરમાનંદ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

વાર્ષિક સભા

શ્રી. મુંબઇ યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૯-૧-૪૧ રવિવારના રોજ બપોરના ત્રણ વાગે ધનજી સ્ટ્રીટમાં આવેલ સીલ્વર મેન્શનમાં સંઘની ઓફીસમાં મળશે જે વખતે વાર્ષિક વૃત્તાન્ત મંજુર કરવામાં આવશે અને નવા વર્ષ માટે અધિકારીઓ અને કાર્યવાહક સમિતિની ચુંટણી કરવામાં આવશે આ પ્રસંગે સર્વે સભ્યોને વખતસર હાજર થવા વિનંતિ કરવામાં આવે છે. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

અહિંસક સંગ્રામના સૈનિકો.

શ્રી. કુન્દનમલજી ફિરોદિયા.

શ્રી. રાજમલજી લલવાણી.

શ્રી. કેશવલાલ વીરચંદ શાહ.

આપણી પાંજરાપોળો અને ગૌશાળાઓ.

(પૃષ્ઠ ૧૭૨ નું ચાલુ)

જીવન-વહેવારમાં આચરીને જીવતાં શીખવ્યું. સંસારના ઇતિહાસમાં માણસે મેળવેલી સૌથી ચમત્કારી જીતોમાંની આ એક જીત છે. હજારો વર્ષ થયાં જીવદયા અને અહિંસાના એ મહાસિદ્ધાંતના પાયા ઉપર આપણા સમાજની રચનાઓ બંધાઇ છે અને ચાલી રહી છે. આપણી પાંજરાપોળો અને જીવદયા સંસ્થાઓનાં વિદેશી વિજેતાઓ કે પ્રવાસી યાત્રાળુઓએ શ્રધ્ધા ભક્તિભરી અજાયબીઓથી કરેલાં વર્ણનો ઇતિહાસ-ગ્રંથોએ સંધરી રાખ્યાં છે આહાર વહેવાર બધામાં 'जीवो जीवस्य जीवनम्' નો જીવજંતુને શોભનારો કાયદો કોરે મેલી, કંઈ નહિ તો ભલે મનોગત નિષ્ઠામાં પણ 'आत्मवत् सर्वभूतेषु' નો અહિંસા સિદ્ધાંત અપનાવીને અને તેને અંતરની વંદના અર્પીને જીવનયાત્રા કાપવા માગતી આપણી પ્રજાને આપણું આ વારસામાં મળેલું સંસ્કારધન કેવું કીમતી છે, એ વાતનું આજે કે જ્યારે સંસારનો માનવ પોતાની પશુપ્રકૃતિનું સોળે કળાએ પ્રદર્શન કરાવી રહ્યો છે તે વેળાએ સાચું ભાન થઇ શકે છે. આવા મહાન વારસાના વારસ અને એ મહાસિદ્ધાંતના અનુયાયી આપણે, જીવદયાના ક્ષેત્રમાં એ પવિત્ર સિદ્ધાંત અને એ વારસો આપણે પનારે પડીને આજે કેવી દશાને પામ્યો છે ને તેને સચેત કરીને ફરી એક વાર પ્રાણવાન કરવાના માર્ગો શા છે તે તપાસવા, અહીં મળ્યા છીએ.

ગાયનો મહિમા

ગાયને મહાત્માજીએ મૂંગુ કાવ્ય કહી છે. માનવીનાં અનુજ જેવાં પશુપ્રાણીઓના આખા મૂક જગતની એ પ્રતિનિધિ છે. શાસ્ત્રકારોએ એને રિદ્ધિસિદ્ધિની જનની કહી છે. આમ-પ્રજા આખી ઉમ્મર જનેતા માની અવેજી તરીકે એના સામું જુએ છે. બીજી પ્રજાઓના કરતાં આપણી પ્રજાના જીવન-ઇતિહાસમાં એણે અવનવો ભાગ ભજવ્યો છે અને અનોખું સ્થાન ભોગવ્યું છે, એની સાક્ષી ઇતિહાસ પૂરે છે. વેદકાલીન હિંદુઓના વડવા ઢોરચરાઉ પશુપાલક હતા. ગાય તથા ગોવંશ જ એમના જીવનનું એક માત્ર આલંબન હતું. અન્ન વસ્ત્ર આચ્છાદન સર્વ કંઇ એમનું ગોધન અને પશુ પાલન જ હતાં, એમ માનવાને ઐતિહાસિક કારણો છે. વેદ-રામાયણાદિમાં આના પુરાવા પડયા છે.

એ પ્રાચીન ઢોરચરાઉ અનિકેત જીવનમાંથી નીકળીને આપણા પૂર્વજોએ જ્યારે સિંધુ-સતલજ, ગંગા-યમુના જેવી પુણ્યસલિલા નદીઓને ખોળે આશ્રય લીધો અને આ દેશમાં નાના મોટા વસવાટ કરી કૃષિપ્રધાન જીવન સ્વીકાર્યું, ત્યારે એ નવા જીવનમાં ગાય અને ગોવંશની નવી જ મહત્તા અને અનિવાર્યતા એમને સમજાઇ અને એમના જીવનમાં તેમ જ સમાજવ્યવસ્થામાં ગાયને જન્મદાત્રી માતાની જોડાજોડ પૂજ્યનું સ્થાન મળ્યું. શું શાસ્ત્રગ્રંથોમાં, શું સાહિત્યમાં, શું લોકવાર્તાઓમાં, ગાયનો મહિમા ગાતાં કોઇ થાકયું નહિ. બેઉ શીંગડે સોનામહોરો બાંધેલાં માથાં ડોલાવતી ડોલાવતી ચાલનારી હજારો સવત્સી ગાયોનાં દાન આપણા પૂર્વજો કરતા. અકેક ગોકુળમાં, અકેક માલધણીને ઘેર, અકેક રાજા અને અકેક શ્રેષ્ઠીને આંગણે હજારો ગાયો બંધાતી. રાજા મહારાજાઓ ઋષિમુનિઓને આશ્રમે રહી ગાયો ચરાવવાને જીવનશિક્ષણનું અંગ ગણતા. શ્રીમંતોની મહોલાતે ને ગરીબને ઓરડે, તપસ્વીઓના આશ્રમમાં કે ગામબાવાઓની જગ્યામાં, બધે રિદ્ધિસિધ્ધિની જનની ગાય મોજૂદ હતી. ઘેર ઘેર રોજ પ્રભાતે દહીંવલોણાંની ઘમ્મર-ગોળીઓ ગાજી રહેતી. દૂધ-ઘીની નદીઓ વહેતી. દૂધ વેચવું એ આપણી પ્રજામાં અનાડીપણું અને હલકાઇ લેખાતાં, એ તો હજુ ગઇ કાલની વાત છે. છાશને કોઇ પૂછતું જ નહિ. રંગેલ શીંગડાંથી સોહામણા અને કોટે રણકતી ઘૂઘરમાળા ગજવતા, પાટ જેવી પીઠો પર હીરનાં ભરતે ભરી ઝૂલોથી ઢંકાયેલા, અને હાંકનારનાં હાથ આંગળાંને રાશ ખેંચી ખેંચીને લોહિયાળ કરી મૂકતા 'ધીંગાધોરી'નાં વર્ણનોથી આપણાં સાહિત્ય ભરપૂર છે.

આપણું પાપ

આજે આપણાં અજ્ઞાન, ઉપેક્ષા અને અકર્મણ્યતાને દોષે દેશનું તમામ પશુધન તદ્દન બેહાલ અને દૈવની વેઠ સમું બની, દરેક દિશામાં આપણે પોતાને હાથે પેરે પેરે કરીને વેડફાઇ રહ્યું છે. આપણા દયાધર્મના ખ્યાલ જૂની ઘરેડોમાં પડયા પડયા વાસી થઇ ગયા છે ને આજે તેમાં કોહવાટ વ્યાપ્યો છે. આપણી ગોપૂજ્ય અને આપણી દયાધર્મની રીતો પરદેશીઓની અને પરકોમોની ટીકા અને ઠેકડીનો જ માત્ર વિષય બની રહી છે. ધીંગા ધોરીનો ધણી બેડૂત આજે પારકા માલની પેદાશ કરનારો, દૂધ-ઘીનો સાવ અણઓળખીતો, હાડે વળી ગયેલો અને હાર્યા-લૂંટયા વદને શહેરો સામું જોઇને દિન વિતાવનારો રાંકડો બન્યો છે. એના શ્રમની અને એની કળાની કોઇને કદર નથી. જે આવે છે તે એની પાસે સસ્તી મજૂરી કરાવીને એનામાંથી કેટલું કાઢી શકાય એનાં જ લેખાં કરે છે. એનો ભણેલો ભાઇ પરદેશીઓનો આડતિયો માત્ર બની ગયો છે. એની અને એનાં વહાલસોયાં પશુઓની કાળી મહેનતની નીપજને એ ટ્રેનો અને સ્ટીમરો ભરી ભરીને પરદેશ ચડાવે છે અને ગૂણી પાછળ પાઇ-પૈસા 'ધરમાદા' કાઢીને અંતરની આંતરડીના કકળાટને મૂંગો કરી દે છે.

જાડી જીવદયા

લાખોની બરકામતો ધરાવતી અને હજારો પશુઓનાં રોજ પાલન-શુશ્રૂષા કરતી પાંજરાપોળોના સંચાલકો દેહકષ્ટથી પીડાતાં કૂડીબંધ પશુઓને ફેલવા આવતા કાગડાઓને ઉડાડવા અથવા તો મરણની અણીએ આવેલાં પશુઓના કાનમાં નવકારમંત્ર કે કૃષ્ણનામ સંભળાવવા પગારદાર માણસો રાખે, પણ પીડાતાં પશુઓને તાર-જાળીઓ જડેલી ભીંતોવાળા એકાદ તબેલામાં મૂકવાનું કોઇને સૂઝે નહિ, એ આપણી સ્થિતિ છે. આપણી ઘણી સખાવતો તેમ જ જીવદયા પ્રવૃત્તિઓની પાછળ કંઇ ને કંઇ આવી જ જડીબુધ્ધિની જીવદયા રહેલી છે અને તેથી જ આપણી ઘણીખરી જીવદયા પ્રવૃત્તિઓ આજે નિસ્તેજ, નિષ્પ્રાણ જોવામાં આવે છે. સતત સુધાર, સતત ફેરફાર, સતત ઘડભાંજ એ કોઇ પણ જીવંત સંસ્થા કે સંઘપ્રવૃત્તિનું લક્ષણ છે; પણ આપણાં જીવદયામંડળો અને કાર્યકર્તાઓ જ્યાં અને ત્યાં 'લકીરના ફકીર' બની પડી ઘરેડે ચાલનારા, જરી-પુરાણી ધર્મમાન્યતાઓનાં મૂઆં મડાં ગળે વળગાડી ફરનારા તથા સુધાર-ફેરફારની સૂચનાઓ પ્રત્યે કટાણું મોં કરનારા જોવામાં આવે છે. આ ભલા ભાઇઓને પ્રજાના અર્થકારણની કે એ અર્થકારણમાં આજની સ્થિતિએ દેશની તમામ સ્થાવર-જંગમ સંપત્તિનો કઇ રીતે ભોગ લેવાય છે, પરદેશને પરાધીન એવું એ દેશી અર્થકારણ જ પ્રજાના આખા જીવનને કોઇ ભયાનક ઓથારની જેમ આજે કેવું ભીંસીપીસી રહ્યું છે, તેની કશી ગમ હોતી નથી.

અજ્ઞાનને દોષે

પ્રજાકીય પ્રાંતિક સરકારોના ટૂંક અમલ દરમ્યાન પ્રજાની પ્રતિનિધિરૂપ મુંબઇ પ્રાંતની સરકારે પ્રજાહિતના જે અનેક પ્રયાસો કર્યા તેમાં આપણી પશુરક્ષક સંસ્થાઓના સુનિયંત્રણ માટે એક

કાચો ખરડો પ્રગટ કરી પશુરક્ષક સંસ્થાઓ અને મંડળોને તેની ચર્ચા સારૂ નોતર્યાં હતાં. મારે અતિ ખેદ સાથે કહેવું પડે છે કે સરકાર નામની સંસ્થાને જ પરાઈ ગણીને ચાલવા ટેવાયેલા આપણા સંસ્થાસંચાલકોએ પ્રજાકીય સરકારના એ ઉપક્રમનો ધરમૂળથી સિદ્ધાંતની રૂએ જ વિરોધ કર્યો અને એ ખરડો પાછો ન ખેંચી લેવાય ત્યાં સુધી પોતાની જ એવી એ સરકાર સાથે કશો સહકાર કરવા ચોખ્ખી ના પાડી! ખરડો સરકારી ઢાંચાની રૂએ કોઈ દૃષ્ટિ વિનાના અમલદારે ઘડયો હતો. પણ એની વાંધાભરી કલમો કે ભાગો ફેરવવાની માગણી કરવાને બદલે એમાં ચાલુ સંસ્થાઓના વહીવટોની સુવ્યવસ્થા સારૂ ચોક્કસ અંકુશો અને નિયંત્રણ મૂકવાની વાત હતી એટલા સારૂ, એવી કશી દખલગીરી જ અમારે ન જોઇએ, એવી ઘણાખરા સંસ્થા-સંચાલકોની ભૂમિકા હતી. નિયંત્રણ મૂકવા માગનાર સરકાર પેલા સંચાલકોના જેવી જ પ્રજાએ નીમેલી અને પ્રજાની ઇચ્છાને આશ્રયે નભનારી જાહેર સંસ્થા હતી, એ બીનાને એમની નજરમાં મહત્ત્વ નહોતું.

આવી ટીકાપૂર્વક સરકારી ઉપક્રમનો વિરોધ કરનાર એક સજ્જન એ દિવસોમાં એક વાર મને મળવા આવેલા. પોતે આ ઇલાકાના એક અગ્રગણ્ય શહેરમાં પ્રજાશિક્ષણના કાર્યમાં રોકાયેલા પદવીધારી શિક્ષક હતા. આપણી પ્રજાકીય કહેવાતી કોંગ્રેસ સરકાર કાયદાથી ગોવધ અટકાવવાના પ્રયાસમાં કેવી શિથિલ અને કર્તવ્યવિમુખ હતી, એ વિષેનો પોતાનો ઊભરો કાઢવા મારી પાસે આવેલા. એમના રોષનો પાર નહોતો. મેં એમને સમજાવવા અને શાંત કાડવા કોશિશ કરી. બહુ અદબપૂર્વક મેં એમને કેટલાક પ્રશ્નો પૂછ્યા. મને તેમ પોતાને પણ એઓ સમાજસેવક અને સામાજિક સુધારાના હિમાયતી ગણનારા હતા. પ્રજાના કિશોરોને દેશકાળ ને દુનિયાનું શિક્ષણ આપવાના વ્યવસાયમાં રોકાયેલા અને અતિ શુભ હેતુથી તેમ જ અંતરની વ્યાકુળતાથી પ્રેરાઈને આવેલા આ સુજ્ઞ મિત્રને દેશમાં, પ્રજામાં, એમના પોતાના શહેરમાં અને પડોમાં વર્તતી વસ્તુસ્થિતિની ગમ નહોતી. એ એમને બતાવવા મેં પ્રયત્ન કર્યો. આ દેશમાં થતો ગોવધ મુખ્યત્વે કરીને ગોરાં લશ્કરોના ખોરાકને સારૂ થાય છે એ વાત એમના ધ્યાનમાં નહોતી આવી. હિંદુસ્તાન આજે એક જ કોમ કે એક જ ધર્મવાળાઓનો દેશ રહ્યો નથી, એકી સાથે અને એક જ પરિસ્થિતિ હેઠળ વસતા હોવા છતાં દરેક કોમનાં રૂચિ, રહેણી, ખોરાક, સંસ્કાર અને વ્યક્તિગત હકો કાયદાની દૃષ્ટિએ સ્વતંત્ર અને અબાધિત લેખાવાં જોઇએ, એ વસ્તુસ્થિતિને વિચારમાં લેવા એ રાજી નહોતા. આપણાં જ પાપોને પરિણામે હિંદ આજે એવી આર્થિક દશાએ પહોંચ્યું છે કે એના કેટલાક પ્રદેશોમાં કેટલીક વાર અનાજને મુકાબલે ગાયબળદ તથા શિંગાળાં પશુઓનું માંસ સસ્તું પડવા જાય છે અને ધર્મનો બાધ નહિ એવી અહિંદુ કોમોને કેવળ સસ્તા ખોરાક તરીકે પણ એ ખોરાક પર ગુજરાન કરવાનો પ્રસંગ આવે છે, એ બીના જોડે એમને નિસ્બત નહોતી. વળી સદીઓ જૂની જીવદયા તથા અહિંસાનો વારસો લઇને ચાલનારો આજનો રોજી કમાનાર હિંદુ પોતાનાં પશુઓ તરફ બીજી કોમોને મુકાબલે વધુ બેદરકાર, કામ લેવામાં વધુ નિર્દય અને તેના દુઃખદરદ પ્રત્યે વધુ લાગણી વિહોણો છે; અને પરિણામે તેનાં પશુ પણ સરખામણીમાં વધુ દૂબળાં, કમજોર અને રોગ આદિથી પીડાતાં હોય છે; જ્યારે એવી સંસ્કૃતિનો કશો ખાસ દાવો ન કરનારો તેનો સાખપાડોશી મુસલમાન આ દેશમાં પોતાનાં પાળેલાં પશુઓની વધુ સાચવણી કરનારો અને વધુ વહાલસોયો જોવામાં આવે છે એવાં પ્રમાણપત્રો આ દેશમાં વિચારનારા પ્રવાસીઓ, અનુભવીઓ તેમ જ મૂંગાં પશુ પર ગુજરતું ઘાતકીપણું અટકાવવાના પ્રયાસો કરનારી સંસ્થાઓએ આપ્યાં છે એ બીનાની પાછળ રહેલી કરુણતાની આ ગોસેવકને કશી પડી નહોતી. અને છેલ્લે એ વાતથી પણ આ ગોભક્તને કશો ખાસ આઘાત નહોતો પહોંચતો કે ખુદ હિંદુ કોમમાં પણ આપણે આપણે પોતાને હાથે આપણા સમાજનો અંગવિચ્છેદ કરી નીચલી કોમોને હડધૂત કરીને તથા તેમની આભડછેટ માનીને તેમને એવી તો દીનહીન કંગાળ અને પરાઇ કરી મૂકી છે કે, હરિજનોમાંની અમુક કોમો આજે પોતાને હિંદુ માનતી અને કહેવડાવતી હોવા છતાં વગર સંકોચે ગોમાંસ—મુડદાલ તેમજ કતલનું—ખાય છે!

અપૂર્ણ

સ્વામી આનંદ.

ચિતોડગઢ અને કેશરિયાજી.

(તા. ૧૫-૧૧-૪૦ અંક ૧૪ થી અનુસંધાન)

વીરભોમમાં આવેલ ચિતોડગઢનાં દર્શન કરી જોવા જેવાં સ્થળો નિહાળી રાતના ઉદેપુર પહોંચી હાથીપોળમાં ઉતારો કર્યો.

મેવાડના વીરત્વનું પુણ્યક્ષેત્ર ચિતોડ શત્રુના હાથમાં અર્પણ કરી કાયર ઉદયસિંહ અરવલીના પર્વતોમાં જઇ પોતાના નામ ઉપરથી ઉદેપુર નામનું શહેર વસાવી મેવાડના રાજ્યકર્તા તરીકે ગાદીનશીન થયો હતો પણ તે ચાર જ વર્ષ રાજ્ય કરી પરલોક સીધાવ્યો. તેની પછી ઉદેપુરની ગાદી ઉપર મહારાણા પ્રતાપસિંહ જેવો સિંહપુરૂષ ગાદીનશીન થયો. એ ટેકીલા વીરના અન્તરમાં ગુલામીનું તીર ભાલાની પેઠે ખુંચવા લાગ્યું. એ હતો આઝાદી માટે ખપી જનાર વીરલો. એના અંતરમાં સ્વદેશ-ઉદ્ધારની જ્યોત જલી રહી હતી. એ જ્યોત સહેજ પણ ઝાંખી ન પડે તે ખાતર એણે પાંચ પ્રતિજ્ઞાઓ લીધી. સાથે એનો એ નિશ્ચય હતો કે 'દેહ ભલે પડે, પણ સાધનામાં જરા પણ પાછું ડગલું ભરવું નહિ.' એ નિશ્ચય ઉપર આગળ વધતાં વધતાં દીલ્હી બાદશાહ અકબર સાથે યુદ્ધનાં મંડાણ મંડાયાં અને આખું જીવન યુદ્ધ સંકટો અને અપાર દુઃખમાં પસાર કર્યું. ઉદેપુરની મુલાયમ સાહેબી અને મોજશોખને તિલાંજલિ આપી અરવલીના પહાડોની ગુફામાં વાસ કર્યો. પણ આઝાદી અને સ્વમાન ન વેચ્યાં તે ન જ વેચ્યાં. છેવટ સુધી સ્વતંત્રતાને વહાલી ગણનાર એવા ટેકીલા વીરના પગલાં જે શહેરમાં પડયાં હોય તે શહેર-તે ભોમ કોને જોવાનું મન ન થાય?

ઉદેપુર.

ઉદેપુર અરવલીના પહાડોની તળેટીમાં આવેલા એક વિશાળ મેદાનમાં વસેલું છે. તેની ચારે બાજુ પર્વતોની હારમાળા છે અને તેના ઉપર બુરજોવાળા કીલ્લા બાંધવામાં આવ્યા છે. આથી ભૂતકાળમાં ઉદેપુર બહુ જ સુરક્ષિત ગણાતું. પણ આજના વૈમાની યુગમાં કીલ્લાઓ અને બુરજોની શી ગણતરી? છતાં બહારવટીયા અને ધાડપાડુઓથી કેટલુંક રક્ષણ થઇ શકે છે. શહેર કીલ્લાબંધ છે. ચાર દિશાએ ચાર દરવાજા છે. જે હાથીપોળ, ખેરવાડાપોળ, સુર્યપોળ ને ત્રિપોળીયાના નામે ઓળખાય છે. ઉદેપુરની આજુબાજુ આવેલાં મકાઇનાં ખેતરો, વાડીઓ અને જળાશયો તેની શોભામાં ઓર વધારો કરે છે.

શહેરમાં જોવા જેવાં સ્થળોમાં જગનિવાસ, રાજ્યભુવન અને જગમંદિરના મહેલોમાં આપણા જ દેશના કારીગરોએ કરેલું કાચનું કામ પ્રશંસા માંગી લે તેવું છે. આ સિવાય તે જ મહેલનો ચિત્રાલયમાં મહારાણા પ્રતાપના જીવનને લગતાં ચિત્રો આગળથી તો ખસવાનું પણ મન ન થાય એટલાં સુંદર અને

આકર્ષક છે. તે છોડીને બહાર નીકળવાની ગમે તેટલી ઉતાવળ કરો તો પણ મન માને જ નહિ. આ સિવાય રાજ્યના મહેલોમાં પરદેશી ઢબનું ઢગલાબંધ ફરનીચર અને ચિત્ર વિચિત્ર છબીઓ ખૂબ જોવામાં આવે છે. આમાં ઐતિહાસિક દ્રષ્ટિએ કે કળાની દ્રષ્ટિએ ખાસ ધ્યાન ખેંચે તેવું ઘણું ઓછું દેખાય છે. આ ઉપરાંત ઢેબરતળાવ, ઉદયસાગર, વગેરે જળાશયો, બગીચાઓ, ચીડીયાખાનું, જગદીશ મંદિર, અને આપણાં છત્રીશ જૈન મંદિરો વગેરે નિહાળી બીજે દિવસે કેસરિયાજી જવાના વિચારમાં અમે નિદ્રાદેવીને આધીન થયા.

ગાડાં અને ટાંગાનો ધંધો રેલગાડીએ પડાવ્યા પછી પણ ડુંકી મુસાફરી ગાડાં અને ટાંગા મારફતે જ થતી. આ પણ જ્યાં જુઓ ત્યાં મોટરબસો દોડતી થતાં ગાડાં અને ટાંગાના ધંધાને ફટકો પડયો છે. આમ સમજવા છતાં–અગવડ સહન કરવાની તાકાતના અભાવે આપણે ગાડું છોડીને ટાંગો પકડીએ છીએ અને ટાંગો છોડીને મોટર પકડીએ છીએ. આવી આપણા મનની નબળાઇ હોય ત્યાં ગાડાં અને ટાંગાવાળાના ધંધા તદ્દન ભાંગી પડે તેમાં શું નવાઇ ?

બીજે દિવસે મોટર મારફતે જ અમે કેશરિયાજી જવા ઉપડયા. ઉદેપુરથી કેશરિયાજી ૪૫ માઇલની પાકી સડક એટલે મોટરની દોડધામ ચાલે છે. કેશરિયાજીની મોટર બસનો ઠેકો અગ્રવાલ કું. નો છે. તેની ઓફીસ હાથીપોળ પર આવેલ ધર્મશાળામાં જ છે. એટલે યાત્રાળુઓને ઓફીસ ખોળવા જવાનું રહેતું જ નથી.

ચારે બાજુ અરવલીના ડુંગરો–વચમાં પાકી સડક માઇલોના માઇલો સુધી પથરાયલી પડી છે. બે બાજુ ઝાડની ઘટાઓ મકાઇ, જુવારનાં ભરચક ખેતરો, ચારે બાજુ લીલી કલ્હાર, હરિયાળી, જાણે કુદરતે લીલી ચાદર બીછાવી હોય અને વચમાં મોટા ખુટ્ટા ઉઠાવ્યા હોય એમ લાગે વચમાં ચાંદીના ચકતા માફક શોભતાં જળાશયો આ શોભાશણગારમાં વધારો કરતા લાગે.

આવી અનેરી કુદરતી લીલાથી આંખને તાજગી મળતી હતી. મોટર તો સડાસડાટ એનું કામ કર્યે જ જતી હતી. વચમાં માઇલ બે માઇલના છેટે આદિવાસીઓના ઝુંપડાં અને કુબા જેવાં દસપંદર ઘરનાં નહાનાં નહાનાં ગામડાં નજરે પડતાં અને જેના વડવાઓએ દેશની આઝાદી માટે અરવલ્લીના શિખરે શિખરે યુદ્ધ ખેલેલાં તેના જ સંતાનો ફાટયા તુટયા વસ્ત્રોથી અડધે શરીરે ઢાંકેલાં નજરે પડતાં. તેમાંયે બહેનોના હાથે કોણી સુધી પહેરેલાં પીતળના તારનાં બલોયાં અને એજ પ્રમાણે પગનો શણગાર જોતાં વલસાડ, નવસારી, ને સુરત જીલ્લામાં વસતા દુબળા લોકોના હાથપગના શણગાર યાદ આવ્યા વિના ન રહે. આમ છતાં દુબળા લોકોની દારૂતાડીએ જેમ ખૂબ ખરાબી કરી છે તેમ મેવાડી આદિવાસીઓની થઇ નથી; પણ વેઠ અને વેરાની ચુસણ નીતિએ તો એમને અતિ કંગાળ બનાવી દીધા છે.

પંદરેક માઇલનો રસ્તો કાપીને આવ્યા ત્યાં જ મોટરમાં એક ભાઇએ ધ્યાન ખેચ્યું કે અહીંથી પાંચ માઇલ છેટે મહારાણા પ્રતાપના 'ચેતક'નો પાળીયો છે અને તેના ઉપર આરસની છત્રી છે. આજ અરવલીના પહાડોમાં મહારાણા પ્રતાપે સ્વતંત્રતા માટે ઠેર ઠેર યુદ્ધ ખેલેલું અને વરસોનાં વરસો સુધી દુઃખ અને સંકટનો સામનો કરી આઝાદીની જ્યોત જલતી રાખેલી. એ મહાપુરૂષની આખરી જીંદગી કેસરિયાજીને ઉદેપુરની વચમાં આવેલ 'કેડી' ગામની બાજુના ડુંગરની ગુફામાં પુરી થયેલી એ સ્થળે આરસપહાણની ભવ્ય છત્રી બનાવી છે અને મરણતિથિએ મેવાડીઓનો મોટો ભાગ મેળા તરીકે ત્યાં એકત્ર થાય છે.

કેશરિયાજી ચારેક માઇલ દૂર હશે ત્યાં સીધી સડક છોડીને મોટરબસ બીજી સડકે ચડી. ત્યાં તો બે ત્રણ ગોડી જુવાનડા બસની પગથીએ ચડયા. તેમને પૂછપાછ કરતાં જણાયું કે એ સીધી સડક છેક અમદાવાદના ઝાંપે પહોંચે છે અને આમ જોતજોતામાં કેશરિયાજીના ગઢના કાંગરા નજરે પડયા.

કેશરિયાજી.

એ હજારની વસ્તીવાળા કેશરિયાજીના ગામની આસપાસ પણ પાકો કીલ્લો છે અને એ કીલ્લાની રાંગેજ નદી ખળખળ વહે છે. ગામમાં પેસતાં કેસરિયાજીના મંદિરનો ગઢ અને અંદર આવેલા બાવન જિનાલયનાં શિખરો ઉપરની ધજાઓ ફરકતી નજરે પડે છે ને ભકતજનોનાં અંતરને નમાવે છે.

આપણા દરેક જૈન તીર્થોમાં યાત્રાળુઓને ઉતરવા માટે જેમ ધર્મશાળાઓની સગવડ છે, તે જ પ્રમાણે અહીં પણ પુરતા હવા ઉજાસવાળી ત્રણ ચાર ધર્મશાળાઓ છે. ગામમાં વસ્તીનો મોટો ભાગ પંડયા (બ્રાહ્મણો) ઓનો છે અને તેમનો નિભાવ મોટે ભાગે કેશરિયાજીની યાત્રાએ આવતા યાત્રાળુ તેમજ મંદિરમાં થતી અમુક આવક ઉપર છે.

પંડયાઓનું જોર ને કનડગત વધતાં શ્રાવકો અને પંડયાઓની વચમાં અનેક વાર અથડામણો ઉભી થયેલી અને કોર્ટ સુધી ખટલા ગયેલા. ત્યારથી પંડયાઓ પ્રત્યે શ્રાવક વર્ગનો રાગ ઓછો થતો ગયો છે અને એકબીજાની વચમાં કડવાસે વધારો કર્યો છે અને એમ છતાં આજે પણ યાત્રાળુઓ આવતાં પંડયાઓ પોતાના ચોપડાઓ લઇને વંશાવલિઓ કાઢે છે અને પોતાનો યજમાન હક્ક હાંસલ કરે છે. આગાં બીજે પંડયો માથું મારતો નથી. કહેવાય છે કે તેમની પાસે પાંચસો પાંચસો વર્ષના ચોપડાઓ છે અને વંશવેલો મેળવવા માટે આ પંડયાઓના ચોપડા વહીવંચાના ચોપડાની ગરજ સારે છે.

ધર્મશાળામાં સામાન મુકતાં જ કેશરીયા દાદાના દર્શને અમે ઉપડયા. મંદિરના ગઢદ્વાર (મુખ્યદ્વાર)માં પેસતાં જ દ્વાર પાસે બરછીધારી બંદુકદારનો ખડો પહેરો જોયો. બીજા દરવાજે પણ એજ રામાયણ, આગળ વધ્યા ત્યાં ચોકમાં પણ સંત્રી. પૂછપાછ કરતાં માહેતી મળી કે દાદાની પેઢીનું રક્ષણ કરવા કાયમ પચ્ચાસ સંત્રી રહે છે.

અન્ય દર્શનીઓની દેખાદેખીથી નિરંજન નિરાકારના નામે દુકાનદારી શરૂ કરીને લાખોની મિલકત એકઠી કરવા અનેક તરકીબો ગોઠવવામાં આવી તેના પરિણામે ભોળી જનતા સ્વાર્થ, લાલચ, અને ધર્મના નામે નાણું આપતી ગઇ અને એ ધનને દેવના દ્રવ્ય તરીકે ગણવામાં આવ્યું. અન્યના લાભાર્થે ખરચી શકાય જ નહિ એ દેવદ્રવ્ય છે. આ સ્થિતિમાં લાખોની મિલકતો એકઠી થાય પછી હથિયારધારીઓના પહેરા ન મુકાય તો બીજું થાય શું ? ભવસાગર તરવાના સાધનરૂપ ગણાતા અરિહંત પરમાત્માનાં મંદિરોનાં દ્વાર સૌ કોઇ માટે ખુલ્લાં હોવા જોઇએ. તેના બદલે આ પ્રકારની દુકાનદારી અને દ્વાર ઉપર સંત્રીઓના પહેરા જોઇ અંતરમાં ખૂબ દર્દ થયું.

કેશરિયાજીનું મંદિર આરસપહાણના પથ્થરથી બંધાવેલી, બાવનજિનાલય અને ચારચોકીવાળી અને સાધારણ કોતરણીથી સુશોભિત એક ભવ્ય ઇમારત છે. શત્રુંજય, આબુ કે ગીરનારના મંદિરોની સ્વચ્છતાના હિસાબે અહિં સ્વચ્છતામાં ખામી લાગે છે. છતાં અહીંની ભવ્યતામાં એ વિશેષતા છે કે મૂળ નાયક શ્રી રીખવદેવ (કેશરીયાજી) સ્વામી અને બીજી સર્વ પ્રતિમાઓ ઉપર ચક્ષુ ટીકાને રાળથી ન ચોટાડતાં જે સ્વરૂપમાં શિલ્પકારોએ પ્રતિમાઓ ઘડી છે તે જ સ્વરૂપમાં બિરાજમાન છે. એટલે દિગંબરો અને શ્વેતાંબરો એકજ પિતાના પુત્રો હોય એમ સૌ સાથે

કાઠિયાવાડમાં અઠવાડીયું.

(પૃષ્ટ ૧૭૩ થી ચાલુ)

સાદા છતાં ભવ્ય અને રમણીય ઉદ્ઘાવમાં કેવો ફાળો આપ્યો હતો તેનો આટલી વિગતો ઉપરથી કાંઇક ખ્યાલ આવી શકશે.

આવી જ રીતે જ્યાં ત્યાં રાષ્ટ્રધ્વજને ફરકતા જોઇને કોઇને પણ લાગ્યા વિના ન રહે કે આ જે કાંઇ પ્રવૃત્તિ ચાલી રહી છે તેને રાષ્ટ્રીય ભાવના સાથે પુરી સહાનુભૂતિ અને સંબંધ હોવો જોઇએ. કોઠારી નગરના પ્રવેશદ્વાર ઉપર વાંસવળીનો સુન્દર કારીગીરીથી શણગારેલો દરવાજો ઉભો કરવામાં આવ્યો હતો. કરકસરથી જ આખું કાર્ય પાર પાડવાનું હોઇને અન્ય સર્વ વિભાગોની રચના કેવળ ઉપયોગીતાની દૃષ્ટિએ જ કરવામાં આવી હતી. તેમાં આ દરવાજો માત્ર અપવાદ રૂપ હતો કે જેની પાછળ બે પૈસા ખરચીને કળાનો એક સુન્દર નમુનો ઉભો કરવામાં આવ્યો હતો. આ દરવાજામાં દાખલ થતાં જ નાનીસરખી પીઠિકા ઉપર રાષ્ટ્રધ્વજનો ગગનચુંબી સ્તંભ રોપવામાં આવ્યો હતો અને આ સ્તંભ ઉપર ફડફડતો રાષ્ટ્રધ્વજ નીલ આકાશની શોભામાં વધારો કરતો હતો. અધિવેશનના બીજા દિવસે સવારમાં પ્રમુખના હાથે રાષ્ટ્રધ્વજનો વન્દનવિધિ કરવામાં આવ્યો હતો. આસપાસનાં નિવાસસ્થાનો, રસોડું, જમવાની તેમજ નાવાધોવાની ગોઠવણ–આ બધામાં હરિપુરા કોંગ્રેસમાં જે રચના કરવામાં આવેલી તેની જ છાયા જોવામાં આવતી હતી. સવારના પહોરમાં પ્રભાતફેરીઓની ઉણપ લાગતી હતી; પણ હજુ ઉષાનાં આછાં કિરણો પૂર્વાકાશને સ્પર્શ્યા હોય ન હોય, ભરશિયાળાની ઠંડીને લીધે સૌ કોઇ મીઠી નિદ્રા અનુભવી રહ્યા હોય અને ઉપર તારા અને નીચે બત્તીઓ એકમેકના પ્રકાશને ઝીલતાં હોય એવા સમયે શરૂ થતી

મળીને સેવા પૂજા કરે છે એટલું જ નહિ પણ આદિવાસીઓ સુદ્ધા સ્નાન કરીને મુખ્ય તેમજ અન્ય મૂર્તિઓની પૂજા તેમ દર્શનનો લાભ લઇ શકે છે; જ્યારે આપણાં અનેક તીર્થો અને જૈન મંદિરો ઉપર પાટીયાં મારેલાં જોવામાં આવે છે કે જૈન સિવાય અંદર દાખલ થવા અથવા તો પૂજા કરવા દેવામાં નહિ આવે. આવું પાટીયું કે તે ઉપરથી સૂચિત થતો ભેદભાવ અહિં જોવામાં ન આવ્યો. આ ખરેખર ખૂબ આનંદજનક હતું.

કેશરિયાજીની મૂર્તિની સુંદરતા તેમ જ ભવ્યતાનું વર્ણન કરવું એ મારી તાકાત બહારની વાત છે. ચોવીસ કલાકમાં અનેકવાર તેનાં દર્શન કર્યાં. કોઇક વખત મુખ પર ગંભીરતા જણાય, કોઇ વખત આછું હાસ્ય દેખાય, કોઇ વખત હસુ હસુ કરતી પ્રતિમા દેખાય. જેટલી વાર દર્શન કરો તેટલી વાર કોઇ જુદી જ નવીનતાનો અનુભવ થાય. આવી અલૌકિક પ્રતિમાના નામે પંડયાઓએ પોતાના ધંધાની આવકમાં વધારો કરવા માટે અનેક પ્રકારના ચમત્કારો ગપગોળા ચલાવ્યા છે.

ભોળી અને વહેમી જનતામાં કેશરિયા દાદાના નામે બાધા આખડી રાખવાનું જેટલું ચાલે છે તેટલું જૈનોના અન્ય તીર્થોમાં જોવામાં નથી આવતું.

આમ કેશરિયાજીનું સ્થાનક કેવળ ભક્તિ અને સામાજિક એકતા–સર્વ વર્ણોની સમાનતાનો અનુભવ કરાવનારું કેન્દ્ર હોવા ઉપરાંત અમેક પ્રકારના વહેમો અને પાયા વિનાની માન્યતાઓ પોષનારું સ્થાનક બની ગયું છે, આ ખરેખર ખેદજનક છે.

આવી રીતે આનંદ અને ગ્લાનિની મિશ્ર લાગણીઓ અનુભવતાં કેશરિયાજીની યાત્રા પુરી કરી અમે આગળ ચાલ્યા અને મારવાડમાં આવેલ સુપ્રસિદ્ધ શ્રી રાણકપુરજી તરફ સીધાવ્યા.

અમીચંદ.

અધિવેશનનો આન્તરરંગ.

અધિવેશનના પ્રમુખનું ભાષણ 'પ્રબુદ્ધ જૈન'ના ગયા અંકમાં જ પ્રગટ થયું છે. આ ભાષણ સાદી, સીધી અને સરળ વાતોથી ભરેલું છે. પ્રમુખની નમ્રતા અને સૌજન્ય આ ભાષણમાં તરી આવે છે. સમભાવ અને એકતા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. મધ્યસ્થનું સ્થાન લેનાર જેવી રીતે આ પક્ષને કાંઇક કહે અને એ પક્ષને પણ કાંઇક કહે એવી રીતે પ્રમુખ મહાશયે સ્થિતિચુસ્ત વર્ગને તેમજ સુધારક વર્ગને સલાહ આપવાનો પ્રયત્ન સેવ્યો છે. સુધારક વર્ગે મનસ્વિતા, તરંગિતા, સમાજ કયાં છે તેના સાચા ખ્યાલોનો અભાવ, ઉતાવળીયાપણું વગેરે આક્ષેપો સાંભળવાના જ રહ્યા. વસ્તુતઃ જૈન સમાજમાં જે વર્ગ સુધારકના બિરૂદથી ઓળખાય છે તેને વાણીસંયમ, નરમાશ અને મન્દતા માટે ધન્યવાદ (અથવા તો ઠપકો!) આપવાની જરૂર હતી અને કહેવાતા સ્થિતિચુસ્ત વર્ગના કેવળ ઝેરી પ્રચારને વખોડી કાઢવાની જરૂર હતી. પણ સ્થિતિચુસ્ત વાતાવરણમાં જ જીવનનો મોટો ભાગ જેમણે પસાર કર્યો હોય તેમના વિષે આવી આશા રાખવી વધારે પડતી ગણાય. ફોન્ફરન્સની આજની પરિસ્થિતિ વિષે તેમનો સ્પષ્ટતા ભર્યો ઉલ્લેખ અને "આજની રગશીઆ ગાડા જેવી ફોન્ફરન્સની સંસ્થાનો અન્ત આવવો જ જોઇએ. કાં તો બંધ કરીએ; કાં તો ત્વરિત ગતિએ આગળ વધીએ" આવી સ્પષ્ટ હાકલ સ્તુતિપાત્ર છે. ખેદ એટલો જ કે વિષય વિચારિણી સમિતિનું કામ હાથ ધરતાં તેઓ આ વાત કેવળ વિસરી ગયા હોય અને ફોન્ફરન્સ જેવી છે તેવી જ ચલાવવાની હોય એ રીતે જ તેમણે સૌને દોર્યા હતા. ફોન્ફરન્સનું આજનું બંધારણ કેવળ અવાસ્તવિકતા ઉપર ઉભેલું છે અને મૌલિક સુધારણા માંગી રહ્યું છે. આ બાબતનો ઉલ્લેખ તેમજ સૂચન તેમના ભાષણમાં સ્પષ્ટ હોવા છતાં જ્યારે આ પ્રકારનો સુધારો વિષય વિચારિણી સમિતિમાં મારા તરફથી રજુ કરવામાં આવ્યો ત્યારે તેમનું વલણ તેને અનુકુળ હોવાને બદલે પ્રતિકૂળ દેખાયું હતું. એ પણ સંગત નહોતું–તેમજ સુખદ પણ નહોતું. આવી જ રીતે આખા જૈન સમાજના એકત્ર સંમેલનના પ્રશ્નને તેમણે જે ટેકો આપ્યો છે તે પણ પ્રોત્સાહક નથી. સ્થૂળ વાસ્તવિકતાની ભૂમિકા ઉપર જે વાત અવ્યવહારૂ લાગતી હોય તે કલ્પના અને ભાવનાની પ્રેરણા વડે સહજ વ્યવહારૂ બની શકે છે. સંભવ છે કે આ દિશાએ તેમની દેખાતી મન્દતા આણંદજી કલ્યાણજીની પેઢી સાથેના સંબંધ દ્વારા શિખરજીને લગતા દિગંબર શ્વેતાંબરના અદાલતી ઝઘડા પરત્વેના તેમના અનુભવોને આભારી હોય!

હવે પ્રસ્તુત અધિવેશનમાં થયેલા ઠરાવો વિષે થોડો વિચાર કરીએ. સામાન્ય પરિષદોમાં બને છે તેમ આ ઠરાવોની હારમાળા પણ કાંઇ નાનીસુની નહોતી. આ અધિવેશનમાં માત્ર કેળવણી,

આ બાહ્ય રંગના કેટલાક અંશોનું આલેખન પુરૂં કરૂં તે પહેલાં આ અધિવેશનના અંગમાં ભાવનગર રાજ્યે અને ગઢડાના સ્વામીનારાયણ મંદિરના ટ્રસ્ટીઓએ ઉદાર દિલથી માંગી તેટલી મદદ આપી હતી તેની નોંધ લેવી જ જોઇએ. ભાવનગર રાજ્યની આ ઉદારતા સુવિખ્યાત છે. ગઢડાના મંદિરના ટ્રસ્ટીઓના દિલની વિશાળતા ખરેખર ધન્યવાદને પાત્ર છે.

બેકારી નિવારણ તેમજ બંધારણને લગતા જ ઠરાવો કરવા એવી મર્યાદા સ્વીકારવામાં આવી હતી. તેથી બહુ વિવાદાસ્પદ બાબતોને આ અધિવેશનમાં અવકાશ નહોતો. પ્રસ્તુત મર્યાદાની પુરતી જાહેરાત કરવા છતાં અનેક સ્થળોએથી આશંકા સેવવામાં આવતી હતી કે આ અધિવેશનમાં યુવકો-સુધારકો-વિવાદાસ્પદ અનેક બાબતો સીધી કે આડકતરી રીતે લાવ્યા વિના નહિ રહે. આજે જે રીતે આ અધિવેશનનું કામકાજ થયું છે અને જે કાંઇ ઠરાવો કરવામાં આવ્યા છે તે વિચારતાં ઉપરની આશંકા નિર્મૂળ બની છે અને તે પ્રકારના આદર્શ સંયમ માટે યુવકોને ખરેખર ધન્યવાદ ઘટે છે. અધિવેશનમાં થયેલા ઠરાવોની વિગતો જોઇશું તો માલુમ પડશે કેટલાક કેવળ ઔપચારિક તેમજ બંધારણના સામાન્ય ફેરફારોને લગતા ઠરાવો છે. આ ઉપરાંત કેળવણી અને બેકારીનિવારણ સંબંધમાં માહિતીસંગ્રહ અને માહિતીકેન્દ્રને લગતા ઠરાવો બાદ કરતાં બાકીના સર્વ ઠરાવો કેવળ આકાશી pious-resolutions-છે. એ ઠરાવોની દિશાએ હાલના સંયોગોમાં કશું પણ થઇ શકે એમ છે જ નહિ. આ બાબત સૌના ધ્યાન ઉપર નહોતી એમ કેમ કહી શકાય ? આ તો વાણીઆઓની પરિષદ હતી. વાણીઆને વસ્તુસ્થિતિનું ભાન ન હોય એમ બને જ નહિ. આમ છતાં પણ આવા લાંબા લાંબા ઠરાવો કેમ થવા પામ્યા ? વાત એમ છે કે પરિષદ મળી એટલે ઠરાવો તો કરવા જ જોઇએ. જે કોન્ફરન્સ પાસે દ્રવ્ય અને અખંડ કાર્યકર્તાઓ હત તો તેની કાર્યશક્તિની મર્યાદા વિચારીને પ્રમાણબધ્ધ ઠરાવો કરવામાં આવત. પણ આ સંસ્થા પાસે તો આજે દ્રવ્ય પણ નથી અને અખંડ કાર્યકર્તાઓ પણ નથી. તેથી આવી સંસ્થાએ તો આવશ્યક દ્રવ્ય મળશે અને કાર્યકર્તાઓ મળશે તો કાર્યના દિશાસૂચન તરીકે કામ લાગશે એ આશાએ અને શ્રધ્ધાએ આવા આકાશી. pious-ઠરાવો કરવા જ રહ્યા-વાણીયાઓની પરિષદ કાં તો સંગીન કાર્ય કરીને ઉઠે, અથવા તો મોટા શબ્દો અને ભરી ભરી ભાવનાથી ભરેલા ઠરાવો કરીને વિસર્જન થાય; પણ થઇ શકે તેટલા જ ઠરાવો કરે અથવા તો પોતાની અશક્તિ કે અલ્પ સામર્થ્યનો એકરાર કરે એ તો કદિ બને જ નહિ.

આ પરિષદમાં માત્ર કેળવણીપ્રચાર અને બેકારીનિવારણના જ પ્રશ્નો ચર્ચવા, કશી વિવાદાસ્પદ વાતો લાવવી જ નહિ. આવી સ્વીકૃત મર્યાદાએ બંધારણમાં પણ કશો મહત્વનો ફેરફાર કરવો જ નહિ એવું જડ માણસ ઉભું કર્યું હતું. દાખલા તરીકે 'કોન્ફરન્સ' જેવા અંગ્રેજી શબ્દોના સ્થાને તેવા જ અર્થવાળા 'પરિષદ' કે 'મહાસભા' આવા આપણી ભાષાના શબ્દોનો ઉપયોગ કરવો-આવા સાધારણ અને સહજ સ્વીકારાય તેવા સુધારાની દરખાસ્તે વિષય વિચારિણી સમિતિમાં ભારે ગરમાગરમ ચર્ચા ઉપસ્થિત કરી હતી અને પ્રમુખ સાહેબ પોતે પણ આ બાબતમાં નાફેરવાદના મોટા પક્ષકાર બની ગયા હતા. આજે આપણે જેમ બીજી અનેક અંગ્રેજી નકલો છોડી રહ્યા છીએ તેવી જ રીતે સંસ્થાઓનાં, અધિકારીઓનાં તેમજ અનેક સામાજિક પ્રવૃત્તિઓનાં અંગ્રેજી નામો છોડીને આપણી ભાષાનાં ઉચિત નામો પણ સ્વીકારતા થયા છીએ. આ કાંઇ નવી વાત નહોતી કે આ પાછળ બીજી કોઇ બુદ્ધિ નહોતી. એમ છતાં પણ 'કોન્ફરન્સ' નામ બદલાય જ નહિ, નામ બદલીએ તો સંસ્થા બદલાઇ ગઇ એમ બીજા ધારે, અંગ્રેજી નામ ન જોઇએ તો અંગ્રેજી ભાષા શા માટે શિખવી ઇત્યાદિ ચિત્રવિચિત્ર તર્કોએ એવી ગરમી ઉત્પન્ન કરી કે નામ બદલવાની વાત એમને એમ પડતી મુકવી પડી.

આવી પરિસ્થિતિમાં બંધારણમાં મૌલિક ફેરફારની તો વાત જ કોઇ કેમ સાંભળે ? આજનું બંધારણ સંઘની સંસ્થાને કેન્દ્રમાં રાખીને રચવામાં આવ્યું છે એટલે ગામ ગામના સંઘો પોતપોતાના પ્રતિનિધિઓ ચુંટીને મોકલે અને તેવા પ્રતિનિધિઓની કોન્ફરન્સ એકત્ર મળીને જૈન સમાજની પ્રગતિના ઉપાયો ચિન્તવે-આવી જુના બંધારણની રચના છે. આજે લગભગ કોઇ સંઘ એકત્ર મળીને પોતાના પ્રતિનિધિઓ ચુંટીને મોકલતો નથી અને ઉભા થયેલા અનેક વિચારભેદોના પરિણામે ગામ ગામના સંઘો પ્રતિનિધિઓ ચુંટે એ શક્ય જ નથી. આ ઉપરાંત જૈન સમાજની જાહેર સંસ્થાઓને પાંચ પાંચ પ્રતિનિધિઓ મોકલવાની સત્તા છે. આવી રીતે પ્રતિનિધિઓ મોકલવાની સત્તા ધરાવનાર સંસ્થાઓને માથે કોન્ફરન્સના ઠરાવોનું પાલન કરાવવાની કશી જવાબદારી છે જ નહિ. આવી બીનજવાબદાર અને અવાસ્તવિક રચનાનો ત્યાગ કરવો અને સ્થળે સ્થળે કોન્ફરન્સની સમિતિઓ ઉભી કરી તે દ્વારા ચુંટાઇ આવેલા જવાબદાર પ્રતિનિધિઓની કોન્ફરન્સ બનાવવી આવી મતલબનો મેં બંધારણીય સુધારો મુકયો. વિષય વિચારિણી સમિતિમાં નાફેરવાદનું એવું ઘન વાતાવરણ જામેલું હતું કે આ મારા સુધારાને લગભગ કોઇએ પણ ટેકો ન આપ્યો. મારા સુધારા સામે એક જ પ્રકારની દલીલ રજુ કરવામાં આવી હતી કે સ્થાનિક સમિતિઓ એમ કાંઇ ઉભી થાય નહિ અને કોન્ફરન્સનો બાંધ્યે ભારે જે મોભો ટકી રહ્યો છે તે તુટી જાય. આ મોભાનો ખ્યાલ દૂર નહિ થાય અને આપણા સામર્થ્ય-અસામર્થ્યનો સાચો વિચાર તેમ જ એકરાર કરીને નવેસરથી કામ હાથ ધરવાની વૃત્તિ ઉભી નહિ થાય ત્યાં સુધી આ કે આવી કોઇ પણ કોન્ફરન્સ કશું પણ મહત્વનું કાર્ય કરે એ શક્ય નથી-સંભવિત જ નથી.

આ અધિવેશનની બે વિશેષતાઓ ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. એક તો અધિવેશનમાં એક બે અપવાદ સિવાય શ્રીમન્ત ગણાતા વર્ગે બીલકુલ જ ભાગ લીધો નહોતો. આ અધિવેશન કેવળ મધ્યમ વર્ગના ભાઇઓનું જ બનેલું હતું. નાના મોટાનો આ અધિવેશનમાં કશો જ ભેદ જોવામાં નહોતો આવતો. પ્રમુખને જે સગવડ હતી તેટલી જ સગવડ સામાન્યમાં સામાન્ય પ્રતિનિધિને હતી. આ તો સરખી સ્થિતિના માણસોનો મધુર મેળો હતો. કેટલાક કુતુહલથી આવ્યા હતા-કેટલાક કાંઇક કામ થઇ શકશે એવી શ્રદ્ધાથી આવ્યા હતા. કેટલાક સારા કાર્યકર્તાઓએ પણ હાજરી આપી હતી. આ રીતે આખું વાતાવરણ ભારે હૃદયંગમ હતું.

આ કદાચ પહેલી જ પરિષદ હશે કે જેનું આખું કામકાજ વિષયવિચારિણી સમિતિનું કે ખુલ્લી બેઠકનું-કશા પણ મતભેદ સિવાય-સર્વાનુમતે થયું હતું. પ્રમુખશ્રીનો પહેલેથી છેલ્લે સુધી એવો ખાસ આગ્રહ હતો કે કોઇ પણ બાબતનો નિર્ણય મતગણતરીથી ન કરીએ-મતભેદ પડે તે આપણે અંદર અંદર પતાવીએ-સમજી લઇએ અથવા તો તેવી બાબત પડતી મુકીએ, પણ કોઇ પણ બાબત ઉપર મત લેવાની સ્થિતિ સુધી જવી ન જ જોઇએ. એ તેમના આગ્રહને બીજી આસપાસની અનેક બાબતો બહુ જ પોષક હતી. એક તો નક્કી કરેલી વિષયમર્યાદા એવી હતી કે તેમાં મતભેદની ગરમી ઉત્પન્ન થાય એવી બાબત ભાગ્યે જ આવી શકે-ખાસ કરીને આ તબકકે તો નહિ જ. બીજું એકત્ર થયેલા પ્રતિનિધિઓના દિલમાં પણ લગભગ આવી જ વૃત્તિ રમી રહી હતી. આ બધું હોવા છતાં આવી સર્વાનુમતસિદ્ધિ પ્રમુખની કાર્યદક્ષતાને જ મોટે ભાગે આભારી છે એમ કબુલ કર્યા વિના નહિ ચાલે.

આજે ઘણા કાળે આ કોન્ફરન્સને એવા પ્રમુખ સાંપડયા કે જેણે પોતાની જ બુદ્ધિ અને કુશળતાથી આખા અધિવેશ-

નનું કાર્ય પાર પાડયું. બીજાઓ ઉપર પ્રભાવ પડે તેવી શ્રીમંતાઇ કે વિદ્વત્તાનો તેમની પાસે કશો જ દાવો નહોતો. સૌજન્ય, મીઠી વાણી, જે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તેને બુદ્ધિપૂર્વક ગ્રહણ કરી લેવાની તત્પરતા, કોઇને જરા પણ અન્યાય ન થાય તેની પુરી સંભાળ, સમભાવ અને પ્રકૃતિની પ્રસન્નતા–આ તેમના વિશિષ્ટ ગુણો હતા. અધિવેશનના બીજે દિવસે સાંજ સુધીમાં વિષય વિચારિણી સમિતિનું કામ પુરું કરી રાત્રે ખુલ્લી બેઠક મેળવવી અને અધિવેશન પુરું કરવું એવી મૂળ યોજના હતી. સાંજ સુધીમાં વિષય વિચારિણી સમિતિનું કામ પુરું થઇ ન શકયું. જમીને તુરત વિ. વિ. સમિતિએ મળવું અને એક કલાકમાં બાકી રહેલું કામ પુરું કરીને ખુલ્લી બેઠક ભરવી–આ રીતે નકકી કર્યું અને તે મુજબ વિ. વિ. સમિતિ મળી. બંધારણના ફેરફારોની બાકી રહેલી ચર્ચા આગળ ચાલતાં મહારાષ્ટ્રના પ્રતિનિધિ શ્રી. મોતીલાલ વીરચંદે 'પ્રમુખે પોતાના કાર્યમાં' મદદરૂપ થાય તે માટે સાત જણની સમિતિ–કેબીનેટ–નીમવી એવી મતલબનો ઠરાવ રજુ કર્યો અને આ ઠરાવે ખૂબ જ ચર્ચા ઉભી કરી અને સમય તો વહેવા લાગ્યો. પ્રમુખશ્રી મોતીલાલભાઇ સાથે વાટાઘાટ કરવા લાગ્યા. મેં પ્રમુખશ્રીનું જલ્દિથી કામ આટોપવા તરફ ધ્યાન ખેંચ્યું. એ ઉપરથી પ્રમુખ સાહેબે સર્વ સમક્ષ રજુઆત કરી કે 'વખત જાય છે એ બરોબર છે, પણ જે પ્રશ્ન ઉપસ્થિત થયો છે તેનો રીતસર નીકાલ ન થાય ત્યાં સુધી મારાથી આગળ ચાલી શકાય જ નહિ. આમ કરતાં અધિવેશન એક દિવસ લંબાવવું પડે તો લંબાવીશું, પણ એટલા ખાતર કોઇ પણ અગત્યની બાબતને જેમ તેમ પતાવી દેવાનું મારાથી બની નહિ શકે. હું ભાઇશ્રી મોતીલાલને સમજવા અને તેમની વાત સ્વીકારવા જતાં બંધારણની ધુંચ ઉભી થાય છે તેનો નિકાલ શોધવા પ્રયત્ન કરૂં છું. આ બાબતનો નિર્ણય ન થાય ત્યાં સુધી તમારે ધીરજ રાખવી જ જોઇએ.' આ વળણમાં મકકમતા હતી તેમ જ ન્યાયપ્રિયતા પણ હતી. પરિણામે તે રાત્રીનો બાકીનો સમય વિ. વિ. સમિતિની ચર્ચામાં પુરો થયો, અને અધિવેશન બીજે દિવસે સવારે મળ્યું અને પુરું થયું અને સૌ કોઇને ખૂબ સંતોષપૂર્વક છુટા પડયા.

આ અધિવેશન દરમિયાન એકતાની અને જે વર્ગ આ કોન્ફરન્સમાં સામેલ થતો નથી તેને કેવી રીતે કોન્ફરન્સ તરફ આકર્ષવો અને સામેલ કરવો એની અનેક વાતો ચાલી રહી હતી. આ દૃષ્ટિએ ઘડાયેલો–એકતાની સાધનામાં પ્રમુખને મદદરૂપ બને તેવી સાત જણની સમિતિની નિમણુકને લગતો–ઠરાવ ખુલી બેઠકમાં મુકવામાં આવ્યો હતો. આ ઠરાવના સમર્થનમાં બોલતાં મેં જણાવ્યું હતું કે 'એકતાને કોણ નથી ચાહતું? આપણે એક જ વર્ગના ગણાતા સૌ કોઇ ભાઇઓ મળીએ અને આગળ વધી કેમ શકીએ તેના ઉપાયો વિચારીએ અને અમલમાં મુકીએ એ કોને નથી ગમતું અને કોણ નથી માંગતું? પણ આવી એકતા ખુલ્લા દિલની હોવી જોઇએ–લોકશાસનના ધોરણ ઉપર હોવી જોઇએ. આ કોન્ફરન્સ સૌ કોઇને માટે છે અને જૈન સમાજ સાથે સંબંધ ધરાવતા સર્વ પ્રશ્નો માટે અહિં પુરો અવકાશ છે. આવી એકતાની વાતોએ એવું વળણ પકડવું ન જોઇએ કે જેથી કોન્ફરન્સના આ વિશાળ પ્રદેશને કોઇ પણ બાજુથી જરા પણ ક્ષતિ પહોંચે અથવા તો એક વર્ગને ગનાવવા જતાં બીજા વર્ગને ગુમાવવાનો વખત આવે. 'લેને ગઇ પૂત, ખો બેઠી ખસમ' દીકરો લેવા જતાં ઘણી ગુમાવવાની દશા ન થાય આ બાબતની ખૂબ સંભાળ રાખવી ઘટે છે. વળી એકતા સાધવાનો પ્રયત્ન કરનારે માત્ર સ્થિતિચુસ્ત કે શાસનપ્રેમી વર્ગનો જ વિચાર કરવાનો નથી. આજે કેળવાયેલો યુવાન વર્ગ પણ આ કોન્ફરન્સથી લગભગ એટલો જ વિમુખ છે. તેને પણ કોન્ફરન્સ તરફ કેમ વાળવો એ બાબત પણ એકતાસાધકે વિચારવાની રહે જ છે" એકતા સંબંધે આજે જ્યારે પહોળી અને મેળવિનાની વાતો ચાલી રહી છે ત્યારે ઉપરની બાબત ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે.

આવાં અધિવેશનો ભરાય અને પુરાં થાય એટલે અધિવેશનના સમર્થકો અધિવેશનની ભારે સફળતાનાં ચોતરફ વાજાં વગાડવા માંડે છે અને વિરોધીઓ એ જ અધિવેશનને કેવળ નિષ્ફળ નિવડેલું જાહેર કરે છે. નિંગાળા અધિવેશનને કેવું ગણવું ? કોન્ફરન્સ કંઇ કાળથી ભરાઇ શકતી નહોતી એ બડાગાંઠ ઊકલી ગઇ. કોન્ફરન્સ કદિ ભરી શકાય એમ છે જ નહિ એ ભ્રમણા દૂર થઇ. કોન્ફરન્સના આકારમાં આપણે મળી શકયા, સુખે સમાધિએ કેટલીએ બાબતોની ચર્ચા કરી–આ કરશું તે કરશું એવી કેટલીક કાર્યદિશા વિચારીને–આનંદપૂર્વક છુટા પડયા એ જ જો કોઇ પણ અધિવેશનની સંપૂર્ણ સફળતા ગણાતી હોય તો નિંગાળા અધિવેશન નાનું સરખું પણ સફળતાપૂર્વક ભરાયું અને પાર પડયું એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આવું એક અધિવેશન એટલે સમાજ પ્રગતિનું એક મોટું સીમાચિહ્ન–નવી કાર્યશકિતનો અવતાર–કોઇ નવી યોજનાના અમલની સાચી શરૂઆત–આવો અર્થ થતો હોય તો નિંગાળા અધિવેશનમાં એવું કોઇ મહત્ત્વનું સીમાચિહ્ન કે અમલી કાર્યની શરૂઆત નજરે પડતી નથી એ પણ કબુલ કર્યા વિના નહિ ચાલે. નિષ્પ્રાણ કહો અલ્પપ્રાણ કહો–એવી કોન્ફરન્સની જીવાદોરી લંબાણી છે. એટલું છે કે જો સમાજ ઠીક ઠીક સહકાર આપશે તો કોન્ફરન્સને પ્રમુખ એવા સાચા દિલના મળ્યા છે કે જે ત્રણ દિવસનાં માનપાન ભોગવીને કેવળ સૂઇ રહેવા નથી માંગતા તેમની શુભ નિષ્ઠા અને સેવાપરાયણતા જૈન સમાજને એકતા અને પ્રગતિના માર્ગે લઇ જવામાં સફળ નીવડે એમ આપણે જરૂર ઇચ્છીએ.

નિંગાળા મુકામે આપણે બહુ મોટી થઇ ગયા. હવે આવતા અંકમાં મોટાદ તથા ભાવનગરની ઉડતી સફર કરી મુંબઇ પાછા આવી પહોંચીશું. **પરમાનંદ.**

જીંદગી

જીંદગી શું જગતમાં જન્મી અરે! જણ્યું નહિ
જાણ્યું અરેરે! એટલું જુદું થતું કો'દી નકી.....જીંદગી;
જગતના કો' ઓલિયે
કે ઇશની વાણી થકી
જીંદગીની ખૂબીઓ ખુલી નથી આંહિ કદિ.....જીંદગી;
જીંદગી, ઓ! જીંદગી! બરબાદ થાવું છે નકી.
દુઃખ, સુખની સૌ રાતડી ભૂલી જવાની છે નથી.....જીંદગી;
જીંદગી તું મૂલ શું
એરેલ સાચું આંસુડું
સાચ જગનું શોધવા પ્રગટેલ નાનું દીવડું... જીંદગી;
જાજે અરે! તું જીંદગી
વાધા બધા તારા સજી
કહું છું જગત ટોચે ચડી ઉજળી જજે તું જીંદગી. જીંદગી
(અંગ્રેજી ઉપરથી) **વ્રજલાલ ધ. મેઘાણી.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૧૯

મુંબઇ : ૩૧ જાન્યુઆરી ૧૯૪૧ શુક્રવાર.

લવાજમ
રૂપિયા ૨

('જનની'માંના કેટલાક નમુનાઓ)

નહિ તને જનની! પ્રિય લહાવથી,
શિશુવયે અરચી ઉરભાવથી;
નહિ તને સમજ્યો–તવ રૂપને–
નિકુર અન્ત સુધી તું અનૂપને.
તમસ છાય ગઈ જડથી સરી,
નવપ્રકાશ વહ્યા ઉરમાં જદા;
પૂજનથાળ રુડી કર મેં ધરી,
ગઇ અચાનક તું જનની! તદા.
કર વિષે પુલછાબ રુડી ગ્રહી,
અગરૂ, ચંદન, અક્ષત ને દીવો;
નમન અંતરનાં ધરવા ગયો,
ત્યહીં અચાનક ચાલતી તું થઇ!
નયન બે અનિમેષ રહી ગયાં!
લઘુક છાબ સરી કરથી પડી!
રૂદનની મુખથી હળુ બે કડી,
સરી અને જલ બેઉ પરે વહ્યાં!

× × ×

જીવન–ચિત્રક તું અમ ભાગ્યની,
રસિકડી પ્રતિમા રસ રાગની;
કુસુમ કેતકી તું અમ બાગની,
સુરભિ તું નવપુષ્પ પરાગની.
ગૃહ સરોવર કેરી મૃણાલિની,
જલ વિષે ઝુલતી રહી તું ભીની.
ઉર રસે, શિશુવત્સલતા રસે
પ્રિય પ્રફુલ્લતી સ્નેહ–તપસ્વિની.

× × ×

તવ રહ્યું અહિં ના પ્રિય ચિત્ર કો.'
દરશ પૂજન જેહ તણું કરૂં,
નહિ રહી ચપટીભર ભસ્મ જે,
શિર અને નયને કંઇ હું ધરૂં.
હૃદયના ફલકે પ્રિય ચિત્રનું,
પૂજન હું અવ માનસી આદરૂં;
ધૂપ ધરૂં વિરહાગ્નિ તણો અને
નયન–અશ્રુતણાં સુમનો ધરૂં!
ભજન પૂજન ને તવ કીર્તનો
યુગ અનંત સુધી જ કર્યા કરૂં;
તદપિ આ ઉર તૃપ્ત થશે નહિ,
ગુણગીતા સહુ કાળ સ્મર્યા કરૂં!

* *

મા!

(મારા મિત્ર શ્રી. રતુભાઇ દેસાઇએ 'જનની'* એ નામની એક શોકપ્રશસ્તિ બહાર પાડી છે. તેઓ ૧૯૩૦–૩૨ ની સવિનયભંગની લડતમાં ભાગ લેવાના કારણે જેલમાં હતા તે દરમિયાન તેમનાં માતુશ્રી એકાએક સ્વર્ગવાસી થયાં. આ બનાવથી શ્રી. રતુભાઇને સ્વાભાવિક રીતે સખ્ત આઘાત લાગ્યો અને તેની વેદનામાંથી જે કાવ્યો જન્મ્યાં તેના સંગ્રહ 'જનની'માં કરવામાં આવ્યો છે. આ સંગ્રહમાં પ્રવેશ કરાવતો તેમણે એક ઝારે અદ્‌ભુત આમુખ લખ્યો છે. કાવ્યો તો સુંદર છે જ, પણ આ આમુખ પણ ગદ્યમાં હોવા છતાં એક સળંગ કલ્પનારમ્ય કાવ્ય જ છે. આ આમુખ વાંચતાં જેણે મા ગુમાવી હશે તે લેખક જેવું જ માનસિક સંવેદન અનુભવશે અને જેની મા આજે હયાત હશે તે વધારે માતૃ-ભક્ત બનશે. એ આમુખ લેખકની સંમતિથી નીચે અવતરિત કરવામાં આવે છે. પરમાનંદ.)

મા!

એ શબ્દ ઉચ્ચારતાં હું કદી થાકયો નથી. રાતદિન એ શબ્દનું રટણ કરતાં કરતાં કદી ધરાયો નથી. હસતાં અને રોતાં, રોતાં અને હસતાં હું એને કદી ભૂલી શકયો નથી. મારી હયાતીમાં એના સ્નેહ અને વાત્સલ્યનો મેં અપૂર્વ અનુભવ લીધો છે. એના વિદેહ બાદ સુખમાં અને દુઃખમાં, જાગૃતિમાં અને સુષુપ્તિમાં મેં અનેક વાર એનાં દર્શન કર્યાં છે. એની સાથે સ્નેહસંભાષણ કર્યું છે. એને ખોળે માથું મૂકી રોયો છું. અને એણે મારે માથે એક હાથ રાખી, બીજે હાથે મારી દુનિયાદારીના ભારથી સોરાયલો વાંસો પસવાર્યો છે.

આનંદ કે હાસ્યને હિલોળે ચઢું છું ત્યારે મને મારી મા જ સાંભરી આવે છે ને આંખ-માંથી એક છાનું અશ્રુ સરી પડે છે. આપત્તિમાં મને ઇશ્વર સાંભરતો નથી. માની જ યાદ આવે છે. દુઃખના આંસુ વડે એ નામને મેં અનેક વેળા ઓપ આપવાનો પ્રયત્ન કર્યો છે.

ખભે પુસ્તકોનું પાકીટ ભરાવી બાલમંદિર તરફ ચાલી જતી, તોતલા શબ્દોમાં કાલું કાલું બોલતી, નિર્મળ નેનકીકીઓવાળી બચુકલી કોક બેબીમાં મેં મારી માને જોઇ છે. તો કોકવાર સરસ ચાંલ્લોચોટલો કે વેણીફિણી કરી, કપાળે કંકુની નાની બિંદી ચમકાવતી, વેલબુટ્ટાઓથી ભરેલા ચણિયાપર ગુલાબી ઓઢણી ઉરાડતી, શહેરની સડક પરથી ચાલી જતી, અંગેઅંગમાંથી નિર્મળ પ્રભા પ્રગટાવતી હાઇસ્કુલની કિશોરીમાં મેં મારી માને જોઇ છે. અને પોતાના ભરાવદાર બોળામાં નાના અપત્યને સુવરાવી, તેના કુમળા દેહ પર સાળુનો પાલવ પ્રસારી, કમખાનાં બોરિયાં ઢીલાં કરી, તેના મોંમાં સ્તનો આરોપી અખૂટ પ્રેમપયસ્ વહાવી દેતી કોઇ માતાને જોઇને મને વાર-વાર મારી મા સાંભરી આવી છે. મા યાદ આવે છે અને હૈયું ભરાઇ આવે છે. ભરાયેલું હૈયું આંખોને કરગરે છે, "તારાં બારણાં ઉઘાડ. મારાં હર્ષશોકનાં એકાદ આંસુના ટીપાંને બહાર પડવા દે." પણ શિષ્ટ સમાજમાં વસનારી અને સભ્યતાથી ડરનારી આંખ પોતાના કાને હાથ દઇ દે છે. કરગરતા હૈયાનાં આંસુને એ પાછું સ્વસ્થાને ઠેલે છે. કહે છે. "હૃદય, તારૂં આંસુ તારા તારા સદનમાં જ શમી જવા દે."

વળી કવિતા લખવા કલમ પકડું છું ને મને માનો જ વિષય સૂઝે છે, વાર્તા લખવા બેસું છું ને મને માના પ્રેમની જ વાર્તા વિકસાવવી ગમે છે. આમ જ્યાં જોઉં ત્યાં મને મારી મા જ દેખાય છે. કારણ કે બાલક જગત પર અવતરે છે અને પ્રથમ દર્શન માનું જ કરે છે, પ્રથમ પ્રેમ માનો જ અનુભવે છે. પ્રથમ પોષણ મા પાસેથી જ મેળવે છે. પ્રથમ 'મા–મા'નો જ ઉદ્‌ગાર કાઢે છે.

નાનાં બાળક-બાળિકાનું જગત રમકડામાં કે શાળામાં વિસ્તૃત થાય તે પહેલાં તેનું વિશ્વ માની આસપાસ જ કેન્દ્રિત થયું હોય છે. માનો એક મીઠો સાદ, એક હાલરડું, એક ચુમી, એક લાડભર્યો શબ્દ, એક હેતની ટપલી, માના નયનનો એક અમી વરસાવ બાલકને ભૂખ, દુઃખ, થાક,

*પ્રકાશક શિષ્ટ સાહિત્ય ભંડાર, આનંદ ભવન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨. કીંમત રૂ.૧.

તરસ સઘળું ભૂલાવી દે છે. ખોરાક અને પાણીથી બાળક દિન પ્રતિદિન જેટલું મોટું થતું નથી એટલું જાણે તેને માનો પ્રેમ, માનું વાત્સલ્ય મોટું કરે છે.

જન્મથી માંડી ઉત્તરાવસ્થા સુધી, એક યા બીજા સ્વરૂપે માતૃપ્રેમના સિંચને જ માનવી જીવે છે. કારમા દુઃખની વચ્ચે, જીવલેણ જખમો સમયે, વેદનાઓની વચ્ચે માનવી પ્રથમ પુકાર 'મા'ના નામનો જ કરે છે. 'મા'નો નામોચ્ચાર કરી દુઃખ સહન કરવાનું બળ તે પ્રાપ્ત કરે છે.

બાલક લૂલું હોય, લંગડું હોય, ખોડખાંપણવાળું હોય, આંધળું હોય, અશકત હોય, કદરૂપું હોય, બેડોળ હોય; માને મન તે અમોલું રત્ન જ! રત્નની પેઠેજ તે એને જાળવે છે. અને કયારેક એનું એ પ્રાણપ્યારું રત્ન ઝૂંટવાઇ જાય છે ત્યારે? ત્યારે માની જે સ્થિતિ થાય તેથી કોણ અજાણ છે? જીવનમાંથી તેનો બધો રસ, બધી આસકિત ચાલી જાય છે.

એવો અપૂર્વ અને અદ્‌ભૂત આ પ્રેમ અને આસકિતનો કોયડો છે. એવી છે માતા અને શિશુના સ્નેહની આ દિવ્ય દુનિયા.

માએ મારામાં જે રસ પ્રગટાવ્યો તેને પી પીને મેં હૃદયમાં ઋજુતા, કોમલતા મમતા, પ્રીતિ, પરસ્પર માટેના આદર અને સહિષ્ણુતા વગેરે ગુણોને વિકસાવ્યા. એજ પ્રેમે હું આજે જે છું તે થયો.

માએ મને માયેલો બનાવ્યો. હું તેનો સ્નેહઘેલો બન્યો. પણ એ જ માએ મને માતૃઉપાસનાની, માતૃપૂજનની નવી દિવ્ય દૃષ્ટિ પણ આપી. એ દૃષ્ટિકિરણે દોરાયેલો હું, માતૃપ્રેમની મધુર શિખામણના પ્રકાશપથે હિંદ માતાના સ્વતંત્રતાના યુધ્ધના સૈનિક દળમાં દસ વર્ષ પહેલાં કિશોર વયે જોડાયો અને એક સૈનિકનાં કર્તવ્યો બજાવતો દુશ્મનનો કેદી બની બંદીખાને પડયો.

જેલમાં પૂરાયેલો હું સર્વ વાતે સુખી હતો. જેલ જીવનનું એકાંત જેલજીવનની હાડમારી એ બધાંને હું ઘોળીને પી ગયો હતો. પણ એ જેલજીવનની વચ્ચે રોજ રોજ સવાર સાંજ મને મારી પ્રેમલ માની પવિત્ર યાદ દ્વિગુણિત બળે આવ્યા કરતી.

જેલની દિવાલો પાછળ પૂરાયલો હું માને જાગતાં અને ઉંઘતાં જોયા કરું. તેની સાથે. સ્વપ્નમાં વાતો કરું. નજર ભરી ભરીને તેનો વૃદ્ધ, કૃશ, અશકત, વ્યાધિથી ઘેરાયલો દેહ અને દીન છતાં તેજસ્વી પ્રેમળ મુખમુદ્રા જોતો રહું. એ કલ્પના-સૃષ્ટિમાં કલાકો ગાળતો હું તેને ક્ષેમસમાચાર પૂછું, તેને મારાં કુશળ ખબર આપું.

હું કહું: "મા! કેવો દુષ્ટ છું? તને એકલીને રઝળતી મૂકીને જેલમાં ભાગી આવ્યો છું. તારી સેવા કરવાની મૂકીને, માની લીધેલી કાલ્પનિક માની સેવા કરવાને, કર્તવ્યવિમુખ બની, અહીં ચાલી આવ્યો છું. મા! એક જ વખત ભૂલ થઇ. હવે ફરી આવી ભૂલ નહિં કરું. મારા જેલવાસના દિવસો જ હવે ગણું છું. વહેલો છૂટીશ, તને આવીને ભેટીશ, તારી સેવાચાકરી કરીશ, તને મારા પ્રેમથી નવરાવીશ, તારૂં માથું દાબીશ, તારા પગ ચાંપીશ, તારો સાડલો ધોઇશ, તને ઘરકામમાં મદદ કરીશ."

એક મન આવી કલ્પના કરી કરી રિઝાય, ઝૂરે, હિજરાય. મનની આ કેવી દ્વિધા? બીજું મન કહે: "રે રે માનો પ્રેમ તને આટલો દૂબળો કેમ બનાવે છે? મા તારી એકની જ છે? દેશમાં–દુનિયામાં–પુત્ર વિનાની માતાઓની ખબર કોણ લે છે? અને તારી માને શેની ખોટ છે? બે ટંક પૂરતું ભોજન મળે છે, કપડાં મળે છે, દવાદારૂ મળે છે. પણ પ્હણે જો પેલી પુત્રવિહોણી અને પ્હણે છતે પુત્રે દુઃખિયારી માતાઓ! તેમનું કોણ?

વળી મન કલ્પનાની પાંખે ચઢે:

"મા, છૂટવાને માત્ર.....મહિના બાકી છે. છૂટીને હું આવીશ. પછી તારી પાસેથી આઘો ખસીશ નહિં. પછી મા, મારી દુનિયા તું મય, તારી દુનિયા હું મય. હું અને તું. તું અને હું. મા અને પુત્ર, પુત્ર અને મા!"

પણ રે!..... ....

એક રાત્રે જેલની પથારીમાં પડયાં પડયાં ભર ઓથારે હું ઝબકયો. છાતીમાં કેટલો ડૂચો! કેવું લાંબું, બિહામણું, ભયંકર એ સ્વપ્ન! બહુ વહેલી સવારે જાગી પડયો. આખું શરીર ઉત્સાહ અને સ્ફૂર્તિહીન બની ગયું હતું. રોજની શકિત આજે નષ્ટ થઇ ગઇ હતી. તે દિવસની સવાર અને બપોર ઘરનાં ખબરની રાહ ભાળવામાં જ ગાળી. છેક મોડી સાંજે મારા નામનો ઘરનો કાગળ આવ્યો. મારા શિક્ષક મિત્ર શ્રી ગે.જુભાઇ ભટ્ટ તે લઇ આવ્યા.

કાગળમાં રહેલ રહસ્યનો અર્થ સ્ફુટ થતાં જ મારે ગળે ડૂમો ભરાયો. સત્યાગ્રહી કેદીઓથી ચિકાર ભરેલી બેરેકમાં હું "મા, મા" કહી ડૂસકાં ભરવા લાગ્યો.

નમતી સાંજે પ્રેયસચિંતક મને મનસૂબો કર્યો; "કેમે કર્યું અહીંથી છૂટાય નહીં? પાંખ હોત તો ઉડીને જાત નહીં?" શ્રેયસચિંતક મને પ્રેયસચિંતક મનને દબાવી દઇ કહ્યું: "દુર્બળ, હવે મા થોડી જ બળશે? એ તો ગઇ! એના પ્રેમનું માત્ર સ્મરણ કર!"

માનું સ્મરણ જેલમાં શતશત બળે હૃદયમાં પ્રગટવા લાગ્યું. મારી નિર્બળતા છૂપાવવા, બધા કેદીઓ સૂઇ જાય અને ભર ઉંઘમાં પડે ત્યારે, હું બેરેકને એક ખૂણે જઇ કામળો ઓઢી લઇ, છૂપાઇને પેટ ભરી ભરીને ખૂબ ખૂબ રડું. માને યાદ કરું. જીવનના ગત પ્રસંગોને તાજા કરું.

એ સ્મરણ અને એ શોક જેલવાસમાં કયારેક પદ્યરૂપે સ્ફુર્યો અને જેવો સ્ફુર્યો તેવો ઉતાર્યો. જેલમાં કેટલાક સમભાવી મિત્રોએ મારી રચના જોઇ. ઘણાએ તે વાંચી. સદ્‌ગત માના પ્રેમના આંસુથી ભીંજાતા મેં તેમને જોયા.

મેં વિચાર્યું; મારે કાવ્યકલાની સંપૂર્ણતા સાથે, કવિતાની શ્રેષ્ઠતા સાથે શો સંબંધ છે? જે સ્વરૂપે છે એ સ્વરૂપે મારો આ શોકનો ઉભરો માતૃવિરહી બીજાં શિશુહૃદયોને કંઇક પ્રેમથી ભીંજવવામાં સફળ થશે તો તેજ તેના લેખનની યથાર્થતા ને તેના લેખકનીયે કૃતકૃત્યતા!

× × ×

શ્રાન્ત પથિક

પ્રભો! હું આવ્યો તુજ દ્વાર
મુજ સાટે કમાડ રે ઉઘાડ,
મને સંઘરી લે! મને સંઘરી લે!
ઘૂમી વળ્યો હું દેહી વર્તુળમાં
ક્ષુદ્રતા અશાન્તિના જ્યાં વાસ.....મને.
વરસોના વરસો વિતાવીયા
સમાધિ કયાંય ન જણાય.....મને.
ભિન્ન ભિન્ન પ્રવૃત્તિએ સતાવીઓ
પુરો થયો તેહનો વિશ્વાસ.....મને.
તુજમાં હું લયલીન ના બન્યો
થાય તેનો સંતાપ ને ત્રિલેત્રાસ.....મને.

અમરચંદ મેઘજી ઝવેરી.

આપણાં ભાંગતાં ગામડાંઓ

નિંગાળા અધિવેશનની વ્યવસ્થામાં આસપાસનાં ગામડાંઓમાં વસતા જૈન ભાઇઓ વધુ પ્રમાણમાં ભાગ લેવાને પ્રેરાય તે માટે તથા અધિવેશનનો મંડપ, રસોડું તેમજ પ્રતિનિધિઓનાં નિવાસ-સ્થાનો ઉભાં કરવા માટે જરૂરી મુંગણુ, ગાદલાં, ગોદડાં, વાસણ વગેરે એકઠાં કરવાના હેતુથી મને ત્યાંના કેટલાક કાર્યકર્તા ભાઇઓ સાથે ઝાલાવાડ તથા ગોહેલવાડના કેટલાંક ગામડાંઓમાં ફરવાનું બનેલું. અમારે જે જે ગામડાંઓમાં ફરવાનું થયું હતું તે તે ગામડાંઓમાં આગળ ઉપર જૈનોની સારી જાહોજલાલી હતી. તેમની વ્યાપારી સાહસિક વૃત્તિ, કાઠિયાવાડની સુપ્રસિધ્ધ મહેમાનગીરી અને શૌર્યભર્યા જીવનને લીધે ગામ-ડાંઓ શોભતાં હતાં આજે એ ગામડાંઓ તદ્દન ભાંગી ગયાં હોય એમ લાગ્યું. જૈનોની વ્યાપારી સાહસિકતા, પરોણાગત, અને જાહોજલાલી કેવળ સ્વપ્ના જેવી થઇ ગઈ હોય એમ જણાયું. એ ગામડાના જૈનોમાંથી કેટલાક કુટુંબો એવા માલુમ પડયાં કે જેઓ દુંગળી, કાંદા, બટાટા વગેરે શાકભાજી વેચી પોતાનું ગુજરાન જેમ તેમ ચલાવી રહ્યા છે. કેટલાક ભાઇઓ સુખી ખેડુતને ત્યાં પાણી ભરીને કે બીજી કોઇ જાતની મજુરી કરીને બે પાંચ રૂપીઆ મેળવે છે અને એ રીતે ત્રણ ચાર માણસોનું કુટુંબ પાળે છે અથવા તો અડધા ભુખ્યા રહીને જીવનનિર્વાહ ચલાવે છે. ભાંગતા ગામડાના જૈનો અને મહાજનોની આજે આ દશા છે. અમોએ નિંગાળામાં ભરાનાર અધિવેશનની તેમની સાથે જ્યારે વાત કરી અને તેમના સહકારની માંગણી કરી, ત્યારે દૂર દૂરના જૈન ભાઇઓનાં દર્શનનો લાભ મેળવી આપવા માટે નિંગાળાને તેઓ ધન્યવાદ આપવા લાગ્યા અને પુરો સહ-કાર આપવા તેઓ તૈયાર થયા. કેટલાક ભાઇઓ બેચાઇને પણ પ્રતિનિધિ તથા સ્વાગત સભ્ય થયા અને કેટલાક ગાદલાં, ગોદડાં ગામમાંથી મેળવી આપવા કબુલ થયા. મને આ વખતે શહેર અને ગામડાના ભાઇઓ વચ્ચે જે ફરક રહેલો છે તેનો ખરો ખ્યાલ આવ્યો. જે જે ગામમાં અમો ગયા હતા એ ગામના ભાઇઓ ખૂબ ગરીબ હતા એમ છતાં પણ પુરા ભાવથી અમારો સત્કાર કરતા અને ગામના ખેડુત વર્ગનો નાનો સરખો મેળાવડો કરી તેમને અમારી ઓળખ આપતા અને ચા, પાનસોપારીથી પરોણાગત કરતા અમારો શહેરનો અનુભવ આથી કેવળ જુદોજ હતા.

ગામડાનો ખેડુત વર્ગ ચોમાસું નિષ્ફળ જતાં ખેતરમાં થતી ઓછી નીપજ, દરબારી કરવેરા અને શાહુકારી દેવું વગે-રેથી દયાયેલો હોઇ દયાપાત્ર બની ગયો છે, ખેડુત મહેનતુ ભોળો અને પ્રભુ પ્રત્યે પ્રેમવાળો હોવાથી અને જાતમહેનતથી ટેવાયેલો હોવાથી દુઃખમાં પણ હસતો દેખાય છે. જેમ વર્ષો પહેલાં ગામડાના વાણીયાઓ સારી અને ઉન્નત સ્થિતિમાં હતા તેમ ખેડુતોને ખેડની નીપજ પણ સારા પ્રમાણમાં થતી, દરબારી કરભાર ઓછા હતા અને આંગણે ગાય, બળદ અને ભેંસોની લંગાર રહેતી. તેનાં દુધ, દહીંની રેલમછેલથી ગામની ઇતર કોમ પણ પોષાતી હતી. ખેડુત વર્ગની આ ઉદારતાથી ગામડાં ખૂબ ઉજળાં લાગતાં. પણ આજે ઉપરાઉપરી ચોમાસાં નિષ્ફળ જતાં પાક ઓછો થયા કરે છે. વળી દુષ્કાળ પણ અવારનવાર આવે છે. તેમજ દરબારી કરવેરા અનેક ગણાં વધી ગયા છે. વળી દરબારી વસુ-લાતી અધિકારીઓ દરબારી આવક વધારવા માટે મનગમતી આના-વારી કરી ખેડુતોની નીપજનો મોટો ભાગ લઇ જાય છે. ઉપરાંત ખળા-વાડમાં ખેડુત કે જે 'જગતનો તાત' કહેવાય છે તે કેમ રંજાડ પામે છે તે મેં મારી નજરે જોયું છે. ખેડુત ખેતરમાંથી ધાન્યના ડુંડા લાવતો હોય છે ત્યારે તેને ઉપર દરબારી ચોકી ઉભી હોય છે ઉપરાંત ગામના મહંત, બ્રાહ્મણ, પોતપોતાનાં મંદિરો વગેરેના લાગાની ઉઘરાણીનો પ્રવાહ ચાલુ થાય છે. શાહુકાર પાસેથી ઉધાર લઇ બમણાં ત્રણગણાં કરી આપેલાં કરજની તકેદારી ઉભી જ હોય છે. આટલી બધી હાડમારીઓથી ઘેરાયેલું ખેડુત કુટુંબ-ખેડુત, તેની સ્ત્રી અને બાળક–ખેતરમાં નીપજેલા ધાન્યમાંથી દાણા છુટા પાડવાની પેરવીમાં મચ્યું હોય છે. સ્ત્રી લાકડાની ઉભી કરેલી સીડી ઉપરથી પવનની લહેરમાં સુપડા વતી દાણા અને ફોતરાંને જુદા પાડે છે, બાળક દાણા ઉપર પડેલાં ફોતરાંને સાવરણીથી સાફ કરે છે અને પોતાની માને ભેળાસેળવાળો દાણો સુપડામાં ભરી આપ્યે જાય છે. આ દૃષ્ય ખરેખર અદ્‌ભૂત હોય છે. અંગ-મહેનત પર, ફકત પરમાત્મા પર આધાર રાખનાર અને આખા જગતને અનાજ પુરૂં પાડવા માટે અનેક યાતનાઓ સહન કરનાર ખેડુતને 'જગતના તાત'નું બિરૂદ આપનાર કવિને ધન્યવાદ ઘટે છે

આપણા રાજા મહારાજાઓ પોતાની રાજધાનીઓને હાલની પદ્ધતિ મુજબ સુંદર અને આકર્ષક બનાવવા પાછળ જે દ્રવ્ય ખરચે છે તેનો ચોથો ભાગ ગામડાના ખેડુતોની કંગાલિયત દૂર કરવા પાછળ ખરચે અને એ દ્રવ્યમાંથી ખેડુતને સારા પાણીદ્વાર બળદો પુરા પાડે, ચોમાસાનાં વાદળાંઓને ખેંચી લાવવા માટે ઠેકઠેકાણે ઝાડો રોપાવે, ચોમાસાનું પાણી નકામું ન જાય તે માટે તળાવો બંધાવે, ગામડાના રસ્તાઓ ગામની જરૂરિયાત મુજબ સુધરાવી આપે તો ગામડામાં એ રીતે ખરચેલા પૈસા રાજ્યને જ પાછા મળવાના છે. ગામડાઓ સુધરશે તો ખેડુત અને મહાજન સુખી થશે, આબાદ થશે અને પરિણામે રાજ્યની આવકમાં વધારો થશે. જો રાજાઓ રાજ્યની અને પ્રજાના હિતની દૃષ્ટિએ વિચાર કરે અને વર્તે તો થોડા સમયમાં ગામડાં આબાદ બની જાય.

પ્રજાના આગેવાનોએ પણ ગામડાની વહારે જવું જ જોઇએ. તેમણે પ્રજાનું હીર હણાઇ ન જાય અને મહેનતના પરિણામે ખેડુત કાંઇ ઉત્પાદન મેળવી શકે એવી યોજના હાથ ધરવી જોઇએ. ગામડામાં ખેડુતવર્ગ અને અન્ય કોમ ચોમાસુ અને શિયાળુ પાકના લગભગ છ મહીના સિવાય બાકીના છ મહીના તદ્દન આળસુપણે જીવન ગુજારે છે તેમ જ વાણીયાના કુટુંબો તો તદ્દન આળસુ જ હોય છે. તેઓને રીતસર હાથવણાટ તથા રેંટીયાકંતા-મણ તરફ તેમજ ગામડાના બીજા ઉદ્યોગો તરફ ખેંચવામાં આવે તો મહીને દિવસે દશ રૂપીઆ તો જરૂર દરેક કુટુંબ કમાઇ શકે અને તે ઉપરાંત આળસુપણે બેસી રહેવાથી શારીરિક અને માનસિક વિકા-સનો નાશ થતો હોય તે પણ અટકે અને શરીર તંદુરસ્ત બને. ગામડામાં રેશમી ભરતના ચાકળા, ચંદરવા વગેરે ભરવાની હાથકારીગીરી છે. એને ઉત્તેજન આપવામાં આવે, તેની ખપત વધારવાનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે અને આપણા સેવાભાવી કાર્યકરો ગામ-ડાના વધુ સાન્નિધ્યમાં આવે તો એ હાથઉદ્યોગથી અનેક કુટુંબો પોષણ મેળવી શકે. આવી આવી કંઇક યોજનાઓ રાજા મહા-રાજાઓ અને પ્રજાના આગેવાનો વિચારે અને કુશળ અને સેવાભાવી કાર્યકરો દ્વારા તે યોજનાઓને અમલમાં મુકે તો ગામડાંઓ ખરેખર સુખી અને તંદુરસ્ત બને અને તેની આગલી ભવ્યતા પાછી મેળવે.

મણિલાલ મોકમચંદ શાહ.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

જાન્યુઆરી ૩૧ ૧૯૪૧

'तमसो मा ज्योतिर्गमय ।'

'ઉંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજે તું લઇ જા'

[કલકત્તા ખાતે શ્રી. વિજયસિંહ નહાર અને જંઅરમલ સીંધીના સંયુક્ત રાંપાદન નીચે છેલ્લા બાર મહીનાથી 'તરૂણ ઓસવાલ' નામનું એક માસિક નીકળે છે. 'તરૂણ ઓસવાલ' અને 'પ્રબુદ્ધ જૈન' એક સરખા આદર્શ ઉપર અને ધર્મ, સમાજ તેમજ રાજકારણ સંબંધમાં લગભગ એક સરખા સિદ્ધાન્તો ઉપર ચાલે છે. તરૂણ ઓસવાલે બાર માસની કારકીર્દી દરમિયાન તેજસ્વી અને ક્રાન્તિકારી લેખોદ્વારા કલકત્તા બાદુ વસતા જૈન સમાજમાં જે ક્ષોભ ઉપજાવ્યો છે તે માટે તે પત્રના સંપાદકોને ખરેખર ધન્યવાદ ઘટે છે. પ્રસ્તુત માસિકના ડીસેંબર માસના અંકમાં 'તરૂણ ઓસવાલ' ના આદર્શને રજુ કરતો એક લેખ સંપાદકો તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે. આ લેખ 'પ્રબુદ્ધ જૈન'ના માનસને યથા રવરૂપે પ્રતિધ્વનિત કરે છે એમ લાગવાથી પ્રસ્તુત લેખ સર્વ સામાન્ય બને એ આશયપૂર્વક તે લેખમાં આવતા 'તરૂણ ઓસવાલ' ને લગતા ઉલ્લેખોમાં યોગ્ય ફેરફારો કરીને તેનો ગુજરાતી અનુવાદ નીચે રજુ કરવામાં આવે છે. પરમાનંદ.]

આ આપણો આદર્શ છે. આખું ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિ એ આદર્શના આધાર પર જ રચાયલાં છે. વિશ્વનો કવિ આજે પણ પોતાનાં કાવ્યો ભારતીયતાની પુન્નમાં સમર્પિત કરે છે, તેની ભીતરમાં પણ આજ આદર્શની પ્રેરણા છે. એ આદર્શમાં જીવન છે, ગતિ છે, લક્ષ્ય છે અને વ્યાપકતા પણ છે. સેંકડો વર્ષો સુધી ભારતનાં સંતાનોએ આ જ આદર્શ પર આરૂઢ થઇ જે પ્રકાશ શોધ્યો, જે ગતિ પ્રાપ્ત કરી, એના બળ પર જ આજે આપણા રાષ્ટ્રનું જીવન ટકી શક્યું છે; નહિ તો શું આજ આપણી ચારે કોર જે ભયંકર અંધકાર ફેલાઇ રહ્યો છે તેમાં આપણે ઉભા રહી શકત ખરા? પણ આજે તો આપણને એ આદર્શની સશરીર મૂર્તિસમા મહાત્મા ગાંધીજી મળ્યા છે. તેમણે કેવળ હિંદને જ પ્રકાશનો માર્ગ બતાવ્યો છે એટલું જ નહિ પણ આખા સંસારનો અંધકાર દૂર કરવા તેઓ કટિબધ્ધ થયા છે.

આજે આખા જગતમાં ચારે બાજુ ભીષણ અંધકાર ફેલાઇ રહ્યો છે. એને લીધે ભયંકર હિંસા, અત્યાચાર, અનાચાર અને દમનનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે. જો પ્રકાશ હોત તો આ સ્થિતિ થાત ખરી? મનુષ્ય મનુષ્યને ભૂલી જાત ખરો? વ્યક્તિ ઉપર સમાજનો આટલો નિર્દય અત્યાચાર હોત ખરો? સ્વાર્થાન્ધિ આટલો પ્રબળ પ્રજ્વલિત થયો હોત ખરો? ગરીબો અને મજુરોનાં આટલાં ભીષણ શોષણ ચાલતાં હોત ખરાં? ધર્મમાં આટલી બધી જડતા આવી જાત ખરી? શું રાષ્ટ્રીયતાના નામ પર માનવતાનો આટલી હદ સુધી તિરસ્કાર થઇ શકત ખરો? ધનનાં ચરણોમાં ધર્મ આટલી હદે રગદોળાતો હોત ખરો? શું સ્ત્રીઓ પુરૂષોની આટલી બધી ગુલામ હોત ખરી? શું રાષ્ટ્રોની સ્વતંત્રતાનો આ પ્રમાણે નાશ થઇ શકત ખરો? આ સઘળી બાબતો એ અંધકારનાં જ ચિહ્નો છે. એની અભેદ્ય દીવાલો વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રની ચારે બાજુ ખડી છે. આપણે આજ એ અંધકારને ચીરવાનો છે, આપણને પોતાને, સમાજને અને માનવજાતિને એવા પ્રકાશમાં લઇ જવાના છે કે જ્યાં એવી સઘળી બાબતો અસંભવિત હોય. જો આજે આપણે પ્રકાશ નહિ શોધીએ, અથવા જે પ્રકાશ બતાવે છે એની વાત નહિ સાંભળીએ, તો એનું માત્ર એક જ પરિણામ આવશે અને તે આપણો સર્વનાશ.

જૈન સમાજમાં આજે કેવો ભયંકર અંધકાર છવાઇ રહ્યો છે? આજે આપણા દુર્ભાગ્યે એવા બનાવો બની રહ્યા છે, એવો અંધકાર વ્યાપી રહ્યો છે કે જેને આપણે રક્ષક સમજીએ છીએ એ આપણને વધારે ઘાડા અંધકારમાં લઇ જાય છે. આ સ્થિતિનું કેવી રીતે નિવારણ થાય? જ્યારે એ વિચારીએ છીએ ત્યારે એક જ ઇલાજ દેખાય છે. અને તે એ કે સમાજમાં એક સર્વોદયી ક્રાન્તિની રણભેરી વગાડી દેવી; અંધકારની સામે જબરજસ્ત જેહાદ ઉઠાવવી; અને એને માટે આખા સમાજનો ઢંગ બદલી નાંખવો; જે શક્તિઓ અને જે કારણો નવયુગના ઘડતરને, નવ પ્રકાશના આવાહનને વિઘ્નકર્તા હોય તેનો નાશ કરવો. આપણી અંદર જે શક્તિઓ પેદા કરવાની છે તે પેદા કરી બહારના જે શત્રુઓ સામે લડવાનું છે, જે વિરોધીઓને દબાવવાના છે તેમનો પુરો સામનો કરવો.

આજે આપણને આ અંધકારનું જે ભીષણ રૂપ દેખાય છે તે સમાજમાં પ્રસરી રહેલી ગુલામી મનોદશાનું જ સ્વરૂપ છે. એ ગુલામી મનોદશાને લીધે આપણી જીવન-પ્રગતિ, પરિવર્તન અને વિકાસ રોકાઇ ગયાં છે, ચૈતન્ય નાશ પામ્યું છે, આપણે ડગલે ડગલે થાકી જઇએ છીએ, નવીનતાને લીધે ગભરાટ અને ડર માલુમ પડે છે અને આપણામાં આફતોનો સામનો કરવાની હિમ્મત માલુમ પડતી નથી. મનની વાતો પ્રગટ કરવાનું સામર્થ્ય પણ જોવામાં આવતું નથી. ગૃહજીવનમાં, સમાજજીવનમાં, રાષ્ટ્રજીવનમાં અને માનવ-જીવનમાં સર્વત્ર અંધકાર જ અંધકાર દેખાય છે. ને જે સમાજની શક્તિના રક્ષકો છે, નેતા છે, ગુરૂ છે. શિક્ષક છે, ઉદ્ધારક છે, માર્ગદર્શક છે — એમની બુદ્ધિ પર પણ એ અંધકારનો થર જામ્યો છે, તેઓ પોતાનું કર્તવ્ય ભૂલ્યા છે, પોતાનો રસ્તો ભૂલ્યા છે અને બુદ્ધિવિભ્રમમાં પડયા છે. અંધકાર એમનાં જીવનનું અંગ બની ગયેલ છે. એમના વગર અંધકાર નહિં અને અંધકાર વગર તેઓ નહિ. એવી હાલતમાં જ્યાં વાડ જ ચેલને ખાઇ જાય છે, ત્યાં આશાનું અવલંબન કેવું?

શાસ્ત્રકારો કહેતા આવ્યા છે કે જ્યારે કોઇ મોટી આપત્તિ આવી પડે છે, વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રજીવન અંધકારમય બની જાય છે, ઉધ્ધારનો માર્ગ દેખાતો નથી ત્યારે ધર્મ રક્ષણ કરે છે; ધર્મદ્વારા પ્રકાશ અને બળ મળે છે. પણ શાસ્ત્રકારોએ એ નથી બતાવ્યું કે જ્યારે ધર્મ જ અંધકાર પેદા કરનાર બની જાય-જડતા અને અશક્તિનો પેદા કરનાર બની જાય-ત્યારે કોણ રક્ષણ કરે? કદાચ શાસ્ત્રકારોને એ સ્થિતિ સંભવિત જ લાગી ન હોય! પણ આજ તો જે થઇ રહ્યું છે તે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. દૂર નહિં જતાં જૈન સમાજમાં જ જોઇએ. અહીં જે અંધકાર, ચૈતન્યહીનતા અને જડતા દેખાઇ આવે છે એ જોઇને શું આપણને કંપારી નથી છૂટતી? એનાં કારણો શું? આપણને કહેવું પડશે કે એજ શાસ્ત્રો કે જે હજારો વર્ષો અગાઉ નક્કી કરેલી આખી વ્યવસ્થા આજની સ્થિતિ ઉપર એના એ સ્વરૂપે લાદી રહેલ છે અને શાસ્ત્રોનું રક્ષણ કરનારા એ જ ધર્મગુરૂઓ કે જે આપણને વારંવાર શાસ્ત્રનો દાંડો લઇને હાંકયે રાખે છે. શાસ્ત્રોની વ્યવસ્થાની બહાર જરા પણ પગ મૂકયો કે પાપ, અનર્થ અને અન્યાયની કાળી ભયંકર મૂર્તિ

આપણી સામે આવી ઉભી રહે છે. જે એમાં લખ્યું છે એજ કરવા લાયક છે, એજ ધર્મ છે; એ સિવાય જે કાંઇ કરવામાં આવે તે અધર્મ છે, અસત્ય છે અને ઈશ્વરના દરબારમાં દંડને પાત્ર છે. આપણી બુદ્ધિ અને વિવેકને તેમાં જરા પણ સ્થાન નથી; આપણા જ્ઞાન-વિજ્ઞાનને જો કદિ શાસ્ત્રનો ટેકો ન મળ્યો તો તે જરૂર નકામું, ખોટું અને અસ્વીકાર્ય છે. ધર્મના નામે સમાજ પર શાસન કરનારા, બીજાને ત્યાગ અને ધર્મશીલતાનો ઉપદેશ આપી પોતાના 'અહ'ને તુષ્ટ કરનારા ગુરૂઓ શાસ્ત્રોની જે વ્યાખ્યાઓ કરી આપણી પ્રગતિના માર્ગમાં આડા ફરી રહ્યા છે તેનાથી આપણું ભયંકર પતન થઇ રહ્યું છે. શું આપણે એ પતનને જોઇ રહીશું? શું આપણા યૌવનનું દેવાળું ફુંકાઇ ગયું છે? શું આપણી બુદ્ધિ પર તાળાં વસાઇ ગયાં છે? શું આપણે એટલા બધા નામર્દ બની ગયાં છીએ? શું આપણો યુવક વર્ગ આજે આવી પરિસ્થિતિ નિભાવી લેશે?

જૈન સમાજના નવજવાનો! મહાત્મા ગાંધીજી અને પંડિત જવાહિરલાલે જે આદર્શ તમારી સામે રાખ્યો છે, જે આદર્શને સામે રાખીને તેમણે આજ સુધી કામ કર્યું છે, જે આદર્શની સ્થાપના માટે તેમણે સમાજમાં ક્રાન્તિ પેદા કરી છે એ આદર્શને તમારા જીવનનું અંગ બનાવો, એને આગળ વધારવામાં તમારો સાથ આપી બતાવી દો કે તેમનો અવાજ આજના યુવકોના અને યુવતીઓના હૃદયનો અવાજ છે. એમનો આદર્શ આખા તરૂણ વર્ગનો આદર્શ છે. મોટાઇના નામે, અનુભવના નામે, પ્રાચીનતાને નામે, ધનના નામે, ધર્મના નામે, શાસ્ત્રના નામે કે બીજા કોઇ પણ નામે, યુવક સમાજ હવે પોતાની બુદ્ધિ, વિવેક અને ચૈતન્ય પર કોઇનું દમન જરા પણ ચાલવા દેશે નહિ.

ઉગતી દુનિયા શું માંગી રહી છે? એજ કે આપણે અંધકારમાંથી પ્રકાશ તરફ, અસત્યમાંથી સત્ય તરફ, બંધનમાંથી મુક્તિ તરફ, જડતામાંથી પ્રગતિ તરફ, સાંકડાપણામાંથી વિશાળતા તરફ, નિર્જીવતામાંથી નવજીવન તરફ સુષુપ્તિમાંથી જાગૃતિ તરફ, નિર્વીર્યતામાંથી શૌર્ય તરફ, હિંસામાંથી અહિંસા તરફ, અનીતિમાંથી નીતિ તરફ, સ્વાર્થીપણામાંથી પરોપકાર તરફ, મોહમાંથી ત્યાગ તરફ, જડતામાંથી ચૈતન્ય તરફ, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ નિરાશામાંથી આશા તરફ, આળસમાંથી સ્ફૂર્તિ તરફ, મલીનતામાંથી નિર્મળતા તરફ, અશુભમાંથી શુભ તરફ, વિષાદમાંથી આનંદ તરફ અવિવેકમાંથી વિવેક તરફ, પરતંત્રતામાંથી સ્વતંત્રતા તરફ, વિષમાંથી અમૃત તરફ, શબ્દશૌર્યમાંથી કર્મશૌર્ય તરફ, અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ, કૃત્રિમતામાંથી સ્વાભાવિકતા તરફ, બિન્દુમાંથી સાગર તરફ, પરિચિતમાંથી અપરિચિત તરફ, ભેદમાંથી અભેદ તરફ અને પરાજયમાં વિજય તરફ, એવી રીતે મૃત્યુમાંથી અમરત્વ તરફ આપણી યાત્રા ચાલુ રાખીએ અને આગળને આગળ વધીએ અને પ્રાર્થીએ અને ગાઇએ કે:—

असतो मा सद्गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्यो र्माऽमृतं गमय ।

અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઇ જા!
ઉંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઇ જા!
મહા મૃત્યુમાંથી અમૃતસમીપે નાથ! લઇ જા!

અનુવાદક
નાનચંદ દલાલ

કેટલાક સમાચાર અને નોંધ.

યુરોપીય વિગ્રહ

યુરોપીય વિગ્રહ આજે મંદ મંદ ચાલે છે. ફ્રાન્સના પતન બાદ યુરોપની પરિસ્થિતિમાં બહુ મહત્વનો ફેરફાર થયો નથી. જર્મનીને હાલ કોઇ પણ સરહદ ઉપર લડાઇ આપવી પડતી નથી. અવારનવાર ઇંગ્લાંડ ઉપર હવાઇ હુમલાઓ કર્યા કરે છે અને તેથી પારાવાર નુકસાન થઇ રહ્યું છે. ઇંગ્લાંડનું પાટનગર લંડન આ હુમલાઓના પરિણામે સ્થળે સ્થળે તારાજ થઇ રહેલ છે. આવી જ રીતે અંગ્રેજો તરફથી પણ જર્મનીના જુદા જુદા પ્રદેશો ઉપર તેમજ ફ્રાન્સ, હોલાન્ડ, બેલ્જિયમ વગેરે દેશોના જે સમુદ્રતટપ્રદેશો જર્મનો રોકીને બેઠા છે તે ઉપર હવાઇ હુમલાઓ ચાલુ જ છે અને તેથી પણ માલમીલ્કત તથા જનમાલની સારા પ્રમાણમાં ખુવારી થઇ રહી છે. બાલ્કન રાજ્યોમાં ભારે ઉથલપાથલ અને ખટપટ ચાલી રહી હોય એમ લાગે છે. પણ તેનું કાંઇ મૂર્ત પરિણામ આવ્યું જણાતું નથી. ફ્રાન્સ પડવાની અણી ઉપર હતું તે તકનો લાભ લેવા માટે ઇટલીએ વિગ્રહમાં પ્રવેશ કર્યો હતો. પણ તે તો જ્યાં ત્યાં પાછું જ પડતું આવ્યું છે. ગ્રીસ ઉપર ઇટલી મોટો હલ્લો લઇ ગયું, પણ માર ખાઇને તેને પાછા હઠવું પડ્યું. આફ્રિકામાં અંગ્રેજોને હાથે ઇટલી હાર ઉપર હાર ખાઇ રહ્યું છે અને ઇટલીના સંખ્યાબંધ સૈનિકો કેદ પકડાઇ રહ્યા છે; એક બાજુ લીબીયામાં તેઓ જોરસબેર પીછે હઠ કરી રહ્યા છે; બીજી બાજુ આબીસીનીયાની ઉત્તર સરહદ ઉપર અંગ્રેજોનું આક્રમણ શરૂ થઇ ગયું છે અને તે સરહદને વીંધીને તેઓ આગળ વધી રહ્યા છે. આબીસીનીયાની પ્રજા પણ આ તકનો લાભ લઇને ઇટલીની હકુમત સામે બળવો જગાવે એવો પુરો સંભવ છે. પરિણામે ઇટલીને આફ્રીકામાંથી એક બે માસમાં રૂખસદ લેવી પડશે જ એમ લાગે છે. અંગ્રેજોની બાજુએ આ એક ભારે અનુકુળ ઘટના બની રહી હોય એમ ભાસે છે. બીજું અમેરિકા આ યુરોપીય વિગ્રહમાં સાક્ષાત ઉતર્યું નથી; એમ છતાં અંગ્રેજોને લડાયક સાધન સામગ્રીની પુષ્કળ પ્રમાણમાં મદદ આપી રહેલ છે. અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટ જાહેરપણે જર્મનીના નાઝીવાદનો સ્પષ્ટ શબ્દોમાં વિરોધ કરી રહેલ છે અને તેની દૃષ્ટિએ લોકશાસનના સાચા પ્રતિનિધિ બ્રીટનને બને તેટલી મદદ આપવાને પોતાની પ્રજાને ઉત્તેજી રહેલ છે. અમેરિકા ખાતે બ્રીટનના પ્રતિનિધિ લોર્ડ લોથીયન એકાએક મૃત્યુ પામ્યા. તેના સ્થાને લોર્ડ હેલીફાક્સ નીમાયા છે અને લોર્ડ હેલીફાક્સની જગ્યાએ સર એન્થની ઇડનને યુધ્ધમંત્રી તરીકે ગોઠવવામાં આવેલ છે. યુરોપીય યુધ્ધની આજે આ પરિસ્થિતિ છે. સૌ કોઇ શિયાળો પુરો થાય અને વસન્ત બેસે ત્યારે શું બને છે તેની ઘન્તેજારીથી રાહ જોઇને બેઠા છે, કારણ કે યુધ્ધને અનુકુળ ઋતુ પ્રાપ્ત થતાં જર્મની બ્રીટનને પરાસ્ત કરવા માટે પોતાનું આખરી બળ અજમાવશે અને આજ સુધી વપરાયલા અને નહિ વપરાયલાં એવાં અનેક ઘાતક શસ્ત્ર અસ્ત્રોનો ઉપયોગ કરવાને ચુકશે નહિ એમ સૌ કોઇ ધારે છે. આ ભીષણ અને ભયાનક આક્રમણનો બ્રીટન કેવો સામનો કરે છે તેના ઉપર જ બ્રીટનના વિજય-પરાજયનો આધાર રહેલો છે.

શ્રી વિનોબા ભાવેનું અદાલત સમક્ષ નિવેદન

શ્રી. વિનોબા ભાવેને ફરીથી પકડવામાં આવ્યા અને એવા જ ગુનાઓ માટે છ માસની સજા કરવામાં આવી ત્યારે

તેમણે કોર્ટ સમક્ષ નીચે મુજબ નિવેદન કર્યું હતું "જ્યારે આ અદાલત સમક્ષ આગળ ઉપર ઉપસ્થિત થવાનું મને માન મળ્યું હતું ત્યારે કોંગ્રેસે મારા માટે નિર્માણ કરેલા કાર્ય પરત્વે હું તદ્દન નવો હતો. જેલમાં ત્રણ મહિનાના લગભગ એકાન્ત જીવન અને ચિન્તનના પરિણામે મેં લીધેલા પગલાના વ્યાજબીપણાની મને પુરેપુરી પ્રતીતિ થઇ છે. બધું કહેવાયા અને વિચારાયા પછી હું સુદૃઢપણે માનતો થયો છું કે આજસુધી દુનિયાએ નહીં જોયેલ એવા આજના વિગ્રહની વચ્ચે કોંગ્રેસનો પક્ષ એ જ શાંતિ અને સુલેહનો ખરો પક્ષ છે. કેટલાક સ્થળેથી એમ સુચવવામાં આવે છે કે બધા મહાસભાવાદીઓ એક જ હેતુથી પ્રેરાયલા નથી. કોંગ્રેસના પક્ષનું સમર્થન કરવા માટે આ આક્ષેપ નકારવાની કશી જરૂર નથી. વ્યક્તિ વ્યક્તિના વિચિત્ર વિચિત્ર હેતુઓ અને આશયોથી નહીં પણ સવિનયભંગ કરનારાઓના સમગ્ર કાર્ય ઉપરથી જ આજની લડતનું સાચું સ્વરૂપ નક્કી થઇ શકે છે. હું જણાવવા માંગું છું કે જો આખું હિંદુસ્થાન કોંગ્રેસે આપેલી દોરવણીને અનુસરે તો આજના વિગ્રહનો સ્વભાવિકપણે જ અન્ત આવી જાય. જો શાહીવાદ માટે અવકાશ ન રહે તો નાઝીવાદ કે ફેસીસ્ટવાદ માટે એથી પણ ઓછો અવકાશ રહેવાનો, કારણ કે આજની અશ્રદ્ધાળુ દુનિયા માનવજાતના લગભગ પાંચમા ભાગે અખત્યાર કરેલી સક્રિય અહિંસાનું રહસ્ય સહેજે સમજી ગઇ હશે. આમ છતાં પણ મહાસભાવાદીઓ જાણે છે કે આજનો વિગ્રહ વધતો અટકી પડે એવો આ ચમત્કાર ન પણ બને. પણ આખા હિન્દને અહિંસાની નીતિ સ્વીકારતું કરવામાં નિષ્ફળ નિવડવાની બીકે કોંગ્રેસ પોતાનું પવિત્ર ધર્મકાર્ય છોડી ન જ શકે. કોંગ્રેસને પોતાના ધર્મકાર્યમાં શ્રદ્ધા છે તેથી જ આજે એ સમય છે કે જ્યારે સવિનયભંગ દ્વારા પોતાના ધર્મકાર્યની હિન્દ તેમજ આખી દુનિયા સમક્ષ કોંગ્રેસે ઉદ્‌ઘોષણા કરવી જોઇએ; કારણ કે એ ધર્મ કાર્યને અનુસરતાં જ જનતા સમજી શકે તેવી હિન્દની આઝાદીનો માર્ગ નિકળી આવવાનો છે અને હિંદુસ્થાનની આઝાદીમાં જ દુનિયાની શોષિત જાતિઓની તેમજ નાઝી તથા ફેસિસ્ટ ચુડમાં ઝડપાયેલી યુરોપની નાની નાની પ્રજાઓની મુક્તિ રહેલી છે. આમ હોવાથી કોંગ્રેસની લડત સરમુખત્યારશાહી રાજ્યસત્તાઓને મદદ કરવા બરોબર છે એમ કહેવું તે કોંગ્રેસની ખોટી બદનામી છે. જો કોંગ્રેસ બ્રીટીશશાહીવાદનો સામનો કરી રહેલ છે તો તે સરમુખત્યારશાહી રાજ્યસત્તાઓનો તો એથી પણ વધારે ઉગ્ર અને સચોટ સામનો કરશે જ. પણ કોંગ્રેસનો સામનો કેવળ અહિંસક છે અને તેથી જ તે કોઇ પણ એક માનવીને જરા પણ ઇજા કરવા માંગતો નથી એ અર્થમાં નિર્દોષ છે. આ બધું ધ્યાનમાં લેતા જ્યાં સુધી અંગ્રેજ સરકારને આ સાદું સુવર્ણ સત્ય સમજાય નહીં અને એ સત્યના ઉપદેશ અને પ્રચારને ગુન્હો ગણે ત્યાં સુધી આવા તંત્રે જેને ગુન્હો ઠરાવ્યો છે પણ જેને મહાસભાવાદીઓ એક સામાજિક અને રાજકારણી સદ્‌ગુણ અને ધર્મ લેખે છે તે આચરવા માટે મારા જેવા મહાસભાવાદીઓએ જે કાંઇ શિક્ષા ફરમાવવામાં આવે તે આનંદપૂર્વક સ્વીકારી લેવી જોઇએ."

હિંદી રાજકારણ.

હિંદી રાજકારણનું નાવ આમ તેમ ઝોલાં ખાઈ રહ્યું છે. આજના ધુંધવાયલા કોકડાનો નિકાલ જલ્દિથી આવે એવાં ચિહ્નો નજરે પડતાં નથી. રાષ્ટ્રીય મહાસભાએ તો સરકાર સામે વાણીસ્વાતંત્ર્યના મુદ્દા ઉપર લડત જાહેર કરી દીધી છે અને પ્રસ્તુત લડતનું નિર્માણ વ્યક્તિગત સત્યાગ્રહ ઉપર કરવામાં આવેલ હોવા છતાં સરકારી જેલો ક્રમે ક્રમે ભરાવા લાગી છે અને આ બાજુએ એટલે કે મુંબઇ, ગુજરાત કે મહારાષ્ટ્રમાંથી લગભગ બધા જ આગેવાનો જેલ તરફ સીધાવ્યા છે. હિંદુસ્થાનના સ્થળે સ્થળેથી સંખ્યાબંધ ધરપકડોના સમાચારો આવ્યે જાય છે. જ્યારે એક બાજુ કોંગ્રેસ સત્યાગ્રહની લડતમાં રોકાઇ ગઇ છે અને તેનું ચાલુ કામકાજ લગભગ અટકી ગયું છે ત્યારે બીજી બાજુએ હિંદુ મહાસભાના તેમજ વિનીત પક્ષના આગેવાનો કોંગ્રેસને ઉતારી પાડવાના કાર્યમાં એકમેકની હરીફાઇ કરી રહ્યા છે અને મોસ્લેમ લીગના સરમુખત્યાર ઝીણાનો કોંગ્રેસને બને તેટલી બદનામ કરવાનો ઇજારો હતો તેમાં શ્રી. વિનાયક સાવરકર અને શ્રી. વી. એન. ચંદ્રાવરકર ભાગ પડાવી રહ્યા છે. સાવરકર સરકારના જેટલા વિરોધી નથી, મુસલમાનોના જેટલા વિરોધી નથી તેટલા કોંગ્રેસના વિરોધી બની ગયા છે. આ રીતે દેશમાં જ્યાં ત્યાં બુદ્ધિભેદ થઇ રહ્યો છે અને જ્યાં એકવાર કોંગ્રેસની છત્રછાયા નીચે એકતા હતી ત્યાં આજે ચોતરફથી જાતજાતના સુરો શ્રવણગોચર થઇ રહ્યા છે. દેશની આજની પરિસ્થિતિ કોઇ પણ રીતે પ્રોત્સાહક નથી.

સ્વાતંત્ર્યદિન ઉજવણી

રાષ્ટ્રીય મહાસભાના ઘણા ખરા આગેવાનો સરકારી અટકમાં હોવા છતાં જાન્યુઆરીની ૨૬ મી તારીખનો સ્વાતંત્ર્યદિન ચોતરફ અને ખાસ કરીને મુંબઇમાં સારી રીતે ઉજવાયો. સ્થળ સ્થળના લોકોએ સંપૂર્ણ સ્વાતંત્ર્યની-દેશને સર્વ પ્રકારે આઝાદ બનાવવાની-પ્રતિજ્ઞા લીધેલી. મંદ પડેલા ઉત્સાહને સતેજ કરવામાં-સૂતેલા ચૈતન્યને સચેત કરવામાં-આવા સમારંભો ખૂબ ઉપકારક નિવડે છે.

સુભાષબાબુ ગુમ

૨૬ મી તારીખની સવારથી શ્રી સુભાષચંદ્ર બોઝ એકાએક ગુમ થયા છે અને આ લીટીઓ લખાય છે ત્યાંસુધી સરકારને કે સુભાષબોઝના સ્વજન સંબંધીઓને હજુ સુધી તેમનો કશો પત્તો લાગ્યો નથી. તેમને આમ એકાએક અલોપ થવાનું શું કારણ હશે તે કળી શકાતું નથી. તેમની મહત્વાકાંક્ષાએ અને તેજોદ્વેષે છેલ્લા ત્રણ ચાર વર્ષ દરમિયાન દેશને ઘણું જ નુકસાન કર્યું છે અને બંગાળાને કોંગ્રેસથી લગભગ છુટું પાડી દીધું છે. છેલ્લાં છેલ્લાં રાષ્ટ્રપતિ અબુલકલામ આઝાદ સામે તેમણે વાપરેલી ભાષા સભ્યતાને પણ ઓળંગી ગઇ હતી. સંભવ છે કે આ બધી બાબતોનો અન્તસ્તાપ અસહ્ય બનવાનું આ એક સ્વાભાવિક પરિણામ હોય!

ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓ હડતાળ ઉપર

આજકાલ હિંદુસ્થાનનું વિદ્યાર્થી જગત ક્ષુબ્ધ બની રહ્યું છે અને ઉપરી અધિકારીઓનાં આપખુદી પગલાંઓ સામે અંદર અંદર વધતા જતા ખળભળાટ અને અસંતોષે તીવ્ર સ્વરૂપ ધારણ કરવા માંડયું છે. ગુજરાત કોલેજના પ્રીન્સીપાલ કાઝીએ વન્દેમાતરમ્ ગાવાની મના કરી તેમાંથી પ્રીન્સીપાલ અને વિદ્યાર્થીઓનો ઝગડો ઉભો થયો અને તે વધતો વધતો આજે વિદ્યાર્થીઓની સામુદાયિક હડતાળમાં પરિણમ્યો છે. આવી જ રીતે મુંબઇ-દીલ્હી તેમ જ અન્ય સ્થળોએ વિદ્યાર્થીઓની ઉપરી અધિકારીઓ સાથેની અથડામણનાં અવનવાં પ્રકરણો બની રહ્યાં છે. દીલ્હી યુનીવર્સીટીના વાઇસ ચેન્સેલર સર મોરીસ ગ્વાયરે વિદ્યાર્થીઓને રાજકારણી બાબતોમાં ભાગ લેતા અટકાવનારા મદ્રાસ તેમજ સંયુકત પ્રાન્તની સરકારે કાઢેલાં પરિપત્રો સામે વિરોધ દર્શાવનારી હડતાળો ગોઠવવા માટે કેટલાક સમય પહેલાં બે વિદ્યાર્થીઓની ડીગ્રી રદ કરેલી. તે સામે વિરોધ દર્શાવવા માટે દીલ્હીના વિદ્યાર્થીઓએ સર મોરીસનું બનાવટી પુતળું બનાવી સરઘસના આકારમાં ફેરવીને બાળી નાંખ્યું. આવતી આંધીનું આ એક નવું સ્વરૂપ છે.

પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો

સંવત ૧૯૯૬નો વાર્ષિક વૃત્તાન્ત.

આજે આપણા શ્રી મુંબઇ જૈન યુવક સંઘને બાર વર્ષ પુરાં થાય છે અને આપણો સંઘ તેરમા વર્ષમાં પ્રવેશ કરે છે. છેલ્લી વાર્ષિક સભામાં જે જે ધારણાઓ આ સંઘનો વિકાસ કરવાના સંબંધમાં રજુ કરવામાં આવી હતી તેમાંની ઘણી ખરી આ વર્ષ દરમિયાન પાર પાડવામાં આવી છે. સૌથી પ્રથમ તો આ સંઘની સ્થાપના કરવામાં આવી ત્યારથી સંઘની ઓફીસ ધનજી સ્ટ્રીટમાં આવેલ એક ઓછા હવા પ્રકાશવાળા મકાનના બીજે માળ નાના સરખા હોલમાં હતી. આજે એ મકાન બદલી છેલ્લા બાર મહીનાથી ધનજી સ્ટ્રીટમાં આવેલ સીલ્વર મેન્શનના પહેલા માળ ઉપર એક વિશાળ હોલમાં સંઘની ઓફીસ લઇ જવામાં આવી છે અને તે બાબે રૂ. ૪૩ નું માસિક ભાડું ભરવામાં આવે છે. આ ઓફીસમાં હવા પ્રકાશ પુરતા પ્રમાણમાં છે અને સો દોઢસો માણસોની સભા ભરી શકાય તેટલી વિશાળતા છે.

આ સંઘ તરફથી "પ્રબુદ્ધ જૈન" પત્ર તો ચાલતું જ હતું અને તે બાબે આવતી ખોટને પહોંચી વળવાનો પ્રશ્ન ઉભો જ હતો. આ ઉપરાંત સંઘની ઓફીસ જે વિભાગમાં આવેલી છે તે વિભાગમાં એક સારા સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલયની જરૂર હતી. જ્ઞાનપ્રચારની દૃષ્ટિએ પણ આ પ્રવૃત્તિની ઉપયોગિતા નાનીસુની ન ગણાય. આ ઉપરાંત જૈન સમાજ માટે હાલ એકકે વ્યાયામશાળા નથી. તે દિશાએ પણ કાંઇક કરવાની જરૂર છે જ. આ ત્રણે બાબતો હાથ ધરવાનો કાર્યવાહક સમિતિએ નિર્ણય કર્યો અને એક વર્ષના રૂ. ૩૦૦૦ એમ કુલ ત્રણ વર્ષના રૂ. ૯૦૦૦ નાં વચનો મેળવવાનો અને વાંચનાલય અને પુસ્તકાલયની જેમ બને તેમ જલ્દિથી શરૂઆત કરવાનો ઠરાવ કર્યો. વાંચનાલય અને પુસ્તકાલયની યોજનાનો અમલ કરવા માટે એક સમિતિ નિમવામાં આવી અને તેના મંત્રી તરીકે શ્રી. અમીચંદ ખેમચંદ શાહની નિમણુંક કરવામાં આવી. ત્રિવાર્ષિક આર્થિક મદદો મેળવવાના પ્રયાસના પરિણામે નીચે મુજબ વચનો પ્રાપ્ત થયાં.

ત્રણ વર્ષ આર્થિક મદદ આપનાર સદ્‌ગૃહસ્થોની યાદી

૨૦૧ શ્રી. કકલભાઇ ભુદરદાસ વકીલ.
૧૫૧ ,, એક ગૃહસ્થ.
૧૦૧ ,, મણિલાલ મોકમચંદ શાહ.
૧૦૧ ,, કેશવલાલ મંગળદાસ.
૧૦૧ ,, અમીચંદ ખેમચંદ શાહ.
૧૦૧ ,, ભોગીલાલ દોલતચંદ.
૧૦૧ ,, ભીખાભાઇ ભુદરભાઇ.
૧૦૧ ,, હેમચંદ અમરચંદ
૧૦૧ ,, ચંદુલાલ ટી શાહ.
૭૫૧ ,, કાંતિલાલ ભોગીલાલની કું.
૭૫૧ ,, ચંદુલાલ વર્ધમાન શાહ.
૫૧૧ ,, ચીમનલાલ એમ. પરીખ.
૫૧૧ ,, ચીમનલાલ પી. શાહ.
૫૧૧ ,, દુર્લભજી ઉમેદચંદ પરીખ.
૫૦૧ ,, ચીમનલાલ પી. મહેતા.
૫૦૧ ,, હીરાલાલ અમૃતલાલ શાહ.
૫૦૧ ,, તારાચંદ એલ. કોઠારી. (રોજીંદા બે પેપરો માટે)
૫૦૧ ,, ટી જી. શાહ.
૨૫૧ ,, શાંતિલાલ હરજીવન શાહ.
૨૫૧ ,, પરમાનંદ કુંવરજી કાપડીઆ.
૨૫૧ ,, નાનચંદભાઇ શામજી.
૨૫૧ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી.
૨૫૧ ,, સુમતિચંદ્ર પ્રેમચંદ વેલજી.
૨૫૧ ,, ઓધવજી ધનજી શાહ.
૨૫૧ ,, જેઠાલાલ રામજી.
૨૫૧ ,, વલ્લભદાસ પ્રેમચંદ મહેતા.
૨૫૧ ,, ચીમનલાલ ચકુભાઇ શાહ.
૨૫૧ ,, સ્વરૂપચંદ એન. શ્રોફ.
૨૫૧ ,, ગોકળદાસ મગનલાલ.
૨૫૧ ,, જયંતિલાલ કેશવલાલ કાપડીઆ.
૨૫૧ ,, માધવલાલ હીરાલાલ શાહ.
૧૫૧ ,, મનસુખલાલ હીરાલાલ લાલન.
૧૫૧ ,, મોહનલાલ આર. પરીખ.

કુલ રૂ. ૧૯૧૧

આ વચનો મુજબ પહેલા વર્ષની કુલ રકમ રૂા. ૧૯૧૧-૦-૦ સંઘને મળી ગઇ અને તેને લીધે વાંચનાલય અને પુસ્તકાલયની યોજનાને ખૂબ વેગ મળ્યો.

સંઘના વાંચનાલયમાં નીચે મુજબના સામયિક પત્રો આવે છે.

વાંચનાલયમાં આવતા પત્રોની યાદી (કુલ ૪૦)

દૈનિક
૧ મુંબઇ સમાચાર ગુજરાતી
૨ જન્મભૂમિ ,,
૩ ટાઇમ્સ ઓફ ઇન્ડીયા ઇંગ્લીશ
૪ ફ્રી પ્રેસ ,,

અઠવાડીક
૧ મુંબઇ સમાચાર ગુજરાતી
૨ પ્રવાસી ,,
૩ પ્રજાબંધુ ,,
૪ પ્રફુલ્લાબ્ધ ,,
૫ નવસૌરાષ્ટ્ર ,,
૬ જૈન ,,
૭ જૈન સંદેશ હિંદી
૮ જૈન પ્રકાશ ગુજ-હિંદી

પાક્ષિક
૧ ભાવનગર સમાચાર ગુજરાતી
૨ જ્યોતિર્ધર ,,
૩ જૈન યુગ ,,
૪ સમય ધર્મ ,,
૫ પ્રબુદ્ધ જૈન ,,

માસિક
૧ શિક્ષણ અને સાહિત્ય ગુજરાતી
૨ જૈન ધર્મ પ્રકાશ ગુજરાતી
૩ પ્રસ્થાન ,,
૪ કુમાર ,,
૫ કિશોર ,,
૬ નવચેતન ,,
૭ નવરચના ,,
૮ ઉર્મિ ,,
૯ સર્વોદય હિંદી
૧૦ મોર્ડન રીવ્યુ ઇંગ્રેજી
૧૧ યુવક ગુજરાતી
૧૨ જીવન વિકાસ ,,
૧૩ આત્માનંદ પ્રકાશ ,,
૧૪ જૈન સત્ય પ્રકાશ ,,
૧૫ સુવાસ ,,
૧૬ સ્ત્રી જીવન ,,
૧૭ તરૂણ ઓસવાલ હિંદી
૧૮ અનેકાન્ત ,,
૧૯ ખાદી પત્રિકા ,,
૨૦ ભગિની સમાજ પત્રિકા ,,
૨૧ જીવન સાહિત્ય હિંદી
૨૨ ઘરશાળા ગુજરાતી
૨૩ શિક્ષણ પત્રિકા

ઉપરના પત્રોમાં કેટલાક પુરા લવાજમથી, કેટલાક મફત તથા કેટલાક 'પ્રબુદ્ધ જૈન' ના બદલામાં આવે છે

આ વાંચનાલયનો આજે સરેરાસ હંમેશા સાઠ થી પાંસઠ માણસો લાભ લઇ રહ્યા છે. આજે દિન પ્રતિ દિન પ્રગટ થતા છાપાઓ અને સામયિક સાહિત્ય વાંચવાનો શોખ લોકોમાં ખૂબ વધતો જાય છે, અને તે પુરા પાડવાની સગવડ બહુજ ઓછા લોકોને હોય છે આવી પરિસ્થિતિમાં આ વાંચનાલય જ્ઞાનપ્રચારની નાની સરખી પરબનું કામ સારે છે.

પુસ્તકાલયમાં એક એક કબાટમાં લગભગ ૮૦૦ થી ૧૦૦૦ પુસ્તકો સમાઇ શકે તેવા ચાર કબાટો વસાવવામાં આવ્યાં છે. આ પુસ્તકાલયમાં આજે કુલ ૨૫૫૫ પુસ્તકો છે. જેમાં ૫૫૫ જૈન ધર્મને લગતાં, ૧૮૫૦ ગુજરાતી, ૩૦૫ હિંદી અને ૪૦૦ અંગ્રેજી પુસ્તકો છે. આ પુસ્તકાલયમાં જૈન ધર્મ તેમજ ગુજરાતી સાહિત્યને લગતો વિભાગ બને તેટલો સંપૂર્ણ કરવાની ધારણા રાખવામાં આવી છે અને તેને લગતાં જરૂરી પુસ્તકો સગવડ પ્રમાણે ખરીદાતાં જાય છે. આ પુસ્તકસંગ્રહમાં આ પ્રવૃત્તિ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર ગૃહસ્થો તરફથી ૧૭૪૭ પુસ્તકો ભેટ મળ્યા છે અને ૮૦૮ પુસ્તકો ખરીદવામાં આવ્યાં છે. આ વાંચનાલય તેમજ પુસ્તકાલય સૌ કોઇને માટે ખુલ્લું મુકવામાં આવેલ છે અને વાંચનાલય માફક પુસ્તકાલયનો પણ સારો લાભ લેવાતો જાય છે. કશા પણ લવાજમ સિવાય માત્ર રૂ. ૫) ડીપોઝીટ લઇને પુસ્તકો વાંચવા માટે આપવામાં આવે છે અને આવા ડીપોઝીટ મુકીને પુસ્તકાલયનો લાભ લેનારની સંખ્યા ૧૨૦ છે અને આજ સુધીમાં ૧૦૩૦ પુસ્તકો વાંચવાને અપાયાં છે. આ વાંચનાલય તેમજ પુસ્તકાલયની ઉદ્‌ઘાટનક્રિયા તા. ૧૭-૮-૪૦ ના રોજ મુંબઇ ઇલાકાના માજી વડા પ્રધાન અને હાલ જેલવાસી શ્રી બાળા સાહેબ ખેરના હાથે કરવામાં આવી હતી. આ ઉદ્‌ઘાટન પ્રસંગે લોકોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી અને શ્રી. બાળાસાહેબ ખેરે એક ભારે પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું જે 'પ્રબુદ્ધ જૈન'ના તા. ૩૧-૮-૪૦ ના અંકમાં પ્રગટ કરવામાં આવ્યું છે. આ વાંચનાલય તથા પુસ્તકાલય પાછળ આજ સુધીમાં રૂ. ૧૭૪૮-૧-૦ નો ખર્ચ થયો છે. પ્રસ્તુત યોજનાને આવું સુંદર અને સફળ સ્વરૂપ આપવાનો યશ તેને લગતી સમિતિને અને ખરી રીતે તે સમિતિના મંત્રી શ્રી અમીચંદ ખેમચંદ શાહને ઘટે છે. આ સ્થાને અમદાવાદવાળા શ્રી છોટાલાલ વાડીલાલનાં ધર્મપત્ની શ્રીમતી ચંચળબહેને પુસ્તકાલય માટે એક મોટો કબાટ તૈયાર કરાવીને ભેટ આપ્યો છે તેની સાભાર નોંધ લેવામાં આવે છે.

"પ્રબુદ્ધ જૈન" ઉત્તરોત્તર વિકાસ પામી રહ્યું છે. તેની લેખસામગ્રીમાં વિવિધતા વધતી રહી છે અને તેની ખાસ વિશિષ્ટતાઓ જૈન સમાજનું ધ્યાન અને આદર આકર્ષી રહેલ છે. 'પ્રબુદ્ધ જૈન'ની જૈનેતર સમાજમાં પણ સારી પ્રશંસા અને કદર શ્રવણગોચર થાય છે અને તેમાં પ્રગટ થતા લેખો અન્ય સામયિકોમાં અવતરિત થઇ રહ્યા છે. આજે આ પત્રની ૬૫૦ નકલ છપાવવામાં આવે છે જેમાંથી ૨૪૪ સભ્યોને જાય છે, ૨૮૨ ગ્રાહકોને જાય છે અને ૮૭ બદલામાં અથવા તો વિના લવાજમે મોકલવામાં આવે છે. આ પત્ર ખાતે ચાલુ વર્ષ દરમિયાન સભ્યોનો ફાળો તેમજ ગ્રાહકોના લવાજમની તથા બોણીની આવક રૂ ૫૨૫-૨-૬ થઇ છે તેમાં ગયા વર્ષના બાકી રૂા. ૨૧૦-૧૧-૩ મેળવતાં કુલ રૂા. ૭૩૫-૧૪-૯ થાય, જ્યારે ખર્ચ રૂા. ૧૨૮૧-૧૨ ૩ નો થયો છે. પરિણામે આવેલી ખોટના રૂા. ૫૪૫-૧૩ ૬ માંડી વાળવાના રહે છે. સંવત ૧૯૯૫ ની આખરે સભ્યોને તેમજ ગ્રાહકોને કુલ ૩૧૦ નકલ મોકલવામાં આવતી હતી. જ્યારે આજે ૫૫૦ લગભગ નકલો જાય છે. 'પ્રબુદ્ધ જૈન'ની આ પ્રગતિ આશાપ્રદ છે છતાં તેને લગતી આર્થિક ચિન્તા આટલી પ્રગતિથી હળવી બનતી નથી. શ્રી જૈન યુવક સંઘનું આ મુખપત્ર હોઇને સંઘના સભ્યોની ખાસ ફરજ છે કે 'પ્રબુદ્ધ જૈન' ના ગ્રાહકો વધારવા માટે તેમણે બને તેટલો પ્રયત્ન કરવો જ જોઇએ. આ બાબતમાં સંઘના સભ્યોની ઉદાસીનતા નહિં જાય ત્યાં સુધી 'પ્રબુદ્ધ જૈન' ને પગભર કરવાની આશા અર્થ વિનાની છે.

દરવર્ષ માફક આ વર્ષે પણ પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાને સફળ બનાવનાર વ્યાખ્યાતાઓ અને વ્યાખ્યાનવિષયોની યાદી નીચે મુજબ છે.

વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
પંડિત દરબારીલાલજી	માનવ ધર્મની રૂપરેખા
શ્રી કાકાસાહેબ કાલેલકર	અર્ણવોનું નિમંત્રણ
,, મોહનલાલ દલીચંદ દેસાઇ	અકબર અને જહાંગીરના દરબારમાં જૈનો
,, કાકા સાહેબ કાલેલકર	હિમાલય
,, મોતીચંદ ગી. કાપડીઆ	ભગવાન્ મહાવીર અને વિકાસવાદ
,, શાંતિલાલ હરજીવન શાહ	અહિંસાનો આદર્શ અને વ્યવહાર
સૌ. તારાબેન મોડક	શિક્ષણમાં ઉપદેશને સ્થાન
શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ	ધર્મોનું સ્વરૂપ
,, મનુભાઇ પી. વૈદ	પ્રગતિ અને અહિંસા
પંડિત ખેચરદાસ જીવરાજ દોશી	ભગવાન મહાવીરના ઉપાસકો
સૌ. નારાયણીબાઇ કપાલી	માનવ જીવનમાં સદાચાર અને પ્રાર્થનાનું સ્થાન
શ્રી રામનારાયણ વિ. પાઠક	ધર્મગ્રંથો ઉપર ટીકાની જરૂર
,, વીરચંદ પાનાચંદ શાહ	હિંદના ગામડાઓમાં જૈનોનું પ્રભુત્વ
,, રામનારાયણ વિ. પાઠક	આનંદઘનજીનાં પદો
મુનિજીન વિજયજી	શ્રી કાલિકાચાર્ય
કવિ પ્રદીપ	કેટલાંક સ્વરચિત કાવ્યો

દર વર્ષ માફક આ વર્ષે પણ વ્યાખ્યાનમાળામાં શ્રોતાઓ બહુ જ સારો રસ લીધો હતો અને છેલ્લા દિવસનો કાર્યક્રમ ભાંગવાડી થીએટરમાં ગોઠવવામાં આવેલ ત્યાં તો માણસોને ઉભા રહેવાની પણ જગ્યા ન મળે એટલી મોટી શ્રોતાસંખ્યાએ હાજરી આપી હતી.

આ વર્ષે પણ આગલા વર્ષની માફક ગાંધી જયંતિ પ્રસંગે ખાદી હુંડીઓ વેચવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું અને આગલા વર્ષે જ્યારે બે હજારની ખાદી હુંડી વેચાઈ હતી ત્યારે આ વર્ષે રૂ. ૩૦૦૦ ની ખાદી હુંડીનું વેચાણ થઇ શકયું હતું. આ વેચાણની યાદી નીચે મુજબ છે

૬૦૦) સૌ જસુમતીબ્હેન કાપડીઆ.
૪૨૫) શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણી.
૪૧૦) ,, મણિલાલ મોકમચંદ શાહ.
૩૮૭) ,, પરમાનંદ કુંવરજી કાપડીઆ.
૩૨૫) સૌ. વેણીબ્હેન વિનયચંદ કાપડીઆ.
૨૨૫) શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ.
૧૮૫) ,, તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી.
૧૬૩) ,, રતિલાલ ચીમનલાલ કોઠારી.
૧૦૫) સૌ. વિજયાબ્હેન પરમાનંદ કાપડીઆ.
૩૫) શ્રી. રમણલાલ ચંદુલાલ
૨૫) સૌ. મણિબ્હેન અમીચંદ શાહ.
૨૫) શ્રી. વલ્લભદાસ પ્રેમચંદ મહેતા.
૨૫) ,, નાનચંદભાઇ શામજી.
૨૫) ,, હુકમચંદ શાહ.

કુલ રૂ. ૩૦૦૦)

પ્રસ્તુત વર્ષમાં તા. ૨૧-૧-૪૦ ના રોજ વાર્ષિક ચુંટણી વગેરે કાર્ય માટે સંઘની એક સામાન્ય સભા મળી હતી અને કાર્યવાહક સમિતિની કુલ ૧૧ સભાઓ મેળવવામાં આવી હતી. ગયા વર્ષે સંઘના સભ્યોની સંખ્યા ૨૩૭ હતી તેમાંથી ૩૮ ઘટ્યા અને ૪૫ નવા વધ્યા. પરિણામે આજે સંઘના સભ્યોની સંખ્યા ૨૪૪ છે.

આ સાથે જોડવામાં આવેલ આવક જાવકના હિસાબ તથા સરવૈયા ઉપરથી માલુમ પડશે કે સંઘ પાસે ગયા વર્ષની આખરે રૂ. ૨૬૭-૩-૬ ની રકમ જમે હતી તેમાં ચાલુ વર્ષના આવક જાવકના હિસાબ મુજબ વધેલી રૂ. ૧૧૨૦-૭-૩ ની રકમ તથા પુસ્તકાલયની અનામતની તથા બીજા ખાતાના દેવાની રૂ. ૭૭૮-૯-૬ ની રકમ ઉમેરતાં કુલ રકમ રૂ. ૨૧૬૬-૪-૩ થાય છે. તે સામે પુસ્તકાલય માટે બનાવેલ ફરનીચર તથા ખરીદાયલાં પુસ્તકો ખાતે રૂ. ૧૨૨૫-૨-૩ અને 'પ્રબુદ્ધ જૈન' ખાતે રૂ. ૫૪૫-૧૩-૬ ખર્ચાયા છે; અને બેંક તથા રોકડ મળીને આપણી પાસે રૂ ૩૯૫-૪-૬ છે.

આ રીતે આખું સરવૈયું વિચારતાં રૂ. ૩૮૩-૫-૦ ની ખોટ આપણે આગામી વર્ષમાં પુરી કરવાની રહે છે. આ ઉપરાંત "પ્રબુદ્ધ જૈન," વાંચનાલય તેમજ ઓફીસનો વાર્ષિક ખર્ચ રૂ. ૩૦૦૦) નો ગણાય. તે ઉપરાંત પુસ્તકાલયને પણ હજુ સમૃધ્ધ કરવાનું રહ્યું. ઓછામાં ઓછા ૫૦૦૦ પુસ્તકો ન થાય ત્યાં સુધી સંતોષ પામવા જેવું ન જ ગણાય. આ સામે સભ્યોના તેમજ "પ્રબુદ્ધ જૈન"ના ગ્રાહકોના લવાજમ અને અપાયલા વચનો મુજબ ચાલુ વર્ષની રકમો ભરપાઇ થાય તો આજની સ્થિતિએ રૂ. ૩૦૫૦-૦-૦ ની આવકની આશા રાખી શકાય. આ બધાંનો સમગ્રપણે વિચાર કરતાં સંઘે પોતાના માથે લીધેલી અનેકવિધ જવાબદારીઓને પહોંચી વળવા માટે સારા પ્રમાણમાં દ્રવ્ય એકઠું કરવું રહ્યું. આ આવક વધારવાના અનેક રસ્તાઓ છે. સંઘના સભ્યો વધારવા, "પ્રબુદ્ધ જૈન"ના ગ્રાહકોની સંખ્યા વધારવી, પુસ્તકાલય માટે મળી શકે ત્યાંથી પુસ્તકો એકઠાં કરવાં, વાર્ષિક મદદોનાં વધારે વચનો મેળવવાં. આ બધી દિશાએ બનતું કરવા સંઘના સભ્યોને વિનંતિ કરવામાં આવે છે.

આ તો સંઘની છે તેટલી પ્રવૃત્તિઓ ચલાવવાની તેમજ વિકસાવવાની વાત થઇ. આ બધી પ્રવૃત્તિઓમાં પગભર થવા સાથે સંઘ સામે બીજી અનેક પ્રવૃત્તિઓની યોજનાઓ અને વિચારણાઓ પડેલી છે. વ્યાયામશાળા, બહેનો માટે શિક્ષણ તેમજ ઉદ્યોગ વર્ગો, હિંદી વર્ગ-આવી કેટલીક બાબતો આજના પ્રવૃત્તિક્ષેત્રની સીમા ઉપર ઉભેલી છે. જે રીતે સંઘ એક પછી એક આગળ પગલાં ભરી રહેલ છે તે રીતે વિચારતાં આ વર્ષ પુરું થતાં પહેલાં આપણે ઉપર જણાવેલી બાબતોને પહોંચી વળવાને કદાચ ભાગ્યશાળી થયા હોઇશું એમ આશા રાખીએ. આપણે જે કાંઇ ચાલે છે તેને બરોબર પાકું કરીએ અને નવું કાંઇ પણ પુરો વિચાર કરીને મક્કમપણે શરૂ કરીએ. દીર્ઘદૃષ્ટિ અને દ્રઢતા પાછળ સફળતા વણશોધી ચાલી આવે છે. આપણા સંઘનો ઉત્તરોત્તર થઇ રહેલો વિકાસ સંઘ સાથે વર્ષોથી જોડાયેલ સભ્યોના દિલમાં ગૌરવ અને અભિમાન પ્રેરે તેવો છે. આ સંઘ કેવળ ખંડનાત્મક પ્રવૃત્તિ ચલાવનાર સંસ્થા નથી, પણ રચનાત્મક સેવા આપનાર અને જૈન સમાજ સાથે ગાઢ સંબંધ ધરાવતો હોવા છતાં કોમી ભાવનાથી બીલકુલ અલિપ્ત અને રાષ્ટ્રીય ભાવનાને બધી રીતે પરિપોષક સંસ્થા છે અને એવી જ રીતે આપણું "પ્રબુદ્ધ જૈન" કેવળ જૈન સમાજના પ્રશ્નોની ચર્ચા નથી, કરતું પણ પ્રબુદ્ધ ભારતના મનોરથો, આદર્શો અને ભાવનાઓને સમ્યક્ ભાષામાં વ્યકત કરી રહ્યું છે એ બાબત હવે કહેવાની જરૂર છે ખરી? આજના વાણીસ્વાતંત્ર્યને લગતા સત્યાગ્રહના કારણે ગીરફતાર થયેલા શ્રી શાંતિલાલ હરજીવન શાહ અને શ્રી મણિલાલ જેમલ શેઠ જેવા ઉમદા પ્રજાસેવકો સંઘના સભ્યો છે એ સંઘની પ્રતિભા પુરવાર કરવા માટે નાનીસુની બીના નથી. સંઘ આજે જે પ્રવૃત્તિઓ ચલાવી રહેલ છે તે પણ કેવળ સાર્વજનિક છે એ પણ ઓછા આનંદ કે સંતોષનો વિષય નથી. સંઘની જડ સમાજશરીરમાં ઉંડી જામતી જાય છે અને સંઘની શકિતનો વિસ્તાર વધતો જાય છે. આજે સંઘ રાષ્ટ્રપ્રેમી, સેવાભાવી, સુશિક્ષિત જૈન યુવકોનો સહકાર માગે છે અને એ સહકારના બળે અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવાનો મનોરથ સેવે છે. આ નિમંત્રણને સૌ કોઇ માન આપે અને સંઘને નિડર અને ક્રાન્તિવાંછુ યુવકોનું એક મહત્વનું કેન્દ્ર બનાવે એજ અમારી પ્રાર્થના!!!

મુંબઇ જૈન યુવક સંઘની ચુંટણી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તા. ૧૯-૧-૪૧ ના રોજ મળેલી વાર્ષિક સભાએ નીચે મુજબ અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિની ચુંટણી કરી છે.

શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ પ્રમુખ
,, શાંતિલાલ હરજીવન શાહ ઉપ-પ્રમુખ
,, મણિલાલ મોકમચંદ શાહ મંત્રીઓ
,, વ્રજલાલ ધરમચંદ મેઘાણી ,,
,, અમીચંદ ખેમચંદ શાહ. ક્રોષાધ્યક્ષ

કાર્યવાહક સમિતિના સભ્યો

શ્રી. વલ્લભદાસ પુલચંદ મહેતા
,, ચંદુલાલ વર્ધમાન શાહ
,, ચીમનલાલ ચકુભાઇ શાહ
સૌ. જસુમતીબહેન મનુભાઇ કાપડીઆ
,, વેણીબહેન વિનયચંદ કાપડીઆ
શ્રી. રતિલાલ ચીમનલાલ ઝોહારી
,, તારાચંદ લક્ષ્મીચંદ ઝોહારી
,, રમણલાલ ચંદુલાલ શાહ
,, મનસુખલાલ હીરાલાલ લાલન
,, લીલાવતીબહેન દેવીદાસ
સૌ. વિજયાબહેન પરમાનંદ કાપડીઆ
શ્રી. નાનચંદ શામજી
,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
,, હર્ષચંદ્ર કપુરચંદ દોશી
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ

કાર્યવાહક સમિતિએ નીચેના ત્રણ સભ્યોને ચુંટીને ઉમેર્યા છે.

શ્રી. જેઠાલાલ રામજી
સૌ. વિજયાબહેન દુર્લભજી પરીખ
શ્રી. અંબાલાલ એલ. પરીખ

પ્રીતિસંમેલન

તા. ૯-૨-૪૧ રવિવાર સાંજના પાંચ વાગે શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆના નિવાસસ્થાન (મહેતા બ્લોકસ, દાદીશેઠ બીજી ગલી, બાબુલનાથ રોડ) ઉપર શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી એક પ્રીતિસંમેલન યોજવામાં આવ્યું છે, જે પ્રસંગે વખતસર હાજર રહેવા સંઘના સર્વે સભ્યોને વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી પ્રબુદ્ધ જૈન ખાતું ૧૯૯૬,

જ

૨૧૦-૧૧-૩	ગઇ સાલના બાકી.
૯૫-૧૧-૦	શ્રી લવાજમ ખાતે જમા ૧૯૯૫.
૨૬૫—૪-૬	„ લવાજમ ખાતે જમા ૧૯૯૬.
૧૬૪—૪-૦	„ પ્રબુદ્ધ જૈન બોણી ખાતે.
૭૩૫-૧૪-૯	
૫૪૫-૧૩-૬	„ આવક કરતાં ખર્ચનો વધારો.
૧૨૮૧-૧૨-૩	

ઉ

૪૬-૭-૯	શ્રી પરચુરણ ખર્ચ ખાતે ઉધાર.
૧૯૪ ૨-૦	„ પોસ્ટેજ ખાતે ઉધાર.
૭૫૬-૦-૦	„ છપામણી ખાતે ઉધાર.
૨૧૦-૨-૬	„ પેપર સ્ટેશનરી ખાતે ઉધાર.
૭૫-૦-૦	„ પગાર ખર્ચ ખાતે ઉધાર.
૧૨૮૧-૧૨-૩	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો સંવત ૧૯૯૬ ના કાર્તક શુદ ૧ થી આસો વદ ૦)) સુધીનો આવક જાવકનો હિસાબ.

જ

૪૦૦—૦-૦	શ્રી આશ્રયદાતા સભ્યના લવાજમના
૧૦૦—૦-૦	„ આજીવન સભ્યના લવાજમના
૫૦૭—૮-૦	„ સામાન્ય સભ્યના લવાજમના ૧૯૯૪, ૧૯૯૫, ૧૯૯૬, ૬-૦-૦ ૩૦-૦-૦ ૪૩૦-૮-૦- ૪૧-૦-૦
૫-૧૨-૦	„ હુન્ડીયા બેંકના વ્યાજના
૧૬૧૧—૦-૦	„ ભેટ ખાતે
૧૭૬૭—૦-૦	ચાલુ ખાતામાં
૧૧૪—૦-૦	પુસ્તકાલય ખાતામાં
૧૬૧૧—૦-૦	
૨૬૨૪—૪-૦	

ઉ

૧૭૬—૧-૩	શ્રી પરચુરણ ખર્ચ ખાતે
૪૮૭—૦-૦	„ મકાન ભાડા ખાતે
૩૬૮—૦-૦	„ પગાર ખર્ચ ખાતે
૬—૦-૦	„ પ્રચાર ખર્ચ ખાતે
૧૬૦—૮-૦	„ પર્યુષણ વ્યાખ્યાન માળા ખાતે
૨૨—૨-૬	„ પોસ્ટેજ ખર્ચ ખાતે
૧૭-૧૦-૦	„ સ્ટેશનરી ખાતે
૧—૮-૦	„ પુસ્તક ખાતે
૩૬—૦-૦	„ છપામણી ખર્ચ ખાતે
૫૨૨-૧૪-૬	„ લાયબ્રેરી ખાતે
૨૭૬—૬-૦	પગાર ખાતે
૧૦૫-૧૪-૬	સ્ટેશનરી ખાતે
૬—૦-૩	પોસ્ટેજ ખાતે
૩૪—૨-૩	શ્રી ખર્ચ ખાતે
૬૭--૭-૬	„ પેપર લવાજમ
૫૨૨-૧૪-૬	
૧૧૨૦-૭-૩	શ્રી ખર્ચ કરતાં આવકનો વધારો
૨૬૨૪—૪-૦	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું

સંવત ૧૯૯૬ ના આસો વદ ૦)) સુધીનું સરવૈયું.

જ

૧૦૦—૦-૦	શ્રી રીઝર્વ ફંડ ખાતે.
૨૮૫-૧૦-૦	„ વિઠ્ઠલભાઇ સ્મારક ફંડ.
૭—૪-૬	„ જૈન યુવક પરિષદ
૫—૭-૦	„ ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય.
૨૬૮—૫-૦	„ પુસ્તકાલયના ડીપોઝીટ ખાતે.
૧૧૧-૧૫-૦	„ વ્યાખ્યાનમાળા પુસ્તક ખાતે.
૧૩૮૭-૧૦-૯	„ આવક જાવક ખાતે.
૨૬૭—૩-૬	ગઇ સાલના બાકી.
૧૧૨૦—૭-૩	આ સાલનો વધારો આ. જા.
૧૩૮૭-૧૦-૯	હિસાબ પ્રમાણે.
૨૧૬૬—૪-૩	

ઉ

૩૪૬-૧૫-૦	શ્રી બેંક ઓફ હિન્ડીયા ખાતે.
૫૭૯—૪-૦	„ ફર્નીચર ખાતે.
૬૪૫-૧૪-૩	„ પુસ્તકાલયના પુસ્તકો ખાતે.
૫૪૫-૧૩-૬	„ પ્રબુદ્ધ જૈન ખાતે આ. જા. હિ. પ્રમાણે.
૪૮—૫-૬	„ રોકડ બાકી.
૨૧૬૬—૪-૩	

આપણી પાંજરાપોળો અને ગૌશાળાઓ.

(ગયા અંકથી ચાલુ)

વ્યાધિ અને ઇલાજ

આ વ્યાધિનો ઇલાજ, આ પાપનું પ્રાયશ્ચિત્ત એ નથી કે આપણે ગૌમાતાનાં ભજનપૂજન ફેલાવનારા જલસા ગોઠવીએ, ગોપાલકૃષ્ણ કે ગાય-કસાઈના દેખાવો ચૌટે-ચકલે કે સ્ટેજ પર ભજવીને હાંસીપાત્ર બનીએ અને ગોમાતાને રૂંવે રૂંવે તેત્રીસ કરોડ દેવતાનો વાસો છે એ સાદી સરળ અને ખુલ્લી વાત બીજી કોમવાળાઓની કે રાષ્ટ્રીય વૃત્તિવાળાઓની બૂઠી બુદ્ધિમાં કેમ નથી ઊતરતી એ બીના ઉપર આંસુ ઢાળતા ફરીએ. આપણી ગોસેવા-સંસ્થાઓને ચેતનવંતી અને પ્રાગતિક બનાવવાનો એકમાત્ર ઇલાજ મારી અલ્પમતિ પ્રમાણે એ છે કે, દેશના પશુધનનો આ પ્રશ્ન દેશના અને પ્રજાના અર્થકારણની દૃષ્ટિએ વિચારતાં આપણે શીખીએ. કોટિ ગ્રંથનું કહ્યું અરધા વચનમાં કહેવું હોય તો આ બાબતમાં મહાત્માજીના શબ્દો ટાંકીને એટલું જ કહેવાય કે, **ગાય અને ગોવંશનું પાલન આર્થિક દૃષ્ટિએ હિંદુસ્તાનના ખેડૂતને પરવડતું થાય એ એક જ સાચી ગોરક્ષાનો સુવર્ણમાર્ગ છે.** હજુ આજે પણ મુખ્યત્વે કરીને ખેતી પર નભનારી આપણી પ્રજા-સમસ્તના અર્થકારણમાં બીજાં ઢોર કરતાં ગાય તથા બળદના પાલનનો પ્રશ્ન કેવો અગત્યનો છે એ પ્રમાણ-પુરાવા સાથે સિદ્ધ કરવું અને પ્રજાને ઠસાવવું, આવી નરદમ પ્રજાકીય અને આર્થિક ભૂમિકા ઉપર જ આ પ્રશ્નને રજૂ કરીને એને લગતી આખી વિચારસરણીનો પ્રજામાં અને ખાસ કરીને ગોસેવકો તેમ જ ગોસેવામાં રોકાયલી સંસ્થાઓમાં પ્રચાર કરવો, અને તેમનો પરસ્પર સહકાર સાધી સંગઠન કરવું, એ આપણું કામ છે.

એમ તો આજે પ્રાંતેપ્રાંતમાં, જિલ્લે જિલ્લે અને ગામેગામ જીવરક્ષા મંડળો અને પાંજરાપોળો, પશુગૃહો અને ગૌશાળાઓ, પડયાં છે. દયાદાનના પરંપરાથી ચાલતા પ્રવાહોમાંથી એ નભ્યે જાય છે. પણ કોઇક રડયાખડયા અપવાદો સિવાય ક્યાંયે આવી સંસ્થાઓમાં નૂર કે શહૂર જોવામાં આવતાં નથી. ક્યાંક સંચાલકોને પુરસદ નથી હોતી, તો ક્યાંક સંચાલકમંડળોના કર્તાકારવતાઓ સંસ્થાની મિલકતો સંસ્થાને ચોપડે અને અહેવાલોમાં કે સરકારી દફતરે વધાર્યે જવામાં જ પોતાનું ધર્તિકર્તવ્ય માનતા જોવામાં આવે છે. પણ જેને સારું એ મિલકતો મેળવવામાં અને વધારવામાં આવે છે તે પશુઓના સુધાર પાછળ કોઇનું લક્ષ જતું નથી.

કસાઇખાને જઇ જીવ છોડવવા, ઢોર-બજારોમાં જઇ દયાધર્મને નામે કસાઇઓ અને તેના દલાલો કે સાગરીતો જોડે હરીફાઇમાં ઉતરવું એ તો હૈયાફૂટાપણાની પરાકાષ્ઠા છે અને એમાં એમને તથા દયાધર્મી 'વાણિયા લોક' પાસેથી નાણાં કઢાવવાની એમની રીતોને સીધું ઉત્તેજન આપવા બરોબર છે એ તો હવે સૌને સમજવા લાગ્યું છે. જીવરક્ષાની કે ગોરક્ષાની એ રીત જ નથી એ દેખીતું છે. દયાધર્મીઓને માટે શું કે દયાધર્મી સંસ્થાઓને માટે શું, વધતી જતી જરૂરિયાતોના પ્રમાણમાં જેમ અને તેમ ગોચરો, બીડો અને સંસ્થાની માલેકીની ઘાસચારા ઉગાડવા લાયક જમીનો વધારવી અને જે સંસ્થાઓ પાસે કાયમી કે અનામત નિધિઓ પડયા છે ત્યાં તેવા નિધિઓનો પણ ખાસો હિસ્સો વ્યાજવટાવ કે કાગળિયાંઓમાં રોકવાને બદલે ઢોરઉપયોગી જમીનો મેળવવામાં રોકાય એ દૃષ્ટિ આપણી પશુસંરક્ષક સંસ્થાઓના વહીવટ કરનારાઓમાં મુખ્ય રહેવી જોઇએ. અગાઉના કાળમાં જ્યારે પૃથ્વી વિપુલ હતી અને તેના ઉપર વિચરનારાં ઓછાં હતાં ત્યારે ખોરાકને લગતા આવા પ્રશ્નો કદી ઉઠતા જ નહોતા. આજે સ્થિતિ પલટાઇ ગઇ છે. એક બાજુ વસ્તી-વિસ્તારથી અને બીજી બાજુએ પરસ્પર આવજા અને વહેવારનાં સાધનો વધવાથી આવા પ્રશ્નો તીવ્ર થઇ પડયા છે. જે ગોચરો આજે રહ્યાં છે કે મળે છે તે પણ ઘણી જગાએ કરકસર અને ઝીણવટભર્યા ઉપયોગની રીતોના અજ્ઞાનને કારણે બિનઉપયોગી બનતાં જાય છે અને તેમની તાકાત ઘટતી જાય છે. બીજી બાજુએ આજે શહેરોમાં શું કે ગામડાંમાં શું, સાચાં દૂધ-ઘી જોવા મળવાનું પણ મુશ્કેલ થઇ પડયું છે. વેજીટેબલ ઘી અને પાઉડરનાં દૂધે બધે ઘાણ વાળ્યો છે. ઓસડ માટે પણ સાચું ઘી મળવું મુસીબત થઇ પડયું છે. હું એવા માણસોને જાણું છું કે જેઓ સાચું ઘી ગમે તેવા ખાતરીલાયક રસ્તેથી આવ્યું હોય તોપણ આંખ આગળ મહીમાખણ વલોવાયાં તવાયાં ન હોય ત્યાં સુધી તે વિશ્વાસપાત્ર ન જ હોઇ શકે એમ માનતા થઇ ગયા છે અને જેમણે સ્થિતિવાળા છતાં ઘી-દૂધ ખાવાં તજ્યાં છે.

નર્યો બોજો

મારા જિલ્લામાં ૮૩ લાખ માણસ અને ૯ લાખ જેટલાં ઢોરની વસ્તી છે. પણ સરકારી પશુનિષ્ણાત સુદ્ધાં કબૂલ કરે છે કે એ ૯ લાખ ઢોરમાંના બહુ મોટો ભાગ તેના પાળનારને છાણ સિવાય અને પોતાના જેટલી જ નિરુપયોગી સંતતિ સિવાય બીજું કશું વળતર આપતો નથી અને છતાં થાણા જિલ્લામાં વરસોવરસ નીપજતા આશરે ૫૦ કરોડ પૂળા ઘાસમાંથી કેટલાયે કરોડ ઘાસ આ રૂપાળું પશુધન આરોગી જાય છે! આ ઢોર નથી છાંટો દૂધ આપતાં કે નથી ખેતીવાડીમાં કશા ખપનાં હોતાં. હું કહી ગયો તેમ થાણા જિલ્લાનો બેડૂત ડાંગર-કયારીને સારૂ નર્યા છાણની લાલચે ટોળાંબંધ ઢોર પાળે છે. એ ઢોરને સાંજે પકડી આણીને પોતાના ઝૂંપડામાં બાંધવા ઉપરાંત બીજી કશીયે તકલીફ એ એની પાછળ ઉઠાવતો નથી. કે નથી રાતી પાઇનું ખવડાવતો કે ખરચ કરતો. ઘાસદાણાની તો વાત જ શી? લાખો જનાવરો આપણા દેશમાં આમ પળાય છે, રવડે છે, દેશની સાધનસામગ્રી ખુટાડે છે અને રફેદફે થઇ જાય છે. આપણે એનું કશું નિયમન-નિયંત્રણ કરતા નથી ને માત્ર લાંબા સૂર તાણી કસાઇ, કતલખાનાં અને સરકારની નીતિ સામે આક્રોશ કર્યા કરીએ છીએ.

જે સમાજમાં અનાથ-અપંગની સંખ્યા વધ્યે જ જાય, જે પ્રજામાં ઇસ્પિતાલો અને ચિકિત્સાગૃહો વધતાં જતાં જોવામાં આવે, તેની સમાજવ્યવસ્થામાં જ ક્યાંક વાંક છે, તે પ્રજા જોખમમાં છે, એમ સહેજે જ માની લેવાય, તેમ આપણી પાંજરાપોળોમાં આવતાં ઢોરોની સારી સંભાળ લેવાય, એની મિલકતો અને એનાં સાધનો કઇ રીતે વધે અને એના વહીવટ કઇ રીતે વધુ સંગીન બને, એ કરતાંયે દેશની પીઠ ઉપરથી અપંગ અને નકામાં ઢોરોના બોજા કઇ રીતે હળવા થાય, દેશના ઘાસચારા અને સાધનસામગ્રી નાહક ખુટાડીને સારાં ઢોરને સાંકડ કરનારાં ઢોરોની સંખ્યા અને વિસ્તાર કઇ રીતે અટકે, અને અપંગ અક્ષમ થઇને મૂઆ વાંકે જીવતાં ઢોરો કણસવા અથવા તો કેમ જાણે એક બારણેથી પેસીને બીજે બારણેથી મૂએલાં નીકળવા સારૂ જ પાંજરાપોળોમાં આવતાં હોય એવી આપણી પાંજરાપોળો અને પશુગૃહોની સ્થિતિ કઇ રીતે સુધરે એ પ્રશ્ન

આજે આપણા સળગતા રાષ્ટ્રીય મહાપ્રશ્નોમાંનો એક થઇ પડયો છે અને દેશના તમામ વિચારી લોકોને મૂંઝવી રહ્યો છે. આવા બોજા જો વગર અંકુશે વચ્ચે જ જાય તો પ્રજાની આખી અર્થ-વ્યવસ્થા તૂટી પડે એમાં શંકા નથી.

ભણેલા કે ભૂલેલા ?

આ એક બાજુ થઇ. બીજી બાજુએ કોઇ કોઇ શ્રીમંતો, શોખીનો કે કયાંક વળી કોઈ વેવલા નિષ્ણાતો યુરોપ અમેરિકાનાં ડેરી-દુગ્ધાલયોના નકશા આંખ સામે ઘેરી કંગાળ ખેડૂતોની વસ્તીથી ખદબદતા આપણા આ દેશમાં મશીનોથી દોહવાતી અને રોજનાં સેંકડો રતલ દૂધ આપતી ગાયોનાં ચિત્રો ખડાં કરે છે અને એવી ગાયો હિંદુસ્તાનમાં આયાત કરી અગર તો વંશ-ઓલાદની ધાલમેલ વડે પેદા કરી તેનું ટીપેટીપું દૂધ મશીનોની મદદથી જેવી ને તેવી તાજી સ્થિતિમાં શહેરોમાં વસતા લોકોને પહોંચાડી પ્રજાના ધન અને આરોગ્યમાં ક્રાંતિ આણવાનાં સ્વપ્નાં સેવે છે. આ ભલા ભાઇઓને એમના ઉત્સાહમાં એ વાતનું ભાન નથી રહેતું કે, હિંદુસ્તાનની પ્રજા એનાં સાત લાખ ગામડાંઓમાં વસે છે. એમાં શહેરો તો પાંચ પચાસ ગૂમડા જેવાં એના દેહ ઉપર ઊઠયાં છે જે એના લોહીનું પાણી-પરૂ કરી રહ્યાં છે. એ ઉકરડે અમૃત ઢોળીને દેશનું કયું કલ્યાણ સાધવાનું છે? પ્રજા તો નાગી ભૂખી એનાં ઘોલકાંઓમાં પડી છે. ભૂખદુઃખથી એના પ્રાણ તરફડી રહ્યા છે. આસમાની-સુલતાની એને વરસોવરસ ઘેરીને દમે છે. એનાં બાળકોએ દૂધ-ઘીનું નામ જ સાંભળ્યું છે. એના ઘરમાં પાવળું છાશ થાય એવો કોઇ રસ્તો બતાવો કે જેથી એનો કોરો ટુકડો ગળે ઉતારવાનું સાધન એને ઉભું થાય. ગઇ સાલેજ અખિલ ભારત ગ્રામઉદ્યોગ સંઘવાળા શ્રી. કુમારઅપ્પાએ પ્રજાકીય આર્થિક દશાની તપાસ કરવા મધ્યપ્રાંતની સરકારે નીમેલી સમિતિની વતી જાહેર કરેલું કે, એ ભાગની ગામડિયા પ્રજાની વાર્ષિક આવક રૂ. ૧૨)થી વધુ નથી! બિહાર ધરતીકંપ દરમ્યાન પાંચપાંચસો વસ્તીનાં ગામો અમે જોયેલાં જેને ઘેરીને ગામ આખાની સંપત ભેળી કરો તો પાંચ રૂપિયાના રાતા પૈસા ન નીકળે, કે ન અરધો મણ ધાતુપાત્ર વાસણકૂસણ નીકળે! વરસ દિવસના બજેટમાં દીવાસળીના એક બાકસની ખરચીવાળાં કુટુંબો આપણાં ગામ-ડાંઓની આર્થિક તપાસ કરનારા આપણા નવયુવકોને જડયાં છે? પશ્ચિમની પ્રજાઓ—સરકારો તેમ જ પ્રજાકીય સંસ્થાઓ—'Drink more milk' ('દૂધ પીઓ, દૂધ પીઓ') 'Milk the backbone of the race' ('દૂધ પ્રજાનું હાડ બાંધે છે, દૂધ જ પ્રજાનું ખમીર છે') એવા એવા પ્રચારકાર્ય પાછળ લાખો રૂપિયા દર વરસે ખરચે છે અને એવા વાતાવરણ તેમ જ સાધનસામગ્રી ઉપર પ્રજા ઉછરે છે. આપણે પશ્ચિમ પાસેથી પ્રેરણા લઇને એટલું જ શીખીએ છીએ કે દૂરદૂરનાં ગામડાંઓની વિપુલ સાધનસામગ્રી અને સસ્તા મનુષ્યબળનો ઉપયોગ કરી લઇ તેમની મહેનતની પેદાશ શહેરોમાં કઇ રીતે ઝટ પહોંચાડીએ. પોલ્સનને પનારે પડીને જીવતાં ખેડા જિલ્લાનાં ખેડૂત ભાઇબહેનો ઘરનાં છોકરાંઓને સારુ પાવળું દૂધ ન રાખતાં ટીપેટીપું સંચે ભરી આવે અને એમ રોજરોજ મુંબઇની વસ્તીને દૂધ-માખણથી નવડાવનાર ગુજરાતનાં ગામોમાં બારેમાસ દૂધ-ઘીના દુકાળ વર્તે એ સ્થિતિ અસહ્ય ગણાવી જોઇએ.

ગોચર, ગોપાલકો અને સરકારનીતિ

શોષણયુક્ત વિદેશી સરકારની બાહોધરી રેવન્યુ નીતિએ પ્રાંતેપ્રાંતનાં ગોચરોના દાટ વાળ્યા. પશુપાલક કોમો ચરાઉ ભૂમિને અભાવે રઝળુ થઇ રવડી ગઇ, કથળીને તોફાની થઇ ગઇ, શહેરોમાં ભરાઇ કસાઇઓની દલાલ બની ગઇ. એક વાર એક બિન્દે, ખેડા-ચરોતરની વિશાળ ગોચરભૂમિઓપર પશુઓનાં પાલન અને ઉછેર કરનારી લોંઢકી કોમો સરકારની નીતિને પરિણામે તેમની ચરાઉ ભૂમિઓના લાટ પડી જઇને કપાસ તુવેરના પાક આપતી ખેડાણ જમીનો થતાં કેવી રવડી ગઇ અને એ બીના ખેડા જિલ્લાના બહારવટિયાઓની ઉત્પત્તિમાં કેવી રીતે એક કારણરૂપ બની, એનો કરુણ ઇતિહાસ મને કહ્યો હતો. ઉત્તર ગુજરાતની રબારી કોમોનો ઇતિહાસ તપાસશો તો એક કે બીજો એવો જ કંઇ ને કંઇ ઇતિહાસ જડશે. કાઠિયાવાડ તો મૂળે જ નિર્વૃક્ષ અને નપાણિયો મુલક. ગીર-નાધેર સિવાય અમસ્થુયે ત્યાં ઢોરને તરણું મળવું દુર્લભ. તેમાં વળી દુષ્કાળ પડે ત્યારે પછી પૂછવું જ શું? આનો પ્રત્યક્ષ અનુભવ હજુ ગઇ સાલે જ આપને સૌને થયો અને એનાં દૃશ્ય હજુ આંખ સામેથી ખસ્યાં નથી. એક બાજુથી સર-કાર-દરબારની તૃષ્ણાને પ્રતાપે ગોચર દબાતાં ગયાં ને બીજી બેર આપણી ધર્મઘેલછાઓને પ્રતાપે નકામા અને નર્યા બોજારૂપ પશુઓનો નિરંકુશ વંશવિસ્તાર ચાલ્યો. એમ બેઉ બાજુએથી ગામડાંની પ્રજા ભીંસાતી ગઇ અને તેની પાસેની સાધનસામગ્રી બધી ખવાઇ ચવાઇ ગઇ. પરિણામે આજે આપણો ચીંથરેહાલ ખેડૂત એક સારી બળદ-જોડ ખેડી શકે એટલી ખેતી કરવા સંભાળવા પાછળ બબ્બે ત્રણ ત્રણ મડદાલ જોડીના પાલનના બોજા ઉઠાવે છે ને પરિણામે વધુ ને વધુ ઘસાતો જાય છે. ભાડાં-વૈતરાંની એની ઉમેરાની આવક પણ માલ વહેનારી મોટર-લોરી આવીને ભરખી ગઇ, એટલે એનાં ગાડીબળદને એણે નકી ખેતીની પેદાશને આશરે જ નભાવવાં રહ્યાં.

સાચી અર્થદૃષ્ટિ

આવી આજની ભયાનક પરિસ્થિતિ વચ્ચે દેશના સાચા અર્થકારણની એકમાત્ર દૃષ્ટિને વળગીને ચાલ્યા સિવાય આપણા પશુપ્રશ્નનો ઉકેલ આપણને મળવો મુશ્કેલ છે. એ સાચું અર્થકારણ બતાવનારા આપણા શહેરી અર્થશાસ્ત્રીઓ નથી, જેઓ આપણી શાળાકોલેજોમાં અને વેપારી વિદ્યાલયોનાં વ્યાસપીઠ ઉપર બેસી પાશ્ચાત્ય અર્થદૃષ્ટિના ચવાઇ ફેંકાઇ ગયેલા બોદા-અજીર્ણ સિદ્ધાંતો પ્રગતિશીલતાના ડોળદમામ સાથે આપણા જુવાનો આગળ રોજ પીરસે છે; પણ એ સાચું અર્થકારણ બતાવનાર મહાત્મા ગાંધીજી છે જેઓ આપણા દેશની પ્રજાકીય ભાવના અને સંસ્કૃતિને ભાવતું અને આપણા હાડલોહીમાં મળેલું બિનહરીફાઇનું અને સ્વસંતોષનું અર્થકારણ સજીવન કરીને આજે આપણને શીખવી રહ્યા છે. પશ્ચિમના અર્થકારણનો અને ત્યાંની આખી અર્થવ્યવ-સ્થાનો કેવો કરુણ ફેજ આવ્યો તે તો હવે આપણે આજે નજરોનજર જોઇ ચૂકયા.

અપૂર્ણ

સ્વામી આનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

ઝીણા–હકક પત્રવ્યવહાર.

(બંગાળાના મુખ્ય પ્રધાન શ્રી. ફઝલુલ હક્ક મુસલમાન અગ્રેસરોમાં એક ભારે વિચિત્ર વ્યક્તિ છે. તેમના મગજમાં ચિત્રવિચિત્ર મન્થનો ચાલ્યા કરતા હોય એમ લાગે છે. કોઇ વાર તેઓ એકાએક કોંગ્રેસને ઉતારી પાડે છે; બીજી ક્ષણે પાકીસ્તાનની દેશદ્રોહી કલ્પના સામે તેમનું મન બળવો કરી ઉઠે છે અને હિંદુસ્તાન એક જ હોવું જોઇએ અને તે માટે હિંદુ–મુસ્લીમ એકતા કોઇ પણ પ્રકારે સાધવી જ જોઇએ એમ એમનો આત્મા પોકારી ઉઠે છે. વળી પાછું મુસ્લીમ લીગ અને તેના પ્રમુખ શ્રી. મહમદઅલી ઝીણા પ્રત્યેની વફાદારી તેમને યાદ આવી જાય છે વળી ફઝલુલ હક્ક તે ભુલી જાય છે અને રાષ્ટ્રીય એકતાને પોષક કાંઇક વાત કરી નાંખે છે. આ સાંભળીને ઝીણા ચમકે છે અને ફઝલુલ હક્કને એકાએક ઉતારી પાડે છે. ફઝલુલ હક્ક એકદમ નમી પડે છે અને ઝીણાશરણ સ્વીકારે છે. આવી બાબતો સ્પષ્ટ આકારમાં રજુ કરતો તેઓ બન્ને વચ્ચે ચાલેલો કેટલોક પત્ર-વ્યવહાર શ્રી. ઝીણાના ખાસ આગ્રહથી થોડા સમય પહેલાં છાપાઓમાં પ્રગટ થયેલો. એ પત્રવ્યવહાર ઉપરથી શ્રી. વૈશંપાયને રચેલું એક કટાક્ષ કાવ્ય જન્મભૂમિમાં થોડા દિવસ પહેલાં પ્રગટ થયું હતું. આ કાવ્ય એ બન્ને મહાશયોના માનસને યથારૂપે પ્રગટ કરતું હોવાથી ઉપરની ચર્ચા સાથે અનુસંધિત કરવું યોગ્ય લાગે છે. પરમાનંદ.)

જનમેજય ઉવાચ:

કર જોડી વૈશંપાયનને, પૂછે છે રાજન!
ઝીણા–હક્ક સંવાદ સાંભળવા, આતુર છે મુજ મન!
અહો ઋષિવર વદીએ!

વૈશંપાયન ઉવાચ:

વૈશંપાયન વદે ધન્ય ધન્ય તમને, ભલું પૂછ્યું મહારાજ!
એ અદ્‌ભુત સંવાદ વર્ણવું, હેત ધરીને આજ!
અહો રાયજી સુણિએ!

ભારતની મુસ્લીમ જાતિમાં, જડે ન ઝીણાની જોડ,
પાકીસ્તાનનો કોડ દિલ જેને, સાંખે ન જે બાંધછોડ.
હક્ક નામે એક અનુચર તેનો, બંગ તણો દીવાન;
ભીતર તો ભગવાન પીછાણે, (પણ) એને ઝીણા ઉપર બહુ માન!
ચંચલ મેઘધનુષ્યની શોભા, ચંચળ ચપળાનાં નેણ;
એથી એ ચંચળ, રાયજી સમજો, ફઝલુલ હક્કનાં વેણ!
વર્ષા કેરો વીજઝગારો તે, ઝાલ્યો હજુ ઝલાય;
પણ ફઝલુલની વીજળીભલડી, તે ક્ષણથી નવ બંધાય!
અબઘડી બોલે ને અબઘડી બદલે, અબઘડી વળી ફરી જાય;
એ શું કહે છે તે એક જ જાણે, કે જાણે એનો અલ્લાય!
ઝીણાજીને જાગતા ને ઉંઘતા, એક જ વસ્તુનું ધ્યાન,
જપ તપ તીરથ પૂજા સમાધિ, એને એક પાકીસ્તાન!
પાકીસ્તાનની ચિન્તામાં એની, સુકાઇ સોટી બની કાયા;

x x x

અખિલ જગતમાં તેથી પછી તે, ઝીણા નામે પંકાયા!
ગુરૂનાં ગળતાં ગાત્ર દેખીને, ઉપનો હકકને ઉચાટ;
ઉસ્તાદ ઓગળે ને હું બનું તાજો, ધિક ધિક રાજ ને પાટ!
પાકીસ્તાન કેરી પીડાએ, કંતાયે ગુરૂજીની કાયા;
તેજ હરાતાં જાશે ને રહેશે, બાકી નર્યા ઓછાયા!
એ અસાધ્ય વ્યાધિનો મારે, કરવો ઘટે ઉપાય;
ગુરૂ મુજ તાજા બને અગર જો, હિંદુ મુસ્લીમ એક થાય!
એવું વિચારી એકદમ ચાલ્યા, કાયદે–આઝમની પાસ;
'ગુસ્તાખીની ખમા કરો ગુરૂ! અરજ ગુજારે દાસ!
પાકીસ્તાનની આ વળગાડે, પીંખાણી કંચન કાયા;
ઉતાર એનો કરવો ઘટે હવે, તેડો સૌ ભારત જાયા!
હિંદુ, મુસલમાન, પારસી, બૌધ્ધો, ને શીખ, યહુદી, ઇસાઇ;
સૌને તેડી સલાહ લીયો જી, આપણે હિંદનયા સૌ ભાઇ!
સૌ અનુભવીઓને હાથ થવા દો, રોગ તણું નિદાન;
તુર્ત તમારી પીડા ટળશે, એવું છે મુજ અનુમાન!

ફઝલુલનાં આવાં વાકય સુણીને, ઝીણાને ઉપનો કોપ;
"ફઝલુલ મિયાં! તમે માન મરજાદાનો કરવા માંડયો છે લોપ!
કવણ હું? તમે કવણ? મિયાં, કયાં ગઇ તમ શુદ્ધ બુધ્ધ?
શિસ્ત ગઇ કયાં? શાણપણું કયાં? તમે બોલો છો લીગ વિરૂદ્ધ!
હું જાણું મને કયો રોગ છે તે, તેમાં તમે કોણ કહેનાર?
નિદાન જાણું, ઇલાજે ય જાણું (પણ) તમને નવ ઇતબાર!
નોતરાં શાનાં, ને તેડાં યે શાનાં, શાનાં સૌને સન્માન?
શાનાં વગદાં, ને શાની વિષ્ટિ? કોણે શિખવ્યાં આ કારસ્તાન?
ભૂંડાની કરનારી આજે, એક જ છે કોંગ્રેસ;
પાકીસ્તાન ન આપે, છો એ, ગુમાવે આખો દેશ!
પાકીસ્તાન વણ નવ મારે, બીજું ઝંપવાનું કોઇ સ્થાન;
પાકીસ્તાનનો પ્રશ્ન ભલે થાતો, કોંગ્રેસનું કબ્રસ્તાન!
કોંગ્રેસ જુડી જુડી, હા, હા, જુડી, જુડી સાડી સાત વાર";
રંગ વર્તીને ફઝલુલે ફેંકયું, "જુડી લાખ લાખ વાર".

x x x

"શાબાશ ફઝલુલ! તમે છો શાણા, સાચવી રહ્યા છો ઇમાન;
ભુલતા નહિ કદી સૌ છે જુદાં, સાચું એક પાકીસ્તાન"?
"તમે ઝીણાજી એવું શું બોલો? હું છું કયાં એવો ભોળો?
તમે તો હજુ હોળી સળગાવશો, (પરંતુ) હું તો જગાવીશ હોળો!"
એવું કહી કુરનીશ બજાવી, હકક વિચારે મનમાંહ્ય;
'વિધિ આડે શેં આવું હું મુરખ, નિર્માયું તે થાય!
પ્રારબ્ધમાં એને પીડા લખી હશે, તો હું કોણ તે ફેડનાર?
કોઇના સમજાવ્યા કોઇ બોલ્યા સમજે છે?–માટે,
મૌન રહેવામાં સાર!'

લળી લળી ફરી કુરનીસ કરીને, ફઝલુલ નીકળ્યો બહાર;
દર્પણમાં મુખ જોઇ ઝીણા બોલે "આનું જ નામ વફાદાર!"

જનમેજય ઉવાચ:

રસિક કથા સુણી મહર્ષિ આજે, ચિત્ત થયું પરસન;
અનુજ્ઞા દો તો પુછું આપને, શંકા એક મુજ મન.
પ્રથમ કહ્યું આપે પાકીસ્તાનનો, હતો ઝીણાજીને ઉમંગ;
પછી વદો છો કે પાકીસ્તાન રૂપી, રોગ થયો તો અંગ!
એ બેમાં શું સાચું માનવું, અને શું છે એ પાકીસ્તાન!
તે વિસ્તારીને કહો જેથી મુજ, ટળે ઉરનું અરમાન!

વૈશંપાયન ઉવાચ:

વાહ વાહ રાયજી પ્રશ્ન તમારો, પણ હું છું સાવ લાચાર;
પાકીસ્તાનનો મર્મ ન જાણે, ઇન્દ્રને બ્રહ્મા લગાર!
રૂદ્ર ને અગ્નિ, વિષ્ણુ ને શંકર, ને તેત્રીશ કોટિ દેવ,
પાકીસ્તાનના પ્રશ્ન સમીપે, સૌ છોડે અહમેવ!
પણ એમાં આશ્ચરજ નથી કાંઇ, નથી એમાં અરમાન;
ખુદ ઝીણા પણ જાણે નહિ તો, કયાંથી જાણે ભગવાન?

x x x

ઇતિ પાકીસ્તાન–પુરાણે ઝીણા–હક્ક સંવાદો નામ અધ્યાયઃ!

'જન્મભૂમિ'માંથી સાભાર ઉધ્ધૃત

કાઠિયાવાડમાં અઠવાડીયું

(પૃષ્ટ ૧૯૭ થી ચાલુ)

તરમાં રચેલાં બે ત્રણ ગીતો મને સંભળાવ્યાં. કવિને કાવ્યો સંભળાવવા આપણે આગ્રહપૂર્વક વિનંતિ કરીએ અને પછી તે પોતાનાં કાવ્યો સંભળાવે તેમાં મજા તો આવે છે પણ તેમાં જોઇએ તેટલી સ્વયંસ્ફુર્તિ હોતી નથી. સ્વેચ્છાથી તે ગાવા લાગે છે ત્યારે તેને સાંભળવાની કોઈ જુદી જ મજા આવે છે. તેમની સાથે થયેલી વાતોની વિગતો ઉતારવાને અહિં સ્થાન નથી. એમ છતાં એક બે બાબતોનો ઉલ્લેખ કરૂં.

થોડા સમય પહેલાં પ્રગટ થયેલ તેમના 'ગુજરાતનો જય' વિષે વાત નીકળી તેમના કહેવા મુજબ મુનિ જીનવિજયજીએ પ્રગટ કરેલ પ્રાચીન પ્રબંધ સંગ્રહ વાંચ્યા પછી જ પૂર્વકાળના જૈનોની જાહોજલાલી તથા પ્રભુત્વનો અને ગુજરાતના ઇતિહાસની ઘટનામાં જૈનોએ કેટલો ગૌરવભર્યો ભાગ ભજવ્યો છે તે બાબતનો તેમને સાચો ખ્યાલ આવ્યો. શ્રી. કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથાઓ આ બાબતની અને ખાસ કરીને સિધ્ધરાજ, હેમચંદ્રાચાર્ય અને કુમારપાળના સમયની કાંઈક ઝાંખી કરાવી છે પણ એ કાળના જુદા જુદા ઐતિહાસિક પ્રબંધોએ અને તેને લગતા સાહિત્યે તેમને નવું જ દર્શન કરાવ્યું. ખાસ કરીને વસ્તુપાળ અને તેજપાળનાં પરાક્રમો અને શુરવીરતા તો જાણીતી જ છે પણ તેમની વિદ્વત્તા, ન્યાયપ્રિયતા, સંસ્કારિતા, રસિકતા તેમ જ વિશાળતાનાં જે અનેક દૃષ્ટાન્તો તેમના જીવન-ચરિત્રમાં ભર્યાં પડયાં છે તે ઉપર તો તેઓ કેવળ મુગ્ધ જ બની ગયા. તેમણે તેમના જીવનની આખી કથા મને સંભળાવી અને મને પણ ઘણી નવી જ વાતો જાણવા મળી 'આવી અપૂર્વ જીવનકથા ગુજરાતને ચરણે ગુજરાતી પ્રજા ઝીલે તેવા આકારમાં મારે ધરવી જ જોઇએ' એમ તેમના દિલમાં થઇ આવ્યું અને આ ભાવનામાંથી 'ગુજરાતનો જય' અને તેના અનુસંધાનમાં હવે પછી પ્રગટ થનારાં પુસ્તકોનું નિર્માણ થયું. આ વાતચિત દરમિઆન જૈનોના ગૌરવ ભર્યા ઇતિહાસ માટે તેમનું દિલ મેં ખૂબ ઉછળતું જોયું અને એ ઇતિહાસની ઉજ્વલતાને બહાર લાવવી એ તો પોતાનું જ કાર્ય ગણાય એવું મેં તેમનામાં મમત્વ જોયું. આ સામે ભાઇ મેઘાણી જૈન સમાજ અને ધર્મના વિરોધી અને દ્વેષી હોય એવા આકારમાં તેમને રજુ કરતા બે ત્રણ લેખો 'જૈન યુગ' માં તેમ જ બીજા જૈન પત્રોમાં થોડા સમય પહેલા મારા જોવામાં આવેલા તે યાદ આવ્યા અને આપણી કેવળ સંકુચિત અને સાંપ્રદાયિક દૃષ્ટિ ઐતિહાસિક સત્યોને તેમજ નવલકથાની રચના માટે જરૂરી છુટછાટને સહન કરી શકતી જ નથી, ચાલુ પરંપરા અને માન્યતાથી જુદું પડતું કાંઇક દેખે છે તો ભડકી ઉઠે છે અને ધર્મના નામે કોલાહલ કરી મુકે છે અને કોઇ પણ સમાજને શોભાવે અને ગૌરવ આપે એવા આપણાજ માણસને સાચી કીંમતે બોલવવામાં ભારે અન્તરાયરૂપ બને છે-આ બાબતનો મને સચોટ ખ્યાલ આવ્યો.

ભાઈ મેઘાણીનો મોટો પુત્ર ચી૦ મહેન્દ્ર ક્રીસમસની રજાને અંગે બોટાદ આવેલો. તે હાલ કોલેજના પ્રથમ વર્ષમાં ભણે છે. વાત આશરે વાત નીકળતાં તેણે મને પૂછ્યું કે "મહાવીર જૈન વિદ્યાલયમાં બધા જૈન વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે કે માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓને ?" મેં જવાબ આપ્યો કે "માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓને જ" તેણે સામે પ્રશ્ન કર્યો કે "એમ કેમ ?" મેં ખુલાસો કર્યો કે "સંસ્થાનું બંધારણ એ પ્રકારનું છે." તેણે પુછ્યું કે "તે બંધારણમાં ફેરફાર થઇ ન શકે ? આવી સંસ્થા બીજા જૈન વિદ્યાર્થીઓનો બહિષ્કાર કરે છે તે તમને યોગ્ય લાગે છે ? મેં ઉત્તર આપ્યો કે "તે યોગ્ય તો નથી જ, પણ મહાવીર જૈન, વિદ્યાલયનું ટ્રસ્ટ ડીડ પણ એ પ્રકારનું જ છે અને નાણાં ભરનારાઓ પાસેથી નાણાં પણ એ સમજુતી ઉપર જ લેવામાં આવ્યા છે ત્યાં બીજું શું થઈ શકે ?" મહેન્દ્રે જણાવ્યું કે "તે ગમે તે હોય, પણ આવી એક જ વિભાગના વિદ્યાર્થીઓને લેનારી સંસ્થામાં તમારે ભાગ ન લેવો જોઇએ." મેં ખુલાસો કર્યો કે "કેળવણીની સંસ્થા છે તેથી કેળવણીના કાર્યમાં જેટલા ઉપયોગી થઇ શકાય તેટલા થવું એટલો જ મારો ઉદ્દેશ છે" આનો તેણે કાંઇ જવાબ ન વાળ્યો, પણ મારા ખુલાસાથી તેને કાંઇ સંતોષ થયો હોય એમ મને ન લાગ્યું.

આમ કેટલાક કલાક ભાઇ મેઘાણી તથા તેમનાં કુટુંબીજનો સાથે ગાળીને તથા તેમનું ભાવભર્યું આતિથ્ય ભોગવીને હું નિંગાળા પાછો આવ્યો. નિંગાળાના અધિવેશન પુરૂં થવા બાદ ભાવનગર આવ્યો. ભાવનગર બહુ થોડું રહેવાનું બન્યું તે દરમિયાન ત્યાં બે પ્રકારનાં પ્રદર્શનો ભરવામાં આવેલ હતાં તે જોવાનો લાભ મળ્યો.

એક તો સામળદાસ કોલેજમાં પ્રો. જોશીની પ્રેરણા અને દોરવણી નીચે વિદ્યાર્થીઓએ ઉભું કરેલું 'ગુજરાતી સાહિત્ય પ્રદર્શન'. આ પ્રદર્શનને (૧) પ્રાચીન યુગ (૨) નર્મદ યુગથી ગાંધીયુગ અને (૩) અદ્યતન યુગ-એમ ત્રણ વિભાગમાં ગોઠવવામાં આવ્યું હતું. પ્રાચીન યુગની સામાન્ય રીતે શરૂઆત નરસિંહ મહેતાથી કરવામાં આવે છે. તે પહેલા કેટલાય જૈન ગુજરાતી કવિઓ થઇ ગયા છે. પ્રસ્તુત પ્રદર્શનમાં તેમનાં નામો અને કૃતિનિર્દેશ પ્રાચીન યુગના પ્રારંભમાં જ કરવામાં આવ્યો હતો. ગુજરાતી સાહિત્યમાં રસ ધરાવનારાઓ માટે આખું પ્રદર્શન ભારે ઉપયોગી હતું. આ પ્રદર્શન ગુજરાતી સાહિત્યના પ્રારંભથી માંડીને આજ સુધીના સાહિત્યનું ભારે સુન્દર અને સચિત્ર વિહંગાવલોકન રજુ કરતું હતું. ગુજરાતી સાહિત્યના ઇતિહાસની છુટી છુટી કડીઓને સાંધીને ત્રણ ચાર સૈકાઓને આલેખતું એક સમગ્ર ચિત્રદર્શન કરાવવાનો અને વિસરાતી જતી માહીતીઓને સજીવ કરવાનો આ સ્તુત્ય પ્રયાસ હતો. અલબત્ત, આ પ્રદર્શનમાં મુખ્ય પ્રયોજકનાં વિચારો, વળણો તેમ જ અભિપ્રાયોની છાપ કેટલાક સ્થળે સ્પષ્ટ દૃષ્ટિગોચર થતી હતી પણ તે અનિવાર્ય હોઇને ક્ષમ્ય અથવા તો ઉપેક્ષાયોગ્ય લેખાવી જોઇએ. લોકોમાં સાહિત્યને લગતી માહીતીઓ ફેલાવવા માટે તેમ જ તેમને સાહિત્ય પ્રવૃત્તિઓનો સુગમ પરિચય આપવા માટે આવાં પ્રદર્શનો જ્યાં ત્યાં યોજાય એ ખરેખર ઇષ્ટ છે.

બીજું પ્રદર્શન લોકકેળવણી અને ગ્રામોદ્યોગને લગતું હતું. આ પ્રદર્શન સામાન્ય જનતા માટે ખૂબ જ ઉપયોગી હતું. આ પ્રદર્શનમાં દેશી કાગળ કેમ બનાવવા, ગાયના તેમ જ અન્ય જનવરોના મૃતદેહોના અવશેષોમાંથી કેટકેટલી દ્રવ્યોપાર્જક વસ્તુઓ નીપજાવી શકાય, ગાયોની ઓલાદ કેમ સુધારાય અને કેવી રીતે વધારે દૂધ આપતી કરાય, શિક્ષણ, આરોગ્ય, સામાજીક કુરૂઢિઓ પરનાં કટાક્ષચિત્રો, કાંતણ, વણાટ, આદી દેશી કારીગીરી, કાઠિયાવાડી ભરતકામ વગેરે અનેક વિભાગો ગોઠવવામાં આવ્યા હતા. ખાસ કરીને અમરેલી નજીકમાં આવેલ તરવડા ગામમાં કેટલાક કાર્યકર્તાઓએ એક ચર્માલય ઉભું કર્યું છે અને જે મરેલાં જનવરોને પાણીના મુલે ફેંકી દેવામાં આવે છે એના દેહાવશેષોમાંની જુદી જુદી વસ્તુઓને વૈજ્ઞાનિક રીતે કેળવીને તેમાંથી કેમ વધારે દ્રવ્યોપર્જન થઇ શકે તે દિશાએ એક ભારે સ્તુત્ય પ્રવૃત્તિ આદરી છે અને તે તરફ ઢેડ ભંગીઓને વાળવા અને કેળવવાના પ્રયત્ન ચાલી રહેલ છે. આ ચર્માલયના સંચાલકો સવર્ણ હિંદુ યુવાનો જ છે. એ ચર્માલયની પ્રદર્શિત વિગતો ખૂબ ધ્યાન ખેંચે તેવી હતી. લોકો ટોળે ટોળા મળીને આ પ્રદર્શન જોવા આવતા અને ખુબ રસથી બધું જોતા, વાંચતા અને સાંભળતા આવાં પ્રદર્શનો લોકકેળવણીનું એક અનુપમ સાધન છે અને અનેક વિષયોમાં લોકોને નવી દૃષ્ટિ આપે છે.

કાઠિયાવાડનો આ નાનો સરખો પ્રવાસ જાન્યુઆરીની ત્રીજી તારીખે પુરો થયો. તેની સ્મરણયાત્રા પણ હવે આપણે અહિં જ પુરી કરીએ.

પરમાનંદ.

આપણી પાંજરાપોળો અને ગોશાળાઓ.

(ગતાંકથી ચાલુ)

વર્ગીકરણ અને ખસી અનિવાર્ય

એટલે આજના આપણા આખા પશુપ્રશ્નનો ઉકેલ આ દૃષ્ટિએ આપણે શોધવો રહ્યો છે. એક બાજુએથી આપણી જીવદયા સંસ્થાઓમાં આપણી આંધળી શ્રધ્ધાને પરિણામે વેડફાતી દ્રવ્યસામગ્રીને જેમ બને તેમ અટકાવી આપણા દાનધર્મના પ્રવાહોને આપણે દેખતી શ્રદ્ધાની દિશાઓમાં વાળવા રહ્યા છે, અને બીજી તરફ આપણી પશુસંસ્થાઓમાં વર્ગીકરણનું તત્ત્વ દાખલ કરી અર્થદૃષ્ટિએ કીમતી અને બિનકીમતી એવાં ગાય-ગોવંશનું નોખનોખે ધોરણે પાલન-સંવર્ધન કરવું રહ્યું છે. બાળકોને માટે શીતળા કઢાવવાનું જેમ ફરજિયાત હોય છે તેમ વંશવૃધ્ધિને સારૂ પૂરી લાયકાત ન ધરાવનારા એકેએક વાછરડાને અમુક ઉમ્મરની અંદર ખસી કરવાનું ધોરણ ગોપાલનની એક અનિવાર્ય શરત તરીકે આજે આપણે સ્વીકાર્યે જ છૂટકો છે. આમ કર્યા વિના આપણા દેશમાં ગોસેવાને સારૂ કશું ભવિષ્ય જ નથી એવો મારો દૃઢ અભિપ્રાય છે. ધાર્મિક અગર આર્થિક કોઇ પણ ધોરણે ચાલતી પશુસંસ્થામાં ગોવંશ પરત્વે આ ખસીની નીતિ સ્વીકાર્યા વિના આજે આપણો આરો નથી એમ હું જોઉં છું. આજે ઘણાંખરાં ધાર્મિક મંડળોમાં પણ આ નિષ્ઠુર સત્ય સૌ કોઇ સમજ્યું છે, પણ તેનો જાહેરપણે ઉચ્ચાર કે અમલ કરવાનું મનોબળ અને ધૈર્ય આપણામાં નથી. રાજ્યો અને રજવાડાઓમાં આ નીતિ સ્વીકારાતી જાય છે. કયાંક કયાંક કાયદેસરની ફરજરૂપે પણ એનો અમલ થવા લાગ્યો છે ભાવનગર જેવાં રાજ્યો એ નીતિના સ્વીકાર પછી અમુક વર્ષોમાં બેહદ આલમને થયેલા લાભોનો આંકડા સાથે પ્રચાર કરી આ સુધારાને લોકપ્રિય કરવા મથે છે. પણ દેશકાળ સામું જોયા વગર જરીપુરાણો ધર્મમાન્યતાઓનાં મૂઆં મડાં ગળે વળગાડીને ફરનારા આપણે છાતી કાઢીને એને અપનાવી શકતા નથી. ઘણે ઠેકાણે રાજ્યો મહાજન સામી આંગળી ચીંધે છે અને તેના તરફથી પહેલની આશા રાખે છે. મહાજનો રાજ્ય કાયદેસરની ફરજ નાંખે એવું માગે છે. રાજ્યમાં શું કે પ્રજામાં શું, પોતપોતાના અંગત વહેવારમાં તો રાજ્યોમાં તેમ જ ભલભલાં જૈન-વૈષ્ણવ મંડળોમાં પણ ચીપિયાથી ખસી કરવાની સાવ નિર્દોષ અને નરદમ દુઃખ-દરદ વિનાની પદ્ધતિ દાખલ થઇ ચૂકી છે. સંસ્થાઓમાં પણ ઘણે ઠેકાણે પાછલે બારણેની પ્રવૃત્તિ કરવામાં સંચાલકો બાધ ન માનતા થયા છે. 'દેખ્યાનું ઝેર છે ભાઇ, એના ફાયદાથી થોડું જ હવે કોઇ અજાણ્યું છે? તમે કહો છો તે સાવ સાચું છે. સોનામહોર જેવું. થશે આસ્તે આસ્તે બધા સુધારા. બોલીને શા સારૂ બગાડો છો? કામ કર્યે જાઓને મારા ભાઇ. અમારે ત્યાં શું, કે બધે શું. કામ કરવાની તમને કોણ ના પાડે છે? તમારે કામ જોડે કામ છે કે ટપટપ જોડે?' આવી ડાહી વાતો કહેનારા ગોસેવા-સંસ્થાના સંચાલકોનો અનુભવ હવે તો આપણને સૌને જ થઇ ચૂક્યો છે. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે આ માર્ગે કામ નહિ સરે. કેટલાંક અનિષ્ટો જ એવાં હોય છે, કેટલાક સડા જ એવા હોય છે-જેમકે અસ્પૃશ્યતા આભડછેટ-કે તેના ઐતિહાસિક ઊગમ ગમે તે હોય તોપણ આજે સામે ચાલીને તેના કપાળમાં રીધો ઘા કર્યા વગર તેનું નિવારણ થવાનું નથી. ખસીને અભાવે નિરૂપયોગી ઢોરની પેદાશ અને બોજો જે હિસાબે આજે દેશ પર વધી રહ્યો છે તેની ગણતરીએ નરી સમજાવટથી અને મરજિયાત લોકમતપરિવર્તનથી એને રોકીને જરૂરી મર્યાદાની અંદર આણવાનું અશક્યવત્ છે. ગતાનુગતિક પ્રજા કદી આપમેળે પહેલ કરવાની નથી. એકબીજાના મોં સામું તાકતી રહેશે ને કહેવા જનારને બીજા પાસે જઇ પહેલ કરાવવા કહેશે. એટલે આ ખસીની નીતિને બીજા કોઇની વાટ ન જોતાં, કોઇના મોં સામું ન જોતાં અને દાનની સેર-સરવાણીઓ સુકાઇ જશે એવી આશંકા મનમાં ન આણતાં, દરેક ગોસેવકે અને ગોસેવા-સંસ્થાએ સ્વીકારવી જોઇએ. બલ્કે દરેક ગોપાલક સંસ્થામાં એના સંચાલનની એક અનિવાર્ય શરત તરીકે એ રહેવી જોઇએ એવો મારો નમ્ર અભિપ્રાય છે.

ચર્માલયો

આવો જ બીજો અનિવાર્ય અને અતિ મહત્ત્વનો પ્રશ્ન છે ચર્માલયોનો. બલ્કે મૂએલાં ઢોરના તમામ પાર્થિવ અવશેષોનો આર્થિક ઉપયોગ કરવાનો. આજના પશુપ્રશ્નનો ઉકેલ દુગ્ધાલય+ચર્માલય એ બેઉ પાસાં ખીલવવામાં રહેલો છે. એક જ નાણાની એ બે બાજુઓ છે. એકલા એકથી કામ નહિ સરે. ચર્માલયોનો અને મૂએલા ઢોરનાં હાડ, શિંગ ઇ૦ અવશેષોનો આર્થિક ઉપયોગ કરવાની અગત્ય અને અનિવાર્યતાનો આ પ્રશ્ન આપ સૌથી હવે અજાણ્યો રહ્યો નથી. એનું મહત્ત્વ હવે સૌ સમજતા થયા છીએ અને છતાં જૂના સંસ્કાર નાનામોટા સૌ ઉપર એવા તો દૃઢપણે જામેલા છે કે ગોશાળાઓ અને પાંજરાપોળોમાં મરતાં પશુઓનાં હાડચામ, માંસ, રૂધિર અને બીજા અવશેષોનો આર્થિક ઉપયોગ કરવાની વાત સાંભળતાં જ આપણને કમકમાં આવે છે ને આપણું મોં કટાણું થાય. એમ તો આપણે આપણી ગોસેવા-સંસ્થાઓમાં અધિકારને સ્થાને બેસીને વગર સાણ સંકોચે સંસ્થાના વાર્ષિક ભામ-ઇજારાઓની ચર્ચા કરીએ છીએ. ઇજારાની રકમ વધારવા ખાતર ઇજારદાર જોડે રકઝક કરવામાં, ચામડાં ઉપરાંત ઢોર લઇ જનારને મૃત પશુનાં માંસ ચરબી ઇત્યાદિના રૂપમાં થતા બીજા લાભો હિસાબમાં ગણાવતાં આપણને સંકોચ થતો નથી. એવી વાતો કર્યા પછી અને ઇજારાના દસ્તાવેજ પર સાક્ષ-મતું કરાવ્યા પછી છાંટ લેવાની પણ જરૂર આપણને ભાસતી નથી. પણ ચામડાની આવકની પેઠે જ મૃત પશુનાં માંસ, હાડકાં, શીંગ, સ્નાયુ, ચરબી ઇ૦નો પણ દેશની સંપત્તિ નિપજાવનાર કામોમાં રીતસર ઉપયોગ થાય. તેનાં મુડદાલ માંસનો ખેતીવાડીને સારૂ કીમતી ખાતર ઇ૦ રૂપમાં ઉપયોગ થાય. તેનાં શીંગ સ્નાયુઓ ઇ૦માંથી તાંત, સરેસ, ગ્લિસરીન, બટન, દાંતિયા, હાથા જેવી સંપત્તિ નિર્માણ થઇને એની આવક ઊભી થાય, એવી દરખાસ્ત સાંભળતાં જ આપણે થથરી ઊઠીએ છીએ. બહુ અદબપૂર્વક મારે આપને જણાવવું છે કે ગોવંશનાં ચામડાંની આવક કરનારને તેના ઇતર અવશેષોની ઊપજ ગાયની રક્ષા અને પાલનના હિતમાં કરવાનું સૂચવવું એમાં આભ તૂટે એવું કશું જ સૂચન નથી. ગાય અને ગોવંશનો આર્થિક હિસાબે પરવડતા જીવ તરીકે નિભાવ કરવાના એકેએક રસ્તા જ્યારે ધડાધડ બંધ થતા જાય છે, તેવે નિભાવ કરવા રાતદિવસ મથનારા બેહૂદા કે સેવા-સંસ્થાઓના બોજા અને તેમની મુશ્કેલીઓ ચોમેરથી વધતી જાય છે, એવી વસમી વેળાએ એ પશુઓની જીવતે કે મૂએ જે ખુલ્લી કિંમત છે તે વેડફી મારીને કે બીજાઓને લૂંટવા દઇને આપણે નર્યાં ગોમાતાનાં દુઃખ રડતા ફરીએ એનાથી આજની સ્થિતિ કઇ રીતે સુધરવાની છે?

હિંદુધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે અતિ આદર ધરાવનાર એક મિત્રે એક વાર મને કહેલું કે, સગવડિયા ધર્મપાલનની દૃષ્ટિએ કોઇ પણ જાતની વસમી પરિસ્થિતિમાં બંધબેસતા થવાની અજબ કળા અને વ્યવસ્થા હિંદુઓ પાસે છે. એ સજ્જન મિત્ર તો પારકામાં કેવળ ગુણોને જ શોધનારા અને ગુણોને જ જોવા મથનારા ગુણગ્રાહક હતા, પણ મને એમના ઉદ્‌ગારોમાં ઉપાલંભ લાગ્યો. મને લાગે છે કે સગવડિયા ધર્મપાલનની વૃત્તિ એ આપણા સમાજજીવનનું ભૂષણ નહિ પણ દૂષણ જ છે. આપણા સંતોએ તો ધર્માચરણ જેને વહાલું છે તેને કપાળે કષ્ટ જ લખાયાનું ગાયું છે :

મહાકષ્ટ પામ્યા વિના કૃષ્ણ કોને મળ્યા,
ચારે જુગના જુઓ સાધુ શોધી.

કોંકણ રત્નાગિરી જિલ્લાના ચુસ્ત સનાતની પવિત્ર બ્રાહ્મણ કુટુંબના એક આજન્મ પ્રજાસેવક શ્રી. આપ્પાસાહેબ પટવર્ધન વર્ષો અગાઉ આ જ આશ્રમમાં મહાત્માજીએ સ્થાપેલી શાળાના છાત્રાલય-મુખી હતા. આજે વર્ષો થયાં હરિજન અને ખાદી પ્રવૃત્તિમાં તેઓ રોકાયેલા છે. મૃત પશુઓની ધનસામગ્રી કઇ રીતે પશુસેવાનાં કાર્યોમાં વાળી શકાય એનો સૂક્ષ્મ અભ્યાસ એમણે કર્યો છે. આપણી ઉપેક્ષાને કારણે આપણાં મૃત પશુઓની પાછળ પ્રજાના કરોડો રૂપિયા કેવા બરબાદ થાય છે ને પારકાના હાથમાં જાય છે, એ એમણે આંકડાપ્રમાણો આપીને સિદ્ધ કર્યું છે. આપણા દેશમાં આશરે દોઢથી બે કરોડ પશુઓ દર વર્ષે મરે છે. દરેક મૃત પશુ દીઠ ચામડાની આવક ઉપરાંત પાંચ પાંચ કે ત્રણ રૂપિયાની આવક બરબાદ થાય છે એમ ગણીએ તોપણ ૫-૭ કરોડની આપણી સંપત્તિ આપણે હાથે દર વર્ષે એળે જાય છે. આ ઓછામાં ઓછો હિસાબ મૂક્યો છે. આ જાતના વ્યવસાયોમાં રોકાયેલા નિષ્ણાતો પાસેથી મેં જાણ્યું છે કે દરેક શિંગાળાં મૃત પશુ દીઠ ચામડા ઉપરાંત ચરબી, માંસ, મરેસ, ગ્લિસરીન, હાડકાં, સ્નાયુ, શીંગ, ખરી, રૂધિર વ.ના રૂપમાં ૮ થી ૨૦ રૂપિયા સુધીની પેદાશ હોય છે. શ્રી. આપ્પાસાહેબ પટવર્ધનના બ્રાહ્મણ સ્નેહીઓએ તથા આપણા પ્રાંતમાં ગુજરાત વિદ્યાપીઠના અગ્રગામી નવયુવક અને આજન્મ હરિજનસેવક પતિતસેવાપરાયણ ભાઇ પરીક્ષિતલાલ મજમુદારની પહેલ હેઠળ વર્ષો પૂર્વે સ્થપાયેલા નવસારી હરિજન આશ્રમના નવયુવકોએ તેમ જ થોડાં જ વર્ષોથી કાઠિયાવાડના તરવડા ગામે બેસી ગયેલા બે ચાર યુનંદા નવજવાન કાર્યકરોએ આ બધું 'चक्षुर्वैसत्यं' સાબિત કરી આપ્યું છે. જે ઇચ્છે તે નજરે જોઇ આવે ને પોતાની ખાતરી કરે.

ગાય વિ. ભેંસ

ગોપાલન અને ગોરક્ષાના પ્રશ્નનો વિચાર કરવામાં ભેંસનો પ્રશ્ન વિચારણીય થઇ પડે છે. ભેંસ એ હું જાણું છું ત્યાં સુધી આપણા દેશનું જ દુધાળ પ્રાણી છે. યુરોપ વગેરે બીજા દેશોમાં ભેંસ જોવામાં આવતી નથી. એની દૂધ આપવાની શક્તિ ઘણી સારી છે. એક રીતે એ ઓછી સંભાળ માગે છે. ખાવા જાડું-ભરડું ઘાસ અને માંદણે પડવા કાદવ-ખાબોચિયું મળ્યું એટલે વગર તકરારે એ તમને જાડું દૂધ આપ્યાં કરે છે. છતાં બીજી રીતે ગાય ખડતલ અને ભેંસ સુંવાળું પ્રાણી છે. દુઃખદરદનો પ્રતિકાર કરવાની ભેંસની શક્તિ ગાયને મુકાબલે ઘણી ઓછી છે. રોગચાળાનો એ ઝટ શિકાર થઇ પડે છે અને ઝપાટાભેર ટોળે-ટોળાં સોથ વળી જાય છે. આથી સરવાળે એકલા દૂધ-ઘીની ગણતરીએ પશુપાલન કરનારાઓમાં ભેંસ પાળનારાઓ ગોપાલકોને મુકાબલે રિધ્ધિસિદ્ધિને પામ્યા જણ્યા નથી. શહેરોનાં દૂધ પૂરા કરનાર ગવળીઓમાં પણ જથ્થાબંધ જોવામાં આવતો નથી. લગભગ તબેલાવાળાઓ પણ અવારનવાર પડતા કુદરતી તેમ જ બીજા ફટકાઓને કારણે મહામહેનતે બે પાંસાં સરભર કરી ગાડા ગબડાવતા જોવામાં આવ્યા છે. આથી વધુ બરકત એ ધંધામાં જવલ્લે જ જોવામાં આવી છે. વળી હિંદ બહારના મુલકોમાં મોટે ભાગે ભેંસ છે જ નહિ, અને હિંદના ઘણાખરા ભાગોમાં પણ એનું દૂધ બાવાના ઉપયોગની ચીજ મનાતી નથી. હલવાઇઓને ત્યાં માવા-મીઠાઇને સારૂ જ એનો ઉપયોગ થાય છે. ગાય ઘરના બાળક જેવું ચંચળ વહાલસોયું પ્રાણી છે, જ્યારે કોયું જડ અને મંદ પ્રાણી છે. સામાન્યપણે અત્યારે ગાયની સરભરા-મણીમાં એ દૂધ વધુ આપે છે. પણ એની ઉપયોગિતા એટલેથી જ અટકે છે. એની નરઓલાદ ખેતીને સારૂ નિરુપયોગી છે. કોંકણ, મલબાર જેવા દરિયાકાંઠાના કે બંગાળ, આસામ જેવા પાણિયાળ ભેજભર્યા મુલકો સિવાય આપણા હિંદુસ્તાન દેશના બાકીના ઉષ્ણ પ્રદેશોમાં પાડા ખેતીમાં કામ આપી શકતા નથી. પાણી અને ભેજ વગરના પ્રદેશોમાં એ ઝાઝું જીવી જ શકતા નથી. હિંદ એ કૃષિપ્રધાન દેશ છે. ખેતી જ હજુ આજે પણ એની ૮૦ ટકા વસ્તીની જીવાદોરી છે. વળી મોટર એંજિન અને બીજળીની આપણા દેશમાં ચાહે તેવડી પ્રગતિ થાય તોપણ યાંત્રિક મદદથી હિંદનો ખેડૂત પોતાની વીઘું દોઢ વીઘું ખેતી કરતો થાય અગર તો ઘોડા કે ઊંટની આયાત કરીને તેની મદદથી એ ખેતી કરે એ સ્થિતિ હજુ બીજાં ૫-૫૦ વરસ સુધી તો અસંભવિત જ છે. બીજી બાજુએ ગાય આજે આપણી ઉપેક્ષાને દોષે ક્ષીણ હીણ, આર્થિક ગણતરીએ બોજારૂપ, અને નરી શુષ્ક પૂજાનો વિષય બની ગઇ છે. એના વાછરડાને આપણા ઉચ્ચ વર્ણોએ ખોટી જીવદયાના ખ્યાલે દોરવાઇ પોતાની પ્રતિષ્ઠાને જોરે મોટે ભાગે ખેતી માટે નકામા અને રખડતા બાંગરા કરી મૂક્યા છે. દૂધ તેમ જ ખેતી-ઉપયોગી બળદ એ બાબતમાં અતિ ઉપયોગી નીપજ આપનારી એકલી ગાય જ છે, ભેંસ નથી. તેથી જ આ કૃષિપ્રધાન દેશમાં એને રિધ્ધિસિધ્ધિની જનનીનું સ્થાન મળ્યું છે. જાડું અને વિપુલ પણ એકલું દૂધ જ આપનારી ભેંસ દેશની અર્થવ્યવસ્થામાં ગાયને તોલે આવી શકે એમ નથી. પણ આપણા કૃષિપ્રધાન દેશના અર્થકારણની દૃષ્ટિ ન ધરાવનાર અને એકલા દૂધ અને ઘીનાં લેખાં ગણનાર આપણા ભણેલા કે ઉજળિયાત વર્ગના લોકોએ ગાયને મુકાબલે ભેંસને કીમતી ગણી ગાયને આજની દુર્દશાએ પહોંચાડવામાં મોટો ફાળો આપ્યો છે એમ અતિ ખેદની સાથે કહેવું પડે છે.

(અપૂર્ણ)

સ્વામી આનંદ.

જ્યોતિ.

જેને પ્રભુ એહા છે હૈયે, તેને હોય કશા જગબંધ ?
જેને ડગલાં ભરવાં વાટે, તેને ભાર કશા નિજ સ્કંધ ?
જ્યોતિ છે જેનારા માટે, કયાંથી જોશે જે જન અંધ ?
વીરા ! રખે ડગવતા પાય !

જેને સૂવું છે અંધારે, તેને સૂવા દો અહીં આજ;
એની આંખ ઊઘડશે ત્યારે એને પણ સમજાશે કાજ;
રે હો જ્યોતિનાં સંતાનો ! તમને તો જ્યોતિનું રાજ !
વીરા ! જ્યોતે જ્યોત જગાય !

અ. ફ. ખબરદાર.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

ત્રીજી બાબત એ ધ્યાનમાં રાખવાની રહે છે કે કોઇ પણ શહેરવાળા કોઇ પરિષદ ભરવાનું માથે લે છે ત્યારે પરિષદના ખર્ચને પહોંચી વળવાનો પ્રશ્ન જ રહેતો નથી; કારણ કે કોઇ પણ શહેરમાં આવા ખર્ચને પહોંચી વળે તેવા ધનવાનો પુરતા પ્રમાણમાં હોય છે. ગામડામાં અધિવેશન ભરવું હોય ત્યારે દ્રવ્યની પુરવણી મોટે ભાગે બહારથી જ કરવાની રહે છે.

આવી કેટલીક મુશ્કેલીઓ ગામડાના અધિવેશન સાથે જોડાયલી છે જ. કોઇ પણ ગામડામાં કોઇ અધિવેશન ભરવાનો વિચાર કરવામાં આવે ત્યારે ધ્યાનમાં રહે એ આશયથી આટલી વિગતો અહિં ચર્ચવી જરૂરી ધારી છે. **પરમાનંદ.**

* * * *

[નિંગાળા અધિવેશનના આગે આજ બાબતનો જેમને તાજો જ અનુભવ છે એવા શ્રી મણિભાઈ આ પ્રશ્ન સંબંધે નીચે મુજબ જણાવે છે.]

આપણી રાષ્ટ્રીય મહાસભાએ ગામડામાં પોતાના અધિવેશનો ભરવા માંડયાં અને જંગલમાં મંગળ કરી શકવાની તાકાતનો પરિચય જનતાને કરાવ્યો, ત્યારથી ગામડામાં અધિવેશનો ભરવાની ઘણાને રઢ લાગી. પણ તેમાં કેટલીક મુશ્કેલીઓ રહેલી છે તેનો ઘણા ખરાને ખ્યાલ સરખો હોતો નથી. મહાસભાની તાકાત, તેની શક્તિ અને તેના પ્રત્યે પ્રજાની જાનફેશાનીથી જંગલમાં મંગળ કરી શકે છે, પણ નાની શરખી કોમો માટે એ કાર્ય ઘણું જ મુશ્કેલ છે. હજારો માણસના સમુહને એક સ્થળે ભેગો કરવો અને તેની સઘળી પ્રકારે સગવડતા સાચવવી ઘણું જ અઘરૂં છે. નાના ગામડાંઓમાં સૌથી પહેલાં તો પાણીની ખુબ જ તાણ હોય છે. તેના કુવાઓમાં કે તળાવોમાં પુરતાં પાણી હોતાં નથી. સપાટ અને ખુલ્લી એક સરખી એક જ ધણીની માલીકીની જમીન પણ હોતી નથી. ગામડાના લોકો હાલની પદ્ધતિ મુજબ સગવડ સાચવવા માટે ટેવાયેલા હોતા નથી. વળી આવનાર હજારો માણસનો સમુહ ગામડાની રીતભાત તથા સગવડમર્યાદાથી જાણીતો હોતો નથી. તેને મોટાં ગામો અને શહેરોમાં મળતી દરેક પ્રકારની સગવડ ગામડામાં પણ જોઇએ છીએ. એટલે ગામડામાં અધિવેશન ભરવાની હોંશ રાખનાર ભાઇઓએ ખુલ્લી સપાટ જમીન, મનુષ્ય મેદનીને પુરૂં પાડી શકાય તેવી પાણીની જોગવાઇ, આરોગ્ય અને સ્વચ્છતાના નિયમ મુજબ રહેવાની અને જમવાની સગવડ—આટલી વ્યવસ્થા તો કરવી જ જોઇએ. આ ઉપરાંત ગામના લોકોનો સંપૂર્ણ સહકાર પણ હોવો જ જોઇએ. આટલી બાબતોની પુરી અને ચોકસ ખાત્રી કરી લીધા પછી જ ગામડામાં અધિવેશન ભરવાની જોખમદારી લેવી ઘટે છે. આપણા નિંગાળા અધિવેશનની સફળતામાં ભાવનગર રેલવેના અને રાજ્યના અધિકારીઓનો સહકાર એ મુખ્ય બાબત હતી. વળી સપાટ અને ખુલ્લી જમીન, પુષ્કળ પાણીના ત્રણ કુવાઓ અને આસપાસનાં ગામડાના ભાઇઓનો સંપૂર્ણ સહકાર આ બાબતોએ જ તેની સફળતામાં મોટો ફાળો આપ્યો હતો. આવો સહકાર અમને ન મળ્યો હોત તો અમો જે સંતોષકારક રીતે અધિવેશન પાર પાડી શકયા તે ન જ કરી શકત. માટે ગામડામાં અધિવેશન ભરવા માટે તૈયાર થનાર ભાઇઓએ આ બધી મુશ્કેલીઓનો વિચાર કરવો અને બધી ગણત્રી કરી લીધા પછી જ આવું કાર્ય માથે ઉપાડવું યોગ્ય ગણાય. નાનાં ગામો કરતાં મોટાં ગામો અથવા તો તાલુકાદારી ગામોમાં વધુ સગવડતા મળી શકે તેમ હોય છે. ઉપરાંત એવાં અધિવેશનોમાં આસપાસના નાના ગામડાના ભાઇઓમાં જો પ્રચાર કરવામાં આવે તો તેઓ પણ સારો ભાગ લેવાને આકર્ષાય. આ બધું જોતાં નાનાં ગામડાં કરતાં મોટાં ગામોમાં અધિવેશન ભરવું વધારે સગવડભર્યું અને આવકારદાયક બને એમ હું માનું છું. **મણિલાલ મોકમચંદ શાહ**

કોમી પરિષદો

મારી એક વખત એવી માન્યતા હતી કે કોમી પરિષદો પોતપોતાની કોમના અંગત પ્રશ્નો વિચારવા ઉપરાંત વિશાળ એકતા તેમ જ સમગ્ર રાષ્ટ્રના રચનાત્મક કાર્યક્રમનાં અનેક અંગોને પૂરક એવું ઘણું કામ કરી શકે અને તેથી રાષ્ટ્રીય ભાવનાને આગળ રાખીને કાર્ય કરતી કોમી પરિષદો રાષ્ટ્રહિતની બાધક નહિ પણ પુરેપુરી સાધક બની શકે. પણ વધારે અનુભવ અને અવલોકન ઉપરની માન્યતાને પુષ્ટ કરવાને બદલે ઢીલી પાડે છે. કોઇ પણ કોમી પરિષદ એકઠી મળે છે ત્યારે તે પોતાની જ કોમના હિતાહિત સિવાય સર્વસામાન્ય કોઇ ઉદ્દેશ કે કલ્યાણ પ્રવૃત્તિ ઉપર પોતાનું ધ્યાન કદિ એકત્ર કરી શકતી જ નથી અને કદિ આવી બાબતો ઉપર ઠરાવો કરે છે તો તે કેવળ ઉપરછલ્લા અને દિલવિનાના હોય છે. તે કેળવણીપ્રચાર, કે બેકારીનિવારણ જેવા વ્યાપકપ્રશ્નો ચર્ચે છે તો પણ તે કેળવણીપ્રચાર કે બેકારીનિવારણની તેની યોજનાઓ પોતાની કોમના માણસો પુરતી જ હોય છે. એક મોટા સમાજના ચોકકસ વિભાગની પરિષદ હોય તો તે વિભાગી પરિષદમાં જે સમાજની પોતે શાખા છે તે સમાજમાં પરસ્પર એકતા સાધવાની વાતને પણ કશું સંગીન ઉત્તેજન મળતું જ નથી. આ બાબત કેવળ જૈન સમાજને લાગુ પડતી નથી; પણ હિંદુ મહાસભા કે મુસ્લીમ લીગ જેવી મોટી સંસ્થાઓ પણ આજ સંકીર્ણતાની ભોગ બનેલી દેખાય છે. આવી મોટી સંસ્થાઓ વળી પોતપોતાની કોમના રાજકરણી હકકો અને અધિકારો જાળવવા અને ઝુંટવવાની ગડમથલમાં હોય છે, તેથી ત્યાં તો કોમી ઝેરવેરનું ભારે તાંડવ ચાલ્યા કરે છે અને એક એકથી ચડિયાતાં ઝનુની ભાષણોની હરીફાઇ ચાલે છે. આવી કોઇ પણ પરિષદમાં આખા દેશની દૃષ્ટિએ પોતાની કોમને કેળવવાનો, આગળ લઈ જવાનો કે રાષ્ટ્રપ્રગતિના વિરોધી, સામાજિક બંધનોથી મુકત કરવાનો કોઇ પણ પ્રયાસ હાથ ધરવામાં આવતો જ નથી. 'મારી કોમ અને મારી કોમના બીરાદરો' એજ વાત અને એજ વિચારના આન્દોલનો જ્યાં ત્યાં અથડાય છે. આ બધું જોતાં રાષ્ટ્રવાદી કોઇ પણ સજ્જન માટે આવી કોમી પરિષદમાં કેટલું સ્થાન છે અને કાર્ય કરવાનો કેટલો અવકાશ છે એ પ્રશ્ન વિચારવા જેવો બને છે. **પરમાનંદ.**

સંઘના પુસ્તકાલયને ૨૫૦ પુસ્તકો ભેટ.

ભાવનગર ખાતે કેટલાક જૈન યુવાન મિત્રોએ મળીને કેટલાંય વર્ષો પહેલાં શ્રી જૈન ધર્મ પ્રબોધક સભા નામની એક સંસ્થા સ્થાપેલી. આ સંસ્થા ભાષણશ્રેણીઓ ચલાવતી અને નવા વિચારોનો સારો પ્રચાર કરતી. એ મિત્રોની મંડળી કાળાન્તરે છુટી પડતી ગઇ અને સંસ્થા નિષ્ક્રિય દશાને પામી. આજે તો એ સસ્થા નામશેષ રહી છે. તેનો વહીવટ જેમના હાથમાં હતો તેઓ—શ્રી. વલ્લભદાસ ત્રીભોવનદાસ ગાંધીએ અને શ્રી. ગુલાબચંદ આણંદજીએ પ્રસ્તુત સભાની માલેકીના ૨૫૦ પુસ્તકો ભાવનગર કશા પણ ઉપયોગ વિનાના પડયા હતા તે સંઘના પુસ્તકાલયને ભેટ મોકલવા કૃપા કરી છે. આ માટે તે બન્ને ગૃહસ્થોનો તેમ જ તે સભાનો મુંબઈ જૈન યુવક સંઘ ઉપકાર માને છે.

અમીચંદ ખેમચંદ શાહ.
મંત્રી. સાર્વજનિક પુસ્તકાલય.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

ફેબ્રુઆરી ૨૮ ૧૯૪૧

શ્રી. શ્વે. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ

આજે રાષ્ટ્રિય ભાવના જ્યાં દેશભરમાં પ્રબળ થતી જાય છે તેવા સમયમાં એક સાંપ્રદાયિક પરિષદની અગત્ય શી? આ પ્રશ્ન ઘડીભર પ્રજ્ઞ પૂછે તો નવાઇ નહિ. જેમ દેશભરને પોતાના સામાન્ય પ્રશ્નો અને સમસ્યાઓ હોય તેમ દરેક સંપ્રદાય કે જ્ઞાતિને પણ પોતાના વિશેષ પ્રશ્નો અને સમસ્યાઓ હોય છે અને જ્યાંસુધી આ વિશેષ પ્રશ્નોનો નિકાલ અને તોડ ન કાઢી શકાય ત્યાંસુધી સામાન્ય રાષ્ટ્રીય પ્રશ્નોની નજદીક પણ આપણાથી પહોંચી શકાતું નથી. "વ્યકિત તે જ્ઞાતિ કે સંપ્રદાયની અને જ્ઞાતિ કે સંપ્રદાય દેશની નાનીશી મૂર્તિ છે" તે મુજબ આ નાની મૂર્તિરૂપી સંપ્રદાય પણ મહાન દેશની સુરેખ મૂર્તિ બની શકે તે માટે તેના વિશેષ પ્રશ્નોની છણાવટ કરવાની અને તે દ્વારા વ્યક્તિગત જીવનને તૈયાર કરી પ્રબળ અને સબળ માનવી તરીકે રાષ્ટ્રમાં ઉભા રહેવાની પણ જરૂરિયાત છે. આ દૃષ્ટિએ સાંપ્રદાયિક પરિષદોનું મહત્ત્વ છે.

શ્રી. શ્વે. સ્થાનકવાસી જૈનોને પણ અન્ય સંપ્રદાયની માફક પોતાના સામાજીક, ધાર્મિક અને આર્થિક પ્રશ્નો છે જે સમયે સમયે વિચારણા, સુધારણા, અને પરિવર્તન માગી લે છે. જો સમજપૂર્વક, ચોકસ હેતુપૂર્વક, યુગદૃષ્ટિને આંખ સમક્ષ રાખી કાર્ય કરવામાં આવે અને યોગ્ય પુરૂષના નેતૃત્વને પ્રાપ્ત કરી શકાય તો જરૂર ભિન્ન ભિન્ન વ્યકિતઓનો બનેલો સમુદાય એક સ્વરૂપે દેશના મહાન યજ્ઞમાં પોતાનો પણ સુંદર ફાળો આપી શકે. દેશ માટે અને આગળ વધીને કહું તો માનવ સમાજ માટે એકાદ નાનકડો સમુદાય તૈયાર કરવાની ભાવના જો પરિષદના મૂળમાં હશે તો સમાજનું કલેવર મજબુત અને શોભાસ્પદ બની શકશે. માત્ર નાના વાડાના અને તે નિભાવવાના ખ્યાલે કરેલું કામ દીપી શકશે નહિ. તેમાંથી મહાન ઉદ્દેશ કદી સાધી શકાશે નહિ.

જૈનદર્શન એ વિશ્વદર્શન છે અને જગતને એક સાંકળીથી સાંકળી માનવતાનું વર્તુળ પૂર્ણ કરવું તે તેનું એકનું એક ઉચ્ચ ધ્યેય છે. કમભાગ્યે આજે તે માનવતાના મહાન માર્ગમાંથી નાના કુંડાળામાં પડી ગયેલ છે. અને સનાતન અને શાશ્વત સત્યને ચુકી ક્રિયાકાંડોની આંધીમાં અટવાઇ ગયો છે. એટલે તે પોતાનું એકાકી વાસ્તવિક સ્વરૂપ તજી કણ જેવો નાનકડો થતો ગયો છે. આ નાનકડું સ્વરૂપ વિકસાવવું–તેના ભિન્ન ભિન્ન કણોને એકઠા કરી પુનઃ મૂળ સ્વરૂપ "પિતા મહાવીરનો દીન દયા સંઘ" પ્રાપ્ત કરી જગતને—ભાન ભૂલ્યા જગતને–વિશ્વબંધુતાનો રાજમાર્ગ બતાવવો–તે જૈનધર્મનું એક અગત્યનું કાર્ય આજે તરવાર અને તોપ, સંહાર અને સત્યાનાશીના જમાનામાં જરૂરનું છે. આવા મહાન કાર્ય માટે કેટલીક વ્યકિતઓ તૈયારી કરવા ચુંટીઓ તજવા; અને અનેકવિધ વિકાસના માર્ગોનું ચિંતન અને સૂચન મેળવવા આજે એક છત્ર નીચે ભેગી મળે છે આ આપણી પરિષદ અને તેનો હેતુ.

આજનું આપણું જીવન અનેક ચુંટીઓથી ભરેલું છે. અનેક પ્રકારની વિચારણા, સુધારણા અને યોગ્ય દોરવણી સકળ સમાજ માગે છે. વિકાસના નવાં દ્વારો ખોલવાની જરૂરિયાત પુરેપુરી છે. આવા બધા પ્રશ્નો ઉપર ઠરાવ કરવા માટે જ નહિ પણ સમાજ જીવનનું ઘડતર કરવા માટે પુખ્ત છણાવટ કરવા એકઠું થવું અતિ જરૂરનું છે. આવા અગત્યના કાર્ય માટે દોરવણી આપનાર એક તત્વ હંમેશા આપણી વચ્ચમાં જ વસે છે અને તે તત્વ તે આપણા સાધુઓ. ગુરૂઓ એટલે સમાજને દોરનાર યુગને ઘડનાર યોગીઓ. આ તત્વની પ્રાથમિક તૈયારી એટલે સમાજને દોરનારા મહાન્ તત્વની તૈયારી જ સમજવાની!

સાધુસમાજ, યોગીસમાજ કે ગુરૂસમાજને પણ સમયની ઝેરી ટુંક લાગી છે. તેની અસરે તેના જીવનની ઉન્નત ભાવનાને ઢીલી કરી નાંખી છે. અનેક જાતની શિથિલતાઓ મહાવીરના એ ભેખધારીઓમાં આવી ગઈ છે. આ ઢીલાપણું તજી સમાજના સાચા દોરનારા ગુરુઓ બનવા સાધુ સમાજે પહેલી તૈયારી કરવાની રહે છે જેથી આંધળા ગુરૂઓના ચેલાઓ ખાડામાં પડતાં બચી જાય. આ કાર્ય માટે સંપ્રદાયના ઇતિહાસમાં અજોડ એવો પ્રબળ પ્રયાસ અજમેરના અધિવેશન વખતે કરવામાં આવ્યો હતો. તે પ્રયાસે ભલે બીજું કંઇ કાર્ય ન કર્યું હોય તોપણ જૈન સમાજને તેની સાધુદુનિયાનું સાચું ભાન કરાવ્યું છે અને તે દુનિયા પણ કેટલું નક્કર પરિવર્તન અને પુનર્જીવન માગી રહેલ છે તે બતાવ્યું છે, સાધુ અને સંસારીઓને સુધારણાના ક્ષેત્રમાં વધુ નજદીક આણ્યા છે. સાધુઓ પોતાનું ખરૂ સ્વરૂપ જગત પાસે પ્રકટ થઇ ગયેલું જાણી ચેતી ગયા છે. આ પરિષદ સાધુસુધારણાના મહાન્ કાર્યને જરૂર વેગ આપશે એમ માનવામાં આવે છે. સાધુઓના પ્રશ્નોથી સમાજ કે સંપ્રદાયે જરા પણ ગભરાવાની જરૂર નથી. તે પક્ષ નિર્મળ કર્યેજ આપણો ઉદ્ધાર છે; કારણ કે આપણે સાધુમાર્ગીઓ છીએ અને સાધુઓ જ આપણું અવલંબન છે એમ આપણે સ્વીકાર્યું છે. સાધુઓ પોતે આજે પોતાના પ્રશ્નની ચોખવટ અને દૃષ્ટિ નિર્મળ કરવા માગે છે. કારણ કે તેને પણ ભયંકર ભાવીના ભણકારા સંભળાય રહેલા છે. તેવા સમયે જીવનની અનેક દિશાનો અનુભવ ધરાવનારા સંસારીઓએ યોગ્ય દોરવણી આપવાની રહે છે.—આ પરિષદ આ વાત ન ચૂકે તેમ ભલામણ છે.

બીજા પ્રશ્નો સાંસારિક સમાજને લગતા છે. આ પ્રશ્નો અંતિમ ધ્યેયની પૂર્વભૂમિકા જેવા છે. એટલે જ્યાં સુધી મૂળમાં પડેલા પ્રશ્નોનો ઉકેલ ન આવે ત્યાં સુધી અંતિમ ધ્યેય "ધાર્મિક કલ્યાણમય, શાંતિમય જીવન" કદી ફૂલિત નહિ થાય.

સામાજીક બદીઓ, કેળવણીનો અભાવ, શકિતનો વ્યર્થવ્યય, સાંપ્રદાયિક સમાજમાં ખેલદીલીની ખામી, બેકારી અને ક્ષેત્રની સંકુચિત મર્યાદાઓ ખરા ધાર્મિક જીવનની આડે આવનારા અંતરાયો જ છે. આ અંતરાય ભેદી ક્ષિતીજમર્યાદા લંબાવે જ છૂટકો છે. નહિતર વાડામાં કોઇ જશું, કોઇ કાઢવા પણ નહિ આવે.

ધાર્મિક નિર્મળતા અને સત્ય સમજ માટે સિદ્ધાન્તિક પ્રમાણભૂત ગ્રંથો અને સામાન્ય પ્રજ્ઞ માટે યુગ અને ધર્મ દૃષ્ટિ ખીલે તેવા પ્રાથમિક પુસ્તકોનું સંચાલન પણ ખરેખર આ પરિષદનું જ કાર્ય છે.

આવા આવા વિકટ પ્રશ્નો માટે તેની દોરવણી કરનારો, દીર્ઘદૃષ્ટિવાળો, સંકુચિત વાડાથી પર હોય તેવો નેતા પરિષદના સુકાન ઉપર બેસે તો જરૂર કોમનું નાવ વિકટ તોફાની સાગરને પાર કરી નવી દુનિયાના કાંઠે પહોંચશે. અસ્તુ!

× × ×

આવો! આવો! બધુઓ આવો ખેલદીલથી ખેલતા આવો. આપણે આપણા કાયમ સાલના અને વિકાસ રૂંધતા પ્રશ્નોની ચોખવટ કરી નવી દુનિયામાં પગલાં માંડીએ. **વ્રજલાલ ધ. મેઘાણી**

કેટલાક સમાચાર અને નોંધ.

સંઘનું પ્રીતિસંમેલન

તા. ૯-૨-૪૧ રવિવારની સાંજે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી સંઘના સભ્યોનું એક પ્રીતિસંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે સભ્યો ઉપરાંત અન્ય કેટલાંક સંભાવિત ભાઇ બ્હેનોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પ્રમુખ શ્રી. છોટાલાલ ત્રીકમલાલ પારેખે પણ સંઘના નિમંત્રણને માન આપીને આ પ્રસંગે હાજરી આપી હતી. લગભગ દોઢસો ભાઇ બ્હેનોની મંડળી એકત્ર થઇ હતી. શરૂઆતમાં એકમેકની ઓળખાણ અને પરિચય કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સંઘના પ્રમુખ તરીકે સંઘની વિવિધ પ્રવૃત્તિઓ, યોજનાઓ તેમ જ ભાવનાઓનો ખ્યાલ આપવાનું કામ મારે ભાગે આવ્યું હતું. શ્રી. છોટાલાલ પારેખે પણ કેટલીક પ્રસંગોચિત બાબતો ચર્ચી હતી અને નવા અને જુના-યુવક અને વૃદ્ધ-એકમેક પાસેથી શું શિખે અને પરસ્પર સહકાર સાધી સમાજના કાર્યને કેમ આગળ વધારે, જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ શું કરવા ધારે છે અને એ પ્રવૃત્તિમાં હાજર રહેલા ભાઇ બ્હેનોના કેવા સહકારની અપેક્ષા છે વગેરે સંબંધમાં તેમણે કેટલુંક વિવેચન કર્યું હતું. ત્યારબાદ પ્રસ્તુત પ્રસંગ નિમિત્તે યોજાયેલ ઉપાહારને ન્યાય આપીને પરસ્પર મીલન તેમ જ વાર્તાલાપમાં કેટલોક સમય ગાળીને એકત્ર થયેલી મંડળી વિસર્જિત થઇ હતી.

પ્રસ્તુત સંમેલન પ્રસંગે એક સભ્ય તરફથી સંઘની ઓફીસમાં માંદાની માવજતનાં સાધનો વસાવવામાં આવે તો જરૂર મુજબ રૂા. ૧૦૭ સુધીના ખર્ચની રકમ સંઘને ભેટ આપવા ઇચ્છા દર્શાવી હતી. વળી સંઘની ઓફીસમાં અકસ્માતના વૈદ્યકીય ઇલાજોની તાલીમ આપવાના વર્ગો થોડા સમયમાં ખોલવાનો ઇરાદો પણ જાહેર કરવામાં આવ્યો હતો. આવો આનંદનો પ્રસંગ આવા સેવાકાર્યના પ્રારંભનું નિમિત્ત બને એ પણ ખરેખર સંતોષજનક છે.

સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ

શ્રી. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સનું દશમું અધિવેશન મુંબઇ સમીપ આવેલ ઘાટકોપરમાં એપ્રીલના ફસ્ટર તહેવારો દરમિયાન મળનાર છે. આ કોન્ફરન્સનું છેલ્લું અધિવેશન આજથી આઠ વર્ષ પહેલાં અજમેર ખાતે શ્રી. હેમચંદભાઇ રામજીના પ્રમુખપણા નીચે મળ્યું હતું. આઠ વર્ષના લાંબા ગાળે ભરાતા આ અધિવેશનની તૈયારીઓ પુર જોસમાં ચાલી રહી છે. સાથે સાથે મહિલાપરિષદ પણ મળવાની છે. સ્વાગતસમિતિના સભ્યનું લવાજમ રૂા. ૧૦ રાખવામાં આવેલ છે. અધિવેશન પ્રસંગે શતાવધાની પં૦ મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજ ઘાટકોપર ખાતે બીરાજતા હશે. આ અધિવેશનમાં પુરા રસથી ભાગ લેવાને જુના અને નવા વિચાર ધરાવનાર સર્વ કોઇ સ્થાનકવાસી ભાઇ બ્હેનોને સ્વાગત સમિતિના મંત્રીઓ આગ્રહપૂર્વક નિમંત્રણ આપે છે. સ્વાગત સમિતિની કચેરી ઘાટકોપરની પૌષધશાળામાં રાખવામાં આવી છે અને તેનો ટેલીફોન નં. ૮૭૬૬૮ છે. જે કોઇ ભાઇ બ્હેનને આ કોન્ફરન્સ સંબંધે વધારે માહીતી મેળવવી હોય તેણે ત્યાં અથવા મુંબઇ ઓફીસના ટેલીફોન નં. ૨૨૯૨૭ ઉપર ટેલીફોન કરી પુછી લેવું.

સદ્‌ગત જસુભાઇ

અત્યન્ત ખેદ સાથે જણાવવાનું કે શ્રી. જસુભાઇ રામજીભાઇ શાહનું એકતાલીશ વર્ષની નાની ઉમ્મરે લોહીદબાણના વ્યાધિના પરિણામે તા. ૨૨-૨-૪૧ ના રોજ અવસાન થયું છે. તેઓ સોલીસીટર હતા અને મુંબઇ જૈન યુવક સંઘના એક સભ્ય હતા. મારી તેમની સાથે વર્ષોજુની મૈત્રી હતી. તેઓ જાહેર જીવનમાં બહુ જ ઓછો ભાગ લેતા હોઇને જાહેર જનતામાં તેઓ બહુ જાણીતા નહોતા. તેમનું જીવન એકસુરીલું હતું. પોતાનો ધંધો સંભાળતાં અવશેષ રહેતો સમય વાંચન, વિનોદ કે આનંદમાં તેઓ પસાર કરતા. વિશદ ચારિત્ર, પ્રસન્ન સ્વભાવ, પ્રેમાળ પ્રકૃતિ, કશા પણ આડંબરનો અભાવ, લલિત કળાઓ પ્રત્યે ખૂબ પ્રેમ, કુટુંબીજનો પ્રત્યે ઉંડું વાત્સલ્ય, સુન્દર સુન્દર ચીજો એકઠી કરવાનો શોખ-આવી તેમની કેટલીક વિશેષતાઓ હતી. કોઇને તેમણે કદિ કડવું વેણ કહ્યું નથી કે કોઇનું કદિ કાંઇ બગાડ્યું નથી. કેવળ નિર્દોષ અને સરળ તેમનું જીવન હતું. જ્યારે પણ મળો ત્યારે તેઓ પ્રેમથી બોલાવે અને ઘેર જાઓ ત્યારે બનતું આતિથ્ય કર્યા વિના ન રહે. પ્રેમ અને વાત્સલ્યથી ભરેલું તેમનું ગૃહસ્થજીવન હતું. તેમનાં પત્ની ઇન્દ્રબાળા બ્હેન પણ સંઘના સભ્ય છે. પાછળ એક પુત્રી અને પુત્રને મુકી ગયા છે. તેમનાં પત્ની તથા બાળકોને આ અસાધારણ આફતના પ્રસંગે સૌ કોઇનાં આશ્વાસન અને સહાનુભૂતિ ઘટે છે. સદ્‌ગત જસુભાઇના આત્માને પરમાત્મા પરમ શાન્તિ આપે!!

માન્યવર શ્રી. મણિલાલ નાણાવટી સંઘની કચેરીમાં

તા. ૧૪-૨-૪૧ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપીને રીઝર્વબેંકના ડેપ્યુટી ગવર્નર શ્રી. મણિલાલ બાલાભાઇ નાણાવટી સંઘની કચેરીમાં આવ્યા હતા જે વખતે સંઘની વિવિધ પ્રવૃત્તિઓ અને અનુકુળતા મુજબ ઉપાડવા ધારેલી પ્રવૃત્તિઓનો તેમને ખ્યાલ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ આ પ્રસંગે હાજર રહેલા કેટલાક સભ્યો સાથે હાલની સામાજીક પ્રવૃત્તિઓ સંબંધમાં તેમણે કેટલીક ચર્ચા કરી હતી. સંઘની પ્રવૃત્તિઓ વિષે શ્રી. મણિલાલભાઇએ પ્રસન્નતા દર્શાવી હતી. આ પ્રસંગે અલ્પ ઉપહારવડે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સરદાર પૃથ્વીસિંહ અને વ્યાયામની યોજના

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૨૪-૨-૪૧ સોમવારના રોજ સંઘની વ્યાખ્યાનશાળામાં એક જાહેર સભા બોલાવવામાં આવી હતી જે પ્રસંગે સંઘના નિમંત્રણને માન આપીને સરદાર પૃથ્વીસિંહે પોતાની વ્યાયામયોજના ઉપર એક સુંદર અને પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું. જેની વિશેષ વિગત આવતા અંકમાં આપવામાં આવશે.

શ્રી. છોટુભાઇ કોરાને કારાવાસ.

શ્રી. છોટુભાઇ કોરા, કોરા એન્ડ ભટ્ટ નામની એન્જીનીયરોની પેઢીના એક ભાગીદાર છે અને ખારમાં રહે છે. તેઓ વાણી સ્વાતંત્ર્યને લગતો સત્યાગ્રહ કરવા માટે ગઇ બાવીસમી તારીખે પકડાયા છે અને તેમને તે માટે ૬ માસની સાદી કેદની શિક્ષા અને રૂા. ૨૫ નો દંડ અને તે દંડ ન ભરે તો એક માસની વધારે શિક્ષા કરવામાં આવી છે.

શ્રી. છોટુભાઇ કોરા એક મૂક સેવક છે. પ્રસિદ્ધિ તેમણે કદિ માગી નથી કે શોધી નથી. સાધારણ રીતે પોતાના ધંધામાં મશગુલ રહેવા સાથે અવકાશનો સમય તેઓ ખેરવાડી, મહાર કોલોની વગેરે સંસ્થાઓને આપતા. ગરીબ અને પછાત વર્ગોની સેવા તેમની પ્રિય પ્રવૃત્તિ રહેતી. જ્યારે જ્યારે આવી લડતનું આવ્હાન થયું છે ત્યારે ત્યારે પોતાના ધીકતા ધંધાને તેપણે

બાજુએ મુકયો છે અને જેલવાસ સ્વીકાર્યો છે. ૧૯૩૦-૧૯૩૨ ની લડતમાં તેમણે બે વખત જેલયાત્રા કરી હતી. આ તેમની ત્રીજી જેલયાત્રા છે. તેઓ જૈન હોઇને આવા સતત આત્મભોગ માટે જૈન સમાજના ધન્યવાદના સર્વ પ્રકારે પાત્ર બને છે.

આન્તર્જ્ઞાતિય લગ્નસંબંધો.

શ્રી. મકનજી જુઠાભાઇ મહેતાનાં પુત્રી બ્હેન મધુરીનાં જાણીતા સમાજસુધારક મર્હુમ કરસનદાસ મુળજીના પૌત્ર શ્રી ઇશ્વરલાલ છોટાલાલ સાથે થયાં. બ્હેન મધુરી બી. એ. થયેલાં છે; અને જૈન છે. ભાઇશ્રી ઇશ્વરલાલ અંડરગ્રેજ્યુએટ છે અને કપોળ છે. આ ઉભયની પસંદગીનું લગ્ન છે અને બન્ને પક્ષનાં માબાપોની આ લગ્ન સંબંધને સંમતિ અને આશીર્વાદ છે.

આવાં જ બીજાં લગ્ન શ્રી. સોભાગચંદ પ્રેમચંદ દેસાઇનાં પુત્રી બ્હેન ગુણીયલનાં શ્રી. ભાનુભાઇ દેવીદાસ દેસાઇ સાથે થયાં. બ્હેન ગુણીયલ બી. એ. થયેલાં છે અને શ્રી. ભાનુભાઇ એમ. બી. બી. એસ. (ડોકટર) છે. એક જૈન છે. અન્ય આર્યસમાજી છે. આ પણ પસંદગીનું જ લગ્ન છે અને આ લગ્ન સંબંધને સર્વ વડિલજનોની સંમતિ અને આશીર્વાદ છે. શ્રી. ગુણીયલ બ્હેન સર કીકાભાઇ પ્રેમચંદનાં ભાણેજ થાય.

મુંબઇ કે અમદાવાદ જેવા મોટાં શહેરમાં આવાં આન્તર્જ્ઞાતીય તેમ જ અસમાનધર્મી લગ્નો સામાન્ય બનતાં જાય છે. આજે મળતું હાઇસ્કુલ અને કોલેજનું શિક્ષણ જ્ઞાતિ અને ધર્મના બન્ધનો અને મર્યાદાઓને ઢીલાં કરતું જાય છે અને સમાન સંસ્કાર અને આચાર વિચાર ધરાવતો એક નવો વર્ગ ઊભો કરી રહેલ છે. આ વર્ગની વ્યકિતઓ ભિન્ન ભિન્ન ધર્મને અનુસરનારી હોવા છતાં અને ભિન્ન ભિન્ન જ્ઞાતિઓ સાથે જોડાયલી હોવા છતાં પરસ્પર કોઇ જુદીજ એકતા અને એકરૂપતા અનુભવતી હોય છે અને પોતાનાં દીકરા દીકરીઓના વિવાહસંબંધો યોજવામાં જ્ઞાતિ કે ધર્મની ભિન્નતા તેમની આડે આવતી નથી. કેટલેક ઠેકાણે સમાનવય અને શીલવાળા યુવક-યુવતીઓ સ્વતંત્ર રીતે લગ્નસંબંધથી જોડાવાનું નક્કી કરે છે અને માબાપો પોતાનાં બાળકોની ઇચ્છાને માન્ય રાખે છે. બદલાયલા દેશકાળના પરિણામે આ નવો પ્રવાહ વધતો જ જવાનો અને સમજુ માબાપોએ તે સ્વીકારી લેવો જ રહ્યો. તટસ્થ રીતે વિચારતાં પણ ભલે ભિન્ન ધર્મ કે જ્ઞાતિના હોય પણ બીજી રીતે સમાન સંસ્કારી અને સમાન ઉચ્ચ શિક્ષણ પામેલાં યુવક યુવતીઓના વિવાહ સંબંધો કોઇ નવી સંસ્કૃતિના પુરોગામીઓ હોય એમ આપણને આનંદ તેમ જ કુતુહલ ઉપજાવ્યા વિના રહેતા નથી. કર્તવ્યપરાયણ તેમ જ પ્રેમનિષ્ટ દંપતી જીવન જીવીને નવી પ્રથાને સર્વમાન્ય બનાવે એ આશા સાથે બહેન માધુરી અને બહેન ગુણીયલને આપણા અન્તરની આશિષ આપીએ! **પરમાનંદ.**

વાંકાનેરના એક અપ્રસિદ્ધ લોકસેવક

સદ્‌ગત પદમશીભાઇ

વાંકાનેરની ગરીબ પ્રજાને સેવકો સાંપડયા છે જ થોડા; તેમાં ચાલતી કમાણી કે ધીકતો ધંધો છોડીને શાન્ત, સાચી લોકસેવા સાધનારા-યુવાન વય દરમિયાન પ્રાપ્ત કરેલી સારી રીતે દાળ રોટલો દેતી કમાણીને લોકોની મુંગી સેવામાં હોમનારા-તો બહુ જ થોડા મળે. આમાંના એક સદ્‌ગત પદમશીભાઇ હતા.

આવા એક વિરલ લોકસેવકનું થોડાંક અઠવાડીઆ પહેલાં સત્યાશી વર્ષની ઉમરે અવસાન થયું. આ શ્રી. પદમશી નેમચંદ શાહ ઝાંપાવાળા જૈન કુટુંબના અગ્રણી હતા. જીવનના પ્રારંભમાં તેઓ બહુ જ થોડું ભણ્યા અને પછી અનાજ વગેરેના વ્યાપારમાં પડયા. વ્યાપારમાં ઠીક ઠીક કમાણી થતી અને તેમાંથી નાનાં મોટાં ગુપ્તદાન તેઓ કર્યા કરતા. ધંધો કરતાં કરતાં પણ તેઓ કોઇ દુઃખી, દર્દી કે દવાયલાની સેવા કરવાનું ચુકતા નહિ.

કોઇને પાટી, કોઇને પેન, કોઇને ચોપડી તો કોઇને કપડાં આપવાં, અપાવી દેવાં એ એમની પ્રિય કેળવણીપૂજા હતી. જે સમયે કેળવણીના પ્રચારમાં કોઇ બહુ સમજતું નહીં તે સમયે તેઓ કેળવણીના પ્રચાર માટે બનતી સહાય આપતા અને અપાવતા. વિદ્યાર્થીઓ પાસે ભાષણો કરાવવાં, નિબંધો લખાવવાં, અને ઇનામો દેવાં યા દેવરાવવાં એ એમની તે સમયની સામાન્ય સેવા.

છેલ્લી ઘડી સુધી વિકટોરીયા જ્યુબિલી લાયબ્રેરીની મુલાકાત લેવી અને એક એક વર્તમાનપત્ર લગભગ નેવું વર્ષની વયે પણ વાંચવું, અને સમજવું તે એમનો જીવનભરનો શોખ. તેને લીધે જ તેઓ વિચારમાં કેટલેક અંશે સુધારક બન્યા અને સેવક થયા.

સામાજીક, ધાર્મિક અને રાજકીય પ્રશ્નોમાં પણ તેઓ રસ લેતા અને પોતાને ઠીક લાગે તે નીડરપણે કહી દેતા. પ્રજા તરફથી લાઇબ્રેરીના બંધારણીય પ્રશ્નોમાં તેમ જ તેના વિકાસમાં રસ લેનાર સેવકની તો હવે લાઇબ્રેરીને ખરી ખોટ પડી છે.

પુત્રો ધંધે ચડયા પછી એમણે ધંધો છોડી દીધો અને પછી તો વિદ્યાર્થીની સેવા અને અપંગ, લુલા, લંગડા, રોગીની જાતે સારવાર એજ એમનો રોજનો કાર્યક્રમ થઇ પડયો. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ કરે, ગાયોને ખડ નીરે, પારેવાને ચણ નાંખે અને રોગી અને તંગની અવિશ્રાન્ત સેવા કરે-આજ એમનો ચાલુ જીવનક્રમ થઇ પડેલો. કહેવાતી પછાત કોમના લુંડા કે લુલા કેટલાય જુવાનોને એમણે ભણાવીને ધંધે ચડાવ્યા હશે, અને રોટલો રળતા કર્યા હશે માંદાં, ગંદુમડાથી સડેલાં કેટલાંય સ્ત્રી પુરૂષોનાં પાસ પરૂ એમણે સુગ વગર ધોયાં હશે અને અપમાન વેઠીને પણ તેમને માટે દવાદારૂની વ્યવસ્થા કરાવીને સાજા કર્યાં હશે. કેટલાંય માંદા સ્ત્રી પુરૂષોનાં મળમૂત્ર ધોતાં એમનું નાક કદી ચડયું નથી, કે એમણે સહેજ પણ આંચકો ખાધો નથી.

આવા મુંગા સેવકને નથી વર્તમાનપત્રે જાણ્યા, નથી લોકજીવનની પ્રશંસા સાંપડી કે નથી કોઇ મોટેરા સેવકોની પીછાણ પામીને તેઓ પ્રસિદ્ધિને ચોપડે ચડયા અને છતાં આજ સૌ કોઇ વાંકાનેરમાં તો સમજે છે અને કહે છે કે પદમશીભાઇ જેવો મુંગો સેવક જતાં વાંકાનેરને કદિ ન પુરાય એવી ખોટ પડી ગઇ છે. સ્વભાવે નિડર, કાંઇક ઉગ્ર, કોઇ કોઇ વાર ન બોલવાનું બોલી નાંખે એવા અને કેટલીક વાર ન કરવાનું કરી બેસે એવા છતાં શીલવાન અને સેવારંગી પદમશીભાઇના જીવને કામ વિના જંપ વળે જ નહી. નવરાશ મળે કે કોઇ. રોગી કે માંદાને શોધે, પણ નવરા તો બેસે જ નહીં. વળી કયાંક જમણવાર હોય તો કોઇ ભુખ્યા દુખિયાંને માટે વરો કરનારને વિનવીને પણ તેમને ખવરાવે. જીવનના આરંભથી જ તેઓ સતત પરિશ્રમને વરેલા. વૃદ્ધાવસ્થા સમીપ આવતાં તેમણે પોતાનો ધીકતો ધંધો છોડયો, પણ પરિશ્રમની આદત તો તેમણે જીવનની છેલ્લી ઘડી સુધી સુધી છોડેલી જ નહીં. તેમનું મરણ પણ વેદના વગરનું ઉંહ કે વેાયકારાથી રહિત. સાજે સારે દેહે થયું. તેમના પવિત્ર આત્માને પરમાત્મા પરમ શાન્તિ આપે!!!

પોપટલાલ પુંજાભાઇ શાહ.

સાધુપદ છીનવી લીધું.

જૈન ધર્મના પ્રવર્તક શ્રી. ભગવાન મહાવીરે જૈન ધર્મના સિદ્ધાંતોનો ફેલાવો કરવા અને ધર્મના જીજ્ઞાસુજીવોને ધર્મના સિદ્ધાંતો સમજાવવા માટે સાધુ સંસ્થાની યોજના કરી તેના માટે અમુક ધારાધોરણો બનાવ્યા. જૈન ધર્મ પાળનાર સંસારમાં રહી જીવન વ્યવહાર ચલાવવા ઇચ્છતા બધાં મનુષ્યોથી તેના સિદ્ધાંતો સંપૂર્ણપણે પાળી શકાય એ અશક્ય હોવાથી, સંસારપ્રત્યે વૈરાગ્ય સેવનાર આત્માર્થી જીવોને માટે સાધુ સંસ્થાની યોજના કરી. તેના અધિકાર માટે પાંચ મહાવ્રત અને બીજા આચાર વિચાર અને વ્યવહારના છત્રીસ ગુણોને ચુસ્તપણે પાળી શકે તેવા જીવને જ દીક્ષાના અધિકારી માન્યા અને આવી રીતે ઉત્કૃષ્ટ ભાવનાથી દીક્ષા પાળનારને જીવન નિર્વાહની ચિન્તાથી મુક્ત રાખવા ખાતર જરૂરી સગવડ કરી આપવાનું ભગવાન મહાવીરે શ્રાવક વર્ગને ફરમાવ્યું. પરંતુ હાલના સાધુઓ પાંચ મહાવ્રત અને બીજા આચાર વિચારોમાં શિથિલ થતા જાય છે. વળી તેમાંનો એક ભાગ તો મુખ્ય પાંચ મહાવ્રતો પાળવાથી વિમુખ થતો જાય છે. આવી જાતના પોકારો સમાજમાંથી અવાર નવાર આવ્યા કરે છે અને છાપાઓદ્વારા વધુ પ્રમાણમાં જાણવામાં આવે છે. કોઇ સાધુએ નાના બાળકોને દીક્ષાની જાળમાં ફસાવવા કરેલા પ્રપંચો કાવાદાવાઓ, કોઈ દીક્ષિત ઉમેદવારે ગુરૂદેવ પાસેથી પૈસા નિચોવી દીક્ષા મુહૂર્તે નાસીજવાના બનાવો, કોઇ સાધુ-સાધ્વીના પ્રેમ પ્રસંગોને અંગે થતા ભવાડાઓ, કોઇ શાસ્ત્રપારગામી આચાર્ય મહારાજનાં કુદરત વિરૂધ્ધનાં અપકૃત્યો, કોઈ સાધુએ કરેલાં નાણાંનો સંગ્રહ, આવાં ભાત ભાતનાં પરાક્રમો બહાર આવ્યા જ કરે છે. જૈન કોમના ત્રણે ફિરકાના સાધુઓમાં વધતા ઓછા અંશે આવી જાતના સડાઓ પેઠા છે, જેના પરિણામે ઇતર સમાજમાં જૈન કોમ અને ધર્મની હાંસી થાય છે. પણ જૈન કોમના સદ્‌ભાગ્યે દિગમ્બર અને સ્થાનકવાસી વિભાગના સંઘના અગ્રેસરો જાગ્યા છે. દિગંબર સમાજના એક ચંદ્રસાગર નામના સાધુએ સાધુ-ધર્મથી વિપરીત રીતે વર્તવા માંડયું અને પોતાના વખાણનારનું મોટું ટોળું જમાવ્યું અને એને સમજાવવાને આગેવાનોએ કરેલા પ્રયત્ન ધ્યાનમાં લીધા નહિ. આના પરિણામે દિગંબર ભાઇઓની ઇંદોર મુકામે મળેલી ગંજાવર સભાએ એ સાધુનો બહિષ્કાર જાહેર કર્યો. આવી મતલબના ખબર તા. ૨૬-૧-૪૧ ના 'જૈન' પત્રમાં "આંધળી ભક્તિ નહીં ખોઇએ" એ મથાળા નીચે પ્રગટ થયા છે. તેમજ સ્થાનકવાસી કોન્ફરન્સના મુખપત્ર 'જૈન પ્રકાશ'નાં તા. ૧-૨ ૪૧ ના અંકમાં ' શિથિલાચારી સાધુનો વેષ ઉતરાવ્યો" એ મથાળા નિચે સ્થાનકવાસી કોન્ફરન્સની અખિલ હિંદ કાર્યવાહી સમિતિની સંમતિથી તેના પ્રમુખ શ્રી. હેમચંદ્રભાઇ રામજીએ છડે ચોક સ્વચ્છંદપણે સાધુ ધર્મથી અને આચાર વિચારથી વિરૂદ્ધ વર્તનાર સાધુ હરખચંદજીનો વેષ કેવી રીતે ઉતરાવ્યો અને તેનાં ઓઘો મુહપતિ આદિ કેવી રીતે લઇ લીધા એનું વર્ણન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત તેને સાધુ સંસ્થામાંથી બહાર મુકયાની જાહેરાત કરી છે એ રીતે બન્ને વિભાગના સંઘના આગેવાનોએ સાધુ સંસ્થા ઉપર સંઘની સત્તા છે અને સંઘ ઇચ્છે તો પોતાની સત્તા અને શક્તિનો ઉપયોગ કરી શકે છે એ બાબત ઉપરના દાખલાઓ વડે પ્રત્યક્ષ કરી બતાવેલ છે આ માટે બને વિભાગનાં સંઘને અને તેના આગેવાનોને ધન્યવાદ ઘટે છે.

હવે રહ્યો ત્રીજો શ્વે. મૂર્તિ વિભાગ. આ વિભાગમાં ઉપરના બન્ને વિભાગો કરતાં વધુ પ્રમાણમાં સાધુ સંસ્થામાં સડો છે અને એ સડાની ભયંકર વિગતો જ્યારે પણ બહાર આવે છે ત્યારે આખો વિભાગ કમકમી ઉઠે છે. પણ દુઃખની બીના તો એ છે કે આવા ભયંકર સડાને સમાજ આગળ સદ્‌બુદ્ધિથી મુકનારાઓ સમાજના આગેવાન અધિકારીઓને અને અંધશ્રધ્ધાથી મુગ્ધ બનેલા શ્રીમંતોને આંખના કણાની માફક ખુંચે છે. પોતે જૈન કોમના અગ્રગણ્ય શુભેચ્છક હોવાનો દાવો કરવા છતાં, આવા દુરાચારી સાધુઓ સાથે પોતાનો વ્યવહાર જેવોને તેવો ચાલુ રાખે છે અને તેમનાં ભયંકર કાર્યો તરફ ઉદાસીનતા સેવે છે. આના પરિણામે શ્વે મૂર્તિ. વિભાગની સાધુસંસ્થામાં બહોળા પ્રમાણમાં એ ભયંકર સડાઓનો ચેપ ફેલાયો છે. વખતસર ચેતીને જોખમી શસ્ત્રપ્રયોગથી વાઢ કાપ કરી એ સડાઓ દૂર કરી સાધુ સંસ્થાને નિરોગી નહિ બનાવવામાં આવે તો આખી સાધુસંસ્થા નષ્ટપ્રાય બની જશે અને સુકા સાથે લીલું બળે તેમ કેટલાક વંદન કરવાયોગ્ય મહાન સાધુઓ પણ અવન્દ્ય બની જશે. માટે મારી શ્વે. મૂર્તિ. વિભાગના આખા સમુદાય-બાળક, વૃદ્ધ, યુવાન, યુવતી, ગરીબ, શ્રીમંત અને આગેવાન ગણાતા ભાઇઓને સાધુસંસ્થાના સારા નામની ખાતર, તેનો નાશ થતો બચાવવા માટે. એ સંસ્થામાં ઘુસેલા ભયંકર સડાસામે પોકાર ઉઠાવવાની વિનતિ છે. સંઘને પોતાની સત્તાનો ઉપયોગ કરવા માટે આજની ઘડી અનુકુળ છે. જો આજે પગલાં નહિં લેવાય તો આવતી કાલ આપણા માટે બહુજ મોડી થશે અને આપણે બધા અને પસ્તાઇશું અને આપણી બેદરકારી માટે અને આપણી નિર્બળતા માટે આપણા વારસોને આંસુ સારવા પડશે.

ઘોડીઆનાં વેવીશાળ.

આજથી પચાસ વર્ષ પહેલાંના વખતમાં માબાપો લ્હાવો લેવા માટે અને સમાજમાં પોતાનો મોભો જાળવી રાખવા માટે બાળકોનાં ઘોડીઆમાં વેવીશાળ કરતા હતા. પણ જમાનો આગળ વધતો ગયો અને માણસોની રહેણી કરણી આચાર વિચારમાં સમજપૂર્વક ફેરફાર થવા લાગ્યા અને સારા નરસાની વિવેક દૃષ્ટિથી દરેક કામ જોવા તપાસવાનું શરૂ થયું. તેના પરિણામે આવા વેવીશાળ અને બાળલગ્નોનાં માઠાં પરિણામો લોકો સમજતા થયા અને સાથે સાથે એમ માનતા થયા કે આવા બાળવેવીશાળ અને બાળલગ્નોએ સમાજની ઉન્નતિમાં મોટો અંતરાય નાંખ્યો છે. આવી માન્યતાને લીધે એવા વેવીશાળ અને લગ્નો તરફ લોકોની રૂચિ ઓછી થઇ ગઇ અને વૃત્તિ બદલાઇ ગઇ તેથી આજે સમાજમાં ઘોડીઆનાં વેવીશાળ કે બાળલગ્નો નહીં જ જેવા જોવામાં આવે છે.

જુના વિચારનો દૃઢિયુસ્ત ગણાતો વર્ગ કે જુના વિચારની બહેનો કે જેને લ્હાવા લેવાનો કુદરતી રીતે વધુ હોંશ હોય છે તેઓ પણ આવા વેવીશાળ કે લગ્ન કરતા નથી, તેમ જ તેની તરફ પસંદગી પણ દેખાડતા નથી. આ રીતે આગળ વધતા જમાનામાં લોકોના વિચારોમાં ઘણો મોટો ફેરફાર થયો છે ત્યારે આપણા સમાજમાં અગ્રગણ્ય અને આગેવાન સ્થાન ભોગવતા રાવબહાદુર શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ મોરબીઆ જે. પી. એ પોતાના ચાર વર્ષના બાળકનું બે અઢી વર્ષની પારણામાં ઝુલતી એક બાળકી સાથે વેવીશાળ કર્યાના સમાચાર સમાજે મોટા આંચકા સાથે સાંભળ્યા છે અને સમાજના સમજુ વર્ગને આશ્ચર્યમાં નાંખી દીધા છે. નાના મોટા સૌ કોઇને પોતાની મરજી મુજબ વર્તવાની છુટ છે અને તેમાં વચ્ચે આવવાની કે સલાહ આપવાનો કોઇને ઇજારો પણ નથી. છતાં જેઓ સમાજમાં આગેવાનસ્થાન ભોગવતા હોય તેમના જે પગલાથી સમાજના હિતને નુકશાન થતું હોય અને જેનું અનુકરણ થવાની ધાસ્તી રહેતી હોય, તેના તરફ આંગળી ચીંધવાની સમાજશુભેચ્છકોની ફરજ છે. આ દૃષ્ટિએ પ્રસ્તુત બનાવ દુઃખ ઉપજાવે તેવો અને સમાજને પીછેહઠ કરાવનારો છે એમ જાહેરપણે કહ્યા વિના ચાલે તેમ નથી.

મણિલાલ મોકમચંદ શાહ.

આપણી પાંજરાપોળો અને ગૌશાળાઓ.

(ગતાંકથી ચાલુ)

ગાય વિરૂધ્ધ ભેંસ

પશ્ચિમના દેશોમાં ખોરાકની ચીજ તરીકે તેમ જ દુધની નીપજ કરનાર તરીકે એમ સાવ જોખનોખી વિભાગણી કરીને જોખનોખી ઢબે ગાયોનો ઉછેર કરવામાં આવે છે. આથી પાછલી જિંદગીના પાલનના બોજાથી પશ્ચિમના ગોપાલકો મુકત છે અને નિરાંતે બેઉ ઢબના ઉછેર ખીલવ્યે જાય છે. આપણે જો ગાયને ભક્ષ્યરૂપે સ્વીકારવા તૈયાર ન હોઈએ અને છતાં એની રક્ષા કરવા માગતા હોઇએ તો આર્થિક ગણતરીએ એને કીમતી બનાવ્યા વગર કોઇ વાતે આપણે એ રક્ષા કરી શકવાના નથી. અને આર્થિક હિસાબે એને કીમતી બનાવવી હોય તો ભેંસને મુકામલે એને જ વધુ પસંદગી આપ્યા વગર અને દુધ તેમ જ બળદ એ બેઉ પ્રકારની એની નીપજશકિત ખીલવવાના એકાગ્ર પ્રયત્નો કર્યા વગર એની આર્થિક કિંમત વધારી શકવાના નથી. જ્યાં સુધી હિંદ એ કૃષિપ્રધાન દેશ છે-અને હજુ દાયકાઓ કે કદાચ સૈકાઓ સુધી તે તેવો જ રહેવાનો છે એ નક્કી છે-ત્યાં સુધી ભેંસને મુકામલે ગાયને પસંદગી આપ્યા વિના આપણો આરો જ નથી. અને આજની આપણી આર્થિક દશામાં આપણાં ટૂંકાં અને દિવસે દિવસે વધુ ટૂંકાં બનતાં જતાં સાધનો જોતાં, ગાય ભેંસ બેઉની એકીવારે રક્ષા આપણે કરી શકવાના નથી. તેથી જ ગાય વિ. ભેંસની ભાષા આપણા પશુસેવા-મંડળોમાં આજે સંભળાવા લાગી છે. જો બેઉની રક્ષા આજની અવસ્થામાં શકય નથી ને એમાંથી એકને જ પસંદગી આપ્યે છૂટકો છે તો પછી એ પસંદગી આ દેશમાં ગાયને જ મળવી રહી છે. કારણ ગાય દુધ+બળદ એમ બેવડી નીપજ આપનારી છે; ભેંસ માત્ર દુધ આપનારી છે. આમાં ભેંસનો દ્વેષ નથી, કેવળ આજની અર્થ-વ્યવસ્થાની દૃષ્ટિ જ રહેલી છે.

અવળા પ્રવાહ

પણ શહેરોના પ્રવાહ ઊલટા ચાલી રહ્યા છે અને એની સામે થવું સહેલું નથી હોતું. ભલભલા એની આગળ મહાત થયા છે. આ સ્થિતિ અત્યંત ઉદ્વેગ ઉપજાવનારી છે. મને જાણીને ખુશી થઇ કે કાઠિયાવાડની ઘણી ગોશાળાઓમાં ગાયની જગા ભેંસે નથી પચાવી. મુંબઇ જેવાં વિશાળ બકાલી શહેરોમાં નર્યા ધનઉપાર્જનને લોભે વસતી પ્રજામાં આ દિશાએ ભારે સડો પેઠો છે. એ તરફની જીવદયા-સંસ્થાઓ દૂધની કમાણીમાંથી પશુસંસ્થાઓના નિભાવ કરવાની આત્મવંચનામાં પડી મોટી સંખ્યામાં ભેંસો રાખવા લાગી છે, અને મોટે અંશે ગાય અને ગોરક્ષાને નામે આવતો પૈસો મુખ્યત્વે ભેંસના પાલન પાછળ ખરચાય છે. આવી સંસ્થાઓના સંચાલકોનું કહેવું એમ હોય છે કે, મુંબઇ જેવાં શહેરોમાં ખાતરીબંધ ચોખ્ખું દૂધ ઠીક કિંમત આપતું હોવાથી દરેક પશુપાલક સંસ્થા જો સારું દૂધ આપતી ભેંસો સારા પ્રમાણમાં એક વિભાગ તરીકે રાખે તો પણ એવી ભેંસો બીજા અનેક બિનઆર્થિક ઢોરોના પાલનનો ખરચ વાળી આપે છે અને એમ સંસ્થાના ચાલુ ખરચોને પહોંચી વળાવાથી સંચાલકોને રોજ ઊઠીને શ્રીમંતોની ખુશામત કરવા જવું પડતું નથી, બલકે પ્રજામાં પણ સંસ્થા સ્વાશ્રયી છે એમ જણાઇ સારી છાપ પડે છે. આ વિચારસરણીમાં ભારે દોષ રહેલા છે. એક તો મોટેભાગે ગાયને નામે મળતાં દાનોનો-અને જો મેળવવામાં પણ આવી સંસ્થાના પ્રચારકો હંમેશાં ગાયનું નામ અગ્રસ્થાને રાખવાની કાળજી લે છે-વિનિયોગ ચાહે તેટલા શુભ હેતુઓથી પણ બીજી રીતે થાય એમાં પ્રમાણિકતા નથી. બીજું એ કે, સંસ્થાના ચાલુ ખરચને પહોંચી વળવાની ધગશમાં આવક આપતી ભેંસોને રાખવા સંભાળવા જતાં એ વિભાગને જ ખીલવવા તરફ સંચાલકોનું ધ્યાન રોકાય છે અને બીજા મુખ્ય કાર્યવિભાગો તરફ સહેજે જ દુર્લક્ષ થવા ભાંડે છે. વળી, આટલેથી જ આ દોષ અટકતો નથી. પણ એક વાર આ વિચારસરણી સ્વીકારી એટલે પછી આવક આપતી એવી દૂઝણી ભેંસોની સંખ્યા અને તેના દૂધની પેદાશનું પ્રમાણ અમુક પ્રમાણમાં ટકાવી રાખવા તરફ જ અનિવાર્યપણે સંચાલકોની વૃત્તિ તેમ જ પ્રવૃત્તિ રહે છે અને તે એટલે સુધી કે એવી ભેંસો ચોક્કસ મુદતમાં અને સંખ્યામાં વખતસર સંસ્થામાં ન આવી ચડે-અને નથી આવતી તો પછી સામાન્ય તબેલાવાળા ગવળીઓની પેઠે જ બજારપીઠમાં જઇને સંસ્થાનાં નાણાં રોકીને ભેંસો ખરીદ કરી લાવવાની અને સંસ્થામાં આણી બાંધવાની તેમને ફરજ પડે છે. આમ સંસ્થાની કાર્યવાહી અને કાર્ય-ઉદ્દેશો બાજુએ રહી જઇ તેના વેપારી અંગ તરફ જ ચાલક સંચાલક સૌ કોઇ રોકાઇ જાય છે, પાર વગરની આત્મવંચનાઓ થાય છે, ને સંસ્થાના મૂળ ઉદ્દેશો માર્યા જવાનો વખત આવે છે વળી આ બધું કરીને પણ સંસ્થા સર્વાંશે સ્વાશ્રયી બને છે એવું તો કશું હોતું જ નથી. બહુ બહુ તો તેનું એકાદ ખાતું સ્વાશ્રયી ધોરણે ચાલે છે એટલું સંચાલકો બતાવી શકે છે પણ સંસ્થાની ખિલવણી, કાર્યપ્રદેશ, સુધારા અને મનોરથો સિદ્ધ કરવાની નવી નવી યોજનાઓને સારૂ સખી શ્રીમંતોને ફંડની અપીલો તો વરસોવરસ અને દરેક છાપેલા રિપોર્ટોમાં સંચાલકો ને કરવી જ રહે છે. મતલબ કે 'ન ઉધરકે ન ધરકે' એવી હાલત થઇ પડે છે. આવી જ એક ધરખમ સંસ્થાએ ઘણા અભિમાનપૂર્વક ગાંધીજીને મોકલેલા પોતાના રિપોર્ટમાં અહેવાલના વર્ષ દરમ્યાન આશરે ૬૬૦૦૦ રૂા. જેટલી રકમની તાજી વિયાયેલ ભેંસો બજારભાવે વેચાતી આણ્યાનો ઉલ્લેખ હતો. આ સંસ્થા જોડે ગાંધીજીએ દૂધવેચાણ સારૂ ભેંસોનું પાલન છોડી ગયો રાખવા ઘણા અનુનય-વિનયપૂર્વક આગ્રહ કર્યો. તેમ કરવા જવાબમાં સંસ્થાને જે કંઇ આર્થિક નુકસાની આવે તેની જવાબદારી પોતાને માથે લેવાની જાતે તૈયારી બતાવી અને સંસ્થા તેમ કરે તો પોતાને હસ્તકની એક ખાસી સખાવત સંસ્થાને અપાવવાની બાંયેશ દેખાડી. ત્યારે આ સંસ્થાના સંચાલકોએ મજદૂર ઑફરને તરંગી અને અવહેવારૂ ગણી તેટલી જ વિનયપૂર્વક પણ તેનો અસ્વીકાર કરનારો ઠરાવ પર સભ્યોની વ્યવસ્થાપક સમિતિમાં પસાર કર્યો ! શહેરોમાં વસતા શ્રીમંતોનાં દાનને લોભે પ્રતિકૂળ હવાપાણીવાળા સંજોગોમાં પણ મુંબઇ જેવાં શહેરોની પડોશમાં પડી રહેનારી અને દૂધના વેપારથી આવક ઠરીને સંસ્થાના ખરચો ઓછેવત્તે અંશે કાઢવાનાં પ્રલોભનોમાં પડનારી પશુરક્ષક-સંસ્થાઓ સંસ્થાના મૂળ ઉદ્દેશોથી કેટલી હદ લગી વિમુખ બને છે, તેના દૃષ્ટાંતરૂપે આ કરૂણ કિસ્સો અહીં રજૂ કર્યો છે. મુંબઇ આસપાસના ૩૦-૪૦ માઇલ જેટલા પ્રદેશમાં જાડી ગણતરીએ નહિ નહિ તો વાર્ષિક ૫-૬ લાખ જેટલી ધર્માદાની રકમો ખરચાય છે એવી અટકળ બાંધવામાં આવી છે. વર્ષો અને દાયકાઓ થયાં આ સખાવતોના પ્રવાહ ચાલુ છે. ગુજરાતની રબારી કોમો નોકર રહીને આ સંસ્થાઓનાં પશુઓ સંભાળે છે; લાંઠ અને શિરજોર થઇ બેઠી છે. સંસ્થાના વ્યવસ્થાપકોને, તેઓ પોતાની દયા ઉપર નભે છે, એ વાતનું પગલે ને ડગલે ભાન

કરાવે છે. એક બે પ્રગતિમાન સંસ્થાના અપવાદો સિવાય આટલાં વર્ષોમાં નથી કોઇએ એકે નમુનેદાર ગોધણ ઊભું કર્યું કે નથી સ્થાનિક ગવળી કોમોને કે ખેડૂતને પશુપાલનનો કશો સંસ્કાર આપ્યો. ચાંદો-સૂરજ રોજ ઊગે છે ને આથમે છે. આ સંસ્થાઓ જ્યાંની ત્યાં છે. મુંબઇ ઇત્યાદિ મોટાં શહેરોના સર્વ વિચારવાન સંસ્થા–સંચાલકોને મારી આ નમ્ર અપીલ હું ભેટ કરું છું.

રાજવીઓને

કાઠિયાવાડના રાજવીઓ અને રાજવહીવટ કરનારાઓ આગળ પણ મારી ટહેલ છે. તમારે આંગણે પૃથ્વીભરમાં પંકાતા એવા જાતવાન ગોવંશની વેલ નીપજે છે. એ ગોધનની કદર અને કિંમત જાણીને દૂરદેશોના પ્રવાસી પરદેશીઓ તમારે આંગણે એના વહોરતિયા બન્યા અને એ વેલ પોતાના દેશોમાં લઇ જઇ રોપી પેરે પેરે એનાં જતન અને સંગોપન કરી એને પ્રતાપે નવે નિધિ અને અષ્ટ સિદ્ધિ પોતાને આંગણિયે ઊભી કરી એના ઉપર પોતાની શ્રીમંતાઇના કોટ રચ્યા. પરદેશીઓના પુરૂષાર્થના ઇતિહાસ તમારાથી અજાણ્યા નથી. તમારાં તો આગણાં જ એની નિપજાઉ ભૂમિ છે. પરદેશોમાં લઇ જઇને નિપજાવેલી કોઈ નીપજ તમારાં ગીર, નાઘેર કે પંચાળની નીપજોને તોલે આવી શકે એમ નથી. પણ જતન વિનાનાં રતન પણ દૈવના દુર્વિલાસ થઇ પડે છે. એક ઘડીક તમારા મનને તમારા બેલ-શિકાર અને રાગરંગથી ખેંચીને આ તરફ વાળો, એક જરાક ઘરઆંગણે વાસીદામાં વળાતી આ રત્નકણિકાઓ તરફ તમારી નિગાહને રોકો,. જરાક તમારાં રાજ્યોનાં કુદરતી સાધનોને આ જશવંતી, ધનવંતી, રૂપવંતી વેલના સંગોપન પાછળ રોકો, તો તમારે અને તમારી પ્રજાને આંગણે જોતજોતામાં વળી પાછી રિદ્ધિસિદ્ધિ રેલાશે અને તમારાં ભાગ્ય નમણાં બનશે. પ્રજાના રાજકારણની ભલે તમને સૂગ હોય, રાજકાજની સમસ્યાઓમાં ભલે તમને પ્રજાના સેવકોનો અણુવિશ્વાસ હોય; આ પ્રશ્નના ઉકેલમાં, રાજા–પ્રજા, સેવક–સાહેબ સૌ એક થઇને ખૂટચાટૂટચા ગોધનને બચાવી સંભાળી લેવામાં તો કોઇની આભડછેટ માનવાની કે એકબીજાનો અણુવિશ્વાસ ધરવાની કશીયે જરૂર નથી. તમારા ગીરગોંડિલના, બરડા અને પંચાળના, જામ અને ઓખાના પ્રદેશો પડ્યા છે જરાક ધ્યાન આપીને તમારા વંકા ડુંગરા વચ્ચે વહેતાં નદીનાળાં, ખીણકોતરોને બે પાંચ જગ્યાએ બાંધીને કુદરતનાં પાણી સંઘરવાની યોજનાઓ રચો તો વરસોવરસ મજૂરીને સારુ દેશવિદેશ રવડતી તમારી રૈયતને ઘરઆંગણે રોજી મળશે અને તમારાં જમીનજંગલો બારેમાસ હરિયાળીથી હસતાં હસતાં થશે. એક જરાક જ ધ્યાનની, જરાક જ સમજણની, જરાક જ જાગૃતિની જરૂર છે. અવધિ આવી છે. હજુયે જાગીને પોતાની આસપાસ જોશો તો જણાશે કે અતિ મોડું નથી થયું. ભાગ્યલક્ષ્મી બારણે ઊભી વાટ જુએ છે. મોકું ફેરવશો ?

થોડું કે આંખ ઠરે એવું

મુંબઇ જેવાં શહેરોની આસપાસ અને મુખ્યત્વે કરીને વેપારી મંડળોનાં દાનને આશરે નભતી જૂજ ગોસેવા-સંસ્થાઓએ ચોકકસ દિશાના આગ્રહ ધરીને, તેમ જ જુનાગઢ, ભાવનગર, મોરબી જેવાં થોડાંઘણાં રજવાડાંઓએ ભલે શોખને ખાતર પણ પોતાની વિપુલ સાધનસામગ્રીનો મનસ્વી ઉપયોગ કરી સુંદર પરિણામો નિપજાવ્યાં છે. કુંડલા, મહુવા જેવી થોડી મર્યાદિત સાધનોવાળી ગોસેવા-સંસ્થાઓ પણ કાર્યકર્તાઓના ઉત્સાહ અને આગ્રહને બળે સાચી દિશાએ આંખ ઠરે એવું કામ કરી રહી છે. પણ આ બધું 'દરિયામાં ખસખસ' જેટલું છે. વેપારી દાનધર્મને આધારે નભતી અને ગામેગામ ઠેર ઠેર પથરાયેલી આપણી અસંખ્ય પશુસેવા-સંસ્થાઓ મોટેભાગે ત્રેતાયુગના અંધકાળમાં ડૂબેલી છે. તેમને આધુનિક યુગના ઉજાસમાં ખેંચી આણી તેમની આંધળી આસ્થાને દેખતી કરવી અને તેમને આજના જમાનાની જરૂરિયાતોનું ભાન કરાવવું અને એ તેમના મન તેમ જ અંત:કરણમાં ઠસાવવું, એ આજનું આપણું કામ છે.

કાર્યક્ષેત્રની રૂપરેખા

આ કામ ઓછામાં ઓછા પણ આજની જરૂરિયાતોને પહોંચી વળવા સારૂ અનિવાર્ય એવા થોડાક પાયાના સિદ્ધાંતોના સ્વીકારની શરતે આપણી ગોસેવા–સંસ્થાઓનું સંગઠન થાય તો જ કરી શકાય એવું મારું માનવું છે. આવા સંગઠનના ઉપયોગી મુદ્દાઓ અહીં રજુ કરવા હું પ્રયત્ન કરીશ:

૧. ગોવંશસુધાર અને ગોસેવા-સંસ્થાઓના સુનિયંત્રણમાં રસ ધરાવનાર કાઠિયાવાડ-ગુજરાતની સંસ્થાઓનું એકાદ મધ્યવર્તી મંડળ મારફત સંગઠન કરવું અને તે દ્વારા માન્ય કરેલી તમામ બાબતો તેમ જ જાહેર સંસ્થાઓનું કામ પરસ્પર સહકારથી એકસૂત્રે અને સંગઠિત રીતે ચાલે એમ કરવું.

૨. દરેક ગોસેવા-સંસ્થામાં 'ગોશાળા' તથા 'પાંજરાપોળ' એવા બે સાવ જુદાયદા વિભાગ ચલાવવા. ગોશાળા વિભાગમાં આવક તથા જાતવાન ઓલાદ આપે એવાં માત્ર ગાય, સાંઢ તથા વાછરડાં રાખવાં અને તેમનું શાસ્ત્રીય રીતે પાલન તથા ઉછેર કરવાં, અને પાંજરાપોળ યાને જીવદયા વિભાગમાં અશકત, લૂલાં લંગડાં, ઘરડાં ગાયબળદ તેમ જ ઇતર પશુપ્રાણીઓનો નિભાવ કરવો.

૩. સારા સાંઢ તથા જાતવાન ગાયો શાસ્ત્રીય ઢબે ઉછેરવાના અને બાંગરા રખડુ ખૂટિયાઓથી ગાયોને ફળતી અટકાવવાના પ્રયત્નો દરેક ગોશાળાએ કરવા.

૪. ગોશાળાઓ અને જીવદયા-સંસ્થાઓમાં સંસ્થાની આવક કે નિભાવશકિતનો કશો ખ્યાલ રાખ્યા વગર આવે તેટલાં પશુઓ દાખલ કરવાની અને કોઇને ના ન પાડવાની વલણ આજે જોવામાં આવે છે તે બંધ કરી સંસ્થાની, કહો કે, છેલ્લાં દસ વર્ષની વાર્ષિક આવક-ખરચની સરેરાશને હિસાબે આવકના પ્રમાણમાં ઉપર સૂચવ્યા તેવા બે વિભાગોમાં રીતસરના ઉછેર તેમ જ નિભાવ અર્થે રાખવાની પશુસંખ્યાને મર્યાદિત કરવી, અને તે મર્યાદા ચીવટપૂર્વક પાળી તેની અંદર રહીને જ માન્ય સંસ્થાઓએ પોતાનાં કામકાજ ચલાવવાં.

૫. કોઇ પણ માન્ય સંસ્થાએ ગોશાળા વિભાગમાં આવકના સાધન તરીકે કે બીજા કશા કારણસર ગાય અને ગોવંશ સિવાય બીજાં ભેંસ આદિ પશુને દાખલ કરવાં નહિ.

૬. ગોશાળા તેમ જ પાંજરાપોળ વિભાગમાં ઓલાદના કામને સારુ લાયક ન હોય એવા એકેએકે બાંગરા, સાંઢ, વાછડા ઇ૦ને પીડા વગરની આધુનિક ચીપિયા પદ્ધતિએ ખસી કરવાં અને સંસ્થાના સબંધમાં આવનાર ખેડૂતો તેમ જ આમપ્રજાને તેના લાભો સમજાવવા બનતો પ્રચાર કરવો. પાંજરાપોળ વિભાગમાં પણ ઘરડી અગર રોગ ઇ૦થી બીજી રીતે નકામી બનેલી ગાય ભેંસોને ફળતી અટકાવવા સારુ તેમનું 'સ્પેઇંગ' કરાવવું.

૭. દરેક ગોશાળા પાસે વિશાળ ગોચરો તેમ જ લીલા ચારા ઉગાડવા સારુ થોડી ઘણી પણ ખેતી, જમીન તથા પાણીનું સાધન હોવાં જોઇએ એવો આગ્રહ માન્ય સંસ્થાઓએ રાખવો. અને એવી જમીનો પર લીલા ચારા, સાઇલેજ, ઢોરોના ખોરાક,

ખાતરો, ઇળની શાસ્ત્રીય તપાસ તથા અખતરા કરવાનો કાર્યક્રમ દરેક માન્ય સંસ્થાએ પોતાના એક મહત્ત્વના અંગ તરીકે ગણવો.

૮. ગોશાળાનાં છાણમૂતરનો ઉપયોગ બળતણમાં ન થતાં તેનાં રાસાયણિક દ્રવ્યો ન વેડફાય એવી રીતે ખાડા ઇળમાં તે સંગ્રહ થાય તેમ જ મરતાં પશુઓના મુડદાલ માંસનો ખાતર તરીકે પૂરેપૂરો અને શાસ્ત્રીય ઉપયોગ ગોશાળાની જમીનો પર કે ખેડૂતોને થાય એવો આગ્રહ રાખવો.

૯. ગોપાલન અને ગોસંવર્ધન આખી પ્રજામાં વ્યાપક કરવું છે એ હેતુ નજર સામે રાખી, ગોસેવા-સંસ્થાઓની કાર્યપદ્ધતિ તેમ જ અખતરા સામાન્યપણે ખેડૂત કે રબારી-ગવળીના ગજા ઉપરવટના ન હોવા જોઇએ પણ સામાન્ય ઢોર પાળનાર પણ અનુકરણ કરી શકે તેવા હોવા જોઇએ એ રીતે કામ કરવું.

૧૦. દરેક ગોશાળામાં સારા સાંઢ અને સારો ભરપૂર ખોરાક, ગાયોની સારી માવજત અને પાણી, ખોરાક, ગમાણ તેમ જ ઝોક કે તબેલાની આદર્શ સ્વચ્છતા જાળવવાનો ખસૂસ આગ્રહ રહેવો જોઇએ.

૧૧. મૂએલાં ગાયબળદ વાછરડાં ઇળનાં ચામડાંનો ઉપયોગ કરવા ચર્મોદ્યોગ ખોલવાં અને હાડકાં, માંસ, રુધિર, સ્નાયુ આદિ બીજા અવશેષોનો તેવો જ ઉપયોગ કર્યા વિના ગાયોની આર્થિક કિંમત વધી શકવાની નથી, અને તેમ ન થાય ત્યાં સુધી તે આર્થિક દૃષ્ટિએ અત્યારે પરવડે તેમ ન હોવાથી તેની જીવરક્ષાના બીજા તમામ પ્રયત્નો ફોગટ છે, એ વિચારસરણીનો નિઃસંકોચપણે અને જાહેર રીતે હરહંમેશ સ્વીકાર અને પ્રચાર કરવો.

૧૨. મૃત પશુનાં ચામડાંનો ચર્મોદ્યોગ તથા તેનાં માંસ હાડકાં વગેરે અવશેષોનો સદુપયોગ એ ગોસેવાનું અનિવાર્ય અને અગત્યનું અંગ છે એ સમજીને, એ અવશેષોનો ઉપયોગ કરી તેમાંથી આર્થિક આવક ઉભી કરવાનો આગ્રહ રાખવો.

૧૩. દૂધની નીપજ વધારવી એ ગોશાળાઓના નિભાવ તથા સ્વાશ્રયીપણાનું સૌથી જોરાવર અંગ છે, એ દૃષ્ટિ આંખ સામે રાખી અતિધણી દુધાળ એવી થોડીક ગાય વાછરડીઓના શાસ્ત્રીય ઉછેર ઉપર નજર ન રાખતાં સર્વસામાન્ય ગાયોની સરેરાશ દૂધપેદાશ વધે, ખેડૂતો તથા ગામલોકો પણ ગોશાળામાં ખીલતા શાસ્ત્રીય પશુપાલનનો આવડત કેળવે ને પોતાને ઘરઆંગણે રહેતાં ઢોરોની દૂધ આપવાની શક્તિ ખીલવે અને વધુ દૂધ મેળવતા થાય, એવા વ્યાપક પ્રયત્નો કરવા.

૧૪. આવકને હિસાબે ગાયના કરતાં ભેંસ પાળવી વધુ લાભકારી છે એ વહેમ પ્રજામાંથી હટાવવો. આવકના ચડિયાતા સાધન તરીકે ગણીને અને સંસ્થાને સ્વાશ્રયી કરવાના શુભ હેતુથી પ્રેરાઇને પણ ભેંસને કોઇ પણ ગોશાળા વિભાગમાં સ્થાન ન આપવું. બલકે, હિંદ જેવા કૃષિપ્રધાન મુલકમાં એકલું દૂધ આપવામાં ભેંસ ચડિયાતી દેખાતી હોય, તોપણ પાડાથી હિંદુસ્તાનની ખેતી થઇ શકવાની નથી એ જોતાં ખેતી લાયકના બળદ તથા દૂધ એમ બેઉ આપનારી ગાય જ આ દેશમાં આજે કેમ પાળવા યોગ્ય છે, એ વિચારસરણી પ્રજામાં ફેલાવવી અને ફેલાવવી.

રક્ષા શેમાં ?

આવો મારો આપણા કાર્યક્ષેત્રનો ચિતાર છે. આજની અતિ શોચનીય અને દર્દભરી સ્થિતિના ઇલાજને સારુ જૂની માન્યતાઓનાં મડાંને ચોટકી બેસવાનું મેલી દુનિયાની આર્થિક જદ્દોજહદમાં આપણા કૃષિપ્રધાન દેશની આબ-પ્રજાનાં ભેરુ-ભાંડરૂ સમાં આપણાં ગૃહપશુઓની રક્ષાને સારુ ઝંપલાવ્યે જ આજે આપણો આરો છે. શાહમૃગની પેઠે પાછળ દોડયા આવતા શિકારીઓને ભાળી રેતીમાં માથાં દાટયે કદાપિ રક્ષા થવાની નથી. એટલે આપણે દૃઢતાપૂર્વક બેઉ હાથે હિમ્મત પકડીને આગળ આવીએ અને આપણા ગોધનના સંરક્ષણ અને સંગઠનની સંગીન યોજનાઓ ઘડી તેના અમલ પાછળ રોકાઇ જઇએ.

ધર્મ આચરીએ

હું કબૂલ કરું છું કે આ કામ અઘરું છે, અતિ અઘરું છે. પણ મહાત્માજીના શબ્દોમાં કહું તો જેને ધર્મ વહાલો છે તેને તે આચર્યે જ છૂટકો છે. ભલે આપણી હાંસી થાય, ભલે આપણા પર પસ્તાળ પડે, ભલે આપણે ખમવું પડે. ધર્મનું આચરણ એ જ આપણું રક્ષાકવચ અને આપણું આશ્વાસન છે. આજે હાંસી કરનારા ને આપણી સૂગ માનનારા એના એ આવતી કાલે તમારા પ્રશંસક બનવાના છે ને તમારા પુરુષાર્થનાં, તમારા નૈતિક મનોબળનાં અને તમારી સેવાપરાણુતાનાં પ્રશસ્તિગાન કરવાના છે.

અને કદી એમ ન બન્યું તોયે શું ? એકેએક સત્કર્મ એનો પોતાનો પુરસ્કાર છે. દરેક સત્કાર્યમાં તે કર્યા પછી કર્તાને થતો આત્મસંતોષ એ જ એનું મોટામાં મોટું ઇનામ છે. ધર્મનું આચરણ સહેલું હોય, એ આચરણ કરવા જતાં કશું વેઠવાપણું ન ન હોય, તો એ ધર્માચરણમાંથી માણસનું મનુષ્યત્વ કઇ રીતે ગંઠાય ? એ આચરણ માણસના મોક્ષની સીડી કઇ રીતે બને ? ધર્માચરણ અઘરું જ હોય :

મરણ આંગમે તે મરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને.

* * *

માંદ્ય પડયા તે મહાસુખ પામે, દેખનારા દાઝે જોને.

આપણે અવનવા ક્રાંતિકાળમાં જીવી રહ્યા છીએ. પૃથ્વીના પડ ઉપર જેને માથે સૂર્યનારાયણ કદી આથમતા નહોતા એવાં ભલભલાં સામ્રાજ્યોના દોર અસ્ત પામી રહ્યા છે. તમામ દુનિયાની સમાજવ્યવસ્થાઓ, અર્થવ્યવસ્થાઓ, રાજ્યવ્યવસ્થાઓ સંહાર અને સર્વનાશની ભઠ્ઠીમાં પડી ગળાઇ રહી છે. ભારતવર્ષને પણ એની આંચ દાઝી રહી છે. આવા યજ્ઞકાળે આપણે આપણી તમામ નબળાઇઓનો, મડાગાંઠની પેઠે આપણને પકડી રહેલા તમામ જૂનવાણી અંધશ્રદ્ધાઓનો, આપણી તમામ આત્મવંચનાઓનો હોમ કરીએ અને હરભોગે ને હરજોખમે ધર્મને આચરીએ. કાળા માથાના માનવીનાં પાપોને ભારે પૃથ્વી અને ગાય ત્રાહિ ત્રાહિ થઇ પ્રભુને પોકારી રહ્યાં છે. લાખો આજે વણનાંકે મરી રહ્યાં છે. બીજા કરોડો દીનહીન બની શોષાઇ ચવાઇ મરણની વાટ ચાલી રહ્યાં છે. આપણે પણ લખી ઘડીએ નિશ્ચે મરવું જ છે:

સૂઇ જવું સ્વસમયે શમવાહિનીમાં
તો કાં ન કાર્ય કરવું જગને હિતાર્થે ?

પ્રભુ આપ સૌને સન્મતિ પ્રેરો અને મહાત્માજીનું તપોબળ અને આશીર્વાદ આપણને સૌને સાચી ગોરક્ષાના ધર્મને આચરવાનું બળ આપો !

સમાપ્ત

સ્વામી આનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, '૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4260.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૨૨

મુંબઇ : ૧૫ માર્ચ ૧૯૪૧ શનિવાર.

લવાજમ
રૂપિયા ૨

પ્રેમનું અમર પુષ્પ

માણસને એના પરિચિત જીવનથી સંતોષ થતો નથી. કુદરતે જે આયુષ્ય બક્ષ્યું છે એના કરતાં એને વધારે જીવવું છે. જીવવાનો આનંદ અને જીવવાનો અનુભવ એને એટલો બધો પ્યારો છે.

ઇંગ્લાંડની એક રાણીએ મરતાં પહેલાં ચીસ પાડી કે કલાક વધારે જીવવાની કોઇ સગવડ કરી આપે તો મારું રાજ એને અર્પણ કરું. જિજિવિષા એ સૌથી બલવત્તર અને સાર્વભૌમ વાસના છે.

જીવતા જ રહેવાની સગવડ મેળવવા માટે માણસે અમરફળની યાચના કરી, દિવ્ય રસાયણની શોધ કરી, સંજીવની વિદ્યાની ખોજ કરી, દીર્ઘાયુ થવાનો યોગ સાધ્યો. રાજયોગ અને હઠયોગ, ધ્યાનયોગ અને પૂર્ણયોગ બધા અજમાવ્યા. ચૌદસો વરસ જીવનાર ચાંગદેવની વાર્તા જોડી કાઢી. પોતાના દીકરાંઓનું યૌવન ઉછીનું લઇને ભોગ ભોગવનાર સમ્રાટ્ યયાતિની વાર્તાઓ રચી સાત ચિરંજીવીઓનું રોજ સવારે સ્મરણ ચલાવ્યું. પણ માણસ મૃત્યુના સકંજાઓમાંથી છૂટ્યો નહિ.

મૃત્યુ ન ટળ્યું તો ભલે ન ટળ્યું. પણ મરણ પછી શરીર સડતું અટકાવાય ખરું ? માણસે એની પણ શોધ ચલાવી. શરીર તેલના હોજમાં ડુબાડી રાખ્યું. મધના તળાવમાં એનો મુરબ્બો કર્યો. જાત જાતના મસાલાઓમાં લપેટી એનાં 'મમી'ઓ બનાવ્યાં. મુડદાંરૂપે પણ જો વધારે ટકી શકાય તો ટકી જોવું એટલી જ અભિલાષા.

ત્યારે શું મરીને નવો જન્મ લેવાતો હશે ? કેટલી સુંદર કલ્પના ? કેટલું આશ્વાસન અને સમાધાન ! ઘાસ ઉગે છે અને સુકાય છે. ફરી વરસાદ થાય એટલે એ ફરી પાંગરે છે. તેવી જ રીતે માણસ પણ ફરી જન્મ લેતો હોવો ન જોઇએ ? કઇ રીતે તે આપણે જાણતા નથી. બીજમાંથી ઝાડ ફૂટે છે, એનો વિસ્તાર વિસ્તરે છે, અસંખ્ય ફૂલો અને ફળો એના જીવનરને કૃતાર્થ કરે છે; કોને ખબર હતી કે એ સૂક્ષ્મ બીજમાં એક નવું વૃક્ષ છુપાયું છે ? પુનર્જન્મની કલ્પના કરી કરીને માણસ થાકયો. એ કલ્પના એટલી તો બંધબેસતી છે કે એ સાચી તો હોવી જ જોઇએ. પણ એનો પુરાવો શો ?



પુનર્જન્મનો પુરાવો મળે ત્યારે મળે; પુનર્જન્મની સ્મૃતિ ધરાવનારી વ્યક્તિઓ મળતી હોય કે ન મળતી હોય; પણ એક બીજમાં ઓતપ્રોત થનાર પ્રેમીઓનો સ્નેહ જ્યારે અપત્યરૂપે પ્રગટ થાય છે ત્યારે એ એકનો નહિ પણ બે જણનો સામટો પુનર્જન્મ હોય છે. દ્વૈતમાંથી નવું જ અદ્વૈત પેદા થયું અને જીવન કૃતાર્થ થયું.

માબાપ ઘરડા થતા જાય છે. એમનું યૌવન ઓસરે છે ને તે જ વખતે તેમનું બાળક તેમના જ બોળામાંથી ઉતરી યૌવનમાં પગ મૂકે છે અને માતપિતાને નવા લાવણ્યનો આનંદ આપે છે. માણસને વધારે જીવવું હતું; પોતાનો યૌવનકાળ લંબાવવો હતો; જીવનધારા એને વધારવી હતી; જીવનસત્ર ઉત્તરોત્તર તાણવું હતું સંતતિરૂપે એ શકય બન્યું. માણસે ધન્યતાના ઉદ્‌ગાર કાઢયા :

अंगात् अंगात् संभवसि हृदयात् अभिजायसे ।
आत्मा वै पुत्र नामासि सजीव शरदःशतम् ॥

જીવનેષણાએ જ આખરે પુત્રેષણાનું રૂપ ધારણ કર્યું.

પતિપત્ની પ્રેમને કારણે એકત્ર આવ્યાં; એકબીજામાં ઓતપ્રોત થયાં; પ્રેમને કારણે એ સહજીવન દિવ્ય બન્યું. પણ નદીના પ્રવાહમાં સંયોગવશાત્ ભેગા થયેલાં લાકડાનાં બે હોડકાં (કટકા) કયાં સુધી સાથે રહી શકે ? પાર્થિવ જીવન નશ્વર છે; જ્યારે પ્રેમમય જીવન અક્ષરી છે. પાર્થિવ જીવન નષ્ટ થયા પછી પણ એ પ્રેમજીવન-એ દિવ્ય જીવન કેમ ટકાવાય ? પ્રજાતંતુ દ્વારા એ પાર્થિવ જીવન પણ અખંડ તો ચલાવી શકાય. પણ શું એ એક જ ઉપાય છે ?

શાહજહાન અને મુમતાજ બેગમ એક બીજમાં ઓતપ્રોત થયાં. શાહજહાન જેવા એક સમ્રાટને પામીને મુમતાજનું પ્રેમસૌંદર્ય કૃતાર્થ થયું; અને મુમતાજ જેવા રૂપ રૂપના ભંડાર અને પ્રેમના સાગરને મેળવીને સમ્રાટનો વૈભવ અને એના હૃદયનો ગંભીર સાગર બન્ને કૃતાર્થ થયા અને કવિઓ પણ કહેવા લાગ્યા કે વિચિત્ર ઘાટ ઘડનાર વિધાતાએ અહીં એક વાર અનુરૂપને અનુરૂપ સાથી આપી

સંસાર પંડિત કર્યો. પણ તેમને પાર્થિવ શરીર દ્વારા વ્યક્ત કરવા જતાં અમરત્વ ખોવું પડે છે એનો ખ્યાલ શાહજહાન ભૂલી ગયો. સ્વાત્માર્પણ કરતાં મુમતાજને કાળ વહ્યો જાય છે એનો ખ્યાલ સરખો ન રહ્યો. બન્નેએ દ્વન્દ્વ સમા ભોગ ભોગવ્યા અને જીવન ટૂંકાવ્યું.

એક દિવસ શાહજહાનને ભાન થયું કે પોતાના દેખતાં કરાળ કાળ પોતાની પ્રિયાને ગ્રસે છે. વૈદ્યો અને હકીમો, યાંત્રિકો અને ઓલિયાઓ બધા આવ્યા. માણસની વ્યર્થ આશાઓ તેમણે અજમાવી અને એ બન્ને પ્રેમીઓને અંતે ખાતરી થઇ કે આખરે તેઓ મર્ત્ય લોકનાં જ રહીશ છે. નિરાશ થઇને મુમતાજે શાહજહાનને પૂછ્યું કે શું આપણો પ્રેમ પણ એટલો બધો કાચો હશે કે એ કુદરત સામે પણ ટકકર ઝીલી ન શકે?

બંનેની નજર સામે ભોગ અને પ્રેમ વચ્ચેનો ભેદ પ્રત્યક્ષ થયો. શાહજહાને કહ્યું કે પ્રેમની ઉત્કટતા અનુભવવા ભોગની મદદ લીધી તે હવે વેર વાળે છે વિલાસિતાએ જે ખોયું તે કળાના કૃપાપ્રસાદથી પાછું મેળવવાનો પ્રયત્ન કરી જોઇશું.

મિશ્ર દેશના લોકોએ શરીરને મસાલામાં લપેટી એ ટકાવવાનો પ્રયત્ન કર્યો. ગ્રીક લોકોએ મૂર્તિવિધાનની કળા પૂર્ણત્વ સુધી પહોંચાડી, માણસનું રૂપ અને એનું લાવણ્ય એની આકૃતિ અને એનું અધ્યાત્મ વ્યકત કરવા માટે સંગેમરમ ક્રોતર્યા.

પણ શાહજહાનને એ ભૂલ હવે કરવી ન હતી. પાર્થિવ રૂપ કે માનવી રૂપ કેમ દગો દે છે એનો એને અનુભવ થયો હતો. એણે વિચાર કર્યો કે શુધ્ધ પ્રેમ એટલે આકૃતિની સર્વભદ્રતા, શુધ્ધ પ્રેમ એટલે ઔચિત્ય, શુદ્ધ પ્રેમ એટલે તપસ્વિતા, શુધ્ધ પ્રેમ એટલે સમૃદ્ધ સંયમ, શુદ્ધ પ્રેમ એટલે પરસ્પરાનુકૂલતા, શુદ્ધ પ્રેમ એટલે વિવિધતામાં વિલસતું અખંડ અજરામર-અદ્વૈત: એવા પ્રેમને હું માનવીકલેવરનું રૂપ ન આપું. એવા પ્રેમને હું અખંડ ધ્યાન, અખંડ ભકિત અને નિ:શેષ સ્વાત્માર્પણનું પ્રતીક બનાવું. એણે ધ્યાન ધર્યું. એણે પોતાનો પ્રેમ વિશુદ્ધ અને મૂર્ત બનાવ્યો. એની જે મૂર્તિ એના હૃદયમાં પ્રગટ થઇ તેની જ દીક્ષા એણે પોતાના કારીગરોને આપી. પૃથ્વીના પેટમાંથી અસંખ્ય પથરાઓ આવ્યા. માનવી મન અને હાથ એ પથરાઓ સાથે સહકાર કરવા લાગ્યાં. નાટકના અંકો જેમ ગોઠવાઇ જાય છે, પટોળાના તાણાવણા જેમ વણાઇ જાય છે, તેમ આ પથરાઓ ધીમે ધીમે કોતરાયા અને ગોઠવાયા અને એ ક્ષણભંગુર કાયામાં ખીલેલા સનાતન પ્રેમની એક અભિનવ મૂર્તિએ જન્મ લીધો. બાળકો ગર્ભમાં નવ માસ રહે છે. આ પ્રેમ બાળક કળાની-ધ્યાનની-ગર્ભાવસ્થામાં કોણ જાણે કેટલાં વર્ષો સુધી, કેટલાં તપો સુધી રૂપ ધારણ કરતું હતું.

અંતે એ અવતર્યું. શાહજહાનનો આત્મા તૃપ્ત થયો. દુનિયાના પ્રેમીઓને દીક્ષા મળી, અને એક સૌંદર્યમૂર્તિનો અવતાર થયો.

તાજમહાલની પડખે ઉભી રહી શકે એવી મૂર્તિઓ-સ્થાપત્ય કૃતિઓ-દુનિયામાં નથી એમ નથી. દૂર શા માટે જઇએ? યમુનાને જ પેલે પાર ઇતમાદુદ્દૌલાનો મકબરો કે રોજો છે. તે તાજમહાલથી ઓછો સુંદર નથી. પણ ત્યાં કેવળ સૌંદર્ય જ છે, ઔચિત્ય જ છે; ભકિતની એકાગ્રતા પણ હશે; પણ તાજમાં જે પ્રેમની તાજગી છે તે ત્યાં ન મળે. તાજ પ્રેમની સ્મૃતિ અને પ્રેમની સંતતિ પણ છે.

તાજનો વિચાર કેવળ કળાની દૃષ્ટિએ ન કરાય. એનું રહસ્ય તે કાળની સંસ્કૃતિની દૃષ્ટિએ ન ઉકેલાય. પણ ભોગ જીવન વિફળ થયા પછી પ્રેમજીવને જે એકાગ્રતા સાધી અને જીવનમાં જે ન મળ્યું તેની સ્મરણ વાટે જે સિદ્ધિ સાધી તેના પ્રેમપ્રતીક તરીકે જ તાજનો વિચાર કરવો જોઇએ. પ્રેમનું રહસ્ય જાણવું હોય તો તે જ યમુનાને કિનારે સ્થિર થયેલા આ અમર પુષ્પ પાસેથી જ જાણી લેવું.

'કુમાર'માંથી સાભાર ઉધ્ધત

ખાદી તો સમજાય પણ કાંતણનું શું કામ?

બે પત્રો.

તમારો કાગળ વાંચ્યો. તમારું કહેવું હું નીચે મુજબ સમજ્યો છું:—

ખાદી પહેરવાનું તાત્કાલિક આર્થિક મહત્વ સમજી શકાય છે, પણ સ્વરાજમાં તો યંત્ર વડે જ કપડું ઉત્પન્ન કરવાનું છે.

(૧) દરેકે કાંતવું જ જોઇએ-એમ શું કામ? જેને મજૂરીની કે આર્થિક દૃષ્ટિએ વસ્ત્ર સ્વાવલંબનની જરૂર છે, તેટલા જ કાંતે અને બીજા ખાદી ખરીદે, એમાં શું દોષ છે?

(૨) જો ૯૫ ટકા લોકો કાંતે તો વર્ષ કે ૭ મહીનામાં સ્વરાજ મળે એમ કહેવામાં લાભ શો, જો આપણે જાણતા હોઇએ કે સંભવનીય નથી?

આ વિષે મને જે લાગે છે તે લખું છું:

(૧) જેમ શુધ્ધ યંત્રશાસ્ત્રની દૃષ્ટિએ સારું યંત્ર તે કે જેમાં બધી ક્રિયાઓ બનતાં સુધી આપમેળે (automatically) હોય, તેમ સારી સમાજરચના પણ એ કે જેમાં સંપત્તિની ઉત્પત્તિ, ભોગ અને વહેંચણીની ક્રિયાઓ પણ જેટલી બને તેટલી આપમેળે જ ન્યાયપૂર્વક થઇ જાય. આ જો સ્વીકારો તો ઘડીભર આપણે કબૂલ કરીએ કે સ્વરાજમાં આપણે શક્તિથી ચાલતાં યંત્રોની સ્થાપના છૂટથી કરવી છે તોયે મારી ધારણા મુજબ, તેનું સ્વરૂપ આજના જેવી મિલો કરતાં બનતાં સુધી ઘેરઘેર ચાલતાં નાનાં નાનાં વીજળી કે પેટ્રોલ વગેરેથી ચાલતાં યંત્રોનું રાખવું જોઇશે. એટલે કે જો તમે ગામડે ગામડે વિજળી પહોંચાડી શકો, અને બીજી સગવડો પેદા કરી શકો તો આજના ઘરઘરના રેંટિયાને બદલે વિજળી કે પેટ્રોલથી ચાલતો કોઇ રેંટિયો રાખવાનું યોજશો. મુંબઇ જેવા ૮-૧૦ શહેરમાં કપડાં વણી ગામડે ગામડે પહોંચાડવાનો દ્રાવિડી-પ્રાણાયામ નહિ ઇચ્છો.

જો આ ડહાપણ તમને માન્ય હોય તો જેમ તમે તમારી હજામત રોજ કરી લો છો, તેમ તમે પણ તમારા ઘરમાં એક તમારો પોતાનો (ભલે વીજળીનો) રેંટિયો પણ રાખો એ સ્વાભાવિક અને ઇષ્ટ લાગશે. સંપત્તિની અને માલની વહેંચણીને સહેલામાં સહેલી કરવાની દૃષ્ટિએ સામ્યવાદી તંત્રમાં આવું કોઇ ઉત્પાદન ફરજિયાત રાખવામાં કશો જ દોષ નહિ ગણાય.

હવે એમ સમજો કે સમાજવાદી તંત્ર છતાં આજે આખા દેશને વીજળીના રેંટિયા આપી શકાતા નથી. તો તે દરમિયાન હાથના રેંટિયા આપવાની અને તેનું એક ઓછામાં ઓછું પ્રમાણ બધાને માટે ફરજિયાત કરવાની આ દરખાસ્ત છે ઘેર ઘેર હાથના રેંટિયા ચાલ્યા પછી, દેશ સમૃદ્ધ થશે અને લોકોનો શ્રમ ઓછો કરવાની અનુકૂળતા આવશે અને સમાજ હિતાર્થે આપણને શક્તિચાલિત યંત્રો વધારવાં ઇષ્ટ લાગશે તેમ તેમ આપણે એ રેંટિયાને પગે ચલાવવાના, પેટ્રોલથી ચલાવવાના, વીજળીથી ચલાવવાના વગેરે કરી શકીશું.

તાત્પર્ય શક્તિ-યંત્રપર જઇશું ત્યારે પણ દરેકને માટે કાંતવું ફરજિયાત રહે એ સંભવનીય છે. જેમ ઉભા રેંટિયા પરથી પેટીરેંટિયા પર અને મગન ચરખા પર આવ્યા, તેમ ભલે બીજી શક્તિ પર જઇએ. આમ કાંતવું એ દરેક માટે જરૂરી સદા માટે થઇ શકે છે.

(૨) સ્વરાજ્ય મેળવવા અને નિભાવી રાખવા માટે (અને તે અહિંસા દ્વારા) કેટલા ટકા લોકોમાં તેની તીવ્ર ઇચ્છા અને તે

કાકાસાહેબ કાલેલકર.

માટે ત્યાગની જરૂરિયાત તમને આવશ્યક લાગે છે? ૯૫ ટકાની વાત જવા દઇએ. સદ્‌ભાગ્યે ૭૦-૭૫ ટકા લોક તો પેટ સાટેયે કાંતવા તૈયાર થાય. પણ તેમનું કાંતવું સ્વરાજની દૃષ્ટિએ નહિ હોય. તેથી તે સ્વરાજ ન લાવી શકે. તેઓ તો કૉંગ્રેસમાંયે જોડાતા નથી. અને સ્વરાજ શું અને પૂર્ણ સ્વરાજ શું વગેરે કદાચ સમજીયે શકતા નથી. ત્યારે આપણે એમ માનીએ કે જેઓ કૉંગ્રેસમાં જોડાય છે, તેઓ સ્વરાજની ઇચ્છા રાખે છે, અને તેટલા જો સાચા હોય તો સ્વરાજ મેળવી પણ શકાય. તો તેવા કૉં. સભાસદોના ૭૫ ટકાની પાસે જે એમ અપેક્ષા કરવામાં આવે કે તેમની સ્વરાજ માટેની તીવ્ર ઇચ્છા અને ત્યાગની તૈયારીની નીશાની તરીકે તેઓ **યજ્ઞાર્થે** કાંતે, તો તે અપેક્ષાને મૂર્ખતાભરી કેમ કહેવાય? સોએ સો ટકા સિપાઇઓએ રોજ ડ્રિલમાં આવવું જોઇએ એ અપેક્ષા ગાંડી છે? દરેક સિપાઇને રોજ ડ્રિલની જરૂર જ હોય? છતાં એ આવશ્યક ગણાય છે. અહિંસાનો સેનાપતિ કહે કે તમે કાંતવાની ડ્રિલ કરો તો હું તમારી સિપાઇગિરી માનું અને તમને દોરું તો એ અપેક્ષા કેમ ગાંડા જેવી ગણાય? ૩૦-૩૫ લાખ કૉંગ્રેસના સભાસદો-અને તે બધા નહિ તોયે જે ૨-૩ લાખ તેમાં સક્રિય રસ લેનારા છે, તેઓની પાસે પણ એવી અપેક્ષા ન રાખી શકાય? એ ૨-૩ લાખ યજ્ઞાર્થે કાંતનારાની પાછળ કેટલાગણા વધારે સ્વાવલંબન તથા મજુરી માટે કાંતનારા પેદા થઇ શકે, તેની કલ્પના કરી શકાય. પણ તેમને જવા દો, તોયે જેટલાને સ્વરાજ માટે કાંઇ કરવું હોય, તેટલાયે આ રીતે પોતાની નિષ્ઠા બતાવવા તૈયાર ન હોય તો તેમણે બાપુજીને છોડવા તૈયાર થવું જોઇએ, એમ તો કહેવાને એમને અધિકાર હોયને?

આના જવાબમાં પૂછનારે નીચે મુજબ બે શંકાઓ કાઢી:—

(૧) કેન્દ્રોમાં કાપડ વણાઇ વહેંચાય એમાં દ્રાવિડી પ્રાણાયામ જ માનવાની જરૂર નથી. હાથે હજામત કરનારને કેટલો કંટાળો ઉપજે છે એ જાણનારને એટલો તો વિચાર જરૂર આવે કે તદ્દન અપરિહાર્ય ન હોય એવી વસ્તુઓ લોકો કદી કરવાના નથી. નવરાશ વધુ મળતી હોય તો દ્રાવિડી પ્રાણાયામ જ લોકો પસંદ કરશે.

(૨) ડ્રિલ રોજ આવશ્યક છે એમ યજ્ઞાર્થે કાંતવા બાબતની વાતમાં તમે કહ્યું છે. આજકાલ સૈન્યમાં કેટલું યંત્રીકરણ (Mechanization) વધી ગયું છે, ને બની શકે એટલું કામ ઓછું કરવામાં આવ્યું છે, તે તો તમે જાણતા હશો. મારો મુદ્દો એ છે કે ડ્રિલની પ્રથા બદલવી જોઇએ. કારણ કાળ બદલાયો છે."

જવાબ

કેન્દ્રીકરણ અને ડ્રિલીંગ વિષે શંકા કાઢી તે સમજ્યો. હું જે રીતે આ વસ્તુઓને વિચારું છું તે કાંઇ પકડી રાખેલા અમુક સિદ્ધાન્તોને વિચારીને નહિ. મારી દૃષ્ટિએ આ સવાલો આંકડાઓ માંડી તથા પરિસ્થિતિઓના અને શકયાશકયતાઓનો વિચાર કરીને જ ઠરાવવા જેવા છે. ખેતીથી માંડી પ્રત્યેક વસ્તુ શક્તિ-યંત્ર દ્વારા ઉપજાવવાની યોજનાનો નકશો દોરો. કલ્પી લો કે 'સિન્ડરેલા' પરીની જેમ તમે ઇચ્છો તે વ્યવસ્થા તમે કરી શકો એમ છો, અને તમે વિશાળ કેન્દ્રીકૃત કલ્પનાઓ કરવા ધારો છો, યાંત્રિક ખેતીને લીધે જમીનને સેંકડો એકરોનાં મોટા મોટા પ્લોટમાં વહેંચી શકો છો તો હવે એની ગણત્રી કાઢો કે આજે લગભગ ૮૦ ટકા વસ્તી ખેતી પર નભનારી અને ગામડાઓમાં રહેનારી છે તેને બદલે કેટલી વસ્તી ખેતી માટે અને કેટલી મોટા મોટા શહેરોમાં વસાવવી પડશે! નાનામાં નાના શહેરની વસ્તી કેટલી રાખશો? શહેરો સરેરાશ એક બીજાથી કેટલે દૂર રાખવા આવશ્યક થશે? જો આ બધા સામે તમને એ માન્ય હોય (અને હું ધારું છું કે હશે જ) કે હિંદુસ્તાન સામ્રાજ્યશાહી અને પરદેશોપર વેપાર જમાવવાની નીતિમાં પડવાનું નથી (સિવાય કે જે કેવળ શુધ્ધ પ્રકારની લેવડદેવડનો હોય) તો ખેતીમાંથી બાકી રહેતી વસ્તી માટે કયા કયા મુખ્ય ઉદ્યોગો વિચારો છો? અને તેમાં કેટલા ટકા રોકાશે એમ ગણત્રી કરો છો? એ બધું ઉપજાવવા જે યંત્રાદિ જોઇએ તથા તે માટે જે મુડી જોઇએ તેના આંકડા શું હશે? અને તેને મેળવવાની વ્યવસ્થા કઇ કરશો? જે મૂડી કે યંત્રો પરદેશો પાસેથી લો તેમને એના બદલામાં કયો માલ અથવા કેવી બાંયધરીઓ આપવી પડશે?

આ બધાનો હિસાબ જોડી તે પર વિચાર કરશો તો મને લાગે છે કેવળ દ્રાવિડી પ્રાણાયામ માટે જ નહિ પણ વ્યવહાર્યતાની દૃષ્ટિએ પણ આપણા દેશને માટે કેન્દ્રીકરણ સલાહ ભરેલું નહિ લાગે.

ગયા કાગળમાં લખેલું તેમ કેન્દ્રીકરણ અને પંચીકરણ એ નોખી વસ્તુઓ છે. અને અકેન્દ્રિત યંત્રીકરણ માટે ભવિષ્યમાં ધીમે ધીમે આપણી શક્તિ અનુસાર વધવાનું અસંભવનીય નથી.

અને કેન્દ્રીકરણ અયુક્તિક હોય તો જે જાતનું ડ્રિલિંગ બાપુજી માગે છે તે બહુ સયુક્તિક છે એમ મને લાગે છે. આંકડાઓ માંડી ભૂલો બતાવો એ ઇષ્ટ છે. કારણ આ પ્રશ્નો સાંપ્રદાયિક હોંસાતોસીના નથી.

આનો તત્કાળ જવાબ આપવાની જરૂર નથી. બરાબર ગણત્રીઓનો અભ્યાસ કરી શકો ત્યાં સુધી ગ્રહદૂષિત ન થઇએ. અને જ્યાં સુધી નિશ્ચિત નિર્ણય પર ન આવીએ ત્યાં સુધી વર્તમાન ભારત પુરૂષના અનુશાસનને મૂઢ ડ્રિલની જેમ પણ અનુસરવામાં દેશનું અને વ્યકિતનું વધારે શ્રેય હોય એમ મને લાગે છે. ખાસ કારણ એ પણ છે કે એનું અનુશાસન સ્વીકારવામાં, તે પ્રગતિને વિઘ્નરૂપ નહિ થાય. દારૂની જેમ રેંટિયો કાંતવાનું કાંઇ છોડી ન શકાય એવું વ્યસન થોડું જ લાગવાનું છે? અને એટલા રેંટિયાઓનો નાશ કરવો પડે, તો તે બીજા સુધરેલા દેશોમાં જૂના યંત્રો રદ કરવામાં થતાં નુકશાન કરતાં ઘણું ઓછું હશે.

કિશોરલાલ ઘ. મશરૂવાળા.

ધધખતો ફાગણ આયો રે!

વસન્ત ક્યાં છે? કોનાં પૂજન?
ક્યાં દીઠાં ભમરાનાં ગૂંજન?
રસઘેલાનાં કૌમુદી-કૂજન
કોઇ ન લાયો રે!
ધધખતો ફાગણ આયો રે!

સંતોષી પુરજનને આંગણ
નવ ચેતાયા હોમ-હુતાશન
આ તો કાળ-ચિતાનાં દર્શન,
ધુમ્ર છવાયો રે
ધુંધળો ફાગણ આયો રે!

'પુલછાબ'માંથી સાભાર ઉધ્ધૃત

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

માર્ચ ૧૫ ૧૯૪૧

અહિંસાની પ્રશ્નાવલી.

(કલકત્તા ખાતે પ્રસિદ્ધ થતા 'તરૂણ ઓસવાલ'ના સંપાદકોએ કેટલાક સમય પહેલાં અહિંસાના વિષય ઉપર એક પ્રશ્નાવલિ તૈયાર કરીને જૈન સમાજના કેટલાક સાધુઓ તેમ જ જાણીતા ગૃહસ્થો ઉપર મોકલી આપેલી. તેના જવાબમાં કેટલાક સાધુઓએ તેમ જ ગૃહસ્થોએ ક્રમવાર ઉત્તરો અથવા તો લેખો લખી મોકલેલા. આવી રીતે એકત્ર થયેલા ઉત્તરોનો તેમજ લેખોનો સંગ્રહ હવેથી 'તરૂણ જૈન'ના નામે પ્રગટ થતા જાન્યુઆરી અને ફ્રેબ્રુઆરી માસના સંયુકત દળદાર અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. * અહિંસાના પ્રશ્નમાં રસ ધરાવનારા ભાઇબહેનોને આ અંકમાંથી ખૂબ વિચારપ્રેરક સામગ્રી મળે તેમ છે. પ્રસ્તુત પ્રશ્નાવલીના શ્રી. પરમાનંદભાઇએ જે ઉત્તરો લખી મોકલેલા તે 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો માટે અહિં પ્રગટ કરવામાં આવે છે. તંત્રી.)

પ્રશ્ન ૧ :–જૈન ધર્મને અનુસાર અહિંસાની શું વ્યાખ્યા છે? આજે અહિંસાની વ્યાખ્યા કરવામાં આવે છે તે તે વ્યાખ્યાથી આપના ધારવા મુજબ ભિન્ન છે? આપના ધારવા મુજબ અહિંસાની પૂર્ણ વ્યાખ્યા શું હોઇ શકે?

ઉત્તર :–હું સમજુ છું ત્યાં સુધી જૈન ધર્મ અનુસાર અહિંસાની જાણીતી વ્યાખ્યા 'પ્રાણાતિપાત વિરમણ' (કોઇ જીવનો પ્રાણ લેવાથી અટકવું તે) છે. આ 'પ્રાણાતિપાત વિરમણ'ની બીજી બાજુ 'સર્વ ભૂત પ્રાણી વિષે મૈત્રી' છે. મનુષ્ય દેહે આ બે બાજુવાળી અહિંસા સંપૂર્ણાંશે અમલમાં આવવી શકય નથી. એટલે મનુષ્ય માટે સંપૂર્ણ અહિંસા એક આદર્શ છે. એ આદર્શને બને તેટલું સમીપ પહોંચવાનો પ્રયત્ન એ જ અહિંસાની સાધના છે.

આજે અહિંસા ઉપર જે ચર્ચા ચાલી રહી છે તે પાછળ અહિંસાની કોઇ બીજી વ્યાખ્યા નિશ્ચિત થઇ હોય એવું કાંઇ મારી જાણમાં નથી. આજે ચર્ચાઇ રહેલી અહિંસાને પણ ઉપરની વ્યાખ્યા બરોબર લાગુ પડે તેમ છે.

ત્યારે જૈન ધર્મ દ્વારા આજ સુધી સમજાયલી અહિંસા અને આજે ચર્ચાતી અહિંસામાં ફરક શું છે?

પરંપરાગત અહિંસાવિચાર નિવૃત્તિપ્રધાન હતો અને તેનો અંતિમ હેતુ વ્યક્તિગત આધ્યાત્મિક મોક્ષ પ્રાપ્ત કરવાનો હતો. સામાજિક સઘર્ષણો વચ્ચે રહેવું અને અહિંસાનું પાલન કરવું–એ બન્ને વાત અશકય મનાતી. તેથી અહિંસાધર્મ માટે સમાજ અને રાજકારણથી બને તેટલાં અળગા રહેવું અત્યંત આવશ્યક સમજાતું. સામાજિક અને રાજકીય ધુંચોનો વિચાર અહિંસાને એક કસોટી તરીકે આગળ રાખીને કદિ કરવામાં આવતો જ નહિ. ગૃહસ્થ જીવન–સામાજિક જીવન–રાજકારણી જીવન બધું જ પ્રવૃત્તિમય હોઇ અને તેથી જ રાગદ્વેષનું નિમિત્તક હોઇને અહિંસાની દૃષ્ટિએ ત્યાજ્ય મનાતું. અહિંસા વ્યક્તિગત જીવન સાથે જોડાયલી હોઇને અહિંસા ધર્મનો આચાર મનુષ્યથી માંડીને પશુ પંખી કીડી–મંકોડી–વનસ્પતિ અને વાયુકાય સુધીના જીવોની રક્ષાપર્યન્ત લંબાતો.

* મળવાનું ઠેકાણું તંત્રી, 'તરૂણજૈન' ૪૮, ઇન્ડીયન મીરર સ્ટ્રીટ, કલક-તા.

આજે ચર્ચાસ્પદ બનેલી અહિંસા ઐહિક જીવન સાથે–સામાજિક અને રાજકીય જીવન સાથે–મુખ્ય સંબંધ ધરાવે છે, અને તેની વર્તમાન વિચારમર્યાદા મનુષ્ય સમાજ સુધીની છે. એનો હેતુ વિશ્વશાન્તિ–સમગ્ર જનતાનું સ્વાસ્થ્ય–પ્રાપ્ત કરવાનો છે. અનેક સામાજિક ધર્ષણો વચ્ચે અહિંસાધર્મીએ કેમ વર્તવું અને આજના સામાજિક અને રાજકીય–રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય–પ્રશ્નોનો નિકાલ અહિંસાની નીતિવડે કઇ રીતે લાવવો–આ પ્રશ્નનું સમાધાન આજનો અહિંસાવિચાર શોધી રહેલ છે. સમાજથી અલગ રહેવું અને અહિંસાનું પાલન કરવું એ જુનો વિચાર છે. સમાજ વચ્ચે રહેવું અને અહિંસામય જીવન ગાળવું–સામાજિક કે રાજકીય અન્યાયોનો પશુબળથી નહિં પણ અહિંસાની રીતે–અસહકાર અને સત્યાગ્રહની રીતે–સામનો કરવો એ એ આજનો વિચાર છે. આજની અહિંસા મનુષ્ય જાતના ઐહિક સુખ દુઃખના વિચારને ખાસ પ્રાધાન્ય આપે છે, અને તેથી જનસેવા ઉપર વધારે ભાર મુકે છે. આજની અહિંસાના મૂળમાં તો આખરે 'પ્રાણાતિપાત વિરમણ'ની અથવા 'સર્વભૂત પ્રાણી વિષે મૈત્રી'ની જ ભાવના રહેલી છે. તેથી અહિંસાની બીજી કોઇ પણ પૂર્ણ વ્યાખ્યા શોધવાની મને જરા પણ જરૂર લાગતી નથી.

પ્રશ્ન ૨:–બહારના આક્રમણથી અથવા તો હિંદુ મુસલમાન રમખાણ કે લુંટફાટ જેવા દેશની અંદર ઉભા થતા ઝઘડાથી હથિયાર કે લશ્કરની મદદ વિના કેવળ અહિંસાત્મક રીતિથી દેશનું રક્ષણ થઇ શકે એ આપ સંભવિત માનો છો?

ઉત્તર:–ના. દેશનું રાજતંત્ર સ્વાધીન બને અને દેશના રાજ્ય વહીવટમાં અહિંસાના અમલને પ્રાધાન્ય અપાય તો અનેક ઝઘડાઓનાં મૂળ એમજ છેદાઇ જાય અને એમ છતાં જે કોઇ ઝઘડાઓ ઉભા થવા પામે તેમાંના ઘણાખરાનો નિકાલ સાચા દિલની સમજાવટથી લાવી શકાય. આ બધું હોવા છતાં હું માનું છું કે બહારના આક્રમણ કે અંદરના કોમી રમખાણો આજના સંયોગો વચ્ચે અને અહિંસાના સર્વતોમુખી સ્વીકારના અભાવે દેશજીવનમાં એવી પરિસ્થિતિ અવારનવાર ઉભી કર્યા વિના રહેવાનાં નહિં કે જ્યારે જેમના માથે દેશની સુલેહશાંતિની જવાબદારી રહેલી હોય તેમને વધતું જતું તોફાન કે જનમાલની ખુવારી અટકાવવા માટે હથિયાર કે લશ્કરની મદદ લીધા વિના ચાલે. આવા સંયોગોમાં એમ ન કરવામાં આવે તો જવાબદાર માણસો પોતાના ધર્મમાંથી ચુકયા છે એમ આપણે કહેવું પડે.

પ્રશ્ન ૩:–જો એમ ન હોય તો અહિંસા જીવનનો સર્વવ્યાપી સિધ્ધાંત બની શકતો નથી?

ઉત્તર:–અહિંસા જીવનનો સર્વવ્યાપી સિદ્ધાંત બને એ ઉપરથી એવો પ્રશ્ન સૂચવવામાં આવતો હોય કે એવી સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા શકય અને વ્યવહારૂ છે ખરી કે જેમાં સુલેહશાંતિની રક્ષાના કારણે કે અન્ય કોઇ કારણે હથિયાર કે લશ્કરનો ઉપયોગ કરવાની કદિ જરૂર ન પડે, તો તેના ઉત્તરમાં જણાવવાનું કે માનવજીવનની આજની વિકાસકક્ષાએ હજુ એ સ્થિતિને પહોંચવાનું કંઇ સમય સુધી સંભવિત લાગતું નથી. બાકી બીજી રીતે વિચારીએ તો માનવજીવનની આજની સ્થિતિ હિંસાની છે, આગામી ગતિ અહિંસા તરફ છે. સત્ય જેમ સ્વભાવ છે અને અસત્ય જેમ વિકૃતિ છે, તેમ અહિંસા માનવીના સ્વભાવમાં રહેલી વસ્તુ છે, હિંસા માનવજીવનની વિકૃતિ છે. આ રીતે વિચારતાં અહિંસામાં જીવનવ્યાપી સિધ્ધાંત બનવાની પુરી શકયતા છે. આજે હજુ તે વસ્તુસ્થિતિ રૂપે સિધ્ધ થઇ શકયું નથી અને

એ પ્રાપ્ત થતાં માનવસમાજે હજુ અનેક તિતિક્ષામાંથી પસાર થવાનું છે. પણ ભવિષ્યમાં એવા એક સુવર્ણયુગની કલ્પના કરી શકાય છે કે જ્યારે આ વિશ્વના વહીવટમાં અહિંસાનો સાર્વત્રિક અમલ થઇ રહ્યો હશે અને જ્યારે હથિયાર કે લશ્કરના ઉપયોગ ને જરાપણ સ્થાન રહ્યું નહિં હોય.

પ્રશ્ન ૪:—જો અહિંસાત્મક રીતિથી દેશની રક્ષાનો પ્રશ્ન સંભાળી શકાય તેમ હોય તો તે કઇ રીતે અને શું કરવાથી ?

ઉત્તર:—આજની કક્ષાએ માત્ર અહિંસાત્મક રીતિથી દેશની રક્ષાનો પ્રશ્ન સંભાળી શકાય એમ મને લાગતું નથી, તેથી પ્રશ્નના બાકીના ભાગનો ઉત્તર આપવાપણું રહેતું નથી. એટલું ખરૂં કે અહિંસાના વિચારને સામાજિક તેમજ રાજકીય વ્યવહારોમાં જેમ જેમ વધારે પ્રાધાન્ય મળતું જશે તેમ તેમ દેશની રક્ષા કે એવાં બીજા કારણો માટે હિંસક સાધનો કે લશ્કરનો ઉપયોગ ઉત્તરોત્તર કમી થતો જશે એમાં જરા પણ સંશય જેવું છે જ નહિં.

પ્રશ્ન ૫ :—જૈન શાસ્ત્ર કે સાહિત્યમાં એવું કોઇ ઉદાહરણ આપના ધ્યાનમાં છે કે જ્યારે દેશ અથવા તો રાજ્યની રક્ષા માટે અહિંસાત્મક ઉપાયો હાથ ધરવામાં આવ્યા હોય ?

ઉત્તર :—જૈન શાસ્ત્ર કે સાહિત્યનું મને બહુ જ અલ્પ જ્ઞાન છે, પણ પ્રસ્તુત પ્રશ્નમાં માંગણી કરવામાં આવે છે એવું કોઇ ઉદાહરણ મારા ધ્યાનમાં નથી. એક રીતે વિચારીએ તો જૈન ધર્મદ્વારા આપણને મળેલ અહિંસાવિચારના પરિધમાં દેશની રક્ષાનો પ્રશ્ન કદિ પ્રવેશ પામ્યો જ નહોતો. તેથી માંગવામાં આવે છે તેવું ઉદાહરણ મળવું મુશ્કેલ છે.

પ્રશ્ન ૬ :—જૈન શાસ્ત્રોમાંથી આપની જાણ મુજબ એવા ઉદાહરણો મળી શકે છે ખરાં કે જેમાં દેશ અથવા ધર્મની રક્ષાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં જૈન આચાર્યોએ હિંસાથી રક્ષા કરવાનો આદેશ આપ્યો હોય અથવા તો એવા આશયની પ્રેરણા કરી હોય ?

ઉત્તર :—સાધારણ રીતે જૈન આચાર્યો રાજકારણથી અલગ રહેતા. તેથી તેમને દેશની રક્ષાના પ્રશ્નમાં આદેશ કે ઉપદેશ આપવાનો પ્રસંગ પ્રાપ્ત થતો નહોતો. એમ છતાં પણ જે જે જૈનાચાર્યોને રાજકારણમાં ભાગ લેવાનું બનેલું તેઓમાંના કોઇ તરફથી દેશની રક્ષાના પ્રસંગે પણ જવાબદાર માણસથી હિંસા તો કરાય જ નહિં એવી સ્પષ્ટ નિષેધવાણી કોઇ પણ ઠેકાણે સાંભળવામાં કે વાંચવામાં આવતી નથી. સુપ્રસિધ્ધ કાલિકાચાર્ય તો આથી પણ આગળ ગયા છે અને તેમણે તો પોતે માનેલા જૈનધર્મ અને જૈનસમાજની રક્ષા ખાતર મહાન હિંસક યુધ્ધની આયોજના કરી હોય અને પોતાના જ દેશના રાજાનો પરાભવ કરાવ્યો હોય એમ તેમની જીવનકથા ઉપરથી માલુમ પડે છે. જૈનાચાર્યોની પુનિત પરંપરાને આ દૃષ્ટાંત કેવળ અપવાદરૂપ અને મહાન કલંક સમાન છે એમ મને લાગે છે.

વસ્તુત : અહિંસા માનવજીવન સાથે સીધી સંકળાયલી વસ્તુ છે. અને તેથી માનવજીવન માફક અહિંસા પણ સદા વહેતી, વિકસતી અને પરિવર્તન પામતી વસ્તુ છે. તેથી તેનો કેવળ સાંપ્રદાયિક ચોગઠામાં રહીને વિચાર કરવા જતાં અહિંસાનું સાચું સ્વરૂપ કે આજના કાળમાં તેનો અમલી આચાર શું અને કેવો હોવો જોઇએ તેનો પૂરો ખ્યાલ આવી શકે જ નહિ. કાળે કાળે અહિંસા ધર્મના વિધિનિષેધો બદલાતા જાય છે અને તેનું ક્ષેત્ર પલટાતું તેમજ વિસ્તરતું જાય છે. અમુક સમયમાં અમુક આચાર અને વ્યવહાર ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે. તો બીજા સમયમાં બીજી બાબતો વધારે આગળ આવે છે. દાખલા તરીકે અસ્પૃશ્યતા અહિંસાધર્મની વિરોધી છે એવી આગળના સમયમાં કોઇને કદિ કલ્પના જ આવી જણાતી નથી, જ્યારે આજે આ વાત આપણને દીવા જેવી સ્પષ્ટ લાગે છે. રાત્રિભોજન કે કંદમૂળ ભક્ષણના નિષેધ ઉપર એક વખત ખૂબ જ ભાર મુકાતો. આજે એ ભાર હળવો થતો જતો લાગે છે. રેશમી વસ્ત્રો કેવળ હિંસાથી ભરેલાં હોવા છતાં હજુ સુધી કોઇ જૈન આચાર્યે તેનો નિષેધ કર્યો સાંભળ્યો નથી. આજના જૈન સાધુએ રેશમી વસ્ત્રોના ઉપયોગનો આગ્રહપૂર્વક નિષેધ કરવો જ જોઇએ. મીલના કાપડનો ત્યાગ અને ખાદીનો સ્વીકાર અહિંસાના નવા જ વિધિનિષેધ છે અને એ આજના યંત્રયુગે ઉભી કરેલી કેવળ નવીન પરિસ્થિતને આભારી છે. આ રીતે વિચારતાં આજે અહિંસાની ચર્ચા સર્વ કોઇ પૂર્વગ્રહોથી મુકત બનીને કરવાની જરૂર છે અને આજ સુધીના સ્વીકૃત વિધિનિષેધો આ દૃષ્ટિએ પુનર્ઘટના માંગી રહેલ છે.

એક રીતે વિચારતાં આજે રજુ થઇ રહેલો અહિંસાનો ક્ષેત્રવિસ્તાર જૈનધર્મની પરંપરાદ્વારા સમજાયેલી અહિંસાનો જરા-પણ વિરોધી નથી પણ પૂરક છે, અથવા તો મૂળ વડમાંથી ફુટેલી નવી વડવાઇઓ છે. આ વાત જેના ધ્યાનમાં ઉતરશે તેને પૂર્વાપર સમન્વય સાધવામાં જરાપણ મુશ્કેલી નહિં આવે.

પરમાનંદ.

સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ.

આ કોન્ફરન્સનું દશમ અધિવેશન ઘાટકોપર મુકામે ઇસ્ટરના તહેવારોમાં ભરાવાનું નકકી થયું છે. તાજેતરમાં નીંગાળા મુકામે શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સનું અધિવેશન ભરાઇ ગયું. એટલે સહેજે સરખામણી કરવાનું મન થાય. બન્ને સમાજની સ્થિતિ ઘણે દરજ્જે સરખી છે અને બન્ને કોન્ફરન્સ સમક્ષ રજુ થતા પ્રશ્નો પણ સરખાં છે. બન્ને સમાજમાં ઉદાસીનતા છે અને બન્ને કોન્ફરન્સોની પ્રગતિ અટકી ગઇ છે. બન્ને કોન્ફરન્સને, કોન્ફરન્સના કાર્ય પાછળ જ પોતાની બધી શકિત અને સમયનો ભોગ આપે એવા કુશળ અને શ્રધ્ધાવાન કાર્યકર્તાઓનો અભાવ છે. કેટલાક સેવાભાવી પણ વ્યવસાયી ભાઇઓ પોતાના વ્યવસાયમાંથી થોડો સમય બચાવી કોન્ફરન્સના કાર્ય પાછળ આપે છે. પણ તેથી કોન્ફરન્સનું કાર્ય વેગવંત બને નહિ, બનતું નથી. પણ બે કોન્ફરન્સમાં એક મોટો તફાવત છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજમાં, મુખ્યપણે કેટલાક મુનિઓને લઇને, કોન્ફરન્સ પ્રત્યે પ્રબળ વિરોધ છે જ્યારે સ્થાનકવાસી સમાજમાં એવો કોઇ વિરોધ નથી, માત્ર ઉદાસીનતા અને અશ્રધ્ધા છે. બલકે એમ પણ કહી શકાય કે સ્થાનકવાસી સમાજનો મોટો ભાગ કોન્ફરન્સ કાંઇક ઉપયોગી કાર્ય કરે તે જોવા ઇતેજાર છે અને તેમાં પોતાની સહાનુભૂતિ અને સહકાર પણ આપે. અધિવેશન આઠ વર્ષ સુધી ન ભરાયું તેને માટે સમાજનો મોટો ભાગ વિઘ્નરૂપ હતો અને સમય થોડો છે છતાં પણ અધિવેશનને સફળ બનાવવા સારા પ્રમાણમાં પ્રયત્નો થાય છે. સ્થાનકવાસી સમાજમાં, શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ પેઠે, કેટલાક અપવાદો સિવાય સાધુઓનું બહુ જોર નથી તેમજ હદ ઉપરાંતની દખલગીરી નથી. સ્થાનકવાસી સમાજમાં હજી પણ એટલું સંધબળ છે કે સાધુપણાને યોગ્ય ન હોય તેવા મુનિઓનો વેશ ઉતરાવી લે છે. તેવા દાખલા તાજેતરમાં જ કેટલાક તો બન્યા છે.

શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજમાં સાધુઓનું પ્રાબલ્ય ઘણું વધારે છે અને જૈનશાસનને નામે કેટલાક સાધુઓએ રૂઢિચુસ્તતા પોષી છે અને શ્રાવકોએ તેમાં ઘણો સાથ આપ્યો છે. બે કોન્ફરન્સો વચ્ચે એક બીજો પણ મહત્વનો તફાવત છે. રૂઢિચુસ્તોને રાજી રાખવા માટે શ્વેતામ્બર કોન્ફરન્સે પોતાના કાર્યક્ષેત્ર ઉપર મર્યાદા મૂકી અને કેળવણી–પ્રચાર અને બેકારી–નિવારણ સિવાય બીજા પ્રશ્નો હાથ ન ધરવા સ્વીકાર્યું. મારા નમ્ર મત મુજબ આ મર્યાદા સ્વીકારી શ્વેતામ્બર કોન્ફરન્સે પોતાની ઉપયોગિતા ઘણી ઓછી કરી છે. કેળવણીપ્રચાર કે બેકારીનિવારણ એ સમસ્ત હિન્દના રાષ્ટ્રીય પ્રશ્નો છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ હિન્દનું એક નાનું અંગ છે. એવા પ્રશ્નોનો નિકાલ રાષ્ટ્રીય ધોરણે અને હિન્દવ્યાપી જ થાય. તેમાં એક સમાજ પોતાનાં પુરતું શું કરી શકે? કોન્ફરન્સનું પોતાનું વિશિષ્ટ કાર્યક્ષેત્ર તદ્દન ભિન્ન છે. એ કાર્યક્ષેત્રના ચોક્કસ ખ્યાલના અભાવે કોન્ફરન્સ પાસેથી આપણે વધુ પડતી આશા રાખીએ છીએ અને તેમાં સફળ ન થતાં નિરાશ થઇએ છીએ. નિંગાળા અધિવેશનમાં થયેલ ઠરાવો તપાસીએ તો મારા મંતવ્યનો અર્થ બરાબર સમજશે. વ્યાવહારિક કેળવણીપ્રચાર અને બેકારી નિવારણને અંગે ફંડો કરી છાત્રવૃત્તિ આપીએ કે સ્વધર્મીઓને સહાય કરીએ તે ઉપરાંત જૈન સમાજ, એક સમાજ તરીકે, બીજા હિન્દના સમાજોથી ભિન્ન રીતે શું કરી શકે તેમ છે? જૈન બેંક કરવી, જૈન સ્કુલો કે કોલેજો કરવી, જૈને જૈનને જ નોકરીમાં રાખવા, વિગેરે વિચારો મારા નમ્ર મત મુજબ પ્રત્યાઘાતી અને કોમી ભાવ વધારનારા છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સની જરા પણ ટીકા કરવાના ઇરાદે મેં ઉપર એક શબ્દ પણ લખ્યો નથી. પણ સ્થાનકવાસી કોન્ફરન્સને આગે આ જ પ્રશ્નો ઉત્પન્ન થાય છે અને તે સંબંધે હું ખૂબ વિચારો કરી રહ્યો છું એટલે મારા વિચારો મેં નિઃસંકોચપણે જણાવ્યા છે. સમસ્ત રાષ્ટ્રનાં જે પ્રશ્નો છે તેને જ માટે કોમી કોન્ફરન્સોની જરૂર નથી.

પણ હું એમ નથી માનતો કે સ્થાનકવાસી કે શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સની કોઇ ઉપયોગિતા કે જરૂરીયાત નથી. દરેક કોન્ફરન્સને પોતાનું વિશિષ્ટ કાર્યક્ષેત્ર છે કે જે કાર્ય કોન્ફરન્સ સિવાય બીજી કોઇ સંસ્થા એટલી વ્યવસ્થિત અને વ્યાપક રીતે કરી શકે તેમ નથી. દરેક કોન્ફરન્સમાં તે તે ફીરકાના ભાઇઓને એક પ્લેટફોર્મ ઉપર ભેગું કરનાર તત્ત્વ જૈનધર્મ છે. જૈનધર્મનો અભ્યાસ અને તેનો પ્રચાર, તેનાં મૂળ તત્ત્વો વર્તમાન જીવનને કેટલે દરજ્જે અને કેવી રીતે અનુકૂળ થાય તેની સમજણ, જૈનધર્મનો અને સાહિત્યનો ઇતિહાસ, જૈનસંસ્કૃતિનો આર્યસંસ્કૃતિનાં વિકાસમાં ફાળો, જૈનોની સંસ્થાઓ, તેનો વહીવટ અને તેનાં દાનોની વ્યવસ્થા, જૂના શાસ્ત્રોનો અભ્યાસ અને પ્રકાશન, જૈનોનું ધાર્મિક શિક્ષણ, જૈનોની સાધુ સંસ્થા, તેના આચાર વિચારો, તેની આંતર વ્યવસ્થા, જૈન સંઘોનું બંધારણ, આવા પ્રશ્નો જૈન સમાજના વિશિષ્ટ પ્રશ્નો છે અને દરેક ફીરકાની કોન્ફરન્સે એવા પ્રશ્નો મુખ્યપણે હાથ ધરી તેમાં સમાજને માર્ગદર્શન આપવું જોઇએ. શ્વેતામ્બર મૂર્તિપૂજક ભાઇઓને કેટલાક વિશેષ પ્રશ્નો પણ છે, જેવા કે, મંદિરોનો વહીવટ, દેવદ્રવ્યનો ઉપયોગ, દિગમ્બર ભાઇઓ સાથેના ઝઘડાઓ વગેરે. આ અને આવા પ્રશ્નો જો કોન્ફરન્સ હાથ નહિ ધરે તો કોણ ધરવાનું છે? શું આ કાર્યક્ષેત્ર ઓછું વિશાળ અને ઓછા મહત્ત્વનું છે? કેળવણીપ્રચાર કે બેકારીનિવારણના પ્રયત્નો દરેક જ્ઞાતિ, દરેક પ્રાંત, દરેક સમાજ પોતાની રીતે ભિન્ન ભિન્નપણે કરે છે. એવા પ્રયત્નોને રાષ્ટ્રિય ધોરણે ન મુકાય ત્યાં સુધી અખિલ ભારતવર્ષીય સ્વરૂપ આપવું મુશ્કેલ છે. મારવાડ કે પંજાબનો જૈન, મદ્રાસ કે કાઠીયાવાડનાં જૈનની કેળવણીપ્રચાર કે બેકારીનિવારણમાં કેવી રીતે સાથ આપે? જ્યારે મેં ઉપર જણાવેલ પ્રશ્નો જૈનોને માટે ખરેખર અખિલ ભારતવર્ષીય છે અને તે ઉપર જ જૈનોનું સંગઠન અને એકતા થઇ શકે અને કોન્ફરન્સ ઉપયોગી કાર્ય કરી શકે.

કોન્ફરન્સનું મેં જે વિશિષ્ટ કાર્યક્ષેત્ર કહ્યું તેમાં ત્રણે ફીરકાઓ સાથે મળીને વધારે સુંદર કાર્ય કરી શકે તેમ છે. વસ્તુતઃ મહત્ત્વ વગરનાં પણ જેને વધારે પડતું મહત્ત્વ અપાયું છે એવા કેટલાક પ્રશ્નોની તકરારોનો આપણે હિંમતપૂર્વક નિકાલ લાવીએ તો સમસ્ત જૈન સમાજ, મેં ઉપર જણાવ્યા તે વિષયે એકત્ર થઇ જૈનધર્મ અને જૈનસંસ્કૃતિનું ગૌરવ ટકાવી રાખવામાં અને વધારવામાં પોતાની ફરજ બજાવી શકે છે.

આવું કાર્ય કરવાને થોડા પણ કાર્યકર્તાઓ એવા જોઇએ કે જેને આ કાર્યમાં પૂર્ણ શ્રદ્ધા હોય, જેઓ બુધ્ધિવાન અને કુશળ હોય અને પોતાનો બધો સમય અને શક્તિ તે કાર્ય પછવાડે આપવા તૈયાર હોય. એવા બે ચાર સેવાભાવી કાર્યકર્તાઓ હોય તો સમસ્ત જૈન સમાજની સહાનુભૂતિ અને સહકાર જરૂર મેળવી શકે અને કોન્ફરન્સો ઉપયોગી કાર્ય કરી શકે. તેમ નહિ બને તો કોન્ફરન્સો પ્રગતિ કરી શકવાની નથી અને શ્રી પરમાનંદભાઇને થયું છે તેમ સમાજના મોટા ભાગને કોન્ફરન્સ પ્રત્યે વૈરાગ્ય આવશે. **ચીમનલાલ ચકુભાઇ શાહ**

વાંચનાલય પુસ્તકાલય સમિતિ

સંઘની કાર્યવાહક સમિતિની તા. ૬-૨-૪૧ ના રોજ મળેલી સભાએ ચાલુ વર્ષ માટે વાંચનાલય પુસ્તકાલય સમિતિની નીચે મુજબ ચુંટણી કરી છે.

પરમાનંદ કુંવરજી કાપડીઆ
મણિલાલ મોકમચંદ શાહ
ચંદુલાલ વર્ધમાન શાહ
તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી
રતિલાલ ચીમનલાલ કોઠારી
અમીચંદ ખેમચંદ શાહ—મંત્રો.

માંદાની સારવાર તથા અકસ્માતના ઇલાજોના વર્ગો:—સંઘ તરફથી ઉપરના વર્ગો ચલાવવાનું ડો. એદલજીહેરાએ સ્વીકારવાથી આ વર્ગોનો લાભ લેવાને પંદર બ્હેનો મળી આવતાં સંઘની કચેરીમાં આ વર્ગો શરૂ કરવામાં આવશે. અઠવાડીઆમાં બે દિવસ બપોરના ભાગમાં દોઢથી બે કલાક આ વર્ગો ચલાવવામાં આવશે. આ અભ્યાસક્રમના ચાર વિભાગ છે અને પ્રત્યેક વિભાગ ચાર ચાર અઠવાડીએ પુરો થાય છે. એ ચારે વિભાગમાં પસાર થનાર બહેનને ડીપ્લોમા આપવામાં આવશે. આગળ ઉપર માંગણી આવતાં આવા વર્ગો ભાઇઓ માટે પણ ખોલવાની ધારણા છે. જે જૈન–જૈનેતરબહેનો આ વર્ગોમાં જોડાવા ઇચ્છતી હોય તેમને સત્વર મંત્રીઓને જણાવવા વિનંતિ કરવામાં આવે છે.

સત્યાગ્રહી શ્રી છોટુભાઇ કોરા.

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૨૩

મુંબઇ : ૩૧ માર્ચ ૧૯૪૧ સોમવાર.

લવાજમ
રૂપિયા ૨

નીતિશિક્ષણમાં ઉપદેશનું સ્થાન

એક કાળ એવો હતો કે બધાં મંદિરોમાં ધર્મગુરુઓ ઉપદેશપર પ્રવચનો કરતા અને લોકો તે સાંભળવા ભાવપૂર્વક જતા. જૈનોનાં મંદિરોમાં શું, કે હિંદુનાં મંદિરોમાં કે ખ્રિસ્તીઓના દેવળોમાં, બધા ધર્મના લોકો પૂજ્યસ્થાને જતા ને અત્યંત ભાવથી પોતાનાં ધર્મકૃત્યો કરતા. ધર્મગુરુનો ઉપદેશ સાંભળવો એ પણ હમેશનાં ધર્મકૃત્યોમાંનું જ એક કામ રહેતું. પછી તે રવિવારને દિવસે આપેલાં સર્મન્સ હો, કે ખાસ ખાસ તહેવારોને દિવસે કરેલી કથાઓ, પુરાણો, કીર્તનો કે પ્રવચનો હો. બધે ઉપદેશકો હતા અને ઉપદેશને સાંભળનારાં હતાં—ભાવથી સાંભળનારાં હતાં. અને એમાંના ઘણાંઓ તે આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરનારાં પણ હતાં.

આ બધું ભૂતકાળમાં હતું એમ કહેવાનું કારણ એ છે કે આજે એ પ્રથા નામશેષ થતી જાય છે. હજી ખ્રિસ્તીઓનાં રવિવારનાં સર્મનો ચાલે છે પરંતુ તે સાંભળનારની સંખ્યામાં સારો એવો ઘટાડો થયો છે; મોટા ભાગે એ સંસ્થા અભણ ભાવિક શ્રધ્ધાળુ સ્ત્રીઓ માટેની રાણાય છે. હિંદુનાં મંદિરોમાં થતાં કથાપુરાણોની પણ એ જ અવસ્થા છે. સ્ત્રીઓ ને તેમાં પણ ઘરડી સ્ત્રીઓનું રોજ બપોરે બે કલાક જઇને બેસવાનું ને વાતો કરવાનું તે સ્થાન થયું છે. જૈનમંદિરોની સ્થિતિ હું બરાબર જાણતી નથી. કદાચ ત્યાંનાં પ્રવચનો સાંભળનારા સારી સંખ્યામાં સ્ત્રીપુરુષો એકઠાં થતાં હશે. છતાં આખી દુનિયામાં એ બાબતમાં ઉદાસીનતાનો જે પવન વાય છે તેની અસર એ ધર્મના અનુયાયીઓ ઉપર પણ થોડા ઘણા પ્રમાણમાં થઇ તો હશે જ. આજની આ પરિસ્થિતિ આપણને વિચારમાં નાંખે છે—વિચાર કરાવે છે કે શું એક વખત મનુષ્યજીવનમાં ઉપદેશામૃતપાનને સ્થાન હતું ને હવે એ રહ્યું નથી ?

મને લાગે છે કે તમામ માનવી સંસ્થાઓનું આવું તો ચાલ્યા જ કરવાનું છે. એક વાર એક બાજુએ ખૂબ ઢળે ને પાછું સમતોલપણું મેળવવા માટે બીજી બાજુએ બીજે છેડે જાય; પાછું તે પણ આત્યંતિક (extreme) દેખાય એટલે ઉલટી દિશામાં ઢળવા લાગે. એટલે જીવનનું સમતોલપણું મેળવવાના આ મનુષ્યના પ્રયત્નો છે. એટલે આજે ખાલી પડેલાં મંદિરોને દસેક બસો વર્ષ પછી પાછાં ભરાઇ જાય ને બીજાં નવાં ચણવાં પડે તો કશી નવાઇ નથી. તે ઉપરથી ઉપદેશનું મનુષ્યજીવનમાં સાચું સ્થાન શું છે તે નક્કી થઇ શકે નહિ. આજે માણસો મંદિરોમાં કે ચર્ચમાં ઉપદેશ સાંભળવા નહિ જતાં હોય તેથી બ્યાખ્યાનો સાંભળવા જાય છે, પરિષદોમાં જાય છે; અમુક પ્રકારનું વંડાસા પાસેથી, અધિકારીઓ પાસેથી એટલે કે ઉપદેશ કરવાનો અધિકાર ધરાવનારાઓ પાસેથી દિશાસૂચન તો મેળવી જ લે છે. એટલે એક યા બીજા રૂપમાં ઉપદેશ અથવા બીજાઓના માર્ગદર્શનની જરૂર મનુષ્યને ભાસે છે.

મોટા માણસો પોતાને જરૂર હોય ત્યારે, પોતાને માફક આવે તે રીતે, પોતાને જરૂરનું હોય તે બાબતમાં, પોતાને ગમતા માણસ પાસેથી ઉપદેશ મેળવી લે છે, જ્યારે બાળકો ઉપર તો ઉપદેશ વર્ષાવવામાં આવે છે. શિક્ષણમાં એક વખત ઉપદેશનું સ્થાન અત્યંત મહત્ત્વનું હતું. એક વખત શિષ્યની અનેક રીતે પરીક્ષા કરી, કસોટી કરી આખર ગુરુમંત્ર દેવો ને જીવન સાર્થક કરવાનો રસ્તો ગુરુએ બતાવવો એ જ મુખ્ય શિક્ષણ હતું. આજ સુધી એ ઉપદેશની પ્રથા એક યા બીજા રૂપમાં ચાલતી આવી છે. શિક્ષક, માબાપો ને વડીલો બધાંએ બાળકોને બોધામૃત પાયા જ કરવું જોઇએ. 'આમ કરાય' ને 'આમ ના કરાય' એવી શિખામણ બાળકને ડગલે ને પગલે મળ્યા જ કરે છે.

આજે નવું શિક્ષણશાસ્ત્ર આ પ્રથાનો વિરોધ કરે છે. તેનું કારણ એ કે આ પ્રથામાં બાળકને જાતે વિચાર કરવાને અવકાશ જ રહેતો નથી; જાતે તારતમ્ય શોધી કાઢવાને અવકાશ હોતો નથી; તેમ જ જાતે નિર્ણય કરવાને અવકાશ હોતો નથી. અને જાતે નક્કી કરી તે પ્રમાણે આચરણ કરવાનેય અવકાશ રહેતો નથી. બધું તૈયાર રૂપમાં—આમ કરવું જોઇએ ને આમ ના કરવું જોઇએ—તેની આગળ રોજરોજ મૂકવામાં આવે છે. પરિણામે બાળક માનસિક રીતે પરાવલંબી બને છે. દરેક પગલું મૂકતી વખતે તે પોતે કશું નક્કી કરી શકતું નથી તેને લીધે માનસિક ગુલામી આવે છે. ક્રમકે પોતાને યોગ્ય લાગે તે કરી નાખવાની હિંમત પણ રહેતી નથી. વડીલો શું ધારે છે તે જાણવું ને તે પ્રમાણે કરવું એ વૃત્તિ આવી જાય છે.

તે ઉપરાંત ઉપદેશમાં હમેશ ઉંચા આદર્શો મૂકવામાં આવે છે. "છોકરા ! તારે કદી પણ ખોટું બોલવું નહિ; સત્યને જ વળગી રહેવું." હમેશ બધાં એના જેવી શિખામણ આપે. છતાં ઉપદેશમાં આમ આમ કરવું એમ કહેવું સહેલું છે, પણ તે સાધ્ય થતાં જન્મ જાય એટલી અઘરી વાત તે હોય છે. ઉપદેશ કરીએ કે તરત બની શકતું નથી. તેથી જે બાળકો સાચેસાચ ઉપદેશને વળગી રહેવાનો પ્રયત્ન કરે છે તેમને ખૂબ અઘરું થઇ પડે છે; ને મોટે ભાગે તેઓ પોતાના ધીક્કારતાં હોય છે. પોતાની ભૂલો જોવાની એટલે હમેશાં આત્મનિરીક્ષણ કરવાની ટેવ પડે એ તો એક મહાન સાધ્ય કરવા જેવો ગુણ છે; તેનાથી જ મનુષ્ય આગળ વધે છે. પરંતુ બહુ નાની ઉમરમાં તે ઘણી વાર નિરાશાનું રૂપ પકડે છે. કેટલાયે છોકરાઓ હમેશ જાત માટે હલકો અભિપ્રાય રાખતા થઇ જાય છે. ક્રમકે, જ્ઞાન વધે તે પ્રમાણમાં ક્રિયાશક્તિ જો વધે નહિ તો

આ પરિણામ આવે. આમ ઘણી વાર માનસિક પરાવલંબન ને અશક્તિ જન્મે છે.

મોટે ભાગે તો ઉપદેશ ઉંધા ઘડા પર પાણી જ થાય છે. સૈકાઓના સૈકાઓ નહિ, યુગાનુયુગે ઉપદેશ આપવાનું કામ ચાલ્યા જ કરે છે, છતાં બાળકો એવાં ને એવાં નઠારાં રહ્યાં છે. એવી ને એવી ખોટી ઉધમાતો, ખોટા ચાળા, ખોટા આચારવિચારો કર્યા જ કરે છે; ને મોટપણમાં પણ નૈતિક દૃષ્ટિએ બહુ સુધરી ગયા હોય તેમ દેખાતું નથી. નાનાંથી માંડીને મોટાં સુધી જે જે દુર્વર્તન ને દુર્ગુણો દેખાય છે, તે શું ઉપદેશને અભાવે? કે પરિણામે? કે ઉપદેશને તરછોડીને? આમ ઉપદેશ ઘણે ભાગે નિરર્થક જ માલુમ પડે છે.

મોટાંઓનું પણ શું છે? માણસો નાનપણથી સુબોધવચનો સાંભળવાનું શરૂ કરે છે તે ઘડપણ સુધી સાંભળ્યા જ કરે છે. છતાં મનુષ્યવ્યવહારમાં બહુ ફેર પડયો હોય એમ દેખાતું નથી. કેટલાંએક તો વ્યવહાર જુદો ને ધર્મ જુદો એમ જ પોતાને સમજાવી મનને સંતોષ આપે છે અને ધાર્મિક પ્રવચનો વખતે સાંભળેલી વાતો પોતાનો ધંધો કરતી વખતે યાદ આવવા જ દેતાં નથી, તો કેટલાંએકને સાંભરે છે ખરી: પણ આપણાથી નથી બની શકતું, આપણે તો સામાન્ય માણસો, એમ કહી પોતાના વ્યવહારો સલાવે છે; તો કેટલાંએક તે આચરવાનો થોડોક પ્રયત્ન કરે છે ને વ્યવહારમાં પદ્ધતમૂર્ખ અથવા ભણ્યા પણ ગણ્યા નહિ એમ કહેવડાવે છે.

આ રીતે આપણે જોયું કે ઉપદેશ મોટે ભાગે નિરર્થક નીવડે છે. ને જ્યાં અસરકારક નીવડે ત્યાં માનસિક પરાવલંબન આવે છે, અને જાત વિષે ઘણુંએ નિરાશા પણ આવે છે. એકંદરે ઉપદેશ દેવાના આટઆટલા પ્રયોગો થયા તેને પરિણામે મનુષ્યો કે મનુષ્યજીવન સુધર્યું નહિ.

ખરી રીતે તો શરીર જેમ અંદરથી જ વધે છે તેમ નૈતિક ભાવના પણ અંદરથી જ ઊગે છે ને વધે છે. શરીરને 'વધ' કહેવાથી તે વધતું નથી; સારો ખોરાક, કસરત વગેરેથી તે વધે છે પણ ઊંચા થવું જોઇએ, પહોળા થવું જોઇએ, એમ વારંવાર ઉપદેશવાથી નહિ. આપણા ગિજુભાઇનો હમેશનો દાખલો હતો કે બાળકને 'તારે મુછો ઉગાડવી જોઇએ' એમ ઉપદેશ કરવાથી તે મૂછો ઉગાડી શકતો નથી, તેમ જ નૈતિક બાબતોનું પણ છે. મનુષ્ય જેમ વધે છે તેમ જ નૈતિક જીવન પણ વધે છે. નૈતિક આચરણની શક્તિ ઓછી યા વત્તી તેનામાં આવે છે. પછી પાછળથી કોઇ પ્રસંગથી, કોઇના સહવાસથી, કોઇના વિચારથી અથવા પોતાના વિચારથી સુધારો ન જ થઈ શકે એમ નથી. પણ મોટે ભાગે માણસનું કદ જેમ ઉમ્મર લાયક થતાં અમુક ચોકકસ થઇ જાય છે, તેમ જ નૈતિક શક્તિનું કદ આવી જાય છે. તેથી આપણે અમુક બહુ સારો માણસ છે, અમુક ઊંચી નીતિવાળો છે, વગેરે કહી શકીએ છીએ.

ત્યારે જેમ શરીરવિકાસ માટે ઉપદેશ નકામો પણ ખોરાક, કસરત વગેરે જરૂરનાં છે, તેમ જ નૈતિક વિકાસ માટે પણ તે દિશામાં બાળકો અંદરથી વધે તેમ કરવાની જરૂર છે. નૈતિકબળ એટલે ક્રિયાશક્તિનું બળ – આચરવાનું બળ–આવવું જોઇએ. નૈતિક આદર્શો ગમે ત્યાં મળી શકે. એટલે મારૂં કહેવું એમ છે કે નૈતિક બુધ્ધ જે ઉત્પન્ન થાય છે તે જેવું ટકા શું કરવું યોગ્ય છે તે નક્કી કરવાની મુશ્કેલીને લીધે હોતું નથી; નિર્ણય કરવાના પ્રશ્નો દસ ટકા પણ સાચેસાચ હશે કે નહિ તેની મને શંકા છે. કેમકે ઘણી વાર નૈતિક પ્રશ્ન તરીકે મૂકવામાં આવે છે તે મનનું અનૈતિક રસ્તો લેવાનું જે વલણ હોય છે તેનું સમર્થન કરવાને માટે જ હોય છે. ખરો પ્રશ્ન તો મનને જે યોગ્ય દેખાય છે તે પોતાથી બનતું નથી તે છે. આચરણમાં મુકાતું નથી તેનું શું કરવું? આ પ્રશ્ન મુખ્ય હોય છે. પછી માણસને એ દ્વંદ્વ છોડી દેવું પડે છે: વિચાર કરવો જ નહિ ને કાં તો વિચારથી ગોઠવવું પડે છે કે વ્યવહારમાં તો આમ જ હોય; અથવા આપણે સામાન્ય જન છીએ, આપણાથી બહુ ઉંચા આદર્શોને ન જ પહોંચી વળાય; અથવા રોજ નિર્બળતાને વશ થવાનું, રોજ તેનો પશ્ચાતાપ કરવાનો; અથવા એક વાર ધર્મનું કોઇ મોટું કૃત્ય કરી નિર્બળતાને ધોઈ નાખવાનો પ્રયત્ન કરવાનો.

નૈતિક શિક્ષણ સાચેસાચ કઇ રીતે મળી શકે તે જોવું જોઇએ. ઉપદેશથી એટલે કે આદર્શોના માત્ર કથનથી તે કામ થતું નથી. નૈતિક કૃત્યનાં ત્રણ પગથિયાં હોય છે.

પ્રથમ બુધ્ધિથી સમજવું ને નિર્ણય કરવો કે સારું શું, નરસું શું? સ્વચ્છ શું, ગંદું શું? હીન શું, ઊંચું શું? લાયક શું, નાલાયક શું? વગેરે. ઘણાંઓને–ઘણાં નૈતિક જીવન ગાળવાવાળાંઓને–પણ નૈતિક ભાવના (moral sense) હોતી નથી. તેઓ નૈતિક માર્ગ ઉપર રહે તે કાં તો અનૈતિક થવાની હિંમત હોતી નથી, અથવા તો તેમના જીવનમાં પ્રસંગ જ ઉભો થયો હોતો નથી. એટલે તેમની ભાવના નિષેધાત્મક–negative morality હોય છે, અથવા ભીરુતા હોય છે. સારા માણસો કહે છે માટે તેમ આચરવું એમ ચાલી આવતી નીતિને વળગેલા તેઓ હોય છે. પરંતુ સાચેસાચ જેમની નૈતિક ભાવના વિકાસ પામી હોય એવા માણસો બહુ જ થોડા હોય છે. જેમ દુર્ગંધ આવે તો ખબર જ પડે, સુંદર ચિત્ર ઉપર આડાઅવળા લીંટા કર્યા હોય અથવા ડાઘા પાડયા હોય તો તે અસુંદર જ લાગે, તે રીતે આ સારું લાગે છે ને આ ખરાબ લાગે છે એવી moral sense અથવા નૈતિક ભાવના જાગ્રત થયેલા માણસો બહુ જ થોડા હોય છે

બીજું પગથિયું તે મનનો નિશ્ચય કે સારું છે તે જ મારે કરવું છે.

ને ત્રીજું પગથિયું તે વાત પ્રત્યક્ષ આચારમાં મૂકવી.

આ ત્રણે વાતો એકાએક આવી જતી નથી. મન બુદ્ધિથી તોળીને આ સારૂં કે આ ખરાબ એવો વારંવાર નિર્ણય કરતું હોય તો જ નિર્ણય કરવાની શક્તિ આવે. આ શક્તિ ઉપદેશથી મારી જાય છે. કેમકે ઉપદેશમાં આપણે તૈયાર નિર્ણય બાળકો આગળ મૂકી દઇએ છીએ. તેમને વિચાર કરી નિર્ણય કરવાની સંધિ–તક જ આપતાં નથી. સ્વતંત્ર રીતે વિચાર કરવા નીકળીએ એટલે એક વાર ખરાબ હોય તેને સારૂં ગણીએ તો કેમ એવો પણ વિચાર કરી જોવાય. જેમ 'ચોરી કરવી સારી, શા માટે સારી નહિ? આપણે જોઇતું હોય ને પાસેના છોકરાનું રબ્બર રેઢું પડયું હોય ને ઉપાડી લીધું તો તેમાં શું ખોટું?" એ રીતે વિચાર કરીને નિર્ણય પર આવવામાં સાચું વિચારબળ ને નિર્ણયબળ મળે છે. ઓછા જ્ઞાનને લીધે કે બીજે કારણે કદાચ વિચારવામાં ભૂલ પણ થઇ જાય, તોપણ તે ટેવ માણસને આખરે સાચું શું ને ખોટું શું તે જતાવી દેવામાં કામ આવે.

બીજું પગથિયું તે નિશ્ચયનું. પોતાની દરેક બાબતમાં પોતે નિશ્ચય કરી કામે લાગવાની ટેવ પડવા દેવી જોઇએ ઘણે ભાગે બાળક નિશ્ચયથી કામ લે છે; ને મોટાંઓના કાર્યક્રમમાં તે બધે બેસતું ન આવતું હોય એટલે તેઓ તેને મુકી દેવાનું કહે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૨ જુઓ)

સંઘની જાહેરાત

સંઘનું સાર્વજનિક પુસ્તકાલય તથા વાંચનાલય

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના પુસ્તકાલયને આજ સુધીમાં નીચે જણાવેલા વ્યક્તિઓ તથા સંસ્થાઓ તરફથી પુસ્તકો ભેટ મળ્યાં છે જે માટે તે સર્વનો ઉપકાર માનવામાં આવે છે.

૧૬૩૫ તા. ૩૧-૧૦-૪૦ 'પ્રબુદ્ધ જૈન'માં પ્રગટ થયેલ યાદી મુજબ.

૨૧	શ્રી શાન્તિલાલ બી. ઝવેરી	
૫૦	,,	જૈન આત્માનંદ સભા
૬	,,	હર્ષચંદ્ર કપુરચંદ દોશી
૩	,,	સરલાબહેન સુમતિચંદ્ર શાહ
૧	,,	ચીમનલાલ શિવલાલ
૩	,,	જમનાદાસ અમરચંદ ગાંધી
૧૭	,,	જસુમતી મનુભાઇ કાપડીઆ
૫	,,	મણિલાલ મોકમચંદ શાહ
૬	,,	તારાચંદ એસ. જૈન
૪૫	,,	રતિલાલ સારાભાઇ ઝવેરી
૫	,,	વખતચંદ જીવણલાલ શાહ
૧૩	,,	રમણલાલ ચંદુલાલ શાહ
૨૫૦	,,	જૈન ધર્મ પ્રબોધક સભા
૨૭	,,	જન્મભૂમિ કાર્યાલય
૧	,,	હેમચંદ મોહનલાલ ઝવેરી
૨	,,	વેણીબહેન વિનયચંદ કાપડીઆ

૨૦૬૩ કુલ ભેટ મળેલાં પુસ્તકો.

વાંચનાલયનો ચાલુ લાભ ૭૦ થી ૭૫ માણસો લે છે અને તે સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે.

અમીચંદ એમચંદ શાહ
મંત્રી, વાંચનાલય પુસ્તકાલય.

માંદાની સારવાર તથા અકસ્માતો ઈલાજોના વર્ગો:—આ વર્ગો સંબંધે છેલ્લા અંકમાં જાહેરાત કરવામાં આવી હતી અને તેમાં જણાવવામાં આવ્યું હતું કે આ વર્ગોનો લાભ લેવા માટે પંદર બહેનો પ્રાપ્ત થયે આ વર્ગની શરૂઆત કરવામાં આવશે. હજુ સુધી પાંચ બહેનોએ આ વર્ગમાં જોડાવા ઇચ્છા દર્શાવી છે. આ વર્ગમાં જૈન કે જૈનેતર કોઈ પણ બહેન જોડાઈ શકે છે. આ વર્ગનું શિક્ષણ માત્ર પારકાની સેવા માટે જ ઉપયોગી નથી પણ પોતાના કુટુંબી જનોની સેવા અને ઉપચાર માટે આ જ્ઞાનની ખૂબ જ જરૂર છે. આ વર્ગમાં જોડાવા ઇચ્છનાર બહેનો અમને સત્વર લખી જણાવે કે જેથી આ વર્ગો તુરતમાં ખોલવાનું શકય બને.

હિંદી વર્ગો:—આવી જ રીતે અમારી ઇચ્છા પુરૂષ વર્ગ માટે રાત્રીના સમયે હિંદી શિક્ષણના વર્ગો ખોલવાની છે. સારા હિંદી શિક્ષક અમને મળી શકે તેમ છે; સંઘની કચેરી મધ્યવર્તી સ્થળે છે. ઓછામાં ઓછા પંદર ભાઇઓ આ વર્ગમાં જોડાવાની ઇચ્છા જણાવશે કે તુરતમાં જ આ વર્ગનો પણ યોગ્ય પ્રબંધ કરવામાં આવશે.

મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ

કેટલાક સમાચાર અને નોંધ

સત્યાગ્રહી કારાવાસીઓ

આ અંકના છેલ્લા પાના ઉપર વર્તમાન રાજકીય સત્યાગ્રહના કારણે છેલ્લા માસ દરમિયાન જેલવાસી બનેલા જે જૈન ભાઇઓની છબીઓ આપવામાં આવી છે તેમાંના એક ભાઇશ્રી ચીનુભાઇ શાહ બી.એ. એલ. એલ. બી. છે; તેઓ મહાવીર જૈન વિદ્યાલયના જુના વિદ્યાર્થી છે; પાટણના તેઓ વતની છે. તેમના પત્ની સૌ. સુભદ્રાબહેન તેમની પહેલાં લગભગ એક માસ અગાઉ આજ કારણને લઇને જેલવાસી બન્યા છે. ઉભય દંપતીને ઓવો ભોગ આપવા માટે તેમ જ આવું તપોમય જીવન અંગીકાર કરવા માટે ધન્યવાદ ઘટે છે.

બીજા ભાઇ ફકીરચંદ શાહ પણ મહાવીર જૈન વિદ્યાલયના જુના વિદ્યાર્થી છે અને પાટણના વતની છે. તેમણે પણ આમ જેલવાસ સ્વીકારીને પોતાના યૌવનને શોભાવ્યું છે.

ત્રીજા ભાઇ શ્રી કેશરીચંદ જેસંગલાલ ઝવેરી પાટણના વતની છે, ઝવેરી બજારમાં કામ કરે છે. એ મૂ. જૈન કોન્ફરન્સની સ્થાયી સમિતિના વર્ષો થયાં સભ્ય છે અને સમાજની અનેક પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લે છે. આ સત્યાગ્રહના યુદ્ધમાં પાટણના જૈન સમાજે મુંબઇ મારફત આઠ જૈન ભાઇઓને જેલ મોકલ્યા છે. પાટણના જૈન સમાજનો આ ખરેખર બહુ મોટો ફાળો ગણાય, જેને માટે સમગ્ર જૈન સમાજના ખૂબ ધન્યવાદ અને અભિનન્દન ઘટે છે.

ચોથા ભાઇ શ્રી. વિનોદચંદ્ર શાહ અમદાવાદ જૈન યુવક સંઘના એક મુખ્ય કાર્યકર્તા છે. તેઓ એક મૂક સેવક છે. સાધારણ સ્થિતિ—જીવનનિર્વાહ માટે નોકરી કરવી પડે—છતાં રાષ્ટ્રીય મહાસભાના એક બહુ જાણીતા નિષ્ઠાવાન કાર્યકર છે. ચાર પાંચ વર્ષ પહેલાં સંઘબહિષ્કારને અંગે અમદાવાદ ખાતે ઉપસ્થિત થયેલ સમાજક્ષોભના પ્રસંગે તેમણે ખૂબ બહાદુરી ભરેલો ભાગ ભજવેલો. તા. ૮-૩-૪૧ના રોજ યુદ્ધવિરોધી સૂત્રો પોકારવા બદલ સરકારે તેમને પકડયા છે અને જેલવાસી બનાવ્યા છે, આ માટે તેમને સૌ કોઇના હાર્દિક અભિનન્દન ઘટે છે.

સ્વર્ગસ્થ શેઠ તારાચંદ નવલચંદ

દિગંબર જૈન સમાજના એક અગ્રગણ્ય આગેવાન અને સ્વ. શેઠ માણેકચંદ પાનાચંદ (જેને દિગંબર જૈન સમાજમાં કોણ નથી ઓળખતું?)ના ભત્રીજા શેઠ તારાચંદ નવલચંદનું સુરત મુકામે અવસાન થયું છે. તેઓ સ્વ. શેઠ માણેકચંદ પાનાચંદે સ્થાપેલા અનેક સખાવતી ખાતાંઓના એક મેનેજીંગ ટ્રસ્ટી હતા, અને એ સર્વ ખાતાઓનો ખૂબ કુશળતાપૂર્વક વહીવટ ચલાવતા હતા. સ્વભાવે શાન્ત અને મીલનસાર હતા; ઉદાર વિચારના અને સુશીલ સજ્જન હતા. તેઓ ખાદીધારી હતા અને ગાંધીજી પ્રત્યે ખૂબ આદર ધરાવતા હતા. તેમના જવાથી માત્ર દિગંબર જૈન સમાજને નહિ પણ આખી જૈન જનતાને એક વિશિષ્ટ વ્યક્તિની ખોટ પડી છે. તેમના આત્માને આપણે પરમ શાન્તિ ઇચ્છીએ.

શ્રી સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ

પ્રસ્તુત કોન્ફરન્સનું ઘાટકોપર (મુંબઇ) ખાતે મળનારું દશમું અધિવેશન સમીપ આવે છે અને તેને ફતેહમંદ રીતે પાર પાડવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. એપ્રીલ માસની તા. ૧૧, ૧૨ અને ૧૩-શુક્ર, શનિ અને રવિવારે એ અધિવેશન મળનાર છે. મુંબઇમાં વસતા સ્થાનકવાસી ભાઇઓ સ્વાગત્

(અનુસંધાન પૃષ્ઠ ૨૨૭)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

માર્ચ ૩૧ ૧૯૪૧

યુવાનોને

સમાજ જીવનની સુંદરતા જોવા જ્ઞાતિના કે સંપ્રદાયના ન્હાનકડા ખાબોચિયામાંથી નીકળી વર્ષો પહેલાના કાળ ઉપર દૃષ્ટિ નાંખો, જ્યારે બાપદાદા ભટકતી પ્રજારૂપે હતા ત્યાં સુધી દૃષ્ટિ લંબાવી જાઓ. સંસ્કૃતિનો યુગ બેસતો હતો તે સમય પર દૃષ્ટિ સ્થિર કરી દો એટલે જણાશે કે :-

એકલા એકલા કાર્ય નહોતું થતું, સગવડતા નહોતી જળવાતી, પોતાના પંડની બહાર દૃષ્ટિ પણ નહોતી પહોંચતી, ત્યારે ડહાપણપૂર્વક પ્રેમથી એક બીજા જોડાઇ ગયા; ઉપયોગી થવા લાગ્યા; સરળતા વધી; સુખદુઃખ સાથે ભોગવતા થયા; જ્ઞાન વધારતા થયા; વેદ લખાણા; સંગીત કેળવ્યું. આ આપણા સમાજની રચના. આ આપણા સમાજનો ઉપયોગ. કોઇએ ન કહ્યું કે "આમ કરીશ મા! તેમ કરીશ મા!" સૌ સ્વતંત્ર ભાવનાવાળા હતા. જ્યારે ખપ હોય ત્યારે સાથે કામ કરતા, નવરા હોય, ત્યારે ગાતા, સાયંકાળે સૌ સાથે મળીને પ્રાર્થના કરતા. સમાજ પ્રેમમાંથી ઉત્પન્ન થયો, પ્રેમથી નભ્યો અને ઉપયોગી થઇ પ્રેમમાં જ વિરમ્યો! પાપનાં-વિકારનાં પગલાં થતાં સમાજની સુંદરતા વિરૂપ થઇ ગઇ; શાસન સત્તા, મહાજન સત્તા, કાયદાઓ-સમાજની પવિત્રતા ઉપર થયેલ વિકારનાં પરિણામો છે. કાયદા સમાજને ચડી ગયેલા મેલનો થર છે. સમાજના મૂળ ખાઇ જનારો લુણો છે. અર્ધડહાપણે આ વિકૃતિઓનો પ્રતિકાર કરવા સમાજના મૂળ સ્વરૂપને બદલી નાંખી નહાના નહાના ભાગલા પાડી, કાયદાઓની મજબુત દિવાલો રચી શાસન સત્તા સ્થાપી નાંખી! પ્રથમ કાયદાઓ વિકાર આડે વાડ બાંધવા પૂરતા જ હતા. છતાં પણ આ સમયથી સમાજની સુંદરતા, સ્વાભાવિકતા અને સ્વતંત્રતા નાશ પામી. અલબત તેમાં પક્ષપાત નહોતો, પતિતોદ્ધારની પૂનિત ભાવના હતી. મનુ મહારાજે પ્રથમ સમાજની વિકૃતિઓ સામે વાડ રચી, જે કાયદાના સ્વરૂપમાં હતી. બીજા ઘણા અનુભવીઓએ રચી જે બોધના સ્વરૂપમાં હતી. આ વાડોનું ખરૂં સ્વરૂપ અને આશય ધીમે ધીમે વિસરાતાં ગયાં. આજે તેનાં બોખાં જ આપણે ફાવતી ફાવતી જગ્યાએ પૂજીએ છીએ. આને પરિણામે સમાજના કાયદાઓમાં પક્ષપાત અને શાસન સત્તા પેઠાં, ઉપયોગીપણું જતું રહ્યું. આજના જ્ઞાતિ કે સંપ્રદાય સમાજનું બગડેલું ચિત્ર છે. તેમાં સમાજની પૂરાણી ભાવના નથી, પ્રેમનું રાજ્ય નથી. પાંચ પચાસ કાયદાની કલમોની સત્તા એટલે સમાજની ભાવના, સુંદરતા કે ગમે તે કહો તે! જો આ કલમો પૂરેપૂરી પળાય તો સમાજ સારો સંસ્કૃતિવાન ગણાય! ન પળાય તો સમાજ ખરાબ, પતિત ગણાય! આ સિવાય બીજું કોઇ સુંદર પૌષ્ટિક (?) તત્ત્વ તેમાં જોવામાં આવતું નથી

અનેક કાયદા દેખ્યા. પણ કયાંયે મનુષ્યજીવન ઉન્નત, બનાવવા જ્ઞાતિએ કે સંપ્રદાયે મદદ કરવી, પડતાને બચાવવા, અજ્ઞાનને પ્રકાશમાં લાવવા, ભૂલેલાને માર્ગ બતાવવા, અંધમને ઉધ્ધારવા અને દુઃખિયાને દુઃખમુક્ત કરવાની કલમ નથી! પીનલકોડ દંડનીતિ આપણા કાયદામાં છે. તેથી જ્યાંસુધી પાંચ ડાહ્યાઓએ છાને ખુણે બાંધેલી કલમો પાળો ત્યાં સુધી યુવાનો! તમે જ્ઞાતિજન છો, સજ્જન છો. જો કોઇ ઉંચા આશયથી પણ ભંગ કરો તો બળવાખોર છો, ઉખેડેલા છો; જ્ઞાતિ તમને નિંદે છે! આ કાયદા પ્રમાણે તમે તમારી જાતનો, તમારા ગૃહ વ્યવહારનો, તમારા સંતાનોના હિતનો સંપૂર્ણ સ્વતંત્રતાપૂર્વક વિચાર કરી શકતા નથી! તમારે શું કરવું, અને ક્યાં જવું, તમારૂં હૃદય કયાં ઢલવું અને તમારે તમારો જીવનસાથી કયાંથી અને કેવી રીતે શોધવો, તમારે કેવો ખોરાક લેવો અને કયા પ્રભુને ભજવો, વિગેરે બધી વાતો નક્કી કરવાનું કામ તમારૂં નથી. તમારે સમાજની ગુલામી સ્વીકારવી જ પડે છે. સમાજ તમને રૂચે કે ન રૂચે, ફાવે કે ન ફાવે, તમારો વિકાસ થાય કે જીવન જીવતાં બળી રાખ થઇ જાય તેની પરવા કર્યા વિના તમારો જીવનમાર્ગ બીજાઓ નક્કી કરશે. તમારા જીવનમાંથી વાસના કે વિકાર મર્યા છે કે નહિ તે જોયા વિના ફરજિયાત ત્યાગ અને સંયમ ઠોકી બેસાડશે. તમારૂં દીલ કોળે છે કે નહિ તેની લગાર પણ ચિંતા કર્યાવિના લાકડા સાથે માંકડું વળગાડી દેશે. તમારૂં ભવિષ્યમાં શું થશે તે ન જોતાં બ્રાહ્મણ, ભાવા, જતી, જોગી, પારેવા કુતરા કે કબુતરાને તમારૂ આખરનું રડયું ખડયું ખવરાવી હશે તો તે પણ તમારા નામ ઉપર દાન-ધર્માદાનું પુણ્ય ચડાવી દેશે, અગર તો તમારી પાસેથી ટીપે ટીપે ભેગું કરેલું લોહીના થૂંક જેવું નાણું. તેવા કોઇ કાર્યમાં ઉડાવી દેવરાવશે. આ આપણું અત્યારનું સમાજ જીવન, જ્ઞાતિ કે સાંપ્રદાયિક જીવન! માની લીધેલા ભયની ખાતર અનેક શુભ તત્વોનો નાશ કરી નાંખવો કે કાયમની ગુલામી દશા કોઇ પર ઠોકી બેસાડવી, નબળાઇને કાઢવા સબળા થવાને બદલે નબળાઇપોષક તત્વો દાખલ કરવા તે જ્ઞાતિના મોવડીઓની અગમચેતીભરી નીતિ છે!

કયાં સુંદર સમાજ જીવન અને કયાં આજનું વિનાશક સડેલું જ્ઞાતિ જીવન; યુવાનો! તમારે આંખો હોય તો જ્ઞાતિની-સંપ્રદાયની ભીતરમાં પેસી તેની કાળપ નિહાળજો, દુઃખિયાની દુઃખદ સ્થિતિ નિહાળજો. મન હોય તો વિચાર કરજો, મગજ હોય તો કોઇ માર્ગનું ચિંતવન કરજો, પાણી હોય તો તમારો માર્ગ નક્કી કરજો અને મનુષ્યત્વ હોય તો સડેલું વિદારી, ગુલામગીરી તોડી, બાપદાદાના છીછરા કુવામાં તમારી જાતને અને તમારા જાતભાઇઓને ડુબી મરતાં બચાવજો!

જે જ્ઞાતિ કે સંપ્રદાયમાં તમારો વિકાસ નથી, જેમાં તમારી સાચી સ્વતંત્રતાને સ્થાન નથી, જેમાં બાળબચ્ચાના સુખનો ખ્યાલ નથી, જે જ્ઞાતિને તમારા સુખ દુઃખની દરકાર નથી, જે જ્ઞાતિમાં સ્પષ્ટ વિચારસરણી અને નિર્મળ ન્યાય નથી, જે જ્ઞાતિમાં પ્રકાશના કિરણો ઝીલવાની તાકાત નથી, તેવા પ્રાણહીન બોખાને કયાં સુધી પંપાળી પંપાળીને પૂજશો? આવો, આપણે આપણા પરમ પુન્યશાળી પૂર્વજોના પુરાણા સમાજની ભાવનાને સંધરીએ, પૂજીએ અને પોષીએ! આવો! આપણે મનુષ્ય જીવનની આસપાસ રચાયેલી કાયદાની ભયંકર જાળો તોડી સ્વતંત્રતા પ્રાપ્ત કરી વિકાર આડે પ્રેમની, જ્ઞાનની, ત્યાગની વાડો રચી દઇએ! આવો! આપણે જીવતાં બળી રહેલા આપણી જેવા જ માનવીઓને બચાવી આપણું મનુષ્યત્વ સિધ્ધ કરીએ!

યુવાન! તું બાબોચિયાનો કીડો તો નથી જ એટલું જાણતો થા એટલે તે જ પળે ધુધવતો અર્ણવરાજ તારા પોતામાં જ પ્રાપ્ત થશે.

× × ×

ઓ! યુવકગણ! જાગ જાગ! પ્રભાત થયું છે!

× × ×

ઉ. વૃજલાલ ધ. મેઘાણી.

(પૃષ્ઠ ૨૨૫ થી ચાલુ)

સમિતિમાં ન જોડાયા હોય તે જોડાઇ જાય અને અન્યત્ર વસતા ભાઇઓ મોટા પ્રમાણમાં પ્રતિનિધિ તરીકે આવે, તો જ અધિવેશન સફળ થયું ગણાય. અધિવેશનના પ્રમુખ તરીકે શ્રીમાન્ શેઠ વીરચંદ મેઘજી શેાભાણની ચુંટણી કરવામાં આવી છે. તેમની આગેવાની નીચે સ્થાનકવાસી સમાજને સ્થાયી લાભ થાય એવા ઠરાવો અને યેાજનાઓ ઘડાય અને આખો જૈન સમાજ એકત્ર બને તે દિશાએ પ્રગતિકારક નિર્ણયો કરવામાં આવે એમ આપણે ઇચ્છીએ.

સ્થા. જૈન યુવક પરિષદ

ઉપરોકત કોન્ફરન્સના અધિવેશન સાથે સ્થા. જૈન યુવક પરિષદ એપ્રીલની દશમી તારીખે એટલે કે કોન્ફરન્સના અધિવેશનની એક દિવસ અગાઉ ભરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને તેની સ્વાગત સમિતિના પ્રમુખ તરીકે ડો૦ વ્રજલાલ ધરમચંદ મેઘાણીની અને મંત્રીઓ તરીકે શ્રી ખીમચંદ મગનલાલ વહેારાની અને જગજીવનદાસ અજમેરાની ચુંટણી કરવામાં આવી છે. આજના યુવકોના દિલમાં જે ભાવનાઓ ઉછળી રહી છે અને નવા આદર્શો ઘડાઇ રહ્યા છે તેને વ્યકત કરવા માટે તેમ જ જે સામાજિક ક્રાન્તિ અત્યન્ત આવશ્યક અને અપરિહાર્ય બની રહી છે તેને બને તેટલી સમીપ લાવવા માટે સ્થાનકવાસી જૈન યુવકો આગળ આવે, આ યુવક પરિષદમાં બને તેટલો ભાગ લે અને ઉપયોગી અને અસરકારક નિર્ણયો સાથે એવી આગ્રહપૂર્વક પ્રાર્થના કરવામાં આવે છે.

રાષ્ટ્રીય સપ્તાહ

આવતા એપ્રીલ માસની છઠ્ઠી તારીખથી તેરમી તારીખ સુધી આખા દેશમાં રાષ્ટ્રીય સપ્તાહ ઉજવવામાં આવશે. આજથી લગભગ વીશ એકવીશ વર્ષ પહેલાં આજ દિવસોમાં 'રોલેટ એકટ' નામના એક સરકારી ધારા સામે સમસ્ત દેશમાં ભારે ઉગ્ર વિરોધ પ્રગટી નીકળેલો અને જનરલ ડાયરને હાથે જલીયનવાળા બાગનો હત્યાકાંડ રચાયલો, ત્યારથી આપણા દેશમાં આ રાષ્ટ્રીય સપ્તાહની યેાજના કરવામાં આવી છે અને દર વર્ષે ભારતવર્ષની પ્રજા આ પર્વ પૂરા ઉત્સાહથી ઉજવતી આવી છે. આ સપ્તાહની વિશેષતા તો એ છે કે આ સપ્તાહનો ઉદ્ભવ તો જલીયન બાગના હત્યાકાંડથી થયો છે એમ છતાં પણ આપણે આ સપ્તાહનું ઉદ્યાપન અંગ્રેજો પ્રત્યે કોઇ પણ પ્રકારનો વિદ્વેષ ફેલાય એ રીતે નથી કરતા, પણ પ્રજાની આત્મશુધ્ધિ થાય અને ખાદી, હાથકતામણ, હિંદુ-મુસ્લીમ એકતા, ગ્રામોદ્યોગનો પ્રચાર, અસ્પૃશ્યતા-નિવારણ, મદ્યનિષેધ આદિ રાષ્ટ્રના રચનાત્મક કાર્યક્રમને ટેકો અને પ્રોત્સાહન મળે એ રીતે કરીએ છીએ. આ વર્ષના સમીપવર્તી રાષ્ટ્રીય સપ્તાહના ઉદ્યાપનને અંગે મહાત્મા ગાંધીજીએ એક નિવેદન બહાર પાડીને પ્રજાની આત્મશુદ્ધિ ઉપર જ ખૂબ ભાર મૂકયો છે. પહેલા અને છેલ્લા દિવસે પ્રજા આત્મશુધ્ધિનો ઉપવાસ કરે, કાંતણયજ્ઞ કરે, ખાદીનો ખૂબ ફેલાવો કરે અને કોમ કોમની એકતાની ભાવનાને ખૂબ જોર આપે એમ તેઓ પ્રજા-પાસે માંગે છે. આ રાષ્ટ્રીય સપ્તાહના ઉદ્યાપનને લગતા વિવિધ કાર્યક્રમમાં સૌ કોઇને રસપૂર્વક ભાગ લેવા વિનંતિ કરવામાં આવે છે.

ઉંઝા પાંજરાપોળ ઉદ્‌ઘાટન

તા. ૧૬-૩-૪૧ ના રોજ શ્રી. ઉંઝા પાંજરાપોળ માટે લગભગ રૂા. ૨૦૦૦૭) ના ખર્ચે બંધાવેલ મકાનની ઉદ્‌ઘાટન ક્રિયા શ્રીમાનૂ કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીઆના શુભ હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગને આખા ગામની પ્રજાનો કોઇ મંગળ અવસર હોય એ રીતે ઉજવવામાં આવ્યો હતો. ઉંઝા સ્થળ નાનું છે, છતાં પ્રજા એકરૂપ છે અને તેથી ત્યાં અનેક પ્રજાકલ્યાણકારી પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રીતે ચાલે છે. આ પાંજરાપોળ પણ પ્રજાની એકતા, ઉદારતા અને સુવ્યવસ્થિતતાનું જ પરિણામ છે. પ્રસ્તુત મકાન ખુલ્લું મુકતાં શ્રી. કાન્તિલાલભાઇએ જણાવ્યું હતું કે :-

"મારી સામાન્ય બુધ્ધિથી હું માનું છું કે પાંજરાપોળ એ દયા ધર્મ ખીલવવાની એક પ્રાથમિક શાળા છે. દયા, સમભાવ, અહિંસા, આ ગુણોનો વિકાસ કરવા માટે પાંજરાપોળ એ પ્રથમ પગથીયું છે. પાંજરાપોળ એ ધાર્મિક તેમ જ સામાજિક સંસ્થા પણ છે. માનવજાત જે આવી નાનામાં નાની ફરજ પણ બજાવવા તત્પર ન થાય તો તે મનુષ્ય સમાજના કોઇ કાર્યમાં સાથ આપી શકે જ નહિ અને પોતાના જીવનને તદ્દન સ્વાર્થી બનાવી મૂકે.....હિંદુસ્થાન ખેતીપ્રધાન દેશ રહ્યો છે, એટલે ઢોરોની આબાદીમાં જ ખેતીની આબાદી રહેલી છે. છતાં પાશ્ચાત્ય દેશોના સંસર્ગથી આ યંત્રવાદના જમાનામાં ઢોર પ્રત્યે તદ્દન બેદરકારપણું આપણા રાજ્યો તરફથી રખાય છે. મૂંગાં ઢોરો રાજ્યની રૈયતનો એક ભાગ છે, છતાં કોઇકે જ રાજ્ય આવા પ્રાણી માટે લાગણી ધરાવતું હોય છે."

આ પ્રસંગે શ્રી. કાન્તિલાલભાઇએ રૂ. ૧૫૦૦, શ્રી નટવરલાલ મગનલાલે રૂ. ૬૦૦૦ અને શ્રી કાન્તિલાલ ચુનીલાલે રૂ.૫૦૦ ની રકમ પાંજરાપોળને ભેટ કરી હતી. પ્રસ્તુત પાંજરાપોળના કાર્યવાહકો કે જેમાંના શ્રી ભોગીલાલ નગીનદાસ શાહ એક બહુ જાણીતા કાર્યકર્તા છે, તેમને પાંજરાપોળની આખી વ્યવસ્થા નવી ઢબ ઉપર ઘડવાની અને આ દિશાએ સ્વામી આનંદ, શ્રી નરહરિ પરીખ જેવા નિષ્ણાતોની સલાહ અને દોરવણી પ્રાપ્ત કરવા આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે.

એક ઉપર બીજી મેળવવામાં નિરાશા

મોરબીના એક ગૃહસ્થ એક પત્ની હયાત છતાં બીજી પત્ની મેળવવાની તજવીજમાં હતા અને એ તજવીજમાં લગભગ સફળ થવાની ઉપર હતા. પણ એટલામાં તો રાજકોટના જૈન યુવક સંઘના કાર્યકર્તાઓને આ બાબતની ખબર પડી અને તેમણે કેટલીક ખટપટ અને ધમાલ કરીને આ ગૃહસ્થની મુરાદ બર આવવા ન દીધી, યુવક સંઘોની ખરૂં કામ સમાજની ચોકી કરવાનું છે. જ્યારે પણ કોઇ ઠેકાણે આવો બનાવ બનવાની ગંધ આવે કે યુવક સંઘે ત્યાં પહોંચી જવું જોઇએ અને કોઇ પણ નિર્દોષને હોમાઇ જતું અટકાવવા માટે અથવા તો કોઇ પણ નિર્બળના વ્યાજબી હકો ઉપર તરાપ પડતી હોય ત્યાં આડો હાથ ધરવા માટે પોતાથી બનતું કરી છૂટવું જોઇએ. આગ લાગે અને બંબાઓ નીકળી પડે તેમ કોઇ પણ અન્યાયી આચરણનો સામનો કરવાને યુવક સંઘે સદા કટિબધ્ધ રહેવું જોઇએ.

'ભગવાન મહાવીર અને શ્રેણીકનો સંબંધ'

આ વિષય ઉપર શ્રી જૈન બાલમિત્રમંડળના મંત્રીઓ (ઠે. બાબુ પી. પી. જૈન હાઇસ્કુલ, પાયધુની, મુંબઇ) મેટ્રીક સુધી ભણતી જૈન કન્યાઓ તથા વિદ્યાર્થીઓ પાસે પોતાની જાત મહેનતથી લખેલો મુદ્દાસરનો નિબંધમાં માંગે છે અને આ નિબંધો લખી મોકલનારને મંડળના ધારાધોરણ અનુસાર ઇનામો આપવામાં આવશે એમ જણાવે છે.

ગોધાવી સાર્વજનિક દવાખાનું

ગોધાવીમાં શેઠ ત્રીભોવનદાસ છગનલાલ તરફથી કેટલાક સમયથી એક સાર્વજનિક દવાખાનું ચાલે છે. આ દવાખાનાનો ગોધાવી અને તેની આસપાસના વીશ ગામડામાં વસતા ભાઈઓ લાભ લે છે. દર્દીઓની માસિક સંખ્યા બારસોથી ચૌદસોની થાય છે. દેશમાં આવા દવાખાનાઓ ગરીબ જનતાને ભારે આશીર્વાદ રૂપ નીવડે છે. ગોધાવીના સાર્વજનિક દવાખાનાના સંચાલકને પરોપકારનું આવું મોટું કેન્દ્ર ચલાવવા માટે ધન્યવાદ ઘટે છે.

અખિલ હિંદ જીવદયા દિન

આગામી ચૈત્ર શુદ ૧૩ તા. ૯-૪-૪૧ બુધવાર ભગવાન મહાવીરનો જન્મ દિવસ છે. આ દિવસે આખા દેશભરમાં તેમની જન્મ-જયન્તીઓ તો ઉજવાશે જ. ભગવાન મહાવીર અહિંસા ધર્મના પરમ પ્રણેતા હોઇને મુંબઇની શ્રી જીવદયા મંડળી તે દિવસને 'અખિલ હિંદ જીવદયા દિન' તરીકે છેલ્લા છ વર્ષથી ઉજવતી આવી છે તે મુજબ આ વર્ષે પણ એ દિવસ 'અખિલ હિંદ જીવદયા દિન' તરીકે ઉજવવાને લગતી જાહેરાત તે મંડળી તરફથી કરવામાં આવી છે અને સ્થળે સ્થળે નીચે મુજબનો કાર્યક્રમ ગોઠવવા દેશભરની જૈન-જૈનતર સંસ્થાઓને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવી છે.

(૧) દરેક ગામે અને શહેરમાં જાહેર સભા ભરી જીવદયાને લગતાં વ્યાખ્યાનો ગોઠવવા અને હિંસા અટકાવવા ઠરાવો કરવા.

(૨) દરેક નિશાળોમાં સરઘસો ગોઠવવા અને અહિંસા-માહાત્મ્ય બાબતમાં સંવાદો, ચર્ચા અને વ્યાખ્યાનો ગોઠવવા.

(૩) બની શકે ત્યાં સુધી અનાથ, મુંગા પ્રાણીઓ અને અશકત માણસોને ખવરાવી તેમની સેવા કરવી.

(૪) વર્તમાનપત્રો અને માસિકોમાં અહિંસા અને શ્રી મહાવીરના જીવન સંબંધી લેખો લખાવવા.

(૫) એ મહાન દિવસે જીવદયાનાં પ્રત્યક્ષ કાર્યો જેવાં કે જાનવરોને કસાઇને હાથ જતાં બચાવવા, તેમની સેવા કરવી, અનાથ મનુષ્યોની સેવા કરવી વિગેરે પ્રવૃત્તિઓ કરવી.

(૬) આ પવિત્ર દિવસે સત્તાવાળાઓને અરજ કરી જાનવરોની કતલ બંધ રખાવવા તજવીજ કરવી.

(૭) જીવદયા અને ગૌરક્ષાના મંડળોએ પોતપોતાના ભાગોમાં આ ચળવળ ઉપાડી લેવી અને સાહિત્ય, પત્રિકા અને લેખોદ્વારા લોકમત કેળવવા પ્રયાસો કરવા.

આ ઉપરાંત મુંબઇમાં અનેક સંસ્થાઓના સંયુકત આશ્રય નીચે એક જાહેર સભા આ દિવસે મળનાર છે, જેના સ્થળ સમયને લગતી જાહેરાત દૈનિક પત્રોમાં કરવામાં આવશે. ઉપર જણાવેલ કાર્યક્રમ તથા જાહેર સભામાં ભગવાન મહાવીરના પ્રશંસકો તેમ જ અહિંસાના ઉપાસકોને અને તેટલો ભાગ લેવા તથા આપવા વિનંતિ કરવામાં આવે છે.

ભગવાન મહાવીર વિષે રેડીઓ-આલાપ

તા. ૬-૪-૪૧ ના ગુરવાર રોજ રાત્રીના સાત વાગે શ્રી હીરાલાલ અમૃતલાલ શાહ ભગવાન મહાવીર સંબંધે ઓલ ઇન્ડીઆ રેડીઓ ઉપર બોલનાર છે. ભાઈ શ્રી હીરાલાલ ઉંડા અભ્યાસી અને સાહિત્યસંશોધક છે. તેથી આ વિષયના જિજ્ઞાસુઓને એ સમયે પોતાપોતાના રેડીઓ યંત્ર ઉપર હાજર રહેવાની ભલામણ કરવામાં આવે છે.

જૈનોની જાહોજલાલીના આથમતા યુગમાં

કોન્ફરન્સની કાર્યદિશા

ધર્મપ્રીતિ અને સાંપ્રદાયિક અસ્મિતા દિનપ્રતિદિન પરવારતી જાય છે અને માનવનો જીવનકલહ રોજને રોજ કપરો બનતો જાય છે તેવા કોમના જાહોજલાલીના ઓસરતા યુગમાં લાંબા ગાળે આપણા જીવનનો—ધાર્મિક અને સાંસારિક જીવનનો—વિચાર કરવા અને દુઃખ-દર્દનો ઉપાય શોધવા મળીએ છીએ. તે વખતે આપણને આપણા બળતા પ્રશ્નોનું સ્પષ્ટ ભાન હોવું અતિ અગત્યનું છે. આ બધા પ્રશ્નો, બધી જીવન સમસ્યાઓ સકળ પ્રજાએ કોન્ફરન્સ મળે તે પહેલાં સમજી તેના યોગ્ય જવાબ માટે તૈયાર થવું જરૂરી છે કે જેથી આખરે તેનો કોઇ માર્ગઉકેલ કોમના ડાહ્યાઓ, શક્તિશાળીઓ અને વિદ્વાનો કાઢી, આપણું પતન આગળ વધતું અટકાવે.

સકળ જૈન સમાજ પોતાની ઘટતી જતી સંખ્યા અને કોન્ફરન્સ માટેની ભરતી જતી મમતા માટે વર્ષો થયાં ફરિયાદ કરતો જ આવ્યો છે અને કોઇ કોઇ વખતે નજીવો પ્રયત્ન, તે ઓટ અટકાવવા કરવામાં પણ આવે છે; સંપૂર્ણ ઉપાય હજુ સુધી થયો હોય તેમ લાગતું નથી. આ પ્રયત્ન આ અને પછીની થનારી જૈનોની બધી બેઠકોમાં કરવામાં આવે તો હજારોનું ભેગું થવું અને નાણાનું ખર્ચાવું લેખે લાગશે. નહિ તો હસવું અને હાણ ઉભાં જ છે.

અલબત્ત આપણી પરિષદ સાંપ્રદાયિક પરિષદ જ છે અને તેથી સૌ કોઇ એમ માને કે સંપ્રદાયને લગતા પ્રશ્નોની જ વિચારણા અને છણાવટ ત્યાં થાય; બાકીના સામાજીક કે સાંસારિક પ્રશ્નોની આ પરિષદ સાથે કંઇ લાગે વળગે નહિ. કારણ કે ધર્મ અને સંસારને શું સંબંધ ? પણ આ વાત સાચી નથી. અલબત્ત આપણો સાંસારિક વ્યવહાર જ્ઞાતિના ધોરણે મુખ્યત્વે કરીને હોવાથી મુશ્કેલી જરૂર પડે, પણ જો યોગ્ય વાતાવરણ અને સ્પષ્ટ ખ્યાલો પ્રજામાં ઉત્પન્ન કરવામાં આવે તો પ્રજા ગમે ત્યાં હોય તો પણ પોતાનું ચોક્કસ વર્ચસ્વ બતાવી શકે. જ્યાં સુધી જૈનોમાં સુખી સંસાર નહિ ઉપજાવી શકાય, જ્યાં સુધી પ્રજાના મન, તન અને સંસ્કારને કેળવતી કેળવણીનો પ્રચાર સકળ કોમમાં ન થાય, જ્યાં સુધી આપણા આપસ આપસના તેમજ અન્ય નિકટવર્તી સમાજો સાથેનો આપણો સંપર્ક સુખદ અને ઉપયોગી ન બનાવી શકાય અને જ્યાં સુધી કોમનું અસ્મિતાનું ભાન પૂર્ણપણે સજાગ થઇ સહધર્મી-સહમાર્ગાનુરાગી ભાઇઓ તરફનું વલણ વધુ સહાનુભૂતિ ભર્યું અને સહકારમય ન બને ત્યાંસુધી કોમની જાહોજલાલીના પાછા વળતા પૂરને નહિ રોકી શકાય !

શ્રી કનૈયાલાલ મુનશી જોખમમુકત

મુંબઇ સરકારના માજી ગૃહસચિવ શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી ભારે ચિન્તાજનક વ્યાધિના પંજામાંથી ઉગરીને પાછા ફર્યા છે અને આજે તો હવે તેમની શરીરસ્થિતિ કશા પણ જોખમમાં નથી એ સમાચાર સૌ કોઇને આનંદ આપનાર છે. શ્રી. મુનશી આજે સમસ્ત ગુજરાતનું મહાન ગૌરવ છે. ગુજરાતી સાહિત્યમાં આજે તેમનું સ્થાન અજોડ છે. શરીરે ખૂબ નબળા છતાં અદમ્ય કાર્યશકિત. નિરાંતે બેસે તે મુનશી નહિ. તેમના હાથે આજ સુધીમાં અનેક મહત્વનાં કાર્યો થયા છે. ગૃહસચિવ તરીકેની તેમની કારકીર્દી ખૂબ જ ઉજ્વળ અને ચિરસ્મરણીય છે. હજુ પણ તેમના હાથે દેશ અને સમાજની અનેક સેવાઓ થવાનું નિર્મિત હશે. તેથી જ તુટ્યું તુટ્યું થતી તેમની જીવનદોરી લંબાઇ છે વિધાતાનો તે માટે આપણે ઉપકાર માનીએ. પરમાનંદ

આજે નૂતન પ્રજાના દિલમાંથી ધર્મ–પ્રીતિ (સાંપ્રદાયિક પ્રિતિ) નાશ પામતી જાય છે તેઓનું મન એક યા બીજા કારણે કે સંસર્ગ દોષથી વ્યગ્ર બન્યું છે. તેઓ પોતાનું સાચું સ્થાન અને ઉત્કર્ષ સંપ્રદાયમાં હોય તેમ માનતા નથી, જ્યારે વૃદ્ધો–જુના વિચારસરણીવાળાઓ એક પણ ડગલું યુગની કુચની દિશામાં માંડવા તૈયાર નથી, બુદ્ધિ અને જરૂરિયાતના બતાવેલા માર્ગને સ્વીકારવા તૈયાર નથી. બીજાને તક આપી કામ કરતાં કરવા તદ્દન ઉદાસીન છે તેમજ કાયમ ધર્મમય વાતાવરણ બન્યું રહે તેવી કોઈ ઉપકારક અને આકર્ષક વ્યવસ્થા અને મારાપણું જન્મી મારા માટે મમતા વધે તેવો કોઈ પ્રબંધ થયો નથી ત્યાં આપણે કોને ઠપકો આપીએ ? કોને દોષિત ગણીએ ? એકની કસમયની ઉગ્રતા અને બીજાની ખરા સમયે પણ શિથિલતા આપણા પતનનું કારણ છે !

આપણે નવ નવ વખત મળ્યા છીએ અને નવ નવ વખત આવ્યા તેમ વીખરાયા છીએ. કોન્ફરન્સની શરૂઆતમાં તેને નવીન તત્ત્વ માનીને અને નવીન યુગના ક્રાન્તિકારી પગલા સમાજમાં થયા નહોતા એટલે પ્રજા તે નિષ્ક્રિય પરિષદને પણ વળગી. જેમ જેમ પ્રજા સજાગ થતી ગઈ અને દુનિયાના બદલાતા વાતાવરણની અસર આવતી ગઇ તેમ તેમ લોકોની પ્રીતિ પણ પાછી વળતી ગઇ. કોન્ફરન્સે યાદગીરીનું કંઇ પણ સ્થિરસ્થાયી ચિન્હ પાછળ રાખેલું ન હોવાથી લોકો ભૂલવા પણ માંડયા. વળી કોઇ રસીયો કોમપ્રેમી કોમનું નામ રાખવા આગળ આવ્યો (શ્રી મેઘજીભાઈ થોભણ) અને લાંબા કાળે ભેગા થયા. (મલકાપુરનું અધિવેશન) "કંઇક કરીશું" એવા ભાવી ખ્યાલે થોડુંક વાતાવરણ પણ ઉત્પન્ન કર્યું. આ વાતાવરણે એક સબળ નરને મોખરે આણ્યો. (શ્રીયુત વા. મો. શાહ) યુગની વતી બોલવાનો અધિકારી અને જુના પ્રવાહને સમયની રેતીમાં લુપ્ત થતો બચાવી કોઇ ઉપયોગી ભૂમિમાં વહેવડાવવાની ભાવનાવાળો અને રોમેરોમમાં ઉલ્લાસ ઉત્સાહ અને વેગવાળો તે નર હતો. પ્રજા અને સાધુગણ તે પ્રવાહના વેગને ઝીલવા શક્તિવાન નહોતી એટલે તે પ્રખર વિચારક અને બળતા પ્રશ્નોનો જાતે બળી ઉકેલ કરનાર માનવીને ન ઓળખી શકી, ઝીલી શકી. એટલે પુનઃ પ્રજા પ્રકાશના દુઃખમાંથી છૂટીને અંધારાના જુગ જુના સુખમાં સુતી. વર્ષો ફરી વખત વીત્યા, અને પ્રવાહ તદ્દન લુપ્ત થઈ જાય તે પહેલાં બે સાધુહૃદયના માનવીઓ (શ્રીયુત દુર્લભજી ત્રીભોવન ઝવેરી અને નથમલજી ચોરડિયા) નવીન તત્ત્વથી પ્રજાને આકર્ષી. અને જૈન કોમના ઇતિહાસમાં અજોડ એવો છેલ્લો અને પહેલો ચમકારો પ્રજાજીવનમાં ચમકી ગયો. કોઈ જાગ્યા. કોઇ ભડકીને ભાગ્યા. કોમના હાર્દથી–અને સાધુસમાજથી બીન અનુભવી છતાં પણ સતત કાર્ય નિમગ્ન સુકાની સાંપડયો. (શ્રીયુત હેમચંદભાઇ રામજી મહેતા) એ ઇન્જીનિયર મહાશયે કોમના સ્થાપત્યની મરામત કરવા પ્રયત્ન પણ કર્યો. પરિણામ કંઇ નજ આવ્યું. કારણ કે સમાજમાં નિરંકુશપણે ફરતા અને ત્યાગી છતાં પણ પૂર્ણ રાગી સાધુ સમાજે સમાજમાં નવા વમળો ઉત્પન્ન કર્યા, કોમનું નાવડું તોફાને ચડયું. પ્રજા તેમાં અટવાઈ ગઇ. લાખોનું ખર્ચ બરબાદ થયું અને પ્રજા વધુ પક્ષાપક્ષી અને આંધીમાં પડી ગઇ. ટંડેલ (સુકાની) અને નાવિકો ઝુઝયા પણ મોટા વમળ પાસે કંઇ ફાવે જેવું રહ્યું, એટલે નિષ્ક્રિયતાની સાથે મતભેદ અને કલહ વધ્યાં. આજે પ્રજાને કાર્ય માટે પ્રીતિ નથી રહી, લડવાની રહી છે ! ક્રિયાનું જોમ નથી રહ્યું, વાણીનું રહ્યું છે ! સાંપ્રદાયિક પ્રતિભાની, જાહોજલાલી નથી રહી પણ જૈન નામનો ઉપયોગ કરી ફાવી જવાની કે જલસા કે જુલુસની જાહોજલાલી રહી છે. મંદિરોમાં કે ઉપાશ્રયોમાં મહાવીર પ્રભુનો કલ્યાણનાદ નથી ગૂંજતો, સાંપ્રદાયિક સંકુચિતતા અને વિતંડાવાદ ગૂંજે છે. આજે પાંચ પાંચ લાખ માનવીઓમાંથી કોઇ યોગ્ય રીતે સુકાન સંભાળવા તૈયાર નથી. કોઇ ધર્મ પ્રીતિ પાછળ પોતાનો સમય આપી કોમની મરતી મમતાને બચાવવા અને ઓસરતા પૂરની આડે પંડની પાળ બાંધી પ્રવાહ અટકાવવા તૈયાર નથી.

આવી સ્થિતિમાં સંઘનું કામ ખરેખર વિકટ બને છે. અને આવા સંજોગોમાં ન છૂટકે બીજા કરતાં કાંઇ વધુ ઠીક હોય તેવા સુકાનીને સકળ કોમમાંથી શોધી, સુકાન સોંપી સંતોષ અનુભવવો પડે છે.

આપણું કાર્ય આ પતન પામતા યુગમાં સબળ મહારથીને માંગે છે પણ તે કાઢવો કયાંથી !

ભાંગ્યાનો ભેરૂ થવા, અનેક નિરાશામય વાતાવરણ વચ્ચે બહાર પણ કોણ પડે ! એટલે જે કોઇ ડૂબતા નાવને બચાવવા હિંમતભેર બહાર આવે તેને ધન્યવાદ આપીને કોમ પ્રેમીઓએ પાકું પીઠબળ આપવું જ રહ્યું છે.

જ્યાં પ્રજા ઉતરતી જાય છે અને તેની ધર્મપ્રીતિ પરવારતી જાય છે ત્યાં પ્રમુખની શક્તિ કે પ્રતિભા, પ્રજાની તાકાદ અને સંગઠન ઉપર અવલંબે છે. આપણે સૌ પ્રમુખમાં પ્રાણ પૂરીએ તો માટીનો માનવી પણ તાકાદસ્વરૂપ બની શકે. પ્રજાનો પ્રેમ અને કાર્યતત્પરતા નરને નારાયણ બનાવી શકે. વામનના વિરાટ કરી શકે, જો સુકાની પોતે પણ પરમુખ ન બનતા સ્વમુખ બને, પ્રજામાં શુદ્ધ ધાર્મિક પ્રેમ અને મરતી કોમને બચાવવાની સાચી વૃત્તિ હોય તો !

આપણી આ કોન્ફરન્સ આપણા આથમતા યુગમાં મળે છે. આપણી જાહોજલાલીના પૂર ઓસરવા માંડે તેવા ઓટના સમયે મળે છે. પ્રકાશ પામી લેવાનો, અને ઓસરતા પૂર અટકાવવાનો બહુ કમ સમય બાકી છે. નાશની નોબતો ક્ષિતિજ ઉપર ગડગડે છે. પ્રજા ધર્મવિહોણી બનતી જાય છે. અને પિતા મહાવીરનો વારસો વારસદાર વગરનો સુનો બનવાની તૈયારીમાં છે. કોમ જુના અને નવાની ભીંસમાં ભીંસાઇ રહી છે. માત્ર પ્રાણ જવા જ બાકી છે. માટે જો આપણે એક કોમ તરીકે જીવવું જ હોય, મહાન સંઘના, મહાન વારસના વારસદાર રહેવું હોય તો એકલા પ્રમુખે નહિ, એકલા કોન્ફરન્સની ગાથીએ બેઠેલા કાર્યકરોએ જ નહિ, એકલા વૃદ્ધ કે યુવાનોએ જ નહિ, પણ આબાળવૃદ્ધ, સ્ત્રી અને પુરૂષ, સંસારી અને સાધુઓ–સૌએ નશ્ચિય કરી લેવો ઘટે કે અમારે જગતના મૂલ્યવાનમાં મૂલ્યવાન વારસાના વારસાદાર રહેવું છે, નિષ્કલંક અને માનવ ઉપકારી સંઘની જ્યોત સદાય બળતી રાખી અંધારે આથડતા માનવીઓની પગદંડી ઉજાળવા જાતે પણ તે જ્યોતના તેલ બની બળવું છે અને તે કાર્ય માટે જ્યાં જ્યાં યુગ માર્ગ પરિવર્તન સૂચવે તે તે કરી લઇ યુગ સાથેની કૂચમાં કદમ પર કદમ મેળવવા છે, તોજ બની શકે. અને સાધુઓ વિચારે કે, આ વિકટ માર્ગના જીવંત આદર્શ બની, જીવંત પ્રતીક બની, થાકતા સમાજના પગમાં તાકાદ પૂરવી છે અને લથડેલાને કંધે ચડાવીને પણ આગળ લઇ જઇ કૂચની હરોળમાં રાખવા છે તો જ બને ! છે તૈયારી ઓ સંસારી ! તારી ? છે તૈયારી યુગની વંદણા ઝીલતા અને મહાવીરના ભેખધારી કોમની રોટીથી પીંડ પોષતા ઓ મહાનુભાવ સાધુ ! તારી ? આ તૈયારી હોય તો તે સાથે લઇને, ન હોય તો તૈયારી કરવાનો પાકો નિશ્ચય કરીને આવ ! અને પંડની પાળ કરી વહી જતાં જાહોજલાલીના પૂરને અટકાવ ! આથમતા યુગને થોભાવ ! મુંઝાએલો

માનવ–સમાજ તારી રાહ જોઇ ઉભો છે. આ કે તે, બંધારણ કે બેહકના ઝઘડા તારા માર્ગને નહિ ઉજાળે, તારા પૂરને નહિ ખાળે !

× × ×

આપણા માર્ગમાં અંતરાય રૂપ બનેલા અનેક પ્રશ્નો છે. આ પ્રશ્નોનો ઉકેલ જ આપણો રાહ ચોકખો કરી શકે. અને અંધારી વાદળીનું આચ્છાદન દૂર કરી પ્રકાશ પ્રગટ કરી શકે.

(૧) આપણી વિશાળતાને અવરોધતી સંકુચિત મનોદશા– ક્યાં પિતા મહાવીરનું જગતને બાથમાં લેવાનું સ્વપ્ન અને ક્યાં આપણી વાડાના મોહની પામર મનોદશા ! સામાજીક વાડાઓ તજી રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર–અને સાંપ્રદાયિક ફિરકાભેદ અમુક ક્રિયાકાંડો પૂરતો જ રાખી બાકીના બધા વ્યવહારો એક સંપ્રદાય તરીકે, જૈન તરીકે જ થાય તે જાતના વાતાવરણનો પ્રચાર આપણને વિશાળ કાર્ય બતાવી શકે અને કેટલાએક મત-ભેદો અને અગવડતા આપોઆપ અદૃશ્ય થઇ શકે. સામાજીક વ્યવહાર અનેક જાતની ભિન્નતાને દૂર કરી માનવી માનવી વચ્ચે કોઇ અજબ સાંકળ રચી બહુ જ નજદીક લાવે છે.

(૨) પ્રજાને તૈયાર કરવા માટે પૂરતા પ્રમાણમાં કેળવણીનો પ્રચાર. સકળ કોમનું લક્ષ્ય આ દિશામાં જ મંડાવું જોઇએ. આધેડ કે મૃત્યુને આરે બેઠેલાઓ કંઇ નહિ કરી શકે પણ ભાવિ પ્રજાને જો તૈયાર કરવામાં આવે તો કોઇ દિવસે પણ સમાજ ઉન્નત બનશે. તેથી તેઓ માટે ઘડતરશાળા, સંસ્કારશાળા, અને તન ઘડનાર વ્યાયામશાળા પાછળ વધુમાં વધુ દ્રવ્ય ખર્ચાય અને લક્ષ્ય અપાય તો ભવિષ્યમાં સશકત, સમજદાર અને સંસ્કારી પ્રજા તૈયાર થાય. મહાવીરનો બાળ તો તે જ હોઈ શકે કે જે શક્તિશાળી છે, જ્ઞાનવાન છે, સંસ્કારી છે અને વિશાળતાની ભાવનાવાળો છે. આવી પ્રજા ઘડવી તે જૈનોની સંસ્થાનું ધ્યેય હોવું જોઇએ.

(૩) પ્રજામાં અસ્મિતા પુનઃ લાવવા માટે આપણા કેન્દ્રો રચી વ્યવસાયમાં, રોટીના વ્યવસાયમાં, સહધર્મીને હાથ આપી 'મારાપણું' બતાવવાની વૃત્તિ જરૂર કોમ માટે આકર્ષણ અને પ્રેમ જન્માવી શકે, રાષ્ટ્રભાવનાની દૃષ્ટિએ આ પગલું જરૂર કોમવાદી અને સંકુચિત લાગશે પણ વાસ્તવિક રીતે તેમ નથી જ. સ્વદેશી ભાવનાની પાછળ જે ચોકસ દૃષ્ટિ છે તેવી જ કંઇ દૃષ્ટિ આ ભાવનાની પાછળ પણ છે. સમૂહજીવનની પાછળ આવી ભાવના આવશ્યક પણ હોય છે.

(૪) જેમ એક ખ્રિસ્તી માટે બાઇબલ, મુસ્લીમ માટે કુરાને શરીફ, પારસી માટે જંદ અવસ્થા, આજે પંથ કે પંથ બહારનાના હાથમાં મૂકવા યોગ્ય પ્રમાણભૂત ગ્રન્થો છે તેમ જૈનો માટે સામાન્ય ગ્રન્થ કયો ? બહારની જૈનેતર પ્રજાના હાથમાં કયો મૂકવો ? શરૂઆતના અભ્યાસી બાળકોના હાથમાં કયું પ્રમાણભૂત પુસ્તક મૂકવું ? આ એક સામાન્ય પ્રશ્ન છે. ક્રિયાકાંડો અને પ્રાર્થના કે પૂજા ગોખાવવામાં આવે છે અને તે પણ તદ્દન મિશ્રિત ભાષામાં. આનું પરિણામ આજ સુધી તો શૂન્ય સિવાય કંઇ દેખાતું નથી. આપણી ભાવી પ્રજાને ઘડતી જૈનશાળાઓ જૈન બનાવવાને બદલે ક્રિયાકાંડી પોપટો જ બનાવે છે. આ દિશામાં જૈન કોન્ફરન્સે, સાધુસમાજે અને વિદ્વાન મહાનુભાવોએ કંઇક કરવું ઘટે છે. ધર્મના સાચા, સરળ અને પ્રમાણભૂત ગ્રન્થો વિના અનેક જાતની વિચિત્ર અધાર્મિક બાબતો જીવનમાં પેસી, ધર્મના હાર્દને હણે છે અને પ્રજામાંથી ધર્મ પ્રીતિ નાશ પમાડી વહેમ અને વેવલાપણું જન્માવે છે.

(૫) જૈનોનું સામાજીક જીવન જ્યાં સુધી સુખમય નહિ બને ત્યાં સુધી તેનું ધાર્મિક, સાંપ્રદાયિક જીવન શાન્તિમય બની શકે જ નહિ. આર્થિક સંકડામણ, વ્યર્થ વ્યય, બેકારી અને સ્ત્રી–પુરૂષોના અનેકવિધ પ્રશ્નો આજે દેશભરના માણસોને ચૂંગ-ળાવતા વિકટ પ્રશ્ન છે જેમાં જૈન સમાજનો પણ ફાળો આવતો જાય છે. આજે લગભગ દેશનો ચોથા ભાગનો વ્યાપાર જૈનોના હાથમાં હોવા છતાં પણ જૈનોની બેકારી બીજાને મુકાબલે કમી નથી. આ આપણી અસ્મિતાની ભાવનાના અને સહધર્મી તરફની સહાનુભૂતિના અભાવનું જ પરિણામ છે. જૈનોએ જેમ વ્યાખ્યાનમાં પોતાનો ફાળો આપ્યો છે તેમ અમુક પ્રમાણમાં હુન્નર ઉદ્યોગમાં પણ આપ્યો છે. તેમાં જો નાના નાના પાયા પરના ગૃહઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવે અને તેમના માણસોને તેનો લાભ મળતો થાય તેવી પવિત્ર ભાવના ધનિ-કોના હૃદયમાં થશે તો રાષ્ટ્રીય તેમજ કોમી ઉન્નતિમાં જરૂર સારો ફાળો આપી શકાય અને બેકારીનો પ્રશ્ન અમુક પ્રમાણમાં ઉકેલી શકાય. બાકી તો બેકારીનો પ્રશ્ન વ્યક્તિગત કે કોમી નથી. તે દેશનો અને માનવજાતનો પ્રશ્ન છે એટલે જ્યાં સુધી આ પ્રશ્નને દેશ ન ઉકેલે અને દેશને તેવા પ્રશ્નોનો ઉકેલ જેટલો સબળ આપણે ન બનાવીએ ત્યાં સુધી વધુ કંઈ બની શકે તેમ નથી. જૈનો પોતાની કોમની સાથે જ દેશનો પણ વિચાર કરતા થઈ જાય તેવી રાષ્ટ્રીય ભાવના કર્તવ્યમય બને તે જોવાનું છે.

સાધુ–સંસ્થાની સુધારણા અને તેના માટે યોગ્ય સામાજીક અને ધાર્મિક વ્યવસાયની યોજના–આ યોજના જ્યાં સુધી સંસારી અને સાધુસમાજ નહિ વિચારે ત્યાં સુધી આપણો તે ઉપયોગી વર્ગ તદ્દન નિષ્ક્રિય જ રહેવાનો છે. કેળવણી અને સામાજીક પરિવર્તન ફેલાવવાનું મહાન કાર્ય આ સંસ્થા સુંદર રીતે કરી શકે. પિતા મહાવીરે ભાખેલું સત્ય ન ફેરવી શકાય તેવી દલીલનો જરા વિચાર કરીએ તો જરૂર લાગે કે મૂળભૂત સિદ્ધાંતો કદિ ફર્યા ફરી શકતા જ નથી, માત્ર તેના આજુબાજુના સંજોગો અને માર્ગો જ બદલાવવાના હોય છે. સિદ્ધાંત તરીકે પાંચ મહાવ્રતને જ લઇએ. તે સિવાયની બીજી ક્રિયાઓ અને જીવન માર્ગો તો સિદ્ધાંતની પૂર્તિ પૂરતા અનુમાનો છે. જે સમય પ્રમાણે બદલાવી શકાય. સાધુસુધારણા ચાંચ્છતી સાધુસંસ્થાએ આ વાત લક્ષ્યમાં રાખવી અને કોન્ફરન્સે તે જાતની તક અને ટેકો આપવો.

ઉપલા થોડાક ઉપયોગી મુદ્દાઓ આપ્યા છે. તેના ઉપર સમાજ પૂર્ણપણે વિચાર કરી, તે કાર્ય માટે યોગ્ય વાતાવરણ જમાવે અને ક્રમશઃ થોડા થોડા પ્રશ્નો હાથ પર લઇ પાંચ વર્ષના ગાળામાં બધા પ્રશ્નો ઉપર સંપૂર્ણ લક્ષ્ય આપતો થઇ જાય તો જરૂર આપણે પુનઃ પગભર થઈ શકીએ અને વહી જતી જાહોજલાલીને અટકાવી શકીએ.

કોન્ફરન્સમાં હોદ્દા ઉપર તો પાંચ પંદર માણસો જ છે તે આપણું લીલું કરી દેશે તે વાત ઉપર ભરોસો રાખીને બેસી રહેવાથી કંઇ વળે તેમ નથી. આજ સુધી આપણે કોન્ફરન્સ અને તેના કાર્ય તરફ ઉપેક્ષાની દૃષ્ટિએ દેખતા આવ્યા છીએ હવે કંઇ કરી છૂટવાની સાપેક્ષ દૃષ્ટિએ દેખતા થઇ જઇએ તો આપણું ભેગું થવું અને પૈસાનું ખર્ચાવું સાર્થક છે. આટલા માટે એક વખત પહેલવહેલા આપણું દિલ સાચા જૈનનું બનવા દો. બાકીનું કામ આપણો પુરૂષાર્થ, પ્રીતિ અને પ્રારબ્ધ કરશે. તે શંકા વગરની વાત છે. અસ્તુ.

વ્રજલાલ ધ. મેઘાણી.

હિંસા—અહિંસા

['તરુણ જૈન'નો અહિંસા-અંક જે સંબંધમાં છેલ્લા અંકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં જે વિવિધ વિચાર સામગ્રી અને ચર્ચાસ્પદ બાબતો ભરેલી છે તે તો તે અંકનું અવગાહન કરવાથી જ મળી શકે તેમ છે. પણ તે અંકના છેવટના ભાગમાં બધી ચર્ચા અને ઉત્તરાવળીઓનો ઉપસંહાર કરતો સંપાદકીય લેખ શ્રી. સિદ્ધરાજ ઢઢ્ઢાએ લખ્યો છે. આ લેખના વાકયે વાકયે લેખકે અહિંસા વિષેની ઉંડી ઊંઘગશ અને આજના અહિંસાવાદીઓની અહિંસા-વિષયક અશ્રદ્ધા જોઇને પોતાને થઇ રહેલો વિષાદ ભારે પ્રાણવાન ભાષામાં રજુ કરેલ છે. શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા કલકત્તા તરફના જૈન યુવક સમાજના એક વિદ્વાન અને પ્રાણવાન કાર્યકર્તા છે. 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો માટે તેમના ઉપરોકત લેખનો શ્રી. નાનચંદ દલાલે અનુવાદ કરી આપ્યો છે જે સાભાર નીચે પ્રગટ કરવામાં આવે છે. પ્રસ્તુત લેખમાં સૂચિત પ્રશ્નાવલી વાંચકોએ છેલ્લા અંકમાંથી જોઇ લેવી. તંત્રી.)

'અહિંસા' અંક ની કલ્પના અમારા મનમાં કેવી રીતે આવી અને એ અંક કાઢવામાં અમારો શું ઉદેશ હતો તે વિષે પ્રારંભિક નિવેદનમાં કાંઇક પ્રકાશ પાડયો છે. અહિંસા અંક જેવો બન્યો છે તેવો અમે વાંચકોની સામે મૂકીએ છીએ. તે વિષે વાંચક પોતાને ઠીક લાગે તે અભિપ્રાય બાંધે; પણ અમે તો અમારા મનની વાત નિઃસંકોચપણે કહીએ છીએ કે જે કલ્પના અને જે આશાઓથી અમોએ આ કામ હાથ ધર્યું હતું તે સર્વ રીતે પરિપૂર્ણ થયું નથી

અહિંસા અને હિંસા, અંધકાર અને પ્રકાશ, આસુરી અને દૈવી શકિતઓનાં સંઘર્ષણ જગતમાં હરપળે-હરક્ષણે ચાલ્યા જ કરે છે, અને ચાલ્યા જ કરશે, કારણ કે એ બેમાંથી એકના સદંતર નાશથી ભૌતિક જીવન જેવી વસ્તુ જ ન રહે. પરંતુ ઇતિહાસમાં એવો યુગ આવે છે, એવી ઘડિ આવે છે, કે જ્યારે આસુરી વર્તન અને હિંસક વિચારધારા દૈવી શકિતઓ પર એકદમ સ્વાર થાય છે અને ચારે બાજુ ગાઢ અંધકાર ફેલાય છે અને દમનનું સામ્રાજ્ય પ્રવર્તી રહે છે, પૌરાણિક ભાષામાં કહીએ તો પૃથ્વીનો ભાર વધી જાય છે. આજ આપણને સ્પષ્ટ માલુમ પડે છે કે આપણે પણ આજે એવા જ કોઇ યુગમાં જીવીએ છીએ. ખાસ કરીને ચાલુ યુધ્ધના આરંભથી તો હિંસા અને વિનાશનું તાંડવ આપણી નજર આગળ ખેલાઈ રહ્યું છે. માનવીએ માનવીના વિનાશ માટે કેવાં કેવાં યંત્ર-કેવી કેવી યુકિતઓ-શોધી કાઢી છે ? પોતાને વૈજ્ઞાનિક (?) કહેતા-કહેવડાવતા કેટલાએ પ્રાણીઓ એ સાધનો શોધવા અને તેનો પ્રચાર કરવામાં પોતાના જીવનની ઇતિકર્તવ્યતા સમજી રહ્યા છે ! જંગલમાં, ખુલ્લી હવામાં, પ્રકૃતિ-માતાની ગોદમાં વસતા લોકોને 'જંગલી' કહેવામાં આવે છે. પરંતુ જરા વિચાર તો કરો કે 'સભ્ય' કહેવડાવતા મનુષ્યો અને જાતિઓ આજ હિંસા અને એક બીજાના વિનાશ માટે શું શું કરી રહ્યા છે અને એ બધી સ્થુળ હિંસાની સાથે કેટલી બધી સૂક્ષ્મ હિંસા પ્રસરેલી છે તેનો ખ્યાલ કરતાં તો રૂંવાડાં ખડાં થઇ જાય છે ! કેટલી ઘાતકી રીતે સત્તાધારી વર્ગ નીચલા વર્ગના લોકોનાં લોહી ચૂસી રહ્યા છે ! અને આપણે મધ્યમ વર્ગના લોકો પણ તેમને તેમની ભયંકર ચૂસણનીતિમાં મદદ કરી રહ્યા છીએ ! આ આર્થિક શોષણ એટલું બધું પ્રસરેલું છે, એનાં એટલાં વિવિધ રૂપો છે કે અહીં તે બધાંનો પુરો ઉલ્લેખ કરવો મુશ્કેલ છે, પણ ટુંકમાં એટલું જ કહીશું તો બસ થશે કે આજ આ દુનિયામાં જે 'સભ્યતા'ની બોલબાલા છે એના પ્રત્યેક પગલે, પ્રત્યેક વ્યવહારમાં-પછી ભલે તે ધર્મપ્રચાર હોય, સાહિત્ય હોય, કલા હોય, દાન હોય, વ્યાયામ હોય, શિક્ષણ હોય, કૌટુંબિક સંબંધ હોય કે સામાજિક સંબંધ હોય-સીધા આર્થિક શોષણની તો વાત જ બાજુએ રાખીએ-સઘળામાં હિંસા અને શોષણનીતિ વ્યાપી રહેલી નજરે પડે છે. આખી વર્તમાન 'સભ્યતા' હિંસા પર જ રચાયેલી છે.

મારા કહેવાની મતલબ એ નથી કે અહિંસા કે અહિંસક મનોવૃત્તિનો સદંતર કે સર્વદેશીય અભાવ છે. ઉપર જણાવી ગયા તેમ જો આ પ્રમાણે હોય તો તો જીવન જ અશકય બની જાય. પરંતુ અહિંસા પર હિંસાનો એટલો ઘટ્ટ થર જામી ગયેલો છે કે આજ આપણને હિંસા અહિંસાના ભેદનું પણ ભાન રહ્યું નથી. ધર્મના ઠેકેદારો, શાસ્ત્રજ્ઞો, અને તિલક ત્રિપુંડ્રધારી પંડિતો,-મનુષ્યના અમુક વર્ગને અછૂત માનવામાં, તેમની છાયા માત્રથી દૂર રહેવામાં, તેમને ભગવાનના દરબારથી દૂર રાખવામાં-પાપ સમજતા નથી; સનાતન ધર્મની દાંડી પીટનાર, રોજ કલાકો સુધી પૂજાપાઠ કરનાર, જપ તપમાં ખર્ચ કરનાર શેઠીઓ એક હાથે ગરીબોને દાન આપે છે અને બીજા જ હાથે ગરીબોના પસીનાની કમાઇ ગળી જવામાં કોઇ જાતનું પાપ માનતો નથી; ગાયના સ્થૂળ શરીરની રક્ષા કરવા વિધર્મી (?) મુસલમાનોનાં માથાં ફોડી નાંખવા તૈયાર થનાર ગોપાલક ગાયને ચૂસી ખાવામાં, તેને અને તેનાં વાછરડાંઓને કસાઇને હાથે વેચી દેવામાં કોઈ જાતનું પાપ સમજતો નથી: ગૌરક્ષાને મહાનધર્મ માનનાર આપણા વૈષ્ણવ વ્યાપારીઓ કતલખાનાના ચામડાનો વેપાર કરવામાં અને વેજીટેબલ ઓઇલ (vegetable oil) ની મીલો બોલવામાં ગોહત્યા નથી દેખી શકતા. અહિંસાધર્મની દાંડી પીટનાર અને વીતરાગ ધર્મમાં માનનારા આપણા સાધુ-મુનિરાજો આપસઆપસમાં લડવામાં અને સંઘ વિચ્છેદ કરવામાં રાગદ્વેષની ભાવનાને પ્રોત્સાહન આપે છે એ વસ્તુ તેઓ નથી સમજતા: આઠમ ચૌદશના દિવસે શાકભાજી ત્યાગ કરનાર, પશુપક્ષી, વનસ્પતિ, કીડીમકોડી સુધી અભયદાન આપનાર વ્રતધારી (?) શ્રાવક શેઠીઆઓ જુદી જુદી મીલો અને કારખાનાઓ ચલાવીને હજારો ગરીબોની રોજી લુટવામાં કોઇ જાતનો અધર્મ-અન્યાય-નથી માનતા; અતિથિ સત્કાર કે કુવા બોદાવવા જેવી પ્રવૃતિઓમાં જેઓ 'આરંભ-સમારંભ' માને છે તેઓજ આખો દિવસ માયાકપટ કરવામાં અને મોટી મોટી મીલોના શેરો તિજોરીમાં ભરી રાખવામાં કશું પણ પાપ કરતા હોય એમ સ્વપ્ને પણ ચિન્તવતા નથી. ઉલટું તેમ કરવાની પોતાને છુટ હોય એમ જરૂર માને છે. હિંદુ-મુસ્લીમ એકતા અને અહિંસા ઉપર મોટા મોટા ભાષણ કરનાર-લેખ લખનાર નેતાઓ ખાનગીમાં (?) પોતાનો વ્યકિતગત અભિપ્રાય હિંદુ-મુસ્લીમ એકતાના અસંભવની તરફેણમાં આપવામાં પોતાની ઇમાનદારી સમજે છે; પોતાને જ્ઞાન-વિજ્ઞાનની ચરમ સીમાએ પહોંચેલ માનનાર આપણા વૈજ્ઞાનિકો માનવ-સંહાર માટે એકથી એક ચઢીયાતાં શસ્ત્રાસ્ત્રો અને વૈજ્ઞાનિક યુકિતઓ શોધવામાં જ્ઞાનનું અપમાન કે તિરસ્કાર નથી માનતા. મતલબ કે આજના માનવ સમાજે સચ્ચાઇ છોડી દીધી છે; ભલું કે બુરું, સાચું કે ખોટું, સમજવાની તાકાત જ એનામાં રહી નથી. કોઇ પણ પ્રકારે જીવવું, ગુજરાન ચલાવવું, વધતી જતી જીવનની જરૂરિયાતો પુરી કરવા કોઇ પણ માર્ગે પૈસો ભેગો કરવો એજ એનું ધ્યેય બની ગયું છે.

એવા હિંસામય વાતાવરણમાં એનાથી ઉલટો અહિંસાનો, સત્યનો, માનવતાનો પોકાર ઉઠવો સ્વભાવિક હતો અને અમને જાણવાની ઉત્કંઠા હતી કે અહિંસાનું તત્ત્વ જેનો મૂળ આધાર છે અને સૈકાઓથી એ મુજબ ચાલતું આવ્યું છે તે જૈનધર્મના સંબંધમાં જેઓ અધિકારથી બોલવાનો દાવો રાખે છે તેઓ

પાસેથી એ અંધકારમય વાતાવરણમાં ફરી એક વાર અહિંસાનો પ્રકાશ ફેલાવવાના કાર્યમાં સહકાર મળી શકશે ખરો? અમને પ્રકાશની આશા હતી. આશા હતી એ વાતની કે આજ જ્યારે અહિંસાનો આટલો મહાન પ્રયોગ આપણી નજર આગળ થઈ રહ્યો છે, જ્યારે એને નહિં માનનારા પણ કાંઇક માર્ગદર્શન મેળવવા ઉત્સુક બની રહ્યા છે ત્યારે જૈન પરંપરાનું સંગઠ્ઠન, એની વિચારધારા, સંઘ વ્યવસ્થા અને એના વિધિ નિષેધોની ચર્ચાદ્વારા અગને મદદ મળશે અને અહિંસાની ઉપયોગીતા વિષે લોકો જે શંકાઓ ઉઠાવ્યા કરે છે તેનું નિરાકરણ થઇ શકશે. પરંતુ અમારી એ આશા ફળીભૂત નથી થઇ. ગણ્યાં ગાંઠ્યા પ્રાણવાન ઉત્તરો છોડીને વધારે પ્રમાણમાં જે ઉત્તરો અમને જૈનાચાર્યો તેમજ શ્રાવકો તરફથી મળ્યા છે તે કેવળ અશ્રધ્ધા, શિથિલતા. અને બુદ્ધિવિભ્રમ પેદા કરનારા જ મળ્યા. ખરેખર અમારી આંખો ખુલી ગઇ!

જે ધર્મની આખી પરંપરા અહિંસાના પાયાપર રચાયેલી છે, જેના પ્રણેતાઓએ સૂક્ષ્મમાં સૂક્ષ્મ રીતે હિંસા-અહિંસાનું અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો સત્ય-અસત્યનું વિવેચન કર્યું છે અને હિંસાને બદલે અહિંસાના માર્ગે 'આગેકદમ'ના રસ્તાઓ શોધી કાઢયા છે તે જ ધર્મના અનુયાયીઓ આજે પણ અહિંસાની જ દાંડી પીટતાં છતાં અહિંસાને જીવનમાં ઉતારવાની દિશાએ માર્ગદર્શન કરવાને લગતી વાતમાં શંકા પ્રગટ કરે-અરે! કેટલેક કેકાણે તો મજાક પણ કરે-અને હિંસાત્મક સાધનોના વ્યાપારને ઉચિત અને આવશ્યક સમજે એ ઘણા જ આશ્ચર્યની વાત છે. લગભગ બધાએ જ અહિંસાને આદર્શ અને પરમ ધર્મ બતાવી છે અને એમ પણ બતાવ્યું છે કે 'જૈન ધર્મની અહિંસા' (?) બહુ જ ઉંચા દરજ્જાની અને વ્યાપક છે; પરંતુ કહેવા માત્રથી જ કોઇ વાત સિધ્ધ નથી થતી. જ્યાં અહિંસાની વ્યાપકતા સિધ્ધ કરવાની વાત આવે છે ત્યાં મોટા ભાગના ઉત્તરદાતાઓએ એક જ પ્રકારનો જવાબ આપ્યો છે કે 'એ પ્રકારની અહિંસા અશકય છે'! કેટલાકે સાધુધર્મ અને ગૃહસ્થ ધર્મના ભેદનો આશરો લઇને શાસ્ત્રોનો હવાલો આપ્યો છે અને સ્યાદ્વાદ અને એકાન્તવાદના સિધ્ધાંતોની મદદ લઈ એજ દેખાડવાનો પ્રયત્ન કર્યો છે કે અહિંસા આદર્શ હોવા છતાં પણ તે જીવનમાં ઉતારવા અગર કામમાં લેવા જેવી વસ્તુ નથી. અમે આશા રાખતા હતા કે અહિંસામાં અચળ શ્રધ્ધાની, એને ખાતર મરી ફીટવાની તમન્નાની, હિંસાપ્રણુત સંસારને અંધકારમાંથી પ્રકાશમાં લાવવાના નિર્ણયની, અને આ પુણ્ય-પ્રયોગમાં પોતાના સ્વાર્થોનું બલિદાન દેવા તત્પર એવા એક વર્ગની. પણ તેને બદલે અમને બોખરું જ્ઞાન, દરેક વાતમાં વાણીયાગત, લાભનુકસાન જોવાના જ વૃત્તિ અને અંધશ્રદ્ધાથી ઉત્પન્ન થતી કાયરતા અને જડતા જ મળ્યાં છે. **સિદ્ધરાજ ઢઢ્ઢા.** (અપૂર્ણ)

નીતિશિક્ષણમાં ઉપદેશનું સ્થાન

(પૃષ્ઠ ૨૨૪ થી ચાલુ)

કેટલીએક વાર મોટાંઓને બાળકોનું અયોગ્ય લાગે, કેટલીએક વાર પરિસ્થિતિ, કોઇ વાર કાંઇને કોઇ વાર કાંઇ. આમ પોતાનો નિશ્ચય છોડવાના પાંચ દશ પ્રસંગો આવી જાય કે બાળકનું નિશ્ચયબળ ઓછું થઈ જાય છે. આમ ઉપદેશથી નિર્ણયબળ ઓછું કરીએ છીએ, તેમ આપણા 'હા ના' પાડવાના અધિકારથી પણ તેમનું નિશ્ચયબળ ઓછું કરીએ છીએ; અને આદર્શ તો બાળકનું ચારિત્ર્ય ઘડવાનો રાખીએ છીએ!

ત્રીજું પગથિયું તે ક્રિયાશક્તિના વિકાસનું. બીજું ને ત્રીજું સાથે સાથે જાય છે. મનનો નિશ્ચય ને હાથેથી કામ એ એક જ વસ્તુની બે બાજુઓ છે એમ કહીએ તો ચાલે. પરંતુ માનસિક નિશ્ચયના જોર વગર માત્ર આચરણ ઘણી વાર કર્યે જઇએ તેમાં આચરણનું બળ વધતું નથી. તેમ જ કોઇના કહેવાથી કે સોટીની બીકથી કે ઉપરીશકિત કરાવી લે છે માટે (જેલમાં બને છે તેમ) માત્ર કામ કરવાથી ક્રિયાશક્તિ વધતી નથી. ઇચ્છાશક્તિ ને ક્રિયાશક્તિ બન્ને સાથે હોવાં જોઇએ. નિશ્ચય ને પછી તેને પરિણામે ક્રિયા (volitional act) થાય તો જ ક્રિયાશક્તિ વધે. આચરણમાત્રની ચાવી will power માં છે. ક્રિયાશક્તિમાં 'કરવાની' ને 'ન કરવાની' બન્ને શક્તિ ખીલે છે. Inhibition એટલે કાર્ય ન કરવું, અથવા આવેશનો અવરોધ કરવો, તેમાં વધારે બળ વાપરવું પડે છે.

શિક્ષણમાં મારા મત પ્રમાણે નીતિશિક્ષણને અવશ્ય સ્થાન છે; નહિ, એ જ શિક્ષણનું મુખ્ય ધ્યેય ને અંગ હોવું જોઇએ. પરંતુ નીતિશિક્ષણ એટલે ઉપદેશ નહિ પરંતુ નૈતિક જીવન વિકાસ પામે તે જાતની ગોઠવણ. એટલે યોગ્ય પ્રમાણમાં નિર્ણય, નિશ્ચય ને ક્રિયાને વાપરવાનો પૂરતો અવકાશ. ઉપદેશનો પ્રયોગ વર્ષોથી થયો છે. તેથી માનવ જીવન બહુ નૈતિક બની ગયું હોય તેમ લાગતું નથી; ઉલટી નિર્બળતા અને દંભ એ બે વાતો વધી છે. જાતક્ષેત્રસામણી પણ પુષ્કળ થાય છે. દિશાસૂચન, માર્ગદર્શન, તેમ જ જરૂર પડે ત્યાં મોટાંઓની મદદની આવશ્યકતા રહે એ વાત જુદી છે; ને ઉપદેશ કરી 'આમ જ કરાય' ને 'આમ ન જ કરાય' એમ સતત કહેવું એ જુદું છે. અર્થાત્ હવે એ માર્ગ નિષ્ફળ સમજી બીજો રસ્તો વિચારવો એમાં જ ડહાપણ રહેલું છે.* **તારાબહેન મોડક.**

*મુંબઇની છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલું વ્યાખ્યાન.

— સત્યાગ્રહી કારાવાસીઓ —

શ્રી. ચીનુભાઇ જી. શાહ, B. A. L. L. B.

વિનોદચંદ્ર જે. શાહ

કેશરીચંદ જેસિંગલાલ

શ્રી. ફકીરચંદ શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

મુંબઇ : ૧૫ એપ્રીલ ૧૯૪૧ મંગળવાર.

મેરી ભાવના

જિસને રાગદ્વેષ કામાદિક જીતે, સબ જગ જનો લિયા;
સબ જીવોંકો મોક્ષમાર્ગકા નિસ્પૃહ હો ઉપદેશ દિયા.
બુદ્ધ, વીર જિન, હરિ હર, બ્રહ્મા યા ઉસકો સ્વાધીન કહો;
ભક્તિ ભાવ સે પ્રેરિત હો યહ ચિત્ત ઉસી મેં લીન રહો—૧

વિષયોં કી આશા નહિ જિનકે સામ્ય-ભાવ ધન રખતે હૈં,
નિજ-પરકે હિત-સાધનમેં જો નિશ દિન તત્પર રહતે હૈં.
સ્વાર્થ-ત્યાગકી કઠિન તપસ્યા બિના ખેદ જો કરતે હૈં;
ઐસે જ્ઞાની સાધુ જગત કે દુઃખ સમૂહ કો હરતે હૈં—૨

રહે સદા સત્સંગ ઉન્હીંકા, ધ્યાન ઉન્હીંકા નિત્ય રહે,
ઉનહી જૈસી ચર્યા મેં યહ ચિત્ત સદા અનુરક્ત રહે.
નહીં સતાઊં કિસી જીવકો, જૂઠ કભી નહીં કહા કરૂં,
પરધન, વનિતા પર ન લુભાઊં સંતોષામૃત પિયા કરૂં—૩

અહંકારકા ભાવ ન રક્ખૂં નહીં કિસી પર ક્રોધ કરૂં,
દેખ દૂસરોંકી બઢતી કો કભી ન ઈર્ષ્યા-ભાવ ધરૂં.
રહે ભાવના ઐસી મેરી, સરલ સત્ય વ્યવહાર કરૂં,
બને જહાં તક ઇસ જીવનમેં ઔરોંકા ઉપકાર કરૂં—૪

મૈત્રી ભાવ જગત મેં મેરા સબ જીવોંસે નિત્ય રહે,
દીન દુઃખી જીવોં પર મેરે ઉરસે કરુણાસ્રોત બહે.
દુર્જન, ક્રૂર, કુમાર્ગરતોં પર ક્ષોભ નહીં મુઝકો આવે,
સામ્ય-ભાવ રક્ખૂં મૈં ઉન પર ઐસી પરિણતિ હો જાવે—૫

ગુણીજનોં કો દેખ હૃદયમેં મેરે પ્રેમ ઉમડ આવે,
બને જહાં તક ઉનકી સેવા કરકે યહ મન સુખ પાવે.
હોઉ નહીં કૃતઘ્ન કભી મૈં દ્રોહ ન મેરે ઉર આવે,
ગુણ-ગ્રહણકા ભાવ રહે નિત, દૃષ્ટિ ન દોષોં પર જાવે—૬

કોઈ બુરા કહો યા અચ્છા, લક્ષ્મી આવે યા જાવે,
લાખોં વર્ષોં તક જીઊં, યા મૃત્યુ આજ હી આજાવે.
અથવા કોઈ કૈસા હી ભય યા લાલચ દેને આવે,
તો ભી ન્યાયમાર્ગ સે મેરા કભી ન પદ ડિગને પાવે—૭

હોકર સુખ મેં મગ્ન ન ફૂલે, દુઃખમેં કભી ન ઘબરાવે,
પર્વત-નદી-સમશાન-ભયાનક અટવી સે નહિ ભય આવે.
રહે અડોલ અકંપ નિરન્તર યહ મન દૃઢતર બન જાવે,
ઇષ્ટવિયોગ અનિષ્ટયોગ મેં સહનશીલતા દિખલાવે—૮

સુખી રહે સબ જીવ જગતકે કોઈ કભી ન ઘબરાવે,
વૈર પાપ અભિમાન છોડ જગ નિત્ય નયે મંગલ ગાવે.
ઘર ઘર ચર્ચા રહે ધર્મકી દુષ્કૃત દુષ્કર હો જાવે,
જ્ઞાન ચરિત્ર ઉન્નતિ કર અપના મનુજ જન્મ ફલ સબ પાવે—૯

ઈતિ ભીતિ વ્યાપે નહિ જગમેં વૃષ્ટિ સમય પર હુઆ કરે,
ધર્મનિષ્ઠ હોકર રાજા ભી ન્યાય પ્રજાકા કિયા કરે.

મૃત્યુને !

(શાર્દૂલવિક્રીડિત)

સંધ્યા જીવનની અરે ! આવી ઉભી, આંગણે બધા જાણે ને,
વૃધ્ધત્વે સહુ વ્યાપતી શિથિલતા, પ્રત્યક્ષ તું પ્રાણતા,
ઉભી ઉંબરપે અહો ! નિરખતો મૃત્યુ તણા દ્વારના,
વિશ્વે ફેરવી પૂંઠ હું પ્રજળતા, દાવાગ્નિઆ દ્વેષના—૧

ભાઈ ભાઈ વિષે નર્યા પતનની, વાણી કથા દુઃખદા,
વિશ્વે વિશ્વ તણા થતુ નિરખતો, સ્વાર્થી ચકારે અહો !
અંધાધુંધી સમસ્ત આ જગતમાં, વ્યાપેલ હું દેખતો,
ને એ સૌ અઘપૂરિતા અવદશા, હું ટાળવા ચાહતો.—૨

યુવાનો વિણ કોણએ નવ હરે, સંસારના દુઃખને,
અંગો જર્જરતા ભર્યા બલહીણાં, હાંપા બને શું હુથી,
ઘૂંઘાપા ભર અંગ અંગ મુજનાં, તાકાવને યૌવને,
દૈ દેને દિન ચાર તૂ ફરી સખે ! મારી જુવાની બને.—૩

થોભી જા ક્ષણ એક બે મરણ તું, મારે હજી જીવવું,
મારે સંસ્કૃતિનાં હજી અતિ ઉંડાં, છે રોપવાં બીજડાં,
આરામો નહીં વાંછું આ જગતના, ના, વૈભવો દોહ્યલા,
ના વામા સુખ ઇચ્છતો જરીય હું, ના મોક્ષની કામના.—૪

ના, ના, વૈભવરાજ રાજવી તણું, ના, હાથી ઓ બાડીઓ,
ના, સિંહાસન સૈનિકો ભભકતા, ના, રહેસુતો ભૂમિનાં,
ના, સેના જીતવા મથું રણમહીં, શત્રુ તણી ભીષણા,
મા, કોઈ દિલમાં રહી ગઈ અને, સંસારની વાંછના.—૫

દર્દીના દિલ દર્દનો સળગતો, દાવાગ્નિ જ્યાં ધીમતો,
બાળી વિશ્વસમસ્ત જે ચહી રહ્યો, દુર્ભાવના નાશનો,
તેને હું શમવારિથી, બલિ બની, સંતાપવા ચાહતો,
ને એથી જ તને ધણી વિનવતો, થોભી જવા બે ક્ષણો.—૬

મારે માનવ કર્જ માનવ પ્રતિ, જાવું કરીને અદા,
ને એ ધન્ય પળો મહીં મરણની, સાત્વી બને છે મઝા,
છો એ યૌવન પૂર્ણ આગ મુજનાં, ઠેબે ચિતા ઠારવા,
આહુતિ બનીને અહો ! બળી જતાં નિઃશેષ ભસ્મો વિજે.—૭

ચરિષ્ટદેવ કાવ્યતીર્થ.

રોગ, મરી, દુર્ભિક્ષ ન ફૈલે, પ્રબલ શાન્તિસે જિયા કરે,
પરમ અહિંસા ધર્મ જગત મેં ફૈલે સર્વહિત કિયા કરે.—૧૦

ફૈલે પ્રેમ પરસ્પર જગમેં મોહ દૂર પર રહા કરે,
અપ્રિય કટુક કઠોર શબ્દ નહિ કોઈ મુખસે કહા કરે.
બનકર સબ યુગ-વીર હૃદયસે દેશોન્નતિ-રત રહા કરે,
વસ્તુસ્વરૂપ વિચાર પુરીસે સબ દુઃખ સહ્ય સહા કરે—૧૧

જુગલકિશોર મુખ્તાર.

હિંસા–અહિંસા

(ગતાંકથી ચાલુ)

એ તો અમારી મામુલી આશાઓની મોટા પાયા પર વાત થઇ. પણ હવે અમે છ પ્રશ્નો જૈન સમાજ સમક્ષ મૂકયાં હતા તેના ઉત્તરોમાં જે પ્રશ્નો ઉઠાવાયા છે અને જે વાતો કહેવામાં આવી છે તે પર વિવેચન કરવું જરૂરી છે.

પ્રશ્ન ૧ અમારો પહેલો પ્રશ્ન અહિંસાની વ્યાખ્યા સંબંધી હતો. એટલે કે તેની મર્યાદા અને ક્ષેત્ર સંબંધી હતો. જૈન પરંપરામાં અહિંસાનું ક્ષેત્ર કેટલું વ્યાપક મનાયું છે અને એમાં અને આજની વિચારધારામાં કેટલું અંતર છે તે. જાણવાની અમારી ઇચ્છા હતી. અમે એમ માનીએ છીએ કે અહિંસા જેવા જીવનવ્યાપી તત્વને કોઇ એક નિશ્ચિત વ્યાખ્યામાં જકડી નથી શકાતુ. અહિંસા અનુભવ અને આચરણનો વિષય છે; નહિં કે વ્યાખ્યા યા વિવાદનો. તો પણ એના સ્વરૂપને સમજવામાં આ ચર્ચાથી મદદ મળશે એ જ અમારો આશય હતો. અને વ્યાખ્યા પુરતો તો અમને સંતોષ છે કે અમારી આશા સફળ થઇ છે.

'અહિંસા' શબ્દની વ્યુત્પત્તિ જ 'હિંસાનો અભાવ' છે. મોટા ભાગના ઉત્તરદાતાઓએ આચાર્ય ઉમાસ્વાતિએ પોતાના પુસ્તક 'તત્વાર્થ સૂત્ર'માં જે હિંસાની વ્યાખ્યા કરી છે તેજ ઉતારી છે.

એ વ્યાખ્યા પ્રમાણે 'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा।' અર્થાત્ પ્રમાદને વશ થઇને પ્રાણોનું હરણ કરવું એ હિંસા છે. એ હિંસાથી બચવાનો પ્રયત્ન તે જ અહિંસા છે. એ વ્યાખ્યામાં જે ત્રણ શબ્દો 'પ્રમાદ', 'યોગ' અને 'પ્રાણહરણ' આવ્યા છે તે ત્રણના જ વિશિષ્ટ અને ભારે વ્યાપક પારિભાષિક અર્થ થાય છે. 'પ્રમાદ'માં કેવળ ક્રોધ, માન, માયા અને લોભને વશ થઇ કરેલ આચરણ એટલો જ અર્થ નથી સમાયેલો; પણ જેનો આત્માની ઉન્નતિ સાથે કાંઇક પણ સંબંધ છે એવી પ્રત્યેક ક્રિયાનો તેમાં સમાવેશ થાય છે. 'યોગ'માં મનથી, વચનથી કે કાયાથી યા કોઇ પણ પ્રકારથી કરેલ કર્મોનો સમાવેશ થાય છે અને 'પ્રાણહરણ'નો અર્થ કોઇ પણ જીવની સ્થુળ હત્યા એટલો જ નથી પણ તે જીવના મન, વચન, કાયા, પાંચેય ઇંદ્રિયમાંથી કોઇ પણ ઇંદ્રિય, શ્વાસોશ્વાસ અને આયુષ્ય વગેરે દ્રવ્યપ્રાણ કે જ્ઞાનાદિક ભાવપ્રાણ–એ દશે પ્રાણોમાંના કોઇ પણ પ્રાણની હિંસા સૂચિત છે. ઉપરની વ્યાખ્યાથી સ્પષ્ટ થાય છે કે જીવનની પ્રત્યેક ક્રિયામાં બલકે વિચારમાં પણ કોઇને કોઇ પ્રાણહત્યા તો થતી જ હોય છે અને જો એવી કોઇ પણ ક્રિયા પ્રમાદને વશ થઇને અગર કોઇ વિકારને વશ થઇને અગર આત્મોન્નતિના માર્ગથી દૂર હઠીને કરવામાં આવી હોય તો તે હિંસા છે. દાખલા તરીકે સંગીત ભગવાનની ભકિત માટે તેનો ઉપયોગ થાય તો તે અહિંસા છે. પણ જો દિલ બહેલાવવા માટે જ તેનો ઉપયોગ થાય તો તે હિંસા જ છે; સ્વાદને માટે કરેલું ભોજન હિંસા છે. પણ શરીર ટકાવવાની આવશ્યકતા અનુસાર અને એ રૂપ અને પરિમાણમાં કરેલું નિરસ્વાદ ભોજન હિંસા નથી અને તે પણ એ શરતે કે શરીરનો સર્વ ઉપયોગ આત્મોન્નતિના સાધન તરીકે કરવામાં આવતો હોય અને નહિ કે વાસનાઓની પૂર્તિ માટે. આ કારણથી અહિંસક આચરણ કરવાવાળા પોતાની દરેક ક્રિયા અને જીવનની દરેક ક્ષણનો હિસાબ રાખશે—તે બોલશે તે પણ જરૂર પુરતું, લખશે તે પણ જરૂર પુરતું, ખાશે તે પણ જરૂર પુરતું અને સુશે તે પણ જરૂર પુરતું જ; બીનજરૂરી કોઇ પણ કામ તે કરશે નહિ અને તે જરૂરિયાત પણ—સીધા સાદા શબ્દોમાં કહીએ તો—પોતાના જીવનને ઉંચું બનાવવા, પોતાના આત્મ વિકાસ કરવા માટે જ હશે. પણ સાથે સાથે તે પ્રકારની ક્રિયા છે એટલે કે તેમાં પ્રાણવિરાધના છે એમ સમજીને તેવ આત્મોન્નતિસાધક ક્રિયાથી તે અટકશે નહિં. જે અન્ન શરીર માટે જરૂરી છે તો અન્ન ઉત્પન્ન કરવાની ક્રિયાને–ખેતીને–તે પાપ નહિ સમજે. કપડા પહેરે છે તો ચરખો ચલાવવામ 'આરંભ-સમારંભ' નહિં સમજે. નિસ્વાર્થ વૃત્તિથી કોઇની સેવ સુશ્રૂષા કર્યા વગર તે મંદીરમાં બેસી માલા જપવાનું યોગ નહિ ગણે.

ઉપરની વ્યાખ્યાથી એ સ્પષ્ટ થવું જોઇએ કે એમાં બે તત્વો છે :–(૧) પ્રમાદનો યોગ અને (૨) પ્રાણોની વિરાધના, આ બન્નેના યોગનું નામ જ હિંસા છે. અને અહિંસા–અહિંસાની ચર્ચામાં કે તેના આચરણમાં જે વિકારો અને શંકાઓ આપણને થાય છે તે આ બેમાંથી એક યા અન્ય તત્વ ઉપર જોર દેવાનું પરિણામ હોય છે. પ્રત્યેક ક્રિયા અગર વિચારમાં પ્રાણવિરાધના છે એ તો નિશ્ચિત છે; તેથી અહિંસકોનો એક વર્ગ એવો થઇ ગયો કે તેણે જીવનની પ્રત્યેક વ્યકિતગત કે સામાજિક ક્રિયામાંથી 'નિવૃત્તિ' લેવામાં જ અહિંસા છે અને તેનાથી ઉલટું પ્રત્યેક ક્રિયામાં હિંસા છે એમ માન્યું. 'વાસી વધે નહિ અને કુત્તા ખાય નહિ' એ પ્રમાણે તેમણે વિચાર કર્યો કે, હાથપગ ન હલાવવા અને ભાળા લઇ બેસી રહેવું. પછી હિંસા કયાંથી થાય? હવે રહી ખાવાપીવાની અને પહેરવા ઓઢવાની વાત. એમાં પણ પ્રવૃત્તિ એટલે કે હિંસા તો છે જ. પણ એ બાબતમાં તેમણે એમ વિચાર કર્યો કે એમાં ભીખ માંગીને ખાશું, પીશું અને પહેરવા ઓઢવાનું સાધન મેળવી લેશું. જાતે કોઇ જાતની ક્રિયા કરશું નહિ. આજ વિચારમાંથી એ વાત ઉભી થઇ કે ત્યાગી સાધુ જ પૂર્ણ અહિંસાનું પાલન કરી શકે છે–ગૃહસ્થ નહિં. સંપૂર્ણ અહિંસા સર્વ જીવોનો અગર સર્વવ્યાપી સિદ્ધાંત ન હોઇ શકે. ગૃહસ્થને માટે તો એટલું જ પૂરતું છે કે તે સામાયિક, પ્રતિક્રમણ પૌષધાદિ વિશિષ્ટ ધાર્મિક ક્રિયાઓ વખતે જ અહિંસાનું પાલન કરી લે અને બાકીના સમયમાં પોતાને માટે અને સાધુઓ માટે ખાવાપીવા અને પહેરવાઓઢવાનાં સાધનો ગમે તે રસ્તે મેળવી લે.' એમાંથી નિશ્ચયધર્મ અને વ્યવહાર ધર્મના સગવડીયા ભેદો ઉભા થયા. ધર્મ અને જીવનમાં આંતર પડી ગયું. બંને જુદા જુદા વર્ગની ચીજો બની ગઇ. જનસમાજને પણ એમાં સગવડતા લાગી—ધર્મ અને અર્થ, મોક્ષ અને કામ એ બન્નેનો મેળ બેસી ગયો–ધર્મ પણ પળાય અને કર્મ ચાલતું રહે–'સાપ મર્યો અને લાઠી તુટી નહિ', ધર્મ ઉપરના ઢોંગ કાયમ રાખવા માટે કંઇકે સીધા સાદા જીવનસૂત્રો બનાવવામાં આવ્યા. 'લક્ષ્મીનો મોહ ન રાખો, દાન આપો–ઉપવાસ વગેરે વ્રતો કરો, સાચું બોલો, કોઇને મારશો નહિં, રાત્રિ ભોજન ન કરો, આઠમ ચૌદશ જેવા દિવસોએ લીલા શાકભાજી ખાઓ નહિં, નશો ન કરો, માંસ નહિં ખાઓ, એટલું જ નહિં પણ માંસ–મદિરા ખાનાર મ્લેચ્છો મિથ્યાભિમાનીઓની સંગતથી પણ દૂર રહો, પાપીઓથી દૂર રહો" વગેરે વગેરે. અહિંસાને પરમધર્મ માનનાર જૈનોનાં માટે આજ માત્ર આ જ ધર્મ રહ્યો છે. મારો કહેવાનો હેતુ એ નથી કે ઉપર કહી એ બધી બાબતો નકામી છે. પણ એજ કહું છું કે જ્યાં અહિંસામાં માનનાર વર્ગના લોકોના જીવનની પ્રત્યેક ક્ષણ સાધનામાં લાગવી જોઇતી હતી એમનું આખું જીવન સેવા અને આત્મોન્નતિનો એક અખંડ યજ્ઞ થઇ રહેવો જોઇતો હતો, એમની પ્રત્યેક ક્રિયા પ્રમાદરહિત હોવી

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૩ જુઓ)

સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ

અધિવેશનનું વિહંગાવલોકન

આ કોન્ફરન્સનું દશમ અધિવેશન ઘણા ઉત્સાહથી ભરાયું અને ફતેહમંદ રીતે પૂર્ણ થયું. અધિવેશનમાં હાજરી ઉપરથી સ્પષ્ટ જણાતું હતું કે આ કોન્ફરન્સ ખરેખર અખિલ ભારતવર્ષીય કોન્ફરન્સ છે. બ્હાર ગામથી લગભગ ૧૦૦૦ માણસોની હાજરી હતી. અને સર્વેએ રસ પૂર્વક અધિવેશનના કામકાજમાં ભાગ લીધો હતો. અધિવેશનમાં થયેલ પ્રસ્તાવો ઉપરથી જણાશે કે સ્થાનકવાસી સમાજને લગતા ઘણા અગત્યના વિષયો સંબંધે અધિવેશને નિર્ણયો કર્યા.

રાષ્ટ્રીય મહાસભાના વાણી સ્વાતંત્ર્યના સત્યાગ્રહમાં ભાગ લેનાર જૈન ભાઇ બ્હેનોને અધિવેશને અભિનંદન આપ્યાં. મહાસભાના રચનાત્મક કાર્યક્રમમાં સહકાર આપવા સ્થાનકવાસી જૈનોને અનુરોધ કર્યો અને ખાસ કરી, ખાદી, ગ્રામોદ્યોગને ઉત્તેજના, સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ, અસ્પૃશ્યતા નિવારણ અને હરિજન ઉદ્ધારના કાર્યમાં પોતાથી બનતો ફાળો આપવા સ્થાનકવાસી ભાઈ બ્હેનોને આગ્રહ કર્યો. આ સર્વે વસ્તુઓ અહિંસાના સ્થૂલ પ્રતીક છે અને જૈનોને માટે ધર્મસમાન છે.

સામાજીક ક્ષેત્રે, જે રીતરિવાજો અને રૂઢિ ચુસ્ત માનસને આપણે અનિષ્ટ માનીએ છીએ, પણ જે હજી આપણામાં પ્રબળપણે વર્તે છે તે દૂર કરવા અને લોકમત કેળવવા અધિવેશને પ્રસ્તાવો કર્યા. કન્યા કેળવણીની જરૂરીઆત સ્વીકારી પોતાની કન્યાને સંસ્કારી અને કેળવાયેલી બનાવવી દરેક માબાપની ફરજ છે એમ અધિવેશને જાહેર કર્યું. આ દિશામાં સક્રિય પગલું લેવા સ્ત્રીકેળવણી માટે અધિવેશનમાં જ ફંડ થયું અને લગભગ રૂા. ૮૦૦૦ ની રકમ ભેગી થઇ અને તે ફંડની ખૂબી એ છે કે બ્હેનોએ પોતાનામાંથી જ તે ફંડ એકઠું કર્યું. બાળલગ્નો, અસમાન વયના લગ્નો, કન્યાવિક્રય, વરવિક્રય, અનેક પત્નીત્વ વિગેરે નાબુદ થવા જોઇએ અને એવા પ્રસંગોમાં કોઇ સ્થાનકવાસી સ્ત્રી પુરૂષે ભાગ ન લેવો અને લગ્નો વરકન્યાની સંમતિથી થવા જોઇએ એમ અધિવેશને ભલામણ કરી. લગ્નની વય કન્યાની ઓછામાં ઓછી ૧૬ વર્ષની અને વરની ૨૦ વર્ષની હોવી જોઇએ એવી ભલામણ કરી. વળી લગ્ન સંબંધ વિષે આજની ભૌગોલિક અને જ્ઞાતિ વિષયક મર્યાદાઓ આજની વસ્તુસ્થિતિની વિરોધી અને સામાજિક પ્રગતિને બાધક હોઇને નાબુદ થવી જોઇએ એમ કોન્ફરન્સે જાહેર કર્યું. આવા પ્રશ્નો સંબંધે બહુ મતભેદ ન હોવા છતાં લોકમત જોઇએ એવો જાગ્રત ન હોવાથી આવા પ્રસંગો બને છે. તેથી જ તે લોકમત જાગ્રત કરવા આવા પ્રસ્તાવોની જરૂર રહે છે. આવા રીવાજો નાબુદ કરવાનો એકજ રસ્તો છે કે આપણે તેવા પ્રસંગે અસહકાર કરવો. આ અધિવેશને એવી ભલામણ કરી.

અત્યારે ધાર્મિક શિક્ષણ અપાય છે તે નિર્જીવ અને સત્ત્વહીન છે અને જે રીતે તે અપાય છે તેથી કદાચ સાચા ધર્મનું જ્ઞાન થવાને બદલે ધર્મ પ્રત્યે અણગમો ઉત્પન્ન થતો હશે. જૈન ધર્મનાં સંસ્કારોનું સતત સિંચન આપણા કુમાર કુમારિકાઓને મળે તેથી ધાર્મિક શિક્ષણની જરૂરીઆત સૌ કોઇ સ્વીકારે છે. પણ અત્યારે જે પ્રયત્નો તે દિશામાં થાય છે તે તદ્દન અવ્યવસ્થિત અને વર્તમાન જરૂરીઆતથી વેગળા છે. તેથી એક જ ધોરણે જીવંત અને હૃદય સ્પર્શી ધાર્મિક શિક્ષણ અપાય તે માટે શિક્ષણક્રમ અને પાઠ્ય પુસ્તકો તૈયાર કરવા એક શિક્ષણ સમિતિ નીમવામાં આવી અને તે દિશામાં સક્રિય પગલાં તુરત લેવાય તે માટે તે સમિતિના ખર્ચ માટે ફંડ થયું જેમાં લગભગ રૂા. ૨૫૦૦ ભેગાં થયાં.

સાધુ સાધ્વી સંઘનાં આચાર વિચાર અને તેમનો પરસ્પર વ્યવહાર જૈનો માટે અને સ્થાનકવાસી સમાજ માટે ખાસ અગત્યનાં છે. આ માટે અજમેર મુકામે સાધુ સંમેલન ભરી કેટલાક નિયમો ઘડવામાં આવ્યા છે. આ નિયમોનું પાલન કરવાનો ફરીથી સાધુ સાધ્વી સંઘને આગ્રહ કરવામાં આવ્યો અને શ્રાવક શ્રાવિકાઓને તે નિયમોનાં પાલનમાં સહકાર આપવા અને તેનો થતો ભંગ અટકાવવા અનુરોધ કર્યો. આ પ્રસ્તાવનો એક અગત્યનો ભાગ નીચે મુજબ છે.

"આ અધિવેશનનો એ દ્રઢ અભિપ્રાય છે કે (અજમેર) સંમેલનના અધિકાંશ નિયમો અને પ્રસ્તાવો એવા છે કે જેમનો ભંગ કોઇપણ સાધુસાધ્વી કોઇપણ શ્રાવક અથવા શ્રાવિકાના થોડા ઘણા સહકાર અથવા અનુમતિવિના કરી શકે નહિ. એટલા માટે સમાજહીત જેને પ્રિય છે એવા પ્રત્યેક શ્રાવક શ્રાવિકાનું કર્તવ્ય છે કે જ્યાં જ્યાં સાધુસાધ્વી કોઇ રીતે સંમેલનનાં નિયમો અને પ્રસ્તાવોનો અમલ કરતા ન હોય અથવા કરવા ચાહતા ન હોય ત્યાં ત્યાં તે નિયમોનું પાલન કરાવવા માટે દરેક પ્રયત્ન કરવામાં આવે અને તેના ભંગમાં કોઇ પણ પ્રકારનો સહકાર આપવામાં આવે નહિ"

આપણાં સાધુસાધ્વીઓ એક રીતે અત્યંત પરવશ છે. તેમનાં જીવનની દરેક જરૂરીઆત માટે અને તેમના ઘણાં કાર્યો માટે તેમને શ્રાવક શ્રાવિકાઓ ઉપર જ આધાર રાખવો રહે છે. તેથી સાધુ સાધ્વીઓનાં આચાર વિચાર અને તેમનાં વર્તન અને વ્યવહાર માટે ઘણા દરજ્જે શ્રાવકો જવાબદાર છે. કોઇ સાધુ સાધ્વી સ્વચ્છન્દી, અથવા સત્તાશીલ, હોય અથવા સમાજને અવળેમાર્ગે દોરવંતા હોય તો તેવા સાધુઓને સહકાર આપનાર શ્રાવકોનો જ દોષ છે.

સ્થાનકવાસી સમાજનાં સાધુઓની સત્તા હજી અતિશય નથી. શ્રાવકોનો સારો કાબુ છે. તેમજ કેટલાક મુનિરાજો સાધુ સમાજની સુધારણા માટે સતત જાગૃત છે. તેમણે સાધુ સમાજની એકતા માટે એક યોજના ઘડી છે જે યોજના સંબંધે વિશેષ વિચાર કરવા અજમેર સંમેલન વખતે નીમાયેલ મુનિઓની કાર્યવાહક સમિતિની બેઠક બોલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સાધુઓના પરસ્પર વ્યવહારમાં પોતાના વાડાઓ કરવાની વૃત્તિ અતિ પ્રબળ છે. તેને કારણે સાધુઓમાં સંપ્રદાય ભેદ વધે છે જેનું ઝેર શ્રાવકોમાં પણ પ્રસરે છે. થોડીપણ શક્તિવાળા કોઇ સાધુ પોતાનું મંડળ અથવા સંસ્થા જમાવે છે. આવા સાંપ્રદાયિક સંગઠનો એકતાના અવરોધક છે. તેથી એક પ્રસ્તાવ કરવામાં આવ્યો છે કે આવા સાંપ્રદાયિક સંગઠનો ન કરવા.

સાધુઓ, પોતાનાં વ્રત નિયમોને કારણે, વર્તમાન યુગમાં સમાજસેવા જોઇએ તેવી કરી શકતા નથી. તેથી એક એવા વર્ગની સમાજને જરૂર છે કે જેણે સાધુ જીવનનાં બધા વ્રતો અંગીકાર કર્યા ન હોય છતાં સમાજને આજીવન પોતાની સેવા આપવાને તત્પર હોય. તેવી એક 'વીર સેવા સંઘ' યોજના આ કોન્ફરન્સે ઘડેલી છે અને તેને માટે કોન્ફરન્સ પાસે ફંડ પણ છે. તે યોજના અમલમાં મૂકવા એક વિશેષ પ્રયત્ન કરવા અધિવેશનમાં નિર્ણય થયો.

એક પ્રસ્તાવ સંઘ સંગઠન માટે થયો. ઘણાં ગામો અને શહેરોનાં સંઘોમાં એક અથવા વિશેષ તડો હોય છે અને ઝઘ-

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૮ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
सत्यनी आणुमां रहेनारो बुद्धिमान मानवी मृत्युने तरी जाय छे.

प्रबुद्ध जैन

सत्यपूतं वदेद्वाक्यम्

એપ્રીલ ૧૫ ૧૯૪૧

સામાજિક એકતા અને વ્યક્તિ-સ્વાતંત્ર્યની મર્યાદાઓ

આપણે એકતાનાં અવારનવાર ગુણગાન ગાઇએ છીએ અને એકતાના મૃગજળ પાછળ આમ તેમ ભટકીએ છીએ અને એમ છતાં આપણે એકતાની દિશાએ બે ડગલા પણ આગળ વધી શકતા નથી. આનું કારણ એ છે કે એક બાજુએ એકતાને લગતી આપણી કેટલીક કલ્પનાઓ કેવળ અવ્યવહાર અને આકાશી હોય છે અને બીજી બાજુએ આપણા વિચાર, વાણી અને વર્તનના કેટલાય અંશો આજના સંયોગોમાં સાધ્ય અને વ્યવહાર એકતાના બાધક હોય છે. આપણે આ બન્ને બાબતોનો વિચાર કરીએ.

આપણે હમેશાં એવું ધારી લઇએ છીએ કે જે વર્તુલ કે સમાજ વિષે આપણે આત્મીયતા અનુભવતા હોઇએ છીએ તે સમાજની સર્વ વ્યક્તિઓ એક જ આદર્શ ધરાવતી હોય, એક સરખા વિચારની હોય અને સામાજિક ઉત્કર્ષના અર્થે એક સરખી પ્રયત્નતત્પર હોય તો કેવું સારૂં ! કોઈ આપણને આદર્શ સમાજ કલ્પવાનું કહે તો આપણે આવા જ કોઇ સમાજની કલ્પના રજુ કરીશું. પણ આવો આદર્શ સમાજ આજે તો કોઇ સ્થળે જોવામાં આવતો નથી. આવો સમાજ કોઇ કાળે સંભવિત હોય તો પણ તે એ કાળમાં જ સંભવિત હતો કે જ્યારે સમાજ કેવળ અણવિકસિત સ્થિતિમાં હતો, જ્યારે આજના જેવા જટિલ સામાજિક પ્રશ્નો ઉપસ્થિત થયા નહોતા અને જ્યારે કુટુંબ કુટુંબ કે વર્ગો વર્ગો વચ્ચે સ્વાર્થનાં સંઘર્ષણો ઊભાં થયાં ન હોતાં. એ કાળ અને એ પ્રકારની સામાજિક સ્થિતિ આજે તો નથી જ અને આગામી કાળમાં કદી સંભવતી નથી. તેથી સામાજિક એકતાની આવી કલ્પના આજે વ્યવહાર શકયતાની એકદમ બહાર જતી હોવાથી એવી એકતાનાં સ્વપ્નાં કેવળ અર્થ વિનાનાં, ખોટી આશા ઉત્પન્ન કરનારાં અને પરિણામે આજના સંયોગોમાં સાધી શકાય તેવી એકતા વિષે અશ્રદ્ધા ઉત્પન્ન કરનારાં બને છે.

ઉપર વર્ણવેલી એકતા આજે ફેસીસ્ટ ઇટલી, નાઝી જર્મની કે સામ્યવાદી રશિયામાં સિદ્ધ થઇ શકી છે એવી છાપ ત્યાંના પ્રતિપક્ષવિહોણા રાજ્યવહીવટ ઉપરથી અને સર્વ સત્તાધીશના હુકમને એક અવાજે ઝીલતી તે તે દેશની પ્રજાના વર્તન ઉપરથી આપણા મન ઉપર સહેજે પડે છે. પણ આવડા મોટા અને આટલું બધું જ્ઞાન-વિજ્ઞાનમાં આગળ વધેલા દેશમાં ભિન્ન ભિન્ન વિચારપક્ષો હોય જ નહિ એ વાત અસંભવિત છે. તે તે દેશમાં દેખાતી એકતા કેવળ ભયપ્રેરિત છે. એક અવ્યવસ્થિત દશામાં ડુબેલા દેશમાં કોઈ સમર્થ શક્તિશાળી વ્યક્તિ ઉભી થાય છે; લોકમાનસ ઉપર તેનું પ્રભુત્વ જામવા લાગે છે; પોતાને અનુસરનારો એક બળવાન પક્ષ તે ઉભો કરે છે; લડાયક શિસ્તના ધોરણે આખા પક્ષને કેળવવામાં આવે છે દમદાટીના ધોરણ ઉપર એ પક્ષ આખા દેશમાં પોતાની સત્તા જમાવતો જાય છે. એક વખત એવો આવે છે કે જ્યારે આ પક્ષની અને તેના સર્વસત્તાધીશ નેતાની સત્તા પ્રજાગણમાં ખુબ જ વધી જાય છે અને તેની સામે આંગળી કરવાની પણ પ્રજાગણમાંથી કોઇ હીંમત કરી શકતો નથી. આ રીતે આખા દેશમાં એક જ પક્ષ અને એક જ નેતાની હાક વાગે છે અને તેનો શબ્દ એ જ સર્વસ્વ એવી સ્થિતિ ઉભી થાય છે. ઇટાલી, જર્મની કે રશીઆની આજે આવી સ્થિતિ છે. તે પ્રત્યેક દેશમાં દેખાતી એકતા દિલની નથી; બાહ્ય વર્તનની છે. પ્રેમ કે સમાન વિચાર અને આદર્શની ભૂમિકા ઉપર નહિ, પણ ભય અને પ્રજામાંના ભીરૂવર્ગની અસહાયતા ઉપર ઉભી થયેલી છે. આ એકતાની નીચે દ્વેષ, મત્સર અને કાવત્રાંઓની રચના રચાતી જ ચાલે છે. આવાં કાવત્રાં ખુલ્લાં પડતાં અનેક નિર્દોષ તેમ જ દોષિતોનાં લોહી રેડાય છે અને ભિન્ન કે વિરૂદ્ધ વિચારપક્ષને એ રીતે છુંદી દબાવીને પ્રજાકીય એકતાનું નાટક ચાલુ રાખવામાં આવે છે. સર્વ સત્તાધીશનું વર્ચસ્વ જ્યાં સુધી જીવતું જાગતું હોય છે ત્યાં સુધી આ પરિસ્થિતિ કાયમ રહે છે, પણ એ વર્ચસ્વનો લોપ થતાં પ્રજામાં બળવો ફાટી નીકળે છે અને દેખાતી એકતા એકાએક અલોપ થઇ જાય છે. આવી પશુબળ અને હિંસાથી સંધાયલી ક્ષણજીવી એકતા સાચી એકતા નથી.

ત્યારે શું કોઇ કાળે સાચી સામાજિક એકતા સંભવિત છે જ નહિ ? જે પ્રકારના વિચાર, વાણી અને વર્તનની એકત આખા સમાજ પરત્વે ચિન્તવવામાં આવે છે તે શકય તો નથી., એટલું જ નહિ પણ કદાચ ઇષ્ટ પણ નથી. સામાજિક પ્રગતિનું મૂળ વિચારભેદ છે. બધા જ એક વિચારના અને વર્તનના બને તો આસપાસ સતત બદલાતી રહેતી પરિસ્થિતિને અનુરૂપ સમાજ-રચનાની ઘટના અશકય બની જાય. કાળે કાળે નવો વિચાર જન્મે; સ્વભાવથી સ્થિતિચુસ્ત સમાજ પહેલાં તેનો વિરોધ કરે; નવા વિચારની ઉપયોગીતા અને તેને આગળ ધરનાર કેટલીક વ્યક્તિઓની મજબુત પકડ-એ બે નિમિત્તોના સહકારી પરિણામે સમાજ એ નવા વિચારને પોતામાં પચાવી દે અને એ રીતે પ્રચલિત સમાજિક રચનાનું નવું નવું સંસ્કરણ થયા કરે. આ તો વિચારભેદની ઉપયોગી બાજુ આપણે વિચારી, પણ બધા જ વિચારભેદો અને તે ઉપર બંધાતા વિચારપક્ષો કાંઇ સમાજ-ઉપયોગી જ હોય છે એમ નથી. કોઇ કોઇ વખત એજ ભેદોમાંથી અનેક સામાજિક અનિષ્ટો પણ જન્મે છે. વિચારભેદના લાભ-નુકસાનની વાત બાજુએ રાખીએ; પણ વસ્તુસ્થિતિ જ એવી છે કે સમાજ ભિન્ન ભિન્ન સંસ્કારમાં ઉછરેલી અને ભિન્ન ભિન્ન વળણ ધરાવતી વ્યક્તિઓનો બનેલો છે અને તેથી ભિન્ન ભિન્ન વિચારોનું અસ્તિત્વ ઇષ્ટ ન હોય તો પણ અનિવાર્ય તો છે જ. સમાજમાં રહેનારે-સમાજમાં કાર્ય કરવાની ઇચ્છા ધરાવનારે આ પરિસ્થિતિથી ટેવાયે જ છુટકો છે.

સમાજની આ વાસ્તવિક પરિસ્થિતિ ઉપરથી આપણી સામે બે મુદ્દાઓ એકમેકના વિરોધમાં આવીને ઉભા રહે છે. (૧) સામાજિક એકતા (૨) વ્યક્તિસ્વાતંત્ર્ય. સામાજિક એકતા માંગે છે વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર અનેક પ્રકારનું નિયંત્રણ; વ્યક્તિસ્વાતંત્ર્ય માંગે છે સામાજિક બંધનોમાંથી મુક્તિ. સામાજિક એકતા આપણને સ્વભાવથી જ ગમે છે. કારણ કે સમાજના સંરક્ષણ તેમ જ પ્રગતિ માટે એકતા એક મોટામાં મોટું સાધન છે. કોઇ પણ પ્રજા કે સંગઠિત વર્ગમાં પક્ષભેદ ઉભો કરો અને તે પ્રજા કે વર્ગના સમુહબળનો નાશ થશે, તેની સ્વાધીનતા લુપ્ત થશે અને અવનતિ કે અધોગતિ તે પ્રજાના નસીબે આવીને ઉભી રહેશે. આપણા દેશનો અર્વાચીન ઇતિહાસ-અંગ્રેજ સત્તાનો આપણા દેશમાં ઉત્કર્ષ-આજ વાતને

અને કુટુંબીજનો પરવારી રહે છે. આમ એકંદરની સ્થિતિ અત્યંત કરુણ છે.

પણ બીજી બાજુએ એકતાના નામે જ્યારે સમાજ પ્રાગતિક જ્ઞાતવાને બદલે સ્થિતિચુસ્ત બની જાય છે અને અનેક વ્યક્તિઓના સ્વાતંત્ર્યને રૂંધવા મંડે છે, ત્યારે એ એકતા અર્થહીન બને છે એટલું જ નહિ પણ સમાજ અધોગતિ તરફ જ દોરવા મંડે છે.

સામાજિક એકતા કે વ્યક્તિસ્વાતંત્ર્ય–પ્રત્યેકનો આખરી ઉદ્દેશ સમાજને પ્રગતિના માર્ગે લઈ જવાનો છે. જ્યારે સામાજિક એકતા જડતા થઈ રહે તો પીછેહઠનું સ્વરૂપ પકડે ત્યારે એ એકતા જ સમાજનું અનિષ્ટ કરનારી નીવડે છે. આવી જ રીતે વ્યક્તિસ્વાતંત્ર્યના નામે જ્યારે સમાજના હિતાહિતનો વિચાર બાજુએ મુકવામાં આવે અને પોતાનો કેવળ સ્વાર્થ સાધવાની કે ફાવે તેમ વર્તવાની વૃત્તિને જ આગળ ધરવામાં આવે, ત્યારે એ વ્યક્તિસ્વાતંત્ર્ય પોતાની મર્યાદાનો ત્યાગ કરે છે અને વ્યક્તિસ્વછંદમાં રૂપાન્તર પામે છે.

સામાન્ય ધોરણ એ હોવું જોઇએ કે દરેક પ્રવૃત્તિ તેમજ દરેક વૃત્તિ આખરે સામાજિક પ્રગતિની પોષક હોવી જોઇએ. આ દૃષ્ટિએ સામાજિક એકતાના નામે સમાજને જડ અને સ્થિતિચુસ્ત રાખવાની અનેક પ્રવૃત્તિઓ ચાલે છે તે પ્રવૃત્તિઓનો વિરોધ કરવો જોઇએ; તેના આધારે નભતી અનેક હાનિકારક રૂઢિઓ, સમાજના પ્રાણને કોરી ખાનાર અનેક દંભી વ્યક્તિઓ, તેમ જ અનેક જરીપુરાણી સંસ્થાઓ નભ્યા કરે છે તે સર્વેનો પ્રગતિવાદી યુવક જનતાએ મક્કમ સામનો કરવો જોઇએ અને તેવી રૂઢિઓના, વ્યક્તિઓના તેમજ સંસ્થાઓના પ્રભુત્વને જમીનદોસ્ત કરવું જોઇએ.

બીજી બાજુએ સામાજિક પ્રગતિને સર્વ બાબતોનાં કેન્દ્ર તરીકે સ્વીકારતાં વ્યક્તિસ્વાતંત્ર્ય જેનું વાજી સ્વાતંત્ર્ય એક મહત્વનું અંગ છે તે પણ અનેક મર્યાદાઓ અને વિવેક–બુદ્ધિ માગે છે. આ મર્યાદાઓ અને વિવેકબુદ્ધિનો વિગતવાર વિચાર આપણે હવે પછી કરીશું.

અપૂર્ણ

પરમાનંદ.

સત્યાગ્રહી કારાવાસી



શ્રી ગીરધરલાલ બી. કાપડીઆ

શ્રી ગીરધરલાલ કાપડીઆને અભિનન્દન–પાટણ નિવાસી શ્રી. ગીરધરલાલ કાપડીઆ વાણીસ્વાતંત્ર્યને લગતો સત્યાગ્રહ કરનાર છે એમ જાહેર થતાં ચાલુ માસની પહેલી તારીખે સરકારે તેમને અટકમાં લીધા છે. શ્રી. ગીરધરલાલ કાપડીઆ એક ઉત્સાહી કાર્યકર્તા છે. કોઇ પણ રાષ્ટ્રીય સભામાં તે આગળ જ બેઠેલા જોવામાં આવે. જૈન સમાજની તેમજ રાષ્ટ્રીય મહાસભાની પ્રવૃત્તિમાં તેઓ રસપૂર્વક ભાગ લેતા આવ્યા છે. ઝવેરી બજારમાં વ્યાપાર–વ્યવસાય કરે છે. તેમની આર્થિક સ્થિતિ બહુ સાધારણ ગણાય એમ છતાં પણ પ્રસંગ આવે સત્યાગ્રહમાં ઝંપલાવી જેલનિવાસ સ્વીકારવા બદલ તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે.

'પ્રબુદ્ધ જૈન' સંબંધી

આ અંક થોડો મોડો પ્રગટ થાય છે. 'પ્રબુદ્ધ જૈન' એક સરખી નિયમિતતાથી પ્રગટ થાય એવો અમારો આગ્રહ રહે છે; પણ કેટલાક અનિવાર્ય સંયોગો આ નિયમિતતાનો ભંગ કરાવે છે. ગયા પખવાડીઆમાં સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ ભરાઇ ગઈ. આ પત્ર જે છાપખાનામાં છપાય છે તે છાપખાનું સ્થાનકવાસી કોન્ફરન્સનું જ હોઇને તેને લગતા કામકાજમાં ખૂબ જ રોકાયેલું હતું અને પરિણામે 'પ્રબુદ્ધ જૈન' મોડું પ્રગટ થવા બદલ અમારા વાંચકોની અમો ક્ષમા માંગીએ છીએ.

'પ્રબુદ્ધ જૈન' સંબંધે બીજી બાબત એ જણાવવાની છે કે 'પ્રબુદ્ધ જૈન' આજથી બે વર્ષ પહેલાં બે માસની પહેલી તારીખે શરૂ કરવામાં આવેલ. તે સમયે એમ જાહેર કરવામાં આવ્યું હતું કે દર અંગ્રેજી મહીનાની પહેલી અને પંદરમી તારીખે 'પ્રબુદ્ધ જૈન' પ્રગટ કરવામાં આવશે. બીજા વર્ષની શરૂઆતથી અમારી ગફલતીને લીધે ઉપરના ક્રમને બદલે પ્રત્યેક માસની પંદરમી અને છેલ્લી તારીખે 'પ્રબુદ્ધ જૈન' પ્રગટ થઇ રહ્યું છે. ચાલુ વર્ષનો આ છેલ્લો અંક છે. હવે પછીનો અંક એપ્રીલની ત્રીશમી તારીખને બદલે મે માસની પહેલી તારીખે પ્રગટ કરવામાં આવશે અને તે રીતે મૂળ ક્રમને વળગી રહીને હવે પછી પ્રત્યેક અંગ્રેજી માસની પહેલી અને છેલ્લી તારીખે જ 'પ્રબુદ્ધ જૈન' પ્રગટ થતું રહેશે.

'પ્રબુદ્ધ જૈન' અને 'મુંબઇ જૈન યુવક સંઘ' ના વાર્ષિક લવાજમ વિષે યાદી દેનારી કાપલીઓ અવાર નવાર 'પ્રબુદ્ધ જૈન' માં ચોડવામાં આવશે તે ધ્યાનમાં લઇને 'પ્રબુદ્ધ જૈન' ના ગ્રાહકને કે 'મુંબઇ જૈન યુવક સંઘ' ના સભ્યોને પોતપોતાનું વાર્ષિક લવાજમ વખતસર મોકલી આપવા ખાસ વિનંતિ કરવામાં આવે છે. જેઓની ગ્રાહક કે સભ્ય તરીકે ચાલુ રહેવા ઇચ્છા ન હોય તે ભાઇ કે બહેન અમને તે મુજબ જણાવવાની કૃપા કરે કે જેથી અમને વી. પી. ના નકામો ખર્ચ ન થાય અથવા તો નકામા અંકો મોકલવાની તકલીફ અને પોસ્ટેજના ખર્ચમાંથી સંઘ બચે. જ્યાં આવક કે કમાણીનો સવાલ જ નથી એવા આ શુદ્ધ પારમાર્થિક સેવાકાર્યમાં 'પ્રબુદ્ધજૈન'ના વાંચકો અને સંઘના સભ્યો આમંત્રણ નકામા ખર્ચમાંથી બચાવે અને જેઓ અમારી આ પ્રવૃત્તિમાં રસ અને સહાનુભૂતિ ધરાવતા હોય તેઓ અમને અને તેટલા ગ્રાહકો તેમજ સભ્યો મેળવી આપવા મહેનત લે અને અમારી આ પ્રવૃત્તિને અને તેટલો વેગ આપે એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

તંત્રી,
'પ્રબુદ્ધ જૈન'

સ્થા. જૈન યુવક પરિષદના સ્વાગતાધ્યક્ષ

શ્રી વ્રજલાલ ધ. મેવાણી

(પૃષ્ઠ ૨૩૫ થી ચાલુ)

ડાઓ હોય છે. સંઘના કામકાજ માટે કોઇ બંધારણ કે ધોરણ હોતું નથી અને પરંપરાથી ચાલી આવતી શેહાઈ હોય છે. સંઘબળ વિના પ્રગતિ અશકય છે તેથી બંધારણ ઘડી સંઘ સંગઠન અને એકતા કરવા અને સંઘબળ જમાવવા અનુરોધ કરવામાં આવ્યો.

કોન્ફરન્સ તરફથી પુનામાં ઘણાં વર્ષોથી એક બોર્ડિંગ ચાલે છે તે બોર્ડીંગનું મકાન કરવા ફંડ થયું અને તેમાં અધિવેશનમાં જ રા. ૪૫૦૦૭ એકઠા થયા. તે ફંડ ચાલુ છે.

કોન્ફરન્સનું બંધારણ તદ્દન નવેસરથી ઘડવામાં આવ્યું તેમાં વાર્ષિક લવાજમ માત્ર રા. ૧૭ કરવામાં આવ્યું છે અને ચૂંટણી ધોરણ સ્વીકાર્યું છે. ચૂંટણીનું ધોરણ સ્વીકારવાનો પ્રયોગ નવો છે. તે સફળ થશે કે નહિ તે જોવાનું છે. આમ જનતાનું પ્રતિનિધિત્વ રાખવું હોય તો કાંઇક ચૂંટણીનું ધોરણ જોઇએ જ. જેથી દરેક સભ્યને એમ રહે તેમાં પોતાનો કાંઈક અવાજ છે જ. પણ આવું બંધારણ અમલમાં મૂકવા જે સેવાભાવી કાર્યકર્તાઓ ગામેગામ જોઇએ તે મળશે કે કેમ તે જોવાનું રહે છે. માણસોમાં થોડા સમય માટે ઉત્સાહ હોય છે પણ તે કાયમ ટકી રહેતો નથી છતાં આ એક પ્રયોગ કરવાનો નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત બીજાં ઘણાં પ્રસ્તાવો થયાં છે. બનારસ ક્વીન્સ કોલેજમાં જૈનદર્શન અને તત્ત્વજ્ઞાનની પરીક્ષાઓ લેવાય છે અને તેનાં અભ્યાસ માટે કોઇ પ્રબંધ નથી. તેવો પ્રબંધ કરવા યુ. પી. સરકારને આગ્રહ કરવામાં આવ્યો છે. મહાવીર જયન્તિ સરકારી રજા કરવા દરેક પ્રાન્તિક અને મધ્યસ્થ સરકારને વિનંતિ કરવામાં આવી છે. ત્રણે ફીરકાની એકતા માટે અધિવેશને ફરીથી જરૂરીયાત જાહેર કરી છે અને એ એકતાને બાધક નિવડે એવા કોઇ પ્રસંગોમાં ભાગ ન લેવા દરેક ભાઇબ્હેનને વિનંતિ કરી છે. અન્ય ફીરકાના ભાઇઓ આ સ્વીકારશે? ત્રણે ફીરકાની પરિષદની અગત્ય આ અધિવેશને સ્વીકારી છે અને તે દિશામાં કાંઇ પગલું લેવામાં આવે તો સાથ આપવા કહ્યું છે.

આ અવલોકન પુરું કરું તે પહેલાં બે અનુભવો જણાવું એકું તો આ અધિવેશન માટેનો ભારે ઉત્સાહ અને પ્રેમ, અધિવેશનને સફળ બનાવવાની દરેકની ઇંતેજારી, કોન્ફરન્સ સભાજને ઉપયોગી સંસ્થા બને તે જોવાની તાલાવેલી અને કાર્યકર્તાઓને પુરતો સાથ આપવાની ભાવના. જ્યારે કેટલાક ભાઇઓ એવા હતા કે જેઓ અણસમજણ ભરી અને પુરતી હકીકતો જાણવાની પરવા કર્યા વિના ટીકાજ કરતા હતા. તેથી કામકાજમાં ઘણી ખલેલ પહોંચતી અને ગેર સમજણ ઉત્પન્ન થતી. અધિવેશનનું બધું કાર્ય ફતેહમંદ રીતે પુરું થયા પછી ચારે મંત્રીઓ, જેમનો અધિકાર કાળ પુરો થતો હતો, તેમણે ફરીથી ચુંટાવાની ના પાડી અને બીજા અધિકારીઓ ચુંટી લેવા અધિવેશનને વિનંતિ કરી ત્યારે અધિકારીઓના કેટલાક ટીકાકારો, જેમની સંખ્યા ઘણી અલ્પ હતી તેમણે પોતાનો અવાજ ફરી ફરી જનતા સમક્ષ મૂકી એક પ્રકારનું ક્ષુબ્ધ વાતાવરણ ઉત્પન્ન કરી મુકયું હતું પણ આખરે તેઓએ પોતે જ અધિકારીઓમાં સંપૂર્ણ વિશ્વાસ જાહેર કર્યો હતો અને પોતાની ટીકા માટે દીલગીરી જાહેર કરી હતી. આમ જનતાના અનન્ય પ્રેમ અને સદ્‌ભાવની ત્યારે જ ખબર પડી અને એટલી મોડી રાત્રે અને થોડા પ્રેક્ષક ગણ સમક્ષ પણ મેં જ્યારે સહકાર માટે વિનંતિ કરી ત્યારે કોન્ફરન્સનાં પાંચ હજાર સભ્યો નોંધી આપવાનાં વચનો મળ્યા. આ દ્રશ્ય અપૂર્વ હતું. અધિવેશન મારી ધારણા કરતાં પણ દરેક રીતે વિશેષ સફળ થયું.

ચિમનલાલ ચકુભાઇ શાહ

કેટલાક સમાચાર અને નોંધ

સ્થાનકવાસી જૈન યુવક પરિષદ

ઘાટકોપર ખાતે એપ્રીલ માસની તા. ૧૧-૧૨-૧૩ ના રોજ અખિલ હિંદ સ્થાનકવાસી કોન્ફરન્સ મળવાની હતી તેની આગળના દિવસે તેજ વિભાગની જૈન યુવક પરિષદ અમૃતસર નિવાસી શ્રી. લાલા હરજસરાયજી જૈનના પ્રમુખપણા નીચે મળી હતી. આ પરિષદને વાસ્તવિક અર્થમાં પરિષદ કહેવી તેના બદલે તુરતમાં મળનારી સ્થાનકવાસી કોન્ફરન્સમાં યુવકોને દિશા સૂચન મળે તદર્થે બોલાવવામાં આવેલું જૈન યુવકોનું એક પુરોગામી સંમેલન હતું એમ કહેવું વધારે યોગ્ય ગણાશે. કારણ કે પ્રસ્તુત પરિષદમાં ભાગ લેનારા ભાઇઓ દેશના ભિન્ન ભિન્ન વિભાગોમાંથી ચૂંટાઇને કે નિમાઇને આવ્યા નહોતા. વળી આ પરિષદમાં અન્ય પરિષદ માફક વિષય નિર્ણાયક સમિતિની કોઇ ઘટના કરવામાં આવી નહોતી. આ ઉપરાંત આ પરિષદના કેટલાક ઠરાવો પછી ભરાનાર કોન્ફરન્સને ભલામણ કરનારા જ હતા. પરિષદના પ્રમુખનું ભાષણ બહુ સામાન્ય અને નિરાશા ઉપજાવે તેવું હતું. તેની સરખામણીએ સ્વાગતાધ્યક્ષ શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણીનું વ્યાખ્યાન ભારે પ્રાણવાન અને આજના યુવકના દૃષ્ટિબિન્દુને સમર્થપણે રજુ કરનારૂં હતું. જે આ જ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યું છે. આ પરિષદમાં પસાર થયેલા અગત્યના ઠરાવો આવતા અંકમાં આપવામાં આવશે.

'નગરપતિ' પદથી નિવૃત્ત થતા શ્રી. મથુરાદાસ ત્રીકમજી

શ્રી. મથુરાદાસ ત્રીકમજી થોડા દિવસો પહેલાં જ મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનના મેયર–'નગરપતિ'–પદથી નિવૃત્ત થયા છે. રાષ્ટ્રીય મહાસભાના પ્રતિનિધિ તરીકે જે મહત્વના સ્થાનને આજ પહેલાં સદ્‌ગત વીઠ્ઠલભાઇ પટેલે અને શ્રી. કે. એફ. નરીમાને શોભાવ્યું હતું. તે જ સ્થાનને શ્રી. મથુરાદાસ ત્રીકમજીએ એટલી જ કાર્યદક્ષતા, તથા નિષ્પક્ષપાતપણાથી તેમજ એક મોટા રાજ્ય જેટલો જેનો વિરાટ વહીવટ છે તેવી સંસ્થાના અનેક અટપટા પ્રશ્નોને સંભાળવામાં તેમણે દર્શાવેલી અપૂર્વ કુશળતા તથા અનુભવ નિપુણતા વડે વિશેષતઃ શોભાવ્યું છે. વિરુદ્ધ પક્ષના નેતાઓએ તેમજ મ્યુનીસીપલ કમીશનર શ્રી. ભટ્ટે પણ તેમના કાર્યની ખુબ સ્તુતિભર્યા શબ્દોમાં કદર કરી છે. શ્રી મથુરાદાસ ત્રીકમજીનું જીવન વર્ષો થયાં રાષ્ટ્રની એકધારી સેવાને અર્પાયેલું છે. 'મેયર' પદથી નિવૃત્ત થવાના પ્રસંગે સર્વ કોઇ મુંબઇવાસીઓના તેમને ધન્યવાદ ઘટે છે.

શ્રી. રમણીક કેશવલાલ પરીખને અભિનંદન

અમદાવાદના જાણીતા ડોકટર કેશવલાલ મણકચંદ પરીખના સુપુત્ર શ્રી રમણીકલાલ પરીખ મુંબઇ યુનીવર્સીટીની અતિ ઉજ્જવલ કારકીર્દી સાથે વિશિષ્ટ અભ્યાસ અર્થે ઇંગ્લાંડ ગયેલા અને કેંબ્રીજ યુનીવર્સીટીમાં જોડાયેલા. તેમણે ગણિતનો વિષય લીધો હતો. તે યુનીવર્સીટીની બી. એ. ની પરીક્ષા પહેલા નંબરે પસાર કરતાં તેમણે 'રેંગલર' પદ પ્રાપ્ત કર્યું. હિંદ ખાતે માર્ચ માસની ૩૦ મી તારીખે તેઓ પાછા ફર્યા છે. તેમના અભ્યાસ જેટલી જ હવે પછીની તેમની કારકીર્દી ઉજ્જવલ બને એવી શુભેચ્છા સાથે તેમનું આ પ્રસંગે અભિનન્દન કરવામાં આવે છે.

યુવકની યુગવાણી

(ગયા પખવાડિયે આપેલ તા. ૧૦-૪-૪૬ ના રોજ મળેલી કલ્યા. જૈન યુવક પરિષદના સ્વાગતાધ્યક્ષ શ્રી. મંજુલાલ પરસરાજ મેઘાણીના પ્રેરણાદાયી વ્યાખ્યાનનો અગત્યનો ભાગ નીચે આપવામાં આવે છે. તંત્રી.)

જૂનું દૃશ્ય—અહિંસા દુર્બળતા અભય દુર્બળતા—એ ત્રિવિધદર્શન છે. કમભાગ્યે આજે તે માનવીના મહાન માર્ગ માંથી તાતા ફુંફાડાળામાં પડી ગયો છે, એટલે કે મૂળ ધર્મતત્ત્વને ચુકીને ક્રિયાકાંડની આંધીમાં અટવાઈ ગયો છે, એટલે કે પોતાનું એકાકી વાસ્તવિક સ્વરૂપ તજી કૃણ જેવો તાતકડો થતો ગયો છે. આ તાતકડુ સ્વરૂપ વિકસાવી તેના ભિન્ન ભિન્ન કણોને એકઠા કરી તેનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરી, ક્રાન્તિના તોપ, તરવાર અને શોસણના સત્યાનાશી અને સંહારક જમાનામાં ભ્રાંતભૂલ્યા જગતને વિશ્વબંધુત્વના સાચા માર્ગ બતાવવો તે જૈનધર્મનું એક અગત્યનું કાર્ય છે. આવા મહાન કાર્ય માટે આપણે એકત્રિત થવું એટલો જ હેતુ આપણી આ પરિષદનો છે. હવે જોવાનું એ છે કે આપણે કેવી રીતે કાર્ય કરી આપણું કર્તવ્ય પાર પાડીએ છીએ.

છેલ્લાં કેટલાંએ વરસો થયાં આપણે ધીમે ધીમે ઘસાતા જઈએ છીએ. આપણું જૂથ ઓછું થતું જાય છે. ભાવના ક્ષીણ પ્રતીતી જાય છે. જેઓ જાગે છે અગર તો જેને જાગેલા માનીએ છીએ તેઓ શા માટે આ નિત્યપરિચિત માર્ગથી દૂર થતા જાય છે, તે એક વિચારવા જેવી ગંભીર બાબત છે. પ્રજાના દિલમાંથી આજે સાચી ધર્મપ્રીતિ નાશ પ્રાપ્તતી જાય છે, નવી પ્રજાને ધર્મમાં કંઈ તથ્ય જ લાગતું નથી. આનું કારણ આજ સુધી નથી તો આપણા સાધુ-સમાજે વિચાર્યું કે નથી આપણી એકની એક મધ્યવર્તી સંસ્થાએ વિચાર્યું. આજે જૈનધર્મ તેના જીવનમાં નથી વસતો, પણ વસે છે થોડીક ફરજિયાત પળાતી પ્રાર્થનાઓમાં, થોડાક વેશમાં કે ઉભાં કરેલાં મંદિરો કે ઉપાશ્રયોના સ્થાપત્યમાં, સરકારી વસ્તી ગણતરીના નિર્જીવ આંકડાઓમાં કે, પૂર્વજોએ પ્રબળ પુરુષાર્થે લખેલા ધર્મગ્રંથોમાં! સેંકડો વર્ષમાં આપણે એક પણ નવું તત્ત્વ કે વિચારસામગ્રી આપણા ધર્મમાં ઉમેરી નથી. ધીમે ધીમે જુનું ભૂલવાનું અને વિકૃત કરવાનું કામ આદર્યું છે. જો આમ ચાલતું રહેશે તો એક દિવસ એવો આવશે કે જ્યારે બધું ભૂલી જવાશે. આ સમય બહુ દૂર નથી. ટકી રહેવાની ચીકાશ અને આંખની શરમ નવીન યુગમાં ઓછાં છે.

આપણા સાધુઓમાં અમુક અપવાદો સિવાય ધર્મભાવનાને ટકાવી રાખવાની તાકાત કેટલી છે? જગતના વિકસિત માનવીની હરોળમાં મૂકી શકાય તેવા પ્રતિભાશાળી સાધુઓ કેટલા છે? જગતનું તો ઠીક પણ પોતાના પંથનું યે સત્ય જ્ઞાન કેટલું છે? થોડાક ત્યાગ અને થોડુંક ફરજિયાત પાળેલું ચારિત્ર્ય આજે પણ તેને જેવી તેવી હાલતમાંયે ટકાવી રહેલ છે. પરંતુ આ પણ જાણે જવા બેઠું છે. કલહ-કંકાસ, મોહ-મમતા અને સંકુચિતતા બાકી રહેલા શુભ તત્ત્વોને પણ દૂર કરી દેશે એવો ભય છે. એક સાધુએ બળતા દિલે કહ્યું છે કે 'સાધુઓએ સંઘાડા તો ઘણા માંડ્યા, પણ તેમાંથી તણે છોડીમાં જ ખેપ્યા છે-કોઈ સુંદર ઘાટ નથી ઘડ્યો. સાધુજીવનના કાર્યનું સરવૈયું રજૂ કરતું કેવું નગ્ન સત્ય!

આપણી કોન્ફરન્સે લગભગ ત્રણ દાયકા થયાં આ વસ્તુ તપાસી છે અને પ્રશ્નોની વિચારણા માટે જુદે જુદે સ્થળે અને સમયે આજ સુધીમાં તેની નવ બેઠકો મળી છે. હજારો રૂપિયા તે માટે ખર્ચમાં મૂક્યા છે, છતાં જોઈએ તેવું કોઈ જ પરિણામ આવ્યું હોય તેમ લાગતું નથી. આને માટે કોણ જવાબદાર છે અને શા માટે જવાબદાર છે તેની દુઃખદ ચર્ચામાં ઉતર્યા વિના એટલું જ કહેવું પૂરતું છે કે કોન્ફરન્સે પોતાનું સ્થાન સમાજમાં જોઈએ તેવું જમાવ્યું નથી. આથી તે મુઠીભર માણસોની જ બની રહી છે. તેનું બંધારણ જુઓ, અતિ મંદ ગતિથી ચાલતી તેની કાર્યવાહી જુઓ અને તેના સંચાલકોનું પ્રગતિવાદી માનસ તરફનું વલણ જુઓ તો જણાશે કે આ રીતે તો કદાચ સેંકડો વર્ષો સુધી કોન્ફરન્સ મળ્યા કરશે, તો પણ આજે છે તેથી વધુ કંઈ નહિ બની શકે. કોન્ફરન્સની ભાવના સુંદર હશે, તેના પ્રણેતાજકોના દિલમાં કોમપ્રેમ અને ધર્મપ્રેમ હશે તે નિઃશંક વાત છે. આજના કાર્યકર્તાઓમાં પણ તે ગુણો હશે. તેઓ સર્વ રીતે સજ્જન અને પ્રમાણિક હશે. કોમ અને ધર્મના અનુરાગી હશે. પણ તેમણે યુગના આંદોલનોને કે સમયના પ્રવાહને સમજવાનો પ્રયાસ લગભગ નથી કર્યો એમ આજે આ યુવક પરિષદના મંડપ નીચે ઉભા રહીને કહેવું પડે છે. આ સ્થિતિ સત્વર સુધારણા માગે છે, અને યુવકો પોતાનું સાચું માનસ અને સક્રિયા એવા કોન્ફરન્સ પાસે રજુ કરે તેમ આશા રાખવામાં આવે છે.

જેમ બીજા સ્થળોમાં દેખાય છે તેમ આપણા સમાજમાં પણ જુના અને નવા વચ્ચે મતભેદની કોઈ માનસિક દીવાલ ખડી છે જેથી એ બન્ને એક થઈ શકતા નથી. પણ આ વિષે જો ઝીણવટથી વિચાર કરીએ તો તેઓ વચ્ચે તાત્વિક મતભેદ કંઈ જ નથી.

યુવકો હમેશા ગગનવિહારી અને ચાલુ પ્રણાલિકાઓથી ઉલટી દિશામાં ચાલનારા જ હોય છે એવી ભ્રામક માન્યતા આજે જુનવાણી સમાજમાં પ્રચલિત છે. પણ આ માન્યતા સર્વાંશે સત્ય નથી. અલબત્ત, યુવકોની કલ્પના અને ભાવના વિશાળ હોય છે, તેમની કેટલીક કલ્પનાઓ નર્યા કુદરતી સત્ય ઉપર જ રચાયેલી હોય છે. એ ભાવનાઓને અટપટી ભાષાઓનાં આભૂષણો કે રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરાવવાનો આડંબર કરતાં તેમને નથી આવડતું યા નથી સૂઝતું. આથી જેમ ભાવે, કલ્પનામાં આવે અને તર્ક તથા સિદ્ધ પ્રમાણોથી સાબીત થઈ શકે તેવી રીતે તે પોતાની વાત પ્રમાણિકપણે રજૂ કરે છે, અને બીજાઓ પાસેથી પણ તેવી જ અપેક્ષા રાખે છે. બાંધછોડ કે સમાધાનની કેટલીક અનિવાર્ય વાતોને તે પોતાની ઉદ્ધતાઈ નબળાઈરૂપ માની બેસે છે. સમાજ તેના આ વર્તનને વધુ પડતું માની લે છે, જેથી ધર્ષણ થતાં વાર લાગતી નથી. આવા આગળ વધેલાઓનો મત છે. આમાં સત્યાંશ વધારે છે. આથી આવી બાબતો માટે યુવકોને ઠપકો આપ્યા પહેલાં કે તેની વાતોની અને તેની ભાવનાઓની અવહેલના કર્યા પહેલાં જો તેને તેના મૂળ-સ્વરૂપમાં ઓળખીને અને તેના તરફથી રજૂ થતી વાતોનો આશય સમજી લઈને તેનો ઘટતો ઉપયોગ કરવામાં આવે તો સત્યને ચડી ગયેલા રૂઢીના, કુસંસ્કારના, અજ્ઞાનના કે વાતાવરણદોષના મેલા થરો ઓછા થાય અને યુવકને ખરા સ્વરૂપમાં સમજી શકાય. આમ થાય તો જ યુવક યુગમૂર્તિ જેવો લાગે. આ રીતે યુવકોને સમજ્યા પછી જો તેને યોગ્ય ઉત્તેજન અને સમુચિત સહકાર આપવામાં આવે તો તે જરૂર મોટી ઉદ્ધતા છોડીને કાર્યદિશા તરફ વળી શકે એમ જુના અને નવાને જોડનારી કડી જેવા તથા યુવક માનસના અભ્યાસી અનુભવીઓ કહે છે. આજ સુધી યુવક માનસથી ભડકીને સમાજે તેને દૂરને દૂર રાખ્યા છે, એનું પરિણામ એ આવ્યું છે કે નજદીક આવીને વડીલોની

પ્રેમળ બાથમાં સમાઇ જવાને આતુર યુવકો પણ વડીલોથી વિમુખ બન્યા છે, તેઓ વચ્ચેનું અંતર વધ્યું છે અને સમાજમાં નવી ભાવના નથી પ્રવેશવા પામી. સમાજમાં જુનવાણી તત્વ આ રીતે જ વધુને વધુ જુનવાણી બની ગયું છે. પણ જો નવું તત્વ કાયમ ઉમેરાયા કરતું હોત તો સમાજ આજે છે તે કરતાં જરૂર કંઇક જુદો જ હોત !

યુવાનો કાયમ ભાંગફોડ જ માગે છે અને તેનામાં સર્જક-નીતિ કરતાં વિનાશક તત્વ વધારે છે એમ માનવું એ ભૂલભરેલું છે. યુવક તો સમાજની આશા અને સમાજનો રક્ષપાળ છે. સમાજની વિકૃતિને ચલાવી લેનાર, તેનો ઢાંકપીછોડો કરનાર અને ઉપયોગી તત્વને જુનવાણી ભાવનાથી સમાજમાં દાખલ ન થવા દેનાર જ સમાજનો ભાંગનાર છે; તે જ સમાજનો કરાળ કાળ છે. જગતના અભિપ્રાયની પરવા કર્યા વિના પણ સમાજને શુધ્ધ રાખવા કડવું સત્ય કહી દેનાર અને યુગાનુસાર નવું સ્વરૂપ સંભવનાર તો સમાજનો સાચો રક્ષક અને સર્જક છે. એટલે જ જગતના અભિપ્રાયની પરવા કર્યા વિના તે જુનવાણી તત્વની સામે ઉભો છે. જે જે વસ્તુ સુધરી શકે તેમ હોય છે અને વાસ્તવિકતાની વધુ નજદીક હોય છે તેને તે સુધારવા ચાહે છે અને ન સુધરે તેને તોડીને નવું સર્જન કરવું એને તે પોતાનો પરમ ધર્મ સમજે છે. તે સડેલું ચલાવી લઇ શકતો નથી. નિત્ય પ્રગતિશીલ અને માનવજીવનને વધુમાં વધુ હિતકર હોય એ તત્વોજ તેને આકર્ષી શકે છે. થીગડાં તેને ગમતાં નથી. જુનવાણી અચલાયતન તેને મુંઝવે છે. તે માને છે કે જીવન અને પ્રગતિ એટલે વહેતાં નીર !

સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધારનાર ઉપયોગી તત્વોને જેમ જુનાઓ સમાજમાં, કોમમાં કે સંપ્રદાયમાં ધરચ્છે છે તેમ યુવકો પણ ધરચ્છે છે જ. ત્યારે ફરક કયાં છે ? ઝગડો કયાં છે ? માત્ર પદ્ધતિ કે કાર્યદિશાનો ફેર તે જ ફેર છે એમ નથી; પણ સુખ, શાન્તિ, સમૃદ્ધિ અને ધર્માદિની વ્યાખ્યાઓમાં પણ ફરક છે. બન્નેના મતભેદના મૂળમાં આ અતિ મહત્વનો ફેર જ કારણરૂપ છે. એક પક્ષ શાન્તિ અને સુખની કલ્પના પૈસાની જમાવટ અને સમાજમાં અગત્યના સ્થાન કે તેના વ્યવહારની વિશાળતાથી કરે છે અને તેમની પોતાની ધરચ્છા મુજબ અબાધિતપણે બધું ચાલ્યું જાય તેને શાન્તિ તરીકે ઓળખે છે, જ્યારે યુવકો માને છે કે સૌને ખપ પૂરતું મળી રહે, કોઇનો પણ વિકાસ કોઇ પણ કારણે ન રૂંધાય, કોઇની પણ લાદેલી અણુખપતી મુરબ્બીવટની કે ભેદની ભાવના સમાજમાં ન પ્રવર્તે, સમાજમાં નાની નાની વાડો રચીને તેની માનવતાને ગુંગળાવવામાં ન આવે, સમાજના કાયદાઓ કોઇનો પણ પક્ષપાત ન કરે, કોઇને પણ ઉચ્ચનીચ ન ગણે, કોઇને પણ સ્પૃશ્ય અસ્પૃશ્ય ન માને અને શક્તિની વૃદ્ધિ જ જ્યાં સમાજના પ્રત્યેક કાર્યનું લક્ષ્ય હોય—આવી જાતની સમાજરચના જ્યાં હોય, ત્યાં જ સુખ, શાંતિ અને ઉપયોગી તત્વ છે. પ્રગતિનું વહેણ જ્યાં અબાધિતપણે વહી રહ્યું હોય ત્યાં જ શાંતિ છે. ધર્મની બાબતમાં તે માને છે કે માનવજગતમાં જીવનકલહ યા જીવન-સંગ્રામ જ એક અગત્યનું કર્મ છે. તેથી તે કર્મ જેમ વધુ નિર્દોષ, સ્વપરને લાભદાયક અને સરલ બને તે કાયમ જોવાનું રહે છે. જગતના ડાહ્યા, અનુભવી અને દીર્ઘદૃષ્ટિવાળા યુગપ્રધાન પુરૂષોએ અમુક રેખા દોરી આપી જીવનસંગ્રામ કેમ સરળ અને સુંદર બને તે જગતને બતાવ્યું, જેથી સંગ્રામ ખેડવા છતાંયે માનવીને અશાંતિ ન રહે, ઉપાધિભર્યું જીવન હોવા છતાં પણ તેથી મુંઝાઇને તે આડે માર્ગે ચાલવા ન લાગે, કાયમના ધર્ષણો હોવા છતાં પણ જે અખંડ જીવનવહેણ ચાલ્યું જાય છે તેનો આપણે સૌ બિન્દુઓ માત્ર છીએ તેવો ખ્યાલ નિરંતર જાગ્રત રહે અને પોતાનો જીવનસંગ્રામ બીજાના સંગ્રામને બાધક કે વધારનાર ન બને. આ જાતનું માર્ગસૂચન, આ સાદી ઉપયોગી સલાહ, આ રેખાંકન એટલે ધર્મ ! ધર્મનું મુખ્ય કાર્ય માનવીના જીવનકલહને શુદ્ધ, ઉપયોગી, નિરૂપદ્રવી અને સરળ રાખવાનું છે. પરંતુ જુનવાણી જગતે ધર્મને માત્ર પરલોક અને મુક્તિ સાથે જ જોડી દીધો છે. આથી માનવી અને ધર્મનો સંબંધ ઢીલો પડયો છે.

નવી અને જુની વિચારસરણી વચ્ચે આટલો ભેદ છે. યુવાનો આજે પણ વૃદ્ધોને માન આપે છે કે આપે આપની રીતે સમાજની ભાવના આજ દિન સુધી જીવતી રાખી છે, એ માટે અમારાં વંદન છે. હવે તેને વધુ ઉપયોગી બનાવવા યુગપ્રવાહ પ્રમાણે પલટાવો. આપને ભૂતકાળમાં આ વાત વિચારવાની જરૂર નહિ પડી હોય, એ જમાનાએ આપનું ધ્યાન નહિ ખેંચ્યું હોય, સંજોગો ઉભા નહિ થયા હોય અને કદાચ આપના સમયની જીવનરીતિ પણ તેવી હશે. પણ આજે તો માનવી ગામડાનો મટી જગતનો બન્યો છે. નવા નવા શોધાએલાં અને શોધાતાં સાધનોએ તેના પગમાં અને ભાવનામાં વેગ આણ્યો છે. જગતના અન્ય સુખી સમાજોના જ્ઞાને તેવા સુખી સમાજની તેનામાં ભૂખ જગાડી છે. આજના લક્ષ્મીયુગમાં ભૂતકાળનું આધ્યાત્મિક અને સંતોષી જીવન ગઇ કાલનું બન્યું છે. શ્રદ્ધાને બદલે દલીલનો જમાનો બેઠો છે, સકલ પ્રજા ઝડપથી વાસ્તવવાદ તરફ ઢળતી જાય છે. કેટલાએક સામાજિક કિલ્લાઓ અદૃશ્ય થતા જાય છે. માનવીનું મન વ્યગ્ર અને ચંચળ બન્યું છે. આવા યુગમાં પોતા વચ્ચેનું દિનોદિન વધી રહેલું અંતર અટકાવીને એક થવા માટે બન્ને પક્ષે થોડો થોડો માર્ગ આપ્યે જ છૂટકો છે. નહિતર ભાવી કાળું છે. અસ્તુ.

હવે આપણી—યુવકોની—ભાવનાઓ અને મનીષાઓ શી છે તે ઉપર આવું. યુવકો કહેવા માંગે છે કે :—

(૧) **સાંપ્રદાયિક કે સામાજિક ક્ષેત્રસંકુચિતતા.** આ સંકુચિતતા અનેક જાતના દુઃખદર્દોના કારણરૂપ બની છે. સામાજિક ક્ષેત્રસંકુચિતતાએ સ્ત્રી—પુરૂષોના વિકાસને રૂંધી નાખી સ્ત્રી જાતિને વધુ ને વધુ પાંગળી અને પરવશ બનાવી દીધી છે. માનવીનો વિક્રય—કન્યાવિક્રય કે વરવિક્રય—આ પાપનું જ ફળ છે. આજે કેટલાયનાં દ્વાર કાયમનાં બીડાઇ જતાં અને કેટલીએક બાળાઓ પરણી જ ન શકે યા તો ગમે તેવાની સાથે પરણીને કાયમ નિસાસા નાંખતા જ્યાં ત્યાં જોવામાં આવે છે. સ્ત્રીકેળવણીને ક્ષેત્રસંકુચિતતાએ ભારે ફટકો માર્યો છે. ઉંચી કેળવણી લીધેલી ત્રણ બહેનોને ક્ષેત્ર—સંકુચિતતાના કારણે યોગ્ય પાત્ર ન મળવાથી લગભગ અરધી જીંદગી રાહ જોઇને બેસી રહેલી, સાંકડાક્ષેત્રને કારણે યોગ્ય મુરતિયાના અભાવે ચાર કન્યાઓને ભાવનગરની બાજુના પ્રદેશમાં સાધ્વી બનતી, અને બે કન્યાઓને કાયમના રોગીષ્ટ સાથે પરણાવી દેવાતી મેં નજરે જોઇ છે. ફકત પાંચસો જ કુટુંબની એક નાનકડી જ્ઞાતિને લોહીના સંબંધનો વૈદ્યકીય દ્રષ્ટિએ વિચાર કરવાનો અવકાશ જ ન આપતાં બહુ નજીકના સગાંઓ સાથે અંદરોઅંદર લગ્ન વ્યવહાર કરવાની ફરજ પાડતી પણ જોઇ છે.

સાંપ્રદાયિક સંકુચિતતાએ પ્રજાના માનસને ઘણું જ વિકૃત કર્યું છે. ભગવાનને નામે ચાલેલા સંહારો અને મચેલા હત્યાકાંડો જગજાહેર છે. એક જ ધર્મના ભિન્ન ભિન્ન ફીરકાઓમાં પણ કેશરીયાજીના હત્યાકાંડો કયાં નથી બન્યા ? કયાં સામાજીક વ્યવહારની દખલગિરિ નથી જાગી ? કયાં એક બીજાના સામે શાસ્ત્રયુદ્ધો શસ્ત્રયુદ્ધોથી પણ ખુરાં નથી નિવડયાં ? આ ફીરકાભેદ મીટાવી

દીધે જ ધર્મશ્રદ્ધિ ચેલા થશે, ત્યાં સુધી તો વાડાનો મોહ ક્ષિતિજની પેલી પાર શું છે તે સમજવા પણ નહિ દે!

કોમીવાદી તત્ત્વ આજે રાષ્ટ્રધર્મ કે માનવધર્મનું બાધક ગણાય છે. એ તત્ત્વે અનેકવિધ નુકસાન કરી સંપ્રદાયમાં કલહમય વાતાવરણ ઉત્પન્ન કરી, સમાજ શક્તિનો નાશ કર્યો છે, સાચા ધર્મને ભુલાવ્યો છે. યુવકો ઈચ્છે છે કે સામાજિક વ્યવસ્થામાં રોટીબેટીવ્યવહાર ત્યાં બેટીવ્યવહાર હોવો જ જોઇએ અને સંપ્રદાયમાં મૂળભૂત સિધ્ધાંત જેટલો જ તફાવત રાખી બાકીનાં બધાં કાર્યો અને જૈન તરીકેની બધી વિચારણા હવે પછી સકલ જૈન સમાજે એકત્ર મળીને કરવી જોઇએ–કોઇ એક ફીરકાએ નહિ.

(૨) **સમાજના પક્ષાપક્ષી ધોરણ અને લગ્નવ્યવસ્થા.** લગ્નવિષયક બાબતમાં સ્ત્રીઓ તરફ થતા અન્યાય માટે યુવકો સમાજને પુછે છે કે હજુ કયાં સુધી દીકરીઓને ગરીબ ગાય જેવી ગભરૂ માની દોર્યા કરવી છે? તેની પોતાની ભાવનાને હજુ કયાં સુધી અવગણ્યા કરવી છે? પુરૂષો અનેક વખત પરણે તેમાં કંઇ જ ખોટું ન માનનાર આપણે નાની વયની બાળવિધવાઓ આડે પુનર્લગ્નનિષેધની ભીંત ઉભી કરીને હજુ કયાં સુધી તેને જીવનભર ઓશીયાળી અને આંસુ સારતી યા છુપાં પાપો કરતી રાખવી છે? દેશની વર્તમાન સ્થિતિ, વાતાવરણ, સ્ત્રીજાતની આર્થિક પરાધીનતા અને સંસારમાં વ્યાપેલા વિકારમય જીવનની વચ્ચે સર્વ વિધવા માટે એક જ માર્ગ નક્કી કર્યે ચાલે તેમ નથી. રાજને રોજ વધતો જતો ગર્ભપાતો, સ્ત્રીઓના રોગોનું વધતું પ્રમાણ, વિધવાની તેજવિહીનતા અને માનસિક વિકારી વાતાવરણથી સમાજના સુસંસ્કારનું વળતું સત્યાનાશ હવે તો પોકારી પોકારીને કહે છે કે સ્ત્રીઓને સતી કે ત્યાગમૂર્તિ રાખવાની તમારી ભાવનાને વંદન છે, પણ જે ત્યાગમૂર્તિ ન બની શકે યા જેને ત્યાગમૂર્તિ બનવાનાં સાનુકુળ સંજોગો ન હોય તેને વધુ નીચે ઉતરતી અટકાવવા કોઇ વચલા માર્ગનું નિરૂપણ કરી લેવાની હવે જરૂર છે. તપસ્વી જીવન અને પતિત જીવન વચ્ચેનો વચલો માર્ગ તે પુનર્લગ્ન છે.

(૩) **વરવધૂવિક્રય.** આ માટે બીજાને જવાબદાર ગણવા પહેલાં ખુદ યુવકોને પહેલા જ જવાબદાર ગણવા રહે છે. કન્યાવિક્રય માટે માબાપોને જવાબદાર ગણી શકાય, પણ વરવિક્રય માટે તો યુવકોને જ. વરવિક્રયનો પવન આજે અતિ પ્રબળતાથી સમાજમાં વ્યાપી રહ્યો છે. આમાં જેટલી સ્ત્રીજાતિની અવહેલના છે એટલી જ બલકે તેથી પણ વિશેષ પુરૂષ જાતની પણ છે. આ સડો બગાળમાં પ્રવેશ્યો અને અનેક ગભરૂ બાળાઓએ માબાપોને ચિંતામુક્ત કરવા પોતાના પ્રાણની આહુતિઓ આપી. આ પાપ પારસીઓમાં પેઠું અને પરિણામે અનેક બાળાઓ બહુ જ મોટી ઉમર સુધી ગૃહિણી બની શકતી નથી; પાટીદારોમાં પેઠું અને નારીની કીંમત પગના જુતા જેટલી કરી નાખી. આજે તે કોમની અનેક પરિણિત સ્ત્રીઓ નિસાસા નાંખતી પિયરમાં બેઠી છે! આ પાપ બધા સમાજમાં પ્રવેશતું જાય છે. યુવકો આ કલંકને ઉખેડી નાખી નારી જાતિને ભયમુક્ત કરે અને ગરીબ માબાપોને ચિંતામુક્ત કરે એટલી આશા બીજાને સુધારવા તૈયાર થનાર યુવકો પાસેથી સમાજ અવશ્ય રાખે જ. કન્યાવિક્રય અને બાળલગ્ન તો લગભગ બંધ થયાં દેખાય છે છતાં એ વિષે પણ સમાજે સાવધ રહેવા જરૂર છે. વરવિક્રયની કે કન્યાવિક્રયની તક તો સંકુચિત ક્ષેત્રને કારણે જ મળે છે. એટલે જ્યાં કન્યા વધારે હોય ત્યાં વરવિક્રય અને વર વધારે હોય ત્યાં કન્યાવિક્રય થાય છે. અથવા તો નાની નાની કન્યાઓને બહુ મોટી વયના પુરૂષ સાથે કે ગમે તેવી શારીરિક સ્થિતિવાળા માણસ સાથે પરણાવી દેવી પડે છે. ભવિષ્યની પ્રજાનું માયકાંગલાપણું આ અનિષ્ટને આભારી છે અને દેશને એ જબરી ખોટ છે.

લગ્નના પ્રશ્ન વિષે પણ યુવકો કહેવા ધારે છે કે એ પ્રશ્ન વ્યકિત–સ્વાતંત્ર્ય ઉપર છોડવામાં આવે તો તથી લાગતું કે સમાજના અનેક પ્રશ્નોનો આપોઆપ ઉકેલ આવી જાય? આખા સમાજને વધુમાં વધુ તંગ કરતો પ્રશ્ન તેની લગ્નવ્યવસ્થાનો છે. ભિન્ન ભિન્ન ધોળો કે જ્ઞાતિઓ, માનવવિક્રય, વિધવાની અવદશા, બાળલગ્ન કે વૃદ્ધલગ્ન, એ બધા જ પ્રશ્નો લગ્નના પ્રશ્નપર રચાયેલા પેટા પ્રશ્નો છે. એમ લાગ્યા વિના નહિ રહે. આ પ્રશ્ન પરત્વે સમાજ ડખલગિરિ કરવાનું છોડી દે તો ઘણા પ્રશ્નોનો ઉકેલ સુલભ બને છે, એટલે યુવકો આ પ્રશ્ન તરફ સમાજનું ખાસ ધ્યાન ખેંચે છે.

(૪) **એકહથ્થુ શાસનતંત્ર.** સમાજ પાસે યુવકોની એક ફરિયાદ એ છે કે સમાજનું તંત્ર એકહથ્થુ હોય છે. આથી તેમાં યુવક વર્ગને કે સામાન્ય પ્રજાજનને સ્થાન નથી મળતું. આ વાત ભલે કદાચ તદ્દન સાચી ન હોય તો પણ ઘણે અંશે સાચી છે. સમાજનું બંધારણ અને તેની વ્યવસ્થા આજે જબ્બર પરિવર્તન માગે છે. વારસા હકકના મહાજનવટા, વંશપરંપરાના ભોગવાતા સામાજિક અધિકારો અને બંધારણમાં પ્રજાતંત્રના પ્રતિનિધિત્વનો અભાવ આજે પૂર્ણ ફેરફાર અને પલટો માંગે છે.

(૫) **સમાજનાં નાણાંનો વ્યય.** આજે જે રીતે સમાજના નાણાંનો વ્યય થાય છે એ રીત ભૂતકાળમાં આવકારદાયક ગણાતી હશે, પણ આજે તો નથી જ ગણાતી. ભૂતકાળમાં બીજા કાર્યોને અવકાશ નહિ હોય, પણ આજે તો દ્રવ્યાભાવે બીડાયેલાં કે કદી નહિ ઉઘડેલાં અનેક વિકાસનાં દ્વારો ખોલવાની જ્યાં જરૂર ઉભી છે ત્યાં માનવહિત સિવાય બીજી કોઇ વાત સમાજને કેમ સંભારે? આપણું ખર્ચાળ જીવન અને તેથી ખરા કાર્યમાં અનુભવાતી તંગી અનેકના પ્રાણ રૂંધે છે.

સમાજના મોવડીઓને યુવકો પૂછે છે કે અત્યાર સુધીમાં આપણાં સમાજના બાળકો માટે આપણે શું કર્યું? તેમના જીવન ઘડવા માટે શું કર્યું? તેનું જીવન ધન્ય બનાવવા શું કર્યું? એક તરફ સમાજ કાયમ રડે છે કે દ્રવ્ય કયાં છે? સાધન કયાં છે? ત્યારે બીજી તરફ પ્રજા ઉતરતી જાય છે, ક્ષીણ થતી જાય છે, સંસ્કારો બગડતા જાય છે, પણ એ તરફ સમાજે કદી પણ ધ્યાન આપ્યું છે? આજે આખા સમાજમાં આપણાં બાળકો અને બાળાઓ એવા સંસ્કારમાં ઉછરે છે કે મોટા થયા પછી જીવનલ્હાણ ભાગ્યે જ અનુભવી શકે છે, પ્રગતિને પંથે ભાગ્યે જ જઇ શકે છે, દુનિયાની અદ્‌ભુત પ્રગતિને ભાગ્યે જ સમજી શકે છે, કાળપુતળાંની માફક કોઇના દોર્યા અને નચવ્યા નાચી વ્યકિતત્વવિહોણું જીવન પૂરૂ કરે છે, અને જીવન એટલે જાણે કે જન્મી જન્મીને જમીનમાં ભળી જવું એટલું જ હોય એવું બની રહે છે.

મુરબ્બીઓ! વધી ગયેલા ખર્ચાઓ ઘટી શકશે, મરણના ભોજન કે સીમંતની ન્યાતો અટકી શકશે, મહાજન સંસ્થા સુધારી શકાશે, આ બધું ગમે ત્યારે બની શકશે–એક અટલ નિશ્ચયના બળથી બની શકશે, પાંચ પચાસના પુરૂષાર્થથી બનશે, પણ નહિ બની શકે જે એક વખત ઓલાદ ઉતરી જશે તો તેને ઉચ્ચ બનાવવાનું–કુસંસ્કાર અને અજ્ઞાનથી માનવતા ગુમાવી બેસનારમાં પુનઃ માનવતા આપવાનું, નહિ બની શકે સંસારના વિષમથી બગડેલા હૃદય ઉપર અમરતાની અસર ઉપજાવવાનું, નહિ બની શકે દૃઢ થઇ ગયેલા કુસંસ્કારો અને બગડી ગયેલા

બાલક-બાલિકાઓના જીવનમાર્ગો ફેરવવાનું; સમાજે આજ સુધી માનવીઓના વ્યવહારના સુધારા અને અપક્વ અવસ્થામાં ધર્મના પ્રશ્નો ચર્ચ્યા છે, પણ ધર્મ ધારનારને ભૂલ્યો છે. સમાજે બોકડાં, પારેવાં અને કુતરાંની દાઝ જેટલી ધરી છે તેટલી માનવબાળની નથી ધરી. પારેવાની જર કે બોકડાના દૂધ કદી અટક્યાં કે ખૂટ્યાં નથી. માત્ર બાળકોની કેળવણી માટેનાં કે સંસ્કાર અને શક્તિનાં સંયમ માટેનાં દાન ખૂટ્યાં છે ! પાંજરાપોળમાં સેવા કરનારાં સાંપડ્યા છે, પણ માત્ર બાળકોના સંસ્કારમંદિર માટે જ કોઇ મળતું નથી. આ કરૂણ સ્થિતિ માટે આપણો શો જવાબ છે ?

આજના કપરા યુગમાં, જડવાદના જમાનામાં, પલટાયેલા સમયમાં પહેલામાં પહેલું કામ સમાજ માટે યોગ્ય માણસો તૈયાર કરવાનું છે. બાકીનું કામ તો તૈયાર થયેલા એ માણસો કરી શકશે. માટે સમાજનું લક્ષ્ય અને સમાજનું દ્રવ્ય પ્રથમ માનવીના શરીર ઘડવામાં ખર્ચાય, બીજું તેના સંસ્કાર ઘડવા પાછળ ખર્ચાય, ત્રીજું શક્તિ મેળવવાના સાધનોમાં ખર્ચાય, ચોથું સમાજનો 'રોટી'નો સવાલ ઉકેલવામાં ખર્ચાય, પછી સમાજના દીન, દુઃખી, દર્દીઓ માટે, દેશ માટે, માનવજાત માટે અને એ બધી ફરજો અદા કરતાં વધે તો જ આનંદપ્રમોદ માટે. અત્યાર સુધીનો સરવાળો કાઢવામાં આવે તો માલુમ પડશે કે સમાજે જેટલું દ્રવ્ય સામાજીક કે સાંપ્રદાયિક જલસાઓમાં ખર્ચ્યું છે તેનો હજારમો ભાગ પણ સમાજને ઘડવામાં નથી ખર્ચ્યો. આપણી અણઆવડત કહો કે બેદરકારી કહો, પણ આપણી સંસ્થાઓના ભંડોળનો મોટો ભાગ માત્ર સંસ્થા ચલાવવાના કાર્યમાં જ વેડફાઇ જાય છે; એટલે બાકી બીજા કોઇ પણ ઉપયોગી કાર્ય માટે ખર્ચ કરવા કંઇ પણ રહેતું નથી ! આ જાતની પ્રજાશક્તિની નિર્દય બુવારી અને પરિણામે સાધનવાંકે અટકી જતી અનેક પ્રવૃત્તિઓ વિષે યુવકો પોતાનો વ્યાજબી બળાપો પ્રગટ કરે છે.

સમાજે આજ સુધી પ્રજાને થોડું આપીને વધુ લૂંટ્યું છે, વધુ ખર્ચાવ્યું છે. હવે વધારેમાં વધારે આપીને થોડું ખર્ચાવે તો જ સમાજપ્રીતિને પાત્ર બની શકશે. સમાજે ટકવા માટે જીવનનાં સૌ દ્વારો પ્રજા માટે ખુલ્લાં મૂક્યે જ છૂટકો છે. આપણી કોન્ફરન્સ પોતાના ત્રીશ વર્ષના આંકડા તપાસે, પ્રજાએ કેટલું આપ્યું અને પ્રજાને તેનું કેટલું વળતર મળ્યું તે તપાસે તો ઘોર અંધકાર સિવાય બીજું કશું નહિ દેખાય.

(૫) **આપણા ધર્મગુરૂઓ**-યુવકોનો છેલ્લો પ્રશ્ન એ છે કે અમારા જ્ઞાનદાતા ગુરૂઓની નિષ્ક્રિયતા કયારે દૂર કરશો ? એ મહાન ત્યાગીઓની ખરી સેવા સમાજના કલ્યાણ માટે કયારે લેશો ? તે સૌને વધુ પ્રભાવશાળી બનાવવા તે વર્ગનું નિયમન, એકીકરણ અને સંગઠન કયારે રચાવશો ? આજે તો જેટલી સમાજની સુસ્તી અને બેદરકારી છે તેટલી જ સાધુસમાજની પણ છે. તે વર્ગ પણ કલહના વમળમાં સપડાઇ ગયો છે. આજની કેટલીક સંકુચિતતાઓનું-ધર્માંધતા અને સામાજિક કલહ કે વેવલાપણાનું ખરૂં કારણ સાધુઓ જ છે એમ સખેદ કહ્યા વિના ચાલતું નથી. વેશ અને નામ આડે જ્યારથી આપણે હૃદય જોવાનું બંધ કર્યું, ત્યારથી આપણો એ મહાન વર્ગ શિથિલ થઈ ગયો. છેલ્લાં સો વર્ષમાં સાધુઓએ શું કર્યું ? કયું પ્રાણપ્રેરક સાહિત્ય, કયો તત્વજ્ઞાનનો ગ્રંથ પ્રજાને આપ્યો ? નવું આપવાનું તો બાજુએ રહ્યું પણ જુનાને પણ પૂરૂં સંભાળ્યું નથી તેની ઉપર પોતાના અજ્ઞાનના થરો ચડાવીને સત્ય ઢાંકી દીધું છે. પ્રજાને અંધારામાં હડસેલી છે સમાજકલ્યાણ અટકી પડયું છે. સાધુઓ જગતનો જીવતો દીવો છે. એટલે તેણે તો જાતે બળીને પણ જગતને અજવાળવું જ રહ્યું. તેને બદલે આજે તે આપણા અંધકારનું કારણ બની રહેલ છે. કોઇ જો તેના દીવાનું તેલ બની બળવા આવે તો એ તેલને પણ ઢોળી નાંખે છે-ત્યાં જાતે તો કેમ બળે ? સાધુ સમાજ તો ચડિયાતો અને દીર્ઘદૃષ્ટિવાળો હોય. તેના બદલે તેની દ્રષ્ટિ પોતાના આખોચીયાની બહાર પણ આજે જતી નથી. તેનામાં ભાવીદ્રષ્ટિ તો નથી, પણ વર્તમાન દ્રષ્ટિ પણ નથી. યોગી તો યુગનો ઘડનાર હોય, ભાવીનો પેખનાર હોય માનવજીવના ઉંડા ઉંડા ભેદોને જાણી યોગ્ય સ્વરૂપ આપનાર હોય.

સાધુસંસ્થા તરફ સંપૂર્ણ માન અને પૂજ્યભાવ સહિત યુવકો વિનવે છે કે ઓ યોગીઓ ! ત્યાગીઓ ! તમારા માટે માન છે, તમારા ત્યાગ પાસે માથું નમે છે, તમે આત્માર્થી છો, સમાજ તમારી સાચી દોરવણી માગે છે, તો યુગને ઓળખી જાઓ તમે તમારા સાચા સ્વરૂપને પ્રગટ કરો. જ્યાં જ્યાં સેવાના માર્ગમાં અંતરાય હોય અને તમારા સિધ્ધાંતને બાધક ન હોય તેવા બધાં પરિવર્તનો સ્વેચ્છાએ કરી લ્યો. તમારા પગલે જ સમાજ ચાલે છે. તમારી ભલાઇ કે બુરાઇની જ છાપ તેના ઉપર પડે છે. તમારા અંદર અંદરના કલહો, ભેદો, સાંપ્રદાયિક સંકુચિતતા અને તદ્દન નિષ્ફળ જીવન, જ્ઞાનની ખાણ ગણાવા છતાં જ્ઞાનની ખામી અમને જગત પાસે માથું ઉંચું કરવા દે તેમ નથી. જેનો દીવો ઓલવાય તેણે અંધારાંજ ઉલેચવાનાં હોય. આજે અમારો દીવો ઓલવાતો જાય છે. ધર્મવિમુખ થઇ દૂર ભાગતા નવા યુગને તમારો સાચો પુરૂષાર્થ જ થંભાવી શકશે અને ધર્મની નજીક લાવી શકશે. જ્ઞાનની અને સેવાની જ્યોત તમે જ ચાલુ રાખી શકશો. ગુરૂઓ ચેતો ! સમય જાય છે. સમાજનો, સમાજના ધાર્મિક જીવનનો મૃત્યુઘંટ વાગે છે. સજ્જનતા, આધ્યાત્મિકતા અને માનવતાનો ભક્ષક જડવાદ ધસતો આવે છે. તેને સાધુઓ જ રોકી શકે બીજું કોઇ નહિ. સ્વામીજી ! ભાવી ભયંકર છે. યુવકો માગે છે કે તમે સામર્થ્યવાન થાઓ !

યુવકો પૂછે છે કે અમારે કયો પ્રમાણભૂત ગ્રંથ વાંચવો કે જેમાં સાંપ્રદાયિક ઝેર ન હોય, સંકુચિતતાનો અંશ પણ ન હોય, મતમતાંતરના ઝઘડા ન હોય. અમારૂં સાહિત્ય બગડતાં, સાહિત્યમાં વિકૃતિ પેસતાં આખો સમાજ કાયમનો લડતો-ઝગડતો જ બની જાય છે. યુવકો વિદ્વાનોને વિનવે છે કે આ કાર્ય તમે કરશો ? જૈન સંસ્થાને પૂછે છે કે આ કાર્ય તમે કરાવી શકશો ? ખોટા સાહિત્યથી પ્રજા ખોટો ધર્મ શીખશે. ખોટા ધર્મ કરતાં તો ધર્મવિહોણી સ્થિતિ વધારે ઇચ્છવા જેવી હોય છે એમ યુવકો માને છે.

આવું આવું ઘણું યુવકોને કહેવાનું છે સદીઓ થયા જેમ તેમ ચલાવ્યું. હવે સમય પલટાયો છે. લોકોની ભાવના પલટાણી છે. ભાવી અતિ કાળું હશે એવી ભીતિ છે. આ સદી તો હજુ પણ જુના અને નવાની વચ્ચે ઉભી છે. આવતી કાલ કોઇ બીજા વર્ગની હશે. ત્યારે ઓ જુનવાણીઓ ! તેઓ નહિ તો સાંભળે તમારૂં કે નહિ તો સાંભળે અમારૂં. ત્યારે જે જે વાતો તમે યુગો થયા સાચવતા આવ્યા છો તે નહિ ટકે અને એ અણમૂલો વારસો વારસદાર વગરનો બની જશે. માટે બહુ મોડું થાય તે પહેલાં આજના યુગને સાંભળી લો. યુવકોને અપનાવી લો તો વહી જતાં પૂરને ખાળી શકાશે. બાકી સમય ચુક્યે તો આંખનાં પૂર પણ ખાળ્યાં નહિ ખળાય !

વડીલો ! તમે તમારે હાથે ઇચ્છાએ કે અનિચ્છાએ કાર્ય કરી યશ લઇ લો, અને ભવિષ્યની પ્રજા માટે યોગ્ય વારસો અને

ચાલી ભરતા જાઓ! હજુ આઠમો નવયુવક ત્યાં ખભે શરમ સાથે નવા જુનાના સંધિકાળ ઉપર ઉભો છે. આવતી કાલે નૂતન-યુગ તો દૂર હશે. બીજો કોઈ પોતાની રીતે કામ કરશે અને તમારે દૂર બેસીને ટગર ટગર જોવું અને શરમાવું પડશે.

હજુ પણ પુણ્યનું કામ, પવિત્ર કામ, સમાજકલ્યાણનું કામ તમારા હાથે, તમારા કરચલી પડેલા વૃધ્ધ મુખારક હાથે કરાવી તમને માન આપવાની યુવકોની મુરાદ છે. બાકી તો આવતી કાલ કોણે દીઠી છે કે તે કેવી હશે!

અત્યારના પ્રશ્નો વિષે આટલો અંગુલિનિર્દેશ જ કરું છું. વિશેષ જે કંઈ કહેવાનું હશે તે પ્રસંગે કહીશ. મારે કહેવાનું પૂરું કરું તે પહેલાં મારા યુવક મિત્રોને પણ મારે બે શબ્દો કહેવાના છે, અને તે એ કે આપણે જુનવાણી તત્વો માટે ઘણું પણ આપણા માટે પણ થોડુંક કહેવાનું છે. જે ત્રુટિઓ આપણામાં પેઠી છે, જે જે નબળાઈઓએ આપણને ક્રિયાશૂન્ય કર્યા છે, જે જે સ્વચ્છંદતાએ આપણી વિવેકબુધ્ધિને આવરી લીધી છે, તે સૌ બાબતો તજી આપણે યુવકનામ સાર્થક કરીએ. જો આપણે પ્રબળ પુરૂષાર્થ અને નિર્મળ બુધ્ધિ અને વૃત્તિથી કોઈ પણ ક્ષેત્રમાં જઈશું તો અવશ્ય આપણને આપણું સ્થાન વહેલું મોડું પણ મળ્યા વિના રહેવાનું નથી. એવા પૂર્ણ વિશ્વાસથી આપણે આગળ ને આગળ જવું અને સમાજને પણ લઇ જવો. પ્રયત્નશીલ હઇશું તો કોઇ દિવસ આપણી કલ્પનાનો સુખદ સમાજ જરૂર ઉત્પન્ન કરી શકાશે!

જયાહો વીરનો! વીરના માર્ગનો! યુવક તારી યુવાનીનો!

મજલાલ ધ. મેઘાણી.

(પૃષ્ઠ ૨૩૪ થી ચાલુ)

જોઇતી હતી, તેને બદલે ઉપર કહ્યું તેમ મિથ્યા અને બીક ધર્મનો ઢંગ માત્ર રહ્યો છે. એટલું જ નહિ પણ ધર્મ અને અહિંસાની ઓથમાં પાપ અને હિંસાની વેલ ફુલવા અને ફાલવા લાગી છે.

બીજી બાજુ કટલાકોએ એ વાત પકડી રાખી છે કે પ્રાણીવિરોધની પ્રત્યેક ક્રિયામાં પાપ છે; પણ તેને હિંસા ત્યારે જ કહી શકાય કે જ્યારે તે પ્રમાદને વશ થઇને કરવામાં આવી હોય. પણ પોતાની સ્વાર્થ માટે કોઇ ક્રિયા ન કરી હોય તો તે પ્રમાદ કયા રીતે કહી શકાય? દેશની અગર ધર્મની (?) રક્ષા માટે બીજાનું ખૂન કરીએ અથવા શસ્ત્ર ઉઠાવીએ તો તેમાં પ્રમાદ ક્યાંથી આવ્યો? એમાં તો આપણા સ્વાર્થત્યાગ અને બલિદાનની જ ભાવના છે. કોઇ એક આદર્શને માટે મરી ફીટવાની ભાવના છે-શૂરવીરતા છે. તેથી જ એ વર્ગ એવી હિંસામાં પાપ છે એમ માનતો નથી. એટલું જ નહિ પણ એમાં શૂરવીરતા અને ધર્મ માને છે. શસ્ત્રત્યાગને તેઓ બાયલાપણું માને છે.

પરંતુ આપણે જરા ધ્યાનપૂર્વક વિચાર કરીશું તો જણાશે કે આ માર્ગ પહેલા કરતાં અને વાસ્તવમાં હોય-પથી કંઇક સારો છે. પણ એમાં પણ શૂરવીરતા અને મરદાનગીની છાંયા માત્ર છે. સાચી વીરતા નથી. એમ પણ માનીએ કે જેમ પહેલા વર્ગના લોકોએ અહિંસાના સ્વરૂપને વિકૃત કરીને એમાંથી પોતાના સ્વાર્થ-સાધનનો માર્ગ કાઢી લીધો હતો, તેવી રીતે આ વર્ગમાં પણ ઉંચી ભાવનાઓ અને શૂરવીરતાના નામ પર નિંદ્ય કામો પણ થયા છે અને થાય છે. આજનું યુધ્ધ એ પ્રત્યક્ષ પ્રમાણ છે. હિટલર અને ચર્ચીલ-બન્ને એમ કહે છે કે તેઓ જગતમાંથી અત્યાચારનો નાશ કરવા માટે લડી રહ્યા છે. એક કહે છે "તમે ૨૦ વર્ષો પહેલાં વરસેલ્સની સંધિમાં અમારી સામે અત્યાચાર કર્યો હતો. અમને એકદમ નિર્જીવ બનાવવાની યુક્તિ કરી હતી. આજે અમે એનો જ માત્ર પ્રતિકાર કરીએ છીએ!" બીજો કહે છે "તમે દુનિયામાંથી લોકસત્તા (Democracy)નું ખુન કરવા માંગો છો અને એની જગ્યાએ વ્યક્તિગત સત્તા (Dictetorship) અને દમનનું સામ્રાજ્ય કાયમ કરવા માંગો છો. એમ થઇ શકશે નહિ. અમે મરીશું પણ તમને તો માર્યા વગર નહિ જ છોડીએ". બંને પોતપોતાના દેશવાસીઓને આદર્શ અને "નવી દુનિયા" કાયમ કરવા માટે મરી ફીટવા હાકલ કરી રહ્યા છે. એમ પણ કહે છે કે દુશ્મનોનો સર્વનાશ કર્યા વગર તેમ બની શકશે નહિ માટે "એમનો, એમના સ્ત્રી બાળકોનો, એમનાં ઘરોનો અને એમની માલ મિલ્કતનો સર્વનાશ કરવા તૈયાર રહો. એમના દેશને તોપોથી પોકરાવવા તૈયાર થાઓ એમ કરતાં જે દેવળો, ઈસ્પિતાલો, સ્કુલો, અને નિર્દોષ સ્ત્રીબાળકો આપણી હડફટમાં આવે અમે નાશ પામે તો તેમાં આપણે શું કરીએ? આપણે તો ઇશ્વર માટે, ધર્મ માટે લડીએ છીએ."

એ બંનેમાંથી કયા પક્ષની સાથે ઇશ્વર છે તે તો તેઓ જાણે. બીચારી ભોળી જનતામાં તો, બંને દેશનાં નેતાઓ મીઠી વાતો અને પ્રચારક સાધનો-વર્તમાન પત્રો રેડીઓ વગેરે-દ્વારા પોતાની વાતનો વિશ્વાસ બેસાડતા રહે છે. બંને બીજા પક્ષને જૂઠો અને પોતાને સત્યનો અવતાર બતાવે છે! કોણ કહે છે કે એજ બંને દેશના નેતાઓ પોતાના સ્વાર્થની રક્ષા ખાતર જ નથી લડી રહ્યા? ઈંગ્લાંડને પોતાનું સામ્રાજ્ય બચાવવા સવાલ છે. તો જર્મનીને નવું સામ્રાજ્ય ઉભું કરવાની લિપ્સા છે. સામ્રાજ્યના સર્જન કે વિસર્જનથી જનતાનું શું ભલું બુરું થવાનું હતું? એમને તો જો નેતાઓ મુક્ત રાખે તો પ્રકૃતિદ્વારા દેશમાં એમને લાયક પુષ્કળ સાધન પડયાં છે.

'શૂરવીરતા' અને 'અપ્રમાદ' ના આ વિચારમાં બે મોટી ત્રુટીઓ છે. એક તો એ કે આ બે પક્ષમાંથી કયા પક્ષમાં સત્ય છે ધર્મ છે તેનો કોણ નિર્ણય કરે? એક કહે છે કે પોતાના પક્ષમાં ધર્મ અને સત્ય છે. બીજો કહે છે કે પોતાના પક્ષમાં. નજીવી બાબતોમાં અને ઝગડાઓમાં ભલે બુદ્ધિ અનુસાર કોઇ પણ નિર્ણય કરવામાં આવે પણ આવા સાર્વજનિક અને સામુદાયિક પ્રશ્નોપર તો કોઇ પણ પ્રકારનો અભિપ્રાય આપવો અસંભવિત છે. વળી એ નિર્ણયને સાંભળવા થોભે છે કોણ? નિર્ણયથી જ જો બેમાંથી એક પક્ષ પોતાની ભુલ કબુલ કરી લે તો પછી ઝગડો શાનો? અને જે ધર્મને માટે એક બીજાના માથાં ફોડવાં તૈયાર થઇ જાય એ 'ધર્મ' કયા પ્રકારનો તે જ નથી સમજાતું! જે લોકો એમ કહે છે કે ધર્મની રક્ષા માટે જે હિંસા કરવામાં આવે તો તેમાં પાપ નથી, તેઓ ભૂલ કરે છે. તેઓ સમજતા નથી કે તેઓ શું કહી રહ્યા છે. હવે રહી શૂરવીરતાની વાત. શૂરવીરતા માટે જ્યારે તમે કોઇને હાકલ કરો છો ત્યારે મરવા માટે, બલિદાન દેવા માટે તૈયાર રહો એમ તમે કહો છો. તરવારના એક ઝટકાથી દશ માથાં કાપી નાંખવામાં બળ (Physical strength) ભલે હોય, બહાદુરી તો જરા પણ નથી. બહાદુરી તો એમાં છે કે પોતા માટે, પોતાના આદર્શ માટે, જેને ધર્મ માનીએ છીએ તેને માટે, પોતાની ટેકને માટે પોતે મરવા તૈયાર થઇ જાય. બીજાને મારીને મરે કે માર્યા વિના મરે એ તદ્દન નિરાળી વાત છે. એનો બહાદુરી સાથે કોઇ પણ જાતનો સંબંધ નથી. હાં, બુજદિલીથી, વાણીયાગતથી કે બજદત વેચીને જીવ બચાવી લેવો એના કરતાં તો હિંસા કરીને, બીજાને મારીને મરવું

ધાર્મિક કાર્યો પ્રસંગે થતો વિવેકશુન્ય દ્રવ્યવ્યય

ગયા માગશર માસમાં હું અમદાવાદ હતો તે વખતે ત્યાંની કેટલીક પોળોમાં વસતા જૈનભાઇઓએ ત્યાં ચોમાસું રહેલા સાધુઓના ઉપદેશથી 'ઉપધાન'ના નામે ઓળખાતો ધાર્મિક સમારંભ મોટા પાયા ઉપર કરેલો અને માળ પહેરાવવાને લગતા વરઘોડા સારા ઠાઠમાઠ અને મોટા આડંબરથી કાઢવામાં આવેલા. આ ધાર્મિક ક્રિયાના બહાના હેઠળ ત્યાંના જૈન સમાજે લગભગ બે લાખ રૂપિયાનું પાણી કર્યું હશે એમ અનુમાન કરવામાં આવતું હતું. જૈન સમાજની આવી અંધશ્રધ્ધા અને ધર્મના નામે ઉડાઉગીરી જોઇને જૈનેતર સમાજને પણ આઘાત લાગતો હતો. ધર્મ પ્રભાવનાના નામે આવી મોટી મોટી રકમો ખરચી નાખનાર જૈન શ્રીમાન પાસે કોઈ બેકાર જૈન ધંધા કે નોકરી માટે અથવા તો કોઇ ગરીબ જૈન વિદ્યાર્થી અભ્યાસ માટે મદદ માગવા આવશે તો તેની તરફ આ ધર્મી ગણાતા ભાઇ તદ્દન ઉદાસીનતા દર્શાવશે. આપણા સમાજની આ મનોદશા છે. સમાજના શ્રીમંત વર્ગને ધર્મના નામે પોતાની મહત્તા વધારવાની અને તેને પોષવા માટે ગમે તેટલો ખર્ચ કરવાની ભારે હોંશ છે. પોતાની મહત્તા વધે છે કે નહિ, પોતાની વાહવાહ બોલાય છે કે નહિ એ સિવાય તેને બીજું કશું ધ્યેય હોતું નથી. આવી વૃત્તિવાળા ભાઇઓ પાસે આપણા સાધુ મુનિરાજો તેમની અંધશ્રધ્ધા અને મહત્વાકાંક્ષાનો લાભ લઇને ક્ષણિક આનંદ અને પરિણામે કશો લાભ નહિ એવા ધાર્મિક કાર્યો પાછળ લાખો રૂપીઆ ખરચાવે જાય છે. આવું જ એક પ્રકરણ થોડા દિવસ પહેલાં કોલ્હાપુર ખાતે બન્યું. ત્યાં મારવાડી શ્રીમંત ભાઇઓ તરફથી શ્રી. મુનિસુવ્રત સ્વામીનું એક ભવ્ય મંદિર દોઢ બે લાખનો ખર્ચ કરીને બંધાવવામાં આવ્યું છે. તાજેતરમાં થયેલ તે મંદિરની પ્રતિષ્ઠાના વિગતવાર સમાચાર છાપાઓમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. મંદિરમાં પ્રતિમાજી પધરાવવા માટે તેમજ મંદિર ઉપર કળશ તથા ધ્વજદંડ ચઢાવવા માટે તેમજ બીજી ક્રિયાઓની ઉછામણી દોઢેક લાખ રૂપીઆ થઇ હતી એમ જણાવવામાં આવ્યું છે. વળી એ પ્રતિષ્ઠાને અંગે એક નગર રચવામાં આવ્યું હતું તે પાછળ હજારો રૂપીઆનું ખરચ કરવામાં આવ્યું હતું. વળી ભગવાનના સંસારી જીવન વ્યવહારના નાના મોટા પ્રસંગો ઠાઠમાઠથી ધામધુમ સાથે ઉજવવામાં આવ્યા હતા. એમાં એક પ્રસંગ ભગવાનના લગ્નનો ઉજવાયો હતો અને તેમાં ચોરી આદિ રચવાનો પ્રસંગ ગોઠવવામાં આવ્યો હતો. પ્રતિષ્ઠા જેવા પવિત્ર પ્રસંગે આવી રચનાઓ શું કામ કરવામાં આવતી હશે અને તેમાં સમાજને શું લાભ થવાનો હશે એ સમજાતું નથી. આવી પવિત્ર ક્રિયાઓ પાછળ આવા આડંબર અને ઠાઠમાઠ કરવા અને હજારો રૂપીઆ ખરચવા એ કેવળ અર્થહીન અને વિવેકશુન્ય જ કહેવાય. જે પૈસા ખરચી નાંખવા છતાં તેનું કશું સ્થાયી ફળ સમાજને ન મળે એ ખરચનું ઘોરણ જ ખોટું સમજવું. જે તીર્થંકર મહાત્માની પ્રતિમાને મંદિરમાં પધરાવવી છે એ ભગવાને જગતભરમાં શાન્તિ સ્થાપવા માટે અને શાન્તિનો ઉપદેશ આપવા માટે સંસારના સુખોપભોગ અને રાજપાટનો ત્યાગ કરી કઠણ તપસ્યા કરવા પવિત્ર સન્યાસ ગ્રહણ કર્યો. એવા પવિત્ર પુરૂષની પ્રતિમા મંદિરમાં પધરાવતી વખતે તીર્થંકર મહારાજના ધ્યેયને સન્મુખ રાખી આવી ક્રિયાઓ સાદાઇથી પવિત્રપણે ગંભીરતાપૂર્વક કરવી ઘટે છે.

અત્યારે આપણા જૈન સમાજનો મોટો ભાગ બેકારી અને કંગાલિયતભરી આર્થિક મુશ્કેલીમાં સપડાયેલો છે તેમાં તેનો ઉધ્ધાર થાય, આપણા સમાજમાં સ્ત્રી પુરૂષો સાદું ભોજન મેળવી શકે, તેનાં બાળકો સાદો અને તન્દુરસ્ત ખોરાક લઇ અભ્યાસ કરી શકે અને બેકારીના ભોગ બનતા અટકે એવા કોઇ ઉપયોગી કાર્ય માટેની એક યોજના તૈયાર કરી તેમાં આવા પવિત્ર પ્રસંગોએ દ્રવ્યનો સદુપયોગ કરવામાં આવે તો જૈન સમાજ જરૂર તેને વધાવી લે. પરંતુ સમાજ જ્યારે ગંભીર બેકારી ભોગવે છે, તેવા વખતમાં જૈન સમાજ સમૃદ્ધિવાન અને વૈભવશાલી છે, એવા દેખાવ કરવા પાછળ હજારો રૂપીઆ નિરર્થક ખરચી નાખવા એ ખરેખર સમાજની કમનસીબી અને પડતીના ચિન્હ રૂપે ગણાય અને તે ઉપરાંત અન્ય કામમાં આપણી આવી ઘેલછા હાંસીપાત્ર બને. આવા ધાર્મિક કાર્યો પાછળ દ્રવ્યનો વ્યય કરવા માટે જે મુનિરાજો ઉપદેશ આપે છે તેઓ ધાર્મિક કાર્યો પાછળ દર વર્ષે ખરચાતા લાખો રૂપીઆ સમાજમાંથી બેકારી અને કંગાલિયત દૂર કરવાના કોઇ ઉપયોગી કાર્ય માટે વાપરવાનો ઉપદેશ આપે એવી મારી તેમને આગ્રહભરી વિનંતિ છે.

સમાજના શિક્ષિત અને શ્રીમંત વર્ગને મારી પ્રાર્થના છે કે આવી રીતે અર્થશુન્ય દેખાવો કરવા પાછળ હજારો રૂપીઆ ખરચાય છે તેને બદલે સમાજના સ્ત્રીપુરૂષો, બાળક બાળકાઓ વધુ સુખી અને સંતોષી બને એવા કાર્ય પાછળ ખરચાય એવો કોઇ યોગ્ય પ્રબંધ અને પ્રયાસ કરી સમાજને સુરક્ષિત અને સુદૃઢ બનાવે. **મણિલાલ મોકમચંદ શાહ.**

અથવા તો બચી જવું પણ સારું છે; પરંતુ શુરવીરતાના નામ પર બીજાનો સર્વનાશ કરવા માટે આંધળા બનવામાં–ભલાબુરાનું જ્ઞાન ભૂલી જવામાં તો અહિંસા હરગીજ નથી. ભલે ગમે તેમ હો. અહિંસાની પહેલી શરત છે 'અપ્રમાદ' અને અપ્રમાદનો અર્થ છે કોઈ પણ પ્રકારના વિકાર રહિત નિર્મળ બુદ્ધિ. બીજાનો સંહાર કરવાને તૈયાર થનાર એ દાવો તો નજ કરી શકે કે પોતાની બુધ્ધિમાં કે તર્કમાં કોઇ વિકાર નથી. એની બુદ્ધિ બીલકુલ સમત્વપ્રેરિત છે—યોગીની બુધ્ધિ છે! આ રીતે વિચારતાં માલુમ પડશે કે 'અપ્રમાદ'નો તર્ક બહુ ગુંચવણ ભર્યો છે. યુદ્ધ અગર એવી કોઇ પણ સ્થૂળ હિંસાથી ભરેલી બીનાનું આ વાતપર સમર્થન કરવું એ કેવળ ભૂલ છે-વિતર્ક છે. હાં, દરેક પ્રસંગે અહિંસાથી કેમ કામ લેવું એ બાબતની સમજણ કે જ્ઞાનના અભાવના કારણે યુદ્ધ કરવું, શસ્ત્ર ઉઠાવવાં અગર સંહાર કરવો એજ માત્ર એક માર્ગ દેખાય એ બીલકુલ જુદી વાત છે.

અહિંસાની વ્યાખ્યા, એનું ક્ષેત્ર અગર વ્યાપકતાની વાતમાં જેટલી શંકા લોકોએ ઉઠાવી છે અને આ અંકમાં અપાયલા ઉતરોમાં ઉઠાવાઇ છે તે સઘળી ઉપર કહી તે બે પ્રકારની વિચારધારાઓથી જ ઉઠવા પામી છે હું સમજું છું કે ઉમાસ્વાતિ આચાર્યે જે હિંસા–અહિંસાની વ્યાખ્યા કરી છે તે પૂર્ણ છે અને સાધકના કામની ચીજ છે. ધ્યાનમાં રાખવાનું એટલું જ કે આપણે એનો પુરો અર્થ ગ્રહણ કરીએ બરોબર સમજી લઇએ એના કોઇ પણ એક ભાગપર જોર આપી એ વ્યાખ્યામાં રહેલા સમગ્ર વિચારને વિકૃત ન કરીએ.

(અપૂર્ણ) **સિદ્ધરાજ ઢઢ્ઢા**

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૧

મુંબઇ : ૧ મે ૧૯૪૧ ગુરૂવાર.

લવાજમ
૩ રૂપિયા ૨

અપાપાપુરી

રાજગિરિથી અમે પાવાપુરી જવા ઉપડયા. રાજગૃહની આસપાસ જે પાંચ ડુંગરાઓ ગોઠવાયેલા છે તેમાંના લાંબા વિપુલગિરિને જમણી બાજુએ રાખીને અમે ચાલ્યા. રસ્તામાં ઉપયોગી થાય એમ સમજીને મકદૂમ કુંડનું પાણી ભરી લીધું અને આગળ ચાલ્યા. મકદૂમ કુંડની જગ્યા મૂળે જ રમણીક છે. ત્યાં નહાવાની વ્યવસ્થામાં માણસાઇનો ખ્યાલ રાખેલો જોઇ સંતોષ થયો. પણ આસપાસ માછલાં મરઘાંની હત્યા જોઇ ચિત્તમાં ગ્લાનિ પેદા થઇ. જે ઇસ્લામે કાબાના મંદિરમાં મનુષ્યની કે પશુની હત્યા થાય નહિ એમ પહેલેથી નક્કી કર્યું, તે ઇસ્લામને શું આવો નિયમ નહિ કરતા આવડે કે જ્યાં જ્યાં તીર્થસ્થાન છે કે પ્રખ્યાદતની જગા છે તેની આસપાસ અમુક હદ સુધી પ્રાણી-હત્યા થાય નહિ ? ઇસ્લામનો દાવો છે કે એ છેલ્લામાં છેલ્લો અને સહેલામાં સહેલો ધર્મ છે. એવા ધર્મમાં પણ એટલો ઉમેરો ન્હરર થઇ શકે કે જે અભયદાન કાબાના મંદિરમાં છે તે જ અભયદાન દરેક પવિત્ર સ્થાન માટે પણ હોય.

મારા વિચારો વેગથી, અહિંસાની ખોજમાં, ભવિષ્યકાળમાં દોડતા હતા અને અમારી મોટર એટલા જ વેગથી અહિંસાની પુણ્યભૂમિ તરફ અમને લઇ જતી હતી.

વિપુલગિરિનો સાથ રાખી અમે સાત માઇલ સુધી પૂર્વની દિશામાં દોડ્યા અને ત્યાં સૂર્યાસ્તની તૈયારી સાથે અમારા ભાગ્યનો ઉદય થયો. કેમ કે અહિં અમે જે પ્રાકૃતિક દૃશ્ય જોયું તે સહેજે ભુલાય એમ ન હતું. જ્યાં વિપુલગિરિનું ઉત્તુંગ શિખર પૂરું થાય છે ત્યાંજ સુભગલીલા 'પચાન' કે 'પચાનવે' નદી આવે છે. નદી "એક રાત અહિં રહી ન જાવ!" એમ કહેવાનું એનું મન થયેલું સ્પષ્ટ દેખાતું હતું; પણ અમારી મોટર તરફ ધ્યાન જતાંજ તે એણે ઠરાવ્યું કે આ લોકો જીવનપ્રવાહી નથી પણ તેલપ્રવાહી છે. (કે પેટ્રોલપ્રવાહી કહીએ ?). ખરેખર એ સ્થાન એટલું સુંદર હતું કે જો સીતામાતા અહિં આવ્યા હોત તો ત્રણ રાત્રનો વાસો કર્યા વગર આગળ જાત જ નહિ. ભવ્ય પ્રાકૃતિક દૃશ્યની છાયા પૂજ્યના અક્ષત જેવી ધોળી ધોળી રેતી અને કુદરતના દરબારમાં અમે દરબારી કીડા, સામાન્ય પાદપ નથી એવા અભિમાનથી ડોલનારા તાડનાં વૃક્ષ, અમને વચમાં વચમાં સાસઅતે લીલતો પ્રખરાયેલા ગાલિચો, એ બધું જ ચિત્તને હરે એવું હતું. એમ ખાતરી, મેં આવી કરતી સંધ્યાએ સાતના છંટણા નાખવાનો પ્રારંભ કર્યો હતો અને પિતા સમો પહાડ સંધ્યાને તેમાં કરતાં રોકતો હતો.

રેતીમાંથી મોટરને લઇ જવી એ સહેલી વાત નથી હોતી, પણ ગામડાંના લોકોએ તાડના વિશાળ હાથ આડા પાથરેલા હોવાથી અમે સહેલાઇથી પેલી પાર જઇ શકયા અને ત્યાંથી પાછા વળી એ આખા દૃશ્યનું અતૃપ્ત આંખે ફરીવાર પાન કરી શકયા. અમે જ્યાં ઉભા હતા ત્યાં અમારી પાછળ નાનકડું ગિરિયક ગામ વાળુની તૈયારી કરતું હતું.

ગિરિયક વટાવતાંવેંત અમે વજ્રલેપ રસ્તા ઉપર આવ્યા અને પાંચ માઇલની ઓતરાદી દોટ મૂકી. હવે આંખો તો આખા આખા લંબાણ દરમિયાન પશ્ચિમ દિશાએ જ ચોંટી રહી હતી. પહાડ પાછળ પડતાવેંત સૂર્યનારાયણનાં ફરી દર્શન થયાં. પ્લેટિનમનું સોનું થવા આવ્યું હતું. તાડનાં ઝાડ રમતીયાળ બાળકોની પેઠે દોડી દોડીને એ દર્શનને આડે આવી દર્શનનો આનંદ દસગણો વધારતા હતા. આથમતો સૂર્ય પોતાની શોભાથી સિધ્ધ કરતો હતો કે આર્ય જન દરેક સ્થિતિમાં આર્ય જ રહે છે અને આદરના અધિકારી જ રહે છે. અહિંની ખેતી શું, તાડ કે બીજા ઝાડો શું, રસ્તો શું કે ઝુપડીઓ શું, બધું જ કળામય દેખાતું હતું. અડધાં લણેલાં ખેતરો પોતાની સીધી લીટીથી આખા ચિત્રને રેખીય બનાવતા હતા. અને સુરજ પોતાનું ઉંચું સ્થાન ધીમે ધીમે છોડીને પૃથ્વીને પંપાળવા નીચે ઉતરતો હતો. પોતાનું આજ નાખનારું તેજ હવે એણે ઉતારી નાંખ્યું હતું. સૂર્યાસ્તને આખર સુધી જોવો કે નહિ એનો હું નિર્ણય કરું તે પહેલાં જ અમારી જમણી બાજુએ રસ્તા પરના બે થાંભલાઓએ પાવાપુરીરાઇની ગર્જના કરી, અને અમે તરત દાક્ષિણ્ય સંધ્યું.



પાવાપુરીનું દૃશ્ય

લીલાં લીલાં ખેતરોના વિસ્તાર વચ્ચે પાવાપુરીનાં ધોળા મંદિરો કેટલાં શોભે છે! આ સ્થાને એક આર્ય હૃદયના જીવનકળાનો અસ્ત થયો હતો. આ સ્થાને વાયુરનિલમ્, અમૃતં હવ, મસ્માન્તં શરીરં । (શ્વાસ હવામાં મળી જાય છે, આત્મતત્વ અમર છે અને શરીર તો રાખનો ઢગલો થતો રહે છે) એની ઉદ્ઘોષણા કરાઇ હતી. આ સ્થાને આજથી બેહજાર વર્ષ પહેલાં વીરતાપૂર્ણ અહિંસાનો આખરી સંદેશો દેવા ઉભેલા [illegible] આ સ્થાનને અપાપાપુરીનું નામ આપ્યું હતું.

અતિશયોક્તિ કરવાની ટેવ હતી એમ કોઇ કહી ન શકે. અહિંસા, અપરિગ્રહ અને તપસ્યા એ જો પાપને હટાવવા સમર્થ ન હોય તો માણસે પુણ્યનો માર્ગ કોઇ કાળે સેવવો જ નહિ. કહે છે કે ગોરખપુર જીલ્લામાં કાશીયા પાસે પુપ્પોર કરીને એક ગામડું છે. એજ મહાવીરનું સાચું નિર્વાણધામ છે. પાવાપુરી કરતાં પુપ્પોર એ નામ અપાપાપુરી સાથે વધારે મળતું છે. એ ખરું હોય અને કનિંગહમ (Cunningham) તથા રાહુલ સાંકૃત્યાયન પણ ભલે સિદ્ધ કરે કે પુપ્પોર જ અસલી સ્થાન છે, પણ જૈનોની શ્રદ્ધાએ જો એને ત્યાંથી ખસેડી પાવાપુરીમાં આણ્યું હોય તો તેમ કરવાનો તેમને હક્ક છે. અને આપણે તો ઇતિહાસની ખણખોદી દૃષ્ટિ કરતાં ભક્તોની શ્રદ્ધાને જ વધારે માન આપવાના. લગભગ વીસ વરસ પહેલાં આ સ્થાન જોયું હતું. એટલે હવે તો મન સાથે એ નિશ્ચય જ થઇ ગયો છે કે અપાપાપુરી બીજે ન જ હોઇ શકે.

રસ્તાની એક મોટી નાગમોડી પૂરી કરીને અમે જળમંદિરના મહાદ્વાર પાસે જઇ પહોંચ્યા. બીજા તીર્થોમાં જેમ એક જાતની અકળામણ હોય છે તેવી અહિં ન થઇ. અહિં બધું શાન્ત પ્રસન્ન હતું. નવું મહાદ્વાર અને એના પરનું નગારખાનું (જે હજી પૂરું થયું નથી) અને જળમંદિર સુધીનો પહોળો પુલ; બધું લાલ પથરાની ખાનદાનીથી ચણેલું છે. પુલની બન્ને બાજુ બગીચાઓ છે. અને તળાવની અંદર કમળનાં પાંદડાં આખા તળાવને ઢાંકી દેવું કે નહિ એના અનિશ્ચયમાં સ્હેજસાજ ડોલે છે. બેઠા ઘાટનું સામેનું મંદિર પુલના કાટખુણામાં નથી એ બીના તરત ધ્યાન ખેંચે છે. તેથી કંઇક અડવું અડવું જેવું લાગે છે. પણ અંતે આમાં જ વધારે સુંદરતા છે એમ મન સાથે નિશ્ચય થાય છે.

પાણીની પેઠે પૈસા ખરચીને સ્થાપત્યકળા બગાડવાનો આરોપ આજકાલના જૈનો સામે મેં રજુ કર્યો છે. પણ પાવાપુરીનું જળમંદિર એક અત્યંત આલ્હાદજનક અપવાદ છે.

અહિં આવ્યા પછી અમૃતસરના સુવર્ણમંદિરનું સ્મરણ થયા વગર રહે જ કેમ? પણ એક તો અમૃતસરનું તળાવ કંઇક નાનું છે, મનુષ્યવસ્તી વચ્ચે છે, અને એમાં કમળો નથી. એ ઉપરાંત સુવર્ણમંદિરમાં કબુતરોનો ઉપદ્રવ આધ્યાત્મિક શાંતિનો નાશ કરે છે. અહિં પાવાપુરીમાં ડાંગરના ખેતરો વચ્ચેનું આ કમલકાસાર પોતાની સ્વાભાવિકતાથી રાજ કરે છે અને એની વચ્ચેનું જળમંદિર કોઇ લોભીની પેઠે આખું બેટ ભરી નથી કાઢતું. એણે પોતાની આસપાસ ફરવા ફરવા જેટલી ખાસી જગા ખુલ્લી મુકી છે અને અપરિગ્રહનું વાતાવરણ જમાવ્યું છે. મદુરાનાં મોટાં મંદિરોમાં જે ભવ્યતા હોય છે તો પાવાપુરીના આ નાનકડાં મંદિરમાં અણિમાની અને લાવણ્યની સિદ્ધિ છે. જૈનો જો પોતાના અનેક મંદિરોમાં અહિંની પેઠે જ આરસપહાણનો ઉપયોગ કરે તો કોઇ એમની નિંદા નહિ કરે. એમણે એક વાત છોડી દેવી જોઇએ. જૈનોમાં ભગવાનની ભક્તિ કરતાં પોતાની નામનાની અખળખા વધારે હોય એમ લાગે છે. જ્યાં જુઓ ત્યાં બારણા ઉપર મોટી મોટી તખ્તીઓ ચોડી એના ઉપર કેટલાક નામો લખેલાં જડે છે. કેટલાક તો પોતે કેટલા પૈસા આપ્યા તેનો વેપારી હિસાબ પણ કોતરે છે. આ બધું જાહેર કરવું જ હોય તો બારણાને માથે ન કરતા બારણાની બે બાજુની દીવાલ ઉપર જમીનથી બે ત્રણ ફુટની અંદર જ કરી દે તો ખ્યાતિ પણ થાય અને નમ્રતા પણ જળવાય.

કેટલાક વૈષ્ણવ ભક્તો બીજે છેડે જઇને પોતાનાં નામો અને પોતાની આકૃતિઓ મંદિરના મહાદ્વાર આગળની ફરસી ઉપર કોતરે છે. કલ્પના એવી કે દર્શને આવેલા અસંખ્ય ભક્તોની ચરણરજ પોતાના નામ ઉપર પડે તો તેટલાથી પાવન થઇશું. આમાં નમ્રતાની પરાકાષ્ટા દેખાય પણ મારા જેવા દર્શનાર્થીની હેરાનગતનો તો એમાં વિચાર જ નથી હોતો. પેલા ભાઇને નમ્રતા વળગી એટલા માટે શું મારે એના ઉદ્ધાર ખાતર, બેદરકારી કેળવી ધૂળવા[illegible] એના નામ ઉપરથી ચાલવું? વૈષ્ણવ ભક્તોએ થોડો તો બાધર્મ જાળવવો જોઇએ કે જેથી અમારા જેવા પોતાનો સભ્યતાનો ધર્મ પાળતા મુંઝાય નહિ!

આ વખતે પાવાપુરીના સરોવરમાં સરપ ન જોવાથી કાંઇક નિરાશા થઈ. સરપ જ્યારે પાણીમાં નાચે છે ત્યારે એ દ્રશ્ય માછલાંઓના વિહાર કરતાં વધારે કલાત્મક હોય છે અને એવું દૃશ્ય પાવાપુરી છોડીને બીજે કયાં મળવાનું હતું? મદ્રાસની જળચરી બહુ નાની કહેવાય અને કાચકુંડની બાજુએથી, વીજળીના પ્રકાશમાં જોવાની સગવડ હોવા છતાં એ કૃત્રિમ જ કહેવાય.

સંધ્યાની શાન્તિનો વખત હતો. અમે સીધા મંદિરની અંદર પહોંચ્યા. ત્યાં એક ભાઇ અને એક બ્હેન મંદિરની વચ્ચોવચ્ચ કાંઇક પાઠ કરતા હતા. ભાઇને વાંચતા કાંઇક મુશ્કેલી પડે તો બ્હેન તરત એમની વારે ધાઇને બધું સરખું કરી દેતાં હતાં. આપણા દેશમાં આવું દૃશ્ય વધાવી લેવા જેવું ખરું.

અહિંસાનો સાક્ષાત્કાર કરનાર તપસ્વી મહાવીરનું એક ક્ષણને માટે ધ્યાન કરી હું બહાર નીકળ્યો અને બાંધેલો આટો વિનોદ તરીકે માછલાંઓને ખવડાવવા બેટના પગથીયા પાસે ગયો. હિંદુ માત્રને આ કામ પુણ્યપ્રદ લાગે છે. મને એમાં કયાંય પુણ્ય જડ્યું નહિ. પણ વિનોદ પુષ્કળ મળ્યો. માછલાંઓનો આકાર કળાપૂર્ણ હોય જ છે. એમાંય જ્યારે એઓ ઝુંડમાં ભેગા થાય છે અને ગેલ કરે છે અથવા ખાવા માટે પડાપડી કરે છે ત્યારે વળાંકોનું નૃત્ય એક જીવતું કાવ્ય બની જાય છે. મેં સરપો માટે આંખો તાણી અને એમાં નિરાશ થઇ આ મત્સ્યનૃત્યથી જ સંતોષ માન્યો.

આ જળમંદિર કાંઇ મહાવીરનું નિર્વાણસ્થાન નથી. તે તો ગાંવમંદિર નામે ઓળખાતા સ્થળમંદિરમાં છે. જળમંદિરને સ્થાને મહાવીરના દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. જૈનોને મોટી મોટી સંખ્યા, અને અતિશયોક્તિ વગર કોઇ કાળે સંતોષ નથી થતો. જળમંદિર સંબંધમાં પણ એમણે એક વાર્તા ઉપજાવી કાઢી છે. અગ્નિસંસ્કાર વખતે અહિં તળાવ ન હતું. પણ જે અસંખ્ય સ્ત્રી પુરૂષો આખરી દર્શન માટે ત્યાં ભેગાં થયાં હતાં તેમણે કપાળે લગાડવા માટે ચપટી ચપટી માટી લઇ લીધી તેથી અગ્નિસંસ્કારના સ્થાનની આસપાસ મોટો ઉંડો ખાડો થયો. અને તેમાં પાણી ભરાવાથી આ તળાવની સૃષ્ટિ થઇ! (અપૂર્ણ)

કાકા કાલેલકર.



જળમંદિર.

અશાન્તિમાં અહિંસા

મહાભારતમાં કૌરવો અને પાંડવોના પક્ષના પાંચ પચાસ યોદ્ધાઓનાં નામો આપેલાં છે. યોદ્ધાઓ આપસઆપસમાં લડે છે. બાકીની સેના ફકત સંખ્યા બતાવવા માટે અને યોદ્ધાઓના હાથે મરવા માટે જ હોય છે. સૈનિકોનું મરવું, એમની પોતાની દૃષ્ટિએ ગમે તેટલું મહત્વનું હોય તોયે, મહાભારતમાં તો ફૌજની સંખ્યા ઘટાડવા કે ખુટાડવા માટે જ હોય છે; યુધ્ધ કેટલું ગંભીર હતું એનો ખ્યાલ આપવા માટે એ સંખ્યા કામ આવે છે. પણ એ વાંચીને મરેલા લોકો વિષે દુઃખ કે સમભાવ પેદા થતો નથી. રણનદીનાં વર્ણનો ફરી ફરી આપવામાં અને લોહીની જ્યાં સૈનિકોનાં માથાંઓ કે હાથ પગ કેમ તરતાં હતાં એનું વર્ણન કરતાં ભારતકારને અસાધારણ રસ છૂટે છે, જ્યારે આપણને એ વર્ણન વાંચતા ત્રાસ છૂટે છે. છતાં મહાભારતના સૈનિકો જીવતા જાગતા અને લાગણીવાળા માણસો છે અને આપણા જ ભાઇબાંધુ છે એ કેમે કરી ધ્યાનમાં ચઢતું જ નથી. કતલખાનામાં પહોંચેલા ઘેટાં-બકરાંઓ વિષે જે લાગણી આપણામાં સામાન્યપણે હોય છે તેથી જુદી લાગણી મહાભારત વાંચતાં એ સૈનિકો વિષે આપણા મનમાં પેદા નથી થતી. સ્વપક્ષના સૈનિકો મરે એટલે દુઃખી થવું અને ચીડાવું અને શત્રુપક્ષના લોકો મરે એટલે રાજી રાજી થવું એટલી જ આપણી પાસેથી અપેક્ષા રખાય છે.

આજના મહાયુધ્ધમાં લગભગ એવું જ નથી ચાલતું? શરૂ શરૂમાં કેટલા લાખ લોકો મરાયા એની સંખ્યા મળતી. હવે એ પણ આંકડાઓ મળતા બંધ થયા છે. કયું સ્થાન પડયું અને કઇ સેના હઠી એટલું જ જાણવાની લોકોની ઇંતેજારી હોય છે. કેટલા લોકો મરાયા એ ન બતાવવાની નીતિ હવે બધે સ્વીકારાઇ લાગે છે. આપણે ત્યાં જ્યારે જ્યારે હિંદુ મુસલમાનનાં રમખાણો થાય છે ત્યારે ત્યારે દરેક બાજુએ કેટલા લોકો ઘાયલ થયા અને કેટલા મરી ગયા એના હિસાબ છાપાઓમાં આવે છે. એમાં હિંદુ કેટલા હતા અને મુસલમાન કેટલા હતા એ આપણને સીધી રીતે મળતું નથી. રમખાણોમાં સામાન્ય રીતે સામાન્ય માણસો જ મરાય છે. મોટા લોકો, પૈસાદાર લોકો, આગેવાનો હંમેશા સુરક્ષિત હોય છે. એકાદ ગણેશ શંકર વિદ્યાર્થી હાથે કરીને જાન જોખમમાં નાંખે, અથવા એકાદ સ્વામી શ્રદ્ધાનંદનું ધરાદાપૂર્વક ખૂન કરવામાં આવે તે વાત અપવાદરૂપે જ હોય છે.

હવામાનખાતાંવાળા જેમ વરસાદ કયારે પડે છે અને કેટલો પડવાનો સંભવ છે એ તારવી કાઢે છે, તેવી જ રીતે જાહેર જીવનના જાણકારો પણ હવે કહેવા લાગ્યા છે કે અમુક આગેવાનોના ભાષણ પછી અથવા એમેરી જેવા સરકારી અમલદારોના સ્ટેટમેંટ પછી મોટે ભાગે રમખાણો થવાનં જોઇએ.

ત્યારે શું આ મરનારા અને મારનારા સામાન્ય લોકો રાજદ્વારી મામલામાં આટલો રસ ધરાવે છે? શું આ સામાન્ય લોકોમાં જ ધર્મનિષ્ઠા અથવા ધર્મભકિત વધારે હોય છે? રાજદ્વારી અધિકારની વેચણી થાય છે ત્યારે શું આ લોકોને જ લાભ કે હાનિ સોસવી પડે છે?

કેટલાંક અનુમાનો છૂટથી બોલાય છે, પણ છાપામાં લખાતાં નથી. અને કેટલાંક સિદ્ધાંતો છાપાઓમાં ચર્ચાય છે પણ બાનગી સંભાષણમાં તેમનું મહત્વ મનાતું નથી. બાનગી સંભાષણમાં મોટે ભાગે આ કે પેલા પક્ષનો જ બધો વાંક જોવાય છે, જ્યારે છાપામાં લખતી વખતે, એકપક્ષી હુમલો થયો હોય તો પણ બન્ને પક્ષનો વાંક કઢાય છે.

અને સરકારનો તો કોઈ કાળે વાંક હોતો જ નથી. રમખાણો થાય છે ત્યારે અમુક સમય પૂરતી જ ચાંપતા પગલાં લેવા એવો કંઇક અલિખિત નિયમ દેખાય છે. ઉશ્કેરણી ટાળવા માટે સમાચાર-પ્રકાશન ઉપર અકુંશ રખાય છે. બધું ઠંડું થઇ ગયા પછી સરકારી રીતે અથવા બાનગી રીતે એકાદ કમીશન નીમાય છે, કારણો શોધાય છે, ઉપાયો સૂચવાય છે અને આ બધું થઇ ગયા પછી અચૂક અને સનાતન રીતે **સુધ જવાય છે!**

કાનપુરનાં રમખાણોમાં રાષ્ટ્રવીર ગણેશશંકર વિદ્યાર્થીના બલિદાન પછી કોંગ્રેસ તરફથી એક કમિશન નીમાયું. એણે બીજે છેડે જઇ, આદમ અને હવાના જન્મથી આખા ઇતિહાસને તપાસી લીધો; હિંદુ અને ઇસ્લામી સંસ્કૃતિનાં પ્રધાન તત્વોની તુલના કરી અને રાજદ્વારી તેમજ સાંસ્કૃતિક મોક્ષનો રસ્તો સ્પષ્ટ કરી આપ્યો. સરકારને એ બધું ન ગમ્યું અને સરકારે એ રિપોર્ટ પ્રસિધ્ધ જ ન થવા દીધો. એ જો પ્રસિદ્ધ થયો હોત તો એમાંથી ઐકય પ્રસ્થાપિત થાત કે નવા ઝગડાનું મંડાણ થાત એ કોણ કહી શકે?

(મહાભારત યુદ્ધ પૂરું થયા પછી, બે પક્ષ વચ્ચે કોનો કેટલો વાંક હતો એની ચર્ચા કરતા યાદવો અંદર અંદર કપાઇ મુઆ એ આપણા જાતીય ઇતિહાસની વાત અહિં યાદ આવ્યા વગર રહેતી નથી)

આવી પરિસ્થિતિમાં આ રમખાણો કેમ થાય છે, તે કેમ ટાળવા અને થાય તો કેમ દબાવી દેવા એની મીમાંસા કરવાનો ઉત્સાહ કોને હોય? અને તેમાંય જ્યારે લોકો પૂછે છે કે આવી સ્થિતિમાં તમારા ગાંધીજીની અહિંસા શા કામની? ત્યારે તો કાંઇ પણ સૂચના કરવાની ઇચ્છા જ મરી જાય છે. ઘણીવાર હું એટલું જ કહીને બોબી જાઉં છું કે ગાંધીજીએ જો હિંસાની મનાઇ ન કરી હોત તો તમારી પાસે હિંસક હથિયાર હતો અને તમે એ અમલમાં મુકીને રમખાણો દબાવી દીધાં હોત એમ જ માનવાનું ને?

(૨)

એક વસ્તુનો અનુભવ અત્યાર સુધી આપણે લગાતાર કરતા આવ્યા છીએ અને તે એ કે હિંદુ મુસલમાનોને અંદર અંદર લડી એક વાર ફેંસલો કરી લેવાની તક સરકાર આપવાની નથી. એક જ પાંજરામાં પુરાયલા બે વાઘ કોઈની પણ પ્રેરણા કે ઉશ્કેરણીના પરિણામે સજાતીયતા વિસરી શકે છે અને એક બીજા સામે જોઇને ઘૂરકી શકે છે. વાઘભાષામાં એક બીજાની નિંદા કરી એક બીજાને ગાળો કાઢી શકે છે. એકમેકને નહોર મારી ઠીક ઠીક લોહીલુહાણ કરી શકે છે. પણ આમ બનવા સુધી વાત પહોંચે એટલે પાંજરાનો ધણી બન્ને વાઘ વચ્ચે ઉપરથી લોખંડી દીવાલ ઉતારે છે અને બન્ને વાઘને છૂટા પાડે છે. આમ બને છે ત્યારે "સારૂં થયું કે માલિક વચ્ચે પડયા; નહિ તો આપણું આવી જ બન્યું હતું" એમ માનીને તેઓ માલિક પ્રત્યે કૃતજ્ઞતા પણ જાહેર કરી શકે છે. પણ બન્ને ન તો દોસ્ત બની શકે છે અને ન તો એક બીજાને પૂરા કરી શકે છે. બંને વાઘને મનમાં થઇ આવે છે કે "માથે કોઇ માલિક હોય, અને આપણે પાંજરામાં હોઇએ એ કેટલું સારૂં છે? આપણે જોખમમાં તો નથી."

(અનુસંધાન પૃષ્ટ ૫ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતં વદેદ્વાક્યમ્

મે ૧ ૧૯૪૧

તૃતીય વર્ષ પ્રવેશ

'પ્રબુદ્ધ જૈન'ના પુનરાગમનને બે વર્ષ પુરાં થયાં. આજે 'પ્રબુદ્ધ જૈન' ત્રીજા વર્ષમાં પ્રવેશ કરે છે. સમયના વહેવા સાથે 'પ્રબુદ્ધ જૈન'નું વ્યક્તિત્વ ઘડાતું અને ચોક્કસ થતું જાય છે. તેમાં ચર્ચાતા વિષયોની વિવિધતા વધતી જાય છે. 'પ્રબુદ્ધ જૈન'નો કાર્યપ્રદેશ દ્વિમુખી છે. જૈન સમાજના નાના મોટા પ્રશ્નો તેમજ બનાવો પરત્વે જૈન સમાજને જરૂરી માર્ગદર્શન કરાવતા રહેવું અને તે સાથે આજની વિશાળ દુનિયા અને તેમાં ઉદ્ભવતા નવનવા વિચાર-આન્દોલનોનો 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોને બને તેટલો પરિચય આપતા રહેવો. પ્રબુદ્ધ જૈનને બને તેટલું સમૃદ્ધ બનાવવું અને એ સમૃદ્ધિ સાધતાં સાધતાં સત્યની બને ત્યાં સુધી કોઇ પણ સંયોગમાં ઉપેક્ષા ન કરવી. આ બન્ને બાબત ધ્યાનમાં રાખીને અમો 'પ્રબુદ્ધ જૈન'નું આજ સુધી નિર્માણ કરી રહ્યા છીએ. આમાં અમને કેવી અને કેટલી સફળતા મળી છે એનો નિર્ણય તો અમારા વાંચકોએ જ આપવો રહ્યો.

'હરિજન બંધુ'ને દૃષ્ટિ સન્મુખ રાખીને અમે 'પ્રબુદ્ધ જૈન'ને યથાશક્તિ વિકસાવી રહ્યા હતા. કમનસીબે 'હરિજન બંધુ' આજે બંધ થયું છે અને ગાંધીજીની અપૂર્વ વાણીથી ભારતવર્ષની જનતા વંચિત બની છે. 'હરિજન બંધુ' દ્વારા અહિંસાની આજે નવી મીમાંસા રચાઇ રહી હતી. 'પ્રબુદ્ધ જૈન'માં અહિંસાના પ્રશ્નની ચર્ચાને અમે બને તેટલો અવકાશ આપી રહ્યા છીએ. ક્યાં ગાંધીજી અને ક્યાં અમે? ક્યાં 'હરિજન બંધુ' અને ક્યાં 'પ્રબુદ્ધ જૈન? આમ છતાં પણ અહિંસાના વિષયને અમે 'પ્રબુદ્ધ જૈન'માં અગ્રસ્થાન આપવા માંગીએ છીએ અને આજના જગતની પરિસ્થિતિના અનુસંધાનમાં અહિંસા ઉપર ગંભીરપણે વિચાર કરી રહેલા શ્રી. મહાદેવ હરિભાઇ દેસાઇ, શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા, કાકાસાહેબ કાલેલકર આદિ વિદ્વાન વિવેચકોને પોતાના વિચારો વ્યક્ત કરવા અર્થે 'પ્રબુદ્ધ જૈન'નો બને તેટલો ઉપયોગ કરવા માટે અમે સાદર નિમંત્રણ આપીએ છીએ. 'પ્રબુદ્ધ જૈન' અહિંસાનું મુખપત્ર બને એથી વધારે બીજું શું ઇષ્ટ અને આવકારદાયક હોઇ શકે!

વાણી તેમ જ વિચારની વિશદતા ઉપર અમે ખૂબ ભાર મૂકતા આવ્યા છીએ. શુદ્ધ વસ્તુ સત્ય અને સ્વચ્છ આકારમાં રજુ કરવી એ અમારૂં ધ્યેય છે. આમ છતાં પણ અમો 'પ્રબુદ્ધ જૈન'ના સંચાલકો અપૂર્ણ અને અનેક ત્રુટિઓથી ભરેલા છીએ. એ અપૂર્ણતા અને ત્રુટિઓનું ઓછું વધતું પ્રતિબિંબ 'પ્રબુદ્ધ જૈન' ઉપર પડ્યા વિના ન જ રહે. આ અમારી ત્રુટિને 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો ઉદાર ભાવે નિભાવે અને અમારા સતત જાગ્રત પ્રયત્ન પ્રત્યે પ્રેમ અને વિશ્વાસભાવે જોતા રહે એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

અમારો મનોરથ તો એવો છે કે અમારું 'પ્રબુદ્ધ જૈન' આજના જગતની અનેક સમસ્યાઓનો ઉકેલ શોધતું અને આજનાં વિચારમંથનોને વ્યક્ત કરતું એક વિચારપૂર્ણ પાક્ષિક પત્ર બની રહે. સમસ્ત ગુજરાતી જનતા અપનાવી શકે એવું એક સામયિક પત્ર મુંબઇ જૈન યુવકસંઘ જેવી એક કોમી નામાભિધાન ધરાવતી સંસ્થા ગુજરાત-મહા ગુજરાતના ચરણે રજુ કરી શકે એના જેવું ગૌરવભર્યું સૌભાગ્ય બીજું શું કલ્પી શકાય? પણ આ કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવા આડે કેટલાક અન્તરાયો ઉભા છે એ અમારી જાણ બહાર નથી. એક તો 'પ્રબુદ્ધ જૈન'નું નામ જ ચોક્કસ સંપ્રદાયસૂચક હોઇને તેની વિશાળ ગ્રાહકતાની આડે આવે છે. બીજું અમારો મનોરથ ગમે તેટલો ઉંચો હોય અને અમારો પ્રયત્ન ગમે તેટલો નિષ્ઠાવાન હોય તો પણ અમારી શક્તિ તો બહુ જ મર્યાદિત રહી. આ માટે તો અનેક વિચાર-તપસ્વીઓના પુરા સહકારની અપેક્ષા રહે છે. એ સહકાર અમે શોધી અને સાધી રહ્યા છીએ. અમારા મનોરથને સફળ કરતો એ દિવસ સમીપ આવી રહ્યો છે એવી આશા અમને પ્રોત્સાહિત કરી રહી છે.

અમારા પત્રની નિર્ણીત મર્યાદા આઠ પાનાની હોવા છતાં 'પ્રબુદ્ધ જૈન'ના વાચકોને બને તેટલી વિચાર-સામગ્રી પુરી પાડવાના આશયથી આ મર્યાદા અપવાદમાં જ જાળવવામાં આવી છે. પત્રની ગ્રાહક-સંખ્યા અલ્પ હોવાથી તથા જાહેર ખબરો લઇને પત્રની સુરક્ષિત સુરૂપતાને બને ત્યાં સુધી વિકૃત ન કરવાના અમારા આગ્રહને લીધે દર વર્ષે સારી ખોટ ખમીને આ પત્રનું અમે સંચાલન કરી રહ્યા છીએ. આ ખોટનું નિવારણ બે રીતે થઇ શકે. એક તો જાહેર ખબરો લઇને-જેથી અમો બને ત્યાં સુધી દૂર રહેવા માંગીએ છીએ. બીજું ગ્રાહક-સંખ્યા સારા પ્રમાણમાં વધે તો. અમને ખબર છે કે અમારા સદ્‌ભાગ્યે 'પ્રબુદ્ધ જૈન'ને દિલથી આવકારનાર ભાઇ બહેનોની ઠીક ઠીક સંખ્યા આજે અસ્તિત્વમાં આવી છે એ ભાઇ બહેનો જો આ 'પ્રબુદ્ધ જૈન' જે આકારમાં પ્રગટ થાય છે તે આકારમાં ચાલુ રહે એમ ખરેખર ઇચ્છતા હોય અને ઉપર રજુ કરેલી અમારી ભાવના અને મનોરથ-કલ્પનાઓ તેમને પણ ખરેખર સંમત હોય તો તેમને અમારી નમ્ર છતાં આગ્રહભરી પ્રાર્થના છે કે તેઓ 'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકો મેળવી આપવામાં પ્રયત્નશીલ બને અને અમને આર્થિક ચિન્તાથી શક્ય હોય તે રીતે મુકત કરે.

આજ સુધી જેણે જેણે "પ્રબુદ્ધ જૈન"ને વિકસાવવામાં મદદ કરી છે તે સર્વનો વ્યક્તિગત નિર્દેશ નહિ કરતાં સમુચ્ચયે અમો આભાર માનીએ છીએ અને તેઓ એને એવો સહકાર ચાલુ રાખશે એવી અમો આશા રાખીએ છીએ.

આજે વિશ્વની સમસ્યાઓ વધારે ને વધારે જટિલ બની રહી છે; વિશ્વનું સ્વાસ્થ્ય આજે સારી રીતે ચુંથાઇ રહ્યું છે; આજની દુનિયા ખૂબ અસ્વસ્થ છે; દ્વેષ-મત્સરની ભયાનક જ્વાળાઓ ચોતરફ ફેલાવા લાગી છે અને એક ખંડમાંથી બીજા ખંડ તરફ પસરી રહી છે. આવા વિકટ અને વિષમ સમયમાં પત્રકારની જવાબદારી ખૂબ વધી જાય છે. દ્વેષ, મત્સર અને કોમી વિખવાદ વધારવા સહેલા છે. એકતા અને સમભાવને પોષવાં, આજની અસ્વસ્થ દુનિયામાં સ્વાસ્થ્ય અને શાન્તિનો સંચાર કરવો, જાણે કે ગુંડાઓ અને બાયલાઓ એમ બે વર્ગમાં વહેંચાઇ જતી જનતામાં સાચી મરદાનગી અને પુરૂષાર્થના પાઠ શિખવવા-આ જ પત્રકારોનું ખરૂં કર્તવ્ય હોઇ શકે. પત્રકારના આ મહાન કર્તવ્ય ધર્મને લક્ષ્યમાં રાખીને અમો નવા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ.

પરમાનંદ.

અશાન્તિમાં અહિંસા

(પૃષ્ઠ ૩ થી ચાલુ)

(૩)

અંગ્રેજોએ આપણા રાજાઓ જોડે Subsidiary Systemના કોલકરાર કર્યા અને દરેકના રક્ષણનો બોજો પોતાને માથે લીધો. "તમે અમને પૈસા આપો અથવા તમારા રાજ્યનો કટકો આપો! અમે તમારા વતી ફોજ રાખીશું અને તમારું રક્ષણ કરવા માટે અમે પોતાની જાતને બાંધી રાખીશું" એમ કહી તેમણે વાઘસિંહ પાસેથી તેમના નખ અને દાંત પોતાના તાબામાં લઈ લીધા એ વાત ઇતિહાસપ્રસિદ્ધ છે.

સવાલ એ છે કે કોઈ પ્રજા આમ આવી રીતે સલામતી ખરીદી હોત ખરી? ત્યારે આપણને જ એ વસ્તુ કેમ ગમી ગઈ? આપણે થાકયા હતા, આપણો પુરુષાર્થ હણાયો હતો, એ કારણ તો છે જ. પણ એ ઉપરાંત આપણી સંસ્કૃતિમાં લડવાનો ધન્ધો અને એના અંગેની શી એક વિશિષ્ટ વર્ગને આપીને નીરાંત વાળવાનો પ્રકાર ચાલતો આવેલો હતો એટલે જ આપણે અંગ્રેજોને એ ધન્ધો આપતા સંકોચ ન કર્યો અને આપણા જ દેશી લોકોને જ્યારે તેઓ પોતાની ફોજમાં નોકરીએ રાખવા લાગ્યા ત્યારે વાંધો ન ઉઠાવ્યો અને દરેક કોમે પોતાનું રક્ષણ પોતે જ કરવું જોઈએ એ માનવજાતના સિધ્ધાંતને આપણે તિલાંજલી આપી **स्ववीर्यगुप्ता हि मनोः प्रसूतिः**। 'મનુના વંશજ માનવોએ પોતાના વીર્યથી જ પોતાનું રક્ષણ કરવું જોઈએ' એ પ્રાથમિક સિધ્ધાંત આપણે કોરે મુકયો અને સીધી ભાષામાં કહીએ તો આપણે નામર્દ બન્યા. જૂના વખતમાં ગામડાઓ તો પોતાના રક્ષણનો ભાર પોતા ઉપર જ છે એમ સમજીને ચાલતા. પરિણામે તેઓ વધારે સાવધાન રહેતા. બધી ન્યાતો વચ્ચે સજ્જનોનું સંગઠન પણ વધારે રહેતું અને બધા જ લોકોનું જીવન એક બીજામાં ઓત-પ્રોત રહેતું. રાત્રે ચોકી ચલવી, કિલ્લાની દિવાલોની મરામત કરવી, કસરત કુસ્તીમાં પ્રવીણ થવું, નિશાનબાજીનો મહાવરો રાખવો એ બધું લોકોને માટે સ્વાભાવિક હતું.

આત્મરક્ષણની જવાબદારી પોતાના ઉપર જ હોવાથી દરેક માણસ આસપાસની પરિસ્થિતિને ઓળખતો, દરેક ગામડાની અને દરેક શહેરની શકિત કેટલી છે, કયો માણસ કેવો છે, ગુંડો કોણ છે, સજ્જન કોણ છે, કોની લાગવગ કયાં સુધી પહોંચે છે, એ બધું જાણી લેવું એ બધાની ફરજ હતી. આ બધી માહિતી પોતાની જાડી બુધ્ધિથી તેઓ જેમ તેમ મેળવતા હશે પણ કાંઇક તો તૈયારી હતી જ. જૂના વખતના લોકોની ગફલતની આજે આપણે ઠેકડી કરીએ છીએ, પણ આજની આપણી મોંઘી ગફલત તો માણસજાતિની કલ્પનામાં ન આવી શકે એટલી ઉંડી અને જીવલેણ છે.

આજે જ્યારે જ્યારે રમખાણ વિષે વાતો ચાલે છે, ત્યારે લોકો કહે છે કે "કાયમના બલાજો પાળબળથી બતાવો, અત્યારે માથા ભંગાય છે, ઘરો બળાય છે અને જાનમાલ જોખમમાં છે એવે વખતે તરત કરવા જેવું શું છે એ તમે બતાવો તો તમારો પાડ માનીશું. અત્યાર સુધીની ગફલતના અને દરેક સમાજના સ્વભાવનાં વર્ણનો તીરાંતે સાંભળીશું."

એવી અધીરાઇથી વાતો કરનારને હું પુછું છું કે "તાત્કાલિક કરવા જેવું શું છે એની ચર્ચા હમણાંજ કરીશું. પણ એક વાત અત્યારે પણ સમજવા જેવી છે તે એ કે હવે પછી જે જાતના દિવસો આવવાના છે તેના પ્રમાણમાં અત્યારે ચાલે છે એ પણ શાંતિના દિવસો ગણવા જોઇએ અને તોફાનના દિવસો સામે જે પૂર્વ તૈયારી શાંતિના દિવસોમાં કરવાની હોય છે તે પણ અત્યારથી જ કરવી જોઇએ. નહિં તો હવે પછી રોજ એમજ કહેવાનો વારો આવે કે "ગઇ કાલનો દિવસ સારો હતો. ગઇ કાલે કાંઇક તૈયારી કરી હોત તો સારું થાત. આજે તો આજની મુશ્કેલીને પહોંચી વળીએ તો ગનીમત".

(૪)

કેવળ અહિંસાધર્મજ નહિં પણ આજકાલનું વિજ્ઞાન પણ કહે છે કે દુષ્ટતા એક જાતનો રોગ છે, એક જાતનું ગાંડપણ છે. કોઇની દુષ્ટતા જોઇને આપણામાં પણ જે સામી દુષ્ટતા આવી જાય છે એ એક જાતનો હડકવા છે. દુષ્ટ સામે આપણે જો દુષ્ટ થયા તો જાણી લેવું કે આપણે બને માંદા છીએ, બને રોગી છીએ, બનેને હડકવા થયો છે. અહિંસા ધર્મ કહે છે કે "જો મારો ભાઇ ગાંડો થઇને મને મારવા તૈયાર થઇ જાય તો હું કાંઇ રહેજે મરવા તૈયાર નહિં થાઉં, 'આવ ભાઇ માર મને' એમ કહીને હું મારી ગરદન એની આગળ ધરું નહિં. મારે તો એના ગાંડા હુમલામાંથી બચવું છે અને ભાઇની સેવા પણ કરવી છે. પણ જો હું એના હાથમાં એવી રીતે સપડાઉં કે એને માર્યા વગર હું બચીજ ન શકું તો બચી જવાના શકય તેટલા બધા બલાજો અજમાવ્યા પછી, અંતે હું ભાઇને હાથે મરવા તૈયાર થઇ જાઉં, પણ એને મારવા હાથ ઉગામું નહિં. ભાઇને હાથે મરવું પોષાય, પણ ભાઇને મારવાનું પાપ જાણ્યા પછી પણ એના ગાંડપણનો લાભ લઇ અથવા એના ગાંડપણને લીધે પોતે ગાંડા થઇ એને મારવા તૈયાર થવું એ મારાથી કોઇ રીતે ન થાય. એ ત્રીજા ભાઇને, એનને કે બાળકને મારવા તૈયાર થવા જેટલું ગાંડપણ બતાવે તો એને તેમ કરતા રોકવાનો અને ગમે તે રીતે એને વારવાનો મારો હક્ક છે. એટલુંજ નહિં પણ મારો ધર્મ છે."

માટે હવે આપણે તરત આમ કરવું જોઇએ કે દરેક પોળ, મહોલ્લા, શેરી, આળી, ગલી કે કટરા દીઠ આપણે ચોકી રાખનાર લોકોનું એક મંડળ ઉભું કરવું જોઇએ. એ મંડળનું કામ પોતાના મહોલ્લામાં દિવસ રાત ચોકી રાખવી, આવનાર જનાર પર નજર રાખવી, કોણ શું કરે છે એની ખબર રાખવી અને કોઇ પણ તોફાન થાય તે પહેલાં જ, એના પૂર્વ ચિહ્નો ઓળખી એનો વખતસર બંદોબસ્ત કરી નાખવો.

જો કોઇ રડયો ખડયો માણસ એકલો એકલો હાથમાં તલવાર, બંદુક, પિસ્તોલ કે એવુંજ કોઇ સાધન લઇને આપણા મહોલ્લામાં આવી જાય તો એને ઘેરી લેવો, એના હાથમાંથી હથીઆર છીનવી લેવું અને એને એના સમાજના જવાબદાર મુરબ્બીઓને સુપ્રત કરી કહી દેવું કે "આ તમારો માણસ છે. એને સાચવી લો. ફરી એ આવું તોફાન કરવા ન પામે એટલું જોજો." તોફાની માણસને કશી સજા કર્યા વગર, કે પોલિસના તાબામાં સોંપ્યા વગર, એના જ સમાજને એને સોંપી દીધો હોય તો એની અસાધારણ સારી અસર થશે. અને ન થાય તોયે શું? આપણે થોડો જ બદલો લેવા માગીએ છીએ? જૂના કાળના રજપૂતો જેમ ગફલતમાં રહેતા હતા તેમ આપણે રહેવાના નથી એટલું ચોકકસ.

હવે જો એકાદ મોટું ટોળું રીતસર તૈયારી કરીને આપણો મહોલ્લો લુંટવા કે આપણને મારવા આવે, અને એને માર્યા વગર એના ઉપર કાબુ મેળવવો અશકય હોય તો ત્યાં એને મારવાનો પ્રયત્ન ન કરતાં પોતે બચાવ કરતાં કરતાં મરવા તૈયાર થઈ જવું એજ અહિંસાનો રસ્તો છે. આની અસર અદ્‌ભુત થશે એ વિષે શંકા જ નથી.

જો આપણા તરફથી બચાવ કરવાનો પૂરતો અહિંસક પ્રયત્ન થાય અને સામા પક્ષને સંપૂર્ણ અભયદાન હોય તો સામા પક્ષની દુષ્ટતા વધી જ ન શકે. એનો લોભ પણ ઝાંખો પડશે અને સરવાળે સ્થિતિ સુધરશે જ.

(૫)

હજી એક વાત ધ્યાનમાં રાખવી ઘટે છે. જો કે તેમાં અહિંસાની દૃષ્ટિએ વિચારવાનું નથી, પણ કેવળ દૂરદેશીથી જ સમજી લેવાનું છે. જ્યાં સુધી અંગ્રેજોની ઓછીવત્તી ફોજ, પોલિસ કે સત્તા આપણા દેશમાં કામ કરે છે ત્યાં સુધી આપણા દેશમાં આપણે મોટી સંખ્યામાં એકબીજાના હાથે મરવાના નથી. પણ જે પક્ષ પશુબળમાં ફાવે એવો સંભવ હોય તેને દબાવવા બ્રીટીશ સત્તા પ્રયત્ન કર્યા વગર રહેવાની નથી. એટલે કે જે કોઈ પક્ષ હિંસાથી કામ લેવા માંગશે તેને પ્રથમ અંગ્રેજી પશુબળને હાથે કપાઈ જવાનો અને મરવાનો ભય રહે છે. એથી ઉલટું જો અહિંસક ઢબે બચાવ કરતાં મરી ગયા તો તો આપણે લોકોને નિર્ભય બનાવીશું અને ભવિષ્ય માટે બન્ને પક્ષની દૃષ્ટિ નિર્મળ બનાવીશું.

અંગ્રેજોની સત્તા આ દેશમાંથી સાવ અદૃષ્ય નહિ જ થાય એમ કોઈ ખાત્રી આપી ન શકે. તે છે ત્યાં સુધી આપણે અંદર અંદર લડવાના જ હોઈએ તો તે લડત અહિંસક ઢબે જ લડવામાં શ્રેય છે. અને તેટલામાં જો આપણે અહિંસાનો ચમત્કાર પારખી શકયા હશું તો ત્યાર પછી, અંગ્રેજી સત્તાના અભાવે જો આપણે ત્યાં કદાચ પુરજોસમાં યાદવાસ્થળી જામી હશે તો એમાં પણ આપણે એ અહિંસક ઢબ જ વાપરીશું. સામાન્ય જનતાને ગળે આ વાત સહેજે ઉતરે નહિ. પણ જેઓ લશ્કરી દૃષ્ટિએ અથવા ક્રાંતિની દૃષ્ટિએ વિચાર કરી શકે છે તેઓ આ વાત સહેજે સમજી શકશે. સત્યાગ્રહને અંતે શત્રુનો પરાજય એમાં રહેલો છે કે, કાંઇ નહિ તો એ લડત પૂરતી અહિંસા એને પરાણે સેવવી પડે છે અને તેટલે દરજ્જે એ આપણો સ્વીકાર કરે છે. તાત્કાલિક શું કરી શકાય એનો આપણે અહીં સુધી થોડોક વિચાર કર્યો, પણ હિંદુસ્થાનમાં કોમી ઐકય સ્થાપવા માટે કાયમી ઇલાજ શા શા કરવા જોઇએ એનો વિચાર સ્વતંત્રપણે કરવો જોઇશે. કાકા કાલેલકર.

અમદાવાદનું કોમી હુલ્લડ

ત્રણ બહેનોની બહાદુરી

કોઇને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે મુંબઇ ઇલાકાના બીજા નંબરના ગણાતા–ગુજરાતના પાટનગર–અમદાવાદ જેવા છ લાખની વસ્તીવાળા અને સાઠ મીલો તથા બીજાં અનેક કારખાનાંઓને લીધે એક ઔદ્યોગિક મથક તરીકે પ્રખ્યાત થયેલા શહેરમાં કોમી રમખાણ આવા ભયંકર સ્વરૂપમાં ફાટી નીકળશે અને અનેક નિર્દોષ માણસોનો તેમ જ પુષ્કળ માલમીલ્કતનો નાશ થશે. એપ્રીલ માસની અઢારમી તારીખે–શુક્રવારના દિવસે અમદાવાદની સૌથી મોટી ગણાતી જુમા મસ્જીદમાં નમાજ પુરી થયા બાદ મસ્જીદની બહાર ગુંડાગીરીનું જે ભયંકર પ્રદર્શન થયું, તે દરેક સાચા હિંદીને કોમીવાદ કેવો ભયાનક અને અનર્થકારી છે તેનો ખરો ખ્યાલ આપવા માટે પુરતું હતું.

પાંચસો સાતસો ગુંડાઓ મસ્જીદ સામે ભેગા થાય છે અને લોકોમાં ગભરાટ અને ધાસ્તી ફેલાવે છે. આ સમાચાર સાંભળીને કોંગ્રેસની કચેરીમાંથી એક મહાસભાવાદી બહેન શ્રી. ઇન્દુમતી ચીમનલાલ શેઠ પોતાના એક મિત્ર સાથે નીકળી પડે છે અને એ ગુંડાઓના ટોળા વચ્ચે જાનની પરવા કર્યા સિવાય આવી પહોંચે છે અને આસપાસ એકત્ર થયેલા ટોળાને શિષ્ટોનું સરઘસ નીકળવાનું છે જ નહિ એ બાબતની ખાત્રી આપીને વિખેરાઇ જવા પુનઃ પુનઃ પ્રાર્થના કરે છે. આ સમયે પોલીસ તેમની બાજુએ આવી ચઢે છે અને તેમને ત્યાંથી ચાલી જવા સૂચવે છે. પણ ઇન્દુમતી બહેન તેની કશી પણ પરવા નહિ કરતાં પોતાનું કાર્ય ચાલુ જ રાખે છે. પોલીસ તેમને બાજુની એક દુકાન ઉપર લઇ જાય છે, એમ છતાં પણ તેઓ પોલીસના વાર્યા અટકતા નથી અને પાછી બાજુ ઉશ્કેરાટ ચાલુજ રહે છે એટલે પોલીસ તેમને બરહેજ કરી પોલીસવાનમાં બેસાડી કોંગ્રેસ હાઉસમાં સહીસલામત પહોંચાડી આવે છે. શહેરની આવી ભયંકર કટોકટીના પ્રસંગે જીવના જોખમે મહાત્મા ગાંધીજીના અહિંસાના સિધ્ધાંતનો પ્રેમાળ પાઠ ગુંડાઓને સમજાવવા માટે અને એ રીતે સાચા સત્યાગ્રહી તરીકે પોતાની ફરજનું પાલન કરવા માટે શ્રી. ઇન્દુમતી બહેનને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. ગાંધીજીએ સત્યાગ્રહીઓની કલ્પેલી શાન્તિસેનામાં અમદાવાદ માટે ઇન્દુમતી બહેનનું નામ પહેલી પંકિતમાં મૂકાશે.

બીજાં બહેન શ્રી. પુષ્પા બહેન મહેતા વિકાસસંઘના મુખ્ય કાર્યકર્ત્તા તરીકે ખુબ જાણીતા છે. શુક્રવારે હુલ્લડના વખતમાં જ્યોતિસંઘના કાર્યાલયમાં બેઠી બહેનો સંપડાયેલી હતી. એ બહેનોને વિકાસગૃહમાં પહોંચાડવાનું બીકુ શ્રી. પુષ્પાબહેને ઝડપ્યું. ખાડીયા રાયપુરમાં આ વખતે ગુંડાઓ ખૂબ તોફાને ચઢયા હતા; પણ તેની પરવા કર્યા સિવાય તેઓ તુરત મોટર લઇને ઉપડયા; રસ્તામાં શ્રી. પુરાતન બુચ મળી જતાં તેમને સાથે લીધા અને હીંમતપૂર્વક ગુંડાઓના ટોળાની વચમાં પુરી ઝડપથી મોટરને મારી મુકી. એ રીતે છ સાત ફેરા ખાડીયાથી વિકાસ ગૃહ સુધીના કરીને પચાસ સાઠ બહેનોને વિકાસ ગૃહમાં પહોંચાડી દીધી. ગુંડાઓ પુષ્પાબહેનના હીંમતભર્યા સાહસ અને બહાદુરીથી ખુબ ચીડાયા અને ઉશ્કેરાઇ ગયા અને તેમની મોટર ઉપર તુટી પડયા. પુષ્પાબહેનને માથામાં લાઠીના ઘા પડયા, તેમનો હોઠ ચીરાઇ ગયો, બે દાંત પડી ગયા અને પોતે લોહીલુહાણ થઇ ગયાં. એમ છતાં પણ મોટરને વિકાસગૃહમાં પહોંચાડી દીધી. બાકી રહેલી બહેનોને સહીસલામત લઇ આવવાનું કામ ભાઇશ્રી પુરાતન બુચે પુરૂં કર્યું. પુષ્પાબહેનની હીંમત અને આત્મશ્રધ્ધાને ખરેખર ધન્ય છે!

શ્રી. ઇન્દુમતી બહેન

શુક્રવારના તોફાનના સમાચાર મુંબઇ ખાતે શ્રી. મૃદુલાબહેને જાણ્યા કે તુરતજ પોતાનાં બીજાં કામ પડતાં મુકી તેઓ રાત્રીના મેલમાં નીકળી શનિવારે સવારના અમદાવાદ પહોંચી ગયા અને તુરત જ શ્રી. પ્રભુદાસ પટવારીને સાથે લઇને પોતાની મોટરમાં હુલ્લડવાળા વિસ્તારમાં વસતા લોકોને આશ્વાસન આપવા, શાંત રહેવા અને ગભરાટમાં પડયા સિવાય વ્યવસ્થિત થવા સમજાવવા માટે બધા તોફાની લતામાં ફરી વળ્યા અને હુલ્લડના ભોગ બનેલાં ભાઇ બહેનોને જોઇતી મદદ પહોંચાડવાની દરેક પ્રકારની વ્યવસ્થા તેમણે કરી નાંખી.

આ ત્રણે બહેનોની હીંમત, આત્મશ્રધ્ધા અને જીવના જોખમે ગભરાયેલાં ભાઇ

(અનુસંધાન પૃષ્ટ ૮ જુઓ)

શાન્તિનિકેતનમાં ગાંધીજી અને ટાગોર



ચિત્રકાર અમુલ કલામની સૌજન્યપ્રસાદી.

GANDHI MAHARAJ

We who follow Gandhi Maharaja's lead
have one thing in common among us:
we will never fill our purses with spoils—
from the poor
nor bend our knees to the rich.

When they come bullying to us
with raised fist and menacing stick,
we smile to them and say: your reddening stare
may startle the babies out of sleep.
but how frighten those who refuse to fear?

Our speeches are streight and simple,
no diplomatic turns to twist their meaning
confounding penal code
they guide with perfect ease the victimis
to the border of jail.

And when these crowd the path of prison gate
their stains of insult are washed clean,
their age-long shackles drop to the dust,
and on their forehead are stamped.
Gandhiji's blessings.

Ravindranath Tagore.

ગાંધી મહારાજ

અમે ગાંધીજીને કદમે નજર નોંધી જનારા;
અમે ગાંધીજીને સૂત્રે જીવનને ગૂંથનારા!
ગરીબોનાં રગત ચૂસી ચૂસી રાતા થનારા;
અમે ના, ના તવંગરના પગોને ચૂમનારા!

ઉગામે લી મુઠી લાકડીઓથી ડરાવાને,
મથે જય મત સત્તાધારીઓ અમ આતમાને,
હસી કહેતા, "તમારે લાલ ડોળે બાળ માને;
શું તેને ડારશો જે સ્વપ્નમાં ભય ના પિછાણે?"

અમે ના જાણીએ ચાણાક્યની કૌટિલ્ય વાણી!
અમારાથી બધી એ આંટી ઘુંટીઓ અજાણી!
કરો અવળી અને સવળી કિતાબો કાયદાની;
પુરો તમ નેમ અમને જેલમાં પેગાડવાની!

પરંતુ ભૂલશો ના—કે તુરંગે પહોંચશું ત્યાં—
પજવણી અને પદાઘાતો ભૂસાઇ સૌ જવાના,
જુની જંજીરના બધા તડા તડ તૂટવાના,
અમારે ભાલ આશીર્વાદ બાપુ મૂકવા ના!

જન્મભૂમિમાંથી સાભાર ઉદ્ધૃત

'પ્રબુદ્ધ જૈન' સંબંધી

આ અંક મુંબઇનું કોમી રમખાણ અને કરફ્યુ ઓર્ડરને લીધે વખતસર પ્રગટ થઇ નહિ શકવા બદલ અમો ક્ષમા માગીએ છીએ. આવતો અંક ૫'દરમી તારીખે પ્રગટ થશે. કેટલીક તત્કાળ પ્રગટ કરવા જેવી લેખસામગ્રી હાથ ઉપર આવવાથી ગયા અંકમાં અધુરા લેખો આવતા એ અંક ઉપર મુલતવી રાખવામાં આવ્યા છે. તંત્રી, પ્રબુદ્ધ જૈન.

હિંદી પ્રધાનના પ્રવચન ઉપર ગાંધીજીનું વેધક નિવેદન

હિંદ વિષે આમની સભામાં ચાલેલી ચર્ચાનો લંબાણભર્યો અહેવાલ મેં ભારે દુઃખ સાથે વાંચ્યો. આપત્તિ સાધારણ રીતે માનવીનાં હૃદય કુણાં કરે છે અને વાસ્તવિકતાનું તેને ખરું ભાન કરાવે છે. પણ મી. એમેરી તો કેવળ ઠંડા અને ગ્રીટનની હાલની આપત્તિથી જાણે કે તદ્દન અસ્પૃષ્ટ માલુમ પડે છે. તેમનું હૃદય જરા પણ પીગળેલું જણાતું નથી. આ નિષ્ઠુરતાએ મારી માન્યતાને વધારે દ્રઢ બનાવી છે કે રાષ્ટ્રીય મહાસભાને ગમે તેવા પ્રબળ વિરોધનો સામનો કરવો પડે તો પણ તેણે અહિંસાને વળગી જ રહેવું જોઇએ. હિંદમાં હાલ જે પરિસ્થિતિ પ્રવર્તી રહી છે તે પ્રત્યે ધિક્કારયુકત બેદરકારી દાખવીને મી. એમેરીએ ગ્રેટબ્રીટનની કાંઇ પણ સેવા બજાવી નથી. મી. એમેરી બ્રીટીશ રાજ્યમાં હિંદને મળેલી શાન્તિ વિષે છટાદાર ભાષામાં વાતો કરે છે; પણ આ વાતો કરતી વખતે તેમને ઢાકા અને અમદાવાદમાં બની ગયેલા બનાવોની શું ખબર નહોતી? આ બન્ને ઠેકાણે શાન્તિ જાળવી રાખવાની જવાબદારી કોની હતી? હું આશા રાખું છું કે બંગાળામાં તો લોકનિયુક્ત શાસન પ્રવર્તી રહ્યું છે એ હકીકત મી. એમરી મારા માથા ઉપર નહિ મારે. એ લોકનિયુક્ત શાસન કેવું ફારસ છે એ તો મી. એમેરી બરોબર જાણે છે. એમને એ પણ ખબર છે કે આવી જાતની કટોકટીના પ્રસંગ પરત્વે આ પ્રધાનોના હાથમાં કેટલી ઓછી સત્તા હોય છે– પછી ભલે એ પ્રધાનો કોંગ્રેસવાદી હોય, લીગવાદી હોય કે બીજા કોઇ પણ પક્ષના હોય.

અહિં મારે એક સ્પષ્ટ સવાલ પૂછવાનો છે. હું પુછું છું કે હિંદમાં ચાલુ રહેલા ગ્રીટનના લાંબા શાસનકાળ દરમિયાન હિંદની પ્રજા કેમ કરતાં એટલી બધી નિર્વીર્ય થઇ ગઇ છે કે તેનાથી મુઠ્ઠીભર ગુંડાઓ સામે પણ ઉભું રહી શકાતું નથી? થોડા ગુંડાઓને ખુનામરકી લુટફાટ અને આગ લગાડવા માટેનું અનુકૂળ વાતાવરણ મળી ગયું તેથી ગભરાઇ જઇને ખાસ ભયને કારણે જ હજારો લોકો પોતપોતાનાં નિવાસસ્થાનો છોડીને નાસી જાય એ દૃષ્ય જેટલું આપણા માટે હીણપત ભર્યું છે તે કરતાં વધારે હીણપતભર્યું ગ્રીટન માટે છે.

સાચી સરકારનું પહેલું કર્તવ્ય તો લોકોને આત્મરક્ષણની કળા શિખવવાનું જ હોઇ શકે. પણ હિંદમાં રાજ્ય કરતી પરદેશી બ્રીટીશ સરકારને તો હિંદના નાગરીકોના કલ્યાણ માટેની આ મૂળભૂત બાબત સાથે કાંઇ પણ લાગતું વળગતું છે જ નહિ અને તેથી જ એણે હિંદી પ્રજા પાસેથી હથિયારો ખૂંચવી લીધાં છે.

મી૦ એમેરી આજે તો હિંદી લશ્કરોનાં ભારોભાર વખાણ કરી રહ્યા છે; પણ હિંદની ભૂમિ ઉપર એ વખાણની તો કાંઇ અસર થાય તેમ નથી. કારણ કે કોંગ્રેસની અહિંસાની તો જુદી જ વાત છે. પણ જો હિંદને સ્વરક્ષણ માટે સજ્જ કરવામાં આવ્યું હોત અને જરૂરી તાલીમ આપવામાં આવી હોત અને હિંદ ગ્રીટનનું ફરજિયાત નહિ પણ મરજિયાત સાથીદાર હોત તો હું કહી શકું છું કે, વિનાશ માટે એકત્ર થયેલા યુરોપના બધાં રાષ્ટ્રો ગ્રેટબ્રીટન સામે હાથ સરખો ઉગામવાની પણ હીંમત કરી શકયા ન હોત.

હિંદના રાજકીય પક્ષો એકમત થઇને બંધારણી યોજના રજુ કરે કે તુરત જ બ્રીટીશ સરકાર હિંદના એ એકમતને માન આપશે એ કથનનું પિષ્ટપેષણ કર્યા કરીને મી૦ એમેરીએ હિંદી બૌદ્ધિનું અપમાન કર્યું છે. મેં એક કરતાં વધારે વાર પુરવાર કર્યું છે કે હિંદના જુદા જુદા પક્ષોને એક થતા અટકાવવા એ ગ્રીટનની પરંપરાગતનીતિ છે. 'ભાગલા પાડવા અને રાજ્ય કરવું' એ ગ્રીટનનો માનીતો અને અનિષ્ટ મનોદશા સૂચવતો સિદ્ધાન્ત છે. હિંદના સમુદાયમાં પડેલા ભાગલા માટે ગ્રીટનના રાજપુરૂષો જવાબદાર છે અને જ્યાં સુધી ગ્રીટનની તરવારના બળે હિંદને પરતંત્ર રાખવાનો પ્રબંધ થતો રહેશે ત્યાં સુધી આ ભાગલા કદિ અસ્ત થવાના નથી. કમનસીબે મોસ્લેમ લીગ અને કોંગ્રેસ વચ્ચે આજે ન સાંધી શકાય એવું ભંગાણ પડયું છે એ વાત હું કબુલ કરું છું. પણ આ અમારા ઘરનો ઝઘડો છે એમ બ્રીટીશરો શા માટે કબુલ કરતા નથી? જો તેઓ આજે હિંદમાંથી ખસી જાય તો મારો કોલ છે કે કોંગ્રેસ અને મોસ્લેમ લીગ અને બીજા બધા પક્ષો પોતપોતાનું હિત ધ્યાનમાં લઇને એક થઇ જશે અને હિંદના તંત્રસંચાલન માટે સ્વનિર્મિત યોજના ઘડી કાઢશે. ભલે એ યોજના કદાચ શાસ્ત્રીય ન ગણાય. ભલે એ યોજનાને કદાચ પશ્ચિમ પધ્ધતિની મહોર પણ લાગી ન હોય–છતાં પણ એ યોજના ટકાઉ તો નિવડવાની જ.

સંભવ છે કે આપણે આ સુખદ પરિસ્થિતિને પ્રાપ્ત કરી શકીએ તે પહેલાં કદાચ આપણને અંદર અંદર લડવાનું બને. પણ જો આપણે કોઈ બહારની સત્તાની મદદ નહિ માંગીએ તો આપણી આપસ આપસની લડાઇ બહુ બહુ તો એકાદ પખવાડીયું ચાલશે અને એ લડાઇમાં જે વિનાશ થાય તે વિનાશ યુરોપમાં આજે ચાલી રહેલ ખુનામરકી દરમિયાન એક દિવસમાં જેટલાં માથાં ભંગાઇ રહ્યાં છે તેના કરતાં પણ કદાચ ઓછો હશે. વિનાશ આટલો ઓછો થવાના સંભવનું કારણ એક જ છે અને તે એ કે આપણે સંપૂર્ણ નિઃશસ્ત્ર છીએ અને તે માટે તો આપણે બ્રીટીશ રાજ્યનો આભાર માનવો રહ્યો!

મી. એમેરીએ પોતાના અજ્ઞાન શ્રોતાઓ સમક્ષ ભાષણ કરતી વખતે સત્યની ભારે અવગણના કીધી છે. તેમણે પોતાના શ્રોતાઓને જણાવ્યું છે કે કોંગ્રેસને કાં તો બધું જોઇએ છીએ અથવા તો કશું જ જોઇતું નથી. હું મી એમેરીને યાદ દેવરાવું છું કે બ્રીટીશ પ્રજાની લાગણી સંતોષવા માટે કોંગ્રેસ પુનાના ઠરાવમાં સૂચવાયેલ સમજુતી સુધી નીચે ઉતરી હતી. પછી મુંબઇની મહાસભા સમિતિએ એ ઠરાવ રદ કર્યો ત્યારે મેં સત્તાવાર રીતે જાહેર કર્યું હતું કે બ્રીટીશ સરકાર હાલને તબકકે હિંદને સ્વતંત્રતા આપી શકે તેમ નથી અથવા તો એવી સ્વતંત્રતાના અંગેની જાહેરાત કરી શકે તેમ નથી; તેથી આપણે થોડા સમય માટે તો સંપૂર્ણ વાણીસ્વાતંત્ર્યની માંગણી પડે જ સંતોષ માનવો રહ્યો. મી. એમેરીના ઉપરના જણાવેલ પ્રતિપાદનથી આ વસ્તુસ્થિતિ કેટલી જુદી છે? મી. એમરીનું માનસ જ એવા પ્રકારનું છે કે ગ્રીટન જ્યારે જીવન મરણનો જંગ ખેલી રહ્યું છે ત્યારે તેની અકળામણમાં જરા પણ વધારો નહિ કરવાની નીતિ અખત્યાર કરીને કોંગ્રેસે જે સહિષ્ણુતા દાખવી છે તેની કદર કરવા જેટલી પ્રાથમિક સભ્યતાની પણ તેના તરફથી આશા રાખવી એ વધારે પડતું છે. એ સભ્યતાના અભાવે મી. એમેરી કોંગ્રેસની સહિષ્ણુતા કોંગ્રેસના જ માથામાં મારે છે અને જાહેર કરે છે કે સત્યાગ્રહની લડત તદ્દન ભાંગી પડી છે.

એમના નિવેદનમાં ભારતની આબાદી વિષેનો ઉલ્લેખ વાંચીને તો હું સ્તબ્ધ જ બની ગયો. હું મારા અનુભવ ઉપરથી કહી

ઘાટકોપર અધિવેશન

ઘાટકોપર ખાતે મળેલ સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના અધિવેશનની બેઠકો તેમ જ વિષયવિચારિણી સમિતિમાં હાજર રહેવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયેલું, તેમાં મને જે જોવાનું અને જાણવાનું મળેલું તેની વિગતવાર નોંધ લેવાનો અહિં અવકાશ નથી. કેટલીક મુખ્ય મુખ્ય બાબતોનો ઉલ્લેખ અહિં બસ થશે.

આ કોન્ફરન્સમાં હાજરી આપનાર ભાઇ બહેનોની સંખ્યા ઘણી સારી હતી. છેલ્લા દિવસની બેઠકમાં જેટલા ભાઇઓ હાજર હતા તેટલી જ લગભગ બહેનો હાજર હતી. એ દૃશ્ય ખરેખર પ્રોત્સાહક અને પ્રેરણાજનક હતું.

આ કોન્ફરન્સે પોતાના ચાલુ બંધારણમાં બે મહત્વના ફેરફારો કર્યા જે ખરેખર આવકારદાયક ગણાય. એક તો કોન્ફરન્સે પોતાના અંગ્રેજી નામનો ત્યાગ કરીને 'જૈન સ્થાનકવાસી મહાસંઘ' એવું નામ ધારણ કર્યું. વચગાળે એક એવો કાળ આવી ગયો કે જ્યારે બીજી અનેક અંગ્રેજી નકલો સાથે આપણી સંસ્થાઓમાં કેટલાયે અંગ્રેજી શબ્દો ઘુસી ગયા. આ કુરૂપતા આજે લગભગ સર્વ સ્થળેથી નામુદ થઇ રહી છે. એમ છતાં પણ વર્ષોથી ચાલી આવતું નામ તેની સામે અનેક વિચાર-સંસ્કારો જોડાયલા હોઇને ફેરવવું અથવા તો આવા મોટા સમુદાય પાસે એવો ફેરફાર કબુલ કરાવવો બહુ મુસ્કેલ થઇ પડે છે. ગયે મૂ. કોન્ફરન્સના નિંગાળા અધિવેશનમાં આવો ફેરફાર કરાવવા મેં પ્રયત્ન કરેલો, પણ હું સફળ થયો નહોતો. ઘાટકોપરના અધિવેશને એ વાત વિના વિરોધે સ્વીકારી લીધી એ ખરેખર આનંદજનક છે.

આવો જ બીજો મહત્વનો ફેરફાર કોન્ફરન્સમાં પ્રતિનિધિ તરીકે કોણ આવી શકે એને લગતો હતો. આજ સુધી સ્થળ સ્થળના સંઘો પ્રતિનિધિ તરીકે જેને જેને ચુંટીને મોકલે તેઓ કોન્ફરન્સમાં ભાગ લઇ શકે એવી રચના જુના બંધારણે સ્વીકારેલી હતી. વસ્તુસ્થિતિ એવી હતી કે સંઘો કાંઇ એકત્ર મળીને પ્રતિનિધિઓ ચુંટતા જ નહોતા અને ચોકકસ લવાજમ આપીને જે કોઇ જે સ્થળેથી આવતા તેઓ તે સ્થળના પ્રતિનિધિ ગણાતા. આ પ્રકારના પ્રતિનિધિત્વ પાછળ કશી પણ જવાબદારીનો ખ્યાલ સંભવી શકે જ નહિ. નવા બંધારણ મુજબ સ્થળે સ્થળે કોન્ફરન્સની સમિતિઓ ચુંટવામાં આવશે અને તેમાંથી ચોકકસ ધોરણ મુજબ ચુંટાઇને આવેલાં ભાઇ બહેનો જ હવે પછીની કોન્ફરન્સમાં પ્રતિનિધિ તરીકે ભાગ લઇ શકશે. નિંગાળા અધિવેશનમાં મેં પણ આવો જ બંધારણી ફેરફાર રજુ કરેલો પણ મને શુદ્ધ નિષ્ફળતા મળેલી. આ ફેરફાર ઉપર વિષયવિચારિણી સમિતિમાં સારી ચર્ચા અને મતભેદ રજુ થયા હતા, પણ આખરે આપેલા મહત્વનો ફેરફાર ઘણું ખરું સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યો હતો. આ ફેરફાર જેટલો આવકારદાયક છે તેટલો જ તેનો વાસ્તવિક અમલ વિકટ હોઇને ચોતરફ ખૂબ જ પ્રચારકાર્યની અપેક્ષા રાખે છે. આપણા સમાજની મંદતા અને નિષ્ક્રિયતા વિચારતાં આવી સ્થાનિક સમિતિઓ ઉભી કરવી અને ચાલુ રાખવી મુશ્કેલ છે. નવી કાર્યવાહી અથવા તો ચાલુ રહેલી જુની કાર્યવાહી વધારે વેગથી અને કર્તવ્યપરાયણતાથી કામ કરે અને આ યોજનાને સાર્થક કરે–સફળ બનાવે–કે જેથી આવી બીજી સંસ્થાઓને આ નવા માર્ગે ચાલવાની હીંમત અને વિશ્વાસ આવે.

કોન્ફરન્સના નિમિત્તે પુના બોર્ડિંગમાં રૂ. ૪૫૦૦૦ ઉપરનું ફંડ થયું અને બીજી પણ કેટલીક સખાવતો જાહેર થઇ. જૈન સમાજમાં દાનવૃત્તિના મૂળ ઉંડા છે; ઉદારતા તેને વરેલી જ છે. આવી કોન્ફરન્સ અથવા તો આવો બહુજન સમુદાય આ દાનવૃત્તિ અથવા તો ઉદારતાને પ્રગટ થવાનું પ્રેરક નિમિત્ત બને છે. આટલું ફંડ એકત્ર થયું તે આ કોન્ફરન્સની એક અવાન્તર છતાં આવકારદાયી સફળતા ગણાય.

કોન્ફરન્સના પ્રમુખ શેઠ વીરચંદભાઇ મેઘજી થોભણ હતા. શ્રી. વીરચંદભાઇના સૌજન્ય અને ઉદારતા સંબંધે બેમત હોઇ શકે જ નહિ. પણ હવે આપણે એ સમજી લેવાની જરૂર છે કે એક કાળે આવી કોન્ફરન્સ આપણા કોઇ ને કોઇ માન્યવર શ્રીમાનને નવાજવાનું સાધન હતું. આવી કોન્ફરન્સો પણ સ્નેહસંમેલન જેવી જ હતી. જાણે કે મોટા મેળા હોય એમ સંખ્યાબંધ માણસો એકઠા થતા અને ત્રણ દિવસ આનંદે પસાર કરતા. આવી કોન્ફરન્સમાં કોઇ અગત્યના ઠરાવો નહોતા આવતા તેમજ મતભેદની તીવ્ર રસાકસી નહોતી જામતી. કોઇ જાણીતા શ્રીમાનના પ્રમુખપણા નીચે આવી કોન્ફરન્સો મળતી; કોન્ફરન્સનો વર્ષોથી કામ કરતા કારભારીઓ અધિવેશનનું કામકાજ ચલાવતા; પાંચ પચ્ચીશ શબ્દાડંબરથી ભરેલા અને કશા પણ અમલી કાર્યની અપેક્ષા વિનાના ઠરાવો પસાર થતા; નાના મોટા ગણાતા ભાઇઓ વચ્ચે આમન્યાની ભાવના એટલી ધન રહેતી કે મોટા સામે નાનો ગણાતો માણસ કોઇ પણ બાબતમાં વિરોધી સૂર ઉઠાવે તેવું તો જવલ્લેજ બનતું; બે

શકું છું કે એ આબાદીની વાતો કેવળ કલ્પનાજન્ય જ છે. હિંદના લાખો આદમીઓ દિન પ્રતિદિન વધારે ને વધારે કંગાળ બનતા જાય છે. એમની પાસે પહેરવાને પૂરતાં કપડાં નથી અને ખાવાને પુરું અન્ન નથી. એકહથ્થુ રાજ્યસત્તાને લીધે કરોડો રૂપીઆનાં અંદાજપત્ર ઘડી શકાય છે. પરંતુ હું હીંમતપૂર્વક કહું છું કે એ અંદાજપત્રો કરોડો ક્ષુધાપીડિતોની આબાદીનો પુરાવો નથી; પણ હિંદ બ્રીટીશ એંડી નીચે ચગદાઇ રહ્યું છે એનો પુરાવો છે. હિંદના કિસાન જગતમાં વ્યાપી રહેલાં સંકટોથી વાકેફગાર દરેક હિંદીનો ધર્મ છે કે એ આપખુદ શાસન સામે બળવો જગાવે.

માનવતાને સદ્‌ભાગ્યે હિંદની ક્રાન્તિ શાન્તિભરી છે અને હું આશા રાખું છું કે પોતાનું અન્તિમ ધ્યેય સિદ્ધ થતાં સુધી હિંદ એકસરખી શાન્તિ જાળવી રાખશે. પણ મી. એમેરીના ભાષણની આ દુઃખદ સમાલોચના મારે વધારે લંબાવવી ન જોઇએ.

તેના ભાષણનું આટલું સંક્ષિપ્ત પૃથક્કરણ કરવાનું કામ હાથ ધરતાં મને દુઃખ થાય છે. પણ તે એટલું બધું ગેરસમજુતી ઉત્પન્ન કરે તેવું છે કે એ કમનસીબ વ્યાખ્યાનની એકદમ સામે તરી આવે એવી કેટલીક ગલતીઓનો પણ જો હું નિર્દેશ ન કરું તો મારો ધર્મ ચુકું એમ મને લાગ્યું. ખરેખર ચાલીશ કરોડની જનતા ઉપર જે અનિયંત્રિત સત્તા તે ભોગવી રહેલ છે એટલાથી જ મી. એમેરી સંતોષ માનીને બેસી રહી શકત.

અનુવાદક **પરમાનંદ.**

અમદાવાદનું કોમી હુલ્લડ

(પૃષ્ઠ ૬ થી ચાલુ)

બહેનોને બચાવવા માટેની તમન્નાને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે. મહાત્મા ગાંધીજીના અહિંસાના ઉચ્ચ આદર્શને પુરો પચાવ્યો હોય એવા અનુયાયીઓ ગુજરાત અને બીજા પ્રાંતમાં આપણે આજે જ્યાં ત્યાં મળે છે એ જ મહાત્માજીની તપશ્ચર્યાનું ફળ છે અને દેશને તેમની એ મોટામાં મોટી ભેટ છે. ભાઇ પુરાતન બુચ અને શ્રી. રવિશંકર મહારાજે કરેલી માનવસેવા પણ પુરા વખાણને પાત્ર છે અને અહિંસાવાદીઓ ખુબ ધડો લેવા જેવી છે.

મણિલાલ મોકમચંદ શાહ

પાંચ લાખ રૂપીઆની સભ્યાવતો થતી; સૌ કોઇ આનંદે મળતા અને અધિવેશન ભારે સફળ થયું એવા સંતોષપૂર્વક સૌ કોઇ આનંદે છુટા પડતા. આજે વખત બદલાયો છે; આવી કોન્ફરન્સના પ્રમુખનું કાર્ય વધારે કપરૂં બન્યું છે; નાના મોટાની કહેવાતી આમન્યા લુપ્ત થઇ છે; સામાજિક તેમજ ધાર્મિક બાબતોમાં એક એક છેડે તો બીજો બીજે છેડે–એવા પરસ્પર-વિરોધી વિચારપક્ષો ઉભા થયા છે. આજની કોન્ફરન્સ કે પરિષદમાં જેને જાહેર જીવનનો–સભાઓ ચલાવવાનો–સારો અનુભવ ન હોય એવા ગૃહસ્થની માત્ર તેમની શ્રીમન્તાઇ કે ઉદારતાના કારણે પ્રમુખ તરીકેની વરણી કરવામાં આવે છે ત્યાં અવાર-નવાર ભારે કફોડી સ્થિતિ ઊભી થાય છે. આવા સંયોગમાં પ્રમુખ તરીકેનું કામ બીજાને ચલાવવાનું હોય છે અને તે બધી બાબતમાં પ્રમુખના નામે ચુકાદા આપ્યે જાય છે. વિરોધપક્ષી પ્રમુખને ઉદ્દેશીને બોલે છે અને પ્રમુખવતી બાજુના જ માણસો જવાબ આપે છે. પરિણામે કોઇ વિચિત્ર અને ઉપહસનીય અવાસ્તવિકતાનું વાતાવરણ ઉભું થાય છે. ઉદાર શ્રીમાનો જરૂર આદર અને સન્માનને યોગ્ય છે. પણ તે માટેના પ્રસંગો અને સ્થળો જુદા જ છે. કોઇ ક્રીકેટ મેચના કેપ્ટન તરીકે કોઇ ગૃહસ્થ પૈસાદાર છે એટલા જ કારણે તેની પસંદગી કરવામાં આવે તે જેટલું કઢંગુ કહેવાય તેવી જ પ્રસ્તુત પ્રથા હવે કઢંગી લાગે છે.

ઉપર જણાવેલી રીતે વરાયલા પ્રમુખોનાં ભાષણોની કેમ સમાલોચના કરવી એ પણ એક મુંઝવતો પ્રશ્ન બને છે. ખરી રીતે કોઇ પણ આવી કોન્ફરન્સના પ્રમુખનું ભાષણ કોમની આજ સુધીની પરિસ્થિતિનું સારૂં દિગ્દર્શન કરાવતું અને હવે શું કરવું તે વિષે સાચું માર્ગદર્શન આપતું તેમજ કોમના ભિન્ન ભિન્ન પ્રશ્નો સંબંધે તેમના અંગત વિચારો અને ભાવનાઓ યથાર્થ રીતે રજુ કરતું હોવું જોઇએ. પણ આવા પ્રમુખોનાં ભાષણો ઘણું ખરૂં અન્યનાં લખેલાં હોય છે અને તે પણ એક જ જણની કલમની પ્રસાદી નહિ. પણ કદિ કદિ બે ત્રણ કલમોની મેળવણી હોય છે. એટલે પ્રમુખનું ભાષણ ખરી રીતે પ્રમુખનું નથી હોતું તેમજ અન્ય કોઇનું પણ તેને લેખી શકાતું નથી. આ પ્રકારના ભાષણની સ્તુતિ પણ શું કરવી અને નિન્દા પણ શું કરવી? ગમતી બાબતનો યશ કોને આપવો અને ન ગમતી બાબતનો અપયશ કોને આપવો? પ્રમુખની વરણી અને તેમના ભાષણને લગતી ઉપર વર્ણવેલી બાબતો આવી પરિષદોના સૂત્રધારોએ ખાસ ધ્યાનમાં લેવી ઘટે છે.

આ કોન્ફરન્સ સંબંધમાં એક ભારે વિચિત્ર બાબત તો એ હતી કે આ કોન્ફરન્સમાં રજુ કરવા માટે બંધારણ પુરઃસર ઘડાયલા પ્રસ્તાવોનો ખરડો (draft resolution) તૈયાર કરવામાં આવ્યો જ નહોતો. કોન્ફરન્સમાં રજુ કરવાના ઠરાવો ઘડી લાવ-વાનું કામ કોન્ફરન્સની અખિલ હિંદ સમિતિના મંત્રી શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે પોતાને માથે રાખ્યું હોય એમ લાગતું હતું. પણ આને લગતી કોઇ સમિતિ નીમાઇ હોય અથવા તો કયા કયા વિષયો ઉપર ઠરાવો લાવવાના છે એવું પણ કાંઇ આગળથી નક્કી કરવામાં આવ્યું હોય એમ જણાતું જ નહોતું. સાધારણ રીતે ઉપર જણાવી તેવી અખિલ હિંદ સમિતિની કાર્યવાહી સમિતિ અથવા તો જે સ્થળમાં કોન્ફરન્સ ભરાવાની હોય તેની સ્વાગત સમિતિએ નીમેલ પ્રસ્તાવો ઘડનારી સમિતિ આગામી અધિવેશન-માં મૂકવાના ઠરાવો ઘડે છે અને વિષયવિચારિણી સમિતિ સમક્ષ એ ઠરાવો રજૂ કરવામાં આવે છે. આ પ્રસ્તાવોની નકલો વિ. વિ. સમિતિનું કાર્ય શરૂ થતાં પહેલાં વહેંચવામાં આવે છે. આ ઉપરથી વિ. વિ. સમિતિ સભ્યોને કઇ કઈ બાબતો ઉપર ઠરાવો આવવાના છે તેની પુરી ખબર હોય છે અને તેથી તે તે ઠરાવો ઉપર જરૂરી સુધારાઓ વિચારવાનો તેમજ બાકી રહી જતી અથવા તો કોઇ સભ્યને ખાસ ઉપયોગી લાગતી બાબત ઉપર ઠરાવ ઘડવાનો પુરો અવકાશ રહે છે. પ્રસ્તુત કોન્ફરન્સની કાર્યવાહીમાં આવી કશી ગોઠવણ હતી જ નહિ. આના પરિણામે વિ. વિ. સમિતિના કામકાજની શરૂઆત દરમિયાન જ્યારે શ્રી. ચીમનલાલ ચકુભાઇએ રાષ્ટ્રીય મહાસભા પ્રત્યે વફાદારી દર્શાવતો ઠરાવ રજુ કર્યો ત્યારે તે સામે જુના અને નવા બન્ને પ્રમુખોએ ભારે વાંધો ઉઠાવ્યો કે 'આ ઠરાવ કોને પુછીને મુકવામાં આવે છે?' અને શ્રી. ચીમનભાઇની મંત્રી તરીકેની સ્થિતિ ભારે કફોડી થઇ અને તેમને જાહેર કરવું પડયું કે એ ઠરાવ પોતાના કોઇ વિકારની રૂઇએ નહિ પણ પોતે વ્યક્તિગત સ્થિતિમાં મુકયો છે. આવો અનુભવ થવા છતાં પણ જે નવું બંધારણ ઘડવામાં આવ્યું છે તેમાં અધિવેશનની વિ. વિ. સમિતિ માટે ઠરાવનો ખરડો કોણ ઘડી શકે અને કેવી રીતે રજુ થઇ શકે તે બાબતની કશી ચોખવટ કરવામાં આવી નથી. આ પણ આટલું જ આશ્ચર્યજનક છે. અહિં સાથે સાથે એ પણ જણાવવું અસ્થાને નહિ ગણાય કે આ કોન્ફરન્સમાં તો વિષય વિચારિણી સમિતિ નીમીને કામકાજ ચલાવવામાં આવ્યું હતું પણ સ્થા. યુવક પરિષદમાં તો આવી કોઇ સમિ-તિની જરૂર જ સ્વીકારવામાં આવી નહોતી અને સ્વાગત પ્રમુખ અને પરિષદના પ્રમુખનાં ભાષણો પછી સ્વાગત સમિતિના મંત્રી તરફથી એમ જ એક પછી એક ઠરાવો મુકાવાનું જ શરૂ થયું હતું.

આવી બીનબંધારણી કાર્યપદ્ધતિ તરફ જવાબદાર અધિ-કારીઓનું ધ્યાન ખેંચવામાં આવે છે ત્યારે તેઓ તરફથી ઘણી વખત એવો જવાબ આપવામાં આવે છે કે "અમારે તો એમ જ ચાલે." જ્યાં વ્યવસ્થિત રીતે કામ ચલાવવું શકય જ ન હોય ત્યાં આવો જવાબ ચાલે; પણ જ્યાં આજના જાહેર જીવનના પુરા અનુભવી ગૃહસ્થો કાર્યવાહીના મોખરે હોય ત્યાં આવો જવાબ કાર્યવાહકોનો અમુક પ્રકારનો પ્રમાદ જ સૂચવે છે. તેઓની ફરજ છે કે અવ્યવસ્થિત રીતે ચાલતી કાર્યવાહીને બને તેટલી વ્યવસ્થિત અને નાના મોટા સૌ કોઇને પુરો સંતોષ આપે તેવી બનાવવી જોઇએ. દાખલા તરીકે ત્રીજા દિવસના અધિવેશનમાં કોન્ફરન્સની રચનામાં મૌલિક ફેર-ફારો કરતું નવું બંધારણ પછી રજુ થાય અને આગામી વર્ષ માટેની કાર્યવાહીના અધિકારીઓની નિમણુકનો પ્રશ્ન પહેલાં હાથ ધરવામાં આવે–આવી વિચિત્ર ઘટના ભાગ્યે જ કોઇ પરિષદમાં જોવા મળે. આમ ભૂલથી બનવા પામ્યું હોય તો તે ભારે ઔચિત્યભંગ ગણાય; આ પાછળ કોઇ બીજી કલ્પના કે મુત્સદ્દી-ગીરી હોય તો તે કોન્ફરન્સના સૂત્રધારોને શોભા આપનાર ન ગણાય.

આ કોન્ફરન્સમાં તેમજ સ્થા. યુવક પરિષદમાં પસાર થયેલા કેટલાક અગત્યના ઠરાવો આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે. આ ઠરાવો પાછળ કેટલું ઓછું અમલી બળ હોય છે એ જણાવવાની જરૂર છે જ નહિ. આપણી પરિષદો અને કોન્ફરન્સોની નબળી કાર્યવાહી, સતત કાર્યકર્તાઓનો અભાવ અને આખા સમાજનો ઉપરછલ્લો સાથ–જ્યાં આ ત્રણ બાબતો એકત્ર હોય ત્યાં અમુક ઠરાવો ઉપરથી મહત્વનાં કશાં પણ પરિણામોની આશા રાખવી તે કેવળ ગાંડપણ જ ગણાય. પણ આજનો સમાજ કઈ વિચારકક્ષાએ આવીને ઉભો છે અને જે વિચારો એક કાળે કદી સ્વીકારાવવા શકય નહોતા તેમાંના કેટલા વિચારો આવી રીતે એકત્ર મળેલા સંમુહ પાસે આજે સ્વીકારાવી શકાય છે તેનું આધારભૂત માપ આ ઠરાવોમાંથી મળી શકે તેમ છે. આ દૃષ્ટિએ આવી પરિષદોમાં પસાર થતાં ઠરાવોનું ચોક્કસ મહત્ત્વ છે.

પરમાનંદ.

અખિલ હિંદ સ્થા. જૈન કૉન્ફરન્સના કેટલાક અગત્યના ઠરાવો

જૈન સત્યાગ્રહીઓને અભિનન્દન

આપણા સમાજના જે ભાઈ બહેનો રાષ્ટ્રીય મહાસભાના વાણીસ્વાતંત્ર્યને લગતા સત્યાગ્રહની લડતમાં જોડાયા છે અને કારાવાસી બન્યાં છે તેમને આ કૉન્ફરન્સ હાર્દિક અભિનંદન આપે છે.

ખાદી-ગ્રામોદ્યોગ-અસ્પૃશ્યતાનિવારણ

રાષ્ટ્રીય મહાસભાના રચનાત્મક કાર્યક્રમમાં અને ખાસ કરીને નીચેની બાબતોમાં પોતાથી બનતો સહકાર આપવા આ કૉન્ફરન્સ દરેક સ્ત્રી પુરૂષને આગ્રહ કરે છે. (આ બાબતો ખાદી, ગ્રામોદ્યોગ અને અસ્પૃશ્યતાનિવારણની લગતી છે અને તે સંબંધેનો ઠરાવ આજ બાબતો ઉપરના જૈન યુવક પરિષદના ઠરાવને તદ્દન મળતો છે જે આજ અંકમાં આગળ આપવામાં આવેલ છે.)

સામાજિક કુરૂઢિઓ

બાળલગ્ન, અસમાન વયનાં લગ્ન, કન્યાવિક્રય, વરવિક્રય તથા અનેકપત્નીત્વની અનિષ્ટતા સંબંધે મતભેદ ન હોવા છતાં હજુ આવા બનાવો આપણા સમાજમાં અશક્ય બને એવો તીવ્ર લોકમત જાહેર થવો જોઇએ અને આવા અનિષ્ટ પ્રસંગે કોઇપણ સ્થાનકવાસી સ્ત્રી પુરૂષે ભાગ લેવો ન જોઇએ એમ આ કૉન્ફરન્સ અનુરોધ કરે છે. આ કૉન્ફરન્સ ભલામણ કરે છે કે:-

૧ લગ્નની વય કન્યાની ઓછામાં ઓછી ૧૬ વર્ષની અને વરની વય ઓછામાં ઓછી ૨૦ વર્ષની હોવી જોઇએ.

૨ લગ્ન સંબંધો યોજવામાં આજની પ્રચલિત ભૌગોલિક અને જ્ઞાતિવિષયક મર્યાદાઓ આધુનિક સામાજિક પરિસ્થિતિ સાથે તદ્દન અસંગત છે અને પ્રગતિની રોધક છે તેથી એ મર્યાદાઓ સત્વર રદ થવી જોઇએ.

લગ્નો વર કન્યા સંમતિથી થવા જોઇએ.

આપણી પાંજરાપોળો

આપણા ભાઇઓ હસ્તક ચાલતી પાંજરાપોળો તથા જીવદયા જેવી સંસ્થાઓના સંચાલકોને, ટ્રસ્ટીઓ વગેરેને આ કૉન્ફરન્સ એવી ભલામણ કરે છે કે તેમણે આધુનિક દેશકાળની જરૂરિયાત સમજીને પોતાને ત્યાંના ઢોરોની ઓલાદ સુધરે અને હાલ ચાલી રહેલો બગાડ બંધ થાય તેવા સુધારા તેમજ સુધારા કરનારી પધ્ધતિઓનો અમલ તેમજ પ્રચાર કરવો.

જૈન સમાજના ત્રણે ફીરકાનું ઐકય

આ કૉન્ફરન્સ જૈન સમાજની એકતાનું આગ્રહપૂર્વક સમર્થન કરે છે અને જ્યારે પણ પરસ્પરની એકતાને બાધક પ્રસંગ ઉભો થતો દેખાય ત્યારે તેનો યોગ્ય સામનો કરીને એકતાને પુષ્ટ કરવાનો પ્રત્યેક સ્થાનકવાસી ભાઇબ્હેનને વિનંતિ કરે છે. વિશેષમાં જૈન સમાજના ત્રણ ફીરકાના, કેટલાક માન્યતાભેદો બાજુએ રાખતાં, પરસ્પરને સમાન રીતે સ્પર્શતા અનેક પ્રશ્નોની ચર્ચા કરવા માટે તેમજ અંદર અંદરની એકતા વધારવા માટે આખા જૈન સમાજની સંયુકત પરિષદ બોલાવવાની આવશ્યકતા આ કૉન્ફરન્સ સ્વીકારે છે અને એવી કોઇ યોજનામાં આ પરિષદ પૂરો સહકાર આપશે એમ જાહેર કરે છે.

'વીરસંઘ'ની યોજના

સાધુ સાધ્વી સંઘની એકતા એજ સ્થાનકવાસી સમાજના અભ્યુત્થાનનો એક માત્ર ઉપાય છે તે માટે મુનિ સમિતિના ચાર સભ્યોએ 'વીરસંઘ'ની યોજનાનો ખરડો તૈયાર કર્યો છે:- તેનો મૂળ સિધ્ધાંત આવકારદાયક છે. આ યોજના સાધુ સમિતિની વિશેષ વિચારણા માગે છે. તેથી અજમેર સાધુ સંમેલનમાં નીમાયેલી મુનિ સમિતિની એક બેઠક યોગ્ય સ્થળે અને સમયે બોલાવવા આ અધિવેશન ઠરાવ કરે છે. (આ યોજનાની વિગતો આગળ ઉપર પ્રગટ કરવામાં આવશે.)

વીર સેવાસંઘ

વીરસંઘનો પ્રસ્તાવ અને ફંડ મુંબઇ અધિવેશનથી થયેલ છે. નિયમાવલી પણ બનાવવામાં આવેલ છે. પરંતુ હજી સુધી કાર્યરૂપમાં વીરસંઘ બન્યો નથી. માટે આ કૉન્ફરન્સ નિર્ણય કરે છે કે સ્થા. જૈન સમાજને આજીવન અથવા ઉચિત સમયને માટે સેવા દેવાવાળા સ્થા. જૈન સમાજના સાચા શ્રાવકો ભલે તે ગૃહસ્થી હોય કે બ્રહ્મચારી હોય, પરંતુ આજીવન સમાજસેવાને માટે જીવન અર્પણ કરવાવાળાઓનો 'વીર સેવાસંઘ' તુરત જ બનાવવામાં આવે. વીરસંઘના સભ્યની યોગ્યતા અને આવશ્યકતા અનુસાર જીવનપ્રબંધને માટે વીરસંઘ ફંડનો ઉપયોગ કરવામાં આવે.

સાધુસંસ્થા નિયમન

સાધુ સંમેલનના બધા નિયમ તથા પ્રસ્તાવો ખાસ કરીને સાધુ સાધ્વી સંઘના જ્ઞાન અને ચારિત્રના રક્ષણ અને વૃદ્ધિને માટે તથા ભારતવર્ષના ચતુર્વિધ શ્રી સંઘમાં ઐકય સ્થાપવા માટે કરવામાં આવ્યાં છે. એટલા માટે અજમેર અધિવેશનમાં પ્રસ્તાવ નં. ૮ અનુસાર તે નિયમો તથા પ્રસ્તાવો હાજર તેમજ ગેરહાજર બધાં સાધુ-સાધ્વીઓને માટે બંધનકારક છે. એટલા માટે આ પ્રત્યેક નિયમો તથા પ્રસ્તાવોનું પાલન કરાવવું એ પ્રત્યેક શ્રાવક તથા શ્રાવિકાનું કર્તવ્ય છે.

મુનિઓની તરફથી આવેલા પ્રત્યુત્તરો અને આ કમીટીના સભ્યોના અનુભવ વિષે વિચાર કરવાથી એવું માલુમ પડે છે કે સાધુ સાધ્વી સંઘના બહુ ભાગે આ નિયમો અને પ્રસ્તાવોનું વિશેષરૂપે પાલન કર્યું છે તેમને આ અધિવેશન ધન્યવાદ આપે છે અને તેઓ પાલન ચાલુ રાખશે એવી આશા રાખે છે. જે સાધુ સાધ્વીઓએ આ નિયમોનું થોડું અથવા વિશેષરૂપે પાલન કર્યું નથી તેમને માટે આ અધિવેશન ખેદ પ્રગટ કરે છે અને હવે તેમનું પાલન કરવા માટે વિનંતિ કરે છે.

આ અધિવેશનનો એ દ્રઢ અભિપ્રાય છે કે સંમેલનનાં અધિકાંશ નિયમો અને પ્રસ્તાવો એવા છે કે જેમનો ભંગ કોઇ પણ સાધુ-સાધ્વી કોઇ પણ શ્રાવક અથવા શ્રાવિકાના થોડા ઘણા સહકાર અથવા અનુમતિ વિના કરી શકે નહિ. એટલા માટે જેમને સમાજહિત પ્રિય છે એવા પ્રત્યેક શ્રાવક શ્રાવિકાઓનું કર્તવ્ય છે કે જ્યાં જ્યાં સાધુ-સાધ્વી કોઇ રીતે સંમેલનના નિયમ અને પ્રસ્તાવોનો અમલ કરતા ન હોય અથવા કરવા ચાહતા ન હોય ત્યાં ત્યાં તે નિયમોનું પાલન કરાવવા માટે દરેક પ્રયત્ન કરવામાં આવે અને તેના ભંગમાં કોઈ પણ પ્રકારનો સહકાર આપવામાં ન આવે.

સિદ્ધાન્ત શાળાઓ

હાલમાં સાધુ સાધ્વીઓના શાસ્ત્રાભ્યાસ માટે જુદા જુદા સ્થળોએ મોટા પગારે પંડિતો રાખવામાં આવે છે તેથી જુદા જુદા સંઘોને ઘણું ખર્ચ થાય છે અને તેથી નાના ગામોમાં ચોમાસાં થઇ શકતાં નથી. તેથી આ સભા જુદા જુદા પ્રાન્તોમાં સિદ્ધાન્ત શાળાઓ ખોલવાને તે તે પ્રાન્તનાં સંઘને વિનંતિ કરે છે અને તેવી સિદ્ધાન્ત શાળાઓ ઉઘડે ત્યારે પ્રાન્તમાં વિચરતા સર્વે સંપ્રદાયના સાધુ-મુનિરાજો પોતાના શિષ્યોને ભણાવવા ત્યાં મોકલે તેવી વિનંતિ કરવામાં આવે છે.

સ્થા. જૈન યુવક પરિષદના કેટલાક અગત્યના ઠરાવો

રાષ્ટ્રીય મહાસભા

'સ્વતંત્રતા એ પ્રત્યેક માનવીનો જન્મસિદ્ધ અધિકાર છે, એમ આ પરિષદ માને છે અને તે અધિકારને સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરતી હિંદી રાષ્ટ્રીય મહાસભાને 'હિંદ એક અને અવિભાજ્ય છે' એ સિધ્ધાંતને ખ્યાલમાં રાખી સંપૂર્ણ સહકાર આપવાનો આ પરિષદ ઠરાવ કરે છે અને તેના કાર્યક્રમમાં અને તેઠલો ફાળો આપવા સમગ્ર જૈન સમાજને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ખાદી, ગ્રામોદ્યોગ, અસ્પૃશ્યતાનિવારણ અને રાષ્ટ્રભાષા પ્રચાર

નીચે જણાવેલી પ્રવૃત્તિઓમાં આ પરિષદ મક્કમપણે માને છે અને તેથી તેને અપનાવી લેવા દરેક યુવકને આગ્રહભરી વિનંતિ કરે છે.

(૧) ખાદીથી આર્થિક અસમાનતા દૂર થાય છે, સામાજીક સમાનતાની ભાવના પ્રગટે છે, ગરીબાઇ અને ભુખમરો ઓછો થાય છે. વળી ખાદીમાં ઓછામાં ઓછી હિંસા થાય છે. તેથી પ્રત્યેક જૈનનો ધર્મ છે કે તેણે ખાદીનો જ ઉપયોગ કરવો જોઇએ. ઉપરાંત આમ જનતા સાથે સંપર્ક સાધવાનું આ એક ઉત્તમ સાધન છે.

(૨) ગ્રામોદ્યોગના ઉત્તેજનમાં તથા સ્વદેશી વસ્તુના ઉપયોગમાં રાષ્ટ્રની આર્થિક આબાદી છે, હિંદનાં ગામડાંઓનો ઉદ્ધાર છે અને રાષ્ટ્રિય પરતંત્રતા દૂર કરવાનું આ એક ઉત્તમ સાધન છે તેથી ગ્રામોદ્યોગની અને સ્વદેશી બનાવટની વસ્તુઓ વાપરવી એ દરેક હિન્દીનો અને પરિણામે દરેક જૈનનો પ્રથમ ધર્મ છે.

(૩) જૈનધર્મમાં અસ્પૃશ્યતાને કાંઇ સ્થાન નથી અને જૈનધર્મ દરેક મનુષ્યની સામાજિક સમાનતામાં માને છે. તેથી દરેક જૈન અને ખાસ કરીને સાધુ તથા સાધ્વીની એ પવિત્ર ફરજ છે કે અસ્પૃશ્યતાને નિર્મૂળકરવી અને હરિજન ઉદ્ધારના રાષ્ટ્રિય મહાસભાના કાર્યમાં પુરતો સહકાર આપવો.

(૪) આંતરપ્રાંતીય સુમેલ સાધવા માટે રાષ્ટ્રભાષા હિન્દુસ્તાનીને અપનાવી લેવી જોઇએ એવી માન્યતા આ પરિષદ ધરાવે છે અને તે દિશામાં બનતું સક્રિય કરવા યુવકોના ચૂકે એમ માંગે છે.

વૈધવ્ય

આ સંમેલન એમ માને છે કે સ્ત્રીઓ માટે વૈધવ્ય ફરજીયાત નહિ પણ મરજીયાત હોવું જોઇએ. તેથી ઘણાં અનિષ્ટો દૂર થવા સંભવ છે. મરજીયાત વૈધવ્ય પાળતી બહેનો તરફ સમાજે માનભરી દૃષ્ટિએ જોવું જોઇએ અને તેમને આજીવિકાનુ પુરતું સાધન રહે તે માટે ઘટતી કેળવણી આપવી તથા તેમના કુટુંબીજનો તરફથી યોગ્ય પ્રબંધ થાય તે જોવું તે સમાજની પવિત્ર ફરજ છે. વિધુર વિધવાને જ પરણે.

કન્યાવિક્રય-વરવિક્રય

સમાજમાં થતા માનવવિક્રયો-"કન્યાવિક્રય અને વરવિક્રય" તરફ આ પરિષદ ધૃણાની દ્રષ્ટિએ જુએ છે અને માને છે કે આ બદીથી સ્ત્રી જાતિને અને ગરીબ માબાપોને અનેક રીતે સહેવું પડે છે, માનવ સંસ્કૃતિનું તેથી પતન થાય છે, અને માનવજાતની માનહાનિ થાય છે. તેથી આ પ્રથા વહેલામાં વહેલી તકે નાબુદ થવી જોઇએ. યુવકો જ આ બાબતનો નીકાલ કરી શકે તેમ છે એમ આ પરિષદનો ચોકકસ અભિપ્રાય છે અને તેથી ભલામણ કરે છે કે આ પાપી પ્રથાને નાબુદ કરી સ્ત્રી જાત તથા ગરીબ માબાપોને ભયમુક્ત કરે.

ત્રણ ફીરકાની એકતા

અખિલ ભારતવર્ષીય શ્વે. સ્થા. જૈન યુવકોની આ પરિષદ સમસ્ત જૈન સમાજના ત્રણેય ફીરકાઓના એકીકરણની અગત્ય સ્વીકારે છે અને જાહેર કરે છે કે તેઓ આ દિશામાં શકય તેટલા સર્વ પ્રયત્નો કરશે તેમજ બીજી સંસ્થાઓ કે વ્યક્તિઓને આ માટે સક્રિય સહકાર આપશે.

સમાજ સુધારણા

આ પરિષદ આર્યાય સમાજને અને ખાસ કરીને કેળવાયેલ વર્ગને આગ્રહભરી વિનંતિ કરે છે કે નીચેની રૂઢિઓમાંથી પોતે જાતે છુટી, બીજાઓને તેથી દૂર કરવા પોતાના ફાજલ સમયમાં ખાસ પર્યટનો ગોઠવી લોકસંપર્ક સાધીને ભાષણોથી કે લખાણો દ્વારા લોકમાનસ પર અસર કરીને લોકમત કેળવે જેથી એ ક્રમે ક્રમે દૂર થાય.

(૧) પ્રેત ભોજન (મરણ પાછળ થતાં જમણો).

(૨) સીમંત પાછળ થતો વ્યર્થ ખર્ચ.

(૩) વર્ગભેદ (ગરીબ શ્રીમંતોનો)નું ધીમું ઝેર પ્રસરેલુ અટકાવવા માટે લગ્ન પ્રસંગે કે એવા બીજા પ્રસંગોમાં થતા કપડાં ઘરેણાં વગેરેનાં પ્રદર્શનો-લગ્નાડંબરો.

(૪) મરણ પછીના લૌકિક વ્યવહારો.

(૫) બાળલગ્નો, કજોડાં, વૃદ્ધલગ્નો.

(૬) ઘુમટા પદ્ધતિ (પડદા પ્રથા)

(૭) સ્ત્રીના મરણ પછી તુર્તમાંજ થતા વેવીશાળની પ્રથા.

લગ્નક્ષેત્ર વિસ્તાર

સાંપ્રદાયિક ફિરકાઓ તેમજ વણિક કોમની જુદી જુદી ન્યાતો અને પેટા ન્યાતો વચ્ચે કાંઇ આંતરિક મહત્ત્વનો ભેદ નથી. એમ આ પરિષદ માને છે તેથી બધી કોમો અને ફિરકાઓ સામાજિક બાબતમાં એક થઇ પરસ્પર લગ્ન સંબંધમાં ઉતરે એમ ઇચ્છવા યોગ્ય છે અને તેના પ્રથમ પગલા તરીકે એક ભાષા બોલનાર પ્રાંતની જુદી જુદી વણિક કોમ અને તેના પેટા તડાઓ એક થઇ જાય એવી મજબુત ઇચ્છા આ પરિષદ દર્શાવે છે અને તે દિશામાં બનતું સક્રિય કરવા યુવકોના ચૂકે એમ માંગે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4260.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૨

મુંબઇ : ૧૫ મે ૧૯૪૧ ગુરૂવાર.

લવાજમ
રૂપિયા ૨

અપાપાપુરી

(ગતાંકથી ચાલુ)

જળમંદિર જોયા પછી ગાંવમંદિરે જવું એ ક્રમપ્રાપ્ત હતું. કલકત્તાના કળારસિક શ્રી બહાદુરસિંહજી સિંધીની ધર્મશાળામાં અમે આરામ કર્યો; પ્રકાશ અને અંધકાર વચ્ચે ચાલતા ગજગ્રાહને સમયે, એ બાજુથી અમે જળમંદિરનું છેલ્લું દર્શન કર્યું. એનું કાવ્ય માણવા જરો હતો એટલામાં પાસેના કોઇ મંદિરમાંથી ઉદાત્ત સ્વરિત ઘંટાનાદ સંભળાયો, અને સંધ્યાકાવ્ય એકાએક મુખરિત થયું. મારૂં શરીર હર્ષોત્ફુલ્લ થવા જતું હતું એટલામાં આકાશમાં તારાઓએ છતા થઇ રાત્રીનું આકાશ પણ પ્રકાશી દીધું. એ સ્થિતિનો ઉન્માદ વગરવંશી (જેનામાં સાચી રસિકતા નથી એવા) ન સમજી શકે.

એ અંધારામાં જ હાથમાં વીજળીની કરદીપિકા લઇને અમે ગાંવ મંદિરે ગયા. અમારી સાથે સદ્ગત આશ્રમવાળા મથુરાબાબુ જેવા જાહેરાતદાર હોવાથી લોકોને ખબર પડી કે આ તો મહાત્માજી સાથે રહેનારા કાકા કાલેલકર છે. એક સ્થાનિક મહાશયે "જૈનેતર દૃષ્ટિએ જૈન" એ ચોપડી વાંચી હશે એટલે એમણે માહીતીમાં ઉમેરો કર્યો કે કાકા સાહેબ ૧૯ વરસ પહેલાં પાવાપુરીમાં આવ્યા હતા અને એમણે અહીં એક પ્રવચન પણ આપ્યું હતું.

હવે તો એકાંત માણવાની ગુંજાઇશ રહી જ ન હતી! અબુરામાં પુરૂં ત્યાં ભેગા થયેલા ભકતોમાં રાજમહેન્દ્રી તરફથી આવેલું એક ગૂજરાતી કુટુંબ હતું. એમને ત્યાં હું એક વખત મહેમાન રહી ચુકયો હતો. ગાંવમંદિરમાં કોઇ સાધુનાં અનેક વચનો જ્યાં ત્યાં લખી રાખ્યા હતા. સ્વર્ગ નરકનાં અને તીર્થ સ્થાનોનાં ચિત્રો તો હોય જ. એ વચનો ગમે તેટલાં બોધપ્રદ હોય અને એ ચિત્રપ્રસંગો ગમે તેટલાં ભવ્ય હોય તોયે મંદિરમાં, મારી દૃષ્ટિએ, અસ્થાને છે. ન જ રહેવાનું હોય તો મંદિર પાસે એક સ્વતંત્ર મંડપ ઉભો કરી એમાં ચિત્રોનું અને વચનોનું પ્રદર્શન ગોઠવી શકાય; પણ મંદિરને તો પોતાની મેળે જ, મૌનવાણીમાં, બોલવા દેવું જોઇએ, મંદિરોમાં ફૂલો રખાય, ધૂપદીપ ગોઠવાય, અને સંગીત વહેવડાવાય, ભકિત-રસમાં એ આડે આવતા નથી. ઉલટો કાંઇક ઉમેરો જ કરે છે. પણ ચિત્રો અને અક્ષરો જુદી જ સૃષ્ટિના પ્રતિનિધિઓ છે.

જૂના વખતમાં તીર્થયાત્રાએ ગયા હોઇએ એટલે પંડાઓના ચોપડામાં નામ, ગામ, ઠામ લખી આપવું પડતું. આજકાલ કોઇ સંસ્થા જોવા જઇએ તો મુલાકાતસંગ્રહમાં કાંઇ ને કાંઇ લખી આપવું પડે છે. હવે તો મંદિરોમાં પણ અન્નયમધરોની પેઠે 'વિઝીટર્સ બુક' રાખવામાં આવે છે. "જોયું અમારૂં મંદિર? લખી આપો ત્યારે તમારો આનંદ અને તમારી છાપ!" એમ કહીને જ્યારે ચોપડી આગળ કરવામાં આવે છે ત્યારે હું મુંઝાઉં છું, આનંદ વ્યકત કરતા મને સંકોચ નથી. તેમ હોત તો તો આ યાત્રાસ્મરણ લખત જ નહિ. પણ આનંદને પણ પાકતા કે જામતા વાર લાગે છે. પુજારીઓ જો ગરૂડની માતા વિનતાની પેઠે ઉતાવળ કરે તો એમાંથી વિકલાંગ અરૂણની જ ઉત્પત્તિ થવાની.

બક્ષાની પ્રેમથી વિદાય લઇ અમે તૈલવાહનમાં સવાર થયા અને સવેળા પટના પહોંચવા માટે મુખ્ય રસ્તા ભેગા થયા. આકાશના તારાઓ અમને કહેતા હતા કે તમે પશ્ચિમે ચાલ્યા છો અને બન્ને બાજુના પુરાણપુરૂષ જેવા વૃક્ષો અમને યાત્રા સફળના આશીર્વાદ આપતા હતા. હવે તો રસ્તાની બન્ને બાજુ મોટરના પ્રકાશમાં ચાર છ ક્ષણને માટે છતા થતા અને ફરી અલોપ થતા વૃક્ષો સિવાય જોવા જેવું કશું હતું જ નહિ. એકાદ સમજું કે શિયાળવું એ પ્રકાશથી ભડકીને નાસી જાય તો જરાક ધ્યાન ખેંચે ખરૂં. પણ પાવાપુરીની અહિંસાભૂમિનાં ધરાઇને દર્શન કર્યા પછી બીજું કશું જોવાની ઇચ્છા રહી ન હતી. આકાશના નિત્યનૂતન તારાઓ પણ પ્રેમાળપણે કહેવા લાગ્યા, "અમે તો હંમેશને માટે છીએ જ. આજે તું અમારી સાથે વાતો ન કરે તો ચાલે. અમે ચિરસાક્ષી છીએ અમે અહિં અનેક અવતારો જોયા છે અને અનેક ઘંટનાઓ અમારી આંખના પલકારાથી તોંધી રાખી છે. આજે તારા ધ્યાનને આડે નહિ આવીએ. તું ધ્યાન ધરતો જા. અમે અમારા અધ્યાત્મિક તાલનો સાથ આપીશું."

ઉપાસના કરવા લાયક જો કોઇ દેવતા હોય તો તે જીવન છે. પણ જીવનદેવતાની ઉપાસના કપરી હોય છે. માણસને માટે જો કાંઇ પણ હિતતમ હોય તો તે જીવનદેવતાને ઓળખવું એ જ છે. જીવનદેવતા બહુરૂપિણી છે. એ આપે છે અને લે છે. જન્મ અને મૃત્યુ એ એની બે વિભૂતિઓ છે. બન્ને એના કૃપાપ્રસાદ તરીકે સ્વીકારવાના હોય છે; પણ માણસ એ પ્રસાદ બીજાને આપવા ખાતર જન્મની કે મરણની ઉત્પત્તિ કરે તો તે નહિ ચાલે. જન્મ આપીએ કે મરણ આપીએ-જીવનદેવતા અસંતુષ્ટ જ થાય. જીવનરહસ્ય પારખવાની સાધના માટે માણસ પોતે જન્મ સ્વીકારે. એ જ સાધના કૃતાર્થ કરતાં એને મરણ પણ વહોરી લેવું પડે. પણ બીજા જીવને જન્મ આપવું કે મરણ આપવું—એમાં આધ્યાત્મિક પ્રગતિ નથી.

જન્મ અને મૃત્યુ એ જીવનના બે પાસા છે. કેવળ એ પાસાને જ જે મહત્વ આપે તે જીવનનિષ્ઠ થઈ શકતો નથી. 'ભવતૃષ્ણા' (જીવવાની અમળખા) અને 'વિભવ તૃષ્ણા' (મરવાની ઇચ્છા) બન્ને જીવનદ્રોહી છે. તેથી જે કોઇ જીવનદેવતાની ઉપાસના કરવા માગે તેણે અહિંસાદ્વારા મૃત્યુ ઉપર વિજય

મેળવવો જોઇએ અને તપસ્યાદ્વારા જીવનનો સાક્ષાત્કાર કરવો જોઇએ.

મરણ ઉપર વિજય મેળવવાના અનેક પ્રયત્નોનો ઉલ્લેખ દરેક ધર્મના ગ્રંથોમાં જડે છે. શરીર હજારો વરસ સુધી ટકાવવું, વાર્ધક્ય ટાળવું, રસાયણ ખાઇને વજ્રકાય બનવું એ અમર થવાના ઉપાય નથી. અમર થવું હોય તો મરણને પરાસ્ત કરવું જોઇએ. જે માને છે કે મરણ સર્વસમર્થ છે તે જ બીજાને મારવાનો અને પોતાને માટે મરણ ટાળવાનો પ્રયત્ન કરશે. જેણે જાણી લીધું કે મૃત્યુ નિર્વીર્ય છે તે કોઇને એની ઇચ્છા વિરુદ્ધ મારશે નહિ અને પોતે જ્યાં મરી જવું આવશ્યક હોય ત્યાં મરણ વધાવી લેતાં સંકોચ કરશે નહિ. એને મૃત્યુંજય કહી શકાય.

એવા જે થોડા મૃત્યુંજય વીરપુરૂષો આ દુનિયામાં થઇ ગયા તેમાં મહાવીરનું સ્થાન અનોખું જ છે. ક્રમકે એણે મનુષ્યજાતિ પર વિશ્વાસ રાખી અહિંસાના અંતિમ સ્વરૂપનો ઉપદેશ કર્યો.

આજે આપણે કહીએ છીએ કે "માણસ માણસ વચ્ચેના વેર શમ્યા નથી. ભાઇ ભાઇનું ખૂન કરતા પણ અચકાતો નથી. જેમનું દૂધ પીયે છે તેમને જ મારીને ખાવાનું માણસે છોડયું નથી. જે પશુઓને પાળીને પોતાના કુટુંબમાં લીધા, અને જેમની મહેનતથી પોતાનો ખોરાક ઉગાડયો, તેમને પણ કતલ કરતાં જેમનું હૈયું ચીરાતું નથી એવા મનુષ્યપ્રાણીને કહેવું કે હિંસ્ત્ર પશુને પણ ન મારવા, કૃમિકીટોને પણ જેટલા બચાવી શકાય તેટલા બચાવવા અને વનસ્પતિ આહારમાં પણ બને તેટલો જીવરક્ષાનો વિચાર રાખવો, એ તો શુદ્ધ ગાંડપણ છે." પણ કોઇએ એમ નથી કહ્યું કે જીવમાત્ર પ્રત્યે આદર ભાવ રાખવો તે ધર્મ નથી. અને જો હિંસાના આત્યંતિક ત્યાગમાં જ જીવનની સફલતા હોય તો જેને એનો સાક્ષાત્કાર થયો, એણે એ વાત મનુષ્યજાતિ આગળ મુકવી તો જોઇએ જ. આજે ભલે એ વસ્તુ સ્વીકારવાની પાત્રતા મનુષ્યજાતિમાં ન હોય; ભલે એમાંથી નર્યો હાસ્યાસ્પદ દંભ પેદા થતો હોય; પણ સાચી વસ્તુ મનુષ્યજાતિ આગળ મુકવી તો જોઇએ જ. જેઓ અહિંસાસિદ્ધિનો ક્રમ ઓળખતા નથી તેમનું જીવન વિફળ થશે. તેઓ આગળ વધવાને બદલે પાછા પણ પડશે. પણ જ્ઞાનને અભાવે અથવા સાધનોને વાંકે સાધ્યને સંતાડી ન જ રખાય.

જેને અહિંસાનો વધારેમાં વધારે સાક્ષાત્કાર થયો હતો અને જેણે અહિંસાની સાધના સિધ્ધ કરવા માટે પોતાની અને પોતાના સાથીઓની જીંદગી શ્રધ્ધાપૂર્વક ખપાવી હતી તે મહાવીરની અંતિમવાણી જ્યાં સંભળાઇ તે સ્થાનનું દર્શન થતાંવેંત મન અહિંસામય થઇ જાય અને અહિંસા વગર માણસાઇ કેમ કરમાઇ જાય છે એ તરફ ધ્યાન જાય એ સ્વાભાવિક છે.

જીવનદેવતાનું સ્વરૂપ અને એનું હૃદય ઓળખી જીવનદેવતાની અખંડ ઉપાસના અને અનન્ય ભક્તિ કરવા ઇચ્છનારને માટે મહાવીરનું જીવન અને એની વાણી હંમેશા આકર્ષક રહેવાની. પણ એ બધું કૃત્રિમ અને યાંત્રિક ન થઇ જાય, ઉપાસના કેવળ ધુપદીપવાળી પૂજા ન બને, અને ભક્તિ કેવળ નામધારી અભિમાનમાં પરિણામે એટલું જોવાનું છે. જ્ઞાન અને તપસ દ્વારા જીવનનો કાટ દૂર કરાય! જ્ઞાન અને તપસ જો પોતે જ કટાઇ જાય તો કોને શરણ જઇએ?

કાકા કાલેલકર

માંદાની માવજતનાં સાધનો પુરાં પાડવાની સગવડ

કેટલાક સાધારણ સ્થિતિના ભાઇઓ પોતાને ત્યાં કોઇની માંદગીનો પ્રસંગ ઉપસ્થિત થતાં માવજતને અંગે જરૂરી સાધનો વસાવી શકતા નથી અથવા તો થોડા દિવસની જરૂરિયાત માટે તેવાં સાધનો વસાવવાં તેમને ભારે પડે છે. આ ભાઇઓને જરૂર પડે ત્યારે માવજતનાં સાધનો વિના ખર્ચે રૂપને સહેલાઇથી મળી શકે તેવી વ્યવસ્થા શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કચેરી (સીલ્વર મેન્સન, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩) માં કરવામાં આવી છે. આ સાધનો માટે નક્કી કરેલી અનામત તેમજ ઘસારા ફંડની રકમ આપવાથી નાત જાત કે ધર્મના ભેદ સિવાય કોઇને પણ જરૂરી સાધનો આપવામાં આવશે. આવાં સાધનો લઇ જનાર પાસેથી પ્રત્યેક સાધન દીઠ ઘસારા ફંડ ખાતે એક આનો લેવામાં આવશે અને એ રીતે એકત્ર થયેલાં નાણાંનો ઉપયોગ આવાં જ સાધનો વસાવવા તેમજ વધારવા પાછળ કરવામાં આવશે. વાપરવા આપેલ સાધનો એની એ સ્થિતિમાં પાછા મળ્યે તે પેટે અનામત લીધેલી રકમ પાછી આપવામાં આવશે.



પાવાપુરી જળમંદિર

હિંદની મહાન્ આધ્યાત્મિક વિભૂતિ

શ્રી અરવિંદ ઘોષ

શ્રી. અરવિંદ ઘોષ જગતના એ મહાપુરૂષોમાંના એક છે કે જેઓ કયારે કયારે ઉત્પન્ન થાય છે. એમની પુરી મહત્તા જગતને આજે વિદિત નથી; પણ એક દિવસ જગત્ જરૂર એમની મહત્તા પિછાનશે. શ્રી રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે " આપની પાસે મંત્ર છે અને અમે આપની પાસેથી ગ્રહણ કરવા માટે રાહ જોતા ઉભા છીએ. આપના અવાજદ્વારા ભારત સમગ્ર જગતને પોતાનો સંદેશો આપશે." આ મહાન પુરૂષ માટે અલીપુર બોંબ કેસ વખતે એમનો બચાવ કરતાં જુરીને ઉદ્દેશી બોલતા સ્વ. શ્રી દેશબંધુ દાસે ભવિષ્યવાણી [illegible] હતી કે " આજે જેના પર અત્યાચારનો આરોપ મૂકવામાં આવ્યો છે તે આજે ન્યાયમંદિર સમક્ષ નહિ પણ જગતના ન્યાયમંદિર સમક્ષ ઉભા છે. બોંબના અત્યાચારનું વાતાવરણ શાંત થતાં આજે આરોપી તરીકે ઉભેલા શ્રી અરવિંદ ઘોષ માટે ભવિષ્યમાં એક એવો સમય આવશે કે જ્યારે તેઓ સ્વાતંત્ર્યના શાહેર, રાષ્ટ્રધર્મના પ્રણેતા અને અખિલ માનવ જાતના કલ્યાણકર્તા તરીકે ઓળખાશે. સમસ્ત જગત એમના ગુણગાન કરી અતિ આદરપૂર્વક એમનું પુણ્ય સ્મરણ કરશે. પછી એક સમય એવો આવશે કે જ્યારે આ દેશમાં તો શું પણ સમસ્ત વિશ્વના અણુ અણુમાં એમની દિવ્ય વાણી ફરી વળશે. " શ્રી. દેશબંધુની આ ભવિષ્યવાણી ધીમે ધીમે સત્ય બનતી જાય છે. પ્રચારના જમાનામાં પ્રચારમાં ન માનનારા શ્રી. અરવિંદ વિષે લોકો ઘણું થોડું જાણે છે. એમને જગતની કોઇ વસ્તુની અપેક્ષા ન હોવાથી લોકો પોતાને ઓળખે કે નહિ તેની કશી પરવા નથી. જે સત્ય છે તે સ્વયં પ્રગટ થાય છે એમ તેઓ માને છે અને જેમને સત્ય જાણવાની ઇચ્છા હશે તે સ્વયં એની તરફ આકર્ષાય છે.

શ્રી. અરવિંદનો જન્મ ૧૮૭૨ના ઓગષ્ટમાં કલકત્તામાં થયો. એમના પિતા ડો. કૃષ્ણધન ઘોષ પાશ્ચાત્ય સંસ્કૃતિના પરમ ઉપાસક હતા, પોતાની રહેણીકરણી પૂર્ણ પાશ્ચાત્ય ઢબ ઉપર જ ઢાળવી હતી અને પોતાના પુત્રો પણ 'સાહેબ' બને એવી એમની તીવ્ર ઇચ્છા હતી. તેથી બાળવયથી જ શ્રી. અરવિંદ યુરોપીયન આયાઓના હાથમાં પાશ્ચાત્ય વાતાવરણમાં જ ઉછર્યા. સાત વર્ષની વયે એમને અભ્યાસ માટે ઇંગ્લંડ મોકલવામાં આવ્યા. ઇંગ્લંડમાં એક સરખાં ચૌદ વર્ષ રહેનાર અને બાળવયથી જ પાશ્ચાત્ય સંસ્કારોમાં ઉછરેલ વ્યક્તિ એકે દિવસ આર્ય સંસ્કૃતિની પરમ ઉપાસક અને પ્રણેતા બનશે એવું સ્વપ્ને પણ કલ્પી કેમ શકાય? વિદ્યાર્થી તરીકેનું એમનું જીવન ખુબ યશસ્વી હતું. વડોદરા કોલેજના પ્રિન્સીપાલ તરીકે ગુજારેલા જીવનની સુવાસ એમના પરિચયમાં આવેલા વચ્ચે હમેશ કાયમ રહેશે. રાજકીય નેતા તરીકેનું એમનું જીવન હિન્દના સ્વાતંત્ર્યનાં ઇતિહાસમાં ઉર્જ્વલ અક્ષરે કાયમ રહેશે. પણ સૌથી શ્રેષ્ઠ તો એમનું યોગી તરીકેનું જીવન છે. કીર્તિ, માન, સન્માન અને સંપત્તિનાં આકર્ષણો તજી ૩૬ વર્ષથી પોંડીચેરીમાં અવિરત તપ કરતા શ્રી. અરવિંદના અદ્‌ભુત સંયમના સામર્થ્યની કલ્પના પણ સાધારણ વ્યક્તિ માટે અશકય છે. ૩૬ વર્ષના એકાંતવાસ માટે કેટલો સંયમ જોઇએ, કેટલું તપ જોઇએ એની કલ્પના પણ મુશ્કેલીથી થઇ શકે. અનેક વાર અસાધારણ વ્યક્તિઓ પણ સંસારની મોહજાળમાં સપડાઇ પોતાના ધ્યેયથી વિચલિત બની જાય છે. શ્રી અરવિંદે જગતના તમામ આકર્ષણો પર પ્રભુત્વ મેળવી એમને તાબે કર્યાં છે. એમની તપસ્યા અજબ છે. એમની કાર્યપ્રણાલી પણ અનોખી છે. પુરાણા સર્વ યોગોનું સમન્વય સાધી એમણે પૂર્ણયોગની રચના કરી છે.

વર્ષમાં ત્રણ વખત દર્શન આપ્યા સિવાય તેઓ કોઇની દૃષ્ટિએ પડતા નથી. દર્શન વખતે એમની ગૌરવશાળી આકૃતિ સુદૃઢ સ્વાસ્થ્યનો ખ્યાલ આપે છે. દર્શન સમયનું એમનું ભવ્ય સ્વરૂપ શબ્દોદ્વારા કદી રજુ ન કરી શકાય. પ્રકાશનાં કિરણો પ્રસારતાં એમના નયનોની કાન્તિ અદ્‌ભુત હોય છે. એમની દિવ્ય મુખમુદ્રાપર વિજેતાનું ગૌરવ છે કે જેણે સમસ્ત વાસનાઓ પર વિજય મેળવ્યો છે. મૌનપણે દર્શનથી બીજાને શો લાભ થાય? એવો અનેકને પ્રશ્ન ઉઠે. પણ એઓ મૌનપણે દર્શનાર્થીઓને શું આપે છે તે તો અનુભવીઓ અને તે પણ ખુલ્લા દિલથી ગયેલા જ સમજી શકે. એ આકર્ષણ એવું છે કે તેમના એક મીનીટ માત્રના દર્શનથી જ અત્યંત મુગ્ધ બની કેટલાક લોકો પોતાનું સર્વસ્વ ત્યાગીને એમના ચરણે આવી બેઠા છે. કેટલાય એક મિનિટના દર્શન માટે દૂર દૂરથી આવે છે. કેટલાક તો યુરોપ અમેરિકાથી પણ દર્શનાર્થે આવે છે. શ્રી. અરવિંદ શું છે એ આજે સંપૂર્ણપણે નહિ ઓળખાય, કારણ કે હિંદે કદી પોતાના મહાન પુરૂષોને એમના જીવન દરમ્યાન ઓળખ્યા જ નથી; પણ પાછળથી જ મંદિરો બનાવી પૂજ્યા છે.

શ્રી અરવિંદ સંબંધે શ્રી રોમાં રોલાં કહે છે, "એશિયા અને યુરોપની સંસ્કૃતિનાં અત્યાર સુધી નહિ સધાયેલા એવા સંપૂર્ણ સમન્વયરૂપ આ રહ્યા શ્રી. અરવિંદ ઘોષ. પૂર્વના દેશો શાન્ત, સ્થિર અને નિષ્ક્રિય છે એવું આત્મસંતોષથી માની બેસનારા આપણે પશ્ચિમના લોકો થોડા જ સમયમાં પ્રગતિ અને ક્રિયાશીલતાના ઉત્સાહની બાબતમાં આપણને બલ્કિથી વટાવી જતું હિંદને જોઇને દિગમુઢ બની જઇશું. જો રામકૃષ્ણ, વિવેકાનંદ અને શ્રી. અરવિંદ જેવી વ્યક્તિઓમાં હિંદ તત્વચિંતનના અતલ ઉંડાણમાં ડુબકી મારતું જણાય તો તે સક્રિય જીવનમાં એકે કુદકે આગળ ટપી જવા માટે જ! અને હિંદના મહર્ષિઓના છેલ્લા પ્રતિનિધિ શ્રી અરવિંદ ઘોષની દૃઢ વજ્રમય મુઠીની પકડમાં નવસર્જક શક્તિનું ધનુષ્ય આવી રહ્યું છે."

શ્રી. અરવિંદની અલૌકિક યોગશક્તિના પ્રત્યક્ષ નિરીક્ષક પોલ રીશાર નામના ફ્રેંચ તત્વજ્ઞે જાપાનમાં ૧૯૧૯ માં વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું, "તૈયાર થાઓ, ઉર્જ્વલ ભવિષ્ય માટે સર્જ્જ થાઓ! કારણ કે મહાન પ્રસંગોનો, તેમજ એશિયાના દિવ્ય મહાપુરૂષોનો સમય આવી લાગ્યો છે. એશિયામાં આવા દિવ્ય પુરૂષો અત્યારે અસ્તિત્વ ધરાવે છે. મારૂં આખું જીવન મેં તેમને દુનિયામાં આમ તેમ શોધવામાં વિતાવ્યું છે; કારણ કે મને એમ લાગતું હતું કે આ જગતમાં તેઓ કોઇ સ્થળે હોવા જોઇએ અને જો તેમ ન હોય તો પૃથ્વી રસાતળ થઈ જાય; કારણ કે તેઓ જ જગતના પ્રકાશ, હુંફ અને જીવન છે. તેઓમાંનો સૌથી મહાન નાયક આવતી કાલનો વીર પુરૂષ મને એશિયામાં પ્રાપ્ત થયો. તેનું નામ શ્રી અરવિંદ ઘોષ."

ઘણા માને છે તેમ શ્રી અરવિંદ એક સાધારણ યોગી નથી. એઓ એક અનન્ય, મહાન શકિતશાળી વિભૂતિ છે. જેમને તેમની સાચી પીછાન નથી તેઓ એમના રહસ્યોને ઉકેલી શકે એમ નથી. શ્રી. અરવિંદના મુખપરનું દિવ્ય તેજ, એમની આંખોની નિર્મળતા અને અદ્‌ભુત ચમક, એમના ચહેરાપર તરી આવતો અગાધ જ્ઞાનનો પ્રકાશ વગેરે બાબતો શું કોઇના મનપર અસર કરે તેવાં નથી? વર્ષો સુધી એકાંતવાસ સેવી એમણે એ તેજ કેવી રીતે મેળવ્યું એ એક મોટો કોયડો છે. શ્રી. અરવિંદને સાચા સ્વરૂપે પિછાનવા માટે, તેમની શકિતઓનું મુલ્યાંકન કરવા માટે ભારતને તો શું પણ સારાય જગતને વર્ષોનાં વર્ષો જોઇશે. એ પછી પણ એમને સંપૂર્ણપણે પિછાની શકશે કે નહિ તે પણ એક શંકા છે.

સાચે જ શ્રી. અરવિંદ અદ્‌ભુત છે, અલૌકિક છે, જગતની એ દિવ્ય વિભૂતિ છે. ભારતની એ પ્રચંડ યોગશક્તિને સહસ્ત્ર વંદન હો!

સરલા મહેન સુમતિચંદ્ર શાહ

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

મે ૧૫ ૧૯૪૧

સામાજિક એકતા અને વ્યક્તિ-સ્વાતંત્ર્યની મર્યાદાઓ

(તા. ૧૫-૪-૪૧ ના અંકથી ચાલુ)

સૌથી પ્રથમ તો આપણે કોઇ પણ સામાજિક રૂઢિને સ્વીકારીએ કે તેનો વિરોધ કરીએ, કોઈ પણ પ્રચલિત માન્યતાનું સમર્થન કરીએ કે તેને પ્રતિકૂળ પ્રતિપાદન કરીએ, કોઈ પણ જુની વિચાર પદ્ધતિને વળગીને ચાલીએ કે આપણો સમાજ વર્તમાન સંયોગોમાં કોઇ પણ રીતે સ્વીકારી કે પચાવી શકે તેમ ન હોય- એવી કોઇ નવીન વિચાર પદ્ધતિને આપણે અખત્યાર કરીએ આ સર્વ પાછળ આપણી બુધ્ધિ અને નિષ્ઠા કેવળ સમાજના સ્વાસ્થ્યને પોષવાની અને વધારવાની હોવી જોઇએ. એટલે જ્યારે જ્યારે આપણે જુદા રાહે ચાલવા માંગતા હોઇએ અને એ કારણે સમાજના વિરોધને નિમંત્રવા માંગતા હોઇએ ત્યારે આપણે આપણી જાત સાથે, આપણા મન સાથે પુરેપુરી ચોખવટ કરતા રહેવું જોઇએ કે ઉપર મુજબ વર્તવામાં- સમાજને અસ્વીકાર્ય વિચાર આગળ ધરવામાં અને અસ્વીકાર્ય માર્ગે ચાલવામાં- આપણે કેવળ મનસ્વીતા અથવા તો કોઈ પણ પ્રકારના દ્વેષ મત્સરને વશ બનીને તો ચાલતા નથીને ? કારણ કે કોઇ પણ પ્રશ્ન ઉપર પક્ષ અને પ્રતિપક્ષ ઉભા થાય છે તે પાછળ પક્ષનેતાઓમાં સમાજને આગળ લઇ જવાની શુદ્ધ બુદ્ધિ કે નિષ્ઠા હોય જ છે એમ હંમેશાં હોતું નથી. કેટલીક વખત આવા પક્ષો પાછળ મનસ્વીતા, અહંતા, તેજોદ્વેષ, કે એવી કોઇ અનિષ્ટ મનોદશાની જ પ્રેરણા રહેલી હોય છે. તેથી ઉપર જણાવેલું આન્તર નિરીક્ષણ કોઇ પણ સમાજસુધારકને માટે અતિ આવશ્યક અને ઉપયોગી છે. સામાન્યતઃ એકસરખા વહેતા સમાજપ્રવાહને ક્ષુબ્ધ કે અશાન્ત કરવાનો અધિકાર તેને જ હોઇ શકે કે જે પોતાના નવા વિચારો વડે સમાજ પ્રવાહને વધારે નિર્મળ અને પુષ્ટ બનાવવાની પ્રબળ એષણા ધરાવતો હોય. અન્યથા સમાજમાં અશાન્તિ અને ક્ષોભ, પક્ષાપક્ષી અને મતભેદ ઉપજાવનાર સમાજનો કેવળ દ્રોહ જ કરે છે.

બીજી બાબત વાણીસંયમને લગતી છે. ઘણી વખત આપણે જોયું છે કે સારી અને સાચી બાબતો કડવી વાણીથી મારી જાય છે. વર્તન કરતાં પણ વાણીનો ઘા માણસને વધારે આકરો લાગે છે. આપણી વાણીમાં સત્ય જોઇએ; સ્પષ્ટતા જોઇએ; નિડરતા જોઇએ; પણ સાથે સાથે જને તેટલી મૃદુતા અને નમ્રતા જોઇએ. જાહેર કે સામાજિક જીવનમાં એવા પણ પ્રસંગો આવે છે કે જ્યારે કડવી વાણીનો પ્રયોગ કર્યા સિવાય સામેના માણસનું કે વર્ગનું અમુક બાબત સચોટપણે ધ્યાન ખેંચવાનો બીજો કોઇ માર્ગ જ દેખાતો ન હોય. પણ એવા પ્રસંગો ક્વચિત જ આવે છે. બીજી બાજુએ એમ પણ જોવામાં આવે છે કે કેટલાક માણસોની જીભ જ કડવી હોય છે. આ કડવી જીભ સમાજને જેટલું નુકસાન કરે છે તેટલું બીજા કશાથી થતું નથી. કેટલાક માણસો એમ માને છે કે તીખી તમતમતી ભાષા સિવાય કોઇ પણ વિચાર સમાજના ગળે ઉતારી શકાતો જ નથી. આવા લોકોની વાણી અતિશયોક્તિથી જ ભરેલી હોય છે. આજના છાપાઓમાં અતિશયોક્તિઓ, પક્ષાપક્ષી ભરેલાં લખાણ અને તીખી તમતમતી ભાષાનો ખુબ ઉપયોગ થઇ રહેલ છે. આ રીતી અને પધ્ધતિ ખુબ ખોટી છે અને ભારે નુકસાનકર્તા છે. કોઇ પણ વિચાર કે ભાવનાનો પ્રચાર કેવળ તીખાંતમતમતાં વાણી-પ્રદર્શન ઉપર નહિ પણ તે પાછળ બોલનાર કે લખનારના વર્તન ઉપર જ અવલંબે છે. વ્યક્તિનું ચારિત્ર્ય અને ચાલુ વર્તન જ તેની વાણીને સાચી વેધકતા આપે છે. તીખીતમતમતી વાણી પાછળ અસત્ય, પ્રમાણભંગ, વિવેકલોપ- આ બધાં અનિષ્ટો ચાલી આવે છે અને પરિણામે સમાજમાં કોઇ પણ પ્રકારની પ્રગતિ સધાવાને બદલે ઝેરવેર જ વધે છે. આપણે જો સમાજની સાચી સેવા કરવા માંગતા હોઇએ તો આપણી વાણીમાં સમાજને કલ્યાણકર વિચારોનું સમ્યક્ પ્રતિપાદન હોવું જોઇએ. અહંતા, કટાક્ષ, પ્રતિપક્ષને ગાલિપ્રદાન કે તેને હલકો પાડવાની વૃત્તિથી કરવામાં આવતા આક્ષેપો- આ બધાંય સમ્યગ વાણીના દૂષણો છે. આ બાબતમાં આદર્શ દૃષ્ટાન્ત મહાત્મા ગાંધીજી છે. તેઓ મોટામાં મોટા ક્રાન્તિકાર અને બળવાખોર છે એમ છતાં તેમની વાણી કેટલી વિશદ અને વિવેકયુક્ત છે ? આપણે આ બાબતમાં તેમનું અનુકરણ કેમ ન કરીએ ?

ત્રીજી બાબત આપણા વિચારથી પ્રતિકૂળ વિચાર ધરાવનાર વિષે પુરો આદરભાવ ચિન્તવવાને લગતી છે. મારો વિચાર જ સત્ય હોઇ શકે. અન્ય જે કાંઈ વિચારે છે તે કેવળ અસત્ય અને અવનતિને માર્ગે લઇ જનારું જ હોય- આવી એકાન્તિક કલ્પના આપસમજણના વધારે પડતા ખ્યાલને સૂચવે છે. પહેલાં તો જે પ્રમાણિકતાનો યશ આપણે આપણા વિચારને આપીએ તે પ્રમાણિકતાનો યશ આપણાથી વિરૂધ્ધ વિચાર ધરાવનારને આપણે આપવો જ જોઇએ.

દરેક પ્રશ્નને અનેક દૃષ્ટિબિન્દુઓ હોય છે. આપણે અમુક દૃષ્ટિબિન્દુએ અમુક પ્રશ્ન સંબંધમાં અમુક નિર્ણય ધરાવતા હોઇએ તેવી જ રીતે અન્ય વિચારક ભિન્ન દૃષ્ટિબિન્દુથી પ્રમાણિકપણે ભિન્ન નિર્ણય ધરાવતો હોય. આપણે જરૂર આપણા વિચાર મુજબ ચાલીએ પણ તે ઉપરથી અન્ય વિચાર ધરાવનાર કેવળ ખોટો છે એમ આપણાથી કેમ કહી શકાય ? વળી આપણી બુધ્ધિ અને અનુભવ પ્રમાણે ચાલવાનો આગ્રહ રાખવા છતાં આપણી બુધ્ધિ અને અનુભવની મર્યાદાની-પરિમિતતાની આપણે કદિ પણ ઉપેક્ષા કરી ન શકીએ. આપણે અમુક માર્ગે ચાલતા હતા તે માર્ગ ખોટો હતો અથવા તો અમુક રીતે વર્તતા હતા તેમાં આપણે કેવળ ભૂલ કરી રહ્યા હતા એવું આપણને પાછળથી ભાન થયાનો ઘણી વખત અનુભવ થયો હોય છે. એ અનુભવમાંથી આપણામાં એટલી નમ્રતા વિકસવી જોઇએ કે 'આપણે તો કદિ ભુલીએ જ નહિ' એવું ખોટું અભિમાન આપણા ચિત્તને કદિ સ્પર્શવા ન પામે. આ તો આપણી જાતપુરતી વાત થઇ. પણ આપણા વિચારનો પ્રચાર કરવામાં પણ પ્રતિપક્ષી વિષેનો આદરભાવ અને તેની સાથેનું સભ્યતાભર્યું વર્તન આપણા મતપ્રચારમાં હંમેશાં મદદ રૂપ બને છે અને આપણી સામેનો સામાજીક વિરોધ તે કારણે બહુ વેગ પકડી શકતો નથી.

અપૂર્ણ

પરમાનંદ

'પ્રબુદ્ધ જૈન' સંબંધી કાકાસાહેબ

(છેલ્લાં બે વર્ષથી પ્રગટ થઇ રહેલા 'પ્રબુદ્ધ જૈન' સંબંધે કાંઇક લખી મોકલવાની વિજ્ઞપ્તિ કરતાં માન્યવર કાકાસાહેબ કાલેલકરે નીચેનો પત્ર લખી મોકલ્યો છે. પરમાનંદ.)

પ્રિય પરમાનંદભાઇ ૦ તા. ૩૦–૪–૪૧.

વર્ધા હોઉં છું ત્યારે તમારું "પ્રબુદ્ધ જૈન" જોવાની ઇંતેજારી રહે છે. પણ હું તો મોટે ભાગે રખડતો રહ્યો છું. પરિણામે તમારું છાપું નિયમિત વંચાતું નથી. જેટલું જોયું છે તે પરથી મને ઘણો સંતોષ થયો છે; પણ આશ્ચર્ય જરાય થયું નથી. તમારી પાસેથી જે અપેક્ષા રખાય છે તે જ બર આવેલી જોઉં છું. દરેક વસ્તુનો બન્ને બાજુરે વિચાર કરવો, સમતોલપણું જાળવવું, રાષ્ટ્રહિતની દૃષ્ટિએ જ અને સમભાવપૂર્વક ટીકા કરવી, સંસ્કૃતિનાં સારા તત્વો ઓળખવાં, અને પ્રગતિ માટે અનુકુળ રહેવું એ તમારા સ્વભાવની ખાસીયત છે. એનો પડઘો "પ્રબુદ્ધ જૈન"માં પડે એમાં નવાઇ શી ? ભાષાની દૃષ્ટિએ પણ તમારા પાક્ષિકે સંતોષ આપ્યો છે, જો કે છાપણીની શુદ્ધિ વિષે તેવું અભિનંદન નથી આપી શકતો ! પણ મારે તો એવી બીજી જ ફરીયાદ કરવી છે. તમે 'પ્રબુદ્ધ જૈન' જેવા કોમી નામ તળે કેટલા દિવસ સુધી રહેશો ? જે જૈન હોય તે રાષ્ટ્રીય ન હોય એમ હું નથી કહેવા માંગતો. અને જાગતો પ્રબુદ્ધ જૈન તો શુદ્ધ રાષ્ટ્રીય જ હોઇ શકે છે એ બધું ખરું. પણ ઝેરી કોમીવાદના આ દિવસોમાં આપણે કોમી નામ ધારણ કરીને ન જ ચાલવું જોઇએ. સ્વામી વિવેકાનંદે પોતાના માસિક માટે "પ્રબુદ્ધ ભારત" નું નામ ન રાખ્યું હોત તો એ જ નામ સૂચવત.

તમારું અને તમારા પાક્ષિકનું મુખ્ય કાર્ય જૈન સમાજને તેમજ આખા ગૂજરાતને અહિંસાની નવી દૃષ્ટિ આપવાનું છે અને એ નવી દૃષ્ટિએ જીવનના બધા પાસા ખીલવવાનું છે. આપણા ન્યાત– જાતના, ખાનપાનના અને શાદી વ્યાહના પ્રશ્નો આપણી આગળ છે જ; પણ જે પ્રશ્નો આખી દુનિયા આગળ વિરાટ રૂપે પ્રગટ થયા છે તેમનો ઉકેલ ભારતીય દૃષ્ટિએ અને અહિંસાની ઢબે કેમ આવી શકે એમ છે, એ જોવાનું અને બતાવવાનું કામ તમારે કરવાનું છે. એ ભાવ વ્યકત થાય એવું કંઇક નામ રાખશો તો સારું થશે.

એ જ ભાવ વ્યકત કરવા માટે અમે અમારા માસિકને 'સર્વોદય' કહ્યું છે. તમે તમારા માસિકને "સર્વહિત" અથવા 'વિશ્વ કલ્યાણ' કહી શકો છો. પણ આવું ભારેખમ નામ ન જોઇતું હોય તો એ જ મતલબનું કોઇ હળવું નામ પસંદ કરશો. મને પોતાને ભારેખમ નામ પસંદ કરવામાં સંકોચ નથી હોતો. ઉદ્દેશ મહાન હોય તો નામ પણ મહાન રખાય. ઘણીવાર નામ જ આપણને એવી જાતની દીક્ષા આપે છે અને આપણી પાસે ઉચ્ચ આદર્શ પળાવે છે. તંબુર જો સ્વેજ ઉચ્ચ સ્વરમાં રાખ્યો હોય તો તે રીતે ગાવું જ પડે છે. તમારા પાક્ષિકથી જો સંતોષ ન થયો હોત તો નામપરિવર્તનની સૂચના હું જ કરત.

સ્નેહાધીન કાકાના સપ્રેમ વંદન.

સરદાર પૃથ્વીસિંહની યોજના

આ યોજના મુજબ આવતા જુન માસથી એક વર્ષ માટેના જે વર્ગો શરૂ થવાના છે તેમાં જવા ઇચ્છનાર એક જૈન ઉમેદવારનું વાર્ષિક લવાજમ રૂા. ૩૦) શ્રી. મુંબઇ જૈન યુવક સંઘદ્વારા આપવાની શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહે ઇચ્છા દર્શાવી છે. જે ભાઇની પ્રસ્તુત યોજનામાં જોડાવાની ઇચ્છા હોય તેણે અમને તુરત જણાવવું.

કેટલાક સમાચાર અને નોંધ

'આવતી કાલના ઘડવૈયા'

શ્રી. જગન્નાથ દેસાઇએ રચેલ 'આવતી કાલના ઘડવૈયા' નામની નવલિકા હમણાં જ મારા વાંચવામાં આવી. આ નવલિકામાં અમુક દેશનાં રાષ્ટ્રવાદી યુવક યુવતીઓએ સંગઠિત બનીને પોતાના દેશને પારકી સત્તાની ધુંસરીથી સત્યાગ્રહ અને અહિંસામય યોજના વડે કેવી રીતે મુકત કર્યો અને સ્વાયત્ત શાસનની કેવી રીતે સ્થાપના કરી એનું એક કાલ્પનિક ચિત્ર આપવામાં આવ્યું છે. આજની આપણા દેશની પરિસ્થિતિનો વિચાર કરતાં આ કલ્પનાચિત્રમાં રજુ કરવામાં આવેલી સ્વરાજ્ય સાધના વાસ્તવમા એટલી સહેલી નથી એમ કહ્યા વિના નહિ ચાલે. ભાષા તેમ જ વસ્તુનિરૂપણ સુંદર છે અને આ નવલિકા વાંચવાની શરૂઆત કરનારને એક બેઠકે જ પુરી કરવી પડે એવી સરળ અને પ્રવાહાત્મક આ પુસ્તકની શૈલિ છે.

સાધુઓનો શિષ્યલોભ અને માબાપની મુંઝવણ

થોડાક સમય પહેલાં કલકત્તાથી શ્રી. ચંપાલાલ ઓસવાલ બરડિયાનો એક પત્ર આવ્યો હતો. તે પત્ર સ્વયમેવ પોતાની કથા બોલે છે. તેને ટીપ્પણની જરૂર નથી. પત્ર હિંદીમાં છે તેનો જરૂરી અનુવાદ નીચે મુજબ છે.

" ———મારો પન્નાલાલ નામનો વીશ વર્ષનો દીકરો– રંગે ધઉંવર્ણો, આંખે જરાક ત્રાંસો, ફાગણ શુદ ૬ ના દિવસે અહિંથી કોઇને કહ્યા કર્યા સિવાય સાધુ થવા માટે ભાગી ગયો છે, જે બાબતને લગભગ એક માસ થવા આવ્યો છે. શ્રી વિજયધર્મસૂરીના શિષ્ય શ્રી વિજયેન્દ્રસૂરીએ ગયું ચોમાસું કલકત્તામાં કર્યું હતું. તેમની પાસે તે વારંવાર ગયા કરતો હતો. એમણે તેમનું મગજ બહેકાવ્યું. તેમની સાથે તો તે જઇ ન શકયો કારણ કે ઝગડો થવાનો સંભવ હતો. પરંતુ તેમનો અહિંથી વિહાર થયા બાદ પણ તેમની સાથે પન્નાલાલનો પત્રવ્યવહાર ચાલ્યા કરતો હતો. અહિં પણ એમના કેટલાક ભકતો હતા. તેમણે તેને રૂપીઆ આપીને છુપી રીતે ભગાડયો છે, જેનું કાંઇક પ્રમાણ મળ્યું છે અને તે ઉપરથી તેમનામાંનાં એ સજ્જન ઉપર એક નોટીસ મોકલવામાં આવી છે જેની નકલ આ સાથે બીડું છું. આ સાધુઓએ જૈન ધર્મની સાધુતા ઉપર કાળપ લગાડી છે. શ્રાવક વર્ગથી જ એમનું પલણ પોષણ થાય છે અને એમના જ ઘરો ભાંગવાની તેઓ તજવીજમાં રહે છે. સાધુઓ છોકરાઓને ભગાડીને સાધુ બનાવે છે અને સાધ્વીઓ વહુ બેટીઓને ભગાડીને સાધ્વી બનાવે છે. આશ્ચર્યની વાત એ છે કે જે રક્ષક હતા તે જ આજે ભક્ષક બની ગયા છે.

હું ગરીબ સાધર્મી છું. મારાથી જે બનશે તે અહીં બેઠાં બેઠાં હું કરતો રહીશ. પણ આપનું નામ મેં સાંભળ્યું છે તેથી આ પત્ર મોકલીને આશા રાખું છું કે આપ આ થોડા સરખા લખાણ ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર દયા કરશો; કારણ કે મને એ છોકરાનો મોટો આધાર હતો. તે મહીને પચ્ચાસ રૂપીઆ કમાતો હતો. આજ કાલની પરિસ્થિતિ જોતાં આપણા સાધુઓએ મારી સાથે જે વર્તાવ કર્યો છે તેવો વર્તાવ કોઇ પોતાના દુશ્મન સાથે પણ નહિ કરે."

× × ×

એજ ભાઇશ્રી ચંપાલાલ ઓસવાલ બરડીયા તા. ૯–૫–૪૧ ના પત્રમાં જણાવે છે કે "આપનો પત્ર પહોંચ્યો. મારો પુત્ર પન્નાલાલ બરડીયા સાધુ પાસે ચાલી ગયેલ તેને પાછો મેળવી

આપવા માટે આપે જે પ્રયત્ન કર્યો છે તે માટે હું આપનો બહુ આભારી છું. તેને મુનિ અમીવિજયજીના શિષ્ય ક્ષમાભદ્રસૂરીજી પાસે કોઇએ મોકલી આપ્યો હતો. તે રાણકપુરમાં પકડાયો છે અને હું પોતે ત્યાં જઇને તેને લઈ આવ્યો છું. એ પન્નાલાલ અત્યારે બીકાનેર પોતાને મોસાળ છે એ આપને વિદિત થાય."

ગુજરાતનો સંસ્કાર વિશેષ- સરસ્વતી પૂજા

ભાઇ મેઘાણી થોડા દિવસ પહેલાં શાન્તિનિકેતનના અતિથિ બની આવ્યા. ત્યાંના કેટલાંક સંસ્મરણો તેમણે 'ફુલછાબ'માં પ્રગટ કર્યાં છે. તેઓ શાન્તિનિકેતન પહોંચ્યા તે જ દિવસે સાંજે તેમને માનપત્ર આપવામાં આવેલું તેનો ઉત્તર વાળતાં ગુજરાતની મહત્તા અને વિશેષતા વર્ણવતાં તેમણે કળિકાળસર્વજ્ઞ શ્રી. હેમચંદ્રાચાર્યના સંબંધમાં એક ભારે મનોહર ઉલ્લેખ કરેલો. તેમણે જણાવેલું કે "મારી ગુજરાતના આજના નવજાગરણમાં પ્રેરણા પૂરનાર એનો ભૂતકાળ શું બોલે છે તે તમને એક જ વાતથી બતાવું. આજે અમે ઉજવીએ છીએ તે ઉત્સવ અમારા પરમ સામ્રાજ્ય-નિર્માતા સિદ્ધરાજ જયસિંહનો નહિ, પણ તેમના સાથી, માર્ગદર્શક અને તત્ત્વજ્ઞ એક સાધુનો. ને તે દિવસે પણ અમારા પાટનગર પાટણના રાજમાર્ગો પર હાથીની રત્નજડિત અંબાડીએ ચડી શેરી ગલીએ અને આંગણે ઉંબરે જાહેર લોકપૂજા પામનાર કોણ હતું ? સમ્રાટ જયસિંહના સામ્રાજ્ય વિસ્તારની મહોજ્વલ તાતી તલવાર ? ના, ના, એ તો હતું એક પુસ્તક-એક વ્યાકરણ ગ્રંથ. પોતાને આંગણે શિક્ષા લેતા સરસ્વતીપુત્રોને પરભૂમિના ગ્રંથો ભણવા પડે છે, કેમ કે ગુજરાતમાં વિદ્વત્તા અને સાહિત્ય નથી એ જાણ્યું ત્યારે સિધ્ધરાજને સામ્રાજ્યવિજય શરમાવનારો લાગ્યો. એણે પૂછ્યું 'આપણે ત્યાં કોઇ ન રચી શકે નિજનું વ્યાકરણ ?' જવાબ હેમચંદ્ર સાધુએ વાળ્યો ને આખરે એનો રચેલો, હિંદ સમસ્તની મગરૂબી રૂપ એ વ્યાકરણ ગ્રંથ અંબાડીએ ચડ્યો. એ બતાવે છે ગુજરાતનો સંસ્કાર. અમારી ગુજરાતને વિદ્યા પરમ વહાલી છે. સત્તાવાદ અમને સ્પર્શ્યો નથી."

વિધવા અને ભરણપોષણ

એક વિધવાની કથા 'સ્ત્રી શક્તિ'માં આપવામાં આવી છે તે જાણવા જેવી છે. એક હિંદુ વિધવાને સરકારી અદાલતે તેના પતિના સંયુક્ત કુટુંબમાંથી દર મહિને રૂા. ૬૫) ની રકમ તેના ભરણપોષણ માટે નક્કી કરી આપેલી. તે મુજબ તેનો નિર્વાહ સુખે ચાલી જતો હતો, પણ તે વિધવા બહેનને ઘેર બેસી રહેવાનું કેવળ નિષ્ક્રિય જીવન ગમ્યું નહિ અને કોઇ કામ શિખવાની ઇચ્છા થઇ આવી. નર્સીંગનું કામ તેણે થોડા સમયમાં શિખી લીધું અને પરિણામે રૂા. ૪૫) ના માસિક પગારની નોકરી મળી. તે બહેનને હવે આવક રૂા. ૧૧૭) થઇ. આ તેના સસરાને ખુંચવા લગી અને તેણે કોર્ટમાં અરજી કરી કે એ બાઇને હવે પોતાની સારી આવક હોવાથી તેના ભરણપોષણની કોર્ટે નક્કી કરી આપેલી રકમમાં ઘટાડો કરવો. આ કોર્ટે બાઇના સસરાની અરજી માન્ય રાખી અને ભરણપોષણની રકમ એકદમ રૂ. ૧૫) ની કરી આપી. તે વિધવા બહેન એમ કોઇ દબાઇને બેસી રહે એવી નહોતી. તેણે તે ચુકાદો કબુલ ન રાખતાં હાઇ કોર્ટમાં અપીલ કરી. હાઇ કોર્ટે ચુકાદો આપ્યો કે "જાતમહેનતથી કામ કરતાં બાઇની આવક વધે તેથી કોઇ તેની ભરણપોષણની રકમમાં ઘટાડો થઇ શકે નહિ; કારણ કે એ રીતે વિધવાની આવકમાં થયેલો વધારો કોઇ સ્થાયી કહી શકાય નહિ. તેની તબિયત કે બીજા સંયોગોને લીધે તે આવકમાં વધઘટ થવાનો સંભવ છે." આ રીતે બાઇના સસરાને પહેલાં માફક માસિક રૂ. ૬૫ આપવાનું ચાલુ રાખવાનું હાઇ કોર્ટે ફરમાન કર્યું.

આજના કાયદા મુજબ વિધવા બાઇને પોતાના ધણીના સંયુક્ત કુટુંબની મીલ્કતમાંથી ભરણપોષણ માટે માત્ર જરૂરી ગણાય તેથી વધારે રકમ મળતી નથી. આજે આવી વિધવા બહેનોમાં કાંઇક જાગૃતિ આવતી જાય છે અને ઘરના ખુણે બેસી રહીને જીવન પુરું કરવાને બદલે કાંઇને કાંઇ પ્રવૃત્તિ તેઓ શોધતી રહે છે. આ પ્રવૃત્તિમાંથી બે પૈસાની આવક થાય તો જીવન કાંઇક વધારે સગવડ અને સુખવાળું થાય. પણ આ વસ્તુ જે વડિલોને પોતાના કુટુંબની વિધવાને ભરણપોષણ નિમિત્તે જે કાંઈ નાની સરખી રકમ આપવી પડતી હોય છે તેનાથી સહન થતી નથી. વળી પોતાના કુટુંબની એક વિધવા બહારના કોઇ કામમાં રોકાય એમાં પોતાનો કુટુંબનો મોભો ઉતરી જતો હોય એમ પણ તેમને લાગતું હોય છે અથવા તો બીજી બાજુએ પોતા માથે આવી પડેલી ભરણપોષણની જવાબદારીમાંથી આવી કોઇ તકનો લાભ લઇને તેઓ છુટવાની રાહ જ જોતા હોય છે. આમ એક યા બીજી રીતે પોતાના જીવનને કોઇ ઉપયોગી અને દ્રવ્યવાહક પ્રવૃત્તિમાં રોકવા માંગતી વિધવા બહેન ઉપર આફત ઉતરી આવે છે. સ્વભાવથી અબળા અને દયાયલી બહેન કાં તો પોતાની પ્રવૃત્તિ છોડી દે છે અથવા તો કુટુંબની મીલ્કતમાંથી થતી આવક જતી કરે છે. હાઇકોર્ટના આ ચુકાદાથી આવી વિધવા બહેનો સ્વતંત્ર રીતે કામ કરતાં કાંઇ દ્રવ્યોપાર્જન કરે એમ છતાં તેમને પોતાના કુટુંબ તરફથી ભરણપોષણ નિમિત્તે જે કાંઇ મળતું હોય તેમાં કશો પણ કાપ મુકવાનો તે કુટુંબના વડિલજનોને અધિકાર નથી એમ જાહેર થાય છે. વિધવા બહેનોની આજની પરિસ્થિતિમાં આ ચુકાદો ખરેખર આવકારદાયક છે.

'પડોશી'

સાધારણ રીતે કોઇ પણ ચિત્રપટને જોવાદ્વારા જાહેરાત આપવાનું કાર્ય 'પ્રબુદ્ધ જૈન'નું ન જ હોઇ શકે. પણ તેમાં કોઇકવાર અપવાદ સેવવાનું મન થાય એવું એક ચિત્રપટ થોડા દિવસ પહેલાં જોવામાં આવ્યું અને એ ચિત્રપટ 'પ્રભાત ટોકીઝ'નું હાલમાં રજતપટ ઉપર રજુ થયેલું 'પડોશી'નું છે. આ ચિત્રપટ હિંદી અને મરાઠી-ઉભય ભાષામાં તૈયાર કરવામાં આવ્યું છે.

સાધારણ રીતે ચિત્રપટોમાં યુવક યુવતીનાં પ્રણય પ્રસંગોનું જ એક આ અન્ય આકારમાં નિદર્શન કરવામાં આવે છે. તેમાં પણ ઘણી ખરી સીનેમાવાર્તાઓની ગુંથણી જાત જાતનાં પ્રણય ત્રિકોણો રચવામાં જ પર્યાપ્ત થાય છે. આવાં ચિત્રપટોની અતિશયતા અને અસ્વાભાવિકતા આપણને ઘણીવાર ખૂબ કંટાળો આપે છે. આજના સમાજના તેમજ રાષ્ટ્રના પ્રશ્નોને બહુ જ ઓછાં ચિત્રપટો સ્પર્શવા પ્રયત્ન કરે છે અને તેવા પ્રયત્નોમાંના કેટલાક તદ્દન નિષ્ફળ નીવડે છે.

'પડોશી' આ દૃષ્ટિએ તદ્દન ભિન્ન કોટિનું ચિત્રપટ છે. હિંદુ મુસલમાનની એકતાનો પ્રશ્ન હાથ ધરવાનો તેમાં આશય રહેલો છે અને તે સફળ રીતે પાર પાડવામાં આવ્યો છે. એક કાળે હિંદુ અને મુસલમાન કુટુંબો એકમેકમાં પ્રેમ અને વાત્સલ્યથી કેવા ઓતપ્રોત બનીને રહેતાં હતાં અને આજે પણ આપણાં ગામડાઓમાં ખાસ કરીને હિંદુ મુસલમાનો કેવા કુટુંબી ભાવથી સંકલિત બનીને રહે છે તેની આ ચિત્રપટમાં આબેહુબ રજુઆત કરવામાં આવી છે. આ કુટુંબો નાની સરખી બાબતમાં કેવાં ઝગડી પડે છે અને એમ છતાં મોટા વડિલો જ્યારે પરસ્પર ઓલા લે છે ત્યારે નાના યુવાનો અરસ પરસની મહોબ્બત એવીને એવી જાળવી રાખે છે અને અસાધારણ કટોકટીની પ્રસંગે મોટા પણ આખરે એક બની જાય છે. આ બાબત પ્રસ્તુત ચિત્રપટમાં સુન્દર રીતે યોજવામાં આવી છે. 'હિંદુ અને

મુસલમાનની રીત જુદી, ભાત જુદી, ધર્મ જુદો, સંસ્કૃતિ જુદી, ટેવ જુદી, વળણ જુદાં. બન્ને કદિ એક થઇ શકે જ નહિ કે સાથે હળીમળીને રહી શકે જ નહિ' એવી આસુરીવાણી ઉચ્ચારનારા પાકીસ્તાનવાદીઓ અને 'હિંદુસ્થાન હિંદુઓ માટે જ' એવી વાસ્તવિકતાની કેવળ વિરોધી વાત ઉચ્ચારનારા હિંદુ મહાસભાવાદીઓ જ્યાં આ બન્ને વાદના વાદીલાઓનો ઝેરી પ્રચાર હજુ સુધી પહોંચ્યો નથી એવી દેશનાં ગામડાંની ખેડુત જનતાની જીવન્ત પરિસ્થિતિને સત્ય સ્વરૂપે પ્રતિબિંબિત કરતા 'પડોશી'ના ચિત્રપટને જુએ અને કોમીવાદના નિશામાં ભ્રમિત બનેલી પોતાની બુદ્ધિને ઠેકાણે લાવે અને એકમેકના વિનાશ પથે ધસડી રહેલાં કોમી બળોને એકતાની દિશાએ યોજે એમ આપણે ઇચ્છીએ. આવા એક અતિ મહત્વના પ્રશ્નને સફળપણે સ્પર્શતું 'પડોશી'નું ચિત્રપટ યોજવા માટે તેના યોજકોને ધન્યવાદ ઘટે છે.

સદ્‌ગત ભાઇ શિવલાલ–સ્મારક ગ્રંથ

સદ્‌ગત ભાઇ શિવલાલ પાનાચંદ શાહ આપણા ગુજરાત–કાઠિયાવાડની એક ભારે સંસ્કારી અને કળારસિક વ્યક્તિ હતા. તેઓ મૂળ વઢવાણના વતની; જૈન કુટુંબમાં જન્મેલાં; પણ સિવિલ સર્વિસની પરીક્ષામાં પસાર થતાં તેમની સંયુકત પ્રાન્તમાં નિમણુક થયેલી, એટલે તેમના જીવનનો ઘણો મોટો ભાગ એ બાજુ વ્યતીત થએલો હોવાથી આપણી તરફ તેઓ બહુ જાણીતા નહોતા. પરંતુ ભારત- વર્ષનાં રાજયકારણી મંડળોમાં તેમજ લલિત કળાના ઉપાસક વર્ગમાં તેમની ભારે ખ્યાતિ હતી. તેઓ લગભગ અઢી વર્ષ પહેલાં ૪૮ વર્ષની નાની ઉમરે વિદેહ થયા.

તેમની જ્યેષ્ઠ પુત્રી ચિ. કુસુમ ગુપ્તા જે લખનૌ યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ છે તેણે તથા તેના બીજા ત્રણ સહકારી મિત્રોએ મળીને ભાઇ શિવલાલના સ્મરણમાં લગભગ ૫૦૦ પાનાંનો એક સુંદર ગ્રંથ પ્રગટ કર્યો છે. આ ગ્રંથને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે: અંગ્રેજી, હિંદી અને ગુજરાતી. અંગ્રેજી વિભાગમાં અસિતકુમાર હલદર, નિકોલસ રોરીક, ઓ. સી. ગંગુલી, હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, માર્ગરેટ કઝીન્સ, પ્રસિદ્ધ નૃત્યકાર ઉદયશંકર, પી. શેષાદ્રિ આદિ વિદ્વાનોના કુલ ૩૪ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે; હિંદી વિભાગમાં રાય કૃષ્ણદાસ, મૈથિલીશરણ ગુપ્ત, હરકાન્ત શુકલ, હરિકૃષ્ણ અવસત્થી, જયચંદ્ર વિદ્યાલંકાર, શંકરદેવ વિદ્યાલંકાર વગેરે પ્રસિદ્ધ લેખકોના કુલ ૨૪ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે; અને ગુજરાતી વિભાગમાં પોપટલાલ ગોવિંદલાલ શાહ, રામનારાયણ પાઠક, રવિશંકર મ. રાવળ, ચંદ્રવદન મહેતા, ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા, સ્વામી આનંદ, સુન્દરમ્, ઉમાશંકર જોષી, બાદરાયણ, ઝવેરચંદ મેઘાણી, પિનાકિન ત્રિવેદી વગેરે લેખકોની કુલ ૨૯ લેખનકૃતિઓ મૂકવામાં આવેલી છે. આ બધા લેખો, સાહિત્ય, કળા, કાવ્ય તથા ઇતિહાસને લગતા અનેક વિષયોને સ્પર્શે છે. આ ઉપરાંત આ ગ્રંથમાં અવનીન્દ્રનાથ ટાગોર, નંદલાલ બોઝ, જૈમિની રોય, અસિતકુમાર હલદર, કનુ દેસાઇ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, ગગનેન્દ્રનાથ ટાગોર તેમજ રવીન્દ્રનાથ ટાગોરનાં નાનાં મોટાં કુલ ૪૬ ચિત્રો છે, જેમાંનાં કેટલાંક રંગીન છે. આવી વિવિધ સામગ્રીવાળો ગ્રંથ ઉંચામાં ઉંચા કાગળ ઉપર બહુ જ સુંદર રીતે છાપવામાં આવ્યો છે અને તેનું પ્રશોભનકાર્ય લખનૌ આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ શ્રી. અસિતકુમાર હલદરે મિત્રભાવે કર્યું છે. પાંચો ત્રણ ભાષામાં લખાયલા વિદ્વત્તાપૂર્ણ લેખોનો એકત્ર સંગ્રહ કદાચ પહેલવહેલો જ હશે. આ ગ્રંથની કીમત રૂા. ૬૫) રાખવામાં આવી છે અને તેનું ટપાલ તથા પેકિંગ ખર્ચ રૂા. ૧–૨–૦ પડે તેમ છે. આ ગ્રંથ ખાનગી કે જાહેર પુસ્તકાલયને ખૂબ શોભાવે તેવો છે. *

મલાડનો ગ્રીષ્મ વ્યાયામ વર્ગ

મે માસની પહેલી તારીખથી સરદાર પૃથ્વીસિંહે મુંબઇ પાસે આવેલ ઉપનગર મલાડમાં એક માસ માટે ગ્રીષ્મ વ્યાયામ વર્ગ ખોલ્યો છે. આ વર્ગમાં કુલ ૭૫૦ ભાઇ બહેનો જોડાયાં છે, જેમાં સવાસોથી દોઢસો બહેનો છે. મલાડથી એક માઇલ દૂર આવેલ એક વિશાળ આમ્રવનમાં એક મોટી છાવણી ઉભી કરવામાં આવી છે. નાનું સરખું કોંગ્રેસનગર હોય એવી આખી રચના છે. સાધારણ કાર્યક્રમ એવો છે કે સવારમાં પાંચ વાગ્યે સર્વ વિદ્યાર્થીઓ ઉઠે; છથી આઠ સુધી વ્યાયામ, ડ્રીલ, આસન વગેરે ચાલે; ત્યારબાદ નાસ્તો; ત્યારબાદ કોઇ વિદ્વાન વિવેચકનું ચાલુ વિષયો ઉપર વ્યાખ્યાન હોય; એવી જ રીતે બપોરના ભાગમાં પણ એક વ્યાખ્યાન હોય; સાંજે પાંચથી સાત વળી વ્યાયામ, જુદી જુદી કસરતો તથા ડ્રીલ વિગેરે. રાત્રીના પાછું એક વ્યાખ્યાન. રવિવારે સાંજે સમુહ ડ્રીલ. એક સાથે સાડાસાતસો વિદ્યાર્થીઓની સમુહ ડ્રીલનું દર્શન ભારે રોમાંચક હોય છે. સરદાર પૃથ્વીસિંહ પ્રસંગે પ્રસંગે પોતાના સાહસ–ભરપૂર જીવનની વાતો વિગતો સંભળાવતા જ રહે છે. વ્યાખ્યાનોમાં પણ અહિંસા, ગ્રામોદ્યોગ, વ્યાયામ, રાજકરણી હીલચાલોને લગતા વિષયો જ મુખ્યતાયે હોય છે. આ વર્ગ પાછળ કેવળ શારીરિક વ્યાયામનો હેતુ નથી, પણ સાથે સાથે આઝાદીની તમન્ના, અહિંસાની ભાવના અને પુરૂષાર્થની અવનવી પ્રેરણા ઉગતી પ્રજામાં જાગ્રત કરવાનો આશય પણ રહેલો છે એ ઉપર જણાવેલ કાર્યક્રમ ઉપરથી સ્પષ્ટ થાય તેમ છે. સરદાર પૃથ્વીસિંહ પોતે જ એક મોટી પ્રેરણામૂર્તિ છે. તેમના પરિચયમાં રહેવાનું અને એ જ જીવનનો એક મોટો લ્હાવો છે. આ રીતે મલાડનો ગ્રીષ્મ વ્યાયામ વર્ગ ભારે સફળ બન્યો છે અને તે માટે સરદાર પૃથ્વીસિંહને જેટલો ધન્યવાદ આપવામાં આવે તેટલો ઓછો છે. મુંબઇના આંગણે આ એક મોટું મંગળ નિકેતન ઉભું કરવામાં આવ્યું છે. એકસરખી ધરેડવાળું જીવન જીવતા અને નિશાળ અને પરીક્ષાની અરઘટ્ટઘટિકામાં પીસાતા વિદ્યાર્થીઓનું તો એ આશ્રમ અને ઉદ્યનનું એક કેન્દ્ર બન્યું છે. અહિં આવતાં એ પણ અનુભવ થાય છે કે ગ્રીષ્મ પણ સોહામણી ઋતુ છે કે જ્યારે આંબાઓ કેરીઓ વડે લચી પડે છે, પશ્ચિમ સાગર ઉપરથી આવતી શીતળ પવનલહરિઓ ઝાડપાનને આમતેમ ડોલાવે છે અને કોયલના મધુર ટહુકાઓ જ્યાં ત્યાં શ્રવણને કોઇ જુદો જ આલ્હાદ અને ઉર્મિરોમાંચ આપે છે. જે કોઇ ભાઇ બહેને હજુ સુધી આ સ્થળની અને આ ભવ્ય રચનાની મુલાકાત ન લીધી હોય તે તે બાજુ એક ચક્કર મારવાનું જરૂર ન ચુકે. આ બધું જોવું અને સમજવું એ પણ એક પ્રકારનું શિક્ષણ જ છે.

કોમી રમખાણોના પ્રસંગે આપણે કેમ વર્તવું ?

ઢાકા અને અમદાવાદના કોમી હુલ્લડો સંબંધમાં મહાત્મા ગાંધીજીએ થોડા દિવસો પહેલાં એક બહુ ઉપયોગી નિવેદન બહાર પાડયું છે. આ નિવેદનમાં આવા પ્રસંગોએ કોંગ્રેસની અહિંસા કેટલી નબળી અને બીનઅસરકારક માલુમ પડી છે તે બાબત તેમણે સખ્ત ટીકા કરી છે. કોંગ્રેસની અહિંસા જો આવી જ નિર્માલ્ય હોય તો સરકારી સત્તાના અભાવે રાષ્ટ્રની રાજ્યધુરા કોંગ્રેસે પોતે હસ્તગત કરવાની આશા છોડી દેવી જ જોઇએ

* પ્રસ્તુત ગ્રંથ મળવાનાં ઠેકાણાં : પરમાનંદ કુંવરજી કાપડીઆ, ૭૭ શેખ મેમન સ્ટ્રીટ, મુંબઇ ૨. અથવા કુમાર કાર્યાલય, રાયપુર. અમદાવાદ.

અને અછી તો જે વર્ગ અથવા તો પક્ષ વધારે હિંસાકુશળ હશે તેજ સત્તાનો વારસદાર થવાનો એ સૌ કોઇએ સમજી લેવું રહ્યું. આજે આખા હિંદુસ્થાન માટે સ્વરાજ મેળવવાની યોગ્યતા એક રીતે કોંગ્રેસની જ ગણાય, કારણ કે બીજા બે રાજકીય પક્ષો હિંદુ મહાસભા અને મુસ્લીમ લીગ તો પોતપોતાની કોમનું જ મહત્વ વધારવા અને આખા દેશ ઉપર પોતાનું જ વર્ચસ્વ સ્થાપવાનો મનોરથ સેવી રહેલ છે, જ્યારે કોંગ્રેસ આવા બધા ભેદભાવથી પર છે. પણ કોંગ્રેસ પોતાને સોંપાયેલ અથવા તો પોતે સ્વીકારેલ આ જવાબદારીને પુરી વફાદાર રીતે વળગી રહે અને આવા પ્રસંગોએ એ જવાબદારીને યોગ્ય કાર્ય કરી બતાવે તોજ કોંગ્રેસ પોતાના ધ્યેયને પહોંચી વળવાને યોગ્ય વર્ચસ્વ પ્રાપ્ત કરી શકે. આવી કેટલીક સમાલોચના બાદ ગાંધીજીએ કોમી સંઘર્ષણના ચોતરફ બનતા બનાવો દરમિયાન જુદી જુદી પરિસ્થિતિ વચ્ચે મહાસભાવાદીએ શું કરવું અને કેમ વર્તવું તે સંબંધમાં કેટલીક ઉપયોગી સૂચનાઓ કરી છે તેનો સાર નીચે મુજબ છે.

(૧) મહાસભાવાદીએ કોઇ પણ એક કોમના પક્ષકાર બની બેસવું નહિ; પણ અમદાવાદની ત્રણ બહેનોએ કર્યું તેમ જે કોઇ આફતમાં હોય તેને પોતાની જીંદગીના ભોગે અને હિંસાનો જરા પણ ઉપયોગ કર્યા સિવાય બચાવી લેવાનો અને રક્ષણ આપવાનો પ્રયત્ન કરવો. તેણે જોખમ [illegible] ત્યારે નાસભાગ નહિ કરવા લોકોને બરોબર કહેવું જોઇએ અને લોકો પણ જો તેની અહિંસાની રીતને અનુસરી ન શકે તો પોતાથી બની શકે તે રીતે લોકોએ ગુંડાઓનો સામનો કરીને જનમાલનો બચાવ કરવો જોઇએ. તેણે લોકોને બરોબર સમજાવવું જોઇએ કે હિંસા પણ સભ્ય અને અસભ્ય એમ બે પ્રકારની હોઈ શકે છે. કોઇ માણસ ઉપર અજાણ્યો હુમલો કરવો કે પાછળથી છરી ભોંકી દેવી એમાં કશી બહાદુરી નથી અને એમ કરનાર પોતાના જ ધર્મને મોટું લાંછન લગાડે છે.

(૨) વળી ગાંધીજી જણાવે છે કે મહાસભાવાદીને કોઇ દુશ્મન નથી. તેણે પોલીસનું કે લશ્કરનું રક્ષણ શોધવું નહિ તેમજ તે લોકો પોતાની ફરજ બજાવતા હોય તેની વચ્ચે આવવું નહિ. પણ જ્યારે તેને એમ લાગે કે પોલીસ કે લશ્કરી બળ કેવળ પક્ષપાત કરે છે અથવા તો પોતાની હકુમતની બહાર જઇને વર્તે છે ત્યારે તેની અટકાયત કરવામાં પોતાનો જાન કુરબાન કરતાં તેણે જરા પણ અચકાવું નહિ.

(૩) ધારો કે એક હિંદુ સરઘસ મુસલમાન લતામાંથી પસાર થવા માંગે છે અને તેને તે લતામાંથી પસાર થવાનો હક્ક છે અને આવા સંયોગમાં ઉપસ્થિત મહાસભાવાદીને બન્નેમાંથી કોઇ પણ પક્ષ ઉપર જરા પણ લાગવગ નથી. આમ છતાં પણ એ સરઘસનો વિરોધ કરનારા મુસલમાનો પાસેથી રસ્તો મેળવવાની માંગણી કરતાં કરતાં તે પોતાની જીંદગી જોખમાવી દે તે યોગ્ય છે. આનું તાત્કાલિક પરિણામ ભલે કાંઇ ન આવે, પણ અહિંસક બહાદુરીનું તે બલિદાનમાંથી એક ખોટું આંદોલન ઉઠ્યા વિના રહેતું જ નથી.

(૪) ધારો કે એક ટોળું એક કોમની મીલકતનો અથવા તો મસ્જીદ કે મંદિરનો વિનાશ કરવાના ગાંડપણ ઉપર મુસ્તાક બની બેઠું છે. મહાસભાવાદીએ આ પ્રસંગે આ ટોળાનું ગાંડપણ રોકવા પાછળ પોતાના જાનનું બલિદાન આપવું જ રહ્યું.

(૫) કોઇ મુફલીસ આદમી બાજુએ ચાલી જતા માણસને છરી ભોંકવાને તૈયાર થયો છે. મહાસભાવાદીએ જીંદગીના જોખમે પણ એ આદમીના હાથમાંથી છરી ઝુંટવી જ રહી.

આજે આપણે જે કટોકટીના સમયમાંથી પસાર થઇ રહ્યા છીએ તે કટોકટીનો સમય ગાંધીજીએ ઉપર જુદી જુદી પરિસ્થિતિ કલ્પીને સમજાવેલ છે તેવી મરદની અહિંસાની આપણી પાસેથી અપેક્ષા રાખે છે. આવી મરદાનગી અને શુધ્ધ અહિંસાની વૃત્તિ આપણામાં જાગે તો જ આપણે સાચા મહાસભાવાદી ગણાઇએ.

સદ્‌ગત સૌજન્યમૂર્તિ પ્રો. ત્રિવેદી સાહેબ

જીંદગીનાં ઘણાં ખરાં વર્ષો પુનામાં જ ગાળેલ હોવાથી પુનાવાળા ત્રિવેદીસાહેબ તરીકે ઓળખાતા પ્રોફેસર જયશંકર પી. ત્રિવેદીનું થોડા જ દિવસો પહેલાં વર્ધામાં અવસાન થયું. આ અવસાને ત્રિવેદીસાહેબના અતિવિસ્તૃત મિત્રમંડળને જ માત્ર નહિ પણ સમસ્ત ગુજરાતને ભારે શોકગ્રસ્ત બનાવી દીધેલ છે. કારણ કે ત્રિવેદીસાહેબને કોણ ગુજરાતી નહોતું જાણતું ? પુનામાં તેઓ સર્વ ગુજરાતીઓને પછી તે વિદ્યાર્થી હોય, રાષ્ટ્રમહાસભાવાદી હોય કે સાહિત્યોપાસક હોય–સર્વ કોઇને પરમ અવલંબન સમાન હતા, તેમના ઘરનું દ્વાર સૌ કોઇને માટે ખુલ્લું હતું અને નાના મોટા સર્વને તેમને ત્યાંથી એક સરખું પ્રેમ, ઉલ્લાસ અને વાત્સલ્ય ભર્યું આતિથ્ય મળતું. તેમની સદા પ્રસન્ન મુદ્રા, પ્રેમળ વાણી અને જે આવ્યું તેને કોઇ પણ રીતે ઉપયોગી થવાની દિલની તત્પરતાનાં અનેક મીઠાં સ્મરણો તેમના સ્વર્ગ ગમનને વિશેષ દારૂણ અને ગ્લાનિપ્રદ બનાવે છે. તેમને આગેવાનીનો કદિ મોહ નહોતો; સ્વાભાવિક રીતે જે સ્થાન પ્રાપ્ત થયું તેથી આગળ વધવાની કે ઉંચે ચઢવાની તેમને કદિ મહત્વાકાંક્ષા નહોતી. તેમણે સૌજન્યનું અમૃત પાવાને જન્મ લીધેલો અને તે અમૃતનું પાન કરાવતાં કરાવતાં વિનશ્વર દેહનો તેમણે ત્યાગ કર્યો.

સરકારની નોકરી કરવી અને એક સરખી ગાંધીનિષ્ઠા જાળવવી–આ બન્ને બાબતનો યોગ આજે ભાગ્યે જ કોઇ વ્યકિતમાં નજરે પડે છે. ત્રિવેદી સાહેબે વર્ષો સુધી ખેતીવાડીને લગતી સરકારી કોલેજમાં નોકરી કરી; પણ એ નોકરીનો કોઇ ખ્યાલ તેમની ગાંધીજી પ્રત્યેની અનુપમ ભકિતની આડે કદિ આવ્યો જ નહોતો. તેમણે ૧૯૩૦–૩૨ દરમિયાન આપણા જેલવાસી સત્યાગ્રહી ભાઇઓને મદદ કરવામાં અને તે કારણે પૈસે ટકે ધસાવામાં મણા રાખી નહોતી. આ બધાં કારણોથી તેમની નોકરી અને તેમાં આગળ વધવાના સંયોગો અનેકવાર જોખમાયાં હતાં. પણ તેની તેમણે કદિ પરવા જ કરી નહોતી.

પુનાની સર્વ ગુજરાતી પ્રવૃત્તિઓના તેઓ જ સૂત્રધાર હતા. તેમના જવાથી આપણા માટે પુના કેવળ સુનું બની ગયું. છેવટના બે વર્ષથી તેમણે સરકારી નોકરી છોડી હતી અને આણંદમાં નીકળેલા એગ્રીકલ્ચર ઇન્સ્ટીટ્યુટનું સંચાલન તેમણે શુધ્ધ દેશસેવાની દૃષ્ટિએ હાથમાં લીધું હતું. છેલ્લા ચાર પાંચ માસથી તેમની તબિયત બગડવા લાગી હતી. છેવટનો મહીનો લગભગ જે ઇષ્ટદેવતાની તેમણે આજીવન ઉપાસના કરી હતી તેમના સાન્નિધ્યમાં જ તેમણે પુરો કર્યો અને જાણે કે તેમના ખોળામાં સુતાં સુતાં જ અનન્ત તત્વનું અનુસંધાન તેમણે શોધી લીધું. તેમના નિષ્પાપ, પવિત્ર, પ્રેમપૂર્ણ આત્માને પરમાત્મા પરમ શાન્તિ આપે ! ગુજરાત ના ગૌરવસમાં માર્દવમૂર્તિ ત્રિવેદી સાહેબના પ્રેમ, સૌજન્ય અને ધર્મમય જીવનને સંભારી સંભારીને આપણા શુષ્ક જીવનને આપણે નવપલ્લવિત બનાવીએ ! **પરમાનંદ.**

હિંસા–અહિંસા

(તા. ૧૫-૪-૪૧ નાં અંકથી ચાલુ)

પહેલા પ્રશ્નની ચર્ચામાં એક બીજી વાત પણ ઉઠાવવામાં આવી છે જેની ચર્ચા કરી લેવી જરૂરી છે. કેટલાક ઉત્તરદાતાઓએ જૈન પરંપરાની અહિંસાની વ્યાખ્યા અને આજની અહિંસાની વિચારધારાની તુલા કરતાં એમ કહ્યું છે કે જ્યારે જૈન ધર્મની અહિંસા પશુ, પક્ષી, કીડી, મંકોડી અને વનસ્પતિ સુધી પહોંચે છે ત્યારે ગાંધીજીની અહિંસા મનુષ્ય સુધી જ પહોંચે છે અને તેથી તે અધુરી છે. એમની અહિંસા મનુષ્યો સુધી જ મર્યાદિત છે તેની સાબીતી તરીકે ગાંધીજીએ પોતે જ કોંગ્રેસના સંબંધી અને હિંસા–અહિંસાના પ્રસ્તાની ચર્ચામાં કહ્યું હતું તે જ ઉદાહરણ રજુ કરવામાં આવે છે. ગાંધીજીએ એ કયા અર્થમાં કહ્યું હતું તેનો તો એમણે પોતેજ ખુલાસો કર્યો છે. જ્યાં સુધી ગાંધીજીને લાગેવળગે છે તેટલા પુરતું તો આપણે ઉલટું એમ કહેવું જોઇએ કે એમની અહિંસાની કલ્પના કેટલી કેટલી સૂક્ષ્મ અને વ્યાપક છે તેનો આપણામાંથી ઘણાખરાને પુરો ખ્યાલ પણ નથી. હમણાં જ એક દિવસ પર્યુષણપર્વના વ્યાખ્યાનમાં કાકાસાહેબ કાલેલકરે કહ્યું હતું કે પત્થરની ફરસપર લોખંડના પલંગને ઘસડવા જેવી સામાન્ય બાબત પર એમની પાસે રહેનારાઓને અહિંસાને અનુલક્ષીને ગાંધીજીનો ઠપકો સાંભળવો પડયો હતો. એવી જ રીતે ગાંધીજીના ઉપચાર માટે અમુક ઝાડનાં પાંદડાંઓની જરૂર પડતાં મીરાંબહેન (Miss Slade) જરૂરિઆતનો પુરો ખ્યાલ કર્યા વગર એક મોટી ડાળી તોડી લાવ્યા હતા તેના પર ગાંધીજીએ દર્દ ભૂલી જઇને અર્ધા કલાક સુધી સમજાવવા પ્રયત્ન કર્યો હતો કે જરૂર કરતાં એક પણ પાન પણ તોડવું એ પાપ છે.

અહિંસા અને સત્યની એમની કલ્પના કેટલી સૂક્ષ્મ છે તે એમની આત્મકથામાંથી માલુમ પડે છે અને જે વાચકોએ તે ન વાંચી હોય તેને હું ભલામણ કરું છું કે તેઓ તે પુસ્તક અથથી ઇતિ સુધી વાંચી જાય.

આ તો વિષયાંતર થયો. હું તો એ કહેવા માગતો હતો કે ગાંધીજીની અહિંસામાં મનુષ્યની મનુષ્ય પ્રતિ હિંસાને રોકવા પર જે ભાર અપાયો છે તે તો વર્તમાન યુગની પરિસ્થિતિને લીધે છે, નહિ કે એમની અહિંસા એટલી સંકુચિત છે. ગાંધી, મહાવીર અને બુદ્ધ ભગવાન–સર્વેએ અહિંસાનું પ્રતિપાદન પોત-પોતાના સમયમાં ચાલી રહેલી હિંસાની પ્રતિક્રિયા રૂપે કર્યું છે. એ તો આપણે માનીએ જ છીએ કે જે ચીજની પ્રતિક્રિયા કરવામાં આવે તે ચીજના સ્વરૂપથી પ્રતિક્રિયાનું સ્વરૂપ પણ નિશ્ચિત થાય છે. મહાવીર અને બુધ્ધિના સમયમાં સામાજિક હિંસાનું જોર નહિ હતું. એ સમયની સભ્યતા અને સમાજ વ્યવસ્થા ઘણે અંશે અહિંસાના જ આધારપર રચાઇ હતી. આર્થિક શોષણનો જે સરંજામ આજે મળે છે અગર તૈયાર થયો છે–ખાસ કરીને મોટા મોટા કારખાના અને કેન્દ્રીભૂત ઉત્પાદનનાં સાધનો (instruments of centralised production)–તે એ જમાનામાં નહોતાં. જરૂર વ્યક્તિગત જીવનમાં હિંસા ખૂબ વધી ગઇ હતી. જેમકે વ્યક્તિગત વિનોદ માટે શિકારનો પ્રચાર, યજ્ઞમાં પશુહિંસા વગેરે. એટલે જ મહાવીર અને બુધ્ધ ભગવાને એ તત્કાલીન જીવનની એ બાજુ ઉપર વધારે ભાર મુકીને કહ્યું કે કોઇની પ્રાણહિંસા ન કરવી. આજે પ્રાણ લીધા વગર માણસનાં લોહી ચૂસી લેવાય છે, એને જીંદગીભર ગુલામીની જંજીરોમાં જકડી લેવામાં આવે છે. એટલે એ સ્વાભાવિક છે કે આજે જે કોઇ અહિંસાની વાત કરશે તેનું એના સામાજીક ભાગપર જ વધારે ધ્યાન કરશે. માંસ ખાવું, શિકાર ન ખેલવો, કીડી મંકોડીને પણ ન મારવી, પાણી ગાળીને પીવું વગેરે બધી સારી વાતો છે અને અહિંસામાં માનનાર એ મુજબ વર્તશે. અગર એ પ્રમાણે વર્તવા પ્રયત્ન કરશે. પણ જ્યારે માણસ માણસનું લોહી ગાળ્યા વગર પી જતો હોય, જ્યારે હજારોનાં પેટપર પગ મૂકીને એક આદમી પોતાની તિજોરી ભરતો હોય, જ્યારે પ્રચલિત સમાજ વ્યવસ્થાને લીધે લાખો ગરીબો માથાથી પગ સુધી પસીનો ઉતારતાં પણ પેટ ભરીને અન્ન ખાવા પામતા ન હોય, જ્યારે તેમનાં બચ્ચાં દુધ વગર ટળવળતાં હોય, જ્યારે રોગીઓ દવાદારૂ વગર મરતાં હોય ત્યારે તે કીડી મંકોડી સુધીની અહિંસાની વાતો જરૂર ગૌણ બની જાય. અહિંસા માનવજીવન સાથે સંબંધ ધરાવતી ચીજ છે એટલે માનવજીવનની પરિસ્થિતિઓની સાથે સાથે એના વિધિનિષેધો પણ બદલાય છે.

પ્રશ્ન ૨:-

અમારો બીજો પ્રશ્ન અહિંસાત્મક ઉપાયોથી દેશની રક્ષાના સંબંધમાં હતો. મારા બધા પ્રશ્નોના મૂળમાં રહેલું કેન્દ્ર એ જ હતું અને એ જ વિષયમાં જૈન સમાજના વિચારકો પાસેથી કાંઇક જાણવાની અમને ઇચ્છા હતી. પણ જ્યાં અહિંસાના સિધ્ધાંતની ઉપયોગીતા વિષે જ શંકા હતી ત્યાં એનાથી દેશ-રક્ષાની વાત તો દૂર રહી પણ મોટા ભાગના ઉત્તરદાતાઓ–જેમાં દરેક જૈન સંપ્રદાયોના આચાર્યો, સાધુઓ તથા શ્રાવકો તો આવી જ જાય છે–અહિંસાથી અંદર કે બહારના આક્રમણ સામે મુકાબલો થઇ શકવાની બાબતમાં પણ શંકા ધરાવે છે. કેટલાકનું કહેવું એવું છે કે 'આખો સંસાર' અહિંસક ન બને ત્યાં સુધી અહિંસાથી રક્ષણ થવું અસંભવિત છે. મારા સમજવામાં નથી આવતું કે 'આખો સંસાર' અહિંસક થઇ ગયા પછી આક્રમણ કે લૂંટફાટ થવાની જ કયાં છે અને તો પછી રક્ષાનો પ્રશ્ન જ કયાં રહે છે? પ્રશ્ન તો એ છે કે આજ જેમ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રના આક્રમણનો સામનો શસ્ત્રાસ્ત્રથી સજ્જીત સેનાવડે કરે છે એના બદલે જુદી જ રીતે–અહિંસક રીતે–અહિંસાત્મક ઉપાયોથી–આપણે દેશરક્ષા કરી શકીએ કે કેમ?

સૌથી પહેલાં તો એ વિચારવું જોઇએ કે આક્રમણ અગર ટંટાફિસાદ શા માટે થાય છે? જ્યારે એક દેશ બીજા દેશ પર આક્રમણ કરે છે ત્યારે તે સામા રાષ્ટ્રના વાસીઓનાં શરીર પર વિજય મેળવવાની ઇચ્છાથી નથી કરતો; કારણ કે યુદ્ધમાં એનું ધ્યેય તો એજ હોય છે કે સામા પક્ષના જેટલા અને તેટલા માણસોની કતલ કરવી. આક્રમણનો હેતુ જરૂર બીજા રાષ્ટ્રના લોકોનું શોષણ કરવું અથવા તો રાષ્ટ્રના આત્મા ઉપર વિજય પ્રાપ્ત કરવાનો હોય છે અને એટલા માટે જ તે તે રાષ્ટ્ર પર આધિપત્ય સ્થાપવા માગે છે. એ ઉપરથી આપણે એમ કરી શકીએ કે જો એક રાષ્ટ્રમાં પુરતી સંખ્યામાં લોક મરવા માટે તૈયાર થઇ જાય, અને આક્રમણ કરનારનું આધિપત્ય ન સ્વીકારે, પોતાની આર્થિક વ્યવસ્થા એવી બનાવી રાખે કે જેથી હુમલાખોરોને જરા પણ લાભ ન મળે તો આક્રમણ થવાની ઘણું ખરૂં તો ધારતી જ ન રહે. પણ ધારો કે આક્રમણ થાય તો પણ જ્યાં સુધી આક્રમણ કરનારાઓ જનતાને સમુળગી મારે નહિ ત્યાં સુધી તેઓ આક્રમિત દેશપર પોતાનું પ્રભુત્વ સ્થાપી જ ન શકે. અને હિંસાત્મક રીતે રક્ષા કરવામાં પણ આપણને ઘણા માણસો બલિદાન દેવા તૈયાર રાખવા પડે છે એ આપણે કેમ ભૂલી જઇએ છીએ?

કેટલાક ઉત્તરદાતાઓએ એ શંકા પ્રગટ કરી છે કે આપણે હિટલર જેવા રાક્ષસી દુશ્મનનો સામનો અહિંસાથી કેવી રીતે કરી શકીએ ? પણ હિંસાત્મક ઉપાયોથી સામનો કરવામાં પણ ક્યાં આપણો વિજય નિશ્ચિત જ છે ? હિટલરે ગઇ વસંત ઋતુમાં એક પછી એક એમ કેટલાએ રાષ્ટ્રોની સેના હતી ન હતી કરી નાંખી. એ દેશોની આટલી હિંસાત્મક તૈયારીઓ હોવા છતાં, લાખો માણસો મરી ફીટવા છતાં તેઓ ફાવી ન શકયા. આને બદલે પોલેન્ડ અગર ફ્રાન્સે જો અહિંસક રીતે લડતાં મરવા માટે માણસો તૈયાર કર્યા હોત અને તેમના બલિદાન એ રીતે થયાં હોય તો આજ જે પરિણામ આવ્યું છે, તેનાથી જરૂર કંઇક સારું જ પરિણામ આવત. આજ એ દેશોની જે હાલત છે તેનાથી જરૂર કંઇક સારી હાલત હોત. હવે અંદર અંદરનાં ટંટાફિસાદ, લૂંટફાટ, કે ગુંડાઓથી રક્ષણ કરવાની વાત રહી. જો આપણે ધ્યાનપૂર્વક વિચારશું તો માલમ પડશે કે આ બધું થાય છે આપણી સામાજિક વિષમતાઓને કારણે. જો આપણી સમાજ વ્યવસ્થા સુવ્યવસ્થિત કરીએ, એમાં રહેલાં શોષણ અને ગરીબીને નિર્મૂળ કરીએ તો એ બધા ઝઘડાઓ આપોઆપ મટી જાય. ધારો કે એમ કરવા છતાં પણ એવા અકરમાતો જન્મે તો તેનો સામનો કરવા આપણે તૈયાર રહેવું જોઇએ. મુકાબલો કરવામાં મારવાને બદલે મરવાની તૈયારી ઘણી જરૂરી જરૂરની છે– એ મેં ઉપર પણ બતાવ્યું છે. અમુક પ્રસંગોએ કઇ રીતે અહિંસાત્મક ઉપાયોથી કામ લેવું તે અનુભવની ચીજ છે અને જો આપણામાં અહિંસા પ્રત્યે સાચી નિષ્ઠા હશે તો તે તે સમયપર ઉપાય સુઝી આવવામાં કોઇ શંકાને સ્થાન નથી.

હમેશાં એ વિષયમાં શંકા થવાનું સૌથી મોટું કારણ તો એ સમજાય છે કે અહિંસક રીતે સામનો કરવાનો અર્થ આપણે એમ માની બેઠા છીએ કે જ્યારે કોઇ દુશ્મન આપણા પર આક્રમણ કરે ત્યારે હાથ ઉંચા કરીને આપણે સામા જનને આત્મસમર્પણ કરવું. એ ખ્યાલથી કેટલાયે ઉત્તરદાતાઓએ એવી મીઠી મજાક પણ કરી છે કે જ્યારે હિંદુસ્તાન પાસે હથિયાર જ નથી, એ કમજોર છે–તો પછી અહિંસક રહ્યા સિવાય બીજું આપણે કરી પણ શું શકીએ ? કેટલાકે એ વાત ઉપરથી એમ પણ કહ્યું છે કે એવા વખતે હાથ ઉંચા કરીને આત્મસમર્પણ કરવું એ કાયરતા છે. હું એમની સાથે સંપૂર્ણ રીતે સહમત છું. પણ દુઃખ એ છે કે એ લોકોએ આ પ્રશ્ન ઉપર ગંભીરતાથી વિચાર કરવાનો પ્રયત્ન જ કર્યો નથી. અમારા પ્રશ્નમાં આત્મસમર્પણનો ભાવ ન હતો. રક્ષણ તો કરવાનું જ છે; પણ તે હિંસાત્મક ઉપાયોથી કે અહિંસાત્મક ઉપાયોથી, એ જ સવાલ છે. જો જરા ધ્યાનપૂર્વક વિચારશું તો માલુમ પડશે કે હિંસાત્મક ઉપાયો લેતાં આપણને હથિયાર ભેગાં કરવાની જરૂર પડે છે. આત્મરક્ષણ માટે લાઠી-તરવાર એકઠાં કરવાં પડે છે. વળી સરદાર, જમાદાર વગેરે રાખવા પડે છે. તેમ જ દેશરક્ષાને માટે તો આજે ઘણા હથિયારો વિમાનો, તોપગોળા, વિનાશિકાઓ અને મોટાં લડાયક જહાજો વગેરેની જરૂર પડે છે. હિટલર છેલ્લા વીશ વરસથી હિંસાત્મક યુધ્ધની તૈયારી કરી રહ્યો હતો. એ વરસો દરમિયાન એ સાધનો ભેગા કરવા માટે એને શું શું કરવું પડયું ? જર્મન રાષ્ટ્રને પોતાના પેટપર પાટો બાંધવો પડયો. આખા રાષ્ટ્રની બધી શક્તિઓ આ એક બાજુએ લગાડી દેવી પડી અને સાથે સાથે રાષ્ટ્રના લાખો નવજવાનો પોતાનું લોહી રેડવા તૈયાર કરવા પડયા. તો પછી એમ કેમ માની લેવું કે અહિંસાત્મક ઉપાયો કામમાં લેવામાં આપણે ફકત શત્રુની સામે જઇને ઉભા જ રહેવાનું છે અને બીજું કશું જ કરવાનું રહેતું નથી ? અહિંસાત્મક ઉપાયોથી રક્ષા કરવા માટે વર્તમાન હિંસક ફોજોની જેમ લાખો માણસોને યોગ્ય તાલીમ આપી પ્રસંગ આવ્યે પોતાનું બલિદાન આપવા માટે તૈયાર કરવા પડશે, શિસ્તપાલન કરવું પડશે અને સાથે સાથે અસહકારનું શિક્ષણ પણ પૂરેપૂરું આપવું પડશે. વળી સૌથી મોટી શરત એ છે કે આપણે આપણી આર્થિક તેમજ સામાજિક વ્યવસ્થાના રંગઢંગ બદલવા તૈયાર રહેવું પડશે. જ્યાં સુધી આપણા અંદર અંદરના સંબંધોમાં–ચાહે તે સામાજિક હોય, કૌટુંબિક હોય અગર રાષ્ટ્રીય હોય–હિંસાને સ્થાન છે ત્યાં સુધી આપણે અહિંસાથી રક્ષણ કરવાનો પ્રશ્ન આપણી સામે કેવી રીતે લાવી શકીએ ? અહિંસાથી–ધર્મથી,–હિંસા કે પાપની રક્ષા ન જ થઇ શકે. જેમ હિંસા કરીને આપણે ધર્મની રક્ષા ન કરી શકીએ–એની હત્યા જ કરીએ છીએ. તેવી જ રીતે અહિંસાથી હિંસાનું રક્ષણ નહિ જ કરી શકીએ.

જ્યારે આપણે અહિંસાથી રક્ષણ કરવાની વાત વિચારી રહ્યા છીએ ત્યારે આ વાત પણ આપણે સારી રીતે સમજી લઇએ કે આપણો હેતુ કેવળ હથિયાર છોડી દેવાનો જ નથી. આપણે આપણા મનમાંથી પણ હિંસા કાઢી નાંખવી પડશે, શત્રુ તે શત્રુ ન માનતાં એને આપણો સ્વજન બનાવવો પડશે. એના હૃદયપલટાની આપણે ફિકર કરવાની છે અને નહિ કે એનો નાશ કરવાની. એ દૃષ્ટિથી આજે ગાંધીજી જે સત્યાગ્રહ સંગ્રામનું નેતૃત્વ કરી રહ્યા છે તે બહુ ધ્યાનપૂર્વક અભ્યાસ કરવા જેવો વિષય બને છે.

ખરી વાત એ છે કે અત્યાર સુધી સંસારના ઇતિહાસમાં અહિંસાનું ક્ષેત્ર વ્યતિગત જીવન સુધી જ મર્યાદિત રહ્યું છે. એ બાબતપર ઉપર પુરતું કહેવાઇ ગયું છે. આજ મહાત્મા ગાંધીજીએ દુનિયા સમક્ષ એક બીલકુલ નવી જ વસ્તુ રજુ કરી છે. ઇતિહાસ એને ટેકો નથી આપતો એમાં આપણો દોષ છે. આપણે ઇતિહાસને અત્યાર સુધી લડાઇનાં વર્ણનો અને રાજા મહારાજાઓના જીવન સુધી પરિમિત રાખ્યો છે. સિકંદર, ચંગીઝખાન, તૈમૂરલંગ, નેપોલીયન અને ઔરંગઝેબનો આપણે જેટલી ખંતથી અભ્યાસ કર્યો છે તેટલી ખંતથી આપણે મહર્ષિ સોક્રેટીસ, ઇસુ ખ્રીસ્ત, બુધ્ધ, મહાવીર, ચૈતન્ય, કબીર અને મીરાંનો અભ્યાસ કયાં કર્યો છે ? પણ આજે ઇતિહાસના પાનાં ઝડપથી બદલાઇ રહ્યા છે અને આ પ્રયોગ આપણી સામે ખડો થયો છે. આપણે અહિંસાને પરમ ધર્મ માનતા આવ્યા છીએ; પરમ કર્તવ્ય તો એ છે કે આ પ્રયોગની સફળતામાં આપણે સહાયરૂપ થઇએ અને નહિ કે શુષ્ક અને નિર્જીવ જ્ઞાન, શાસ્ત્રો કે ઇતિહાસની સહાય લઇને એ કર્તવ્યથી વિમુખ બનીએ.

અપૂર્ણ —— **સિધ્ધરાજ ઢઢ્ઢા.**

શ્રી જૈન વિદ્યાર્થી સંઘના મંત્રીઓ જણાવે છે કે:–

મુંબઇની કોલેજો, હોસ્ટેલો તેમજ બોર્ડીંગો સંબંધમાં જરૂરી માહીતી કોલેજમાં દાખલ થવા ઇચ્છતા જૈન વિદ્યાર્થીઓને સંઘ તરફથી પુરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જે કોઇ જૈન વિદ્યાર્થીને આવી માહીતીની જરૂર હોય તેણે નીચેના ઠેકાણે જરૂરી પોસ્ટ સ્ટેંપ સાથે લખી મોકલવું.

મંત્રી, **શ્રી જૈન વિદ્યાર્થી સંઘ**
ઠાણે ભુવન, પહેલે માળ, ભુજીસ રોડ, **મુંબઇ, ૭.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૩

મુંબઇ : ૧ જુન ૧૯૪૧ રવિવાર.

લવાજમ
રૂપિયા ૨

માનવ પોષણનો મહાપ્રશ્ન.

દુધ, ઘી, માખણ અને પશુધન

મુંબઇ શહેરની મ્યુનિસિપાલિટીના એક અદના અમલદાર તરીકે કામ કરતાં કરતાં દૂધ, ઘી, માખણ અને તેમાં થતી ભેળસેળનો પ્રશ્ન છેલ્લા દસ બાર વર્ષ થયાં હું વિચારતો જ આવ્યો છું. રોજ ને રોજ હાથણી જેવી ગાયો તથા ભેંસોની કત્તારની કત્તારને કસાઇખાનામાં કપાતા જતી જોતો આવ્યો છું. આજની દૂધ આપનારી પશુમાતાઓનું સ્થાન પૂરનાર પશુના બચ્ચાંઓને અકાળે બેદરકારીથી પોષણ-વિહીન મરતાં અને પશુધનને નાશ પામતાં દેખું છું અને રોજના પરિશ્રમનો ધસારો અટકાવી કસ પૂરનાર તાજા દૂધ, ઘી અને માખણને બદલે ભેળસેળ અને દગાવાળા સત્વહીન પદાર્થોને અતિ પ્રબળતાથી પ્રજામાં પેસતા દેખું છું અને નિશ્વાસ મુકું છું. પશુની કતલ, તેના બચ્ચાંઓનું અકાળે મરણ અને માનવ શરીરની થતી ક્ષીણતાનું એક મુખ્ય કારણ આ દગાવાળી વસ્તુઓનો પ્રચાર જ છે. સુધરેલા શહેરોમાં પોષણની આ મુખ્ય સામગ્રીનો બગાડો આજે સકળ પ્રજાગણને મુંઝવતો મહાપ્રશ્ન છે. મ્યુનિસિપાલિટીના અનેક જાતના પ્રયત્નો છતાં પણ આ હરામખોરી પ્રજાના દીલમાં વધુને વધુ દ્રઢ થતી જાય છે. એટલે છેવટે કાયદો માનવના વિકૃત માનસ પાસે ઢીલો પડે છે. જ્યાં સુધી પ્રજાના દીલમાં આ જાતના પાપ તરફ આર્થિક, રાષ્ટ્રિય અને માનવ દ્રષ્ટિએ ત્રાસ ન છૂટે, જ્યાં સુધી પૈસા કરતાં માનવ પ્રાણની કિંમત દગો કરનારના દીલમાં ન વસે, જ્યાં સુધી ચોકખી વસ્તુ જ પ્રજાને આપી શકાય દગો થઇ શકે તેવા કોઈ પણ કામને કે વસ્તુની બનાવટને સગવડતા ન અપાય તેવી ભાવના રાજસત્તાના મનમાં ન વસે, જ્યાં સુધી ભૂતદયા માનવીના દીલમાં અનુકંપા ન ઉપજાવે અને જ્યાં સુધી સહર, આબરૂદાર સંસ્થાઓ કેટલ કેમ્પ, કેટલ ફાર્મ કેટલ બ્રીડીંગ અને પશુ સુધારણાના પ્રશ્નને હાથપર લઈ દૂધ, ઘી અને માખણનો કપરો પ્રશ્ન ન ઉકેલે ત્યાં સુધી સરકારી કાયદાઓ પૂરતું નહિજ કરી શકે, અને પશુઓની ક્રુર કતલ નહિ જ અટકે.

પ્રતિવર્ષ હિન્દમાં દુષ્કાળ લાખો જનવરોને ભરખી જાય છે, માંસાહારની વધતી જતી ભૂખ રોજ હજારો જનવરોને હણે છે અને પશુની બગડતી જતી ઓલાદ દુધની આવકનુ પ્રમાણ ઘટાડતી જાય છે. જ્યારે બીજી તરફથી દુધ, ઘી, અને માખણનો ઉપયોગ દિન પ્રતિદિન વધતો જાય છે, આવી સ્થિતિમાં તે વસ્તુઓનો ભાવ ઉંચો રહેવો જોઇએ. તેને બદલે ઘટતો જાય છે તેનું કારણ એમ લાગે છે કે નિર્ભેળ વસ્તુઓનું સ્થાન દૂધનો પાઉડર, (Milk Powder) વેજીટેબલ પ્રોડક્ટ અને માર્ગેરીન જેવી દેશી પરદેશી બનાવટો લે છે એટલે બપ કરતાં સાચા તેમજ બનાવટી માલનું એકંદર પ્રમાણ વધતા સહજ રીતે ભાવ ઘટે છે. જેની અસર સાચા માલ ઉપર વધુ થાય છે. નિર્ભેળ વસ્તુઓ બનાવટી કે દગાવાળી વસ્તુઓ કરતાં મોંઘી હોય છે. તેથી તે બનાવટી વસ્તુઓની બહુજ સસ્તી કિંમતની હરીફાઇમાં ટકી શકતી નથી. એટલે પ્રજામાં સસ્તી કિંમતનો હલકો માલ સહેલાઇથી પેસતો જાય છે જેથી મોંઘી કિંમતના ચોકખા, નિર્ભેળ માલનો બપ ઘટે છે. જેનું પરિણામ દૂધ ઉત્પન્ન કરનાર પશુનેજ ભોગવવું પડે છે. કારણ કે પશુને સાચવવાનું બર્ચ ઘટતું નથી પણ પેદાશની બન્નર તુટતાં આમદાની ઘટે છે તેથી લોકોને પશુ રાખવું અને પાળવું પરવડતું નથી. પશુના પાળનારાઓ પશુઓ પોતાના પંડ ઉપર નભે તો જાત મહેનત મફત કરીને પણ રાખવા તૈયાર થાય પણ જ્યારે પોતાના ભાણાનો રોટલો પણ, તેને આપી દેવો પડે તેવી સ્થિતિ ઉત્પન્ન થાય છે ત્યારે તેઓને ન છૂટકે પશુઓને તજી દેવાં પડે છે અને તજાયેલાં પશુઓ આખરનું સ્થાન કસાઇવાડે કસાઇની કાતીલ છૂરી નીચે જ પામે છે. આ ઉપરથી એમ નક્કી થાય છે કે ઘી, દૂધ અને માખણની ભેળસેલ નિર્દોષ પશુઓને કાપનારી

મૃત્યુને

આવો, ઓ મૃત્યુ રઢિયાળા,
કોણે તમને કહ્યા કરાળા ?

કોણે તમને ચીતર્યા કાળા ? પહેરાવ્યાં કંઇ કાળાં ચીર;
કોણે હાથ મહીં રે, દીધાં પ્રાણવિદારક તાતાં તીર ?

નિર્મમ, નિઠુર કહીને કોણે
સંબોધ્યા તમને મુખજોણે ?

ધૂમધી ધમ્મર શોકવલોણે માનવને જીવન–નવનીત,
તાત ! તમે લાવી આપો છો; એવી છે તમ નવલી રીત.

આવો, મુક્ત ગગનના વાસી,
આવો રે ! ઓ ચિરઉપવાસી !

નથી નથી લવલેશ ઉદાસી અંતસ્તલમાં મારે આજ,
ભાળું વાટ તમારી હું તો અનંતકાલ થકી મહારાજ !

આવો, મધુદર્શન મમતાળા !
વાસ્યાં શાને મુખડે તાળાં ?

વદો પ્રિયંવદ ! બોલ રસાળા, આજે દો નવજીવન મંત્ર;
નવલો ઘાટ ઘડી મુજને મૂકી દો નવલા જગને તંત્ર.

આવો, ઓ મૃત્યુ ! છોગાળા !
વિરહ વિષાદ વિચારે વ્હાલા–

સ્વજન બને છો ને સોગાળાં, જોવા ઝંખું હું તમ રૂપ;
ચાહું નાનું મીન બની હું રમવા નવજીવનને કૂપ.

આવો મૃત્યુ ! મુક્ત મરાળા !
સોહત કંઠે સુંદર માળા,

મણકા શુદ્ધ સ્વરૂપ સુંવાળા પેખી ઝંખું હું દિનરાત;
કયારે ઉડી બની જાઉં હું મણકો માળાનો રળિયાત ?

આવો, ઓ મૃત્યુ ! રઢિયાળા !

રતુભાઇ દેસાઇ

તિક્ષ્ણ છૂરીઓ જ છે અને તે આજે તો મોટે ભાગે અહિંસામાં માનનાર અને પશુરક્ષણનો દાવો કરનાર જ વાપરે છે. મુંબઇ તેમજ ખાનદેશ વગેરે ઘી, માખણના મથક ગણાતા પ્રદેશોમાં આ ધંધો મોટા ભાગે દયાધર્મી જૈનોના હાથમાં છે. ધીમે ધીમે ભરવાડ, રબારી અને ચારણ લોકો આ નીચ ધંધો હાથ કરતા જાય છે. દૂધના પાઉડરો તેમજ બનાવટી માખણનો ધંધો ગુજરાતના પાટીદારો અને મદ્રાસ ઇલાકાના કામાઠીઓ ઘણે ભાગે કરે છે. આ રીતે દયાધર્મી અને પશુપાલક ભાનભૂલો થતાં નિર્દોષ પશુઓની કોણ વહાર કરશે એ પ્રશ્ન વિષમ બનતો જાય છે.

મોટા શહેરોમાં તબેલાઓના ભાડાઓ સરેરાસ જાનવર દીઠ માસિક રૂપિયા છ થી સાત હોય છે. જાનવરનું માસિક ખાધા ખોરાકીનું ખર્ચ, દેખરેખ રાખનાર માણસનું ખર્ચ તથા રોકેલી મૂડીનું વ્યાજ મળી લગભગ રૂપિયા ત્રીશ થાય. જાનવર સરેરાસ આઠ માસ દુધ આપે છે પછીના બે ત્રણ માસ એટલું થોડું દૂધ આપે છે કે તેના ખર્ચ કરતાં આવક અતિ ઓછી થાય છે. રેલ્વે કંપનીના જાનવરોને લઇ જવા માટેના ભાડા વધુ હોવાથી તેમજ વ્યવસ્થિત રીતે વસુકી ગયેલા જાનવરોને પાળવાનો ધંધો કરનારી વ્યવસ્થા ન હોવાથી આખરે તેને કસાઇને ત્યાં વેચાયા વિના બીજો એકેય આરોવારો નથી. અગાઉ જ્યારે દુધના ભાવ સાધારણ રીતે ઉંચા હતા અને ખાધા ખોરાકીનું ખર્ચ કમતી પડતું ત્યારે થોડું દૂધ આપનારી ગાય ભેંસ પણ પરવડતી તેથી માલીકો જાનવરોને લગભગ આઠ માસ સુધી રાખી શકતા પછી કસાઇને ત્યાં મોકલી આપતા. પરન્તુ આજે દુધ, ઘી અને માખણનો ભાવ બનાવટી વસ્તુઓની હરીફાઇના કારણે ઘટી ગયેલો હોવાથી ત્રણ શેર જેટલું દૂધ આપનારી ગાય કે ભેંસ પણ કપાવા મોકલી આપવી પડે છે. અગાઉ તબેલામાં રાખવામાં આવતા જાનવરોની દોઢી સંખ્યા દરવર્ષે કપાતી તેને બદલે હવે બમણી કપાય છે. આ કત્તલ એક દિવસે સકળ પશુધનનો નાશ કરી નાંખશે કારણ કે જાનવરો કત્તલખાનામાં કપાય છે. અને તેના બચ્ચાઓ તબેલામાં જ જન્મ્યા પછી થોડા વખતમાં જ મરણાધીન થાય છે કારણ કે તેને દૂધ પીવરાવવું કે ખવરાવવું માલીકોને પરવડતું નથી. આ ખોટ દેશને માટે અતિ ભયંકર છે.

ઘણા તબેલાવાળાઓના પરિચયમાં આવવાનું બને છે અને જ્યારે જ્યારે આ ભયંકર પશુકત્તલની વાત તેઓની સાથે થાય છે ત્યારે કરૂણ સ્વરે તેઓ કહે છે કે સાહેબ, અમે કસાઇ નથી કે સહેજે અમારા બાળકો જેવા અને અમને રોટી આપનારા પશુઓને કપાવા મોકલી દઇએ, પણ જ્યારે કોઇ પણ રીતે નાંખી નજર પહોંચતી નથી ત્યારેજ અમારે કસાઇથી પણ બુરૂ કામ કરવું પડે છે. દૂધના પૈસા પૂરા ઉપજતા નથી. દૂધના પાવડરવાળા દોઢ આને અને બે આને શેર દૂધ વેચે ત્યારે અમને પાંચ આના કોણ આપે? આ દગાએ તો અમને મારી નાંખ્યા છે. મૂળામાં જ પશુ રાખવું પરવડે તેવા સંજોગો નથી. કારણ કે ૨૦૦ રૂપીયાનું જાનવર, આઠ માસ તબેલામાં રાખવાનું ભાડું રૂપિયા ૫૦, ઘાસચારાનું આઠ માસનું ખર્ચ રૂપિયા ૨૦૦ એટલે એક જાનવરનું આઠ માસનું ખર્ચ રૂા. ૪૫૦ થાય. જ્યારે ઉપજ રોજના આઠ શેર દૂધના (૧૬ રતલ દૂધ) ના રૂપિયા ૧૧૧, આઠ માસના રૂપિયા ૪૦૦ અને વસુકી ગયેલ જાનવરના કસાઇ રૂપિયા ૫૦ આપે. કુલ રૂપિયા ૪૫૦ થાય. આ રીતે જાનવરના માલીકને મહેનત માથે પડે. જાનવર મરી જાય, ઇન્સિપાલિટી દંડે કે બીજું કંઇ ખર્ચ વધે તો તે માથે પડે એટલે સહજ કમાણી વધારવા માટે દૂધમાં પાણી નાંખવાનું અને પાઉડર વાપરવાનું મન થાય. આ દૂધની પ્રાથમિક ભેળસેળનું કારણ! તબેલાના ભાડા કમતી હોય, ઘાસચારા અને જાનવરોને લઇ જવાના ભાડા ઘટાડેલા હોય અને વસુકી ગયેલા પશુઓનો પધ્ધતિસર ધંધો કરવાની યોગ્ય વ્યવસ્થા હોય તો દૂધમાં દગો કરવાની ભાવના થાય જ નહિ અને સારા માલને હઠાવી તેનું સ્થાન લેનારા બનાવટી માલની આયાત કે બનાવટ કાયદેસર બંધ થાય તો સારૂ દૂધ, ઘી અને માખણ સૌને પરવડતી કિંમતે પૂરતા પ્રમાણમાં મળી રહે અને પશુની કતલ અટકાવી દેશનું ઉપયોગી પશુધન બચાવી શકાય.

નાના ગામડાંઓમાં ભલે તબેલાનું ભાડું પડતું ન હોય, પણ ખાધાખોરાકીનું ખર્ચ અગાઉ કરતાં ઘણું વધ્યું છે તેમજ ત્યાં દૂધની કિંમત પણ નામની જ ઉપજે છે. તેથી માત્ર ઘી કે માખણની કિંમત ઉપર જ પશુપાલનનો વ્યાપારી દૃષ્ટિએ આધાર છે. આજે બન્ને વસ્તુઓની કિંમત બનાવટી વસ્તુઓને કારણે ઘટી છે, જેની પ્રથમ અસર દૂધ ઉપર અને પછી જાનવર ઉપર અવશ્ય થાય છે. અલબત ગામડાઓમાંથી મોટા શહેરોની માફક પશુઓ સીધી રીતે કસાઇખાને નહિ જતા હોય પણ શહેરોમાં થઇને ત્યાંથી અમુક વખત પછી જરૂર જાય છે જ. અગર તો બીનકાળજીથી બીજી રીતે મરે છે. દક્ષિણમાં મહેસા તેમજ અન્ય સ્થળોએ ભરાતા પશુઓના મેળાઓ અને પાંજરાપોળની વધતીજતી સંખ્યાઓ આપણા પશુધનની સ્થિતિ સુચવતા પ્રત્યક્ષ પ્રમાણો છે. ગામડાઓમાં પશુપાલનની પાછળ જે વ્યાપારી દૃષ્ટિ હતી તે લુપ્ત થતાં પશુપાલન યોગ્ય રીતે થતું નથી. એટલે ધીમેધીમે પશુની ઓલાદ બગડતી જાય છે, તેની દૂધ આપવાની શક્તિ કમતી થતી જાય છે અને બચ્ચાંઓ તાકાદ વગરના નીવડે છે. આથી પશુનો નિભાવ મુશ્કેલ થઇ જાય તેટલી હદે વાત પહોંચી ગઇ છે. પરિણામે શહેર અને ગામડાં બન્નેમાંથી પશુઓને કપાવા કે અકાળે મરવા સિવાય બીજો એક પણ રસ્તો નથી. ગામડાનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન નાશ પામતાં ગામડાં બેકાર બન્યાં છે એને ખેડુતો મજુરો થયા છે. ખેડુતો વર્ષના છ માસ ખેતી કરતાં જેમાંથી અરધું પરધું પોષણ પામતાં અને ખૂટતું ઘર આગળ દૂધાળા પશુઓ રાખી તેમાંથી મેળવતા. વાછડાઓ મોટા થતાં ત્યારે ખેતીમાં કામે લાગતા. એટલે ખેતીવાડીનું મુખ્ય સાધન બળદો પણ મળી રહેતા. પશુનાં મળમુત્રમાંથી ખાતર મળતું. આજે તો પશુનો બીલો સુનો પડયો છે. દૂધને બદલે મરચાં અને ડુંગળી જ ખેડુતના ભાગ્યમાં છે. ખેતી માટે ખાતર અને બળદો કાંધા કરીને સીધાઓ પાસેથી કે બીજા પાસેથી તે ખરીદે છે. ગરીબ ખેડુતોને આ ખર્ચ અતિ ભારે પડે છે અને દેણા તથા વ્યાજમાં તુટી જાય છે અને લેણિયાતોની જોહુકમીમાં તે નૂર વગરનો બની જાય છે. ખેતીમાંથી પોષણ અને પહેરણ અને પશુમાંથી રસકસ અને ખેતીનું સાધન મળતું. એટલે બજારમાંથી ભાગ્યે જ કોઇ ચીજ ખરીદવી પડતી. આજે ખેડુતોની અર્ધ કરતાં વધુ કમાણી વાણિયાની દુકાનમાં ચાલી જાય છે. જગનો તાત રોટલા માટે શેઠિયાના પગમાં માથું મૂકી ઉભો છે. ત્યાં ખેતી કેવી બને? આ રીતે ખેડુતોનું અને ખેતીવાડીનું અતિ મોટું સાધન પશુઓ નિભાવવાની અશિક્તએ કર્યું છે. ખેતી પ્રાધાન્ય દેશની ખેતી જ્યારે નબળી પડે ત્યારે ત્યાં બેકારી અને મોંઘવારીના બે અક્ષરો પોતાનું સ્થાન જમાવી પ્રજાને ભરખવાનું કામ કર્યાજ કરે છે. આજે ગામડામાં પશુપાલન અને તેની પેદાશ ઉપર નિર્ભર કરતાં હજારો ગામડિયાઓ બેકાર બન્યા છે; ગામડાંઓ ભાંગ્યા છે અને દેશભરમાં ભુખ્યાંની સંખ્યા ઠેર ઠેર વધતી દેખાય છે.

અપૂર્ણ **વ્રજલાલ ધરમચંદ મેઘાણી.**

દેવદ્રવ્યનો ઉપયોગ.

એક સમય એવો હતો કે જ્યારે આપણાં મંદિરો ઘણા ભાગે જંગલો અને સુંદર ઉપવનોમાં હતા. તેના દરવાજા પ્રભુ મૂર્તિના દર્શન માટે બધાને સારૂ ખુલ્લા રહેતા હતા; કારણ કે તે વખતે પ્રભુ મૂર્તિને શણગાર નહોતા સજાતા અને મંદિરોની સંભાળ માટે દ્રવ્યનો સંગ્રહ નહોતો થતો. આ કારણથી લુંટારા, ચોર, ડાકુઓનો તેને ભય નહોતો. પરંતુ કાળ બદલાતો ચાલ્યો; ભક્તોમાં શ્રમસાધ્ય ભક્તિની ભાવના ઓછી થઈ. એટલે ધીમે ધીમે વસ્તીવાળા ગામો અને શહેરોમાં મંદિરો બંધાવાં લાગ્યાં. જંગલો અને ઉપવનોનાં મંદિરોની સંભાળ ઓછી લેવાવા લાગી. નવાં મંદિરો બંધાવવાથી અનેક ગણું પુન્ય મળે છે એવા શાસ્ત્રોના પાઠો ધર્મગુરૂઓ ભક્તશ્રાવકોને વ્યાખ્યાન દ્વારા સમજાવવા લાગ્યા. પરિણામે જરૂરીઆત કરતાં વધુ પ્રમાણમાં નવાં મંદિરો થવા લાગ્યાં. મંદિરો બંધાતાં મંદિર અને મૂર્તિનું મહાત્મ્ય વધારવા માટે અન્ય કોમોના ધાર્મિક અવસરો જેવા ધાર્મિક અવસરો શાસ્ત્રોના પાઠો દ્વારા દાખલ કરવામાં આવ્યા અને ઉપધાન આદિ નવા ઓચ્છવોની શરૂઆત થઇ. તેના વિધિવિધાન દ્વારા મંદિરોમાં વધુ પ્રમાણમાં દ્રવ્યનો સંગ્રહ થવા લાગ્યો. ભક્ત જનોએ પણ પ્રભુ મૂર્તિને શણગારવા માટે હજારો રૂપીઆનું દાન કરવા માંડયું, જેથી મૂર્તિ એક અને તેને શણગારવા માટેના હજારોના દાગીના થયા. આ મંદિર, તેમાં એકઠું થતું દ્રવ્ય અને દાગીનાનો વહીવટ શરૂઆતમાં તો ગામો અને શહેરોમાં સંઘના આગેવાનો કરતા, પણ તેમાં અનેક જાતના ગોટાળા થવાથી વહીવટ વધુ સારી રીતે ચાલે તેના સારૂ લાયક માણસોને ચુંટી કાઢી તેઓ મારફત વહીવટ કરાવવાનું કેટલીક જગાએ ઠરાવવામાં આવ્યું. આ વહીવટદારોએ પણ સમાજના લાભાલાભનો વિચાર કરવા સિવાય ફકત દ્રવ્યનો વધુ સંગ્રહ કેમ કરી શકાય એના તરફ જ વધુ ધ્યાન આપ્યું. આ તકનો લાભ લેવા કેટલાક સ્વાર્થી માણસોએ ઝગડા શરૂ કર્યા. પરિણામે મંદિરો જુદા ગચ્છ, ઉપાશ્રય અને પોળોના નામથી ઓળખાતા થયા. આપણા ભગવાન આખા જૈન સમાજના એક પ્રભુ મટીને નાના વાડાના જુદા જુદા પ્રભુ બની ગયા અને એ નાનો દરેક વાડો બીજા વાડાના પ્રભુ કરતાં પોતાના પ્રભુને વધુ મોટા માનવા લાગ્યો. આ ઝગડાનો લાભ સાધુઓએ સારા પ્રમાણમાં ઉઠાવ્યો અને આપણને એક બીજાને પ્રભુના નામે ઝગડતા બનાવી દીધા. આના લીધે સમાજ અનેક ભાગલા પડી અસ્તવ્યસ્ત થઇ ગયો. આ રીતે એક જ પિતાના પુત્રો એક બીજાથી ઘણા દુર જતા અને સ્વામીભાઇનું શગપણ ભુલાતું ગયું.

હવે આપણે મંદિરમાં દ્રવ્યનો જે સંગ્રહ થાય છે તેનો વ્યય કેમ થાય છે એ તપાસીએ. પ્રભુ મંદિરો એક વેપારી પેઢી જેવા બની જાય છે. મંદિર દ્રવ્યની રક્ષા માટે ચોકીદારો અને મિલકતની વ્યવસ્થા માટે નાના મોટાં મુનીમ નોકરો રખાય છે. ઘણી વખત વહીવટમાં નાની મોટી ભુલો થાય છે પરિણામે મંદિર જે ગચ્છનું ગણાય છે એ ગચ્છના સભ્યો સાથે ટ્રસ્ટીઓને અથડામણ ઉભી થાય છે અને બન્ને પક્ષ મમતે ચડે છે, કોરટમાં જાય છે અને હજારોનું ખરચ થાય છે અને એ રીતે મંદિરોના હજારો રૂપીઆ નકામાં વેડફાઇ જાય છે. વળી કેટલીકવાર ટ્રસ્ટીઓ કે જેને સમાજે નીમેલા છે તેઓ હઠે ચડે છે–અને આખો સંપ્રદાય મળી જે કાંઇ કરવાનું કહે તેમ કરતા નથી અને ખટરાગ વધતો જાય છે. આવી જાતના થતા ઝગડાઓ મીટાવવા માટે અને ઝગડાઓ થાય જ નહીં તેને સારૂ ટ્રસ્ટીઓએ દ્રવ્યને બહુ એકઠું થવા ન દેતાં સમાજના ભલા માટે ખરચી નાખવું જોઇએ. હાલ આપણા સમાજનો મોટો ભાગ આર્થિક સંકડામણમાં સંકળાયેલો છે. ઘણા ભાઇઓ બેકારીના ખપ્પરમાં સપડાયેલા છે તેઓ કુટુંબ સાથે હવા ઉજાશ વિનાની અંધારી જગામાં રહે છે. તેમને અને તેમના બાળકોને સ્વચ્છ અને સારો ખોરાક મળી શકતો નથી. તેમનાં બાળકો સાધનોના અભાવે અભ્યાસ આગળ કરી શકતાં નથી. શારીરિક તંદુરસ્તીમાં આખી સમાજ માયકાંગલીજ છે. એટલે આપણી સમાજનો જે આપણે તેની આર્થિક સંકડામણમાંથી ઉદ્ધાર કરવા માંગતા હોઇએ તો મંદિરોમાં થયેલા દ્રવ્યસંગ્રહનો ઉપયોગ એ તરફ કરવો જોઇએ. આમ કરવાથી આપણામાંથી ધીમે ધીમે બેકારી ઘટતી જશે. આપણા ભાઇઓને સાદો સ્વચ્છ ખોરાક મળવાથી તેઓ વધુ સુદૃઢ બનશે. બાળકોને અભ્યાસ કરવાનાં સાધનો આપવાથી તેઓ વધુ અભ્યાસ કરી શકશે. પરિણામે ઉત્તમ શહેરીઓ બનશે અને ધર્મ અને કોમની સેવામાં ઉત્તમ ફાળો આપશે. આ રીતે આપણી સમાજને આપણે વધુ સારી સ્થિતિમાં લાવી શકીશું.

આ સામે ઘણા રૂઢિચુસ્ત ભાઇઓનો વાંધો છે એ હું જાણું છું પણ ટ્રસ્ટીઓ જરા ઉદાર બને અને હિંમતભર્યું પગલું ભરે તો તેને સમાજમાંથી મોટો ટેકો મળવાનો પુરો સંભવ છે. છતાં જો ટ્રસ્ટીઓ ઉદાર ન બની શકે તો પછી આપણા કળામય સુંદર કારિગીરીવાળાં તીર્થો અને મંદિરો જે ક્ષીણ થતા જાય છે તેની જાળવણી મરામત પાળવી એ દ્રવ્યનો સંગ્રહ ખરચાવો જોઇએ અને તેમ કરીને આપણા પૂર્વજોએ કળામય તીર્થોનો જે વારસો આપણને આપ્યો છે તેનો નાશ થતો અટકાવવાનું પુન્ય કામ કરવું જોઇએ.

અમદાવાદના કેટલાક મંદિરોના વહીવટકર્ત્તાઓએ બે વર્ષથી મંદિરો સુધારવા માટે એક યોજના કરી છે અને તે દ્વારા વરસ દિવસે આઠ દશ નાનાં મોટાં મંદિરો તેઓ સમરાવે છે; આવી રીતે મુંબઇનાં મંદિરોના ટ્રસ્ટીઓ એકઠા થઇને જુના તીર્થોની કળામય કારિગીરી તેના અસલ રૂપમાં ટકાવી રાખવા સારૂ એક યોજના તૈયાર કરે તો તેઓ દશ વરસમાં હિંદુસ્થાનના તમામ મોટાં તીર્થોને તેના અસલ રૂપમાં ટકાવી શકે. મુંબઇનાં મંદિરોની વાર્ષિક આવક લગભગ છ લાખ રૂપીઆની ગણાય છે. તેમાંથી તેના વાર્ષિક ખરચના થતા બે લાખ બાદ કરીએ તો દર વરષે ત્રણ ચાર લાખ રૂપીઆ તો જરૂર ખરચી શકાય અને આપણા ભવ્ય તીર્થોનો જીર્ણોદ્ધાર કરી શકાય. હું મંદિરોના વહીવટકર્તાઓને આગ્રહપૂર્વક વિનંતિ કરૂં છું કે દેવના મંદિરોમાં થતો દ્રવ્ય સંગ્રહ હવે વધુ પ્રમાણમાં સંગ્રહ ન કરતા ઉપરની બે યોજનામાંથી યોગ્ય લાગે તે રસ્તે તેઓ દ્રવ્ય ખરચે. દ્રવ્યનો વધુ સંગ્રહ વહિવટી સત્તા હાથ ધરવા માટે અનેકને પ્રેરણા આપે છે જેના પરિણામે મોટા ઝગડાઓ થઇ એકસંપીમાં ભંગાણ પડે છે. થોડા વખત પહેલાં કલકત્તાના એક મંદિરના ટ્રસ્ટીઓ ચુંટવા માટે તા. ૨૩ મી માર્ચના રોજ મળેલી સભામાં મુખ્ય તોફાન અને મારામારી થઇ. અહિંસક જૈનો હિંસક બની ગયા. આવા બનાવો તો આપણી તરફ પણ ઘણી વખત બન્યા કરે છે. એટલે આપણામાં આવા ઝગડાઓ થાય નહિ, અને જે કાંઇ આવે તેનો સમાજના ભલા માટે ખરચી નાંખવાની યા તો જુના તીર્થોનો જીર્ણોદ્ધાર કરાવવાની પાળવી તે દ્રવ્યનો ઉપયોગ કરવાની પધ્ધતિ સર્વત્ર સ્વીકારવામાં આવે એ આજના સમયમાં ખાસ જરૂરી છે.

મણિલાલ મોકમચંદ શાહ.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતં વચોદ્રાક્યમ્

જુન ૧ ૧૯૪૧

સામાજિક એકતા અને વ્યક્તિ-સ્વાતંત્ર્યની મર્યાદાઓ

(ગતાંકથી ચાલુ)

ચોથી બાબત એ કે સામાજિક જીવનમાં અમુક બે પક્ષો કદિ જોડાઇ શકે જ નહિ; આ બેને તો બાપે બાંધ્યા વેર; સૂર્ય પૂર્વનો પશ્ચિમમાં ઉગે પણ અમુક વર્ગનો અમુક વર્ગ સાથે કદિ મેળ ખાય જ નહિ. આવા પ્રકારનો પૂર્વગ્રહ બે પક્ષ કે વર્ગ વચ્ચે ઉભી થયેલી દીવાલને હંમેશા વધારે મજબુત કરે છે. આ પૂર્વગ્રહ ઘણી વખત પાયાવિનાનો હોય છે. કોઇ પણ બાબતમાં બે પક્ષો ઉભા થવાનાં કારણો ઘણી વખત તદ્દન નજીવાં હોય છે, એમ છતાં એ કારણોને લાંબા કાળના સંસ્કારથી આપણે ખૂબ ગંભીર રૂપ આપીએ છીએ. માણસને માણસથી અથવા તો એક વર્ગને અન્ય વર્ગથી હંમેશાને માટે જુદા જ રાખે એવું કોઈ અભેદ્ય કારણ હોતું જ નથી. અભેદ્ય મનાતા અનેક વર્ગો સંધાતા આવ્યા છે અને સમાજપ્રગતિને સાધતા આવ્યા છે. આ ઉપરથી કહેવાનો આશય એ છે કે સમાજના પ્રશ્નો હાથ ધરનારે હંમેશાં આવા પ્રકારના પૂર્વગ્રહથી મુકત જ રહેવું જોઇએ; મનુષ્યના ઉમદા સ્વભાવમાં તેણે ખૂબ શ્રધ્ધા કેળવવી જોઇએ અને પડેલી ખુંચોને ઉકેલવાની અને ડહોળાયેલાં પાણીને વહેતાં કરવાની કલા તેણે હસ્તગત કરવી જોઇએ.

પાંચમી બાબત સામાજિક પ્રશ્નો સંબંધમાં જ્યારે જ્યારે જરૂરી જણાય ત્યારે ત્યારે સમયોચિત બાંધછોડ કરવાને લગતી છે. સત્યાગ્રહ અને બાંધછોડ એ પરસ્પર વિરોધી તત્ત્વો નથી પણ પરસ્પર પૂરક તત્વો છે. કયા વિચારનો કે કઇ બાબતનો કયાં સુધી આગ્રહ રાખવો અને કેવા સંયોગમાં કેવા પ્રકારની બાંધછોડને આવકારવી અથવા સ્વીકારી લેવી એની ચોક્કસ મર્યાદા નકકી કરવી એ અશકય છે. આ મર્યાદાનિર્ણય પક્ષનેતાની સાદી સમજ અને આન્તરદર્શન (intuition) ઉપર આધાર રાખે છે. કોઇ બાબતને તે મજબુતપણે પકડી રાખે કે કોઇ બાબતને સમાધાનીના પ્રસંગે તે જતી કરે—એ બન્ને બાબતમાં તેનું સૌથી પહેલું અને છેલ્લું લક્ષ્ય પોતાના સમાજને આગળ લઇ જવાનું જ હોય છે. સ્વાર્થના કારણે સમાજ-હિતને કે પોતાના સિધ્ધાન્તને તે કદિ વેચે નહિ અને વટના કારણે-આત્મપ્રતિષ્ઠાના ભૂતને વશ થઇને જરૂરી બાબતમાં પોતાનો હેતુ સિદ્ધ થતો હોય તો પણ નાની ગૌણ બાબત ઉપર બે પક્ષો વચ્ચે સંધાતી એકતાને અથવા તો સમાધાનીને તે તોડી ન નાંખે. તે વસ્તુને વળગે; પડછાયા પાછળ ન દોડે તેમજ બધું કર્યાનો પોતાને જ યશ મળે એવી આકાંક્ષા ન સેવે. જો સાધ્ય સધાતું હોય તો શબ્દની તકરારમાં ન પડે. સત્યાગ્રહ અને બાંધછોડનું વિજ્ઞાન અતિ વિકટ શાસ્ત્ર છે અને સારા સારા માણસોની મતિ મુંઝવે તેવું છે. આપણે તો એટલું સમજી લઇએ કે ચાલુ વ્યવહાર અને જાહેરજીવનના વિવિધ પ્રસંગોમાં પોતાના વિચારો ઉપર મક્કમ રહીને ચાલવું જેટલું જરૂરી છે તેટલું જ મોટા પ્રશ્નોની અપેક્ષાએ નાના પ્રશ્નોની નાની મોટી વિગતોમાં બાંધછોડ કરતા રહેવાની તત્પરતા દાખલવી તે જરૂરનું છે. જે તે બાબતોને સિદ્ધાંતની બનાવી દેવી અને ચાલુ ખુંચોને વધારે ને વધારે ખુંચવાળી બનાવતા રહેવું એ સામાજિક એકદીલી અને પ્રગતિના સાધક મોટે ભાગે ઇચ્છવા યોગ્ય નથી. સિધ્ધાન્તને લગતી બાબતમાં બાંધછોડ હોઇ ન શકે એ બરોબર છે. પણ સાથે સાથે આપણે એ પણ સમજી લેવાની જરૂર છે કે આજે સિધ્ધાન્તના નામે કેટલીક ઘેલછા ચાલી રહી છે તે પણ ખોટી અને અનિચ્છનીય છે અને એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે કે કહેવાતા સિધ્ધાન્તને લગતી નાની મોટી કેટલીયે વિગતો એવી હોય છે જેમાંની કોઇ કોઇ વિગત પરત્વે સમાજની અમુક પરિસ્થિતિ અને અમુક સંયોગોમાં નાની મોટી બાંધછોડને અવકાશ હોય જ છે. કોઇ પણ વિગતમાં કશી પણ બાંધછોડ હોઇ જ ન શકે એમ કહેવું એ પણ એક જાતનો વિવેકશૂન્ય કદાગ્રહ છે.

છઠ્ઠી બાબત મતભેદ વિનાના સમાજસેવાના કોઇ પણ કાર્યમાં બને તેટલો સહકાર આપવાને લગતી છે. આપણો મતભેદ મતભેદના ક્ષેત્ર સુધી જ રહેવો જોઇએ. મત-ભેદ મનભેદમાં પરિણમે તો મતભેદની સાત્વિકતા નાશ પામે. સમાજહિતની એવી અનેક બાબતો હોય છે કે જ્યાં મતભેદને બહુ અવકાશ હોતો નથી; પણ જ્યાં બને તેટલી સેવા કરી છુટવાનું જ હોય છે. દાખલા તરીકે નિરાશ્રિતોને આશ્રય આપવો, વિધવા બહેનોને સહાય કરવી, બેકારોને ઠેકાણે પાડવા, વિદ્યાર્થીઓને ભણવામાં મદદ કરવી, માંદાઓ માટે દવાખાનાં અને ઇસ્પીતાલો ચલાવવી, કુવા ખોદાવવા, ધર્મશાળાઓ બંધાવવી—આવાં કાર્યોમાં આપણાથી વિરૂદ્ધ મત ધરાવનારાઓ સાથે ખુબ મળીને કાર્ય કરવાની પરંપરા આપણે ઉભી કરવી જોઇએ. આ ઉપરાંત સમાજ ઉપર આગ, વરસાદ, ધરતીકંપ કે એવી નૈસર્ગિક આફતો ઉતરી આવે, એથી રોગ ફાટી નીકળે, દુષ્કાળ પડે—આવા પ્રસંગોએ તન મન અને ધનનો બની શકે તેટલો ભોગ આપીને સમાજને જોઇતી રાહત પુરી પાડવામાં મદદરૂપ થવું એ પણ સામા-જિક એકતાને પુષ્ટ કરવામાં બહુ જ ઉપયોગી ભાગ ભજવે છે. આથી માણસ માણસ વચ્ચેની દીવાલ તુટી જાય છે અને 'એક કુટુંબની આપણે, એક પિતાં પરિવાર' એ ભાવના સમાજ-હૃદયમાં જાગ્રત થાય છે.

આ તો પોતાનાં મન્તવ્યોને મક્કમપણે વળગી રહેવા સાથે સમાજ વચ્ચે કેવી રીતે રહેવું અને કેવી રીતે વર્તવું કે જેથી સમાજની પ્રગતિ સદા પોષાતી રહે અને સમાજની એકતાને બને તેટલો ઓછો આઘાત લાગે—એ પ્રશ્નનો આપણે આટલા લંબાણથી વિચાર કર્યો. પણ સમાજના અથવા દેશના જીવનમાં એક એવો સંયોગ કલ્પી શકાય છે કે જ્યારે દરેક માણસે પોતાનાં મન્તવ્યો વિષેનો આગ્રહ હળવો કરીને સર્વ સ્વીકૃત કાર્યમાં જોડાઇ જવું જોઇએ. આ સંયોગ અથવા પ્રસંગ દેશની કોઇ કટોકટીભરેલી પરિસ્થિતિને લગતો છે. દેશની આઝાદી પ્રાપ્ત કરવાનો કોઇ લડાયક કાર્યક્રમ મહાત્મા ગાંધીજી જેવા દેશનેતાની સરદારી નીચે યોજાયો હોય, પ્રજાનો સારો ભાગ એમાં સહમત હોય, એ કાર્ય-ક્રમની સફળતા થાય તો દેશ ચોક્કસ આઝાદ થાય એમ બુદ્ધિ-પૂર્વક ભાસતું હોય તો મહાત્મા ગાંધીજી કે અન્ય જે કોઇ લડતનો આગેવાન હોય તેના બીજા કોઇ વિચારો સાથે આપણને મળતાપણું ન હોય એ કારણે અથવા તો લડાયક કાર્યક્રમની

અમુક વિગતો સાથે પોતાના વિચારનું મળતાપણું ન હોય એ કારણે પ્રસ્તુત લડતમાં જોડાવાની આનાકાની કરનાર યોગ્ય કરે છે એમ કહી શકાય જ નહિ. આવા પ્રસંગે અથવા તો આપણા દેશની સ્વાધીનતા ઉપર અન્ય દેશે આક્રમણ કર્યું હોય તેવા પ્રસંગે આપણી અંગત માન્યતા અને મતભેદને બાજુએ રાખીને દેશની સેવામાં આપણું સર્વસ્વ આપણે અર્પણ કરવું જ જોઇએ. સમાજ પ્રગતિના માર્ગે આગળ વધે તે કારણે સમાજનું અન્તિમ કલ્યાણ કરનાર વિચાર આગળ ધરીને આખા સમાજનો ગમે તેટલો વિરોધ આપણે ભલે નોતરીએ; પણ આખા સમાજ શરીરના અસ્તિત્વને જોખમાવે એવી અસાધારણ પરિસ્થિતિ ઉભી થતાં આપણી અંગત માન્યતાઓને બાજુએ રાખીને સમાજ-રક્ષણના સમુહકાર્યમાં આપણા સર્વસ્વનું અર્પણ એ જ આપણું મુખ્ય કર્તવ્ય બને.

ઉપસંહાર

આ આખી ચર્ચાનો સારાંશ એ છે કે બધાં એક સરખી રીતે વિચારો બોલે અને વર્તે-કોઇ કોઇનો વિરોધ ન કરે કે પ્રતિકુળ વિચાર ન દર્શાવે-આવી સમાજરચના કલ્પના-મનોહર હોવા છતાં કદિ શકય નથી. આજે જર્મની કે ઇટાલીમાં છે એવી બળજોરીથી ઉભી કરેલી એકતા સાચી એકતા નથી; પણ પ્રજાના ચોકકસ વિભાગના દમન ઉપર ઉભી કરેલી રચના છે; વળી તેનાં પ્રત્યાઘાતી પરિણામો દેશ તેમ જ દુનિયા માટે અનેક અનિષ્ટો ઉપજાવે તેવાં છે. તેથી એવી એકતા ઇચ્છવા યોગ્ય પણ નથી. આજે જોઇએ છીએ તે વિચાર, અભિપ્રાય કે વર્તનની એકતા નહિ પણ દિલની એકતા. સૌ સૌના માર્ગે વિચરે, છતાં અન્યના સુખદુઃખની પુરી દરકાર રાખે અને અન્યના અભિપ્રાય વિષે પુરો આદર દાખવે. ભિન્ન ભિન્ન મતો ધરાવતા છતાં સૌ કોઇ સર્વસામાન્ય સામાજીક કાર્યોમાં બનતો સહકાર આપે. દરેક પોતપોતાના વિચાર મુજબ વર્તે પણ તે એવી રીતે કે જેથી સામાજિક સ્વાસ્થ્યને બને ત્યાં સુધી જરા પણ આંચ ન આવે અને તે માટે નીચેની બાબતો સૌ કોઇ ધ્યાનમાં રાખે.

(૧) સમાજમાં વિરોધ પેદા થાય તેવો વિચાર રજુ કરવા પાછળ અન્તિમ હેતુ તો સમાજનું કલ્યાણ અને પ્રગતિ સાધવાનો જ હોવો જોઇએ.

(૨) પોતાના વિચારો રજુ કરવા માટે વિશદ અને સભ્યતાપૂર્ણ વાણીનો જ ઉપયોગ થવો જોઇએ.

(૩) પ્રતિપક્ષી વિચારો ધરાવનાર પ્રત્યે આદર અને પુરી સભ્યતા હોવી જોઇએ અને પોતાની જાત જેટલો તેને પણ પ્રામાણિક ગણવા જેટલી ઉદારતા હોવી જોઇએ.

(૪) અમુક બે પક્ષો કે વર્ગો કદિ એકત્ર ન જ થાય આવા પૂર્વગ્રહથી મનને સદા મુક્ત રાખવું જોઇએ.

(૫) જરૂર જણાયે શકય તેટલી બાંધછોડ કરવાની તત્પરતા રાખવી જોઇએ.

(૬) મતભેદ ન હોય તેવા સમાજસેવાના કાર્યમાં બને તેટલો ફાળો આપતા રહેવું જોઇએ

(૭) સમાજ કે દેશના કટોકટીના પ્રસંગે અંગત મતભેદોને બાજુએ રાખીને સમુહગત કાર્યક્રમમાં સૌ કોઇએ જોડાઇ જવું જોઇએ.

આ રીતે વર્તવાથી સમાજમાં સાચી પ્રગતિસાધક એકતાની બુદ્ધિ આવશે અને દરેક વ્યકિતનું સ્વત્વ તેમ જ વિચારસ્વાતંત્ર્ય સુરક્ષિત રહેવા છતાં સૌ કોઇનું વર્તન સાચા 'લોકસંગ્રહ' નું પૂરક બનશે.

સમાપ્ત

પરમાનંદ

ઘાટકોપર અધિવેશન

શ્રી પરમાનંદભાઇને જવાબ

ઘાટકોપર અધિવેશન સંબંધે શ્રી પરમાનંદભાઇએ જે લખ્યું છે તેમાં કેટલોક હકીકત દોષ નહોત તો મારે આ જવાબ લખવો ન પડત. શ્રી પરમાનંદભાઇ લખે છે કે કોન્ફરન્સમાં રજુ કરવાના ઠરાવો ઘડી લાવવાનું કામ મેં માથે રાખ્યું હોય એમ લાગતું હતું. આ બરાબર નથી. અધિવેશનમાં રજુ કરવાનાં પ્રસ્તાવો તૈયાર કરવા કોન્ફરન્સની જનરલ કમીટીની ખાસ બેઠક બે દિવસ અગાઉથી બોલાવવામાં આવી હતી. ત્યાં સુધી મેં કોઇ પ્રસ્તાવો તૈયાર કર્યા ન હતા. જનરલ કમીટીની બે દિવસની બેઠકમાં બંધારણની ચર્ચામાં વધારે પડતો સમય ગયો તેથી બીજા પ્રસ્તાવોની ચર્ચા થઈ શકી નહિ. ત્યારે પ્રથમ દિવસની અધિવેશનની બેઠક પુરી થયા બાદ અને વિષય વિચારિણી સમિતિની બેઠક મળવાને ૨-૩ કલાકનો જ સમય હતો ત્યારે વિષયવિચારિણી સમિતિનું કામકાજ સરળ બને તેટલા માટે કેટલાક ભાઇઓની મદદથી જેમાં શ્રી પરમાનંદભાઇ પણ એક હતા-મેં ૭-૮ પ્રસ્તાવોનો ખરડો તૈયાર કર્યો હતો અને તે એવા વિષયો સંબંધે કે જેમાં કોઇ મતભેદ હોવાનો સંભવ ન હતો. રાષ્ટ્રીય મહાસભા પ્રત્યે વફાદારી દાખવતા શબ્દો એક પ્રસ્તાવમાં હતા તે સંબંધે મતભેદ થયો તે તો એક અકસ્માત હતો. આ સિવાય કોઇ પ્રસ્તાવો મેં ઘડયા નથી અને અધિવેશનમાં પસાર થયેલ ૨૭ પ્રસ્તાવોમાંના ઘણા ખરા વિષયવિચારિણી સમિતિનાં સભ્યોએ જ ઘડેલાં અને રજુ કરેલાં હતાં.

અધિવેશનની વિ. વિ. સમિતિ માટે ઠરાવનો ખરડો કોણ ઘડી શકે અને કેવી રીતે રજુ થઇ શકે તે બાબતની નવા બંધારણમાં કશી ચોખવટ કરવામાં આવી નથી તેથી શ્રી પરમાનંદભાઇને આશ્ચર્ય થાય છે. આમાં આશ્ચર્ય થવાનું કોઇ કારણ નથી. એ સુવિદિત છે કે અધિવેશન સમયે સંસ્થાની કાર્યવાહક સમિતિ પોતાને જરૂર જણાય તેવા પ્રસ્તાવો ઘડી રજુ કરે છે બાકીના પ્રસ્તાવો વ્યકિતગત સભ્યો તરફથી રજુ થાય છે. રાષ્ટ્રીય મહાસભામાં પણ તેમજ છે અને બીજી ઘણી સંસ્થાઓમાં પણ તેમ છે તે માટે બંધારણમાં ખાસ ઉલ્લેખ કરવાની જરૂર રહેતી નથી. આ સંસ્થાનાં નવા બંધારણમાં એવો પ્રબંધ છે કે બંધારણમાં ઉલ્લેખ ન થયો હોય તેવી બાબતો સંબંધે મધ્યસ્થ સભા નિયમો ઘડી શકે. મધ્યસ્થ સભાને જરૂર જણાશે તો ખાસ નિયમો ઘડશે.

શ્રી પરમાનંદભાઇ એક "વિચિત્ર ઘટનાનો" ઉલ્લેખ કરે છે કે નવું બંધારણ રજુ થતાં પહેલાં અધિકારીઓની નિમણુંકનો પ્રશ્ન હાથ ધરવામાં આવ્યો. તેમાં તેમને ઔચિત્ય ભંગ જણાય છે અથવા બીજી કોઇ કલ્પના કે મુત્સદ્દીગીરી જણાય છે એવું કાંઇ જ નથી. અધિવેશનમાં નવા બંધારણ સંબંધે કેટલીક બાબતમાં તીવ્ર મતભેદ હતો. તેથી તે દરેક રીતે યોગ્ય હતું કે નવું બંધારણ રજુ થાય તે પહેલાં જ અધિકારીઓની ચુંટણી થાય. મંત્રીઓની નિમણુંક અધિવેશન સમય સુધીની જ હતી અને તેમનો અધિકારકાળ પુરો થતો હતો એટલે નવા અધિકારીઓની ચુંટણી કરવાની જ હતી. નવું બંધારણ રજુ થાય તે પહેલાં તે ચુંટણીનો પ્રશ્ન હાથ ધરાય તેમાં ઔચિત્યભંગ મને બીલકુલ જણાતો નથી બીજી કોઈ કલ્પના કે મુત્સદ્દીગીરીનો ખ્યાલ તદ્દન બીનપાયાદાર છે. મંત્રીઓ સામે કેટલાક ભાઇઓની એ ફરીયાદ હતી કે કોન્ફરન્સનું કામ મંદગતિએ ચાલે છે-કેટલેક દરજ્જે અવ્યવસ્થિત

અને અબંધારણસર છે. મેં ખુલાસો કર્યો હતો કે આવી સંસ્થાને જ્યાં સુધી આજીવન કુશળ કાર્યકર્તાઓ ન મળે અને અન્ય રીતે વ્યવસાયી માણસો પોતાના વ્યવસાયમાંથી જેમ તેમ થોડો સમય બચાવી કોન્ફરન્સનું કાર્ય કરતાં હોય ત્યાં સુધી તેનું કામકાજ જોઇએ તેટલું વેગવંત, વ્યવસ્થિત અને બંધારણીય ન જ બને. નવું બંધારણ કાર્યકર્તાઓનો વિશેષ સમય અને શક્તિ માગે છે. તેથી તે બંધારણનો વિચાર કરવામાં આવે તે પહેલાં અધિકારીઓની ચુંટણી થાય તે દરેક રીતે ઉચિત હતું. તેની ચર્ચામાં વધારે પડતી ગરમી આવી એ ખરૂં છે પણ તેથી તેમાં કોઇ મુત્સદ્દીગીરી કલ્પવી એ શોભાભરેલું નથી.

શ્રી. પરમાનંદભાઇના બીજા અભિપ્રાયોની ચર્ચા કરવાનું આ સ્થાન નથી. જો તેમની દૃષ્ટિ વધારે પડતી અને માત્ર બંધારણીય ન હોત તો આ અધિવેશનમાં, ખાસ કરી નિંગાળાનાં તેમનાં અનુભવ પછી તેમને ઘણું એવું જોવાનું મળત કે જેથી તેમને સંતોષ થયો જોઇતો હતો. દા. ત. નિંગાળા અધિવેશનમાં સાધુઓનું નામ પણ ન લેવું એવી મર્યાદા તેમણે સ્વીકારી હતી. અહીં તેમણે જોયું હશે કે સાધુઓની વિના સંકોચ ટીકા થઇ શકતી. નિંગાળા અધિવેશન એક પ્રાન્તીય-ગુજરાતીઓની જ પરિષદ્ હોય તેવી બની રહી હતી. આ અધિવેશનમાં અખિલ હિંદનાં પ્રતિનિધિની હાજરી હતી. નિંગાળા અધિવેશનમાં કેળવણી અને બેકારી નિવારણની વાતો થઇ. અહીં સંગીન ફંડ થયું પણ તે તો શ્રી. પરમાનંદભાઇને એક "અવાન્તર" સફળતા લાગે છે. અહીં જ્હેનોએ પોતાનામાંથી રૂા. ૮૦૦૦) નો ફાળો કર્યો. સૌથી મહત્ત્વની હકીકત એ કે અધિકારીઓની નીમણુંકની અત્યંત રસાકસીભરી ચર્ચા પછી રાત્રે ત્રણ વાગે, પ્રેક્ષક સમુદાય ઘણો ઓછો હતો ત્યારે પણ નવા બંધારણ મુજબ સભ્યો નોંધવાની મેં અપીલ કરી ત્યારે પાંચ હજાર સભ્યો નોંધાવાનાં વચનો ત્યાંજ મળ્યાં. મારે મન એ વસ્તુ અપૂર્વ છે. અધિકારીઓ પ્રત્યેનો વિશ્વાસ સૂચવે છે.

શ્રી. પરમાનંદ ભાઇએ આ અને આવું ઘણુંય જોયું હોત પણ તેમની દૃષ્ટિ અમારા કરતાં જુદી જણાય છે.

ચીમનલાલ ચકુભાઇ શાહ.

નોંધ

જે સંસ્થા સાથે પોતાનો ઘનિષ્ટ સંબંધ હોય તે સંબંધે ગેરસમજુતી ઉભી થાય એવું કાંઇ પણ લખાણ અન્યત્ર પ્રગટ થયું છે એમ જ્યારે લાગે ત્યારે સંસ્થાના જવાબદાર કાર્યવાહકની ફરજ છે કે તેણે આવી ગેરસમજુતી દુર કરવાની તકેદારી રાખવી. આ દૃષ્ટિએ ઘાટકોપર અધિવેશન સંબંધી શ્રી ચીમનભાઇએ જે ખુલાસો લખી મોકલ્યો છે તે ઉપર પ્રગટ કરવામાં આવેલ છે. આ ખુલાસામાં ચર્ચેલા એક મુદ્દાસિવાય બીજી વિગતો વિષે ચર્ચામાં ઉતરવાની મને જરાપણ જરૂર લાગતી નથી. એ ખુલાસાના છેવટના ભાગમાં નિંગાળા અધિવેશન સાથે ઘાટકોપર અધિવેશનની શ્રી ચીમનભાઇએ સરખામણી કરીને જે તુલનાત્મક ચર્ચા કરી છે તે પાછળ તેમનું એવું કાંઇક સૂચન ભાસે છે કે નિંગાળા અધિવેશન હતું તેથી વધારે ઉજળું બતાવવાનો અને ઘાટકોપર અધિવેશન હતું એથી ઓછું ઉજળું બતાવવાનો મેં પ્રયત્ન કર્યો છે. આવો કશો ભેદભાવ મારા દિલમાં મેં કદિ અનુભવ્યો નથી. ઘાટકોપર અધિવેશનની બન્ને બાજુ મને જેવી લાગેલી તેવી મેં નિરૂપિત કરી છે અને એમ છતાં પણ ઘાટકોપર અધિવેશનની ઉજ્જવળતાનો વિશેષ વિસ્તૃત ઉલ્લેખ મેં ન કર્યો હોય તો તેનું કારણ તે ઉજ્જવલતા મારા ધ્યાનમાં નહોતી એ નથી પણ 'પ્રબુદ્ધ જૈન' ના આગળના અંકમાં શ્રી ચીમનભાઇએ એ બાજુ બહુ સુંદર રીતે રજુ કરી હતી અને તેથી ઘાટકોપર અધિવેશનની ઉજ્જવળ વિગતો વિષે વધારે લાંબા ઉલ્લેખની જરૂર નથી એમ મને લાગ્યું હતું. ઘાટકોપર અધિવેશન કે જેના સંબંધે શ્રી. ટી. જી. શાહ પોતાની લાક્ષણિક શૈલિમાં કહે છે કે "ઘાટકોપર કે ઘાટમેં, ભઈ જૈનોકી ભીર" એ અધિવેશનની વિરાટ મેદિની આગળ નિંગાળા અધિવેશન બચ્ચુંજ ગણાય એમ કોઇને પણ કબુલ કર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ. ઘાટકોપર અધિવેશનમાં કેળવણીનું આવડું મોટું ફંડ થયું ત્યારે નિંગાળા અધિવેશને કેળવણી અને બેકારી નિવારણની વાતો જ કરી એમ શ્રી. ચીમનભાઇ જ્યારે કહે ત્યારે તેનો પણ નિંગાળા અધિવેશનને કાંઇ જવાબ આપવાપણું છે જ એક બાબતની ચોખવટ જરૂરી છે. શ્રી ચીમનભાઇ જણાવે છે કે 'નિંગાળા અધિવેશનમાં સાધુઓનું નામ પણ ન લેવું એવી મર્યાદા તેમણે સ્વીકારી હતી.' આ બરોબર નથી. 'કેળવણી પ્રચાર, બેકારી નિવારણ અને કોન્ફરન્સના બંધારણની સુધારણા' આટલી જ બાબતો ચર્ચવી એ મર્યાદાના સ્વીકારપૂર્વક નિંગાળા અધિવેશન ભરવામાં આવ્યું હતું. તેથી ઘાટકોપર અધિવેશનમાં સાધુઓની વિનાસંકોચ ટીકા થઇ શકતી હતી એ ઘાટકોપર અધિવેશનની અને એ રીતે સ્થાનકવાસી સમાજની જરૂર વિશેષતા ગણીએ. પણ તે વિગત નિંગાળા અધિવેશનનું માપ માપવામાં જરા પણ ઉપયોગી નથી. નિંગાળા અધિવેશન જાણે કે મારૂં હોય અને ઘાટકોપર અધિવેશન જાણે કે શ્રી. ચીમનભાઇનું હોય–એવો શ્રી. ચીમનભાઇની ચર્ચાનો ઝોક દેખાય છે એ ગ્લાનિજનક છે. જે વિશાળ જૈનત્વનું અવલંબન લઇને આપણે સામાજિક જીવનમાં ભાગ લઈ રહ્યા છીએ તે વિશાળ જૈનત્વની દૃષ્ટિએ નિંગાળા અધિવેશન કે ઘાટકોપર અધિવેશન જેટલાં મારાં હતાં તેટલાં જ શ્રી. ચીમનભાઇનાં હતાં અને પ્રત્યેક અધિવેશનમાં કાંઇક વિશેષતા હતી તો કાંઇક ત્રુટિ પણ હતી. વિશેષતાઓને પુષ્ટ કરવી અને ત્રુટિઓની ઉપેક્ષા કરવાને બદલે બને તેટલી દૂર કરવી એટલું જ આપણું કર્તવ્ય રહે છે.

પરમાનંદ

શ્રી. જૈન મહિલા સમાજ

શ્રી. જૈન મહિલા સમાજ તરફથી પંદર વરસથી ઉપરની ઉમરની બ્હેનો માટે ગુજરાતી, અંગ્રેજી, શીવણ ભરત વગેરે શીખવવાના વર્ગો ખોલવાનું નક્કી કરવામાં આવ્યું છે. જો પુરતી સંખ્યામાં બ્હેનો નામ નોંધાવશે તો તા. ૬૫–૬–૪૧ થી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસ (સીલ્વર મેન્શન ધનજી સ્ટ્રીટ)માં શરૂ કરવામાં આવશે સમય બપોરના ૨ થી ૪॥ રહેશે તો જે બ્હેનો આ વર્ગોનો લાભ લેવા ઇચ્છાતા હોય તેઓએ ઉપર જણાવેલે સ્થળે બપોરના ૧ થી ૪ ના સમયમાં ત્યાં જે માણસ હાજર હોય તેને પોતાનું પુરૂં નામ ઠેકાણું અને શું શીખવા માગે છે તે તા. ૧૩–૬–૪૧ સુધીમાં લખીને આપી જવું. ઉપરના વર્ગોનો લાભ કોઇ પણ બ્હેનો લઇ શકશે.

લી. મંત્રી,

શ્રી જૈન મહિલા સમાજ.

"પ્રબુદ્ધ જૈન"

જ્યારથી 'પ્રબુદ્ધ જૈન' નવા રૂપમાં નીકળવા લાગ્યું છે, ત્યારથી હું એના અવિચ્છિન્ન પરિચયમાં રહેતો આવ્યો છું. 'પ્રબુદ્ધ જૈન'નું આ ત્રીજું વર્ષ છે. આટલા વખત દરમિયાન મને એવું યાદ નથી કે મેં એનો એકે અંક અગર તેમાંનો અગત્યનો એકે લેખ સાંભળતાં જરાે કર્યો હોય, મારા આટલા લાંબા વખત દરમિયાનમાં 'પ્રબુદ્ધ જૈન' સાથેના સતત પરિચય ઉપરથી તેના વિષે મારા મન ઉપર જે છાપ પડી છે અગર એને વિષે જે મારો અભિપ્રાય બંધાયો છે, તેને જરા પણ અત્યુક્તિ કર્યા સિવાય પ્રકટ કરવાની તક હું વધાવી લઉં છું.

'પ્રબુદ્ધ જૈન'ના વ્યકિતત્વની પહેલી કસોટી જે તેના કોઇ પણ સમજદાર વાંચકને સર્વ પ્રથમ સ્પર્શે તેવી છે, તે એ છે કે તેણે અસાધારણ વિદ્વાન, સર્વદેશીય વિચારક અને શુદ્ધ રાષ્ટ્રીય દૃષ્ટિ કે માનવતાની દૃષ્ટિ ધરાવનાર ખાસ સત્પુરૂષોનો સહકાર મેળવ્યો છે. કાકા કાલેલકર હોય કે અધ્યેય મશરૂવાળા હોય, અગર સ્વામી આનંદ હોય-તેમના જેવાની વિચારક પ્રસાદી મેળવવી એ માત્ર 'પ્રબુધ્ધ જૈન'ની દૃષ્ટિએ જ નહિં પણ સમગ્ર જૈન પરંપરાની દૃષ્ટિએ ગૌરવાસ્પદ છે. જેણે જેણે કાકા સાહેબના 'પ્રબુધ્ધ જૈન'માં પ્રગટ થયેલા લેખો વાંચ્યા હશે, જેણે જેણે શ્રીયુત મશરૂવાળાની દૃષ્ટિ વાંચી હશે તેને તેને એ વાંચન વખતે પોતાના જીવનની ધન્યતા અને 'પ્રબુદ્ધ જૈન'ની ઉપયોગિતા અનુભવાયા સિવાય ભાગ્યે જ રહી હશે. હું એવું એકે કોમી કે સાંપ્રદાયિક નામધારી પત્ર નથી જાણતો કે જે 'પ્રબુદ્ધ જૈન'ની માફક આવા વિશિષ્ટ પુરૂષોના લેખો આટલા પ્રમાણમાં મેળવવા નસીબદાર થતું હોય. આ વસ્તુ છેવટે તો આપણને 'પ્રબુધ્ધ જૈન'ના સંચાલકોની વિશાળ દૃષ્ટિ અને નિખાલસ રાષ્ટ્રીય વૃત્તિની જ પ્રતીતિ કરાવે છે. 'પ્રબુધ્ધ જૈન'માં પ્રકાશિત થયેલા ઉપર સૂચવેલ વિશિષ્ટ પુરૂષોના ઘણા ખરા લેખો અન્ય હિંદી જૈન પત્રોમાં અનુવાદિત થઇ પુનઃ પ્રસિધ્ધિ પામ્યા છે. 'જૈન સંદેશ' કે 'તરૂણ જૈન' કે બીજા તેવા પત્રો આવા લેખો મેળવવા સતત 'પ્રબુધ્ધ જૈન'ના અંક વાસ્તે પોસ્ટની રાહ જોયા જ કરે છે. કાકાનું બહુ શ્રુતત્વ, એમનું અજબ કાવ્યત્વ અને એમની મનોરંજક જ્ઞાનસામગ્રી તથા શ્રીયુત મશરૂવાળાનો પ્રજ્ઞોન્મેષ આટલું જ માત્ર પ્રબુધ્ધ જૈને વાંચકોને પુરું પાડયું હોત, તોય એની ઉપયોગિતા અને સફળતા નિર્વિવાદ સાબીત થઇ શકત; પણ પ્રબુધ્ધ જૈને તો મુંબઇ જૈન યુવક સંઘને શોભે એવા કેટલાંય જરૂરી પગલાં ભર્યાં છે, જે પ્રબુધ્ધ જૈનના વાંચકથી અજાણ્યા નથી. હું માત્ર 'પ્રબુધ્ધ જૈન'ના વિશિષ્ટ લેખકો પુરતી જ મર્યાદિત ચર્ચા કરૂં છું ત્યારે ડો. મેઘાણી અને પરમાનંદભાઇની લેખિનીને ભૂલી જ નથી શકતો. શ્રીયુત્ મેઘાણીના પરિચયમાં જ્યારે હું દશ વર્ષ પહેલાં આવ્યો, ત્યારે તેમના વિચાર અને લેખનના ઓજસે મને આકર્ષી લીધેલો. એમના સામાજિક અને ધાર્મિક વિષય ઉપરના લેખો અનુભવની વાણી છે. એમના લખાણમાં પ્રાણ છે અને સાહિત્યસૌરભ છે. એમનો અને પરમાનંદભાઇનો સહયોગ એ જૈન પરંપરા વાસ્તે એક વિરલ સુયોગ છે.

પરમાનંદભાઇ તો 'પ્રબુધ્ધ જૈન'નો આત્મા જ છે. જૈન સમાજમાં જન્મવું, વારસામાં જૈન પરંપરા મેળવવી અને સાહિત્ય કળાના સંસ્કારોની સમૃદ્ધિ પોષવી, સ્વતંત્ર વિચાર સામર્થ્ય જન્માવવું તેમજ એની સાથે નિર્ભયતા અને વિવેકવૃતિ વિકસાવ્યે જવી એ યોગ અસંભવ નહિં તો દુર્લભ તો જરૂર છે. પરમાનંદભાઇના 'પ્રબુદ્ધ જૈન'માં પ્રસિદ્ધ થયેલા લેખોને જેઓ બુદ્ધિ અને સમભાવપૂર્વક વાંચતા આવ્યા હશે તેમજ અન્ય જૈન લખાણો સાથે તેમને મારા ઉકત કથનની સાબીતી માટે બહુ આઘે જવું નહિ પડે.

'પ્રબુદ્ધ જૈનનો માર્ગ કેટલો કઠણ છે એ તો તેની જવાબદારી સમજે અને ઉઠાવે તેજ પુરેપુરી રીતે સમજી શકે. 'પ્રબુદ્ધ જૈન'ની નીતિ હું સમજ્યો છું તે પ્રમાણે મુખ્યપણે બે બાબતોમાં સમાઇ જાય છે. એક તો એ કે જૈન પરંપરામાં પડેલા અને પડતા ફાંટાઓ વચ્ચે વિવેકી સૌમનસ્ય સ્થાપવું, જીવનોપયોગી સમન્વય વિકસાવી વિરોધના બીજો કાંતો નષ્ટ કરવા અને નહિં તો શમાવવા. બીજી બાબત જૈન પરંપરાને વિચારકક્ષામાં ઉન્નત બનાવવાની અને વિશદ રીતે વિચાર કરતાં તેમજ સમજતાં શીખવવાની છે. આ બન્ને બાબતોમાં સફળતા સાધવી એ કામ જેવું તેવું નથી. જેઓ જૈન પરંપરાનો ઇતિહાસ જાણે છે તેમને કહેવાની ભાગ્યે જ જરૂર છે કે જૈન પરંપરા વારસામાં જ વિરોધના સંસ્કારો અને અવિચારના તત્વો ઉત્તરોત્તર વધારેને વધારે પોષતી આવી છે. નવો ગચ્છ કે નવો ફાંટો પડયો એટલે તેણે જુના નાના વર્તુલને વધારે નાનું બનાવવું અને પોતાના સિવાયના પોતાની જ પરંપરાના બીજા ફાંટાઓને હાડશત્રુ તરીકે લેખવાની અજૈન વૃત્તિ પોષવી. આ વિરોધના બીજો રાત દિવસ જાણે અજાણે એવાં પોષાતાં આવે છે કે એક ફાંટો બીજાને પોતાના અંગત તરીકે જોઇ જ નથી શકતો. વીરકા અને ફાંટાની આવી અસંસ્કારી વલણને લીધે જૈનશાસ્ત્રના ઉદાત્ત સિધ્ધાંતો અને સર્વગ્રાહી પરિભાષાઓ છેક જ વિચાર અને વ્યવહારમાં વિકૃત બની ગયા છે. બીજુ જૈન પરંપરાના ઇતિહાસનું દુઃખદ લક્ષણ એ છે કે તેણે જેમ જેમ અનુયાયીઓ અને ફાંટાઓમાં ફેલાવો વિકાસ કર્યો તેમ તેમ તેણે વિચાર, વિદ્યા, ચિંતન, મનન, જેવાં જીવનસ્પર્શી તત્વોનો વધારેમાં વધારે હ્રાસ સધાય એવું જ વલણ ધારણ કર્યું. નવો વીરકો કે ફાંટો નીકળે કે તે વિચારવિહીન ક્રિયાજળમાં એટલે સુધી ફસાઇ જાય કે જેને પરિણામે જ્ઞાનમૂર્તિ હોવાની નિશ્ચિત આશા સેવી શકાય એવો સાધુવર્ગ પણ માત્ર અજ્ઞાનોપાસનામાં જ આનંદ માનતો થઇ જાય. કોઇ નવો વીરકો કે નવો ગચ્છ એવો ન જન્મ્યો કે જેણે વિદ્યા, વિચાર, અને શાસ્ત્રની ભૂમિકા ઉંચે ઉઠાવવાનો એક માત્ર અખંડ પ્રયત્ન સેવ્યો હોય. આ રીતે આપણને જૈન તરીકે વારસામાં તો સાંપ્રદાયિક વિરોધના અને અવિચારની. ઉપાસનાના સંસ્કારો મોટે ભાગે મળતા રહ્યા છે. આ સંસ્કારો સામે બાથ ભીડવાનું કામ ભારે અઘરૂં છે.

અત્યારલગીમાં અનેક જૈન પત્રપત્રિકાઓ નીકળ્યા અને એમનો માર્ગ ઉકત સંસ્કારો નાબુદ કરવાનો રહ્યો છે. પણ એ બધામાં 'પ્રબુધ્ધ જૈન'નો માર્ગ મને વધારે સચોટ, વધારે નિર્ભય વિશેષ વિચારપૂત લાગ્યો છે. આના કારણોની ચર્ચા અસ્થાને છે. પણ એક કારણ વિષે તો મૌન સેવવું તે આત્મદ્રોહ કરવા જેવું લાગે છે.

એ કારણ તે શુધ્ધ રાષ્ટ્રિય દૃષ્ટિ અથવા તો માનવતાની દૃષ્ટિનો સ્વીકાર એ છે, 'પ્રબુદ્ધ જૈન'ના સંચાલકોમાં જેટલે અંશે આ દૃષ્ટિ અવતરી અને પરિણમી છે તેટલે અંશે આ પત્ર વધારે વ્યાપક અને વિશદ બન્યું છે. બેશક જે કાર્યકર્તા અલ્પસંતોષી ન હોય અને જેને જવાબદારીનું ભાન હોય તે કદી એકાદ સફળ પગલાથી ફુલાઇ ન જ જાય. મારો વિશ્વાસ છે કે 'પ્રબુદ્ધ જૈન' વીરકાગત વિરોધોને સમાવવા અને જૈન પરંપરાની વિચાર ભૂમિકાને ઉન્નત કરવામાં સફળ થશે જ. સમય એવો આવ્યો છે અને હજીએ એવો આવશે કે જેમાં તેજસ્વી જીવન જીવવા ઇચ્છનાર વ્યક્તિ કે સમાજે વિરોધ અને કલહના વિષને અનિ-

વાર્ય રીતે છોડવું જ પડશે અને જડતા ત્યજી વિચારના બધાં ક્ષેત્રોમાં ઉંચે ઉડવું જ જોઇશે આ દૃષ્ટિએ પ્રબુધ્ધ જૈનને યુગબળનો સાથ છે

છેલ્લે મારે એક જ બાબત તરફ ધ્યાન ખેંચવું છે અને તે એ કે પ્રબુધ્ધ જૈનના તંત્રીને અર્થ ચિંતાથી મુક્ત કરવા. અલબત્ત પ્રબુદ્ધ જૈનનું ગ્રાહક મંડળ મોટું નથી પણ તે જેવું અને જેવું છે તે પણ ધારે તો પ્રબુધ્ધ જૈનના પ્રચાર દ્વારા આ દિશામાં ઘણું કરી શકે. મેં ગયા સપ્ટેમ્બરમાં કલકત્તા-નિવાસી કેટલાક જૈન ભાઇઓને જે કહેલું તેની જ પુનરુક્તિ અહિં કરું છું. મેં કહેલું કે એક વર્ષના 'પ્રબુધ્ધ જૈન'ના ગ્રાહક થઇ તેના લેખો વાંચો, સમજવા પ્રયત્ન કરો અને તમને વર્ષને અંતે એમ લાગે કે અમારું લવાજમ વ્યર્થ ગયું તો તમે મારી પાસેથી તમારું લવાજમ પાછું માગી શકો જે એક વાર 'પ્રબુધ્ધ જૈન'ના વિશિષ્ટ લેખો ધ્યાનપૂર્વક વાંચી ગયા હશે જેમની માનસિક ભૂમિકા એવી તૈયાર થયા સિવાય રહી જ નહિ હોય કે જેમાં તેમને 'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહક થવા બદલ ઉંડો સંતોષ લાધ્યો ન હોય. અસ્તુ!

છેલ્લે પ્રબુદ્ધ જૈનના નામ પરિવર્તનનો પ્રશ્ન વિચાર પ્રદેશમાં આવે છે કેમકે કાકાસાહેબે એ પ્રશ્ન ચરચ્યો છે. જૈન શબ્દનો ખરો અને વિશાળ અર્થ છે વિશ્વહિતકાંક્ષી. આ અર્થ એટલો સુંદર અને સર્વ ગ્રાહ્ય છે કે તે દૃષ્ટિએ તો જૈન શબ્દના સ્થાનમાં બીજો શબ્દ મુકવાને કાંઇ કારણ જ રહેતું નથી, પણ જેમ બીજા સંપ્રદાયોમાં બન્યું છે તેમ જૈન સંપ્રદાયમાં પણ જૈન શબ્દનો અર્થ છેક જ સંકુચિત અને માત્ર ક્રિયાકાંડ બોધક થઇ ગયો છે. ખુદ જૈનો જ જૈન શબ્દનો એવો અર્થ આચરણમાં પ્રગટ કરતા હોય ત્યાં એવો અર્થ કરનાર જૈનેતરોને આપણે શું કહી શકીએ? આવી સ્થિતિમાં જૈન શબ્દ જ્યારે પત્રના નામ સાથે જોડાયેલો હોય ત્યારે એ પત્રમાં લેખો અને વિચારો ગમે તેવી માનવતાની અગર શુધ્ધ રાષ્ટ્રીય દૃષ્ટિએ આવતા હોય છતાં એ પત્ર સાંપ્રદાયિક જ લેખાવાનું અને દેશનો એક મોટો વિચારક વર્ગ એના ક્ષેત્રથી અલગ જ રહેવાનો. તેથી જો યુવક સંઘ પોતાના કાર્યક્ષેત્રને અને વિચારમાર્ગને સર્વ-જનવ્યાપી કરવા ઇચ્છતો હોય અને પોતાના મુખપત્રદ્વારા જૈનેતરોને પણ પોતાના વિચાર તરફ આકર્ષવાની શક્તિ વિષે વિશ્વાસ હોય તો એણે નામ પરિવર્તનના વિચારને વધાવી લેવો જોઇએ.

વિચાર કરતાં મ્હને તો પ્રબુધ્ધ ભારત નામ યોગ્ય લાગે છે. આપણે માનવતાની વધારે નજીક જવું હોય તો હું પહેલાં પગથીઆ રૂપે ભારતની જ વધારે નજીક જવું જોઇએ એમ સમજું છું. એમાં જૈન સંપ્રદાય તો આવી જ જાય છે અને એ ઉપરાંત બીજા પણ બધા આવે છે વળી એ નામ બોલવામાં અને અર્થમાં સુંદર અને ગંભીર છે તેમજ પ્રચલિત પણ છે. —— **પંડિત સુખલાલજી**

આવકારદાયક શુભ શરૂઆત

મુંબઇમાં છેલ્લા કેટલાક વરસોથી કોમી હુલ્લડો થાય છે. તે વખતે દરેક જ્ઞાતિના અગ્રેસરો મળીને સંકટમાં ફસાયેલા ભાઇઓને રાહત આપવા અને સંકટગ્રસ્ત વિસ્તારોમાંથી સહી-સલામત લઇ આવવા માટેના સાધનો મેળવીને રાહત કાર્ય શરૂ કરે છે. પણ જૈન જનતા માટે રાહત કાર્યના ગણ્યા ગાંઠયા જ પ્રયત્નો કેટલીક સંસ્થાઓ તરફથી તેની સ્થિતિના પ્રમાણે થતા હતા. પણ આ વખતે શ્રી ગોડીજી મંદિરના ટ્રસ્ટીઓએ મંદિર તરફથી સંકટગ્રસ્ત ભાઇઓને તેમના ભય ભરેલા વિસ્તારમાંથી લાવવા માટેની શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક દ્વારા ગોઠવણ કરી છે ઉપરાંત તેઓને રહેવા માટે તથા જમવા માટેની સગવડ પણ મંદિરના ભવ્ય ઉપાશ્રયમાં કરી છે. આવું સમાજ હિતનું પગલું ભરવા માટે ટ્રસ્ટીઓને ધન્યવાદ છે. બીજા મંદિરોના ટ્રસ્ટીઓ પ્રસંગ આવ્યે આવા પરમાર્થી કામ ઉપાડી લેવાનું અનુકરણ કરે એમ ઇચ્છું છું.

નિર્ભય અને મદદ બનો

અમદાવાદ અને મુંબઇમાં પંદર દિવસના આંતરા બાદ ફરીથી કોમી હુલ્લડો થયા છે અને દિવસે દિવસે સ્થિતિ વધુ ભયગ્રસ્ત અને ભયંકર થતી જાય છે. આશ્ચર્યજનક તો એ છે કે સરકારની તકેદારી હોવા છતાં તે શાંત થયા નથી એ એક પ્રકારે તો પ્રજા અને સરકાર બંને માટે નામોશી ભરેલું જ ગણાય.

અમદાવાદમાં હુલ્લડની શરૂઆત થતાં ત્યાંની પ્રજાએ ભય-ભીત બની જે નામર્દપણું દેખાડયું, એ આપણે બધા સારી રીતે જાણીએ છીએ. મુંબઇની જનતા ગુંડાઓના અચાનક હિચ-કારા હુમલાઓથી ત્રાસી ઉઠી છે, પોલિસ તરફની કેટલેક સ્થળે થતી હેરાનગતીએ શાંત અને નિર્દોષ પ્રજાના ભયમાં ઉમેરો કર્યો છે અને વિષની જેમ વ્યાપી રહેલા હુલ્લડના ચેપથી સર્વત્ર વ્યાકુલતા છવાઇ રહી છે. વ્યાપારી બજારો બંધ રહ્યા છે, રસ્તાઓ ઉજ્જડ અને વેરાન જેવા દૃષ્ટિગોચર થાય છે, મનુષ્યના જાન-માલની સલામતી કયાં? એ સર્વત્ર પુછાઇ રહ્યું છે. આવા વિકટ પ્રસંગે જનતા અને વેપારી ભાઇઓની ફરજ છે કે તેઓએ સંગઠિત થઇ, સાવધ પણે હુમલાઓનો સામનો કરવાની બધી તૈયારીઓ રાખવી ભયથી ડરી જઇ ગભરાટ કે ઉશ્કેરાટ કરવાની જરૂર નથી પણ સમય અને સંયોગો અનુસારે આત્મશક્તિ જાગૃત કરી સ્વ અને પર રક્ષણ કાજે તત્પર થવું જોઇએ. કુતુહલતા ખાતર ખોટી અફવાઓ ફેલાવવા કે ટોળેટોળા એકત્ર થવાથી દૂર રહેવાની આજે આવશ્યકતા ઉભી થઇ છે. પોલીસ, સારજન્ટ કે તેવા અન્ય કોઇ અધિકારીને જોઇ નાસભાગ કરવામાં ડાહ્યપણ નથી. પણ એક જાતના ભય અને કાયરતાના પ્રદર્શન શિવાય બીજું કાંઇ નથી. તેથી ઉલ્ટી સ્થિતિ ઉગ્ર બનાવવામાં આવે છે અને પોતાની જાત તેમજ બીજાને અગવડભરી પરિસ્થિતિમાં મુકવા જેવું બને છે. અહિં પૂજ્ય ગાંધીજીના મંત્રી શ્રી. મહાદેવભાઇ દેશાઇએ અમદાવાદથી વર્ધા જતાં કરેલા એક નિવેદનમાં એક દાખલો આપ્યો છે તે પ્રસ્તુત હોઇ ટાંકીએ છીએ.

એક બહાદુર માણસ

"એક સુકલકડી જેવા માણસની ઉપર વીતેલી વિતક કથા સાંભળીને અમને બહુ માન ઉપજ્યું. એ માણસને ચાર લાઠી-વાળા મુસલમાનોએ ઘેરી લીધો. એના ઉપર લાઠીઓ પડવા માંડી. પગ ઉપર પડેલી લાઠીઓના સોળ તો હજુ પણ દેખાતા હતા. માથા ઉપર પડતી લાઠીઓ તો ઝીલી લીધી ત્યારે પગ ઉપર પડવા માંડી. એ પછી એ માણસે એક લાઠી પેલાઓ પાસેથી ઝુંટવી લીધી અને સામો પડયો એટલે પેલા બધા ભાગ્યા. આ બનાવ પોલીસ ચોકીની સામે બન્યો હતો. પણ આ બહાદુર માણસે પોલીસોને ન બોલાવતા પોતાનાથી પોતાની રક્ષા જેટલે અંશે થઇ શકી એટલે અંશે કરી. કયાં આ માણસની બહાદુરી અને કયાં અવાજથી ભાગીને મકાનો છોડી જનારાઓની કાયરતા?"

આ ઉપરથી આપણે એક બોધપાઠ જરૂર લઇએ. આપ-ણામાં રહેલ ભય કાઢી નાંખી નિર્ભય અને મર્દ બનવાનો નિશ્ચય કરીએ હિંમતથી આપણી જાત, આજુ બાજુના માણસો, પડોશીઓ અને આગળ વધીને મોહલ્લા કે શહેરના માણસોના રક્ષણ માટે આપણે તૈયાર થવાનું જ રહ્યું. સગઠનની શક્તિ અદ્‌ભુત અને અજોડ છે. નિર્ભયતા અને મર્દાનગી એ માણસ માત્રને જીવનના દરેક પંથમાં આગળ લઇ જનારી વસ્તુ છે. આત્મવિશ્વાસ સાથે સ્વ અને પર રક્ષણાર્થે ઉઠો—જાગૃત થાઓ.

મણિલાલ મોકમચંદ શાહ

હિંસા—અહિંસા

(ગતાંકથી ચાલુ)

પ્રશ્ન ૩

જો આપણે એમ માની લઇએ કે યુદ્ધ વગેરે ટંટાફિસાદ જેવી આકસ્મિક હિંસાના ઉપદ્રવ વખતે અહિંસા કામ આપી શકે નહિં તો આપ મેળેજ એ સિદ્ધ થાય છે કે અહિંસા જીવનનો સર્વવ્યાપી સિદ્ધાંત થઇ શકે નહિં. ઘણીજ તાજુબીની વાત છે કે અહિંસા ધર્મની દાંડી પીટનારાઓમાંથી ઘણાંએ એ જવાબ આપ્યો છે કે અહિંસા સર્વ સમયે અને સર્વ પરિસ્થિતિઓમાં લાગુ થઇ શકે નહિ. આ એ લોકોનો જવાબ છે કે જેઓ સાથે સાથે એવો દાવો કરે છે કે ગાંધીજીની અહિંસાને લગતી આજની વિચારધારા ઘણી સંકુચિત અધૂરી છે અને તે સાથે સરખાવતાં જૈનધર્મની અહિંસા ઘણી વ્યાપક અને સૂક્ષ્મ છે. (ગેરસમજ ન થાય એ માટે કહેવું જોઇએ કે કયાંય ગાંધીજીની અહિંસા અગર જૈનોની અહિંસા એવી બે જાતની અહિંસા હોઇ શકે એમ અમે બીલકુલ માનતા નથી. અમે તો માનીએ છીએ કે અહિંસા એક સર્વવ્યાપી અને અખંડ તત્વ છે; આવી રીતે બે પક્ષો માનીને અમે વાદવિવાદ ઉભો કરવા માંગતા નથી. પરંતુ પ્રસ્તુત ચર્ચાના કારણે ઉત્તરદાતાઓની ભાષા વાંચવી પડી છે.) અહિંસાની વ્યાપકતાના સંબંધમાં પહેલા પ્રશ્નમાં પુરતું કહેવાઇ ગયું છે. જે લોકોએ અહિંસાના સર્વવ્યાપી પણામાં શંકા માની છે એમનામાંથી મોટા ભાગના લોકોનો તર્ક એજ રહ્યો છે કે સંપૂર્ણ અહિંસાનું પાલન દેહધારીઓ માટે અશકય છે, કારણકે શ્વાસ લેવામાં પણ નિરંતર હિંસા થાય છે એટલે અહિંસા સર્વવ્યાપી છે જ નહિં. પણ એ તર્ક કરનારાઓ એ ભુલી જાય છે કે જે એક આદર્શ જીવનમાં સંપૂર્ણ રીતે ન ઉતરી શકે તો પણ જો એને આદર્શ તરીકે સ્વીકારીએ તો હમેશાં આપણો પ્રયત્ન એજ હોય અગર હોવો જોઇએ કે હમેશાં એ આદર્શમાં આપણે આગળ અને આગળ પ્રગતિ સાધતા રહીએ. આપણે જાણીએ છીએ કે હિંસા સર્વત્ર ફેલાયલી છે, પણ એ હિંસાને ઉત્તરોત્તર ઘટાડતા જતાં આપણે વધારે વધારે અહિંસક બનીએ એ જ આપણું ધ્યેય હોવું જોઇએ. ઉપનિષદની પ્રસિધ્ધ પ્રાર્થના "**असतो मा सद्गमय:, तमसो मा ज्योतिर्गमय:**" પણ એ જ સંદેશ આપે છે. રાત્રે ચોતરફ અંધકાર ફેલાયલો હોય, ગમે તેટલો પ્રકાશ કરીએ છતાં અંધકાર સંપૂર્ણ રીતે મટાડી નથી શકાતો, તેથી શું આપણે દીવાની નિરર્થકતા મંજુર કરી લઇશું ? રાતના અંધકારને દૂર કરે અગર નહિં કરે પણ તે પ્રકાશ આપણા માર્ગને તો પ્રકાશિત કરે જ છે—આપણે માટે એટલું પણ બસ છે. આપણે માનીએ છીએ કે આપણી પ્રત્યેક ક્રિયામાં પ્રાણહરણના અર્થમાં હિંસા થાય છે જ. પણ જેમ ઉપર આચાર્ય ઉમાસ્વાતિની હિંસાની પરિભાષાની ચર્ચામાં બતાવવામાં આવ્યું છે કે જો આપણી ક્રિયાઓ પ્રમાદરહિત હોય તો તે હિંસા વિરોધી કહેવાતી નથી. તે અનુસાર આપણે એમ પણ કહી શકાએ કે એવી પ્રમાદરહિત, અનિવાર્ય અને આવશ્યક ક્રિયાઓ આપણે કરતા રહીએ તોપણ આપણે ઉત્તરોત્તર અહિંસક બની શકીએ છીએ. જરૂર તો છે પ્રમાદરહિત બનવાની, સ્વાર્થ ત્યાગની અને જનકલ્યાણની ભાવના પોતાનામાં પ્રગટાવવની. પછી આપણને દીસી જેવું ચોખ્ખું માલુમ પડશે કે અહિંસા જે જીવનનો સર્વવ્યાપી સિધ્ધાંત થઈ શકે છે. એટલું જ નહિ પણ જેને આપણે જીવન કહીએ છીએ તે એના વગર તદ્દન અસંભવિત છે.

પ્રશ્ન ૪

ચોથા પ્રશ્નના વિષય—અહિંસાત્મક રીતે દેશની રક્ષા કેવી રીતે કરી શકાય—ની ચર્ચા આપણે ઉપર બીજા પ્રશ્નમાં પુરતા પ્રમાણમાં કરી છે. અહીં એક વસ્તુપર જ ખાસ ભાર આપીશું કે હિંસાનું—સામાજીક અગર આર્થિક હિંસાનું—અહિંસાથી રક્ષણ નહિં કરી શકાય. એ સમજી લેવું જોઇએ કે આજની આખી વિષમ સમાજ—વ્યવસ્થા, ઉંચ નીચના ભેદભાવ કાયમ રાખીને અહિંસાત્મક રક્ષણ કદી પણ કરી શકીશું નહિં. આ તો જેમ આજનો શહેરી વિલાસમય વાતાવરણમાં રહી બ્રહ્મચારી બની રહેવાની આશા રાખે તેવી વાત કહેવાય. તેથી અહિંસાત્મક રક્ષાના ઉપાયોમાં સૌથી પહેલી વાત તો એ હોવી જોઇએ કે આપણે ઉંચ નીચના ભેદ અને આર્થિક શોષણ ઉપર રચાયેલી સમાજ વ્યવસ્થાનો નાશ કરવામાં પોતાની જાતને લંગોડી દઇએ એ જ અહિંસાત્મક રક્ષણની તૈયારી છે. એમાંથી જ આપણામાં શક્તિ—સંચય અને સાહસ પેદા થશે અને એ ભ્રાતૃભાવ જાગશે કે જે અહિંસાત્મક રક્ષણ અને અહિંસાત્મક સામના માટે ખાસ જરૂરી છે.

એ વિષયમાં ગાંધીજીએ પોતે જે દિશા સૂચન કર્યું છે અને જે આ અંકમાં 'મહાત્મા ગાંધી કે વિચાર' એ મથાળા હેઠળ પ્રગટ થયું છે તે તરફ અમે વાંચકોનું ધ્યાન ખેંચીએ છીએ. વાંચકો એકવાર ફરીથી તે વાંચી લે; એ સિવાય આ પ્રશ્ન સંબંધમાં અમારે કાંઇ પણ વધારે કહેવાનું નથી.

પ્રશ્ન ૫

અહિંસાત્મક રક્ષણનો જે ગંભીર પ્રશ્ન આજ આપણી સામે છે એને ક્રિયાત્મકરૂપ દેવા માટે અમને કાંઇક મદદ મળે એ ખ્યાલથી અમે જૈન સાધુઓ પાસેથી જેઓને અમે શાસ્ત્રો અને ઇતિહાસના જ્ઞાની સમજી લીધા છે અને બીજા જૈન વિદ્વાનો પાસેથી આ પાંચમા પ્રશ્નના સંબંધમાં એવા ઉદાહરણો જાણવાની ઇચ્છા રાખી હતી કે જેમાં દેશ કે રાજ્યની રક્ષાને માટે અહિંસાત્મક ઉપાયો કામમાં લેવામાં આવ્યા હોય. પરંતુ એક પણ એવું ઉદાહરણ બતાવવામાં નથી આવ્યું અને અમે પોતે પણ માનીએ છીએ કે વસ્તુસ્થિતિ પણ એજ છે. ખુદ મહાવીર, બુધ્ધ અગર કોઇપણ અહિંસા પ્રચારકે આજ સુધી એ સમસ્યા પર વિચાર કર્યો હોય એમ અમારી જાણમાં નથી. આજ સુધી અહિંસાનું ક્ષેત્ર વ્યકિતગત જીવન સુધી જ મર્યાદિત રહ્યું છે અને આ દિશામાં તો જૈન ધર્મે જરૂર અહિંસાને એની ચરમસીમા સુધી પહોંચાડી છે. અમે માનીએ છીએ કે જૈન પરંપરામાં જે જે ગૃહસ્થના નિયમો અને સાધુના આચારો કહ્યા છે તેનું ઇમાનદારીથી પાલન કરવામાં આવે તો જીવનમાં હિંસાને ઘણું જ ઓછું સ્થાન રહે. અમે તો એ વ્યવસ્થાને આજ પણ સમસ્ત અહિંસાપ્રેમીઓને માટે મનન કરવા લાયક અને અપનાવવાને લાયક સમજીએ છીએ બલ્કે એમ પણ માનીએ છીએ કે એ પ્રકારનો જીવનક્રમ સામાજીક ક્ષેત્રમાં પણ અહિંસાને વ્યાપક કરવામાં ઘણી મદદ કરી શકે. પણ એ તો નિર્વિવાદ જ છે કે જૈન ધર્મમાં અગર કે બીજે કયાંય પણ પહેલાના કાળમાં અહિંસાને સામાજિક અગર રાજનૈતિક ક્ષેત્રમાં લાવવાની કલ્પના પણ કદાચ ન હોય અને આજે જ એકદમ નવી દિશામાં અહિંસાનો વિસ્તાર થઇ રહ્યો છે. પ્રસ્તુત પ્રશ્નમાં માંગવા આવેલ એક પણ ઉદાહરણના અભાવથી આપણે આ પ્રમાણે માની લીધા સિવાય છુટકો જ નથી. એ તો સ્વાભાવિક છે કે જ્યાં અહિંસાત્મક રીતે દેશ—રક્ષા કરવાની કલ્પના જ ન ઉઠી હોય ત્યાં જે કોઈ જૈન રાજા અગર રાજ્યાધિકારીઓ થયા તેમણે જરૂર પડતાં હિંસાત્મક ઉપાયોનો—શસ્ત્રાસ્ત્રનો નિઃસંકોચ ઉપયોગ કર્યો હોય.

શતાવધાની મુનિશ્રી રત્નચંદ્રજી મ.

શતાવધાની પંડિતરત્ન મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજના અચાનક અવસાનથી સ્થાનકવાસી સમાજને ભારે આઘાત થયો છે. તેમનું ઓપરેશન કૃતેહમંદ થયું અને તબીયત સુધરતી હતી. તેમાં તદ્દન અણધારી રીતે ગુરૂવારે રાત્રે તબીઅતમાં પલટો થયો અને કોઇને ખબર પડે તે પહેલાં તો આ લોકને છોડી તેઓશ્રી ચાલ્યા ગયા. તેમની ખોટ સ્થાનકવાસી સમાજ, સમસ્ત જૈન સમાજ પણ, પૂરી શકે તેમ નથી. તેમનું અગાધ પાંડિત્ય, તેમની નિરભિમાનતા અને સરળતા સૌ કોઇનું ધ્યાન ખેંચતા. એકલે હાથે અર્ધમાગધી કોષ બનાવવાનું મહાભારત કાર્ય મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજ કરી શકે. ૨૦ વર્ષ સુધી સતત પરિશ્રમ સેવી તેમણે જગતને આ અણમોલ ભેટ ધરી. પાંચ મોટા ગ્રંથો વાળો આવો મહાન્ કોષ બનાવવાની મુશ્કેલીઓનો ખ્યાલ આપણને ન આવે. સાધુનું જીવન, સતત પરિભ્રમણ, જોઇતાં સાધનો દરેક સ્થળે મળે નહિ અને આવા અણખેડાયેલ ક્ષેત્રમાં અન્યને માર્ગદર્શક થાય તેવું ભગીરથ કાર્ય માથે લેવું અને કૃતેહમંદ રીતે પાર પાડવું એ શાસનદેવની કૃપા જ લેખવી જોઇએ. આ કોષ યુરોપ, અમેરીકા અને હિન્દુસ્થાનની બધી યુનીવરસીટીઓમાં વપરાય છે. અર્ધમાગધી ભાષાનો હજી સુધી બીજો કોઇ કોષ થયો નથી. પૂર્વ પશ્ચિમનાં સઘળાં વિદ્વાનો આ જ કોષનો ઉપયોગ કરે છે. આવો એક મહાન્ ગ્રંથ રચીને સ્થાનકવાસી સમાજનું નામ તેમણે ઉજ્જવલ કર્યું છે. સંસ્કૃત, માગધી, અર્ધમાગધી વગેરે ભાષાઓ ઉપર તેમનું પ્રભુત્વ અજબ હતું. સંસ્કૃત ભાષામાં કોઇ પણ વિષય ઉપર શીઘ્રતાએ તેઓ કાવ્યો રચી શકતાં અને સંસ્કૃતમાં ભાષણો કરી શકતા. તેમણે બીજા પણ ઘણાં ગ્રંથો રચ્યાં છે. તેમનો છેલ્લો ગ્રંથ "સૃષ્ટિવાદ અને ઇશ્વરકર્તૃત્વ" વિજ્ઞાન અને તત્વજ્ઞાનનો ઉંડો અભ્યાસ સૂચવે છે અને આ ગ્રંથમાં જૈન દૃષ્ટિએ આ વિષયની તલસ્પર્શી મીમાંસા તેમણે કરી છે.

તેમની સ્મરણશક્તિ અદ્‌ભુત હતી. અવધાનની ક્રિયા જેમણે જોઇ છે તેમને જ આનો સાચો ખ્યાલ આવે. તેઓ એકી સમયે સો અવધાનો કરી શકતા.

તેમનાં જીવનનાં છેલ્લા વર્ષોમાં સૌથી અગત્યની હકીકત કોન્ફરન્સ પ્રત્યેનો તેમનો પ્રેમ અને કોન્ફરન્સની પ્રગતિ માટેનો અથાગ પરિશ્રમ! અજમેર સાધુ સમ્મેલનમાં તેમણે આપેલ ફાળો સુવિદિત છે. ત્યારપછી સાધુ સમ્મેલનનાં નિયમો પ્રમાણિક પણે પાળવા અને પળાવવામાં આપણા સમાજનાં જે કેટલાક સાધુ મુનિરાજો સતત પ્રયત્નશીલ રહ્યા છે. તેમાં તેઓ મુખ્ય હતા. અજમેર અધિવેશન પછી તેમનાં જીવનનું આ પ્રધાન કર્તવ્ય તેમણે બનાવ્યું હતું. સાધુ સમાજની એકતા અને જ્ઞાન અને ચારિત્ર્યની વૃધ્ધિ માટે તેઓ રાતદિવસ ચિન્તા કરતા. અજમેર સંમેલનનાં પ્રસ્તાવ અનુસાર સાધુ-સમિતિની બેઠક બોલાવવા તેઓએ ઝંડો ઉઠાવ્યો અને નાદુરસ્ત તબીયત છતાં લાંબો અને ત્વરિત વિહાર કરી ઘાટકોપર પહોંચ્યા. પૂજ્યશ્રી કાશીરામજી મહારાજ તથા પ્રવર્તક મુનિશ્રી તારાચંદજી મહારાજ સાથે મળી તેમનાં સહકારથી યોજના ઘડી અને તેનો પ્રચાર શરૂ કર્યો.

કોન્ફરન્સનું અધિવેશન બોલાવવા તેઓ ખૂબ ઉતેજીત હતા. ઘાટકોપર અધિવેશન માટે તેમની પ્રેરણા અને ઉત્સાહ ન હોત તો તે અધિવેશન ન થાત એમ મારા અંગત અનુભવથી હું કહી શકું છું. મુંબઇમાં અધિવેશન ભરવાનાં મારા પ્રયત્નો નિષ્ફળ જણાયા ત્યારે મેં તેમને વિનંતિ કરી કે તેમની લાગવગનો બધો ઉપયોગ કરી આ કામ માથે લેવા ઘાટકોપર શ્રી સંઘને તેઓ સમજાવે. ઘાટકોપર અધિવેશનની સફળતા ઘણે દરજ્જે તેમને આભારી છે.

તેઓ તો કૃતકૃત્ય થઇ ગયા. તેમનું મૃત્યુ ઉપાધિ રહીત અને મંગળમૃત્યુ થયું. છેલ્લી ઘડી સુધી સાધુ સભા જની એકતા અને જ્ઞાન ચારિત્ર્યની વૃદ્ધિની ચિન્તા કરતા તેઓ ગયા અને આપણી જવાબદારી વધારતાં ગયા. તેમનું અધુરું રહેલું કાર્ય પુરું કરીએ તો જ તેમનાં પ્રત્યેનું આપણું ઋણ આપણે અદા કરી શકીએ. તેમની યોજનાને અમલમાં મૂકવા નિમાયેલ સમિતિનું કામ વિશેષ મુશ્કેલ બને છે. પણ સાધુ સમાજની પ્રતિષ્ઠા અને અસ્તિત્વનો તે એક માત્ર ઉપાય છે અને સ્થાનકવાસી સમાજ-સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, પોતાના હીતને ખાતર પણ આ કાર્યને પાર પાડશે તો જ સમાજની ઉન્નતિ અને પ્રગતિ છે.

ચીમનલાલ ચકુભાઇ શાહ.

પ્રશ્ન ૬ છઠ્ઠા પ્રશ્નમાં અમે એમ જાણવા માગ્યું હતું કે શું જૈનાચાર્યોએ દેશરક્ષાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં હિંસાત્મક ઉપાયો યોજવાનો સ્પષ્ટરૂપે આદેશ આપ્યો છે? પરંતુ જ્યારે હિંસાત્મક ઉપાયો યોજવામાં કોઈ રૂકાવટ જ ન હતી ત્યારે એવો પ્રસંગ આવવાની આશા પણ ન હતી. અવસર આવતા દેશ-રક્ષા માટે હિંસાત્મક ઉપાયો યોજવા એ સ્વાભાવિક હતું અને જૈનાચાર્યો પણ તેને ઉપેક્ષાની દૃષ્ટિથી જોતા હતા-એક આવશ્યક બુરાઇ (necessary evil) તરીકે માનીને એને દરગુજર કરતા હતા. હા. એવા પણ એક બે ઉદાહરણ બતાવવામાં આવ્યા છે કે જેમાં જૈનાચાર્યોએ પોતે લોકોને યુધ્ધ માટે પ્રવૃત્ત કર્યા છે. પણ વાસ્તવમાં પાંચમા પ્રશ્નની ચર્ચામાં જે વસ્તુસ્થિતિ બતાવવામાં આવી છે તે ધ્યાનમાં લેતાં આ પ્રશ્નની ચર્ચાનું કોઇ વિશેષ મહત્વ નથી.

છએ પ્રશ્નોની ચર્ચા અમે કરી ચૂકયા છીએ અને અમારા પોતાના વિચારો પુરતા ખુલાસા સાથે વાચકોની સામે રજુ કર્યા છે. વસ્તુસ્થિતિ રજુ કરતાં કોઇ સ્થળે ઘેરો રંગ પુરાઇ ગયો હોય તો વાંચકો ક્ષમા કરે. કોઇનું પણ દિલ દુભવવાનો અમારો ઇરાદો નહતો. અમને તો એ વાતનો વિશ્વાસ બેસતો જાય છે અને દૃઢ થતો જાય છે કે વ્યક્તિગત જીવનમાં જ માત્ર નહિ પણ સામાજિક અને રાજનૈતિક ક્ષેત્રોમાં પણ અહિંસાને સ્થાન આપવું એ જ માનવસભ્યતા અને વિશ્વશાંતિ જાળવવાનો એક માત્ર ઉપાય છે. એમાં જ આપણા જીવનની ઉપયોગિતા છે, એમાં જ એનો આદર્શ છે અને એમાં જ એની સુંદરતા અને સફલતા છે. આજ સુધીના ઇતિહાસમાં માનવીએ ધર્મના નામ પર કેટલીયે લોહીની નદીઓ વહાવી છે. એ બધું એટલા માટે થવા પામ્યું હતું કે આપણે ધર્મ અને જીવનને બે જુદી જુદી ચીજો માની લીધી હતી.-આપણે એ નહિં સમજ્યા કે જીવનથી પર કોઇ ધર્મ નથી અને વળી જ્યાં માનવ અને માનવતાનું ખુન થાય છે ત્યાં ધર્મ કેવો? આજે ગાંધીજીએ આપણો આખો ઇતિહાસ, આખી પરંપરા, અત્યાર સુધીના રૂઢિરિવાજો અને માન્યતાઓમાં જબરજસ્ત પલટો નિપજાવ્યો છે. આપણે દિલથી ચાહીએ છીએ કે પોતાને જૈન કહેવડાવનારા, પોતાને અહિંસાધર્મી માનનારા, એ પ્રકાશનું સ્વાગત જ નહિં પણ પ્રચાર માટે રચનાત્મક સહકાર આપે. આપણે સર્વ પ્રકારના મતભેદો ભૂલી જઇને અહિંસાના વાસ્તવિક સ્વરૂપને સમજીએ અને એનો અમલ કરવા જેટલી દૃઢતા પ્રાપ્ત કરીએ.

સમાપ્ત.

સિધ્ધરાજ ઢઢ્ઢા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૪

મુંબઇ : ૧૫ જુન ૧૯૪૧ રવિવાર.

લવાજમ
રૂપિયા ૨

માનવપોષણનો મહાપ્રશ્ન.

દૂધ, ઘી, માખણ અને પશુધન

(ગતાંકથી ચાલુ)

જ્યારથી ખાધા ખોરાકીના સામાનમાં અને ખાસ કરીને દૂધ, ઘી, અને માખણમાં ભેળસેળ થઇ શકે કે સાચા માલ તરીકે ચલાવી શકાય તેવી વસ્તુઓની આયાત દેશમાં થવા માંડી અને દેશમાં પણ બનવા માંડી ત્યારથી જરા પણ શંકા વગર તે માલ સાચા માલને બદલે સસ્તી કિંમતે ખરીદાવા લાગ્યો, પ્રજા છેતરાવા લાગી અને વ્યાપારીઓની વધુ નહાની ભૂખ દિન પ્રતિદિન પ્રબળ થવા લાગી. આજે સાચા માલને હરિફાઇમાં ટકવું મુશ્કેલ થઇ પડયું છે, તેથી સાચા માલના વ્યાપારીઓ પણ ધીમે ધીમે આ દગા તરફ વળવા લાગ્યા છે, એટલે ખરી વસ્તુ ક્યાં મળે છે એ કહેવું મુશ્કેલ થઈ પડયું છે. વ્યાપારીઓને જેમ જેમ વધુ લાભ બનાવટી નકલી વસ્તુઓમાં દેખાય છે, તેમ તેમ તે વસ્તુઓનો ફેલાવો વધુને વધુ સરળ થતો જાય છે. ધનલોભ અત્યાર સુધી માનવ માનવ વચ્ચે હતો અને તેનાં ફળો ધન વગરના માણસો જ ભોગવતા હતા, પણ હવે તો ધન લોભની દાઢમાં પશુઓ પણ કચરાવા લાગ્યા છે. આની બુરી અસર કદાપિ તુરતમાં નહિ દેખાય પણ નજદીકના ભવિષ્યમાં જરૂર જણાશે.

આની સૌથી પહેલી અસર તો સાચી પૌષ્ટિક વસ્તુઓને બદલે બનાવટી સત્ત્વહીન વસ્તુઓ ખાનારની તન્દુરસ્તી ઉપર થાય છે. દૂધ જગતૂના માનવીઓનો બાળથી વૃદ્ધ સુધી સૌનો ખોરાક છે. Skimmed Milk Powder—મીલ્ક પાઉડરના સત્ત્વ વગરના દૂધથી નાના બાળકોનાં શરીર બંધાતાં નથી, પણ કેટલી એક જાતના વિકારો ઉત્પન્ન થાય છે અને પરિણામે બાળમરણનું પ્રમાણ વધે છે. અને જે મરતાં મરતાં બચે છે તેઓ અનેક રોગના ભોગ થઇ તદ્દન માયકાંગલા જેવા મરવાના વાંકે જીવવા જેવાં જ રહે છે. આ રીતે બાળકોનો મુખ્ય ખોરાક દૂધ બગડતાં બાળકોનું આખું શરીર બગડે છે. દેશની ભાવી પ્રજા જીંદગીના ઉંબરમાં જ માંદગી અને નબળાઇનો ભોગ બને છે અને દેશને તાકાત વગરની પ્રજાનો વારસો મળતો જાય છે.

આપણા દેશ જેવા ગરીબ થઇ ગયેલા દેશમાં દૂધ, ઘી કે માખણ સૌને માટે વિલાસની કે વૈભવની વસ્તુ નથી, પણ રોટી માટે, જીવન નિર્વાહ માટે અતિશ્રમ કરતાં શરીરમાં ભાવી શ્રમ માટે કસ પૂરનાર પૌષ્ટિક તત્ત્વ તરીકે જરૂરીયાતની વસ્તુ છે, અનિવાર્ય વસ્તુ છે.

શ્રમ કરનાર એટલું સમજે છે કે શ્રમ પછી થોડોક પૌષ્ટિક ખોરાક લઇશ તો શ્રમનો ઘસારો પૂરાઇ જશે અને શરીર કામને યોગ્ય રહેશે. વૈદકીય જ્ઞાને અને ખોરાકના વિજ્ઞાને સિદ્ધ કરી આપ્યું છે કે દૂધ, ઘી અને માખણ બીજા ખોરાકની સરખામણીમાં ઘણા વધારે પૌષ્ટિક તત્ત્વો ધરાવે છે અને પૂરતું સાત્ત્વિક અને પૌષ્ટિક તત્ત્વ આપી શકે છે. આ ભરોંસે બીચારો શ્રમજીવી પોતાના શ્રમના પસીનાના પૈસામાંથી પોતાની જાત માટે, પોતાની પ્રજા માટે શક્તિ પૂરનાર ખોરાક દૂધ, ઘી અને માખણ લાવે છે. પણ દગાખોરની હરામખોરીથી તેને સાચા માલને બદલે બનાવટી કે ભેળસેળ વાળો સત્વહીન ખોરાક મળે છે, એટલે તેનાં નાણાં બરબાદ થાય છે અને જે ભરોંસે તે ખોરાક લે છે તે ભરોંસો ખોટો પડે છે. શ્રમ તો જેમનો તેમ ઉભો જ હોય છે, પણ તેનો ઘસારો પૂરનાર સત્વ ન મળવાથી તે શ્રમજીવી ધીમે ધીમે શ્રમથી ઘસાતો જાય છે અને અકાળે વૃધ્ધ થઇ જીવન હારી બેસે છે. પ્રજા પૂછે છે કે માણસનાં જીવન ટુંકાં કેમ થઇ ગયાં ? પ્રજામાં ક્ષય અને તેના જેવા બીજા જીવલેણ દર્દોનો ફેલાવો કેમ વધતો જાય છે ? બાળ–મરણ–પ્રમાણ શા માટે વધતું ચાલ્યું છે ? સકળ પ્રજા તાકાત વગરની, નિસ્તેજ અને નિર્માલ્ય કેમ થઇ ગઇ છે ? આનો જવાબ એટલો જ છે કે એક બાજુ અતિશ્રમનો ઘસારો અને બીજી બાજુ એ ઘસારો પૂરનાર પૌષ્ટિક ખોરાકની ખામી. ખાવું ખોટું અને કામ સાચું એટલે વહેલી વૃદ્ધાવસ્થા અને વહેલું મરણ. નાનાં બાળકોના રોગના અભ્યાસીઓ બાળરોગ અને બાળમરણનું મુખ્ય કારણ યોગ્ય ખોરાકનો અભાવ જ બતાવે છે.

હિન્દમાં એનું એ વાતાવરણ છે, એની એ આબોહવા છે, એનું એ આકાશ અને એની એજ ધરતી છે, છતાં પણ એનાં એ શરીરો કેમ નથી દેખાતાં ? પિતા પહેલાં પુત્ર ભાગ્યે જ મરતો અને સીત્તેર કે એંસી વર્ષની વય પહેલાં મરણ જવલ્લે જ થતું તેને બદલે આજે દિનપ્રતિદિન આયુષ્યની મર્યાદા ટુંકાતાં ટુંકાતાં માત્ર છવીસ વર્ષની ઉપર કેમ આવી ગઇ ? કયા પાપે ? કયા દોષે ? આનો જવાબ પણ બીજો શો હોય શકે ? અત્યાર સુધી આપણી પ્રજામાં એક દ્રઢ માન્યતા હતી કે શિયાળાનું વસાણું આખું વર્ષ શક્તિ પુરે. શિયાળામાં એકાદ બે મહીના ઘીવાળો સ્નિગ્ધ પદાર્થ ખાવાથી આખા વર્ષના શ્રમને પહોંચી શકાય. વાત પણ સાચી છે અને આ માન્યતા હજુ પણ જેવીને તેવી ઉભી છે, પણ એ "ઘી" ક્યાં છે ? આખા વર્ષના શ્રમ માટે શક્તિ પૂરનાર એ "નારાયણસ્વરૂપ ઘી" ક્યાં છે ? કૃષ્ણ કનૈયાના દેશમાં, ગોવર્ધનધારી ગોપાળના દેશમાં "શેડકઢાં દૂધ" ક્યાં છે ? પશુઓના માવતર જેવા દેશમાં રસકસ ક્યાં

છે કે ત્યાંની પ્રજા વજ્રકાય બને ? આજે જે ભયંકર શક્તિહીનતા પ્રજામાં દૃષ્ટિગોચર થઇ રહેલ છે તેના ખરા જવાબદાર બધા ખોરાકીમાં ભેળસેળ કરનાર જ છે. આ ઘોર તહોમતનામા સામે તેનો શો જવાબ છે ? આ જાતની હરામખોરી નિભાવી લેનાર અને તેમાં સગવડતા કરી આપનાર રાજ્યસત્તાનો શો જવાબ છે ? પ્રજાના આવા અતિ નાજુક પ્રશ્નને પડતો મૂકી મુક્તિ, મોક્ષ, સિધ્ધશિલા અને છપ્પન ભોગ કે રાસલીલા, ધીદીપપુજા કે સૃષ્ટિ કે સૃષ્ટા ઉપર ચર્ચા કરી કૃતકૃત્ય થઈ જનારા ધર્માચાર્યોનો શો જવાબ છે ? સરકારના નાનકડા કોઇ અનિચ્છનીય કાર્ય સામે વાત વાતમાં સત્યાગ્રહ કરવા તૈયાર થઇ જનાર આવા માનવ જીવનના બળતા પ્રશ્ન માટે શા માટે મૌન ધારીને ઉભા છે ? પ્રજાકીય શરીરના રક્ષપાળો શા માટે આ દિશામાં નજર પણ નથી કરતા ? ભૂતદયાના ઠેકેદાર ગણાતા માનવીઓ ક્યાં ઉંઘે છે ?

મજુરો અને ખેડુતો બિચારા ઘી અને દૂધને બદલે તાજી છાશથી સંતોષ પામે છે અને તેમાંથી તાજગી અને તન્દુરસ્તી મેળવે છે, પણ આજે તે સૌ ઘી અને માખણની બજર તુટતાં દૂઝાણાં વગરના થઇ પડયા છે, એટલે તાજી છાશ પણ ક્યાંથી કાઢે ? મોટા શહેરોમાં નગદ નાણાથી દૂધ, ઘી, માખણ અને છાશ જ્યારે જોઇએ ત્યારે મળી શકે છે. ગામડાવાળાઓ ધનને લોભે વેચી જાય છે. પરંતુ ગામડામાં કે જ્યાં પશુઓ સહેલાઇથી પાળી, પોષી અને રાખી શકાય અને જે પશુનું ધામ કહેવાય ત્યાં દૂધ, ઘી કે માખણના સાંસા છે. આ સૌ કોઇનો અનુભવેલો પ્રસંગ છે. આજે ગામડામાં બપ પૂરતું દૂધ મળતું નથી. ઘણી વખતે બપોરના સમયે જો દૂધનો બપ પડે તો સીમમાંથી બકરાં કે ગાડર દોવરાવીને તે મેળવવું પડે છે. ખેડુતોને ત્યાં તો સુકા ખીલા જ છે. રબારીઓ અને ભરવાડો આજે પણ કહે છે કે આગળ ઘરે આવેલા પરોણાને રોટલો અને તાંસળી ભરી દૂધ આપવામાં આવતું. આજે દૂધ તો દૂર રહ્યું પણ છાશ પણ ભરવાડ કે રબારી જેવાના ઘરમાં નથી, ત્યારે બીજાને ત્યાં તો ક્યાંથી હોય ? આ છાશની ખોટે માણસને મરી, મસાલા કે તેવો તામસી ખોરાક ખાતો કરી મૂક્યો છે. અનુભવીઓ કહે છે કે રતાંધળાપણું તડકામાં કામ કરનારમાં અને ગરમ મસાલા ખાનારમાં વધુ હોય છે, પણ તાજી છાશની હંડક આ ભયંકર દર્દને પણ હઠાવી શકે છે. હવે પ્રજા કદાપિ આંખની શક્તિ ગુમાવી બેસે અને ચસ્મા ચડાવતી થઇ જાય તો નવાઇ નથી.

બનાવટી દૂધનો પાઉડર, ઘી કે માખણ બનાવનારાઓ અને વેચનારાઓ મોટા ધનિક વ્યાપારીઓ જ હોય છે અને તેમની પાસેથી નાના નાના વ્યાપારીઓ નાના જથ્થામાં ખરીદી કરી વાપરનાર ગ્રાહકો ને વેચે છે. જેમ વાપરનારા ગ્રાહકો છેતરાય છે તેમ નાના વ્યાપારીઓ પણ મોટા વ્યાપારીઓથી છેતરાય છે અને બીજાના પાપનું ફળ ભોગવે છે

આ લખનારે છેલ્લા દશ બાર વર્ષમાં અનેક નાના નાના નિર્દોષ વ્યાપારીઓ કે જે બહુ જુજ મૂડીથી પેટગુજરા માટે ધંધો કરતા હોય છે તેમને મોટા વ્યાપારીઓએ વળગાડી દીધેલા બનાવટી કે ભેળસેળવાળા દૂધ, ઘી કે માખણમાં પકડાયેલી ભેળસેળ માટે ન્યાયની કોર્ટમાં સખ્ત રીતે દંડાતા અને દંડમાં મૂડી આપી દઇ ધંધા વગરના થઇ બેકાર ફરતા જોયા છે. કાયદાની ચૂંગાલમાં આવે તે ગુન્હેગાર–તે મુજબ તેઓ વગર વાંકે બીજાની હરામખોરી અને પાપના શિકાર બને છે. આ દૃષ્ટિએ પણ દૂધ, ઘી અને માખણની ભેળસેળનો વિચાર કરવો રહે છે. એક તરફથી ભેળસેળે પશુધનનો નાશ કર્યો છે, માનવ તંદુરસ્તીને પારાવાર નુકશાન પહોંચાડી અકાળ વૃધ્ધત્વ અને મરણ પ્રમાણમાં વધારો કર્યો છે, ત્યારે બીજી તરફથી પશુપાલન અને ખેતીવાડી ઉપર નભતા હજારો ગામડિયાઓને બેકાર બનાવી ગામડાં તજાવી શહેરોના કારખાનામાં હડસેલી દીધા છે. દેશના ગૌરવ જેવા ગામડાં ભાંગતાં આજે આખો દેશ તદ્દન ખૂલ્લો થઇ ગયો છે અને સંસ્કૃતિ તથા અનેકને રોજી આપતા ગૃહ ઉદ્યોગોનો નાશ થઇ મુડીવાદીનું ઝેરી તત્ત્વ વધુ પ્રબળ બન્યું છે. રાષ્ટ્રને આર્થિક અને માનવ દૃષ્ટિએ જોતાં આ બોટ જેવી તેવી નથી.

મોટાં શહેરોમાં સીધી રીતે અને ગામડાઓમાં આડકતરી રીતે પોતાના પશુઓ કસાઇને વેચનારાઓ મોટે ભાગે પશુધનની કીમતને જાણનારાઓ જ છે છતાં આમ કેમ બને છે અને પશુના પાળકો જ પોતાના સંતાનો જેવા પશુઓને શા માટે વેચી નાંખે છે ? તેની ઉંડી તપાસ કરતાં લાગે છે કે શરૂઆતમાં પશુને નિભાવવાની અશક્તિને કારણે તેને ન છુટકે પોતાના સંતાન જેવા ઉપકારક અને બચ્ચાંના ભાગનું માલીકને આપી દેનારા પશુઓ કસાઇને વેચવા પડે છે. તે વખતે તેને જરૂર આંચકો લાગે છે. પણ ધીમે ધીમે તેના દીલનો ઉંચામાં ઉંચો દયાનો ભાવ ભૂતદયાનો ભાવ–નામુદ થઇ માનવતાનો લય થઇ જાય છે. આ હૃદયની ઉચ્ચતાનો નાશ માનવ સંસ્કૃતિ અને નૈતિક દૃષ્ટિએ જેવી તેવી બોટ નથી. પ્રજામાં આવેલું હિંસકપણું આવાં નાનાં નાનાં કારણોમાંથી જ પ્રગટે છે.

દૂધ, ઘી અને માખણમાં કેવી જાતની ભેળસેળ થાય છે તે જરા વિચારીએઃ—

દૂધ (૧) દૂધની પ્રાથમિક ભેળસેળ "પાણીની મેળવણી." આથી દૂધનું પોષક તત્ત્વ જોઇએ તેવું રહેતું નથી. ઉપરાંત દૂધનો ધંધો કરનારા ગમાર ભૈયાઓ ગમે તેવું ગંદુ પાણી મેળવે છે, જેથી અનેક જાતના રોગો પ્રજામાં ફેલાય છે.

(૨) દૂધમાં પાણી નાખ્યા પછી તેમાં ગળપણ લાવવા માટે તથા ઘટ્ટ બનાવવા માટે તેમાં ગ્લેરોરૂટ અને ખાંડ મેળવવામાં આવે છે.

(૩) વાસી દૂધને બહુ જ દુરથી લાવવામાં આવે છે અને તેને બગડતું અટકાવવા માટે તેમાં બોરીક એસીડ કે તેવી બીજી કોઇ નુકશાનકારક દવા (પ્રીઝર્વેટીવ) નાંખવામાં આવે છે. આવા દૂધના ઉપયોગથી દૂધ પીનારનું વજન ઘટે છે અને તન્દુરસ્તીને ધીમે ધીમે બહુ નુકશાન થતું જાય છે.

(૪) દૂધમાંથી મલાઇ (Cream) કાઢી લઇ બાકી વધેલા દૂધમાંથી તેનું પાણી વરાળથી ઉડાડી મૂકી તેનો પાઉડર બનાવવામાં આવે છે, અગર તો મલાઇ વગરનું તે દૂધ સારા દૂધ તરીકે વેચવામાં આવે છે. પાઉડરમાં આઠથી દસ ગણું સાધારણ ગરમ પાણી નાંખી ફરી વખત તેને પ્રવાહી કરી ચોકખા દૂધ તરીકે પણ વેચવામાં આવે છે. સ્કીમ્ડ મીલ્ક પાઉડર અને સ્કીમ્ડ મીલ્ક (Skimmed milk powder અને Skimmed milk) તરીકે આ વસ્તુઓ બજારમાં ઓળખાય છે. આમાં મલાઇનું પ્રમાણ બેક ટકાથી પણ કમતી હોય છે, એટલે પૌષ્ટિક તત્ત્વ હોતું જ નથી. આજે દેશભરના મોટા શહેરોમાં આ પાઉડરનું દૂધ સાચા દૂધ તરીકે બહુ જ ચાલે છે. આ દૂધ અરધા આનાથી પોણા આને શેર પ્રમાણે પડે છે, જ્યારે ચોકખું દૂધ ચાર આનાથી ઓછે પરવડતું નથી, છતાં પણ સાચા દૂધનો નિકાલ કરવા માટે બજાર

(અનુસંધાન પૃષ્ટ ૮ જુઓ)

અવળાં વહેણ

એક સમય એવો હતો કે જ્યારે આપણે ત્યાં જ્ઞાતિ અને ઘોળનાં બંધનો બહુ જ મજબુત હતાં; છોકરા છોકરીના વિવાહ સંબંધ બહુ જ નાની બાળવયમાં નક્કી થતા; છોકરીઓ ચાર પાંચ ગુજરાતી ચોપડી ભણતી; છોકરાઓ ચાર પાંચ અંગ્રેજી સુધી પહોંચતા. છોકરી બાર તેર વર્ષની થાય એટલે માબાપ તેના લગ્નનો વિચાર કરવા માંડતાં; સત્તર અઢાર વર્ષનો છોકરો લગ્ન માટે બહુ મોટો થયો ગણાતો. પરણનાર છોકરા છોકરીની પરસ્પર પસંદગીને અવકાશ હોવાનો સંભવ જ નહોતો; અન્તર્જ્ઞાતીય લગ્નનું કોઇને સ્વપ્નું પણ નહોતું આવતું; સત્તર અઢાર વર્ષની કુમારિકા વિરલ જ જોવામાં આવતી. ઉલટું તે ઉમ્મરે તો ઘણી ખરી છોકરીઓ માતા બની ગયેલી જોવામાં આવતી. બાળલગ્ન સારી રીતે પ્રચલિત હતા; બાળવિધવા જ્યાં ત્યાં નજરે પડતી. કન્યાવિક્રય એ વૃધ્ધતના સમાજની એક સ્વાભાવિક વિકૃતિ હતી. એક ઉપર બીજી સ્ત્રીની પ્રથા આવા સંયોગોમાં સ્વાભાવિક હતી. વૃધ્ધવિવાહ એટલે કે વૃધ્ધ વરનાં અગિયાર બાર વર્ષની કન્યા સાથેનાં લગ્નો અવારનવાર બનતા બનાવો હતા. આમ આપણો સમાજ–સંસાર ચાલ્યે જતો હતો.

કાળ બદલાયો અને સમાજ પરિવર્તન પામતો ગયો. પશ્ચિમનો સંપર્ક વધતો ચાલ્યો અને ત્યાંની કેળવણી ચોતરફ ફેલાવા લાગી. આપણાથી અનેક રીતે ભિન્ન એવા પાશ્ચાત્ય દેશોની સમાજરચના અને રીતભાતના નિકટ સસર્ગમાં આપણે આવવા લાગ્યા અને આપણાં દૃષ્ટિકોણ અને રૂઢ વિચારો બદલાવા લાગ્યા. નવા ફેરફારોની શરૂઆત મુંબઇ, અમદાવાદ જેવાં મોટા શહેરોમાં થવા લાગી અને તેની અસર નાનાં શહેરો અને ગામડા ઉપર પડવા લાગી. છોકરા અને છોકરીઓ ખૂબ ભણવા લાગ્યા. જીવનકલહ તીવ્ર બનતો ગયો તેમ મહેનત કરીને અભ્યાસમાં આગળ વધવાની અને તે જ હેતુથી દેશ પરદેશ ખેડવાની પ્રેરણા આપણા ઉગતા યુવાનોમાં બળવાન બનતી ગઇ. જ્ઞાતિ જ્ઞાતિ અને કોમ કોમ વચ્ચેનો સંસર્ગ વધતો ગયો અને પરિણામે એકમેક વિષે કંઇ કાળથી રૂઢ બનેલા પૂર્વગ્રહો હળવા બનતા ગયા. છોકરીઓ પણ અભ્યાસમાં આગળ વધવા લાગી. છોકરાઓ જ્યાં સુધી કમાવાની કક્ષાએ પહોંચાય નહિ ત્યાં સુધી લગ્નસંબંધથી જોડાવું નહિ એવી ભાવના સેવવા લાગ્યા. છોકરીઓ પણ પહેલાંની અપેક્ષાએ મોટી ઉમ્મર સુધી કુંવારી રહીને કેટલીક મેટ્રીક સુધી તો કેટલી ગ્રેજ્યુએટ થવા સુધી પહોંચવા લાગી વિવાહ સંબંધમાં પરણનાર કુમાર કુમારિકાઓમાં પરસ્પર પસંદગીનું, તત્ત્વ દાખલ થવા લાગ્યું. આન્તર્જ્ઞાતીય સંબંધો વધવા લાગ્યા. સુધરેલા અથવા તો ઉજળા ગણાતા વર્ગોમાં બાલલગ્ન તો શું પણ બાળવિવાહો પણ અદૃષ્ય થવા લાગ્યા. આજે એક સાધારણ માબાપ પણ પોતાના દીકરાને અને તેટલી કેળવણી આપવાની ખૂબ ચિન્તા ધરાવતો થયો છે; પોતાની દીકરીઓને પણ સારૂં શિક્ષણ આપવાની આતુરતા સેવે છે. છોકરી બાર તેર વર્ષની થાય તો પણ તેનો વિવાહ કરવાની આજનો માબાપ જરા પણ અધીરાઇ સેવતો નથી. વિવાહસંબંધ નક્કી કરવાની પોતાની જવાબદારીમાં જેનો સંબંધ નક્કી કરવાનો હોય છે તે દીકરો કે દીકરી પણ ભાગ પડાવે–પોતાની અમુક દરખાસ્તને દીકરા દીકરી તરફથી સમજણપૂર્વકની સંમતિ મળે એમ તે ઇચ્છે છે અને આવી સંમતિ જ મોટી અને સમજણી વયની અપેક્ષા રાખે છે. જ્યાં અંગ્રેજી જાણવાવાળી કન્યા મળવી મુશ્કેલ હતી ત્યાં આજે અનેક ગ્રેજ્યુએટ બહેનો જોવામાં આવે છે. જ્યાં સત્તર અઢાર વર્ષની કુમારિકા જોવામાં નહોતી આવતી ત્યાં આજે વીશ બાવીશ વર્ષની કુંવારી બહેનો નજરે પડે છે. 'દીકરીને ગાય, જ્યાં દોરો ત્યાં જાય' એ કહેવત ધીમે ધીમે ભૂતકાળની પરિસ્થિતિ બનતી જાય છે. આજના ખાસ કરીને શહેરી જીવન સાથે એ કહેવતનો મેળ ઘટતો જાય છે. આજે પચ્ચીસ પચ્ચીસ વર્ષના અનેક યુવાનો અણપરણ્યા અવિવાહિત અભ્યાસ અર્થે અથવા તો દ્રવ્યોપાર્જન નિમિત્તે દેશ પરદેશ ખેડી રહ્યા છે. અને જ્યાં સુધી બૈરી અને બાળકને સુખપૂર્વક નિભાવવા યોગ્ય આર્થિક કોટિ સિધ્ધ ન થાય ત્યાં સુધી એકલવાયું જીવન ગાળવાનો મનોરથ સેવી રહ્યા છે. આજે પસંદગીના અને આંતર્જ્ઞાતીય લગ્ન સંબંધો જ્યાં ત્યાં ઉપસ્થિત થતાં સંભળાય છે. જ્ઞાતિઓ તુટવા લાગી છે; લગ્નની ઉમ્મર વધવા લાગી છે; સ્ત્રી જાતિ જોરદાર બનવા લાગી છે. કોઇ કોઇ અણઘટતા બનાવો બનતા હશે; કોઇ ઠેકાણે સ્વચ્છંદ કે અન્યાયનાં પ્રકરણો નીપજતાં હશે. આમ છતાં પણ સમગ્ર રાષ્ટ્રની સ્વરાજ્યસાધના જે મોટું સામાજીક પરિવર્તન માગી રહેલ છે—સ્ત્રી જાતિનું નબળું અંગ બળવાન બને, સ્વાધીન બને, બાળલગ્નો અને અકાળ માતૃત્વ અટકે, રાષ્ટ્રીય એકતાની આડે આવતી જાત, નાત, જ્ઞાતિ અને ઘોળની દિવાલો તુટે, દેશના પ્રાણ અને દેશની આશા સમાન નૌજવાનોની પાંખો ઉડતા શિખ્યા પહેલાંજ જ્ઞાતિબંધો અને લગ્નસંબંધોથી બંધાઇ જતી હતી તે નિર્બંધ બને—આવી જે સામાજિક ક્રાંતિ આજનું રાષ્ટ્રીય ઉત્થાન માંગી રહેલ છે તે સમીપ આજનો સમાજ ઠીક ઠીક પ્રગતિ કરી રહ્યો હોય એમ લાગતું હતું. આવી આશા અને ઉલ્લાસના વાતાવરણમાં હું ઉડી રહ્યો હતો એવામાં એક યા અન્ય દિશાઓથી હું કોઇ જુદા જ વિસંવાદી સુરો સાંભળી રહ્યો છું અને કાંઇ જુદું જ બનતું હું જોઇ રહ્યો છું.

મારા એક સ્નેહી છે. તેમને પાંચેક બાળકો છે. સૌથી મોટું બાળક તેમની પુત્રી છે. તેને તેમણે ખૂબ સારૂં શિક્ષણ આપ્યું અને મોટી કરી. પોતાની નાત બહુ જ નાની–સારો અને સરખો વર મળવાની બહુ મુશ્કેલી. પોતાની જ્ઞાતિ બહાર વર મળે જ નહિ એમ તો ન જ કહેવાય. પણ જો મોટી દીકરીને જ્ઞાતિ બહાર આપે તો પાછળનાં બાળકોને નાતમાં વરાવવાનું અશકય બને અને બહાર બધાંને ઠેકાણે પાડવામાં કાંઇક મુશ્કેલી તો પડે જ. એ જોખમ ખેડવાને તેઓ તૈયાર નહિ. આમ પોતાના સ્થિતિ સંયોગનો હીસાબ કરીને તેમણે પોતાની પુત્રીનું ત્રણ ચાર સંતાનવાળા મોટી ઉંમરના બીજવર સાથે લગ્ન કરી નાંખ્યું.

બીજા એક સ્નેહી બહુ જ આગળ પડતા વિચારના, વિદ્વાન અને વિવેચક. સ્થિતિ પણ સારી. તેમનો દીકરો કોલેજના પહેલા કે બીજા વર્ષમાં ભણે. વડિલજનો તેનું વેવીશાળ કરવાનો આગ્રહ કર્યા કરે. પત્નીનું પણ વળણ તો એવું જ હોય. લગ્ન અનુકુળતાએ કરીશું પણ સારૂં અને સરખું ઠેકાણું મળતું હોય તો વિવાહસંબંધ નક્કી કરવામાં ખોટું શું ? જ્ઞાતિ બહારની કન્યા લાવવામાં તેમને જરાય વાંધો નહિ, પણ જ્ઞાતિની અંદર પણ એવું સુયોગ્ય પાત્ર મળતું હોય તો તે ઇષ્ટતર કેમ ન ગણવું ? આવી વિચારણાને આધીન બનીને તેમણે પોતાની જ જ્ઞાતિના કોઇ સંપન્ન ગૃહસ્થની કન્યા સાથે પોતાના પુત્રનો વિવાહસંબંધ નક્કી કરી નાંખ્યો.

અન્ય એક સ્નેહી જાણીતા સુધારક, યુવક પ્રવૃત્તિ સાથે જેમને ઠીક ઠીક સંબંધ ગણાય, સ્થિતિ સંપન્ન. એક દિવસ

(અનુસંધાન પૃષ્ટ ૩૭ જુઓ.)

—વિદ્યાર્થીની સ્કોલરશિપ—

મુંબઇ યુનિવર્સિટિની મેટ્રીકયુલેશન પરીક્ષામાં સર્વથી વિશેષ માર્કસ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ ચલાવવાની કફુલાત આપનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને "શ્રીમતી લીલાવતી બોળાભાઇ મોહનલાલ ઝવેરી વિદ્યાર્થીની સ્કોલરશિપ" આપવામાં આવશે. અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય (ગોવાળીઆ ટેંક રોડ, મુંબઇ ૨૬) માંથી મળશે તા. ૩૦ મી જુન ૧૯૪૧ સુધી અરજીપત્રકો સ્વીકારવામાં આવશે.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

જુન. ૧૫ ૧૯૪૧

ધાર્મિક ઝગડાઓનું મૂળ.

જગતમાં ભાગ્યે જ એવો કોઈ ધર્મ બાકી રહ્યો હશે કે જે ધાર્મિક ઝગડાથી મુક્ત હોય. દરેક ધર્મમાં નાનાવિધ પંથો પ્રચલિત છે. એકજ મૂળ પુરૂષને માનવા છતાં પરસ્પર વિરોધ ધરાવતા પંથોનો તોટો નથી. ધર્મનું સ્વરૂપ સમજી કોઇ ધર્મને અપનાવતું નથી, પણ પોતાના બાપદાદા જે ધર્મ પાળતા આવ્યા હોય તેને જ સૌ પાળે છે. પોતે જે ધર્મમાં જન્મ્યો છે તે ધર્મ, જેને વડિલો ગુરૂ માને છે તે ગુરૂ, અને જેને દેવ માને છે તે દેવ. એટલું જ જગતમાં સત્ય છે અને બાકી બધા ઉંધે રસ્તે છે એવી ધર્મચુસ્ત વર્ગની માન્યતા હોય છે. પોતાના ધર્મને માનનારાઓનો જ ઉધ્ધાર થશે અને બાકી બધા ભમ્યા કરશે એવી દરેક ધર્મવાળા માન્યતા ધરાવે છે. એવી માન્યતાને લઇ પોતાના ધર્મની શ્રેષ્ટતાનો પ્રચાર કરે છે. મારૂં 'તેજ સારૂં. એવું મમત્વ ધરાવી બીજા ધર્મોની નિન્દા પણ ધર્મપ્રેમી વર્ગ જ કરે છે. પ્રત્યેક ધાર્મિક ઝગડાનું કારણ મમત્વ છે. ધર્મ ગુરૂઓ આપણો ધર્મ જ બરાબર છે અને બીજા ધર્મો બરાબર નથી એવો પ્રચાર પોતાના ભકતોમાં કરે છે. અજ્ઞાન લોકો એ વાતને માની લઈ પછી ધર્મને નામે ઝગડયા કરે છે. સ્વામી વિવેકાનંદે એક સ્થળે જણાવ્યું છે કે " પ્રત્યેક ધર્મમાં ધર્મગુરૂઓ એક પાપસમાન જ છે; કારણ કે તેઓ અન્ય ધર્મની નિન્દા અને ટીકા કર્યા કરે છે, તેઓ ધર્મરૂપ તંતુને સુધારવા માટે એક જ તંતુને એટલી હદ સુધી તાણી રાખે છે કે તેટલામાં બીજા બે ત્રણ તંતુઓ સ્થાનભ્રષ્ટ થઇ જાય છે. પ્રેમ કોઇની નિર્ભર્ત્સના કરતો જ નથી. એ નિંદાનું કાર્ય કેવળ મહત્વાકાંક્ષાનું જ છે." ધર્મને જે સત્ય સ્વરૂપમાં સમજે છે તેને મારૂં તેજ સારૂં એવી કલ્પના પણ આવતી નથી. તે તો એક સત્યનો જ સ્વીકાર કરે છે. જુદા જુદા ધર્મો એ સત્યને પ્રાપ્ત કરવાના જુદા જુદા માર્ગો છે. જેને જે માર્ગ અનુકુળ જણાય તે તે માર્ગે ચાલી પોતાના ઇચ્છિત ધ્યેયને પ્રાપ્ત કરે એવી સમજ ધાર્મિક ઝગડાથી તેને દૂર રાખે છે. દરેક એવી સમજ ધરાવે તો ધાર્મિક ઝગડા સ્વયં અદૃશ્ય થઇ જાય. પણ તેને બદલે મહત્વાકાંક્ષી ધર્મગુરૂઓ પોતાના અનુયાયીઓ કેમ વધુ મતાગ્રહી બને તેનો જ ઉપદેશ આપે છે. સાચા જ્ઞાનીને કોઇ પણ વસ્તુનો આગ્રહ હોતો નથી. પણ અજ્ઞાની પુરૂષો તો મતભેદો વધારે છે અને તેમને કાયમ કરે છે.

મતાગ્રહી ગુરૂઓ સતત એક જ વસ્તુનો પ્રચાર પોતાના અંધ શ્રધ્ધાળુ ભકતોમાં કરે છે કે અમે કહીએ છીએ તે જ ધર્મ અને તેજ સત્ય. પોતાના વાકચાતુર્યથી ભકતોનું વર્તુળ રચી પ્રતિષ્ઠા મેળવવામાંજ રચ્યાપચ્યા રહે છે. તત્વ જાણવાની એમને દરકાર હોતી નથી. ચાલી આવતી પરંપરા ટકાવી રાખવાના જ પ્રયત્નો કરે છે. કાળની ગતિ સાથે પ્રગતિ સાધવાને બદલે જુની રૂઢિઓને પકડી બેસી રહે છે. મુખપાઠ કરેલા ધર્મગ્રંથોનો સ્વબુદ્ધિ પ્રમાણે અર્થ કરી ધર્મપારંગત હોવાનો દાવો કરે છે. અજ્ઞાનીજનો પોતાની અજ્ઞાનતાથી એમને ધર્મધુરંધર માની એમના આદેશને અનુસરે છે. સંસાર ત્યાગી સાધુ કે સંન્યાસી બનેલા માટે પોતાની માન્યતાઓના પ્રચાર માટે પૂર્ણ સગવડ હોય છે. પ્રતિદિન ભિન્ન ભિન્ન સ્થળે વિહરવાનું હોવાથી અને અન્ય કંઇ કાર્ય ન હોવાથી એઓ પોતાના વિચારો મોટા વિસ્તારમાં સહેલાઇથી પ્રચારી શકે છે. જગતનો મોટો ભાગ આજે પણ વેશપૂજન કરે છે. ધર્મગુરૂઓની અસર ઘણી મોટી છે. મનુષ્યોનાં મનમાં પરંપરાથી ચાલી આવતા રીવાજે અજ્ઞાનને લીધે એટલા બધા સજ્જડ જડાઇ ગયા હોય છે કે તેના પરિણામે તેમની સારાસારનો વિચાર કરવાની શકિત પણ કુંઠિત બની જાય છે. રૂઢિચુસ્તવર્ગ ધર્મને નામે બધું અપનાવી લે છે. સમાજ સુધારકો માટે નવીન વિચારોનો પ્રચાર કરવાનું કાર્ય જેટલું કઠિન છે, તેટલું ધર્મગુરૂઓ માટે સહેલું છે. સંસારી સુધારકોને અનેક જાતની જવાબદારીઓ અદા કરવાની હોવાથી એઓને પોતાના કાર્ય માટે બધા સમયનો ભોગ આપવાનું અશકય છે, જ્યારે ત્યાગી વર્ગ ચાહે તે વસ્તુનો સહેલાઇથી પ્રચાર કરી શકે છે.

પ્રત્યેક ધર્મના સંસ્થાપકે વિશ્વપ્રેમનો સંદેશ સુણાવ્યો છે. માનવ માત્ર માટે એમનાં દ્વાર ખુલ્લાં હતાં. એમનો માર્ગ સરળ હતો. માનવ માત્ર પર પ્રેમની વર્ષા કરનાર મહાત્માઓને કોઇ ભેદ નહોતો. જાતિ પંથના ઝગડાઓથી દુર રહી બીજાઓને પણ દુર રાખતા. આજે આપણે અનેક મંદિરો કે દેવાલયોમાં 'માત્ર તે ધર્મના અનુયાયીઓ માટે' એવા પાટીયા લાગેલા જોઇએ છીએ. અમુક ધર્મની વ્યકિતઓ સિવાય અન્યે આવવું નહિ એમ લખેલું હોય છે. આ શોધ કયા કૂળદ્રુપ મગજમાંથી ઉદ્ભવી હશે ? જેમની મૂર્તિઓ બનાવી આપણે મંદિરો સ્થાપ્યા છે તેમનો તો એ સંદેશ નથી ત્યારે એ શોધ કોણે કરી હશે ? માનવ માત્ર માટે સર્જિત થયેલી વસ્તુઓ પર પણ અજ્ઞાન માનવોએ માલેકીની છાપ લગાડી દીધી. હિન્દુ ધર્મ હિન્દુ માટે જ અને જૈન ધર્મ જૈનો માટે જ એવી માન્યતા મજબૂત કરી. એક વ્યકિત મુસલમાન થઇ શકે, ક્રિશ્ચિયન થઇ શકે પણ હિન્દુ કે જૈન થઇ શકતી નથી. એક વખતે એ ધર્મો માનવ જાત માટે ખુલ્લા હતા. આજે માત્ર એ ધર્મમાં જન્મેલા માટે જ છે. એક વખત અનેક પતિતો અને શુદ્રોએ પણ એ ધર્મ દ્વારા મુકિત મેળવી હતી; પણ આજે એમને માટે એ ધર્મોનાં દ્વાર બંધ છે. આ સંકુચિતતાનો પ્રચાર ધર્મગુરૂઓને આભારી છે. ધર્મગુરૂઓ પોતાનું સ્થાન અવિચલિત રાખવા ઠેર ઠેર સંકુચિતતાનો પ્રચાર કર્યો છે. પ્રતિષ્ઠાને ખાતર નાના મત પંથ પ્રચલિત કરવાની જવાબદારી પણ ધર્મગુરૂઓ જ માથે લે છે.

માત્ર થોડા લાખની સંખ્યા ધરાવતા જૈન ધર્મમાં અનેક સંખ્યાબંધ ગચ્છો છે. કોઇ એવો દાવો તો ન જ કરી શકે કે આ બધા ગચ્છો ભગવાન મહાવીર સ્વામીએ જ નિરૂપેલા છે. પોતે માની લીધેલી માન્યતાઓને લઇને સૌ પોતાનો જુદો જુદો માર્ગ સ્થાપી બેસી ગયા. દરેક ગચ્છવાળા માને છે કે પોતે જ ભગવાન મહાવીરે બતાવેલા માર્ગે છે અને પોતા સિવાય બીજા બધા ઉંધે રસ્તે ચઢી ગયા છે. પોતાના સિવાયનાઓને તેઓ મિથ્યાત્વી માને છે. પોતાના ગચ્છ સિવાયના બીજા ગચ્છવાળાના પુસ્તકો ન વાંચવા, તેમને ગુરૂ ન માનવા એવો પ્રચાર દરેક ગચ્છના ગુરૂઓ કર્યા કરે છે. પરસ્પરનાં મંદિરોમાં જવાથી પણ મિથ્યાત્વ લાગી જશે એવો ઉપદેશ ધર્મગુરૂઓ આપે છે. મિથ્યાત્વના ભયથી અજ્ઞ જનો તેઓ જેમ કહે

તેમ જ કરે છે. રખે કયાંય એમનું સમકિત પડી ન જાય ! કયાં ભગવાન મહાવીરે પ્રચારેલો વિશાળ જૈન ધર્મ અને કયાં આ સંકુચિતતા ? આ સંકુચિતતા જ સર્વત્ર કલહનું કારણ બની રહી છે. જૈન સમાજમાં જે કલહ છે તે પણ ધાર્મિક કારણે જ છે. ધર્મ અને કલહ પરસ્પર વિરોધી વસ્તુ હોવા છતાં આપણે ધર્મને જ કલહનું કારણ બનીવી ધર્મને નામે ઝગડીએ છીએ. આધ્યાત્મિક ઉન્નતિના માર્ગરૂપ ધર્મને આપણે અવનતિના કારણરૂપ બનાવી મુકયો છે.

આપણે ભગવાન મહાવીર વિષે માનીએ છીએ કે જે મહાન પુરૂષે સંકુચિતતાને છોડી સર્વત્ર વિશ્વપ્રેમની વિશાળ ભાવના ફેલાવી તેના ભકત હોવાનો દાવો કરનાર સંકુચિત ભાવનાનો કદિ પ્રચાર કરી શકે જ નહિ. સ્વ ભકતો તો પોતાના ગુરૂદેવનો સંદેશો સત્ય રૂપે જ પ્રચારે. પણ પ્રતિષ્ઠાને શોધનાર તો પોતાની આસપાસ શિષ્યો અને ભકતોનું વૃંદ કેમ વધારવું તેની જ ફિકર રાખે છે. ધર્મની કે એમના ધર્મગુરૂની આજ્ઞાની એમને કંઇ દરકાર હોતી નથી. પોતાના ભકતો બીજે ન જાય ને પોતાને જ ગુરૂ માને એવી રચના કરે છે. અમને જ ગુરૂ માનવા એવો પ્રચાર જ્ઞાની પુરૂષો કદિ કરતાં નથી. એઓ તો માત્ર સત્યનો જ આગ્રહ રાખે છે. જ્યાં સત્ય જુઓ ત્યાંથી પ્રાપ્ત કરો. મૂર્તિપૂજક જ્ઞાની મૂર્તિને ન માનનારાઓની નિન્દા કરવાને બદલે એમને તત્વ શોધવાની સલાહ આપે છે. પછી જેને જે માર્ગ અનુકુળ પડે તે માર્ગે. ઉમ્મર લાયક વ્યકિત અમુક પાત્રમાં જ ભોજન કરવાનો આગ્રહ નથી રાખતી. પાત્રનો આગ્રહ તો બાળકોને જ ઘટે.

સામાન્ય જનસમાજ બુધ્ધિનો ઉપયોગ કરવાને બદલે ધર્મને નામે હાજીહા કરવાથી પોતાનો ધર્મપ્રેમ વ્યકત થાય છે એમ માને છે. પોતાના ધર્મગુરૂઓ જે કરે તે વગર આનાકાનીએ સ્વીકારી લે છે. પોતાના ગચ્છની પ્રતિષ્ઠા માટે બીજા ગચ્છોના દોષો શોધવામાં પોતે ધર્મની સેવા કરે છે એમ માને છે. આગ્રહી ધર્મગુરૂઓ પોતાના અનુયાયીઓને સરળ રીતે જે સત્ય હોય તે સ્વીકારવું એવું કદિ કહેતા નથી. કેશી સ્વામીએ ગૌતમસ્વામીના કહેવાથી પંચમહાવ્રત કબુલ રાખ્યા, પણ તેમણે એવો આગ્રહ ન રાખ્યો કે 'હું તો ભગવાન પાર્શ્વનાથનો શિષ્ય, એટલે તમારાથી મોટો, તેથી હું જે માનું છું અને કહું છું તેજ સત્ય હોઇ શકે. મારા ગુરૂએ મને જે શિખવ્યું છે તે પ્રમાણે જ અમે કરીશું' એવો આગ્રહ પણ ન રાખ્યો. પણ કાળ-ધર્મ પ્રમાણે જે સૌને માટે યોગ્ય હતું તે સ્વીકારી લીધું. આટલી સરળતા ધરાવતા મહાન પુરૂષો સ્વપરનો ઉદ્ધાર કરી શકે છે. આત્માર્થીને કશાનો આગ્રહ હોતો નથી. શિષ્યો કે ભકતોનો મોહ એમને હોતો નથી. એટલે એઓ સૌને કલ્યાણકારી માર્ગજ દોરે છે. માન સન્માનના ભૂખ્યા જ મત-પંથના મમત્વમાં રહી બીજાને પણ મમત્વી બનાવે છે.

આજકાલ પ્રત્યેક ધર્મમાં મત-પંથના ઝગડા ચાલુ જ હોય છે અને એ ઝગડાઓ માટે વર્તમાનપત્ર જેવા હથીયારો પણ બધા ધર્મવાળા પ્રતિપક્ષીને મહાત કરવા રાખે છે. સૌ કોઈ જાણે છે કે અમુક પત્ર અમુક ધર્મગુરૂનું મુખપત્ર છે. જૈન સમાજ પણ આવા પત્રોથી વંચિત રહ્યો નથી. પોતે શા માટે સંસાર ત્યાગ્યો તેની કલ્પના પણ મતાગ્રહી ધર્મગુરૂઓને આવતી નથી. ત્યાગીઓને વળી મત શા અને ગચ્છ શા ? ભકતો અને શિષ્યો કેવા ? ધાર્મિક ઝગડાઓથી આપણે ધર્મના મૂળમાં જ હાની પહોંચાડીએ છીએ એનો પણ વિચાર કરતા નથી. ભગવાન મહાવીર સ્વામીનો સંદેશ જગતને ખૂણે ખૂણે પહોંચાડવાને બદલે પોતાનો વાડો કેમ વધે તેની જ સૌને પડી છે. કયાં અનુકુળ સ્થાનોમાં રહી ચોથમ પાંચમ કે ચૌદશ પુનમની ગડમથલમાં સમય વેડફતા આપણા મુનિરાજો અને કયાં માણસખાઉ જંતો વચ્ચે વસી આફ્રિકાની અસહ્ય ગરમીમાં પણ પોતાના ધર્મના પ્રચાર અર્થે સર્વ મુશ્કેલીઓનો સામનો કરતા ખ્રિસ્તિ પાદરીઓ ? જે જે સ્થળે પોતાના ધર્મપ્રચાર માટે શકયતા જણાય ત્યાં ત્યાં મુશ્કેલીમાંથી પણ માર્ગ કાઢી તેઓ પહોંચી જાય છે. અમારો ધર્મ સર્વશ્રેષ્ઠ છે, અમારો ધર્મ સાચો માર્ગદર્શક છે એમ ઘરને ખુણે બેસી બોલવાથી એની શ્રેષ્ઠતા બીજાઓને સમજાઇ જતી નથી. એ શ્રેષ્ઠતા બતાવવા તો અનેક ભોગ આપવા પડે છે. ભગવાન મહાવીરને ઓળખનારાઓ જો એમને સંપૂર્ણપણે સમજ્યા હોય તો એમને સર્વત્ર કેમ ઓળખાવવા એવી તીવ્ર ભાવના જ તેમના દિલમાં ઉઠવી જોઇએ. એઓ નાના વાડા બાંધી એમાં જ મશગુલ બની બેસી શકે જ નહિ. ધર્મને નામે એ ઝગડી શકે જ નહિ. આત્મસાધનમાં તલ્લીન બનેલાઓને એવી બાબતો સ્વપ્નેને પણ યાદ આવતી નથી. પોતાનો કીંમતી સમય એવી ક્ષુલ્લક બાબતો માટે વેડફી નાખવા જેટલા તેઓ મુર્ખ હોતા નથી. જેમને જીવનની કીંમત નથી, તેઓ જ નકામી, સ્વપરને અકલ્યાણકારી પ્રવૃતિ આદરે છે. જેમને માથે ધર્મપ્રચારની જવાબદારી છે તેઓ ધારે તો ધાર્મિક ઝગડા અદૃશ્ય બનાવી શકે અને તેમાં વ્યતીત થતો નિરર્થક સમય ધર્મની ઉન્નતિમાં ઉપયોગી બનાવી શકે.

સરલાબહેન સુમતિચંદ્ર શાહ.

અવળા વહેણ

(પૃષ્ટ ૩૫ થી ચાલુ)

મળ્યા અને એકાએક કહેવા લાગ્યા કે "હું તો છોકરાંઓને મોટી ઉમ્મર સુધી અવિવાહિત રાખવામાં માનતો નથી. મારો બાબુ (જેની ઉમ્મર આજે લગભગ બાર વર્ષની હશે) તેને યોગ્ય કોઇ કન્યા મળે તો તેનો સંબંધ બાંધવામાં બહું વાંધા જેવું ન ગણું. વધારેમાં વધારે અઢાર વર્ષે તો લગ્ન કરવા જ જોઇએ. આપણાથી કાંઇ જ્ઞાતિ બહાર જવાય નહિ અને એમને એમ અવિવાહિત રાખીએ તો પછી જ્ઞાતિમાં મળતી સારી છોકરીઓ તો ગોઠવાઇ જાય અને પછી આપણને મુંઝાવાનો વખત આવે. આપણાથી કાંઇ આ બાબતની બધી પસંદગી આપણા છોકરા ઉપર છોડાય નહિ. જુઓને...મઠમને પરણેાવ;.....ને હજુ કોઇ કન્યા પસંદ આવતી નથી. અમુક કન્યાને તેના બાપે આવડી મોટી કરી તો હવે વર જ કયાં મળે છે ?" ઇત્યાદિ. આ વળી બે ડગલા પીછેહઠ અને તે બે દિશાઓથી કે જ્યાંથી બે ડગલા આગળ જવાની આપણે આશા રાખીએ.

એક બીજા સ્નેહીની વળી વધારે આશ્ચર્ય પમાડનારી કથા. તેઓ તદ્દન સાધારણ સ્થિતિમાંથી આજે ખૂબ શ્રીમન્ત સ્થિતિને પહોંચેલા-કેળવણીમાં યુનીવર્સીટી સુધી નહિ એમ છતાં પણ સંસ્કારી અને ધર્મપરાયણ, કેળવણીના પક્ષપાતી-નવા વિચાર અને નવાં આન્દોલનો જેમને જરૂર સ્પર્શેલાં ગણાય. તેમણે તાજેતરમાં પોતાનાં ચારેક વર્ષનાં બાળકનો અઢી વર્ષની બાળકી સાથે વિવાહ કર્યો. 'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ' અને આપણામાં તો શ્રીમાન એજ મહાજન એટલે તેમના પગલે ચાલીને તેમના વર્ગમાં બીજા પણ એવાંજ પાંચ સાત બેાડીયાના વિવાહ-સંબંધો થઇ ગયા. આ વિવાહ સંબંધની વિશેષ ટીકા કરવાની જરૂર નથી. પણ આવું આવું જ્યારે જોઇએ છીએ ત્યારે અપાણને જરૂર આઘાત લાગે છે અને પ્રશ્ન થાય છે કે શું આજે

પાછી અવળી ગંગા વહેવા લાગી છે? આપણે આશા રાખીએ કે આવા બનાવો અપવાદરૂપ હોય અને આવાં વિચારવળણો ક્ષણ જીવી હોય અને રાજમાર્ગ તો છોકરા છોકરીઓને ઠીક ઠીક ઉમ્મર સુધી અવિવાહિત રાખીને બને તેટલું ઉંચું શિક્ષણ આપવાનો અને યોગ્ય ઉમ્મરે અને યોગ્ય કાળે પરણનારને ઉભયની પુરી અને પાકી સંમતિ મેળવીને લગ્નસંબંધો યોજવાનો જ રહે અને તેમાં પણ જ્ઞાતિ અને ધોળના બંધનો તોડવા ઉપર ખૂબ જ ભાર મુકાય. કારણ કે જે સામાજિક ક્રાન્તિ આપણે ઝંખી રહ્યા છીએ તેની ખરી ચાવી તો ઉપર જણાવેલ રાજમાર્ગને અનુસરવામાં જ રહેલી છે. સશક્ત અને પ્રાણવાન સ્ત્રી પુરૂષનો સમાજ આ વિના શક્ય નથી, સંભવિત નથી. અને આવો સમાજ ઉભો થયા પહેલાં સ્વરાજ હાંસલ કરવાની આશા સેવવી એ ખરેખર વધારે પડતું અને અશક્યને શક્ય બનાવવા જેવું છે.

પરમાનંદ

મેટ્રીક પસાર થયેલા વિદ્યાર્થીઓને

શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં મેટ્રીક પાસ થયેલા અને યુનિવરસીટીની ડીગ્રી મેળવવા માટે અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે. વિદ્યાલયની પચ્ચીશ વર્ષ પહેલાં જ્યારે શરૂઆત કરવામાં આવી ત્યારે સાધારણ રીતે ડીગ્રીઓ મેળવનાર વિદ્યાર્થીઓને ધંધામાં અથવા નોકરીમાં જોડાવા માટે ડીગ્રી મેળવવાનું જરૂરી હતું. પણ સંજોગો ઝડપભેર બદલાયા છે. અને ડીગ્રી મેળવનારાઓની સંખ્યામાં ઘણો જ વધારો થવા પામ્યો છે અને એ વધારો ચાલુ જ છે. આના પરિણામે ગ્રેજ્યુએટ અને ડીગ્રીધારી અનેક ભાઇઓ ધંધા યા નોકરી વિનાના બેકાર હાલતમાં ફરે છે અને આર્થિક મુશ્કેલીના લીધે ત્રીસથી પચાશ સુધીની નોકરી મળે તો તેઓ કબુલ કરી લે છે. આવી પરિસ્થિતિ આપણા ડીગ્રીધારી વિદ્યાર્થી ભાઇઓમાં ઘણાની છે. વિદ્યાલયની જ્યારે શરૂઆત કરવામાં આવી ત્યારે ડીગ્રીધારીઓની વધુ માંગણી હતી અને તેઓની કિંમત વધુ આંકાતી હતી. પણ હવે સમય બદલાયો છે. કોઇ ચકોર ને, તેજસ્વી અને લાગવગવાળા વિદ્યાર્થીઓને પણ અમુક સ્થાન મેળવતાં ઘણીજ મુશ્કેલી સહન કરવી પડે છે ત્યારે સાધારણ ડીગ્રીવાળા ભાઇઓની હાડમારી વધુ થાય એ સ્વાભાવિક છે. ગ્રેજ્યુએટ થવાની અને ડીગ્રી મેળવવા હોંસ ધરાવનાર વિદ્યાર્થી ભાઇઓને વિનંતી કરવાની કે તેઓએ હાલના સંજોગો અને પોતાની આર્થિકસ્થિતિનો પુરો વિચાર કર્યા પછી જ આગળ અભ્યાસ કરવાનો નિર્ણય કરવો જોઇએ. જેઓ શ્રીમંત છે અથવા જેઓ ખુબ ચાલાક અને અભ્યાસ અને બુદ્ધિમાં તેજસ્વી છે તેઓ પોતાની શક્તિના બળે અથવા તો લાગવગથી ધંધામાં યા નોકરીમાં જોડાઇ જાય છે પણ એવા દાખલાઓ ખુબ ઓછા હોય છે. એટલે એવી લાલચમાં લોભાવાની જરૂર સાધારણ વિદ્યાર્થીએ નજર કરવી જોઇએ. શ્રી મહાવીર વિદ્યાલયમાં લોન લેઈ અભ્યાસ કરતા વિદ્યાર્થીને ગ્રેજ્યુએટ અથવા ડીગ્રી મેળવી પસાર થતાં બે હજાર થી ચાર હજારનું દેવું થાય છે. ઉપરાંત પાંચ સાત વર્ષનું દરેક વિદ્યાર્થીએ કમમાં કમ પાંચશો સાતશો અંગત ખરચ થાય એ જુદુ ગણવું. ત્યારે મેટ્રીક થયા બાદ તુરત નોકરીમાં યા મન પસંદ ધંધામાં જવાથી હું વિદ્યાર્થી ભાઇઓને થતા ફાયદા સમજાવવા નીચેની વિગત આપું છું. મુંબઇ, અમદાવાદ જેવા મોટા શહેરોમાં સાધારણ રીતે ધંધાદારી વેપારીને ત્યાં કલાર્કને ત્રીસથી પાંત્રીશ સુધીનો પગાર હોય છે ખુબ હોંશીઆર હોય તો ચાલીશ પણ મેળવે. પણ આપણે પાંત્રીશ ગણીએ અને દરેક વરસે પાંચ પાંચનો વધારો ગણીએ તો નીચે પ્રમાણે પહેલા વર્ષે ૪૨૦, બીજા વર્ષે ૪૮૦, ત્રીજા વર્ષે ૫૪૦, ચોથા વર્ષે ૬૦૦, પાંચમા વર્ષે ૬૬૦ એમ પાંચ વરસમાં તેઓ સતાવીશા રૂપીઆ મેળવી લેવા ઉપરાંત ધંધાનો અનુભવ મેળવી ખુબ હોશીઆર અને ચાલાક બને છે જ્યારે પાંચ વર્ષ ગ્રેજ્યુએટ થનાર ભાઇ એહજારનું દેવું અને સતાવીશા કમાઇ શકે તે ન કમાયો એટલે સુડતાલીશા ગુમાવે છે. પરિણામે પાંચ વર્ષે પણ મેટ્રીક થનાર અને ધંધા યા નોકરીમાં જોડાનાર ભાઇથી પણ ઓછા પગારની નોકરી મેળવવા તે ફાંફાં મારે છે એ જુદું હોય છે. ઘણી લાગવગ અને પુષ્કળ પ્રયત્ન પછી ચાલીશ પીસ્તાલીશની જે કાંઇ નોકરી મળે એ લાચારીથી તેને કબુલવી પડે છે. આવી હાડમારી અને મોટા દેવામાંથી મુકત રહેવા સારૂ સાધારણ વર્ગના અને સાધારણ સ્થિતિના વિદ્યાર્થીભાઇને તેમના વાલીઓ તમને મેટ્રીક પસાર કર્યા બાદ તુરત કોઇ પણ ધંધામાં યા નોકરીએ જોડી દે એ વધારે જરૂરનું અને લાભદાયી છે. મેટ્રીક પાસ થઇ, સેનેટરી, રેડીઓ, એન્જીનીયરીંગ, ચિત્ર આદિ બીજા હુન્નર ઉદ્યોગોમાં અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીભાઇઓ માટે શ્રી મહાવીર વિદ્યાલયમાં સગવડ કરી આપવાનો શ્રી મહાવીર વિદ્યાલયના સંચાલકોને આગ્રહ કરું છું. બંધારણ અંગે કાંઇ મુશ્કેલી જણાતી હોય તો એમાં ફેરફાર જનરલ સભા પાસે કરાવી લેવા માટે યોગ્ય કરવા તેના સંચાલકો ધ્યાનમાં લેશે એવી આશા છે. આવી કેટલીક લાઇનોનો અભ્યાસક્રમ વર્ષ બે વર્ષનો જ હોય છે અને વધુ ખરચાળ પણ હોતો નથી અને એ લાઇનો પસાર કરનાર વિદ્યાર્થી ભાઇઓ માટે નોકરી યા ધંધાનું ક્ષેત્ર પણ બોહોળું છે તેથી તેઓ તુરત ઠેકાણે પડી જાય છે. માટે વિદ્યાર્થીઓને આવી જાતની જોગવાઇ આશીર્વાદ સમાન બનશે. મને આશા છે કે શ્રી મહાવીર વિદ્યાલયના સંચાલકો, અને વધુ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થી ભાઇઓ મારી આ સુચના ઉપર જરૂર વિચાર કરશે. મણીલાલ મોકમચંદ શાહ

ભગવાન કેશીકુમાર અને 'ગૌતમસ્વામી'

[તા. ૫-૪-૪૧ ના રોજ ભગવાન મહાવીર જન્મ નિમિત્તે ઓલ ઇન્ડીયા રેડીઓદ્વારા યોજાયેલ શ્રી હીરાલાલ અમૃતલાલ શાહનો વાર્તાલાપ ઓલ ઇન્ડીઆ રેડીયોની સંમતિ અને સૌજન્યથી નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

હિન્દના ઇતિહાસમાં અનેક મહાપુરૂષોનાં જીવન-ચરિત્રો સમાઇ જાય છે. ગઇ કાલે જ તેવા એક મહાપુરૂષની જયન્તી, આખા હિન્દમાં ઉજવાઇ છે. અને તે જૈન ધર્મના ચોવીશમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીની છે. તેમનું ચરિત્ર ખૂબ જાણીતું છે. આજે ૨૫૦૦ વર્ષ પહેલાંનો તેમનો પ્રભાવ યાદ કરીએ, અને તે તેમના શિષ્યના ચરિત્રથી યાદ કરીએ તો યોગ્ય થશે; કારણ કે કહેવત પ્રમાણે "કુવામાં હોય તેજ અવેડામાં આવે" છે.

મહાવીર સ્વામીના મુખ્ય શિષ્ય ગૌતમ સ્વામીનો એક સુંદર પ્રસંગ "ઉત્તરાધ્યયન સૂત્ર" નામના જૈન ધર્મના શાસ્ત્રગ્રંથમાં છે. મહાવીરસ્વામીના નિર્વાણ પામ્યા પછી આ પ્રસંગ બન્યો લાગે છે.*

આ પ્રસંગમાં બીજા મુનિ શ્રી કેશીકુમારનો ઉલ્લેખ છે. જે મહાવીર સ્વામી પહેલાં ૨૫૦ વર્ષે થયેલા ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ સ્વામીના માર્ગના "વિદ્યા અને આચરણમાં પારગામી મહાયશસ્વી" સાધુ તે હતા. પાર્શ્વનાથ ભગવાને ધર્મનું જે સ્વરૂપ

*સાધારણ રીતે પ્રચલિત માન્યતા મુજબ તેમ જ આ વિષયના કેટલાક જ્ઞાતાઓના અભિપ્રાય મુજબ પ્રસ્તુત બનાવ ભગવાન મહાવીરના જીવનકાળ દરમિયાન બનેલો ગણવામાં આવે છે. તંત્રી.

સરદાર પૃથ્વીસિંહ અને ગ્રીષ્મ વ્યાયામવર્ગ : : કેટલાંક સંસ્મરણો

સરદાર પૃથ્વીસિંહ એક વખતના હિંસાવાદી ક્રાન્તિકારી હતાં. તેમણે પોતાની જુવાનીનાં ત્રીશ વર્ષ અંગ્રેજ સામ્રાજ્ય પ્રત્યેનો અસંતોષ ટાળવાના યજ્ઞમાં હોમ્યાં હતાં. "હિંસક રીતિ એ પરાજયનો માર્ગ છે અને અહિંસક પ્રયોગ એ જ વિજેતાનું સાચું હથિયાર છે" એવી સ્ફુરણા તેમને એક અમૂલ્ય પળે થઈ. હિંદુસ્થાનમાં તેઓ છેલ્લાં સોળ વર્ષથી સામ્રાજ્યના છુપા કેદી તરીકે વિવિધ વેષમાં રહેતા અને ફરતા હતા. આજથી લગભગ ત્રણ વર્ષ પહેલાં જ્યારે મહાત્મા ગાંધીજી મુંબઇ પાસે જુહુમાં રહેતા હતા ત્યારે સરદાર પૃથ્વીસિંહ એકાએક તેમની પાસે ગયા અને પોતાના જીવનનો પડદો ઉપાડીને તેમણે તે વખત સુધીની પોતાની સઘળી પ્રવૃત્તિનો ગર્ભિત ઇતિહાસ ખુલ્લો કર્યો. યોગ અને ત્યાગનો જેણે સુમેળ સાધ્યો હતો તેવા આ પુરૂષને ગાંધીજીએ ખૂબ સન્માન્યા–અને જનતાને સરદાર પૃથ્વીસિંહની ઓળખાણ કરાવી. આવા અજોડ પુરૂષ તે સરદાર પૃથ્વીસિંહ, જેમને આ જીવન–પરિવર્તનના ભવ્ય પ્રસંગ સુધી કેટલાક લોકો 'સ્વામીરાવ' અથવા તો 'સ્વામીજી' તરીકે ઓળખતા હતા.

મહાત્માજીના આશીર્વાદો મેળવી તેમણે નવું જીવન શરૂ કર્યું. મુંબઇમાં આવીને પ્રથમ પ્રયોગ તેમણે ગ્રીષ્મ વ્યાયામવર્ગનો કર્યો. મે માસની રજા તુરતમાં જ પડવાની હતી. તેથી એપ્રીલ માસમાં મલાડમાં ખોલવામાં આવનાર ગ્રીષ્મ વ્યાયામવર્ગની તેમણે જાહેરાત કરી. તેમનાં નામથી જ મુગ્ધ થયેલ જનતાએ આ તેમની જાહેરાતના જવાબમાં આઠસો જેટલી અરજીઓ મોકલી આપી. આમાં પાંચ વર્ષથી માંડીને બારવર્ષ સુધીનાં બાળકો, બારવર્ષની ઉપરનાં કુમારો તથા કન્યાઓ તેમજ મોટી ઉમરના વ્યાપારી યુવાનો તેમજ યુવતીઓનો સમાવેશ થયો હતો.

આ ગ્રીષ્મ વ્યાયામવર્ગની રચના મલાડમાં આવેલ એક વિશાળ આંબાવાડીઆમાં કરવામાં આવી હતી. શ્રી નાથજી જેઓ એક પ્રખર તત્ત્વવેત્તા અને કર્મયોગી છે તેમના હાથે આ ગ્રીષ્મ વ્યાયામવર્ગની ઉદ્‌ઘાટનક્રિયા કરવામાં આવી હતી. આ વર્ગની યોજના પાછળ જીવનઘડતરની ભાવના હતી; હિંદી જનોની શરમ ધોઇ નાંખવાનો એક ધોબીઘાટ ઉભો કરવાની મહત્વાકાંક્ષા હતી, હિંદી જનોના યૌવનધનની તીજોરી ખોલી આપવાનો ઉંચો મનોરથ હતો: એ કંઇ કોઇ સહેલાણીની સહેલગાહ અથવા પીકનીક પાર્ટીનો જલસો કે રાક્ષસીબળવાલા કુસ્તીવાનો તૈયાર કરવાનો અખાડો માત્ર ન હતો. અહિં તો યૌવનની સાચી કીંમત સમજાવીને માનસિક તથા શારીરિક બળ વડે ધરતીપર મનુષ્ય તરીકે જીવવાનો સાચો મંત્ર શિખવવાનો એક અખતરો અદરાયો હતો. મહાન પુરૂષો, સાક્ષરો, નેતાઓ અને વિચારકોનું આ ક્ષેત્રે ખૂબ જ આકર્ષણ કર્યું હતું અને તેથી જ પંડિત સુખલાલજી, આચાર્ય શ્રી કૃપલાણીજી, મહાદેવભાઇ દેસાઈ, કિશોરલાલ મશરૂવાળા, કાકાસાહેબ કાલેલકર, રવિશંકર મહારાજ આદિ જાણીતા વિદ્વાનોએ અને સમાજસેવકોએ અહિં આવીને તથા વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાનો આપીને પોતાના અનેક અનુભવો તેમજ વિચારોનો લાભ આપ્યો હતો.

ભારત વેચ્ય કું. ના માલીક શ્રી પ્રાણજીવનભાઇએ તો એક અદ્‌ભુત કાર્ય કરી બતાવ્યું. જાજરૂ વિભાગને સાફ રાખવાનું કામ તેમણે સ્વેચ્છાથી પોતાના માથે ઉઠાવી લીધું હતું. રોજ સવારના છથી આઠ વાગ્યા સુધીમાં જાતે શ્રમ કામ કરીને તેઓ બધાં જાજરૂ સાફ રાખતા અને રાત્રીની સભામાં હાજર રહી વ્યાખ્યાનોનો લાભ લેતા તથા પોતાના રમુજી સ્વભાવથી અનેકને આનંદ આપતા.

વ્યાયામ વર્ગનો ચાલુ કાર્યક્રમ નીચે મુજબ હતો. સવારના પોણા પાંચ વાગે બ્યુગલ વાગતું. આ સાંભળતાં વેત સૌ વિદ્યાર્થીઓ પોતપોતાનાં બીછાનાં સંકેલી લેતા અને નિત્યકર્મથી પરવારીને પોણા છ વાગ્યે પ્રાર્થના માટે તૈયાર થઇ જતા. ધ્વજવંદનવાળા મેદાનમાં જ સમુહપ્રાર્થના કરવામાં આવતી હતી. શ્રી જસુભાઇ પોતાના તંબુર સાથે સુન્દર રાગમાં હૃદયસ્પર્શી પ્રાર્થના ગવરાવતા અને પછી ધુનના પદો બોલાતા, જે બધા વિદ્યાર્થીઓ ઝીલતા. છના ટકોરે પ્રાર્થના પુરી થતાં જ શ્રી. અબ્બા સાહેબ ઝડપભેર નિયત કરેલી ટુકડીઓના શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને નિયત સ્થાને લઇ જઇને દરેક ટુકડીને પોતપોતાનો કાર્યક્રમ શરૂ કરવાનો હુકમ આપતા. બરાબર છ થી આઠ વાગતા સુધીના બે કલાકોમાં વિવિધ કસરતોથી વિદ્યાર્થીઓ પોતાના શરીરમાં અવનવી સ્ફુર્તિ અનુભવતા. નબળા શરીરવાળા કેટલાક વિદ્યાર્થીઓ શરૂઆતમાં થાકી ગયેલા જણાતા, પણ છેલ્લા દિવસોમાં ખૂબ ઉમંગી બની ગયેલા માલુમ પડતા હતા.

કવાયત પછી આઠ વાગ્યે નાસ્તાનું બ્યુગલ વાગતું, જે વખતે ભોજનશાળામાં બધા વિદ્યાર્થીઓને દુધ તથા ચણા અથવા તો રોટલી કે ભાખરીનો નાસ્તો આપવામાં આવતો. સાડા આઠથી સાડા નવ વાગ્યા સુધી આંબાવાડીઆમાં એકાદ વ્યાખ્યાન રાખવામાં આવતું અથવા તો સરદારશ્રી પ્રશ્નોત્તરી માટે વખત આપતા. સાડાનવથી અગિયાર સ્નાન તથા કપડાં ધોવા માટે અવકાશ આપવામાં આવતો જે વખતે દરેક બ્લોકમાં અપાયેલ બાલદી સાથે લઇને વિદ્યાર્થીઓના ટોળાંઓ નકકી કરેલા સ્થળોએ નહાવા માટે નીકળી પડતા. શહેરી જીવનને તો જાણે કે બધાં ભુલી જ ગયા હતા.

વૈશાખની ગરમીમાં લાલચોળ બનેલી સૌ કોઇને કકડીને ભુખ લાગી હોય એવામાં ભોજનનું બ્યુગલ વાગતું અને તાબોડતોબ ભોજનગૃહ ચીકાર થઇ જતું.

સાદું, પોષક અને મસાલા વગરનું આ ભોજન જમતી વખત હિંદુ, મુસલમાન, ક્રીસ્તીની નાતજાતનું કે શ્રીમંત ગરીબના ભેદભાવનું કોઇને કશું ભાન રહેતું નહિ. બધાને પીરસાઇ રહે તે પછી એક પ્રાર્થના થતી અને ત્યારબાદ રાષ્ટ્રનાદ થયા પછી જ જમણ શરૂ થતું. જમ્યા પછી સૌ પોતાના નિવાસસ્થાન તરફ સીધાવતા અને થોડો આરામ કરતા

દોઢ વાગ્યાથી અઢી સુધી મરજીયાત હિંદી વર્ગ અને કાંતણ વર્ગ ચલાવવામાં આવતો. અઢીથી સાડાત્રણ વાગ્યા સુધી શરીરશાસ્ત્ર અને આહારશાસ્ત્રના ખાસ વિશારદોનાં વ્યાખ્યાન રાખવામાં આવતાં અને અકસ્માત પ્રસંગે તાત્કાલિક મદદ (First aid) સંબંધે પણ વ્યાખ્યાન આપવામાં આવતાં. સાડાત્રણથી ચાર જુદા જુદા નેતાઓ, સાક્ષરોનાં વ્યાખ્યાનો ગોઠવવામાં આવતાં. સાડાચાર વાગ્યે બપોર પછી થોડો આરામ આપવામાં આવતો હતો.

સાંજના સવાપાંચથી સાડાછ સુધી વ્યાયામના વર્ગો ચાલતા. જેમાં નિયત અભ્યાસક્રમ મુજબ કસરતો શીખવવામાં આવતી.

સાડાછથી સાડાસાત સુધી વિવિધ રમતો અને ખેલ ખેલાવવામાં આવતા.

સાડાસાતે સાંજનું ભોજન અપાતું. સાડાઆઠથી દશ વર્તમાન સમાચારો, 'ઘરકીબાતે' અને ખાસ વિષયપર વ્યાખ્યાનકર્તાઓનાં વ્યાખ્યાનો થતાં.

"ઘરકીબાતે" સમસ્ત વિદ્યાર્થી વર્ગનો એક રસીલો વિષય હતો, જેમાં સરદાર પૃથ્વીસિંહ પોતાના કેટ-

લાંક આપવિતકોનું વર્ણન આપતા આપતા ઉંચા સંસ્કારોનું આરોપણ કરવાનું કાર્ય કરતા. એમનો અભિપ્રાય છે કે "જઓ કરો" એમ કહી કહેવું નહિં, પણ "ચાલો કરીએ" એમ કહેવાથી ગમે તેવા કઠણ આદેશોનો અમલ કરાવી શકાય છે અને અઘરા કાર્યોને પાર કરી શકાય છે તેમજ સુંદર સંગઠન થઇ શકે છે. આ વસ્તુ તેમણે આ વર્ગમાં પ્રત્યક્ષ કરી બતાવી.

દશ વાગ્યે સુઇ જવાનું બ્યુગલ નિયમિત રીતે શ્રી ગોરડીયા વગાડે અને સૌને પોતાના ખાટલા ભણી જવું જ પડે. આ તો 'શિબિર જીવન'-જંગલમાં મંગળ-સીપાહી જીવનની વાનગી-એટલે રાત્રે છાવણીની સંભાળ લેવા માટે ચોકીદારો ગોઠવાય તેમાં વારાઓ માટે પડાપડી થાય, નબર અને સમય નોંધાય.

દર દોઢ કલાકે અગિયાર અગિયાર ચોકીયાતો બદલાય અને સવારો સવાર ચોકી ચાલુ રહે. દસ વાગ્યા પછી બહારથી કોઈ આવે કે જાય તેની પૂછા થાય. અવાજ થઇ શકે નહિ. શાંતિ જાળવવી જોઇએ.

આ પ્રથા દિવસે પણ ખરી. દિવસના પાંચ ચોકીદારો દર દોઢ કલાકે બદલી જાય. એક નાની સરખી ચીજ કોઇની ખોવાય અને જેને મળે તે કાર્યાલયમાં પહોંચાડે. તેનો બુલંદ અવાજે ધ્વનિ વર્ધક યંત્રમાં પોકાર થાય. તેનો ધણી આવીને તે લઈ જાય. ગફલતીથી તે ન ખોવાવી જોઇએ તેવી શીખામણ દેવાય. આવી સુંદર એ ચોકીયાતોની પધ્ધતિ!!

ઉપર જણાવેલ કાર્યક્રમને અપવાદ હતો. સોમવારના દિવસનો. એ દિવસે રજા પાળવામાં આવતી હતી. વ્યાયામ નહિ, વ્યાખ્યાન નહિ; સૌને પોતપોતાનાં સ્વજન સંબંધીઓને મુંબઇ મળવા જવાની છુટ આપવામાં આવતી.

મે માસની ૧૯ મી તારીખ સરદાર પૃથ્વીસિંહનો પૂનર્જન્મ મનાય છે. મહાત્માજી પાસે તેમનો એકરાર અને હિંસક કાર્યક્રમને ત્યજી અહિંસક કાર્યક્રમનો આરંભ-એ છે તેમનો પૂનર્જન્મનો દિવસ. આ દિવસે વ્યાયામ વર્ગમાં તમામ વિદ્યાર્થીઓએ બધું કામ રાંધવા-વાળવા સુધીનું હાથોહાથ કરવાનું નિર્ધાર્યું અને એ રીતે બધા ભાડુતી કામ કરનારને તે દિવસે રજા આપી. આ ૧૯ મીનો દિવસ તો ખરેખર સહુની જીંદગીમાં ન ભૂલાય તેવો "શ્રમજીવી દિવસ" નિવડ્યો. સૌએ એ દિવસ ઉજવ્યો. સરદાર વગેરે સૌ સાથે જમવા બેઠા. વાસણો સાફ કરવાનો વખત આવ્યો અને સરદારનાં વાસણો તેમણે પોતેજ માંજ્યા. અનેક તવંગરોનાં બાળકોએ પણ વાસીદાં કાઢ્યાં, પાણી સીંચ્યાં, વાસણો માંજ્યાં, કપડાં ધોયાં એ બધા પ્રસંગો વર્ગના પરિચયમાં રહેનારની તો ઇર્ષ્યા ઉપજાવે તેવાં જ હતાં. ખરેખર જેણે જોયા હોય તે તો ન જ ભૂલી શકે તેવાં હતાં!!

રવિવારે તો શહેરના વેપારો બંધ એટલે પોતાનાં બાળકોને, મિત્રોને, બ્હેનપણીઓ કે પડોશીઓને મળવા તેમજ શ્રીષ્મ વ્યાયામ વર્ગની પ્રવૃત્તિને જોવા અનેક પ્રેક્ષકો આવી ચડતા અને મોટરોની હ્ઠ જામી પડતી. આ બધાંને રસ પડે અને સહુ વિદ્યાર્થીઓને જોવાની તક મળે એ માટે સમૂહ કવાયત રવિવાર સાંજના ૫-૩૦ થી ૬-૩૦ ગોઠવવામાં આવતી. આ ભવ્ય દૃષ્ય નિહાળીને હિંદીજનોની આંખ ઠરતી. અનેક આશીર્વાદો વરસાવીને નરનારીઓ હાસ્ય અને વિનોદની વાતો કરતાં સૌ ઘર તરફ પાછા ફરતાં.

આવી કવાયત અને શિસ્ત બધાય હિંદીજનો શીખી જાય તો તો ભારત દેશને આઝાદ થતાં બહુવાર ન લાગે. આ દેશ ઉપર પરદેશીઓની ધુંસરી જ ન રહે. પણ એ બધું કયારે થાય? આનો ખૂબ પ્રચાર અને સ્વીકાર થાય ત્યારે ને? એક રવિવાર તો ઠીક ઠીક પસાર થયો, બીજે રવીવારે તો બસો મોટરો અને બે હજાર પ્રેક્ષકો. સરદાર સાહેબને એમ થયું કે લોકોને આ વસ્તુ તરફ પ્રેમ વધ્યો-લોકોનું ધ્યાન ખેચાયું-સહુને રસ પડવા માંડ્યો. ત્રીજે રવિવારે મોટા પાયાપર ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ કરી. વર્તમાન પત્રોના પ્રતિનીધિઓ અને ફોટોગ્રાફરો મોટા પ્રમાણમાં આવવા માંડ્યા, કારણ કે એ લડાયક ટ્રેજની જેમ-કુમળાં બાળક-બાળિકા અને સન્નારીઓ તથા યુવકોની સમુહકવાયત અનેકનાં ચક્ષુઓને મુગ્ધ કરતી તેમાં સંગઠનનું જોમ હતું, સહૃદયતાની જમાવટ હતી અને ઉમંગનો ઉભરો હતો તેથી અહાહા શું સુંદર? એવી વાણી સૌના મોઢેથી નીકળી જતી.

વેપારીઓ વિસ્મિત બનતા, નેતાઓ અવનવી યોજનાઓ ચિન્તવતા, લેખકો આ દૃશ્યને લેખો અને ગ્રંથોમાં ગુંથવાની ઘટમાળ કરતા. એવી રીતે આ આહલ્લો વિદ્યાર્થીઓની સંગઠિત કવાયત અને સંસ્કારી શિસ્તે એક અનોખી છાપ પાડી છે અને સરદાર પૃથ્વીસિંહની જાહેર જીંદગીને પ્રકાશમાં મુકી દીધી છે.

ચોથો રવિવાર આવશે અને તે વખતે ગયા રવિવાર કરતાં પણ વધુ પ્રેક્ષકો આવશે-વળી પૂર્ણાહુતિનો દિવસ ઉજવવો છે-આ વિચારથી સરદારશ્રીએ વડોદરાના વ્યાયામપ્રિતા પ્રો. શ્રી માણેકરાવજીને નોતર્યા. જૈફ ઉમર અને અસ્વસ્થ તબીયતે પણ એ વીર વડોદરાથી પધાર્યા.

શ્રીષ્મ વ્યાયામ વર્ગમાં એ દિવસ રહ્યા. ખૂબ નિરીક્ષણ કર્યું, અંતરના અનેક આશીર્વાદો વરસાવ્યા. રવિવારની સભામાં તેમણે દર્દભરી ભાષામાં એક પ્રેરક ભાષણ કર્યું. એ વ્યાખ્યાન વ્યાયામ વર્ગના ઇતિહાસને ચોપડે અમર રહે તેવું હતું. વ્યાયામના એ ભીષ્મે હિંદને જોઇએ તેવી વસ્તુ સરદાર પૃથ્વીસિંહ પીરસે છે તેને મારા અનેરા આશીર્વાદ છે એવી ઉમળકાભરી ભાષામાં લંબાણ વર્ણન કર્યું. પાંચ હજાર જેટલી મેદની મળી હતી અને એ સભા ખરેખર નોંધ લેવા લાયક થઇ હતી. સરદારશ્રીની ભાવી પંચવર્ષીય યોજનાની એક વાનગી રૂપે આ શ્રીષ્મ વ્યાયામ વર્ગ હતો અને આવા તેમના સાહસને દરેક કોમના હિંદીજનો આવકારશે એવો તે વખતે પડઘો પડ્યો હતો.

શ્રી બીરલાજી અને બીજા અનેક ઉદાર ગ્રહસ્થોએ એ યોજના માટે સારી મદદો આપવાનું જાહેર કર્યું હતું.

આવી રીતે દર રવિવારે સાંજનો મેળાવડો થયા બાદ ભોજન પછી ૯ થી ૧૨ "શિબિર વિનોદ" ગોઠવવામાં આવતો. તેમાં "બ્રાહ્મીના તેલની બાટલી" "માતાજીની પ્રશ્નોતરી" "ભીલોનો નાચ" "સરદાર પર રોષે ભરાયેલી મોચીની નાત" "શિબિર પત્રિકાના અધિપતિની નોંધપોથી" વગેરે પ્રસંગો ગોઠવાતા. આ પ્રસંગો જેણે જોયા હશે અને સાંભળ્યા હશે તેઓ એ બધું સહેલાઇથી ભુલી નહિ જ શકે

આમ આનંદમાં અને આનંદમાં આખો મહીનો વીતી ગયો. છેલ્લા દિવસે શનિવારે સવારે પ્રાર્થના થયા પછી સરદાર પૃથ્વીસિંહે એકત્ર થયેલી મંડળીને વિદાય આપતું ભાષણ કર્યું. સૌ ગળગળા થઇ ગયાં. આવી મજા-આવો આનંદ-છોડવો કેમ ગમે? આવું જાણવા શિખવાનું પણ બીજે કયાં મળવાનું હતું? આમ સૌના દિલ ઉપર છુટા પડવાની ગમગીની છવાઇ ગઇ.

એ દિવસ હતો ૩૧ મી મેનો!

શ્રી નાથજીએ જેવી ઉદ્ઘાટન ક્રિયા કરી હતી તેવી જ વિસર્જન ક્રિયા કરી: હૃદયો ભેટ્યાં અને વર્ગમંડળી વિસર્જન થઇ! થોડા વખતમાં બીસ્તરાઓ ઉપડવા મંડ્યા. ટાંગાઓ, ટેક્સીઓ અને ઘરથી ગાડીઓ આવવા માંડી, સાંજ પડી અને સુનકાર! એ હતો સરદાર પૃથ્વીસિંહે ઉઘાડેલો મલાડનો શ્રીષ્મ-વ્યાયામ વર્ગ.

દુર્લભજી ખેતાણી.

કહ્યું અને આચારનો માર્ગ દર્શાવ્યો તેમાં અને પાછળથી મહાવીર સ્વામીએ ધર્મ અને આચાર દર્શાવ્યા તેમાં ફરક પડી જતો હતો અર્થાત્ બન્ને ધર્મ એક કહેવાય છતાં તેમાં ભિન્નતા હતી.

એ પ્રસંગ શું હતો તે જોઇએ. એવું બન્યું કે કેશીકુમાર મુનિ પોતાના શિષ્યસમુદાય સાથે વિહાર કરતા કરતા અયોધ્યા પાસે શ્રાવસ્તી નગરીમાં આવ્યા. તેજ અરસામાં ગૌતમસ્વામી પોતાના શિષ્યવર્ગ સાથે આ જ નગરીમાં આવી ચડયા. ભિન્ન રીત અને ભિન્ન દેખાવવાળા બન્નેની હાજરી એક જ નગરમાં થઇ, તેમાંથી મહત્ત્વનો પ્રસંગ ઉભો થયો. કુદરતી રીતે બન્નેના શિષ્યોને પ્રશ્ન થયો કે 'પાર્શ્વનાથ ભગવાને બતાવ્યો તે ધર્મનો આચાર બરાબર કે મહાવીર ભગવાને જે ધર્મ ને આચાર બતાવ્યા તે બરાબર?' સૂત્રગ્રન્થમાં લખે છે કે, "પ્રથમ કાર્ય માટે પ્રવર્તેલા એ બે મહાપુરૂષોમાં આવો તફાવત પડવાનું કારણ શું?" શિષ્યોના મનનો આવો વિતર્ક જાણી પાર્શ્વનાથના શિષ્ય કેશીકુમાર અને મહાવીર સ્વામીના શિષ્ય ગૌતમસ્વામી બન્નેએ પરસ્પર મળવાનો નિશ્ચય કર્યો.

પ્રસંગ હવે ઉપસ્થિત થયો. અલગ રહેવાથી ભિન્નતા દૂર થવાને બદલે વધે છે. નજીક આવવાની ભિન્નતા દૂર થવાની તક ઉભી થાય છે. એટલે હવે ભિન્નતા કેવી રીતની પદ્ધતિથી દૂર થઇ તેનું વર્ણન આવે છે. સૂત્રકાર લખે છે કે "પાર્શ્વનાથની પરંપરા મહાવીર પહેલાંની હોવાથી વડીલ જાણી યોગ્યાયોગ્ય સમજનાર ગૌતમ પોતે જ કેશી હતા ત્યાં આવ્યા કેશીએ તેમને આવેલા જોઇ તેમનો યોગ્ય સત્કાર કર્યો અને આદરમાનથી બેસવા માટે આસન આપ્યું."

પોતાની પહેલાના હતા એટલે તેમને વડીલ ગણવામાં સજ્જન પુરૂષને યોગ્ય અને માનવધર્મને શોભાવતી રીત સ્વીકારી ગૌતમ સ્વામીએ વિવેક દર્શાવ્યો અને તેજ રીતે કેશી કુમારે પણ માનવધર્મનું અવલંબન કરી સજ્જન પુરૂષને યોગ્ય સત્કાર કર્યો અર્થાત પરસ્પર આદર દર્શાવ્યો તેમાં બન્નેએ બાહ્ય અન્તર કાપી નાખ્યું. આવું વાતાવરણ સુલભ થયું તેનું ખરું કારણ એક અકસ્માત નહિ ગણાય, પરન્તુ હિન્દની ભૂમિપર અનેક જમાનાની સંત પુરૂષોની વાણી, વિચાર અને આચારની, સમાજપર પડેલી છાપનું પરિણામ ગણાય. બન્ને સંત પુરૂષો મળ્યા અને તેમની આસપાસ અન્ય સંપ્રદાયના લોકો અને નગરજનો વીંટાઈ વળ્યા. હવે પ્રશ્નોત્તરનો આરંભ થયો.

શરૂઆત કેશીકુમારે કરી અને તે પણ મીઠી અને વિનયપૂર્વકની વાણીથી કરી. સૂત્રમાં લખે છે–"કેશીએ ગૌતમને કહ્યું કે, 'હે મહાત્મન્! હું કંઇક પૂછવા માગું છું.' ગૌતમે જવાબ આપ્યો 'હે પૂજ્ય! આપની મરજી મુજબ પૂછો' બાહ્ય–અંતર ગયું હતું જ. કેશીકુમારની મીઠી વાણીથી અને ગૌતમસ્વામીના સરળ જવાબથી માનસિક અંતર પણ તૂટવા માંડયું. જે તફાવત હતો. તેને અંગે બે પ્રશ્નો થયા તે પ્રશ્નોના જવાબ મળ્યા એટલે માનસિક અંતર પણ તૂટયું. ધર્મમાં છાનું શું હોય કોઈ પણ પ્રશ્ન ન થઇ શકે? તો તે ધર્મ કેમ કહેવાય? 'આપની મરજી મુજબ પૂછો.' મારા ગુરૂ આમ માને છે, તેવો કોઇને પણ આગ્રહ હતો નહિ. કેશીને પોતાને પાર્શ્વનાથ ભગવાને દર્શાવ્યું તે જ યોગ્ય અને ગૌતમસ્વામીને મહાવીર ભગવાને કહ્યું તે જ યોગ્ય. આવું વાતાવરણમાં કશું આવ્યું જ નહિ. વ્યક્તિ પરત્વે વાત ગઇ જ નહિ. વાત આગળ ચાલી ત્યારે વ્યક્તિનો જરાક ઉલ્લેખ હતો તે પણ અદૃષ્ય થયો. મુમુક્ષુ જીવનના અર્થી લક્ષ્યપર જ નજર ઠેરવે છે. એટલે બન્નેને હવે એકજ વાત રહી. લક્ષ્ય સમજવું અને સમજાવવું. કયા હેતુથી શું પરિણામ છે, તે મુદ્દાપરજ વાર્તાલાપ ચાલ્યો. તે ગોષ્ટીમાં બન્નેના હેતુ શું શું હતા તે પ્રગટ થયા. એટલે વ્રત આચાર ઇત્યાદિની સ્વાભાવિક ભિન્નતા હતી તે સમજાઇ ગઇ. અર્થાત ભિન્નતા હોય તે સર્વાંગી નથી હોતી, પરન્તુ મર્યાદિત હોય છે. તે મર્યાદા અંકિત થઇ ગઇ. ભિન્નતા અંગે જે સમાધાન ગૌતમસ્વામીએ કર્યું, તે સમાધાન પોતાની સમજણમાં જે મુજબ હતું તે જ કહીને કર્યું. ગૌતમ સ્વામીના જવાબમાં એ તત્વ આવ્યું કે ધર્મ છે તે મનુષ્ય અને સમાજના કલ્યાણ માટે છે. એટલે સતત જાગૃતિ અર્થે વર્તમાન કાળને તપાસી. ભવિષ્યકાળ તરફ આગળ વધવાનું કહે, અને તદ્નુસાર ધર્મનું સ્વરૂપ ઘડાય અને બદલાય પણ ખરું, અર્થાત ધર્મનો આધાર લોકકલ્યાણ માટે છે, ભૂતકાળની પરંપરા માટે નહિ. ભૂતકાળ ધર્મ પરત્વે ગૌણ થાય છે, અને ભૂતકાળની જેમ ભૂતકાળની વ્યક્તિ પણ ગૌણ થાય છે. માત્ર મનુષ્ય કલ્યાણની સિદ્ધિપર નજર જાય છે. આ ભૂમિકા પર બાહ્ય તફાવતોનું નિરાકરણ થઇ ગયું. પરંતુ આટલેથી મેળાપ પતી જાય તો ઘણું અધુરું રહે. અધ્યાત્મજીવન અંગેના તફાવતો હોય તો? તે માટેના પ્રશ્નો બાકી હતા. એટલે પછીના કેશીકુમારનાં પ્રશ્નો અધ્યાત્મ જીવન માટેના થયા.

કેશીકુમાર પાર્શ્વનાથના માર્ગમાં હતા તે પાર્શ્વનાથ ભગવાનના આદર માટે નહિ પણ જીવનસિધ્ધિ માટે. એટલે તેમની પ્રશ્ન પરંપરા જીવનસિદ્ધિના અર્થાત આત્મકલ્યાણના માર્ગો કયા કયા તે જાણવા માટેની થઇ. ગૌતમ સ્વામીના જીવનમાં તે અંગે જે હતું, પોતાને જે સમજાયું હતું, અને પોતે જે અમલમાં મુકયુ હતું, તે તેમણે કહ્યું. મુમુક્ષુ જીવની વાતોમાં જ આ મેળાપની બાકીની ઘડિઓની સાર્થકતા હતી. વાણી, વિચાર અને આચરણ શું શું થાય, તેના ઉત્તર ગૌતમ સ્વામીએ સ્વાનુભવથી આપ્યા. અઢી હજાર વર્ષ પછી કે ગમે તે કાળે સનાતન જ્ઞાન, ચિંતન–આચરણ તથા જીવન મુક્તિનાં પ્રશ્નો એના એ જ રહે, જ્યારે તેના સર્વના ખુલાસા વાણી–વિચાર વર્તન અને ચરિત્રથી જ મળી રહે. અને તેનો પાર મળે આ જ "ધર્મ." ગૌતમ સ્વામીએ ખુલાસો કર્યો કે "કામ, ક્રોધ, માયા, અને લોભરૂપી કષાયો એ અગ્નિ છે. "જ્ઞાની તીર્થંકર રૂપી મહામેઘથી ઉત્પન્ન થયેલ અને તેમનાં વચનો રૂપી પ્રવાહમાંથી પ્રાપ્ત થયેલ શાસ્ત્રનો ઉપદેશ–શીલ અને તપરૂપી ઉત્તમ જળ–લઇ, હું સતત તેમના ઉપર છાંટું છું, અને તેથી પેલા સર્વ અગ્નિ શાન્ત થઇ ઉપદ્રવ કરી શકતા નથી. કેશીકુમાર પોતાને મળેલા ખુલાસાથી પ્રસન્ન થયા. અને કેશીકુમારે કહ્યું કે "હે ગૌતમ, તમારી પ્રજ્ઞા સુંદર છે, મારો સંશય દૂર થયો. હે સર્વ સંશયોના પારને પામેલા તથા સર્વ શાસ્ત્ર જ્ઞાનના સમુદ્રસમાન ગૌતમ! તમને નમસ્કાર હજો!" સૂત્રકાર લખે છે કે ત્યાર પછી તે નગરમાં કેશી અને ગૌતમનો નિત્ય સમાગમ થયા કર્યો, અને તેને લીધે શાસ્ત્ર જ્ઞાન અને ચારિત્રનો સારી પેઠે ઉત્કર્ષ થયો, પ્રસન્ન થયેલો શ્રોતૃવર્ગ પણ સન્માર્ગે જવા ઉદ્યમવંત થયો.

બન્ને સંત પુરૂષનો મેળાપ થયો, બન્નેનો મેળ થયો અને સર્વનું કલ્યાણ થયું. મતમતાંતરની વિષમતા કે કટુતાથી પ્રજ્ઞા-જીવન મુકત રહ્યું. આવી નિર્મળ ગોષ્ઠી અને પદ્ધતિમાં શિષ્યો-દ્વારા મહાવીર ભગવાનનો પ્રભાવ પ્રતિબિંબિત થયો છે જે ૨૫૦૦ વર્ષ પછી પણ આપણને માર્ગદર્શન કરાવે છે.

હીરાલાલ અમૃતલાલ શાહ.

માનવપોષણનો મહાપ્રશ્ન.

દૂધ, ઘી, માખણ અને પશુધન

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

તોડીને અઢી કે ત્રણ આના શેર સુધી લઇ જવામાં આવે છે. કોઇ કોઇ વખતે સારા દૂધમાં દૂધનો પાઉડર મેળવીને તેની કિંમત સસ્તી કરવામાં આવે છે. પશુઓ આ તુટતી બજારને કારણે પરવડતા નથી અને દૂધના પૈસા ખરચવા છતાં પણ પૌષ્ટિક તત્વ મળતું નથી. નાના બાળકો ઉપર આ દૂધની અતિ બુરી અસર થાય છે.

ખેતી પ્રાધાન્ય દેશમાંથી દૂધની બનાવટો બીજા દેશમાં જવી જોઇએ, તેને બદલે આજે પરદેશમાંથી ભિન્ન ભિન્ન પ્રકારની દૂધની બનાવટો આપણા દેશમાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં લગભગ અઢીથી ત્રણ કરોડ રૂપિયાની દૂધની બનાવટો આપણા દેશમાં આવી છે. પ્રજામાં પેઠેલી ફેશન, ડોકટરોની આવા દૂધ માટેની ભલામણો અને સાચું દૂધ મળવાની ભીતિજ આ આયાતનું કારણ છે–દેશને વિચાર કરવા યોગ્ય આ મહત્વનો પ્રશ્ન છે.

માખણ અને ઘી–આ બન્ને વસ્તુઓમાં મોટે ભાગે વેજીટેબલ પ્રોડકટ અને ચરબીની મેળવણી કરવામાં આવે છે. અગર તો તે બનાવટો ચોકખા માખણ અને ઘી તરીકે બજારમાં વેચવામાં આવે છે. જે વેજીટેબલ–પ્રોડકટ ઘી જેવું દેખાય છે તેને વનસ્પતિ કે વેજીટેબલ પ્રોડકટ તરીકે અને જે માખણ જેવું દેખાય છે તેને માર્ગેરીન (Margarin) ના નામે ઓળખવામાં આવે છે. આ બનાવટો રંગરૂપ અને દેખાવમાં ચોકખાં ઘી અને માખણને તદ્દન મળતી આવે છે એટલે ગ્રાહકો સહેલાઇથી છેતરાય છે. વેજીટેબલ પ્રોડકટમાં દસ ટકા જેટલું ચોકખું ઘી કે માખણ અને નેવું ટકા હાઇડ્રોજીનેટેડ (Hydrogenated) બીયાનું તેલ કે ચરબી કાયદેસર ગણાય છે. આ બનાવટનો ભાવ મણ એકના દસથી બાર રૂપિયા હોય છે, જ્યારે શુદ્ધ ઘી કે માખણનો ભાવ તેથી બમણો કે અઢી ગણો હોય છે.

ચરબી કે માછલાનાં તેલ (Edible Fish Oil) ની બનાવટો આજે બજારમાં ચાલુ છે. આની પડતર કિંમત છથી સાત રૂપિયા મણ પ્રમાણે હોય છે. પોષણની દૃષ્ટિએ આ બધી બનાવટો તદ્દન ઉતરતી છે.

દૂધનું ભેળસેળનું પ્રમાણ ૧૦૦ નમુનામાંથી વીસ ટકા, માખણનું લગભગ ૪૦ ટકા અને ઘીનું વીસથી પચીસ ટકા જેટલું આ લેખકે અનુભવ્યું છે.

આ ભેળસેળ અટકાવવાના ઉપાય

(૧) દૂધના પાઉડર અને પરદેશથી આવતી ઘી કે માખણને મળતી બનાવટો જેવી કે વેજીટેબલ પ્રોડકટ, માર્ગેરીન, અને ફીશ ઓઇલ વિગેરેની આયાત અને વેચાણ કાયદાથી ગુન્હાઇત ગણાવું જોઇએ.

(૨) પરદેશથી આવતી બીજી દૂધની બનાવટો ઉપર સખ્તમાં સખ્ત જકાત નાંખી તેની કિંમત વધારી મૂકવી જોઇએ. કારણકે હિન્દ જેવા ખેતીપ્રધાન દેશમાં કે જ્યાં પશુધન બહોળું પડયું છે ત્યાં બહારથી લાંબા વખતના જુના ડબ્બામાં ભરેલા દૂધની કે તેની બનાવટોની જરૂર નથી. દેશમાં આ ધંધો ખીલવવો જરૂરી લાગે તો સખ્ત દેખરેખ અને તપાસ પછી જ થવા દેવો જોઇએ.

(૩) હિન્દમાં બનતા વેજીટેબલ પ્રોડકટના કારખાનાના માલિકોને પોતાની બનાવટમાં નક્કી કરેલો નિર્દોષ અને ઉડી ન જાય તેવો રંગ નાંખવાની કાયદાસર ફરજ પાડવી જોઇએ અને દરેક દરેક ડબ્બો તપાસ્યા પછી જ અને પ્રમાણપત્ર મેળવ્યા પછી જ કારખાનામાંથી બહાર જાય તેવી ગોઠવણ થવી જોઇએ.

(૪) આબરૂદાર સંસ્થાઓએ પશુ સંરક્ષણની દૃષ્ટિએ પશુઉછેર, પશુપાલન, અને પશુ સુધારણાના પ્રશ્નોને જ સક્રિય રીતે હાથ ધરી દૂધ પુરૂં પાડવાની યોજના વિચારવી ઘટે છે. ધર્મ મંદીરોનું અઢળક નાણું અને બીજા કેટલાએક ટ્રસ્ટોની મોટી પૂંજીઓ આ કાર્યમાં રોકવામાં આવે તો અધરામાં અધરો પ્રશ્ન સહેલાઇથી ઉકેલી શકાય.

(૫) મોટા શહેરોમાંથી તબેલાઓ દૂર જંગલો કે જ્યાં ઘાસ, પાણી અને ફરવાની પુષ્કળ જગ્યા હોય ત્યાં લઇ જવા. ત્યાંથી દૂધ લાવવા માટે સ્પેશિયલ મીલ્ક ટ્રેઇનની ઓછા દરે જે ગોઠવણ થાય અને દૂધવાળા જનવરોને લઇ જવાના દરો કમતી હોય, જનવરોના ઘાસ ચારાનું નૂર ઓછું હોય તો દૂધની કિંમત ઉપર પડતું ખર્ચ ઘટે અને દૂધ સસ્તું પડી શકે. મોટા શહેરોમાંથી જો તબેલાઓ નાબુદ ન થઇ શકે તો મ્યુનિસિપાલિટીની સીધી દેખરેખ નીચે રાખી ભાડાના દર એકદમ ઘટાડી નાંખવા ઘટે.

(૬) ઘી કે માખણ ઉપરની જકાત કે સ્થાનિક કર બંધ કરી તે પદાર્થ ઉપરની ખરાબાત ઘટાડવી ઘટે છે.

(૭) આબરૂદાર સંસ્થાઓએ મ્યુનિસિપાલિટી–પ્રમાણિત ઘી, માખણ અને દૂધની દુકાનો લતે લતે ખોલી પ્રજાને સારો ચોકખો માલ તદ્દન જુજ નફાથી મળે તેવી ગોઠવણ કરવી જોઇએ.

(૮) દૂધ, ઘી, અને માખણને પશુજીવનની સાથે, પશુજીવનને દેશની સંપત્તિ સાથે કેટલો સંબંધ છે અને માનવ જીવનના મુખ્ય ખોરાકમાં તેનું કેટલું સ્થાન છે તે વાત લક્ષ્યમાં રાખી આ પ્રશ્નને ધાર્મિક, સામાજીક, રાષ્ટ્રિય અને આર્થિક સ્વરૂપ આપી ભૂતદયાની દૃષ્ટિએ ધર્માચાર્યોએ જોરશોરથી આ અતિ અગત્યનો વિષય હાથ ધરવો જોઇએ.

ગોવર્ધનધારીના ભક્તો વૈષ્ણવો કે દયા ધર્મના ઝંડાધારી જૈનો, ગૌપૂજક પારસીઓ કે ગૌબ્રાહ્મણ રક્ષપાળ રાજાઓનો એકલાનોજ આ પ્રશ્ન તથા કોઇ એકલા પ્રાંત કે જાતનો પ્રશ્ન નથી. એકલી રાજ્યસત્તા કે કાયદાનો પ્રશ્ન પણ નથી. આ તો માનવ જાતનો ઉપકારક પશુધનનો મહત્ત્વનો પ્રશ્ન છે. વિશ્વભરનો પ્રશ્ન છે. તેથી સકળ પ્રજાના સહકાર વિના કોઇ એકલી કોમ કે સંસ્થા કે કોઇ રાજ્યસત્તાએ કરેલો કાયદો જ કંઇ નહિ કરી શકે. એકલો કાયદો માણસને માણસ નથી બનાવી શકતો, પણ કાબેલિયત શીખવી દીલનો હરામખોર બનાવે છે. પ્રજાનો આ પ્રશ્ન પ્રજાએજ ઉકેલ્યે છૂટકો છે. માત્ર સરકારને અરજી કર્યે નહિ છૂટાય.

× × ×

હિન્દી કવિ સ્વામી આનંદાનંદ સરસ્વતી વૈદ ભારતની દુર્દશાનું કારણ વર્ણવતાં કહે છે કે:–

જબસે ગોવંશ વિધ્વંસ ભયો,
તબસે ભારત હો ગયો દુઃખદાયી.
બલ, વીર્ય, તેનકી જ્યોતિ ઘટી,
સંતાન નપુંસક આદ મુડાઇ.
બેલન બીન ખેતી નાશ ભઇ.
ઔર દિન દિન જાત બડી મેંઘાઇ.
ભારત ગારત જાત ભયો,
ગો દુગ્ધ બીના ગયે નેન ઝરાઇ.

વ્રજલાલ ધરમચંદ મેઘાણી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૫

મુંબઇ : ૧ જુલાઇ ૧૯૪૧ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૨

ધર્મ અને સમાજ

(કેટલાંક વર્ષ પહેલાં જૈનત્વ પ્રચારક મંડળ તરફથી અમદાવાદ ખાતે યોજાયેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલું એક અપ્રગટ વ્યાખ્યાન.)

કીડી તરફ બારીકાઈથી ધ્યાન આપીશું તો જણાશે કે તે એકલી રહી નથી શકતી. તે કોઇનો સહકાર શોધે છે. તેને મકોડાનો તો શું પણ પોતાથી જુદી જાતની કીડીનો પણ સહચાર નથી ફાવતો. તે પોતાની જ જાતના સહચારમાં મસ્ત રહે છે. આ ક્ષુદ્ર પ્રાણીઓથી આગળ વધી પંખી તરફ નજર કરીએ. કુકડાથી વીખુટી પડેલી કુકડી મોર સાથે રહેશે તોપણ તે સંતુષ્ટ રહી નહિ શકે. તેને પણ પોતાની જ જાતિનું સાહચર્ય જોઇએ. એક વાંદરો અને એક હરણ એ બન્ને પોતપોતાની જાતિમાં જેટલા પ્રસન્ન રહી શકે અને જીવન લંબાવી શકે તેટલા વિજાતિમાં ગમે તેટલી સુખ સગવડ છતાં પ્રસન્ન રહી નહિ શકે. માણસ જાતે પોતાનો બનાવેલ વફાદાર સેવક અને સહચારી શ્વાન પણ જો બીજા શ્વાન વિનાનો હશે તો તે અસંતુષ્ટ જ રહેશે. અને તેથી જ એ પાળેલો શ્વાન પણ બીજા શ્વાનની અદેખાઇ કરવા છતાં પાછો બીજા શ્વાનને જોઇ શરૂઆતમાં લડીને પણ છેવટે તેની સાથે એકરસ થઇ જશે અને ગેલ કરશે. પ્રાણી, પક્ષી અને પશુજાતિનો આ નિયમ આપણે મનુષ્યમાં પણ જોઇએ છીએ.

મનુષ્ય પંખી કે પશુ પાળીને જંગલમાં એકલું રહેવાનો ગમે તેટલો અભ્યાસ કરે પણ છેવટે તેની પ્રકૃતિ મનુષ્ય જાતિનું જ સાહચર્ય શોધે છે. સમાન રહેણી–કહેણી, સમાન ટેવો, સમાન ભાષા, અને શરીરની સમાન રચનાને કારણે સજાતીય સાહચર્ય શોધવાની વૃત્તિ જીવ માત્રમાં આપણે જોઇએ છીએ. તેમ છતાં મનુષ્યસિવાયના કોઇપણ જીવ વર્ગને કે દેહધારી વર્ગને આપણે સમાજ નથી કહેતા. એ વર્ગ ભલે સમુદાય કે ગણ કહેવાય. પણ સમાજની પાત્રતા તો મનુષ્યજાતિમાં છે. અને તેનું કારણ તો એ છે કે મનુષ્યમાં એટલી બુદ્ધિશક્તિ અને વિવેકશક્તિનું બીજ છે. કે તે પોતાની રહેણી કહેણી, પહેરવેશ, ભાષા, ખાનપાન અને બીજા સંસ્કારોને બદલી શકે છે–કેળવી શકે છે. માણસ ચાહે ત્યારે પ્રયત્નથી પોતાની જન્મભાષા ઉપરાંત બીજી ભાષાઓ શીખી લે છે અને તે ભાષાઓ બોલનાર સાથે સહેલાઇથી હળીમળી જાય છે. પહેરવેશ અને ખાનપાન બદલીને કે બદલ્યા સિવાય ઉદારતા કેળવીને જુદા પ્રકારના પહેરવેશ અને ખાનપાનવાળા મનુષ્ય સાથે સહેલાઇથી વસી અને જીંદગી ગાળી શકે છે બીજાનું સારું હોય તે લેવામાં અને પોતાનું સારું બીજાને આપવામાં માત્ર મનુષ્ય જ ગૌરવ અનુભવે છે. ભિન્ન દેશ, ભિન્ન રંગ, અને ભિન્ન સંસ્કારવાળી માનવ પ્રજા સાથે માત્ર મનુષ્યજ એકતા સાધી અને વિકસાવી શકે છે. આજ શક્તિને લીધે મનુષ્યનો વર્ગ સમાજ નામને પાત્ર થયો છે.

મંગલ કામના

सबका जीवन मंगलमय हो !
आनन्द–उर्मियों का प्रतिपल
जन जन के मन में अभिनय हो !
जिनकी जग–बीच झुकी आंखें,
जिनकी मग–बीच रुकी पांखें,
उन सबका हो भविष्य उज्ज्वल !
उन सबका पथ ज्योतिर्मय हो !...सबका०
धनका धरती पर राज न हो !
गुण दुनिया में मोहताज न हो !
सबके अधरों पर जग–जननी
प्रिय पृथ्वी का पावन पय हो !...सबका०
कल्याण–भाव तो है उदार,
जिस पर सब सीमाएं निसार,
इसके विधान में दिशा नहीं,
इस परम तत्व की जय जय हो !...सबका०
भाई भाई की भीति भगे !
भाई भाई में प्रीति जगे !
हो सहनशीलता का प्रसार !
भाई से भाई निर्भय हो !...सबका०
जिस साम्य–सूर्य की एक दृष्टि,
उससे दीपित हो सकल सृष्टि !
छविमय होवें सब लघु महान
रजकण हो या कि हिमालय हो !
सबका जीवन मंगलमय हो !

कवि प्रदीप.

મનુષ્ય જ્યાં હશે ત્યાં કોઇને કોઇ સમાજનો અંશ થઇને રહેવાનો. તે જે સમાજનો અંશ થઇને રહેતો હશે તે સમાજ ઉપર તેના સારા નરસા સંસ્કારોની અસર થવાની. એક મનુષ્ય બીડી પીતો હશે તો તે પોતાની આજુબાજુના લોકોમાં બીડીની તલપ જગાડી એ વ્યસનનું વાતાવરણ ઉભું કરશે. અફીણ પીનાર ચીનો પોતાના સમાજમાં તેજ રૂચિ કેળવશે. એક માણસ ખરો કેળવાયેલો હશે તો તે પોતાના સમાજમાં કેળવણીનું વાતાવરણ જાણ્યે કે અજાણ્યે ઉભું કરશેજ–એજ રીતે આખા સમાજમાં કે સમાજના મોટા ભાગમાં જે રીતભાત અને સંસ્કારો રૂઢ થઇ ગયા હશે (પછી તે ષ્ટ હોય કે અનિષ્ટ) તે રીતભાત અને સંસ્કારોથી તે સમાજના ઘટક માણસને મુક્ત રહેવું એ અશક્ય નહિ તો દુઃશક્ય જેવું થઇ પડશે. તાર કે ટિકિટ ઓફીસમાં કામ કરનારા અગર સ્ટેશનના કર્મચારીઓ વચ્ચે એકાદ જણ એવો જડશે કે જે લાંચને ધિક્કારતો હોય એટલુંજ નહિ પણ ગમે તેટલી લાંચની લાલચ છતાં તેનો ભોગ બનવા ઇચ્છતો ન હોય તો તેવા સાચુલા માણસને બાકીના લાંચીઆ વર્ગ તરફથી ભારે ત્રાસ પડવાનો; કારણ કે તે લાંચ ન લે એટલે સ્વાભાવિક રીતે જ બીજા લાંચીઆઓનો વિરોધ કરે અને તેમ થતાં બીજો આખો વર્ગ

એકસંપ થઇ કાં તો તેને લાંચ લેતો કરે અને કાં તો તેને હેરાન કરવામાં મણા ન રાખે. જો પેલો ભલો આદમી અસાધારણ હિમ્મત અને બુદ્ધિવાળો ન હોય તો તે બીજું કાંઇ નહિ તો છેવટે બીજાઓ લાંચ લે ત્યારે માત્ર તટસ્થ રહી આંખ મીંચામણાં કરે અને તેજ રીતે તેવા વર્ગમાં નભી શકે. એજ ન્યાયે આપણા દેશી આઇ. સી. એસને પરદેશી તે વર્ગમાં ઘણીવાર ઘણું અનિષ્ટ સહન કરવું પડે છે. આમ છતાં આવા અનિષ્ટોથી સમાજને બચાવવા સમજના આગેવાનો કે રાજ્યકર્તાઓ કાયદા કાનુનો ઘડે છે, અગર નીતિ નિયમો બાંધે છે. એક વખતે મોટી ઉમર સુધી કન્યાઓને કુમારી રાખવામાં અમુક અનિષ્ટ જણાવાથી સ્મૃતિશાસ્ત્રમાં નિયમ દાખલ થયો કે આઠ અગર નવ વર્ષની કન્યા ગૌરી હોઇ તેજ ઉમરે પરણાવી દેવી એ ધર્મ્ય છે. આ નિયમનું ઉલ્લંઘન કરનાર કન્યાનો પિતા અને કન્યા સમાજમાં નિંદાતાં. એ ભયથી એ નાની ઉમરના લગ્નની નીતિ ચાલી; વળી એ નીતિમાં જ્યારે બહુ અનિષ્ટ વધી ગયું ત્યારે તે તે સમાજના આગેવાનો અગર રાજ્યકર્તાઓને બીજો નિયમ ઘડવો પડયો. અને હવે ચૌદ કે સોળ વર્ષથી નાની ઉંમરમાં કન્યાનું લગ્ન કરનાર કાં તો શિક્ષિતો દ્વારા થતી નિંદાથી ડરે છે અને કાં તો રાજ્યના દંડભયથી ડરી નિયમનું પાલન કરે છે. એક કરજદાર માણસ ગમે તેટલી સંકડામણમાં પણ પોતાનું કરજ ચુકવવા મથે છે. એટલા માટે કે જો તે કરજ ન ચુકવે તો તેની શાખ જાય. અને શાખ જાય તો બીજાઓ ન ધીરે. તેમ થાય તો તેનો ધંધો જોખમાય. આ રીતે આપણે જોઇશું તો જણાશે કે સમાજમાં જે જે નીતિ નિયમો પ્રચલિત હોય છે તેનું પાલન લોકો કાં તો ભયથી અને કાં તો સ્વાર્થથી કરે છે. જો અમુક કામ કરવાની પાછળ અગર અમુક કામ ન કરવાની પાછળ ભય કે લાલચ ન હોય તો તે કામ કરનાર અગર ન કરનાર કેટલાં નીકળે એ મોટો સવાલ છે. કન્યા એ પણ એક પુત્રની પેઠે સંતતિજ છે અને તેથી તેને પણ છોકરા જેટલોજ હક હોવો જોઇએ. એમ ધારીને તેને દાયજો આપનાર માબાપ મળે તે કરતાં હજાર કે લાખગણા વધારે માબાપ એવું સમજીનેજ દાયજો કરનાર મળવાના કે જો ઠીક ઠીક દાયજો આપવામાં નહિ આવે તો લાયક વર કન્યા માટે નહિ મળે અને વળી આપણા છોકરાઓ સારે ઘરે નહિ વરે. એજ ભય કે સ્વાર્થ ઘણીવાર છોકરા છોકરીઓના શિક્ષણ પાછળ હોય છે. અને તેથીજ વ્યવહારૂ હેતુ સરતાં ઘણીવાર છોકરા છોકરીઓનું શિક્ષણ બંધ પડે છે (પછી ભલે તે છોકરા છોકરીઓ શિક્ષણ લેવાને લાયક હોય) કારણ કે એ શિક્ષણ કેવળ શિક્ષણ ખાતર અપાતું ન હતું. આ રીતે આપણે કેટલાક સમાજોમાં પુનર્લગ્નના પ્રતિબંધ વિષે પણ જોઇએ છીએ. જે સમાજમાં પુનર્લગ્ન નથી થતાં તેમાં પણ આજે ઘણા પુરૂષો અને સ્ત્રીઓ એમ ચોકખું માનનારાં હોય છે કે બલાત્કારી વૈધવ્ય એ ધર્મ્ય નથી. છતાં તેઓ પોતાની લઘુ પુત્રી કે બ્હેન જો વિધવા થાય તો તેની ઇચ્છા છતાં તેનું લગ્ન કરવા તૈયાર થતાં નથી. અને ઘણીવાર તો તેઓ પુનર્લગ્ન ઉપર પોતાની મરજી વિરૂધ્ધ સખ્ત જાપતો રાખે છે. બલાત્કારી બ્રહ્મચર્યની આ નીતિની પાછળ ભય અને સ્વાર્થ સિવાય બીજો કશો જ હેતુ હોતો નથી. ગૃહસ્થોની વાત બાજુએ મુકીએ અને ત્યાગી કે ગુરૂ ગણાતા વર્ગની અંદર જઇને જોઇએ તો પણ આપણને જણાશે કે તેમના ઘણા ખરા નીતિ નિયમો અને વ્યવહારોની પાછળ માત્ર ભય અને સ્વાર્થ જ રહેલા હોય છે. એકાદ ત્યાગીનો શિષ્ય અનાચારી થાય તો તે શિષ્યનો ગુરૂ તે શિષ્યની વૃત્તિ સુધરી છે કે નહિ તે જોયા સિવાય પણ એને વેશધારી ટકાવી રાખવાનો પૂર્ણ પ્રયત્ન કરશે. કારણ કે તેને એ શિષ્યની ભ્રષ્ટતાદ્વારા પોતાની પ્રતિષ્ઠા જવાનો ભય છે. કોઇ ગુરૂ વંઠે ત્યારે તે સંપ્રદાયના અનુગામીઓ એ વંઠેલ આચાર્યને પદભ્રષ્ટ કરતા અચકાશે અને તેના ઉપર બળાત્કારી બ્રહ્મચર્ય લાદવાનો પ્રયત્ન કરશે. કારણ કે તેમને પોતાનો સંપ્રદાયની પ્રતિષ્ઠા ઘટવાનો ભય છે. પુષ્ટિમાર્ગના આચાર્યનું વારંવાર સ્નાન અને જૈન ધર્મના સાધુનું સર્વથા અસ્નાન એ કોઇ કોઇવાર સામાજિક ભયને લીધેજ હોય છે. મોલવીઓના ગીતા પાઠમાં અને પંડિતોના કુરાન પાઠમાં પણ સામાજિક ભય અને સ્વાર્થ મોટે ભાગે નડતર રૂપ હોય છે. આ રીતે આપણે બારીકાઇથી તપાસીશું તો માલુમ પડશે કે સામાજિક નીતિ નિયમો અને રીતરિવાજોની પાછળ મોટે ભાગે ભય અને સ્વાર્થજ રહેલા હોય છે. ભય અને સ્વાર્થથી અનુસરાતા નીતિનિયમો છેકજ ફેંકી દેવા જોઇએ. અગર છેકજ નકામા છે અગર તેના સિવાય ચાલી શકે એમ કહેવાનો અહિં આશય નથી. અહિં તો એટલુંજ બતાવવું છે. કે નીતિ અને ધર્મ વચ્ચે શો તફાવત છે.

જે બંધન કે જે કર્તવ્ય ભય કે સ્વાર્થમુલક હોય છે તે નીતિ અને જે કર્તવ્ય ભય કે સ્વાર્થમુલક નહિ પણ શુધ્ધ કર્તવ્ય ખાતર જ હોય છે અને જે કર્તવ્ય માત્ર યોગ્યતા ઉપર જ અવલંબિત હોય છે તે ધર્મ. નીતિ અને ધર્મ વચ્ચેનો આ તફાવત કાંઇ નાનો સુનો નથી. જો આપણે જરીક ઉંડા ઉતરીને તપાસીશું તો સ્પષ્ટ દેખાશે કે નીતિ એ સમાજના ધારણ અને પોષણ માટે આવશ્યક છતાં પણ તેનાથી સમાજનું સંશોધન થતું નથી. સંશોધન એટલે શુદ્ધિ અને શુદ્ધિ એટલે જ ખરો વિકાસ એ સમજ જો વાસ્તવિક હોય તો એમ કહેવું જોઇએ કે એવો વિકાસ તો ધર્મનેજ આભારી છે. જે સમાજમાં ઉપર કહેલ ધર્મ જેટલે અંશે વધારે અનુસરાતો હોય તે સમાજ તેટલે અંશે ચડીઆતો.

આ વસ્તુ વધારે સ્પષ્ટતાથી સમજાય એટલા માટે કેટલાક દાખલાઓ લઇએ. બે જણ એવા કલ્પો કે જેમાં એક ટિકિટ માસ્તર પોતાના ખાતાનો હિસાબ બરાબર ચોકસાઇથી સાચવે છે અને રેલ્વે ખાતાને એક પાઇ પણ નુકસાન થાય તેટલી ભૂલ નથી કરતો એટલા સારૂ કે જો ભૂલ આવે તો દંડાવાનો અગર નોકરી જવાનો ભય છે. પણ એટલી જ ચીવટવાળો તે માસ્તર જો બીજો ભય ન હોય તો મુસાફરો પાસેથી લાંચ લે છે, જ્યારે બીજો આપણો કલ્પેલો સ્ટેશન માસ્તર હિસાબની ચોકસાઇ ઉપરાંત લાંચ મળવાનો અને પચી જવાનો ગમે તેટલો અનુકુળ પ્રસંગ છતાં લાંચ નથી જ લેતો એટલું જ નહિ પણ તે લાંચખોરીનું વાતાવરણ નથી પસંદ કરતો. એજ રીતે એક ત્યાગી વ્યક્તિ ખુલ્લી રીતે પૈસા લેવામાં કે રાખવામાં અકિંચનવ્રતનો ભંગ લેખી પૈસા હાથમાં નહિ લે કે પોતાની પાસે નહિ સંઘરે. અને છતાં જો તેના મનમાં અકિંચનપણું આવ્યું નહિ હોય એટલે કે લોભનો સંસ્કાર ગયો નહિ હોય તો તે ધનિક શિષ્યો મેળવી મનમાં ફુલાશે અને જાણે પોતે જ ધનવાન હોય એ રીતે બીજા કરતાં પોતાને ચડીઆતો માની ગર્વભરેલા હુંપદનો વ્યવહાર કરશે, જ્યારે બીજો ત્યાગી જો ખરો ત્યાગી હશે તો પૈસા પોતાની માલકીના પાસે નહિ જ રાખે અને પાસે હશે તો પણ તેના મનમાં જરાય નહિ હોય અભિમાન કે જરાય નહિ હોય પોતાના અલગ સ્વામીપણાનું ગૌરવ. તે ગમે તેટલા ધનિકોની વચ્ચે રહેવા છતાં અને ધનિકોની સેવાના પ્રસંગોમાં આવવા

છતાં નહિ તેનાથી ફુલાય કે નહિ તેને લીધે બીજા કરતાં પોતાને ચડીયાતો માને. આનું પરિણામ એ આવવાનું કે જો નીતિની દૃષ્ટિએ ત્યાગીઓ સમાજમાં હશે તો તે સમાજ ચડેલો કે શુધ્ધ નહિ હોય; કારણ કે તેમાં ત્યાગીના વેશમાં રહી એવી રીતે ભોગ સેવાતો હશે કે જેથી ત્યાગ ઢાંકયો ગણાય અને ભોગ પણ પોષાય. એવી સ્થિતિમાં ત્યાગીઓ વચ્ચે સીધી રીતે પૈસો મેળવવાની કે સંઘરવાની ગૃહસ્થોની પેઠે હરીફાઈ નહિ હોય, પણ બીજા કરતાં વધારે પૈસાદાર શિષ્યો બનાવવાની અગર યેનકેન પ્રકારેણ પૈસાદાર શિષ્યોને રીઝવી, સમજાવી, ભોળવી, પોતાના બનાવી રાખવાની ગૂઢ હરીફાઈ તો અવશ્ય હશે અને એવી હરીફાઈમાં તેઓ જાણ્યે અજાણ્યે સમાજની સેવા કરવાને બદલે કુસેવા જ વધારે કરતાં હશે. તેથી ઉલટું સમાજમાં જો ધર્મદૃષ્ટિએ ત્યાગી હોય તો તેઓને નહિ તો હોય પૈસા મેળવવાની કે સંઘરવાની હરિફાઇ, અગર નહિ તો હોય પૈસાદાર ચેલાઓને પોતાના જ બનાવી રાખવાની ફીકર એટલે તેઓ શિષ્યસંગ્રહ કે શિષ્યપરિવાર વિષે તદ્દન નિશ્ચિન્ત હશે અને માત્ર સમાજ પ્રત્યેના પોતાના કર્તવ્યમાં જ પ્રસન્ન હશે. એટલે એવા બે ત્યાગીઓ વચ્ચે નહિ તો આવવાનો અદેખાઇનો અગર કલેશનો પ્રસંગ. એજ રીતે તેમને લીધે તેઓ જે સમાજમાં રહેતા હશે તે સમાજમાં પણ વિખવાદનો પ્રસંગ કદિ ઉભો થવાનો નહિ. આ રીતે આપણે જોઈ શકયા કે એક સમાજમાં ગમે તેટલા નીતિ–ત્યાગી હોય છતાં તેનાથી તે સમાજનું કલ્યાણ ન થતાં વધારે અકલ્યાણ જ થવાનું, જ્યારે કોઇ બીજા સમાજમાં સાચો ધર્મત્યાગી એક હોય તો પણ તે સમાજની શુદ્ધિ ખૂબ જ વધારવાનો. એક બીજો દાખલો લઇએ. કોઇ સંન્યાસી ભોગ વાસના પ્રગટ થતાં સમાજમાં અપજશ થવાના ભયથી દેખીતી રીતે ત્યાગી રહી અનાચાર ગુપ્તપણે સેવ્યા કરે, જ્યારે બીજો ત્યાગી તેવી વાસના પ્રગટ થતાં જો વાસનાને શમાવી ન શકે તો ગમે તેટલો અપવાદ અને તિરસ્કારનો સંભવ છતાં ખુલ્લે ખુલ્લું ગૃહસ્થપણું સ્વીકારે આ બે કીસ્સામાં પેલા ગુપ્તભોગી કરતાં આ પ્રગટભોગી જ સમાજની શુધ્ધિ વધારે સાચવવાનો; કારણ કે પેલાએ ભયને નથી જીત્યો, જ્યારે બીજાએ ભયને જીતી અંતર અને બહારની એકતા સાધી નીતિ અને ધર્મ બન્નેનું પાલન કર્યું છે. આ લાંબી ચર્ચા ઉપરથી જોઇ શકાશે કે સમાજની ખરી શુદ્ધિ અને ખરા વિકાસ માટે ધર્મની જ એટલે કે નિર્ભય, નિઃસ્વાર્થ અને જ્ઞાનપૂર્ણ કર્તવ્યની જ જરૂરીયાત છે.

અપૂર્ણ

પંડિત સુખલાલજી

કેટલાક સમાચાર અને નોંધ

એક ઉપર બીજી

થોડા સમય પહેલાં અમદાવાદના એક વખતના મીલ માલેક શેઠ રણછોડલાલ અમૃતલાલે એક પત્ની હયાત હોવા છતાં બીજી પત્ની કર્યાના સમાચારે છાપામાં ટીક ચકચાર ઉભી કરી હતી. જુની ઢબે રહેતા અને જુના વિચારો ધરાવતા માણસો આવાં લગ્ન કરે તો તેમાં કોઇ આશ્ચર્ય ન પામે કે તેની કોઇ ટીકા ન કરે. પણ આજ કાલ આવાં લગ્નો કેળવાયલા, સુશિક્ષિત અને સુધરેલા વિચારના ગણાતા માણસો જ કરતા સંભળાય છે. અને તેથી આવાં લગ્નો ભારે આશ્ચર્ય ઉપજાવે છે અને આઘાત આપે છે. શ્રી. રણછોડભાઇની ઉમ્મર લગભગ ૫૧ વર્ષની છે અને વર્ષોનાં સુખદુઃખનાં સાથી અને ચડતી પડતીનાં સાક્ષી તેમનાં પત્ની આજે હયાત છે. શ્રી. રણછોડભાઇ થોડા સમય પહેલાં સોલાપુર રહેતાં હતા અને ત્યાંની મીલમાં એક મોટા ઓફીસર હતા. લખનૌની એક યુવાન કુમારિકા પ્રકાશ વર્મા બનારસ હિંદુ યુનીવર્સીટીની એમ. એ. થયેલી પી. એચ. ડી. ની તૈયારી કરતી હતી, અને તે માટે તેણે 'Indian labour problem'–'હિંદી મજુરોનો પ્રશ્ન'–આ વિષય પસંદ કર્યો હતો. મજુરોની સ્થિતિ જાતે નિહાળવાના આશયથી એક પછી એક ઉદ્યોગકેન્દ્રમાં ફરતી ફરતી તે સોલાપુર આવી ચઢી. રણછોડભાઇ સાથે તેને પરિચય થયો. આ પરિચય આખરે ઉભયના લગ્નમાં પરિણમ્યો.

કહેવામાં આવે છે કે આ લગ્ન તેમણે પોતાની પત્નીની સંમતિથી કર્યું છે. પણ આવી સંમતિનો કશો જ અર્થ હોતો નથી એ સૌ કોઇ સમજે છે. આવી સમજણને વહેતી મૂકવી એ દાઝયા ઉપર ડામ દેવા બરોબર છે.

શ્રી રણછોડભાઇ અમદાવાદના એક બહુ જાણીતા માણસ છે. તેમણે સત્યાગ્રહની લડતમાં સારો ભાગ લીધેલો. તે લડત દરમિયાન દીલ્હી ખાતે મળેલી રાષ્ટ્રીય મહાસભાની અસાધારણ બેઠકના તેઓ પ્રમુખ થયેલા. સત્યાગ્રહ આશ્રમ વિસર્જન કર્યા બાદ ગાંધીજી અમદાવાદ જતા ત્યારે તેમને ત્યાં ઉતરતા. તેઓ સુધારક વિચારના આગેવાન લેખાતા. સામાજિક બાબતોમાં તેઓ બહુ જ આગળ પડતા વિચારો ધરાવતા. આ બધું છતાં આજે તેમણે આવું લગ્ન કેમ કર્યું એ એક મોટો કોયડો છે. શું આજે તેમના વિચારો બદલાઇ ગયા ? શું આજે તેમની પરિસ્થિતિમાં એવું કોઇ મોટું પરિવર્તન થઇ ગયું ? આવો તો કોઇ મોટો ફેરફાર જાણ્યો નથી. તો પછી આ બનાવનો શું ખુલાસો ?

ઘણી વખત આપણા અનુભવવામાં આવ્યું છે કે દેશસેવક તરીકે ખ્યાતિ પામેલી વ્યક્તિની સર્વ પ્રવૃત્તિનો પ્રેરક હેતુ શુધ્ધ દેશસેવાનો નથી હોતો, પણ નરી મહત્વાકાંક્ષા જ હોય છે. આ દેશસેવાની ભાવના અને મહત્વાકાંક્ષાની સાધના જ્યાં સુધી એકમેક ને અનુકુળ હોય છે ત્યાં સુધી તે વ્યક્તિનો આન્તર્ગત પ્રેરક હેતુ પ્રગટ થતો નથી. પણ જેવી દેશસેવા અને મહત્વાકાંક્ષા વચ્ચે અથડામણ ઉભી થાય છે કે તુરત જ તે વ્યક્તિનું મૂળ માનસ બહાર પડે છે અને પ્રજાને તેની આંકણી કરવામાં થયેલી ભૂલનું ભાન થાય છે.

આવી જ રીતે કહેવાતા સુધારકની પાછળ કેવળ મનસ્વી અને પોતાનું સુખ શોધતું માનસ છુપાયલું હોય છે. તે સમાજ સુધારાની મોટી મોટી વાતો કરતો હોય છે. સ્ત્રી–સ્વાતંત્ર્યનો મોટો હિમાયતી હોય છે, વિધવા–વિવાહ અને લગ્ન–વિચ્છેદનો પક્ષકાર હોય છે, અને સામાજિક ક્રાંતિની અવનવી યોજનાઓનો સમર્થક હોય છે. પણ આ બધું જ્યાં સુધી તેની મનસ્વીતા કે સુખસાધનાને બાધ ન આવે ત્યાં સુધી બરોબર ચાલે છે. પણ જેવો એક એવો તરંગ તેના મનમાં ઉભો થયો–જેવી એક એવી કામના તેના દિલમાં પ્રબળપણે જાગ્રત થઇ કે જેનો તેની આગળની સુધારક વાતો સાથે કોઇ મેળ મળવો મુશ્કેલ અથવા અશકય હોય–આવું બને કે તુરત જ આ ઉગ્ર સુધારક તરીકે લેખાતી વ્યક્તિ બધી સુધારાની વાતોને તિલાંજલિ આપે છે, પોતાની મનોકામના સિધ્ધ કરવા આડે ન્યાય–અન્યાય વિચારવાની તે ચોખ્ખી ના પાડે છે. 'હું તો મને ગમે છે તે કરવાનો જ. ભલે આખી દુનિયા ડુબી જાય' આવી તેની અંદર રહેલી મનોદશા બહાર આવે છે અને લોકો ચકિત થાય છે. 'હું અને મારૂં સુખ' એજ તેમની સર્વ પ્રવૃત્તિઓનું ધ્રુવ પદ હોય છે.

(અનુસંધાન પૃષ્ટ ૪૭ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

જુલાઇ ૧ ૧૯૪૧

અવિશ્વસનીય સમાજસ્વાસ્થ્ય

દુનિયાની પરિસ્થિતિ

શરીર સારું અને તન્દુરસ્ત હોય ત્યારે આપણને તે સ્વાસ્થ્યની પુરી કદર કે કીંમત હોતી નથી તેમ જ તે સ્વાસ્થ્ય કઇ કઇ બાબતો ઉપર નિર્ભર હોય છે તેનો પણ કશો ખ્યાલ હોતો નથી. આપણે હરીએ છીએ, ફરીએ છીએ, ખાઇએ છીએ અને પીઇએ છીએ અને શરીર પાસેથી બધું કામ લઇએ છીએ અને એમ બરોબર માનીએ છીએ કે શરીરે એ મુજબ કામ આપવું જ જોઇએ. પણ શરીર જ્યારે વિકલ બને છે ત્યારે આપણી સર્વ કાર્યશક્તિ નબળી પડે છે, કંઇ પણ કામ કરવા જઇએ છીએ અને નબળું કે વ્યાધિગ્રસ્ત શરીર આડે આવે છે. કોઇ દિવસ માથું દુખવા આવે છે તો કોઇ દિવસ પેટ દુખવા આવે છે; આજે એક ઉપાધિ તો આવતી કાલે બીજી; કોઇ પણ બાબત કે પ્રવૃત્તિમાં ચેન જ પડતું નથી. પોતાની જાતમાંથી તેને વિશ્વાસ જ ઉઠી જાય છે. આવી પરિસ્થિતિમાં આગળનું એક-ધારું સ્વાસ્થ્ય તેને યાદ આવે છે અને મનમાં પ્રશ્ન થાય છે કે એ સ્વાસ્થ્ય વધારે વાસ્તવિક હતું કે આજનું અસ્વાસ્થ્ય વધારે વાસ્તવિક છે? એમ પણ શંકા ઉઠે છે કે આવી જટિલ રચના-વાળા શરીરયંત્રમાં એક સરખું સ્વાસ્થ્ય સંભવી જ કેમ શકે?

આવી જ સ્થિતિ સામાજિક સ્વાસ્થ્યની છે. જ્યારે ચોતરફ સુલેહ અને શાંતિ હોય છે અને સમાજના સર્વ વ્યવહારો યથા-પ્રકારે ચાલ્યા કરતા હોય છે ત્યારે આ બધી નિયમિતતા અને વ્યવસ્થિતતા કયા કયા તત્ત્વોને આભારી છે તેની આપણને કશી કલ્પના હોતી જ નથી. માણસો આમ જ રહે અને આમ જ વર્તે, સમાજવ્યવહાર આમ જ ચાલે, કોઇ કોઇને વિનાકારણ દુઃખ કરે જ નહિ, બધાંય પરસ્પરની સગવડ અગવડ સંભાળીને જ ચાલે, કોઇ કોઇની માલ મીલ્કતને અડકે જ નહિ, જાનમાલ જાળવવાની કદિ કોઇને ચિન્તા હોય જ નહિ—આવી માન્યતાઓ ઉપર નિર્ભર રહીને આપણે સમાજમાં વસીએ છીએ, ફરીએ હરીએ છીએ અને સામાન્ય વ્યવહારો ચલાવીએ છીએ. પણ એક વખત સમાજના એક વર્ગનો અન્ય વર્ગ સાથે કોઇ વિસંવાદ ઉભો થાય છે અને તીવ્ર સ્વરૂપ પકડે છે અથવા તો સમાજનો અમુક વર્ગ સમાજ વ્યવહારને લગતો સ્વાભાવિક સંયમ ગુમાવે છે કે એકા-એક અવ્યવસ્થા ઉભી થાય છે, માણસનું માણસ પ્રત્યેનું સન્માન ઓસરી જાય છે, લેવડદેવડ અને સરળ વ્યવહાર અટકી પડે છે, ગઇ કાલે સાથે ખાતા પીતા અને વ્યાપાર વ્યવહાર કરતા હતા તે જ ભાઇઓ આજે એકમેકને દુશ્મન જેવા નિહાળવા માંડે છે; પરસ્પર સ્વીકારાયલી માનમર્યાદા તુટી જાય છે. સમાજ માનસ ઉપર સેતાન સવાર થાય છે અને ભિન્ન ભિન્ન વર્ગની વ્યક્તિઓની દૃષ્ટિઓને વિકૃત બનાવી દે છે. માનવસભ્યતા બાજુએ મુકી દેવામાં આવે છે. ભાઇ ભાઇને મારે છે અને લૂંટી લે છે. આવી સ્થિતિ ઉભી થતાં અને ચાલુ રહેતાં આપણે બધાં આગળ કેમ સંપીને હળીમળીને રહેતા અને આપણો બધો વ્યવહાર કેમ સુખરૂપ ચલાવતા, આજે ગણાતા દુશ્મન પક્ષની વ્યક્તિઓ સાથે એક કુટુંબી જેવું આપણે પ્રેમ અને સદ્‌ભાવભર્યું જીવન કંઇ રીતે જીવતા-આ બધું આપણને આશ્ચર્યકારક લાગે છે. ચોક્કસ સંયોગો અને પરિસ્થિતિ વચ્ચે જે સરળ અને સ્વાભાવિક લાગતું તે સંયોગો અને પરિસ્થિતિ બદલાતાં અને સમાજના કોઇ પણ અગત્યના વિભાગનું માનસ વિકૃત બનતાં આપણા માટે બધું જ અસરળ અને અસ્વાભાવિક બની જાય છે, માનવોચિત સભ્યતા વિસરી જવાય છે, અવ્યવસ્થા, અશાન્તિ અને અરાજકતાની ચુડમાં આખો સમાજ સપડાઇ જાય છે.

આજે યુરોપની દુનિયામાં ચાલી રહેલી યાદવાસ્થળી આજ પરિસ્થિતિનું દર્શન કરાવે છે. બધાં જ ભાઇભાંડુ. કોણ કોનાથી જાદું? દેશદેશની ભૌગોલિક મર્યાદાઓથી માનવી માનવી વચ્ચે કશું જ અન્તર પડતું નથી. એમાં પણ પાસે પાસે વસતી, સૈકાઓથી પરસ્પર વ્યવહાર કરતી અને એક જ સંસ્કૃતિ કે ધર્મને ઉપાસતી પ્રજા પ્રજા વચ્ચે આવો કશો ભેદ કે અંતર સંભવ-તું જ નથી. આમ છતાં પણ જર્મનો અંગ્રેજોને અને અંગ્રેજો જર્મનોને આજે દુશ્મન જ ભાળે છે. આજે જર્મની જે જે દેશો ઉપર આક્રમણ કરી રહેલ છે અને અનુકુળ ન બનતી પ્રજા ઉપર બોંબવર્ષાનો કાળો કહેર વર્તાવી રહેલ છે તે તે દેશની પ્રજા અને જર્મની વચ્ચે માનવી માનવી તરીકે બીજો કયો મહત્વનો ભેદ છે? એમ છતાં એ બાજુ આજે નર્યો હત્યાકાંડ ચાલી રહ્યો છે.

આવી જ રીતે આપણુ સર્વને આજે ઉદ્વિગ્ન બનાવી રહેલા ડાકા, અમદાવાદ કે મુંબઇના બનાવો પણ સમાજશરીરની આવી જ કોઇ વિકલતા સૂચવે છે. કોણ હિંદુ! કોણ મુસલમાન! બધાં એક જ દેશના વતનીઓ અને એકમેક સાથે સદીઓથી જોડાયલા અને વીંટળાયલા. ઉભયના સ્વાર્થ અને પરમાર્થ પણ એકસરખા ઓતપ્રોત. એક જ જનનીના સપુતો. આમ છતાં પણ અને આટલાં વર્ષોની રાષ્ટ્રીય હીલચાલ ચાલવા છતાં પણ આપણા દેશમાં પાકીસ્તાનની હીલચાલ ઉભી થઇ શકે એ પ્રજામાનસની કોઇ વિચિત્ર અને ચિંતાજનક વિકૃતિ સૂચવે છે. ડાકા, અમદાવાદ કે મુંબઇના બનાવો ઉપરથી પ્રજાશરીરમાં કયાંક ભારે સડો છે એવું અનુમાન થયા સિવાય રહેતું નથી, આજે કેવી વિચિત્ર અને સાધારણ રીતે કલ્પનામાં ન આવે એવી ઘટનાઓ બની રહી છે? ડાકાનું પ્રકરણ તો ગુંડાઓની કેવળ પીશાચલીલા હતું જ. અમદાવાદના હુલ્લડની શરૂઆતમાં જે જાનમાલ તેમજ મીલ્કતની ખુવારી આપણે જોઇ તે ડાકા પ્રકરણની જ એક નાની આવૃત્તિ હતી. મુંબઇમાં એક વાર વાતાવરણ તંગ બન્યું અને શમી ગયું; બીજી વાર શરૂ થયું અને જે જે બનાવો બન્યા તેમાં હીચકારાપણા સિવાય બીજું શું છે? જે સમાજમાં સભ્ય પ્રજા વસે છે તે જ સમાજના એક છેડે ગુંડાઓ અને બીજે છેડે બાયલાઓ વસે છે. ગુંડાગીરીનો વેગ આવે છે ત્યારે સામાન્ય સભ્યતા ઓસરી જાય છે, સામાન્યપણે સ્વસ્થ દેખાતી સમાજનું અસ્વાસ્થ્ય આવા જ સ્વરૂપે પ્રગટ થાય છે. ચાલુ સ્વાસ્થ્યથી ટેવાયલા આપણે આપણી આસપાસ બનતું જોઇને આશ્ચર્ય ચકિત થઇએ છીએ. સ્વાસ્થ્યની ઘોર નિદ્રામાં સુતેલા આપણે અસ્વાથ્યનો કશો પણ સામનો કરવાને તૈયાર હોતા નથી. પણ આજની દુનિયામાં જે ઉથલપાથલની આંધી ઉભી થઇ છે તે સામે આંખ આડા કાન કર્યે આપણને નહિ ચાલે. પારકા ખંડમાં ચાલી રહ્યું હતું તેનો વાસ્તવિક ખ્યાલ આપણને નહોતો આવતો. આજે તેવી જ ચીનગારીઓ આપણા

દેશમાં ઉડવા લાગી છે. આવતી આંધીને આપણે બરોબર સમજીએ અને તેને પહોંચી વળવા આપણે બરોબર કટિબદ્ધ થઇએ. સંભવ છે કે આપણે ત્યાં દેખાતી અસ્વસ્થતા કે અરાજકતા ચિરાયુષી ન હોય ! જે સમાજમાં એક વખત દાનવવૃત્તિ ઉળળી આવે છે તે જ સમાજના અન્તર્ભાગમાંથી દાનવવૃત્તિને ઠારી દેનારૂં અને સ્વાસ્થ્યને પ્રેરનારૂં તેમ જ પસારનારૂં દિવ્ય બળ પણ કોઇ વખત એકાએક જન્મ પામે છે અને ચૌતરફ ઘેરાયલાં વાદળોને વિખેરી નાંખે છે. ચોમાસાની ઘનઘોર રાત્રીએ શરત્પૂર્ણિમાને આપણે ભુલી જઇએ છીએ. પણ તે શરત્પૂર્ણિમા પણ આવ્યુક આવે છે. સમાજ માનસમાં રહેલી સાદી સમજ–Commonsense–અને વ્યવહારદક્ષતા સમાજની અસમ તુલાને સમધારણ ઉપર લાવવામાં ભારે મદદરૂપ થાય છે. આ રીતે આપણે આશા રાખીએ કે આપણે ત્યાં આરંભાયેલું ભારે કમનશીબ અને ભયસૂચક કોમી પ્રકરણ અને ગુંડાગીરીનું તાંડવ બહુ લાંબો સમય નહિ ચાલે અને એકદીલી અને સમભાવની પુનઃ સ્થાપના થયા વિના નહિ રહે. પણ એ આશા ઉપર નિરાંત લઇને આપણે હવે સુઇ શકતા નથી. સૂચક ચિહ્નો ભારે વિચિત્ર છે અને સંભવ છે કે આજના બનાવો આવતી કાલે બનનાર બનાવોની અપેક્ષાએ કેવળ મામુલી હોય. આંખો સામે અંધકાર ઉભરાતો જાય છે, ભાવી ભયાનક દિસે છે, આવતી કાલ પ્રકાશવિહોણી ભાસે છે. એક તો આજનો યુદ્ધવિપ્લવ, બીજું પાકીસ્તાન, ત્રીજું કોમી રમખાણોએ પકડેલું વિચિત્ર સ્વરૂપ–આ બધીય આન્તર્બાહ્ય સ્વસ્થતાનો સર્વથા નાશ કરે એવી વિચિત્ર ઘટનાઓ છે. આ બધાંથી ભડકી ન જતાં–કારણ કે ભડકવાથી અનર્થ અને દુર્દશાની જ વૃધ્ધિ થાય છે–મજબુત મને અને કઠોર છાતીએ આવતી ઘટનાનો આપણે સામનો કરવો રહ્યો.

દેશની કોમી પરિસ્થિતિ

યુરોપમાં ચાલી રહેલો વિગ્રહ તો હજુ દૂર બનતી બીના છે. પણ આપણા દેશમાં પ્રજ્વલિત થયેલો કોમી હુતાશ આજે સૌ કોઇને ગમગીન અને ચિન્તાતુર બનાવી રહેલ છે. આજ પહેલાના અને આજે ચાલી રહેલ કોમી રમખાણમાં મોટો તફાવત એ છે કે આગળના કોઇ પણ કોમી વીખવાદ સાથે એક અથવા બીજું કોઇને કોઇ ધાર્મિક કારણ જોડી શકાતું. આજે ઉપસ્થિત થયેલાં કોમી રમખાણોને ઉત્તેજક એવો કોઈ પણ તાત્કાલિક બનાવ શોધ્યો જડતો નથી. આજે જે કાંઇ બને છે તે ચોક્કસ પ્રકારનો કેટલાક સમયથી ચાલી રહેલો વિચારપ્રચાર અને તેના અનુસંધાનમાં યોજાયલી વ્યવસ્થિત રચનાનું જાણે કે પરિણામ હોય એમ લાગે છે. આ કેમ ટળે અને શમે તેના અનેક ઉપાયો અને યોજનાઓ આજે વિચારાઈ રહી છે. પણ આજે દેખાતું દર્દ કોઇ ઉપાય કે યોજનાથી એકાએક શમી જાય એમ સંભવતું નથી. જ્યારે દેશ ઉપર કોઇ ચેપી વ્યાધિ–Epidemic–નો મોટો હલ્લો આવે છે, ત્યારે તેથી બચવાના ગમે તેટલા રામબાણ ઉપાયો શોધવામાં આવે છતાં તે વ્યાધિ પોતાનો ભોગ ઠીક ઠીક પ્રમાણમાં ન લે ત્યાં સુધી શમતો નથી. આજે રાષ્ટ્રના રાજકારણી દેહમાં પાકીસ્તાન, શીખીસ્તાન કે હિંદુસ્તાનના નામે જે ચોક્કસ પ્રકારનું ઝેર વહેતું કરવામાં આવ્યું છે તે શુભ ભાવના ભાવવાથી કે 'શઠં પ્રતિ શાઠ્યં' જેવી યોજનાઓ વિચારવાથી, ચર્ચવાથી કે અમલમાં મુકવાથી એકાએક શમી જાય એમ માનવાને કશું જ કારણ નથી. પાકીસ્તાનના પુરોહિત ઝીણાએ ઘણું ખરૂં બેંગલોરમાં લગભગ એવા અર્થનું કહ્યું જ છે કે મુંબઇ અમદાવાદમાં જે કાંઇ બની રહ્યું છે તેને કોઇ ધાર્મિક બાબતો સાથે નહિ પણ રાજકીય કારણો સાથે જ સંબંધ છે અને તે રાજકીય કારણોનો જ્યાં સુધી નિકાલ કરવામાં નહિ આવે અને પાકીસ્તાનની યોજના સ્વીકારવામાં નહિ આવે ત્યાં સુધી આવું ચાલ્યા જ કરશે. આ બધું એક જ બાબત સૂચવે છે કે આપણી સામે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિનું કોકડું આજે એકદમ સહેલાઇથી ઉકેલી શકાય તેમ નથી. આ બાબતનો નિકાલ ત્યારે જ આવે કે જ્યારે હિંદુ તેમ જ મુસલમાન કોમના નાના મોટા સૌ કોઇના દિલમાં એવી પરિપકવ પ્રતીતિ ઉભી થાય કે આ દેશમાં આપણે સૌ–હિંદુ અને મુસલમાન–વાણોતાણાની માફક એકમેક એવી રીતે ગોઠવાયા છીએ કે તેમને જુદા પાડવાની અને આ દેશમાં 'હિંદુસ્તાન' અને 'પાકીસ્તાન' ઉભા કરવાની વાત કેવળ મિથ્યા, અવ્યવહાર અને અનર્થકારી છે અને તેથી એવી ભ્રમણા નીચે આજે ચાલી રહેલું ગુંડાગીરીનું તાંડવ આપણે એકઠા મળીને અટકાવવું જ જોઇએ. જેમાં બન્ને વર્ગની પારાવાર ખુવારી છે, તે આ હુલ્લડનીતિનો અને પીઠ પાંછળ ઘા કરવાની રીતિનો એકદમ અન્ત આવવો જ જોઇએ. આવી પરિપકવ પ્રતીતિ થાય તો જ કોમી ઐક્ય પુનઃ સ્થાપવાનો બન્ને પક્ષના આગેવાનોનો સાચા દિલનો પ્રયાસ સંભવી શકે. પણ એ દિવસ કયારે આવે ? આવું ભાન ઉભું કરાવવા માટે આપણે શું કરવું ? એ ભાન ઉભું ન થાય ત્યાં સુધી આપણે કેમ વર્તવું ? અને જ્યાં જ્યાં એક કોમના ગુંડાઓ અન્ય કોમના નિર્દોષ ભાઇ બહેનોના જાન માલની ખુવારી કરતા હોય ત્યાં ત્યાં બીજી કોમના માણસોએ શું કરવું ? આવા અનેક સવાલો આપણી સામે આવીને ઉભો રહે છે.

વેરનો બદલો વેર–હિંસા સામે હિંસા—એકની સામે બે–એ તો એક સામાન્ય પ્રાણી માત્રની સાહજિક વૃત્તિ છે. પણ જેઓ દેશની પરિસ્થિતિ જાણે છે અને હિંસાના ગુણાકારો પરિણામે કેટલા અનર્થકારક નીવડે છે તે બરોબર સમજે છે તેઓ ઉપર જણાયેલી નીતિ અખત્યાર કરે જ નહિ, તેમજ કોઇને તે રસ્તે જવાનું કહે જ નહિ. થોડા દિવસ પહેલાં આચાર્ય કિરપલાણીજીએ આક્રમણકારી વર્ગનો આક્રાન્ત વર્ગે આર્થિક બહિષ્કાર કરવો જોઇએ અને એ રીતે આક્રમણકારી વર્ગની બુદ્ધિને ઠેકાણે લાવવા પ્રયત્ન કરવો જોઇએ એમ સૂચવેલું. પણ આ સૂચના અનેક રીતે અવ્યવહાર અને અસ્વીકાર્ય લાગે છે. એક તો આવાં કોમી રમખાણોમાં ઘણી વખત કયો વર્ગ આક્રમણ કરનાર છે અને કયો વર્ગ આક્રમણનો ભોગ બન્યો છે એનો નિર્ણય કરવો મુશ્કેલ હોય છે. બીજું આર્થિક બહિષ્કારને સામાજિક બહિષ્કારથી જુદો પાડવાનું લગભગ અશકય જ છે અને સામાજિક બહિષ્કાર કરવાનું કહીએ તો તો પાકીસ્તાનને જ નોતરૂં આપ્યું કહેવાય. આપણી કોમી પરિસ્થિતિની ખરી ગુંચ એમાં રહેલી છે કે એક બાજુએ આપણાં નિર્દોષ ભાઇ ભાંડુઓનાં ખુન આપણાથી જોઇ કે સહી શકાતા નથી અને બીજી બાજુએ હિંદુ મુસલમાન વચ્ચે અંટસ અને વૈરવિરોધ વધે એવી કોઇ યોજના કે કાર્યક્રમ આપણું રાષ્ટ્રપ્રેમી હૃદય કબુલ કરી શકતું નથી. વળી જે વર્ગના ગુંડાઓ મારી જાય છે તે વર્ગના લોકોને બીજા વર્ગે બરોબર હાથ બતાવી દેવો જોઇએ એમ કહેવામાં કે આચરવામાં આખરે પરિણામશૂન્ય અનર્થપરંપરા જ આવીને ઉભી રહે છે.

આ પ્રશ્નના અંગે હિંસા અહિંસાનો પ્રશ્ન ભારે ગુંચવણ ઉભી કરે છે. અહિંસાની દૃષ્ટિ બાજુએ રાખીએ તો પણ લાંબા પરિણામની દૃષ્ટિએ પણ જે વર્ગના ગુંડાઓ આપણને મારી જાય તે વર્ગના લોકો ઉપર એવી જ ગુંડાગીરી અખત્યાર કરવાનું

આપણે કદિ ન વિચારીએ કે કદિ ન કહીએ. પણ જે ગુંડો આપણા સ્વજન સામે છરી લઇને ધસી આવે છે તેની સાથે આપણે કેવો વર્તાવ રાખવો ? તે ગુંડા સામે જરૂરી બળનો ઉપયોગ કરીને પણ તેને અસમર્થ બનાવવો કે વચ્ચે પડીને તેની છરી આપણે જાત ઉપર ઝીલી લેવી પણ તે ગુંડાને કશી પણ ઇજા ન કરવી ? સામાન્ય પ્રજાના ચાલુ વ્યવહારમાં અહિંસાનો આટલો ઝીણવટ-ભર્યો વિચાર સંભવી શકે તેમ છે જ નહિ. આવા પ્રસંગે ગુંડાનો સામનો કરવાનો ધર્મ જે કોઇ સમીપમાં હોય તે દરેકને પ્રાપ્ત થાય છે. કશો પણ સામનો કર્યા સિવાય પાસે ઉભેલા સ્વજન ઉપર ગુંડાની છરી ચાલવા તો ન જ દેવાય. સામનો તો કરવો જ રહ્યો. પણ કઇ રીતે એ એક આજે મોટો પ્રશ્ન બન્યો છે. ગાંધીજીએ આપણને આપેલી અહિંસાની વિશિષ્ટ દૃષ્ટિ એક રીત સૂચવે છે અને તે એ કે પેલો ગુંડો અને તેનો શિકાર–એ બે વચ્ચે પોતાની જાત હોમી દેવી અને એ રીતે શકય તેટલો તે ગુંડાનો સામનો કરવો. બીજો માર્ગ ગુંડા ઉપર જરૂર પુરતું બળ વાપરીને પણ તેને અસમર્થ બનાવવાનો અને એ રીતે અન્યનું રક્ષણ કરવાનો છે. આ માર્ગ અહિંસાધર્મની વિશિષ્ટ દૃષ્ટિ સાથે સંગત નથી એ આપણે કબુલ કરવું જ જોઇએ. પણ આજે અહિંસા ધર્મના આ પ્રકારના પાલન કરતાં પણ પાસે ઉભેલા સ્વજનને કોઇ રીતે બચાવવાનો પ્રશ્ન જ આપણને વધારે અગત્યનો લાગે છે અને તેથી આજની પરિસ્થિતિ આટલા અપવાદ અથવા તો છુટછાટની અપેક્ષા રાખે છે એમ આપણામાંના ઘણા ખરા ઉત્કટપણે અનુભવી રહ્યા છીએ.

ગાંધીજીની શાંતિસેનાની યોજના જરૂર આવકારદાયક છે અને દેશી વૈદ્યની દવાની માફક તે બનશે તેટલો ફાયદો જ કરવાની છે. કોમી ઐકય ખાતર જેટલા ભાઇ બ્હેનો પોતાની જાતનું બલિદાન આપવાને તૈયાર થશે તેના પ્રમાણમાં જ આપણે કોમી ઐકયની દિશાએ સાચી પ્રગતિ સાધી શકીશું. પણ દુઃખની વાત એ છે કે અહિંસાની આવી શુધ્ધ દ્રષ્ટિવાળાં અને બલિદાનની આવી ઉત્કટ વૃત્તિવાળાં ભાઇ બ્હેનો મળવા બહુ જ મુશ્કેલ છે. બીજું આવી શુભ આશયથી પ્રેરાયલી યોજનામાં પણ ઘણું ખરૂં હિંદુઓ જ જોડાય છે અને તેથી આ એક અતિ શુધ્ધ રાષ્ટ્રીય પ્રવૃત્તિ હોવા છતાં જાણે કે એક કોમની જ પ્રવૃત્તિ હોય એવી છાપ ઉભી થાય છે. પરિણામે આવી શાન્તિસેનાની જે છાપ ઉઠવી જોઇએ તે આજના કમનસીબ સંયોગોમાં ઉઠી શકતી નથી અને તેટલા પ્રમાણમાં તેની ઉપયોગીતા પણ મર્યાદિત બની જાય છે. આમ છતાં પણ આ યોજના સૌથી વધારે નિર્દોષ, અહિંસક, કોમી ઐકયને પોષનારી અને સર્વ કોઇને કલ્યાણ કરનારી છે. તેથી આ યોજનાને બને તેટલું ઉત્તેજન અને વેગ આપવાની જરૂર છે જ.

મુંબઇની કોમી પરિસ્થિતિ

આજ કાલ મુંબઇમાં નથી કોમી હુલ્લડ કે નથી કોમી રમખાણ. કોઇ હિંદુ મુસલમાન–લતામાં જઇ ચડે છે અને તેમાં ફરતા કોઇ ગુંડાની છરીનો તે અણધાર્યો ભોગ થઇ પડે છે. આવું જ હિંદુલતામાં પણ અવાર નવાર બને છે. આ ગુંડાને ઘણું ખરૂં કોઇ પકડતું નથી. જો કોમી વિકૃતિના આપણે આટલા બધા ભોગ બન્યા ન હોત તો આવા ગુંડાઓ ભરવસ્તીમાં છુપી કદિ ફરી શકત જ નહિ. મુસલમાન ગુંડાને મુસલમાનો જ પકડીને પોલીસને હવાલે કરત. અને હિંદુ ગુંડાના હિંદુઓ પણ એજ હાલ કરત. પણ આ તો આપણી આજની દુઃખદાયક કમનસીબી છે.

બીજી બાજુએ એમ પણ બને છે કે એક વર્ગનો ગુંડો અન્ય વર્ગના લત્તામાં આવીને ધા કરીને નાસી જાય છે. આવે વખતે આસપાસના માણસો ભાગનાસ કરી મુકે છે. પણ કોઇ ગુંડાને પકડવા દોડતું નથી, તેમજ ઇજા પામેલા માણસની પણ કોઇ સંભાળ લેતું નથી. બનાવ બન્યા પછી ઘાયલ માણસને પોલીસ હોસ્પીટલ ભેગો કરે છે. પા અડધી કલાકની હોહા પછી જાણે ત્યાં કોઇ બન્યું ન હોય એમ વ્યાપાર–વ્યવહાર ચાલુ થાય છે. ભરવસ્તીમાં અને પોતાના જ વર્ગના લત્તામાં અન્ય વર્ગનો ગુંડો મારીને ભાગી જઇ શકે અને કોઇ તેને કશું જ કરી ન શકે એ એક ભારે શરમાવનારી બીના છે. બધાને ગુંડાની છરીની બીક લાગે છે. પણ આવી બીક ધરાવનાર સૌ કોઇ સમજે કે તે ગુંડાની છરી તેમના માટે પણ રાહ જોઇને બેઠી છે. આવી બીક પ્રજામાં જ્યાં સુધી હશે ત્યાં સુધી ગુંડાગીરી નિર્ભયપણે પોતાનો ભોગ લીધે જ જવાની છે. લોકોમાં પોલીસ વિષે ઠીક ઠીક અસંતોષ હોય એમ સંભળાય છે. આ અસંતોષ કેટલા અંશે સાચો છે એ પ્રશ્ન આપણે ન ચર્ચીએ. પણ ધારો કે પોલીસ આપણે માંગીએ તેટલી કર્તવ્યપરાયણ હોય તો પણ આવડી મોટી વસ્તીવાળા શહેરમાં જ્યારે અરાજકતાનું વાતાવરણ ઘર કરી બેસે છે ત્યારે માત્ર પોલીસ કદી જોઇતું રક્ષણ આપી શકતી નથી. બીજું પોતાના રક્ષણ માટે કેવળ પોલીસ ઉપર જ આધાર રાખીને બેસવાની વૃત્તિથી હવે આપણે છુટા થવાની જરૂર છે. ત્રીજું પોલીસ રક્ષણનો આટલો બધો વિચાર તો મોટા શહેરોમાં જ આવે છે. ગામડામાં તો પોલીસની સંખ્યા નામની જ હોય છે. ત્યાં જ્યારે આવો કોમી ઉપદ્રવ ફાટી નિકળે છે ત્યારે સ્વરક્ષણની કળાથી અજ્ઞાત પ્રજાજનોનાં જાનમાલનો ખુરદોજ થઇ જાય છે. આ બધું વિચારતાં શહેરીઓએ તેમજ ગામડાના લોકોએ પોતાના રક્ષણની જવાબદારી જાતે જ વિચારતાં થવું જોઇએ. આમ કરવામાં પણ અનેક અડચણો તથા સત્તાધીશોની આડખીલો આડે આવવા સંભવ છે જ. કારણ કે પોતાના રક્ષણની જવાબદારી સ્વીકારવી એટલે રક્ષણનાં સાધનો વસાવવાં. અને આજના કાયદા નીચે એ બાબત અશકય ન હોય તો પણ ઘણી મુશ્કેલ તો છે જ. એમ છતાં પણ જેટલું વ્યવસ્થિત રક્ષણકાર્ય યોજી શકાય તેમ હોય તેટલું લતા લતાવાર યોજવાની ખાસ જરૂર છે. લતાએ લતાએ એવાં સ્વયંસેવક દળો ઉભાં કરવાની જરૂર છે કે જેઓ ફરતા હરતા માણસો ઉપર નજર રાખ્યા જ કરે અને એક પણ ગુંડાને નાની સરખી પણ તક ન આપે. ગુંડો છરી ઉગામે ત્યાં પાછળથી સ્વયંસેવકનો હાથ પડયો જ હોય અને તેની છરી ઝુંટવી લેવામાં આવી જ હોય. આમ છતાં પણ સંભવ છે કે સ્વયંસેવકનું ધ્યાન ન રહ્યું અને ગુંડો એકાએક આવીને કોઇના પેટમાં કે પીઠમાં છરી ભોંકીને ભાગ્યો. આવા સંયોગમાં તે ગુંડાનો પીછો લઇને તેને પકડયે જ છુટકો. આ બન્ને કામને પોલીસ ઇચ્છે તો પણ પહોંચી શકવાની નથી; માત્ર સ્વયંસેવકોથી પણ પુરૂં પડવાનું નથી જાહેર જનતાએ પણ આ દિશાએ પુરો સહકાર આપવો જ જોઇએ અને તે માટે જરૂરી જોખમ ખેડવું જ જોઇએ. આ બધામાં ઓછુ વધતું જોખમ તો રહેલું છે જ. પણ જોખમથી ડરીને આપણે ભાગીશું તો આપણું સામાજિક જીવન અશકય બની જવાનું છે.

હિંસા કે અહિંસા–પણ દુનિયા સમજાની છે, નમજાની નથી. આપણી અહિંસા બાયલી દેખાય છે, કારણ કે આપણે પોતે નમળા છીએ. ગુંડો આપણી છાતીમાં છરી ભોંકે છે, કારણ કે તે જાણે છે કે આપણે નમળા અને નિર્વીર્ય છીએ. બળ અને નિડરતા એ મનુષ્ય જીવનના પ્રાથમિક ગુણો છે.

કેટલાક સમાચાર અને નોંધ

(પૃષ્ટ ૪૩ થી ચાલુ)

શ્રી. રણછોડભાઈના અપકૃત્યનો આજ ખુલાસો છે. આજે લેખાતા કેટલાક સુધારકોનું માનસ પણ આ પ્રકારનું જ હોય છે. આ કારણે જ આપણો સમાજ ઘીટલી બધી હીલચાલો અને સમાજ–સુધારાની પ્રવૃત્તિઓ હોવા છતાં બહુ આગળ વધી શકતો નથી. પોતાના સુખને આગળ રાખીને ચાલનાર માણસો સમાજનો કદિ ઉધ્ધાર કરી શકતા જ નથી. તે સમાજને છેતરે છે અને આવું બનતાં સમાજ આગળ વધવાને બદલે પાછો પડે છે. સમાજ-સુધારાની વાત કરવાને તેને જ અધિકાર છે કે જે બોલવા પ્રમાણે વર્તતો હોય અને પ્રસંગ આવ્યે કોઇ પણ મહત્વના સિધ્ધાંત ઉપર પોતાના સુખદુઃખ સર્વસ્વનો ભોગ આપવાને તૈયાર હોય. શ્રી રણછોડભાઇના દૃષ્ટાંત ઉપરથી સમાજની આંખ ઉઘડે અને કહેવાતા સુધારકોમાંથી સાચા અને નકલી સુધારકોની તારવણી કરતા શિખે એમ આપણે ઇચ્છીએ.

આ તે કેવું ઘમંડ!

'તરૂણ જૈન'ના સંપાદકોએ કેટલાક માસ પહેલાં અહિંસાના વિષય ઉપર એક પ્રશ્નાવલિ તૈયાર કરીને જૈન સમાજના અગ્રગણ્ય કેટલાક સાધુઓ તેમ જ શ્રાવકો તરફ રવાના કરેલી. તેમાંથી જેના જેના ઉત્તરો આવેલા તે સર્વ સંગ્રાહિત કરીને તેમણે એક વિશિષ્ટ અંકના આકારમાં પ્રગટ કર્યા છે. આ સંગ્રહમાં તેરાપંથી સાધુઓના જવાબ જરા રસુજ અને આશ્ચર્ય પેદા કરે તેવા છે.

તેરાપંથી સાધુઓ ટપાલમાં આવેલા પત્રોને અડકે નહિ તેમજ કાગળો લખીને ટપાલમાં રવાના કરે નહિ એવો તેમનો વ્યવહાર છે. આમ છતાં પણ સ્થળે સ્થળે તેઓ વિહાર કરે છે અને સ્થળે સ્થળે તેમના ઉપાસક શ્રાવકો હોય છે. એટલે પરસ્પર કહેવા પુછાવવાનો વ્યવહાર તો ચાલવાનો જ. સાધુ સંસાર ત્યાગે છે પણ સમાજ સાથેના વ્યવહારનો તો છેદ ઉડતો જ નથી. તેથી આ બાબતમાં એવી વ્યવસ્થા કરેલી હોય છે કે જે સ્થળે જે સાધુ વિચરતા હોય છે ત્યાં રહેતા તેમના નીમેલા કોઇ ગૃહસ્થ તેમનો આ બધો વ્યવહાર સંભાળે છે. તે સાધુને તમારે કાંઇ પુછાવવાનું હોય તો આ શ્રાવક ગૃહસ્થને જ તમારે લખવાનું અને તે સાધુવતી જવાબ પણ આ શ્રાવક જ લખે.

બીજું તેરાપંથી સાધુઓ એક જ આચાર્યની આજ્ઞાને સર્વથા આધીન રહીને પોતાની જીવનચર્યા ચલાવે છે. તેમનો એવો ખાસ દાવો હોય છે કે બીજા જૈન સાધુઓમાં અનેક આચાર્યો છે જ્યારે અમારે તો એક જ આચાર્ય છે કે જેની આજ્ઞાને અમે સદા શિરસાવંદ્ય લેખીએ છીએ.

ઉપર જણાવેલી પ્રથાને અનુસરીને 'તરૂણ જૈન' સંપાદકોને જે તેરાપંથી સાધુઓને પ્રશ્નાવલી મોકલવા માંગતા હતા તેમના પ્રતિનિધિ શ્રાવક ઉપર જ તે પ્રશ્નાવલી તેમણે રવાના કરેલી; પણ એ સંપાદકોએ ઉપર જણાવેલી પ્રશ્નાવલિ જેના જેના ઉપર મોકલવામાં આવી હતી તેની યાદીમાં તે તે શ્રાવકોનાં નામ લખવાને બદલે તે તે સાધુઓનાં નામ લખી નાંખ્યા. આવી 'ગંભીર' ભુલ માટે તેમને ઠીક ઠીક પ્રાયશ્ચિત કરવું પડયું એ નીચેની વિગતોથી માલુમ પડશે.

'તરૂણ જૈન'ના સંપાદકોએ કુલ ૧૮ તેરાપંથી સાધુઓ ઉપર ઉપર જણાવેલી પ્રશ્નાવલી રવાના કરી હતી. તેઓમાંથી ત્રણ સાધુઓના પ્રતિનિધિઓએ એ મતલબનો જવાબ આપ્યો કે મારવાડમાં આવેલ લાડનું ખાતે બીરાજતા તેમના મુખ્ય આચાર્ય શ્રી. તુલસી-રામજી મહારાજનો જ આવી બાબતમાં જવાબ આપવાનો અધિકાર છે. તેઓ બધા એક જ ગંગાના પાણી પીવાવાળા છે. તેથી તેઓશ્રી પાસેથી સંપાદકોએ જવાબ મેળવવા પ્રયત્ન કરવો.

હવે લાડનુ ખાતે વસતા આચાર્યશ્રીની વતી શ્રી ઓસવાલ સભાના મંત્રી આ પ્રશ્નાવલીના એક પણ પ્રશ્નનો કશો ઉત્તર આપતા નથી, પણ 'તરુણ જૈન' ના સંપાદકોએ કરેલી ઉપર જણાવેલી ભુલના સંબંધમાં તેમની નીચેના શબ્દોમાં ઝાટકણી કાઢે છે. તેમનો જવાબ નીચે મુજબ છે.

"અહિંસા વિષયક પ્રશ્નાવલી તથા ઓગસ્ટ માસનો અંક તેમને વખતસર મળ્યો. આપનો પ્રયાસ પ્રશંસનીય અને આપનું સાહસ આદરણીય છે.

"પણ એક વાત. જે મહાનુભાવો ઉપર આપે ઉકત પ્રશ્નાવલી મોકલી છે એ નામાવલીમાં તેરાપંથી પ્રપ્રદાયના આચાર્ય શ્રી તુલસીરામજી વિગેરે કેટલાક સાધુઓનાં નામ છાપીને આપે એક બહુ મોટી ભૂલ કરી છે. આપ સારી રીતે જાણો છો કે તેરાપંથી સાધુ કોઇ પણ પ્રકારનો પત્રવ્યવહાર કરતા નથી. તેઓ નથી પત્ર લખતા કે નથી પત્ર લેતા. આપે પણ એમનો નામથી કોઇ પત્ર લખ્યો નથી. આવી પરિસ્થિતિમાં 'તરુણ' માં પ્રકાશિત નામાવલિથી જનતામાં ગેરસમજુતી—ભ્રમાત્મક માન્યતા–ફેલાવવી તે આપની જેવા સુયોગ્ય સંપાદકોને શોભા આપતું નથી. પુરી જાણકારી સિવાય કોઇ પણ વિષય ઉપર અસાવધાનીથી એમ જ કાંઇ લખી મારવું એ તંત્રી તરીકેની જવાબદારીનું માન ઘટાડવા બરોબર છે અને સાધારણ જનતાના વિશ્વાસને અપાત્ર બનાવા જેવું છે. આશા રાખું છું કે આપ આ ભૂલ આગામી અંકમાં સુધારી લેશો તથા ભવિષ્યમાં આ બાબતનું ઔચિત્ય સંભાળશો!"

આ પત્રમાં ઉકત ઓસવાલ સભાના મંત્રીની તોછડાઇ અને ઘમંડ વિષે કાંઇ ટીકા કરવાની જરૂર નથી. એ તો સ્વતઃ સ્પષ્ટ છે. વળી તેરાપંથી સાધુઓનો દાવો કે અમે કોઇનો પત્ર લઇએ નહિ કે કોઇને પત્ર લખીએ નહિ એ પણ કાં તો આત્મવંચના છે અથવા તો પરવચંના છે. પત્રો પોતે લખવવા કે મેળવવા અથવા તો પોતાના પ્રતિનિધિ મારફત લખવા કે મેળવવા–એ બેમાં કયો મોટો ફરક પડે છે તે કલ્પનામાં આવતું નથી. આવી સાધુતાનો તો હિંદુસ્તાનનો વાઇસરાય પણ દાવો કરી શકે છે. એક બાજુએ મારવાડને ખુણે વસતા એક જ આચાર્યની આજ્ઞા મુજબ વર્તવા-વિચરવાનો દાવો કરવો અને બીજી બાજુએ ટપાલ સાથે પોતાને કશો પણ સંબંધ ન હોવાનું અભિમાન રાખવું–એ બે બાબતો કેટલી પરસ્પરવિરોધી છે તે પણ સાદી બુદ્ધિએ સમજી શકાય તેવું છે.

અહિંસા સાધ્ય છે–સાધનાની વસ્તુ છે. બળ અને નિડરતાની ભૂમિકા ઉપર જ અહિંસા ફાલીફુલી અને પ્રાણવતી બની શકે છે. આજ સુધી આપણે બળ અને નિડરતાની ઉપેક્ષા કરી. તેથી આપણી અહિંસાની ગમે તેટલી વાતો છતાં આપણે સદા દબાતા, છુંદાતા અને કચરાતા રહ્યા. આજે આપણે નિર્બળતા અને ડરપોકગણાને તિલાંજલિ આપીએ અને ક્ષણે ક્ષણે પલટાતી જટિલ પરિસ્થિતિનો યોગ્ય સામનો કરીએ. માથે અને આસપાસ જોખમ તો છે, છે ને છે જ. પણ ભાઇ મેઘાણી કહે છે તેમ "ઇશ્વર જેવો ધીંગો ધણી આપણે માથે છે. બાકી તો પૃથ્વી ઉપર અવતરનાર એવો એકેય માનવી નથી કે જેને ઇશ્વરે સાંગોપાંગ બીનજોખમી જીંદગીનો અમરપટો લખી આપ્યો હોય. 'Safety first'–'દુનિયાનું ચાહે તે થાઓ, હું એક નિરપ્રદવે મારો ધંધો રૂલાવ્યે જાઉં અને જીંદગીની મોજ ઉડાવતો રહું' એવી સરતે દુનિયા ઉપર વિધાતા કોઇ કરતાં કોઇને ઉતારતી નથી. જીંદગી એક સતત મહા સંગ્રામ છે–રડતાંય લડવાનો અને મસ્તાન બનીને ય લડવાનો."

પરમાનંદ.

જેને જે નિયમ પાળવા હોય તે પાળે; પણ તેનું ધમંડ તો સાધુતા નથી જ.

શ્રી. ક.મા.મુનશીનું કોંગ્રેસમાંથી રાજીનામું

શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ મહાત્મા ગાંધીજી સાથે ગુંડા સામેના રક્ષણકાર્યમાં કમમાં કમ બળનો પણ ઉપયોગ કરી શકાય કે નહિ એ પ્રશ્ન ઉપર મતભેદ ઉપસ્થિત થતાં કોંગ્રેસના શિસ્તને માન્ય રાખીને કોંગ્રેસના સભ્ય તરીકે રાજીનામું આપ્યું છે. આ બનાવે ચોતરફ ઠીક ઠીક ચર્ચા ઉભી કરી છે. શ્રી. મુનશીએ પોતાના અભિપ્રાયને વળગી રહીને ચાલવાનો આગ્રહ દાખવ્યો અને તે ખાતર જે સંસ્થામાં તેઓ વિશિષ્ટ સ્થાન ધરાવતા હતા તે સંસ્થામાં રહીને બળવો નહિ કરતાં ગાંધીજીના આદેશને પુરા નમ્રભાવે અધીન બનીને તથા સંસ્થાના શિસ્તને પુરું માન આપીને તેઓ કોંગ્રેસમાંથી સભ્ય તરીકે છુટા થયા તે માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે, તેમના જવાથી રાષ્ટ્રીય મહાસભાએ એક શક્તિશાળી પુરૂષનો સાથ ગુમાવ્યો છે. કોંગ્રેસ છોડવાથી શ્રી. મુનશીએ પોતાની ભાવના અને પ્રકૃતિને અનુકુળ કાર્યક્ષેત્ર ગુમાવ્યું છે. કોઈપણ સંસ્થાના તેમજ વ્યક્તિના જીવનમાં આવી લાભહાનિ ચાલ્યા જ કરે છે. પ્રમાણીક મતભેદ પડે ત્યાં બીજો વિકલ્પ પણ નથી રહેતો. જે પ્રશ્ન શ્રી. મુનશી સામે આવીને ઉભો રહ્યો તે આજ આપણામાંના ઘણા ખરાની સામે ઉભેલો છે અને તેથી વધારે વિગતવાર છણાવટ માંગે છે જે હવે આગળ ઉપર.

કુમારી ધૈર્યબાળાને અભિનન્દન

બહેન ધૈર્યબાળા પારેખ આ વખતની મેટ્રીકયુલેશનની પરીક્ષામાં સાતમા નંબરે પસાર થયાં અને બે સ્કોલરશીપ તથા એક ઇનામ મેળવ્યું તે માટે તેમને જૈન સમાજના ખરેખર ધન્યવાદ ઘટે છે. ગયે વર્ષે શ્રી વાલજી ગોવિંદજી દેસાઇના પુત્ર શ્રી મહેન્દ્રકુમાર મેટ્રીકમાં પહેલા નંબરે પાસ થયા હતા. આટલી મોટી સંખ્યામાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓમાં સાતમા નંબરે આવવું એ સાધારણ વાત નથી. તેમાં પણ આપણી એક બહેન આટલું ઉર્જ્વલ પરિણામ લાવે ત્યારે આપણને ખરેખર એક આનંદ તેમજ ગૌરવનું નિમિત્ત બને છે. કુ. ધૈર્યબાળા ભાવનગર રાજ્યના એન્જીનીયર શ્રી પારેખનાં પુત્રી થાય. તે બહેનની ભાવી કારકીર્દી ઉત્તરોત્તર વધારે ઉર્જ્વલ અને તેમના માતપિતાને તેમજ આપણ સર્વને ગૌરવવાહિની બને એમ આપણે ઇચ્છીએ.

માનવી સાથે કુદરતની હરીફાઈ

આજે દુનિયાભરમાં અને ખાસ કરીને યુરોપખંડની ભુમિ ઉપર અલૌકિક હત્યાકાંડ શરૂ થયો છે અને એ હત્યાકાંડે કુદરતની સંહાર શક્તિને પાછળ પાડી દીધી છે. કુદરત પણ 'હું કેમ પાછળ રહી જાઉં' એમ ચિન્તવતી માનવી સાથે હરીફાઇમાં ઉતરી લાગે છે અને જ્યાં ત્યાં નાના મોટા હત્યાકાંડો નીપજાવી રહી છે. બંગાળામાં અતિ વૃષ્ટિ અને પાણીનાં પુર, મલબારમાં ઝંઝાવાત અને જનમાલની પારાવાર ખુમારી, નિઝામ રાજ્યમાં એક તીર્થસ્થળે કેટલાક લોકો એકઠા થાય અને કુવાનાં પાણી ઝેરી બને અને સંખ્યાબંધ લોકોને યમસદન પહોંચાડી દે –આવી કુદરતી હોનારત તો આજે જ્યાં ત્યાં નીપજતી સંભળાય છે. આમ ઉત્તરોત્તર બનતા બનાવો હૃદયને કંપાવે છે અને અનેક અમંગળ શંકાઓ પેદા કરે છે. આપણે અહિં સુખમાં બેઠા છીએ અને તે તે સ્થળોએ દુઃખ અને યાતનાનાં દારૂણ આંસુઓ વહી રહ્યાં છે એ કેવળ અકસ્માત છે. આફતમાં ડુબેલાં ભાઇ બહેનો આપણી સામે મદદ માટે હાથ લંબાવે છે. આપણાથી જે કાંઇ થઇ શકે તે કરવું તે આપણી અચુક ફરજ છે.

વિજયરામચંદ્રસુરીનું મુંબઈમાં આગમન

શ્રી. વિજય રામચંદ્ર સુરી અથવા તો મુનિ રામવિજયજી આજે ઘણા લાંબા વખતે મુંબઈ ખાતે ચાતુર્માસ કરવા પધાર્યા છે. શ્રી રામવિજયજી મુંબઇને કે જૈન સમાજને અજાણ્યા નથી. બાળદીક્ષાના પ્રશ્ન ઉપર વર્ષો પહેલાં તેમણે જૈન આલમને ભારે ક્ષુબ્ધ બનાવી દીધી હતી. તેમના આગમન પ્રસંગે ભૂતકાળમાં સમાયલી દીક્ષાના પ્રશ્નને લગતી ધાંધલ ધમાલ અને મારામારીઓ સ્મરણપટ ઉપર તાજી થાય છે. એ અરસામાં જ શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો ઉદ્‌ભવ થયેલો અને મુનિ રામવિજયજીની અયોગ્ય દીક્ષાનું સમર્થન કરતી ઉગ્ર હીલચાલનો સંઘે પ્રબળ સામનો કરેલો એ પણ બધું યાદ આવે છે. તેમના આગમન સાથે આ ચાતુર્માસ દરમિયાન કંઇ કંઇ ખટપટો અને ધમાલો ઉભી થશે અને નિરાંતે સુતેલો જૈન સમાજ કોઇ પ્રકારના વિખવાદના વમળમાં પાછો સપડાશે એવી કલ્પનાઓ લોકોમાં ચાલી રહી છે. એ પણ કાળનું જ વૈચિત્ર્ય છે કે જે જૈન સાધુનું આગમન આષાઢી વર્ષાના આગમન માફક સુખ, શાન્તિ અને ઉત્કર્ષને લાવનારૂં લેખાવું જોઇએ તે જૈન સાધુના આગમનનું આજની જૈન જનતા અનેક અમંગળ આશંકાઓ વડે સ્વાગત કરી રહી છે. આ આશંકાઓ ખોટી પડે અને મુનિ રામવિજયજીનો મુંબઇ ખાતેનો નિવાસ મલયાચળની પવનલહરિ માફક સુવાસ અને શીતળતાનો આવાહક બને એમ આપણે ઇચ્છીએ.

જર્મનીનું રશીઆ ઉપર આક્રમણ

છેલ્લા પખવાડીઆમાં જર્મનીએ રશીઆ ઉપર એકાએક અને અણધાર્યું આક્રમણ કરીને આખી દુનિયાને ચકિત કરી નાંખી છે અને આજ ચાલી રહેલા યુરોપીય વિગ્રહને નવો જ પલટો આપ્યો છે. પ્રથમ દૃષ્ટિએ જોતાં પંદરસો માઇલની સરહદ સંભાળવી પડે એવું આ ભીષણ પગલું અંધારામાં ઠેકડો મારવા જેવું લાગે છે. બીજી બાજુએ આજ સુધીની હીટલરની કારકીર્દી ધ્યાનમાં લેતાં તે કોઇ પણ પગલું પુરી ગણતરી કર્યા સિવાય ભરતો નથી એવો વિશ્વાસ તેણે લોકોમાં પેદા કર્યો છે. હીટલરના આ પગલામાં નર્યો વિશ્વાસઘાત ભર્યો છે એ વિષે બેમત હોઇ શકે જ નહિ. નિરાંતે સુતેલું રશીઆ ગમે તેટલું સૈન્યસમૃધ્ધ હોય તો પણ જર્મનીના જંગી અને ભીષણ આક્રમણ સામે શરૂઆતમાં તો તેને પાછા હઠવું જ પડે એ સ્વાભાવિક છે. જર્મનીના આ સાહસથી અંગ્રેજોને ખરેખર એક મોટી રાહત મળી છે. નેપોલીયને યુરોપના મોટા ભાગ સર કરીને રશીઆ ઉપર ચઢાઇ કરી અને ત્યારથી તેના પતનની શરૂઆત થઇ, તેવી રીતે અહિં પણ ધ્રુતિહાસનું પુનરાવર્તન થવું જોઇએ એવો આપણને સાહજિક તર્ક થઇ આવે છે. પણ એ વખતની અને આજની શસ્ત્ર સામગ્રી અને લડવાની રીતોમાં એટલો બધો ફરક છે અને સાચી વસ્તુ સ્થિતિથી આપણે એટલા બધા અજ્ઞાત છીએ કે આજે કશાપણ નિર્ણયાત્મક અભિપ્રાય ઉપર આવવાની સ્થિતિમાં આપણે નથી. આજે જે થાય તે જોયા કરીએ અને રશીઆ હારે કે જીતે તેનાં શાં શાં પરિણામો આવે તેની કલ્પનાઓમાં બે ઘડિ ઉડયા કરીએ! ગ્લાનિજનક એટલું જ છે કે જર્મનીએ આ પગલાથી માનવસંહારનું ક્ષેત્ર ખૂબ વિસ્તારી દીધું છે અને કોઇ પણ પરિણામ પાર વિનાની માનવહત્યા સિવાય હવે શક્ય નથી એવી સ્થિતિ ઉભી કરી છે. જે સંસ્કૃતિ સૈકાઓની તપસ્યા અને સાધનાવડે માનવીએ ઉભી કરી તે સંસ્કૃતિનો આજે એ માનવીના હાથે જ સંહાર થઇ રહ્યો છે, કલ્પનાતીત વસ્તુઓ આજે આપણે જોઇ રહ્યા છીએ, સાંભળી રહ્યા છીએ. માનવીએ માનવતાનું ખરેખર દેવાળું કાઢયું છે!

પરમાનંદ.

સમાજમાં બનતા ચિત્રવિચિત્ર કીસ્સાઓ

આજની યુવક સંસ્થાઓનું ખરૂં કામ પોતાની નજર ઉપર આવતા સામાજિક અનર્થો ટાળવાનું અને સામાજિક રૂઢિઓ નીચે છુંદાતી અથવા તો કોઇના છળકપટમાં ફસાતી બહેનોને બચાવવાનું છે. આવા કોઇ કીસ્સાઓમાં બનતી મદદ અને રાહત આપવી એ મુંબઇ જૈન યુવક સંઘનું એક ધ્યેય છે. અમારી સામે અવારનવાર આવા કીસ્સાઓ આવ્યા કરે છે. અમારાથી બનતું કાર્ય એ દિશાએ અમે કરી રહ્યા છીએ. આવા કીસ્સાઓમાંના ત્રણ કીસ્સાની વિગત અમે નીચે આપીએ છીએ. આ ઉપરથી આજે આપણા સમાજમાં કેવી કેવી જાતના બનાવો બની રહ્યા છે અને વખતસર મદદ કરવામાં આવે તો કેવા કેવા અનર્થો નીપજતા અટકાવી શકાય તેમ છે તેનો 'પ્રબુદ્ધ જૈન' ના વાંચકોને સારો ખ્યાલ આવશે એમ અમે ધારીએ છીએ. આ સાથે આવું જ્યારે જ્યારે કાંઇ બનતું જણાય કે સાંભળવામાં આવે ત્યારે અમને વખતસર પુરી અને વિશ્વાસપાત્ર માહીતી પહોંચાડવા જૈન સમાજને અમો વિનંતિ કરીએ છીએ. અમારી શકિત તેમ જ તાકાત મર્યાદિત છે; છતાં અમારાથી બનતું કરવામાં પાછા નહિં પડીએ એટલી અમો ખાત્રી આપીએ છીએ.

મંત્રીઓ-મુંબઇ જૈન યુવક સંઘ.

એક જૈન બહેનને મુસલમાનને પરણી જતાં કેવી રીતે અટકાવી.

ગામ...ના રહીશ ભાઇ...કાઠીયાવાડમાંથી સત્તર અઢાર વર્ષની વયની એક છોકરીને વૃદ્ધ વયે પરણી મુંબઇ લઇ આવ્યા હતા. આ નવયુવતિને માળામાં રહેતા એક તાર ખેંચનાર સાથે આડો સંબંધ થયો. આ બાબતની તેના ધણીને જાણ થતાં રહેવાની જગા બદલીને તે વધુ વસ્તીવાળા માળામાં રહેવા ગયો. પરંતુ એ બાઇનો પેલા સપ્સ સાથેનો આડો સંબંધ ચાલુ રહ્યો અને એક મુસલમાનના ઘરમાં હમેશાં તેઓ મળવા લાગ્યા. પરિણામે તે મુસલમાન સાથે પણ તે બાઇને આડો સંબંધ શરૂ થયો. એકાદ માસ પહેલાં મુંબઇના તોફાનના વાતાવરણનો લાભ લઇ બાઇને મુસ્લીમ બનાવી તેની સાથે નીકા પઢવાની ગોઠવણ કરવામાં આવી. એ દરમ્યાન એક આર્યસમાજી ભાઇશ્રી પ્રાણજીવનભાઇ જેમણે ગયા મે માસમાં ખોલવામાં આવેલ સરદાર પૃથ્વીસિંહની વ્યાયામ છાવણીનાં પાયખાના સાફ કરવાનું સુંદર કામ કર્યું હતું તેમણે મને મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી જાણીને ખબર આપી. એ બાઇના ધણીને આ બાબતની જાણ કરવામાં આવી; પણ તે કાંઇ પગલાં લઇ શકયો નહિ. ગુરૂવારે રાતના આઠ વાગ્યાના સુમારે તે બાઇ મુસલમાનને ત્યાં ચાલી ગઇ. પણ બાઇના સદ્‌ભાગ્યે તે મુસલમાન દારૂ પીને તોફાને ચઢેલો અને તેથી તે બાઇ ગભરાણી અને ત્યાંથી ભાગી અને પ્રથમના તાર ખેંચનાર આશકને ત્યાં જતી રહી. સવારના પહોરમાં ચોતરફ ખુબ તપાસ કરતાં તે બાઇનો પત્તો લાગ્યો. તેના ધણીના સગાંવહાલાં ભેગાં થઇને તે બાઇને બળજબરીથી લઇ આવ્યા અને ખુબ સમજાવટ અને ધાકધમકીથી તેના વર સાથે દેશમાં તેને ગામ મોકલી આપી.

પર કોમની કન્યાને જૈન સમજી પરણનાર એક જૈન યુવાનની કરૂણ કહાણી.

એક વડનગર વિસનગર પાસેના ગામ.....ના વતની અને હાલ મુંબઇમાં રહેતા એક જૈન યુવાને દશ મહીના પહેલાં સુરતની એક પ્રમીલા નામની બાઇ સાથે તેને જૈન સમજીને આર્યસમાજ વિધિ પ્રમાણે લગ્ન કરેલું. આ બાઇ પચીશ દિવસ પહેલાં તોફાનનું બહાનું કાઢીને પોતાની મા પાસે સુરત જવાને બેરથી નીકળેલી. થોડા દિવસ બાદ તેના ધણીએ સુરત કાગળ લખ્યો તો તેને માલુમ પડયું કે તે બાઇ સુરત ગઇ જ નથી. ખુબ તપાસના અંતે એ બાઇ એક વહોરા યુવાન સાથે સેન્ટ્રલ સ્ટેશન પાસે આવેલી એમ્પ્રેસ હોટલમાં રહેતી હોવાના ખબર મળ્યા. આ ખબર મળ્યા બાદ મેદાનની પોલીસ કોર્ટમાં એ બાઇ અને વહોરા યુવાન ઉપર સમન્સ કાઢવામાં આવ્યાં. કોર્ટમાં આવી પોતે બેંગલોરની રહીશ છે અને જાતે બ્રાહ્મણ છે એમ એ બાઇએ જણાવ્યું. મેદાનની પોલીસ કોર્ટમાં માજીસ્ટ્રેટ મી. મેથેલોન સમક્ષ તા. ૧૩-૬-૪૧ નાં રોજ કોર્ટનાં તાકીદના સમન્સનાં હુકમને માન આપીને પ્રમાલા કોર્ટમાં હાજર થઇ ત્યારે ઉપરની હકીકતો પ્રકાશ પામી હતી. કોર્ટે તા. ૨૯ મી જુલાઇએ કેસ ચલાવવાની મુદત આપી છે. દરમિયાન જે ટોળીએ આ બાઇને જૈન કહીને લગ્ન કરવામાં મુખ્ય ભાગ લીધો હતો એ ટોળીમાંના એક ભાઇ અને આ બાઇ સામે કહેવાની છેતરપીંડી કરવા માટેની ફરીયાદ મેદાનની પોલીસ કોર્ટમાં દાખલ કરી સમન્સ કઢાવ્યા છે. આ કેસની તારીખ ૩૧ મી જુલાઇની છે. આ કિસ્સામાં જૈન યુવક સંઘે તે ભાઇને કાયદેસર તથા બીજી બની શકે તે મદદ આપી છે.

મોટી ઉમરના વર સાથે વિવાહિત થયેલી કન્યાનું યોગ્ય વર સાથે કરવામાં આવેલું લગ્ન

ગારીયાધરની એક બહેન લાભકુંવર તેના પિતાએ ચાર હજાર રૂપીઆથી કુંડલાના રહીશ અને મુંબઇમાં ધંધો કરતા ભાઇ અમૃતલાલની સાથે વેવિશાળ કરેલું. આ બહેનની અરજી મુંબઇ જૈન યુવક સંઘ પાસે આવતાં તેની તપાસ કરવામાં આવતા તેની હકીકત નીચે મુજબ માલુમ પડી.

આ બહેન લાભકુંવરનું વેવિશાળ પહેલાં તો ગામ...ના એક યુવાન સાથે થયેલું. એ વેવિશાળ જ્ઞાતિની રૂઢ લઇને તે યુવાનને નવસો રૂપીઆ આપવાનું ઠરાવીને તોડી નાંખવામાં આવ્યું. ત્યારબાદ તેના બાપે કુંડલાના રહીશ ભાઇ અમૃતલાલ સાથે ચાર હજાર રૂપીઆ લેવાના ઠરાવીને બહેન લાભકુંવરનું વેવિશાળ કર્યું. વેવિશાળ કરતી વખતે બારસો રૂપીઆ આપ્યાનું અને બાકીના રૂપીઆ લગ્ન કરતી વખતે આપવાનું લખાણ થયાનું કહેવાય છે. ગયા ફાગણમાસમાં વેવિશાળ થયેલું અને વૈશાખમાસમાં લગ્ન લેવાનું નકકી કરેલું. લગ્નનો દિવસ નજીક આવતાં ગારીયાધારના યુવાનોમાં વરની ઉમર મોટી હોવાની ખુબ ચકચાર જાગી અને લગ્ન વખતે વિક્ષેપ ઉભો થવાની ભીતિ લાગવાથી મુંબઇ ખાતે લગ્ન કરવાનું નકકી કર્યું. એટલે બાપ દીકરી મુંબઇ આવ્યા અને અમૃતલાલે મુંબઇમાં સાન્તાક્રુઝમાં જગા રાખેલી ત્યાં ઉતર્યા. બહેન લાભકુંવર સ્ટેશન પર ઉતરતાં ભાઇ અમૃતલાલને જોતાં જ ચમકી ગઇ અને તેની સાથે લગ્ન કરવાની તેણે સાફ ના પાડી દીધી. બાપે અને ભાઇ અમૃતલાલે તેને ઘણી રીતે સમજાવી, અનેક લાલચો અને ધાકધમકીઓ આપી પણ બહેન લાભકુંવર પોતાના વિચારમાં મકકમ રહી અને તેની સાથે ગામથી આવેલા તેના એક સગાને આપઘાત કરવાનો પોતાનો વિચાર જણાવ્યો. એ ભાઇએ પોતાના એક દૂરના ભાઇ શાંતિલાલને આ બધી બીના જણાવી. ભાઇ શાંતિલાલ બહેન લાભકુંવરને પોતાને ત્યાં લઇ આવ્યા.

ગ્રીષ્મ જાય છે, વર્ષા આવે છે.

વર્ષની ઋતુ છ: હેમન્ત, શિશિર, વસન્ત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ. આ ૭ ઋતુઓમાં સૌથી વધારે કંટાળાભરી ઋતુ ગ્રીષ્મ ગણાય છે. દેશના મોટા ભાગ ઉપર ઉનાળા દરમિયાન અતિશય ગરમી પડે છે અને તેથી પ્રજા ખૂબ કંટાળે છે અને બેચેન બની જાય છે. સહરાના રણ જેવી, લેખાતી આ ગ્રીષ્મ ઋતુમાં પણ કેટલીક એવી આલ્હાદક વસ્તુઓ છે કે જે ધ્યાનમાં લેતાં ગ્રીષ્મ અમુક રીતે સોહામણી લાગે છે. આ વિશિષ્ટતાઓનો મોટા શહેરના ધીચ વાતાવરણમાં રહેતા લોકોને બહુ જ ઓછો ખ્યાલ હોય છે. કેરી અને કોયલ ગ્રીષ્મની ખાસ વિશિષ્ટતાઓ છે. કેરી જેવું મિષ્ટ ફળ બીજું ભાગ્યે જ હશે. ગરમીની ઋતુમાં માણસની ભુખ મરી જાય છે અને ચાલુ ખોરાક ઉપર તેને અપ્રીતિ ઉપજે છે. આવામાં કેરી આવે છે અને ગરીબ તવંગર સૌ કોઇને કોઇ જુદી જ તૃપ્તિ આપે છે. કોયલનું કવિઓએ વસન્ત ઋતુ સાથે લગ્ન કર્યું છે, પણ તેના ટહુકાનો અનવરત આસ્વાદ તો ગ્રીષ્મ જ કરાવે છે. જ્યાં જ્યાં વૃક્ષની ઘટાઓ હોય છે ત્યાં ત્યાં કોયલો ટહુકતી સંભળાય છે. આંબાવાડીયું તો કોયલોથી જ ગાજતું હોય છે. શિશિરમાં કોયલનો કંઠ થીજી ગયો હોય છે; વસંત ઋતુ એના કંઠમાં પ્રાણ પ્રેરે છે અને ગ્રીષ્મમાં તો વને-ઉપવને કોયલો ગાજી ઉઠે છે. મોરનો કેકારવ પણ ગ્રીષ્મઋતુમાં વધારે સંભળાય છે અને નવા આવેલા પિચ્છકલાપોથી તે ખૂબ શોભે છે. કોઇ પણ શહેરના કે ગામડાના ઉપાન્ત ભાગમાં મયુરવૃંદો જ્યાં ત્યાં વિચરતા હોય છે અને કળા કરીને જ્યાં ત્યાં નાચતા હોય છે.

ગ્રીષ્મની એક બીજી વિશિષ્ટતા એ છે કે ઉનાળામાં જ પવનની બંધાયલી પાંખો છુટે છે અને અનિલ લહરિઓ વાતાવરણને ભારે સજીવ કરી મુકે છે. પાનખર ઋતુ ગઇ હોય છે; લીંબડા, પીપળા, વડ વિગેરે વૃક્ષોને નવાં પાન આવ્યાં હોય છે; ગ્રીષ્મની પ્રચંડ પવન લહરિઓથી આમ તેમ ડોલતાં અને ઝુલતાં વૃક્ષો ભારે શોભાયમાન લાગે છે. ગ્રીષ્મ વૃક્ષોને અનેરું યૌવન અર્પે છે અને તેની ડાળીઓનાં લીલાં કુમળા પાંદડાંઓને આમ તેમ ડોલાવે છે. આ પાંદડાની જાળીઓને વીંધી આપણી આંખોને અથડાતાં સાયંકાળનાં સૂર્યકિરણો કોઈ જુદો જ આનંદ આપે છે.

ગ્રીષ્મને કવિઓએ 'પ્રદોષરમ્ય' વર્ણવેલ છે-એટલે કે દિવસનો મધ્ય ભાગ જેનો કંટાળો આપે તેવો છે પણ જેની સવાર સાંજ રમ્ય હોય છે. પણ આ સવાર સાંજ કરતાં પણ ગ્રીષ્મની રાત્રીઓ વધારે રમ્ય અને આલ્હાદક લાગે છે. ગુજરાત કાઠિયાવાડમાં રાત્રે પવનનો સુસવાટ ચાલતો જ હોય છે. ઉનાળો જ એવી ઋતુ છે કે જ્યારે માણસો ખુલ્લા આકાશ નીચે સુએ છે અને અનંત વિશ્વસાથે તાદાત્મ્ય સાધે છે; અજવાળીઆમાં ચાંદની મહાલે છે અને અંધારીઆમાં ચાંદરણાં નિહાળે છે. ખુલ્લામાં સુવાનો આનંદ તો જે માણે તે જાણે.

ઉન્હાળાનો મધ્યાન્હ સમય પણ કોઇ જુદા પ્રકારની અદ્‌ભુતતા ધારણ કરે છે. દૂર દૂર નજર જઇ શકે એવા કોઇ એકાન્ત શાંત ખૂણે બપોરના વખતે બેસીને આસપાસનો પ્રદેશ નિહાળતાં અને બેતરો, ટેકરા ટેકરીઓ અને શકય હોય ત્યાં સમુદ્ર-તટ સુધી દૃષ્ટિ લંબાવતાં મધ્યરાત્રી જેવી કોઈ નિરવ શાન્તિનો આપણને અનુભવ થાય છે. ઉષ્ણતાથી કલાન્ત બનેલાં ઢોરો કોઈ વડ નીચે બેઠેલાં દેખાય છે; બેતરોમાં આમ તેમ બકરાં ચરતાં નજરે પડે છે; પાણીતરસ્યાં હરણાં કોઇ સરોવર તીરે પાણી પીતાં હોય છે; કોઇ ઝાડની ડાળે કોયલ ટહુકી રહી હોય છે. કોઇ મયુરને તરંગ આવે છે અને કેકારવથી આખા પ્રદેશને મુખરિત કરી દે છે. કોઇ કોઇ વાર આવા સમયે પૃથ્વીના વિશાળ પટ ઉપર આકાશના અનન્ત ઘુમટ નીચે વાયુનું અનવરત તાંડવ ચાલે છે અને આપણને કેવળ મંત્રમુગ્ધ બનાવી મુકે છે.

ગ્રીષ્મ પંખીઓને કંઠ આપે છે; વૃક્ષોને લીલાં પાન આપે છે; ફૂલોમાં મિષ્ટતા પુરે છે; વાયુમાં ગતિ અને વેગનો સંચાર કરે છે; રાત્રીઓને રમ્યતર બનાવે છે. આવી જ રીતે ગ્રીષ્મ સાગરને ક્ષુબ્ધ કરે છે ને અવનવી ભરતી આપે છે. શિયાળામાં સાગર શાન્ત અને સ્થિર દેખાય છે. ઉનાળો આવે છે અને સમુદ્રનાં જળ ઉછળવા લાગે છે; મોટાં મોટાં મોજાંઓ કીનારા ઉપર ધસી આવે છે અને ભરતીની સીમાઓ પહોળી થાય છે, સમુદ્ર કીનારે શીતળ પવન-લહરિઓ વાવા માંડે છે અને જીવનકલહથી કલાન્ત બનેલા માનવી-ઓને શીતળતા અને સ્વસ્થતા બક્ષે છે.

આવી ગ્રીષ્મ જાય છે અને વર્ષા આવે છે. આકાશ વાદળા-ઘેરું બની રહે છે; વાતાવરણ તંગ બને છે અને ગ્રીષ્માન્તનો બાકી સૌ કોઇને અકળાવે છે. ગ્રીષ્મ-વર્ષાની સંધિ જેવી બીજી કોઇ ઋતુસંધિ કંટાળાભરેલી હોતી નથી. આ તો કુદરતની પ્રસવ વેદના છે. થોડા સમયમાં વરસાદ આવશે અને બધેય લીલાલહેર થઇ જશે. આપણે સુખદુઃખપૂર્ણ ગ્રીષ્મની રમ્ય લહરિઓ અને નવું જીવન અને નવો સંદેશ લાવતી ઋતુરાણી વર્ષાનું સ્વાગત કરીએ!

પરમાનંદ

વિદાય

નગર તુમારા રહેો મુસાફિર! ચલેં વતન અપને!
બોલાચાલા માફ કરો! આયે મિલે સ્વપને.

હમ પંછી પરદેશી, હમ મુલુક મુલુકકે સહેલાની;
વસે તુમારે ગામમેં જબ લગતા દાનાપાની,

સાથી હમારા ચલા ફઝરમે, હમ ભી ચલને કે;
વતન હમારા દૂર હય, પીછે હમ નહિ ફીરને કે.

ઇસ દુનિયા દરમ્યાન વતન મેં નહિ કોઇ રહેવાશી;
કોઇ આજ ચલે, કોઇ કાલ ચલે, મુસાફિર સબ પરદેશી.

કયા ગોકુલ, કયા મથુરા નગરી, કયા વૃંદાવન કાશી!
બડે બડે શાહુકાર વસે; સબ આલમ પરદેશી.

સંઘના બન્ને મંત્રીઓએ અને બીજા ગૃહસ્થોએ મળીને ભાઇ અમૃતલાલને બહેન લાભકુંવરને છુટી કરવા માટે સમજાવવાનો ખુબ પ્રયત્ન કર્યો પણ તે ભાઇ સમજ્યા જ નહિ અને પોતાનું ધાર્યું કરવાની હઠ લઇને જ બેઠા. પરિણામે બહેન લાભકુંવરના તા. ૧૫ મી જુન રવિવારે માટુંગા ખાતે રામબાગમાં સાહ પોણોસો ભાઇ બહેનોની હાજરી વચ્ચે ભાઇ સાકરલાલ મુળચંદ મગગીયા નામના એક યુવાન સાથે લગ્ન કરવામાં આવ્યા છે. બહેન લાભકુંવરએ બતાવેલી અજબ હિંમત માટે અને ભાઈ શાંતિલાલ જાદવજીએ આણીને વખતે તેને સહાય કરવા અને યોગ્ય વર મેળવી આપવા જે મહેનત લીધી તેને માટે તે બંનેને ખરેખર ધન્યવાદ ઘટે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આને. શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૬

મુંબઇ : ૧૫ જુલાઇ ૧૯૪૧ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૨

ધર્મ અને સમાજ

(ગતાંકથી ચાલુ)

હવે આપણે એ તપાસીએ કે દુનીયામાં હયાતી ભોગવતા કયા પંથો, કયા સંપ્રદાયો અગર કયા ધર્મો એવા છે કે જે માત્ર એવો દાવો કરી શકે કે અમે જ ધર્મ સેવીએ છીએ અને તે રીતે બીજા કરતાં અમે વધારે સમાજની સંશુદ્ધિ કરી છે.

આનો ઉત્તર સ્પષ્ટ છે અને તે એ છે કે એવો એકેય પંથ કે સંપ્રદાય દુનીઆમાં નથી કે જેણે માત્ર ધર્મનું જ આચરણ કર્યું હોય અને તે દ્વારા માત્ર સમાજની શુદ્ધિ જ સાધી હોય. કોઇ એક પંથ કે સંપ્રદાય પોતાનામાં અમુક સાચી ધાર્મિક વ્યક્તિઓ થઇ ગયાનો નિર્દેશ કરી સમાજની શુદ્ધિ સાધ્યાનો દાવો કરે તો તેવો દાવો બીજો વિરોધી પંથ પણ કરી શકે; કારણ કે દરેક પંથમાં ઓછી કે વધતી સાચી ત્યાગી વ્યક્તિઓ થયાનો ઇતિહાસ આપણી સામે છે. ધર્મના કહેવાતા બાહ્ય રૂપો ઉપરથી સમાજની શુદ્ધિનો આંક કાઢી કોઇ પંથને ધાર્મિકપણાનું પ્રમાણપત્ર તો આપી શકાય જ નહિ, કારણ કે બાહ્ય રૂપો એટલા બધા વિરોધી હોય છે કે તેને લીધે ધાર્મિકપણાનું પ્રમાણપત્ર આપવા જઇએ તો કાં તો બધા જ પંથોને ધાર્મિક કહેવા પડે અને કાંતો બધાને જ અધાર્મિક. દાખલા તરીકે કોઇ પંથ મંદિર અને મૂર્તિપૂજનના પોતાના પ્રચારનો નિર્દેશ કરીને એમ કહે કે તેણે એ પ્રચારદ્વારા જનસમાજને ઇશ્વરની ઓળખાણમાં અગર તેની ઉપાસનામાં બહુ મદદ કરી છે અને તે રીતે સમાજમાં શુદ્ધિ આણી છે તો તેથી ઉલટું તેનો વિરોધી બીજો પંથ એમ પણ કહેવા કમર કસે કે તેણે મંદિરો અને મૂર્તિઓના ધ્વંસનું કામ કરી સમાજમાં શુદ્ધિ આણી છે; કારણ કે મંદિરો અને મૂર્તિઓને બહાને વધી ગયેલા વહેમ, આળસ અને દંભને અમુક પ્રમાણમાં તેણે મંદિરો અને મૂર્તિઓના વિરોધદ્વારા વધતા અટકાવ્યા છે. એક પંથ જે તીર્થસ્નાનનો મહિમા ગાતો અને વધારતો હોય તે શારીરિક શુદ્ધિદ્વારા માનસિક શુદ્ધિની દલીલ કરી પોતાની પ્રવૃત્તિને સમાજ-કલ્યાણકારી બતાવી શકે, જ્યારે તેનો વિરોધી બીજો પંથ સ્નાનનિયમનના પોતાના કાર્યને સમાજ-કલ્યાણકારી સાબીત કરવા એવી દલીલ કરી શકે કે બાહ્ય સ્નાનના મહત્વમાં તણાતા લોકોને તે રસ્તેથી પાછા વાળી અંતર-શુદ્ધિ તરફ લઇ જવા માટે સ્નાન ઉપર નિયંત્રણ મુકવું એજ હિતાવહ છે. એક પંથ કંઠી બંધાવીને અને બીજો તેને તોડાવીને સમાજકલ્યાણ કર્યાનો દાવો કરી શકે. આ રીતે દરેક પંથના બાહ્ય રૂપો જે ઘણી વાર એક બીજાથી તદ્દન વિરોધી હોય છે, તેના ઉપરથી આપણે નક્કી ન કરી શકીએ કે અમુક પંથ ખરો ધાર્મિક છે અને અમુક પંથે જ સમાજમાં વધારે શુદ્ધિ આણી છે. ત્યારે શું એવું કોઇ ધોરણ છે કે જે સર્વમાન્ય હોય અને જેના દ્વારા નિર્વિવાદપણે કહી શકીએ કે જે અમુક વસ્તુ હોય તો બાહ્ય રૂપ ગમે તે હોવા છતાં પણ તેનાથી સમાજનું એકાંત કલ્યાણ જ થવાનું અને તે વસ્તુ જે પંથમાં, જે જાતિમાં કે જે વ્યક્તિમાં જેટલા પ્રમાણમાં વધારે હોય તેજ પંથ, તેજ જાતિ, કે તેજ વ્યક્તિએ સમાજની શુધ્ધિમાં અગર સમાજના વિકાસમાં વધારે ફાળો આપ્યો છે એમ કહી શકાય ? અલબત એવી વસ્તુ છે અને તે ઉપરની ચર્ચાદ્વારા સ્પષ્ટ થઇ ગઇ છે. તે વસ્તુ એટલે નિર્ભયપણું, નિર્લેપપણું, અને વિવેક. વ્યક્તિના કે પંથના જીવનમાં એ વસ્તુ છે કે નહિ તે બહુ સહેલાઇથી જાણી શકાય. જેવું માનવું તેવું જ બોલવું તેથી ઉલટું ન ચાલવું અગર જેવું ચાલવું તેવું જ કરી દેવું. આ તત્વ હોય તો નિર્ભયપણું કહેવાય. આવું નિર્ભયપણું ધારણ કરનાર કોઇ નોકર શેઠથી ડરી ખરી બીના નહિ છુપાવે અને ગમે તેવું જોખમ ખેડવા તૈયાર રહેશે. કોઇ ભક્ત ગૃહસ્થ મોટપમાં ખામી આવવાના ભયથી ધર્મગુરૂ પાસે અગર બીજે કયાંઇ દોષ ઢાંકવા કે મોટા દેખાવા ખોટો ડોળ ન કરતાં સાચી બીના કહેવા તૈયાર રહેશે. કોઇ ધર્મગુરૂ જો તે નિર્ભય હશે તો પોતાનું પાપ જરાય છુપું નહિ રાખે. એજ રીતે જે નિર્લોભ હશે તે પોતાનું જીવન તદ્દન સાદું ગાળશે. નિર્લોભ પંથ ઉપર કિંમતી કપડાં કે ઘરેણાંનો ભાર નહિ હોય. જો કોઇ પંથમાં નિર્લેપપણું હશે તો તે પોતાની બધી જ શકિતઓ એકાગ્ર કરી બીજાઓની સેવામાં જ વાપરશે. તે બીજાઓની સેવા લેવામાં સંતુષ્ટ નહિ થાય. જો વિવેક હશે તો તે વ્યક્તિને કે તે પંથને કોઇની સાથે કલેશમાં ઉતરવાનું કારણ જ નહિ હોય. તે પોતાની શકિત અને સંપત્તિનો સદ્‌ઉપયોગ કરીને જ બીજાઓનાં હૃદય જીતશે. વિવેક હોય ત્યાં કલેશ નજ હોય. અને જ્યાં કલેશ હોય ત્યાં સમજવું કે વિવેક નથી જ. આ રીતે આપણે કોઇ વ્યકિત કે કોઇ પંથમાં ધર્મ છે કે નહિ તે આપણે સહેલાઇથી જાણી શકીએ અને ઉપરની કસોટીથી કસી આપણે નક્કી કરી શકીએ કે અમુક વ્યક્તિ અગર અમુક પંથ સમાજનું કલ્યાણ કરનાર છે અને અમુક નહિ.

નાતમાં મહાજનો, પંથમાં તેના આગેવાનો અને સમસ્ત પ્રજામાં રાજ્યકર્તાઓ નીતિ ઘડે છે અને દેશ કાળ પ્રમાણે બદલે છે તેમજ તે પળાવે છે, છતાં સમાજની શુધ્ધિનું કામ તો પાછું બાકી જ રહે છે. આ કામ કોઇ મહાજન, કોઇ પંડિત, કે કોઇ રાજા માત્ર તેના પદથી સાધી ન શકે. એ કામ જ મુખ્ય છે. અને એજ કાર્ય કરવું તે ઇશ્વરીય સંદેશ. જે વ્યક્તિને આ કાર્ય કરવાની તાલાવેલી હોય તેણે બીજાઓને પ્રથમ ન કહેતાં પોતાના જ જીવનમાં ધર્મ દાખલ કરવો જોઇએ. જો એના જીવનમાં ધર્મ દાખલ થયો તો તેટલે અંશે તેનું જીવન સમાજની શુધ્ધિ

કેળવણી સબંધી થોડાક વિચારો

એમ કહેવામાં આવે છે કે વિદ્યાર્થી અવસ્થામાં હિન્દના યુવકો પશ્ચિમના યુવકો કરતાં ઘણાજ ચડિયાતા હોય છે, પરન્તુ પછીની જીંદગીમાં વિદ્યાર્થી અવસ્થા છોડયા પછી બહુ જ પાછળ રહી જાય છે, તે એટલે સુધી કે કેટલાએક તો ભાગ્યે જ પોતાનું જ્ઞાન કર્તવ્યમાં મુકી લાભ લઇ દઇ શકે છે. અનુભવ આ વાત કબુલ કરે છે. કારણ એ છે કે એક યા બીજા કારણે આપણે ઉગતી જુવાનીમાં વીશ વર્ષની ઉમરમાં સાઠ વર્ષના વૃદ્ધ જેવા અકાળ ગંભીર અને ડાહ્યાડમરા થઇ ચિંતા કરવા મંડી જઇએ છીએ એટલે કર્તવ્યમાં જે જુવાનીનું જોમ જોઇએ તે રહેતું નથી.

આપણી આધુનિક કેળવણી કોઇ એવી જ ઢબ ઉપર રચાઇ ગઇ છે કે હેતુપૂર્વક રચવામાં આવી છે કે "આપણી કેળવણી અને રાષ્ટ્ર", "કેળવણી અને સમાજ," અને "કેળવણી અને ધર્મ" એક બીજાને પૂરેપૂરા બંધ બેસતા આવતા નથી. સૌ અલગ અલગ ધોરણો ઉપર કામ કરતા હોવાથી વિદ્યાર્થીઓને તે સૌ બાબતોનો સમન્વય કરી દરેક બાબતનું ઉપયોગી જ્ઞાન મેળવવા માટે એકી સાથે ઘણી જાતની કેળવણી ફરજિયાત લેવી પડે છે. આ બોજો આપણા અત્યારના નબળા બાંધાના, અધુરા સાધનવાળા આધિ, વ્યાધિ અને ઉપાધિથી વિંટળાયલા વિદ્યાર્થીને જીવલેણ ન નીવડે તો હતાશ કરી નાંખનાર તો જરૂર નીવડે છે.

જેમ આપણા શિક્ષણ આપનારા ગુરૂઓ આજે તો શિક્ષણ શાસ્ત્રથી તદ્દન અજાણ્યા અને તેવી વૃત્તિથી વિમુખ છે તેમ આપણો વિદ્યાર્થી પણ પોતાના કર્તવ્યમાં અન્યમનસ્ક છે. તે ઇતિહાસ ભણતાં ભણતાં ગૌરક્ષાની સંસ્થાની ચિંતા કરતો હોય છે, ગણિત ગણતાં ગણતાં રાષ્ટ્રની ઝુંબેશની ચિંતાનો ભાર વહતો હોય છે, વ્યાકરણ ગોખતાં ગોખતાં દેશભક્તિના તરંગોમાં મહાલતો હોય છે, તો કોઇ ગૃહચિંતા કે રોટીની ચિંતામાં સબડતો હોય છે કાંતો કોઇ ધાર્મિક વમળમાં પડી ગયેલો કે પોતાની સંતતિના વતુંળમાં અટવાય ગયેલો હોય છે. આ આદત તેને અકાળે વૃદ્ધ બનાવે છે અને કેળવણીમાં સંપૂર્ણ થવા દેતી નથી. આ બધાનું પરિણામ એટલે "માયકાંગલો, જીંદગીના ઉંબરામાં જ હારી ઉભેલો વિદ્યાર્થી!"

પ્રગતિશીલ સ્વતંત્ર દેશનો વિદ્યાર્થી એટલું જ સમજે છે ભણવું એટલે જીંદગીની ઉપયોગી લડતો માટે ઘડાવું. ભણતર એટલે જીંદગીની દરેક સ્થિતિ માટેની યોગ્ય આયડતનો સમુચ્ચય. આવા સંગ્રહવાળી પ્રજાનો સમુહ એટલે રાષ્ટ્રની સ્વતંત્રતા અને પ્રગતિને ટકાવી રાખનાર પ્રબળ બળશકિત! આ શકિત રાષ્ટ્રને ઉન્નત કરે છે અને ઉન્નત રાષ્ટ્ર આ શકિતને વિકસાવે છે! અધુરા સંગ્રહે તે ખર્ચી નાંખવાનો વિચાર નહિ જ કરે. તેને તેની જરૂર પણ નહિ જ જણાય. તેથી નકામી ચિંતા કરી પુશતુમા ચહેરા ઉપર તરવરતા થનગનાટને બદલે વૃધ્ધાવસ્થાની જેવી કરચલીઓ પડવા નહિ દે! આ જાતનો વિદ્યાર્થી અવસ્થાનું કારણ એટલું છે કે તેનું રાષ્ટ્ર સ્વતંત્ર છે, સુખી છે. એટલે સામાન્ય વિદ્યાર્થીને તેની ચિંતા કરવાનું કારણ કે અવકાશ નથી. એમાં ધર્મની કે સમાજની વ્યવસ્થા એવી સુઘડ છે કે વ્યકિતગત ચિંતાને સ્થાન નથી. ઉપરાંત બચપણથી એવા સંસ્કારો પાડવામાં આવે છે કે અયોગ્ય રીતે સારા ગામની ચિંતા કરતા કાજી માફક તેને દુબળા-બનવાપણું હોતું નથી. તેની કેળવણીની દોરવણી યોગ્ય કેળવણીકારો કરે છે. તે દેશમાં કેળવણી-જ્ઞાનની-પ્રતિષ્ઠા છે એટલે વિદ્યાર્થી જ્યારે તેનો વિચાર કરતો હોય છે ત્યારે તે તેમય જ બને છે.

ત્યાં તો—

Play while you play;
Work while you work;
Read while you read;
Study while you study.

રમતા હો ત્યારે ખંતથી રમજો,
ભણતા હો ત્યારે ઉમંગથી ભણજો;
કામ કરતા હો ત્યારે તેમાંજ રસ લેજો
અને અધ્યયન વખતે તેમાંજ ચિત પરોવજો.

જ્યારે અહિં તો—

ભણતા હો ત્યારે રોટલીની ચિંતા કરજો;
વાંચતા હો ત્યારે બાળકને હીંચોળજો;
કામ કરતા હો ત્યારે ગ્રહ કલેશને વિચારજો;
અને અધ્યયન વખતે ગરીબીને રડજો.

× × ×

આપણે ત્યાં ગમે તે કારણે પછી તો તે આર્થિક કારણે હો, સંજોગના અભાવે હો, યોગ્ય કેળવણીકારની ખામીએ હો, સામાજીક કે ધાર્મિક દખલગીરીથી હો, કે રાજ્યસત્તાની ખુરી દાનતથી હો, પણ પૂર્ણ કેળવણી મળતી નથી. પરિણામે પાછળની જીંદગીમાં કૃતેહમંદ થવાતું નથી.

આજે ભણે છે ઘણા-પણ સૌ ભણતરના સર્વ અંગોને-સંપૂર્ણ શરીરને નહિ. કેટલાએક ભણતર ભણે છે માનસિક ક્રમને આધ્યાત્મિક વિષયોનું, પણ શારીરિક કેળવણીને ભૂલે છે, તો કોઇ શરીર કેળવે છે પણ માનસિક કે આધ્યાત્મિક બાબતોમાં ઘોર અંધકાર સેવે છે.

પૂર્ણ કેળવણી એટલે—

માનસિક, શારીરિક, અને આધ્યાત્મિક (નૈતિક) શકિતઓનો પૂર્ણ વિકાસ કરનાર સાચી સમજુતી, સાચું માર્ગદર્શન, સાચો પ્રકાશ!

અક્ષરજ્ઞાન મળ્યું, કાવ્યતીર્થ કે વ્યાકરણ કે ન્યાયતીર્થ બન્યા કે બન્યા એમ. એ. કે પી. એચ. ડી. પણ જો શારીરિક કે આધ્યાત્મિક જ્ઞાન નહિ હોય તો શું કામનું? માયકાંગલુ શરીર કે વિપથગામી જીવન જગતને કેટલું લાભદાયક?

શારીરિક કેળવણી હોય પણ માનસિક કે આધ્યાત્મિક કેળવણીની ખામી હોય તો તે પણ શું કામનું? ગુંડાઓ કે રાક્ષસો જગતને કેટલા ઉપયોગી? માનસિક કે શારીરિક કેળવણી હોય પણ આધ્યાત્મિક કેળવણી ન હોય તો તે પણ શું કામનું? રાવણ, કંસ, હીટલર, કે નીરો જગતને કેટલું ઉન્નત કરી શકે?. જ્યારે ત્રણે બાબતોનું જ્ઞાન એકત્રિત થાય ત્યારેજ ખરી કેળવણી લીધી ગણાય. અધુરી કેળવણી એ તો હાથીનાં અંગ ઉપાંગ પકડી ન્યાય તોલનારી અંધ મંડળી જેવી સ્થિતિ બને.

કરવાનું. પછી ભલે તે કોઇને શુદ્ધ થવાનો ઉપદેશ વાણી કે લેખનથી ન પણ આપતો હોય. સમાજની શુદ્ધિ જીવનશુદ્ધિમાં સમાયેલી છે અને જીવનશુદ્ધિ એજ ધર્મનું સાધ્ય છે. એટલે જો આપણે સમાજ અને પોતાના જીવનને નિરોગ રાખવા ઇચ્છતા હોઇએ તો આપણા પોતામાં ઉપર કહેલ ધર્મ છે કે નહિ અને છે તો કેટલે અંશે છે એનું જ નિરીક્ષણ કરવું જોઇએ. આ ધાર્મિક મનાતા દિવસોમાં જો પોતાનું નિરીક્ષણ કરવાની ટેવ કેળવીએ તો તે હંમેશાં સ્થાયી બને અને તેમ થાય તો આપણી સામે પડેલા વિશાળ સમાજ અને રાષ્ટ્રના ઘટક તરીકે આપણે કાંઇક સાચો ફાળો આપ્યો કહેવાય.

પંડિત સુખલાલજી.

આજનું યુરોપ તથા જાપાન ભણ્યા છે માનસિક અને શારીરિક ભણતરને પણ પૂરેપૂરા ભૂલ્યા છે આધ્યાત્મિક બાબતને.

મુસ્લીમ પ્રજા ભણી છે મોટે ભાગે શારીરિક ભણતરને, પણ ભૂલી ગઇ છે માનસિક અને આધ્યાત્મિક વિષયને.

ભારત ભણ્યું છે કંઇ૦કંઇ આધ્યાત્મિક તથા માનસિક ભણતરને પણ શારીરિક ભણતર ભૂલી ગયું છે.

આપણા કલહો, શઠતાઓ, ધર્માન્ધતા, પશુતા કે જડતા આધ્યાત્મિક કેળવણીની ખામીનું પરિણામ છે.

આપણી ગુલામી મનોદશા, અસ્થિરતા, હીચકારાપણું, અડગ ટેકના સાંસા અને સુસ્ત દશા શારીરિક કેળવણીના અભાવનાં ઝેરી ફળો છે.

જીજ્ઞાસુ વૃત્તિની ખામી, શોધક બુદ્ધિની ખામી, જુના ચીલાનો મોહ "બાપા વાક્યમ્ પ્રમાણમ્" માની લેવાની નબળાઇ–યુક્ત તત્પરતા અને વિવેકબુદ્ધિનો લોપ માનસિક કેળવણીની ઉણપનું પ્રદર્શન છે.

પર ભાષામાં તાલીમ, ભિન્ન પ્રકૃતિના સમાજ અને લોકાચારમાં વસતા રાજવીની રાજ્યસત્તાની કેળવણીના વિષયમાં ડખલગીરી આપણી સાચી કેળવણીમાં તેઓને દેખાતો ભય, આપણી કેટલીએક વિચિત્રતા ભરેલી કુરઢીઓ, આર્થીક સંકડામણ. બીજાં સાધનોનો અભાવ, કેળવણીની સંપૂર્ણ વિચારણા વગર લદાયેલા બીનજરૂરી વિષયોનો ફરજિયાત બોજો. કેળવણીની પ્રતિષ્ઠાને બદલે તેનો બદલાઈ ગયેલો હેતુ અને યોગ્ય શિક્ષણ શાસ્ત્રીઓને બદલે જેવા તેવાથી અપાતી કેળવણી, આપણા કેળવણીના પગ કાપનારા તિક્ષણ ધારવાળા કુહાડો છે.

× × ×

સરસ્વતીચંદ્રમાં શ્રીયુત ગોવર્ધનરામભાઇ મલ્લરાજના મુખે પોતાના કુમારની કેળવણીની શરૂઆતમાં આમાત્ય વિદ્યાધનને જે શબ્દો કહેવડાવે છે તે ખરેખર આધુનિક કેળવણીકારોએ તેમજ કેળવણી લેવાના ઉમેદવાર અને તેના વાલીઓએ મનન કરવા યોગ્ય છે.

"ઓ કેળવણી મંદીરનાં ચણતર ચણનારા કુશળ કાર્યવાહકો! તમારા આશરે આવેલ વિદ્યાર્થીઓ માત્ર બ્રાહ્મણ જેવા શાન્ત જ બનવા નથી આવતા, માત્ર ક્ષત્રિય જેવા તરવાર વીંજનારા બનવા નથી આવતા, વૈશ્ય જેવા વ્યવહારકુશળ અને ગણતરીબાજ થવાયે નથી આવતા કે શુદ્રની માફક સેવક થવા નથી આવતા. એટલે તમે તેઓને માત્ર બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય કે શુદ્ર બનાવશો તે નહિ પાલવે! વિદ્યાર્થીઓ પોતાનું જીવન ઘડતર કરવાની મોટી આશાએ આવે છે. તમારા આંગણે આવે છે, બ્રાહ્મણ સમ શાન્ત, ક્ષત્રિય સમ શુરવીર, વૈશ્ય સમ વ્યવહારકુશળ અને શુદ્ર સમ સેવાભાવી બનવા. વિદ્યાર્થીઓનો આદર્શ તો ચારે કામનો સામટો સરવાળો બનવાનો છે. જ્ઞાન, શૌર્ય, વ્યવહારકુશળતા, અને સેવા એજ વિદ્યાર્થીઓએ ધારેલો કેળવણીનો ખરો આશય છે. જ્યાં સુધી આ આપશો ત્યાં સુધી તમે જગતને સાચા ઉપકારક છો. બાકી તો.—

× × ×

શારીરિક વિજ્ઞાન આપણને શીખવે છે કે જ્યાં સુધી ફેફસાં અને પ્રાણવાયુ જગતમાં હૈયાત છે, તેનું કામકાજ ચાલુ છે ત્યાંસુધી શરીરમાં શ્રમથી ઉત્પન્ન થતાં વિષની શી પરવા છે? દરેક ગતિ, દરેક કાર્ય શરીરમાં અમુક વિષમતત્ત્વ ઉત્પન્ન કરી પવિત્ર રક્તને વિષમય કરી દે છે જેની શુધ્ધિ ફેફસામાં પ્રાણવાયુથી થતી જાય છે. જ્યારે ફેફસા નબળા હોય છે કે પ્રાણવાયુ કમતી હોય છે કે ઝેરનું પ્રમાણ ફેફસાની શક્તિ ઉપરાંતનું હોય છે ત્યારેજ ઝેરનું ઘેન કે મૃત્યુના પગલાં દેખાય છે.

રાષ્ટ્ર, સમાજ, અને ધર્મનું પણ કંઇક આવું જ હોય છે. સમય જતાં, વ્યવહારની ગડમથલથી તેઓમાં રહેલી પવિત્રતા કે ઉપયોગીતામાં કંઇ વિષમ તત્ત્વ ઉત્પન્ન થાય છે. પણ જ્યાંસુધી આ વિષમતાની શુધ્ધિ કરનાર કેળવણીની સંસ્થાઓ અને પૂર્ણ કેળવણીના તત્ત્વો હૈયાત છે. અને યોગ્ય રીતે ગતિમાન છે ત્યાં સુધી વિષમતા વિનાશક નહિજ બને. જેટલા પ્રમાણમાં રાષ્ટ્ર, સમાજ કે ધર્મના ફેફસારૂપી કેળવણીની સંસ્થાઓ અને પ્રાણવાયુરૂપી કેળવણીકાર્ય કરતી રહેશે તેટલા પ્રમાણમાં તો વિષના તત્ત્વો નાબુદ થતાજ રહેશે તે શંકા વગરની વાત છે.

કેળવણીકારો! ગુરૂઓ! રાષ્ટ્ર અને માનવતાના મોંઘા કલેવરના ધડવૈયાઓ! આવો! આવો! ભરતી માનવતા તમારી પ્રતીક્ષા કરે છે કે—

વ્હાલામાં વ્હાલાં ધન બાળક
આજ તમોને સોંપાય!

વ્રજલાલ ધ. મેઘાણી

ગ્રીષ્મ વ્યાયામવર્ગની ઝીણી ઝરમર

"સ્વામીજી! અમને શિક્ષક જુદી જુદી રાવટીઓમાં મૂકવાનું કહે છે. પણ અમારે તો સાથે રહેવું છે." બે યુવાન વિદ્યાર્થીઓએ આવીને સ્વામીરાવને ફરિયાદ કરી.

સ્વામીરાવે કહ્યું "તમને જુદાં મૂકે તેમાં શી હરકત છે? તમે જુદી જુદી રાવટીઓમાં જઈ તમારી પાસે હોય તે બીજાને આપો તો વધારે સારૂં છે." તેમના કહેવામાં ગૂઢ અર્થ સમાયેલો હતો કે અમુકની સાથે જ રહેવું ગમે અને બીજાની સાથે ન ગમે–આવું વળાંણ રાખીએ ત્યાંસુધી આપણાથી સાચું વિશ્વબંધુત્વ કેળવી શકાય નહિ.

વિદ્યાર્થીઓ આવા અનેક પ્રશ્નો પૂછતા અને તેના જવાબો સુંદર પ્રેમાળ શબ્દોથી મેળવતા. એક વખત એક વિદ્યાર્થીએ આવીને સ્વામીજીને ફરિયાદ કરી કે રાવટીને છેડે આવેલી મુતરડીમાં ઘણી જ દુર્ગંધ મારે છે. અંધારી રાત્રિના ઠંડા પહોરે સ્વામીજી તગારૂં અને પાવડો લઇ મુતરડી સાફ કરવા ગયા, માટી ખોદી ખાડામાં નાંખી અને દુર્ગંધ દબાઈ ગઇ.

એક દિવસે જ્યારે બ્હેનોની મુતરડી ખૂબ બદબોથી ગંધાઇ ગયેલી સ્વામીજીએ જાણી ત્યારે તેમની પાસે એક આધેડ ઉમ્મરના બ્હેન ઉભેલાં હતાં. સ્વામીજી તથા એ બ્હેને બંનેએ મળી તે મુતરડી સાફ કરી. આ વાતની બીજી બ્હેનોને ખબર પડી. ત્યારે તેમની શરમનો પાર ન રહ્યો. બ્હેનોમાંથી એક બ્હેન બોલ્યાં કે, 'આપણા માટે માતા તરીકે આ વસ્તુ સરજાઇ છે. છતાં આપણને આ કામ કરવાનું ન ગમે એ કેટલી શરમની વાત ગણાય?'

સરદાર પૃથ્વીસિંહે ખોલેલા આ વર્ગનું નામ ગ્રીષ્મ વ્યાયામવર્ગ હતું. છતાં ઉનાળાના વ્યાયામને બદલે શિયાળાની માફક વ્યાયામથી મનને ઠંડક રહેતી. લાઠી, લેઝીમ, ડંબેલ્સ વિગેરે કસરતોથી શારીરિક સ્ફુર્તિ પણ રહેતી. સમુહ જીવનની તાલીમ અને નિષ્ક્રિય જીવનમાં શ્રમને સ્થાન એ બે વાતને દૃષ્ટિ સમક્ષ રાખવામાં આવેલી.

કેટલાએક માનસિક સુધારણા અર્થે, કેટલાએક શારીરિક સુધારણા અર્થે આવેલા. માનસિક નબળી સ્થિતિવાળા વિદ્યાર્થીઓ અહિંથી મનને સબળ બનાવવાના વિચારો લઇ ગયા. ગ્રામ્યજીવન કેવી રીતે જીવાય. તેનો અહિં અનુભવ થાય તેમ હતું. તવંગરે

(અનુસંધાન પૃષ્ટ ૫૮ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

જુલાઇ ૧૫ ૧૯૪૧

આત્મરક્ષણ

શ્રી. મુનશીના રાજીનામાએ આત્મરક્ષણના પ્રશ્નને ખૂબ આગળ ધકકેલ્યો છે, કોઇ પણ ગુંડો આપણી ઉપર અથવા તો આપણા પાડોશી કે બાજુએ ચાલી જતા કોઇ ભાઇ બહેન ઉપર આક્રમણ કરે ત્યારે આપણે શું કરવું ? આ પ્રશ્નના અનેક વિકલ્પો અને તેની યોગ્યાયોગ્યતા આજે ખૂબ ચર્ચાઇ રહેલ છે. આ પ્રશ્ન સંબંધમાં શ્રી. મહાદેવભાઇએ આપેલા કેટલાક ઉત્તરો આ અંકમાં અન્યત્ર ઉતારવામાં આવ્યા છે. આખી ચર્ચા પાછળ મૂળ પ્રશ્ન એ છે કે તમે તમારા કાર્યાકાર્યના નિર્ણયમાં અહિંસાને ધ્યેય તરીકે સ્વીકારો છો કે નહિં ? હિંસાને ધ્યેય તરીકે સ્વીકારનારને બીજી કોઇ બૌદ્ધિક મુંઝવણ રહેતી જ નથી. અહિંસાવાદીને જ આવી મુંઝવણ ઉભી થયા કરે છે કારણ કે આપણા આખા જીવનના કર્માકર્મનું નિર્માણ હિંસા-અહિંસાની વિચિત્રવિચિત્ર મેળવણી ઉપર થયેલું છે અને આપણું ધ્યેય ચાલુ વ્યક્તિગત તેમ જ સમુહગત જીવનમાંથી હિંસા અને તેટલી બાદબાકી કરીને અહિંસા તરફ પ્રગતિ કરવાનું છે. પ્રસ્તુત આત્મરક્ષણના સંબંધમા ગાંધીજી જે અહિંસક સામનાની પદ્ધતિ અખત્યાર કરવાનું કહે છે તે આપણામાંના ઘણા ખરા માટે અશકય લાગતી હોય તો પણ તેની વિશેષતાઓ ઉપેક્ષા કરવા જેવી નથી.

આપણા દેશમાં કોમી અથડામણો એ એક ભારે પ્રગતિબાધક આફત છે. એ અથડામણો હમેશને માટે દૂર થાય અને કોમી ભાતૃભાવ ચોતરફ પસરે એ આપણું ધ્યેય છે. એ ધ્યેય હિંસા-તત્પર ગુંડાને મારવાથી સધાવાનું નથી પણ હિંસક વૃત્તિનો મૂળમાંથી છેદ કરવાથી જ સાધી શકાય તેમ છે. એ હિંસક વૃત્તિનો નાશ અહિંસાત્મક સામનાથી અને તે રીતે સ્વેચ્છાએ અપાયલાં અનેક આત્મબલિદાનોથી જ થઇ શકવાનો છે. હિંસક સામનાથી હિંસકો બે ઘડિ દબાય છે પણ તેઓ હમેશાં પોતાનો લાગ શોધતા રહે છે. 'ભય વિના પ્રીતિ નહિ' એ કહેવત ખોટી અને અનર્થજનક છે. ભયથી કદી પ્રીતિ ઉત્પન્ન થતી જ નથી. ભય નબળાને દબાયલા રાખવામાં જ કામ લાગે છે. પણ નબળો સદા નબળો રહેતો નથી અને એ સબળ થાય કે તુરત જ તે બમણા જોરથી સામનો શરૂ કરે છે. આ બધું વિચારતાં હિંસક વૃત્તિનો ઉત્તમ પ્રતિકાર અહિંસક સામનાથી જ થઇ શકે તેમ છે.

પણ વસ્તુસ્થિતિ એવી છે કે અહિંસા તરફ આપણું લક્ષ્ય હોવા છતાં આપણું આચરણ હિંસાપૂર્ણ હોય છે. વર્ષોથી હિંસાથી ટેવાયલા આપણે હિંસક વૃત્તિનો અને મનોદશાનો એકાએક ત્યાગ કરી શકતા નથી. ગુંડો આવ્યો કે આપણો હાથ અજાણપણે ઉપડે છે અને જે હાથમાં આવ્યું તે વડે આપણે તેની ઉપર પ્રહાર કરી નાંખીએ છીએ. ભાવના એક વસ્તુ છે; વર્ષો સુધીનું વળણ બીજી વસ્તુ છે. આવા વળણને વશ થઇ આપણે આપણી કે અન્યની જાતનું રક્ષણ કરવા જતાં હિંસા કરી બેસીએ એનો અર્થ એમ નથી કે આપણે અહિંસાની ભાવનાને હમેશને માટે તિલાંજલિ આપી દીધી. આજની પરિસ્થિતિમાં આવું વર્તન સહજ છે, ક્ષમ્ય છે.

પણ આત્મરક્ષણ કે પરરક્ષણ કરવા જતાં આપણા હાથે હિંસા થઇ જાય એ એક વસ્તુ છે પણ આગામી આક્રમણની કલ્પનાપૂર્વક રક્ષણના સાધનોની હિંસાના ધોરણે વ્યવસ્થિત યોજના કરવી એ બીજી જ વસ્તુ છે અને એ તો અહિંસાના ધ્યેયનો ત્યાગ કરવા સિવાય બની શકે તેમ છે જ નહિ. આ ભેદ સૌ કોઇએ બરોબર લક્ષ્યમાં લેવા જેવો છે.

બીજું રક્ષણના હિંસક સાધનોની વ્યવસ્થિત યોજના સંબંધમાં એ પણ ધ્યાનમાં લેવા જેવું છે કે હિંસક રક્ષણ અને આક્રમણ વચ્ચેની સીમા જાળવવી હમેશાં બહુ જ મુશ્કેલ છે. આજે રક્ષણનો વિચાર કરનારને આવતી કાલે વિરોધી પક્ષ ઉપર એકાએક આક્રમણ લઇ જવામાં જ સાચું રક્ષણ રહેલું છે એમ લાગ્યા વિના રહેવાનું નથી. હમણાં જ તાજેતરમાં નિવૃત્ત થયેલ હિંદના સેનાધિપતિએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે દુશ્મન આવે ત્યારે દેશનું રક્ષણ કેમ કરવું એ રીતે દેશના રક્ષણનો વિચાર કરવો તે યોગ્ય નથી. સાચું રક્ષણ ખરે વખતે દુશ્મન ઉપર આક્રમણ કરવામાં જ રહેલું છે અને તેથી હિંદુસ્થાનના રક્ષણ માટે આપણી દૃષ્ટિ અને કાર્યશકિત હિંદુસ્થાનથી દૂર દૂર આવેલા દેશો કે જ્યાં આજે લડાઇ ચાલી રહેલી છે ત્યાં સુધી લંબાવવાની જરૂર છે. આ રીતે 'અમે તો કેવળ રક્ષણની યોજના કરીએ છીએ' એમ કહેનારાને આગળ ચાલતાં હિંસક આક્રમણ પણ એટલું જ જરૂરી ભાસવાનું છે. આ બધું વ્યવસ્થિત રક્ષણ યોજનાની વાતો કરનાર અને છતાં અહિંસામાં પોતાને અડગ શ્રધ્ધા હોવાનો દાવો કરનારે લક્ષ્ય ઉપર લેવાની ખાસ જરૂર છે.

આત્મરક્ષણ સંબંધમાં ગાંધીજીની દૃષ્ટિનો વિરોધ કરનારા એમ પોકારી ઉઠે છે કે, "જો અમારે જરૂરી બળ વાપરીને ગુંડાઓના આક્રમણનો સામનો ન કરવો એમ તમારું કહેવું હોય તો શું અમારે અમારાં બાયડી છોકરાંને કપાવા દેવાં અને અમારી માલમીલ્કતને લુંટાવા દેવી ?" આમ કહેનારા ગાંધીજીને ખોટી રીતે સમજે છે અથવા તો વર્ણવે છે. તેમણે કદિ આવી નિર્માલ્યતા કે બાયલાપણાનું સમર્થન કર્યું જ નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે આવા ગુંડાઓનો સામનો તો થવો જ જોઇએ. એ સામનો તેઓ કહે છે તે રીતે શકય ન હોય તો પછી અન્ય રીતે કરો ! પણ અન્ય રીતે વર્તવા માંગતા લોકો અહિંસાનો દાવો આગળ ન ધરે અને પોતે જે રીત સ્વીકારે છે તેના લાભાલાભનો શાન્ત પણે જરા ઉંડો વિચાર કરે. આજની નામરદાઇ અને બાયલાપણા સામે તો તેઓ પણ અન્ય જેટલી જ ઘૃણા ધરાવે છે. શ્રી મુનશીના રાજીનામા ઉપરથી ઉપસ્થિત થતા સંરક્ષણના મુદ્દાઉપર આટલી સમાલોચના એ વિષયમાં રસ લેતા અને ચિન્તા ધરાવતા ભાઇ બહેનોને ઉપયોગી થશે એવી આશા રાખું છું.

અનાસકતની હિંસા !

શ્રી. મુનશીએ રાષ્ટ્રીય મહાસભામાંથી રાજીનામું આપ્યા બાદ 'સેટરડે વેલફેર' નામના પોતાના પત્રમાં અહિંસા વિષેની પોતાની સમજણની સ્પષ્ટતા કરતો અગ્રલેખ પ્રગટ કર્યો છે જેનો અનુવાદ આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે. શ્રી મુનશીએ રાજીનામું આપ્યું ત્યારે ગુરૂના પગલે શિષ્ય અમુક મર્યાદાથી આગળ ચાલી શકે તેમ ન હોવાથી શિષ્ય અનિચ્છાએ ગુરૂથી જુદો પડતો હોય એવું સાદુ, સરળ અને સ્પષ્ટ વળણ શ્રી. મુનશીનું હોય એમ આપણને લાગતું હતું અને તેથી તેમણે કોંગ્રેસના નામે આજ સુધી મેળવેલી પ્રતિષ્ઠાનો પોતાની પ્રતીતિ ખાતર આવડો મોટો ભોગ આપ્યો તે બદલ તેમના

માટે આપણા દિલમાં ખરેખર માન સ્ફુરતું હતું. પ્રસ્તુત લેખમાં પણ આરંભમાં તેમ જ અન્તમાં એવા જ વળણની પ્રતિચ્છાયા દેખાય છે પણ એ લેખમાં વચગાળે એવાં કેટલાંક વિધાનો આવે છે કે જે ઉપરથી આપણને એમ અનુમાન કરવાને કારણ મળે કે ઉપર વર્ણવેલ તેમના વળણ પાછળ રહેલી નમ્રતા અને જરૂરી અહિંસા-સામર્થ્યનો પોતામાં અભાવ હોવાની સરળ કબુલાત ધીમે ધીમે ખંડિત થવા લાગી છે. આજે તેમની વકીલ બુદ્ધિ પોતાના વળણ અને વર્તનનું સ્વતંત્ર સમર્થન શોધતી હોય એમ આપણને તેમના નીચેના વાક્યો ઉપરથી ભાસે છે. તેઓ પ્રસ્તુત લેખમાં જણાવે છે કે "હું સમજું છું તે મુજબ અહિંસા એટલે બળના ઉપયોગનો સર્વથા પરિત્યાગ એ વ્યાખ્યા બરોબર નથી. એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે કે જ્યારે બળનો ઉપયોગ સંમત થવો જોઇએ, એટલું જ નહિ પણ તે જ એક પરમ કર્તવ્ય લેખાવું જોઇએ, અહિંસા મનોગત વસ્તુ છે. તેની નૈતિક કીંમત તેની પાછળના હેતુ અને પ્રેરક કારણમાં રહેલી છે. જો કશા પણ ભય, દ્વેષ કે ક્રોધ સિવાય સ્વીકારવામાં આવેલ કર્તવ્યધર્મના અનુપાલનમાં બળનો ઉપયોગ જરૂરી બને તો તે હિંસા નથી.

"સત્યાગ્રહ પ્રભુત્વ અને સત્તા મેળવવાનું મોટું શસ્ત્ર છે. સત્યાગ્રહના શસ્ત્રની શોધથી દુનિયાના ઇતિહાસમાં મહાત્મા ગાંધીજી જરૂર અવિચળ કીર્તિને પામશે. અહિંસાની મર્યાદાઓ તેની કોઇ સિધ્ધાન્તિક અપૂર્ણતાઓમાં રહેલી નથી, પણ મનુષ્ય સ્વભાવમાં રહેલ અપૂર્ણતાઓને જ આભારી છે. જે માણસ હિંસક આક્રમણ સામે બળ વાપરીને પણ ઉચ્ચ કર્તવ્ય બુદ્ધિથી પ્રેરાઇને પોતાના ઘર, મંદિર કે જમીનનું રક્ષણ કરે તે બીજા જેટલો જ સત્યાગ્રહી છે."

આગળ ચાલતાં તેઓ જણાવે છે કે "હું અહિંસાના વિષય ઉપર નિષ્ણાત હોવાનો દાવો કરતો નથી. હું તો પોતે વ્યાસ, પતંજલિ અને ગાંધીજીએ શિખવી છે તે અહિંસાનો નમ્ર અભ્યાસી છું." આવી નમ્રતા દાખવવા છતાં અહિંસા અને સત્યાગ્રહ વિષેનાં ઉપર જણાવેલા વિધાનો એટલું જણાવવાને પુરતા છે કે તેઓ અહિંસા શાસ્ત્રના કેવળ નમ્ર અભ્યાસી નથી પણ અહિંસા અને સત્યાગ્રહ સંબંધમાં ચોક્કસ વિચારો ધરાવી રહ્યા છે અને તે વિચારો એવા છે કે જે-વ્યાસના અહિંસા પરત્વે શું વિચારો હતા તે ચોક્કસ કરવું બહુ જ મુશ્કેલ છે પણ-પતંજલિ અને ગાંધીજીનાં મન્તવ્યોથી જરૂર બહુ જુદા પડે છે. વળી સત્યાગ્રહ તો ગાંધીજીનો ઘડેલો શબ્દસમાસ છે અને સત્યાગ્રહની કલ્પના સાથે માનસિક તેમજ બાહ્ય અહિંસા એટલી બધી જોડાયલી છે કે સત્યાગ્રહનું હિંસા સાથે લગ્ન કરવું તે સત્યાગ્રહને જ વર્ણસંકર બનાવવા જેવું છે.

બીજું શ્રી. મુનશી સૂચવે છે તે મુજબ રાગ, દ્વેષ, ક્રોધ તેમજ ભયથી મુકત બનીને પ્રસંગ આવ્યે કોઇ પણ ઉંચા ઉદ્દેશ ખાતર આપણે હિંસા કરીએ તો તે હિંસા નથી પણ અહિંસા છે. આ રીતે તેઓ ગીતાજીમાંના અનાસકિતવાદમાંથી પોતાના વિચારોનું, સમર્થન શોધતા હોય એમ લાગે છે. એક બાજુએ આત્મરક્ષણના પ્રશ્ન ઉપર ગાંધીજીએ સૂચવેલ અહિંસાત્મક સામનો કરવાનું પોતાનું અસામર્થ્ય તેઓ રજુ કરે છે. બીજી બાજુએ રાગ, દ્વેષ, ભય અને ક્રોધથી મુકત એવી અનાસકત મનોદશા હોવાનો તેઓ દાવો કરે છે. આ ખરેખર ભારે વિચિત્ર લાગે છે. અનાસકત દશાને પહોંચેલો માનવી કોઇને બચાવવા માટે પોતાની જાતનું બલિદાન આપે તે સમજી શકાય તેવું છે, પણ તેવો માનવી તરવાર ઉગામીને આક્રમણોત્સુક પર ગુંડાનો શિરચ્છેદ કેમ કરી શકે તે તો આપણી પામર કલ્પનામાં આવી જ શકતું નથી. ગીતાજીમાં સ્થિતપ્રજ્ઞનાં જે લક્ષણો વર્ણવ્યા છે એથી ઉચ્ચ આત્મદશાનો દાવો કરવાને બદલે 'હું એક સાધારણ માનવી છું; મારા ભાઇભાંડુને કોઇ ગુંડો મારવા કે લુંટવા આવે તો મારાથી તેને બળજોરીથી પણ હઠાવ્યા સિવાય રહી શકાય તેમ છે જ નહિ, તેમજ આવા પ્રસંગે કોઇ પણ માણસે સામે આવતા ગુંડાનો પુરી બળજોરીથી સામનો કરવો જ જોઇએ એમ દૃઢપણે મને લાગે છે. ગાંધીજી કહે છે કે સામનો કરવો જોઇએ એ બરોબર પણ તેમાં શારીરિક બળનો ઉપયોગ અહિંસાવાદી સંમત કરી ન શકે. અહિંસા મને જરૂર ગમે છે છતાં આ કોટિની અહિંસા મારા માટે શકય નથી' આટલો નમ્ર દાવો જાળવી રાખીને શ્રી મુનશી આગળ ચાલ્યા હત તો કોઇને ખાસ કહેવા કે ચર્ચવાપણું ન રહેત. પણ આપણી બુદ્ધિની પાછળ રહેલું 'અહં' આપણામાં કુદરતી સાહજીક નમ્રતાને ટકવા દેતું નથી અને 'હું ઉંચે પગલું ભરવાને સમર્થ નથી એટલે નીચેની ભૂમિકા ઉપર ચાલું છું' એવી અસામર્થ્ય સૂચવતી કબુલાત પદભ્રષ્ટ કરી 'મારું મંતવ્ય જ સાચું અને સંમત ધર્મમાર્ગને સૂચવતું છે. અને આથી અન્ય કોઇ વિધાન દુનિયામાં રહેતા અને ફરતા માનવી માટે અવ્યવહારૂ અને તેથી ભ્રમણામૂલક છે' એવા વળણ તરફ જ આપણામાં રહેલી અહંતા-બુદ્ધિ જાણ્યે અજાણ્યે આપણને ખેંચી ગયા વિના રહેતી નથી. એમાં પણ જેને પ્રભુત્વ પ્રકૃતિથી વરેલું છે તેના માટે તો બીજો વિકલ્પ સંભવી જ ન શકે.

પરમાનંદ.

મારી સમજણ મુજબની અહિંસા

(અહિંસા સંબંધે પોતાના ખ્યાલો સ્પષ્ટ કરતો એક લેખ 'Non-Volence, as I Understand it' એ મથાળાથી શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ પોતાના તંત્રીપણા નીચે પ્રગટ થતા 'સોશીયલ વેલફેર' નામના અંગ્રેજી સાપ્તાહિકના તા. ૩-૭-૪૧ ના અંકમાં પ્રગટ કર્યો છે. આજે ચાલી રહેલી ચર્ચામાં જનતાને શ્રી. મુનશીનું દષ્ટિબિન્દુ બરોબર જાણવા મળે તે હેતુથી ઉપરના લેખનો અનુવાદ અહિં પ્રગટ કરવામાં આવે છે.)

ગાંધીજીએ મહાસભાવાદી તરીકે મારી પાસેથી જે અપેક્ષા રાખી હતી તેવો અહિંસાનો ખ્યાલ હું સ્વીકારી શકયો નહિ. પણ આનો અર્થ એમ નથી કે મેં અહિંસાનો ત્યાગ કર્યો છે અથવા તો હું કોંગ્રેસવિરોધી બની ગયો છું. ૧૯૩૯ માં 'આઇ કોલો ધી મહાત્મા' એ નામના મારા પુસ્તકમાં મેં ગાંધીજીને એક એવા ગુરૂ તરીકે વર્ણવ્યા છે કે જેની સમક્ષ ઇશ્વર પરમ સત્ય વસ્તુ છે. એ સત્ય ઉપર નિર્ભર બનીને તેઓ જીવી રહ્યા છે અને તેમાંથી સદાકાળ તેઓ અખૂટ તાજગી મેળવી રહ્યા છે.

તે પુસ્તકમાં મેં જે કાંઇ કહ્યું છે તે દરેક શબ્દને હું વળગી રહું છું; કારણ કે મારી સામે હંમેશા ઉપસ્થિત થયા કરતી આધ્યાત્મિક ગુંચવણો અને મુંઝવણોથી ઘેરાયલા મારા આત્માના અનેક અંધારા ખૂણાઓને તેમણે અજવાળ્યા છે અને આજે પણ તેઓ અજવાળી રહ્યા છે.

મે માસની ૨૬ મી તારીખે મેં તેમની ઉપર પત્ર લખ્યો ત્યારે અથવા તો છેલ્લાં છેલ્લાં શેગાંવમાં જ્યારે મને લાગ્યું કે સત્યસ્વરૂપ ઇશ્વર માંગી રહેલ છે કે હું ગાંધીજી પ્રત્યે અપ્રમાણિક બની ન શકું, ત્યારે મેં તેમનું સાન્નિધ્ય જેટલું અનુભવ્યું તેટલું સાન્નિધ્ય પહેલાં મેં કદિ અનુભવ્યું નહોતું. જ્યારે છેલ્લા માર્ચ માસમાં મારી જીંદગીની મોટામાં મોટી ઘાત મેં પસાર કરી ત્યારે મને બરોબર ભાસ થયેલો કે સત્ય જેવું મને દેખાય તે મુજબ જીવવાનો અને આજે ઉભી થયેલી દેશની કેવળ વિચિત્ર પરિસ્થિતિમાં તે મુજબ જ વર્તવાનો હું-સંભવ છે કે

અલ્પ પ્રમાણમાં-પ્રયત્ન કરું તો જ તેમની સાથેના સંબંધની મેં લાયકાત પ્રાપ્ત કરી કહેવાય.

ગાંધીજીથી માર જુદું પડવું આજ સુધીની ઐતિહાસિક પરંપરાને વધારે મળતું આવે છે. પોતાનો શિષ્ય રામાનંદ ભક્તિના પ્રશ્ન ઉપર પોતાથી જુદો અભિપ્રાય ધરાવે છે એમ જ્યારે સન્ત-શિરોમણિ રામાનુજાચાર્યને માલુમ પડયું ત્યારે તેમણે તેને આશીર્વાદ આપીને જે માર્ગે ચાલવાનું તેને આજ સુધી શિક્ષણ આપવામાં આવ્યું હતું તે છોડીને તેના પોતાના માર્ગે જવાની અનુજ્ઞા આપી. મોટા આચાર્યો સદાકાળ આવા જ હોય છે. મહાપુરૂષોનાં દિલ કદિ સાંકડા હોતાં જ નથી.

ગાંધીજીએ પોતાના નિવેદનમાં બરોબર જણાવ્યું છે કે હું અહિંસાને સિદ્ધાન્ત તરીકે સ્વીકારું છું. હું બુદ્ધિપૂર્વક દૃઢપણે માનું છું કે જો કોઇ વ્યક્તિ મન, વચન અને કર્મથી અહિંસક બની શકે તો તે સર્વત્ર પ્રેમ ઉત્પન્ન કરી શકે અને એ રીતે જનતા ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી શકે છે. આ જેટલું એક વ્યક્તિ વિષે સાચું છે એટલું જ અનેક વ્યક્તિઓના બનેલા સમુહ વિષે પણ સાચું જ છે. આ નૈતિક કારણકાર્યનો નિયમ અફર તેમજ અટળ છે. હું એ પણ માનું છું કે યોગસૂત્રમાં જીવનના એક મૂળભૂત સિદ્ધાન્તની પ્રરૂપણા કરવામાં આવી છે કે બ્રહ્મચર્ય-મન વાણી અને કર્મથી વીર્યની રક્ષા-મન અને શરીરને કોઇ અપ્રતીમ તાકાત આપે છે અને અપરિગ્રહ માનવીને જીવનની પૂર્ણતા તરફ લઇ જાય છે.

પણ એક અટળ નિયમનું જ્ઞાન હોવું એક વસ્તુ છે: તદનુસાર સંપૂર્ણ જીવન અખત્યાર કરવું એ બીજી વસ્તુ છે, હું બ્રહ્મચર્ય વ્રત લઇ શકતો નથી કે અપરિગ્રહ અંગીકાર કરી શકતો નથી-અને એવી જ રીતે સર્વ સંયોગોમાં અને સર્વ પરિસ્થિતિમાં મારા માટે અહિંસક બનવું શક્ય નથી.

૧૯૧૪ ની સાલમાં ગાંધીજી પોતે અંગ્રેજી લશ્કર માટે સૈનિકોની ભરતી કરવાને ખેડા જીલ્લામાં ગયા હતા; ૧૯૪૧ ની સાલમાં તેઓ એટલી ઉંચી આધ્યાત્મિક કક્ષાએ પહોંચ્યા છે કે આન્તર રાષ્ટ્રીય, રાષ્ટ્રીય કે સ્થાનિક-કોઇ પણ પ્રદેશમાં તેઓ હિંસાના ઉપયોગને સંમત કરતા નથી. ૧૯૩૭ માં તેઓ કોંગ્રેસ રાજ્યવહીવટની જવાબદારી સ્વીકારે એમ ઇચ્છતા હતા; આજે હિંસાનો ઉપયોગ કરવો પડે તેવી રાજ્યસત્તા કોંગ્રેસ સ્વીકારે તે તેમને સંમત નથી. એક માનવીથી શક્ય હોય તેટલો અહિંસાનો વિજય સાધવા માટે ઇશ્વરે તેમને આ દુનિઆમાં મોકલ્યા છે. પૂર્ણતાની ઉત્તરોત્તર કોટિને ઓળંગતાં ઓળંગતા તેમની જેવા યોગી માટે સર્વ કોઇ સંયોગોમાં અહિંસક રહેવાનું શક્ય છે. પ્રસંગ આવ્યે ઇશ્વર કે જે તેમને મન સત્ય અને અહિંસાનું જ બીજું રૂપ છે તેમનો કોલ પુરો કરવાના ભગીરથ પ્રયત્ન પાછળ પોતાની જાતને ખપાવી દેતાં એક ઘડિની પણ તેમને વાર લાગવાની નથી.

પણ એક સાધારણ માણસ કે જેને જીવનના નાના મોટા ચાલુ સંયોગોનો સામનો કરવાનો છે અને જેને પોતાની જાતને વફાદાર રહીને વર્તવાનું છે તેને તો આ વાત સ્વીકાર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ કે સર્વ સંયોગોમાં બળના ઉપયોગનો ત્યાગ એ જ કેવળ અહિંસાનો અર્થ હોઇ શકે નહિ. હિંદુસ્થાનનો વહીવટ પ્રજાનિયુક્ત સરકારને સોંપવાનું કબુલ કરવામાં આવે તો જર્મનો સામે લડવાની કબુલાત આપવાની દરખાસ્ત જ્યારે પુના ખાતે મૌલાના અબુલ કલામ આઝાદ, પંડીતજી અને સરદાર વલ્લભભાઇ પટેલે રજુ કરી હતી ત્યારે તેઓએ પણ આ મર્યાદાનો જ સ્વીકાર કર્યો હતો. જે હદ સુધી માણસ પ્રામાણિકપણે પોતાના જીવનમાં અહિંસા આચરી શકે તેટલી હદ સુધી જ માણસ અહિંસાને સ્વીકારી શકે. તે હિંસા ખાતર કોઇની હિંસા ન કરે. રાગ, ભય કે ક્રોધને વશ થઇને તે હિંસા ન કરે. પણ જેણે વર્ષોની સાધનાવડે યોગ્યતા પ્રાપ્ત કરી ન હોય અને એ રીતે જે આધ્યાત્મિક વિકાસની ઉચ્ચ કોટિએ પહોંચેલ ન હોય તેના માટે તો અહિંસા કેવળ મનોગત (Psychological) જ હોઇ શકે. આ અહિંસા એટલે કોઇપણ પ્રકારના રાગ, દ્વેષ કે ક્રોધના વિકારને વશ થયા સિવાય કર્તવ્ય ધર્મનું અનુપાલન કરવાનો સતત પ્રયત્ન.

જ્યારે મેં મારું ઉપર જણાવેલું પુસ્તક લખ્યું હતું ત્યારે આ મર્યાદાનું મને પુરેપુરું ભાન હતું. મેં તેમાં સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું છે કે અહિંસક સામના ઉપર રાષ્ટ્રનું એકવાર ઘડતર થયું એટલે એ રાષ્ટ્રના પ્રજાગણમાં હિંસાની વૃત્તિ જ હોઇ ન શકે એમ માનવું ભૂલ ભરેલું છે. મેં એમ પણ કહેલું છે કે હિંદુસ્થાન એ સાધનવડે સ્વરાજ મેળવે તો પણ એ હિંદમાં એવા ઘણા હિંદીઓ હશે કે જેની દુષ્ટ વૃત્તિઓનું બળજબરીથી નિયંત્રણ કર્યા સિવાય ચાલશે નહિ. આંતરરાષ્ટ્રીય જીવનના નિયમનમાં અહિંસા અગત્યનો ભાગ ભજવવા માંડે તો પણ તેને ઉપરની બાબત એટલા જ પ્રમાણમાં લાગુ પડવાની. જ્યાં સુધી સમગ્ર જનતા એક સર્વવ્યાપી રાજ્યતંત્ર સ્વીકારે નહિ ત્યાં સુધી રાજ્ય રાજ્યની પશુબળ પર નિર્ભર રહેતી પ્રવૃત્તિઓનો કદિ લોપ થઇ શકશે નહિ. જ્યાં સુધી ઘણા ખરા મનુષ્યો સર્વસાધારણ જીવન ગાળી રહ્યા છે ત્યાં સુધી માણસ વચ્ચે કોઇ પણ સાધનવડે આત્મરક્ષણ કરવાના હકકનો પરિત્યાગ કરવામાં આવે એ હું કલ્પી શકતો નથી.

મારી સામે ઉપસ્થિત થયેલી સમસ્યા આ મુજબ હતી. અહિંસાને જીવનના એક અટળ સિદ્ધાંત તરીકે સ્વીકારવા છતાં આજે ગાંધીજી વર્ણવે છે તે મુજબ આપણા દેશમાં નાના પાયા ઉપર આંતરવિગ્રહ ચાલી રહ્યો છે તેવા વિકટ સંયોગો વચ્ચે અથવા તો આંતરરાષ્ટ્રિય પરિસ્થિતિના પરિણામે જે કાંઇ નવા સંયોગો ઉભા થાય તે વચ્ચે મારી જેવા માટે અહિંસાને સંપૂર્ણ-પણે આચારમાં ઉતારવાનું શક્ય છે ખરૂં ? અથવા તો ઉપર જણાવેલ મનોગત (Psychological) અહિંસા સ્વીકારીને મારે મારી જાત માટે સંતોષ માનવો ?

એક નિર્દોષ રાહદારીને છરી મારવાની તૈયારી કરતો અથવા તો કોઇ સ્ત્રીને ઉપાડી જતો કોઇ ગુંડો મારા જોવામાં આવે તો એ ગુંડાનું માથું ભાંગી નાખવા જેટલું બળ મારે વાપરવું ન જોઇએ ? જો ગુંડાઓ મારા લત્તા ઉપર હુમલો કરે તો અમારાં ઘર, સ્ત્રી તથા બાળકોનું બની શકે તેટલાં શસ્ત્રો વડે રક્ષણ કરવા માટે મારા લત્તાના નવજવાનોને એકત્ર કરું એ યોગ્ય ગણાય ખરૂં ? જો મારા દેશના માણસો ક્ષુબ્ધ બીકણ હોય તો હિંદુ તેમજ મુસલમાન-બન્નેને ગુંડાઓ સામે આત્મરક્ષણની કળામાં કુશળતા મેળવવાનું હું કહી શકું ખરો ? દાખલા તરીકે મંદિર કે મસ્જીદ-ઇશ્વરના કોઇ પણ નિવાસ-ને બાળી નાંખવાને ગુંડાઓ ઉદ્યુક્ત થાય તો હિંદુ અને મુસલમાન બન્નેએ એકત્ર થઇને સર્વ લભ્ય સાધનો વડે તે હુમલાનો પૂરેપૂરો સામનો કરવો ન જોઇએ ? જો લડાઇને લીધે દેશની સુલેહશાંતિ જોખમમાં આવી પડે-અને મને ખાત્રી છે કે સુલેહશાંતિ જોખમમાં છે જ-તો આપણે આપણા સમાજનું શારીરિક બળના ઉપયોગ વડે રક્ષણ કરવું એ શું આવશ્યક નથી ? આ માત્ર કાલ્પનિક સમસ્યાઓ નથી. જે વાસ્તવિક પરિસ્થિતિ આપણી સામે આજે આપીને ઉભી રહી છે તેનાં જ આ તત્ત્વો છે.

આત્મનિરીક્ષણ દ્વારા મને માલુમ પડયું કે ગાંધીજી મહાસભાવાદી તરીકે મારી પાસેથી જે અપેક્ષા રાખે છે તેની સરખામણીમાં મારી અહિંસા મર્યાદિત છે–હું સમજું છું તે મુજબ અહિંસા એટલે બળના ઉપયોગનો સર્વથા પરિત્યાગ એ વ્યાખ્યા બરાબર નથી. એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે કે જ્યારે બળનો ઉપયોગ સંમત થવો જોઇએ એટલું જ નહિ પણ તે જ એક પરમ કર્તવ્ય લેખાવું જોઇએ. અહિંસા મનોગત (Psychological) વસ્તુ છે. તેની નૈતિક કિંમત તેની પાછળના હેતુ અને પ્રેરક કારણમાં રહેલી છે. જો કશાપણ ભય, દ્વેષ કે ક્રોધ સિવાય સ્વીકારવામાં આવેલ ધર્મના અનુપાલનમાં બળનો ઉપયોગ જરૂરી બને તો તે હિંસા નથી.

સત્યાગ્રહ પ્રભુત્વ અને સત્તા મેળવવાનું મોટું શસ્ત્ર છે. સત્યાગ્રહના શસ્ત્રની શોધથી દુનિયાના ઇતિહાસમાં મહાત્માગાંધીજી જરૂર અવિચળ કીર્તિને પામશે. અહિંસાની મર્યાદાઓ તેની કોઇ સિદ્ધાન્તિક અપૂર્ણતાઓમાં રહેલી નથી, પણ મનુષ્ય સ્વભાવમાં રહેલ અપૂર્ણતાને જ આભારી છે. જે માણસ હિંસક આક્રમણ સામે બળ વાપરીને પણ ઉચ્ચ કર્તવ્ય બુદ્ધિથી પ્રેરાઇને પોતાના ઘર, મંદિર કે જમીનનું રક્ષણ કરે તે બીજા જેટલો જ સત્યાગ્રહી છે.

હું અહિંસાના વિષય ઉપર નિષ્ણાત હોવાનો દાવો કરતો નથી. હું તો પોતે વ્યાસ, પતંજલિ અને ગાંધીજીએ શિખવી છે તે અહિંસાનો નમ્ર અભ્યાસી છું. પણ જો અહિંસાનો કોઇ જુદો જ અર્થ થતો હોય તો ગીતા મારા માટે ન સમજી શકાય તેવો ગ્રંથ બની જાય છે.

ગાંધીજી જે મહાન સિદ્ધાંત શિખવી રહ્યા છે તેનો અભ્યાસ કરવાનો મેં બનતો પ્રયત્ન કર્યો છે. હું તે સમજ્યો છું. નૈતિક કારણકાર્યનો અટલ નિયમ અહિંસાદ્વારા વધારે સ્પષ્ટપણે વ્યકત થાય છે એ દૃષ્ટિએ અહિંસા પ્રત્યે મને પૂર્ણ આદર છે; પણ હું તેને સંપૂર્ણપણે આચારમાં ઉતારી શકતો નથી. હું એ મુજબ આચરી શકું છું એમ કહું તો તે કેવળ અસત્ય ગણાય, આ મારા અસામર્થ્ય માટે શિક્ષક કે સિદ્ધાંતની કોઇ ત્રુટી નહિ પણ મારી પોતાની નબળાઇ જ જવાબદાર છે. તેમજ કવિ ભવભૂતિ કહે છે તેમ "સૂર્ય રત્ન તેમજ મૃત્પિંડ બન્ને ઉપર પોતાનાં કિરણો સરખી રીતે ફેંકે છે પણ રત્ન પ્રકાશને પ્રતિબિંબિત કરે છે." હું તો માત્ર મૃત્પિંડ જ રહ્યો !

મને કંઇ કંઇ લોકો તરફથી અભિનન્દનનાં તેમજ અવહેલનાના સંદેશાઓ મળ્યા કરે છે. તે ઉભયથી મને બચાવવાની મારી તેમને વિનંતિ છે. હું તો તેમની પાસે મારા માટે પ્રાર્થનાની જ યાચના કરું છું. **અનુવાદક પરમાનંદ.**

બહેન ધૈર્યબાળા પારેખને અભિનન્દન

બહેન ધૈર્યબાળા પારેખને આ વખતની મેટ્રીકની પરીક્ષામાં બેઠેલી જૈન કન્યાઓમાંથી સૌથી પહેલાં આવવા બદલ તેમને શ્રી મહાવીર જૈન વિદ્યાલય મારફતની શ્રીમતી લીલાવતી ભુરાભાઇ મોહનલાલ ઝવેરી વિદ્યાર્થીની સ્કોલરશીપ રૂા. ૬૦) આપવાનું ઠરાવવામાં આવ્યું છે અને શ્વે. સ્થા. કોન્ફરન્સ તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ શીલ્ડ પણ તે બહેન આ વર્ષ માટે લઇ જવાને ભાગ્યશાળી થયાં છે.

અભિનન્દન

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પ્રમુખ–શ્રી. છોટાલાલ ત્રીકમદાસ પારેખ અમદાવાદ લોકલ બોર્ડના પ્રમુખ ચુંટાયા છે તે માટે તેમને જૈન સમાજના અભિનન્દન ઘટે છે.

મહાદેવભાઇ સાથે પ્રશ્નોત્તરી

શ્રી. મહાદેવભાઇએ ચાલુ પરિસ્થિતિના મહત્વના પ્રશ્નો વિષે 'ફ્રુલછાબ'ના પ્રતિનિધિને આપેલ મુલાકાતમાંથી.

અહિંસામાં સંપૂર્ણ શ્રદ્ધા

૧. અહિંસામાં માનતા હોવા છતાં અહિંસા આચરવાની શક્તિ ન ધરાવતા લોકો કોંગ્રેસમાં રહે તેથી ફાયદો કે કોંગ્રેસમાંથી છૂટા થાય તેથી ?

મહાદેવભાઇ:–હિંસા આચરવાની શક્તિનો તમે કેવો અર્થ કરો છો એની ઉપર મારા જવાબનો આધાર રહે છે. હું આગમાં ઝંપલાવી નથી શકતો, અથવા તો ગુંડાની તરવાર આગળ તમ્બર ખાઇને હું પડી જઇશ, માટે મારામાં અહિંસા આચરવાની શક્તિ નથી એમ કહું તો તે બરાબર નથી. અહિંસા પોતે જ એવી પ્રચંડ શક્તિ છે કે એ વિષે શ્રદ્ધા હોય તે જ શક્તિમાં પરિણમે. પછી તે ઓછાવત્તા પ્રમાણમાં હોય એ સંભવે. એટલે સવાલ શક્તિનો નથી, શ્રદ્ધાનો છે. અહિંસા વિષે શ્રધ્ધા જ મોળી હશે તો તે હિંસા આચરશે, વિચારથી અથવા તો આચારથી. એણે પ્રમાણિકપણે નીકળવું રહ્યું. શ્રધ્ધા પૂરેપૂરી હશે, તો ભગવાન તે આચરવાની શક્તિ આપશે જ એવો વિશ્વાસ તેણે રાખવો જોઇએ.

દેશ કોને અનુસરશે ?

૨. શ્રી. મુનશીની જેમ આંતરરમખાણમાં અહિંસાને નાકામયાબ માનીને બહોળા પ્રમાણમાં કોન્ગ્રેસીઓ છૂટા થાય તો, બાકી રહેલા મૂઠીભર અહિંસક કોન્ગ્રેસીઓને આખો દેશ કેવી રીતે અનુસરી શકે ? દેશ પર તેમની શી અસર રહે ?

મહાદેવભાઇ : જો મુનશીનું જ માનસ ધરાવનાર લાખો કોંગ્રેસીઓ હશે તો તો મુનશીજી નવી કોંગ્રેસનો કબ્જો કરશે, અને એ નવી પણ પ્રમાણિક કોંગ્રેસથી દેશનું કદી અહિત નહિ થાય, હિત જ થશે. લાખો એમના માનસના હોઇ નીકળશે. અને પછી પોતાની કોંગ્રેસ કરશે અથવા કોંગ્રેસનો કબ્જો લેશે, તો પછી મુઠીભર આહિંસાવાદીઓ હશે તે કાંઇ કાચાપોચા અહિંસાવાદીઓ નહિ હશે. ગાંધીજીનું પેલું વાકય યાદ રાખજો : 'જેમને મન હિંદુ અથવા તો મુસલમાન અથવા તો બીજા એવો કોઇ ભેદ નથી, એવા પાંચ સાચા માણસો મને મળે તો કોન્ગ્રેસની ઇમારત ઉભી કરવાનો માર્ગ હું કાઢી શકીશ.' એ પાંચનું આત્મબલિદાન પાંચ લાખની આંખ ઉઘાડશે અને તેમની પાસે હિંસા છોડાવી તેમને સાચા અહિંસક કરશે. સવાલ સાચજૂઠનો છે, પ્રમાણિકતાનો છે. આપણે સાચા થયું તો સૌ વાતે આપણું કુશળ છે, દેશનું કુશળ છે. પછી દેશને પેલા લાખોને અનુસરવું હોય તો લાખોને અનુસરે કે પાંચને અનુસરવું હોય તો પાંચને અનુસરે.

આર્થિક બહિષ્કારનો મર્મ

૩. શ્રી કિરપલાનીજીએ સૂચવેલ આર્થિક બહિષ્કાર ભલે બન્ને કોમો માટે સુચવ્યો હોય, પણ એને અમલમાં મૂકતાં તો એ કામ કોમ સામેનો જ આર્થિક બહિષ્કાર બની જઇને કોમી ભાગલા જ ઉભા કરે એવી દહેશત લાગે છે. એ માટે કોઇ મધ્યમ માર્ગદ્વારા ઉપાય નીકળી શકે ખરો ?

મહાદેવભાઇ: કિરપલાનીજીએ તો એક સૂચના મૂકી છે. રમખાણો–અને રમખાણોના કરતાં મુંબઇમાં ચાલતી જંગલી અને ઘાતકી છુરીબાજી–થી ત્રાસીને કિરપલાનીજીએ એ સુચના મૂકી છે. માણસો એક–બીજાના પ્રાણ લેવાનો વિચાર કરે તેના કરતાં એકબીજાની સાથે અસહકાર કરવાનો વિચાર કરે એ વધારે

ધૃષ્ટ છે, વધારે શુદ્ધ છે. 'જીસ નગરીમેં દયા ધરમ નહિ, ઉસ નગરીમેં રહના કયા ?' એ કબીરજીના વચનમાં શુદ્ધ અસહકાર અને બહિષ્કારનું તત્ત્વ પડેલું છે પણ એ બેધારી તલવાર છે. એની પાછળ તિરસ્કાર અને ઝેરવેર હશે તો એ હથિયાર 'બૂમરેન્ગ'ની જેમ આપણી ઉપર જ પાછું ઉછળીને આવશે. એ હથિયાર વાપરવાનો દરેક કોમને હક છે, અને અત્યાચારથી ત્રાસેલી દરેક વ્યક્તિ કે સંસ્થા એ વાપરી શકે, પણ એનો પ્રયોગ લાંબો હોય નહિ; બહુ જ ટૂંકો, સફળ અને કાર્યસાધક હોય. એ તો ત્યારે જ થાય કે એની પાછળ ભરપૂર શુદ્ધિ રહેલી હોય. જો શુદ્ધિ રહેલી ન હોય તો એ લાંબો ચાલશે, કાર્યસાધક ન થાય, અને ઝેરનાં બીજ રોપશે.

ખરી રીતે કહું તો બહિષ્કાર અથવા અસહકાર તો સહજ-spontaneous-હોય, એને માટે આંદોલનની જરૂર ન હોય. મને જેનાથી દુઃખ થયું હોય તેની આગળ હું નહિ જાઉં, તેના દિલને બીજી રીતે ન જીતી શકતો હોઉં તો તેની સાથે કશો વ્યવહાર ન રાખું એ સ્વાભાવિક છે, પણ એમાં પણ ઝેર ન હોય, તિરસ્કાર ન હોય તો જ પેલો મારી સાથે પાછો વ્યવહાર શરૂ કરવાને તત્પર થશે, બીજી રીતે નહિ થાય.

વળી બીજી વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે. દરેક સ્થાન અને દરેક સમયે એ વસ્તુ કરવા જેવી છે એમ ન કહી શકાય; દરેક સ્થાન અને સમય પરત્વે એ અસહકાર કે બહિષ્કારની આવશ્યકતા અને રૂપ વિચારવું ઘટે.

વચલો માર્ગ તો બંને કોમો વચ્ચે સમજૂતી, ગમે તેવા અને તેટલા ઝગડા પંચ મારફતે જ શમાવવા છે, એક બીજાનાં ગળાં કાપીને નથી શમાવવા એ દૃઢ નિશ્ચય જોઇએ. એ વચલો માર્ગ નહિ પણ એ જ શ્રેષ્ઠ માર્ગ છે. એ શ્રેષ્ઠ માર્ગ અશકય હોય તો જ વચલા માર્ગ તરીકે બહિષ્કારની સૂચના કિરપાલજીએ કરી છે. પણ એમણે પણ એ એક સૂચના તરીકે જ મૂકી છે, એમાં વિરોધીને ભૂખ્યા મારવાની વાત નથી, ત્રાસ આપવાની વાત નથી, પણ ત્રાસ અને અત્યાચાર સામે તે તે વ્યક્તિ કે કોમનો પુણ્યપ્રકોપ છે એ વસ્તુ સમજવા જેવી છે.

પ્રજાનો પ્રતિકાર

૪. હિંસક પ્રતિકાર દ્વારા પણ રમખાણોનો સામનો કરવાની પ્રજાની તાકાત કે હોંસ નથી દેખાતી, એ સંયોગોમાં કોન્ગ્રેસ અહિંસક રીતે એનો સામનો કરવાનું કહે છે તે પ્રજા ઝીલી શકશે? અથવા ઝીલવા માટે એણે શાં પગલાં લેવાં જોઇએ ?

મહાદેવભાઈ: હિંસક પ્રતિકાર દ્વારા પણ રમખાણોનો સામનો કરવાની હોંસ કે તાકાત નથી એમ તમે માની લો છો એ બરોબર નથી. પ્રજાને તો આજે હિંસક પ્રતિકાર કે અહિંસક પ્રતિકાર બંને વિષે બહુ ઓછી ગમગત છે. પ્રજામાં રોષ ભરેલો છે, જો મુકાબલો થઇ શકે તો કરવાની ઇચ્છા પૂરી છે, પણ મુકાબલો કેવી રીતે કરી શકાય એની એને ખબર નથી. કોંગ્રેસ કાંઇક કરી દેશે અથવા સરકાર કાંઇક કરી દેશે એમ માનીને એસી રહેવાની પ્રજાને ટેવ પડેલી છે. એ ટેવ આપણે પ્રજાની પાસે છોડાવવી છે. સરકારની બહુ કરવાની ઇચ્છા હોય કે ન હોય, તોફાનો બહુ ફેલાય તો તેને પહોંચી વળવાની સરકારની જરાય તાકાત નથી એ વાત કોંગ્રેસે પ્રજાને સમજાવવી રહી છે. જો પ્રજા એ સમજે તો પછી પોતાનું રક્ષણ કેવી રીતે કરવું એ સવાલ રહ્યો. એ રક્ષણ હિંસક કે અહિંસક પ્રતિકાર દ્વારા કરવું રહ્યું. ખરી વાત એ છે કે જેમને અહિંસા વિષે શ્રદ્ધા છે તેમણે પણ પોતાની અહિંસા કૃતિમાં સ્પષ્ટ રીતે બતાવી નથી, એટલે પ્રજાને અહિંસાની ખરી ખૂબી જોવાની મળી નથી.

આજે જો બોળા જેટલા માણસ પણ સાચા થાય, અને અહિંસક પ્રતિકાર કરતાં ખપી જવાને તૈયાર થાય તો પ્રજા હિંસક અને અહિંસક પ્રતિકાર બંનેનો ક્રમ સમજશે. કોંગ્રેસ અહિંસક પ્રતિકારમાં માને છે એમ કહેવા કરતાં એ કહેવું વધારે બરોબર છે કે, કેટલાક કોંગ્રેસી અહિંસક પ્રતિકારમાં માને છે. એટલે ગાંધીજી તો આજે પ્રજાને કહે છે કે બાયલાપણું છોડો, નામર્દાઇ તજો અને પ્રતિકાર કરતાં શીખો. એ પ્રતિકાર અહિંસક હશે તો રૂડી વાત છે, હિંસક હશે તો યે બાયલાપણા કરતાં તો તે હજાર દરજ્જે સારો. આ વસ્તુ કોંગ્રેસ પ્રજા આગળ મૂકે છે, એમાંથી પ્રજાને જે પસંદગી કરવી હોય તે કરે. કોઇ પણ જણને એ કહેવાનું તો બાકી નથી રહેવાનું કે અહિંસાને લીધે અમે લૂંટાઇ ગયા, તારાજ થયા, હિંસા કરવાની છૂટ હોત તો આવું બનત જ નહિ. શાંતિસેવાસંઘના સભ્યો આ સંદેશો ફેલાવશે અને આશા એવી છે કે એને પરિણામે પ્રજાને પોતાનું કર્તવ્ય સૂઝી રહેશે. 'ફુલછાબ'માંથી સાભાર ઉધ્ધૃત.

નિડર પરિભ્રમણ

મુંબઇમાં કોમી રમખાણની બીજી આવૃત્તિ દરમિયાન શ્રી આપાસાહેબ પટવર્ધન અને તેમના સાથી શ્રી ગોખલે એ જોખમી ગણાતા મુસલમાન લતામાં પરિભ્રમણ કર્યું હતું એ પરિભ્રમણ દરમિયાન મુસલમાન ભાઇઓને ઉદ્દેશીને એક પત્રિકા બહાર પાડી હતી તે ઉપયોગી અને દિશાસૂચક લાગવાથી નીચે આપવામાં આવે છે.

મુસ્લિમ ભાઇઓને

હું હિંદુ છું; કોંગ્રેસી છું. રત્નાગિરી જીલ્લામાં કેટલાય વરસોથી સેવાકાર્ય કરી રહ્યો છું. મારે મન હિંદુમુસલમાન એકજ છે. જે માન મને મારા ધર્મ સારૂં છે તેજ માન ઇસ્લામને સારૂં છે. જ્યાં હું રહું છું ત્યાં જેમ હું હિંદુમાં ભળું છું તેમ જ મુસલમાનોમાં પણ ભળવાની મારી હમેશાં કોશીશ હોય છે.

જ્યારે મેં મુંબઇમાં હુલ્લડનું સાંભળ્યું ત્યારે મને ઇચ્છા થઇ કે હું મુંબઇ આવું ને મારાથી બને ત્યાં સુધી શાંતિ જાળવવામાં ભાગ લઉં. બેગુનાહ તથા બેખબર હિંદુ કે મુસલમાન ભાઇઓને છરીના ભોગ થતાં જોઇ મને બેહદ દુઃખ થાય છે. તેમજ હિંદુમુસલમાનોમાંથી એક કોમના લોકો બીજી કોમના લત્તામાં જતાં ડરે એ બેઉકોમો માટે શરમની વાત છે એમ મને લાગે છે.

તેથી હું તો તમારી વચ્ચે નિર્ભયતાપુર્વક ફરી રહ્યો છું. એથી હું મારા મનમાં વસતો તમારી પ્રત્યેનો પ્રેમ તથા ભરોસો જાહેર કરવા ઇચ્છું છું, તમારી બાજૂ પણ સમજી લેવા ઇચ્છું છું, તેમજ તમને વિનવવા માગું છું કે તમે પોતે બેગુનાહોની ઉપર તમારો હાથ ન જ ઉગામશો, પણ બીજા તેમ કરતા હોય તો તેને રોકશો, ઢાંકશો નહી કે તેમને કોઇ રીતે ઉત્તેજન પણ આપશો નહી. નિર્દોષને મારીને નાસી જવામાં નથી ન્યાય કે નથી બહાદુરી.

આપણી વચ્ચે રાજકારણી ભેદો ભલે હોય, પણ તેનો ફેંસલો કે ફડચો આપણે જંગલી બનીને નથી કરવાના, તે તો ન્યાયથી જ થઇ શકે.

હિંદુઓને પણ એજ વાત સમજાવવાની હું કોશીશ કરી રહ્યો છું. બીજાઓ પણ કરે છે. તેમાં હું કે બીજા જનતે જોખમે કામ નથી કરતા, પણ તમારી વચ્ચે આવવામાં કાંઇક જોખમ પણ ખરૂંજ. હિંદુ માત્ર સજ્જનપાત્ર છે એમ માનનાર કોઇક મુસલમાનભાઇ મારી ઉપર હુમલો પણ કરે તોયે હું તે ખુશીથી બરદાસ્ત કરીશ. હું સમજીશ કે હિંદુઓ તરફથી પણ કેટલાય નિર્દોષ મુસ્લિમોની હત્યા થઇ છે તેનું મેં કાંઇક પ્રાયશ્ચિત્ત કર્યું. મને એમ પણ લાગે છે કે મારા જેવાની કુરબાનીથી આપણે આવાં જંગલી કામોમાંથી બચશું અને કોઇ દિવસે આપણાં દિલ એક થશે. તમારો ભાઇ તથા સેવક

સીતારામ પુરૂષોત્તમ ઉર્ફે અપ્પા પટવર્ધન.

ગ્રીષ્મ વ્યાયામવર્ગની ઝીણી ઝરમર

(પૃષ્ટ ૫૩ થી ચાલુ)

કે ગરીબનો ભેદભાવ અહિં દેખાતો ન હતો. ૮૦૦ માણસોનું એકત્ર જીવન હોય અને પરસ્પર સુખ દુઃખ ખમવાનાં હોય, તેવું વાતાવરણ વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થીનીઓમાં જણાતું હતું.

ગ્રીષ્મ વ્યાયામ વર્ગમાં એક માસ દરમિયાન અનેક શિષ્ટ વકતાઓએ પોતાની લાક્ષણિક શૈલીમાં પોતાના જીવનમાં અનુભવેલાં જ્ઞાનનો રસ અમને સર્વેને પાયો. કાકાસાહેબ, કિરપલાનીજી, મશરૂવાળા, નાથજી, સ્વામીઆનંદ જેવા મહાપુરૂષોએ વ્યાખ્યાનો આપેલા. વ્યાખ્યાનો દરમિયાન તેઓ પ્રશ્નો પૂછવાનું કહેતા. વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછતાં. તેના જવાબો તેઓ સંતોષકારક સાદા તથા સીધા આપતા અને સાથે રમુજ પણ ઉપજાવતા.

કોઇ વિદ્યાર્થીએ કિરપલાનીજીને પ્રશ્ન પૂછ્યો કે હાલ અમદાવાદમાં કોમી રમખાણ ચાલે છે છતાં કોંગ્રેસ કેમ કંઇ કરતી નથી? દેશનેતાઓ કેમ યોગ્ય દોરવણી આપતા નથી અને વળી હિંદુ મુસલમાન ઐકય પણ સધાતું નથી. વળી હાલ લડાઇ ચાલુ છે, વધી છે. ને અહીં બોમ્બર આવે તો શું કરો?"

કિરપલાનીજીએ હસીને જવાબ આપ્યો કે 'હાલ યુરોપ શું કરે છે? કહો? કોમી ઐકય માટે પૂછો ઝીણુને અને જ્યારે હુલ્લડો થાય છે ત્યારે અમે ત્યાં હોતા નથી અને ત્યાં હોઇએ તો ભાગતા નથી. અમારાથી બનતું અમે કરીએ છીએ'. વિદ્યાર્થીઓના કટાક્ષભર્યા શબ્દો સાંભળતાં છતાં તેમના જીવનમાં ઓતપ્રોત થયેલું હાસ્ય મ્હોંપર સદાય ફરકી રહેતું.

કાકાસાહેબ તો જાણે તત્ત્વજ્ઞાની ભાષામાં બોલે છે તેમ તેઓ પોતાની ગંભીર શૈલીમાં બોલ્યા કે 'ગાંધીજી તો ઋષિ છે. ઋષિ તો ફકત દિશા બતાવે અને બીજું સઘળું કામ તો આચાર્ય કરી લે, અને તે કામ આજે પૃથ્વીસિંહ કરી લેશે. એમનું ચારિત્ર ઘણું જ બળવાન છે. સરકારને ઘણીવાર છેતર્યા છે પણ તે કદી રાષ્ટ્રને છેતરી શકશે નહીં.

"હિન્દુસ્તાનનું દૃષ્ટિબિંદુ અહિંસાથીજ મેળવાશે. આપણે એક માર્ગને સુદૃઢ કરી ફેલેવો જોઇએ. માર્ગ હિંસાનો કે અહિંસાનો. ગમે તે હોય પણ મને પૂર્ણ શ્રદ્ધા છે કે આપણે અહિંસાથી જ આઝાદી મેળવશું" એક વિદ્યાર્થીએ પુછ્યું કે:-"સુભાષચંદ્ર બોઝ કયાં છે?"

કાકા સાહેબે જવાબ આપ્યો કે "તમે એમ માન્યું કે હું જ્યોતિષી છું?"

આવા આવા અનેક પ્રશ્નોના ઉત્તરો વિદ્યાર્થીઓને આનંદમાં ગરકાવ કરી નાંખતા.

ડો. પટવર્ધન સ્વભાવે શાન્ત અને માયાળુ જણાતા હતા. તેમણે શારીરિક વિકાસ ઉપર ત્રણ વ્યાખ્યાન આપેલાં. શારીરિક વિષયમાં બહેનોને પણ બરોબર સમજાવ્યું કે સ્ત્રીઓ માતા થવા સરજાયલી છે, બાળઉછેર તો માતા જ કરી શકે છે. જે સંસ્કાર આપવાના હોય તે માતા સિવાય કોઇ આપી શકે નહિ. શિવાજીની માતા જીજીબાઇ જુઓ! તેઓ એક પ્રતિભાશાળી, પરાક્રમી બાઇ હતાં. ગાંધીજીની માતા વ્રત નિયમ આદિ કરતાં, તો તમે તેના પુત્રોમાં તેના ગુણો ઉતરેલા જોશો. પિતા કરતાં માતાના સંસ્કારો બાળક પર વધારે અસર કરે છે. સ્ત્રીઓએ માસિક નિયમમાં ત્રણ દિવસ આરામ લેવો. આરામ દરમિયાન મનમાં કોઇને માટે કુવિચારો પણ આવવા જોઇએ નહીં. ખાવા પીવામાં નિયમિત રહેવું. ચાનો બહિષ્કાર કરવો જોઇએ. ચા તો સ્ત્રીઓને માટે ખરાબમાં ખરાબ પીણું છે. તે ઘણું જ નુકશાન કરે છે. વળી પાપડ અથાણાં પણ નુકસાન કરે છે. તે આપણા ભોજનને પચવા દેતાં નથી. તેથી જેમ બને ઓછાં ખાવાં. આમ બીજી પણ તેમણે અનેક સમજણો આપી.

વિદ્યાર્થીઓ સાથે 'ઘરકી બાત' કરવાનો પ્રસંગ પડતો ત્યારે સ્વામીજી સૌની સમક્ષ એક જ વાત મૂકતાં કે શરીરબળ કરતાં માનસિક બળ કેળવો. એ દેશને માટે વધારે જરૂરી છે. પૂ. બાપુજીનો દાખલો આપી કહેતાં કે બાપુજી પાસે શારીરિક બળ કયાં છે? તેમની પાસે તો માનસિક બળ અને તેથી જ તેઓ અત્યારે રાષ્ટ્રને દોરવણી આપી શકે છે.

કોઇ કોઇ વાર સ્વામીજી પોતાનાં જીવનમાં વીતેલા અવનવા બનાવોનાં બયાન આપતા. બોલતાં બોલતાં તેમનું હૈયું ભરાઇ આવતું. તેમના હૃદયમાં કેટલી આગ બળે છે તેની તે વખતે આપણને કાંઇક ઝાંખી થતી. આપણી આજની દશા વર્ણવતા સ્વામીજી એક બાળકની માફક રડી પડતા. સ્વામીજીની વાણીમાં એક જ ઝંખના, એક જ તમન્ના દેખાતી કે મ્હારૂં હિંદુસ્તાન આઝાદી કયારે મેળવશે? મ્હારી પ્રજાની માનસિક શકિતઓ હું પૂર્ણ ખીલેલી કયારે જોઇશ? મ્હારો પ્રયત્ન કયારે સફળ થશે? તેઓ કોઇવાર કહેતા કે "દેશની પરિસ્થિતિથી તમને વાકેફ કરવા, તમારૂં માનસિક બળ કેળવવું એજ હું મારૂં કર્તવ્ય માનું છું. તે માટે દેશ નેતાઓને બોલાવી ભાષણો અપાવું છું. દેશનેતાઓ મને સહકાર આપે છે. ધનિકો, નૌજવાનો, અને નેતાઓના સહકારથી મારે દેશને આગળ વધારવાનો છે."

છાવણીમાં ખાસ ધ્યાન ખેંચે તેવો પ્રસંગ ૧૯ મી મેનો હતો. ત્રણ વર્ષ પહેલાં આજના સરદાર પૃથ્વીસિંહે ગાંધીજીને શરણે થઇ હિંસક માર્ગ છોડી અહિંસક ક્રાન્તિનો માર્ગ લીધો. એ દિવસને તેઓ પોતાના પુનર્જન્મ જેટલું મહત્ત્વ આપે છે. એ સ્વામીજીના પુનર્જન્મના દિવસે અમોએ એક દિવસ માટે શ્રમજીવી જીવન સ્વીકાર્યું. નાથજીએ જણાવ્યું કે 'બોલો, આવતી કાલે તમો સર્વેએ મળીને કુટિરો સાફ કરવાની, પાણી ભરવાનું, રસોઇ કરવાની તથા વાસણ માંજવાના છે. કરી શકો તેમ હો તો હા કહો હાથ ઉંચા કરો!' સર્વેએ હાથ ઉંચા કરી કબુલ્યું. બ્હેનો સવારે બ્હેલી ઉઠી રસોઇ કાર્યમાં પડી. ભાઇઓએ પણ તેમાં સહકાર આપ્યો. દરેક વ્યકિતએ પોતપોતાનું કામ આટોપ્યું. તેજ દિવસે સાંજે પૂજ્ય કિશોરલાલ મશરૂવાળાનું વ્યાખ્યાન હતું. કિશોરલાલભાઇએ કહ્યું કે 'પૃથ્વીસિંહનો આજનો દિવસ સોળ વર્ષના છુપા જીવનને છોડી જાહેર જીવનમાં કરેલા સાચા પ્રવેશનો દિવસ ગણાય. ગાંધીજીએ બતાવેલા માર્ગને પંથે તેઓ વળ્યા. દબાયેલી સેવાની વૃત્તિને જાહેર જીવનમાં આણી. એમનું સિંહત્વ સિદ્ધ કર્યું. તેઓ ગાંધીજી પાસે ગયા ન હોત તો આજે પણ તેમનું સિંહત્વ દબાયેલું જ હોત'.

આ બધી રચના સ્વામીજીએ શા માટે ઉભી કરી હતી? તે સૌને કહેતા કે 'દેશસેવા, સમાજસેવા અને બંધુત્વનું શિક્ષણ મેળવો'. જાતે બધું અનુભવી ચુકેલા આ વીરના મોઢે સદાય સ્મિત ફરકતું જ હોય. તેઓ ધ્રુજે છે કે નદીને કાંઠે પહાડોમાં જ્યાં સુંદર વાતાવરણ જામેલું હોય ત્યાં વ્યાયામવર્ગો બોલવા જોઇએ અને ત્યાં હજારો માણસો રહે તેવી જોગવાઇ કરવી જોઇએ.' વળી તેમણે તો જે કોઇ દેશને માટે પોતાની જાન અર્પણ કરવા તૈયાર હોય તેને માટે વ્યાયામની પંચવર્ષીય યોજના નક્કી પણ કરી રાખી છે. શિશુઓ, નૌજવાનો, તથા બ્હેનોએ મળી જે આંબાવાડીયું વેરાન જેવું લાગતું તે ગજવી મૂકયું હતું. સરદાર પૃથ્વીસિંહની આ વ્યાયામ વ્યવસ્થા જોવા માટે દર રવિવારે મુંબઇ અને પરાંઓમાંથી પુષ્કળ માણસો આવતાં અને વ્યાયામવર્ગને સહાનુભૂતિ આપતાં. બહેનો સાથે રહીને વિદ્યાર્થીઓએ પણ પરસ્પર કુટુમ્બભાવ કેળવ્યો હતો. આવા સુંદર અનુભવો જીવનના કોઇપણ કાળે વિસરાશે નહિ.

જસુમતીબહેન

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

શ્રી સારાભાઈ મગનભાઇ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ:

આ સંસ્થ કમીટીની તા. ૨૬-૬-૪૧ તથા તા. ૨૯-૬-૪૧ ની મીટીંગમાં નીચેના વિદ્યાર્થીઓને તા. ૧-૬-૪૧ થી તા. ૩૧-૫-૪૨ સુધી એક વરસના અભ્યાસ માટે લોન મંજુર કરી.

૧	શ્રી ઇન્દ્રવદન સારાભાઈ નાણીએરવાળા ભરૂચ	રૂા. ૧૮૦
૨	,, જયંતીલાલ મગનલાલ કાપડીઆ આમોદ	,, ૧૫૦
૩	,, અમરતલાલ મોતીલાલ શાહ પાલુદરા	,, ૧૬૫
૪	,, જેસીંગલાલ ત્રીભોવનદાસ શાહ વડાવળ	,, ૧૩૦
૫	,, શાંતીલાલ ચીમનલાલ શાહ લીમડી	,, ૧૮૦
૬	,, કાંતીલાલ ભોગીલાલ શાહ નાનાચેખલા	,, ૧૮૦
૭	,, અમરતલાલ મણીલાલ શાહ લાધણજ	,, ૨૦૦
૮	,, શાંતિલાલ કુવરજી શાહ પાલીતાણા	,, ૧૦૦
૯	,, હોસીલાલ સકરચંદ ગુજરાતી માલેગાંવ	,, ૧૮૦
૧૦	,, શાંતિલાલ દેવચંદ શાહ ટીકર	,, ૧૦૦
૧૧	,, મણીલાલ પુરૂષોત્તમદાશ દોશી પાટડી	,, ૧૬૦
૧૨	,, વસંતલાલ રતીલાલ શાહ રાંદેર	,, ૧૫૦
૧૩	,, દલસુખભાઇ અમરતલાલ મહેતા સાણંદ	,, ૨૦૦
૧૪	,, નટવરલાલ નાથાલાલ શાહ પાલુદરા	,, ૧૭૫
૧૫	,, પુનમચંદ ફતેહચંદ શાહ દહેગામ	,, ૧૬૦
૧૬	,, ગુણવંતલાલ પુનમચંદ ગાંધી કપડવંજ	,, ૨૦૦
૧૭	,, ચીનુભાઇ ભીખાભાઇ શાહ ખંભાત	,, ૨૦૦
૧૮	,, અમરતલાલ મણીલાલ મહેતા સાણંદ	,, ૧૬૫
૧૯	,, ચંપકલાલ મગનલાલ શાહ ડભોઇ	,, ૧૫૦
૨૦	,, ચીમનલાલ છોટાલાલ શાહ ધટોલા	,, ૧૨૦
૨૧	,, કેશવલાલ છોટાલાલ શાહ ધટોલા	,, ૧૨૦
૨૨	,, નવીનચંદ્ર જયંતીલાલ શાહ ભાવનગર	,, ૧૨૦
૨૩	,, છોટાલાલ નવલચંદ શાહ અંકલેશ્વર	,, ૨૦૦
૨૪	,, ચંપકલાલ અમરતલાલ શાહ ભાવનગર	,, ૧૨૦
૨૫	,, નેમીચંદ ચીમનલાલ કુહાડીયા મોરવાડ	,, ૧૫૦
૨૬	,, ધીરજલાલ મગનલાલ ઝવેરી વઢવાણ સીટી	,, ૨૦૦
૨૭	,, કાન્તીલાલ દીપચંદ શાહ કોઠ	,, ૧૬૫
૨૮	,, રસીકલાલ જેસીંગલાલ શાહ પાટણ	,, ૨૦૦
૨૯	,, રસીકલાલ જેઠાલાલ શાહ પાટણ	,, ૨૦૦
૩૦	,, મોહનલાલ ભીમરાજ ભટેવરા રાહુ (પુના)	,, ૧૨૦
૩૧	,, રમણલાલ કોદરદાસ શાહ સાઢંબા	,, ૨૦૦
૩૨	,, કાન્તીલાલ મોતીચંદ શાહ કારેલા	,, ૧૨૦
૩૩	,, ધરમચંદ દીપચંદ દેસાઇ સાયલા	,, ૧૮૦
૩૪	,, નેમચંદ લલ્લુભાઇ શાહ પાટણ	,, ૧૮૦
૩૫	કુ. કાન્તાબેન ખીમચંદ ગાંધી રાજકોટ	,, ૨૦૦
૩૬	,, સત્યવતી જમનાદાસ ઝવેરી પાટણ	,, ૨૦૦
૩૭	શ્રી અમરતલાલ હેમચંદ શાહ ચાણસ્મા	,, ૧૨૦
૩૮	,, હીરાલાલ હરગોવિંદદાસ ગાંધી ભાવનગર	,, ૨૦૦
૩૯	,, માણેકલાલ વાડીલાલ શાહ માણંદ	,, ૨૦૦
૪૦	,, ચીનુભાઇ વાડીલાલ શાહ ઉંજળા	,, ૧૮૦
૪૧	,, મોહનલાલ કરસનજી મહેતા મોરબી	,, ૧૨૦
૪૨	,, વિનોદકુમાર અંબાલાલ દંતારા બોરસદ	,, ૧૫૦
૪૩	,, રમણલાલ ભોગીલાલ મહેતા રામપુરા	,, ૧૬૫
૪૪	,, રસીકલાલ મુળચંદ શાહ અમદાવાદ	,, ૧૫૦
૪૫	,, શાંતીલાલ દયાળજી દોશી મોરબી	,, ૧૦૦
૪૬	,, નાથુરામ દીપચંદ મારવાડી સપુર	,, ૧૫૦
૪૭	,, છબીલદાસ રતનસી શાહ સીહોર	,, ૧૨૦
૪૮	,, નેમીચંદ પુનમચંદ ઓસવાળ રેગ	,, ૧૫૦
૪૯	,, ભોગીલાલ કાલીદાસ શાહ ધ્રાંગધ્રા	,, ૧૫૦
૫૦	,, ધરમચંદ નાથુભાઇ મુખ્તાર સુરત	,, ૧૦૦
૫૧	,, શાંતિલાલ મગનલાલ અજમેરા વીછીયા	,, ૧૫૦
૫૨	,, હીરાચંદ ભાયચંદ શાહ સુરત	,, ૧૮૦
૫૩	,, જશવંતલાલ મણીલાલ શેઠ ખેડા	,, ૧૫૦
૫૪	,, કેસવલાલ નરોતમદાસ શાહ અમરેલી	,, ૧૬૦
૫૫	,, કાન્તીલાલ જગજીવન દોશી ભાવનગર	,, ૬૦
૫૬	,, મોહનલાલ છોટાલાલ શાહ સુરત	,, ૬૦
૫૭	,, દલીચંદ મોહનલાલ વોરા ભાવનગર	,, ૧૦૦
૫૮	,, ચુનીલાલ તેજજી શાહ ભરૂચ	,, ૧૫૦
૫૯	,, કંકુચંદ મગનલાલ શાહ લાધણજ	,, ૧૫૦
૬૦	,, ત્રંબકલાલ હીમચંદ શાહ કોઠ	,, ૧૫૦
૬૧	,, શાંતીલાલ રાયચંદ મહેતા અમરેલી	,, ૧૫૦
૬૨	,, મણીલાલ ચુનીલાલ મહેતા યક્ષાંબા	,, ૧૨૦
૬૩	,, જયંતીલાલ બળલદાસ શાહ સાંથલ	,, ૧૨૫
૬૪	,, સોમચંદ અંબાલાલ શાહ છઠીઆરડા	,, ૭૫
૬૫	,, મણીલાલ મનસુખલાલ પરીખ બોટાદ	,, ૬૦
૬૬	,, કાન્તીલાલ મણીલાલ શાહ તરભ	,, ૬૦
૬૭	,, પોપટલાલ મણીલાલ શાહ તરભ	,, ૬૦
૬૮	,, શાંતિલાલ ભાયચંદ શાહ વાવડી મોટી	,, ૧૫૦
૬૯	,, મહેન્દ્રકુમાર ગુલાબચંદ મરચન્ટ માલેગામ	,, ૧૫૦
		રૂા. ૧૦,૩૮૫

કુલ અરજીઓ ૧૮૭ માંથી ઉપર મુજબ ૬૯ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.

શ્રી સારાભાઇ મગનભાઈ મોદી લોન સ્કોલરશીપ ફંડ

તા. ૬-૭-૪૧ ની મીટીંગમાં નિચેના વિદ્યાર્થીઓની લોન મંજુર કરવામાં આવી

૧	શ્રી હીરાચંદ જેચંદ દલાલ અંબાય	રૂા. ૪૮
૨	,, ચંદુલાલ મગનલાલ શાહ મોરબી	,, ૬૦
૩	,, બુદ્ધિચંદ ફતેચંદ શાહ દહેગામ	,, ૬૦
૪	,, શાંતીલાલ ચુનીલાલ દોશી અમદાવાદ.	,, ૬૦
૫	,, રતીલાલ પોપટલાલ મહેતા મહુડી	,, ૬૦
૬	,, જયંતિલાલ લક્ષ્મીચંદ શાહ રણાસણ	,, ૪૮
૭	,, અમરતલાલ છોટાલાલ શાહ વડુ	,, ૬૦
૮	,, કાંતીલાલ ઠાકરસી શાહ દેડાવાડા	,, ૬૦
૯	,, ચંદુલાલ ખીમચંદ ડગલી ઉમરત	,, ૬૦
૧૦	,, મનુભાઇ ધરમચંદ શાહ પાલણપુર	,, ૬૦
૧૧	,, કેસવલાલ દીપચંદ ગાંધી હડીઓલ	,, ૬૦
૧૨	,, છીનાલાલ હીંમતલાલ શાહ ડભોઇ	,, ૩૬
૧૩	,, કંચનબેન સીવલાલ શાહ ભાવનગર	,, ૨૫
૧૪	,, રતીલાલ મફતલાલ શાહ માકણજ	,, ૬૦
૧૫	,, દલીચંદ વનેચંદ શાહ વાઘપર	,, ૬૦
૧૬	,, શાંતીલાલ અંબાલાલ ગાંધી ખેડા	,, ૧૨૦
૧૭	,, રમણલાલ ચુનીલાલ શાહ પાદરા	,, ૧૫૦
૧૮	,, હીરાલાલ સોભાગ્યચંદ ચુડગર ભરૂચ	,, ૬૦
૧૯	,, હર્ષબાળા ડાકોરલાલ શાહ ભરૂચ	,, ૩૬
૨૦	,, ચંપકલાલ લક્ષ્મીચંદ શાહ ભાવનગર	,, ૧૮૦
૨૧	,, કલાવંતી ચુનીલાલ શાહ પાલેજ	,, ૭૨
૨૨	,, અનોપચંદ રતનલાલ ફક્કડ ભોપાલ	,, ૯૬
૨૩	,, ચિત્તરંજન નાથાલાલ કાપડીયા રાંદેર	,, ૬૦
૨૪	,, બાલચંદ સોમચંદ શાહ મેડાઆદરજ	,, ૧૨૫
૨૫	,, જયંતિલાલ ચંદુલાલ શાહ પેથાપુર	,, ૭૨॥
૨૬	,, નગીનદાસ માણેકલાલ દોશી ગોધરા	,, ૩૭॥
૨૭	,, ચંદુલાલ ભીખાભાઇ શાહ આંબોલી	,, ૭૨॥
		રૂા. ૧૮૯૮॥

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૭

મુંબઇ : ૧ ઓગસ્ટ ૧૯૪૧ : શુક્રવાર

લવાજમ
રૂપિયા ૨

સ્વર્ગમાં એક રાત્રી !

ધર્મગુરૂઓને હું સનાતન ધર્મના રક્ષક તરીકે માનતો આવ્યો છું અને તેના વિના આપણો ઉદ્ધાર પણ નથી. પરંતુ આજે સંસારીઓએ ધર્મગુરૂઓના ખાનગી જીવનમાં ડોકીયું કરીને ઘણું ગુમાવ્યું છે. આવી મારી દૃઢ માન્યતાને કારણે જ્યારે જ્યારે સુધારક મિત્રોને ધર્મગુરૂઓની ટીકા કરતાં સાંભળતો ત્યારે મને બહુ જ દુઃખ થતું. તેમાંયે જ્યારે આજે સવારે જ ગુરૂજીએ સંભળાવ્યું કે– "નાસ્તિકતા તો પશ્ચિમની કેળવણીનું જ પરિણામ ! આજે તો સુધારકોને મન આપણું બધું ખોટું, જડવાદી યુરોપનું સાચું ! આપણા ધર્મના વિચારો તો જાણે વહેમ જ. ત્યાંનો નગદ ધર્મ આ લોકના જીવન પૂરતો જ ધર્મ, સાચો–સુંદર અને કલ્યાણકારક ! આવી માન્યતા હોય ત્યાં કલ્યાણ કેમ સંભવે ? Life after death મૃત્યુને પેલેપાર જીંદગી છે કે કર્મના ફળ ભોગવવાના હોય છે એમ તેઓ માનતા હોય તેમ લાગતું નથી. માત્ર આંખે દેખી શકાય કે ઇન્દ્રિયોદ્વારા અનુભવી શકાય તેટલું ખરૂં" આવી માન્યતાનું પરિણામ એ આવ્યું છે કે નીતિ અનીતિ જેવી વસ્તુમાંથી આજે શ્રદ્ધા ઉડી ગઇ છે, ભાવીના ભયની કલ્પના દૂર થઇ ગઇ છે એટલે જીવન નિરંકુશ બની ગયું છે. પરલોકના ભયથી પણ માણસ પાપમાંથી બચી જતો. આજે એ ડર નથી. દુનિયાના માણસો સ્વભાવે તો શુદ્ધ, નીતિવાન, ચારિત્રવાન કે સદ્‌ગુણી થોડા હશે. બાકીના ડરથી, "બોટું કહેવાશે" "એથી આબરૂ નહિ" રહે, "સમાજમાં હલકો પડી જઇશ" "વ્યવહારમાં વાંધો આવશે" વિગેરે વિગેરે બાબતોથી ડરી, પાપ ન કરતા સારા બનવા પ્રયત્ન કરે છે. આટલા જ માટે "પ્રભુથી ડરીને ચાલો" "આગળ ઉપર દુઃખી થવું પડશે". "અહિંના કર્મનો બદલો ભોગવવો જ પડશે" વિગેરે જનતા ભયો, કે પુણ્યના ફળોની લાલચો વિગેરે બાબતો શાસ્ત્રોમાં વ્યવહાર–કુશળ દીર્ઘદર્શી પુરૂષોએ બહુજ સ્પષ્ટ કરી છે." આ સાંભળી મારૂં દિલ આનંદથી નાચ્યું હતું અને મનમાં લાગ્યું કે સુધારકો કેટલા હલકા છે કે આવા ગુરૂઓની નિંદા કરે છે ?

"હેં ! સ્વર્ગ કે નર્ક સાચાં હશે" ? "અહિંના કર્મનું ફળ ત્યાં ભોગવવું પડશે ?" વિગેરે બાબતોનો વિચાર કરતાં કરતાં મારી આંખ મળી ગઇ, એટલે એક માણસ આવી મારા પગનો અંગુઠો પકડી મને જગાડી કહેવા લાગ્યો કે "અલ્યા ! સુસ્ત મૃત્યુલોકના કાળામાથાના માનવી ! ક્યાં સુધી ઉંઘીશ ? ચાલ, આજે જગતૂના શરીફ બદમાસોનો કેસ ન્યાયમૂર્તિ ધર્મરાજા ચલાવવાના છે. તે સાંભળવા જેવો છે." મેં તો નકારમાં જવાબ આપ્યો કે "ના, ભાઇ, ના, એવી માથાકુટમાં શું કામ પડવું ? ત્યાં આંટા કરતાં અહિં મઝાની ઉંઘ ન કરૂં ?" એમ કહી પુનઃ આંખ વીંચી ગયો. ઉંઘમાં મને કોઇ હીંચોળીને હાલરડાં ગાતું હોય તેમ લાગ્યું. મારો હીંચકો ઉંચોને ઉંચો ચડતો ગયો. પણ કમભાગ્યે હીંચકાનો દોર તુટી ગયો અને હું એક મોટા સંભામંડપમાં જઇ પડયો. ત્યાં જે માણસે મને જગાડયો હતો તેને બેઠેલો જોયો. એટલામાં એક કૃષ્ણવસ્ત્રધારી સીપાઇ એક મોટું નોટીસ બોર્ડ ત્યાં મુકી ગયો. તેમાં લખ્યું હતું કે–

કેસ પહેલો–ગુન્હેગાર એક ધર્મગુરૂ, ગુન્હો.–વિશ્વાસઘાત, લફંગાપણું, લૂટ અને હરામખોરી.

આ સિવાય બીજા ઘણા કેસો હતા. તે વાંચવા માંડું ત્યાં તો સભામંડપમાં કેટલાએક અધિકારીઓ આવવા માંડયા અને પોતપોતાના આસને બેઠા. ધર્મરાજા ન્યાયાસનપર અને બાજુમાં ન્યાયમંદિરના કાર્યવાહકો બેઠા હતા. સાક્ષીના પીંજરા પાસે ચિત્રગુપ્ત મોટા મોટા ચોપડાઓ લઇને પાનાં ફેરવતા હતા. સામેના પાંજરામાં બીજા ગુન્હેગારોની સાથે મારા ધર્મગુરૂને પોતાના મૂળ પોષાકમાં ઉભેલા જોયા એટલે હમેશાની આદત મુજબ મારાથી નમસ્કાર થઈ ગયા. પણ તે વિનય ત્યાં તેને રૂચ્યો નહિ હોય તેમ લાગ્યું.

સીપાઇ તેને બાંધીને પાંજરાની બહાર કાઢી ચિત્રગુપ્તની બાજુમાં લઇ ગયો અને કોર્ટનું કામ શરૂ થયું.

ચિત્રગુપ્ત–ન્યાયમૂર્તિ ! આપની સમક્ષ ઉભો છે તે મૃત્યુલોકનો બની બેઠેલો એક મહાન્ ધર્મગુરૂ હતો. તેને સંસારમાં કરેલા કાળા ધોળાનો જવાબ આપવા અહિં હાજર કરવામાં આવ્યો છે, તેની ઉપર લુચ્ચાઇ, દાંભિકતા, ધર્માન્ધતા, સ્વાર્થી શઠતા ઉપરાંત પ્રભુની બદનક્ષી કરવાના, ભોળાં, અજ્ઞાન માણસોને ભોળવી સ્વાર્થ સાધવાના અને સમાજનો વિશ્વાસઘાત કરવાના આરોપો છે. તેણે સત્યને બદલે પોતાની ધૂનને, સાચા સિદ્ધાંતને બદલે પોતાની ગાદીને, જીવંત માનવને બદલે નિર્જીવ પોથાંપોથાંને અને સંસારીઓના જીવનના અનેક પ્રશ્નોનો વિચાર કર્યા વિના પોતાના માની લીધેલા મત, મોક્ષ અને મુક્તિને વધુ મહત્ત્વ આપી સંસારમાં ઘોર અંધકાર ફેલાવેલ છે. સંસારમાં ચાલેલા હત્યાકાંડો, અને માનવ માનવ વચ્ચે ભયંકર ભેદ તેણે પડાવ્યા છે.

ન્યાયમૂર્તિ–વાહ ! (આરોપીને) કેમ મહારાજ ! આ સંબંધમાં તમારે કંઇ કહેવાનું છે ?

આરોપી–ન્યાયમૂર્તિ ! કહેવાનું તો ઘણું છે, પરંતુ હું તો અહિંનો આ વિચિત્ર મામલો જોઇને જ ગભરાઇ ગયો છું. ધર્માત્મા ! આ આરોપપત્ર ઘડયું છે કોણે ? આમાંથી હું તો કંઇ જાણતો જ નથી, એટલે શું બોલું ? આપ જ સમજાવો એટલે પત્યું !

ન્યાયમૂર્તિ–બોલ ! મૃત્યુલોકમાં તું શું કામ કરતો ?

આરોપી–હું એક ધર્મગુરૂ હતો હતો !

ન્યાયમૂર્તિ–ધર્મગુરૂનું કામકાજ શું ? કંઈ કહીશ ?

આરોપી–એવી મામુલી વાતો સાથે ભેખને શું સંબંધ ? અને ભક્તોને પણ તેવી વાતો સાથે શું લેવા દેવા ? તેણે તો સાધુને સર્વગુણસંપન્ન માનવો ઘટે. તેથી ભેખ અને ભગવા સામું જ જોવાનું હોય. ભગવા કર્યા ત્યારથી તે અહિં આવ્યો ત્યાં સુધીમાં આનો તો વિચાર જ નથી કર્યો. માત્ર એટલુંજ જાણતો કે ભક્તોને વાડાની બહાર જતાં અટકાવી ક્રિયાકાંડમાં ચુસ્ત રાખવા, ધર્મગુરૂ ધર્મપુસ્તક અને દેવમાં શ્રદ્ધા રખાવી મોક્ષ મેળવી દેવો.

ન્યાયમૂર્તિ–બદલામાં તને શું મળતું ?

આરોપી–અમારા ભરણપોષણનો ભાર તેમને ઉપાડવો પડતો. ઉદરપોષણ, કપડાં લતાં, આશ્રયસ્થાન અને બીજી નાની મોટી જરૂરિયાતોની ચિંતા અમારા ભાવિક ભક્તો જ કરતા.

ન્યાયમૂર્તિ–વાહ ! પણ એથી તારૂં કલ્યાણ શું થયું ?

આરોપી–કેમ, અમારૂં તો જ્યારથી ભેખ ધર્યો ત્યારથી કલ્યાણ જ છે. ભેખ અને ભગવાનને કયાં છેટું છે ? ભગવા કર્યા એટલે સ્વર્ગના એકાદ ખૂણામાં જગ્યા નક્કી થઇ ગઇ જ સમજોને ! આ જ અમારૂં કલ્યાણ !

ન્યાયમૂર્તિ–જગતમાં તારી સમજમાં આવેલું, અનુભવેલું કે જાણેલું સત્ય પ્રજા પાસે ગમે તે ભોગે, માન અપમાન કે જીવનના ભોગે પણ નિર્ભેળપણે રજુ કરવું તે ધર્મગુરૂનું કામ ખરૂં કે ? એક જગ્યાએ એક અને બીજી જગ્યાએ બીજો અર્થ કરી ભાષા–ચાતુરીથી પ્રજાને છેતરીને જાતે છટકી જવા જેવું કામ તમે કર્યું છે કે નહિ ?

આરોપી–આ બધી વાતો હું નથી જાણતો. શાસ્ત્રમાં લખ્યું કે ગુરૂએ ભણાવ્યું તેટલું જ અમારા સંજોગ અનુસાર, પ્રજાનું વળણ જોઇને અમારી જાતને વાંધો ન આવે તેવી રીતે બોધેલું. ખરૂં કહું તો અમે તો ગુરૂની નકલ જ કરેલી. તેમાં અમારી અક્કલ વાપરવાની ગુરૂની ના હતી અને અમને જરૂર પણ નહોતી. પ્રજાની તાકાત પ્રમાણે જ તેને સત્ય બતાવાય ! શ્રદ્ધા એજ મોટું સત્ય કે ભકિત. અમે અમારામાં શ્રદ્ધા રાખતાં શીખવ્યું એમાં પાપ તો નથી જ કર્યું ! પ્રજાને સત્યના ઉંડા જળમાં ઉતાર્યે ફાયદો શું ?

ન્યાયમૂર્તિ–સાંભળ ! તારા સંજોગ અને સત્યને સબંધ નથી. તારા ધર્મ અને સત્યને સબંધ છે. તમે માનો છો કે—

મારૂં તારૂં પારકું, એ ક્ષુદ્ર જનની માન્યતા
ઉદાર ચરિતોને તો વિશ્વ એજ કુટુંબ છે. (ગીતા)

આમ માન્યતા હોવા છતાં ધર્મગુરૂઓએ ધર્મમાં કેટલા કેટલા તડા, મતમતાંતરો કરી નાંખ્યા, કેટલાને ઉંચા નીચા, સ્પર્શીય, અસ્પર્શીય ઠરાવી વિકાસના દ્વાર બંધ કરાવી નાંખ્યા તે તમે જાણો છોને ? એટલું જ નહિ પણ જગતના પિતા, વિશ્વસ્વામીના પણ તમે તો માલીક બની બેઠા અને આ મારા પ્રભુ ! પેલા તમારા પ્રભુ, મારા પ્રભુની લાલ આંખ, તમારા પ્રભુની ધોળી દાઢી, મારા પ્રભુ પીતાંબર, તમારા નાગા બાવા, મારા પ્રભુને હીરાની આંખ, તમારા પ્રભુ આંધળાભીંત ! આવું આવું શીખવી પ્રભુની તમે કેટલી હદ સુધી મશ્કરી કરી છે અને પ્રભુને નામે, ધર્મને નામે આવી આવી વાતો લખાવી પ્રભુના બેહુદા વૈભવોના વર્ણનો ચીતરી તમે ખુદ પ્રભુની બદનક્ષી કરી છે. તે કબુલ કરો છો કે નહિ ?

આરોપી–એમાં બદનક્ષી શાની ? મારાપણું ન હોય તો સંપ્રદાયનું અસ્તિત્વ કેમ ટકે ? સંપ્રદાયની માન્યતા વિના ગુરૂમાં શ્રદ્ધા કેમ રહે ? અને ગુરૂ વિના જ્ઞાન કે મોક્ષ થોડો મળે છે ? જો જગતના સ્વામી પ્રભુને ત્યાં વૈભવ વિલાસ ન હોય તો તે જખ મારવા પ્રભુ થયો ? પ્રભુના વૈભવ વિલાસની વાતો પણ તેના ગુણાનુવાદ જ કહેવાય !

ન્યાયમૂર્તિ–જ્યારે તમારા પ્રભુને વૈભવ વિલાસ હોવો જોઇએ ત્યારે તમારે એટલે તેના ભક્તોને કેમ ન હોવો જોઇએ ? તું પોતે વૈભવશાળી–વિલાસી હતો કે નહિ ?

આરોપી—હા ! સમય પ્રમાણે ! ભગવાનની ઇચ્છાથી બધું થતું !

ન્યાયમૂર્તિ–એ ભલા માણસ ! તારો વૈભવ કયાંથી આવતો તે તેં કદી વિચાર્યું હતું ?

આરોપી–એમાં વિચારવાનું છે શું ? એ તો ભક્તજનો જ આપતા. શાસ્ત્રમાં ધર્મગુરૂને દાન કરવાનું મોટું પુણ્ય લખ્યું છે, તેથી પુણ્ય માટે દાન નિમિતે અમને બધું મળી રહેતું !

ન્યાયમૂર્તિ–પોતાના રડતા છોકરાંને એક પાઇ ન આપનાર, માંદી પત્નીની દવા માટે દમડી ન ખરચનાર, પોતાની સુખ, સગવડતા અને નરી જરૂરિયાતને પણ સાચવવા અશકત હોય તેવા ગરીબ માણસોની લોહીની–પસીનાની કમાણીનું ધન તારા વૈભવ માટે કે તારી ધૂન માટે વાપરતાં તને અરેરાટી ન થતી ?

આરોપી–એ તો તેઓની પાકી ફરજ હતી. એવા દાન સિવાય તો સ્વર્ગ કંઈ રસ્તામાં નથી પડયું ને ? દાન આપનાર કોણ છે, તે દ્રવ્ય કયાંથી આવે છે અને પાછળથી આપનારનું શું થાય છે. તે જોવાનું કામ અમારૂં નથી દાન ગોલકમાં નાંખી સ્વર્ગનું વચન–પુણ્યનું વચન–આપવાનું કામ અમારૂં. દાન એક ઉત્તમ ક્રિયા છે એમ આપ જરૂર જાણતા હશો જ !

ન્યાયમૂર્તિ–ખપ પૂરતું જ દાન લે તો કે દરેક પાસેથી હક્ક તરીકે લૂંટે અને ભીક્ષતો જમાવે તો ?

આરોપી–સાહેબ ! આ સૌ અકકલ વગરના બેહુદા પ્રશ્નો છે. જેમ ધર્મના પૈસા સંબંધી સ્થિતિ સારી, જેમ દ્રવ્યસંચય વધુ તેમ તેની હૈયાતી લાંબી. આમ અમે માનીએ છીએ એટલે દરેક પાસેથી અમે દાન લેતા, અમે મોટી મોટી ભીક્ષતો ધર્મને નામે ભેગી કરી છે. ઠેર ઠેર ધર્મપ્રીતિ ટકાવવા નવા નવા મંદિરો, નવા નવા પ્રભુઓ સ્થાપ્યા છે, ઉત્સવો ભોજન સમારંભો, ક્રિયાકાંડોનાં પ્રદર્શનો ગોઠવ્યા છે. અમે પ્રજામાં છાપ એસાડવા માટે ધામધુમથી રાજા મહારાજાની માફક રહેતા હતા. કલિકાળમાં આ સિવાય ધર્મ ટકે પણ કેમ ?

ન્યાયમૂર્તિ–આ સિવાય દાનનો બીજો કોઇ ઉપયોગ કરતા ?

આરોપી–અમારૂં સાધુઓનું ખર્ચ નભતું ? પંડિતો રાખી શાસ્ત્રો સુધરાવતા. બાકી તો એ ધરમનો દરબાર છે. ત્યાં ખર્ચનું શું પૂછવું ?

ન્યાયમૂર્તિ–તમે અન્ય મનુષ્યોને ખરા પ્રસંગે મદદ કરતા ? તમારા ભક્તોના વિકાસ માટે કોઇ યોજનામાં એ દ્રવ્ય વપરાતું ? અનાથ, અપંગ અને નિરાધારને કોઇ પણ પ્રકારની મદદ કરતા ?

આરોપી–હરિ ! હરિ ! ભગવાન ! આ શું બોલો છો ? ધર્માદાનો એક પણ કણ સંસારીના પેટમાં જાય કે તેના નિમિતે વપરાય તો તેને સો સો ભવ શૈરવ નર્કમાં રહેવું પડે એમ શાસ્ત્રમાં લખ્યું છે. લેનાર અને દેનાર કે દેવાનો બોધ કરનાર બધા સરખા દોષિત છે. એટલે અમે શા માટે પાપમાં પડી નર્કના ભાગીદાર થઇએ ? આ કંઇ લુલા લંગડાની પાંજરાપોળ નથી, કે કોઇ અનાથાશ્રમ નથી. આ તો પ્રભુનો દરબાર છે ત્યાં ભગવાન અને ભેખધારી સિવાય બીજું કંઇ વિચારાય જ નહિ.

ન્યાયમૂર્તિ–ત્યારે તમે મહારાજ કેટલા ભવ શૈરવ નર્કમાં રહેશો ? તમે તમારૂં આ રૂષ્ટપુષ્ટ શરીર તે પૈસાથી જ પોષ્યું

(અનુસંધાન પૃષ્ટ ૬૭ જુઓ)

કેટલાક સમાચાર અને નોંધ

પંડિત હરગોવિંદદાસ ત્રીકમદાસનો દેહોત્સર્ગ

પંડિત હરગોવિંદદાસના મુંબઇ ખાતે કેન્સરના દર્દની બીમારીથી નીપજેલાં મરણની નોંધ લેતાં અત્યંત દિલગીરી થાય છે. પંડિત હરગોવિંદદાસનો જન્મ રાધનપુર ખાતે આજથી ૫૩ વર્ષ ઉપર થયો હતો. રાધનપુર ખાતે સામાન્ય કેળવણી લઇ તેઓ સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસ માટે શ્રીમદ્ વિજય ધર્મસૂરિએ કાશી ખાતે સ્થાપેલી યશોવિજયજી જૈન પાઠશાળામાં જોડાયા હતા અને પાંચ વર્ષના સતત અભ્યાસ બાદ ન્યાયતીર્થ તથા વ્યાકરણતીર્થની પદવી મેળવવા ભાગ્યશાળી થયા હતા. આટલેથી જ તેઓને સંતોષ નહિ થતાં પાલી ભાષાનો અભ્યાસ કરવા તેઓ કોલંબો અને કેન્ડી ગયા હતા, જ્યાં તેઓએ પાલી ભાષાનું ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. કાશી ખાતેથી જે પંડિતરત્નો બહાર પડયા છે તેમાં પંડિત હરગોવિંદદાસ પ્રથમ પંક્તિ ધરાવતા હતા. કલકત્તા વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃત, પ્રાકૃત તથા ગુજરાતીના અધ્યાપક તરીકે લગભગ વીશ વર્ષ ચાલુ રહી છેલ્લાં બે વર્ષ થયાં તેઓ નિવૃત્ત થયા હતા. તેઓની કૃતિઓમાં પ્રાકૃત કોષ મુખ્ય સ્થાન ધરાવે છે. આપણા આગમ સૂત્રો અને પૂર્વ પુરૂષો રચિત સંખ્યાબંધ ગ્રંથો પ્રાકૃત ભાષામાં હોઇને આપા કોષની ખોટ લાંબા કાળથી જણાતી હતી. પંડિત હરગોવિંદદાસે આવો અમૂલ્ય કોષ ભારે જહેમત લઇ તૈયાર કરી સંસ્કૃત–પ્રાકૃત સાહિત્યની અને તે રીતે જૈન સાહિત્યની ભારે સેવા બજાવી છે; એટલું જ નહિ પણ જૈન સમાજ ઉપર ભારે ઉપકાર કર્યો છે. હિન્દભરના સંસ્કૃત વિદ્વાનો જ નહિ પરંતુ જર્મન, ઇટાલીયન, અને અંગ્રેજ પ્રોફેસરોએ પણ આ કોષની મુક્ત કંઠે પ્રશંસા કરી છે અને દુનીઆની દરેક મોટી લાઇબ્રેરીમાં આ કોષ રાખવાની જરૂર છે એમ જાહેર કર્યું છે. પ્રાકૃત કોષ ઉપરાંત 'હરિભદ્ર સૂરિ ચરિત્ર' ના તેઓ કર્તા હતા તથા યશોવિજય ગ્રંથમાળા તથા જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાળાના સંપાદક તરીકે લાંબા વખત સુધી તેમણે કામ કર્યું હતું. છેલ્લા દોઢ વર્ષ થયાં તેઓ સાહિત્ય સંશોધનમાં તથા ધ્યાન ધરવામાં પોતાનો સમય પસાર કરતા હતા. તેઓશ્રીને કેન્સરનો અસાધ્ય રોગ લાગુ પડયો હતો જેના પરિણામે તેઓ અષાડ વદ ૧૩ ના રોજ પંચત્વને પામ્યા છે. તેમના જવાથી જૈન સમાજે એક ઉચ્ચ ચારિત્રશાળી સાહિત્ય રત્ન ગુમાવેલ છે. તેમના આત્માને પરમ શાન્તિ મળો એવી આપણે પ્રાર્થના ચિન્તવીએ!

કકલભાઇ

યુરોપીય વિગ્રહમાંથી વિશ્વવિગ્રહ!

આજે ચાલી રહેલા યુદ્ધનો પ્રારંભ તો જર્મનીએ રશીઆને અનુકુળ બનાવીને ઇગ્લાંડ, ફ્રાન્સ તથા પોલાંડ સામે લડાઇ જાહેર કરી ત્યારથી થયો. પણ ત્યારબાદ તો કંઇ કંઇ બનાવો બની ગયા. દુશ્મનો મિત્ર બની ગયા અને મિત્રો દુશ્મન બની ગયા. ફ્રાન્સ જર્મનીને શરણ થયું એટલું જ નહિ પણ ફ્રેંચ સરકારનું વળણ જર્મનીને અનુકુળ બની ગયું. બીજી બાજુએ મિત્ર ગણાતા રશીઆ ઉપર જર્મનીએ પીઠ પાછળનો ઘા કર્યો. ફ્રાન્સના પતન બાદ વર્તમાન વિગ્રહે આફ્રીકા અને એશીઆની ભુમી ઉપર પ્રવેશ તો કર્યો જ હતો. આમ છતાં પણ આજ સુધી યુરોપની જ રાજ્ય સત્તાઓ પરસ્પર લડી રહી હતી. એક બાજુ અમેરિકા અથવા તો યુનાઇટેડ સ્ટેટ્સ અને બીજી બાજુએ જાપાન યુરોપીય વિગ્રહથી અલગ હતા. અમેરિકા બ્રીટન તરફ ઢળેલું હતું; જાપાન જર્મની સાથે કોલકરારોથી જોડાયલું હતું. આમ છતાં એમાંથી એકકે દેશ હજુ વિગ્રહમાં દાખલ થયો ન હોતો. તાજેતરમાં બની રહેલા બનાવો જાપાન અને અમેરિકાને હવે લાંબો વખત યુદ્ધથી અલગ રાખી શકે તેમ નથી. ફ્રાન્સના પડવા સાથે જેમ ઇટલીએ જર્મની સાથે વર્તમાન વિગ્રહમાં ઝંપલાવ્યું હતું તેવી જ રીતે જર્મનીના હુમલાથી રશીઆની જોખમાતી સ્થિતિનો લાભ લઇને તથા બ્રીટન તો મુંઝાયેલું છે જ એમ સમજીને જાપાન હિંદી ચીન, સીઆમ વિગેરે પૂર્વ પ્રદેશો ઉપર પોતાનો બાહુ લંબાવી રહેલ છે. અમેરિકા અને ઇંગ્લાંડે આ સામે તાકીદે પગલાં લીધાં છે અને પોતપોતાની હકુમત નીચેના પ્રદેશોમાં પડેલી જાપાનીઝ અરકયામતોને જપ્તિમાં લઇ લીધી છે. યુરોપમાં પ્રગટેલ દાવાનળની વિષમય જ્વાળાઓ ખંડખંડમાં પસરી રહી છે અને પૃથ્વી ઉપરની એક પણ રાજ્યસત્તા યુદ્ધથી અલગ ન હોય એ દિવસ બહુ જલ્દીથી સમીપ આવે છે. જાપાન આગળ વધે તો બર્મા અને કલકત્તાને આજના યુદ્ધનો સીધો પરિચય શરૂ થાય. રશીયા જે દબાય તો હિંદુસ્તાનના ઉત્તર ભાગ ઉપર બ્રીટનવિરોધી રાજ્યોનાં આક્રમણ શરૂ થાય. રશીયામાં આગળ વધતું જર્મની અટકી ઉભું હોય એમ લાગે છે; જાપાન પણ યુનાઇટેડ સ્ટેટ્સ અને બ્રીટનનું વળણ જોતાં કાંઇક થંભ્યું હોય એમ ભાસે છે, આમ છતાં પણ યુધ્ધનું તાન જરા પણ ઘટયું નથી અને નાળા ઉપર ચઢી બેસીને જે આવ્યું તે હોઇઆં કરવાની વૃત્તિ એટલી જ વેગવતી જોવામાં આવે છે. કાળનું મોઢું મોટું થતું જાય છે અને વિરાટ ગ્રાસ માંગી રહેલ છે. આજે આખી દુનિયા ખરેખર કોઇ અગમ્ય ઉથલપાથલના રાહ ઉપર જોસભેર દોડી રહી છે. આવતી કાલની ગહનતા ખરેખર અભેદ્ય છે!

હિંદી રાજ્યતંત્રમાં ફેરફાર

હિંદી રાજ્યતંત્રમાં એક મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. આજ સુધી હિંદુસ્થાનના સરસુબાની કારોબારી સમિતિ ચાર સરકારી અધિકારીઓ અને ત્રણ બીનઅધિકારી હિંદીઓ એમ કુલ સાત સભ્યોની બનેલી રહેતી. પરિણામે હિંદીઓની હંમેશાં અલ્પમતી રહેતી. તાજેતરમાં કરવામાં આવેલ ફેરફાર મુજબ હવેથી વાઇસરોયની કારોબારી ત્રણ સરકારી અધિકારીઓ અને આઠ બીનઅધિકારી સભ્યોની બનશે. નવી નીમણુકો નીચેના હિંદીઓની કરવામાં આવી છે. સર એચ. પી. મોદી, સર અકબર હૈદરી, શ્રી. રાઘવેન્દ્રરાવ, સર શીરોઝખાન નુન, સર સુલતાન અહમદ, સર નલિની રંજન સરકાર, શ્રી એમ. એસ. અણે. આમ કારોબારીમાં હિંદી બહુમતી ઉભી થઈ છે એ એક રીતે મહત્વની બીના છે. એમ છતાં આ બીનાને વધારે પડતી અગત્ય આપવાની જરૂર નથી. કારણ કે એક તો અર્થકારણ, રક્ષણ અને રેલ્વે જેવા ખરા મહત્વના ખાતાઓ સરકારી અધિકારીઓ હસ્તક જ રાખવામાં આવ્યા છે અને બીજું દરેક સભ્ય પોત પોતાના ખાતા પુરતો જ વાઇસરાયને સીધો જવાબદાર છે. આ કારોબારી-વિસ્તાર ઉપરાંત સરકારે એક મોટી રક્ષણ સમિતિ ઉભી કરી છે અને તેમાં અનેક નામાંકિત માણસોની નિમણુક કરવામાં આવી છે.

સાપે છછુંદર ગળ્યો!

આજે સરકાર સાથે કોંગ્રેસ અને મોસ્લેમ લીગ–બે મોટી રાજકારણી સંસ્થાઓ પોતપોતાના કારણોસર અસહકાર કરી રહી છે. ઉપરની નિમણુકોનું હિંદી રાજકારણની દૃષ્ટિએ તો બહુ મહત્વ નથી, પણ બીજી રીતે તેનું એક આડકતરું પરિણામ કદાચ હિંદુસ્થાનના લાભમાં આવે એમ આશા રહે છે. ઉપરની નિમણુકોમાં સરકાર શ્રી. અણેને મેળવીને કદાચ એમ દાવો કરે કે પોતે કોંગ્રેસનો એક અગત્યનો માણસ હસ્તગત કરી શકી

(અનુસંધાન પૃષ્ટ ૬૬ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

ઓગસ્ટ ૧ ૧૯૪૧

હિંસા–અહિંસાનો પ્રશ્ન

કોમી ઊંચાદિલી અને દ્વેષભાવને લઈને તથા યુરોપીય યુદ્ધને કારણે, હિંસા અહિંસાનો પ્રશ્ન નવે રૂપે જોરથી પાછો ચર્ચાવા લાગ્યો છે. આમ જોતાં તો તેની ચર્ચા રાજકારણમાં ઈ. સ. ૧૯૦૫ થી શરૂ થઈ ગણાય. બંગભંગના દુઃખે ઘવાયેલો એક વર્ગ ત્રાસવાદ તરફ વળ્યો, અને તેણે એ વાદની ભૂમિકા ધર્મશાસ્ત્રમાંથી પણ શોધી. સરકાર અને પ્રજાપક્ષો તથા તેના નાયકો સૌને તે વખતે અહિંસાની ધર્મશિક્ષા તરત વસતી હતી, અને સૌ કોઈ એકે અવાજે ત્રાસવાદી હિંસાને નિંદતા હતા. આ જાતની વખોડણીએ ત્રાસવાદને ડામવામાં ઓછી મદદ નથી કરી.

ઈ. સ. ૧૯૧૯–૨૦ નો જમાનો આવ્યો.

બંગભંગ જેવો જ કારી ઘા પ્રજાહૃદયને અમૃતસરમાં થયો હતો. ઉપરાંત ૧૯૧૪–૧૮ ના યુરોપીય યુદ્ધે પણ એક મોટો હિંસાનો જલસો ઊજવ્યો હતો; અને તેને શમાવવા માટે, આજે હવે સૌ કોઇ કબૂલે છે કે, શાંતિને નામે નવાં કલહબીજ રોપાયાં હતાં. તેમાં પણ હિંદને માટે અપમાન, અન્યાય, અને વચનભંગ ભાગે આવ્યાં હતાં. એ કાળના મનોમંથનમાંથી ગાંધીજીએ અહિંસામૂલક ઉપાય તરીકે સત્યાગ્રહ–સવિનય કાનૂન ભંગ અને અસહકાર–સૂચવ્યો. પ્રજાએ એકી અવાજે તે વધાવી લીધો; પરંતુ ત્રાસવાદના જમાનાનો એક–અવાજ તૂટ્યો હતો. સરકારે અને પોતાના શાણપણના અભિમાની વિનીત દળે કહ્યું કે, આમાંથી હિંસા જન્મશે. ત્યારે આ બે વર્ગોને એટલી બધી અહિંસા વહાલી હતી કે, જીવનભર અહિંસાની સાધના કરનારને આ લોક ઉપદેશવા નીકળ્યા હતા. પ્રજાએ યા તો અપમાન અને અમૃતસરની કતલનો કારી ઘા વીસરી જવો, અથવા પોતાથી બને તેવો અને એટલો તે સામે સક્રિય પોકાર અને વિરોધ કરવો. એ બેમાંથી એક જ માર્ગ એને માટે ઉઘાડો હતો. પ્રજાએ સ્વમાનનો બીજો પંથ લીધો. અને ત્યારથી સરકાર અને વિનીત દળ શાંતિ અને વ્યવસ્થાને નામે મહાસભા અને પ્રજાથી જુદા પડ્યાં તે પડ્યાં.

આ કાળમાં અહિંસા દેશના રાજકારણમાં કામ દે કે કેમ, એટલો જ પ્રશ્ન હતો. કેટલાકે સમજથી અને કેટલાકે લાચારીથી, પણ પ્રજાના મોટા ભાગે તેના નેતામાં શ્રદ્ધાથી, રાજકારણમાં અહિંસા સ્વીકારી. એ ધોરણે લગભગ એક વીસી સુધી કામ ચાલ્યું. ધોરણની કાર્યસાધકતા અને સત્યતા તે દરમ્યાન સિદ્ધ થઈ; દેશનું કામ આગળ વધ્યું. સ્ત્રીઓ, હરિજનો, ગ્રામવાસીઓ અને સામાન્ય પ્રજાજન—સૌ અંગો સ્વરાજને માટે જાગ્રત થયાં; હિંદની પ્રજા એક સ્વરાજપ્રેમી શક્તિ બની. એની શેહ દેશી રાજ્યની પ્રજા સુધી પહોંચી અને દેશનો એ અંધારો ખૂણો પણ અજવાળામાં આવતો ગયો.

અને આજે આટલાં વરસે એ આખો ગાળો નિહાળીએ તો. સરકાર અને તેના સહમતીઓ, જે હિંસાની ભીતિ દેખાડી પ્રજાને અને મહાસભાને સત્યાગ્રહ કરવામાંથી રોકવા માગતાં હતાં, તેઓ ખોટાં પડ્યાં છે. બલકે એ ચળવળને દાબવા સારુ સરકારે ઓછી અઘટિતતા–એટલે કે અન્યાય અને હિંસા નથી કર્યાં. સરવાળે તે હિંસા ચડે, એમ લાગે છે.

૧૯૩૯ નું યુરોપીય યુદ્ધ આવ્યું. મહાસભા તે વખતે મોટા ભાગના દેશમાં સરકારતંત્ર હસ્તક કરીને બેઠી હતી. અહિંસાનો પ્રશ્ન નવે રૂપે હવે આવ્યો. જે ગાંધીજીએ ૧૯૧૪ માં હિંસક યુદ્ધમાં સાથ દેવાની વાત કરી હતી, તે આટલાં વર્ષોમાં આગળ વધ્યા હતા. આ વર્ષોમાં હિંસા અહિંસાની બાબતમાં જગત પણ આગળ વધ્યું હતું. હિંસા જેટલી જ અહિંસાના પણ ભૂખ ઊઘડી હતી, અને જગત તેમાં ગૂંચવાઇ ગયું હતું કે કઇ ભૂખ સાચી અને–સારી. મહાસભાના સમાજવાદીઓ અને અન્ય લોકો પણ આંતરરાષ્ટ્રીય દૃષ્ટિ કેળવી કેળવીને એક પ્રકારના અયુદ્ધવાદી થયા હતા. (અહિંસાને જ મુખ્ય નજરમાં રાખીને અહીં ચર્ચા કરાતી હોવાથી, યુદ્ધની પરિસ્થિતિમાં જે રાજકીય દાવો રમવાનો પ્રસંગ હતો તેને અહીં ચર્ચામાં સંડોવતો નથી.) અરે, યુરોપમાં પણ બે યુદ્ધોના ગાળામાં લાખો લોકો અયુદ્ધવાદી બન્યા હતા; પણ ધંધા કરતા હતા,–ભલે અણસમજમાં, અજ્ઞાનમાં, કે કશું બીજું નહિ સૂઝવાથી લાચારીમાં—પતંગવત્ લડાઇની આગમાં જઇને પડવાના. આ ધંધાઓમાં હિંદ તો એક સોગાત માત્ર હતું: તેમાં તેને તો ભોગ બનવા પૂરતો જ ભાગ હતો.

તેથી કરીને, હિંદને માથે સીધું યુદ્ધ તો હતું નહિ. મૂળે જોતાં, તે બ્રિટિશ સામ્રાજ્યનું તેની રક્ષાને માટેનું યુદ્ધ હતું. તેના એક અંગ તરીકે હિંદની બ્રિટિશ રાજસત્તાએ હિંદનેય યુદ્ધમાં ઉતાર્યું. મહાસભાને આ ન ગમ્યું. ન ગમવામાં એક ભાવ એ પણ હતો કે, જગતભરમાં ઈ. સ. ૧૯૧૯ થી ૧૯૩૯ સુધી અહિંસાને માટે જે વિચાર–પ્રગતિ ચાલી રહી હતી, તેને અહિંસા-પ્રેમી હિંદે આવકારીને ખરે વખતે પોતાની અહિંસક નીતિને વ્યાપક બનાવી અને કેટલીક ચિત્રવિચિત્ર મથામણ બાદ તે તેમાંથી અટલ બહાર પડ્યું છે. પરંતુ, આ વખતે એક નવાઈ બની. ગીતા અને ધર્મશાસ્ત્રો અને સંસ્કૃતિનાં મોટાં નામ દઈ દઈને વિનીતો અને રાજકરણી કેટલાક મુત્સદ્દીઓ કહેવા લાગ્યા કે, યુદ્ધની હિંસાને માટે વાંધો નથી; અહિંસાની વાત એ શાસ્ત્ર અને સંસ્કૃતિથી વિરુદ્ધ છે. યુનિવર્સિટીઓના કેટલાક કુલનાયકોને પણ આ જાતનું શૂર ચઢ્યું.

હવે કોમી હુલ્લડોના વાતાવરણમાં, ને કેટલાકને એમાંથી દેખાતી આંતરયુદ્ધની સ્થિતિમાં, અહિંસા દ્વારા કામ લેવાની ગાંધીજીએ વાત કરી; એટલે અત્યાર સુધી કોંગ્રેસને વળગેલા લોકમાંથી પણ, એક યા બીજે નિમિત્તે, પેલા હિંસા–સમર્થક વર્ગમાં જવાનું શરૂ થયું છે. સ્વરક્ષાનો ધર્મ શાસ્ત્રશુદ્ધ અને કાનૂની હક છે, એમ તેમના તરફથી કહેવામાં આવે છે. જાણે કે, અહિંસા દ્વારા કામ લેવા કહેતી વખતે ગાંધીજીએ એનો ઇન્કાર કર્યો ન હોય ! અને અહિંસાનો શાસ્ત્રાર્થ કરાતો પણ જોવામાં આવે છે. આ બધું અસ્થાને અને અપ્રસ્તુત વ્યર્થતા લાગે છે. ગાંધીજીએ તો કહ્યું જ છે કે, ભાગી ન જ શકાય; સ્વરક્ષા અને સ્વજનરક્ષા કોઇ પણ ભોગે થવી જોઇએ; હિંસક કરતાં ઉત્તમ અને સુસંસ્કૃત એવી અહિંસક રીતે થાય તો સરસ. એટલે નાહકના જે સ્વરક્ષાને નામે હિંસા-અહિંસાનાં તરંગો ઉઠાવવામાં આવે છે, તે વિચારણાને ગોટાળામાં નાંખે છે. મૂળ પ્રશ્ન છે હિંમત અને બહાદુરીનો. તે વગર હિંસા કે અહિંસા કે કશાથી સામનો શક્ય જ નથી. હિંદુ અને મુસલમાન બેઉમાં આજે એ ખૂટતાં લાગે છે. નહીં તો ભાગનાર ભાગત શું કામ ? અને મારનાર પાછળથી મારત

શું કામ ? અને આ હિંમત પ્રજામાં પ્રેરાય એવી રીતે સરકારે તથા પ્રજાએ પોતાનાં કામકાજ ગોઠવવાં જોઇએ.

પરંતુ આ સવાલ માત્ર સ્વરક્ષાનો હોત તો સારું થાત. બીજા દેશોમાં સાવ સાદા લાગે એવા પ્રશ્નો હિંદની સ્થિતિમાં ભારે રાજપ્રકરણી બહુસૂત્રતાવાળા બની જાય છે, એ ન ભૂલવું જોઇએ. ગોરા લોકોનો સાદો વેપાર કેવી વાત બની બેઠો ? એટલે, આ સવાલ રાજપ્રકરણી પણ છે. એ ભુલાવું ન જોઇએ. મિ. જિન્નાનું એ પ્રકારનું મંતવ્ય છે એમ થોડા વખત પર છાપાંએ જણાવ્યું હતું. એ ખરું હોય કે ખોટું, જરા વિચાર કરતાં પણ એ તો સ્પષ્ટ થાય એમ છે.

આજે હિંદુ અને મુસલમાન નેતાઓમાં એક એવી ભાવના વ્યાપેલી દેખાય છે કે, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં દેશ પર વાદળ ચડી આવે તે વખતે તૈયાર રહેવું જોઇએ. અને સરકાર રાજ-સત્તા સોંપવા ઇચ્છે છે તો તેમાં પોતાનો કોમી ભાગ બરોબર મળવો જોઇએ. એટલે કે, હિંદની બે મુખ્ય કોમો પરસ્પર શંકા (અને શત્રુતા સુધી પણ) ધરાવતી થઇ છે. કશી છંછેડ કે છેડતી વગર થયેલાં હુલ્લડો પરથી પણ એ અનુમાન અનેક લોકે કાઢ્યું છે.

આવા સંજોગોમાં સ્વરક્ષાની વાત એક કોમી સંગઠનથી ભિન્ન ન લાગે તો તેમાં કોનો વાંક ? સંગઠિત ધોરણે સ્વરક્ષાની વાતો કરનારાએ આ સમજવું જોઇએ; ન સમજે તો એમાં વાંક એમનો છે.

અને હિંસક ધોરણે **સંગઠિત** સ્વરક્ષાના ઉપાય લઇ શકાશે ? સરકાર એમાં વાંધો નહીં લે કે ? સરકારે યુદ્ધની શરૂઆતમાં જ વટહુકમ કાઢી મૂક્યો છે, તે આવી સંગઠિત ચળવળને રોકનાર નથી કે ? વાંચકને યાદ દેવડાવવા જેવું છે કે, ૧૯૨૦ માં પણ કેટલાય લોક અહિંસાને બદલે હિંસાથી સંગઠન કરી અંગ્રેજી રાજ્યનો વિરોધ કરવામાં માનનારા હતા; તેઓએ એક નીતિ તરીકે પછી અહિંસા સ્વીકારી, તે આથી જ કરીને. આજે કોમોએ જો સંગઠન કરવું હોય તોપણ તે અહિંસાને ધોરણે જ બની શકશે. અને એ ધોરણ એટલે તે તે કોમને માટે રચનાત્મક કાર્યક્રમની યોજના. કોઇ પણ કોમ પોતાનું ઘર દુરસ્ત કરે—એટલે કે પોતાના દોષો કે ઊણપો કાઢી આત્મશુદ્ધિ કરે, તો તેમાંથી તેની શક્તિ ખીલવાની જ છે. એ શક્તિ સંગીન હશે, કાયમી હશે, કોમની અંદરની તાકાતને પુષ્ટ કરનારી હશે અને તે દ્વારા દેશની પણ.

રા. મુનશી જેવા આજ સુધી મહાસભામાં રહીને કામ કરનારાઓ જો ખરેખર એની નીતિ સમજ્યા હોય, તો તેમણે ધારેલું સંગઠન પણ આ રૂપે કરવું જોઇએ. તો જ તેઓ રચના-ત્મક કાર્યક્રમની ફિલસૂફી સમજ્યા હતા એમ ગણાય.

આજે તો મુસ્લિમ લીગ શું કે હિંદુ સભા શું, એમનાં કાર્યક્રમને એક જ જાતનું પ્રેરક બળ લાગે છે. સામસામે દ્વેષ અને તેના પાયા પર લોકલાગણી ઉશ્કેરવી. આથી હુલ્લડ–માનસ સંભવે છે.

એટલે, આજના સંજોગોમાં સ્વરક્ષાને સારુ સંગઠનની વાત કરવી એ કોમી જ બની બેસે છે એ જોતાં, અને એ સંગઠનની પાછળ જે પ્રેરક બળ છે એ જોતાં, આ દળના લોકોને પૂછવા મન થઇ જાય છે કે, તમે કોમી એકતામાં માનો છો ? માનો છો તો એનો અર્થ આજે શો કરશો ? પોતાની રક્ષા કરવાનો કાયદાથી મળતો માનવ હક છે તે ભલે હો; પણ તેનું સંગઠન એટલે શું ? અને સંગઠન થયા પછી રક્ષણાત્મકતા અને આક્રમણાત્મકતાની કાચની મર્યાદા સંભાળવી અસંભવિત બને છે, એ હિંસાના એક લક્ષણ જેવું જ લાગે છે.

૧૬ મી જુલાઇના "ટાઇમ્સ ઓફ ઇંડિયા"માં સર ચિમનલાલ સેતલવાડ શ્રી મુનશીને નીચેની શિખામણ આપે છે, અને અફસોસ કરે છે, ત્યારે સાચે જ હસવું કે રડવું એ સમજ પડતી નથી. સર ચિમનલાલ મહાસભાવાદી મુનશીજીને અહિંસા સમજાવે છે; અને એ આપણી ચર્ચામાં પણ પ્રસ્તુત છે. તેઓ લખે છે:—

"ગુંડાગીરી ગમે ત્યાંથી ઉદ્‌ભવે, તે દાબવી જ જોઇએ. પણ પોતે જેને 'અમલમાં આવતું પાકીસ્તાન' કહે છે તેની સામે શ્રી મુનશી સંગઠિત મોરચો રચવા ઇચ્છે છે, તે તો અફસોસની વાત છે. આવેગમાં આવતાં એમની બુદ્ધિ ઘવાઇ ગઇ છે એવો મને ભય છે. એક બાજુનો સંગઠિત મોરચો સામી બાજુ સંગઠિત મોરચો ઉત્તેજશે; અને એમાંથી તો મામલો કયાંય કથળશે. શ્રી મુનશી કહે છે કે હિંદના ભાગલા કરાતા રોકવા હું 'અખંડ હિંદુસ્તાન મોરચો' રચવા મથું છું. આ મોરચા વડે એ કોમી એકતા સાધવા આશા રાખે છે. મને ભીતિ છે કે, શ્રી મુનશી એમાં નહિ ફાવે, કેમ કે એમનું આ કામ, મુસ્લિમો તરત માનશે કે, પાકિસ્તાન સામે ઝંડો ઉઠાવવા માટે છે."

સંગઠિત સ્વરક્ષાનો પ્રશ્ન, આમ, રાજકારણી છે. એમાંથી તરી આવતી ભાવના કોમી એકતાની નથી લાગતી. એની પાછળનું પ્રેરક બળ, હિંદના સામ્રાજ્યવાદી રાજકારણમાં પોતાને મદદરૂપ એવું કોમી વિખવાદનું ઓઠું અંગ્રેજોને આપે છે; જે હિંદના ઇતિહાસની જાણે નવી આવૃત્તિ નીકળતી લાગે છે. સંસ્કૃતિ અને ઇતિહાસના સમજનારાઓએ તો તરત કળી જવું જોઇએ કે, આવા રાજકારણમાં જ અંગ્રેજી સત્તા ઉત્તરોત્તર ફાવતી ગઇ છે. આ હુલ્લડોમાં પણ અનેક લોક આમ વહેમાયા છે, એ તો છાપાં વાંચનારે પણ જોયું હશે.

એટલે, સ્વરક્ષાના પ્રશ્નને હિંસા અહિંસા જોડે વિચારવામાં, તેના શાસ્ત્રાર્થ કરવામાં બહુ માલ નથી. વેદવ્યાસની ગીતા કે પતંજલિનું યોગદર્શન કોઇ સાધકને કામ આવો તો ભલે ! આજની પરિસ્થિતિમાં તેમાંથી સીધો આદેશ નથી મળતો; અથવા મળે છે તો કાર્યદક્ષતા ને દૂરદૃષ્ટિભરી શાંતિનો, એકતા અને ઉત્કર્ષનો. ગીતામાં પ્રત્યક્ષ તો બે પક્ષો જ લડતા હતા; ત્રીજો પક્ષ જે હતો તે સૂક્ષ્મ એવું હિંદનું ભવિષ્ય. આજે તો હિંદમાં બે કોમી પક્ષો ને તેમનો ન્યાય તોળવાના સ્વાંગધારી પરદેશી સરકાર છે. અને એ ત્રણ વચ્ચે હિંદનું ભવિષ્ય અટવાય છે. હિંસાથી હિંદનું સ્વરાજ્ય સધાત તો ૧૯૨૦ માં જ ગાંધીજી હારત. એ જ પ્રશ્નના એક ઉપસિદ્ધાંત રૂપ આજનો સવાલ શાસ્ત્રાર્થમાં ન લઇ જતાં સીધો જોવો સારો છે. કોમી એકતા જ આજે પ્રશ્ન છે; સ્વરક્ષા તો સનાતન ઘડાઇ ગયેલી નીતિ છે—ફાવે તો હિંસાથી ને ફાવે તો અહિંસાથી— **મગનભાઇ દેસાઇ**

'તરુણ જૈન'ના સંપાદકો સંઘની કચેરીમાં.

કલકત્તા ખાતે પ્રગટ થતા 'તરુણ જૈન'ના સંપાદકો અને ત્યાંના જૈન સમાજમાં ચાલી રહેલી યુવક પ્રવૃત્તિના મુખ્ય સંચાલકો શ્રી. સિદ્ધરાજ ઢઢ્ઢા તથા શ્રી. ભૈરવમલ સીંધીનું મારવાડી પરિષદ ઉપર મુંબઇ ખાતે આગમન થતાં. તેમને સંઘની કચેરીમાં તા. ૨૧-૭-૪૧ના રોજ નિમંત્રવામાં આવ્યા હતા અને કાર્યવાહક સમિતિના સભ્યો સાથે કલકત્તા અને મુંબઇના જૈન સમાજ અને આજે ચાલી રહેલી યુવક પ્રવૃત્તિ સંબંધે ખૂબ રસમય ચર્ચા થઇ હતી. ચર્ચાના અંતે અલ્પ ઉપાહાર બાદ પ્રીતિસંમેલન વિસર્જિત થયું હતું.

કેટલાક સમાચાર અને નોંધ.

(પૃષ્ટ ૬૩ થી ચાલુ)

છે. પણ આ દાવો જરા પણ વજુદવાળો નથી. શ્રી. અણેની કેટલાય સમયથી દુઃખ દહીં જેવી સ્થિતિ ચાલ્યા જ કરતી હતી અને કોંગ્રેસમાં તેમને કશું મહત્વનું સ્થાન નહોતું. શ્રી. અણે સિવાય ઉપરની નિમણુંકોમાં એક પણ કોંગ્રેસનો માણસ સરકારને મળી શકયો નથી એ કોંગ્રેસનો અખંડ શિસ્ત અને અખંડ અસહકાર સિદ્ધ કરે છે. બીજી બાજુએ મોસ્લેમ લીગની અસહકારની નીતિ મોજુદ હોવા છતાં બંગાળા, આસામ અને પંજાબના મુખ્ય પ્રધાનો મોસ્લેમ લીગના સરમુખત્યાર નામવર ઝીણાને જરા પણ પુછયા કર્યા સિવાય નવી રક્ષણ સમિતિમાં દાખલ થયા છે. આ ઉપરાંત છતારીના નવાબ તથા એગમ શાહનવાઝ પણ એ સમિતિમાં જોડાયા છે. વળી સર સુલતાન અહમદ વાઇસરોયની કારોબારીના સભ્ય બન્યા છે. સિંધના મુખ્ય મંત્રી અલ્લાબક્ષ પણ રક્ષણ સમિતિમાં નિમાયા છે અને હૈદરાબાદના મુખ્ય પ્રધાન સર અકબર હૈદરી કારોબારી સભાના સભ્ય થયા છે. આ મોસ્લેમ લીગને અને કાયદે આઝમ ઝીણાને મોટામાં મોટો ફટકો છે. નામદાર ઝીણા આ બધા સામે શિસ્તનાં પગલાં ભરવાનો વિચાર કરી રહ્યા છે. પણ આજની પરિસ્થિતિમાં ઝીણાની અને લીગની દશા સામે છછુંદર ગળ્યા જેવી થઇ છે. શિસ્તભંગની ઉપેક્ષા કરવી પણ પરવડે નહિ અને તે સંબંધમાં પગલાં લેવા જતાં લીગમાં મોટું ભંગાણ પડે. કોઇ પણ રીતે ઝીણાના વર્ચસ્વનો અન્ત આવે તો જ આજની કઢંગી રાજકીય પરિસ્થિતિનો અને હિંદુ–મુસલમાન–એકયના પ્રશ્નનો સુખદ નિકાલ આવવાની આશા રહે.

ગુજરાત–કાઠિયાવાડ–જલસંકટનિવારણ ફંડ

છેલ્લી અતિવૃષ્ટિએ ગુજરાતમાં પાર વિનાનો અનર્થ નિપજાવ્યો છે અને કાઠિયાવાડના કેટલાક ભાગોમાં પણ ઠીક ઠીક નુકસાન થયું છે. આ બાબતમાં ગુજરાત પ્રાન્તિક સમિતિની વતી શ્રી. મહાદેવ દેસાઇએ પાંચ લાખ રૂપીઆની માંગણી કરી છે અને મુંબઇ અમદાવાદમાં તેનો ફાળો શરૂ થઇ ગયો છે. શ્રી મહાદેવભાઇના છેલ્લા નિવેદન મુજબ મુંબઇમાંથી દોઢ લાખ રૂપીઆ લગભગ એકઠા થયા છે. પાંચ લાખની માંગણી પણ આફતગ્રસ્ત લોકોને જરૂરી રાહત પહોંચાડવાની દૃષ્ટિએ બહુ જ ઓછી છે. મુંબઇ તેમ જ ગુજરાતના ધનિકો આજે ખૂબ ધન કમાઇ રહ્યા છે. જ્યારે તેમને ત્યાં ધનનો પ્રવાહ વહી રહ્યો છે ત્યારે અન્યત્ર કેટલાય લોકો ઘરબાર અને દોરદાંપ્પર વિનાના થઇ બેઠા છે. ધનવાનોને તેમજ સાધારણ સ્થિતિના માણસોને મહાદેવભાઇની માંગણીને પહોંચી વળવાની દિશાએ બને તેટલી પુરવણી કરવા આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ છે.

અશોક મહેતા પુનઃ જેલવાસી.

શ્રી. અશોક મહેતા તાજેતરમાં જ પોતાની શિક્ષાની મુદત પુરી કરીને જેલમાંથી છુટયા અને સરકારે તેમને હિંદી સંરક્ષણ ધારા નીચે ફરીને પકડીને જેલવાસી બનાવ્યા છે. જેણે દેશની આઝાદીને જીવન અર્પણ કર્યું છે તેના નસીબે જીવનનો મોટો ભાગ એક યા બીજા કારણે જેલમાં જ પુરો કરવાનું લખાયલું હોય છે. જે સ્થિતિ અને દશા પંડિત જવાહરલાલ જેવા આગેવાનની છે તે જ સ્થિતિ અને દશા અશોક મહેતા જેવા એક વફાદાર સૈનિકની પણ હોય એ સ્વાભાવિક છે. શ્રી. અશોક મહેતાને દેશના નવજવાનોનાં અભિનન્દન અને હાર્દિક સહાનુભૂતિ ઘટે છે.

ન્યાયમૂર્તિ એમ. સી. છાગલા.

શ્રી. એમ. સી. છાગલાની હાઇકોર્ટના ન્યાયમૂર્તિના સ્થાને નિમણુંક થઇ છે. એમ. સી. છાગલા એક સરસ સજ્જન, સંસ્કારશીલ અને રાષ્ટ્રવાદી મુસલમાન છે. તેથી તેમની આવા ઉંચા સ્થાને થયેલી નિમણુંક આવકારદાયક બની છે.

શ્રી. કપિલા ખાંડવાળા–સ્કુલ્સ કમીટીના સેક્રેટરી.

મુંબઇની મ્યુનીસીપલ સ્કુલ્સ કમીટીના સેક્રેટરીના પદ ઉપર કુમારી કપિલા ખાંડવાળાની ચુંટણી કરવામાં આવી છે. મુંબઇની સ્કુલ્સ કમીટીના સેક્રેટરીને મુંબઇની મ્યુનીસીપાલીટી મારફત ચાલતી સંખ્યાબંધ નિશાળો સંભાળવાની હોય છે. આવા મહત્વના સ્થાન ઉપર એક બહેનની નિમણુંક થવાનો આ સૌથી પહેલો જ પ્રસંગ છે. આ માટે શ્રી. કપિલા બહેનને ગુજરાતી જનતાના ખૂબ ધન્યવાદ ઘટે છે. આશા રાખીએ તેમના જેવી શક્તિશાળી બહેન મ્યુનીસીપાલીટીની રૂઢિગ્રસ્ત શિક્ષણ પદ્ધતિમાં મહત્વના ફેરફારો કરવામાં સફળ બને.

શ્રી. મહાદેવ હરિભાઇ દેસાઇ

મુંબઇ જૈન યુવક સંઘની મુલાકાતે.

શ્રી. મહાદેવ હરિભાઇ દેસાઇ જળપ્રલય ફાળા નિમિત્તે મુંબઇમાં હોવાથી સંઘની કચેરીમાં આવવાનું તેમને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તે નિમંત્રણને માન આપીને તેઓ સંઘની કચેરીમાં આવ્યા હતા અને એકત્ર થયેલા ભાઇઓ તથા બહેનો સાથે તેમણે એક કલાક સુધી આજના અહિંસાના પ્રશ્ન ઉપર બહુ બોધદાયક વાર્તાલાપ કર્યો હતો જેની વિગત હવે પછીના અંકમાં આપવામાં આવશે.

પ્રો. જે. પી. ત્રિવેદી સ્મારક

પૂનામાં ગુજરાતને જીવતું રાખનાર મહાગુજરાતી સ્વ. પ્રો. જે. પી. ત્રિવેદીના સ્મારક તરીકે પૂનામાં 'પ્રો. જે. પી. ત્રિવેદી સ્મારક સંસ્થા' નામનું એક મકાન ઉભું કરી તેમાં ગુજરાતી બંધુ સમાજનું પુસ્તકાલય, સભાગૃહ અને બે શહેરમાં ટુંક સમય માટે રહેવા ઇચ્છનાર ગુજરાતીઓ માટે એક નિવાસસ્થાનનો સમાવેશ કરવાની એક યોજના બહાર પડી છે. પ્રો. ત્રિવેદીના મિત્રો અને પ્રશંસકો આજે ગુજરાત તેમ જ ગુજરાત બહાર અનેક છે. પ્રો. ત્રિવેદીએ પુનામાં વસીને મહારાષ્ટ્રમાં ગુજરાતને ઉજળું બનાવ્યું છે. તેમના સૌજન્ય અને સેવાપરાયણતાની જોડ આજે ગુજરાતભરમાં મળવી મુશ્કેલ છે. પ્રસ્તુત યોજનાને ગાંધીજીના આશીર્વાદ છે અને એ યોજના અનેક પ્રતિષ્ઠિત ગૃહસ્થોની સહીથી બહાર પાડવામાં આવી છે. યોજનાની કલ્પના ત્રિવેદી સાહેબની જીવનભાવનાઓને સર્વથા અનુરૂપ છે. આ યોજના પાર પાડવા માટે ઓછામાં ઓછા રૂા. ૭૫૦૦૦ જોઇએ. પ્રો. ત્રિવેદીની સ્નેહસુવાસથી પરિચિત સૌ કોઇ ભાઇ બહેનોને પોતાનો યથાશક્તિ ફાળો સ્મારક ફંડ સમિતિના કોષાધ્યક્ષ 'શેઠ શ્રી ગોવર્ધનદાસ વીઠ્ઠલદાસ સાંકળચંદ, ૨૨૦ રવિવાર પેઠ, પૂના ૨' એ સરનામે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા.

ગયા વર્ષે કલકત્તાના યુવક કાર્યકર્તાઓએ પહેલી વહેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજી હતી અને અનેક સુપ્રસિદ્ધ વિદ્વાનોનાં વ્યાખ્યાનો ગોઠવ્યાં હતાં. ત્યાંની જૈન તેમજ જૈનેતર જનતાએ આ વ્યાખ્યાનોમાં સારો રસ લીધો હતો. એ વ્યાખ્યાનોનો સંગ્રહ તાજેતરમાં કલકત્તાના તરૂણ જૈન સંઘ તરફથી પ્રગટ કરવામાં આવેલ છે. આ બધાં વ્યાખ્યાનો હિંદી ભાષામાં લખાયલાં છે. આ સંગ્રહમાં પંડિત સુખલાલજી, મહાત્મા ભગવાનદીનજી, ગગનવિહારી મહેતા, જૈનેન્દ્ર કુમાર, ડા કાલીદાસ નાગ, પં. દરબારીલાલજી, શ્રી સતીશચંદ્રદાસ ગુપ્ત, શ્રી હીરાકુમારી દેવી, કાકાસાહેબ કાલેલકર, પં. હજારી પ્રસાદ દ્વિવેદી આદિ વિદ્વાનોનાં વ્યાખ્યાનોનો સમાવેશ થાય છે. પ્રત્યેક લેખ વિચારપૂર્ણ માહીતીથી ભરેલો છે તેની કીંમત આઠ આના રાખવામાં આવી છે. જેને ખપ હોય તેણે 'મંત્રી, તરૂણ જૈન સંઘ, ૪૮, ધર્મતલા સ્ટ્રીટ કલકત્તા' એ સરનામે પત્ર લખીને મંગાવી લેવો. **પરમાનંદ.**

સ્વર્ગમાં એક રાત્રી !

(પૃષ્ઠ ૬૨ થી ચાલુ)

છે ! દેશમાં બેકારીને લીધે જ્યારે પ્રજાના અરધા ભાગને લુખું સુકું પણ નહોતું મળતું ત્યારે તમે તો માલમલીદા અને છપ્પન ભોગ ભોગવ્યા છે, સંવત્સરીઓ માણી છે. જ્યારે ગરીબો ટાઢમાં કાંપતા હતા અને વરસાદથી ભીંજાતા હતા પણ ચીંથરું નહોતું સાંપડતું ત્યારે તમે કિમતી વસ્ત્રો ભેટ લીધા હતા, જ્યારે ગરીબો એક પૈસા માટે ભારે બોજો ઉઠાવી બે માઇલ ચાલતા ત્યારે તમે તો આગળ ઘીની મશાલો સળગાવી ગરીબોની કાંધ ઉપર પાલખીમાં ફરતા હતા ! જ્યારે દેવનાં દીન બાળકોનાં પગલાં ઉંબરામાંથી પાછા ઠેલાતાં ત્યારે તમે પગલાં કરી જે હોય તે હજમ કરી જતાં હતાં ! આ બધું ધર્મને નામે 'ભેખને નામે' પ્રભુને નામે કર્યું હશે કેમ ? જગત આખું તંગીથી પીડાતું હતું ત્યારે તમારે ત્યાં હજારો ભોળા ભક્તોના પસીનાની કમાણી વેરણ છેરણ થતી હતી તે ભક્તોના કલ્યાણ માટે ખરું કે ? જ્યારે હું તમને સાચી વાત કહેતું ત્યારે તમારા ખુશામતિયા ભક્તોને ભમાવી પૈસાને બળે તમારા માર્ગના એ સાચના કાંટા તમે દૂર કરાવી નાંખવા એ 'વસુધા એવ કુટુંબકમ્' ના સૂત્ર માટે જ હશે ? તમારી આવી ગાદી ટકાવતા ગમે તેના, ગમે તેવી જાતના, ગમે તે રીતે ગરીબોનાં બાળકોને ફસાવી ઉપાડી જતા તે ધર્મ ટકાવવાની પ્રીતિને કારણે થતું હશે ખરું ને ? શાસ્ત્રોના જેવા તેવા અર્થો કરી, હજારો ભોળાં હૃદયો ભેદાવી નાંખ્યા, ધર્મ લગની ખંડીત કરાવી નાંખી તેનો શું જવાબ આપો છો ? મહારાજ ! તમારા જેવાના પાપે જ પ્રજા ધર્મ વગરની બની છે તે જાણો છો ને ?

આરોપી–આવી કોઈ વાત શાસ્ત્રમાં આવતી જ નથી ! શાસ્ત્ર વિરૂદ્ધમ્ નાચરણીયમ્, નાકરણીયમ્ ને માનવાવાળા અમે તો !

ન્યાયમૂર્તિ–શાસ્ત્રમાં સંન્યસ્ત, દીક્ષા વિષે કંઇ આવે છે કે ?

આરોપી–જરૂર દીક્ષા વિના ગુરૂ તે થવાતું હશે કે ?

ન્યાયમૂર્તિ–સંન્યસ્તની સાથે હમેશાં ત્યાગ, ઇન્દ્રિયપર કાબુ, વિકારો ઉપર વિજય અને સાચી ફકીરી હોવીજ જોઇએ. તેં આ નિયમો પાળ્યા હતા કે ?

આરોપી–હા ! સંસારની ઉપાધિ, કમાવાની ઉપાધિ છોડી હતી. બીજે સંસારી ખટપટી વ્યવહાર અને જવાબદારી ત્યજ્યાં હતાં. ફકીર તો છીએ એટલે થવાપણું કયાં હતું ?

ન્યાયમૂર્તિ–વાહરે શઠ ! તારો ત્યાગ પણ વિચિત્ર અને તારો સંન્યાસ પણ સુંદર ! રળવાની ઉપાધિ કાઢી તૈયાર માલમલીદા ઉપર બેસી જવું, દરેકના પૂજ્ય બનવું, સેવા કરાવવી અને સંસારની જવાબદારીથી છૂટવું તેનું નામ તારા મત પ્રમાણે ત્યાગ, અને ભગવાં વસ્ત્ર અને શીરોમુંડન તે સંન્યાસ ! ફકીરી પણ તારી જબરી ! 'ફિકરની ફાકી કરે તેનું નામ ફકીર.' તેં તો જે ફિકરની ફાકી કરવી જોઇએ તે ન કરતાં ન કરવાની કરી, તારામાં અને લુટારૂ કે પરપીંડી જીવન જીવતાં ઠીડાઓમાં શું ફેર ? સંસારમાં રહ્યો હોત તો કોઇ દિવસ પણ પસીનાની કમાણીનો, ખરી મહેનતનો, હકકનો રોટલો ખાવા મળત પણ ધર્મગુરૂ બની બેસતા તારે નર્યું હરામનું જ ખાવાનું રહ્યું ! ભૂત પ્રાણીની ફિકરમાં જાતની ફાકી કરે, અંગત સુખની ફાકી કરે, વૈભવ વિલાસની ફાકી કરે, સંકુચિત દૃષ્ટિની ફાકી કરે, તેનું નામ જ ફકીર ! આ જાતનો ફકીર એ પાખંડી ધર્મગુરૂ ! તું બની શકયો હતો ?

આરોપી–ના, એવો ફકીર તો ન બની શકયો. એક તો દીલમાં ફકીરી નહોતી અને બીજું કમબખ્ત ભક્તોએ બનવા પણ ન દીધો ! જ્યારે સંસારી હતો ત્યારે તો સંન્યસ્તની સાચી તરસ હતી, ત્યાગની તાલાવેલી હતી, જગત્ કલ્યાણની કામના હતી. પણ સાધુ બન્યા પછી જેમ જેમ મહત્તા વધતી ગઇ તેમ તેમ ભાવિક ભક્તોએ મને સ્વર્ગનો સરળ માર્ગ બતાવી દીધો ! પછી મારો શું વાંક ? સાધુઓને બગાડનારા હમેશાં સંસારીઓ જ હોય છે. માટે તેનો જવાબ લ્યો ! સાહેબ ! મારી ફરિયાદ છે ?

ન્યાયમૂર્તિ–ઘણો ગરીબ ! તને ભક્તોએ ખોટો માર્ગ બતાવ્યો કે તેં ભક્તોને છેતર્યા તે વિચારવા જેવું છે ! તારા ભરોસે પડેલા, સ્વર્ગની આશાવાળા મુમુક્ષુઓએ પોતાનું સર્વસ્વ તારે ચરણે ધર્યું, તેં દોર્યા તેમ દોરાયા ! પણ અફસોસ ! તેં તેઓને અજ્ઞાનમાં, મતમતાંતરના ઝઘડામાં, ક્રિયાકાંડના કીચડમાં જ દોર્યા છે અને તેઓનું મનુષ્યજીવન બરબાદ થયું છે. આ ભયંકર વિશ્વાસઘાતના ગુન્હાનો શા જવાબ ?

આરોપી–ક્રિયાકાંડ દ્વારા તો ધર્મની શ્રેષ્ઠતા સ્થાપી શકાય અને ધર્મગુરૂ તરીકે અમારી ફરજ પણ ખરી ! ધર્મની મહત્તા ખાતર કદાપી ખૂનો કરવાં પડે, લોહી વહેવરાવવાં પડે તો તેમ કરવું એ પણ ધર્મ જ છે એમ શાસ્ત્ર કહે છે. ધર્મ માટે બધાં પાપ માફ છે.

ન્યાયમૂર્તિ–જરાય નહિ, ધર્મ ખાતર તું પોતે મરી ફીટે તો તારી મોટાઇ ! પરન્તુ બીજાને તો ન જ મારી શકે. લોહી વહેવડાવીને તું ધર્મ રાખી શકશે ? આ ધર્મ નથી પણ ધર્મ–ઘેલછા કે ધર્માન્ધતા છે અને ધર્મ માટે થતું પાપ વજ્રલેપ બને છે.

આરોપી–આવો ધર્મ મારાથી ન સચવાયો તે કબુલ કરૂં છું.

ન્યાયમૂર્તિ–વૈભવ વિલાસ અને ખોટી મહત્તાથી તું તારૂં ચારિત્ર ન સાચવી શકયો અને તારા સંતાન જેવા ભક્તોને તેં ફસાવ્યા તે વાત ખરી ?

આરોપી–સાહેબ જે કહો તે કબુલ. ભૂલનો ભરેલ છું. આપ દયાળુ છો, ભેખની સામું જોશો !

ન્યાયમૂર્તિ–આરોપી ! તારા કર્મથી તું નથી તો રહ્યો સંસારનો કે નથી રહ્યો સંન્યાસનો ! તારી દશા તો ધોબીના કુતરા જેવી થઇ છે નથી રહ્યો ઘરનો કે નથી ઘાટનો ! આરોપી ! તારો ગુન્હો સાબીત થઇ જાય છે. જેથી ચુકાદો હવે પછી આપીશ. (આરોપીને સીપાઇઓ લઇ જાય છે).

"ધન હરે ધોબો નવ હરે,
એ ગુરૂ કલ્યાણ શું કરે ?"

એ ભજનના નાદથી જ્યારે જાગ્યો ત્યારે શેરીમાં કુતરા રડતા હતા.

(મરાઠી ઉપરથી સૂચિત) **વ્રજલાલ ધ. મેઘાણી.**

સ્વોપાર્જિત બંધન

"કેદી, મને કહે, કે જેણે તને બાંધ્યો તે કોણ હતો ?"

કેદી એ કહ્યું, "એ મારો માલિક હતો. મને લાગેલું કે દોલતમાં અને અધિકારમાં હું દુનિયામાં દરેક માણસથી ચડી શકું અને તેથી જે નાણું મારા રાજાને આપવાનું હતું, તે મેં મારા પોતાના ખજાનામાં એકઠું કર્યું. જ્યારે હું ઊંઘથી વિવશ થયો, ત્યારે જે બિછાનું મારા સ્વામીને માટે હતું, તેના પર હું સૂતો, અને જાગતાં મને માલુમ પડયું, કે મારા પોતાના ખજાનાના મકાનમાં હું કેદ થયો છું."

"કેદી, મને કહે, કે જેણે આ ભાંગે નહિ તેવી સાંકળ બનાવી, તે કોણ હતો ?"

કેદીએ કહ્યું, "તે હું હતો, કે જેણે આ સાંકળ ઘણી સંભાળથી ઘડેલી. મેં ધારેલું. કે મારી જીતાય નહિ તેવી શકિતથી હું દુનિયાને બંધનમાં રાખી શકીશ અને પોતે હરકત વગર છુટો રહી શકીશ. આ પ્રમાણે રાતે અને દિવસે મોટા તાપથી અને ક્રૂર કઠોર ઘા મારીને મેં આ સાંકળનું કામ કર્યા કર્યું. આખરે જ્યારે કામ થઇ રહ્યું, અને આંકડા પુરા તથા ભાંગે નહિ તેવા થયા, ત્યારે મને માલુમ પડયું, કે હું પોતે જ તેના બંધનમાં સપડાયો છું."

'ગીતાંજલિ'માંથી ઉદ્ધૃત **રવીન્દ્રનાથ ટાગોર**

એક સજ્જનનું સુખપૂર્ણ સમાધિમરણ

વીલેપારલે ખાતે થોડા સમય પહેલાં એક વયોવૃદ્ધ વૈદ્યરાજનું લગભગ અડસઠ વર્ષની વયે અવસાન થયું. તેમનું નામ શ્રી. જેઠાલાલ ત્રીભોવન મહેતા. મૂળ કાઠિયાવાડમાં આવેલા ટંકારા ગામના તેઓ વતની. જીવનના પ્રારંભમાં તેમણે થોડું શિક્ષણ લીધું ન લીધું અને સંયોગોએ તેમને ગોંડલ રાજ્યની નોકરી સ્વીકારવાની ફરજ પાડી. એક યા બીજા સ્થળે તેમણે વર્ષો સુધી ફોજદાર તરીકે નોકરી બજાવી 'પોલીસ ફોજદાર'ના નામ સાથે આપણા મનમાં બીજા જ ખ્યાલો જોડાયલા હોય છે, પણ આમની તો ભાતજ જુદી હતી. લાંચ રૂશ્વત કે જુલમ અને તેમની વચ્ચે લાખ યોજનનું અન્તર હતું. તેમનો લોકોને કશો ભય કે ત્રાસ નહોતો. સૌ કોઇ તેમની સલાહ લેવા આવતું. પુરી પ્રમાણિકતા અને વફાદારીથી તેમણે વર્ષો સુધી નોકરી બજાવી.

આ નોકરી દરમિયાન તેમનું વૈદક તરફ ધ્યાન ખેંચાયું. અવકાશના ગાળે તેમણે વૈદકનો અભ્યાસ શરૂ કર્યો. બાવા, જતિ, સંન્યાસી, ઓલીઆ–આવા અનેક લોકોનો તેમને પરિચય થતો. તેમની પાસેથી રોગો દૂર કરવાને લગતા પ્રકાર પ્રકારના નુસખાઓ જાણી સમજી લેવા તેઓ સદા પ્રયત્નશીલ રહેતા. ફોજદારી દરમિયાન પોતાના વૈદ્યકીય જ્ઞાન અને અનુભવનો લોકોને તેઓ મફત લાભ આપતા. વનસ્પતિઓના તેઓ અઠંગ અભ્યાસી હતા. વૈદકનું લભ્ય એટલું બધું ખરૂં–ખાસ કરીને ગુજરાતી સાહિત્ય– તેઓ જોઈ ગયા હતા. વૈદક એ ખરેખર તેમની સ્વોપાર્જિત પ્રવૃત્તિ હતી.

આજથી પચ્ચીશ વર્ષ પહેલાં તેઓ પોલીસની નોકરીમાંથી નિવૃત્ત થયા હતા અને પછી પોતાના કુટુંબ બાળબચ્ચા સાથે વીલેપારલેમાં આવીને વસ્યા હતા. વીલેપારલેમાં એક સમર્થ છતાં કેવળ પરગજુ અને પરોપકારી વૈદ્ય તરીકે તેમણે બહુ સારી નામના મેળવી હતી. પૈસાની તેમણે કદિ પરવા કરી નહોતી. જે મળતું તેમાં પુરો સંતોષ માનીને તેઓ જીવનનિર્વાહ કરતા. ગરીબ માણસોનું તેઓ એક મોટું અવલંબન હતા. પોતાના વૈદકીય વ્યવસાયમાં તેમના પુત્ર ભાઇ નગીનદાસને તેઓ તૈયાર કરી રહ્યા હતા. તેમની ઉમ્મર વધતી જતી હતી; વૃદ્ધાવસ્થાનું આક્રમણ તેમના શરીરને વિકળ બનાવી રહ્યું હતું; વચગાળે હૃદયવ્યથા–heart disease–ની તેમના ઉપર ઠીક ઠીક અસર જણાવા માંડી હતી અને પાછી ઓસરી ગઇ હતી. એમ છતાં પણ મૃત્યુ માટે તેઓ કોઇ પણ કાળે તૈયાર હતા એકસરખું પવિત્ર નિષ્પાપ જીવન તેમણે ગાળેલું. જીવનના શેષ ભાગમાં તેમને બે જ બાબતનું ધ્યાન હતું. એક તો નગીનદાસને જે કાંઇ કહેવા સમજાવવા–શિખવવા જેવું હોય તે બધું શિખવીને તૈયાર કરવા અને બીજું લોકોની ઔષધોપચાર દ્વારા બને તેટલી સેવા કરવી. એમ કરતે કરતે આખરે તેમના જીવનનો અવસાનકાળ સમીપ આવી પહોંચ્યો. મૃત્યુના આગલે દિવસે તેમણે પોતાના પુત્રને વૈદકીય રસાયણનો છેલ્લો પાઠ આપી દીધો. બપોરના તેમને થોડો તાવ આવેલો; પણ સાંજે પાછો ઉતરી ગયો. રાત્રી આખી તેમણે સ્વસ્થ નિદ્રામાં પસાર કરી. ત્યાર પછી જે કાંઇ બન્યું તે વર્ણવતાં તેમના પુત્ર શ્રી નગીનદાસ જણાવે છે કે " સવારે ઉઠી દાતણ પાણી કરીને તથા ચા પીને તેઓ નીરાંતે બેઠા હતા. હું દરદીઓને દવા આપી રહ્યો હતો. એવામાં તેમણે મને બોલાવ્યો અને કહ્યું કે અત્યારે સવાનવ થયા છે અને આજે સાડાનવ વાગે તારો અને મારો સંબંધ પુરો થાય છે". જે વસ્તુ માટે હું તૈયાર નહોતો તે સાંભળી હું જરા ગભરાઈ ગયો તે જોઇને તેમણે કહ્યું કે "આમાં ગભરાવાની જરા પણ જરૂર નથી. જે રસ્તે બધા જાય છે તે રસ્તે હું જાઉ છું. પણ ફેર માત્ર એટલો છે કે મને પૂર્ણ શાંતિ છે. મેં મારૂ કામ પૂર્ણ કર્યું છે. આજથી દશ વર્ષ પછી જાઉં તો પણ તને તો એમ જ લાગશે કે હજુ થોડાં વર્ષ બાપા રોકાઈ જાય તો સારૂં! ગમે ત્યારે જવાનું થાય ત્યારે તે જ વસ્તુ આવીને ઉભી રહેવાની. માટે મારૂં કામ પુરૂં થતાં અને મારો વખત પુરો થતાં મારે તો જવું જ જોઇએ. છતાં મારી ગેરહાજરી તને સાલે તો એટલો ખ્યાલ રાખજે કે મને કોઇએ આ વિદ્યા શિખવી નથી. જાતમહેનત તથા ખંતથી અને શોખથી આ વિદ્યા મેં મેળવી છે. અને તને તો આ બધું તૈયાર મળ્યું છે. ઉપરાંત આવાં સારાં પુસ્તકો તારા સાથી છે. ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખીને નિઃસ્વાર્થ વૃત્તિથી આગળ કામ કર્યે જજે, ઇશ્વર તને જશ આપશે," એમ કહી બધાં સગા સંબંધીને યાદ કરી માફી માંગીને પછી તેમણે જણાવ્યું કે "હવે મને જવાને ત્રણ મીનીટ બાકી છે"–નવાઇની વાત એ હતી કે એ ઓરડામાં ઘડિયાળ તો હતી જ નહિ, છતાં જાણે કે સમયનો તેમને પુરો ખ્યાલ હોય એમ તેઓ બોલ્યે જતા હતા. "હું ઇશ્વરનું નામ લઉં છું અને તમે પણ ઇશ્વરનું નામ લેવા માંડો. વચ્ચે હવે મને કોઈ કશું પૂછશો કે કહેશો મા!" એમ કહી ઇશ્વરનું નામ તેમણે રટવા માંડયું અને અર્ધીક મીનીટ બાકી રહી હશે ત્યારે તેઓ ભગવાનનું નામ ગણગણતા જે બીછાના ઉપર બેઠા હતા ત્યાં જ સુઇ ગયા અને તેમની આંખો દશેક સેકન્ડ ફરકી ન ફરકી અને તેઓ વિનશ્વર દેહને છોડીને અમારી વચ્ચેથી એકાએક બરોબર સાડા નવના ટકારા થતા વિદાય થઇ ગયા! આ કેટલું અદ્‌ભુત અને શાન્તિમય મૃત્યુ! એક માણસ જેમ પરગામ જવા માટે તૈયારી કરે અને ગાડી આવતાં ડબ્બામાં ચઢી બેસે તેમ તેઓ ચાલી નીકળ્યા!"

એકાએક નીપજતાં મૃત્યુના અનેક બનાવો સાંભળ્યા છે. મૃત્યુ સમીપ છે એવું આગળથી ભાન થયું હોય એવા પણ કીસ્સાઓ જાણવામાં આવ્યા છે, પણ સ્વાભાવિક મૃત્યુને સમજણપૂર્વક આનંદથી વધાવતા અને છેલ્લી પળ સુધી સચેત અવસ્થામાં પ્રસન્નતાપૂર્વક સૌ કોઇની વિદાય લેતા આ માનવીનો કીસ્સો ખરેખર વિરલ છે. વળી સાધારણ રીતે શરીરની કોઇ અસામાન્ય વિકળતાના પરિણામે જ આત્માને જાણે કે અનિચ્છાએ શરીર છોડવું પડે છે. પણ એવી કોઇ પણ શારીરિક વિકળતા પ્રગટ થયા સિવાય આત્માએ જાણે કે સ્વેચ્છાપૂર્વક જ પોતાના શરીરનો ત્યાગ કરીને ઉર્ધ્વગમન સ્વીકાર્યું હોય એવી આ ઉપર વર્ણવેલી ઘટના ખરેખર જેટલી જ શ્રુતિવિરલ તેટલી જ આશ્ચર્યપ્રેરક લાગે છે.આવા પવિત્ર આત્માને પરમ શાન્તિ પણ શાને પ્રાર્થવી? તે તો પરમ પિતાને ત્યાં નિશ્ચિત જ હોય છે. એ દિવ્ય આત્મજ્યોતને આપણાં અનેકશઃ વંદન હો!

પરમાનંદ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૮

મુંબઇ : ૧૫ ઓગસ્ટ ૧૯૪૧ શુક્રવાર.

લવાજમ
રૂપિયા ૨

અસ્તંગત જ્યોતિર્ધરનાં વ્યસ્ત વાણીકિરણો.

જીવન વિદાય

હું જાણું છું, કે એક દિવસ એવો આવશે, કે જ્યારે મારૂં આ પૃથ્વીને જોવાનું બંધ થશે, અને મારી આંખો પર છેલ્લો પડદો નાંખીને જિંદગી કશું બોલ્યા વગર રજા લેશે.

તો પણ તારાઓ રાત્રિએ ચોકી કર્યા કરશે, અને અગાઉની માફક પ્રભાતનો ઉદય થશે, અને સુખો તથા દુઃખો કાઢતા કલાકો દરિયાનાં મોજાંઓની માફક ઉછળ્યા કરશે.

જ્યારે હું મારી ક્ષણોના અંતનો વિચાર કરૂં છું, ત્યારે ક્ષણોની આડચ તૂટી જાય છે, અને મૃત્યુના પ્રકાશવડે જેની કોઇ ચિંતા કરતું નથી એવા ખજાના સહિત હું તારી દુનિયાંને જોઉં છું. તેની નીચામાં નીચી બેઠક વિરલ છે, અને તેનું ક્ષુદ્રમાં ક્ષુદ્ર જીવન પણ વિરલ છે. જે વસ્તુઓને માટે હું વ્યર્થ આકાંક્ષા રાખતો, અને જે મને પ્રાપ્ત થયેલી, તેમને જવા દો. જે વસ્તુઓનો હું હમેશા તિરસ્કાર કરતો, અને જેમનાપર નજર સુદ્ધાં ન કરતો, તેજ મને ખરી રીતે પ્રાપ્ત થવા દો.

× × ×

મને રજા મળી ચૂકી છે. મારા બંધુઓ ! મને આશીર્વાદ આપી દ્યો. હું તમને સૌને પ્રણામ કરૂં છું, અને વિદાય થાઉં છું.

જુઓ, મારા દ્વારની આ ચાવીઓ હું પાછી આપું છું, અને મારા ઘર ઉપરના તમામ હક હું છોડી દઉં છું. હું માત્ર તમારી પાસેથી છેલ્લા માયાળુ શબ્દો માગું છું.

આપણે લાંબા વખત સુધી પાડોશી હતા, પણ હું આપી શક્યો છું તે કરતાં વધારે મને મળ્યું છે. હવે દિવસ ઉગ્યો છે, અને મારો અંધારો ખૂણો જેથી પ્રકાશિત થતો તે દીવો ઠરી ગયો છે. તેડું આવી ચૂક્યું છે, અને હું મારી મુસાફરી માટે તૈયાર છું.

× × ×

ત્યાં લઈ જવાને મારી સાથે શું છે, એ પૂછશો નહીં. હું ખાલી હાથે અને આશાવાળા હૃદયે પ્રવાસ શરૂ કરૂં છું.

મારો પ્રવાસ પૂરો થશે, ત્યારે શુક્રનો ઉદય થશે; અને રાજાના દરવાજામાંથી સાંઝના ગીતોના કરૂણ સ્વરો શરૂ થશે.

જે ક્ષણે આ જીવનનો ઉંબર મેં પહેલવહેલો ઓળંગ્યો, તે ક્ષણની મને કશી ખબર નહોતી.

મધ્યરાત્રે જંગલમાં જેમ કોઇ કળી ઉઘડે, તેમ આ વિશાલ ચમત્કારિક દુનિયામાં જેણે મને ઉઘાડ્યો, તે શક્તિ કઇ હતી ?

સ્વપ્નવારમાં જ્યારે મેં પ્રકાશ જોયો, ત્યારે તત્ક્ષણ મને લાગેલું, કે આ દુનિયામાં હું છેક અજાણ્યો નહોતો; પણ નામ અને રૂપ વગરની અગમ્ય શક્તિએ મારી પોતાની માતાના રૂપમાં મને પોતાના બાહુમાં લીધો હતો.

એજ પ્રમાણે, મૃત્યુમાં એજ અજ્ઞાત મને સદા જ્ઞાતની માફક દેખાશે. અને હું આ જીવનને ચાહું છું, તેટલા માટે હું જાણું છું, કે મૃત્યુને પણ હું એવુંજ ચાહીશ. બાલકને તેની માતા જ્યારે જમણી છાતી પરથી લઇ લે છે, ત્યારે તે રડી ઉઠે છે; અને બીજી ક્ષણે ડાબી છાતીમાં તેને પોતાનું આશ્વાસન મળે છે.

× × ×

જ્યારે હું અહીંથી જાઉં, ત્યારે આ મારો છેવટનો સંદેશ થાઓ, કે જે મેં જોયું છે, તેથી કશું ચડી શકે નહીં.

આ કમલ, કે જે પ્રકાશના મહાસાગર ઉપર વિકસે છે, તેનું ગુપ્ત મધ મેં ચાખ્યું છે; આ મારો છેવટનો સંદેશ થાઓ.

અનંત રૂપોના આ ક્રીડાગૃહમાં મને પણ મારી ક્રીડા મળી છે, અને જે રૂપરહિત છે, તેનું અહીં મને દર્શન થયું છે.

જે સ્પર્શથી પર છે, તેના સ્પર્શથી મારા આખા શરીરમાં તથા મારા અવયવોમાં ઝણઝણાટ થયેલ છે; અને અહીં જો અંત આવતો હોય તો ભલે આવો; આ મારો છેવટનો સંદેશ થાઓ.

પ્રાર્થના

જ્યાં મન ભયથી રહિત છે, અને મસ્તક ઉંચું રખાય છે;

જ્યાં જ્ઞાનને મુક્તિ છે;

જ્યાં સંકુચિત સાંસારિક દિવાલોથી દુનિયાના કકડા થયેલા નથી;

જ્યાં સત્યના ગાંભીર્યમાંથી શબ્દો બહાર આવે છે;

આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા

(કેટલાંક વર્ષ પહેલાં શ્રી જૈનત્વ પ્રચારક મંડળ તરફથી યોજાએલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયલું એક અપ્રગટ વ્યાખ્યાન)

બહુ જુના વખતમાં જ્યારે આર્ય ઋષિઓએ પુનર્જન્મની શોધ કરી ત્યારે પુનર્જન્મના વિચાર સાથેજ તેમને કર્મના નિયમો અને આ લોક તેમજ પરલોકની કલ્પના પણ આવી. કર્મ-તત્વ, ઇહલોક અને પરલોક એટલું તો પુનર્જન્મ સાથે સંકળાએલું છે જ. આ વસ્તુ એકદમ સીધે સીધી અને સૌને સહેલાઇથી ગળે ઉતરે તેવી તો નથી જ. એટલે હંમેશાં એને વિષે ઓછો વધતો મતભેદ રહે છે. તે જુના જમાનામાં પણ એક નાનો કે મોટો એવો વર્ગ હતો કે જે પુનર્જન્મ અને કર્મચક્ર વગેરે માનવા તદ્દન તૈયાર ન હતો. અને પુનર્જન્મવાદીઓ સાથે વખતે ચર્ચા પણ કરતો. તે વખતે પુનર્જન્મ તે શોધક અને પુનર્જન્મવાદી ઋષિઓએ પોતાના મંતવ્યને ન માનનાર પુનર્જન્મ વિરોધી સામા પક્ષને નાસ્તિક કહી ઓળખાવ્યો અને પોતાના પક્ષને આસ્તિક તરીકે જણાવ્યો. આ શાંત અને વિદ્વાન ઋષિઓએ જ્યારે પોતાના પક્ષને આસ્તિક કહ્યો ત્યારે એનો અર્થ એટલોજ હતો કે અમે પુનર્જન્મ, કર્મતત્વ માનનાર પક્ષના છીએ અને તેથી જ જે પક્ષ એ તત્વ નથી માનતો તેને માત્ર અમારા પક્ષથી ભિન્ન પક્ષ તરીકે ઓળખાવવા ન શબ્દ ઉમેરી નાસ્તિક કહીએ છીએ. એ સમભાવી ઋષિઓ તે વખતે આસ્તિક અને નાસ્તિક એ બે શબ્દ માત્ર અમુક પ્રકારના બે ભિન્ન પક્ષોને સૂચવવા માટે જ વાપરતા. તે સિવાય એથી વધારે એ શબ્દના વાપરની પાછળ કાંઇ અર્થ ન હતો. આ શબ્દો ખૂબ ગમ્યા અને સૌને અનુકુળ થઇ પડયા. વખત જતાં વળી ઇશ્વરની માન્યતાનો પ્રશ્ન આવ્યો. ઇશ્વર છે અને તે જગતનો કર્તા પણ છે એમ માનનાર એક પક્ષ હતો. બીજો પક્ષ કહેતો કે સ્વતંત્ર અલગ ઇશ્વર જેવુ તત્વ નથી અને હોય તો પણ તેને જગતના સર્જન સાથે કાંઇ સંબંધ નથી. આ બે ભિન્ન પક્ષો અને તેની અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી ત્યારે પેલા આસ્તિક અને નાસ્તિક શબ્દ જે એક વખતે માત્ર પુનર્જન્મવાદી અને પુનર્જન્મ-વિરોધી પક્ષ પુરતાજ હતા તે બન્ને શબ્દો ઇશ્વરવાદી અને ઇશ્વર-વિરોધી એ બે પક્ષ માટે પણ વપરાવા લાગ્યા. આ રીતે આસ્તિક અને નાસ્તિક શબ્દના અર્થનું ક્ષેત્ર પુનર્જન્મના અસ્તિત્વ નાસ્તિત્વથી વધારે વિસ્તૃત ઇશ્વરના અસ્તિત્વ નાસ્તિત્વ સુધી ગયું. હવે પુનર્જન્મ માનનાર વર્ગમાં પણ ઇશ્વરને માનનાર અને ન માનનાર બે પક્ષો પડી ગયા હતા એટલે પોતાને આસ્તિક તરીકે ઓળખાવનાર આચાર્યોની સામે પણ પોતાની પરંપરામાં બે ભિન્ન પાર્ટીઓ હતી અને તે વખતે પણ તેઓને ઇશ્વર ન માનનાર પક્ષ જો કે તે પક્ષ પુનર્જન્મવાદી હોઇ પોતાની આસ્તિક શ્રેણીનો હતો છતાં તેને નાસ્તિક કહેવાની એટલે કે તેને નાસ્તિક તરીકે ઓળખાવવાની ફરજ પડી. પરંતુ હજુ સુધી એ શબ્દોની પાછળ અમુક માનવું અને અમુક ન માનવું એટલા ભાવ સિવાય બીજો વધારે ખાસ ભાવ ન હતો તેથી આ હિસાબે પુનર્જન્મવાદી આર્ય પુરૂષોએ પોતાના ભાઇઓને ફકત પોતાનાથી અમુક માન્યતામાં જુદા પડે છે એટલું જણાવવા નાસ્તિક કહ્યા. તે રીતે સાંખ્ય, મીમાંસક, જૈન અને બૌધ્ધ એ બધા પુનર્જન્મ-વાદીઓ પણ એક રીતે આસ્તિક છતાં બીજી રીતે નાસ્તિક કહેવાયા.

વળી એક બીજા પ્રશ્ન ઉભો થયો હતો અને તે શાસ્ત્રના પ્રમાણનો. વેદ શાસ્ત્રની પ્રતિષ્ઠા દૃઢ થઇ ગઇ હતી. પુનર્જન્મ માનનાર અને ઇશ્વરતત્ત્વને પણ માનનાર એક એવો મોટો પક્ષ હતો કે જે વેદનું પ્રામાણ્ય પુરેપુરૂં સ્વીકારતો તેની સાથે જ એક એવો પણ મોટો અને પ્રાચીન પક્ષ હતો કે જે પુનર્જન્મમાં માનતો, વેદનું પ્રામાણ્ય સંપૂર્ણ સ્વીકારતો છતાં ઇશ્વર તત્વમાં ન માનતો. હવે અહિં આસ્તિક નાસ્તિક શબ્દનો ભારે ગોટાળો થયો. ઇશ્વરને ન માનવાથી જે નાસ્તિક કહેવામાં આવે તો પુનર્જન્મ અને વેદનું પ્રામાણ્ય સ્વીકારનાર પોતાના સગાભાઇ મીમાંસકને પણ નાસ્તિક કહેવા પડે. એટલે મનુ મહારાજે આ ધુંચમાંથી મુકિત મેળવવા નાસ્તિક શબ્દની ઠુંક વ્યાખ્યા કરી દીધી અને તે એ કે વેદ-નિંદક હોય તે નાસ્તિક. આ હિસાબે સાંખ્ય લોકો જે નિરીશ્વર-વાદી હોઇ એક વાર નાસ્તિક ગણાતા તે પણ વેદનું અમુક અંશે પ્રામાણ્ય સ્વીકારતા હોવાથી ધીરે ધીરે નાસ્તિક કહેવાવા મટી આસ્તિક ગણવા લાગ્યા અને જૈન, બૌદ્ધ જેવા જે તદ્દન વેદનું પ્રામાણ્ય ન જ સ્વીકારતા તેઓ નાસ્તિક પક્ષમાં રહ્યા. અહિં સુધી તો આસ્તિક નાસ્તિક શબ્દના પ્રયોગ વિષે થયું.

હવે બીજી બાજુ લઇએ. જેમ પુનર્જન્મવાદી, ઇશ્વરવાદી, અને વેદવાદી લોકો, પોતાથી વિભિન્ન એવા પક્ષને માટે ઓળા-ખાણ ખાતર નાસ્તિક શબ્દ વાપરતા અને વ્યવહારમાં કાંઇક શબ્દ વાપરવાની જરૂર તો પડે તેમ પેલા વિભિન્ન પક્ષવાળાઓ પણ પોતાના પક્ષને અને સામા પક્ષને ઓળખાવવા અમુક શબ્દો વાપરતા. તે શબ્દો બીજા કોઇ નહિ પણ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ. પુનર્જન્મને માનવા છતાં પણ કેટલાક વિચારકો પોતાના ઉંડા વિચાર અને તપને પરિણામે એમ જોઇ શકયા હતા કે સ્વતંત્ર ઇશ્વર જેવી વસ્તુ નથી અને તેથી તેઓએ ભારેમાં ભારે વિરોધ અને જોખમ વહોરીને પણ પોતાનો વિચાર

જ્યાં અવરિત પ્રયત્ન પૂર્ણતા તરફ પોતાના હાથ લંબાવે છે;

જ્યાં વિચારશકિતનું નિર્મલ ઝરણ નિર્જીવ રૂઢિની શુષ્ક રણરેતીમાં લુપ્ત થયેલ નથી;

જ્યાં તારાવડે મન નિરંતર વિસ્તરતા વિચારમાં અને કર્મમાં આગળ દોરાય છે—

એ મોક્ષના સ્વર્ગમાં, ઓ મારા પિતા! મારા દેશને જાગ્રત થવા દે.

× × ×

મારા સ્વામી! તારી પાસે આ મારી પ્રાર્થના છે:—

મારા હૃદયની પામરતાના મૂલ ઉપર ઘા કર, ઘા કર.

મારા આનંદ અને શોક સહન કરવાનું મને બળ આપ.

મારા સ્નેહને સેવામાં સફલ બનાવવાનું મને સામર્થ્ય આપ.

મને એવી શકિત આપ, કે ગરીબનો હું કદાપિ તિરસ્કાર ન કરૂં, કે ઉદ્ધત બળવાનો આગળ ઘૂંટણ ન નમાવું.

મને એવું બળ આપ, કે નિત્યની નિર્માલ્ય વાતોથી હું મારા મનને ઉન્નત કરી શકું.

અને મને એવું સામર્થ્ય આપ, કે હું સ્નેહથી મારૂં બળ તારી ઇચ્છાને આધીન કરી શકું.

ગીતાંજલિમાંથી ઉદ્ધૃત રવીન્દ્રનાથ ટાગોર.

લોક સમક્ષ મુકયો હતો. એ વિચાર મુકવા જતાં છેવટે તેમણે વેદોનું પ્રામાણ્ય સ્વીકારવાની પણ ના પાડી હતી. એ લોકો એમ ધારતા અને સાચે જ પ્રામાણિકપણે ધારતા કે તેઓની દૃષ્ટિ એટલે માન્યતા સમ્યક્ એટલે સાચી છે અને સામા વેદવાદી પક્ષની માન્યતા મિથ્યા એટલે ભ્રાન્ત છે. તેથી માત્ર સમભાવે તેમણે પોતાના પક્ષને સમ્યગ્દૃષ્ટિ અને સામાને મિથ્યાદૃષ્ટિ તરીકે ઓળખાવ્યો. આ રીતે જેમ સંસ્કૃતજ્ઞ વિદ્વાનોએ પોતાના પક્ષ માટે આસ્તિક અને પોતાથી ભિન્ન પક્ષ માટે નાસ્તિક વ્યવહાર ખાતર યોજ્યા હતા તેમ પ્રાકૃતજ્ઞ જૈન અને બૌદ્ધ તપસ્વીઓએ પણ પોતાના પક્ષ માટે સમ્યગ્દૃષ્ટિ (સમ્માદિટ્ઠી) અને પોતાથી ભિન્ન પક્ષ માટે મિથ્યાદૃષ્ટિ (મિચ્છદિટ્ઠી) શબ્દ યોજ્યા. પણ એટલાથી કાંઇ અંત આવે તેમ કોણ હતું ? મત અને જાતભેદનું વડવૃક્ષ તો જમાના સાથેજ ફાલતું જાય છે. એટલે જૈન અને બૌદ્ધ બન્ને વેદવિરોધી હતા છતાં તે બન્ને વચ્ચે પણ પ્રબળ મતભેદ હતો.

તેથી જૈનોએ માત્ર પોતાના પક્ષને જ સમ્યગ્દૃષ્ટિ કહી વેદનું પ્રામાણ્ય ન સ્વીકારવામાં સગાભાઇ જેવા પોતાના બૌધ્ધ મિત્રને પણ મિથ્યાદૃષ્ટિ કહ્યા. એ જ રીતે બૌધ્ધોએ માત્ર પોતાને સમ્યગ્દૃષ્ટિ અને પોતાના મોટા ભાઇ જેવા જૈન પક્ષને મિથ્યાદૃષ્ટિ કહ્યા. ખરી રીતે જેમ આસ્તિક અને નાસ્તિક તેમ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ—એ બે શબ્દો પણ ફકત અમુક અંશે ભિન્ન માન્યતા ધરાવનાર બે પક્ષો પુરતા જ હતા. જેમાં એક સ્વપક્ષ અને એક પર પક્ષ. દરેક પોતાના પક્ષને આસ્તિક કે સમ્યગ્દૃષ્ટિ કહે અને પરપક્ષને નાસ્તિક કે મિથ્યાદૃષ્ટિ તરીકે ગણાવે. અહિં સુધી તો સામાન્ય ભાવ કહેવાય. પણ મનુષ્ય પ્રકૃતિમાં જેમ મીઠાશ તેમ કડવાશનું પણ તત્વ છે. આ તત્વ દરેક જમાનામાં ઓછું કે વધતું દેખા દે છે. શબ્દો કાંઇ જાતે સારા કે નરસા નથી હોતા. તેના મધુરપણા અને કડવાપણા અથવા તો તેની પ્રિયતા અને અપ્રિયતાનો આધાર તેની પાછળના મનોભાવ ઉપર અવલંબિત હોય છે. આ વસ્તુ આપણે થોડાક દાખલાઓથી વધારે સ્પષ્ટ રીતે સમજી શકીશું. નાગો, લુચ્ચો અને બાવો એ શબ્દો લો અને વિચારો. નાગો સંસ્કૃતમાં નગ્ન અને પ્રાકૃતમાં નાગણ–લુચ્ચો સંસ્કૃતમાં લુંચક અને પ્રાકૃતમાં લુંચઓ. બાવો સંસ્કૃતમાં વપ્તા, પ્રાકૃતમાં વપ્પા અથવા બપ્પા.

જે માત્ર કુટુંબ અને માલમત્તા જ નહિ પણ કપડાં સુધ્ધાંનો તદ્દન ત્યાગ કરી આત્મશોધન માટે નિર્ભયવ્રત ધારણ કરતો અને મહાન આદર્શ સામે રાખી જંગલમાં એકાકી સિંહની પેઠે વિચરતો તે પૂજ્ય પુરૂષ નગ્ન કહેવાતો. ભગવાન મહાવીર આજ અર્થમાં નગ્ન તરીકે પ્રખ્યાતિ પામ્યા છે. પરિગ્રહનો ત્યાગ કરી અને દેહદમનનું વ્રત સ્વીકારી આત્મસાધના માટે જે ત્યાગી થતો અને પોતાના મસ્તકના વાળને પોતાને જ હાથે ખેંચી કાઢતો તે લુંચક અર્થાત્ લોચ કરનાર કહેવાતો. એ શબ્દ શુધ્ધ ત્યાગ અને દેહદમન સૂચવનાર હતો. વપ્તા એટલે સર્જક અને સર્જક એટલે વડિલ અને સંતતિનો પૂજ્ય. આ અર્થમાં બપ્પા અને બાવા શબ્દ વપરાતો. પરંતુ હંમેશાં શબ્દોના વપરાશની મર્યાદા એક સરખી નથી રહેતી. તેનું ક્ષેત્ર નાનું મોટું અને વખતે વિકૃત થઇ જાય છે. નગ્ન એટલે વસ્ત્રરહિત તપસ્વી અને બાવો તપસ્વી એટલે માત્ર એક કુટુંબ અગર એકજ પરિવારની જવાબદારી છોડી વસુધાકુટુંબી બનનાર અને આખા વિશ્વની જવાબદારીનો વિચાર કરનાર. પરંતુ કેટલાક માણસો કુટુંબમાં એવા નીકળે છે કે જેઓ નબળાઇને લીધે પોતાની કૌટુંબિક જવાબદારી ફેંકી દે છે અને તેની જગ્યાએ વધારે સારી અને વધારે વ્યાપક જવાબદારી સ્વીકારવાને બદલે આળસ અને અજ્ઞાનને લીધે તેઓ પોતાના કુટુંબને અને પોતાની જાત સુધ્ધાંને બીનજવાબદાર થઇ ભટકતા અને રખડતા રામ થઇ જાય છે. આવા માણસો અને પેલા જવાબદાર નગ્ન તપસ્વીઓ વચ્ચે ઘર પ્રત્યેની બીનજવાબદારી પુરતું અને ઘર છોડી ગમે ત્યાં ભટકવા પુરતું સામ્ય હોય છે. આટલા સામ્યને લીધે પેલા બીનજવાબદાર માણસના લાગતાવળગતાઓએ તે રખડતા રામને તિરસ્કારસૂચક તરીકે અગર પોતાના અરૂચિ દર્શાવવા તરીકે નાગો (નગ્ન) કહ્યો. આ રીતે વ્યવહારમાં જ્યારે કોઇ એક જવાબદારી છોડે, આપેલું વચન ન પાળે, માથેનું કરજ અદા ન કરે, તેને દાદ ન આપે ત્યારે પણ તે તિરસ્કાર અને અણગમાના વિષય તરીકે નગ્ન કહેવાયો. બસ ધીરે ધીરે પેલો મૂળ નગ્ન શબ્દ પોતાના મહાન તપ, ત્યાગ અને પૂજ્યતાના અર્થમાંથી સરી ધીરે ધીરે માત્ર બીનજવાબદાર અર્થમાં આવીને અટકયો અને આજે તો એમ બની ગયું છે કે કોઇ ત્યાગી સુધ્ધા પોતાને માટે નાગો શબ્દ પસંદ નથી કરતો. દિગંબર ભિક્ષુકો જેઓ તદ્દન નગ્ન હોય તેઓને પણ જો નાગો કહેવામાં આવે તો તેઓ પોતાનો તિરસ્કાર અને અપમાન માને. લુંચક શબ્દે પણ પોતાનું પવિત્ર સ્થાન ગુમાવ્યું છે અને કહેલું ન પાળે, બીજાને ઠગે તેટલાજ અર્થમાં સ્થાન લીધું છે. બાવો શબ્દ તો ઘણીવાર બાળકોને ભડકાવવાના અર્થમાં જ વપરાય છે અને કેટલીક વાર જો કશીજ જવાબદારી નથી ધરાવતા તેવા આળસી અને પેટભરૂ માટે પણ વપરાય છે. આ રીતે ઉપયોગની પાછળના સારા કે નરસા, આદર કે તિરસ્કાર, સંકુચિત કે વિસ્તૃત ભાવને લીધે શબ્દો પણ એકજ છતાં કયારેક સારા, કયારેક નરસા, કયારેક આદરસૂચક, કયારેક તિરસ્કારસૂચક અને કયારેક સંકુચિત અર્થવાળા તેમજ કયારેક વિસ્તૃત અર્થવાળા જોવામાં આવે છે. આ દાખલાઓ આપણને પ્રસ્તુત ચર્ચામાં બહુ કામના છે.

ઉપર કહેલ નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ શબ્દની શ્રેણીમાં વળી બીજા બે શબ્દો ઉમેરવા જેવા છે. તેમાંનો એક 'નિહ્નવ' શબ્દ છે જે શ્વેતાંબર શાસ્ત્રમાં વપરાએલો છે અને બીજો 'જૈનાભાસ' શબ્દ છે જે દિગંબર ગ્રંથોમાં વપરાએલો છે. આ બન્ને શબ્દો પણ અમુક અંશે જૈન છતાં બીજા કેટલાક અંશોમાં વિરોધી મત ધરાવનાર માટે વપરાએલા છે. નિહ્નવ શબ્દ તો જરા જુનો પણ છે. પરંતુ જૈનાભાસ એટલે કૃત્રિમ જૈન એ શબ્દ એટલો જુનો નથી અને તે વિલક્ષણ રીતે વપરાએલો છે. દિગંબર શાખાની મૂળ સંઘ, માથુર સંઘ, કાષ્ઠા સંઘ એવી કેટલીક પેટા શાખાઓ છે તેમાં જે મૂળ સંઘનો ન હોય તે હરકોઇને જૈનાભાસ તરીકે ઓળખાવવામાં આવ્યો છે, જેમાં શ્વેતાંબરો પણ આવી જાય છે. શ્વેતાંબર શાસ્ત્રકારોએ જુના વખતમાં તો અમુક જ મતભેદ ધરાવનાર અમુક જ પક્ષોને નિહ્નવ કહેલા; પણ પાછળથી જ્યારે દિગંબર શાખા તદ્દન જુદી પડી ત્યારે તેને પણ નિહ્નવ કહ્યા. આ રીતે આપણે જોઇ શકીએ છીએ કે બે મુખ્ય શાખાઓ શ્વેતાંબર અને દિગંબર એક બીજાને પોતાનાથી ભિન્ન શાખા તરીકે ઓળખાવવા અમુક શબ્દો યોજે છે અને પછી ધીરે ધીરે એકજ શાખામાં જ્યારે પેટાભેદો થવા લાગે છે ત્યારે પણ કોઇ એક પેટાભેદ બીજા પેટાભેદો માટે તે શબ્દો વાપરે છે.

અપૂર્ણ.

પંડિત સુખલાલજી

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यमूतां वदेद्वाचम्

ઓગસ્ટ ૧૫ ૧૯૪૧

પર્યુષણાપર્વની આરાધના

उवसमसारं खु सामण्णं ।

कल्पसूत्र.

ઉપશમનો સાર જ સાધુતા છે.

પર્યુષણાપર્વ એ જીવનની પરમ ઉચ્ચ દશા સાધવા માટેનાં અનેક સાધનો પૈકીનું એક અમોઘ સાધન છે. તત્ત્વજ્ઞાની, ધર્મધુરંધર મહર્ષિઓએ સંસારી આત્માઓની જુદા જુદા પ્રકારની યોગ્યતા અને જિજ્ઞાસાઓને ધ્યાનમાં લઇ જે અનેક ધર્મમાર્ગો દર્શાવ્યા છે તેમાંનો પર્યુષણાપર્વ એ એક વિશિષ્ટ ધર્મમાર્ગ છે.

પર્યુષણાપર્વ સાથે શ્રમણ ભગવાન શ્રી વીરવર્ધમાન પરમાત્માનો સંબંધ એટલો ગાઢ છે જેટલો જૈન પ્રજા અને જૈનત્વનો હોઇ શકે. જૈનત્વની ભાવના કે ઉપાસના સિવાયની જૈન પ્રજા એ જેમ અર્થહીન વસ્તુ બની જાય છે, એ જ રીતે શ્રમણ ભગવાન વીરવર્ધમાનની આજ્ઞાથી રહિત પર્યુષણાપર્વની આરાધના એ પણ અર્થહીન વસ્તુ જ બની રહે છે.

ત્યાગ, તપ અને ક્ષમાની મૂર્તિ સમાન ભગવાન શ્રી વીરની આજ્ઞા એટલે સ્યાદ્વાદ અને અહિંસા. અને સ્યાદ્વાદ અને અહિંસા એટલે સુવિશુદ્ધ વિશાળ દૃષ્ટિ અને સર્વોત્કૃષ્ટ ક્ષમા. પર્યુષણાપર્વની આરાધના કરનાર કોઇ પણ વ્યક્તિ-ચહાય એ ત્યાગી હો કે ગૃહસ્થ-પરમાત્મા મહાવીરની આજ્ઞારૂપ વિશાળ દૃષ્ટિ અને ક્ષમાને યથાયોગ્ય રીતે જીવનમાં સ્થાન ન આપી શકે-ન આપે તો એની પર્યુષણાપર્વની આરાધના વંધ્ય જ છે-વંધ્ય બનવા જ સરજાયલી છે.

આજની આપણી પર્વોપાસના વિશાળ દૃષ્ટિ અને ક્ષમાથી રહિત હોવાને લીધે, ખરા શબ્દોમાં કહીએ તો શ્રી વીરપરમાત્માની આજ્ઞાથી વંચિત હોવાને કારણે, જીવનમાં નિર્મળ જ્ઞાન અને સહનશીલતા પોષાવાને બદલે દિનપ્રતિદિન જીવનક્લેશ જ વધતો જાય છે. જો આપણે આપણા વર્તમાન વ્યાવહારિક જીવન ઉપર નજર નાખીને કે ધાર્મિકજીવન ઉપર દૃષ્ટિપાત કરીને વિચાર કરીશું તો આપણને ખરે ગ્લાનિ જ થશે કે પવિત્ર પર્યુષણાપર્વની ઉપાસના યુગોનાં યુગો અને જીવનભર કરવા છતાં આપણું જીવન વિચારવિમુખ અને નીરસ જ બની રહ્યું છે-બનતું જાય છે.

સમસ્ત વિશ્વનું અને વિશ્વની સમગ્ર તાત્ત્વિકતાનું ઐક્ય સ્થાપિત કરવા માટે અનાબાધપણે જીવનમાં સ્યાદ્વાદ અને અહિંસાને આરાધનાર અને સ્યાદ્વાદ અને અહિંસાને સદ્ગતે માટે આરાધવાનો ઉપદેશ આપનાર ભગવાન્ શ્રી વીરવર્ધમાનના અનુયાયીઓ આપણે એમના ઉપદેશથી ઉલટો વર્તાવ રાખીને પર્યુષણાપર્વની આરાધના કરીએ એ કેટલી અને કેવી સફળ થઇ શકે એ વિચારવા જેવી જ વસ્તુ છે.

આપણા જીવનની આજની પરિસ્થિતિના નિરીક્ષણ અને અનુભવ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે આપણે સાચા રૂપમાં પરમાત્મા શ્રીવીરની આજ્ઞાનુસાર પર્યુષણાપર્વની આરાધના અને ઉપાસના નહિ કરતા હોઇ, આપણા જીવનમાં પેસી ગએલ વિચારહીનતા કે વિચારદીનતાને લીધે આજે આપણે આપણા વ્યાવહારિક કે ધાર્મિકજીવનને સ્પર્શતા કોઇ પણ પ્રશ્નને શાન્તિથી કે સ્થિર બુદ્ધિથી વિચારી, ચર્ચી કે ઉકેલી શકતા નથી તેમજ પરસ્પર એકમેકના દૃષ્ટિબિંદુને સમજવા માટે ક્ષણભર થોભી જવા જેટલીયે ધીરજ રાખી શકતા નથી. આ દોષથી કે ખામીથી આજના જૈન સમાજનો-પુરાણ વર્ગ કે નવીન વર્ગનો-લગભગ મોટો ભાગ બાકી નથી.

આજે આપણે એટલું સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ કે એક વર્ગ કેવળ શ્રદ્ધાવાદ કે શાસ્ત્રવાદ ઉપર નિર્ભર રહી બુદ્ધિના ઉપયોગને સદંતર તરછોડી કાઢે છે, જ્યારે બીજો વર્ગ ફકત બુદ્ધિવાદ ઉપર ભાર મૂકી શ્રદ્ધાવાદ કે શાસ્ત્રવાદ તદ્દન જતા કરે છે. ખરી રીતે આજની આ બન્નેય દૃષ્ટિમર્યાદાઓ અપૂર્ણ અને જીવનના તાત્ત્વિક વિકાસની બાધક જ છે.

જે પરમાત્મા મહાવીરે વિશ્વની જીવનસિદ્ધિના અંગ તરીકે શ્રદ્ધાવાદ અને બુદ્ધિવાદ એ ઉભય દૃષ્ટિ ઉપર ભાર મૂક્યો છે તેનાજ અનુયાયી હોવાનો દાવો કરનાર આપણે સૌ આજે એકાક્ષ બની જઇ જીવનસિદ્ધિનાં એ અંગોને લૂલાં પાંગળાં બનાવી દઇએ તો આપણાં જીવનમાં એ પરમાત્માની આજ્ઞા કેટલે અંશે સ્પર્શી છે એ પ્રશ્ન એક કોયડા રૂપેજ આપણી સામે આવી ઊભો રહે છે.

પર્યુષણાપર્વની ચિર આરાધના કરવા છતાં આજે પણ આપણને જીવનમાં તાત્ત્વિક શાન્તિનો અને તાત્ત્વિક જ્ઞાનસ્થૈર્યનો અનુભવ થતો નથી તેમજ જીવન ઉંચે ચઢવાને બદલે પ્રતિદિન નીચે ઢળતું દેખાય છે. એનું ખરું કારણ માત્ર એક જ છે કે આપણે પર્યુષણાપર્વની આરાધના માટે જગદ્બંધ પરમાત્મા શ્રી વીરવર્ધમાન વિભુની આજ્ઞાને-સ્યાદ્વાદ અને અહિંસાને અથવા વિશાળ તત્ત્વદૃષ્ટિને અને ક્ષમાને-જીવનમાં જે રીતે સ્થાન આપવું જોઇએ એ રીતે આપ્યું નથી-આપી શકયા નથી

અંતમાં એટલું જ કહેવું બસ થશે કે આપણે આપણા જીવનને ઉન્નત દશાએ લઇ જવા સાથે આપણા સામાજિક અને ધાર્મિક પ્રશ્નોનો પ્રામાણિક અને ઉન્નતિસાધક ઉકેલ આણવા ઇચ્છતા હોઇએ તો શ્રમણ ભગવાન શ્રી વીરના તાત્ત્વિક વિચાર-દૃષ્ટિપ્રધાન અહિંસાના સિદ્ધાન્તને યથાયોગ્ય જીવનમાં સ્થાન આપ્યે જ છૂટકો છે અને એ દૃષ્ટિ મુખ્ય હશે તો જ આપણી પર્યુષણાપર્વની ઉપાસના સફળ અને સ્વપરકલ્યાણ સાધક બની શકશે.

किं बहुणा ? इह जह जह रागद्दोसा लहुं विलिज्जंति ।
तह तह पयट्टियव्वं एसा आणा जिणिंदाणं ॥

યશોવિજયજી ઉપાધ્યાય

વિશેષ શું ? જે જે પ્રકારે રાગદ્વેષ પાતળા પડે તે તે પ્રકારે પ્રવૃત્તિ કરવી એ જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે.

પુન્યવિજયજી.

હે પ્રભુ !

જગજનોની બદબોઇ કરતાં,
પ્રભુ ! મુંગો મંતર કરજે !
પાપ તણા પંથે પગ ભરતાં,
પ્રભુ ! ગાત્ર મમ તું હરજે !
વિકૃતિ અક્ષિ મહીં જો આવે,
પરનિન્દાએ કર્ણ જો રાચે,
દેહ હરામીથી પોષાયે,
તો દીનદયાળુ ! અપંગ કરજે !
યુવાની દીવાની બને જો,
સત્તાનું મદ ઘેન ચડે જો,
શક્તિથી જો ન્યાય મરે તો,
પ્રભુ ! સૌ પરહરજે હરજે !
માનવનો મહિમા વિસરું તો,
જન્મ તણો હેતુ ભૂલું તો,
સ્વર્ગ શી સૃષ્ટિ નર્ક કરું તો,
ચેતનહીન પત્થર કરજે !

વૃજલાલ ધરમચંદ મેઘાણી.

ગુરૂદેવ ટાગોર



રવીન્દ્રનાથ ટાગોર : પ્રો. એન્સ્ટાઇન.

કવિસમ્રાટ રવીન્દ્રનાથ ટાગોરના અવસાનથી ભારત વર્ષે જ નહિ, પણ જગતે એક મહાન વિભૂતિ ગુમાવી છે. તેઓ તો પરિપકવ વયે કૃતકૃત્ય થઇને ગયા અને જગતને અણમોલ વારસો આપી ગયા. ટાગોરને સાક્ષાત જોયા ન હોત તો પૂર્વનાં આપણાં ઋષિમુનિઓ વેદવ્યાસ, વાલ્મીકી, વસિષ્ઠ-વગેરે કેવા હશે તેની કલ્પના આપણને આવી ન શકત-જેમ ગાંધીને જોયા ન હોય તો પયગમ્બર ભગવાન મહાવીર, બુદ્ધ, ક્રાઇસ્ટ કેવા હશે તેની કલ્પના આપણને ન આવે. ટાગોર ખરેખર ઋષિ હતા. તેમના વિરાટ આત્માને અનુરૂપ ભગવાને તેમને ભવ્ય અને દેદિપ્યમાન દેહ આપ્યો હતો. ટાગોર ભારતનો મૂર્ત્તિમંત આત્મા હતા, આર્યસંસ્કૃતિનાં સાચા પ્રતિનિધિ હતા. રોમેન રોલાંએ ટાગોર અને ગાંધીજીને ભારતની ગંગાયમુના સાથે સરખાવ્યા છે. ગાંધીજીમાં ભારત વર્ષની વીતરાગતા અને કર્મયોગ મૂર્તિમંત થયાં છે. ટાગોરમાં આર્યસંસ્કૃતિનું સમસ્ત કાવ્ય, તેની રસિકતા, સંસ્કારિતા અને ઉન્નત ધર્મભાવના મૂર્ત્તિમંત થયા હતા. ગાંધીજી અને ટાગોરની સાધના જુદી હતી પણ બન્નેનું સાધ્ય એક જ હતું. કારણ કે બન્ને એક જ સંસ્કૃતિનાં સાચા વારસદાર હતા. ગાંધીજીએ ટાગોરને ગુરૂદેવ કહ્યાં તેમાં જરાય અતિશયોક્તિ નથી. ભારતના અને જગતના સાચા ગુરૂદેવ તે હતા.

ટાગોર જગતના એક સર્વશ્રેષ્ટ કવિ હતા તેટલું કહેવામાં તેમનો સાચો ખ્યાલ આપણને ભાગ્યે જ આવે. એમણે ઉત્તમ કવિતા લખી એટલું જ તેમનામાં હોત તો સમસ્ત જગતે તેમને જે ભાવભરી અને ભક્તિભરપૂર નિવાપાંજલિ અર્પી છે તે અતિશયોક્તિ ગણાત. કવિનો સાચો અર્થ દૃષ્ટા છે. આપણને અગમ્ય અને અગોચર છે તેનો કવિને અનુભવ છે અને આપણને તેનો અનુભવ તે કરાવે છે. રવીન્દ્રનાથ દૃષ્ટા હતા. ટાગોર કુટુમ્બના સૈકાઓનાં સંસ્કારો તેમને વારસામાં મળ્યા હતા. ટાગોર કુટુંબે ભારતને શું નથી આપ્યું ? મહર્ષિ જેવા સમર્થ તત્ત્વજ્ઞ અને સુધારક, અવનીન્દ્રનાથ ટાગોર જેવા મહાન કળાકાર ટાગોર કુટુંબમાં થઇ ગયા. રવીન્દ્રનાર્થ 'સાધના'ની પ્રસ્તાવનામાં કહ્યું છે કે "હું એક એવા કુટુમ્બમાં ઉછર્યો છું કે જ્યાં ઉપનિષદનાં મંત્રો હંમેશા પૂજા સમયે ગુંજી રહેતા; જ્યાં મારી સમીપ મારા પિતાશ્રીનું દૃષ્ટાંત હતું કે જેમણે પોતાનું લાંબું આયુષ્ય સતત ઇશ્વરના સાન્નિધ્યમાં વિતાવ્યું અને છતાં સંસાર પ્રત્યેની પોતાની ફરજમાં ચુક્યા નહિ અથવા માનવહિતોમાં પોતાનો રસ જરાય ઓછો થવા દીધો નહિ."

આર્ય સંસ્કૃતિનાં ઉત્તમતત્ત્વો રવીન્દ્રનાથના જીવનમાં તાણાવાણા પેઠે વણાઇ ગયા હતા. 'ધમ્મપદ'ની પ્રસ્તાવનામાં ભારત વર્ષના ઇતિહાસ વિષે લખતાં રવીન્દ્રનાથ કહે છેઃ- "ભારત વર્ષે જો કદી એક રાષ્ટ્ર-નેશન બનવાનો પ્રયત્ન કર્યો હોત તો તેના ઇતિહાસ માટે સારાં અને મોટાં મોટાં સાધનો મળી શકત અને ઇતિહાસકારોનું કામ ઘણે દરજ્જે સહેલું થાત. પરંતુ આમ કહેવામાં અમે કશુલ નથી કરી લેતા કે ભારતવર્ષે પોતાના ભૂતને અને ભવિષ્યને અમુક એક સૂત્રથી ગુંથી રાખ્યું નથી. તે સૂત્ર સુક્ષ્મ છે, પરંતુ તેનું બળ સાધારણ નથી. તે સ્થૂલ રૂપે દેખી શકાતું નથી. તેણે સર્વત્ર ભેદ વિનાની એકતા સ્થાપી છે એવું નથી, પરંતુ સઘળા ભેદોમાં અને અસમાનતામાં ઉંડે ઉંડે એક મૂલગત અપ્રત્યક્ષ સંબંધસૂત્ર તેણે બાંધી રાખ્યું છે. તેથી મહાભારતમાં વર્ણવેલું ભારત અને વર્તમાન ભારત જુદી જુદી અને મહત્વની બાબતોમાં ભિન્ન હોવા છતાં ઉભયની નાડીનો સંબંધ તુટયો નથી. તે સંબંધજ ભારતવર્ષની બીજી સર્વ બાબતો કરતાં સાચો છે અને તે સંબંધનો ઇતિહાસ તે જ ભારતવર્ષનો યથાર્થ ઇતિહાસ છે. તે સંબંધ શાને લઇને છે ? પહેલાંજ કહી ગયા કે રાષ્ટ્રીય સ્વાર્થને લઇને નથી. એકજ શબ્દમાં કહેવું હોય તો કહી શકાય કે ધર્મને લઇને છે.....

"'પોલીટીક્સ' અને 'નેશન'નો ઇતિહાસ જેમ યુરોપનો ઇતિહાસ છે તેમજ 'ધર્મ'નો ઇતિહાસ તેજ ભારતવર્ષનો ઇતિહાસ છે, 'પોલીટીક્સ' અને 'નેશન' એ શબ્દોનો કે તેની ભાવનાનો જેમ આપણી ભાષામાં અનુવાદ થઇ શકતો નથી, તેમ 'ધર્મ' શબ્દ માટે યોગ્ય શબ્દ યુરોપની ભાષાઓમાં શોધ્યો જડતો નથી. તેથીજ ધર્મને અંગ્રેજી 'રીલીજીયન' રૂપે માનવામાં આપણે અનેકવાર ગોથાં ખાઇએ છીએ; તેમ જ ધર્મની ભાવનામાં એકતા છે એ વચન સ્પષ્ટ સમજાતું નથી."

તે જ પ્રસ્તાવનામાં તેઓ કહે છે કે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ આત્મા-અનાત્માનો વિચાર કરનારા ભિન્ન સંપ્રદાયો ભારતમાં છે પણ તે દરેકની સાધના-જીવન સાધના-તો એકજ રહી છે અને તે છે તપ, ત્યાગ અને સંયમની.

રામાયણની-પ્રસ્તાવનામાં તેમણે કહ્યું છે :—

' રામાયણ મહાભારતમાં ભારતવર્ષનો ચિરકાલનો ઇતિહાસ છે. અન્ય ઇતિહાસો કાળે કાળે બદલાયા છે પણ આ ઇતિહાસ બદલાયો નથી. ભારતવર્ષની જે સાધના, જે આરાધના અને જે સંકલ્પ છે તેનો જ ઇતિહાસ આ એ વિપુલ કાવ્યપ્રસાદમાં ચિરકાલનાં સિંહાસન ઉપર બિરાજમાન છે."

રામાયણ-મહાભારત એ ભારતના સમસ્ત જનસમૂહની કથા છે. ભારતવર્ષે રામાયણ-મહાભારતમાં પોતાની કોઇ બાબત પ્રકટ કરવી બાકી રાખી નથી. તેથી જ એ બન્ને મહાકાવ્યોમાં માત્ર કવિનો જ નહિ પણ ભારતવર્ષનો પરિચય થાય છે. રામાયણનાં અનુષ્ટુપ્ છંદમાં ભારતવર્ષનું હૃદય સહસ્ત્ર વર્ષ થયાં ધબકી રહ્યું છે.

ભારતવર્ષનો આત્મા જેમ રામાયણ-મહાભારતમાં છે તેમ ઉપનિષદોમાં છે. રવીન્દ્રનાથે ઉપનિષદના મંત્રો કોઇ તત્ત્વજ્ઞાની પંડિત કે વિવેચકની દૃષ્ટિએ નિહાળ્યાં નથી. તેમને તો તેમાં જીવનનાં ઉચ્ચત્તમ સત્યનો અનુભવ થયો છે. 'સાધના'નો તેમનો લેખ

સંગ્રહ વાંચવાથી આ કથનની સહેજે પ્રતીતિ થશે. તત્ત્વજ્ઞાની કે વિવેચકને જે અર્થગાંભીર્ય અને સત્ય ઉપનિષદોમાંથી ન મળે તે રવીન્દ્રનાથે પોતાનાં જાતિ અનુભવથી તેમાં જોયું છે. ઉપનિષદનાં એક એક મંત્ર લઇને તેનું અદ્‌ભૂત સત્ય આપણને બતાવ્યું છે. દાખલા તરીકે જગતમાં દુઃખ છે, પાપ છે, અનિષ્ટ છે તેની સમાલોચનાં કરતાં રવીન્દ્રનાથ કહે છેઃ-

"પરંતુ ખરો પ્રશ્ન આપણે પૂછવો જોઇએ તે એ છે કે અપૂર્ણતા એ સૃષ્ટિનું અન્તિમ સત્ય છે ખરૂં? શું પાપ નિરપેક્ષ હોઇ છેવટનું લક્ષ્ય છે? નદીને પણ તેની સીમા તથા તેના કીનારા હોય છે; પરંતુ કીનારાને કાંઇ નદી કહેવાશે? અથવા તો નદીનું અન્તિમ સત્ય તેના કીનારાઓમાં સમાયલું છે એમ કહી શકાશે ખરૂં? સરિતાના પ્રવાહને નડતા અન્તરાયો જ તેના જળને આગળ વહેવાની ગતિ આપતા નથી કે? વળી નાવડીને પ્રવાહમાં ખેંચવાનું દોરડું તેની સાથે બાંધવામાં આવે છે; પરંતુ તેથી તે બંધન હાનિકારક છે એમ માનવું ખરૂં ગણાશે? એ બંધન વડે નાવડી આગળ ખેંચાતી નથી વારૂ? સરિતાની પેઠે સૃષ્ટિનું અસ્તિત્વ પણ ન હોત. પરંતુ એ પ્રવાહનો હેતુ તેની સીમાઓમાં નહિ પરંતુ પૂર્ણતા પ્રત્યે તેની ગતિમાં સમાયેલો છે.

"પાપ સ્થાયી છે-તે ગતિ વિનાનું હોઇ એક જ સ્થળે થંભી રહ્યું છે-એવું કલ્પીને આપણે તેની અગત્ય વધારી મુકીએ છીએ. સૃષ્ટિમાં દરેક મીનીટે થતા મરણના તથા ગંદકીના પરિણામે ઉત્પન્ન થતી ઝેરી કહેવાણુની ગણતરીના આંકડા ભેગા કરીએ તો આપણે હબકી જઇશું. પરંતુ પાપ હંમેશાં ગતિમાન હોય છે. તે ગમે તેટલું અપાર અને અગણિત લાગે છતાં આપણા જીવનના પ્રવાહને રૂંધી નાંખવામાં તે કદિ સફળ થઇ શકતું નથી અને આપણે જોઇએ છીએ પણ ખરા કે સર્વે અનિષ્ટો હોવા છતાં સુંદર અને શુધ્ધ પૃથ્વી, પાણી તથા હવા માણસને મળી શકે છે."

જગતમાં દુઃખ, પાપ, અસત્ય, હિંસા, વૈર ઝેર, વગેરે છે તેનો રવીન્દ્રનાથ ઇન્કાર નથી કરતા, પણ તે બધાં જીવનનાં અંતિમ સત્યો નથી તેમ તેમનું કહેવું છે. અંતિમ સત્ય તો મંગળમય પ્રેમ છે, આનંદ છે, શાન્તિ છે. ઇશ્વરમાં તેમને ગાંધીજી પેઠે, પૂર્ણ શ્રદ્ધા હતી. જગતમાં અંતે સત્યનો જ વિજય છે, પ્રેમનો જ વિજય છે તેમાં તેમને કોઇ શંકા ન હતી. તેથી જ, સંસ્કૃત સાહિત્યની પેઠે, તેમની કોઇ કૃતિ કરૂણાન્ત નથી. સાહિત્ય અથવા કલાની કૃતિ જીવનનું સત્ય રજુ કરે છે, તેથી તે કરૂણાન્ત ન જ હોય. કરૂણાન્ત કૃતિ એટલે દુઃખ, પાપ અને અસત્યનો વિજય. તેને અંતિમ સત્ય તરીકે સ્વીકારવું સંસ્કૃત કવિઓ પેઠે, રવીન્દ્રનાથને તે માન્ય નથી. રવીન્દ્રનાથ સાચ્ચા ભકત હતા. તેમનાં કાવ્યો ભકિતરસ ભરપૂર છે.

રવીન્દ્રનાથે જેમ રામાયણ-મહાભારત અને ઉપનિષદોમાં રહેલ ભારતનો આત્મા આપણને પોતાના અનુભવથી સમજાવ્યો તેવીજ રીતે ભારતના સાહિત્યનો સાચ્ચો આત્મા પણ સમજાવ્યો છે. કાલીદાસ કે બાણભટ્ટના ટીકાકારો ઘણા થઇ ગયા પણ રવીન્દ્રનાથ પેઠે તેમનું હાર્દ કોઇ કવિ સમજ્યો નથી તેમ કહેવામાં જરાય અતિશયોકિત નથી. રવીન્દ્રનાથના આર્યહૃદયે આર્યદૃષ્ટિએ સંસ્કૃત સાહિત્ય જોયું અને સંસ્કૃત કવિનું હૃદય કેવું છે, હિંદુસ્થાનનો ઇતિહાસ કયો પુરૂષાર્થ લઇ બેઠો છે એ બધું બતાવી દીધું. મેઘદૂત, કુમારસંભવ, શાકુન્તલ, અને કાદમ્બરી ઉપરના તેમનાં લેખો અદ્‌ભૂત છે. કાલિદાસ સૌન્દર્યસંભોગના જ કવિ છે એવી સામાન્ય માન્યતા રવીન્દ્રનાથે બતાવ્યું કે કાલીદાસનાં સૌન્દર્યમાં ભોગવૈરાગ્ય સ્થિર રહેલો છે. કાલિદાસ એકી વખતે સૌન્દર્યભોગના અને ભોગવિરતિના કવિ છે. જગતના કોઇ કવિએ જે નથી કર્યું તે કાલિદાસે કર્યું છે-લગ્નનો મહિમા ગાયો છે. રવીન્દ્રનાથ લખે છેઃ—

"લગ્ન એ દૈનિક સંસારની ભૂમિકા છે. તે નિયમબધ્ધ સમાજનું અંગ છે. લગ્નનું સીધું લક્ષ્ય કેવળ એટલુંજ છે કે મનુષ્યની પ્રબળ વૃત્તિઓને અંકુશમાં રાખવાને એક ભારે સંયમરૂપ તે બને. તેથી અત્યારના કવિઓ લગ્નવ્યાપારને તેમના કાવ્યમાં મોટું રૂપ આપવા ઇચ્છતા નથી. જે પ્રેમ ઉદ્દામ વેગથી નરનારીને તેમનાં ચોમેરનાં બંધનોથી મુકત કરી નાંખે, તેમને સંસારના લાંબા કાળના ચીલામાંથી ઉપાડી બહાર કાઢે, જે પ્રેમના બળે નરનારી પોતામાં પોતાને પરિપૂર્ણ ધારે, એમ ધારે કે સારી આલમ સામે થઈ જાય તો પણ અમને કાંઇ ભય નથી, કાંઈ અભાવ નથી; જે પ્રેમના જોશમાં તેઓ પોતાના મંડળથી છુટા પડી જઇ પુર વેગમાં સડસડાટ ચાલ્યા જતા ગ્રહની માફક, પોતાનાં ચોતરફનાં બંધનોથી મુકત થઇ પોતાનામાંજ મસ્ત થઇ રહે-તે પ્રેમ મુખ્યત્વે કાવ્યનો વિષય હોય છે.

"કાલીદાસે અનાવૃત પ્રેમના તે ઉન્મત્ત સૌન્દર્યની ઉપેક્ષા કરી નથી. તેને તેમણે તરૂણ લાવણ્યના ઉજ્જવલ રંગેજ ચીતર્યો છે. પરંતુ આ અતિ ઉજ્જવલતામાં જ તેમણે પોતાના કાવ્યને સમાપ્ત કર્યું નથી. જે પ્રશાન્ત વિરલવર્ણો પરિણામ તરફ તેઓ પોતાના કાવ્યને પહોંચાડે છે, ત્યાં જ તેમના કાવ્યનું અન્તિમ લક્ષ્ય છે. મહાભારતમાં સકલ પ્રવૃત્તિનો જેમ મહાપ્રસ્થાનમાં અન્ત આવ્યો છે, તેમજ કુમારસંભવના સમસ્ત પ્રેમનો જોશ મંગળ મીલનમાંજ શમી જાય છે."

"જે પ્રેમને કાંઇ બંધન નથી, કાંઇ નિયમ નથી, જે એકદમ નરનારી ઉપર આક્રમણ કરી સંયમદુર્ગના તૂટેલા બુરજ ઉપર પોતાની જયધ્વજા ફરકાવે છે તેની શકિતનો કાલીદાસે સ્વીકાર કર્યો છે; પરંતુ તેની આગળ તેઓ આત્મસમર્પણ કરતા નથી. તેમણે બતાવી આપ્યું છે કે જે અંધ પ્રેમસંભોગ આપણને આપણા અધિકાર વિષે પ્રમત્ત બનાવે છે તે ભર્તાના શાપથી ખંડિત થાય છે, ઋષિના શાપથી વિઘ્ન પામે છે અને દૈવરોષથી ભસ્મસાત થઈ જાય છે. શકુન્તલાને જ્યારે આતિથ્ય ધર્મ કાંઇ નહિ, સઘળું દુષ્યન્તજ-એમ થયું ત્યારે તેના પ્રેમમાં કાંઇ કલ્યાણ રહ્યું નહિ. જે ઉન્મત્ત પ્રેમ પ્રિયજન સિવાય બીજા સૌને ભૂલી જાય છે તે સમસ્ત વિશ્વનીતિને પોતાથી પ્રતિકુળ કરી નાંખે છે. સઘળાની સામે સ્વપર્યાપ્ત થઇ પછી પોતાનો ભાર તે ઉપાડી શકતો નથી. જે આત્મસંવૃત્ત પ્રેમ સમસ્ત સંસારને અનુકુળ છે, જે પોતાની આસપાસનાં નાનાં તેમજ મોટાં, પોતાનાં તથા પારકાં કોઇને વિસારતો નથી, જે પ્રિયજનને કેન્દ્ર સ્થળે રાખીને વિશ્વપરિધિમાં પોતાનું મંગળ માધુર્ય ફેલાવે છે તેના અચલપણા ઉપર દેવ કે દાનવ કોઇ આઘાત કરતું નથી. આઘાત કરે તો પણ તેથી ચલિત થતો નથી. પરંતુ જે યતિના તપોવનમાં તપોભંગરૂપે, ગૃહસ્થના બારણે સંસારધર્મના અકસ્માત પરાભવરૂપે આવીભૂત થાય છે તે ઝંઝાવાતની માફક અન્યનો તો નાશ કરે છે જ, પરંતુ સાથે પોતાના વિનાશને તેડતો આવે છે."

પણ રવીન્દ્રનાથે માત્ર ભારતનો આત્મા પિછાન્યો અને આપણને બતાવ્યો એટલું જ નથી. અત્યારનાં હિન્દુ સમાજમાં જ્યાં જ્યાં તેમને જડતા, સ્થિતિચુસ્તતા, અસહિષ્ણુતા જણાઇ તેને તેમણે સખ્ત રીતે વખોડી છે અને તેને આપણી અવનતિનું કારણ બતાવ્યું છે. તેમની નવલકથા 'ગોરા' અને નાટક 'અચલાયતન'માં

સુંદર રીતે આ વસ્તુ રજુ કરી છે. રવીન્દ્રનાથ સમર્થ સુધારક હતા. રાજા રામમોહનરાયના સમયથી તેમનાં કુટુમ્બમાં હિન્દુ સમાજનું સંસ્કરણ થવું જોઇએ તે ભાવના દ્રઢ હતી.

રવીન્દ્રનાથનું સાહિત્યસર્જન ભવ્ય અને વિશાળ છે. જગતનાં કોઇ પણ સાહિત્યની પહેલી પંક્તિમાં તેમનું સ્થાન છે. કાલિદાસનાં કુમારસંભવ કે શાકુન્તલની ઉત્તમતા બતાવીને જ રવીન્દ્રનાથ બેસી રહ્યા નથી. તેની બરોબરી કરે તેવાં સર્જનો રવીન્દ્રનાથે જગતને આપ્યાં છે. શકુન્તલાના સાત અંકોમાં કાલિદાસે જે બતાવ્યું તે રવીન્દ્રનાથે એમનાં નાના નાટક 'ચિત્રાંગદા'માં બતાવ્યું છે. તેમની નવલકથાઓ–ઘરે–બાહિરે, ગોરા, નૌકાડુબી, ચોખેરવાલી–જગતસાહિત્યનાં પ્રથમ પંક્તિનાં સર્જનો છે. માનવીના સનાતન ભાવોનું તેમાં નિરૂપણ છે.

સાહિત્યનું કોઇ અંગ એવું નથી કે જેને રવીન્દ્રનાથે શોભાવ્યું ન હોય. કાવ્ય, નાટક, ટુંકી વાર્તા, સંવાદ, ગદ્ય દરેકમાં રવીન્દ્રનાથે જગતને અણમોલ વસ્તુઓ આપી છે. તેમનું ભાષા-પ્રભુત્વ, ભાષાલાલિત્ય એટલાં જ અદ્‌ભૂત હતા. આ લેખમાં ટાંકેલ કેટલાક ફકરાઓ તેનો આછો ખ્યાલ આપે છે.

તેમના કાવ્યો વિષે લખવાની મારી લાયકાત કે શકિત નથી. જેઓ કાવ્યોનું સંગીત ન જાણતા હોય તેમને તેનું હાર્દ કદાચ બરાબર ન સમજાય.

રવીન્દ્રનાથ કવિ અથવા સુધારક હતા તેટલું જ નથી. શિક્ષણના ક્ષેત્રે તેમનો મૌલિક ફાળો છે અને પોતાના સિદ્ધાંતો મુજબ શિક્ષણના પ્રયોગ પાછળ પોતાની જીંદગીનો ઘણો સમય અને અને શકિત તેમણે આપ્યા છે. ભારતની આમ જનતાનું હિત સદાય તેમને હૈયે હતું અને તેમનું શ્રીનિકેતન તેનો પુરાવો છે. રવીન્દ્રનાથનો માનવપ્રેમ વિશાળ અને બંધન રહિત હતો. વિશ્વબંધુત્વની તેમની ભાવના ઉત્કટ હતી 'એશિયાવાસીઓ માટે એશિયા"ના જાપાની સિદ્ધાંતનો તેમણે પ્રબળ વિરોધ કર્યો હતો. વિશ્વબંધુત્વની ભાવના છતાં ભારતના સ્વાતંત્ર્ય માટે તેમની એટલી જ ઉત્કટ અને પ્રબળ ઝંખના હતી. બ્રીટન પ્રત્યેનો તેમનો પ્રેમ ઓછો ન હતો, છતાં બ્રીટને ભારતને કરેલ અન્યાય સૌથી વધારે તેમને સાલતો. મીસ રેથબોર્નને મરણશય્યાપરથી પણ છેલ્લાં છેલ્લાં તેમણે સણસણતો જવાબ આપ્યો તે સુવિદિત છે. ભારતવર્ષ માટેનો તેમનો પ્રેમ કોઇનાં કરતાં ઉતરે તેવો ન હતો, છતાંય ભારતવર્ષની સ્વતંત્રતાને નામે અસત્ય, હિંસા કે અધર્મને જરાય સહન કરવા તેઓ તૈયાર ન હતા. 'ઘરે–બાહિરે'માં તેમણે કહ્યું છે :–

"દેશની સેવા કરવા હું તૈયાર છું, પણ હું વંદન તો સત્યનેજ કરીશ, જે દેશ કરતાં ખૂબ ઉંચે આસને વિરાજમાન છે. દેશને જો હું દેવ માનીને વન્દન કરૂં, તો દેશનું સત્યાનાશ વાળ્યું ગણાય....દેશને દેવતા ગણાવીને તમે જ્યારે અન્યાયને કર્તવ્ય અને અધર્મને પુણ્ય તરીકે ચલાવી દેવા માગો છો, ત્યારે મારા હૃદયને આઘાત થાય છે, માટેજ હું સ્થિર રહી શકતો નથી. દેશથી પણ ઉચ્ચ સ્થાને ધર્મ રહેલો છે એવું જેઓ માનતા નથી તેઓ, હું કહું છું કે, દેશને પણ માનતા નથી. જે તરૂણ યુવકો દેશના કામે વળગવા તૈયાર છે તેમને શરૂઆતથી જ નશાની ટેવ પાડવાના કામમાં મારો લગારે હાથ ન હોય એમ હું ઇચ્છું છું. મંત્રથી ભોળવીને જેઓ કામ હાંસલ કરવા માંગે છે તેઓ કામની જ કીંમત વધારે આંકે છે. જે માણસના મનને ભોળવે છે, તેના મનની કીંમત તેમને કશી જ નથી. આ પ્રમત્તતામાંથી જો દેશને આપણે બચાવી ન શકીએ તો દેશની પૂજા એજ દેશનું વિષનેવેદ્ય બની જશે અને દેશનું કાર્ય વિમુખ બ્રહ્મરાક્ષસની માફક આવીને દેશના હૈયામાં વાગશે."

૧૯૦૭ માં રવિન્દ્રનાથે આ બાંગ પુકારી હતી અને દેશને ચેતવ્યો હતો. રવીન્દ્રનાથે આપણને શું નથી આપ્યું ? તેમને લાયક આપણે કયારે થઇશું ? **ચીમનલાલ ચકુભાઈ શાહ.**

શ્રી મહાદેવભાઈ સાથેનો વાર્તાલાપ.

શ્રી મહાદેવભાઇ સંઘના મંત્રીના નિમંત્રણને માન આપીને જૈન યુવક સંઘની કચેરીમાં તા૦ ૨૯–૭–૪૧ મંગળવારના રોજ પધારેલા. આ સમયે તેમનું સ્વાગત કરવાને સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો હાજર હતા. પ્રારંભમાં મહાદેવભાઇના આવવાથી સૌને થયેલો આનંદ પ્રદર્શિત કરીને સંઘની ચાલુ પ્રવૃત્તિઓ તેમજ સંઘના બંધારણ અને સભ્ય તરીકે જોડાનારને સ્વીકારવા પડતા શિસ્તના નિયમોનો ટુંકમાં ખ્યાલ આપીને આજે અહિંસાની ભિન્ન ભિન્ન બાજુઓ સંબંધમાં ચાલી રહેલી ચર્ચામાં માર્ગદર્શન મળે એ હેતુથી મેં મહાદેવભાઇ સમક્ષ બે પ્રશ્નો મુકયા.

(૧) જો આજે આપણે અનુભવી રહ્યા છીએ તેવું હિંદુ–મુસલમાન વૈમનસ્ય ન હોત તો આજે ચાલી રહેલ યુદ્ધનો સંયોગ એવો હતો કે આપણને સ્વાધીનતંત્ર બનાવ્યા સિવાય સરકારને બીજો છુટકો જ નહોતો ! અને જો ખરેખર એમ બન્યું હોત તો જે આપ્યા રાજતંત્રની રચના હિંસા અથવા તો તો પશુબળ ઉપર નિર્ભર છે તે રાજતંત્રનો ગાંધીજી સ્વીકાર કરત કે જ્યાં સુધી અહિંસાશુદ્ધ રાજતંત્ર ન બને ત્યાં સુધી ગાંધીજી રાજ્યવહીવટથી અલગ જ રહેત ?

(૨) રાષ્ટ્રીય મહાસભાના સભ્યમાં અહિંસા વિષે સંપૂર્ણ શ્રધ્ધા હોવી જોઇએ એટલે શું ? જે સભ્ય મન, વચન અને કાયાથી અહિંસા આચરતો હોય તે જ રાષ્ટ્રીય મહાસભાના સભ્ય તરીકે ચાલુ રહેવાને યોગ્ય ગણાય કે અહિંસાને આદર્શસ્થાને રાખવા છતાં વ્યક્તિગત જીવનમાં તેમજ સમષ્ટિગત જીવનમાં અહિંસા સાથે બાંધછોડ કરતા માણસને પણ રાષ્ટ્રીય મહાસભાના સભ્ય તરીકે ચાલુ રહેવાનો ગાંધીજીના ધોરણે અધિકાર ખરો ? ગાંધીજીની દૃષ્ટિએ અહિંસા કેવળ નિરપવાદ નિયમ છે કે ચાલુ વ્યવહારૂ જીવનમાં અહિંસા સાથેની બાંધછોડ તેઓ સંમત કરે ખરા ?

આ બન્ને પ્રશ્નોનો જવાબ આપતાં પહેલાં સંઘની સામાન્ય પ્રવૃત્તિઓ વિષે તેમણે સંતોષ દર્શાવ્યો અને સંઘના શિસ્ત નિયમોને અનુલક્ષીને પોતાની જ્ઞાતિની એક પરિષદમાં જવાનું થયેલું ત્યારે તેમણે પોતાના જ્ઞાતિજનોને આવાજ નિયમો સ્વીકારીને જ્ઞાતિ દ્વારા દેશની સેવા કરવા કહેલું એમ તેમણે જણાવ્યું. જે જ્ઞાતિ કે કોમ દેશ કલ્યાણને પોષક બને તે રીતની બધી પ્રવૃત્તિઓ ચલાવે તેજ જ્ઞાતિ કે કોમને જીવવાનો અધિકાર છે. જે કોમને કે જ્ઞાતિને દેશહિતની કશી પડી જ નથી અને માત્ર છોકરા છોકરી વરાવવા અને જ્ઞાતિએ આંકેલી મર્યાદાની બહાર જાય તેને દંડવા–આટલા પુરતું જ કામ કરે છે તેવી કોમ કે જ્ઞાતિનો જેમ બને તેમ જલ્દિથી નાશ થાય એ ઇષ્ટ છે. આટલા પ્રસ્તાવ બાદ ઉપર જણાવેલ બે પ્રશ્નોમાંથી પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે જણાવ્યું કે:—

"અમુક સંજોગો હોત તો અમુક વસ્તુ થાત એ પ્રકારના તર્કમાં મને રસ નથી પડતો. સાચી વાત એ છે કે આપણે આજે સ્વરાજ ભોગવતા નથી કારણ આપણે તેને લાયક નથી. આપણે લાયક હોત તો તે કયારનું લઇને બેસી ગયા હોત, અને લડાઇમાં હિંદુસ્થાન કોંગ્રેસ ઑરજ ભાગ ભજવત. તમે લૌકિક ભાષામાં આ પ્રશ્નને વિચારો છો. હું ગાંધીજીની અલૌકિક કરણીનો વિચાર કરતાં એને અલૌકિક રીતે જોવાની રજા લઉં છું. અહિંસાદ્વારા સ્વરાજ એટલે અહિંસાદ્વારા હિંદુ–મુસ્લિમ ઐકય, અને અહિંસાદ્વારાજ સ્વરાજની રક્ષા. હિંદુ મુસ્લિમ ઐકય અહિંસા સિવાય બીજા કોઇ ઉપાયે શકય નથી. આજે 'ત્રીજો' અહીં છે એટલે તે વધુ મુશ્કેલ બને છે, પણ આપણે તો 'ત્રીજા'ને પણ અહિંસાદ્વારા કાઢવો છે, અને એક પંથે દો કાજ કરવાં છે.

કૉંગ્રેસ–રાજવહીવટ દરમ્યાન ગાંધીજીએ પ્રધાનોની હિંસા-નીતિ તરફ દુર્લક્ષ કર્યું એ આક્ષેપ મૂકવામાં આવે છે ખરો, અને તેથી જ વળી પૂના ઠરાવનું સમર્થન કરવામાં આવે છે. મારે જણાવવું જોઈએ કે દુર્લક્ષનો જે આરોપ છે તે ખોટો છે. જ્યારે જ્યારે પ્રસંગ આવ્યો ત્યારે ત્યારે ગાંધીજીએ પ્રધાનોએ લીધેલાં પગલાંની સખ્ત ટીકા કરી હતી એટલું જ નહીં, પણ તેમને ખાનગી રીતે પણ લખ્યું હતું. હું તો એમ કહું કે આપણા દુર્ભાગ્યે નહીં પણ સુભાગ્યે લડાઈ આવી, આપણે પ્રધાનપદ્દામાંથી ખસી ગયા, અને વર્ષ દિવસની ચર્ચા પછી પણ આપણે યુદ્ધથી અલગ થઈને બેઠા છીએ. આજે જગતમાં હિંદુસ્થાનમાં જ એક એવો દેશ છે કે જે યુદ્ધની સામે એક સખ્ત moral protest–નૈતિક વિરોધ રજુ કરી રહ્યો છે. ધારો કે પૂના ઠરાવ સ્વીકારાયો હોત તો ગાંધીજી તો કૉંગ્રેસની બહાર હતા જ અને વધારે બહાર થાત, એટલું જ નહીં પણ તેમને જીવન વિષે પણ બહુ જુજ રસ રહેત. પોલીસરક્ષા ઉપરાંતના હિંસક રક્ષાસામર્થ્યવાળા સ્વાધીન રાજ્ય-તંત્રમાં ગાંધીજીનો કોઇપણ રીતે સંબંધ હું કલ્પી શકતો નથી.

બીજો સવાલ તમે ભલે પૂછ્યો, પણ તમને એ નથી શોભતો. કારણ તમે ગાંધીજીને જાણો છો. મન, વચન અને કાયાથી સંપૂર્ણ અહિંસા પાળનાર તો કેવળ ઈશ્વર છે. ગાંધીજી તો પોકારી પોકારીને કહે છે કે એવો ભાગ્યેજ કોઇ દિવસ જતો હશે કે જ્યારે એમના અહિંસાના પાલનમાં કાંઇ શિથિલતા ન આવતી હોય. આપણે સૌ તો એ માર્ગના પ્રવાસી છીએ, એ આપણું ધ્યેય છે, એ ધ્યેયના તરફ સતત લક્ષ રાખતા છતાં આપણે ચૂકીએ, પડીએ, આખડીએ તો તે આપણી ભૂલો પણ ઈશ્વરાર્પણ છે. હા; આપણે આપણા મનને છેતરતા હોઇએ તો આપણું સ્થાન કૉંગ્રેસમાં નથી. મુનશીજીને માટે પ્રશ્ન ઉભો થયો એટલા માટે કે એમનામાં તો અહિંસક પ્રતિકારનો પ્રચાર કરવા જેટલી શ્રદ્ધા રહી ન હતી, બલ્કે એથી ઉલટું એમ. એમ લાગ્યું કે હિંસક પ્રતિકારનો પ્રચાર અને સંગઠન કરવું જોઇએ. એમ લાગતાં વેંત એમણે ગાંધીજીને પોતાના વિચાર દર્શાવ્યા અને તેમની સલાહ લઇ છૂટા થયા. મને લાગે છે કે એમણે એ પગલું લીધું એ પણ આપણી અહિંસાનીતિની બલિહારી છે અને મુનશીએ એ પગલું લઇને અહિંસાનીતિની સેવા કરી છે.

જીવનમાં આપણે બાંધછોડ કરીએ છીએ, પણ ધ્યેયને વિષે બાંધછોડ નથી કરતા. વળી કૉંગ્રેસને પોતાના સભ્યોના જાહેર જીવનની સાથે સંબંધ છે. ખાનગી જીવન સાથે સંબંધ નથી. એનો અર્થ એ નથી કે ખાનગી જીવનમાં માણસ વ્યભિચારી હોય, ખૂની હોય, ચોર હોય છતાં તે મહાસભામાં રહી શકે. એનો અર્થ એટલોજ છે કે મહાસભા કોઇના ખાનગી જીવનમાં પ્રવેશ નથી કરી શકતી, તેને વિષે જવાબદારી નથી લઇ શકતી. પણ આખો પ્રશ્ન જ પ્રમાણિકતાનો છે. હું ઘરમાં મારી સ્ત્રી સાથે ચીડાતો હોઉં, ક્રોધ કરતો હોઉં, કોકવાર છોકરાઓને મારી પણ બેસતો હોઉં તો મારી અહિંસા જરૂર લાજે. પણ જ્યાં સુધી મારી અહિંસા વિષે નિષ્ઠા કાયમ છે, ભૂલ થતાં વેંત મારું કાળજું કપાય છે અને મન એમ નિશ્ચય કરે છે કે હવે તો પાછી એ ભૂલ ન થાય, તો મહાસભાવાદી તરીકે હું નાલાયક નથી ઠરતો અને મને મહાસભામાંથી નીકળવાની જરૂર નથી રહેતી."

ત્યાર બાદ બીજા પણ કેટલાક પ્રશ્નોત્તરો થયા અને રસમય ચર્ચા ચાલી. જે કાર્યને માટે શ્રી. મહાદેવભાઇ હાલ મુંબઇમાં આવ્યા છે અને ફરી રહ્યા છે તે જળસંકટનિવારણના ફાળામાં એકત્ર થયેલા સભ્યોમાંથી એકઠી કરીને રૂ. ૨૩૫) ની રકમ તેમને સુપ્રત કરવામાં આવી. શ્રી. મહાદેવભાઇએ સૌને મળતાં પોતાને થયેલો આનંદ વ્યક્ત કર્યો. અલ્પ ઉપાહાર બાદ સભા વિસર્જન થઇ. **પરમાનંદ.**

ભગવાન મહાવીર અને ગૌતમસ્વામી

(ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાનની સાંક્ષિપ્ત નોંધ)

ગૌતમસ્વામીનું આખું ચરિત્ર અતિ અદ્‌ભૂત છે. તે અનેક દૃષ્ટિએ વિચારવા જેવું અને લખવા જેવું છે તેમનું જીવન એવું છે કે તેમના દરેક વિભાગમાં નવીનતા દેખાય. તેમાં ઘણી વિશિષ્ટતા અને વિચિત્રતા છે જે બીજે ભાગ્યેજ નજરે પડે છે.

તેમના જીવન ઉપરથી આપણી સમક્ષ જે મુદ્દાઓ રજુ થાય છે તેમાં સૌથી અગત્યનો મુદ્દો એ છે કેતે વખતે શ્રમણ–સંસ્કૃતિ અને જૈનસંસ્કૃતિ વચ્ચે કેટલોક તફાવત હોવા છતાં અમુક પ્રકારની એકતા હતી. બન્ને સંસ્કૃતિમાં આત્માની હયાતી સ્વીકારવામાં આવતી હતી. તફાવત આત્માની અંતિમ અવસ્થા કેવી થાય છે–એ મોટા ભડકાનો તણખો કે જળનું બિંદુ હોય અંતે વડવાનલમાં કે સમુદ્રમાં મળી જાય છે કે એનું વ્યક્તિત્વ રહે છે એ બાબત પર હતો. નિત્યાનિત્ય કે ભેદાભેદવાદમાં ભેદ હતો. બાકી નીતિના સિદ્ધાંતમાં લગભગ સમાનતા હતી ક્રિયા માર્ગ બન્નેનો તદ્દન અલગ હતો. જૈન સંસ્કૃતિ અહિંસાપર ભાર મૂકતી હતી, જ્યારે શ્રમણ સંસ્કૃતિ વેદોક્ત હિંસાને અહિંસા માનતી હતી.

મહાવીર સ્વામીના અગિયાર ગણધરોના જીવનચરિત્રો વાંચતા જણાય છે કે બ્રાહ્મણ અને જૈનો વચ્ચે બહુ તફાવત નહોતો. બન્નેના જે મિલનદ્વારા સંસ્કૃતિની રજુઆત થાય છે તે ઉપરથી સૂચિત થાય છે કે એ આખી સંસ્કૃતિના મૂળમાં એકતા અને અભિન્નતા હતી. પણ સાત નયની દૃષ્ટિએ દેખાતી ભિન્નતા દૂર કરી શકાય અને તેમાં રહેલી એકતાને વિકસાવી શકાય એમ શાસ્ત્રો વાંચતા સમજાય છે. વસ્તુ સમજનાર ભિન્નતાની અંદર રહેલી એકતા જોઇ શકે છે. જ્યારે નાનાં મગજો એકતામાં ઝીણું-વટોપર ધ્યાન રાખી ભિન્નતાને મુખ્ય સ્થાન આપે છે.

કલ્પસૂત્રમાં ગણધરવાદમાં જે મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા છે, તે તો ઘણાં ટૂંકમાં ચર્ચવામાં આવ્યા છે, પણ જો તેના ઉપરની વિસ્તૃત ટીકા વાંચીએ તો ધર્મોની એકતા આપણને દેખ્યા વગર નહિ રહે એમાં ભિન્નતા દેખાય છે ખરી, પણ તેની અંતર્ગત એકતા પથરાયેલી જરૂર જોવામાં આવે છે.

મહાવીર સ્વામીના શિષ્ય ગૌતમસ્વામી ગોબર ગામના રહેવાસી હતા. પિતાનું નામ વસુભૂતિ અને માતાનું નામ પૃથ્વી હતું. તેમના જીવન ઉપરથી જણાય છે કે તેમણે દર્શનશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હતો અને વેદના ક્રિયાવિભાગના તેઓ અતિ આગ્રહી હતા. જન્મથી બ્રાહ્મણ હોઇ શ્રમણ સંસ્કૃતિના પ્રણેતા હતા અને દર્શનવિભાગ સાથે ક્રિયામાર્ગમાં પણ ખૂબ ઊંડા ઊતર્યા હતા.

મહાવીરને જે દિવસે રૂજુવાલુકાને તીરે કૈવલ્યજ્ઞાન થયું તે દિવસે નજીકમાં આવેલી મધ્યમા નગરીમાં એક સોમિલ નામના ધનાઢય બ્રાહ્મણે યજ્ઞ કર્યો હતો. તેમાં અનેક વિદ્વાન બ્રાહ્મણો ઋત્વિજ તરીકે યજ્ઞ કરાવવા આવ્યા. ભૂત ભવિષ્ય અને વર્તમાનના સર્વ ભાવો એકી સમયે જાણી દેખી શકાય તે જ્ઞાનને કેવળજ્ઞાન કહેવામાં આવે છે.

મહાવીર સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ બીજે દીવસે તેઓ પાવાપુરી ગયા. તે જ વખતે ઉપર જણાવેલ યજ્ઞ ચાલતો હતો. અને તેમાં ઇંદ્રભૂતિ વગેરે પ્રધાન વિદ્વાનો ભાગ લઇ રહ્યા હતા. તે વખતે ગૌતમસ્વામીને મનમાં થયું કે પોતાની સાથે ચર્ચા કરી શકે તેવો કોઇ વિદ્વાન તો છે જ નહિ, પણ કુતુહલથી પ્રેરાઇને તેઓ મહાવીર પ્રભુ પાસે જાય છે. ભગવાન તેમને માન-પૂર્વક બોલાવે છે. ગૌતમસ્વામી એમ માને છે કે પોતે અપૂર્વ

વિદ્વાન છે, માટે જ તેને આટલા સન્માનપૂર્વક તેઓ બોલાવે છે. પણ ભગવાને તેમને આત્મા અને દેહનું અંતિમ રહસ્ય ઉપનિષદના વાક્યોનો સાચો અર્થ કરીને સમજાવ્યું અને તેમની મનની શંકાઓ વેદના સૂત્રોવડે જ દૂર કરી. વેદના વાક્યોનો જે અર્થ ઇંદ્રભૂતિ કરતા હતા તે અમુક રીતે કરવામાં આવે તો બધી શંકાઓનું નિવારણ થઇ જશે. વેદદ્વારા જ આત્માની સિદ્ધિ થઇ શકે છે એમ તેમણે ગૌતમસ્વામીને કહ્યું. આથી તેઓ તેમના પ્રથમ શિષ્ય થઇને રહ્યા. શાસ્ત્રના વચનો જો નયની દૃષ્ટિએ સમજવામાં આવે તો બધી વસ્તુનો સમન્વય થઇ શકે છે. છિદ્ર શોધવાને બદલે જો નયદૃષ્ટિએ વિચારીએ તો બધી વસ્તુઓનો ઘાટ બેસી શકે છે, એમ તેમને સમજાવ્યું. વસ્તુનો ઘાટ બેસાડવો, દરેક સૂત્રનું દૃષ્ટિબિન્દુ સમજવું અને એક મુદ્દો સમજતાં તેની બીજી બાજુ પર પણ ઉપેક્ષા ન કરવી એ નયપ્રમાણવાદ દરેક સૂત્રમાં અંશસત્ય જોઇ શકે છે અને તે પ્રાપ્ત થતાં તેટલા પૂરતો તેનો સ્વીકાર કરે છે, પણ પ્રમાણ સત્ય પ્રાપ્તિની શક્યતા સમજી રાખે છે.

મહાવીર સ્વામી અને અગિયાર ગણધરોના ચરિત્ર વાંચતા તેમાં અનેક પ્રશ્નો અને તેના ખુલાસાઓ નજરે પડે છે, અને અનેક દર્શનના ભેદોની અંદર રહેલી એકતા જોઇ શકાય છે. એમાં ભિન્નતાની નજરે જોઇએ તો ભેદ પણ દેખાય, પણ જોતાં આવડે તો રહસ્ય પણ સમજાય તેવું છે.

પેલા ગણધરે પૂછ્યું કે જીવ છે કે નહિ ?

બીજા ગણધરનો પ્રશ્ન એ હતો કે કર્મ છે કે નહિ ?

ત્રીજો પ્રશ્ન એ હતો કે જીવ અને શરીર જૂદા કેમ હોઇ શકે ?

ચોથો પ્રશ્ન એ હતો કે પૃથ્વી આદિ નથી, શૂન્ય છે.

પાંચમો પ્રશ્ન એ હતો કે પ્રાણી મરીને પરભવમાં તે જ યોનિમાં જન્મે છે.

છઠ્ઠો પ્રશ્ન જન્મ, બંધ અને મોક્ષને લગતો હતો. સાતમો પ્રશ્ન સ્વર્ગલોક છે કે નહિ તેને લગતો હતો. આઠમો પ્રશ્ન નર્કલોક છે કે કેમ ? નવમો પૂછે છે કે પુણ્ય પાપ છે કે નહિ ? દશમો પૂછે છે કે પરલોક છે કે નહિ ? અગિયારમો પૂછે છે કે મોક્ષ છે કે નહિ ?

આ બધાના બુદ્ધિગમ્ય ખુલાસાઓ આપવામાં આવ્યા છે. આ સર્વ પ્રશ્નો પરત્વે તે યુગમાં ખૂબ ચર્ચા થતી હતી અને એના ખુલાસા વેદવાક્યથી કરવામાં આવે ત્યારે માનસશાસ્ત્રની નજરે પણ શ્રોતા ઉપર અસર જરૂર થાય અને તે રીતે શંકા સમાધાન થતાં સમાધાન કરનાર તરફ પૂજ્ય ઉત્પન્ન થાય તેમાં નવાઇ નથી.

આ પ્રશ્નોનો ભગવાને વેદવાક્યોમાં જ જવાબ આપ્યો છે અને એવી સુંદર રીતે જવાબ આપ્યો છે કે આ અગિયારે, વિદ્વાન ગણધરોને સંતોષ થયો.

અગિયારે ગણધરો દાર્શનિક અને બુદ્ધિશાળી તો હતા જ, પણ તેમને સાચી દૃષ્ટિની જ જરૂર હતી. ભગવાને તે દૃષ્ટિ આપી અને તેઓ ભગવાનના શિષ્ય બન્યા.

ગૌતમ સ્વામીનું જીવન કેવી રીતે વ્યતીત થયું અને ભગવાન સાથેનો તેમનો સંબંધ કેવો રહ્યો એ આપણે વિચારીએ. સામાન્ય લોકો સમજી શકે તે રીતે પ્રશ્નો પૂછવા અને તેનો ખુલાસો લોકો સમજી શકે તેવી રીતે મેળવવો. એવી રીતે ગૌતમ સ્વામીની મહાવીર સ્વામી સાથે પ્રશ્નોત્તરી ચાલ્યા કરતી હતી. ભગવાનમાં તેમની ભક્તિ અસીમ હતી. મહાવીર પ્રભુમાં તેમને અત્યંત આદર અને રાગ હતો. તાત્વિક દૃષ્ટિએ આ સ્નેહ પણ રાગ જ છે. યોગની દૃષ્ટિએ આટલો રાગ પણ પાછો પાડનાર જ છે. આ રાગને લીધે તેમનામાં ઘણું જ્ઞાન છતાં તેઓ યોગ-પ્રગતિ કરી શક્યા નહિ. ગૌતમ સ્વામીના શિષ્યોને તેમની પહેલાં કેવળ જ્ઞાન મળ્યું, પણ તેમને આ પરિપૂર્ણતા પ્રાપ્ત થઇ થઇ નહિ. પાછળથી તેમને ખ્યાલ આવ્યો કે આ રાગ પણ બંધનકારી છે. ગૌતમ સ્વામી જેને દીક્ષા આપે તેને કૈવલ્ય થાય અને પોતે રાગના બંધનથી રૂંધાઇ રહે એ વાત નવાઇ જેવી બની, પણ પ્રશસ્ત રાગ પણ આખરે બંધન રૂપ છે અને જ્યારે તે અંગત થઇ જાય ત્યારે જડનું રૂપ જ લે છે એ વાતનો અત્રે સાક્ષાત્કાર થયો.

જૈન સંસ્કૃતિમાં તપ અને યોગનું શું સ્થાન છે તે વિચારીએ. ત્યાગની પહેલી શરૂઆત દાનથી થાય છે. જેના પર મોહ આકર્ષણ થાય તેવી વસ્તુ છોડતાં છોડતાં આખરે સર્વ ત્યાગની કોટિએ તે પહોંચે છે. દાનથી શરૂઆત કરી આખરે સર્વ સંગત્યાગની હદ સુધી પહોંચવાનું છે. એટલે ત્યાગીની શરૂઆત દાનથી થાય. તપ બાહ્ય અને આભ્યંતર એમ બે પ્રકારના છે. બાહ્ય કરતાં અભ્યંતર તપનો મહિમા વધારે છે અને એનો બરાબર અમલ થાય તો કર્મનિર્જરામાં એ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

જૈનધર્મના નીતિ વિભાગ (Ethics)નો મૂળ પાયો **અહિંસા, સંયમ** અને **તપ** એ ત્રણ ઉપર રચાયેલો છે. સંયમમાં તપનો સમાવેશ થાય છે. એટલું જ નહિ પણ દાન વગેરેનો પણ તપમાં સમાવેશ થાય છે. એ જૂદી જૂદી મર્યાદા બતાવે છે, પણ વર્ગીકરણમાં એ સંયમના નામ નીચે આવે છે. મોક્ષપ્રાપ્તિને અંગે બન્ને પ્રકારના તપને બહુ અગત્યનું સ્થાન છે.

એક એવી માન્યતા હતી કે અષ્ટાપદ પર્વત ઉપર એક રાત રહે તેનો આ ભવે મોક્ષ થાય. આનો [illegible] સમજવા જેવો છે. 'અષ્ટાપદ' એ યોગની છેલ્લામાં છેલ્લી સ્થિતિ છે, તેની ભવ્યતા અલંકારિક ભાષામાં કલ્પનાને પોષે તે રીતે બતાવી શકાય છે અને તે રીતે જોતાં તે યોગની ઉંચામાં ઉંચી સ્થિતિ છે. આ યોગ દૃષ્ટિએ અષ્ટાપદની હકીકતને સમજવા પ્રયત્ન કરીએ. કથા એવી છે કે ૧૫૦૦ તાપસો અષ્ટાપદ પાસે બેઠા હતા અને ત્યાં રહી તપ કરતા હતા. પહેલા ૫૦૦ તાપસો એક ઉપવાસ કરતા હતા. બીજા પાંચસો તાપસો બે ઉપવાસ કરતા હતા અને ત્રીજા પાંચસો તાપસો ત્રણ ઉપવાસ કરતા હતા. તેમનાં નામો અનુક્રમે કુંડિન્ન, દિન્ન અને સેવાલ હતા. પારણામાં પ્રથમના પાંચસો કંદ આર્દ્ર ખાતા હતા, બીજા પાંચસો ખરી પડેલ પાંદડાં ખાતા હતા અને બાકીના પાંચસો સુકી સેવાળ ખાતા હતા.

યોગની પહેલી કક્ષાએ સ્થિત થયેલા તે પહેલી મેખલાએ, બીજા પાંચસો તાપસો બીજી મેખલાએ એટલે યોગની બીજી કક્ષાએ અને ત્રીજા પાંચસો તાપસો ત્રીજી કક્ષાએ હતા. આ પંદરસો તાપસો બેઠા હતા ત્યાં ગૌતમસ્વામી આવી પહોંચ્યા. તેઓ તો પોતાની વિશિષ્ટ શક્તિથી એકાએક અષ્ટાપદ ઉપર પહોંચી ગયા. આથી તાપસોને આશ્ચર્ય થયું કે આપણે આટલું તપ કરીએ છીએ છતાં ન ચડી શક્યા અને આ ગૌતમ પરભારા વગર શ્રમે ચડી ગયા. માટે આ યોગપ્રગતિમાં માત્ર દેહદમન કે બાહ્ય તપ ઉપરાંત બીજી શક્તિનો સ્વીકાર છે. અષ્ટાપદ એટલે યોગની ભૂમિકાઓ એ માત્ર મારો ખ્યાલ છે. ત્યાં ગૌતમસ્વામી પોતાની શક્તિથી ચડી ગયા અને એક વૃક્ષ હેઠળ બેઠા અને વૈશ્રમણ નામના એક તિર્યગ્જૃંભક દેવતાએ તેમને પ્રશ્ન પૂછ્યો કે બીજા તપ કરીને કૃશ થઇ ગયા છે છતાં તેમને સિદ્ધિ મળી નથી અને તમે શરીરે ઇષ્ટપુષ્ટ જણાઓ છો, છતાંતમને આટલી

સિદ્ધિ કેમ ?' આના જવાબમાં ગૌતમસ્વામી મન અને શરીરનો સંબંધ સમજાવનારી એક વાત કહે છે. આ વાત જાણવા જેવી છે.

પુંડરીક અધ્યયન.

પુંડરીકિણી નગરીમાં મહાપદ્મ રાજા હતો, તેને બે પુત્રો હતા; પુંડરીક અને કંડરીક. મહાપદ્મ સાધુ ઉપદેશથી સાધુ થયા અને પુંડરીકને રાજ્ય આપવામાં આવ્યું. ઘણા વર્ષ પછી તેમને એક ગુરૂનો સમાગમ થયો અને તેમને ભાન થયું કે આ રાજ્ય પણ એક વખતે છોડી જવાનું છે અને ત્યાગમાંજ સાચી સંપત્તિ છે. તેથી તેણે નાના ભાઇ કંડરીકને કહ્યું કે પોતાને હવે રાજ્ય નથી કરવું, કંડરીક રાજ્ય કરે એવી પુંડરીકે ઇચ્છા બતાવી. કંડરીકે પણ ઉપદેશ સાંભળ્યો હતો. તેણે કહ્યું કે મોટા ભાઈ જેને અસાર માને છે તે હું શા માટે લઉં ? આ વિચારથી કંડરીકે આ રાજ્ય સ્વીકારવાની ના પાડી અને પોતે જાતે દીક્ષા લેવાની તૈયારી કરી. પુંડરીકે નાનાભાઇ કંડરીકને દીક્ષાની દુષ્કરતા સમજાવી પણ કંડરીક ચળ્યો નહિ. તેણે દીક્ષા લીધી અને અત્યંત આકરા તપ કરીને પોતાનું શરીર કૃશ કરી નાખ્યું, પુંડરીકે સાધુ થયા વગર પણ નિર્લેપભાવે કર્તવ્ય કરતા હોય તેવી રીતે રાજ્ય અમલ કર્યો. કંડરીકે ચારિત્ર તો પાળ્યું જ પણ એક વખતે વસંત ઋતુમાં અમુક આકર્ષક દેખાવો જોઇને તેમની વૃત્તિઓ ચળી; તેમને વિચાર થયો અને લાગ્યું કે ભાઇ રાજ્ય આપતા હતા તે લીધું હોત તો સારૂં હતું, પછી દુનિયાની મોજ માણી છેવટે ચારિત્ર લેત. એને ખાત્રી હતી કે ભાઇ પાસે જશે તો રાજ્ય તો જરૂર મળશે. આ વિચારથી પ્રેરાઇને તરતજ ભાઇની નગરી પુંડરીકિણી તરફ પ્રયાણ કર્યું. ત્યાં પહોંચી એક બગીચામાં જેણે પોતાનો વેશ અને ઉપાધિ ઝાડે લટકાવી દીધા. પુંડરીકને સમાચાર મળતાં એ જાતે ત્યાં આવી પહોંચ્યા. એની ચેતના તો ખૂબ ખીલેલી હતી. એણે આખો રંગ જોઇ લીધો અને એ સમજી ગયો કે ભાઇની સંસાર દશા જાગૃત થઇ છે. એટલે એણે કંડરીકને રાજ્ય કરવા આગ્રહ કરી, મંત્રીને બોલાવી તેના રાજ્યારોહણની ક્રિયા કરવા સૂચના આપી દીધી અને પોતે ભાઇએ ઝાડે લટકાવેલ મુહપત્તિ અને ઓઘો લઇને ચાલી નીકળ્યા. યોગ્ય સાધુ નજીકમાં ન મળવાને કારણે દીક્ષા ન લીધી પણ ભાવના કરતાં કરતાં ચાલી નીકળ્યા.

કંડરીકે રાજ્ય હાથમાં લીધું અને તરતજ હુકમો છોડવા માંડ્યા. ઘણા વખત સુધી ભોગ નહોતા ભોગવ્યા એટલે પહેલી શરૂઆત અતિશય ખાવાથી કરી, વિષય સેવવા આખી રાત જાગરણ કર્યું અને ખૂબ ખાવા અને પીવા માંડ્યું. તેજ રાત્રે પેટમાં વિસૂચિકા (ભયંકર પેટનો દુખાવો) ઉપડી આવવાથી તે તેજ રાત્રે મૃત્યુ પામ્યા અને સાતમી નરકે ગયા. આવી કથા છે. આ તેમના વિષયોની તીવ્રતા બતાવે છે. વિચારપૂર્વકનો ત્યાગ ન હોય તો કેવાં પરિણામ આવે છે તેનો આ નમુનો છે.

બીજી બાજુ પુંડરીક સત્વર દીક્ષા લેવાની ઇચ્છાથી ઝપાટાબંધ આગળ ચાલવા લાગ્યા. તેને રસ્તામાં કાંટા કાંકરા અતિશય વાગ્યા. પોતે થાકી ગયા. રાજભોગ અને સુંવાળા જીવનની ટેવ હોવાથી આ જાતનું જીવન તેને આકરૂં પડી ગયું, પણ એની ચીવટ ભારે હતી અને નિર્ણય દૃઢ હતો. તેજ રાત્રે શુભ ધ્યાન કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થયા. આ રીતે જેમણે આખી જીંદગી રાજ્ય કર્યું હતું છતાં ટુંક વખતમાં તેમનો મોક્ષ થયો, જ્યારે આખી જીંદગી સુધી મહાકષ્ટ કરી ચારિત્ર પાળ્યું હતું તે કંડરીકને નરકમાં જવાનું થયું. આ વાત કર્યા પછી વૈશ્રમણને ગૌતમ સ્વામીએ સમજાવ્યું કે બાહ્યત્યાગની સાથે આંતરિક ત્યાગ હોય તો જ આત્મશુદ્ધિ થાય છે. બાહ્યત્યાગ એકલો હોય તો પડતાં કે લપસતાં વાર નથી લાગતી, માટે જેટલી પ્રગતિ કરવી તે વિચારપૂર્વક કરવી અને પોતાનો પગ જ્યાં સ્થિર થાય ત્યાંજ સ્થિર કરવો અને પછી આગળ વધવું.

ગૌતમ સ્વામીએ પણ તાપસોને સમજણ પૂર્વકના ત્યાગનું મહત્વ સમજાવ્યું અને આ તાપસોનાં જ્ઞાનપડળ આડેનો પડદો દૂર કરીને ગૌતમ સ્વામીએ તેમને દીક્ષા આપી. પંદરસે તાપસો યોગમાં પ્રવૃત્ત થયા, તેમને વિશેષ આત્મજાગૃતિ થઇ અને તેમણે કૈવલ્ય પ્રાપ્ત થયું. તેમનો ત્યાગ તો હતો, સાથે આત્મદર્શનની જરૂર હતી તે પૂરી થતાં તેઓ માર્ગપર ચાલી ગયા.

મહાવીર સ્વામીના નિર્વાણ પછી ગૌતમસ્વામીને જ્ઞાન થયું કે મહાવીર પ્રભુ પ્રત્યેનો પોતાનો રાગ જ પોતાને બંધન રૂપ નીવડી રહ્યો હતો. આ જ્ઞાન થતાં તેમનો છેલ્લો પડદો દૂર થયો અને તેઓ કેવળી પદ પામ્યા. જૈનોમાં યોગ જેવી ચીજ જ નથી એમ કહેવામાં આવે છે તે અણસમજ છે. અષ્ટાપદની યોજનામાં તેની જુદી જુદી શ્રેણીઓ અને માત્રાઓ છે જેમાં અધિકાર પ્રમાણે માણસો જુદા જુદા સ્થાને ઉભા હોય છે.

આ યોગની દૃષ્ટિએ આખી અષ્ટાપદની યોજનાનો ખ્યાલ કરીએ તો અનેક મહાન સત્યો નજરમાં આવે તેમ છે ગૌતમસ્વામીની ભક્તિ, તેમનો ઊંડો અભ્યાસ, સત્ય સમજાય એટલે સ્વીકારની સરળતા અને જનતાના બોધ માટે અવિરત પ્રયાસ ખાસ અનુકરણ કરવા યોગ્ય છે. એમના આખા ચરિત્રમાં જૈન યોગ ડોકિયાં કરી રહ્યો છે. એમાં સરળતા, સભ્યતા, અને ભક્તિ સાથે જરા પણ રાગ હોય ત્યાં સુધી સિદ્ધિ થતી નથી એની લાક્ષણિક દલીલો છે અને પ્રભુ પ્રત્યેનો રાગ પણ સંસારમાં નચાવે છે એ વાતમાં ભારે રહસ્ય છે. જનતામાં આ વાતનો પ્રચાર થવાની જરૂર છે. જૈન દર્શનની વિશાળતામાં–પરમત સહિષ્ણુતા, પરવિચારનું પાચન કેટલી વિશિષ્ટ રીતે સ્થાપ્યું છે તે બતાવવા માટે એના પ્રરૂપક પર અંગત રાગ ન કરવાની જે દર્શન વ્યાખ્યા કરે અને એવો રાગ પણ સંસારમાં રખડાવનાર થાય છે એમ બતાવે એનો વૈભવ, યોગસદ્‌ભાવ અને ચારિત્ર્ય આરાધનની કક્ષા કેટલી ઊંચી હશે તેનો ખ્યાલ કરવા જેવો છે. આ હકીકત સમજાય તો અનેક વર્તમાન ગૂંચવણોનો છેડો આવી જાય તેમ છે. ઇંદ્રભૂતિ-ગૌતમનું જીવન યોગપ્રગતિમાં દૃષ્ટાંત લેવા જેવું છે, ભક્તિ રસનો ભંડાર છે, જ્ઞાન આપવાના બોધપાઠ પૂરા પાડનાર છે અને જૈન દર્શનને એના અતિ ઉચ્ચ આકારમાં બતાવનાર છે. આપણે એ જીવનનો સાર સમજી એ રીતે પ્રગતિ કરવા પ્રયત્ન કરીએ,

મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.

'મહાવીર જીવન'

(ગયા વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપાએલ વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર)

આપણા પિતાનો જો કોઇ પરિચય આપવા આવે તો આપણે પિતાના વખાણ સાંભળીને ખુશી થઇએ, પણ સાથેસાથ પરિચય કરાવવા આવનાર ધૃષ્ટતા કરે છે એવો પણ જરા ખ્યાલ આવે છે. તેવી જ રીતે મહાવીર સ્વામી આપણા સૌના પ્રેરક પિતા હોવા છતાં તેમના જીવનનો પરિચય કરાવવાની ધૃષ્ટતા હું કરૂં છું એમ લાગે તો ક્ષમા કરશો.

મહાવીર સ્વામી કોણ છે અને કેવા હતા એ આપણે આજના આપણા મંદિરો કે તેમના અનુયાયીઓના ઢંગ ઉપરથી જાણી શકતા નથી. એમ લાગે છે કે મહાવીર સ્વામીને વિરોધીઓએ જો લોખંડની બેડીમાં જકડયા છે, તો અનુયાયીઓએ તેમને સુવર્ણની બેડીઓમાં જકડયા છે. મંદિરોની અદ્ધળક મહેલાતો અને સાધુઓની પરિચર્યા જોતાં મહાવીર સ્વામીના જીવનથી તેઓ ઘણા છેટે હોય તેમ જણાય છે.

તીર્થંકરો બનાવવાનું જાણે આપણે કારખાનું બનાવ્યું હોય તેમ લાગે છે. બધા માટે એક સરખા રંગઢંગ અને દંતકથાઓ જોડી દીધી છે. આ બધાનું પરિણામ એ આવે છે કે તીર્થંકરને આપણે આપણાથી ઘણા દૂર, અલગ અને મહાન બનાવી દઇએ છે. અને તેમના જીવનને કોઇ ચમત્કાર માનીને આપણે તેમને જોઇને આપણું જીવન ઘડવાની કશી જરૂર જોતા નથી.

જન્મથી જ મહાવીરને નારાયણ રૂપે આપણે જાણીએ છીએ પણ તેઓ નરમાંથી નારાયણ કેવી રીતે થયા તે આપણે જાણતા નથી, જાણવાની તકલીફ લેતા નથી. તેઓ આપણી જેમ જન્મ્યા હતા, પણ પોતાના પુરૂષાર્થથી, ત્યાગથી અને તપથી તેઓ નારાયણ બન્યા હતા એ વસ્તુ આપણે ઓળખવા માંગતા નથી.

બીજી બાજુએ એમ પણ જોવામાં આવે છે કે, શેઠ શાહુકારો અને સમ્રાટની જેમ ભગવાનને પણ આપણે દુનિયાદારીની કસોટીથી માપીએ છીએ અને રાખીએ છીએ, એટલે રાજાઓની માફક તેમને પણ ઝરઝવેરાત પહેરાવીએ છીએ. શહેનશાહના મુગટમાં એક હીરો હોય તો ભગવાન મહાવીરના મુગટમાં દશ હીરા નાખીએ છીએ અને અનેક જાતના રજવાડી ઠાઠ ઠઠેરાથી દેવને અને દેવમંદિરોને વિભૂષિત કરીએ છીએ.

બીજાઓના કરતાં આપણો ધર્મ મોટો, બીજા કરતાં આપણાં શાસ્ત્રો મોટાં, આપણું તત્ત્વજ્ઞાન મોટું એમ આપણે કહીએ છીએ, પણ સાથેસાથ આપણી ગપ્પો પણ મોટી હોય તેમ મને જણાય છે. મહાવીર સ્વામી એકલા ફરતા, આમ ચમત્કાર કરતા અને તેમ ચમત્કાર કરતા. આવી અનેક વાતો વગર સંકોચે માની લઇએ છીએ અને સાચા ખોટાની વિવેક–બુધ્ધિની કસોટીએ ચઢાવવાની તકલીફ લેતા નથી.

આપણી સામે તીર્થંકર એક પુન્યફલના પરિણામ રૂપે રાખવામાં આવ્યા છે. પણ ખરી રીતે તીર્થંકર એક પુન્યફળનું પરિણામ નથી, પણ પોતે એક જીવતી તપસ્યા છે. તેમના જીવનનું સાચું મહત્ત્વ આ તપસ્યામાં છે તે આપણે ભૂલી જઇએ છીએ. જન્મ પછી તેમને એક પર્વત ઉપર લઇ જવામાં આવ્યા હતા, એવી અનેક વાતો કહેવાય છે અને જન્મથી જ એક ચમત્કારિક જીવનનો ભાસ આપવામાં આવે છે. આથી તેમના વાસ્તવિક જીવનને આપણે ઓળખી શકતા નથી અને તેમનું જીવન અલ્લાદીનની કહાણી જેવું બની જાય છે, અને તેમાંથી આપણે જીવનમાં કશું ઉતારવા જેવું નથી એમ લોકો માનવા લાગે છે.

મહાવીર જીવનની આજુબાજુ જે આવી અવિશ્વસનીય કલ્પનાઓનાં જળાં રચાયાં છે તેમાંથી જ ઝગડા થાય છે. ભગવાન ભલું કરતાં હતા કે નહિ તે સંબંધી કોઇને મતભેદ નથી. મતભેદ હોય તો તેઓ શું પહેરતા અને ખાતા એવી નજીવી બાબતોમાં છે.

જગતમાં માણસ પોતાના આચરણથી તીર્થ બનાવી શકે છે. કોઇ ધર્મ નથી બનાવી શકતું પણ ધર્મના તળાવ કે ઘાટ બનાવી શકે છે. આ ઘાટ બનાવનાર તીર્થંકર કહેવાય છે. તીર્થ ઉપરની સાફસુફી કરનારા તીર્થંકર નથી. માત્ર ઝાડુ દઇને ધર્મને સાફ કરનારા આચાર્ય કહેવાય. પણ ભગવાન મહાવીર અને પાર્શ્વનાથને તો આપણે તીર્થંકર કહીએ છીએ, આમાં ઘણો અર્થ રહેલો છે.

પાર્શ્વનાથના સમયમાં જૈનધર્મનું નામે નહોતું. જિન, અર્હંત અને બુદ્ધ એ શબ્દો શું ઉપયોગમાં તે વખતે વપરાતા એ આપણે ચોક્કસ જાણતા નથી. પાર્શ્વનાથ પાસેથી મહાવીર સ્વામીએ ઘણું મેળવ્યું જ હોય તેમ પણ બને અને પાર્શ્વનાથની વિચારશ્રેણી વૃદ્ધ થઇ ગઇ હોય એટલે તેનો હવાલો તેમણે જુવાન મહાવીરને આપ્યો હોય તેમ પણ બને.

પંડિત કિતાબ પઢે છે, તીર્થંકર દુનિયાને જુએ છે. પંડિતનું જ્ઞાન શાસ્ત્રમૂલક છે, જ્યારે તીર્થંકરનું જ્ઞાન અનુભવમૂલક છે, એ તેમની વિશેષતા છે, એ કૈવલ્ય છે. મહાવીર સ્વામીના જીવનમાં સ્વતંત્ર વિચાર છે, પણ એનો અર્થ એ નહિ કે તેઓ જન્મથીજ વિદ્વાન હતા અને આપણી જેમ ખેલ્યા, કુદ્યા કે રોયા નહોતા. પણ આપણે તો તેમને આપણા જેવા નથી ગણવા માગતા એટલે જન્મથી તેઓ રમે તો દેવતા સાથે રમતા એવી વાતો ચલાવીએ છીએ.

પણ તેઓ ગમે તેવા મહાન હોય તો પણ તેમનું મૂળ તો નાનુંજ હતું એમાં શંકા નથી. તેમણે માબાપ પાસેથી, અન્ય શાસ્ત્રો પાસેથી, મિત્રો પાસેથી જ્ઞાન મેળવ્યું હશે. એકાએક જ્ઞાન પ્રાપ્તિનો તેમને ચમત્કાર થયો એમ માનવાનું કારણ નથી.

દરેક દવામાં પાણી તો હોય છે પરંતુ દરેક રોગ ઉપર જુદું જુદું મિશ્રણ બનાવવું પડે છે, તેમ સત્ય અહિંસા તો અનાદિ છે, પણ દેશકાલ અનુરૂપ તેને નવા સ્વરૂપમાં રજુ કરવા પડે છે. તીર્થંકરોએ આ કાર્ય કર્યું છે, તીર્થંકરોએ અને ધર્મસંસ્થાએ પોતપોતાના સમાજની જરૂરિયાતને અનુસરતાં નિયમો ઘડયા છે અને જણાવ્યું છે કે જમાનો બદલાયો છે એટલે જૂની વાતો જવી જોઇએ.

પાર્શ્વપત્ય સાહિત્ય આજે ઉપલબ્ધ નથી, એટલે ખબર પડતી નથી કે તેમાં શું ઇષ્ટ હશે કે શું અનિષ્ટ હશે અને તેમાં કેટલો ફેરફાર ભગવાન મહાવીરે કર્યો હશે!

આદમી અનાદિ અનંત છે એ માનવા જેવી વાત છે, પણ મોહન કે લાલન અનાદી અનંત છે એ વાત માની શકાય નહિ; ધર્મ અનાદિ અનંત છે પણ ધર્મસંસ્થાઓ અનાદિ અનન્ત છે એમ માની શકાય નહિ. મનુષ્યોની માફક ધર્મસંસ્થાઓમાં પણ પરિવર્તન અને લય થવા જોઇએ. અઢી હજાર વર્ષ પહેલાં મહાવીર સ્વામીએ જે આચાર વિચારના નિયમોનો કોટ બનાવ્યો તેમાં આજે ફેરફાર કરવાનું કોઇ કહે તો આપણે ઝઘડવા તૈયાર થઇએ છીએ. આ કેવી વિચિત્ર વાત છે?

મહાવીર સ્વામીએ કહ્યું કે ઘેર ઘેર કેવળી બની શકે છે એનો આપણે ખ્યાલ રાખ્યો છે? તેમના જીવનની કર્મઠતા આપણે અપનાવી છે? વૈદ્ય જે પોતે ખાય છે તે રોગીને નથી આપતા. મહાવીર સ્વામીના જીવનમાં પણ તેમણે આમ કર્યું છે. તેમણે પોતે જે કઠોરતમ ઉપવાસ કર્યા છે તે બધું કરવાનું તેમણે અનુયાયીઓને કહ્યું નથી, પોતે નગ્ન રહે છે માટે બીજાઓ નગ્ન રહે તેમ તેમણે કહ્યું નથી. મહાવીર સ્વામીનું જીવન એક મહાન જીવન તરીકે આપણે દેખીએ છીએ, પણ તેમણે જીવન અને ધર્મસંસ્થાઓમાં જે પરિવર્તન આણ્યું, જે ઉપદેશ પ્રબોધ્યો અને અનેકાંત દૃષ્ટિ આણી તેનો આપણે વિચાર નથી કરતા અને શ્વેતાંબર દિગંબરના ઝગડાઓમાં રચ્યા પચ્યા રહીએ છીએ. અનેકાંતના વ્યવહાર રૂપનું જે દર્શન તેમના જીવનમાં થાય છે

તે આપણે ન ભૂલવું જોઇએ. તેમના જીવનની આ સૌથી મહત્વની વાત છે.

જાતિમદ અને જાતિભેદનું તેમણે નિવારણ કર્યું છે. નર-નારીના ભેદ અને અલ્પતા-મહત્તાના ખ્યાલો તેમણે તોડયા છે. બીજી વાતોમાં આપણે ઇતિહાસમાં માનીએ છીએ, પણ ધર્મની વાતોમાં આપણે પુરાણને પ્રમાણ ગણીએ છીએ. ઇતિહાસ કરતાં પુરાણ વધુ પ્રામાણિક છે, કેમ કે ઇતિહાસમાં લૂંટ અને અત્યાચાર દ્વારા પણ માણસો જગતમાં ફાવે છે એમ ઉલ્લેખ થઇ શકે છે, પણ ધર્મમાં એવો ઉલ્લેખ નથી થઇ શકતો. કેમ કે ધર્મ સ્થળકાળની ચાળણીમાંથી શાશ્વત વસ્તુને તારવીને આપણી સમક્ષ રજૂ કરે છે. મલ્લિનું ચરિત્ર એ ઇતિહાસ નથી, પણ પુરાણ છે. ભગવાન લખી ગયા એટલે મલ્લિને માનીએ છીએ, પણ મૂર્તિ કોઇ દેવી કે ભગવતી મલ્લીની નથી રાખતા. આપણા ઘરમાં મલ્લિ હોઇ શકે છે એમ આપણે માની શકતા નથી. શાસ્ત્રોમાં જે નર-નારી સમભાવ છે તે આજના આપણા જીવનમાં નથી.

નાત-જાતનો ભેદ ગાંધીજીએ ટાળ્યો એટલે આપણે તરત આવીને કહીએ છીએ કે આ વાત આપણા ધર્મમાં હતી,-શાસ્ત્રમાં હતી. તો ભલા આપણા જીવનમાં આજ સુધી કેમ ઉતારવામાં ન આવી ? કુંભારને સાધુ બનવાનો અધિકાર આપીએ છીએ, પણ શ્રાવક બનાવીને સમાન સ્થાને આપણે તેને સ્થાપતા નથી. આજે શકડાલ કુંભાર જેવા શ્રાવકો કોઈ છે ?

મહાવીરના જીવનમાંથી નરનારી-સમભાવ, સાધુ સંસ્થાઓના વ્યવહાર, ત્યાગી અનીને કામ કેમ કરવું એ બધું શિખવા જેવું છે, પણ આજે જેમ માણસ નિષ્ક્રિય તેમ તેની મહત્તા વધુ બતાવવામાં આવે છે. જો પ્રવૃત્તિશીલ હોય તો તેને સંસારી કહેવામાં આવે છે. ઉપાશ્રયમાં ભરાઇ રહે તો સાચો સાધુ-સાચો સન્યાસી-કહેવાય. આવી બધી વાતો દ્વારા આપણે જીવનને માત્ર મૂર્તિ જેવું નિષ્ક્રિય બનાવી દીધું છે

તીર્થંકરનું જીવન એ મૂર્તિ જેવું નહોતું. તેઓ જગતભરમાં વીજળીની માફક ઘુમતા ફરતા રહેતા. જે જમાનામાં ટેલીફોન, છાપા કે અત્યારની વ્યવસ્થા નહોતી તે જમાનામાં જે માણસ મોટી મોટી સાધુ સંસ્થાઓ સ્થાપી શકયા અને પોતાના અહિંસાના મંત્રનો આટલો પ્રચાર કરી શકયા તે મહાવીરે કેટલું કામ કર્યું હશે. તેનો આપણે ખ્યાલ કરવો જોઇએ. જગતનું કલ્યાણ કેમ કરવું તેનું રાત દિવસ ચિંતન કરીને તેઓ અત્યંત પ્રવૃત્તિશીલ રહેતા એમ સ્પષ્ટ જણાય છે.

તીર્થંકરો તો ઘણા આવે છે પણ એ જમાનાના લોકો પોતાની અતિ નજીકતાથી તેમને જોઇ શકતા નથી, પીછાની શકતા નથી. પણ આજે આપણે આટલા સમય પછી તેમને પીછાની શકીએ છીએ પણ તેમ કરવા માટે આપણે તેમને વિવેકના ચશ્માથી જોવા જોઇએ.

મહાવીર ઘણા સુંદર હતા એ બધી વાત ભલે હો ! તેમાં કાંઇ દોષ નહોતો, બલવાન હતા એ પણ ઠીક છે, પણ આ વસ્તુઓ ઉપાસનાનું કારણ નથી. આ વાર્તા અગત્યની નથી, પણ તેઓ નરનારાયણ કેમ બન્યા અને કેવા પુરૂષાર્થથી પોતાનું અને જગતનું જીવન ઉજ્જવળ. એ વાત મહત્ત્વની છે, અનેકાંતનો તેમનો સંદેશો અને તેનો વ્યવહાર અમલ એ મુખ્ય વાત છે. પ્રાચીનતા અને નવીનતાનો ઝગડો છોડીને દેશકાળ અનુરૂપ મહાવીરનો અહિંસાનો સંદેશો આપણે સમજવાની જરૂર છે.

મહાવીરની માફક નગ્ન કપડાં પહેરીને ફરવાની આજે જરૂર નથી; પણ મહાવીરે જગતને સુખી બનાવવા માટે શું કર્યું તેનો વિચાર કરીને આપણા દેશકાળ અનુરૂપ વર્તન ઘડવું જોઇએ. સમાજને ખુશ કરવા માટે નહિ પણ સમાજને સુખી બનાવવા પ્રયત્ન કરવો જોઇએ. તીર્થંકરો યશ અપયશની પરવા કર્યા વિના જગતના કલ્યાણ અર્થે અવિરત પ્રયાસ કરતા હતા, તેવી રીતે આજે પણ દુનિયાની નિંદા, પ્રશંસા કે સંઘર્ષનો વિચાર કર્યા સિવાય સમાજના ઉત્કર્ષ અર્થે સર્વ પ્રવૃત્તિ ચલાવવી જોઇએ.

મહાવીરના જો આપણે સાચા પુજારી હોઇએ તો શ્વેતાંબર દિગંબરના ભેદ મટી જવા જોઇએ, નરનારીનો સમભાવ સ્થપાવો જોઇએ, હિંદુ મુસ્લીમ અને સર્વ કોમો વચ્ચે ઐકય યોજાવું જોઇએ; આપણી આંતરિક વિષમતા દુર થવી જોઇએ. આ બધું ન થાય ત્યાં સુધી આપણે મહાવીરના સાચા અનુયાયી ન ગણાઇ શકીએ, તેમ તેમના જીવનને આપણે સમજ્યા કહીએ તેમ પણ કહી ન શકીએ.

પંડિત દરબારીલાલજી

આજના અમદાવાદ વિષે કાંઈક

કોમી રમખાણનું સ્મરણ

આજથી ચાર મહીના ઉપર એપ્રીલ માસની ૧૮ મી તારીખે અમદાવાદમાં પ્રથમ કોમી તોફાનની શરૂઆત થઇ અને પછીના દિવસોના છાપાઓમાં શ્રી૦ ઇન્દુમતી બ્હેનની સાહસિક વીરતાની વિગતો વાંચી ત્યારથી એ શહેરની થયેલી ખાનાખરાબી નજરે નિહાળવાની ઇચ્છા થતી હતી. એ હુલ્લડ શમ્યું અને મુંબઇમાં શરૂ થયું. મુંબઇમાં જરા શાન્ત પડયું અને પાછું ત્યાં શરૂ થયું. પછી વળી મુંબઇમાં ચાલ્યું. એ બંધ પડતાં રેલ્વેના રસ્તાની અતિવૃષ્ટિથી હાલહવાલી થઇ. ટ્રેનોનો વ્યવહાર ખોટકાઇ ગયો અને એ રીતે અમદાવાદ જવાનું મુલતવી થયા કર્યું. ટ્રેનોનો વ્યવહાર રીતશર શરૂ થયો અને તા૦ ૩૦ મી જુલાઇએ હું અમદાવાદ જવા રવાના થયો. તા૦ ૩૧ મી જુલાઇના દિવસનો મોટો સમય અમદાવાદમાં તા૦ ૧૮ મી એપ્રીલ ને શુક્રવારે કોમીવાદે સળગાવેલી હોળીમાં ભસ્મ થયેલાં મકાનો જોવામાં કાઢયો. એકજ દિવસે અને શહેરના જુદા જુદા લતાઓમાં થયેલી હોળીઓ જોતાં આ બધું અગાઉથી કોઇ નિયત કરી રાખેલી યોજનાનું પરિણામ હોય એમ કોઇને પણ લાગ્યા વિના ન રહે. અમદાવાદમાં વસતા મુસલમાન ભાઇઓનો મોટો ભાગ છીપા, વણકર, આદિનો હોઇને અંગમહેનત ઉપર નિર્વાહ કરનારો છે. પણ તોફાન શરૂ થવા અગાઉ થોડા સમય પહેલાં બહાર ગામથી કેટલાક ઝનુની મુસલમાન તોફાનીઓએ ત્યાં આવવા માંડયું અને શહેરના ગરીબ પણ મહેનતુ વર્ગ ઉપર ધીમે ધીમે ધર્માંધપણાનું ઝેર વેરવા માંડયું. જેના પરિણામે ધર્મઝનુનીઓનો એક ઘણો નાનો ભાગ એ લોકોની સાથે જોડાઇ ગયો. આ રીતે એકજ દિવસે શહેરના જુદા જુદા લત્તાઓમાં લાંબા અંતરે એકસરખી હોળી સળગાવાઇ અને ફેલાવો પામી અને તેમાં વિશ્વાસે રહેલ હિંદુઓ જ મોટે ભાગે ફસાયા. આવી પરિસ્થિતિ જો મુંબઇમાં થઇ હોત તો મુંબઇની પોલીસે તેને તાત્કાલિક દાબી દેવાનાં પગલાં ભર્યાં હોત. આ હોળીઓ પોલીસ સમક્ષ કરવામાં આવી હતી, છતાં અને તેને હોલવનાર બંબાવાળાઓને ફટકા મારી બેજન કરવાના પ્રયોગો પોલીસ સમક્ષ ગુંડાઓ તરફથી થતા હોવા છતાં તેને સખ્ત હાથે અટકાવવા માટે જરૂરી ઉપાયો તત્કાળ હાથ ધરવામાં

આવ્યા નહોતા. એ ત્રણ દિવસ પછી વિશ્વાસે રહેલા હિંદુઓ જાગૃત થયા અને સંગઠ્ઠિત થવા માંડયું. એ ત્રણ દિવસના સંગઠ્ઠનના પ્રતાપે ચાલુ આક્રમણો જાહેર રસ્તા ઉપર ખુલ્લી રીતે થતાં તો અટકયાં, પણ ગલી ગુંચીઓમાં ફેલાયાં. ત્યાં પણ પોળો અને શેરીઓમાં થયેલી સંગઠ્ઠિતતા જોયા પછી ગુંડાઓ નરમ પડયા. જેને કત્તલનો અને હોળીનો કાળો દિવસ કહીએ એવા તા. ૧૮ મી શુક્રવારના દિવસે થયેલું ગંભીર નુકશાન જોયા પછી અને કેટલીક હકીકત જાણ્યા પછી અમદાવાદની શહેરી પ્રજા માટે જે કાંઈ બહાર બોલાયું છે અને છાપામાં લખાયું છે તેનાથી મારા મન ઉપર જુદી જ અસર થઇ. અમદાવાદી પ્રજાનું માનસ જુનીપુરાણી પ્રથાનું છે. પણ મહાત્મા ગાંધીજીના લાંબા સમય સુધીના ત્યાંના વસવાટ અને અહિંસક ઉપદેશના પરિણામે અને તેમની જુદી જુદી રીતે અને થોડા થોડા સમયને આંતરે સરકાર સામે થયેલી અહિંસક સત્યાગ્રહી લડતોએ પ્રજામાં કાંઇક પ્રાણ પુર્યા છે અને એ નવા પ્રાણે પ્રજામાં કાંઇ ચેતન પણ આવ્યું છે, જેના પ્રતાપે ઘણા દુઃખ સમયમાં પોળો, શેરીઓ અને મોહોલ્લામાં રહેનારા ભાઇઓ સંગઠિત બની શકયા હતા અને ગુંડાઓનો સામનો કરી શકયા હતા. પરંતુ તેઓ પણ ગુંડાઓ ઉપર પાછળથી ઘા કરવાની હીચકારી વૃત્તિને અટકાવી શકયા નહોતા. છતાં અનેકના મોઢેથી સાંભળેલી વાતોથી મને પ્રતીતિ થઇ કે કોઇ મહાન દીર્ઘદર્શી અને વ્યવહારકુશળ સૈનિકના હાથે પ્રજાને અહિંસાની પુરી તાલીમ મળે તો પ્રજા સાવધ બને અને હીચકારા હુમલાને અટકાવી શકવાની તાકાત પ્રજામાં આવી જાય.

છેલ્લી અતિવૃષ્ટિ

અતિવરસાદે શહેર અને આજુ બાજુના ગામડામાં કરેલી ભયંકર નુકશાની તો ત્યાંના શ્રીમંત શહેરીઓ ભુલી જ ગયા છે અને આપણા સમાજમાં તો અષ્ઠાઇ મહોત્સવ, વરઘોડા, જમણવારની મોસમ શરૂ થઇ ગઇ છે. ગરીબ પ્રજાને થયેલી ભયંકર નુકસાનની વાત કોઇ સંભારતું નથી. આપણા સમાજની આ એક કમનસીબી છે.

કોમીવાદ નવા સ્વરૂપે

જે કોમીવાદથી આપણે ડરીએ છીએ, ભડકીએ છીએ એવો કોમીવાદ બીજા સ્વરૂપે ત્યાં દાખલ થવાની શરૂઆત થઇ છે. અમદાવાદ શહેરના ચોપડા બાંધવાના કાગળો ઘણા વખણાય છે અને એવા કાગળો બનાવનારા બધા કારીગરો તેમજ ચોપડા બાંધનારા બધા કાગદીઓ મુસલમાન છે. આ ભાઇઓ સામે બહિષ્કાર પોકારવાની વૃત્તિ કેટલાક ભાઇઓમાં જન્મી. તેઓએ આ વૃત્તિને પોષવા માટેનું પ્રચારકાર્ય શરૂ કર્યું. કેટલાક હિંદુભાઇઓને કાગદીનો ચોપડા બાંધવાનો ધંધો શરૂ કરવાને તૈયાર કર્યા અને તેમને દરેક જાતની સહાય અને સહકાર આપવાની કબુલાત આપી. પરિણામે શ્રાવણ સુદ ૧૦ ના રોજ ત્રણ જુદી જુદી જગ્યાએ હિંદુ કાગદીની દુકાનો ખુલ્લી મુકવામાં આવી. અને બીજી બે ત્રણ દુકાનો ટુંક સમયમાં ખુલ્લી મુકાનાર છે. એમાંની એક દુકાન ખુલ્લી મુકવાની ક્રિયા શેઠ કસ્તુરભાઇ લાલભાઇના હસ્તક નાના મેળાવડામાં થઇ હતી. ઉદ્ઘાટન કરતાં શેઠ કસ્તુરભાઇએ જણાવ્યું હતું કે મુંબઇનિવાસી ભાઇ લલુભાઇ કરમચંદ દલાલે 'આપણી સમાજના એક ભાઇ આ દુકાન ઉઘાડે છે માટે સમાજના દરેક જૈન ભાઇએ તેને ટેકો આપવો' એમ કહ્યું છે તે વિચારની સાથે હું મળતો થતો નથી. રાષ્ટ્રના કોઇ પણ ઉદ્યોગને આપણે ટેકો આપવો જોઇએ. પછી તે મુસલમાન, હિંદુ, પારસી યા બીજા કોઇએ શરૂ કર્યો હોય. તેને ટેકો આપવો તે આપણું કર્તવ્ય છે. એવા પ્રકારનું કેટલુંક વિવેચન કરી દુકાન ખુલ્લી મુકાયાની જાહેરાત કરી હતી અને તેને ફતેહ ઇચ્છી હતી. શહેરના કેટલાક વિચારવંત નાગરિકોને શેઠ કસ્તુરભાઇએ કરેલી ટીકા પસંદ પડી હતી પણ હાલને તબકકે આવી જાતની હરિફાઇ કરવી ઇચ્છવા જોગ લાગતું નથી અને તેથી આવા કાર્યમાં શેઠ કસ્તુરભાઇએ આગેવાની લેવી જોઇતી નહોતી એમ તેઓની માન્યતા છે. કેટલીક વખતે શુભ ઇચ્છાએ કરાયેલ કાર્યનું શુભ ફળ મળવાને બદલે તેમાંથી વિખવાદ ઉત્પન્ન થાય છે. આ બાબતમાં પણ એવો જ ભય તેઓને લાગે છે.

કાપડનો સટ્ટો અને મસકતી મારકીટના મહાજનનું શુભ પગલું

જેમ ગઇ લડાઇમાં થયું હતું તેમ આ વખતે છેલ્લાં કેટલાક દિવસોથી કાપડ બજારમાં સટ્ટાનું જોર વધી ગયું હતું, જુદી જુદી કાપડની જાતોમાં વીશ પચીશ દિવસમાં ભાવમાં ચાર પાંચગણો વધારો થયો હતો અને આવા ચલચાવનારા નફાને પરિણામે શહેરના નાના નાના વેપારીઓ, હોટેલોવાળા, પાન સોપારીનો વેપાર કરનારા તેમાં તણાયા હતા. વિજય મીલના P. ૧૧ ના તાકાના રૂા. ૪) ના ભાવથી રૂા. ૧૯) નો ભાવ થઇ ગયો હતો. એવીજ રીતે બીજી છ સાત જાતોમાં પણ ચાર પાંચગણો ભાવમાં વધારો થયો હતો અને આ સટ્ટાખોરી કયાં જઇ અટકશે એ કલ્પી શકાતું નહોતું. મસકતી મારકીટ અને આજુબાજુ સેંકડો મોટરોની લંગાર લાગતી હતી. પણ સદ્‌ભાગ્યે મારકીટના મહાજનની કાર્યવાહી સમિતિએ આ સટ્ટાખોરી ઉપર દાબ મુકી ભાવો બાંધવાનું શુભ પગલું ભર્યું અને એ મારકીટના વેપારીઓ પા. પસાર કરાવ્યું, જેના પરિણામે રૂા. ૧૯) ના ભાવના રૂા. ૧૩) થયા . એજ રીતે બીજી જાતોના ભાવોમાં ઘટાડો થઇ ગયો. મુંબઇના ૬ પડના બજારમાં પણ એવીજ જાતની સટ્ટાખોરી શરૂ થઇ અને રૂા. ૦-૧૧-૦ રતલના ભાવો રૂા. ૧-૬-૬ સુધી થઇ ગયા. કાપડના વેપારીઓને દુકાને બેઠા બેઠા હજારો રૂપીઆ મળવા લાગ્યા. વળી એકજ સોદાનો આંકડો બજારમાં દશ પંદર વેપારીઓમાં ફરતો હોવાથી દલાલોને પણ ઘણી મોટી દલાલી મળવા લાગી. આ રીતે વેપારીઓ અને દલાલો બન્નેને લાભદાયી સટ્ટો થયો. પણ છુટક વેપારીઓને ત્યાંની ગામ ઘરાકી એકદમ ઘટી ગઇ. અઢી રૂપીઆના ધોતી જોટાના ચાર રૂપીઆ થતા અને ચાર આને વારના કાપડના બાર આના વારના થતાં વાપરનારાઓ ખરીદવા આવતા ન હોતા. કાપડના ભાવો ઘણા વધી જતાં ગરીબ પ્રજાના પોકારો શરૂ થયા. કલકત્તાની સરકારે ભાવ ઉપર અંકુશ મુકવાની ઇચ્છા જાહેર કરી. તેથી તેમજ અમદાવાદ કાપડ મારકીટના મહાજનની કમીટીએ ભાવો બાંધી લીધા, તેથી બજારમાં ભાવો વધતા અટકયા અને વધેલા ભાવો પચ્ચીશ ત્રીશ ટકા જેટલા ઓછા થયા અને સટ્ટા ઉપર અંકુશ મુકાયો. અમદાવાદ મારકીટના મહાજનને ભાવો બાંધવાની કુનેહ વાપરવા માટે ખરેખર ધન્યવાદ ઘટે છે. લડાઇના વખતમાં અનેક બજારોમાં સટ્ટો ખેલાય છે, પણ આપણા દેશની ગરીબ પ્રજાને રોજની વપરાશમાં આવતી વસ્તુઓ કાપડ, અનાજ, બીયાં, ખાંડ, ગોળ, ઘી, તેલનો સટ્ટો ખેલતાં દરેક સંભાવિત શહેરીઓએ અટકવું જોઇએ. એ ચીજોના સટ્ટામાં મેળવેલો પૈસો હિંદની કંગાળ પ્રજાના નિસાસા-હાય-નો પૈસો છે એમ સમજવું જોઇએ. પૈસા કમાવાના ઘણા રસ્તા છે. પણ જે પૈસા પાછળ ગરીબની હાય રહેલી છે તે પૈસો માનવતાનો દ્રોહ કરનાર માનવીને ન ખપે.

મણિલાલ મોકમચંદ શાહ

મનનું બંધારણ

(ભલાડ ગ્રીષ્મ વ્યાયામ વર્ગ દરમિયાન અપાયેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ)

શરીરને અવશ્ય મજબુત બનાવવું જોઇએ. પરંતુ શરીરની અંદર રહેલા મન વિષે તમારી સાચી સમજણ નહિ હોય તો શરીરને તમે તેજસ્વી બનાવી શકશો નહિ. એ માટે મન વિષે તમારે સમાન્ય જ્ઞાન મેળવવાની આવશ્યકતા છે.

મન અને શરીર વચ્ચે વાણુતાણુનો સંબંધ છે એ બન્નેના પરસ્પર સંબંધમાંથી જીવનનો ઉદ્‌ભવ થાય છે. આમાંનું એક પણ નિર્બળ હોય કે ઉંધે ચીલે ચઢી ગયું હોય તો જીવન વ્યવસ્થિત બની શકતું નથી. આથી શરીર સુધારણાની સાથે મનની સુધારણા પણ થવી જરૂરી છે.

મનને સુદૃઢ બનાવવું હોય તો મનનું બંધારણ આપણે બરાબર સમજી લેવું જોઇએ. મન શરીરના કોઇ એકાદ ખુણામાં વસવાટ કરતું નથી. પરંતુ એ આપણા હૃદય અને મગજ દ્વારા પોતાની જાતને વ્યકત કરે છે. મન તેની બૌદ્ધિક ક્રિયાઓ મગજ દ્વારા કરે છે અને પોતે આખા શરીરમાં વ્યાપી રહે છે.

મન મુખ્યત્વે બે ભાગમાં વહેંચાઇ જાય છે. અજાગૃત મન અને જાગૃત મન. દરિયામાં તરતા બરફના પહાડની સાથે એને સરખાવી શકાય. દરિયાના પાણીની સપાટી પર બરફના પહાડનો જેટલો ભાગ દેખાય છે તેનાં કરતાં તેનો ઘણોજ મોટો ભાગ દરિયાના પાણીમાં છૂપાયેલો હોય છે, જે આપણે નરી આંખે જોઇ શકતા નથી. તેવી જ રીતે મન વિષે આપણે જે કાંઇ જાણી શકીએ છીએ, અનુભવીએ છીએ તે જાગૃત મન છે જે આખા મનનો ઘણોજ નાનો ભાગ છે, જ્યારે અજાગૃત મન વિષે આપણે કશુંજ જાણતા નથી. તે તો બરફના પહાડની માફક અંધારામાં રહે છે અને તે આપણના મનનો મોટામાં મોટો ભાગ છે.

બાળકને જન્મ્યા પછી બાહ્ય પદાર્થોનું ઇંદ્રિયો દ્વારા જે જ્ઞાન મળે છે તેમાંથી જાગૃત મનનો ઉદ્‌ભવ થાય છે, જ્યારે અજાગૃત મન બાળક આનુવંશિક વારસામાં લઇ જન્મે છે. આ અજાગૃત મન મહાન જીવનશક્તિથી ભરપુર હોય છે. એ જીવનશક્તિ કેટલીક પ્રેરણાઓમાં વહેંચાઇ જાય છે. મુખ્ય ચૌદ પ્રેરણાઓ ગણાવી શકાય છે. ૧ વાત્સલ્ય. ૨ ઝગડવું. ૩ જિજ્ઞાસા. ૪ ખોરાકની શોધ. ૫ ધૃણા. ૬ નાસવું. ૭ સમુહવાસ. ૮ સ્વપ્રતિપાદન. ૯ દૈન્ય. ૧૦ કામ. ૧૧ સંગ્રહવું. ૧૨ રચનાત્મક ૧૩ વિનંતિ. ૧૪ હાસ્ય. આનુવંશિક વારસામાં મળેલી આ પ્રેરણાઓ એમના મૂળ જંગલી સ્વરૂપમાં અજાગૃત મનના ઉંડાણના બંધમાં સંગ્રહાયેલી હોય છે, જે જાગૃત મન ઉપર ધસી આવવા સદા પ્રયત્નશીલ રહે છે, ધસી પણ આવે છે અને માણસને ખબર પણ ન પડે તેવી રીતે એને રૂચે તેવી ક્રિયાઓ વર્તનો–કરવા પ્રેરે છે. આમાંનાં ઘણાં વર્તનો અસંસ્કારી હોય છે. તેથી બાહ્ય પદાર્થોના પરિચયથી એટલે કે પરિસ્થિતિ અને સમાજના સંસર્ગથી ઘડાયેલ જાગૃત મન પ્રેરણાઓ સામે ટકકર ઉઠે છે. અને એ પ્રેરણાઓને દબાવવા પોતાના સઘળા બળનો ઉપયોગ કરે છે; પરંતુ પ્રેરણાઓના બળ સામે એનું બળ કાંઇ વિસાતમાં નથી. છતાં એ બન્ને વચ્ચે સતત ઝગડો ચાલ્યા કરતો હોય છે. આ ઝગડામાંથી એક નવી શક્તિ (Ego) અહીં પેદા થાય છે, જે પોતાનું સ્થાન જાગૃત મન અને પ્રેરણાઓના બંધની વચ્ચે મેળવે છે અને જ્યારે પ્રેરણા જાગૃત મન તરફ ધસી જતી હોય ત્યારે તે વચ્ચે આવી અને રોકે છે અને એને કેટલા પ્રમાણમાં જાગૃત મન તરફ જવા દેવી તેનો નિર્ણય કરી તેટલા જ પ્રમાણમાં પ્રેરણાને જાગૃત મન તરફ જવા દઇ સંતોષે છે. પરંતુ અહં (Ego)ના વચ્ચે આવવાથી અસંતોષી રહેલો પ્રેરણાનો મોટો ભાગ છંછેડાય છે અને ઉશ્કેરાઇ અહં પર જોરથી ધસારો કરે છે, એને ઉથલાવી નાખે છે અને જાગૃત મન પર કાબુ મેળવી લે છે.

આ પ્રમાણે આપણા મનની અંદર સતત ઝગડો ચાલ્યા કરતો હોય છે તે વખતે મનનો એક બીજો ભાગ જે Super-Ego નૈતિક મનના નામથી ઓળખાય છે તે પણ પ્રેરણાઓને પાછી ધકેલવામાં અહં સાથે સામેલ થાય છે અથવા અહં તેમ કરે એવું ઇચ્છે છે. પરંતુ જ્યારે અહં પ્રેરણા સામે ટકી શકતો નથી અને પ્રેરણા તેને ધકેલી દઇ આગળ ધસી જઇ પોતાનો સંતોષ મેળવી લે છે–ત્યારે (Super-Ego) નૈતિક મન પોતાનું ધારેલું કાર્ય અહં પાર ન પાડી શકયો તેથી તેની પર ક્રોધે ભરાઇ એને શિક્ષા કરે છે. હૃદયમાં સોંય ભોંકાતી હોય કે તે પર કોઇ હથોડા મારતું હોય કે તેના ટૂકડા થતા હોય તેવું દુઃખ આપણે ઘણી વખત અનુભવીએ છીએ તે નૈતિક મનનો અહંને પડતો માર છે.

આ પ્રમાણેના ઝગડાઓ આપણા મનની અંદર ચાલ્યા કરે છે અને દિવસે દિવસે એનું પ્રમાણ વધતું જાય છે. જેટલા પ્રમાણમાં મનની અંદર આ પ્રકારનો ઝગડો વધારે તેટલા પ્રમાણમાં માણસ શરીરે અને મને નાતંદુરસ્ત રહેવાનો. બાહ્ય સાધનોથી એ એની અત્યંત બુદ્ધિ વધારે કે શરીરને ખુબ મજબુત કરે તો પણ એ કદિ નિશ્ચયાત્મક જીવન ગાળી શકશે નહિ અને અંતે હતાશ થઇ નિરાશ બને છે તેનું શરીર લેવાઇ જાય છે અને મન અસ્તવ્યસ્ત થઇ જાય છે.

આપણે જોયું કે આ સઘળો ઝગડો અગાધ શક્તિ ધરાવતી પ્રેરણાઓને કારણે છે અને એ પ્રેરણાઓનો આપણે કદિ વિનાશ કરી શકીએ તેમ નથી. પરંતુ જો આપણે આ પ્રેરણાઓના સ્વરૂપનું રૂપાંતર કરી શકીએ તો મનની અંદર થતા ઝગડા શમી જાય; મન શાન્ત અને પ્રસન્ન બને; માણસ શરીરે બને મને તેજસ્વી બને.

સામાન્ય રીતે આ પ્રેરણાઓનું કયા સ્વરૂપમાં અને કેવી રીતે રૂપાંતર કરવું તેની જાણ ન હોવાથી સઘળા માણસો તેમને દબાવે છે અને દબાવેલી પ્રેરણા બમણા વેગે આગળ ધસી આવે છે.

એ ચૌદ પ્રેરણાઓનું રૂપાંતર સ્વરૂપ નીચે પ્રમાણે છે. (૧) વાત્સલ્યની પ્રેરણાને સેવાના સ્વરૂપમાં રૂપાંતર કરવું. (૨) ઝગડવાની, ક્રોધ કરવાની પ્રેરણાનું અહિંસામાં રૂપાંતર કરવું (૩) જિજ્ઞાસાનું બુદ્ધિ શક્તિ વધારવામાં (૪) ખોરાકની શોધ–ભૂખ–નું મિત્રમંડળમાં જમવામાં (૫) ધૃણાનું અનિચ્છનીય પ્રત્યે અણગમો બતાવવામાં (૬) નાસી જવાની પ્રેરણાને સાવચેતી, પ્રવીણતા, ધાકમાં રૂપાંતર કરવું. (૭) સમુહવાસની મિત્રાચારી અને મળતાવડાપણામાં રૂપાંતર કરવું. (૮) સ્વપ્રતિપાદનની પ્રેરણાને સ્વમાન, મહત્વાકાંક્ષા, પુરૂષાર્થ, સંયમમાં રૂપાંતર કરવું. (૯) દૈન્યની પ્રેરણાનું બીજાઓને માન આપવામાં, પ્રશંસા કરવામાં રૂપાંતર કરવું. (૧૦) કામ પ્રેરણાને પ્રેમ અને કલામાં રૂપાંતર કરવું (૧૧) સંગ્રહ કરવાની પ્રેરણાને દાન તેમજ સમાજ ઉપયોગી કાર્યમાં ખર્ચવાની વૃત્તિમાં રૂપાંતર કરવું. (૧૨) રચનાત્મક પ્રેરણાને સમાજોપયોગી સર્જન કાર્યમાં પલટવી. (૧૩) વિનંતિની પ્રેરણાને નમ્રતાની ભાવનામાં બદલવી. (૧૪) હાસ્યની પ્રેરણાને સ્મિતનું સ્વરૂપ આપવું.

આ પ્રમાણે સમજપૂર્વક ચૌદ પ્રેરણાઓનું રૂપાંતર કરવાના પ્રયાસો માણસે કરવાના છે. જો કે સંપૂર્ણપણે એમનું રૂપાંતર શક્ય નથી તો પણ જેટલા પ્રમાણમાં એનું રૂપાંતર વધારે તેટલા પ્રમાણમાં મન અને શરીર બન્ને દૃઢ બને છે. **રમણલાલ પટેલ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

પ્રબુદ્ધ જૈનનો વધારો.

તા. ૧૫-૮-૧૯૪૧

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રાવણ વદ ૧૨ મંગળવારથી ભાદરવા શુદ ૪ મંગળવાર સુધી, તા. ૧૯-૮-૪૧ થી તા. ૨૬-૮-૪૧ સુધી ચાલશે. આ વ્યાખ્યાનસભા સી. પી. ટેન્ક ઉપર આવેલા હીરાબાગના હૉલમાં ઉપર જણાવેલા દિવસો દરમિયાન સવારના ૮॥ વાગે શરૂ થશે અને ૧૦॥ વાગે પુરી કરવામાં આવશે. વક્તાઓ તથા વ્યાખ્યાનવિષયોનો ક્રમ નીચે મુજબ ગોઠવવામાં આવ્યો છે.

દિવસ	સમય	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
તા. ૧૯-૮-૪૧ મંગળવાર	સવારના ૮॥ થી ૯॥	પંડિત દરબારીલાલજી	સર્વધર્મ સમભાવ
,, ,,	,, ૯॥ થી ૧૦॥	પંડિત સુખલાલજી	આચાર અને વિચાર
તા. ૨૦-૮-૪૧ બુધવાર	,, ૮॥ થી ૯॥	શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇ	શ્રી. આનંદઘન અને શ્રી. યશોવિજયજી
,, ,,	,, ૯॥ થી ૧૦॥	પંડિત દરબારીલાલજી	તપ
તા. ૨૧-૮-૪૧ ગુરૂવાર	,, ૮॥ થી ૯॥	શ્રી. મોતીચંદ ગી. કાપડીઆ	ભગવાન મહાવીરની ત્રિપદી
,, ,,	,, ૯॥ થી ૧૦॥	શ્રી. ઝીણાભાઇ રતનજી દેસાઇ	પ્રજા ઘડતરનો પાયો
તા. ૨૨-૮-૪૧ શુક્રવાર	,, ૮॥ થી ૯॥	શ્રી. ગોપાળરાવ કુળકર્ણી	ગાંધીવાદ
,, ,,	,, ૯॥ થી ૧૦॥	શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ	જીવન દૃષ્ટિ
તા. ૨૩-૮-૪૧ શનિવાર	,, ૮॥ થી ૯॥	શ્રી. ઇન્દુમતીબ્હેન મહેતા	નવીન સમાજ રચના
,, ,,	,, ૯॥ થી ૧૦॥	,, રામનારાયણ વિશ્વનાથ પાઠક	મારી ધર્મભાવના
તા. ૨૪-૮-૪૧ રવિવાર	,, ૮॥ થી ૯॥	શ્રી. મગનભાઇ દેસાઇ	કબીર અને નાનક
,, ,,	,, ૯॥ થી ૧૦॥	સ્વામી આનંદ	હિંસા-વ્યક્તિગત અને સામુદાયિક
તા. ૨૫-૮-૪૧ સોમવાર	,, ૮॥ થી ૯॥	શ્રી. કેશવલાલ દવે	માનવ જીવન સંસ્કૃતિમાં ધર્મ અને તેનું કાર્ય.
,, ,,	,, ૯॥ થી ૧૦॥	શ્રી. નાનાભાઇ ભટ્ટ	વર્ધાની યોજના
તા. ૨૬-૮-૪૧ મંગળવાર	,, ૮॥ થી ૯॥	શ્રી. પંડિત સુખલાલજી	આધ્યાત્મિક માર્ગ અને સામાજિક માર્ગ
,, ,,	,, ૯॥ થી ૧૦॥	પ્રો. ઉમેદભાઇ મણિયાર	કેટલાક ભજનો અને પદો ગાઇ સંભળાવશે

ઉપરના કાર્યક્રમમાં વક્તાઓની અનુકુળતા-પ્રતિકુળતા મુજબ વ્યાખ્યાનસમય વિગેરેમાં ફેરફાર કરવામાં આવશે. જે આગલા દિવસે વ્યાખ્યાન વખતે જાહેર કરવામાં આવશે અથવા બની શકશે તો પેપરોદ્વારા જણાવવામાં આવશે.

છેલ્લા દિવસનો વ્યાખ્યાનક્રમ સગવડ મળ્યે કાલબાદેવી રોડ ઉપર આવેલા ભાંગવાડી થીએટર જેવા કોઇ વિશાળ સ્થળમાં ગોઠવવામાં આવશે, જે બાબતની વખતસર જાહેરાત કરવામાં આવશે. આ વ્યાખ્યાનમાળામાં રસ લેતા સન્નારીઓ તેમજ સજ્જનોને આઠે દિવસ વખતસર હાજર રહેવા અને ચાલતાં વ્યાખ્યાનો પુરી શાંતિપૂર્વક સાંભળવા વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

મણિલાલ મોકમચંદ શાહ
વૃજલાલ ધરમચંદ મેવાણી
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૯

મુંબઇ : ૧ સપ્ટેમ્બર ૧૯૪૧ સોમવાર.

લવાજમ
રૂપિયા ૨

આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા

(ગતાંકથી ચાલુ)

અહિં આપણે એક બાબત ઉપર લક્ષ આપ્યા સિવાય રહી શકતા નથી અને તે એ છે કે આસ્તિક અને નાસ્તિક શબ્દોની પાછળ માત્ર હ અને નકારનો જ ભાવ છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ શબ્દની પાછળ તેથી કાંઇક વધારે ભાવ છે. તેમાં પોતાનું યથાર્થપણું અને બીજા પક્ષનું ભ્રાંતપણું ખાત્રીથી સૂચવાય એટલે ચૈતન્યના શબ્દો આકરો અને કાંઇક અંશે કડવો ભાગ સૂચવાય છે. વળી જેમ જેમ સંપ્રદાયના શબ્દોમાં જરા વધતી ચાલી તેમ તેમ કટુકતા વધારે ઉગ્રતા પરિણામે નિહ્નવ અને જૈનાભાસ જેવા ઉગ્ર શબ્દો સામા પક્ષ માટે અસ્તિત્વમાં આવ્યા. અહિં સુધી તો માત્ર આ શબ્દોનો કાંઇક ઇતિહાસ જ આપ્યો. હવે આપણે વર્તમાન સ્થિતિ ઉપર નજર કરીએ.

અત્યારે આ શબ્દોમાં ભારે ગોટાળો થઇ ગયો છે. એ શબ્દો તેના મૂળ અર્થમાં નથી રહ્યા, તેમજ નવા અર્થમાં પણ ચોક્કસ અને મર્યાદિત રીતે નથી યોજાતા. ખરું કહીએ તો અત્યારે એ શબ્દો નાગો, લુચ્ચો, અને બાવો શબ્દની પેઠે માત્ર ગાળ રૂપે અથવા તિરસ્કારસૂચક રીતે હરકોઇ વાપરે છે. સાચી બાબત રજુ કરનાર અને આગળ જતાં જે વિચાર પોતાને અગર પોતાની સંતતિને અવશ્યમેવ સ્વીકારવા લાયક હોય છે તે વિચાર મુકનારને પણ શરૂઆતમાં રૂઢીગામી, સ્વાર્થી અને અવિચારી લોકો નાસ્તિક કહી ઉતારી પાડવા પ્રયત્ન કરે છે. મથુરા વૃંદાવનમાં મંદિરોના ઢગલા ખડકી તે દ્વારા માત્ર પેટ ભરનાર અને ઘણીવાર તો ભયંકર અનાચાર પોષનાર પંડયા કે ગોસાંઇઓના પાખંડનો સ્વામી દયાનંદે વિરોધ કર્યો. અને કહ્યું કે આ તો મૂર્તિપૂજા નહિ પણ ઉદરપૂજા અને ભોગપૂજા છે. વળી કાશી અને ગયાના શ્રાદ્ધ સરાવી તાગડધીના કરનાર અને વધારામાં અનાચાર પોષનાર પંડયાઓને સ્વામીજીએ કહ્યું કે આ શ્રાદ્ધપિંડ પિતૃઓને નથી પહોંચતો પણ તમારા પેટમાં જરૂર પહોંચે છે. એમ કહી તેમણે સમાજમાં સદાચાર વિદ્યા અને બળનું વાતાવરણ સરજવાનો જ્યારે પ્રયત્ન કર્યો ત્યારે તુરત જ પેલા વેદપુરાણુમાની પંડયા પક્ષે સ્વામીજીને નાસ્તિક કહ્યા. એ લોકોએ સ્વામીજીને માત્ર પોતાથી ભિન્નમતદર્શક છે એટલા અર્થમાં નાસ્તિક કહ્યા હોત તો કાંઇ ખોટું ન હતું; પણ જુના લોકો જે મૂર્તિ અને શ્રાદ્ધમાં જ મહત્વ માનતા તેમને ભટકાવવા અને તેમની વચ્ચે સ્વામીજીની પ્રતિષ્ઠા ઘટાડવા તેમણે એ નાસ્તિક શબ્દ વાપર્યો. એજ રીતે મિથ્યાદૃષ્ટિ શબ્દની પણ કદર્થના થઇ. જૈન વર્ગમાં કોઈ વિચારક નિકળ્યો અને કોઇ વસ્તુની ઉચિતતા અનુચિતતાનો વિચાર તેણે મુકયો કે તુરત જ રૂઢીપ્રિય વર્ગ તેને મિથ્યાદૃષ્ટિ કહ્યો. એક જતી કલ્પસૂત્ર જેવા પવિત્ર પુસ્તકો વાંચે અને લોકો પાસે તેની પૂજા કરાવી જે દાન દક્ષિણા આવે તે પોતે પચાવી લે. વળી બીજો જતી મંદિરની આવકનો માલિક થાય અને એ પૈસાથી અનાચાર વધારે. આમ બનતું જોઇ તેની અયોગ્યતા જ્યારે કોઇએ બતાવવા માંડી ત્યારે શરૂઆતમાં તો પેલા સ્વાર્થી જતીઓએ એ વિચારકને પોતાના વર્ગમાં ઉતારી પાડવા મિથ્યાદૃષ્ટિ સુદ્ધા કહ્યો. આ રીતે શરૂઆતમાં નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ શબ્દો સુધારક અને વિચારક માટે વપરાવા લાગ્યા. અને એ તો એવા સ્થિર થઇ ગયા છે કે તે મોટે ભાગે વિચારશીલ, સુધારક અને કોઇ વસ્તુની યોગ્યાયોગ્યતાની પરીક્ષા કરનાર માટે વપરાય છે. જુના બંધનો, જુના નિયમો, જુની મર્યાદાઓ અને જુના રીતરિવાજો દેશકાળ અને પરિસ્થિતિને લીધે અમુક અંશે બંધ બેસતા નથી તેના સ્થાનમાં અમુક પ્રકારનું બંધન અને અમુક પ્રકારની મર્યાદા રાખીએ તો સમાજને વધારે લાભ થાય. અજ્ઞાન અને કુત્રિમતાની જગોએ જ્ઞાન અને ઉદારતા સ્થાપીએ તો જ સમાજ સુખી રહી શકે. ધર્મ અને વિધ્વંસ વધારતો હોય તો તે ધર્મ હોઇ ન શકે. આવી સીધી સાદી અને સર્વમાન્ય બાબતો કહેનાર કોઇ નીકળ્યો કે તુરત જ અત્યારે તેને નાસ્તિક, મિથ્યાદૃષ્ટિ અગર જૈનાભાસ કહેવામાં આવે છે. આ રીતે શબ્દોના ઉપયોગની અંધાધુંધીનું પરિણામ એ આવ્યું છે કે હવે નાસ્તિક શબ્દની જ પ્રતિષ્ઠા વધી ગઇ છે. એક વખતે રાજમાન્ય શબ્દની અને લોકમાન્ય શબ્દની પ્રતિષ્ઠા હતી પણ જ્યારે સમાજ ઉંચે ચઢયો ત્યારે તેને રાજમાન્ય શબ્દ ખટક્યો અને રાજમાન્ય થવામાં ઘણીવાર સમાજદ્રોહ તેમજ દેશદ્રોહ પણ જણાયો અને રાજદ્રોહ શબ્દ જે એકવાર ભારે ગુનાહિત માટે જ વપરાતો અને અપમાન-સૂચક દેખાતો તેની પ્રતિષ્ઠા વધી પડી. આજે તો દેશ અને સમાજમાં એવું વાતાવરણ પેદા થયું છે કે તે રાજદ્રોહ શબ્દને પૂજે છે અને પોતાને રાજદ્રોહી જાહેર રીતે કહેવરાવવા હજારો જ નહિ પણ લાખો સ્ત્રી અને પુરૂષો બહાર આવે છે અને લોકો તેમને સત્કારે છે. માત્ર હિંદુસ્થાનનો જ નહિ પણ આખી દુનિયાનો મહાન સંત એક મહાન રાજદ્રોહી ગણાય છે. આ રીતે નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ જે એક વખતે ફકત પોતાથી ભિન્ન પક્ષ ધરાવનાર માટે વપરાતા અને પછી કાંઇક કદર્થનાના ભાવમાં વપરાતા તે અત્યારે પ્રતિષ્ઠિત જેવા થતા જાય છે. અંત્યજો એ પણ માણસ છે. એની સેવા લઇ એનો તિરસ્કાર કરવો એમાં એવડો ગુનો છે. વૈધવ્ય મરજીઆત હોઇ શકે, ફરજીઆત નહિ. એવો વિચાર ગાંધીજીએ મુકયો કે તેમને પણ મનુના વારસદાર કાશીના પંડિતોએ પ્રથમ નાસ્તિક

કહ્યા. મીઠા શબ્દમાં આર્યસમાજી કહ્યા અને કોઇએ ક્રિશ્ચિયન કહ્યા. વાંદરા અને વાછડાની ચર્ચા આવી કે વળી કોઇએ તેમને હિંસક કહ્યા અને ખરેખર ગાંધીજી જો રાજપ્રકરણમાં પડયા ન હોત અને આવડી મોટી સલ્તનત સામે ઝઝુમ્યા ન હોત તેમજ તેમનામાં પોતાના વિચારો જગતવ્યાપી કરવાની શક્તિ નહોત તો તેઓ અત્યારે જે કહે છે તેજ અંત્યજ અને વિધવા વિષે કહેતા હોત છતાં ભારે નાસ્તિક અને મૂર્ખ મનાત અને મનુના વારસદારો તેમનું ચાલત તો તેમને શૂળીએ પણ ચડાવત.

આ રીતે જ્યારે આવેશી પુરાતન–પ્રેમીઓએ આવેશમાં આવી વગર વિચારે ગમે તેવા વિચારી અને ગમે તેવા લાયક માણસને પણ ઉતારી પાડવા અને તેની વિરૂદ્ધ લોકોને ઉશ્કેરવા નાસ્તિક જેવા શબ્દો વાપર્યા ત્યારે એ શબ્દોમાં પણ ક્રાન્તિ દાખલ થઇ અને એનું અર્થચક્ર બદલાતા મહત્તાચક્ર બદલાવા લાગ્યું અને સ્થિતિ લગભગ એવી આવી ઉભી છે કે રાજદ્રોહની પેઠે નાસ્તિક, મિથ્યાદૃષ્ટિ આદિ શબ્દો માન્ય થતા ચાલ્યા છે. કદાચ માન્ય જોઇતા પ્રમાણમાં ન થયા હોય તો પણ એનાથી કોઇ ભાગ્યેજ ડરે છે. ઉલટું પોતાને રાજદ્રોહી કહેવડાવવા જેમ ઘણા આગળ આવે છે તેમ ઘણા તો નિર્ભયતા કેળવવા પોતાને નાસ્તિક કહેવડાવતા જરાય ખચકાતા નથી અને જ્યારે સારામાં સારા વિચારકો, લાયક કાર્યકર્તાઓ અને ઉદાર મનના પુરૂષોને પણ નાસ્તિક કોઇ કહે છે ત્યારે આસ્તિક અને સમ્યગ્ દૃષ્ટિ જેવા શબ્દોનો અર્થ બદલાઇ જાય છે અને હવે તો આસ્તિક તેમજ સમ્યગ્દૃષ્ટિ શબ્દનો લગભગ વ્યવહારમાં લોકો એજ અર્થ કરે છે કે જે સાચી કે ખોટી ગમે તેવી જુની રૂઢીને વળગી રહે, તેમાં ઉચિતપણા, અનુચિતપણાનો વિચાર ન કરે, કોઇ પણ વસ્તુની પરીક્ષા અગર તર્કકસોટી સહન ન કરે, સાચું કે ખોટું કાંઈ પણ તપાસ્યા સિવાય નવા વિચાર, નવી શોધ કે નવી પદ્ધતિ માત્રથી ભડકે અને છતાંય કાળક્રમે એને આધીન વશ થતો જાય તે આસ્તિક, તે સમ્યગ્દૃષ્ટિ. આ રીતે વિચારક અને પરીક્ષક અગર તર્કપ્રધાન અર્થમાં નાસ્તિક આદિ શબ્દોની પ્રતિષ્ઠા જામતી જાય છે અને કદાગ્રહી, જડતી. એવા અર્થમાં આસ્તિક આદિ શબ્દોની દુર્દશા થતી દેખાય છે. આ જમાનામાં જ્યારે શસ્ત્રથી લડવાનું ન હતું ત્યારે દરેકને માટે લડવાની વૃત્તિ તૃપ્ત કરવાનો આવો શાબ્દિક માર્ગ રહ્યો હતો અને નાસ્તિક કે મિથ્યાદૃષ્ટિ શબ્દોના ગોળા ફેંકાતા; પણ આ અહિંસક યુધ્ધે જેમ શસ્ત્રને નિષ્ક્રિય કર્યા તેમ પેલા નાસ્તિક આદિ શબ્દો જે વિષમય અસ્ત્રની પેઠે ફેંકાતા તેને પણ નિર્વિષ અને ઘણીવાર તો જીવનપ્રદ અમૃત જેવા બનાવ્યા. આ ક્રાંતિયુગનો પ્રભાવ છે. પણ આથી કોઇ વિચારકે કે સુધારકે હરખાઇ પોતાનું કર્તવ્ય ભૂલી જવાનું નથી. ઘણી વાર ક્ષુલ્લક વિચારકો અને બિરૂદસ્વાર્થી સુધારકો પોતાને નાસ્તિક કહેવડાવીને પણ સામા પક્ષને અન્યાય કરવા તૈયાર થાય છે. તેઓથી પણ ચેતવાનું છે. ખરી રીતે કોઇ પક્ષકારે આવેશ કે ઝનુનમાં આવી જઇ બીજા પક્ષને માત્ર વગોવવા ખાતર કોઇ પણ જાતના શબ્દનો પ્રયોગ કરવો એ તાત્વિક રીતે હિંસા જ છે. પોતાનાથી ભિન્ન વિચાર ધરાવનાર માટે સમભાવે અને પ્રેમથી યોગ્ય શબ્દ વાપરવો એ એક વાત છે અને ઝનુનમાં આવી બીજાને ઉતારી પાડવા હદ બહારની અમુક શબ્દો વાપરવા એ બીજી વાત છે; છતાં દરેક બોલનારને મોઢે કાંઇ તાળું દેવાતું નથી અગર દરેક લખનારના હાથ કાંઇ બંધાતા નથી. એટલે કોઇ ઉતાવળીઆઓ જ્યારે ભિન્નમત ધરાવનાર માટે અમુક શબ્દ વાપરે ત્યારે ભિન્ન મત ધરાવનારની અહિંસક ફરજ શી છે તે છેવટે આપણે વિચારી જવી જોઇએ

પહેલું તો એ કે પોતાને માટે જ્યારે કોઇએ નાસ્તિક કે એવો બીજો શબ્દ વાપર્યો હોય ત્યારે એટલું જ વિચારવું કે તે સામા ભાઇએ મારે માટે ફકત જુદો મત ધરાવનાર અથવા એવા મતને ન માનનાર એટલાજ અર્થમાં સમભાવે અને વસ્તુસ્થિતિસૂચક શબ્દ વાપર્યો છે. એ ભાઇની એ શબ્દ વાપરવાની પાછળ કોઇ દુર્વૃત્તિ નથી એમ વિચારી તેના પ્રત્યે પણ પ્રેમવૃત્તિ અને ઉદારતા કેળવવી.

બીજું એ કે જો એમ જ લાગે કે અમુક પક્ષકારે પોતા માટે આવેશમાં આવી નિંદાની દૃષ્ટિથી અમુક શબ્દ વાપર્યો છે ત્યારે એમ વિચારવું કે એ ભાઇની ભૂમિકામાં આવેશ અને સંકુચિતપણાનાં તત્વો છે. એ તત્વોનો એ માલિક છે અને જે જે વસ્તુનો માલિક હોય તે માણસ તે વસ્તુનો મરજી પ્રમાણે ઉપયોગ કરવા સર્જાયેલ છે. તેનામાં જો આવેશનું તત્ત્વ હોય તો ધીરજ કયાંથી આવવાની અને જો સંકુચિતપણું હોય તો ઉદારતા કયાંથી પ્રગટવાની? અને જો આવેશ અને સંકુચિતતાના સ્થાનમાં ધૈર્ય અને ઉદારતા તેનામાં લાવવા હોય તો તે એજ રીતે આવી શકે કે તેણે ગમે તેવા કડવા શબ્દો વચ્ચે પણ પોતાનામાં ધીરજ અને ઉદારતા કેળવવી, કારણ કે કાદવ કાંઇ બીજા કાદવથી ન ધોવાય પણ પાણીથી જ ધોવાય.

ત્રીજું, જે શાંતિથી કાંઇ પણ બીજાના મત અને વિચારની વિરૂધ્ધ પર સહાનુભૂતિથી વિચાર કરવો. જો હોય ત્યારે તેના કથનમાં પણ સત્ય લાગે તો તેને પચાવવાની ઉદારતા આવે અને પોતાના વિચારમાં સત્ય દેખાય તો ગમે તેટલો પ્રચંડ વિરોધ છતાં પણ અને ગમે તેટલું જોખમ આવી પડે છતાં પણ નમ્ર ભાવે એજ સત્યને વળગી રહેવું.

જો આ રીતે વિચારવામાં અને વર્તવામાં આવે તો શબ્દની મારામારીનું ઝેર ઓછું થઇ જાય. ભાષાસમિતિની અને વચનગુપ્તિની જે પ્રતિષ્ઠા લગભગ લોપ પામતી જાય છે તે પાછી જામે અને શાન્તિનું વાતાવરણ ઉભું થાય. આ પુણ્ય દિવસોમાં આપણે એટલું ઇચ્છીએ. **પંડિત સુખલાલજી.**

માતાનું ગૌરવભર્યું આહ્વાન

એક સમય આપણો દેશ ધનને તુચ્છ માનતો હતો. એક સમય આપણે ગરીબીને શોભાભરી અને મહિમાભરી માનતા શિખ્યા હતા. તો પછી આજે શું આપણે ધનની સામે સાષ્ટાંગ દંડવત્ કરીને ધુળમાં આળોટીને આપણા સનાતન ધર્મનું અપમાન કરીશું? શું આપણે આ શુધ્ધચિત, મિતસંયત, સ્વલ્પ–પરિગ્રહી જીવન–પ્રણાલીનો સ્વીકાર કરીને આપણી તપસ્વીની જનનીની સેવામાં નિરત થઇ ન શકીએ? આપણા દેશમાં કેળના પાનમાં ભોજન કરવામાં શરમ નહોતી આવતી; એકલા ખાવામાં જ શરમ લાગતી હતી. તો આજે ફરીથી એ શરમ આપણી અંદર નહિ જાગે? શું આજે આપણે આખા દેશને પીરસવાને તૈયાર થવા માટે આપણા કોઇ આરામનો, કોઇ આડંબરનો ત્યાગ નહિ કરીએ? એક વખત અમારા માટે જે વસ્તુ બીલકુલ સહજ હતી, તે શું આજે અમારા માટે અસાધ્ય બની ગઇ છે? કદિ નહિ. મહાન આપત્તિના સમયમાં પણ ભારતવર્ષના નિઃશબ્દ પ્રચંડ પ્રભાવે નિગૂઢ ભાવથી પોતાના વિજયને પ્રાપ્ત કર્યો છે. હું નિશ્ચિત રૂપથી જાણું છું કે ભારતવર્ષનું સુગભીર આવ્હાન પ્રતિક્ષણ આપણી અન્તર્ગુહામાં ગુંજી રહ્યું છે અને આપણે જાણ્યે અજાણ્યે પણ એ જ ભારતવર્ષ તરફ ગતિ કરી રહ્યા છીએ. આજે જ્યારે આપણે મંગળ દીપોજ્જવલ ગૃહમંદિર તરફ માર્ગ કરી રહ્યા છીએ ત્યારે આપણી ગૃહયાત્રાના આરંભને માટે તૈયાર થઇને એકવાર માનું સ્મરણ કરીએ! **રવીન્દ્રનાથ ઠાકુર**

કેટલાક સમાચાર અને નોંધ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષની વ્યાખ્યાનમાળામાં રજુ થયેલા વ્યાખ્યાનોનો ક્રમ નીચે મુજબ ગોઠવાયો હતો.

તા. ૧૯	પંડિત દરબારીલાલજી	સર્વધર્મસમભાવ
,,	પંડિત સુખલાલજી	આચાર અને વિચાર
તા. ૨૦	શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇ	શ્રી. આનંદઘન અને શ્રી. યશોવિજયજી
,,	પંડિત દરબારીલાલજી	તપ
તા. ૨૧	શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ	ભગવાન મહાવીરની ત્રિપદી
,,	શ્રી. કેશવલાલ દવે	માનવજીવનસંસ્કૃતિમાં ધર્મ અને તેનું કાર્ય
તા. ૨૨	શ્રી. ગોપાળરાવ કુલકર્ણી	ગાંધીવાદ
,,	શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ	જીવનદૃષ્ટિ
તા. ૨૩	શ્રી. ગોપાળરાવ કુલકર્ણી	વર્ધાશિક્ષણની યોજના
,,	શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ,	ગાંધીવાદ અને સમાજવાદ
તા. ૨૪	શ્રી. મગનભાઇ દેસાઇ	ક્ષમા અને નાનક
,,	મૌલવી મકબુલ અહમદ	મુસલમાન સંતો
,,	સ્વામી આનંદ	અહિંસા-વ્યક્તિગત અને સામુદાયિક
તા. ૨૫	શ્રી. નાનાભાઇ ભટ્ટ	મહાભારત અને રામાયણ
,,	શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ,	રામાયણની એક બાજુ
તા. ૨૬	પંડિત સુખલાલજી	અધ્યાત્મિક માર્ગ અને સામાયિક માર્ગ
,,	શ્રી. કેદારનાથજી	માનવજીવનનું ધ્યેય

ત્યારબાદ અધ્યાપક ઉમેદભાઇ મણિયારે કેટલાંક ભજનો અને પદો ગાઇ સંભળાવ્યા હતાં.

આ વ્યાખ્યાનમાળામાં લોકોનો રસ એકસરખો જળવાઇ રહ્યો છે અને દરેક વ્યાખ્યાનસભામાં શ્રોતાઓની સારી ભરતી રહ્યા જ કરી છે. પહેલાં સાત દિવસનાં વ્યાખ્યાનો હીરાબાગના હોલમાં અપાયાં હતાં. છેલ્લા દિવસની સભા ભાંગવાડી થીએટરમાં ગોઠવવામાં આવી હતી. છેલ્લા દિવસે લગભગ પંદરસો સતરસો ભાઇ બ્હેનો વ્યાખ્યાનો સાંભળવાને એકત્ર થયા હશે.

છેલ્લાં બે વર્ષથી એક યા અન્ય કારણે પંડિત સુખલાલજી કે જેમના સૂત્રધારિત્વ નીચે આ વ્યાખ્યાનમાળા દર વર્ષ યોજાતી આવી છે તેઓ આવી શકતા નહોતા. આ વર્ષે તેમણે હાજરી આપી હતી અને પહેલાં અને છેલ્લા દિવસે એક એક વ્યાખ્યાન પણ આપ્યું હતું. પંડિત સુખલાલજીનું મુંબઇ જૈન યુવકસંઘની પ્રવૃત્તિ સાથે એટલું બધું તાદાત્મ્ય છે કે તેમને અમારાથી જુદા ગણીને તેમનો આભાર માનવો એ અમારા માટે શક્ય નથી.

આ વ્યાખ્યાનમાળામાં મુંબઇ અને અમદાવાદ વચ્ચેની રેલ્વેના ભંગાણના કારણે ત્રણ વ્યાખ્યાતાઓ આવી શકયા નહોતા. આમ છતાં પણ આખી વ્યાખ્યાનમાળા અતૂટ પાર પડી હતી. આ વ્યાખ્યાનમાળાને સફળ બનાવવાનો સૌથી મોટો યશ અમારા નિમંત્રણને માન આપીને નિયત ક્રમ મુજબ હાજર થયેલા ભિન્ન ભિન્ન વ્યાખ્યાતાઓને જાય છે. અગવડ ભોગવીને પણ શ્રી. નાનાભાઇ ભટ્ટ આંબલાથી અને શ્રી. મગનભાઇ દેસાઇ અમદાવાદથી આવી પહોંચ્યા હતા. તેમના અમે ખાસ ઋણી છીએ. પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં પંડિત દરબારીલાલજીએ, શ્રી. ગોપાળરાવ કુલકર્ણીએ તેમજ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે બબ્બે વ્યાખ્યાન આપીને આખી વ્યાખ્યાનમાળાને અખંડિત રાખવામાં ખાસ મદદ કરી છે. છેલ્લા દિવસે શ્રી. નાથાલાલે અમે વ્યાખ્યાન આપવા માટે પ્રાપ્ત કરી શકયા એ અમારૂં મોટું સદ્‌ભાગ્ય ગણાય. વચ્ચેના એક દિવસે મૌલવી મકબુલ અહમદે 'મુસલમાન સંતો' ઉપર વ્યાખ્યાન આપતાં ઇસ્લામ ધર્મની વિશાળતાનો ભારે સુન્દર ખ્યાલ આપ્યો હતો અને સાથે સાથે હિંદુ-મુસલમાન એકતાનું અદ્‌ભુત રીતે સમર્થન કર્યું હતું. તેમની વેગવાન વાણીનો રણકાર આજે પણ કાનમાં ગાજ્યા કરે છે. શ્રી ઉમેદભાઇ મણિયારે અમારી વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિને સુન્દર ભજનો વડે સંગીતમધુર બનાવી હતી. તેમનો પણ આભાર માન્યા સિવાય કેમ ચાલે?

હીરાબાગના ટ્રસ્ટીઓ હીરાબાગની વ્યાખ્યાનશાળાનો આ વ્યાખ્યાનમાળા માટે ઉપયોગ કરવા બદલ અમારી પાસેથી કશું લેતા નથી. ભાંગવાડીના થીએટરના માલીકોએ પણ અમારા પ્રત્યે એવી જ ઉદારતા દાખવી છે. તે ઉભયનો અમો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

'રવીન્દ્રનાથ ટાગોર'

તા. ૨૭-૮-૪૧ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવકસંઘના આશ્રય નીચે ગ્લેવાટસ્કી હોલમાં એક જાહેર સભા બોલાવવામાં આવી હતી જે વખતે શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે રવીન્દ્રનાથ ટાગોર ઉપર એક માહીતીપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં તેમણે સ્વર્ગસ્થ કવિવરના વ્યક્તિતત્વની ભિન્ન ભિન્ન બાજુઓ રજુ કરી હતી અને તેમના સર્જેલા અનેકવિધ સાહિત્યની વિશેષતાઓનો વિગતવાર ખ્યાલ આપ્યો હતો. સભાના પ્રમુખસ્થાને શ્રી. મહાદેવ હરિભાઇ દેસાઇ હતા. તેમણે ઉપસંહાર કરતાં ગોરનાં કેટલાંક પદોનો ઉલ્લેખ કરીને ટુકું છતાં બહુ જ સુંદર અને મર્મસ્પર્શી વિવેચન કર્યું હતું અને શ્રોતાઓને ટાગોરસાહિત્યની અનુપમ વિલક્ષણતાઓનો બહુ આકર્ષક રીતે અનુભવ કરાવ્યો હતો. શ્રી મહાદેવભાઇને તો ટાગોરનો સારો પરિચય હતો; કવિવરના બંગાળી સાહિત્યનો પણ તેમને સારો અભ્યાસ છે. રવીન્દ્રનાથ વિષે શ્રી. મહાદેવભાઇ ગુજરાતને હજુ પણ-ઘણું કહી સંભળાવી શકે તેમ છે.

અન્યત્ર પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ

મુંબઇ માફક અન્ત્ર પણ એવી જ સંસ્કારપ્રચૂર વ્યાખ્યાનમાળા યોજાઇ રહી છે. ખરી રીતે આવી વ્યાખ્યાનમાળાની અમદાવાદે જ પહેલ કરી હતી. આ વખતે ત્યાંના જૈન યુવક સંઘે યોજેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો ક્રમ નીચે મુજબ હતો.

શ્રી. ઝવેરચંદ મેઘાણી	ટાગોરનાં કાવ્યો
પંડિત લાલન	ધર્મ અને વિજ્ઞાન
શ્રી. મગનભાઇ દેસાઇ	,, ,,
શ્રી. રામનારાયણ પાઠક	પ્રગતિ અને વિનય
શ્રી. પ્રુલચંદ હરિચંદ દોશી	સમાજના કેટલાક પ્રશ્નો
શ્રી. ભોગીલાલ સંડેસરા	કવિ રાજચંદ્ર
પંડિત બેચરદાસ	પ્રશ્નાવલિ
શ્રી. રતિલાલ ત્રિવેદી	વ્યવહારમાં અહિંસાનું સ્થાન
પ્રો. અનન્તરાય રાવળ	સંસ્કારિતા
ચી. રવિશંકર મ. રાવળ	રોરીકનો મધ્ય એશીઆનો પ્રવાસ
શ્રી. મધુસૂદન મોદી	નિર્ભયતાની કેળવણી
શ્રી. ઇન્દુમતી મહેતા	સમાજવ્યવસ્થાના પાયા
મુનિશ્રી ત્રિલોકચંદ્રજી	સવંત્સરી

(અનુસંધાન પૃષ્ઠ ૮૫ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

સપ્ટેમ્બર ૧ ૧૯૪૧

ભગવાન મહાવીરની ત્રિપદી

(છેલ્લી પર્યુષણવ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર)

જૈન શાસ્ત્રજ્ઞાનના ચાર મોટા વિભાગ છે: દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, કથાનુયોગ અને ગણિતાનુયોગ. **ગણિતાનુયોગ**ના જાણકાર આજે બહુ ઓછા થઈ ગયા છે. એમાં વર્ગમૂળ, ઘનમૂળ વિગેરે અનેક ગણતરીની બાબતો આવે છે. **કથાનુયોગ**માં ચરિત્રો આવે છે. એ અનુયોગ અનેક સુંદર કથાઓથી ભરપૂર છે. એમાં દાક્ષ્યચમત્કૃતિ, રસપ્રવાહ અને ઉત્તમ આદર્શોના અદ્‌ભુત નમુના રહેલા છે. એ ભાગ ખૂબ ખેડાયલો છે અને સારી રીતે જળવાયલો છે. એમાં જનતાને ખૂબ રસ પડે તેવી ભરપૂર સામગ્રી ભરેલી છે અને વ્યાખ્યાનોમાં એનો ખૂબ ઉપયોગ થાય છે. કેટલાંક ચરિત્રો તો મહિનાઓ સુધી ચાલે તેવા હોય છે અને શ્રોતાનો રસ તેમાં જામતો જ જાય છે. **ચરણકરણાનુયોગ**માં ચારિત્ર અને વર્તનનો વિભાગ આવે છે. માર્ગાનુસારીના ગુણોથી શરૂઆત કરી સમ્યક્‌ત્વના આદર્શો, દ્રવ્યભાવ શ્રાવકત્વ, દ્રવ્યભાવ સાધુત્વ, ચરણકરણસિત્તરીના ગુણો, અનેક પ્રકારની આવશ્યક ક્રિયાઓ, વિશિષ્ટ પ્રકારનાં તપવિધાનો વિગેરે જીવનવ્યવહાર અને આચારની અને હકીકતો આ વિભાગમાં આવે છે. આચારાંગસૂત્રથી માંડીને આ અનુયોગ પર ખૂબ ખેડાણ થયું છે. અને એને સમજાવનાર મોટી સંખ્યામાં મળી આવે છે. સર્વ સાધનધર્મોનો આમાં સમાવેશ થાય છે. **દ્રવ્યાનુયોગ**માં આત્માનું દ્રવ્યત્વ, એના વિકાસનાં સ્થાનો, એનો કર્મ સાથેનો સંબંધ, એની કર્મથી મુક્તિ, કર્મવિભાગનો સાચો સિદ્ધાંત, ચૌદ ગુણસ્થાનકનો ક્રમ, સાત નયવાદ, પ્રમાણજ્ઞાન, સપ્તભંગી, સ્યાદ્વાદ, અનેકાંતવાદ વિગેરે આત્મતત્વની અનેક બાબતો, પુદ્‌ગળની વિચારણા, પરમાણુ સ્વરૂપ, છ દ્રવ્યની હકીકત, પુણ્ય પાપાદિનું સ્થાન, સાત કે નવ તત્વ આદિ દ્રવ્યચર્ચા આ વિભાગમાં આવે છે. કેટલાંક પુસ્તકોમાં ચરણકરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ મિશ્ર થયેલા માલુમ પડે છે.

આજનો વિષય દ્રવ્યાનુયોગનો છે. વિષય ગહન છે. કેટલીક ચાવીઓ જેવી વાત હોય છે જે પ્રાપ્ત થઈ જાય તો આખો વિષય સમજાઈ જાય અને દીવા જેવો સ્પષ્ટ થઈ જાય. દાખલા તરીકે ચરણકરણાનુયોગમાં **'અહિંસા, સંયમ અને તપ'** એ ત્રણ શબ્દો ધ્યાનમાં રાખવામાં આવે તો ચરણકરણાનુયોગની ચાવી સાંપડી જાય છે, તેમ આખા દ્રવ્યાનુયોગની ચાવી આ ત્રિપદીમાં છે.

ત્રિપદી એટલે શું ?

દરેક તીર્થંકર મહારાજ પોતાનું તીર્થ સ્થાપે છે. પ્રથમ દીક્ષા જેને આપે તેને પરમાર્થ રહસ્યમય સંગ્રહ સ્વરૂપવાળી ત્રિપદી આપે છે. એમાં ત્રણ શબ્દો હોય છે, **उपन्नेइवा, विगमेइवा, धुवेइवा.** અતિ વિદ્વાન મહાન અભ્યાસી તદ્વિદો તે પર બે ઘડી વિચાર કરે છે અને તેમને સત્યજ્ઞાન થઈ જાય છે અને તે પરથી પોતાની દ્વાદશાંગીની રચના કરે છે. આ ત્રણ શબ્દોમાં એટલો ચમત્કાર છે કે એથી આખા દ્રવ્ય વિષયનું જ્ઞાન થઈ જાય છે અને આત્માની સર્વકાળની સ્થિતિ નજરમાં આવી જાય છે. દર્શન શાસ્ત્રોમાં પડેલ વિરોધને શમાવનાર અને આત્માના સ્વરૂપને બતાવનાર આ ત્રિપદીનો અર્થ આ પ્રમાણે છે 'ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ધ્રુવ છે' આ ત્રિપદી પર આખા શાસ્ત્રની રચના થાય છે, આખા અનેકાંતવાદની સ્થાપના થાય છે, સર્વ દર્શન વચ્ચેના મતભેદનો એમાં નિરાસ થાય છે અને વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. અને વસ્તુસ્વરૂપ એજ ધર્મ છે એટલે ધર્મ પ્રાપ્તિ આ ત્રિપદીના જ્ઞાનમાં થઈ જાય છે. આવી ચમત્કારિક વસ્તુ એ છે એટલે એનો બારિક અભ્યાસ કરીએ.

આ ત્રિપદીના બોધથી વિશદ થયેલી બુદ્ધિ વડે અગીયાર ગણધરો દ્વાદશાંગીની રચના કરે છે. દરેક ગણધરની આગમ-અંગરચના તદ્દન અલગ થાય છે. પણ તેનો આશય, ઉદ્દેશ અને ધ્યેય એક હોવાથી કોઈ પણ પ્રકારનો અર્થભેદ નીપજતો નથી. આ ત્રિપદી સાંભળીને પ્રથમ દીક્ષિત-બુદ્ધિબળ અતિ વિદ્વાન મુનિ જે આગળ ગણધર-નેતા થવાના તે શું વિચારે ? એને પ્રથમ તો સર્વ વસ્તુ ઉત્પન્ન થતી દેખાય છે, ચારે બાજુએ વસ્તુ-જીવો પદાર્થો ઉપજતા દેખે છે; ત્યાર પછી એ વસ્તુ અને પદાર્થોનો નાશ થતો જુએ છે. ઘડો ભાંગી જાય, બાદ્ય પદાર્થો સડી જાય, ઘર પડી જાય, ઈંટના ચૂરેચૂરા થઈ જાય-માણસો મરી જાય એ રીતે નાશ જુએ છે. પછી આ ઉત્પત્તિ અને નાશની વચ્ચે ને ધ્રુવતા-સ્થિરતા દેખે છે. એક માણસ પાસે સોનાની હીરાકંઠી હોય, એને ભાંગી નાખે, એનો હાર બનાવે, ત્યારે હીરાકંઠી તરીકે એ નાશ જુએ, હાર તરીકે ઉત્પત્તિ જુએ, પણ અંદર સોનાની એ ધ્રુવતા જુએ. સોનું કાયમ રહે છે. એજ પ્રમાણે મનુષ્યને જન્મતાં અને મરતાં જુએ, ત્યારે ઉત્પત્તિ અને વિનાશ તો જરૂર જુએ, પણ અન્ય સ્થાને તેની ઉત્પત્તિ જોતાં તેમાં રહેલ ધ્રુવ તત્વ તેની નજરમાં આવે છે. ઉત્પત્તિ અને નાશ ચાલ્યા કરે છે એની સાથે એની અંદરજ એક ધ્રુવ તત્વ છે અને એ પણ શાશ્વત છે. દ્રવ્યાનુયોગમાં જૈન દર્શનનો આ મહાન ફાળો છે, ન્યાયસંગત છે અને દર્શનકારોના મતભેદોને ઉકેલનાર કોયડો છે. એ વાતનું રહસ્ય આપણે જોઇએ. આ ત્રિપદીમાં ભારે ચમત્કાર છે અને દર્શનશાસ્ત્રનો અતિ અગત્યનો વિષય છે એ વાત બરાબર સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીએ.

सत् એટલે શું ?

ઉમાસ્વાતિ મહારાજ **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** એવી સતૂની વ્યાખ્યા કરે છે. જેમાં ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવતા હોય તે સત્-પદાર્થ કહેવાય છે.

વેદાંત સંપૂર્ણ સતૂને કેવળ ધ્રુવ-નિત્ય માને છે.

બૌદ્ધો સત્ પદાર્થને નિરન્વય ક્ષણિક (માત્ર-ઉત્પાદ વિનાશ-શીલ) માને છે.

સાંખ્યો ચેતન તત્વને કેવળ ધ્રુવ (કૂટસ્થ નિત્ય) અને પ્રકૃતિ તત્વને પરિણામી નિત્ય (નિત્યાનિત્ય) માને છે.

ન્યાય અને વૈશેષિક પરમાણુ, કાળ અને આત્માને કૂટસ્થ નિત્ય અને ઘટ, વસ્ત્ર આદિ પદાર્થોને માત્ર ઉત્પાદવ્યયશીલ માને છે-અનિત્ય કહે છે.

જૈન મત પ્રમાણે જડ કે ચેતન, મૂર્ત કે અમૂર્ત, સૂક્ષ્મ કે સ્થૂળ સર્વ સત્ વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપે-ત્રિરૂપ છે.

જૈન દર્શન પ્રમાણે પ્રત્યેક વસ્તુમાં બે અંશ હોય છે. એક અંશ એવો હોય છે કે જે ત્રણે કાળમાં શાશ્વત રહે છે અને બીજો અંશ હમેશા ફરતો રહે છે, અશાશ્વત હોય છે.

કેટલાક સમાચાર અને નોંધ.

(પૃષ્ટ ૮૩ થી ચાલુ)

આ મુજબ કલકત્તાના તરૂણ જૈન સંઘે પણ એક મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાનમાળા યોજી હતી જેની વિગતો હજુ સુધી પ્રાપ્ત થઇ નથી. મુંબઇમાં કેટલાક કચ્છી ભાઇઓએ પણ પર્યુષણ દરમિયાન જુદા જુદા વિષયો ઉપર આઠ વ્યાખ્યાનોની યોજના કરી હતી.

સંયુક્ત ઢંઢેરો.

થોડા દિવસ પહેલાં એટલાન્ટિક મહાસાગરની અમેરિકાની બાજુએ યુનાઇટેડ સ્ટેટસનો પ્રમુખ રૂઝવેલ્ટ અને ગ્રેટ બ્રીટનનો મુખ્ય પ્રધાન ચર્ચહીલ મળ્યા અને અનેક વાટાઘાટના પરિણામે બીજા જે કાંઇ નિર્ણયો થયા હશે અને યોજનાઓ ઘડાઇ હશે તે તો બહાર આવી નથી પણ તેમણે મળીને બન્ને રાષ્ટ્રોની વતી આઠ મુદ્દાઓનો એક સંયુક્ત ઢંઢેરો બહાર પાડયો છે. આ આઠ મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

(૧) આ દેશોને (બ્રીટન અમેરિકાને) પ્રાદેશિક કે બીજી કોઇ પણ પ્રકારની આકાંક્ષા નથી.

(૨) તેઓ ઇચ્છે છે કે જે જે પ્રશ્નને જે જે પ્રજાઓ સંબંધ હશે તે તે પ્રજાની સ્વતંત્રપણે વ્યકત માં આવેલી અનુમતિ સિવાય કોઇ પણ પ્રાદેશિક ફેરફારો કરવામ આવે.

(૩) પોતાને પસંદ પડે એવું રાજ્યતંત્ર નક્કી કરવાનો દરેક પ્રજાનો અધિકાર તેઓ માન્ય રાખે છે અને જે જે રાષ્ટ્રોના સાર્વભૌમ અધિકારો અને સ્વાયત્ત શાસનો જબરજસ્તીથી ઝુંટવી લેવામાં આવ્યા હોય તે તે રાષ્ટ્રોને અને પ્રજાઓને પોતપોતાની હકુમત પાછી પ્રાપ્ત થાય એમ તેઓ ઇચ્છે છે.

(૪) પોતાની ચાલુ જવાબદારીઓની મર્યાદામાં રહીને, નાનાં અને મોટાં, વિજયી અને પરાજિત સર્વ રાષ્ટ્રોને પોતપોતાની આર્થિક આબાદી માટે આવશ્યક એટલો કાચો માલ અને વ્યાપારને લગતા એક સરખા હકકો મળે એ માટે તેઓ સદા પ્રયત્ન કરશે.

(૫) મજુરોનું સુધરેલું જીવન ધોરણ, આર્થિક પ્રગતિ અને સામાજિક સ્થિરતા સિધ્ધ કરવાના હેતુથી આર્થિક ક્ષેત્રમાં બધી પ્રજાઓ સહમત બનીને કાર્ય કરે એમ તેઓ જોવા માંગે છે.

(૬) નાઝી જુલ્મનો નાશ કર્યા પછી તેઓ આ દુનિયામાં એવી શાન્તિ સ્થાપવા માંગે છે કે બધી પ્રજાઓ પોતપોતાના રાષ્ટ્રમાં સલામત રહી શકે અને દરેક રાષ્ટ્રનાં પ્રજાજનો ભય કે ભુખમરાથી મુકત બનીને સ્વતંત્ર જીવન નિર્ગમન કરી શકે.

(૭) આવી શાન્તિ સ્થપાવાના પરિણામે સમુદ્રો અને મહાસાગરો સૌ કોઇ નિષ્કંટકપણે ખેડી શકશે

(૮) તેઓ માને છે કે ભૌતિક અને આધિભૌતિક કારણો સર દુનિયાના સર્વ રાષ્ટ્રોએ શસ્ત્રબળના ઉપયોગનો ત્યાગ કરવાની સ્થિતિએ પહોંચી જવું જોઇએ. જે પ્રજાઓ આજે પોતપોતાની સરહદની બહાર આક્રમણનીતિ અખત્યાર કરી રહી છે અથવા તો અખત્યાર કરે એવો સંભવ છે તે તે પ્રજાઓ ખુશકી, તરી અને હવાઇ-શસ્ત્રોનો ઉપયોગ ચાલુ રાખે તો ભવિષ્યમાં કદિ સુલેહ-શાન્તિ જળવાઇ શકે જ નહિ, તેથી વ્યાપક અને સ્થાયી શાન્તિની આ દુનિયામાં સ્થાપના થાય તે દરમ્યાન ઉપર જણાવેલી પ્રજાઓનું નિઃશસ્ત્રીકરણ જરૂરી છે એમ તેઓ માને છે. એવી જ રીતે સુલેહશાન્તિને ચાહનારી પ્રજાઓને મુંઝવતો અને ચગદી નાંખતો શસ્ત્રસરંજામનો પાર વિનાનો બોજો હળવો બને એવી બીજી સર્વ યોજનાઓને અને માર્ગોને તેઓ મદદ કરશે તેમજ પ્રોત્સાહન આપશે.

આવો ઢંઢેરો બહાર પાડવાની શા માટે જરૂર ભાસી હશે તે સંબંધમાં અનેક અનુમાનો કરવામાં આવે છે. કેટલાક કહે છે કે અમેરિકામાં રૂઝવેલ્ટની આજની રાજનીતિ સામે ઠીક ઠીક વિરોધ ચાલ્યા કરે છે. ત્યાં કેટલાક પૂછે કે ગ્રેટબ્રીટનને સાથ આપવા પહેલાં તેને પૂછો તો ખરા કે આ લડાઇ શાને માટે ચાલી રહી છે? આ બાબતની ચોખવટ સિવાય યુનાઇટેડ સ્ટેટસે લડાઇમાં ખેંચાયે જવું એ ઘણાને મનગમતી વાત નથી. ગયા વિગ્રહમાં પુરી સ્પષ્ટતાના અભાવે વુડરો વીલસનની જે દશા થઇ તે દશાની આજે પણ કેટલાક અમેરિકનોને ભીતિ રહેતી હોય તો તે સ્વભાવિક છે. હિંદુસ્થાન વતી કોંગ્રેસે તો આ પ્રશ્ન કયારનો બ્રિટિશ સરકાર સમક્ષ રજુ કર્યો છે; અને સરકાર તરફથી સ્પષ્ટ અને નિશ્ચિત જવાબ નહિ મળવાને કારણે તો આજે હિંદુસ્થાનની કોંગ્રેસ સરકાર સામે સત્યાગ્રહની લડત ચલાવી રહી છે. જે દેશો આજે પરજિત બની બેઠા છે તેઓને પણ આજે ન તેમ જ આશા આપવાની જરૂર તો ગણાયજ ને? આજે હજુ કેટલાક રાષ્ટ્રો તટસ્થ ઉભા છે અને દીપક જેમ પતંગીયાને ખેંચે તેમ આજનો ભીષણ વિગ્રહ તેમને એક યા બીજી બાજુ બળજોરીથી ખેંચી રહ્યો છે. તેવી સ્થિતિમાં વિગ્રહના અન્તિમ ઉદ્દેશોનું સ્પષ્ટ વિધાન જરૂર આવશ્યક તેમ જ ઉપયોગી લેખાય. આમ તો ગ્રેટબ્રીટનનો દાવો મૂળથી છે જ કે તેઓ ડેમોક્રસી-લોકશાસન-ની રક્ષા કરવા માટે લડી રહ્યા છે. પણ એ એક શબ્દ પુરતો ઉત્તેજક કે પ્રોત્સાહક માલુમ નહિ પડયો હોય અને એ શબ્દ વધારે વિગતોની પુરવણી માંગી રહ્યો છે એમ બે મહાન રાષ્ટ્ર-સૂત્રધારોને લાગ્યું હોય અને એમાંથી આ આઠ મુદ્દાનો જન્મ થયો હોય એવું અનુમાન પણ અસ્વાભાવિક નથી.

પણ આપણે જ્યારે આ ઢંઢેરો વાંચીએ છીએ ત્યારે આપણા મન ઉપર એક જ પ્રશ્ન આવીને ઉભો રહે છે રહે છે કે 'તો પછી અમારા હિંદુસ્થાનનું શું? જો દરેક રાષ્ટ્રની પ્રજા પોતપોતાની મરજી મુજબ રાજ્યતંત્ર ઘડવાને હકદાર છે એમ કબુલ કરવામાં આવતું હોય તો એ હક્ક અમારા હિંદુસ્થાન પુરતો પણ જાહેર રીતે કાં ન સ્વીકારાય? અમેરિકાના એક સેનેટરે તો જાહેર રીતે પુછયું જ છે કે 'તો પછી હિંદુસ્થાનથી જ શા માટે શરૂઆત કરવામાં નથી આવતી?' હિંદના માજી વાઇસરાય લોર્ડ હેલીફેકસે બ્રીટનના એલચી તરીકે અમેરિકાની ભૂમિ ઉપર પગ મુકયો ત્યારે પણ ત્યાંના કેટલાક પત્રકારોએ આજ પ્રશ્નથી તેમને ભારે મુંઝવેલા અને તેમની સ્થિતિ ભારે કફોડી કરી મુકેલી. કારણ કે આમ તો દાવો મોટો ડેમોક્રસીનો છે અને હિંદુસ્થાનમાં તો લોકશાસન હજુ દૂરનું દૂરજ છે એ વાત કાંઇ અમેરિકાની દુનિયાથી ઓછી અજાણી હતી? કોઇ

શાશ્વત અંશના કારણથી એ સ્થિર કહેવાય છે અને અશાશ્વત અંશના કારણથી એ ઉત્પાદવ્યયાત્મક-અશાશ્વત કહેવાય છે. વસ્તુના જે અંશ ઉપર દૃષ્ટિ જાય તે અંશ ઉપર જોર આપતાં તે વસ્તુ નિત્ય કે અનિત્ય લાગે છે. એટલે બન્ને બાજુ દૃષ્ટિ એકી સાથે જઇ પડવાની અશકિતને કારણે અનુભવભેદ ઉભો થાય છે. પણ સત્યજ્ઞાનપ્રાપ્તિ તો બન્ને દૃષ્ટિ એકી સાથે સમજવામાં રહેલી છે. પૂર્ણ યથાર્થ સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે માત્ર અંશને પકડવાથી કામ ન ચાલે. બધા અંશોનું મીલન થાય ત્યારે પ્રમાણસત્ય સાંપડે.

અપૂર્ણ **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

એક પત્રકારે પેલેસ્ટાઇન સામે પણ આંગળીને ચીંધીને લોર્ડ હેલીફેક્સને પૂછેલું કે પેલેસ્ટાઇનનું પણ શું ? 'અમે હિંદુસ્થાનને સ્વરાજ્ય આપ્યું છે કારણ કે અમારી પ્રવૃત્તિ સ્વરાજ્ય આપવાની દિશાએ જ ચાલી રહી છે' અથવા તો 'અમે તો તે લોકોને સ્વરાજ્ય આપવા માંગીએ જ છીએ પણ તેઓમાં એકતા નથી–તેઓ એક થઇને આવે એટલે અમે સ્વરાજ્ય આપ્યું જ છે એમ સમજો' આવી મતલબના જવાબો આપીને લોર્ડ હેલી ફેક્સને પત્રકારો ટાળવા પડેલા. આ તો ઢંઢેરો પ્રગટ થયા પહેલાની વાતો છે. આજે ઢંઢેરો પ્રગટ થયા પછી પણ હિંદુસ્થાનની એની એ જ દશા છે કે આજે આપણી પરિસ્થિતિમાં કંઇ ફેરફાર પડયો છે ખરો ? એટલાંટિકનો પ્રવાસ પુરો કરીને પાછા ફરેલા ચર્ચીલીલના નિવેદનો અને ભાષણોમાં હજુ સુધી હિંદુસ્થાન માટે કશું આશાસ્પદ જાણવા કે સાંભળવા મળ્યું નથી.

આ તો હિંદુસ્થાન પુરતી વાત થઇ. બાજી કેટલાક એમ માને છે કે આજની કક્ષાએ જર્મની માનભરી સુલેહ કરવા માંગે તો આ આઠ મુદ્દાઓમાં આવી સુલેહસંધિ નિર્માણ થઇ શકે એવું સુચવવાનો આ આઠ મુદ્દાઓની જાહેરાતનો ઉદ્દેશ છે. આ દૃષ્ટિએ વિચારતાં આ આઠ મુદ્દાઓની ઘોષણા જરૂર આવકારદાયક લાગે છે. પણ તેમાં પણ સોનાની થાળીમાં લોઢાની મેખ પડે એવી એક બાબત નજરે પડે છે. આ મુદ્દાઓ ઉપર ઉપસ્થિત થતી સંધિ જર્મની કે હટલી જેવા આક્રમણકારી રાષ્ટ્રોના નિઃશસ્ત્રીકરણની સૌથી પ્રથમ અપેક્ષા રાખે છે. જર્મનીના આક્રમણકારી વર્તનવ્યવહારને ધ્યાનમાં લઇને આ બાબત આગળ ધરવામાં આવી હોય એ સ્વાભાવિક છે. પણ તેમાં ઉદાત્તતા નથી. સુલેહશાન્તિની ચિરસ્થાયી સ્થાપના કરવાની [illegible] સરત અને પહેલી વાત એ જોવાઈએ કે 'હવેથી અમે અને તમે–મિત્રો અને દુશ્મનો–આપણે સૌ કોઈ નિઃશસ્ત્ર બનીએ અને એ નિઃશસ્ત્રતાની ભૂમિકા ઉપર દુન્યવી રાજ્ય વ્યવસ્થાનો વિચાર કરીએ.' આ ઉદાત્તતા તો કોઈ સમર્થ દૃષ્ટા જ સૂચવી અને સ્વીકારાવી શકે.

લડી રહેલા રાષ્ટ્રો માટે આજનો વિગ્રહ જીવનમરણનો પ્રશ્ન છે. એક પછી એક બનતા બનાવો લડાઇના પરિણામને અનિશ્ચિત બનાવ્યા કરે છે. ગ્રેટબ્રીટન ભારે ભોગ આપીને અને પુરી બહાદુરીથી લડે છે એમ છતાં પણ આજના વિગ્રહનો શું અન્ત આવશે તે કોઇ પણ કહી શકે તેમ નથી. આવી સ્થિતિમાં અમે લડાઇ બાદ જર્મની વગેરે દેશોને નિઃશસ્ત્ર કરી નાખીશું એવું નિવેદન ગ્રેટ બ્રીટનની કે અમેરિકાની પ્રતિભાને શોભતું નથી. લડાઇ પછી શું થશે એ લડાઇનું પરિણામ નક્કી કરશે. સિધ્ધાન્તના મુદ્દામાં આવી વિગત મેળવવાની જરા પણ જરૂર નહોતી. જ્યારે ગ્રેટબ્રીટન અને અમેરિકા જાહેર કરે છે કે શસ્ત્રસન્યાસમાં જ–પશુબળના ત્યાગમાં જ–દુનિયાના સર્વ રાષ્ટ્રો ભૌતિક તેમ જ આધિભૌતિક કલ્યાણનો માર્ગ રહેલો જ છે અને તેથી સર્વ રાષ્ટ્રોએ શસ્ત્રબળનો ત્યાગ કરવો જ જોઇએ ત્યારે ગાંધીજી પ્રસન્નતા જાહેર કરે છે કે બે મહાન રાષ્ટ્રો આજે તેમની અહિંસાના સિધ્ધાન્તનો સ્વીકાર કરે છે. તે મુદ્દામાં દુશ્મન રાજ્યોને નિઃશસ્ત્ર બનાવવાનો ઉલ્લેખ ન હોત તો તે મુદ્દો દુન્યવી ભાવીનું ખરેખર એક મોટું આશાચિહ્ન લેખાત. જે રાષ્ટ્રનો વિજય થાય તે રાષ્ટ્ર પરાજિત રાષ્ટ્રને અપનાવવાની ઉદારતા નહિ બતાવે ત્યાં સુધી સાચું નિઃશસ્ત્રીકરણ કે સ્થાયી શાન્તિ સંભવિત જ નથી એ સૌ કોઇ સમજી લે.

પરમાનંદ.

જનતા કેરી જબાન !

લગભગ પોણીસદી સુધી અક્ષર–બ્રહ્મની સહસ્રવિધ ઉપાસના કરનાર ઋષિની અંતિમ વેદના આ અમર પંક્તિઓમાં મૂર્તિમંત થઇ છે.

જીવનલીલા વિરાટ લ્હેરે પૃથિવીને પાટ:
નદીઓને ઘા ટ ઘા ટ ન ગ રો રોપાણાં !
માનવના વિવિધ ગેલ: હળ ને ખાંડાના ખેલ;
લક્ષ્મીની રેલ છેલ: દળદરનાં થાણાં !
સાગર લહરિ અપાર, ગિરિઓની દુર્ગહાર,
રણના પ્યાસી પથ્થાર, ઝરણાંના ગાણાં !
મ્હોર્યો સૃષ્ટિનો બાગ: બુદ્ધિ પામે ન તાગ:
પીતાં સુહાગ મારા પ્રાણ ના ધરાણા !
ઝંખુ પૃથ્વીના ગાન રેલવવા કાન કાન:
જનતા કેરી જબાન બનવાનાં સોણાં !
જગ ને જીવનના સાદ: કુદરત કેરા પ્રસાદ:
સ્હેજ મારા અંસીનાદ માંહિ ઝીલાણા !
ઓરતા તોયે અપાર, કાં [illegible] અસાર:
ના'વે [illegible] હ્યાર હૈયાનાં ગાણાં !
સૃષ્ટિ–સુરો હઝાર [illegible] આતમ–દુવાર:
વિશ્વ અંતર–સિતાર તારો અટવાણા !
પેલો [illegible] હસંત નીલાકાશે રમંત !
પેગામો પાઠવંત ઉભો અણખેડયો;
કલ રાત્રિના પંથ કેરો યાત્રી અનંત:
દક્ષિણ ધ્રુવતાર મારો છોડે નવ છેડો;
ગાજે જલધોધ ઘોર, જગવે હૈયામાં શોર,
એના કામણ શું ઓર કવિઓનો નેડો;
સૃષ્ટિ સંગીત સંગ બનતો હું એક રંગ,
માણું ઉછરંગ–અંગ જીવનનો મેળો !
ઉભો માનવ સુદૂર ! દેશકાળના ક્ષિતુર
પરસે નવ આતમપૂર એના પુરાણાં:
એના અંતર–દુવાર ઉઘડે ઘડિક લગાર,
હોયે જો પ્રેમ પારાવાર કેરા આણાં !
ધરતીના ખેડનાર, સાગર ઉલેચનાર,
જગને જમાડનાર શ્રમથી ભીંજાણા:
કીર્તિને કેદ–ખુણે ઉભા મેં ઉર ઉણે,
દૂરથીજ ઝંખ્યાં એ જીવનનાં થાણાં !
મેં તો જીવનકિનાર ગાઇ છે વારવાર:
ભીતરના દ્વાર હુંથી ખોલ્યાં નવ ખુલ્યાં;
મારાં ગીતોની છાપ શબ્દોથી દાબદાબ:
સરતાં અસ્પાબ એમાં ફાલ્યાં ને ફુલ્યાં !
છેડી તરજો હજાર, પલટી વિધવિધ પ્રકાર:
કદમો લાચાર મારા ઉંબરમાં ડુલ્યાં !
જીવન–વિહોણાં ગાન ગાયાંનાં શાં ગુમાન !
નિષ્ફળતાનાં નિશાન દેખું હું ઝુલ્યાં !
આવો કોઇ નવજવાન ! ગાઓ ધરતીનાં ગાન;
જનતા કેરી જબાન બનવા કો આવો !
ખેતી કરતા કિસાન સંગે બની એકતાન;
ધરતીની ધુળ, આભ–વાદળ ભિરદાવો !
છેટા સફેદ–પોશ ! હાલા શબ્દોના જોશ.
નકલી કરૂણા ને રોષ રોતાં શરમાઓ !
નવતર જીવનના રંગ ગાવા હોયે ઉમંગ:
ધરતીની ધુળ સંગ કાયા ધરમાઓ !
આવો સૌ વાણીવંત ! ગાઓ ગીતો ખુલંદ:
છન્દોમાં લોકવૃન્દ પડછંદા ગાઓ !
ગાઓ નવતર જબાન છોડી જુનવાણી તાન:
મુંગી ધરતીને વાણી–વાઘા પહેરાવો !
સુખ ને દુઃખની જમાત, ઉભી યુગોથી તાત,
આલમને એની વાત સુણવી, સુણાવો !
આવો કવિ ઓર કોઇ, શાયર–શિર–મોર કોઇ,
મુંગી મહેફિલો માનવીની રણઝણાવો !

'જન્મભૂમિ'માંથી સાભાર ઉધ્ધૃત. રવીન્દ્રનાથ ટાગોર

ભક્તિનો અતિરેક

હિંદુસ્થાનના ધાર્મિક સંપ્રદાયોમાં મૂર્તિપૂજની સંસ્થા તેમજ સાધુ સંસ્થા બહુ અગત્યનું સ્થાન ધરાવે છે. ધર્મના અનુયાયીઓ મૂર્તિ અને મંદિરનું અવલંબન પામીને પોતાના દિલમાં રહેલી ભક્તિની ભાવનાને સંતોષે છે; ગુરૂઓ પાસેથી ધર્મનો બોધ પામે છે, અને પોતાના ચાલુ જીવનને સંસ્કારે છે. આ બન્ને સંસ્થા જનસમાજને બહુ ઉપયોગી હોવા છતાં તે બન્નેમાં અનેક પ્રકારની વિકૃતિઓ જ્યારે પ્રવેશ પામે છે ત્યારે તેમાંથી અનેક અનર્થો પણ જન્મે છે. મંદિરમાં પુજારીનું કામ મંદિર અને મૂર્તિને સંભાળવાનું હોય છે. તે પૂજારી જ્યારે મંદિર અને મૂર્તિનો માલીક બની બેસે છે અને ભક્તજનો પાસેથી દ્રવ્ય લુંટવા માંડે છે ત્યારે તે મંદિર અનેક અનર્થોનું આગાર બની જાય છે. આવી જ રીતે ગુરૂઓ અનુયાયીઓની શ્રદ્ધાભક્તિનો લાભ લઇને ધર્મવૃદ્ધિ કરવાને બદલે પોતાનાં પ્રભુત્વ, પૂજા અને સુખસગવડો વધારવાનો લોભ ધરાવતા થાય છે ત્યારે તે ધર્મગુરૂઓ સમાજ અને ધર્મ ઉભયના દ્રોહી બને છે.

અન્ય સંપ્રદાયો માફક જૈન સંપ્રદાયમાં પણ મંદિર તેમજ સાધુઓની સંસ્થા વિકાસ પામેલી છે; પણ જૈન આચાર્યોએ તેમજ ધર્મપ્રણેતાઓએ દુરંદેશી વાપરી આ બન્ને સંસ્થાઓ સંબંધમાં એવી પ્રણાલિકાઓ ઉભી કરી કે જેથી આ બન્ને સંસ્થાઓ અન્ય સાથે સરખાવતાં ઓછી વિકૃત અને અધઃપતિત બની છે. સૌ કોઇ જાણે છે કે જૈનમંદિરમાં પૂજારીનું સ્થાન બહુજ ગૌણ હોય છે. આને લીધે જૈન મંદિર સૌ કોઇને માટે ખુલ્લું રહ્યું છે અને જૈન મૂર્તિની સૌ કોઈ ઉચ્ચ નીચ–શ્રીમાન ગરીબ–ના ભેદ સિવાય પૂજા કરી શકે છે. જૈનસમાજને કોઇ પણ ઠેકાણે પૂજારીની દરમિયાનગીરી આડે આવતી જ નથી.

આવી જ રીતે અમુક માણસ અમુક ગુરૂને જ પોતાનો ગુરૂ અને ઇષ્ટદેવતા ગણે-તેની દેવ માફક પૂજા ઉપાસના કરે–અને તેને જ પોતાનું સર્વસમર્પણ કરે એ પ્રથા જૈનોએ કદિ સ્વીકારી નથી. કોઇ પણ સુચરિત જૈન સાધુ દરેક જૈનને સન્માનયોગ્ય હોય છે. બીજું સાધુઓ પ્રત્યે આદર, અને ભક્તિભાવ પણ અમુક જ રીતે અને અમુક મર્યાદામાં રહીને જ દર્શાવાય–દેવમૂર્તિની પૂજાવિધિ અમુક પ્રકારની હોય–સાધુ પ્રત્યે આદરમાન દર્શાવવાની વિધિ અમુક જ પ્રકારની હોય એવો વિવેક દરેક જૈન સ્વીકારે છે અને સમજે છે. દેવમૂર્તિનું જલ, ચંદન, પુષ્પ, ધુપ, દીપ, અક્ષત આદિ દ્રવ્યો વડે અર્ચન થાય એ સુવિદિત પૂજનવિધિ છે. આવી જ રીતે સાધુજનોની યોગ્ય પરિચર્યા, નમસ્કાર, પંચાંગી પ્રણામ–આ સાધુવર્ગને લગતી ઉપાસનાવિધિ સ્વીકૃત અને સુવિદિત છે. આ બન્ને વિધાનોમાં ભક્તિભાવનું પ્રદર્શન તેમ જ ઉચિત મર્યાદાનું અનુપાલન રહેલું છે.

આજે આ બન્ને ક્ષેત્રોમાં ભક્તિનો અતિરેક થઈ રહેલો જોવામાં આવે છે અને તેના પરિણામે બન્ને ક્ષેત્રમાં અનેક વિકૃતિઓનો ઉદ્‌ભવ થયેલો નજરે પડે છે. દેવમૂર્તિના સંબંધમાં આપણે શોભાશણગારની દિશાએ એટલા બધા આગળ વધી ગયા છીએ કે આપણે કયા દેવની પૂજા કરીએ છીએ, એ દેવ કયી ભાવના અને આદર્શના પ્રતિનિધિ છે, એ દેવનું શિલ્પસ્વરૂપ કયા ભાવને નિરૂપિત કરે છે એ બધું આપણે વિસારી મુકયું છે. જૈન મૂર્તિ એટલે રાગ, દ્વેષ કે પરિગ્રહથી વર્જિત ત્યાગી ધ્યાની, વીતરાગ પ્રભુની મૂર્તિ. આ મૂર્તિ મૂળ આકારમાં આજ ભાવોનું આપણને ભાન કરાવે છે; પણ જ્યારે તેની ઉપર મુગટ અને આભૂષણો ચઢે છે અને ભાતભાતની આંગીઓ રચવામાં આવે છે, કોઇવાર કડીયું, તો કોઇ વાર કોટ, જાકીટ, કોલર અને નેકટાઇ, વળી હીરા, મોતી, પાના, માણેકના હાર, એમાં વળી એક અથવા બે ઘડિયાળ,—આ બધો ઠાઠ મૂર્તિના મૂળ સ્વરૂપને તદ્દન ફેરવી નાંખે છે અને ત્યાગી પ્રભુ રાજા મહારાજાના રૂપમાં રજુ થાય છે. આ આપણી પ્રભુભક્તિનો મોટામાં મોટો અતિરેક છે–અને પરિણામે મૂર્તિપૂજનનો જે મૂળ આશય હતો કે મૂર્તિદ્વારા અહિંસા, સંયમ, તપ, ત્યાગ, ધ્યાન, આદિ ભાવનાઓનું એક ઉંચું પ્રતીક જનતા સમક્ષ ઉભું કરવું કે જેનું અવલંબન પામીને સામાન્ય માનવી ઉન્નત કક્ષાએ પહોંચવાનો સદા પ્રયત્ન કરતો રહે–આ મૂળ આશય આજે લુપ્ત થઇ ગયો છે અને આજની મૂર્તિપૂજા અનેક વહેમો અને કામનાઓનું નિકેતન બની રહેલ છે.

આવી જ રીતે સાધુઓ વિષેની ઘેલછાએ આખા સમાજમાં અનેક પ્રકારની વિકૃતિઓ પેદા કરી છે. આ મારા સાધુ અને આ તમારા સાધુ–આવી મારા તમારાની બુદ્ધિએ બન્ને ને ભારે નુકસાન કર્યું છે. યેન કેન પ્રકારેણ સાધુ સંખ્યા વધવી જોઇએ–એ ખ્યાલે અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિને ખૂબ વેગ આપ્યો છે. જૈનદીક્ષા જેટલું કઠણ આજીવનવ્રત બીજું કોઈ નથી એમ છતાં એ વ્રત અંગીકાર કરનારની યોગ્યતાનો કશો વિચાર જ કરવામાં આવતો નથી. ગઇ કાલે વિચાર થયો તેને આજે દીક્ષા આપી દેવામાં આવે છે. એટલું જ નહિ પણ દીક્ષા આપવા પાછળ અનેક પ્રકારના અનર્થ–નાટકો પણ ભજવાતા હોય છે. આજના ભક્તિ–અતિરેકે સાધુઓને ખૂબ ઘરાળા બનાવ્યા છે; અને આર્થિક દૃષ્ટિએ સમાજને ભારરૂપ બનાવ્યા છે. આચાર્યોનો રાફડો ફાટયો છે. જે આવ્યું તેને શ્રેષ્ટ પદે સ્થાપવાથી શ્રેષ્ટ પદનું જ મહત્ત્વ તદ્દન ઓસરી ગયું છે. જે હોય તે સુરીસમ્રાટ અને સુરિચક્રચુડામણિ તરીકે પુજાય છે. ગુરૂમહારાજ પ્રેરણા આપે છે અને અનુયાયીઓ ગુરૂ મહારાજની મૂર્તિ બનાવે છે અને તેની દેવમૂર્તિ માફક પૂજા કરે છે.

સાધુસંસ્થાની મૂળ પ્રણાલી આ પ્રકારના અતિરેકથી તદ્દન મુકત હતી તેથી જ જૈન જૈનેતર સૌ કોઇને ખૂબ આદરપાત્ર હતી. ભક્તિનો અતિરેક પૂજ્ય તેમ પૂજક બન્નેને પાડે છે. આ બાબત પૂર્વકાળના આચાર્યોના બરોબર લક્ષ્યમાં હતી અને તેથી આવો અતિરેક થવા ન પામે તે માટે બન્ને વર્ગ માટે અનેક પ્રકારની વિવેકમર્યાદાઓ યોજાઇ હતી. ગમે તેટલો ભક્તિભાવ હોય તો પણ સાધુનું જીવન સંયમથી વિમુખ બની સુવાળું ન બને, ભોગોપજીવી ન બને, માન સન્માનની મોહજાળમાં ન ખેંચાય, શિષ્યલોભ કે પુસ્તક–પરિગ્રહથી કલુષિત ન બને, આવી અનેક અગમચેતીભરી મર્યાદાઓથી સાધુજીવન સુરક્ષિત હતું. કોઇ સાધુની મૂર્તિ ન થાય અથવા તો જેવી રીતે દેવમૂર્તિની પૂજા–અર્ચના થાય છે તેવી રીતે કોઇ પણ સાધુની સદેહે પૂજા અર્ચના ન થાય–ગમે તેવા મોટા સાધુ તો પણ આખરે એક અપૂર્ણ માનવી–તેને પૂર્ણ લેખવાની ભ્રમણામાં કોઇ શ્રાવક ન પડે અને એવી રીતે તે કદિ ન વર્તે–આ બાબત ઉપર મૂળથી ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે અને તેથી જ આપણે ત્યાં સાધુતાથી પતન પામ્યાના કંઇ કંઇ બનાવો બનવા છતાં ગોસાંઇઓ અને શંકરાચાર્યો જેવા ભોગલોલુપ સતાધારી

સાધુઓ કદિ પાકયા નથી. મૂળથી ઉચ્ચ ધોરણ મૂકવાથી પતન પણ મર્યાદિત બને છે અને તેથી જ આજની અધઃપતિત જૈન સાધુસંસ્થા પણ અન્ય સંપ્રદાયની સાધુસંસ્થા કરતાં વધારે ઉજળી અને કંઈ કંઇ પવિત્ર અને વિદ્વાન વ્યક્તિઓથી સોહામણી લાગે છે.

પૂજા અતિરેક બન્ને ક્ષેત્રમાં સંભવે છે. પણ મૂર્તિપૂજનો અતિરેક અને ગુરૂપૂજનો અતિરેક એ બન્ને વચ્ચે રહેલો એક મહત્ત્વનો તફાવત ધ્યાનમાં લેવા જેવો છે. મૂર્તિપૂજાના અતિરેકથી મૂર્તિને એટલે કે તે જે ઇષ્ટ દેવતાની પ્રતિનિધિ હોય તેને કશી હાનિ કે નુકસાન થતું નથી. જે કાંઇ ઓછુ વધતું નુકસાન થાય–ખોટા વહેમો અને માન્યતાઓ ઉત્પન્ન થાય તે બધું પૂજક અનુયાયી વર્ગ પુરતું જ હોય છે. ગુરૂપૂજાના અતિરેકથી ગુરૂ તેમ જ શિષ્ય કે શ્રાવક વર્ગ ઉભયને ભારે હાનિ થવા સંભવ છે. તેથી જૈન પ્રણાલિએ દેવપૂજાના અતિરેકની બહુ ચોકી કરી નથી. પણ સાધુતાની સુરક્ષા ઉપર મૂળથી ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. સાધુઓ સંબધમાં જૈન સમાજની વૃત્તિ ખૂબ આળી રહી છે. એક બીજુ સાધુની કોઇ મોટા અનાચારની વાત બહાર આવે છે તો આખો સમાજ ક્ષુબ્ધ બની જાય છે. આવી જ રીતે બીજી બાજુએ કોઇ શ્રાવક કે સાધુની વધારે પડતી [illegible] થાય છે તો પણ શ્રાવક સમુદાય બેચેન બની જાય છે અને આમ કેમ બને એમ ચોતરફ ક્ષોભયુક્ત ચર્ચા ચાલવા માંડે છે. કેટલાક વર્ષો ઉપર પંડિત લાલનની શત્રુંજય ઉપર પૂજા કરવામાં આવી એવી વાત ચાલેલી. આ વાતમાં કેટલું તથ્ય હતું એની મને ખબર નથી પણ આટલી વાતે જ જૈન સમાજમાં ખૂબ કોલાહલ મચાવ્યો હતો. તાજેતરમાં આવા જ એક બનાવે જૈન સમાજમાં ખુબ ચર્ચા ઉભી કરી છે. મળેલી માહીતી મુજબ [illegible] ના દિવસો દરમિયાન લાલબાગની વ્યાખ્યાનશાળામાં વ્યા[illegible] સમય દરમિયાન બે શ્રાવકોએ અનુક્રમે ૮૫ મણ અને [illegible]૨ મણ ઘી બોલીને શ્રી. વિજય રામચંદ્ર સુરીની નવ અંગે વાસક્ષેપથી પૂજા કરી. આવી પૂજાને, સંભવ છે કે, પૂર્વકાળના કોઇ દૃષ્ટાન્તનું કે શાસ્ત્રીય ઉલ્લેખનું સમર્થન હોય, પણ આજના કાળમાં ચાલુ પ્રણાલિકા ધ્યાનમાં લેતા આ પ્રકારની ગુરૂપૂજા ભારે વિચિત્ર અને અનેક પ્રકારના અનર્થો નીપજાવનારી લાગે છે. જૈન માનસ આ પ્રકારના પૂજા–અતિરેકને સહન કરી શકતું નથી અને તેથી આવું બનતાં ચોંકી ઉઠે તે તદ્દન સ્વાભાવિક છે. આવી રીતે પૂજા કરનાર તેમ જ કરાવનાર ઉભય એક એવો શિરસ્તો ચાલુ કરે છે કે જેના પરિણામે યોગ્યાયોગ્યનો વિવેક લુપ્ત થવાનો અને પૂજાના નામે અનેકવિધ પાખંડો શરૂ થવાનો ભય ઉભો થાય છે.

આ બધો તો આપણે આજ સુધી ચાલી આવતી જૈન પ્રણાલીને અનુસરીને વિચાર કર્યો. પણ વર્તમાન સભ્યતાની રીતરસમ વિચારતાં આ બનાવ ભારે ઉપહસનીય અને જૈન સમાજને બીજાઓની નજરમાં નીચે ઉતારે એવો લાગે છે. ગુરૂમહારાજ પાટ ઉપર બેઠા હોય, તેમની સંમતિથી–કારણ કે તેમની સંમતિ સિવાય એકત્ર મળેલી આવી પર્ષદામાં પાંદડું પણ હલી શકતું નથી–તેમની જ પૂજાનું ઘી બોલાય–પાંચ મણ–પચ્ચીસ મણ–પચ્ચાસ મણ—સૌથી વધારે બોલે તેને પૂજા કરવાનો આદેશ અપાય, અને તે ગૃહસ્થ પૂજા માટે સજ્જ બનેલા ગુરૂમહારાજની પૂજા કરે. ગુરૂમહારાજ મનાવે અને લોકો માને કે આ બધું ધર્મના મહિમા માટે થાય છે. કેવું વિચિત્ર ઉપહસનીય નાટક? આવા નાટકથી નાટકના પાત્રો જ કેવળ હાંસીપત્ર નથી બનતા, પણ તેમની પાછળ રહેલો આખો જૈન-સમાજ અને જેનાથી તેમને પ્રતિષ્ઠા મળે છે તે જૈનધર્મ પણ એટલો જ હાંસીપાત્ર બને છે. આવું ફરીથી બનવા ન પામે તેથી જે કાંઇ બન્યું છે તેનો સમસ્ત જૈન સમાજે સખ્ત વિરોધ જાહેર કરવો ઘટે છે. **પરમાનંદ.**

'ભાષાસમિતિ'નો નમુનો!

શ્રી વિજય રામચંદ્ર સૂરિ 'આધ્યાત્મિક દૃષ્ટિએ અહિંસા' એ મથાળા નીચે 'સાંજવર્તમાન'ના તા. ૧૨–૭–૪૧ ના પત્રમાં રાજકારણ અને અહિંસાનો મેળ કદિ સંભવે નહિ એ વિચારનું સમર્થન કરીને આગળ વધતાં જણાવે છે કે:—

"વર્તમાનના માનવીઓ ડગલે અને પગલે હીમાલય જેવડી ભૂલો કરે છે, વાતાવાતમાં આવેશયુક્ત બની જાય છે, કીનાખોરી પ્રત્યેક કાર્યમાં પ્રત્યક્ષ થાય છે. આવાઓ [illegible] તરીકે અજ્ઞાનોમાં મનાતા હોય, તો પણ તે સાચા [illegible] શિષ્ટો નથી. શિષ્ટો તો સદ્ગત એમ જ માનનારા હોય કે "મારી મતિ અલ્પ છે અને અમને તો સદ્ગત શિષ્ટ પુરૂષો કહે તે જ પ્રમાણ છે". આવી મનોવૃત્તિવાળા [illegible] પોતાની મહત્તા વધારવા માટે દેવ, ગુરૂ અને ધર્મ [illegible] ધર્મશાસ્ત્રોની અવગણના થાય એવું કદી જ લખવા [illegible] માલતા નથી. અજ્ઞાન અને સ્વાર્થી જગત્ સમક્ષ એ [illegible] ભયંકર દંભીઓ પણ કેટલાય કાળ સુધી મહાત્મા તરીકે પુજાયેલા હોવાનું આપણે સાંભળીએ અને જોઇએ છીએ. જ્યારે તેવા કોઇ અવસરે તેવા આત્માઓના પાપોદયે સાચી સ્થિતિ જાહેર થાય છે ત્યારે તે મહાત્માઓ ગણાતાને લોક સાચા સ્વરૂપે પીછાની શકે છે. એવા આત્માઓ નિરન્તર ભયંકર કોટિના આર્ત અને રૌદ્ર ધ્યાનોથી રીબાતા હોય છે. એવા આત્માઓ સાચા ધર્મની સન્મુખ બનવા જોગી લાયકાતથી પણ જ્યાં હીન હોય છે ત્યાં તેવાઓ શુદ્ધ ધર્મના ઉપાસક બની શકે અને અનેક આત્માઓને ધર્મ પમાડી શકે એવી એવી કલ્પનાઓ કરવી એ નિરર્થક જ છે. એવાઓ તો પ્રાયઃ સ્વયં ડુબવા અને અનેકોને ડુબાવવા માટે જ મનુષ્યભવ આદિને પામેલા હોય છે. આ ભવમાં એવાઓ પ્રાયઃ ભવિષ્યની ભારમી દુર્ગતિની લાંબી મુસાફરી માટેની તૈયારી કરવાને જ આવેલા હોય છે."

આ બધું વિષયભન કોને ઉદ્દેશીને કરવામાં આવેલું છે તે સ્પષ્ટ કરવાની જરૂર નથી. દુનિયાનો ગમે તેટલો મોટો માણસ સૌ કોઇની આંખે એકસરખો મોટો ન દેખાય એ સ્વાભાવિક છે. તેમની રીતભાત કે ઉપદેશ કોઇને ખૂબ પસંદ પડે તો કોઇને જરા પણ પસંદ ન પડે એ પણ એટલું જ સ્વાભાવિક છે. પણ જેની મહત્તા પોતાને સ્વીકાર્ય ન હોય તેની ઉપર આવી અસાધુ વાણીનો વરસાદ વરસાવવો તે ન્યાય, નીતિ, સાધુતા કે સત્ય-પરાયણતા–સભ્યતાના કોઇ પણ ખ્યાલ સાથે સંગત નથી. જે મહાપુરૂષને ઉદ્દેશીને આવું લખાણ લખવામાં આવ્યું હોય તેમની મહત્તાને તો આવા લખાણોથી જરા પણ ક્ષતિ પહોંચતી નથી, પણ આવા વાંણીપ્રયોગોથી લેખકે ધારણ કરેલી સાધુતા તો જરૂર ઝાંખી પડે છે જ.

પરમાનંદ.

આત્મા—મનુષ્ય જીવનની મહદ્ સત્તા

ભગવતી સૂત્ર વાંચતા જૈનને, ગીતા વાંચતા હિન્દુઓને, કુરાન વાંચતા મુસલમાનને અને બાઈબલ વાંચતા ક્રિશ્ચિયનને કદિ જિજ્ઞાસાની ખાતર પણ એવો વિચાર કર્યો છે કે "શા માટે ભગવતી ગીતા, કુરાન કે બાઈબલનું વાક્ય અમને સર્વમાન્ય છે? શા માટે અમુક માણસનો શબ્દ માત્ર જબરી અશાન્તિ પછી પણ અમારામાં શ્રદ્ધા જન્માવી શાન્તિ ઉપજાવે છે? અથવા તો અમુક માણસનાં વચનો શા માટે પ્રભુવાણી જેવાં માની લેવામાં આવે છે?"

આ બાબત નાસ્તિકદૃષ્ટિથી નથી જોવાની, પણ કંઈક નવું પ્રાપ્ત કરવાની આશાસહ જિજ્ઞાસુ-દૃષ્ટિથી દેખવાની છે. સામાન્ય રીતે પ્રશ્નો પૂછનાર એટલો જવાબ પામે છે કે "એક મહાત્માએ તે સૌ વાતો કહેલી છે માટે અમને તેમાં શ્રદ્ધા છે." આ એક સાધારણ જવાબ છે. જરા આગળ વધેલા કહે છે કે "હૃદયના ઉંડાણમાંથી નીકળેલાં, કર્તવ્ય પરાયણ, કલ્યાણકારી અને સ્વાર્થીભાવનાની પર શબ્દો હમેશાં અખિલ વિશ્વને માન્ય જ રહે છે, જીવનમુક્ત ત્યાગી શ્રદ્ધા જન્માવી શકે; રાગ-વિહીન વીતરાગના શબ્દો પ્રભુના સંદેશ સમ સ્વીકારી શકાય અને જગતના કલહ, ધોંધાટ અને અશાન્તિન વચ્ચે જન્મેલા શાન્ત માનવીના શબ્દોથી આ જગતની અશા થાય છે." આ પ્રત્યુત્તર ઠીક છે, પરંતુ વિશેષ સ્ફુટ કરીએ ત્યારે જ કહેવાય કે જેણે પોતાની આત્મશ્રદ્ધા કેળવેલી છે તેના શબ્દો, કર્તવ્યો કે આચરણ જગતને માન્ય હોય છે. શ્રીમદ્ રાજચંદ્ર ભાખે છે કે:—

".....વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું."

આ આત્મશ્રદ્ધા શું છે ? કેવી રીતે આવી શકે ? પોતાની શ્રદ્ધા કે અશ્રદ્ધા પોતાની જાત પર કે વિશ્વના અન્ય પ્રાણીઓ પર શી અસર કરી શકે એ જાણવું જોઇએ. એટલું તો દરેક માણસ કબુલ કરશે કે વાણી, વિચાર અને વર્તનને નિયમમાં રાખનાર કોઇ પ્રબળ નિયામક શક્તિ આપણા આંતરિક જીવનમાં છે, જેને આપણે સાધારણ રીતે આત્મા, soul કે અંતરાત્માની સંજ્ઞાથી સંબોધીએ છીએ. જ્યારે કોઈ ખુરું કામ કરવા આપણે પ્રયત્ન કરીએ છીએ ત્યારે જાણે કે કોઇ આપણને દેખતું હોય કે વારી વારી પાછું હઠાવતું હોય તેમ લાગે છે તે શું હશે ? તેને અંતરાત્માની મુંગી ટકોર, આત્મનાદ, અંતરનાદ કે Voice within કહેવામાં આવે છે.

જે વખતે આપણે પહેલવહેલું નૈતિક ધોરણ પડતું મૂકી અનીતિના અમંગળ રાહ પર ચડીએ છીએ તે વખતે થતી આ મુંગી ટકોરથી જો ચેતી જઇએ તો અનીતિના ખાડામાં પડતાં બચી જવાય છે, પણ જો એક વાર તે આત્માની ટકોરની—તે પવિત્ર આંતરિક નાદની—ઉપેક્ષા કરી પાપ કરીએ તો દિવસે દિવસે તે ટકોર, તે શક્તિ, તે નાદ ક્ષીણ થતો જાય છે અને મનુષ્ય વધુને વધુ પાપમય અનીતિમય, અકલ્યાણમય બનતો જાય છે અને ધીમે ધીમે તે પોતાના આત્માની શક્તિ ગુમાવી બેસે છે. ઘણા માનવીઓ આ રીતે પહેલવહેલા પાપમાં પ્રવેશતી વખતની મુંગી ટકોરથી ચેતી પાપથી પાછા વળ્યા છે અને ભવિષ્યમાં બહુ પવિત્ર જીવન ગાળી શકયા છે. મહાન નરોની આત્મકથાઓ વાંચનાર આ બાબત સહેજે સમજી શકે છે. પસ્તાવો, પાપનો એકરાર ખમત ખામણા, પોતાની ભૂલો માટે છૂપો હૃદયપ્રલાપ, કે ગુનાની તોબાહ પોકારવાની વૃત્તિ આ આત્માની મુંગી ટકોરની, અંતરનાદનીજ નિશાનીઓ છે.

દરેક પાપની શરૂઆતથી તે પાપકાર્યની પૂર્ણાહુતી પછી પણ ટકોર તો ચાલુજ રહે છે. આત્મા ડંખ દે છે અને જાણે કે ફોલી ખાતો હોય કે જીવનને બાળી નાંખતો હોય તેમ દરેક પાપ કરનારને થયા જ કરે છે. પાપીના જીવનમાં શાન્તિ નથી જ હોતી. આ ડંખ, આ દહન, આ પ્રલાપ કે અશાન્તિ આપણને ચેતવણી આપે છે કે "ચેત, ચેત, પામર પ્રાણી! તારું પાપ તને ખાશે." આ ચેતાવનારી શક્તિ તે આત્મા! અને આ આત્માની શક્તિમાં શ્રદ્ધા તે આત્મશ્રદ્ધા.

આ સ્થળે જરા પાપ અને પુણ્યનો વિચાર પણ આપણને થઇ આવે છે કે તે શું હશે? તેની ટુંકી વ્યાખ્યા એટલી કે "જે કાર્ય, વિચાર, કે વાણીની શરૂઆતમાં કે પાછળ આત્મા પ્રફુલ્લિત થતો હોય તે કામ હંમેશાં કરવા યોગ્ય જ સમજવું—તેનું નામ પુણ્ય અને જેની પાછળ આત્મા ડંખ દે, છુપા પ્રલાપો હોય, કે પસ્તાવો થયા કરે તે કામ હમેશાં ન કરવા યોગ્યજ માનવું. તેનું નામ પાપ!' પછી ભલે દુનિયાદારીની વ્યાખ્યામાં આ વાત ન આવતી હોય!

મુંગી ટકોર, હૃદયદહન, અશાન્તિ, પ્રલાપ, પસ્તાવો, કે ક્ષીણી વૃત્તિ એ પાપની પગથીઓ ચડતાં અનુભવાતી જુદી જુદી સ્થિતિઓ છે. પાપની પહેલાં મુંગી ટકોર થાય છે. પછી પાપની સ્મૃતિ હૃદયદહન અને અશાન્તિ ઉપજાવે છે. જેથી હૃદય મુંગુ મુંગુ રડે છે—પ્રલાપ કરે છે. આ વખતે માણસ જો ચેતી જાય તો પસ્તાવાના પ્રવાહમાં નાહી, માફી, તોબાહ, કે એકરાર દ્વારા પુનઃ શાન્તિ પામે છે અને સુમાર્ગે ચડે છે. જો બીજી ચેતવણીની પણ અવગણના કરે તો પતન ઉંડું ને ઉંડું થતું જાય છે અને છેવટે માનવ માનવતા હારી જાય છે. આટલા માટે જ આપણે ધર્મગ્રન્થો મારી મારવાનું કહે છે.

રે, પસ્તાવો પુનિત ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે.
પાપો તેમાં ડુબકી દઇને પુણ્યશાળી બને છે. (પ્રલાપી)

હિન્દુશાસ્ત્રમાં હત્યાઓની કલ્પના અને તે કરનારની હૃદયદ્રાવક સ્થિતિ આ ઉદ્દેશજ સમજાવે છે. હત્યા પડછાયાની પ્રમાણે પાછળ ચાલે, પીછો ન મૂકે, પાપ હંમેશાં આંખ સામેજ તરવરે વિગેરે બાબતો પાપ કરનારના હૃદયની, આત્માની સ્થિતિ બતાવે છે—આ ઉપરથી એમ ફલિત થાય છે કે માનવીનું રક્ષણ કરનાર કોઇ પવિત્ર, અદ્રશ્ય સબળ શક્તિ મનુષ્યમાં છે. આ શક્તિ જ તેને સારાસાર, લાભાલાભ કે સત્યાસત્યનો ભેદ બતાવે છે. આ શક્તિમાં આપણને જેમ વધારે શ્રધ્ધા, તેમ તે શક્તિ વધુને વધુ બળથી આપણું રક્ષણ કરે છે. આ શ્રધ્ધા વિચાર, વર્તન, અચળ ઇચ્છાશક્તિ અને પવિત્રતામાંથી આવે છે. તેને કાયમ ટકવા માટે મદદ મળે તેટલા માટે ટોંકી ટોંકીને વારંવાર સત્સંગ, આત્મ નિમજ્જન, અને સદ્વર્તનનું કહેવામાં આવે છે.

મનુષ્યજીવન નકલ કરનાર છે. જેવું દેખે તેવું કરવા સહજમાં તૈયાર થઇ જાય તેવું છે; પણ જેઓ પોતાનું આત્મિક બંધારણ બાંધી બેઠા છે, જેણે જેણે પોતાની ઇચ્છાશક્તિ ઉપર પોતાનો કાબુ જમાવ્યો છે, જેણે આંતરનાદને સદા જાગ્રત રહી સમજપૂર્વક માથે ચડાવ્યો છે. અને જેણે આત્માનંદમાં પોતાની જાતને ખોઇ દીધી છે તેવા જીવનમુક્તો માટે સત્સંગ કે દુઃસંગનો સવાલ નથી. તે તો પોતાની ઇચ્છાશક્તિ સામાપર લગાડે છે અને તેને તેનો ભૂલભરેલો રાહ છોડાવી સદ્રાહપર લાવે છે. વચનસિદ્ધિ કે દિવ્યદૃષ્ટિ આત્મ બળનુંજ સુંદર પરિણામ છે.

આપણા જીવનમાં દરેક સ્થળે કે દરેક પળે કે પગલે સેંકડો ગીતા, કુરાન કે બાઇબલ લખાય છે અને ભૂસાય છે, પણ જ્યાં

સુધી આંખ તે બાંજુ બંધ છે, કાન બધિર છે અને મન વિચાર શુન્ય છે ત્યાં સુધી તેનો આવિર્ભાવ સમજાતો નથી.

Soul કે આત્મા જેવી બીજી કોઇ પણ પ્રબળશકિત માનવ જીવનમાં નથી જ. પોતાનો નિર્દોષ આત્મા જે કંઇ કહે તે બીજું ન જ કહી શકે. આ આત્મશકિત વધારવાથી માનવ મહાત્મા કે પ્રભુસમ થઇ શકયો છે. દેવ દાનવ કે માનવ આ આત્મશકિતના વધારા ઘટાડા પ્રમાણે થઇ શકાય છે. આત્માના ઉચ્ચારેલા શબ્દો તરફ હમેશાં જગતની સહાનુભૂતિ હોય છે. એ રીતે અગાઉ જણાવ્યું તેમ અને જેને આપણો આત્મા નિર્મળ ભાવે સ્વીકારે તે હમેશાં સત્યજ હોય છે. પરન્તુ જો આ આત્મા તરફ અગાઉ કોઇ પણ વખતે બેદરકાર રહેવાયું હશે અને સાચા પસ્તાવાથી આત્મશુદ્ધિ કરી મનનો મેલ સાફ કર્યો નહિ હોય–તો તે આત્મામાં સત્યનુ પ્રતિબિંબ ઝાંખું પડશે એ માણસે કદી ભુલવાનું નથી.

કોના શબ્દો આપણો આત્મા સ્વીકારી શકે કે દૂર મુકી દે તેનો વિચાર કરતાં સમજાય છે કે આપણા કરતાં જેણે પોતાની આત્મશ્રધ્ધા વિચાર, વર્તન અને શીલથી વધારે પ્રબળ બનાવી છે, જેણે તે શ્રદ્ધાથી સ્વપર સ્વાતંત્ર્ય મેળવેલું છે, તેવી વ્યકિતના વચનો, વર્તન કે વિચાર આપણો આત્મા માર્ગદર્શક તરીકે સ્વીકારી લે છે અને સહજ તેને અનુસરે છે.

આપણા કરતાં જેની અધ્યાત્મિક શકિત ઓછી વિકસી છે તેના કર્તવ્ય કે વચન તરફ આપણને ભાગ્યેજ શ્રદ્ધા બેસી શકે છે અથવા તો બોલવામાં, વિચાર ગોઠવવામાં કે કર્તવ્ય કરવાના સમયે આત્માને છેતરવામાં આવે છે કે તેનો દ્રોહ કરવામાં આવે છે અને તે વખતની મુંગી આત્મ ટકોર દૂર મૂકી દેવામાં આવે છે તે તરફ નિર્મળ આત્મા પોતાની સહાનુભૂતિ દર્શાવી શકતો જ નથી. કદાચ ક્ષણભર આપણે તે ... મારી મચ્ચરડીને સ્વીકારી લઇએ પણ જેમ જેમ આત્મિ ...કત પ્રબળ થતી જાય છે તેમ તેમ તે બીજાનું જુઠાણું, તરપીંડી કે છળને સમજે છે અને છોડે છે. સ્વાર્થપરાયણતા આત્મિક શકિતને ઓછી કરી નાંખે છે. આપણી આંખ સામેજ અસંખ્ય દાખલા છે કે એક વખતે જેનાં તરફ ઘણા માણસો શ્રદ્ધાપૂર્વક માનસહ લાગણીથી જોતા હતા, જેના વચનો અને કર્તવ્યો માટે માન ધરાવતા હતા અને જેનું અનુકરણ અને અનુસરણ કરવામાં મગરૂરી માનતા હતા તેજ માણસોએ જ્યારે તેની અગાઉની સાત્વિક વૃતિ સ્વાર્થ ભાવનાથી દૂર થઇ અને જીવન ઉલટું વહેવા માંડયું ત્યારે પોતાનું સ્થાન અને માન સદાને માટે ગુમાવ્યાં છે, એટલુંજ નહિ પણ અપયશ, ધિક્કાર અને અપ્રીતિજ વહોરી બેઠા છે. આપણા નેતાઓ કે ગુરૂઓ તરફનો પ્યાર, માન કે ભકિત ઘટવાનું પણ આ જ કારણ છે.

જેની આત્મિક શકિત આપણી શકિતની બરાબર હોય છે તેવા માણસ તરફ માત્ર સહાનુભૂતિ કે મિત્રભાવ જ પરિણમે છે. પરન્તુ જેની વૃતિ આપણી વૃતિ કરતાં હલકી ઉતરતી કે ઉલટા દરજ્જાની હોય તેવા માણસ માટે જો તેની વૃતિ અજ્ઞાન દશાથી ખરાબ હોય તો દયા અને પાપાચરણથી ખરાબ થયેલી હોય તો ઘૃણા ઉત્પન્ન થાય છે. અમુક તરફ આપણો પૂજ્યભાવ, અમુક તરફ મિત્રભાવ, અમુક તરફ દયાવૃત્તિ અને અમુક તરફ તિરસ્કાર આવા કારણોથી જ સંભવે છે. આત્મા માનવીના જીવન વ્યવહારની રચના અને ગોઠવણ કરે છે, તેમજ જગતૂના અન્ય માનવીઓ સાથેનો તેનો સબંધ પણ નક્કી કરે છે અને એ રચના અને ગોઠવણ આત્માની શકિત વિકસાવે છે. વડમાંથી બી અને બીમાંથી વડ તે ન્યાયે આત્મા અને જીવન પોતાનું કાર્ય કરે છે.

આપણા કેટલાએક જીવનમુકતો, આપણા મહાન ગુરૂઓ, કે આપણા દેશનાયકો આ શકિતને બરાબર અનુસરવાથી જ આટલા પવિત્ર, અને મહાન શકિતવાળા થઇ શકયા છે. અપૂર્વ ત્યાગી બુદ્ધ કે દયાસાગર મહાવીર કે કાઇસ્ટ આપબુદી મુકી આત્માના દોર્યા દોરાયા અને મહાન પદ પ્રાપ્ત કરી શકયા. જ્યાં સુધી ખુદમાં ખુદી (અહંભાવ) છે, જ્યાં સુધી જીવન સંગ્રામમાં નીતિ અનીતિનાં દ્વંદો ખેલાવાના છે, જ્યાં સુધી સ્વાર્થવૃત્તિ છે ત્યાં સુધી સુખ, દુઃખ માનાપમાન, વડાઈ કે છોટાઇ રહેશે; પણ જ્યારે આ બધી વૃત્તિઓ ખુદ આત્માની સત્તા નીચે આવે છે ત્યારે દેહના બીજા બધા નાદ આંતરિકનાદ, Voice–within ની નીચે દબાઇ જાય છે અને જ્યારે નિઃસ્વાર્થ ભાવનામાં સ્વાર્થનો લય થાય છે ત્યારે આપણા જીવનકલહનો અંત આવે છે, માનાપમાન, નીતિ અનીતિ કે લઘુતા કે ગુરૂતાની લાગણી જતી રહે છે. સમ્યક્ વૃત્તિ જગત સાથે જન્મ છે. આ દશા માનવીની છેલ્લી વિકાસ ભૂમિકા છે. જેને જૈનો વીતરાગદશા, હિન્દુઓ બ્રહ્મદશા, મુક્ત-દશા અને મુસલમાનો ફનાહ ફિલ્લાહની દશા કહે છે.

જગતના મહાન આત્માઓ પાસેથી ઘણું પ્રા ...કરી શકાય પણ તે ઉપરથી એમ નથી માનવાનું કે પોતાના નિયંતા આત્માને નહિ પૂછતાં પારકાં વચનો ઉપર એકદ ...સ મુકી સત્ય કરી માનવું. જગતના અન્ય જીવ તો આપણને અનુભવ લેવા માટે જ, વિના વિચાર અનુકરણ કરવા માટે. મુકાબલો અને તે પ્રમાણેનો ...ફેરફાર માણસને પકવ અને પૂર્ણ બનાવે છે.

જે ...ય સભ્યતાપૂર્વક જાગૃતપણે નિર્મળ, અને નિર્મળ-સ્થિતિ ...ાના આત્માને દરેક કાર્યની શરૂઆતમાં પૂછી, પૂર્ણાહુતી ...ા તપાસી જાય છે તે માણસ કદી ભૂલ ખાતો જ નથી.

અનુભવી આત્મા શ્રીમદ્ રાજચંદ્ર યોગ્યજ કહે છે કે:

રે! આત્મ તારો! આત્મ તારો!
શીઘ્ર એને ઓળખો!—

વ્રજલાલ ધ. મેઘાણી.

સંઘનું સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પુસ્તકાલયને આજ સુધીમાં નીચે જણાવેલ વ્યકિતઓ તથા સંસ્થાઓ તરફથી પુસ્તકો ભેટ મળ્યા છે જે માટે સર્વેનો ઉપકાર માનવામાં આવે છે!

૨૦૯૩ તા. ૩૧-૩-૪૧ સુધી મળેલાં

૨૫	શ્રી	મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ
૧	,,	જગન્નાથ જે. દેસાઇ
૫	,,	કેશવજી મુળજી લોડાયા
૪૦	,,	મહાવીર જૈન વિદ્યાલય
૧૧	,,	કાન્તીલાલ ડી. કોરા
૧	,,	વજુભાઇ કોટક
૨૨	,,	કચરસિંગ રતનચંદ મહેતા
૧૮	,,	ત્રિકમલાલ મગનલાલ વીરવાડીયા
૧	,,	'નવરચના કાર્યાલય'
૫૨	,,	જન્મભૂમિ કાર્યાલય
૨૦	,,	મણિલાલ વાડીલાલ નાણાવટી
૭૬	,,	નરોતમદાસ ધનજીભાઇ
૧૫	,,	રતીલાલ સી. કોઠારી

——

૨૩૮૦

વાંચનાલયનો લાભ લેનારની સંખ્યા કારતક શુદ ૧ થી શ્રાવણ વદ ૦)) સુધીમાં કુલે ૨૦૧૪૬ છે. સરેરાશ રોજના ૬૮ માણસો વાંચનાલયનો લાભ લે છે.

એજ પ્રમાણે પુસ્તાલયમાં દશ માસમાં કુલ ૫૩૫૦ પુસ્તકો બહાર વાંચવા અપાયા છે અને તેના વાંચનારની કુલ સંખ્યા ૩૬૦ છે.

અમીચંદ ખેમચંદ શાહ
મંત્રી, વાંચનાલય પુસ્તકાલય.

ધાર્મિક શિક્ષણ

[અધ્યાપક બેચરદાસ દોશી]

પ્રાથમિક શાળાથી માંડીને મહાવિદ્યાલય સુધીની નાની મોટી બધી શિક્ષણસંસ્થાઓમાં અક્ષરજ્ઞાન, અંકગણિત, ઇતિહાસ, ભૂગોળ, તર્કવિદ્યા, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, ભાષાજ્ઞાન અને ભાષાજ્ઞાનની પુષ્ટિ માટે વિવિધ પ્રકારનું ગદ્યપદ્યાત્મક વાચન, પ્રાચીન ભાષાઓ અને પ્રાચીન લિપિઓ વગેરે અનેક વિદ્યાઓ શીખવાય છે. એમાં ભાષાજ્ઞાન માટેની વાચનમાળાઓમાં સત્ય, અહિંસા, પરોપકાર, ત્યાગ, પ્રેમ, શૂરવીરતા, ક્ષમા, ઉદારતા વગેરેને લગતા પણ અનેક પાઠો આવે છે, ઘણાં આખ્યાનો હોય છે અને એવાં બીજાં છૂટક છૂટક પદ્યો પણ ગોઠવેલાં છે. બાળક બાળપોથીમાંથી જ ગોખવા માંડે છે કે—

"પરોઢિયે નિત્ય ઊઠીને, લેવું ઈશ્વર નામ;
દાતણ કરી નાયા પછી, કરવા પાઠ તમામ.
ગુરુને બાપ સમાન ગણો, ઘો મોટાને માન;
જૂઠાને લોકો બધા, ને બહુ ફિટકાર;
માટે બાળક સૌ તમે, બોલો સત્ય વહેવાર"

આ જોતાં વાચનમાળાના એ પાઠો બાળકોને ધર્મશિક્ષણ જ આપે છે. ધર્મ એટલે સત્ય, અહિંસા, ત્યાગ, ક્ષમા, ઉદારતા, પ્રેમ—એમ આપણે કહીએ છીએ અને એ સંબંધી પાઠો શાળામાં ચાલતી વાચનમાળામાં હોય જ છે. તો પછી શાળાઓના ભણતરથી જુદું ધાર્મિક શિક્ષણ શા માટે ? અને જુદું હોય તો તે કેવું હોવું જોઇએ ? એવો પ્રશ્ન જરૂર ઊઠવાનો. વળી આપણો સાધુવર્ગ અને શ્રાવકવર્ગ એમ કહે છે કે શાળાઓમાં તો સંસારી શિક્ષણ અપાય છે. વ્યવહારનું શિક્ષણ અપાય છે અને ધર્મ તો વ્યવહારથી જુદો છે. માટે તે સારૂ જુદી શાળાઓ હોવી જરૂરી છે—આબત પણ વધુ વિચારવા જેવી છે.

હું સમજું છું ત્યાં સુધી ધર્મ ભણતરનો વિષય નથી, એ આચરણનો વિષય છે. બાળકો નાનપણથી પોતાની શ્રવણશક્તિદ્વારા શબ્દો સાંભળી સાંભળીને બોલતા શીખે છે. તેમને બોલતાં કરવા સારૂ શાળાની અપેક્ષા નથી તેમ બાળકો પોતાની અવલોકન શક્તિથી બીજાનાં આચરણોને જોઇ જોઇને પોતે તેમ કરતાં શીખે છે અને તે રીતે તેમનામાં સદાચારનો પાયો દૃઢ થાય છે.

બાળક ગોખતું હોય કે "જુઠું કદી ન બોલવું" પરંતુ તેના ઘરમાં તેની મા, બાપ ભાઇ કે બેન જુઠું બોલતાં હોય વા પરસ્પર લડતાં હોય વા એક-બીજાને ગાળો ભાંડતા હોય તો બાળક "ઘો મોટાને માન" એવું લાખવાર ગોખે તો પણ તેનામાં સત્ય આવવાનું નથી તેમ વિનયગુણ પણ પરિણમવાનો નથી. આ હકીકત સોએ સો ટકા સાચી છે અને અફર છે. એટલે ધર્મની તાલિમ માટે આપણા ઘરમાં, કુટુંબમાં, પાડોશમાં, સમાજમાં તેવું વાતાવરણ ઉભું કરવું એ જ જરૂરી છે. વાતાવરણ ન હોય તો બાળકમાં ધર્મની વાતો રટવાથી કદી પણ ધર્માચરણ આવવાનું નથી. પિતા દુકાને બેસીને બોટા ભાવો કહેતો હોય, ઓછું તોળતો હોય, ભેળસેળ કરીને માલ વેચતો હોય તો પુત્રમાં સત્યાચરણ ક્યાંથી આવે ? ઘરમાં માતા વહુઓ સાથે નિત્ય લડતી હોય—ગાળાગાળી કરતી હોય ત્યાં છોકરાઓમાં વિનયગુણનો ઉગમ ક્યાંથી થાય ? જેમના ઘરમાં સાધારણ નીતિ, પ્રેમ, વિનય વગેરે પ્રાથમિક ગુણોની હવા નથી તેમના પુત્રો શાળાથી માંડીને મહાશાળા સુધી પહોંચી જાય અને એમ. એ. પીએચ. ડી થઈ જાય તો પણ તેમનામાં સત્ય, ત્યાગ, ઉદારતા, વિનય એ જે ધર્મના પાયાના ગુણ છે તે આવવાનો સંભવ ઘણો જ ઓછો છે. હા, કોઇ વિચારક સંતાનમાં ભલે આવે, પરંતુ સાધારણ રીતે એ ગુણોનો સંભવ ઘણો ઓછો હોવાનો. કહેવાનો ભાવ એ છે કે ઘરમાં, બજારમાં, પાડોશમાં કે મહોલ્લામાં સદાચારનું વાતાવરણ હોય અને શાળામાં ચાલતી વાંચનમાળામાં આવતા પાઠોમાં એજ સદાચરણની પુષ્ટિ માટે કથાઓ, આખ્યાનો, પૂર્વ મહાજનોનાં વૃત્તાંતો અને તેને લગતી કવિતાઓ ચાલતી હોય એમ બેવડી રીતે સદાચરણનો મહિમા ગવાતો હોય ત્યારે જ બાળકોમાં તે ગુણોનો પાયો પાકો થાય છે. જુની રીતે તો કથાઓ દ્વારા જ ધર્મગુણની વૃધ્ધિ થવી સુકર છે અને એ માટે જ આપણે ત્યાં સંસ્કૃતમાં, પ્રાકૃતમાં તેમજ ભાષામાં એવાં અસંખ્ય આખ્યાનો લખાયેલાં છે. રામાયણ, મહાભારત, શ્રીપાળનો રાસ, સમરાદિત્ય કેવળીનો રાસ વગેરે અનેક ગ્રંથોનું વાંચન મનન ધર્મગુણની વૃધ્ધિ કરે તેવું છે. પરંતુ વાતાવરણમાં જ ક્યાંય ધર્મગુણ ન દેખાતો હોય તો એ વાંચન પણ ફોકટ જાય છે માટે પેલું વાતાવરણ અને પછી વાંચન મનન હોય તો જ સત્ય, પ્રેમ, ત્યાગ, ક્ષમા વગેરે ધર્મના પાયાના ગુણો ખીલી શકે. આ રીતે જોતાં શાળા કે મહાવિદ્યાલયમાં ચાલતું શિક્ષણ સદાચરણ માટે પૂરતું છે એટલે ખાસ ધર્મશિક્ષણ માટે શાળાઓ ચલાવવી હોય તો એમાંનો અભ્યાસક્રમ જુદા પ્રકારનો હોવો જોઇએ. એ અભ્યાસક્રમની રૂપરેખા વિષે ચર્ચા કરતાં પહેલાં જેઓ એમ કહે છે કે શાળા-મહાશાળામાં જે શિક્ષણ ચાલે છે તે સંસારવર્ધક છે-વહેવારને માટે એટલા માટે ધાર્મિક શિક્ષણ માટે ખાસ જુદી જ સંસ્થાઓ જોઇએ, એમના મત વિશે થોડો ઉહાપોહ કરવો જરૂરી છે. ભલાં તો સંસારવર્ધક કે વહેવાર કહીને તેઓ શું કહેવા માગે છે તે જ સમજવું જરૂરી છે. સંસાર-વર્ધક એટલે ભવભ્રમણવધ. એવો તેમનો આશય હોય એમ મને જણાય છે. શાસ્ત્રકારો કહે છે કે ઘોર હિંસા, પોતાના ઐહિક સ્વાર્થ માટે બીજાની ઉપેક્ષા, ઘોર અસત્ય, ચૌર્ય, દુરાચાર અને ભારે પરિગ્રહ એ દુર્ગુણો ભવભ્રમણને વધારનારા છે. શાળા કે મહાશાળાના શિક્ષણમાં એક પણ વિષય એવો નથી જેનો લેશ પણ સંબંધ એ દુર્ગુણો સાથે હોય. ઉલટું એમાં જે વાંચનમાળાઓ ચાલે છે તેમાં તો અહિંસા, સત્ય, પરોપકાર, ક્ષમા, દયા, ઉદારતા વગેરે ધર્મના પાયારૂપ ગુણોને લગતા પાઠો આપેલા છે. ગણિતનું જ્ઞાન તો નીતિવ્યવહારની ચોકખાઈ માટે અપાય છે. ઇતિહાસ શીખવાથી આપણી ભૂતકાળની પરિસ્થિતિ સમઝાય છે અને સાથે એથી એ પણ જણાય છે કે કયા કારણથી પ્રજાઓ પડે છે અને કઇ શક્તિને લીધે પ્રજાઓ વિકસે છે. તર્કવિદ્યા અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ બુધ્ધિની તીક્ષ્ણતા વધારવા માટે ઉપયોગી છે અને બુધ્ધિની તીક્ષ્ણતા સારાસારનો વિવેક, હેય-ઉપાદેયનું પૃથક્કરણ અને વહેમના નિવારણ માટે ઉપયોગી છે તેમજ અંધશ્રધ્ધા અજ્ઞાનતા જે ભવભ્રમણનાં કારણ છે તેમને પણ દૂર કરવા બુધ્ધિની તીક્ષ્ણતા આવશ્યક છે. સમાજશાસ્ત્ર, સમાજની રચના, તેનું બંધારણ, સમાજમાં પરસ્પર સહકારની વૃત્તિ વગેરે સમાજપોષક ગુણોને ખીલવવાનું શીખવે છે, એ રીતે શાળા-મહાશાળામાં ચાલતો એક પણ વિષય હિંસાનો, અસત્યનો, અનાચારનો કે અનીતિનો પોષક નથી તો પછી એમ કેમ કહેવાય કે શાળા-મહાશાળાનું શિક્ષણ સંસારવર્ધક છે-ભવભ્રમણ કરાવનારૂં છે ? આ મારાથી તો સમજી શકાતું નથી. હું નમ્રપણે એમ કહેનારાઓને વિનંતિ કરૂં છું કે તેઓ શાળા-મહાશાળાનું શિક્ષણ ભવભ્રમણ કરાવનારૂં છે એ હકીકત પ્રામાણિક રીતે જાહેરમાં સભ્યતાથી ચર્ચશે તો જરૂર એ વિશે વિચાર થઈ શકશે. શાળા-

મહાશાળાના શિક્ષણ વિશે કોઈ એમ કહે કે તે સંસ્થાઓના અભ્યાસક્રમની યોજના પ્રજાહસ્તક નથી એથી એમાં આપણામાં સાંસ્કારિક ગુણો ખીલતા નથી, શિક્ષણનું મુખ્ય તંત્ર ગૌરાંગ પ્રભુઓના હાથમાં છે એટલે આપણી પ્રજામાં સ્વદેશ, સ્વભાષા, સાદાઈ, નમ્રતા વગેરે સાંસ્કારિક ગુણો ખીલતાં નથી અને અધ્યાપકો સાહેબશાહીમાં રહેતા હોવાથી તેમની પાસે ભણનારાઓ એવી જ સાહેબશાહીમાં રહેવાનું શીખે છે, ચીરટના ધૂમાડા કાઢતા થાય છે અને બીજા પણ અનેક દુર્ગુણોના પાશમાં પડે છે. આ રીતે એ શિક્ષણ ભવભ્રમણકાર છે તો એમાં હું સમ્મત છું પણ આનો ઉપાય આપણી ઘરિયા-વહિયા શીખવનારી પાઠશાળાઓના સંચાલનમાં નથી. આનો ઉપાય તો મહાત્માજીએ સ્થાપેલી વિદ્યાપીઠો છે. જે જૈનોને ઉકત સાહેબશાહી શિક્ષણ ભવભ્રમણકારક ખરેખર લાગતું હોય તેમણે પોતાના સંતાનોને એ વિદ્યાપીઠોમાં મૂકવા, જ્યાંથી તેઓ સાદાઈ, જાતમહેનત, નમ્રતા, માતૃભાષા પ્રેમ, સ્વદેશ પ્રેમ, ગ્રામજનતા પ્રેમ વગેરે ગુણોને શીખે અને ખરા ધર્મ શિક્ષણને પ્રાપ્ત કરે. પરંતુ ખરા ખેદની વાતે એ છે કે ધર્મશિક્ષણના જ હિમાયતી જૈનો પોતાના સંતાનોને એ સાહેબશાહી શિક્ષણ લેવા જ મોકલે છે; નહીં કે વિદ્યાપીઠોમાં મળતા સાચા ધર્મશિક્ષણને. અરે જ્યાં જૈન સાધુઓમાંજ અહિંસા તત્વનું આચરણ [illegible] રાષ્ટ્રીયતા નથી ત્યાં તેમના અનુયાયિઓમાં એ અહિંસાનું આચરણ અને રાષ્ટ્રીયતા કયાંથી આવે? જે જૈન સાધુઓ શાસ્ત્રીય દૃષ્ટિએ આચાર પાલન માટે પણ શુદ્ધ ખાદીધારી અને યાંત્રિક તમામ સામાન જે ભયંકર મહાઆરંભદ્વારા નીપજે છે [illegible] વિરોધી હોવા જોઇએ તેને બદલે શાસ્ત્રાચારને અભરાઇએ [illegible] જ્યાં આચાર્યો પણ સ્વચ્છંદે વર્તે ત્યાં તેમના શિષ્યો અને [illegible] અજ્ઞાન અનુયાયિઓ ધર્મશિક્ષણ શી રીતે મેળવી શકે [illegible] હવાનું તાત્પર્ય એ છે કે જે જૈન સાધુ કે જૈન શ્રાવક શાળા [illegible] હાશાળાના સાહેબશાહી શિક્ષણને સંસારવર્ધક કહે છે તે તેમનું કથન તેઓ પોતેજ સાચું સમઝતા જણાતા નથી. સાચું સમઝતા હોત તો શાળા-મહાશાળાઓમાં એક પણ જૈન વિદ્યાર્થી ન હોત અને સાધુઓ બધાય તેમ બધાય શ્રાવકો આપણે ખાદીધારી હોત અને મહારંભજન્ય વસ્તુઓના વાપરથી પણ અલગ રહ્યા હોત. હવે એ વાત વિચારવી રહી કે વહેવાર જુદો છે અને ધર્મ જુદો છે. વહેવારને વખતે વહેવાર અને ધર્મને વખતે ધર્મ. એ બે જુદા જુદા પ્રવૃત્તિના વિભાગ છે. આ કથન પણ મૂઢ માનવને ભુલાવામાં નાખે તેવું છે. ધર્મનો કોઇ રંગ નથી, આકાર નથી, પરંતુ તે એક ક્રિયારૂપ છે અને એ ક્રિયા તે શુદ્ધ વ્યવહાર-પ્રામાણિક વ્યવહાર-સચાઇથી ભરપૂર વહેવાર-નીતિમય પ્રવૃત્તિ-જે પ્રવૃત્તિમાં બીજાને ત્રાસ ઘણોજ ઓછો ઉપજે એવું આચરણ. એટલે ખરી રીતે તો શુધ્ધવ્યવહાર અને ધર્માચરણ એ બન્ને જરાય જુદાં નથી અને તેથી જે શિક્ષણ શુદ્ધ વ્યવહારને પોષે એવું હોય તેને સંસારવર્ધક કેમ કહેવાય? આમ દરેક રીતે વિચાર કરતાં અને સાહેબશાહી શિક્ષણના દોષોને ધ્યાનમાં લેતાં એમ લાગે છે કે રાષ્ટ્રીયતાના રંગથી રંગિત શિક્ષણને ધર્મ-શિક્ષણનું નામ જરૂર આપી શકાય અને તેમ છતાંય મારો એવો મત છે કે ધર્મશિક્ષણ માટે આપણે જુદી શાળાઓ પણ ચલાવવી જોઇએ. હવે એ પ્રશ્ન છે કે વર્તમાનમાં જે પાઠશાળાઓ -જેમાં મેસાણાની યશોવિજય પાઠશાળા જેવી મોટી સંસ્થાઓ પણ આવી જાય છે-ચાલે છે અને તેમાં જે અભ્યાસક્રમ ચાલે છે તેટલું પૂરતું નથી? હું બેધડક કહીશ કે એ સંસ્થાઓનો અભ્યાસક્રમ ધર્મશિક્ષણ માટે ઘણો જ અધૂરો છે એટલું જ નહીં પણ વિદ્યાર્થીની તત્વજિજ્ઞાસાને તેમ જ પૃચ્છકશક્તિને સંતોષી શકે તેવો પણ નથી. આપણી પાઠશાળાઓમાં નવકાર મંત્રથી માંડીને પાંચ પડિકમણાં ઉપરાંત જીવવિચાર, નવતત્વ, દંડક સંગ્રહણી, ક્ષેત્રસમાસ અને કર્મગ્રંથો આટલો અભ્યાસક્રમ છે. નાની પાઠશાળાઓમાં તો બહુ બહુ તો પાંચ પડિકમણાં સુધી હોય છે અને મેસાણાની સંસ્થામાં કે તેવી બીજી સંસ્થામાં કર્મગ્રંથો સુધી વિદ્યાર્થી પહોંચે છે. હવે આપણે વિચારીએ કે આ અભ્યાસક્રમ આપણામાં ધર્મના પાયારૂપ જે જે ગુણો ઉપર જણાવ્યા છે તેમને શી રીતે ખીલવી શકે એમ છે. પહેલું તો એ કે જે ગામડાઓમાં પાંચ પડિકમણાં સુધીની પાઠશાળાઓ છે ત્યાંનો વિદ્યાર્થી ભાગ્યેજ સારૂં સંસ્કૃત કે અર્ધમાગધી-પ્રાકૃત જાણતો હોય છે. અરે એ પાઠશાળાનો શિક્ષક પણ એ શાસ્ત્રીય ભાષાનો જાણ હોવો દુર્લભ છે. હવે પાંચ પડિકમણાં કે બીજા ગ્રંથો બધા પ્રાકૃતમાં છે. જ્યાં સુધી વિદ્યાર્થીને એ સૂત્રોની મૂળ ભાષા ન આવડે ત્યાં સુધી એનો અર્થ એના ધ્યાનમાં શી રીતે આવે? જ્યાં માતૃભાષામાં "જૂઠું [illegible] બોલવું" એવું લાખવાર ગોખતાં છતાં સત્ય વાતાવ[illegible]ના અભાવને લીધે સત્ય બોલવાની ટે[illegible]ની નથી આ [illegible]રભાષા જેવી નહીં સમજાય એવી ભાષામાં ઉદા[illegible]ન રટીને કંઠે કરવાથી કંઠે કરનાર અને કરાવનાર[illegible]રાતે ધર્મગુણની પરિણતિ થાય? હા, એટલું જરૂર [illegible]ક વિદ્યાર્થી જડક્રિયા કરતો થાય અને પોતાનું આચરણ અને ક્રિયા બેમેળ થતી લાગે તોપણ એવો ધીઢ બને કે તેનો તેને જરાય પસ્તાવો પણ ન થાય. આપણા સુસ્ત લોકો કરે છે તેમ બજારમાં જુગાર રમી આવે, વળી દેરામાં જાય, વળી અપાશરામાં જઇ સામાયિક કરે, વળી રાત્રે સટ્ટો ચલાવે. એ પાઠશાળાઓમાં અપાતું આવું શિક્ષણ ધર્મશિક્ષણ નથી પણ ધર્મભ્રામક શિક્ષણ છે. એટલે ખરી રીતે આપણે જુદી ધર્મ-શિક્ષણ શાળાઓ ચલાવવાની જે મારી હિમાયત છે તે તેના ચાલુ અભ્યાસક્રમને લીધે નહીં પણ તેમાં જુદો જ અભ્યાસક્રમ હોવો જોઇએ. એ અભ્યાસક્રમ મારી દૃષ્ટિએ આ પ્રમાણે હોય તો ઠીક કહેવાય. પાંચથી સાત વરસના છોકરાંઓ માટે તેમનામાં સદ્ગુણો પોષે એવી વાર્તાઓ, એવો જ કોઈ ઉદ્યોગ ગોઠવવો જોઇએ. શિક્ષક એ માટે ચાલુ ઘરેડનો નહીં જ ચાલે. સદ્ગુણો ખીલવવા માટે શિક્ષક સદાચારી, વ્યસન વિનાનો, સટ્ટોડિયો નહીં તેવો અને સ્પષ્ટ ઉચ્ચારણવાળો તથા જેણે બાળમાનસનો ઠીક અભ્યાસ કર્યો હોય અને જેણે વિશેષ વાંચ્યું-સાંભળ્યું અને અનુભવ્યું હોય એવો પીઢ સાતથી બારની અંદરના બાળકો માટે વાર્તાઓ, ગૃહઉદ્યોગ અને થોડું થોડું શુદ્ધ ઉચ્ચારણ થાય એ માટે કેટલીક ભાષામય સજ્ઝાયો તથા કેટલાંક પ્રાચીન સ્તવનો કંઠે કરાવવાં જોઇએ અને તેમનું વિવેચન સરળ ભાષામાં તેમની પાસે થવું જોઇએ. એ ઉપરાંત સંસ્કૃતના તથા પ્રાકૃતના શુદ્ધ ઉચ્ચારણના અભ્યાસ માટે થોડાં થોડાં સુભાષિતો અને નવકાર વગેરે સૂત્રો જેટલાં તેઓ કંઠે કરી શકે તેટલાં. આમાં શુધ્ધ ઉચ્ચારણ તથા સંપદા, વિરામ વગેરેનો વિશેષ ખ્યાલ રહેવો જોઇએ. ત્યારબાદ ભાંડારકરની સંસ્કૃતની બન્ને ચોપડીઓ સારી રીતે કરાવવી જોઇએ. ભલેને એ બે ચોપડી દોઢ વરસ લઇ જાય પણ સંસ્કૃતનો ઠીક પરિચય થાય અને યોગશાસ્ત્ર જેવા ગ્રંથો વિદ્યાર્થી પોતાની મેળે જ વાંચી શકે તેટલું સંસ્કૃત તૈયાર કરાવવું જોઇએ અને ત્યારબાદ પ્રાકૃત માર્ગોપદેશિકા કે પ્રાકૃત વ્યાકરણને શીખવી વિદ્યાર્થીનો પ્રાકૃત ભાષા ઉપર સારો અધિકાર બેસે એમ કરવું જોઇએ.

અપૂર્ણ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૧૦

મુંબઇ : ૧૫ સપ્ટેમ્બર ૧૯૪૧ સોમવાર.

લવાજમ
રૂપિયા ૨

સ્વર્ગસ્થ પુલચંદભાઈ

કાઠિયાવાડ ઉપર જાણે ઈશ્વરી કોપ અવતર્યો છે. એક પછી એક પ્રજાસેવકો જીવલેણ માંદગીના ભોગ બની અકાળે કાળવશ થાય છે. સ્વ. મણિકલાલ કોઠારી, સ્વ. મણિશંકર ત્રિવેદી, સ્વ. છગનભાઈ મહેતા અને ચમનલાલ વૈષ્ણવની ભારે ખોટ બધાના મનમાં સાલતી હતી, ત્યાં પુલચંદભાઇ પણ ચાલી ગયા.

શ્રી. પુલચંદભાઇ એટલે કાઠિયાવાડનું ઓજસ્. મ. ગાંધીજીનો આદેશ બરાબર ઝીલી તેને જીવનમાં ઉતારવા સ્વ હોમી દેનાર વ્યક્તિઓમાં પુલચંદભાઇનું નામ પાવે છે. એક બુધ્ધિશાળી સુશિક્ષિત યુવક તરીકે તેમણે પો. ધર- કીર્દી શરૂ કરી. વઢવાણ કેળવણી મંડળના સંસ્થાપકોમાં ત. અગ્રભાગે હતા. વઢવાણની રાષ્ટ્રીય શાળા જોત જોતામાં ફાલી ફૂલી. શ્રી પુલચંદભાઇ અને શ્રી ચમનભાઇની જોડી વઢવાણમાં પૂજાવા લાગી. ત્યાં ગાંધીજીના અસ્પૃશ્યતા–નિવારણનો પેગામ આવ્યો. પુલચંદભાઇએ તે પેગામ ઝીલી લીધો. હરિજનોને શાળામાં દાખલ કર્યા. સવર્ણો ખીજાયા. સવર્ણોના બાળકો શાળા છોડીને ચાલી ગયા. પુલચંદભાઇ ઉપર પહેલાં પુલોનો વર્ષાવ વરસતો, તેને બદલે ગાળોનો અને ધમકીઓનો વરસાદ વરસવા લાગ્યો. મારવા સુધી પણ વાત પહોંચી. નજીકના મિત્રો દુશ્મન બન્યા. તે છતાં તે અડગ વીર ડગ્યો નહિ. તેણે પોતાની તત્ત્વનિષ્ઠા જાળવી રાખી અને ફાલીફૂલીને વિકાસની ટોચે પહોંચેલી રાષ્ટ્રીય શાળાને તત્ત્વની ખાતર હોમી દીધી ! એ રાષ્ટ્રીયશાળાએ કાઠિયાવાડને અનેક સેવકો આપ્યા છે. કેળવણી મંડળની ભૂમિ ખાલી પડી, તેમાં સ્વ. પુલચંદભાઇએ અનાથ હરિજનોના બાળકોને સ્થાન આપ્યું. તેમની તત્ત્વનિષ્ઠાના સ્મારક રૂપે આજે કેળવણી મંડળના મકાનોમાં હરિજન આશ્રમ ચાલે છે. કેળવણીકાર તરીકેની કારકીર્દીમાં આ રીતે અચાનક ભંગાણ પડવાથી પુલચંદભાઇની જીવનધારા જુદી જ દિશામાં વળી. નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધા પછી કાઠિયાવાડના અણનમ સત્યાગ્રહી તરીકેની તેમની જીવનયાત્રા શરૂ થઇ. ત્યાર પછી બારડોલીના સત્યાગ્રહમાં પુલચંદભાઇ અને તેમના સૈનિકોએ અભૂતપૂર્વ ભાગ ભજવ્યો. સત્યાગ્રહી શાહીર તરીકેનું પદ બારડોલીએ જ પુલચંદભાઇને આપ્યું. બારડોલીની લડતની સફળતામાં પુલચંદભાઇની ભજન મંડળીનો ફાળો ચોક્કસ સ્વરૂપનો હતો. "ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે" કે "માથું મેલો સાચવવા સાચી ટેકને રે" જેવી ધૂનો બારડોલી તાલુકાના ખૂણે ખૂણે આબાલવૃદ્ધોના કંઠમાંથી નીકળતી હતી. તે ધૂનો હજી પણ રાજકીય સરઘસોમાં એટલા જ ઉત્સાહથી બોલાતી સંભળાય છે.

બારડોલી પછી કાઠિયાવાડના નાના નાના રાજ્યોમાં અનેક સત્યાગ્રહ સંગ્રામમાં પુલચંદભાઇએ ભાગ લીધો. બારડોલી પછી તેમણે કાઠિયાવાડ માટે "કાઠિયાવાડ સત્યાગ્રહ દળ" નામની અહિંસક સૈનિકોની ખડી સેના ઉભી કરી હતી. તે સેનાએ કાઠિયાવાડના સ્વાતંત્ર્યવિગ્રહોમાં સુંદર ફાળો આપ્યો છે.

આ નાના સત્યાગ્રહોમાં તાલીમ લઇને તૈયાર થયેલા પુલચંદભાઇના આ દળને વિશ્વવિખ્યાત દાંડી કૂચ પછીના સત્યાગ્રહ માં જોડાવાનું નિમંત્રણ આવ્યું. પુલચંદભાઇએ દળ ઉપાડ્યું. મીઠાનો સત્યાગ્રહ ચાલ્યો. વિરમગામ તાલુકો પુલચંદભાઇએ સંભાળી લીધો. ૧૯૩૦ ની આ લડત સતત ચાર વર્ષ ચાલી. આ લડત દરમ્યાન જ સ્વ. ચમનભાઇ વૈષ્ણવ અને સ્વ. પુલચંદભાઇ, બન્નેમાં જીવલેણ માંદગીનાં બીજ રોપાયાં અને એ માંદગીએ બન્નેના લીધા.

પુલચંદ–ચમનભાઇની જોડી કાઠિયાવાડના તપસ્વીઓની જોડી હ. સ્વ૦ ચમનભાઇની તપસ્યા પૂનમના ચંદ્ર જેવી પાવિત્ર્ય પોષક ો, જ્યારે સ્વ૦ પુલચંદભાઇની તપસ્યા મધ્યાહ્નના સૂર્યના તાપ જેવ. પાપદાહક હતી. એક બાલબ્રહ્મચારી હતા, જ્યારે બીજા વિવાહિત હોવા છતાં બ્રહ્મચારી હતા. પુલચંદભાઇનાં પત્ની શારદાબ્હેને એમની તપસ્યામાં જે સાથ આપ્યો તે વખાણવા લાયક હતો. એ સાથને લીધે જ સ્વ૦ પુલચંદભાઇ પોતાના વિકાસપથ પર સફળતાથી પ્રગતિ કરી શક્યા.

પુલચંદભાઇ અડગ લડવૈયા હતા. સમાધાન એટલે Compromise ને તેમના જીવનમાં સ્થાન ન હતું. જ્યાં અન્યાય હોય, ગુંલામી હોય, જુલમ હોય ત્યાં દોડી જઇને અન્યાય, ગુલામી, જુલમ સામે ઝઝુમીને તેનો અંત આણવાની અદમ્ય તાલાવેલી તેમનામાં હતી ઇશ્વરે ધાર્યું હોત અને તેઓ લાંબો વખત જીવ્યા હોત તો કાઠિયાવાડની બેવડી ગુલામીના બંધનો તોડનાર સેનાના વિજયી સેનાપતિ તરીકે તેમનું નામ કાઠિયાવાડના ઇતિહાસમાં લખાત.

આ છેલ્લી જીવલેણ માંદગી વખતે એમની ત્યાગવૃત્તિ અને સંતોષવૃત્તિ જેમણે જોઇ છે, તેમનાં મસ્તક આદરથી નમ્યા વગર નથી રહ્યાં. મૃત્યુનો ડર સરખો તેમનામાં ન હતો. દિન પ્રતિ દિન મૃત્યુની રાહમાં તેઓ હતા, તેમ છતાંય હૃદયની શાંતિમાં રહેજ પણ ક્ષતિ ન હતી. છેક મૃત્યુની વેળાએ પણ અત્યંત શાંત રીતે તેમણે પોતાનો દેહ છોડયો.

આવા સેવકો અકાળે મૃત્યુવશ થાય છે તેથી કાઠિયાવાડ અકળાઇ ગયું છે. હવે બાકી રહેલા સેવકોને કેમ જાળવી રાખવા, એની ચિંતા સૌના મનમાં જાગી છે અને વાત પણ સાચી છે. પોતાના સેવકોને સાચવી રાખવાની શક્તિ પ્રજાએ મેળવી લેવી જોઇએ. જ્યારે પ્રજા ગુલામીના ઘેનમાં ઉંઘતી રહે છે ત્યારે ભાવનાશાળી સેવકોને પોતાના શરીરની પરવા કર્યા વગર કામ

કરવું પડે છે. સ્વ૦ ચમનભાઇએ અને પુલચંદભાઇએ પોતાના શરીરપર કેટલા અત્યાચાર કર્યા છે, તેના અનેક સાક્ષીઓ મળશે. આવા અત્યાચારોમાંથી કાઠિયાવાડના સેવકોને બચાવી લેવા હોય, તો પ્રજાએ સ્વાતંત્ર્યસંગ્રામમાં પોતાનો ફાળો આપતા થવું જોઇએ. આવા સેવકોના માથેથી બોજો હળવો કરવાનો નિશ્ચય પ્રજાએ કરવો જોઇએ. કાઠિયાવાડનું જીવન ઉન્નત બનાવવા માટે સંખ્યાબંધ સેવકોએ બહાર આવવું જોઇએ. એમ થશે તો જ સેવકોના માથેનો બોજો હળવો થશે અને તેઓ દીર્ઘાયુષી બનશે.

સ્વ૦ પુલચંદભાઇની જગા પૂરવી સહેલ નથી. પુલચંદભાઇના જવાથી જૈનસમાજે એક મહાન તપસ્વી ગુમાવ્યો છે. તેમની બોટ કાઠિયાવાડને નિરંતર ચાલશે. તેમનું સ્મારક બનાવવાની યોજના વિચારાય છે. પણ તે સ્મારક કોઇ જડસ્વરૂપ હોય તે ન શોભે. સ્વર્ગસ્થની પ્રખર સેવાનું સ્મારક તો કાઠિયાવાડમાં એક પ્રબળ સત્યાગ્રહદળ ઉભું થાય તો જ થશે.

ઇશ્વર સ્વ૦ પુલચંદભાઇના આત્માને ચિરશાંતિ આપો!

ગોપાળરાવ કુલકર્ણી

પુલચંદભાઇના છેવટના ઉદ્‌ગારો

"જીવવાનો મોહ હવે કાંઇ રહ્યો નથી; મોક્ષની પણ અળખામણા નથી; એક માત્ર ઇચ્છા છે કે મૃત્યુ બાદ ફરી અવતરું કે જ્યાંથી દલિતોની સેવામાં વહેલામાં વહેલો જોડાઈ જાઉં!"

પુલચંદભાઇની વીરવાણી

ડંકો વાગ્યો, લડવૈયા શૂરા જાગજો રે!
શૂરા જાગજો રે! કાયર ભાગજો રે!—ડંકો.

× × ×

જુલ્મ સામે નિડર થઇ ઝુઝશું રે!
ભલે માથું ને ધડ જુદા થાય,
અમે ડરતા નથી કદી જુલ્મથી રે!

× × ×

તમે ડરશો નહિ જરી મોતથી રે!
મોત કાયરનું રોજ રોજ થાય છે રે!
પણ જીવે સદા શુરવીર—તમે.

પુલચંદભાઇનું છેલ્લું સ્વપ્ન

છેલ્લું સ્વપ્ન તેમને એવું આવેલું—જાણે પોતે ગાંધીજીના આશ્રમમાં બાળવેશે અન્ય બાળકો સાથે દોડી રહ્યા છે. ગાંધીજી આવે છે, ન ઓળખી શકવાથી પૂછે છે 'કોણ એ?' નાનો બાળક કહે છે "ભુલી ગયા મને? એ તો હું પુલચંદ."

ગાંધીજીનો પત્ર

ચિ. શિવાનંદ

તમે ઠીક સવિસ્તર પત્ર લખ્યો. પુલચંદને કહેજો કે હારે નહિ. મૃત્યુશય્યાપર પડેલા ઉઠ્યા છે ને રાતા રાણ જેવા જણાતા બગાસું ખાતાં ચાલ્યા ગયા છે. નટના હાથમાં આપણે નાચીએ છીએ, એટલે મર્યાદિત પ્રયત્ન કરતા છતાં જવું પડે તો હસતે મુખે જઇએ.

બાપુના આશીર્વાદ

બાપુજીની અંજલિ

આપણે એક સૌથી બહાદુર અને ઉત્તમ કાર્યકર ગુમાવ્યો છે. જો કે તે યુવાન હતાં છતાં પણ તેણે મરી જાણ્યું છે..... તેનાં નજીકમાં છે તેમણે પુલચંદના કામને આગળ ધપાવવાનું છે.

બાપુ

શ્રી મુંબઇ જૈન યુવકસંઘની
કા. વા. સમિતિનો શોક પ્રસ્તાવ

કાઠિયાવાડના જાણીતા કાર્યકર્તા શ્રી પુલચંદભાઇના અકાળ અવસાનની આ સંઘ ભારે ખેદપૂર્વક નોંધ લે છે. તેમનું સાધુતાથી ભરેલું ખડતલ જીવન અખંડ તપશ્ચર્યાસમાન હતું; તેઓ એક શિસ્તપરાયણ સૈનિક અને બહાદુર લડવૈયા હતા; તેમણે રાષ્ટ્રીય શિક્ષણ, હરિજનસેવા, ખાદીપ્રચાર આદિ પ્રવૃત્તિઓમાં ખૂબ ફાળો આપ્યો હતો. ઉજ્જ્વળ અને વિમળ જીવનકારકીર્દી વડે તેમણે જૈન સમાજના ગૌરવમાં ભારે વધારો કર્યો છે. આ શોકપૂર્ણ પ્રસંગે તેમના પત્ની શારદાબહેન પ્રત્યે આ સંઘ અંતઃકરણની સહાનુભૂતિ દર્શાવે છે.

"ફુલ ગયું, ફોરમ રહી,
રહ્યા ગીત-ઝણકાર."

જીવનમાં આદર્શને સ્થાન

(બે વર્ષ પહેલાંની મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર.)

અમુક વસ્તુઓ ક્રમમાં મુકીએ તો વધુ સમજાય છે. જેમ કે બાલક, કિશોર અને જુવાન અથવા તો માહિતી, જ્ઞાન અને ડહાપણ એમ ગોઠવીને વાત કરીએ તો સમજાય છે કે બાલક અને જુવાન અને તેની વચ્ચેનો તે કિશોર, તેવીજ રીતે પહેલાં હકીકતોની માહિતી, પછી જ્ઞાન અને છેલ્લે અનુભવના સારરૂપે આવે છે તે ડહાપણ. હું પણ આજે જે કહેવા ધારું છું તે આવા ક્રમમાં જ કહીશ.

પહેલાં અંગ્રેજીમાં જેને 'હોબી' એટલે શોખ અથવા ધૂન કહે છે એનો આપણે વિચાર કરીએ. ઘણા માણસોને જુદી જુદી જાતની હોબી હોય છે, કેટલાકને ટપાલની ટીકીટો એકઠી કરવાની હોબી હોય છે, કેટલાકને પ્રાણીઓનો અભ્યાસ કરવાની હોબી હોય છે અને બીજાને બીજી જુદી જુદી જાતની હોબીઓ હોય છે; પણ આપણે ત્યાં ઘણા વેપારીઓ હોય છે કે જેમને વેપાર સિવાય રાત દિવસ બીજું કંઇ જાણવું નથી. રજાનો ઉપયોગ કેમ કરવો એ પણ તેઓ જાણતા નથી અને ચોપડાના પાના [illegible] નિરાંત વળે છે. આવા માણસોના જીવનમાં [illegible] હોય તો તેમના જીવનનો વિકાસ વધે. આપણે ત્યા [illegible]નો શોખ હજી એટલો કેળવાયો નથી. જો હોબીઓ [illegible] જીવનની ઘરેડ ભાંગે અને માણસના જીવનમાં રસિકતા ચાલુ રહે. હોબીઓ અલબત્ત સારી તો હોવી જ જોઇએ, તેમ ક્રિયાત્મક પણ હોવી જોઇએ. બીજા સંગીત, ગાયન કે નૃત્ય કરે અને તમે તેને વખાણ્યા કરો એ હોબી ન કહેવાય. આવી નિષ્ક્રિયતામાંથી મળતો આનંદ એ ઘણો નજીવો આનંદ છે. તમે સીનેમા રોજ જુઓ, બીજા ક્રીકેટ રમતા હોય અને તમે જુઓ અથવા તો બેઠા બેઠા રેડીયો સાંભળ્યા કરો એમાં હોબી નથી. તમે જાતે કાંઇક કરો, પોતે ગાઓ, વાંચો, નાચો અને કૂદો તે હોબી કહેવાય. પણ માત્ર નિષ્ક્રિય પ્રેક્ષકની જેમ બીજાઓ કરે તેમાં રસ લ્યો એ ખરી રીતે હોબી ન કહેવાય. આ ભેદ રમત અને ગમત જેવો છે. ગમત એટલે કેવળ નિષ્ક્રિય રહીને લેવો. રમત એટલે પોતે સક્રિય બનીને આનંદ શોધવો તે આ હોબી એટલે ધૂન. તે અતિ સાધારણ વસ્તુ છે. જીવનમાં તેને સ્થાન છે, પણ તે બહુ મહત્ત્વનું નથી.

હોબી કરતાં ધ્યેય એ ઘણી ઉંચી વસ્તુ છે, ધ્યેય એટલે અમુક લક્ષ્ય પાર પાડવામાં માણસ પોતાની શક્તિ કેન્દ્રિત કરે તે ઘણી ઉચ્ચ વસ્તુ છે. ધ્યેય અનેક પ્રકારના હોઇ શકે છે. સામાન્ય પ્રકારના ધ્યેયો હોય છે તેમ ઉચ્ચ પ્રકારના ધ્યેયો પણ હોય છે.

આપણે ત્યાં ધ્યેયવાળા માણસો ઓછા છે. તેમાંયે ઉત્તમ પ્રકારના ધ્યેયવાળા માણસો ઘણા ઓછા છે. કરોડ રૂપીઆ પેદા કરવા એ પણ એક ધ્યેય તો છે જ; પણ તે ઉત્તમ પ્રકારનું

ધ્યેય નહિ કહેવાય. સંગીતપ્રવીણ બનવું, ચિત્રકાર થવું, પ્રાચીન શોધખોળ કરવી, સુંદર વિકાસ કરવો, અથવા તો એક સારો શબ્દકોષ તૈયાર કરવો–આવા અનેક પ્રકારના ધ્યેય હોઇ શકે છે અને તે ધ્યેય ચડિયાતા છે. આનાથી બીજા મહાન ધ્યેયો પણ સહજ કલ્પી શકાય છે.

જેમ દુનિયાની અંદર આપણે વસ્તુઓની શોધ કરવી પડે છે, તેમ પોતાની શક્તિની પણ માણસે શોધ કરવી પડે છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ આપણે આપણી શક્તિ અનુસારનું ધ્યેય શોધવું જ પડે છે. આ માટે પ્રયત્ન કરવો પડે છે. ધ્યેય કદાચ બદલાવવું પડે તેમાં કાંઇ હરકત જેવું નથી; છતાં માણસે પોતાના જીવનમાં અમુક ધ્યેય તો નક્કી કરવું જ પડે છે. ધ્યેય વગરના માણસનું મન અવ્યવસ્થિત ઘર જેવું છે. [illegible] માણસોની શક્તિ ધ્યેય વગર વેડફાઇ જાય છે, કાટ ચડે છે. માટે માણસે ધ્યેય ઉચ્ચ પ્રકારનું નક્કિ કરી તેની પાછળ સતત લાગ્યા રહેવાનો [illegible] એ.

આપણા દેશમા અનેક નાના મોટા પ્રશ્નો છે. તેનો કોઇએ વિચાર નથી કર્યો. દાખલા [illegible] આપણા દેશ માટે કઇ જાતનો પોષાક હોવો જોઇએ, ખાનપ[illegible] કઇ વસ્તુઓ ખરેખર પોષક અને ગ્રહણ કરવા યોગ્ય છે અને કઇ વસ્તુઓ હાનિકારક અને ત્યજવા યોગ્ય છે તેનો કોઇ [illegible]
આપણે ફેશનની આંધળી નકલ કરીએ છીએ. આ [illegible] તપાસ અને શોધ કરવી જોઇએ.

આપણા જાજરૂ કેવા હોવા જોઇએ તે શોધી આપે પણ દેશની એક કિંમતી સેવા કરે છે. મારા ઘરમાં મારે જાજરૂ કરાવવું હતું પણ મને કોઇ સલાહ આપી શકયું નહિ. મહાત્માજીને ગૌઉછેર સંબંધી સાહિત્ય જોઇતું હતું તે અંગ્રેજી સાહિત્યમાંથી જ મળી શકયું. નહિ તો આપણો દેશ તો ઘણો ખેતી–પ્રધાન ગૌસન્માનવાળો દેશ ગણાય છે.

બારડોલી તપાસ વખતે મિ. મેકસવેલ અને બુમફીલ્ડ બે સાહેબો આવ્યા હતા. પુરસદ વખતે મિ. મેકસવેલ ડાંગના જંગલમાં જતા અને માખીઓનો અભ્યાસ કરતા અને માખીઓના જુદા જુદા વર્ગ વિષે તેઓ ઘણું કહી શકતા. આમ પરદેશીઓ આપણા દેશની માખીઓ વિષે આટલું જાણી શકે ત્યારે આપણે કેવળ અજ્ઞાત હોઇએ એ કેવું આશ્ચર્ય !

આપણા દેશમાં જુવાન વર્ગ માટે ઘણું જાણવાનું અને કરવાનું છે. આપણા દેશમાં પંડિત જયકૃષ્ણ ઇન્દ્રજી જેવા વિદ્વાન વનસ્પતિશાસ્ત્રી બીજા નથી થયા. તેમણે જે શોધો કરી છે તે કરવાનું બીજા કોઇને હજુ સુઝતું નથી. આપણે જડની માફક જીવીએ છીએ. કોઇ જાતની હોળી કે ધ્યેય વગર બીજા કરે તે પ્રત્યે મોઢું વકાસીને ઉભા રહીએ છીએ. પણ આ તો જરા વિષયાન્તર થયો. પ્રથમ આપણે હોળીનો વિચાર કર્યો. પછી ધ્યેયની ચર્ચા કરી. પણ જીવન માટે એ બે વસ્તુઓ બસ નથી. ધ્યેયથી પણ ઉંચી કોટિ આદર્શની છે. હોળીમાં એક વસ્તુ લક્ષને તેના ઉપર કામ કરવાનું હોય છે. આદર્શમાં તેથી ચડિયાતી શક્તિની જરૂર છે. તેમાં આપણે કાંઇક થવું પડે છે, કરવું જ પડે છે. લક્ષ્મીની જેમ પૂજા કરીએ તો ઘરમાં પૈસો આવતો નથી તેમ આદર્શની માત્ર પૂજા કરીએ તેથી આદર્શ સિદ્ધ થતો નથી. આદર્શ માટે પ્રયત્ન અને પુરૂષાર્થ કરવો જોઇએ.

આપણે ત્યાં આસ્તિક અને નાસ્તિક વિષે પણ ઘણા ઝઘડા અને વિવાદો ઉભા થયા છે. પણ મારે મન તો જે માણસ પોતે છે તે કરતાં વધારે ઉન્નત સ્થિતિ છે એમ માને છે અને તેને માટે પ્રયત્ન કરવો જોઇએ એમ પોતે માને છે તે આસ્તિક છે. પછી તે ઇશ્વરને માનતો હોય કે ન હોય. પણ બીજો માણસ જે ઇશ્વરને માનતો હોય અને મંદિરમાં નિયમિત પૂજા કરતો હોય પણ તેને કાંઇ કરવાનું સૂઝતું ન હોય તો મારે મન તે નાસ્તિક છે. તેના જીવનમાં આસ્થા નથી. ઉન્નત જીવનના અસ્તિત્વની અને તેને પોતાના જીવનમાં ઉતારવાની તેનામાં આસ્થા નથી.

ઘણા માણસના જીવનમાં ધ્યેય હોય છે, પણ આદર્શ ન હોય તો તે ઉંચા પ્રકારનો માણસ થઇ શકતો નથી. માત્ર લખી જાણે અથવા બીજી કાંઇ શક્તિ હોય પણ આદર્શ ન હોય તો તે માણસ તરીકે તેની કિંમત વધતી નથી. કેટલાક સારા લેખકો તરીકે પંકાયલા હોય પણ તેમના અંગત પરિચયે તમને તેઓ પ્રત્યે ધૃણા આવે એમ ઘણી વાર બને. આનું ખરૂં કારણ એ હોય છે કે તેઓ લખી જાણે છે, પણ તેમનામાં આદર્શ નથી હોતો.

શબ્દકોષ કે બીજી પ્રવૃત્તિને પોતાના ધ્યેય તરીકે લઇને ઘણા પ્રવૃત્તિઓ કરે છે, પણ તેમાં આદર્શ ન હોય તો તેના જીવનમાં આપણને ઘણી ક્ષતિઓ નજરે પડશે. વસ્તુની પકડ આપણે જેમ જેમ આદર્શ પ્રમાણે જીવતા જઇએ તેમજ હાથમાં આવે છે.

આદર્શમાં જેટલી શ્રદ્ધા હોય તેટલો જ જીવનમાં વેગ આવે છે. બે માણસો મહાવીર વિષે વાત કરે છે, પણ બન્નેમાં સરખું બળ હોતું નથી, તેનું કારણ એકમાં શ્રદ્ધા છે અને બીજામાં નથી એ છે. શ્રદ્ધા એજ સાચું બળ છે.

આદર્શમાં બે વસ્તુ આડે આવે છે. એક અભિમાન અને સ્વાર્થ. આ બાબતની જેમ જેમ આપણે આદર્શને માર્ગે–આચરણને માર્ગે–ચાલતા જઇએ છીએ તેમ તેમ આપણને [illegible] પડે છે.

[illegible] માણસો આગળ ધ્યેયની કે આદર્શની વાત કરીએ ત્યારે તેમ[illegible] નજર આગળ નૃત્ય, સંગીત, સાહિત્ય, લેખન કે રાજકારણ [illegible] થાય છે. આનું કારણ અત્યારનું વાતાવરણ છે. પણ ધ્યેય અને આદર્શ એક રીતે સર્વગમ્ય છે, સર્વના હાથમાં છે.

જીવનનો અને જનસમાજના ઉદ્ધારનો સાચામાં સાચો નિયમ તો પોતે જે કામ કરતો હોય તે સારામાં સારી રીતે કરવાનો હંમેશા આગ્રહ રાખવો એ છે. ઘણા માણસો ફરિયાદ કરે છે કે અમને બધા છેતરે છે. દાણાવાળો કહે કે કાપડવાળો છેતરે છે, કાપડવાળો કહે કે વકીલ અમને છેતરે છે, આમ સૌને સૌ કોઇ છેતરતું જ હોય તેમ લાગે છે. આનો ઉપાય એ છે કે દરેક માણસ પાસે પોતાનું જે કાર્ય કે ધંધો હોય તે તેણે સારામાં સારી રીતે અને સાચામાં સાચી રીતે કરવો અને તે ન્યાયે બીજાને છેતરતા હોઇએ તે બંધ કરવું. આમ કરવાથી જ જગત કોઇ વખત જીવવા જેવું બનશે. અમસ્તી મોટામાં મોટી આદર્શોની વાત કરવી અને પોતાના સ્વાભાવિક ધંધામાં પૈસા લેતાં છતાં તેને પ્રમાણિકપણે ન કરવો એ આપણે ત્યાં વધુ જોવામાં આવે છે. આદર્શ જીવનની શરૂઆત આપણે જ્યાં ઉભા છીએ ત્યાંથી જ થવી જોઇએ. જે ધંધો કરતા હોઇએ ત્યાંથી થવી જોઇએ. આદર્શ કોઇ હવામાંથી કે ઉપરથી નથી આવવાનો.

ઘણા માણસો નોકર, ચાકર કે તાબાનો જે માણસ હોય તેનો પૂરો કસ કાઢે છે, ઉપયોગ કરે છે, તો જીવન જેવી મહત્વની વસ્તુ આપણા હાથમાં આવી છે, તેનો સારામાં સારો ઉપયોગ ન કરીએ એમાં આપણી કેવળ જડતા છે. જડ અને ચૈતન્યનો આ જ ફરક છે. જડને કશું કરવાનું નથી, કશું થવાનું નથી, પણ ચૈતન્યને કાંઇક થવાનું છે, કાંઇક બનવાનું છે. આદર્શ વગરનો માણસ એ ચૈતન્યહીન પ્રાણી છે.

રામનારાયણ વિશ્વનાથ પાઠક.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતાં વદેદ્વાચમ્

સપ્ટેમ્બર ૧૫ ૧૯૪૧

ભગવાન મહાવીરની ત્રિપદી

(ગતાંકથી ચાલુ)

ગુણ અને પર્યાય

દરેક મૂળગત પદાર્થમાં કેટલાક ધર્મો સહભાવી હોય છે. એ તો પદાર્થ હોય ત્યારે સાથે જ હોય. એવા સર્વકાળ સાથે રહેનાર ધર્મોને 'ગુણ' કહેવામાં આવે છે. કેટલાક ધર્મો વારંવાર ફરતા રહે છે. એવા ફરતા ધર્મોને 'પર્યાય' કહેવામાં આવે છે. ગુણ ઉપર દૃષ્ટિ રહે ત્યારે પદાર્થ નિત્ય લાગે છે; પર્યાય પર દૃષ્ટિ પડે ત્યારે પદાર્થ અનિત્ય લાગે છે. આને લઈને [illegible] દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે ભેદ થાય છે. મતભેદો આ દૃષ્ટિભેદથી ઉત્પન્ન થયા છે. એના અનેક દાખલા છે. એક પ્રાણી આજે હીરાચંદને નામે ઓળખાય, પાંચ વર્ષ પછી મરણ પામે અને અન્યત્ર સોભાગમલ્લને નામે ઓળખાય. અથવા શરીર આજે યુવાન હોય, કાલે પળિયાં આવી જાય, વૃદ્ધ [illegible] આજે તાજી હોય, થોડા દિવસમાં સડી જાય, કાટવાળી થા[illegible] એ સર્વ પર્યાય-પલટન ભાવ બતાવે છે. પણ એ પલટન ભાવ ચાલ્યા કરે છે ત્યારે તેની અંદર એક ભાવ નિત્ય પ[illegible]ય છે, સદાકાળ તે તો સાથે જ રહે છે. એમાં ચેતન [illegible] કે પુદ્ગલ તત્ત્વ તો ત્રણ કાળ વગરકર્યે નિત્ય સંબંધે રહે છે. આ સહભાવી અને ક્રમભાવી ધર્મો બરાબર સમજવા યોગ્ય છે. દર્શનકારોમાં મતભેદ થયા છે તે આ ગુણ અને પર્યાયોની વહેંચણીમાં ચોખવટ ન થવાને કારણે થયા છે. નૈયાયિકો દ્રવ્ય ઉપર જ નજર રાખે છે એટલે ચેતન પદાર્થ નિત્ય જણાયો. બૌદ્ધોની નજર વારંવાર થતા ફેરફારો ઉપર વધારે સ્થિર થઈ એટલે એણે અનિત્યતા ઉપર ભાર મૂક્યો. સહભાવી અને ક્રમભાવી ધર્મોનો ખ્યાલ દાખલાઓ વડે જ સ્પષ્ટ થઈ શકે તેમ છે. દાખલા તરીકે હીરાકંઠી અને હારનો દાખલો વિચારો. તેમાં સુવર્ણત્વ ગુણ છે, જ્યારે માળા કે હાર એ પર્યાયો છે. આપણે અમુક નામે પ્રસિદ્ધ હોઈએ તે પર્યાય છે પણ એને પ્રેરનાર ચેતન ત્રિકાલ મોજૂદ છે, એના જ્ઞાનાદિ સહભાવી ધર્મો તે ગુણ છે.

આવી રીતે પ્રત્યેક પદાર્થમાં એના મૂળ તરફ જઈએ તો એના ગુણ અને પર્યાયનું જ્ઞાન થાય છે. એ બરાબર ધ્યાનમાં ઉતરે ત્યારે પ્રત્યેક મૂળગત પદાર્થમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવતાનો એકી સાથે અનુભવ થાય છે. એમ છતાં આપણી વિચારશક્તિની મંદતાને લઈએ. આપણે એક મુદ્દા પર નજર કરીએ છીએ ત્યારે કાંતો નિત્યવાદ મગજ પકડી લે છે અથવા અનિત્ય ભાવ ઉપર લક્ષ્ય ચોંટી જાય છે. સત્ય એ છે કે આ બન્ને ભાવો એક સાથે જ રહે છે અને હોય છે. તેટલા માટે ઉત્પાદ, વ્યય અને ધ્રુવતા ત્રણેથી યુક્ત હોય તે પદાર્થ-આવી પદાર્થની વ્યાખ્યા કરવામાં આવી છે અને એ જ ત્રિપદી છે. પર્યાય ફરતા જાય છતાં એમાં ધ્રુવતા ચાલુ તે જ વખતે રહે છે એ સતનું સ્વરૂપ છે, એ સતૂત્વ છે, એ સત્તા છે.

વૈશેષિકો દ્રવ્ય ગુણ અને કર્મ ઉપરાંત સામાન્ય અને વિશેષને અલગ પદાર્થ માને છે. મનુષ્યમાં મનુષ્યપણું એ સામાન્ય છે અને તેમાં દેવચંદ કે હીરાચંદ-એ એનું [illegible] વિશેષ છે. અન્ય દર્શનકારોએ દ્રવ્યથી સત્તાને ભિન્ન ગણીને સામાન્ય 'દ્રવ્ય'ને વિશેષ [illegible] સાથે જોડનાર પદાર્થની 'સમવાય' સંબંધ નામથી [illegible] અલગ પદાર્થ તરીકે યોજના કરી છે. જૈનદર્શનમાં [illegible] ગુંચવણ રહેતી નથી. એ તો ગુણ [illegible] ગણી દ્રવ્યના સહભાવી ધર્મો અને ક્રમભાવી [illegible] સાથે હાજર ગણે છે. માત્ર ગુણ ઉપર ધ્યાન જાય [illegible] પર્યાયપર ધ્યાન રહેતું નથી. આમ બતાવીને આખા સત્ પદાર્થને ઉત્પત્તિ-વિનાશ-ધ્રુવતા-યુક્ત વર્ણવવામાં આવેલ છે.

નયજ્ઞાન અને પ્રમાણજ્ઞાન

જૈનની વસ્તુવ્યવસ્થામાં નયજ્ઞાન બહુ મદદ કરે છે. નય એટલે જુદા જુદા દૃષ્ટિબિન્દુઓ. એના મુખ્ય વિભાગ પાડયા: દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક: કોઈ પણ ચોકકસ અપેક્ષા ધ્યાનમાં રાખીને કોઈ પદાર્થની વ્યાખ્યા કે વિવેચન કરવામાં આવે ત્યારે તે પદાર્થનું અંશજ્ઞાન પ્રાપ્ત થાય છે. ભિન્ન ભિન્ન અપેક્ષાઓનો સમન્વય કરવા વડે એક પદાર્થનું જે સમગ્ર જ્ઞાન થાય તે પ્રમાણજ્ઞાન કહેવાય છે. આ અપેક્ષા દૃષ્ટિ અને સર્વ દૃષ્ટિઓનો સમન્વય એ જૈનદર્શનની-જૈનન્યાયની વિશેષતા છે. બીજાં દર્શનો પોતપોતાના મત-અભિપ્રાયોના સમર્થનો જ શોધે છે જ્યારે જૈનદર્શન એ સર્વનો સાચો સમન્વય સુઝાડે છે.

આ નયવાદમાં નિત્યવાદનો પણ સ્વીકાર છે, અનિત્યવાદનો પણ સ્વીકાર છે, એમાં દ્વૈતાદ્વૈતનો સમન્વય છે, એમાં ભેદાભેદની પાર પહોંચે તેવી દૃષ્ટિ છે, એ સાંખ્ય, નૈયાયિક, વૈશેષિક કે વેદાંતને પણ સમજી સમજાવી શકે છે, એ ચાર્વાક નાસ્તિકનું દૃષ્ટિબિન્દુ પણ સમજી શકે છે અને એ બૌદ્ધનો ક્ષણિકવાદ પણ

શકસ્તવ

કર્મરૂપી વેરીઓનો સમૂળ નાશ કરનાર 'અરિહંત' 'ભગવાન' મહાવીરને નમસ્કાર!

પડેલું ચીલે ચાલ્યા જનારાં અનેક છે; પરંતુ તે ચીલાઓ ભુસાઈ જવા આવ્યા હોય, અથવા એક બીજામાં અટવાઈ ગયા હોય, ત્યારે પોતાના પ્રયત્નથી નવો ચીલો પાડી લોકોને સુગમ રસ્તો કરી આપનાર વિરલ હોય છે. આપ તેવા 'આદિકર' છો, 'તીર્થંકર' છો! તેથી આપ 'પુરુષોત્તમ' 'પુરુષસિંહ' છો.

લોકોમાં ઉત્તમ કહી શકાય તેવા ઘણાય હશે; પરંતુ લોકોનું યોગક્ષેમ વહન કરી, તેમનો રસ્તો ઉજાળનાર હિતસ્વીઓ વિરલ હોય છે. આપને 'લોકનાથ' 'લોકપ્રદીપ' કહેનારે સાચું કહ્યું છે. આપે સર્વને અભય આપ્યું છે, ચક્ષુ આપ્યાં છે, માર્ગ આપ્યો છે, શરણ આપ્યું છે, જીવન આપ્યું છે, બોધ આપ્યો છે, અને ધર્મ આપ્યો છે. ખરેખર આપ ધર્મદાતા, ધર્મદર્શક, ધર્મનાયક અને ધર્મસારથિ છો. ધર્મક્ષેત્રના આપ ચક્રવર્તિ છો. સંસારસમુદ્રમાં ડુબતા લોકોને આપ દ્વિપરૂપ છો, ત્રાણરૂપ છો, શરણરૂપ છો, ગતિરૂપ છો, પ્રતિષ્ઠારૂપ છો. આપે રાગદ્વેષ જીત્યા છે એટલું જ નહીં પણ બીજાઓને તે જીતવાનો માર્ગ બતાવ્યો છે; આપ ભવસાગર તરી ગયા છે એટલું જ નહીં પણ બીજાઓને તે તરવામાં મદદ કરી છે; આપ જાતે બુદ્ધ થયા છો એટલું જ નહીં પણ બીજાઓને બોધ પમાડનાર બન્યા છો. આપની મુક્તિ જ ખરી મુક્તિ છે, કારણ તે બીજા અનેકની મુક્તિનું કારણ બની છે. સર્વ ભયોને જીતનાર હે જિન! આપને ફરી ફરી નમસ્કાર! **અનુવાદક ગોપાળદાસ જીવાભાઈ.**

સ્પષ્ટ કરી શકે છે. કોઇ ગુણને પ્રાધાન્ય આપે છે, કોઇ પર્યાયપર રાચે છે, કોઇ એકત્વ સ્થાપે છે, કોઇ અનેકત્વ સ્થાપે છે–અને તે દરેક અંશ સત્યો છે, પ્રમાણવાદમાં એ સર્વ અંશોનો સ્વીકાર કરી, પ્રત્યેકની અપેક્ષા સમજી એ સર્વને સ્થાન આપવાની ઘટના છે. નયજ્ઞાન સમજી, અપેક્ષાઓને ધ્યાનમાં રાખી જે સંપૂર્ણ અંશવાળું વસ્તુસ્વરૂપ સમજે તે પ્રમાણજ્ઞાન પ્રાપ્ત કરે. વસ્તુ અનેક ધર્મોથી ભરપૂર છે, કોઇ વાર એક ધર્મદ્વારા એનું સ્વરૂપ વ્યક્ત થાય તો કોઇવાર એનાથી વિરૂદ્ધ ધર્મદ્વારા એની પ્રતીતિ થાય છે–પણ એ સર્વને સમજી એનો સ્વીકાર કરે તે પ્રમાણજ્ઞાન છે, કર્મના કર્તાપણાનો ખ્યાલ કરીએ ત્યારે આત્માનું નિત્યત્વ ભાસે છે, કર્મના ભોગવવાની વાત કરીએ ત્યારે એના અનેક પર્યાયોને લઇને એનું અનિત્યત્વ ભાસે છે. અને આ બન્ને વાતો આત્મામાં તો એકી સાથે રહેલી છે જ. પણ આ બન્ને અપેક્ષાનો વાચક એક શબ્દ ન હોવાથી એનામાં સાત ભાંગા પડે છે. આ સર્વ [illegible]નાર જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે.

આવી રીતે ઉત્પત્તિ, વિનાશ અને ધ્રૌવ્યતા બનાવનાર ત્રિપદીમાં સર્વ દર્શનોના મતભેદોનો સમન્વય થાય છે. દરેક દર્શનકારે અંશ સત્ય બતાવ્યું છે જેટલે અંશે તે સમજ્યા તેટલે અંશે પ્રરૂપણા કરી છે. એટલા માટે જૈન કોઈ દર્શનને અસત્ય ન કહે. એ માત્ર એટલું જ કહે સમજ્યા છો તેટલા પૂરતી તમારી વાત ખરી છે, પણ અંશ સત્ય છે; સંપૂર્ણ સત્ય સમજવા માટે તમારે બીજી આ [illegible]ડવી પડશે. આ જૈનનો અનેકાંતવાદ છે, એમાં જરા પણ અચોક્કસ નથી, પણ વસ્તુનું વસ્તુતઃ છે તેવું નિરૂપણ છે, સત્યનો સમન્વય છે, મતભેદોનો છેડો લાવે તેવું તત્વદર્શન છે.

આ સર્વ વાત ત્રિપદીમાં સમાયલી છે, એનાપર અનેક ગ્રંથો રચાયા છે, આખો દ્રવ્યાનુયોગ આ ત્રિપદીપર આધાર રાખે છે અને ન્યાયના અનેક પુસ્તકો ત્રિપદીથી ભરેલા છે, દ્રવ્યગુણ પર્યાયને સમજવા, સાત નયને વિચારવા, સપ્ત ભંગીનું સ્વરૂપ જાણવું, દ્રવ્યનું દ્રવ્યત્વ ઓળખવું એ સર્વ અગત્યની બાબતોનો સમાવેશ આ ત્રિપદીમાં થાય છે અને પદાર્થ–વ્યાખ્યાથી માંડીને એના વિકાસના સર્વ ક્રમોની પરંપરા જીવાજીવ સૃષ્ટિના યાવત્ દ્રવ્યો વગેરે સર્વ અગત્યની બાબતોપર આ ત્રિપદી સમજી શકાય અને પરસ્પર મેળ મળી જાય તેવો પ્રકાશ પાડે છે.

ગણધરો પોતે મહા વિદ્વાન હોય છે, શાસ્ત્રપારંગત હોય છે, અનેક શિષ્યોને અભ્યાસ કરાવનાર હોય છે, દર્શન શાસ્ત્રના નિષ્ણાત હોય છે. તેમને આ ત્રિપદી પ્રાપ્ત થતાં તે તેનું સ્વરૂપ વિચારે છે અને તેમને આ ગુણ પર્યાય વિભાગનો વિચાર કરતાં વસ્તુતત્ત્વની પ્રાપ્તિ થઇ જાય છે. ત્યાર પછી તેઓ વિગતો પૂરે છે, નય તથા પ્રમાણ જ્ઞાનની વિવક્ષા કરે છે, ષડ્ દ્રવ્યનું સ્વરૂપ સમજાવે છે અને અનેકાંતવાદમાં રહેલ રહસ્ય પ્રકટ કરતાં સપ્તભંગીને સમજાવે છે. એ સર્વ આગળ થતો વિકાસ છે, પણ એની જડ ઉપરના ત્રણ શબ્દોમાં છે. બે ઘડિની વિચારણામાં રહસ્ય પ્રાપ્ત થઇ જાય એવા અચિંત્ય સામર્થ્યવાળી આ ત્રિપદી પર આખા દ્રવ્યાનુયોગનો આધાર છે, એ કોઇ પણ દ્રવ્યાનુયોગનો શાસ્ત્રગ્રંથ વાંચતા લક્ષ્યમાં રાખવામાં આવશે તો પ્રવેશ ઘણો સહેલો થઇ જશે. દ્રવ્યાનુયોગ સમજવાની આ ચાવી છે અને એ ચાવી સમગ્ર જૈનશાસનમાં એકમતે સ્વીકારાયલી છે. એમાં ફીરકાનો ભેદ નથી. ગચ્છનો ભેદ નથી. મતની તકરાર નથી. આખા જૈનદર્શને વગર અપવાદે સ્વીકારેલી આ ત્રિપદીને શાસ્ત્રરહસ્ય અને મુષ્ટિજ્ઞાન તરીકે આપણે સમજીએ.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

એક ચર્ચાપત્ર

કેટલીક વખતથી સાધુઓના અંદર અંદરના ઝઘડાઓને લીધે તેમના ઉપરની શ્રદ્ધા ઓછી થતી જતી હતી. તેમાં દીક્ષા પ્રકરણે ઉભા કરેલા સાધુ અને યુવક સંઘના સંઘર્ષણે આ શ્રધ્ધા ઉપર જબરો કુટકો માર્યો. આમ થવાથી યુવક માનસ ધરાવનારા જૈનોએ ઉપાશ્રયના દ્વારે જવાનું માંડી વાળ્યું, પરંતુ આ યુવક માનસ ધરાવનાર વર્ગને પણ ધર્મ ઉપર તો શ્રદ્ધા છે જ એટલે પર્યુષણ પર્વ જેવા દિવસોએ તેમને ધર્મશ્રવણ કરવા માટે બીજો રસ્તો શોધવો પડયો. આ રીતે યુવકસંઘ હસ્તક પર્યુષણ વ્યાખ્યાનમાળા શરૂ થઇ.

આ વ્યાખ્યાનમાળામાં આપણે વિદ્વાન વકતાઓના જુદા જુદા વિષયો ઉપર વ્યાખ્યાનો સાંભળીએ છીએ અને તેથી આપણને ધાર્મિક, રાજદ્વારી અને સામાજીક વિષયો ઉપર જુદી જુદી દૃષ્ટિવાળા વિચારો જાણવા મળે છે.

આ સ્થિતિ હોવા છતાં આપણને આ વ્યાખ્યાનોમાં મોટી [illegible]ાગે છે અને હૃદયમાં અસંતોષ રહે છે. આ ઉણપ અને અસંતોષ અન્ય વિષયોના પ્રમાણમાં જૈનધર્મ ઉપરના વ્યાખ્યાનોની નજીવી સંખ્યા હોવાના લીધે અને તેમાં પણ પર્યુષણમાં જેને મુખ્ય સ્થાન છે તેવા કલ્પસૂત્રના વ્યાખ્યાનની ગેરહાજરીને લીધે છે.

તા. ૧૫–૮–૪૧ ના 'પ્રબુદ્ધ જૈન'માં મુનિ પુન્યવિજયજી લખે છે કે "એક વર્ગ કેવળ શ્રદ્ધાવાદ કે શાસ્ત્રવાદ ઉપર નિર્ભર રહી બુધ્ધિના ઉપયોગને સદંતર તરછોડી કાઢે છે, જ્યારે બીજો વર્ગ ફકત બુધ્ધિવાદ ઉપર ભાર મૂકી શ્રદ્ધાવાદ કે શાસ્ત્રવાદ તદ્દન જતા કરે છે. ખરી રીતે આજની આ બન્નેય દા ઃમર્યાદાઓ અપૂર્ણ અને જીવનના તાત્વિક વિકાસની બાધક જ છે."

આ રીતે આપણે શ્રદ્ધાવાદ અને શાસ્ત્રવાદને ઘણે અંશે જતા કહીએ છીએ એ યોગ્ય નથી. આત્મોન્નતિ માટે એકલો બુદ્ધિવાદ પુરતો નથી, સાથે સાથે ઉપરના બન્ને વાદની પણ જરૂર છે.

ઉપર જણાવેલી ઉણપ પુરી પાડવા માટે અત્યારની ચાલતી વ્યાખ્યાનમાળામાં નીચે પ્રમાણે ફેરફાર કરી શકાય.

૧ એક કલાકનું પહેલું વ્યાખ્યાન અત્યારે ચાલે છે તેજ પ્રમાણે જુદા જુદા વિષયોનું રાખવું.

૨ એક કલાકનું બીજું વ્યાખ્યાન જૈન વકતાઓ મારફતે જૈનધર્મના વિષયોનું જ રાખવું.

બીજા વ્યાખ્યાનમાં ચાર દિવસ એકાંતરે કલ્પસૂત્ર ઉપરના વ્યાખ્યાનો રાખવામાં આવે તો પુરતા થઇ રહે. જેમકે પહેલા દિવસે મહાવીર પ્રભુનું ચરિત્ર, બીજા દિવસે ઋષભદેવનું, નેમીનાથ અને પાર્શ્વનાથનું ચરિત્ર, ત્રીજા દિવસે કલ્પસૂત્રમાં આવતી તાત્વિક બાબતો અને ચોથા દિવસે સામાન્ય વિવેચન. કલ્પસૂત્રના આ ચારે વ્યાખ્યાનો કલ્પસૂત્રમાં આવે છે તેમ અક્ષરે અક્ષર નહિ પણ તેમાંની ખાસ ખાસ હકીકતો વિવેચન સાથે કહેવાય તો લોકોને રૂચિકર થઇ પડે. સાથે સાથે વકતા પોતાના વિચારો પણ દર્શાવી શકે.

ઉપર પ્રમાણે ફેરફાર સાથે કલ્પસૂત્રનું વ્યાખ્યાન અનિવાર્ય હોવું જોઇએ. પર્યુષણ પર્વમાં આત્મોન્નતિ માટે કલ્પસૂત્રનું વાંચન અથવા શ્રવણ, તપશ્ચર્યા અને પ્રભુ ભકિત આજ લગભગ ૧૫૦૦

વર્ષથી કરવામાં આવે છે. આ માટે જ પર્યુષણ પર્વ યોજવામાં આવેલ છે તેમ કહેવું ખોટું નથી.

આપણે પણ પર્યુષણમાં આ બાબતો ચાલુ રહે તેમ કરવું જોઇએ. આ વિષયોને ગૌણ કરવાથી પર્યુષણ પર્વ તરીકેનું માહાત્મ્ય ઓછું થઇ જાય છે. એકાંતરે બીજા ચાર વ્યાખ્યાનો અન્ય વિષયો ઉપર રાખી શકાય.

આ વિષય ઉપર અન્ય ભાઇ બ્હેનોને પોતાના વિચારો દર્શાવી ચર્ચા કરવા વિનંતિ છે કે જેથી આ પ્રમાણે ફેરફારો કરવા જરૂર છે કે નહી તે જાણી શકાય.

મણિલાલ મોહનલાલ ઝવેરી.

બીજું ચર્ચાપત્ર

પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગેની યોજનાને વિસ્તૃત કરતી એક વિચારસ્ફુરણા મને થઇ તે આપના પત્રદ્વારા સમાજ આગળ ઉપસ્થિત થાય એમ ઇચ્છું છું.

એમાં તો કોઇનોય વિવાદ નથી કે આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની આદ્ય યોજના જે ચિંતકોએ વિચારી છે તે ખરેખર આવકારદાયક છે જ. પણ વ્યાખ્યાનમાળા અમુક જ સ્થળોમાં સ્વતંત્ર રીતે અપાતી હોવાથી તેનો લાભ જે રીતે આજ. ધડતરમાં માનનારી પ્રજાએ ઉઠાવવો જોઇએ તે રીતે ઉઠાવા શકતી નથી. અને તેથી તેના વિસ્તાર અને મર્યાદા માટે મુંબઇના યુવકસંઘે આ યોજનાને પોતાની વિશિષ્ટ પ્રવૃત્તિ તરીકે ઉપાડી લેવી જોઇએ.

[૧] વ્યાખ્યાનમાળા માટે જૈન, જૈનેતર વિદ્વાન વક્તા આમંત્રિત કરવા પડે છે, પરંતુ આ વ્યાખ્યાનમાળા માટે વક્તાઓને જ નહિ પણ જેઓ જૈનધર્મ વિષયક લેખો કે નિબંધ આપી શકે તેવા લેખકોને પણ જાહેર નિવેદનદ્વારા આમંત્રિત કરવા જોઇએ. આ લેખો કે નિબંધો પર્યુષણ અ ઓ એક મહિના પુર્વેમાં મોકલાઇ જવા જોઇએ. અને તે એક સ્થાપિત કમિટીદ્વારા વ્યાખ્યાનને યોગ્ય ઠરાવાય તે જ વ્યાખ્યાનમાળામાં સ્થાન પામવા જોઇએ. લેખો રાષ્ટ્રીય દૃષ્ટિને કેન્દ્રિત કરતા, ફિરકાભેદની એકતાના સાધક, સમાજ, ધર્મ, સાહિત્ય અને તદ્વિષયક ઇતિહાસના રહે–એ ઉદ્દેશ મૂળભૂત રખાવો જોઇએ. બેશક, વક્તાઓ, જેઓ સ્વતંત્રપણે જે વિષયપર બોલવાના હોય તે વિષય પણ મહિના અગાઉ નિશ્ચિત થવો જોઇએ.

[૨] વ્યાખ્યામાળાને યોગ્ય ઠરેલા વીસ–પચીસ લેખોમાંથી અન્ય અન્ય શહેરો અને ગામડાંઓમાં, જ્યાં યુવક સંઘનો નાનો સરખો પણ વર્ગ હોય અને જેની નોંધ મુંબઇના યુવકસંઘ પાસે હોય, તે સંઘના સેક્રેટરીને પર્યુષણ અગાઉ સ્વીકૃત લેખોની નકલો મોકલી આપવી જોઇએ. આ નકલો એક બેથી વધુ ન જ મોકલાય તેની ચીવટ અહીંના મોકલનાર સંઘે રાખવી જોઇએ.

[૩] આ નકલો મારા ધારવા મુજબ હાથે કે લીથોદ્વારા યા સસ્તી અને સગવડભરી જે રીતે મર્યાદિત નકલો થઈ શકે તે દ્વારા જ પ્રથમ તૈયાર થાય અને ત્યારબાદ એટલે પર્યુષણ પછી જ એ વ્યાખ્યાનમાળા પુસ્તિકારૂપે છપાવવી જોઇએ.

[૪] વ્યાખ્યાનમાળામાં કેવળ વ્યાખ્યાનો જ નહિ પણ લલિતકળાને પણ સ્થાન મળવું જોઇએ. એટલે સંગીત અને નૃત્યના પ્રયોગો પણ ગોઠવવા જોઇએ તેમજ પ્રદર્શનીય ચિત્રો, કળાયુકત નમુનાઓ, હસ્તલિખિત પ્રતિઓનાં ચિત્રો, તાડપત્રની જુની પ્રતિઓ અને એવી જુની–નવી વસ્તુઓનું પ્રદર્શન પણ રાખવું જોઇએ. બેશક સંગીત, નૃત્ય અને પ્રદર્શનની મર્યાદાઓ નીતિ અને ધાર્મિક દૃષ્ટિએ આંકવી જોઇએ.

સંગીતનાં ગાયનો નીતિબોધક કે સ્તવન સ્વરૂપ હોવાં જોઇએ અને નૃત્યના પ્રયોગો બાળાઓના હોય જેમાં ગરબા ગરબી કે રાસ નિર્દોષ ભાવનાને જગાડનારા હોય.

આ વિસ્તૃત યોજનાથી વ્યાખ્યાનમાળાની સીમાઓ વધવા પામશે અને વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ સંપૂર્ણ રીતે સધાશે.

આ વિસ્તૃત યોજનાથી પ્રત્યેક શહેર અને ગામડાંઓના યુવકો મોકલાયેલા લેખોની નકલોના વ્યાખ્યાનદ્વારા સરખી રીતે લાભ લઈ શકશે; એટલું જ નહિ પણ બીજી કોઈ યોજનાના અભાવે ધાર્મિક તહેવારોમાં એકધારી અને નિષ્પ્રાણ બનાવેલી એવી અમૂલ્ય કલ્પસૂત્રની વાચનાને સાંભળવાથી ઉબકાઇ ગયેલા માનવીઓ રખડપટ્ટી, જુગારબાજી, પાનાબાજી, સિનેમા કે એની અનિષ્ટ રીતોનાં પા... કરી સાંજે તે આલોવી નાખવા વાણિયા–શાહી રીતે પ્રતિક્રમણ કરે છે તેમને માટે પણ રસદાયક અને પ્રેરણાયોગ્ય બનશે.

આ વિસ્તૃત યોજનાથી લેખકો અને વ્યાખ્યાનો ઉત્ત... મળશે. સ્વીકૃત લેખો માટે પુરસ્કારનો પ્રબંધ થાય તો આ યોજના વધુ સંગીન બનવા પા... મ લાગે છે. તે તે લેખોના વક્તાઓ અને વિશિષ્ટ વક્ત . એક યા બીજા કારણે ઉપસ્થિત ન રહી શકે તો બદલુ ચાલી શકે. સ્વીકારાયેલા વ્યાખ્યાનો વાંચવાનો પ્ર ... ગામ અને શહેરોના સંઘોએ જ કરવો જોઇએ. જે શહેરો કે ગામડાં આ વ્યાખ્યાનમાળા સિવાય બીજી વિ... ખ્યાન શ્રેણિ ગોઠવે તેઓએ પણ પોતાની વ્યાખ્યાન શ્રેણિ માટે ઉપર્યુકત નિયમો મુજબ વ્યવસ્થિત કાર્યવાહી કરવી જોઇએ. પોતાની વ્યાખ્યાન શ્રેણિની આપ–લે બીજા સ્થળની વ્યાખ્યાનમાળા સાથે કરવાથી યુવકસંઘોની એકતા પણ અબાધિત રહી શકશે.

આ વ્યાખ્યાનમાળાઓમાં આગમસૂત્રોના અનુવાદો જે આજે દિવસે દિવસે. સુલભ થતા જાય છે તેનું વાચન જ્યાં આવશ્યક ગણાય ત્યાં રખાવવું જોઇએ. આથી આપણા સમાજમાં યુવકોને જ્ઞાન–ગમ્મત સાથેની તહેવારોની ઉજવણી સાર્થક થઈ પડશે અને નવયુવકોમાં એક ચેતન–ભાવના સ્ફૂરશે. આના પરિણામે વર્ષો–દિવસો જતાં પ્રત્યેક શહેર અને ગામડું પોતાના જ ગામ કે શહેરના વિદ્વાનોદ્વારા પગભર થઈ સ્વયંસંચાલિત થશે.

જે ગામ કે શહેરો સાધુથી વંચિત હશે, ત્યાંના સંઘોને પણ પોતાની પાંગળી સ્થિતિ નહિ લાગે અને જે ગામડાંઓ પોતાની ગરીબી દશાના કારણે સાધુઓને વિનંતિ–આમંત્રણ નથી કરી શકતા તેમને માટે તો ખરેખર આ યોજના ઉપકારદાયક થઈ પડશે.

આ યોજનામાં આપણા ફિરકાભેદોના પરસ્પર વિચારોની આપલે થશે અને ફિરકાબંધીની પાળો તૂટતાં પરસ્પરના વહેવારો દ્વારા સમાજઐક્યના વહેણો વહેલાં મોડાં માનવતાના મહાસાગરમાં ભળશે અને ઇતર દર્શનીઓ પણ ઠીક ઠીક લાભ લઇ શકશે. આવા સુંદર અને ભવ્ય સંગમ જોવાનું સ્વપ્ન તો આવી યોજનાઓદ્વારા થશે.

રેડિયો સ્ટેશનથી પણ વ્યાખ્યાનો આપવાની વ્યવસ્થા થવી જોઇએ.

આ તો એક ઝાંખી રૂપરેખા માત્ર છે. આ અંગે એક રીતસરની યોજના ઘડવા યુવકસંઘના સૂત્રધારો કટિબદ્ધ થશે એમ ઇચ્છું છું. આ યોજના જે લોકો યુવકોને "કંઇક કરી બતાવોને" એ પ્રશ્નનો સચોટ જવાબ પૂરો પાડશે અને આપણી નિષ્ક્રિયતામાં નવચેતનાનું એક આવકારદાયક પૂર આવશે

અંબાલાલ પ્રેમચંદ શાહ

ધાર્મિક શિક્ષણ

[અધ્યાપક બેચરદાસ દોશી]

(ગતાંકથી ચાલુ)

સંસ્કૃતની બે ચોપડીઓ સારી રીતે શીખ્યા પછી એક વર્ષમાં વિદ્યાર્થી પ્રાકૃત ઉપર સારું પ્રભુત્વ મેળવી શકે. એ માટે એને વધારે સમય કે શ્રમની જરૂર પણ ન રહે અને એટલા અભ્યાસ પછી એ નવ સ્મરણો, પ્રતિક્રમણનાં બધાં સૂત્રો કે બીજાં ગદ્ય પદ્ય પ્રાકૃત ગ્રંથો અને આગમોને વાંચી શકશે અને તેમના અર્થ પણ સમજી શકશે એટલે એને પોતાના આચરણમાં ક્યાં ખોટ છે તે આપોઆપ સુઝશે અને એ રીતે તે વાસ્તવિક ધર્મશિક્ષણને પામશે. આટલે પહોંચ્યા પછી વિદ્યાર્થીની વૃત્તિ સર્વધર્મસમભાવના ગુણને ખીલવવા તરફ વાળવી જોઇએ. એ [illegible] હરિભદ્રનો યોગબિન્દુ અને યોગદૃષ્ટિસમુચ્ચય વિશેષ ઉપયોગી છે. તથા અનેકાંત વાદની ખરી સમજુતી વિદ્યાર્થીને મળે તોપણ તે પોતામાં સર્વધર્મસમભાવના ગુણને ખીલવી શકે. આ માટે તો અનેકાંતવાદના [illegible]ષ અભ્યાસી અને સમભાવી શિક્ષક જોઇએ. તપગચ્છના વિદ્યાર્થી તપગચ્છની વિધિથી તેમ બીજા બીજા ગચ્છના વિદ્યાર્થીને તે તે [illegible]ની-તગાર કરવો અને તે બધી વિધિઓનો મૂળ ઉદ્દ [illegible] અભ્ય રહેલી સમાનતા બતાવતા જવું. તેમ જ સ્થાનકવાસી [illegible]ર્તીને તેનો વિધિ સમજાવવો અને દિગંબર જૈનને તેનો આ જણાવવો. સાથે સાથે એ બધા વિધિવિધાનોનું રહસ્ય અને તેમની વચ્ચે રહેલું સામ્ય જરૂર સમજાવવું જોઇએ. એટલું જ નહિ પણ કોઇ પ્રસંગે જૈનના બધા આમ્નાયના વિદ્યાર્થી ભેગા થઇ એક બીજાના આમ્નાય પ્રમાણે વારા ફરતી ક્રિયા કરે અને શિક્ષક તે તે ક્રિયાઓનો આશય સમજાવે તો વિદ્યાર્થી અનાયાસે સર્વ-ધર્મસમભાવ તરફ વળે, ગચ્છના કલહો ટળે અને એક બીજા પ્રતિ સમદૃષ્ટિએ જોવાનો અભ્યાસ વધવાથી માનસિક અહિંસા સારી રીતે આચરી શકાય. મેં મારી શુદ્ધબુદ્ધિથી આ યોજના આપની પાસે રજુ કરી છે. તેમાં ત્રુટિ કે અપૂર્ણતા નહીં હોય એમ ન બને; પણ એકવાર મેં જણાવેલો પૂરો પ્રયોગ કોઇ સંસ્થા કરવાનું સાહસ કરશે તો તે પાછી તો નહીં જ પડે અને જરૂર થોડું ઘણું ધર્મશિક્ષણ આપ્યાનો દાવો કરી શકશે.

આથી વધારે કહું તો એમ પણ કહી શકું છું કે આજ-કાલ જે ધાર્મિક શિક્ષણ અપાય છે તે જોતાં એ તેના મૂળ ઉદ્દેશથી ઉલટી દિશામાં જાય છે. ધર્મની સાચી સમજણ અને તેનું યથાર્થ પાલન એ બન્ને ઉદ્દેશોને બાજુએ રાખી માત્ર રૂઢ સંપ્રદાયની સાચવણી અર્થે ધાર્મિક. શિક્ષણને નભાવ્યે રાખીએ છીએ એમ મને તો લાગે છે. ધાર્મિક શિક્ષણને નામે કેવળ જડ આચાર અને બાહ્ય ક્રિયાઓ ઉપર જ વધારે ભાર અપાય છે. તેને પરિણામે એ શિક્ષણ સમભાવનું ઉત્તેજક થવાને બદલે વિષમ ભાવને જગાડે છે. ધર્મનો સંબંધ તો આપણી પ્રત્યેક પ્રવૃત્તિ, વ્યવહાર અને નાની મોટી શારીરિક, વાચિક અને માનસિક ક્રિયાઓ સાથે સતત રહેવો જોઇએ તો જ આપણો વ્યવહાર શુદ્ધ બને, આપણે સટ્ટોડિયા બનતા અટકીએ અને માનવજન્મનું બધું હીર ચૂસી લેનાર એવા મહારંભો કરતાં અચકાઇએ.

સંગ્રામમાં વિજયી થવાય એ માટે સૈનિકો રોજ રોજ પરેડ કરે છે, સખત ટાઢ, તાપ વગેરેને સહન કરવાની ટેવ પાડે છે તો જ અણીને વખતે એ સૈનિકો પાછા હઠતા નથી. તેમ જીવનસંગ્રામમાં વિજય મેળવવા ધર્મક્રિયાઓ, તપશ્ચર્યાઓ અને પરિષહના પ્રસંગો એ બધું શુદ્ધ ધર્મપ્રાપ્તિ માટે પરેડ જેવું છે અને ધાર્મિક શિક્ષણ એ જાતની પરેડનું વ્યવસ્થિત શાસ્ત્ર છે. જીવનસંગ્રામમાં જૂઝતાં જૂઝતાં આપણે થાકી જઇએ, આપણામાં વાસનાઓ બળ કરે અને કષાયો-લોભ-મોહ-દ્વેષ-કામ-ક્રોધ વગેરે શત્રુઓ આપણને મુંઝવે ત્યારે ધાર્મિક શિક્ષણદ્વારા આપણે જે પરેડ કરેલી હોય તે બધ આવે છે, આપણને વિચલિત નથી થવા દેતી અને એજ વખતે ધર્મનો ધારણ કરી રાખવાનો ગુણ આપણામાં પ્રગટે છે. ઉપવાસો કરી કરીને શરીરને શત્રુ સમજી ગાળી નાખનારને કોઇ પૂછે કે ભાઇ આ દેહદમનનું વર્તમાન જીવનમાં કાંઇ પરિણામ ખરું કે? ત્યારે તે દેહના શત્રુને એ વિષે કશી જ માહિતી નથી હોતી. કાં તો એ એમ કહે કે કેવલી ભગવાન જાણે અથવા આવતા ભવમાં સ્વર્ગની ગતિ તથા દેવદેવીનાં સાંભળેલાં સુખોને પરિણામરૂપે કહી બતાવે. આવી અંધસ્થિતિ ધાર્મિક શિક્ષણમાં એક પળ પણ ન ચાલવી જોઇએ. આ જાતની અંધ સ્થિતિદ્વારા ચાલતાં દેહદમન, દાનો કે બીજાં કષ્ટો એકંદર જીવનના વિકાસને રૂંધનારાં છે અને શાસ્ત્રકારોએ તો ધર્મ-શિક્ષણમાં સ્પષ્ટ કહ્યું છે કે આંતર તપ વિનાનું બાહ્ય તપ સર્વથા [illegible]. આંતરતપ વિનાના દેહદમનની કોડિની પણ કિંમત નથી. [illegible] નાર્ટ જ જ્ઞાની પુરુષોએ તપના આંતર અને બાહ્ય એવા ભેદો કહીને ફોડ પાડયો છે. છતાં વર્તમાનમાં ચાલતું ધર્મશિક્ષણ શુદ્ધ દેહદમનને પોષે છે અને સાથે દંભ, પ્રતિષ્ઠામોહ, અહંતા અને અક્ષમા વગેરે દુર્ગુણોને જન્માવે પણ છે. ભાઇઓ! ધર્મ નિશ્ચયશાંતિકર રામબાણ ઔષધ છે; પરંતુ આપણામાં ચાલતા [illegible] ક શિક્ષણોએ સાર્વભૌમ ધર્મને એવો સંકુચિત-અંધિયાર [illegible]નાવ દીધો છે કે તે અત્યારે કાતિલ ઝેરનું કામ કરી રહ્યો છે. ધર્મનું [illegible]રૂપ અહિંસા-સર્વભૂતમૈત્રી હોવા છતાં તેના અનેક વાડા. વાડા ભ [illegible]ડો પણ એ વાડાઓમાં અહિંસાનો વિઘાતક સંઘર્ષ. શ્વેતાંબર [illegible]તાના ભાઇ દિગંબરને ભાંડે, દિગંબર પોતાના બંધુ શ્વેતાંબરને નિંદે. સ્થાનકવાસી ભાઇ દેરાવાસી ભાઇને વખોડે અને દેરાવાસી સ્થાનકવાસીના પડોશમાં રહેવું પણ ન ઇચ્છે. આ બધો પ્રતાપ વર્તમાનમાં ચાલતા ધર્મશિક્ષણનો છે. ધર્મશિક્ષણ તો સમભાવને પુષ્ટ કરે, ગુણગ્રાહકતા શીખવે, એક બીજાની તુલના કરી પરસ્પરનું તારતમ્ય સમજાવે. તેને બદલે આ તો પાણીમાંથી આગ ઊઠી અને તેને ઓલવવી શી રીતે? જ્યાં ઘર ઘરના ભાઇઓમાં ધર્મશિક્ષણ દ્રોહ કરતાં શીખવે ત્યાં બીજા ભાઇઓ સાથે-વૈષ્ણવો, શૈવો, બૌદ્ધો વગેરે સાથે-આપણો સમભાવ શી રીતે પ્રકટે? શાસ્ત્રકાર તો કહે છે કે:-

सेयंबरो य आसंबरो य बुद्धो वा तह य अन्नो वा।
समभावभाविअप्पा लहइ मुक्खं न संदेहो ॥

અર્થાત્ શ્વેતાંબર હોય, દિગંબર હોય, બૌદ્ધ હોય અથવા ગમે તે બીજો હોય-જે કોઇ સમભાવની ભાવનાથી યુક્ત હશે તે નિર્વાણને મેળવે છે. તેમાં સંદેહ નથી. આ ખરું ધર્મશિક્ષણ છે અને જિન ભગવાનને સંમત પણ છે, જ્યારે અત્યારે ચાલતું આપણું ધર્મશિક્ષણ એથી તદ્દન વિપરીત અને વિષમભાવને પ્રસારનારું છે એ આપણી વર્તમાન પરિસ્થિતિ, સાધુઓના કલહો, તીર્થોના ઝગડા વગેરે દ્વારા પૂરવાર કરી થઇ ચૂકયું છે.

ખરી રીતે તો સમભાવનું જ નામ ધર્મ છે, જ્યારે વર્ત-માનમાં ચાલતી જૈન-નાની કે મોટી-પાઠશાળાઓ દ્વારા અપાતું ધર્મશિક્ષણ અને તેમાંથી નીપજતાં જડ ક્રિયાકાંડો વિષમભાવને પોષનારા છે. શ્વેતાંબર-શ્વેતાંબરમાં પણ તપાવાળા ખરતરને નિંદશે અને ખરતરવાળા તપાને નિંદશે. આ તો એવું થયું કે

પાંજરામાં રહેલા એક પોપટને 'બિલાડી આવે તો નાસી જવું' એવું વાકય વારંવાર રટાવ્યું અને પોપટ પણ એ વાકયને રટતો રટતો જ બિલાડીના મુખમાં સપડાયો. તેમ 'खामेमि सव्वजीवे' એ વાકયને રટતાં રટતાં જ આપણે નિંદારૂપ બિલાડીના મુખમાં ઝડપાયા છીએ અને એવા પોપટરટુ ધર્મશિક્ષણને લીધે 'खामेमि'ને બદલે 'घातेमि'ની પ્રવૃત્તિ ચલવી રહ્યા છીએ. મૂઢ જનતાની વાત દૂર રાખીએ. આચાર્ય (?) પદને ધારણ કરતા લોકો પણ એક બીજા ગચ્છની નિંદામાં ઠીક ઠીક ભાગ ભજવી રહ્યા છે એ સૌના પ્રત્યક્ષ અનુભવની વાત છે. એક વાર પ્રતિક્રમણ કરતી વખતે મારા એક મિત્રે સ્તવનનો આદેશ લીધો અને સ્તવન બોલવાનું શરૂ કરે, તેવું જ તેમને 'એ સ્તવન ખરતરગચ્છના આનંદઘનજીનું છે' એમ કહીને અટકાવ્યા. આ હકીકતને હજુ હું ભૂલી શકયો નથી. આનંદઘન જેવા સાચા જૈનો પ્રતિ જ્યાં પ્રમોદભાવ સ્ફુરતો નથી ત્યાં કબીર કે નાનક જેવા સંતો પ્રતિ પ્રમોદભાવ કયાંથી સ્ફુરે ? જે ધર્મશિક્ષણ આવી દ્વેષવૃત્તિને પોષે તેમાં સમભાવના ફળની આશા કેમ રાખી શકાય ? આ તો એક જ ધર્મના પેટા વિભાગોની વાત થઇ. ખરી રીતે આપણે સર્વધર્મસમભાવ કેળવીને વીતરાગસ્થિતિને પ્રાપ્ત કરવા એટલે કોઇ ધર્મ કે સંપ્રદાય પ્રત્યે દ્વેષ કે અભાવ કેળવાય એવું આપણું શિક્ષણ હોય તો તે વીતરાગસ્થિતિનું રોધક છે. એવા રોધક શિક્ષણના પ્રભાવને લીધે જ આપણે આપણા સિવાયના સૌને મિથ્યા કહેવા નીકળ્યા છીએ અને એમ કરીને આપણું વિકૃત અહંત્વ આપણને કયા ખાડામાં પાડશે એનો વિચાર સરખો પણ કરતા નથી. પોતાને અહિંસક માનતો સાંપ્રદાયિક માનવ જાણ્યે કે અજાણ્યે બીજાના સંપ્રદાય ઉપર પ્રહાર કરતો આવ્યો છે અને તેમ કરીને તે હિંસક બને છે એ વાત ભૂલી ગયો છે. આપણી આ પરિસ્થિતિ કાંઇ આજકાલની નથી જ્યારથી ધર્મ આચરણનો વિષય મટી વાદવિવાદ અને જયપરાજયનો વિષય બન્યો છે ત્યારથી આવી હિંસા થતી આવી છે. એક વખત બુદ્ધદેવે વૃદ્ધ બ્રાહ્મણ અને બ્રાહ્મણીનો જીવ બચાવવા પોતાની જાતને વાઘ આગળ ધરી દીધી અને એમ કરીને પોતાની કરૂણાપારગામિતાની સાધનાને પૂરી કરી. આવી હકીકત જાતક ગ્રંથોમાં આવે છે. એ પ્રસંગ વિશે ટીકા કરતાં એક પૂર્વાચાર્ય (બારમો સૈકો) કહે છે કે "જે શરીરમાં અનેક કરમિયાં ભરેલાં છે તેવા શરીરને બુધ્ધે વાઘ આગળ ધરી દીધું તેથી બુદ્ધમાં દયા ધર્મ કયાંથી હોઇ શકે ?" આચાર્યની ઉકત વાણી વાંચીને મને ભારે ગ્લાનિ થઇ. અહીં મને યાદ આવે છે કે એ રીતે વાગરનાર આચાર્યને ભગવાન શાંતિનાથજી યાદ નથી આવ્યા. એમણે પણ એક નાચીજ પારેવાને બચાવવા કરમિયાંથી ભરેલા પોતાના શરીર ઉપર જ કાપ મૂકયો હતો. પારેવાને બચાવવા માટે શરીરનો ભોગ આપનાર ભગવાન શાંતિનાથજીને આપણે વખાણીએ અને એ માનવને અભય આપનાર ભગવાન બુદ્ધને આપણે નિંદીએ, કુદેવ કહીએ એ કેવી બેહુદી હકીકત છે. જૈનાચાર્યો બીજા સંપ્રદાયના દેવોને, ગુરૂઓને અને સિદ્ધાંતોને ભાંડે ત્યારે બીજાઓ પણ જૈનોને ભાંડવા કાંઇ ઓછા ઉતરે ખરા ? એ જ પ્રકારના સંપ્રદાયવ્યામોહમાં ફસાઇને કુમારિલ ભટ્ટ નામના એક મહાવિદ્વાને કહેલું છે કે અહિંસા ઘણો ઉત્તમ સિદ્ધાંત છે પરંતુ કૂતરાના ચામડામાં પડેલી ખીર જેમ અભક્ષ્ય છે તેમ જૈનો અને બૌદ્ધો જેવા નાસ્તિકોએ અહિંસાને બતાવેલી છે માટે અગ્રાહ્ય છે. જૈન, બૌદ્ધ અને વૈદિક ત્રણે પરંપરાના ન્યાયગ્રંથોમાં આવું આવું કેટલુંય થૂંક ઉડાડેલું છે–એ ન્યાયને જાણનારા આપણામાં ભાંડણ આવે કે સમભાવ આવે ? પોતાના પંથ કે વાડાને વધારવા, સામાના પંથવાડાને લગતાં અનેક સાચાં જુઠાં કરવામાં આવે છે અને તેમ કરીને ધર્મસ્થાનને નરકસ્થાન જેવું કષાયપૂર્ણ બનાવવામાં આવે છે. એક જ ધર્મના સંપ્રદાયોમાં ભલે બાહ્ય ક્રિયાભેદો હોય. ક્રિયાઓ તો સંજોગો અને પરિસ્થિતિ પ્રમાણે જુદી જુદી જ રહેવાની પરંતુ ધ્યેયમાં ફેર નથી પડવાનો તે નથી જ પડવાનો. શ્વેતાંબર શ્વેતાંબરની રીતે કષાયરહિત રીતે થાય, તેમાંય તપા, ખરતર અને સ્થાનકવાસી પોતપોતાની પદ્ધતિએ ભલે કષાયરહિત થવા પ્રયત્ન કરે. દિગંબર પણ ભલે પોતાની, રીતે અકષાયી થવા પ્રયત્ન કરે. અરે એટલું જ નહીં પણ સાંખ્ય, બૌદ્ધ, શૈવ, વૈષ્ણવ, ક્રીશ્ચીયન, પારસી અને મુસલમાન સુદ્ધાં ભલે પોતાની રીતે નિરહંકારી, નિર્લોભી અને પવિત્ર થવા પ્રયાસ કરે. એમાં કોઇએ કોઇને ઉતારી પાડવાનું કશું જ કારણ નથી.

હાલના અતિ કૃપણ ધર્મશિક્ષણને પરિણામે આપણે મૂળ અને વનસ્પતિને બચાવવા હાથ જોડીએ છીએ પરંતુ આ નથી વિચારતા કે ભગવાને શું કંદમૂળ અને વનસ્પતિની રક્ષા માટે જ ધર્મ પ્રવર્તાવ્યો છે કે કોઈ તેનો વ્યાપક અને વિશાળ ઉદ્દેશ છે ? ઇંદ્રિયોનો જય કરવો તથા ક્રોધ, લોભ, માન, મત્સર [illegible] અરે આત્મઘાતી દુર્ગુણોને દૂર કરી પ્રાણી માત્રને [illegible] અને જાતે પણ અભય બનવું એ ભગવાન [illegible] તીર્થનો મહાન વ્યાપક ઉદ્દેશ છે. આપણે [illegible] વિચારો કે કંદમૂળ ખાવામાં અધિક હિંસા છે કે કષાયો કરવામાં અધિક આત્મઘાત છે ? વનસ્પતિ ખાવામાં અધિક હિંસા છે કે મીલો ચલાવવામાં અને સટ્ટો ખેલવામાં અધિક હિંસા છે ? ભાઇઓ ! વનસ્પતિ કે કંદમૂળ ખાઇને આપણે જગતને નરક નથી બનાવતા ત્યારે કષાયો કરીને અને લોભમાં આવીને જગતને નરક બનાવીએ છીએ અને જીવતા જાગતા માનવને જડ યંત્ર જેવો સમજીએ છીએ. પુત્રના લોભે એક વાણિયે દેવને જીવતો પાડો ચડાવવાનું નક્કી કર્યું. પુત્ર થયો અને વાણિયે દેવની મૂર્તિ સાથે પાડાને એવી રીતે બાંધ્યો કે તે દેવમૂર્તિને સમૂળ ઉખેડીને નાઠો. વાણિયાએ પોતાની માનતા પૂરી તો કરી પણ તે એ રીતે કે દેવપૂજાના ઉદ્દેશનો સમૂળગો ધ્વંસ કરીને. તે જ રીતે આપણે ગમે તે પ્રકારના સુખને લોભે કંદમૂળ વગેરેનો ત્યાગ તો કરીએ છીએ; પણ એ ત્યાગે આપણા ઇંદ્રિયનિગ્રહ–જીવહાનિગ્રહ–રૂપ દેવને સમૂળગો ઉખેડી નાખ્યો છે. ભાઇઓ ! વિશેષ ગંભીરપણે આ હકીકત વિચારવા જેવી છે. આપણે કંદમૂળાદિના કહેવાતા ત્યાગની આડમાં રહીને મશાલા, સુકવણી તથા મિષ્ટાન્ન કે રાઇતાં ભજીયાં વગેરેને ખાતાં ખાતાં આપણી વૃત્તિઓને વકરાવીએ છીએ અને તેમ કરીને ત્યાગરૂપ શુદ્ધ દેવને મૂળમાંથી ઉખેડી નાંખીએ છીએ અને આમાં વળી ખરી ખુબી એ છે કે ત્યાગદેવનો નાશ કરતાં છતાં આપણને તેનું ભાન નથી આવતું. આજના અંધધર્મશિક્ષણનું આવું ભયંકર પરિણામ નીપજ્યું છે. ધર્મક્રિયાઓ કે ભક્ષ્યાભક્ષ્યનો વિચાર વગેરે અમૃતક્રિયાઓ છે પરંતુ આપણે લોલુપો તે અમૃતક્રિયાઓને વિષક્રિયાઓ બનાવીએ છીએ અને એમ કરીને પરમસત્યરૂપ અહિંસાના સિદ્ધાંતની હાંસી કરાવીએ છીએ.

ફરી ફરીને કહેવું પડે છે કે ધર્મ આચરણનો વિષય છે, સમજવા–વિચારવાનો વિષય છે અને તેમ કરીને પ્રવૃત્તિમાં લાવવાનો છે. એ પંડિતાઇનો, વાદવિવાદનો કે જયપરાજયનો વિષય નથી. ધર્મને સાંભળીને અહંભાવ પોષાય, દંભ વધે, પ્રતિષ્ઠાની મમતા જાગે તો ધર્મનું શ્રવણ તદ્દન નિરર્થક છે. જે ધર્માચરણ એટલે તપ જપ કે પૂજા વગેરે અનુષ્ઠાનો આપણે નિત્ય આચરતા હોઇએ તો પ્રતિદિન એ બાબત એ તપાસવું જરૂરી

કેટલાક સમાચાર અને નોંધ

શ્રી. નાનાભાઇ ભટ્ટ સંઘની કચેરીમાં

મંત્રીઓના નિમંત્રણને માન આપીને થોડા દિવસ પહેલાં શ્રી. નાનાભાઇ ભટ્ટ સંઘની કચેરીમાં આવ્યા હતા અને તે પ્રસંગે કાર્યવાહક સમિતિના સભ્યો તેમ જ અન્ય મંડળી સમક્ષ ભાવનગર પાસે આવેલા આંબલા મુકામે પોતે જે શિક્ષણ તેમજ ગ્રામોદ્ધારનું કાર્ય કરી રહ્યા છે તેનો તેમ જ આંબલા નિવાસને અંગે તેમને થયેલા ગામડાનો તેમણે કેટલોક ખ્યાલ આપ્યો હતો અને ગામડાંના લોકોના દારિદ્રની, અજ્ઞાનની તેમ જ સરકારી કે દરબારી અધિકારીઓથી તેમના ઉપર સર્વત્ર થઇ રહેલી સતામણીનો પણ આબેહુબ ચિતાર રજુ કર્યો હતો. મુંબઇમાં વસતા લોકોને તેમના અનુભવમાંથી અનેક નવી વસ્તુઓ જાણવા મળે તેમ છે. આપણે આશા રાખીએ કે તેમના અનુભવોને તેઓ શબ્દમૂર્ત [illegible] વિશાળ દુનિયાને ગ્રામજનતાની સાચી પરિસ્થિતિથી વાકેફગાર કરે.

પર્યુષણ દરમિયાન થયેલ ગુરૂપૂજા

ગત્ સંવત્સરિના દિવસે વ્યાખ્યા[illegible] સમય દરમિયાન લાલબાગ ઉપાશ્રયની વ્યાખ્યાનશાળામાં શેઠ ગુલાબચં[illegible] મણે ધી બોલીને શ્રી રામચંદ્રસુરીની નવ અંગે પૂજા કર[illegible] બનાવે આખા જૈન સમાજમાં ભારે ચર્ચા અને અસંતોષ ઉ[illegible] છે. આવી પૂજા આજે ચાલી રહેલી જૈન પ્રણાલીથી તદ્દન વિરૂદ્ધ ભૂતકાળનો ઇતિહાસ જોતાં આ પ્રકારના ભક્તિ–અતિરેકના બનાવ સાથે શિથિલાચારની શરૂઆત થયેલી માલુમ પડે છે અને તેથી આખી જૈન સમાજે વખતસર ચેતવાની અને આવી ગુરૂપૂજનો ફરી બનાવ ન બને એવો પ્રબંધ યોજવાની ખાસ જરૂર છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ આ બનાવ સંબંધમાં નીચે મુજબ ઠરાવ કર્યો છે.

"પર્યુષણના દિવસો દરમિયાન ઉછામણી બોલીને શ્રી વિજયરામચંદ્રસુરીની નવ અંગે કરવામાં આવેલી પૂજા આજ સુધી ચાલી આવતી જૈન પ્રણાલીથી કેવળ વિરૂદ્ધ છે અને ભાવી જૈન પ્રજા માટે અનેક અનર્થો ઉપજાવે તેવો એક માર્ગ શરૂ કરે છે. ઘી બોલાઇને જૈન સાધુની પૂજા કરવામાં આવે એ દ્રશ્ય ઉપહસનીય અને જૈન સમાજને અન્ય સમાજોમાં નીચું જોવડાવે તેવું છે એમ આ સંઘ માને છે. તેથી આવી ગુરૂપૂજા સામે આ સંઘ પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે અને જૈન સમાજને આ બનાવ સામે પોતાનો વિરોધ સ્પષ્ટ રીતે જાહેર કરવાનો આગ્રહ કરે છે."

ગાંધીજયન્તી અને ખાદીહુંડી

તા૦ ૧૩ મી સપ્ટેમ્બરથી તા૦ ૫ થી ઓકટોબર સુધીના દિવસો આખું હિંદુસ્થાન ગાંધી જયન્તીના દિવસો તરીકે ઉજવે છે. આ દિવસો દરમિયાન ગાંધીજીને ચિરાયુ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરતી સભાઓ જ્યાં ત્યાં ભરાય છે; ગાંધીજીના સિદ્ધાન્તોનો બને તેટલો પ્રચાર કરવામાં આવે છે અને તેમને અતિ ઇષ્ટ એવી કાંતણ પ્રવૃત્તિને પણ બનતો વેગ આપવામાં આવે છે. આ જયન્તીસમારંભનું મુખ્ય અંગ ખાદીહુંડીનું વેચાણ હોય છે. અખિલ ભારત ચરખા સંઘ તરફથી રૂા. ૧, ૫ અને ૧૦ની ખાદીહુંડીઓ કાઢવામાં આવે છે અને લોકોમાં તેનું વેચાણ કરવામાં આવે છે. આ હુંડી વેચાણનો ઉદ્દેશ આખી જનતાને ખાદી તરફ વાળવાનો અને ખાદી ન પહેરતા હોય તેને પહેરતા કરવાનો છે અને સાથે સાથે અખિલ ભારત ચરખા સંઘને પોતાના કાર્ય માટે જરૂરી [illegible]ના આગળથી પુરાં પાડવા એ પણ આ ખાદી–હુંડી–વેચાણનો એક બીજો ઉદ્દેશ છે.

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી છેલ્લાં બે વર્ષથી ખાદી–હુંડી–વેચાણનું કાર્ય હાથ ધરવામાં આવે છે અને આ કાર્ય ખાસ કરીને કાર્યવાહક સમિતિના સભ્યો ઉપાડી લે છે. આ વખતે પણ આ કાર્ય ચાલી રહ્યું છે અને સંઘના સર્વ સભ્યોને આ કાર્યમાં જોડાવા અને ખાદી હુંડી ખરીદીને તેમજ વેચીને [illegible] સંઘના ફાળાને વધારે સંગીન બનાવવા વિનંતિ કર[illegible] આવે છે. જે ભાઇ કે બહેનને ખાદીહુંડી જોઇએ તેણે સંઘના મંત્રી પાસેથી મંગાવી લેવી. રાષ્ટ્રીય મહાસભાનું રચનાત્મક કાર્યક્રમ જેટલા અંશે સંઘ અપનાવશે તેટલા અંશે સંઘની પ્રતિષ્ઠામાં વધારો થશે એ સંઘના સર્વ સભ્યો ધ્યાનમાં લે અને એ રીતે ખાદીપ્રવૃત્તિને બને તેટલો વેગ આપે.

શ્રી ઝવેરચંદ મેઘાણીનો છુટકારો

એપ્રીલ માસમાં પ્રગટ થયેલ 'ફુલછાબ'ના એક અંકમાં છપાયેલ કાર્ટુન સંબંધમાં 'એ કાર્ટુન કોમી વેરઝેર વધારનારૂં છે' એ મતલબના આક્ષેપપૂર્વક શ્રી ઝવેરચંદ મેઘાણી અને શ્રી. નાથાલાલ શાહ ઉપર ફોજદારી કેસ કરવામાં આવ્યો હતો. તે કેસની લાંબી સુનાવણીના અન્તે એ બન્ને ભાઇઓને નિર્દોષ જાહેર કરીને મેજીસ્ટ્રેટે છોડી મુકયા છે. શ્રી. મેઘાણીને આ પ્રસંગે સૌ કોઇના ખૂબ ખૂબ અભિનંદન ઘટે છે. ભાઇ મેઘાણીના દિલની વિશાળતા કયાં અને કોમી વેરઝેરની કલ્પના કયાં? સાહિત્યસર્જનમાં કે લેખન પ્રવૃત્તિમાં મેઘાણીએ કદિ મારા–તારાનો ભેદ જાણ્યો નથી. તેમનું આખું પત્રકારિત્વ કોમ કોમ વચ્ચે, પ્રાન્ત પ્રાન્ત વચ્ચે, જુના અને નવા વચ્ચે–ગ્રામ્યજીવન અને શહેરી જીવન વચ્ચે–સુમેળ અને સમન્વય સાધવા ઉપર જ રચાયલું છે. તે સત્યના–સૌન્દર્યના–શૌર્યના પૂજારી છે. તેમની બુદ્ધિને હિન્દુ–મુસલમાનનો ભેદ કદિ સ્પર્શ્યો નથી. એમ છતાં અમદાવાદની પોલીસને તેમની ઉપર જ કેસ કરવાનું સુઝયું. સદ્ભાગ્યે મેજીસ્ટ્રેટની તટસ્થ દૃષ્ટિ સત્ય તારવી શકી અને શ્રી. મેઘાણીના નસીબે જેલવાસ ન આવ્યો. શ્રી. મેઘાણીને પુનઃ પુનઃ ધન્યવાદ!

હિંદુસ્થાન જાગે ત્યારે

ગયા અંકમાં રૂઝવેલ્ટ–ચર્ચહીલના સંયુકત ઢંઢેરા ઉપર કરવામાં આવેલી સમાલોચનામાં પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે 'આ બધી જાહેરાત તો જાણી, પણ અમારા હિંદુસ્થાનનું શું?' આ પ્રશ્નનો તાજેતરમાં માન્યવર મુખ્ય પ્રધાને ચોખ્ખો અને ચટ

છે કે એ ધર્માચરણોની જીવન ઉપર શી અસર થાય છે; જે જીવનની સ્વાભાવિકતા અનાદિકાળથી ચાલી આવે છે એ એમને એમ જ રહે છે કે તેમાં ફેર પડે છે. તપ કરી કરીને શરીરનો ઘાણ કાઢી નાખનારા ભાઇબહેનોએ વિચારવું જોઇએ કે, એ તપની આપણી ચાલુ પ્રવૃત્તિ ઉપર શી અસર થાય છે? દેહની ક્ષણ ભંગુરતા અનુભવાય છે કે બીજી બીજી લાલચોમાં ફસાવાનું બને છે? મારી તો એવી સમજ છે કે પૂરતો અધિકાર પામ્યા વિના કરેલાં દેહદમનો વિપરીત ફળને જ નીપજાવે છે. માટે ખરી વાત એ છે કે આપણે ત્યાં વાતાવરણમાં જ સદાચરણ, સત્ય, દયા, પ્રેમ, અહિંસા વગેરે ગુણોને ખીલવે એવું ધર્મ–શિક્ષણ મેળવવા કે મેળવી આપવા પ્રયત્નશીલ થવું જોઇએ. તેમ કરવાથી જ આપણી વિષમતાઓ મટશે, સમભાવ વધશે અને એકમીજની પંથની કે અન્ય સંપ્રદાયની તરફ સહિષ્ણુતા કેળવાશે અને એ રીતે છેવટે ધર્મશિક્ષણ પામનારાઓ ઉત્તરોત્તર પ્રગતિને સાધશે.

જવાબ આપી દીધો છે કે એ બધી જાહેરાતને અને હિંદુસ્થાનને બર્માને કે બ્રીટીશ પ્રજાને અધીન એવા અન્ય કોઇ દેશને કશી લેવાદેવા નથી. એ તો અમારા યુરોપનાં ભાઇબાંધુ જે બ્રીચારા હીટલરની એડી નીચે ચગદાઇ રહ્યાં છે તેમને આશા તેમ જ આશ્વાસન આપવા માટે એ આખો ઢંઢેરો આટલાંટિકના પેલે પાર બેસીને ઘડવામાં આવ્યો છે. માન્યવર ચર્ચહીલ કહે છે તો એમ કે આટલાંટિકની જાહેરાત હિંદુસ્થાનને ક્રમિક વિકાસવાળા જવાબદાર રાજ્યતંત્રને માર્ગે લઇ જવાને લગતી આજ સુધીમાં કરવામાં આવેલી અને ખાસ કરીને ગયા વર્ષના ઓગસ્ટની જાહેરાતને જરા પણ મર્યાદિત કરતી નથી. જાણે કે એ બધી જાહેરાતો કરતાં એટલાંટિકની જાહેરાત મુજબ હિંદુસ્થાનને બહુજ ઓછું મળે તેમ હોય. પણ ચર્ચહીલ કહેવાતો એમ માંગે છે કે દરેક દેશના પ્રજાને પોતાને અનુકુળ પડે તેવું રાજ્યતંત્ર બહારની કશા પણ નિયંત્રણ વિના ઘડવાનો હક રહેશે એવી અમારી જાહેરાતથી હિંદુસ્થાને જરા પણ ભરમાવાની જરૂર નથી. હિંદુસ્થાને તો હિંદુસ્થાનને [illegible] જે કાંઇ આજ સુધીમાં કહેવામાં આવ્યું હોય તે જ ધ્યાનમાં રાખવું ઘટે તે ઉપર [illegible] પોતાના દેશના ભાવીની ગણતરી કરવી અને હિંદુસ્થા[illegible] જવાબદાર રાજ્યતંત્ર આપવાની અમારી નેમ છે એ [illegible] આજ પહેલાં એક હજારને એક વખત જાહેર કરી દીધું છે અને એ અમારી નેમની પરિપૂર્તિ કરવા જતાં અનેક ભિન્ન ભિન્ન વર્ગો, સંપ્રદાયો તથા સ્થાપિત હિતો પ્રત્યેની અમારી અનેકવિધ જવાબદારીઓની અમારાથી કદિ ઉપેક્ષા શકે તેમ નથી એ પણ હિંદવાસીઓને વારે વારે યાદ આ[illegible] જરૂર છે જ નહિ. ચર્ચહીલના હિંદુસ્થાનને લગતા કથનો આ સાર છે. આવા સ્પષ્ટ વકતૃત્વ માટે ચર્ચહીલને ધન્યવાદ ઘટે છે. જેઓ પોતાની તાકાતના જોરે સ્વરાજ્ય લેવાની ભ[illegible]ા સેવે છે તેઓ તો કાંઇ આટલાંટિકની અષ્ટવિધાની જાહેરાતથી છેતરાય તેમ હતું જ નહિ. પણ આ પરાધીન દેશમાં એવો પણ એક વર્ગ છે કે જે બંધારણ પુરઃસરની લડાઇથી અને વાટાઘાટની વાતોથી સ્વરાજ્ય હાંસલ કરવાની આશા સેવ્યા જ કરે છે અને આંટલાંટિકની જાહેરાત જેવા નિવેદનો ઉદ્‌ગ્રીવ બનીને વાંચે છે અને હવે તો સ્વરાજ્ય આવી મળ્યું એવી ભ્રમણામાં બે ઘડિ રાચે અને નાચે છે. આવા લોકોને સ્પષ્ટ દર્શન કરાવવા બદલ નામદાર ચર્ચહીલનો ઉપકાર માનવો ઘટે છે.

'V'

આજ કાલ જ્યાં ત્યાં V અક્ષર જોવામાં આવે છે અને તે જોતાં કંઇ કંઇ તરંગો ઉઠે છે. સાધારણ રીતે કોઇ માણસ અચાનક ધન રળે અને જ્યાં ત્યાં તેનાં માનસન્માન થવા માંડે ત્યારે આપણે કહીએ છીએ કે આજે એ માણસનાં ભાગ્ય ઉઘડ્યાં છે. આ ભાગ્ય કેવળ માણસનાં જ ઉઘડતાં નથી પણ બીજી અનેક સજીવ તેમજ નિર્જીવ વસ્તુઓના તથા અમુક રંગના, આકૃતિના, શબ્દના, અને અક્ષરનાં પણ ભાગ્ય ઉઘડે છે. દાખલા તરીકે કુતરા પાળવાની સુધરેલી દુનિયામાં ફેશન ચાલે એટલે કુતરાનું ભાગ્ય ઉઘડે. જ્યાં જુઓ ત્યાં બાઈ સાહેબના હાથે કુતરૂં વળગેલું જ હોય. ડાકટરો શોધ કરે કે ટમેટામાં કે ગાજરમાં ઘણા વધારે પ્રમાણમાં વીટામીન માલુમ પડે છે એટલે પછી જ્યાં જમવા જાઓ ત્યાં બીજું કાંઇ હોય કે ન હોય પણ ટમેટા કે ગાજર તો હોય જ હોય. આવી જ રીતે ભિન્ન ભિન્ન રંગનું મહત્વ ઉભું થાય છે. રશીઆમાં સામ્યવાદ ઉભો થયો અને લાલ રંગને પ્રાધાન્ય આપવામાં આવ્યું એટલે લાલ રંગ રશીયામાં તો વ્યાપક બન્યો એટલું જ નહિ પણ લાલ રંગનો ઝંડો દુનિયાભરના દલિત અને દબાયલાઓનો પ્રતીક બન્યો. આવી જ રીતે મુસલમાનો લીલા રંગને ધાર્મિક મહત્વ આપે છે. ક્રોંગ્રેસે લાલ રંગને હિંદુઓનો લેખ્યો છે, પણ ઘણે ખરે ઠેકાણે એ સ્થાન ભગવા રંગને પણ આપવામાં આવે છે. થીઓસોફીસ્ટો વળી વાદળી રંગનો બેસ ખભા ઉપર નાંખે છે. કોઇ પુષ્પનું પણ આમ જ ભાગ્ય ખુલી જાય છે. 'પોપી' નામના ફુલને સુલેહ શાન્તિનું ચિહ્ન ગણવું એમ સ્વીકારાય એટલે સુલેહ શાન્તિના પ્રચારને લગતા કોઇ પણ દિવસે એ ફુલ જ જ્યાં ત્યાં જોવામાં આવે છે. આવી જ રીતે ક્રોસનું ચિહ્ન, ડબલ ત્રિકોણ, કંપાસ અને કાટખુણો, રેંટીયો, હંસાવો અને દાતરડું, સ્વસ્તિક, બ્રીજ્ઞકાર ત્રિશુળ આવી અનેક આકૃતિઓ અમુક ધર્મ, સંપ્રદાય, વર્ગ, જાતિ કે પ્રજાનો પક્ષપાત ઉભા થવાના કારણે જુદી જુદી પ્રજાઓમાં જુદે જુદે કાળે મહત્વ પામે છે અને એ આકૃતિઓ અનેક પ્રકારની માન્યતાઓ, વહેમો અને કદાગ્રહો ઉભા થાય છે અને પોષાય છે.

આવી જ રીતે આજે જ્યાં ત્યાં 'V' અક્ષરનું જ ભાગ્ય ઉઘડ્યું લાગે છે [illegible]માં, બસમાં, ટ્રામમાં, ઓફીસોમાં જ્યાં જુઓ V અને V જ નજરે પડે છે. આ V શબ્દમાં આવ[illegible] ક્યાંથી આવ્યું અને આવી મોહિની કોણે મુકી ? [illegible]ક તો કોટના કોલરમાં V ભરાવીને ફરતા દેખાય છે. એક મોટી મંડળી જમવા બેસે તો V આકારમાં ટેબલ અથવા તો પાટલા ગોઠવાય છે. એરોપ્લેનો પણ સમુહમાં નીકળે ત્યાં V આકારમાં ઉડતા નજરે પડે છે.

અલબત્ત એ તે સૌ કોઇ જાણે છે કે V શબ્દથી મિત્રરાજ્યોનો વિજય સમજવાનો છે. આ વિજયની ઉપયોગીતા તો ગયા યુરોપીય વિગ્રહમાં એટલી જ હતી. પણ એ વિગ્રહમાં વિજયને સમીપ લાવવા માટે 'V' શબ્દનો ઉપયોગ કરવાનું કે લાભ લેવાનું કોઇને સુઝ્યું નહોતું.

જુની માન્યતાઓમાં જપ ઉપર ખૂબ ભાર મુકવામાં આવતો હતો. સંત તુલસીદાસે તુલસી રામાયણનો લગભગ પાંચમો ભાગ તો રામનામનો મહિમા વર્ણવવા પાછળ જ રોકયો છે. પણ આજના બુદ્ધિપ્રધાન જમાનામાં કેવળ નામનો મહિમા લુપ્ત થયો છે એમ લાગતું હતું. એક વખત હું અગાસ ગયો હતો. ત્યાં ભકિતપરાયણ ભાઈ બહેનોને 'સત્ સ્વરૂપ આત્મા' નો જપ કરતાં મેં સાંભળ્યા હતા અને આત્મસાક્ષાત્કાર કરવાનો આ એક ઉપાય છે એમ મને સમજાવવામાં આવ્યું હતું. આમ છતાં પણ મારા બુદ્ધિજડ માનસને એ જપની કશી ઉપયોગીતા સમજાઇ નહોતી. બ્રીટીશ પ્રજા જેવી નક્કર વાસ્તવિકતાને પૂજનારી બીજી કોઇ પ્રજા નથી. નક્કર હકીકતો સ્વીકારવી, અનુકુળ હકીકતોનો લાભ લેવો અને પ્રતિકુળ હકીકતોનો બહાદુરીથી સામનો કરવો એ બ્રીટીશ પ્રજાની ખાસીયત છે. તે પદાર્થને જુએ, પડછાયાથી દુર રહે. આમ છતાં આજે એ પ્રજાને પણ 'V' અક્ષરના જપની ભારે ધુન લાગી જણાય છે. આ કળિયુગમાં કલ્પનામાં ન આવે એવી આ એક ઘટના છે. પુરાણ કથા જણાવે છે કે રામનામથી પથ્થર તર્યા હતા. નાઝીઓને નિર્મૂળ કરવા માટે V અક્ષરમાં પણ એવી કોઇ દિવ્ય શકિત રહેલી હશે એમ કાં ન માનવું ? **પરમાનંદ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૧૧

મુંબઇ : ૧ ઓક્ટોબર ૧૯૪૧ બુધવાર.

લવાજમ
રૂપિયા ૨

ગાંધીજીની ધર્મભાવના

મનુષ્ય જીવનની મહત્તા સત્ય તથા ભલાઇની શોધમાં રહેતા આત્માના પ્રયત્નોમાં રહેલી છે નહિ કે તેની આધિભૌતિક સફળતામાં. જે વ્યક્તિ આત્માનો સાક્ષાત્કાર કરવામાં પ્રયત્નશીલ રહે છે તે માનવ ઇતિહાસમાં પોતાને માટે જીવન્ત છે. કાળ અનેક વસ્તુઓની જેમ મહાન વીરોને પણ સહેલાઇથી ભુલવાડે છે, પરંતુ સંતો ચીરંસ્મરણીય રહે છે. ગાંધીજીની તેમનાં વીરતાપૂર્ણ કાર્યોની સફળતા કરતાં તેમને જ વધારે આભારી છે. અત્યારની દુનિયા આત્માને શને પથે જઇ રહી છે તે વખતે તેઓ આત્માને જાગૃત અને દુનિયાને નવો માર્ગ બતાવવા પ્રયત્ન કરી રહ્યા છે.

દુનિયા ગાંધીજીને જુદે જુદે સ્વરૂપે જુએ છે. કોઈ તેમને રાજનીતિજ્ઞ કહે છે. કોઇ સમાજસુધારક કહે છે. કોઈ શાસ્ત્રજ્ઞ કહે છે. કોઈ તેમને ધાર્મિક દૃષ્ટિએ જુએ છે. તેઓ નથી માત્ર સમાજ-સુધારક, રાજનીતિજ્ઞ કે નથી શાસ્ત્રજ્ઞ. આ બધું તો ગૌણ છે. તેમના જીવનનું મુખ્ય ધ્યેય તો આત્માનો સાક્ષાત્કાર કરવાનું છે. બીજાં બધાં કાર્યો તો તે ધ્યેયની પ્રાપ્તિને માટે જ છે. સામાન્ય મનુષ્ય તેમના ખરા સ્વરૂપને સમજી શકતો નથી. તેઓ તો ફક્ત તેમનાં આધિભૌતિક કાર્યો તરફ જ નજર નાખે છે અને તેમને તે સ્વરૂપે જોવા પ્રયત્ન કરે છે.

જે મનુષ્ય આત્માનો સાક્ષાત્કાર કરવા માગે છે તે પ્રાણી-માત્રની સાથે તન્મય થવાની શક્તિ ધરાવતો હોવો જોઇએ. તેથી ગાંધીજી કહે છે કે "હું દરેક જીવની સાથે એકરૂપ થવા માગું છું અને મારી મુક્તિ દેશ અને મનુષ્ય માત્રની સેવામાં જ રહેલી છે." ગાંધીજી આત્મસાક્ષાત્કાર કરવાની મહત્ત્વાકાંક્ષા રાખે છે. પોતાની જાતને કોઇ પણ ક્ષેત્રથી અળગી રાખી આત્મ-સાક્ષાત્કાર કરવા માંગતા નથી. તેમનું રાજકારણમાં પ્રવેશવું આ વસ્તુને આધીન છે. તેમનું સર્વ ચલનવલન એજ દૃષ્ટિથી થાય છે. તેમનું સર્વ લખાણ પણ એ જ દૃષ્ટિથી થાય છે. તેથી તેમનામાં મનુષ્યના ઉચ્ચ ગુણોનું આરોપણ થયેલું આપણે જોઈ શકીએ છીએ. તેમની પાસે વિશ્વપ્રેમી હાસ્ય છે. આ હાસ્યે સર્વેનાં મન જીતી લીધાં છે.

* ધર્મ એટલે નીતિ. આધ્યાત્મિક દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ-આખી દુનિયાનો આધાર નીતિ ઉપર રહેલો છે. નીતિ સિવાય કદી દુનિયાનો વ્યવહાર ચાલી શકે જ નહિ. જ્યારે દુનિયા નીતિને તજે છે ત્યારે તેનો પ્રલય થાય છે. યુરોપે આજે નીતિ તજી છે અને વિનાશને પંથે જઇ રહ્યું છે. દુનિયા ઉપરથી નીતિનો લોપ થાય છે અને જૂઠ પ્રપંચ ખુનામરકી વધી પડે છે, ત્યારે મનુષ્ય જાતિમાંથી કોઇને કોઇનો આત્મા જાગૃત થાય છે. તે દુનિયાની આ પરિસ્થિતિને અંધકારમાંથી પ્રકાશમાં લાવવા મથે છે. જાગૃત થયેલો આત્મા જીવનભર આ અંધકારની સામે ઝઝુમે છે અને તેનો વિધ્વંસ કરે છે, અને વિનાશને પંથે જતી દુનિયાને બચાવે છે. આપણે પરમેશ્વરનો અવતાર કહીએ છીએ.

આ આગળ જોઈ ગયા કે મહાત્માજીનું ધ્યેય આત્માનો સાક્ષાત્કાર કરવાનું છે, એટલે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનું—મોક્ષ મેળવવાનું—છે. તેઓ માને છે કે પરમેશ્વરનું સ્વરૂપ મન અને વાણીથી પર છે એટલે તે અનંત, અનાદિ, સદા એકરૂપે રહેનાર, વિશ્વના આત્મારૂપ અથવા આધારરૂપ અને વિશ્વનું કારણ છે, તે અથવા જ્ઞાન-સ્વરૂપ છે. એને જ માત્ર સનાતન અસ્તિત્વ છે. બીજું બધું નાશવંત છે.

ઇશ્વર એ એક અદ્‌ભૂત અદૃશ્ય શક્તિ છે. તે દુનિયા પર સર્વત્ર વ્યાપેલી છે. તે આંખથી જોઇ શકાતી નથી. ફક્ત તે અનુભવથી જાણી શકાય છે. તેનો પુરાવો પંચેન્દ્રિયથી આપી શકાતો નથી, તેનો પુરાવો તો શ્રદ્ધા છે. જે તેને શ્રદ્ધાપૂર્વક માને છે તેજ તેનો અનુભવ કરી શકે છે.

ગાંધીજીનો ઇશ્વરમાં અટલ વિશ્વાસ છે. સૂર્ય છે તે જેટલું સાચું છે તેના કરતાં પણ વધારે વિશ્વાસ ઇશ્વરી શક્તિમાં તેઓ રાખે છે. તેથી જ તેઓ તે શક્તિનો અનુભવ કરી શકે છે. જ્યારે જ્યારે તેમનું મન શંકાઓથી અસ્થિર થઇ જાય છે ત્યારે તેઓ તેનું નિરાકરણ ઇશ્વર પર છોડી દે છે અને તેના તરફથી તેમને ઉત્તર મળી રહે છે. ઇશ્વર એટલે પરમાત્મા. આત્મા એ પરમાત્માનો અંશ છે. એટલે પોતાની શંકાનું નિરાકરણ તેઓ અંતરનાદ દ્વારા પ્રાપ્ત કરે છે. તેઓ અંતરનાદને શ્રદ્ધાપૂર્વક સાંભળે છે અને તે પ્રમાણે કાર્ય કરે છે.

सत्यान्नास्ति परो धर्मः । સત્યથી કોઇ શ્રેષ્ઠ ધર્મ નથી, ઇશ્વર નથી. **सत्यमेव परब्रह्म ।** સત્યનું વ્યાપક સ્વરૂપ એજ પરમેશ્વર. આ સત્યની પ્રાપ્તિ માત્ર પ્રેમ અને અહિંસા દ્વારા જ શક્ય છે.

મનુષ્ય દુનિયાના વાતાવરણથી ઘેરાયેલો હોવાથી તેની મનો-ભૂમિની અંદર અનેક દુશ્મનો છૂપાઇને બેઠેલા છે જેવા કે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરે અને તેઓ મનુષ્યને ઉન્નતિને માર્ગે જતો અટકાવે છે અને પતનને માર્ગે લઇ જાય છે. મનુષ્યને આત્માનો પ્રકાશ મળે છે અને તે દ્વારા તે પોતાના જીવનના માર્ગે આગળ વધે છે. પરંતુ આ દુશ્મનો આત્માની આસપાસ ફરી વળેલા છે. અને તેને તે પ્રકાશ પામવા દેતા નથી. સત્યના શોધકે તો મનોભૂમિમાં લપાઇ રહેલા આ દુશ્મનોને ઉન્મૂળ કરી આત્મશુદ્ધિ કરવી જોઇએ. બાળકના જેવા શુદ્ધ અંતઃકરણવાળા જ સત્યનો સાક્ષાત્કાર કરી શકે છે. અંતઃકરણની શુદ્ધિ રાગદ્વેષવિહીન, નિષ્પક્ષપાતી, શ્રધ્ધા ભક્તિ-

યુક્ત મન, વચન અને કર્મથી જ થઇ શકે છે. સત્યના શોધકે રજકણથી પણ નીચે રહે તેટલા નમ્ર બનવું જોઇએ. જગત આખું રજકણને કચડે છે, પણ સત્યનો પૂજારી તો રજકણ સુધ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી દુર્લભ છે. રજકણથી પણ નીચે રહી શકે તેટલો અલ્પ માણસ ત્યારે જ થઇ શકે કે જ્યારે તેણે મનોભૂમિની અંદર છુપાઈ રહેલા દુશ્મનોને ઉન્મૂળ કર્યા હોય. તેઓને દૂર કરવા એ સહેલું કામ નથી. તેને માટે તો ખૂબ તપશ્ચર્યાની જરૂર છે. ગાંધીજીએ તે માટે તપશ્ચર્યા આદરી છે. અને તપશ્ચર્યાને બળે જ તેઓ તેમને મહાન કરી શકશે એવો તેમને દૃઢ વિશ્વાસ છે.

જેને સ્વતંત્ર સત્યનો સાક્ષાત્કાર કરવો છે તેણે દરેક ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓ અને મુખ્ય ઉમેર કાયમ મેળવવા માટે અહિંસા, બ્રહ્મચર્ય, અસ્વાદ, અસ્તેય, અપરિગ્રહ, સ્વદેશી, અભય, નમ્રતા, પ્રતિજ્ઞા, ઉપાસના, વગેરે સાધનોનો ઉપયોગ કર્યો છે અને તેમાં તેમને સફળતા મળી છે. આપણે તેમના સત્યના પ્રયોગો ઉપરથી જાણી શકીએ છીએ.

આપણે ગાંધીજીને ગાંધીજી કરતાં 'મહાત્મા' શબ્દથી વધારે સંબોધીએ છીએ. [illegible] તથા [illegible] પણ તેઓ મુખ્યત્વે મહાત્માના નામથી વધારે ઓળ આપણને સ્વભાવિક રીતે પ્રશ્ન થશે કે તેઓ મહા કહેવાયા ? શી રીતે બન્યા ?

સામાન્ય રીતે જેમ જેમ મનુષ્ય આત્માનો સાક્ષાત્કાર માટે પ્રયત્નશીલ રહે છે તેમ તેમ [illegible] જીવ થતા જાય છે અને તેનું સ્થાન સદ્‌ગુણો લે છે. જેમ જેમ ગુણોની વૃધ્ધિ થતી જાય છે તેમ તેમ તેના પુણ્યની સચેતતા વધારે વધતી જતી માલમ પડે છે. કારણ કે તેની સંતપણા જ્યોત તેને માર્ગ ઉજ્વલ કરી રહી હોય છે અને તે પ્રકાશને આધારે તે પોતા જીવનનો પંથ કાપ્યે જાય છે. પ્રાકૃત મનુષ્યોની સાથે સરખાવતાં તેઓ ઘણા ઉંચા હોય છે, પણ તેઓ જાણે છે કે સંપૂર્ણ થવાના ધ્યેયથી પોતે હજુ બહુ દૂર છે.

મનુષ્યો તેમને પોતાનાથી ઉંચી કક્ષાએ જુએ છે, પોતાને હલકા ગણે છે અને માની લે છે કે આપણાથી તો એમના જેવા ન જ થઇ શકાય અને તેથી તેઓ આગળ વધેલા માણસને 'મહાત્મા' શબ્દથી સંબોધે છે.

દરેક યુગમાં અને દરેક પ્રજામાં સત્યના તીવ્ર શોધકો અને જનકલ્યાણ માટે અત્યંત ધગશ ધરાવનારા વિભૂતિમાન પુરુષો અને સંતો પેદા થયા છે. તે યુગના અને તે પ્રજાના બીજા માણુસો કરતાં તેમણે સત્યનું કંઇક વધારે દર્શન કર્યું હોય છે. એમનું કેટલુંક દર્શન સનાતન સિધ્ધાંતોનું હોય છે અને કેટલુંક પોતાના જમાનાની પરિસ્થિતિમાંથી ઉદ્‌ભવેલું હોય છે.

વળી કેટલાક સિદ્ધાન્તો તેના સનાતન સ્વરૂપમાં તેમને સમજાયા હોય છતાં તેનો વ્યવહારિક અમલ કરવા જતાં પોતાના યુગ અને પ્રજાની પરિસ્થિતિને બંધબેસતી આવે એવી રીતે મર્યાદામાંજ તેની પદ્ધતિ તેમને સૂઝે એમ બને છે. આ બધામાંથી જગતના જુદા જુદા ધર્મો ઉદ્‌ભવ્યા છે. આ વિષે ગાંધીજીનો અભિપ્રાય છે કે બધા ધર્મો ઇશ્વરદત્ત છે, પણ તે મનુષ્ય કલ્પિત હોવાથી અને મનુષ્ય તેનો પ્રચાર કરતો હોવાથી તે અપૂર્ણ હોય છે. ઇશ્વરદત્ત ધર્મ અગમ્ય છે તેને ભાષામાં મનુષ્ય મૂકે છે. તેનો અર્થ પણ મનુષ્ય કરે છે. કોનો અર્થ સાચો ? સહુ પોતપોતાની દૃષ્ટિએ [જ્યાં લગી એ દૃષ્ટિ વર્તે ત્યાં લગી] સાચા, પણ સર્વે ખોટા હોવાનો અસંભવ નથી. તેથી જ આપણે બધા પ્રત્યે સમભાવ રાખીએ. આમાં પોતાના ધર્મ પ્રત્યે ઉદાસીનતા નથી આવતી. પણ પોતાના ધર્મ પ્રત્યેનો પ્રેમ આંધળો મટી જ્ઞાનમય થાય છે. તેથી વધારે સાત્વિક અને નિર્મળ બને છે. બધા ધર્મો પ્રત્યે સમભાવ આવે તો જ આપણા દિવ્યચક્ષુ ખૂલે. ધર્માન્ધતા અને દિવ્યદર્શન વચ્ચે ઉત્તર દક્ષિણ જેટલું અંતર છે. ધર્મજ્ઞાન થતાં અંતરાયો ઉડી જાય છે અને સમભાવ પેદા થાય છે. સર્વધર્મ-સમભાવ કયારે ઉત્પન્ન થઇ શકે ? કોણ ઉત્પન્ન કરી શકે ?

સર્વ ધર્મો પ્રત્યે સમભાવ ઉત્પન્ન થવો સહેલો નથી. તે માટે પ્રથમ પોતાના ધર્મનો પૂરેપૂરો અભ્યાસ કરવો જોઇએ. જ્યારે માણુસ પોતાના ધર્મનું પાન કરી શકે, તેના રહસ્યને સમજી શકે ત્યારે જ બીજા ધર્મો પ્રત્યે સમભાવ ઉત્પન્ન થઇ શકે.

ગાંધીજીએ હિન્દુધર્મનો બરાબર અભ્યાસ કર્યો છે. તેનું પાન નાનપણથી કરતા આવ્યા છે. તેના રહસ્યને પૂરેપૂરૂં સમજ્યા છે તેથી તેઓ સનાતની હિન્દુ હોવાનો દાવો કરે છે. તેમણે બીજા ધર્મોનો હાર્દિકતાથી અભ્યાસ કર્યો છે. તેઓ "મારા ધર્મ પ્રત્યેનો મારો પ્રેમ બીજાઓના પ્રત્યેના પ્રેમને સમજતાં મને શિખવે છે." ધર્માન્તર બાબતમાં તેઓ કહે છે કે "હિંદુ ધર્મમાં પરધર્મીને લાવીને પોતાના ધર્મમાં લેવાની વિધિ જ નથી. હિન્દુ [illegible] મને શીખવે છે કે બધાજ ધર્મો [illegible] તાયા છે. બધાની ઉત્પત્તિ એક જ ઇશ્વરમાંથી [illegible] ના ધર્મ અપૂર્ણ છે. કારણ કે તે અપૂર્ણ એવા [illegible] દ્વારા આપણને મળેલા છે. ખરી શુદ્ધ પ્રવૃત્તિ હું તેને જ કહું કે દરેક સ્ત્રી અને પુરુષ પોતાના ધર્મમાં રહી પૂર્ણત્વ પ્રાપ્ત કરવા મથે. આમાં ચારિત્ર એજ માણુસની કસોટી હોય. જો માણુસ નીતિમાં ચઢિયાતો ન થાય તો એક વાડામાંથી નિકળી બીજામાં પેસવાથી શું વળવાનું હતું ? સાચો ધાર્મિક કોઇ પણ પરધર્મીને પોતાના ધર્મમાં આવવા નહિ કહે; પરંતુ સામા માણુસની ભૂલ બતાવી તે સુધરાવવા કોશીષ કરશે અને તેને તેના રસ્તે જવા કહેશે. આ રીતે તે પરધર્મીના ધર્મની સેવા કરે છે." દરેક ધર્મના અનુયાયીને પોતાનો ધર્મ શ્રેષ્ઠ લાગે એ સ્વાભાવિક છે. સત્યના શોધકને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરવા માટે એમાંથી પુરતી સામગ્રી મળી રહે છે. એજ દૃષ્ટિએ ગાંધીજીને હિંદુ ધર્મ શ્રેષ્ઠ છે એમ લાગ્યું. તેમને તેમાંથી પૂરતી સામગ્રી મળી રહે છે એમ તેઓ કહે છે. તેમના મુસલમાન અને ખ્રિસ્તી મિત્રોએ પોતાના ધર્મમાં લેવા અનેક પ્રયત્નો કર્યા હતા છતાં તેમાં તે લોકોને નિષ્ફળતા મળી હતી. તેઓ કહે છે કે, "હિંદુ ધર્મ મને સર્વથી શ્રેષ્ઠ લાગે છે તેથી બાળક જેમ માતાને વળગી રહે છે તેમ હું મારા ધર્મને વળગી રહું છું. પણ બાળકો જેમ પરમાતાનો તિરસ્કાર નથી કરતાં તેમ હું પણ પરધર્મોનો તિરસ્કાર નથી કરતો."

ગાંધીજીને સર્વે ધર્મો પ્રત્યે સમભાવ છે. તેમને માટે હિંદુ ધર્મ શ્રેષ્ઠ છે. તેમાંથી તેમને પૂરતી સામગ્રી મળી રહે છે. તેથી તેમની બધી ફિલસુફી હિંદુ ધર્મના સનાતન સિધ્ધાંતો ઉપર રહેલી છે. સર રાધાકૃષ્ણન કહે છે કે "ગાંધીજી જીવતો જાગતો હિંદુ ધર્મ છે. તેઓ હિંદુ ધર્મની પુનર્રચના કરી રહ્યા છે."

સત્યશોધક સર્વ ધર્મો પ્રત્યે સમભાવ રાખે પરંતુ તે અધર્મનો સ્વીકાર કદી નહિ કરે, પરંતુ વિરોધ કરશે અને બને તો દૂર કરવા પ્રયત્ન કરશે. ગાંધીજીનું દરેક કાર્ય ધાર્મિક દૃષ્ટિએ થાય છે. એટલે જે કાર્યમાં તેમને અધર્મ જેવું લાગે છે ત્યાં તેઓ તેનો વિરોધ કરે છે અને તેને સુધારવા–નીતિને માર્ગે લાવવા–પ્રયત્ન કરે છે. જીવન અને સમાજમાં એવું એક પણ ક્ષેત્ર નથી કે જ્યાં તેમણે પોતાના વિચારો દર્શાવ્યા ન હોય. તેમનું દરેક કાર્ય સત્યની શોધ માટે થતું હોવાથી તેમાં સત્યનો પ્રકાશ ઝરતો

માલમ પડે છે. તેમનું રાજકારણમાં ઝંપલાવવું તે પણ અધર્મનો સામનો કરવાના ઉદ્દેશથી જ પ્રેરાયલું છે.

આપણે ઉપર જોઇ ગયા કે ગાંધીજીની મહત્વાકાંક્ષા આત્માનો સાક્ષાત્કાર કરવાની છે, તેથી પોતાની જાતને કોઇ પણ ક્ષેત્રથી દૂર રાખી ન શકે. ગાંધીજીનું રાજકારણ આ દૃષ્ટિએ છે.

કેટલાક તેમને રાજનીતિજ્ઞ કહે છે કારણ તેમણે હિંદી રાજકારણમાં ટુંક સમયમાં ધારી ન શકાય એવી મોટી ક્રાન્તિ કરી છે, ગુલામીમાં સબડતી પ્રજાને સ્વતંત્રતા હાંસલ કરવા માટે તીવ્ર લાગણીવાળી બનાવી છે. સામાન્ય રીતે રાજકારણીય પુરૂષો ધર્મથી દૂર રહે છે એમ માનવામાં આવે છે, કારણ તેમના મનમાં રાત-દિવસ એજ વિચારો આવે છે કે સામા રાષ્ટ્રને કેવી રીતે ગુલામ બનાવવું, આર્થિક અને નૈતિક દૃષ્ટિએ કેમ કરી પાયમાલ કરવું. અત્યાર સુધીનાં યુધ્ધો પરરાષ્ટ્રોને આર્થિક દૃષ્ટિએ [illegible] કરવા માટે જ લડાયાં છે અને અત્યારનું યુધ્ધ પણ એજ દૃષ્ટિએ થાય છે. ચર્ચહીલ કે રૂઝવેલ્ટ કહેતા હોય કે અમે પરાધીન રાજ્યોને મુકિત અપાવવા અને ધર્મનું રક્ષણ કરવા લડીએ છીએ તો એ મોટી [illegible]. તેઓ તો પોતાના માર્ગમાંથી દુશ્મનને દૂર કરવા માગે છે, જેથી બીજા દેશો ઉપરનો પોતાનો ભોગવટો કાયમનો કાયમ રહે. પરં [illegible] જુદી છે. તેમને મન તો એક જ વસ્તુ છે [illegible] સાક્ષાત્કાર. કેટલાક માને છે કે 'ધર્મ અને [illegible] કોઇ દિવસ બની શકે જ નહિ, કારણ રાજકારણમા [illegible] કપટકા જોઇએ જ. તે સિવાય કદી રાજ્ય ચાલી શકેજ નહિ. પરંતુ ગાંધીજી કહે છે કે "જે આવી વાત કરે છે તે ધર્મ શું છે તે જાણતો નથી." તેઓ કહે છે કે "મારે નશ્વર સામ્રાજ્યની ઇચ્છા નથી, હું સ્વર્ગના સામ્રાજ્યની ઇચ્છા કરી રહ્યો છું. કારણ તે જ આધ્યાત્મિક મુકિત છે. મારે માટે ધર્મરહિત રાજનીતિ મૃત્યુ સમાન છે. તેમાં આત્માનો ઘાત થાય છે. રાજનીતિ એ તો ધર્મની સેવિકા છે."

તેમની રાજનીતિ સત્ય અને અહિંસા ઉપર રચાયેલી છે. અધર્મનો વિરોધ તેઓ અહિંસા અને પ્રેમથી જ કરવા માગે છે. તેઓ માને છે કે "મનુષ્ય પ્રાણીએ કેટલાએ અન્યાય કર્યા હોય અને કેટલાયે પાપ કર્યાં હોય તો પણ મનુષ્ય એ મનુષ્ય જ છે. તેને આખરે ધર્મનો રસ્તો સુઝશે જ. આ સિદ્ધાંત ઉપર તેમની સત્યાગ્રહની લડત છે. અહિંસા એ ચેતનયુકત પ્રચંડ શકિત છે, તે પાષાણ હૃદયને પીગળાવી શકે છે. તેની સામે વિરોધ ઉભો રહી શકતો જ નથી. ગાંધીજીની રાજનીતિ વિષે કાકા સાહેબ કહે છે કે "ગાંધીજીની રાજનીતિમાં જો કંઇ ખાસ વિશેષતા હોય તો તે એ છે કે તેઓ વિરોધને પોતાની સામે ઉભો જ રહેવા દેતા નથી. બનતાં સુધી તેઓ વિરોધીઓ પાસેથી તેમની વિરોધવૃત્તિ છીનવી લે છે. જેની સાથે તેમનો વિરોધ હોય તેની સાથે તેઓ ઘટે તે કરતાં વધારે પક્ષપાત પહેલાંથી જ બતાવી દે છે, પોતાના વિરોધીઓને પોતાના જ જેવા સજ્જન માની લે છે અને તેમની સાથે ધર્મયુધ્ધ કરે છે અને તેનામાં સુતેલી ધર્મબુધ્ધિને જાગૃત કરે છે." સત્યાગ્રહની અંદર આપણે જોઇશું તો જણાશે કે સત્ય અને અહિંસાથી જ તેમણે વિરોધીનું હૃદયપરિવર્તન કરવા પ્રયત્ન કર્યો છે અને દરેકમાં તેમને સફળતા મળી છે.

સત્યાગ્રહ એટલે અધર્મ અથવા અન્યાયનો પ્રતિકાર. સમાજની અંદર રહેલા અધર્મ અથવા અન્યાયને દૂર કરવો એ સમાજમાં રહેનાર દરેકની ફરજ છે. ગાંધીજી માને છે કે "દેશ અને સમાજની સેવામાં જ મારી મુકિત છે. સમાજની અંદર રહેનાર સમાજના દરેક કાર્યોનો ભાગીદાર છે, તેનો ઋણી છે. પ્રાચીન કાળમાં આત્મસાક્ષાત્કાર કરવા માગનાર પોતાની જાતને સમાજથી જેમ બને તેમ દુર જ રાખવા માગતા. તેઓમાં એવી માન્યતા હતી કે સમાજની અંદર રહી આત્માનો સાક્ષાત્કાર થઇ શકે જ નહિ. તેઓ કોઇ એકાંત જગ્યાએ ચાલ્યા જતા અને યોગસાધના વગેરે કરતા. ગાંધીજીએ એ માન્યતા ખોટી ઠરાવી છે. તેઓ માને છે કે સમાજની અંદર રહી તેના પ્રત્યેની પોતાની ફરજો બરાબર અદા કરવી અને તે દ્વારા આત્મસાક્ષાત્કાર કરવો. તેઓ કહે છે કે 'સમાજની ઉન્નતિમાં જ મારી ઉન્નતિ છે."

પહેલાંના આત્મસાક્ષાત્કાર કરનારા સમાજથી અલગ પડી જતા હોવાથી તેમના જ્ઞાનનો સમાજને બરાબર લાભ મળી શકતો નહિ. જો સમાજને તેમના જ્ઞાનનો બરાબર લાભ મળ્યો હોત તો આજે જેટલા પ્રમાણમાં સમાજની અંદર અધર્મ દાખલ થયેલો માલમ પડે છે તેટલો કદાચ [illegible] ગાંધીજીએ સમાજની અંદર રહી આત્માનો સાક્ષાત્કાર કરવાનું યોગ્ય માન્યું છે. તેઓ માને છે કે દુનિયાની દરેક વસ્તુ ધાર્મિક તત્ત્વ ઉપર નભેલી છે, એટલે દરેક કાર્ય ધાર્મિ [illegible] જોઇએ. તેમણે સામાજીક, આર્થિક, રા [illegible] અંદર ધર્મને ગુંથી લીધો [illegible] તો રાખ્યો છે. આ [illegible] રાજકારણ કરતાં અધિક લોક છે.

[illegible] ન સર્વમિદં ततम् ।
[illegible] સિદ્ધિં વિંદતિ માનવઃ ॥

જેથી સર્વ [illegible] ત્તિ અને પ્રવૃત્તિ થાય છે તથા જેનાથ. આ સમગ્ર જગત વ્યાપ્ત છે તે. પરમાત્માને પોતાનાં સ્વાભાવિક કર્મવડે પૂજીને જ મનુષ્ય એ સિધ્ધિને પામે છે.

પ્રાચ કાળથી હિંદ નીતિને માર્ગે ચાલતું આવ્યું છે. અનેક સંતોએ તેને પતનને માર્ગેથી બચાવ્યો છે. ગાંધીજી આપણા એ પૂર્વાચાર્યોના વંશજ છે. તેમણે હિંદને એક નવો માર્ગ બતાવ્યો છે. તે માર્ગે જવામાં જ આપણું કલ્યાણ રહેલું છે.*

તા. ૨૬-૯-૪૧. 'એક વિદ્યાર્થી' (ગૂજરાત વિદ્યાપીઠ)

* વિદ્યાપીઠમાં ગાંધી સપ્તાહ વ્યાખ્યાનમાળા અંગે તૈયાર કરેલો નિબંધ.

માનવ સંગીત

('નઇ દુનિઆ'માંથી શ્રી આનંદ શાસ્ત્રીના કાવ્યનો અનુવાદ)

ચાલો માનવ બનવા ચાલો !
સદીઓથી વિભકત બનેલા ! નવી દુનિયા સરજાવો—ચાલો૦

માનવ બનીને, આ દુનિયામાં માનવતા વધારો,
સંપ્રદાયના ભડકા ચાલો સાથે મળી બુઝાવો,
જાતિ-ધર્મના જંગ હટાવી, માનવતા ચમકાવો,
સર્વ ધર્મ સમભાવને પાયે વિશ્વમંદિર ચણાવો—ચાલો૦

નિરતિવાદના ઝગડાનું મૂળ કારણ ફરી શોધાવો,
વેદ-કુરાન-પુરાણ-સૂત્રથી જગને માર્ગ બતાવો,
સદીઓથી જડતા હૃદયોપર પ્રેમામૃત વરસાવો,
જગસેવક બની સત્ય ભકતની પદરજ શિષ ચઢાવો—ચાલો૦

મતવિભિન્નતા દૂર ભગાડો, પ્રેમપ્રદીપ પ્રગટાવો,
માનવ બનીને, માનવતાની આશાઓ ફલ લાવો,
હિન્દુ મુસ્લીમ ભેદ ફગાવી, રાષ્ટ્ર ધર્મ જગાવો,
નવયુગના માનવ સંગીતમાં, ભારત સુર પૂરાવો—ચાલો૦

કાન્તિ ભરોડીઆ

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ઓક્ટોબર ૧ ૧૯૪૧

ઘણું જીવો ગાંધીજી!

મહાત્મા ગાંધીજી જીંદગીના બોંતેર વર્ષ પૂરા કરી તોંતેરમાં વર્ષમાં આજે પ્રવેશે છે. હિંદને ઉત્કર્ષને પંથે લઇ જવા માટે ગાંધીજીનું નેતૃત્વ ચિર[illegible] લાધ્યો એ અવસરે અમારી [illegible]

[illegible]જી યુગપુરૂષ છે. આવો પુરૂષ હજારો વર્ષોમાં એકાદ જ જન્મે છે. ગાંધીજીન[illegible]જવા માટે પણ લાયકાત જોઇએ. 'देवो भूत्वा देव[illegible]ઓલી સાચી છે [illegible] વિગ[illegible] પ્રકારનો [illegible] પ્રસન્ની સાચું છે કે યુગપુરૂષને [illegible] શકાતો નથી. ગાંધીજીનું [illegible] ઇતિહાસકારો જ આલેખી [illegible]

પણ આપણી અલ્પ [illegible] છે, તેમાં પણ ગાંધીજીની ભવ્ય [illegible] તેવી દેખ [illegible]. ગાંધીજી એટલે સત્યના અનન્ય ઉપાસક, અહિંસાનું મૂર્ત સ્વરૂપ, ગરીબોના બેલી, તપ અને સંયમની પ્રતિમા, શુધ્ધ ચારિત્ર્યની વિમલ ગંગા, સ્વરાજ્ય સંગ્રામના ધુરંધર સેનાની, સાહિત્યના મહર્ષિ, ભારતીય સંસ્કૃતિના દ્રષ્ટા મુનિ, દલિતે ॥ ઉદ્ધારક, ધર્મના મહાન રક્ષક વગેરે અનેકવિધ રીતે તેમનાં દર્શન ભારતવર્ષને થયાં છે. એવો ગુણસમુચ્ચય જેનામાં એકત્રિત થયો હોય એવો પુરૂષ ઇતિહાસમાં બીજો મળી આવે કે કેમ તે શંકાસ્પદ પ્રશ્ન છે

અને તેમ છતાંય ગાંધીજીની વિચારધારાના વિરોધી પ્રવાહો વધતા જાય છે, એમ શાથી? આ વિરોધી પ્રવાહોના સંઘર્ષમાંથી જે મતિભ્રમ પેદા થાય છે, તેને લીધે ઘણાંને એમ લાગવા લાગ્યું છે કે ગાંધીજી નિષ્ફળ નીવડયા છે.

શું સાચેજ ગાંધીજી નિષ્ફળ છે

કોઇ કહેશે, અહિંસાના તત્વનું વિરોધી વાતાવરણ જુઓ, રેંટીયા પ્રત્યેની અનાસ્થા જુઓ, સત્યાગ્રહ સંગ્રામની મંદગતિ જુઓ, બ્રિટિશ સામ્રાજ્યની હિંદ પ્રત્યેની તુમાખી વૃત્તિ જુઓ, સ્વરાજ્યની આછી ઝાંખી પણ હજી નથી દેખાતી, તે જુઓ અને પછી કહેજો કે ગાંધીજી નિષ્ફળ નથી ગયા?

ઉપર ઉપરથી વિચાર કરનારને જરૂર લાગશે કે ગાંધીજી નિષ્ફળ ગયા છે. પણ આનો વધુ ઉંડો વિચાર કરવાની જરૂર છે.

દુનિયામાં બે પ્રકારના ડોકટરો હોય છે. કેટલાક ડોકટરો રોગના તાત્કાલિક લક્ષણોને દાબી દઇ સફળતાનાં પ્રમાણપત્રો મેળવે છે. જ્યારે બીજા ડોકટરો રોગને જડમૂળથી કાઢી નાખવાના પ્રયત્નમાં દરદીની ધીરજ ખુટાડી દે છે અને નિષ્ફળતાનું કલંક વહોરી લે છે. પણ સાચી વાત એ છે કે પેલા તાત્કાલિક પરિણામ લાવવાવાળા ડોકટરો દરદીને અપરંપાર નુકસાનમાં ઉતારે છે, અને રોગને સમૂળ નાબુદ કરવાના પ્રયત્નવાળા ડોકટરો દરદીને કાયમને માટે સુખી કરે છે.

હિંદુસ્તાનનું દરદ ઘણું ઉંડું છે. ગુલામીનું ઝેર તેના રગેરગમાં વ્યાપી ગયું છે. તેને જડમૂળથી કાઢવાનો પ્રયત્ન ગાંધીજીનો છે અને તેથી જ રોગની સામેના આ મહાન સંગ્રામમાં નાની નાની લડાઇઓ હાર્યા જીત્યાનું મહત્વ ગાંધીજીને જણાતું નથી.

લોકો અહિંસાને અપનાવતા નથી, રેંટીયાને સ્વીકારતા નથી તેનું શું? હોમિઓપાથીમાં એક મહાન સિદ્ધાન્ત છે કે દરદને અચૂક લાગુ પડે તેવી દવા અપાય તો શરૂઆતમાં દરદનું સ્વરૂપ વધારે ઉગ્ર થાય અને શરીરમાં છૂપી રીતે રહેલાં દર્દના અનેક અંગો એક સામટાં ફાટી નિકળે. આપણા દેશમાં એમ જ થયું છે. ગુલામી એ આપણો મહારોગ. નિષ્ક્રિયતા, આંતરિક વિખવાદ, ટુંકી સ્વાર્થ બુદ્ધિ, નિશ્ચયબળનો અભાવ, ત્યાગની અશક્તિ વગેરે તે રોગનાં અંગો છે. ગાંધીજીએ દરદ અને તેનાં અંગોને બરાબર પારખી ઉપાયયોજના છે. બતાવી તેમનો તેરવિધ રચનાત્મક કાર્યક્રમ એ આ રોગ અને તેનાં અનેક અંગો [illegible] રામબાણ દવા છે. આ દવાનાં ઘૂંટડા પા[illegible]ના સાથે [illegible]ના લક્ષણો વધુ ઉગ્ર સ્વરૂપમાં જણાવા લાગ્યા છે. ગાંધીજીના કાર્યક્રમને થતો વિરોધ જ, એ કાર્યક્રમની [illegible] કૂદકતાનો પુરાવો છે. હિંદુસ્તાનમાં વિરોધના જે સૂર આ[illegible] દેખાય છે, તે રોગથી કંટાળેલા [illegible]ની બબરાણ જે[illegible] છે. એવી બૂમરાણથી સાચો વૈદ્ય કદી [illegible] દરદીના વિચારી હિતેચ્છુઓ પણ ધીરજ [illegible]

[illegible]ન આ વિરોધ કરનાર વર્ગમાં કોણ છે? ખાસ કરીને [illegible]ણેલો વર્ગ. આજકાલના ભણતરથી માણસ બીજું કાંઇ નહિ તો **અવ્યવસાયી** તો થાયજ છે, અને **અવ્યવસાયી** ની બુદ્ધિ **બહુશાખ** અને **અનન્ત** થાય જ. બહુશાખ બુદ્ધિનું લક્ષણ એ છે કે તેની આગળ જે ચીજ મૂકવામાં આવે તેમાં કંઇક દોષ જણાય.

વળી ગાંધીજી નિષ્ફળ ગયા છે, એમ કહેનારને સવાલ પૂછીએ કે નિષ્ફળ શબ્દનો અર્થ શો? તેની વ્યાપ્તિ શી? તેઓ શું એમ ધારે છે કે રાષ્ટ્રોનું ભવિતવ્ય એક કે બે દસકામાં ફરી જાય? પચાસથી વધુ વર્ષ કોંગ્રેસ સ્વરાજ્ય માટે પ્રયત્ન કરે છે, છતાંય સ્વરાજ્ય નથી આવતું, તેથી શું કોંગ્રેસ નિષ્ફળ ગણાય? મારે મુંબઇથી અમદાવાદ જવું હોય અને હું વડોદરા પહોંચું, તેથી કોઇ એમ કહે કે "અમદાવાદ તો નથી પહોંચ્યાને? તદ્દન નિષ્ફળ ગયા છો તમે" તો તેને શો જવાબ આપવો? સ્વરાજ્ય નો માર્ગ લાંબો છે. અને તેની કૂચ ધીરે ધીરે ચાલવાની. સફળતા કે નિષ્ફળતાની પરીક્ષા એકજ રીતે થઇ શકે. જે આદર્શને આપણે પહોંચવા માગીએ છીએ, તેની દિશામાં આપણી પ્રગતિ થાય છે કે નહિ? આ કસોટીએ જોતાં કોઇ એમ કહી શકશે ખરા કે ગાંધીજી નિષ્ફળ નીવડયા છે?

આને અંગે બીજી શંકા એવી પૂછાશે કે જો ગાંધીજી નિષ્ફળ નથી નીવડયા, તો પછી દેશભરમાં અનેક પક્ષ ઉભા થઇને આમ જનતાને ભિન્ન ભિન્ન દિશામાં ખેંચી રહ્યા છે, તેનો પ્રતિકાર ગાંધીજી કેમ કરતા નથી?

પ્રશ્ન બરાબર છે. એવી શંકા આવવી સહજ વાત છે. આપણો દેશ જ શું, આખી દુનિયા આજે મંથન કાળમાંથી પસાર થાય છે. અને મંથનમાંથી અતે આસુરી સંપત્તિ ઉપર દૈવી સંપત્તિનો વિજય થઈ દુનિયાને કોઇપણ સ્વરૂપમાં અમૃતનો લાભ થવાનો, એવો કુદરતનો ક્રમ છે. દેવો અને અસુરોએ સમુદ્ર મંથન કર્યું તેમાં અમૃત તો સાવ છેલ્લું નિકળ્યું; તેના પહેલાં તો હલાહલ ઝેરજ નિકળ્યું અને તે આખી દુનિયાને બાળીને ભસ્મ કરશે, એવો ડર લાગવા માંડયો. પણ આ ઝેરને પી જનાર તપસ્વી શિવસ્વરૂપે જાગ્યા અને ઝેર શમી ગયું. આજના મંથનને

પરિણામે દેશભરમાં વિખવાદનું ઝેર પેદા થતું જણાય છે. પણ તેથી ગભરાવાની કે નિરાશ થવાની જરૂર નથી. આ ઝેર એ તો રાષ્ટ્રના માનસના ઉંડાણમાં લપાઇને બેઠેલી આસુરી વૃત્તિઓ છે. ચાલુ મંથનને પરિણામે તે વૃત્તિઓ બહાર નિકળી આવે છે, તે સારૂં લક્ષણ છે. હિંદુસ્તાનના રાજકીય અને સામાજીક જીવનમાં જે પરસ્પર વિરોધી બળો આજે પ્રબળ સ્વરૂપમાં જણાય છે, તે બધાં એક બીજાની સામે ઝઘડીને નાશ પામવાનાં છે, અને અંતે હિંદુસ્તાનને શ્રેયને પંથે લઇ જનાર સત્તત્ત્વોનો વિજય થવાનો છે.

આ બાબતમાં ગાંધીજી કશું કરતા નથી, એનો અર્થ એ નથી કે તેમની કશું કરવાની ઇચ્છા નથી. પણ તેઓ પોતાની પાર્થિવ મર્યાદાઓ બરાબર સમજે છે. જીંદગીના બોંતેર વર્ષ પૂરા કરી તોંતેરમાં પ્રવેશ કરનાર વ્યક્તિની શારીરિક શક્તિ [illegible] કેટલા કાર્યની અપેક્ષા રાખી શકાય, તેનો વિચાર [illegible] કરવો જોઇએ. જે ગાંધીજી હિંદુસ્તાનને ખૂણે ખૂણે કોઇ મહાનદીના અસ્ખલિત પ્રવાહની જેમ ફરી વળતા, તેજ ગાંધીજી આજે સેવાગ્રામની પોતાની [illegible] માંથી ભાગ્યે જ બહાર નીકળે છે. આ વાતથી ઘણાને નિરાશા થાય છે. પણ નિરાશાનું કારણ નથી. ગાંધીજીનો જીવનસ્રોત તેમના પાર્થિવ શરીરના બંધનથી બંધાયેલો નથી. તે સ્રોત પૂર જોસથી વહેતો મૂકાયો છે અને તેનો કંઇક દૃષ્ટ, પણ ઘણે ભાગે અદૃષ્ટ પ્રવાહ માનવ સંસ્કૃતિમાં ઘૂમી રહ્યો છે. ગાંધીજીનું કાર્ય સ્થૂળ ભૂમિકામાંથી સૂક્ષ્મ ભૂમિકામાં પ્રવેશ્યું છે. ગાંધીજીના વૃદ્ધ શરીરમાં રહેતો તેમનો બળવાન આત્મા આપણને ન સમજાય તે રીતે દુનિયાના ઘટક બળોમાં ચૈતન્યનો પ્રવાહ વહેવરાવી રહ્યો છે.

ગાંધીજી વિષે જેના મનમાં પ્રેમ અને આદર નથી એવા માણસો બહુ ઓછા હશે. ગાંધીજીના કટ્ટર વિરોધીઓ પણ કહે છે કે ગાંધીજીનું ચારિત્ર્ય અને તેમની સાધુતા માટે અમને માન છે, પણ તેમના માર્ગમાં અમને વિશ્વાસ નથી. માર્ગમાં વિશ્વાસ હોવાનો આધાર મનની ભૂમિકા ઉપર છે. દુનિયામાં વિચારના અનેક પ્રવાહો વહે છે. દરેક માણસ તેમાંથી પોતાને અનુકૂળ પ્રવાહો ગ્રહણ કરી, બીજા વિચારોને છોડી દે છે. પણ આપણે એ વિચાર કરવાનો છે કે આજે હિંદની જ નહિ, પણ આખી દુનિયાની સુખાકારી માટે વિચારનો કયો પ્રવાહ વધુ ઉપકારક છે ? હિટલરે પણ એક વિચારપ્રવાહ તેના ભીષણ આચાર સાથે વહેતો મૂકયો છે–જે કોઇ જ્વાલામુખીમાંથી નિકળતા લાવાના પ્રવાહની જેમ દુનિયાને ભસ્મસાત્ કરી રહ્યો છે. ઇંગ્લંડ જેવાં સામ્રાજ્યવાદી રાષ્ટ્રોએ પણ એક વિચાર પ્રવાહ દુનિયામાં વહેવરાવ્યો છે, જેને પરિણામે હિંદુસ્તાન જેવાં અનેક રાષ્ટ્રોની પ્રગતિ કુંઠિત થઇ છે. રશિયાએ એક વિચાર પ્રવાહને જન્મ આપ્યો છે. જેમાંથી શ્રમજીવિઓનાં જીવન સમૃધ્ધ થતાં દેખાય છે; પણ રશિયાના આ પ્રવાહને છુંદી નાખવા માટે સુધરેલ યુરોપના પ્રત્યાઘાતી બળો કટિબદ્ધ થયાં દેખાય છે. આ બધા પ્રવાહોનો બારીકાઇથી વિચાર કરતાં એમ જણાશે કે આમાંના એકે પ્રવાહમાં દુનિયાની ખૂનામરકી અટકાવી માનવસમાજને શાંતિ આપવાની તાકાત નથી. આ પ્રવાહોની સાથે સાથે જ હિંદનો પણ એક વિચાર પ્રવાહ છે. આજે પોતાના પાશવી બળના મદમાં પ્રગમનશીલ ગણાતાં રાષ્ટ્રો યાદવાસ્થલીમાં ઉતર્યાં છે, ત્યારે હિંદુસ્તાનના એક ખૂણેથી નિકળતો વિચારપ્રવાહ તેમની દૃષ્ટિમર્યાદામાં નથી આવતો, એ વાત સાચી છે. પણ દુનિયાભરમાં ઇતિહાસ જે દિશામાં પ્રગતિ કરી રહ્યો છે તે જોતાં હિંદનો એ વિચારપ્રવાહ જ દુનિયાને શ્રેય તરફ લઇ જશે એમ ચોક્કસ જણાય છે. બોમ્બોના ધડકામાં અને તોપોના ગડગડાટમાં સેવાગ્રામના સંતના ડાહ્યાપણના સૂર દુનિયાને ભલે નહિ સંભળાય; પણ જ્યારે શસ્ત્રાસ્ત્રોનો ખણખણાટ બંધ થશે અને દુનિયાભરમાં જ્યારે આ ભીષણ હત્યાકાંડમાં હોમાઇ ગયેલા અસહાય માનવીઓના વિયોગ દુઃખથી આક્રંદન કરતાં અનાથ નરનારીઓ અને બાળકોના કરૂણ સ્વર બંધ સંભળાશે, ત્યારે આજના મદોન્મત્ત સેનાધિપો [illegible] એ કરૂણ સ્વરો [illegible] રીતે શાંત પાડવો તેની [illegible] ધીજીની અમૃતવાણી [illegible] તેમના હૃદયોને [illegible] તના સર્જન [illegible] વશે.

યજ્ઞ અને [illegible]

[illegible] હું પ્રત્યેક [illegible]
ચિ.
વિશ્વાસ [illegible]
ધનિક વર્ગ પર
ભૂખ છે અને જે તેને ભૂ
તો પેટ જ પરમેશ્વર છે. જે [illegible] ય તેને રોટલો
સાધન આપશે, તે તેનો અન્નદાતા બનશે; તેની
મારફત તે ઇશ્વરનું દર્શન પણ કદાચ કરશે. આ
માણસને હાથપગ હોવા છતાં કેવળ અ [illegible] દાન કરવું
એ પોતે જ દોષમાં પડી તેઓને પણ દંભિત કર્યા
બરાબર છે. તેમને કાંઇક પણ મજૂરી [illegible] મળવી
જોઇએ. કરોડોની મજૂરી તો રોટિયો જ હોઇ શકે
અને તે રોટિયા પર હું તેમની શ્રદ્ધા ભાષણોથી
નહિ બેસાડી શકું પણ પોતે કાંતીને. તેથી કાંત [illegible] ની
ક્રિયાને હું તપશ્ચર્યા અથવા યજ્ઞરૂપે ઓળખાવું છું
જ્યાં ગરીબોનું શુભ ચિંતન છે ત્યાં ઇશ્વર છે જ
એમ માનતો હોવાથી હું પ્રત્યેક તાંતણે ઇશ્વરને
જોઇ શકું છું.

આપણે આગળ વધવાના, નહિ તો ગળિયા ઢાંઢાની જેમ આપણે અધવચ્ચ બેસી જવાના અને રાષ્ટ્રનું ગાડું રસ્તામાં જ ખોટવાઇ જવાનું આપણને રાષ્ટ્રસૂત્રધાર ગાંધીજીની પ્રત્યક્ષ પ્રેરણાની અત્યંત જરૂર છે. તેમનો વૃદ્ધ દેહ પણ આપણી નજર સમક્ષ જોઇએ. તેમના દર્શનથી જ આપણે નવું બળ લેવાને ટેવાયેલા છીએ. એટલે ગાંધીજી બોંતેર વર્ષ પૂરા કરી તોંતેરમાં પ્રવેશે છે ત્યારે, આપણે સાચા દિલથી ઇશ્વરપાસે એજ પ્રાર્થીએ કે હે ભગવન્, હિંદના એ મહાન તારણહારને હજી અનેક વર્ષો સુધી તેના આજ પાર્થિવ શરીરમાં તું અમારા માર્ગદર્શન માટે આપજે.

આપણામાં શ્રદ્ધાનું બળ હશે તો ઇશ્વર આપણી આ પ્રાર્થના જરૂર સાંભળશે. પણ આપણે આપણી જવાબદારી સમજી લેવી જોઇએ. આપણે ગાંધીજીને કહેવું જોઇએ કે, "બાપુજી હવે આપ ઘરડા થયા. આપ હવે વધુ ચિંતા નહિ કરો. આપ દોડાદોડ પણ નહિ કરો. આપનો આદેશ અમે સમજ્યા છીએ અને એ આદેશ પ્રમાણે વર્તવાનો અમે નિશ્ચય કર્યો છે."

આવો નિશ્ચય આપણે કરી શકીએ તો બાપુજીને આનંદ થશે અને ઇશ્વર પણ રાજી થશે. શું આપણે આટલું પણ નહિ કરીએ ? આ સિવાય ગાંધીજીની જયંતી ઉજવવાનો બીજો સાચો માર્ગ જ આપણી પાસે નથી.

ઘણું જીવો ગાંધીજી !

ગોપાળરાવ કુળકર્ણી

કેટલાક સમાચાર અને નોંધ

આગામી સાહિત્ય પરિષદ: કવિવર ખબરદાર પ્રમુખસ્થાને

ઓકટોબર માસની ચોથી અને પાંચમી તારીખે-શનિ અને રવિવારે-મુંબઈ પાસે આવેલા અંધેરી મુકામે કવિવર અરદેશર ફ. ખબરદારના પ્રમુખસ્થાને ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન ભરવામાં આવનાર છે. શ્રી. ખબરદારે ગુજરાતી સાહિત્યની જીંદગી-ભર અનુપમ સેવા કરી છે. તે બાબતની કદર રૂપે તેમની પ્રમુખ તરીકે કરવામાં આવેલી વરણી સર્વ રીતે યોગ્ય છે. તેમના નેતૃત્વ નીચે ચાર ચાર વર્ષના ગાળે એકાએક જાગતી અને પાછી ઉંઘી જતી સાહિત્ય પરિષદ ખરેખર સજીવ અને પ્રાણવાન સંસ્થા બને એવી આપણે આ[illegible]

શ્રી. નાની બહેન

[illegible]

એક શ્રી. પન્નાલાલ ઝવેરાત[illegible]

પત્ની શ્રી. નાની બહેન ઝવેરીનું અલ્પ સમય[illegible]

[illegible]થી અકાળ અવસાન થયું. આ ઉ[illegible]

ગાંધીજીના [illegible]

રહ્યા હતા અને સાચા સાથ

લડતમાં બન્ને પતિપત્નિ જે[illegible].

વખત પહેલાં છુટ્યાં હતાં.

જેલમાંથી છુટ્યા. બન્ને જણાં

ખેતીવાડી અને ડેરીનું કામ કરી [illegible] આ ખેતીવાડી [illegible]ત ડેરીનું કામ શ્રી [illegible]ની બહેનની પ્રેરણા અને શોખનું [illegible]રિણામ હતું. પતિની [illegible]રીમાં શ્રી નાની બહેન એકલા હ[illegible]થે આખું [illegible] સંભાળતાં હતાં અને અમદાવાદની જનતાને મો[illegible] પ્રમાણમાં ફળફુલ અને ચોખ્ખું દુધ પુરૂં પાડતાં હતાં. બન્ને પતી ગૃહસ્થ છતાં સાધુજીવન ગાળતા હતા. વિધિને આ ન ગમ્યું અને ત્રીસ બત્રીસ વર્ષની નાની ઉમ્મરે નાની બહેનની જીવનદોરી તોડી નાંખીને વિધિએ આવી અનુપમ જોડી ખંડિત કરી નાંખી. એક મેકને પુરેપુરૂં સમજતું અને સહકાર આપતું આવું દંપતીયુગલ વિધિ ભાગ્યેજ સરજે છે અને સરજે છે ત[illegible] પણ ઉભયને દીર્ઘ આયુષ્ય આપવાની વિધિમાં ઉદારતા હોતી [illegible] નથી. વિધિનિર્માણ અગમ્ય છે. અજાણ્યે ખુણે એકાદ સુન્દર પુષ્પ ઉગે છે અને તેની સુવાસ જગતે જાણી ન જાણી એ[illegible]માં કૃતાન્ત કાળ તેને ઝડપી લે છે. પુષ્પસુવાસ જ માત્ર નિરસ્મરણીય રહે છે. શ્રી. પન્નાલાલ ઝવેરીને આ દુઃખદ પ્રસંગે સૌ કોઈ તરફથી અન્તરની સહાનુભૂતિ ઘટે છે.

ગાંધીજી 'સનાતની' અને 'સ્થિતિચુસ્ત'?

'ભગિની સમાજ પત્રિકા'માં ડો. સુમન્ત મહેતા સમાજ-વાદ ઉપર કેટલાક સમયથી એક લેખમાળા લખી રહ્યા છે. આ લેખમાળા સવાલ જવાબના આકારમાં લખાઇ રહી છે. સવાલો લેખકના કલ્પિત છે કે કોઇ વ્યકિતના ખાસ પુછાયલા છે તેની મને ખબર નથી. તા. ૧૩-૯-૪૧ ના અંકમાં એક લેખમાળાનો જે હપ્તો પ્રગટ થયો છે તેમાં છેવટના ભાગમાં નીચે મુજબ સવાલ જવાબ આપે છે.

"સ-ત્યારે ગાંધીજી જેને રામરાજ્ય કહે છે તેને વિષે તમે કાંઇ કહેશો.

જ-હા. તમે પૂછો છો એટલે કહેવું તો પડશે જ. જો કે ગાંધીજીએ ખાસ કાંઇ નવું શીખવ્યું નથી. એમની આખી વિચારસરણી સ્થિતિચુસ્ત છે. એ તદ્દન 'સનાતની' છે. એમને વર્ણવ્યવસ્થા સાચવી રાખવી છે. એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર જેવા ચાર વર્ણો કાયમ રહે એવું ઇચ્છે છે. વર્ણભેદ કાયમ રાખવા છે એટલું જ નહીં પણ મોટે ભાગે શુદ્રનો છોકરો શુદ્ર જ રહે છે, બ્રાહ્મણનો બ્રાહ્મણ જ રહે એમાં એ કંઈ ખોટું જોતા નથી. એમની બારીસ્ટરી દલીલો કરીને સમજાવવા માંગે છે કે વર્ણધર્મમાં ઉંચા નીચા જેવું નથી, પણ તેમાં એમનો અભિપ્રાય કામ લાગે એવું નથી. તેમાં તો આંબેડકર કે ડા૦ સોલંકીનો અભિપ્રાય જ કામ લાગે. જેને જોડો ડંખતો હોય તે જાણે કે કેવી રીતે કેટલો અને કયાં ડંખે છે. એ આવ્યા ત્યારે તો બધા સંચાની વિરૂધ્ધ હતા પણ પછીથી વિચાર બદલવા પડયા. એટલે કહે છે કે બહુ મોટા સંચા વાપરવા નહીં. શહેરોની વસ્તી પાછી ગામડે જઇને વસે, ત્યાં ખેતી થાય, ઘરોમાં અને ઝુપડાંઓમાં લોકો કાંતે, વણે, ખાંડે, દળે, દોરડા તૈયાર કરે. બધી લેવડ દેવડ હાથથી થાય તો એન્જીનોની [illegible] ન રહે પંચાયત મારફત ઝગડા પતે અને [illegible] વ્યવસ્થા થાય[illegible] લગભગ રાજ્યકારભારની જરૂર જ ન રહે. આનું નામ રામરાજ્ય હશે. કારણ કે ખરૂં જોતાં [illegible] નામનો રાજા હતો કે કેમ તે ખુદ્દ જાણે. રામાયણ [illegible] તિહાસ નથી, એ માત્ર વાર્તા છે. [illegible] રાજા હશે તો રામાયણમાં જેવો ચીતર્યો છે તેવો હશે [illegible] છે. પણ એમ માનો કે રામાયણમાં કલ્પ્યો છે [illegible] તેને તદ્દન આદર્શરૂપ માની લેવા જેવો નથી.

ખરૂં જોતાં તો આવી મોઘમ વાત કરવાથી લોકો ભ્રમમાં પડી જાય છે. ઘણા તો એમ માને છે કે ગાંધીજી જાણી જોઇને મોઘમ બોલીને પછી જુદા અર્થો કાઢે છે. એ બધું એક વર્ષમાં 'સ્વરાજ્ય' અને 'સુતરને તાંતણે સ્વરાજ્ય'ના જેવું સત્ય છે. માટે એને પડતું મુકો."

ડો. સુમન્ત મહેતા ગુજરાત કાઠિયાવાડને અજાણી વ્યકિત નથી. તેઓ એક જુના કાર્યકર્તા અને પ્રખર સમાજ-સુધારક છે. ૧૯૩૦-૩૨ ની લડતમાં તેમણે સત્યાગ્રહની લડતના કારણે અનેકવાર જેલવાસ સ્વીકાર્યો હતો. ગાયકવાડ સરકાર સામે પણ મદ્યનિષેધના સંબંધમાં સારી લડત ચલાવી હતી. ગ્રામોદ્ધારની દૃષ્ટિએ અમદાવાદ પાસે આવેલ સેરથા ગામમાં તેમણે એક આશ્રમ પણ ઘોડો સમય ચલાવ્યો હતો. ગાંધીજી સાથે પણ ડો. સુમન્તને વર્ષોનો પરિચય છે. આ બધું ધ્યાનમાં લેતાં ડો. સુમ-ન્તનું ઉપરનું લખાણ અને તે પાછળનો ધ્વનિ ખરેખર દુઃખ ઉપજાવે તેવો છે. તેઓ સમાજવાદી હોઇને તેમને ગાંધીજી સાથે કેટલીક અગત્યની બાબતમાં મતભેદ હોય એ સમજી શકાય તેવી બાબત છે, પણ એમના લખાણ પાછળ રહેલો ઉકળાટ, રોષ અને અમુક પ્રકારની કડોરતા સમજી શકાતી નથી. ગાંધીજી સાથે બીચારા રામચંદ્રજી પણ તેમના આ હુમલામાં ઝડપાઇ ગયા છે એ દુઃખદ છે.

નવી ભાવના અને નવી શબ્દ રચના એ સમાજવાદીની પદ્ધતિ છે. નવી ભાવના અને જુની શબ્દરચના એ ગાંધીજીની રીત છે. આ પદ્ધતિભેદ ખુબ જાણીતો છે. તેઓ 'રામરાજ્ય' શબ્દ આગળ ધરે છે અને તે દ્વારા શુદ્ધ લોકશાસન (democracy) નો સિદ્ધાંત રજુ કરે છે; તેઓ ગીતાનું માહાત્મ્ય ગાયા કરે છે અને તેમાંથી જે આપણા જેવાને નથી મળતી તે અહિંસા તેઓ તારવ્યા કરે છે. તેઓ હિંદુ ધર્મને વળગી રહે છે અને એમ છતાં અસ્પૃશ્યતાનું ઉન્મૂલન કરવા ભગીરથ પ્રયત્ન સેવી રહ્યા છે. તેઓ વર્ણવ્યવસ્થાને વખાણે છે અને એમ છતાં બ્રાહ્મણની પુત્રી સ.યે પોતાના પુત્રનું લગ્ન કરે છે; તેઓ વૈષ્ણવનો મહિમા ગાય છે અને એમ છતાં વિધવા પુનર્લગ્નને તેઓ સંમત

કરે છે. તેઓ 'અહિંસા'ની કલ્પનામાં અત્યન્ત વેદનાથી પીડાતા મૃત્યુદ્વારે ઉભેલા વાછરડાની હિંસાનો સમાવેશ કરે છે. તેઓ શબ્દો અને કલ્પનાઓ જુની સ્વીકારે છે અને તેમાં કેવળ ક્રાન્તિકારી નવો અર્થ ઘટાવે છે. અંગ્રેજી ઉક્તિ મુજબ કહીએ તો આ તેઓ જુની બાટલીમાં નવો દારૂ ભરવાનું કામ કરી રહ્યા છે. આ સુધારક રીત આપણને પસંદ ન હોય એ બને પણ તે ઉપરથી એમને 'સ્થિતિચુસ્ત' અને 'સનાતની' કહેવા તે યોગ્ય નથી, વાસ્તવિક નથી. જુના ખોળામાં નવા પ્રાણ પુરવા એ તેમની પ્રાકૃતિક ખાસિયત છે. આને એક નબળાઇ તરીકે વર્ણવવામાં આવે તો તે સામે આપણે વાંધો ન લઇએ. પણ એ બધું બેરીસ્ટરી દલીલો કરીને સમજાવે છે એમ કહીને ગાંધીજી ઉપર અપ્રમાણિકતા અને અસત્યાચરણનો આરોપ કરવો એ ઉચિત નથી.

જે મહાપુરૂષે જીવનના અને સમાજના અનેક પ્રશ્નો ઉપર [illegible] બધા નૈતિક વિચારો આપ્યા છે, જેણે સત્યાગ્રહના વિજ્ઞાનને જન્મ આપ્યો છે અને કુલક્રમાગત અહિંસાને નવું જ રૂપ અને નવી દૃષ્ટિ આપી છે એને સ્થિતિચુસ્ત અને સનાતની કહેવા એના જેવું બીજું વિપરીત કથન બીજું કલ્પી શકાતું નથી. જો તે સનાતની હોત તો [illegible] બધા શંકરાચાર્યો અને ગોસ્વામીઓનો–બ્રાહ્મણ.

–વિરોધ તેઓ વહોરી લેત જ નહિ. વળી ક્રાંતિકાર.

રૂઢ પધ્ધતિથી જુદ્દે જ માર્ગે ચાલનાર અને પ્રજાને દોરનાર. [illegible] રેંટીયાની અને ગ્રામોદ્યોગની વાતો કોઇને જુનવાણી જેવી લાગે; પણ એ તો કોઇથી ના કહી નહિ જ શકાય કે આજના પ્રતિષ્ઠિત યંત્રવાદ અને સમુહગત ઉદ્યોગીકરણથી તો તે આખી પ્રજાને જુદ્દા જ માર્ગે લઇ જવા માંગે છે. એજ રીતે અહિંસાની આટલી બધી વાતો છતાં સમાજ જીવન અને રાજકારણી જીવન અનાદિકાળથી કેવળ હિંસા ઉપર નિર્ભર બનેલું છે. હિંસા એ જ ખરી સ્થિતિચુસ્તતા છે. માનવ જીવનનો આખો પાયો હિંસાને બદલે અહિંસા ઉપર સ્થાપવાની વાતો કરનાર ખ્યાલી, તરંગી અથવા તો ડો. સુમંતની ભાષામાં વિચારીએ તો ક્રેવકુરી હોઇ શકે છે પણ તેને સ્થિતિચુસ્ત તો ન જ કહી શકાય.

વળી પછાત વર્ગો સંબંધમાં તેઓ ડો. આંબેડકર અને સોલંકીના અભિપ્રાયોને પ્રમાણભૂત ગણવાની સલાહ આપે છે. આમાં ગાંધીજીના અભિપ્રાયો જરા પણ કામના નથી એમ તેઓ સૂચવે છે. આવી જ રીતે મુસલમાનોની બાબતમાં તેઓ શ્રી. ઝીણાને જ માન્ય રાખશે અને હિંદુઓની બાબતમાં ડો. સાવરકર અને મુંજેને જ તેઓ પ્રમાણભૂત ગણશે એમ અનુમાન કરી શકાય. એનો અર્થ એ થયો કે જેઓ પોતાને શુદ્ધ રાષ્ટ્રવાદી ગણાવે છે તેવા ગાંધીજીને કે પં. જવાહિરલાલને પ્રજાના અમુક એક વર્ગના પ્રશ્નો સંબંધે કશું બોલવાનો અધિકાર જ નથી એમ તેમના કથનનો સ્પષ્ટ નીચોડ નીકળે છે.

અને રામચંદ્રજી વિષેનું તેમનું કથન દા. ત. ખરૂં 'જોતાં રામચંદ્ર નામનો રાજા હતો કે કેમ તે ખુદા જાણે' અને એવાં બીજા પ્રતિપાદનો રામચંદ્ર વિષેનો તેમનો અનાદર સ્પષ્ટ કરે છે. કોઇ પણ પુરાણકાળની પુણ્યમૂર્તિ વિષે સૌ કોઇને આદર હોવો જ જોઇએ એવી અપેક્ષા રાખવી એ આજની વસ્તુસ્થિતિની ઉપેક્ષા કરવા બરોબર છે. વળી જુની માન્યતાઓ અને પુરાણ–પુરૂષો વિષે જે કાંઇ કહેવું તે bluntly જ કહેવું–આળી ચામડીવાળાને શૂળ માફક ઘોંકાય એમ જ કહેવું એ એક સમાજવાદી રીતે છે, એ ધ્યાનમાં લેતાં ડો. સુમન્તનું કથન આશ્ચર્ય પમાડતું નથી. પણ તેઓ તો કેવળ સમાજવાદી નથી. તેઓ લોકના માણસ અને જનતાના સેવક છે; ઉમ્મરે વૃધ્ધ અને અનુભવે પીઢ છે. તેમના તરફથી લોકમાનસને વિનાકારણ દુભવે એવો વાણીપ્રયોગ થતો જોઇને કોઇને પણ ગ્લાનિ થયા વિના ન જ રહે.

એનો એ જ દીક્ષા પ્રપંચ અને એની એજ કરૂણકથા.

દીક્ષાના કારણે ઘર ભાંગવા માબાપ કે બૈરીને રોતાં રઝળતાં કરવાં અને છોકરાં ભગાડવાના કિસ્સાઓ અવારનવાર બન્યા જ કરે છે. આવો એક બની રહેલ કીસ્સો રજુ કરતો પત્ર નીચે આપવામાં આવે છે.

"મુનિ કનકવિજયજી તથા સકળ જૈન સંઘ જોગ,

હું નીચે સહી કરનાર કેકર અમૃતલાલ લક્ષ્મણની માતા બાઇ નર્મદા ઝાંગધ્રા ખાતે વિરાજતા મુનિ કનક વિજયજી તથા સકલ જૈન સંઘને હાથ જોડીને વિનંતિ કરૂં છું કે મુનિ કનક- [illegible] મારા પુત્રને [illegible] માટે પેરવી કરી રહ્યા [illegible] જ્ઞાનના [illegible] જરા માત્ર પણ જ્ઞાન નથી. [illegible] મારા પુત્રીનું તથા મારા નહાના પુત્રનું ભવિષ્ય ધરાનનું દીક્ષાની વેલછામાં સંડોવાયેલા [illegible]

[illegible] મ ઘણું જ [illegible] અને [illegible] નિ કનકવિજયજી જવાબદ[illegible]

[illegible] પ્રસંગે હું સકળ જૈન સમુદાયને [illegible] પાડવાની અરજ કરૂં છું. સાધુઓએ છેલ્લા કેટલાક [illegible] મારા પુત્રને મારાથી દુરને દુર રાખવા માટે યાત્રાના નામે તેને ઉધુંચતું ભરાવી અનેક પ્રલોભનો આપ્યાં છે. મને એની વર્તણુક ઉપરથી ચોખ્ખું સમજાય છે કે સાધુ થશે તો માલમલીદા ઝાપટવાના મળશે અને શ્રીમંતો તેના પગ પૂજતા આવશે એવી ભ્રમણાત્મક વાતો કરી છે. આવી રીતે ભમાવીને મારા પુત્રને દીક્ષા આપવાથી [illegible] ધર્મનું શું કલ્યાણ થશે?

મારે પેટે બળતા કહેવું પડે [illegible] કે આવી સ્થિતિમાં દીક્ષા લેનાર તેમજ દીક્ષા આપનાર [illegible] અધિકારી થશે.

હું મારા પુત્રને પણ જાહેર કરૂં છું કે જો તેને ખરેખર સંસાર ઉપરથી ભાવ ઉઠી ગયો હોય તો તું સીધો ઘેર આવીને પ્રભુ ભજન કર. સાધુ થઇને તું તારી માતાના અને ભાઇ બ્હેનના છુપા અને કરૂણ રૂદનનો ભોગ બનીશ. તું જે આત્માના કહેવાતા બંધનો તોડવા માટે દીક્ષા લેવા માંગે છે તે આત્મા મારા અને તારા કુમળા ભાઇ બ્હેનના આંસુથી કલંકિત થશે અને આ ભવ તેમજ પરભવમાં તને અને તને દીક્ષાનો પંથ દેખાડનારને મોક્ષ મળશે જ નહિ. મોક્ષ વધુ વિમુખ થશે.

હું તને આ વખતે એક વાત પણ કહેવા માંગું છું કે જૈન સમાજમાં આજે એવા કેટલાક સાધુઓ છે કે જેઓ દીક્ષાના નામે દગાબાજી કરીને ધર્મને લજવે છે. વડોદરા સરકારે આ માટે જ અયોગ્ય દીક્ષા ઉપર પ્રતિબંધ મુકીને દીક્ષાવેલા સાધુઓની સાન ઠેકાણે આણી છે. વળી અમુક જૈન સાધુઓએ તો સાધુના કપડાં પહેરીને સંસારીને પણ શરમાવે એવાં પાપનાં કાર્યો કર્યા છે. તું છાપાં વાંચ તો તારી આંખ ઉઘડી જશે.

હું મુનિ કનકવિજયજી જેઓ ઝાંગધ્રામાં છે તેમને ચેતવણી આપું છું કે જો તમે મારા પુત્રને દીક્ષા આપશો તો તમારી સામે આકરામાં આકરાં પગલાં લેવાની મને દુઃખદ ફરજ પડશે.

મારા પેટનો આ પ્રશ્ન છે. મારા પુત્રને અઠવાડિયામાં મારી પાસે મુકી જવામાં નહિ આવે તો શ્રીમાન ક્રાંગડા નરેશ, કાઠીયાવાડના પોલીટીકલ એજન્ટ સાહેબ, તથા નામદાર વાઇસરોય સાહેબ પાસે એક અનાથ નિરાધાર વિધવા બાઇને દાદ લેવા જવું પડશે અને એના શાપ તમને તથા તમારા સાથીદારોને લાગશે.

લી. હું છું **ઠા. અમૃતલાલ લક્ષ્મણની માતા**
બાઈ નર્મદાબાઈ.

સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવકસંઘ તરફથી કેટલાક સમયથી દર વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે. આ વ્યાખ્યાનમાળા ગોઠવવાનું કામ મોટા ભાગે મારા માથે આવે છે. અને હું જે રીત અને ખ્યાલપૂર્વક આ વ્યાખ્યાનમાળા ગોઠવતો આવ્યો છું તેને સંઘે આજ સુધી કરેલ છે. આ વ્યાખ્યા
સંબંધમાં 'પ્રબુદ્ધ ૮
કરવામાં ને
બીજું શ્રી અબાલાલ
પ્રસ્તુત વ્યાખ્યાનમાળાનું પ્રયોજન ૧
મણિ વે છે કે "કેટલાક વખતથી સાધુ ૨

આજ તમને
રાવવા પડયો. આ રીતે યુવક-
વ્યાખ્યાનમાળા શરૂ થઇ."

ઇતિહાસનિરૂપણ તદ્દન બરાબર નથી. કેટલી પ્રવૃત્તિઓ અમુક ચોક્કસ આશયપૂર્વક જ શરૂ થાય છે એમ નથી હોતું. કેટલીક પ્રવૃત્તિઓનો પ્રારંભ અમુક ખ્યાલથી કરવામાં આવે છે અને પાછળથી તે ખ્યાલો બદલાય છે અથવા તો નવા ખ્યાલોનો તેમાં ઉમેરો થાય છે. આજે ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળાની શરૂઆત આજથી લગભગ તેર કે ચૌદ વર્ષ પહેલાં અમદાવાદ મુકામે પંડિત સુખલાલજી રહેતા હતા તે દરમિયાન થયેલી. કેટલાક ભાઇઓને પર્યુષણના દિવસો દરમિયાન કોઇ સ્નેહીને ત્યાં એકત્ર થવાનો અને ધર્મચર્ચામાં બને તેટલો સમય ગાળવાનો વિચાર થઇ આવ્યો. આમાંના પં. સુખલાલજી એક હતા. તેઓ આ વિચારના પ્રેરક હતા કે ઝીલનારા હતા તેની મને ખબર નથી. ત્યારબાદ અમદાવાદના જૈનત્વ પ્રચારક મંડળે કોઇ જાહેર સ્થળમાં આ વ્યાખ્યાનમાળા ગોઠવવાની અને જુદા જુદા વિષયો ઉપર જુદા જુદા વક્તાઓ પાસે વ્યાખ્યાનો અપાવવાની શરૂઆત કરી. મુંબઇ જૈન યુવક સંઘે ઇ. સ. ૧૯૩૧માં આ પ્રવૃત્તિ હાથ ધરી. અમદાવાદના જૈન યુવક સંઘે પણ આ પ્રવૃત્તિ આજ અરસામાં કે આથી એકાદ વર્ષ પહેલાં શરૂ કરી હતી. ૧૯૩૨થી મુંબઇની આ વ્યાખ્યાનમાળાનું સૂત્ર મારા હાથમાં આવ્યું ત્યારથી આજ સુધી યોજાતી વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર અધિકતર આકર્ષક અને વ્યવસ્થિત બનતી આવી છે. આ વ્યાખ્યાનમાળાનો આશય કેવળ ઉપાશ્રયથી ઉન્મુખ બનેલા જૈનયુવકોને ધર્મ શ્રવણની સગવડ આપવી તે નથી, પણ પર્યુષણની તકનો લાભ લઇને વ્યક્તિગત તેમજ સમાજગત જીવનને સ્પર્શતા-ઐહિક તેમજ પારમાર્થિક જીવનને લગતા-અનેક વિષયો પરત્વે જૈન સમાજને સાચી દૃષ્ટિ આપવી, વર્તમાન દેશકાળને અનુલક્ષીને અનેક જીવન-સમસ્યાઓનો ભિન્ન ભિન્ન દૃષ્ટિએ થઇ રહેલો વિચ્છેદ રજુ કરવો, પ્રગતિને બાધક એવા અનેકરૂઢ વિચારોનો ગ્રંથીભેદ કરવો, સર્વધર્મ-સમભાવને ખીલવવો, જૈન દર્શનનો તેમજ અન્ય તત્વદર્શનો તેમજ વાદોનો સાચો ખ્યાલ રજુ કરવો, જૈન મહાપુરૂષોની તેમજ દુનિયામાં થઇ ગયેલાં અનેક સંત મહાત્માઓની જીવનકથાઓનો પરિચય આપવો"-ટુંકાણમાં જૈન વિષયો સાથે આજની વિશાળ વિચારદુનિયાની, માનવજીવનને સ્પર્શતી અને ક્ષુબ્ધ કરતી નવી ભાવનાઓની અને આદર્શ મૂર્તિઓની જૈન સમાજને ઝાંખી કરાવવી-આવી અનેક કલ્પનાઓ મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ-વ્યાખ્યાનમાળા સાથે જોડાયલી છે આ સમજવા માટે મુંબઇ જૈન યુવક સંઘને પણ યથાસ્વરૂપે ઓળખી લેવાની જરૂર છે. જે અર્થમાં બીજી સંસ્થાઓ કોમી હોય છે તે અર્થમાં મુંબઇ જૈન યુવક સંઘ કોમી નથી. આ સંઘનો આશય અને ઉદ્દેશ અનેક ધાર્મિક તથા સામાજીક રૂઢિઓનો સામનો કરવા સાથે કોમી અને સાંપ્રદાયિક [illegible] કરવાનો અને જૈન સમાજને સાંકડા વિચારકૂપમાંથી કાઢીને સાચા ભારતીય અને વિશાળ [illegible] પુજારી બનાવવાનો છે. જે કાર્ય રાષ્ટ્રીય મહાસભા જેવી સંસ્થા કોમી વર્તુલો બહાર રહીને કરી રહી છે તે જ કાર્ય આજના કોમી યુવક સંઘોએ વર્તુલની અંદર રહીને કરવાનું છે. આજ કારણે [illegible] કોમી કે સાંપ્રદાયિક સંસ્થા આવી વ્યાખ્યાનમાળા [illegible] જૈન યુવક સંઘ યોજે તે એના સ્વરૂપમાં તેમજ ભાવનામાં ચોક્કસ પ્રકારનો ફરક રહેવાનો જ.

આજે યોજાતી વ્યાખ્યાનમાળામાં જેને જૈન વિષયો કહેવામાં આવે છે તેવા વિષયો ઉપર ઓછામાં ઓછા ત્રણ ચાર વ્યાખ્યાનો હોય જ છે. પણ જૈન વિષયો અને જૈનેતર વિષયો એવી ચોક્કસ ભેદ-દીવાલ અમને સ્વીકાર્ય નથી તેમજ વ્યાખ્યાન-વિષયોને લગતી ચોક્કસ પ્રમાણમર્યાદા અમે સ્વીકારવા માંગતા નથી. અમારી પસંદગી વ્યાખ્યાતા ઉચ્ચ કોટીનો હોવો જોઇએ અને વિષય તેમજ નિરૂપણ આપણા જીવનને સ્પર્શતું અને કાંઇક પણ નવો પ્રકાશ નાંખતું હોવું જોઇએ એ બે બાબતો ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. ઉપાશ્રયથી બહાર છતાં શુદ્ધ સ્થિતિચુસ્ત (Orthodox) પદ્ધતિએ પર્યુષણ વ્યાખ્યાનમાળા જરૂર યોજી શકાય છે. પણ અમારો કાર્યપ્રદેશ કાંઇક નીરાળો છે.

શ્રી. અંબાલાલ પ્રેમચંદ શાહની સૂચનાઓ પર્યુષણ વ્યાખ્યાનમાળાની સ્વીકૃત ઉપયોગીતાને વિકસાવવાની દૃષ્ટિએ જરૂર બહુ કામની છે પણ તેનો અમલ કરવામાં સંયોગોને લગતી અનેક મર્યાદાઓ આડે આવે છે. એક તો જે પ્રકારની પર્યુષણ વ્યાખ્યાનમાળા મુંબઇનો સંઘ ચલાવે છે તેવી વ્યાખ્યાનમાળાને ઝીલનારા યુવક સંઘો આજે બહુ જ ઓછા છે. સ્થળે સ્થળે આવી ગોઠવણ ઉભી કરવી તે આજે મુંબઇના યુવક સંઘ પાસે જે પરિમિત કાર્યશક્તિ છે તેની મર્યાદાની બહાર છે. પર્યુષણના સોળ વ્યાખ્યાનો મેળવવા એજ ઘણી વખત મુશ્કેલ પડે છે. તે પરિસ્થિતિમાં એક મહીના પહેલાં વ્યાખ્યાતાઓ નક્કી થઇ જાય અને તેમનાં લેખિત વ્યાખ્યાનો મળી જાય એ અશક્ય નહિ તો ખરેખર દુઃસાધ્ય તો છે જ. આવી સ્થિતિમાં આજે જેટલું થઇ શકે છે તેથી જ હાલ તુરત આપણે સૌએ સંતોષ માનવો રહે છે. આજે ત્રણ સ્થળોએ મુંબઇ, અમદાવાદ અને કલકત્તા પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ યોજાય છે. આવી વ્યાખ્યાનમાળા મોટા શહેરો સિવાય અન્યત્ર યોજવી અશક્ય છે. પણ મુંબઇ યુવક-સંઘને પગલે ચાલીને અને તેની ભાવના સ્વીકારીને અન્ય અનેક મહત્વના સ્થળોએ આવી વ્યાખ્યાનમાળાઓ યોજવાની ખાસ જરૂર છે. જૈન સમાજને સાંપ્રદાયિક અને કોમી સંકીર્ણતામાંથી મુકત કરવાનો અને વિશાળ જીવનદૃષ્ટિ આપવાનો આ એક સરસ ઉપાય છે. આ દિશાએ અન્ય સ્થળના સંઘો જે કાંઇ પ્રવૃત્તિ હાથ ધરે તેને મુંબઇ જૈન યુવક સંઘ પોતાથી બનતી મદદ કરવાને તૈયાર છે.

પરમાનંદ.

ખાદી મોંઘી હોય છતાં તે જ કેમ વાપરવી ?

છેલ્લાં એકવીસ વર્ષથી પૂ. ગાંધીજીએ દેશની આગળ ખાદીની પ્રવૃત્તિ મૂકી છે. એમનો દાવો છે કે હિન્દી સમાજની આજની પરિસ્થિતિમાં ગરીબ થઇ રહેલી પ્રજાના ભૂખમરાનું રામબાણ ઔષધ એ જ પ્રવૃત્તિમાં પડેલું છે. દેશની આર્થિક સ્થિતિને સુધારવાનો એ જ સર્વોત્તમ આર્થિક કાર્યક્રમ છે. દુનિયાભરમાં જો ભારતવર્ષને પોતાની આર્થિક સ્વતંત્રતા મેળવવી હશે તો રેંટિયો જ એ સ્વતંત્રતા સિદ્ધ કરી [illegible] કે તેમ છે. ખાદી વિષેના ગાંધીજીના આ બધા આગ્રહો ઘણાને વધારે પડતા લાગે. આમ છતાં મહાસભાની જ્યાં આણ વર્તે છે એ સમુદાયમાં તો લોકપ્રિય થતી જાય છે. ખાદી સામે જે અણગમો અને સૂગ આરંભકાળમાં હતા તે તો હવે અદૃશ્ય થતાં જાય છે. ખાદી પહેરવી તો લોકોને ગમે છે અને ખાદીને એક જાતની સામાજીક પ્રતિષ્ઠા પણ મળી ચૂકી છે. ખાદી ભંડારોનાં વેચાણો પણ વધતાં જ જાય છે. અંતે શાંત છતાં [illegible] ધીમી રીતે ખાદી પ્રગતિ કરી રહી છે.

પરંતુ હિંદના કાપડની વપરાશમાં જ્યારે સરખામણી કરીએ ત્યારે દીવા જેવું સ્પષ્ટ લાગે છે ખાદીનો પ્રચાર નહિ જેવો જ ગણાય. લગભગ ૬૦૦ કરોડ ચોરસવાર કાપડની વપરાશમાં ખાદી માંડ દોઢ–બે કરોડ ચોરસ વાર વપરાય છે. ખાદીને સર્વવ્યાપક થવા માટે હજી બહુ લાંબી મજલ કાપવાની રહે છે. ખાદીની પ્રગતિ આટલી બધી ધીમી કેમ છે એનાં કારણો તપાસતાં મુખ્ય કારણ એ જણાય છે કે ખાદી મોંઘી પડે છે અને જનસમુદાય તો સસ્તા કાપડનો જ આગ્રહ રાખે છે. ખાદીની મોંઘવારી જ ખાદીપ્રચારમાં સૌથી મોટી મુશ્કેલી ઊભી કરે છે. એથી ખાદીની આ મોંઘવારીના પ્રશ્નનો બરાબર અભ્યાસ કરી લેવાની જરૂર છે. હકીકત તો એવી છે જ કે બીજા કાપડ કરતાં ખાદી મોંઘી જ છે અને મોંઘી જ રહેવાની. ખાદીની આ મોંઘવારી જો અનિવાર્ય અને નિશ્ચિત છે તો ખાદીનું ભવિષ્ય શું ? ખાદીના અર્થશાસ્ત્રનો અને ખાદીમાં રહેલી લોકકલ્યાણની પ્રચંડ શક્તિનો જેમણે યત્કિંચિત પણ અભ્યાસ કર્યો છે તેમને તો એવું લાગે છે કે ખાદીનું ભવિષ્ય લોકરૂચિના પરિવર્તનમાં જ પડેલું છે. ખાદી કેવળ કાપડઉદ્યોગની પુનઃરચનાનો પ્રશ્ન નથી. ખાદીનું જો એટલું મહત્વ હોત તો તેની મોંઘવારીના ખડક સાથે અથડાઇને ખાદીનું ભવિષ્ય કયારનું યે સદા માટે ખંડિત થઇ ગયું હોત. **ખાદીની પ્રવૃત્તિ તો સંસ્કૃતિની પુનઃરચનાનું પ્રતીક** છે અને તેટલા જ માટે ખાદીપ્રચાર સાથે લોકમાનસના પરિવર્તનનો આખો યે પ્રશ્ન સંકળાયેલો છે. કેવળ કાપડઉદ્યોગની સ્થાપના બહુ વિકટ નથી બનતી. સંસ્કૃતિની પુનઃરચના અને તેના પ્રચારને અતિશય દુર્ગમ, વિકટ અને હતાશ કરી નાંખે એવી કસોટીઓમાંથી પોતાનો માર્ગ કાપવાનો રહે છે. આથી જ ખાદીના ઉપાસકો અને પ્રચારકો ખાદીની મોંઘવારીથી હતાશ નથી થતા. એવી મોંઘી ખાદીને પણ લોકપ્રિય કરવાના મનોરથો સાચા પાડવા તેઓ મથી રહ્યા છે. હિન્દુસ્તાનની પ્રજાને જો ખાદીનો મંત્ર સમજાવા માંડયો હોય, ૨૧ વર્ષની પૂ. ગાંધીજીની એની પાછળની તપશ્ચર્યાનું કંઇ ભાન જો પ્રજાને થતું હોય તો ખાદી મોંઘી છતાં એ મોંઘી ખાદીને જ પ્રજાએ અને ખાસ કરીને સમજુ વર્ગે અપનાવવી રહી.

૧૫૦ વર્ષની અંગ્રેજી કેળવણી અને એ સાથે ધસી રહેલી પશ્ચિમની સંસ્કૃતિના અનર્થોએ જો આપણા ઉપર જીવલેણ હુમલો ન કર્યો હોત તો ખાદી મોંઘી છે છતાં એ જ સાચી છે અને એ જ બધાએ વાપરવી જોઇએ એ વાત વારંવાર પ્રજાને સમજાવવાની જરૂર જ ન રહેત. પરંતુ દુર્દૈવ છે હિંદની પ્રજાનું કે એની ગુલામીની શૃંખલામાં કહેવાતી કેળવણી અને કહેવાતી સંસ્કૃતિની કડીઓ જ આકર્ષક અને મોહક ઘડવામાં આવી છે. આપણા શિક્ષિત સમાજનું માનસ પશ્ચિમના અનર્થ શાસ્ત્રના ભ્રમોથી એટલું બધું ઘેરાયેલું છે કે એઓને હજી સૂઝતું જ નથી કે મોંઘી લાગતી ખાદીમાં જ આપણી ગરીબ પ્રજાની સાચી અને સર્વગામી ઉન્નતિનું સાચું અર્થશાસ્ત્ર સમાયું છે. લોકકલ્યાણની આ દૃષ્ટિથી જો આપણે વિચારીશું અને તપાસીશું [illegible] મોંઘી હોય છતાં તે જ

[illegible] વ્યવહારનો
[illegible] જણાશે કે કેટલીયે વસ્તુઓ
[illegible] જની કીંમત રૂપિયા, આના, પાઇમાં મેળવી હોય
[illegible] આપણે એ જ આગ્રહ રાખીએ કે [illegible]

"ખાદી [illegible]
એમ કહેવામાં આવે છે. [illegible]
પણ [illegible] ચાળા જ હોય છે પણ તેથી કંઇ
નથી ન. [illegible] તા. એ વાત સાચી છે કે આપણે આપણું
નાશ કરી [illegible] તો ઓછા ખર્ચમાં રહી શકીએ. પણ તેમ કરવું એમાં આપણે અધર્મ જોઇએ છીએ અને તેમ કરતા નથી. તે જ પ્રમાણે કરોડો લોકોને અન્નપાણી આપનારી ખાદીને છોડવાથી કદાચ આપણે ઓછા ખર્ચમાં રહી શકીએ પણ તેમ કરવું યોગ્ય નથી."

આપણામાં જો આપણા જ દેશના ગરીબો માટે સહેજ પણ લાગણી હોય તો આપણે સમજવું જોઇએ કે ખાદી આપણને મોંઘી પડે છતાં એની એ મોંઘવારીથી તો ભૂખે મરતા બેકાર ગરીબોને અતિશય મહત્વનો એવો ઘરબેઠાં જ અન્નપૂર્ણા અને વસ્ત્રપૂર્ણા ઉદ્યોગ મળી રહે છે. ખાદી મોંઘી છે એવું બહાનું કાઢી આપણે ખાદી નથી પહેરતા તો એ બિચારાના હાથમાં આવેલો અતિશય મહત્વનો ઉદ્યોગ ઝૂંટી પડે છે. મિલનું કાપડ સસ્તું છે છતાં ગરીબોને તે કેટલું બધું મોંઘું પડે છે ! ખાદીની મોંઘવારીથી તો આપણા ગજવામાંથી આપણી આવકનો બહુ જ ઓછો ભાગ ચાલ્યો જાય છે. મિલ કાપડની સોંઘવારી કાપડખર્ચના થોડાક રૂપિયા બચાવે છે પરંતુ એ જ મિલકાપડ પેલા લાખો ગરીબોના જીવનનો તો આખોયે રોટલો ઝુંટવી લે છે. થોડાકના કાપડખર્ચની સોંઘવારી માટે લાખો ગરીબોના રોટલાને ઝુંટવી લેવાનું કાર્ય કોઇ પણ દૃષ્ટિએ ધર્મયુક્ત લેખાશે નહિ. ગરીબો પ્રત્યેની આ ધર્મદૃષ્ટિથી આપણે ખાદી મોંઘી હોય છતાં તે જ વાપરવી જોઇએ.

(૨) ગરીબો પ્રત્યેની આપણી આ ધર્મદૃષ્ટિ જો જાગૃત થાય તો આપણે સમજી શકીશું કે **ખાદીની મોંઘવારી એ તો ગરીબોને આપવામાં આવતું ઉત્તમ પ્રકારનું અતિશય સાત્વિક દાન છે. મફત અનાજ કે કપડાં**

આપીએ તો ગરીબોની ભૂખ સદા માટે આપણી ટાળી શકતા નથી. એ પ્રકારનું દાન તો છેવટે ગરીબોનું નૈતિક અને સામાજીક અધઃપતન જ કરે છે. ખાદીની મોંઘવારી તો ગરીબોની પ્રમાણિક મહેનતનો ન્યાયપૂર્વક મેળવેલો મહલો છે. ગરીબો કાંતે છે; પીંજે છે, વણે છે અને આપણે એમાંથી ઉત્પન્ન થતી મોંઘી ખાદી વાપરી એ ગરીબોને સાચી મજુરી આપનાર ઉત્તમ પ્રવૃત્તિને નિભાવીએ છીએ. ગરીબોનો ભૂખમરો તો એથી દૂર થાય જ છે. આપણા એ સાત્વિક દાનમાં ખાદીની મોંઘવારીનું રૂપાંતર થતાં ગરીબોમાં ઉદ્યોગી ટેવો અને ઉત્પાદનશકિતને આપણે ખીલવી એમના ભૂખમરાનો કાયમી ઉપાય આપણે યોજીએ છીએ. ઉત્તમ પ્રકારના દાનની દૃષ્ટિએ પણ ખાદી મોંઘી પડે છતાં મોંઘી ખાદી જ આપણે વાપરવી જોઇએ

(૩) ખાદી

વિચાર

વિચારીશું તોયે ખાદીની મોંઘવારી

કેમ રહે છે તેની થોડીક વિગતો તપાસવા જો

વધારો

પડે છે. ખાદીનો ત્યાગ

છે અને દેશના લાખોની આવક

આ પ્રકારનો સંપત્તિનો વધારો તદ્દન પ્રમાણિક, સાત્વિક અને નિષ્પાપ છે, જ્યારે યંત્રો દ્વારા ઝડપ થી વધતી અઢળક સંપત્તિ પ્રમાણમાં વિશેષ ભલે હોય છતાં તે જનસમુદાયના વિશાળ વર્ગને નિર્ધન બનાવે છે એટલે જ પારકાની પાયમાલીના પાપથી ખરડાયેલી અને તેથી ત્યાજ્ય છે.

(૫) સાચા અર્થશાસ્ત્રનો અર્થ અને હેતુ એ હોય છે કે દેશમાં પડેલી માનવશકિત અને સંપત્તિ–ઉત્પાદનનાં અન્ય સાધનોનો સૌથી વધારે લાભ લઇ તેનો સદુપયોગ ઉત્પાદક ઉદ્યોગોમાં કરવો. હિંદમાં રેંટિયો બરાબર આજ વસ્તુ સિદ્ધ કરે છે. ખેતીપ્રધાન દેશમાં કરોડોને વર્ષમાં અમુક સમય કામ વગરના રહેવું પડે છે. એ અર્ધબેકારીને રેંટિયો દૂર કરે છે અને વેડફાઇ જતાં સમય અને માનવશકિતનું ખાદીઉત્પન્નના કાર્યમાં રૂપાંતર થાય છે. ખાદી જો અર્થશાસ્ત્રના આ નિયમને પૂરી રીતે અનુકૂળ છે તો પછી એ મોંઘી પડે છે તેટલા માટે કંઇ એને તજી દેવાય છે? પ્રત્યેક સ્વતંત્ર દેશમાં જ્યારે પરદેશથી આવતા માલને લીધે તે દેશના ઉદ્યોગોની બનાવટો મોંઘી પડે છે ત્યારે તે દેશની પ્રજાકંઇ સ્વદેશી વસ્તુઓ મોંઘી છે તેથી તેનો ત્યાગ નથી કરતી. સરકાર પ્રજાકીય હોય છે એટલે પરદેશની સસ્તી વસ્તુઓ પર ભારે જકાત નાંખી સ્વદેશની મોંઘી વસ્તુઓને લોકપ્રિય કરે છે. આપણે પરાધીન હોવાને લીધે આ જકાતનું રક્ષણ નથી મેળવી શકતા. પરંતુ આપણે તો પરાધીનતા ફગાવી દેવાને તત્પર થયા છીએ, તો આપણે આપણા દેશના ગરીબોના ઉદ્યોગોને સજીવન કરી તેને ચાલુ રાખવા માટે મોંઘી ખાદી સ્વેચ્છાથી પહેરવાનો ધિક્કાર કરીશું? આપણા દેશપ્રેમે શું એટલું બધું દેવાળું કાઢ્યું છે કે આ સીધી સાદી વાત સમજવામાં પણ આપણે આનાકાની કરીએ છીએ?

(૬) ખાદીની મોંઘવારીનું અર્થશાસ્ત્ર આપણે બરાબર સમજીશું તો દીવા જેવું સ્પષ્ટ થશે કે એ પ્રવૃત્તિ તો પ્રજાની બેકારી દૂર કરી તેમની ઉત્પાદક શકિત વધારે છે. તે જ અર્થશાસ્ત્ર સાચું અને કલ્યાણકારી અર્થશાસ્ત્ર નિવડે છે જે કેવળ સંપત્તિની જ વૃદ્ધિ નથી કરતું, પરંતુ સંપત્તિ ઉત્પન્ન કરવાની ઉત્પાદક શકિતને પણ વધારે છે અને વ્યાપક બનાવે છે. મિલો તો થોડાઘણા બેકારોને રોજી આપે છે, પરંતુ પશ્ચિમના દેશોના યાંત્રિક ઉદ્યોગોનો અનુભવ સાક્ષી પૂરે છે કે યંત્રોથી વિશાળ જનસમુદાય બેકાર બને છે અને બેકારીમદદ પર જ એ બેકારોને નભવું પડે છે. યંત્રોના ઉદ્યોગો અને પછી બેકારી–મદદ એ કંઇ બેકારીનું નિવારણ નથી. એથી તો બેકારી–મદદ મેળવનારની ઉદ્યોગશકિત કટાય છે. દેશની સમગ્ર ઉત્પાદનશકિતમાં ઘટાડો જ થાય છે. ખાદી એવો ઉદ્યોગ છે કે એથી અર્ધબેકારોને ઉદ્યોગ મળે છે, એમનામાં ઉદ્યોગી સંસ્કારો ખીલે છે અને એમની ઉત્પાદનશકિતમાં વધારો જ થાય છે. આ જ સંપત્તિનો સાચો વિકાસ છે. એ ખાદી મોંઘી પડે છે તો એ મોંઘવારીમાં પ્રજાને જે થોડો વધુ ખર્ચ સહન કરવો પડે છે તેનો ઉપયોગ તો બમણી પ્રજાની ઉત્પાદશકિતમાં વધારો કરવામાં જ થાય છે. પડતું પડે છે. પરંતુ એ સોંઘવારી પેલા વિશાળ બેકારીના ભોગે જ થાય છે ને! બેકારોને જે મદદ તેનો ખર્ચ કંઈ મિલો પર પડતો નથી. એ તો સરકાર કર દ્વારા પ્રજા પાસેથી વસૂલ કરે છે. આવી અવળી નીતિથી કાપડ સસ્તું થાય છે છતાં એથી પ્રજાને તો કંઇ ને કંઇ રૂપમાં વધારે ખર્ચનો બોજો વેઠવો જ પડે છે અને બેકારોને મદદ બંધ કરવાની નીતિને પરિણામે પ્રજાની ઉત્પાદનશકિતનો હ્રાસ થાય છે એ કંઇ ઓછું આર્થિક નુકસાન છે? ખાદીની મોંઘવારી અને મિલ કાપડની સોંઘવારી, આ અર્થશાસ્ત્ર સમજીશું તો જણાશે કે મોંઘવારીદ્વારા પ્રજાને સહન કરવો પડતો થોડો જ વધારાનો ખર્ચ આખરે તો દેશની પ્રજાની સાચી આર્થિક ઉન્નતિમાં જ વપરાય છે. આથી જ ખાદી મોંઘી છે છતાં એ જ વાપરવી એ સમજુ દેશપ્રેમીઓનો ધર્મ છે. જ્યાં જ્યાં રેંટિયાપ્રવૃત્તિ ચાલુ થઇ છે ત્યાં ત્યાં એવો સ્પષ્ટ અને નિશ્ચિત અનુભવ મળ્યો જ છે કે ખેડૂતોની ઉદ્યોગશકિત એથી વધી જ છે. ખેતીના પૂરક ઉદ્યોગ તરીકે એ એટલો બધો સફળ નીવડ્યો છે કે (અ) ખેતીમાંથી ફાજલ પડતા સમયનો સદુપયોગ થતાં એની આવક ઉપરાંત એટલી કાંતણુકમાણી વધી જ છે (આ) ખેડૂતો ઉદ્યમી થતાં ખેતી પર પણ વિશેષ લક્ષ અપાયું છે અને ખેતીની પણ સમૃદ્ધિ થવા માંડી છે.

આમ અનેક રીતે વિચારતાં ખાદીની મોંઘવારી દૃષ્ટાપત્તિ જ જણાય છે. એમાં દેશના ગરીબોના ભૂખમરાનું નિવારણ કરનાર એક અતિ મહત્વના ગૃહઉદ્યોગનો વિકાસ થાય છે. ગરીબો પ્રત્યેની હમદર્દી જો સાચે જ આપણા અંતરમાં જાગી હોય તો ખાદીની મોંઘવારી એ મોંઘવારી નથી પરંતુ આપણી એ હમદર્દીનું સક્રિય રૂપાંતર છે. આપણા કાપડખર્ચમાં ખાદીની મોંઘવારીથી સહેજ વધારો થાય છે તો એ વધારો આપણા જ દેશના એક અતિ મહત્વના ઉત્પાદક અને બેકારીનિવારક ગૃહઉદ્યોગને સજીવન કરે છે. મોંઘી ખાદી વાપરી આપણે દેશના સર્વોત્તમ આર્થિક કાર્યક્રમમાં આપણો ફાળો આપીએ છીએ. ખાદી મોંઘી છે એવું બહાનું કાઢી જેઓ ખાદી ખરીદતા નથી તેઓ ખાદીની આ મોંઘવારીનું અર્થશાસ્ત્ર સમજવાની તસ્દી લેશે?

'ખાદીપત્રિકા'માંથી સાભાર ઉધ્ધૃત. **દિલખુશ ભ. દિવાનજી.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૧૨

મુંબઇ : ૧૫ ઓક્ટોમ્બર ૧૯૪૧ બુધવાર.

લવાજમ
રૂપિયા ૨

રંગબેરંગી કિરણ વર્ષા

[સરદાર પૃથ્વીસિંહના ગઇ ગ્રીષ્મમાં ચાલેલા વ્યાયામવર્ગ દરમિયાન અ[illegible] વ્યાખ્યાનોની નોંધ બહેન જસુમતીએ લીધેલી તેમાંથી તારવીને કેટલીક આપવામાં આવે છે. તંત્રી.]

શ્રી રવિશંકર રાવળ

વિદ્યા એકલી સહાય કરી શકતી નથી. ભણતર ગમે તેટલું લઇએ, પણ જો આપણે શરીરથી નબળા હોઇએ તો આપણે નિષ્ફળ જ નીવડવાનાં છીએ. ભયંકર વ્યાધિને આપણે શ[illegible] બળથી હટાવી દઇએ છીએ, હાલના હજારો નૌજવાનો[illegible] નિર્બળ બનેલા જોઇએ છીએ. આપણે કંઇ હરામખોરી[illegible] માશી કરવાના હેતુથી અહિં કસરત કરવા આવ્યા નથી, બલ્કે બદમાશી અને હરામખોરીનો સામનો કરવા આવ્યા છીએ. પોતાના સ્વરક્ષણ જેટલું બળ દરેકે મેળવવું જોઇએ. જો આપણે એ ન મેળવીએ તો આપણા માટે હંમેશની ગુલામી લખાયલી જ છે. સેતાનિયતની જેટલી જાળો છે તેને આપણે ઓળંગવી પડશે. જ્યારે પ્રજા પ્રજા વચ્ચે લડાઇઓ થાય છે ત્યારે પહેલા ધર્મનું બહાનું બતાવવામાં આવે છે. ખોરાક જેવી રીતે બધાને સરખી રીતે અસર કરે છે તેવીજ રીતે ધર્મ પણ બધાને સરખી જ અસર કરે છે. જ્યારે તમને કોઇ સહાયક મળશે નહી ત્યારે તમારે પોતે આત્મબળ કેળવવું પડશે. તમારો આ વિષયમાં ઉત્કર્ષ થાઓ એવો હું તમને આશીર્વાદ આપું છું.

શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ

વિષયઃ–'સમાજવાદ'

લોકશાહીમાં દરેક માણસ પોતપોતાનું રાજ્ય ચલાવી શકે છે. દરેક કામ કરવાની કોઇ પણ માણસને છુટ હોય છે. ખેડુતનો દીકરો વેપારી બની શકે છે. આને 'વ્યવસાય–સ્વતંત્રતા' નામ આપવામાં આવે છે. આ લોકશાહીમાં ન્યાય છે છતાં તે ન્યાય એક જ પક્ષના માણસને મળે છે. ધારો કે મીલમાલેક અને મજૂરો વચ્ચે લડાઇ ઉભી થઇ હોય તો આપણે જોઇએ છીએ કે ખરો ન્યાય મજુર વર્ગને મળતો નથી. મીલ માલિકની સામે કોઇ પણ પોલીસ સામનો કરી શકતી નથી. ક્યાં ખામી છે ? ક્યાં ભૂલ છે કે જેથી આટલું બધું દુઃખ સહન કરવું પડે છે ? એ દુઃખ તે મુડીવાદ છે. પૈસો કોનો ? નફો કોનો ? કારખાનાં કોનાં ? જે સડક ઉપર આપણે ચાલીએ છીએ એ સડક કોની ? શું આ બધું કાર્ય એકજ માણસે કર્યું છે. ? કોઇ પણ કાર્ય એક જ માણસ કદાપિ કરી શકે જ નહીં. પાંચ મણ ઘઉં પેદા કરવામાં આખી દુનીયાનો શ્રમ રહેલો છે. બલ્કે આખી દુનીયા તેટલા ઘઉમાં સંકળાયેલી છે. આ નવી દૃષ્ટિ સમાજવાદ આપે છે. માણસો દરેક પ્રવૃત્તિ એક જ હેતુથી કરે છે અને તે હેતુ નફો છે. શા માટે ખેડુતો ખેતરમાં અનાજ વાવતા નથી ? કેમ કે એમાં નફો નથી મળતો. જે મુડી ભેગી થઇ છે તે ચોરેલી છે. વ્યાખ્યાનો થયાં હતાં.
--ચે નીચે

અ[illegible] મળવવા પાછળ મહેં પુરતી મહે-
ન[illegible] ત દ્રવ્યની પ્રાપ્તિ ચોરી જ કહેવાય [illegible] ાધની
મેગી કરેલી [illegible] ચોરેલી [illegible]

[illegible]
રીના [illegible] એ ઉત્પન્ન કરનાર
એ કાંઇ પાસ ઉગાડતો નથી. પણ અ[illegible]
વળી તે મ[illegible]રી કરનાર મજુરો છે. જેની કિંમત ૨.
પડે છે. તો છી ૬૦ રૂપીઆના તાકાની કિંમત ૧૫ રૂપીઆ
કયાંથી થઇ ? એ ૫ કયાંથી વધ્યા ?

એ પાંચ રૂપીઆ કોને મળે છે ? મીલમાલેકને. ખરી રીતે કોને મળવા જોઇએ ? પેલા મજૂરને ! કપાસનું વળતર વાળીએ છીએ. પણ પેલા મજૂરનું નહીં. એમ છતાં મુડીવાળો મુડીના કારણે ઉપરના રૂા. એમને એમ લઇ જાય છે. જેની પાસે મુડી છે તેની મુડીમાં હંમેશા વધારો જ થતો જાય છે. મુડીવાદનું એ ખાસ લક્ષણ છે. મજૂરો જે મહેનત કરીને ઉત્પન્ન કરે છે તે મુડીવાદીઓ લઇ જાય છે.

શ્રી સામળદાસ ગાંધી

વિષયઃ–પત્રકારિત્વનો ઇતિહાસ

માણસ જ્યારે જન્મે છે ત્યારે એ એની બધી ભાવનાઓને લઇને ઉપસ્થિત થાય છે. અગાઉના વખતમાં લોકો પોતાની બધી ભાવનાઓ પત્થરો ઉપર કોતરાવતા. અશોકના શિલાલેખો બહુ જાણીતી વસ્તુ છે. કાળાન્તરે મુદ્રણકળાની શોધ થઇ. જેમ જેમ મુદ્રણ કળાનો વિકાસ થતો ગયો તેમ તેમ આપણા જ્ઞાનનો પણ વિકાસ થતો ગયો. એક વખત મુંબઇ એક નાનો ટાપુ હતો અને કિલ્લા તરીકે ઓળખાતો. એ મુંબઇ તે વખતે માછીઓની દુનીયા હતી. તે વખતે રાજકારણ વિષે લડે એવા ગોખલે કે ગાંધી પાકયા નહોતા. જ્યારે મુંબઇના બારામાં આગબોટોનું આગમન થયું તે વખતના અખબારમાં આજના જેવી કશી સગવડ કે નિયમિતતા નહોતી. જાહેર ખબરો પણ વચ્ચે વચ્ચે છપાતી. તંત્રીને જો આળસ આવે તો તે થોડા દિવસ અખબાર બંધ પણ કરી શકતો. તેની મરજી પ્રમાણે અખબાર નીકળતું. 'ગઇ કાલે મારી પુત્રીનાં લગ્ન હોવાથી મેં અખબાર બંધ રાખ્યું

હતું એમ જણાવીને તંત્રી એક દિવસની ગાપચી મારી જતો. મુદ્રણકળા તે વખતે ખીલી નહોતી. પથ્થર ઉપર લેખો લખવામાં આવતાં. તે વખતે 'મુંબઇ સમાચાર' એમ લખતાં પાંચ-સાત મિનીટ લાગતી. તેમાં ભાષાની અશુદ્ધિઓ પાર વિનાની રહેતી. સ્ટીમર આવી હતી એમ લખવું હોય તો 'ધરટીમર' આવી હતી એમ લખાતું. જ્યારે મુદ્રણકળા આવી ત્યારે મુંબઇના "મુ" પર ખીલું મૂકાયું. તે વખતે સમાજને ગુલામીનું ઝેર પાઇને સુવાડી રાખવામાં આવતી. પછી તો પ્રજા જાગૃત થઇ તંત્રીની સામે પ્રશ્નો કરવા લાગી કે છાપું કેમ બરોબર છ વાગે નીકળતું નથી? એક માણસ પાકયો અને તેણે નાનું યંત્ર ગોઠવી એક અખબાર કાઢયું. તે વખતે ભાવનાશીલ માણસો પાકયા નહોતા અને રાજકીય નેતાઓ પણ બ્હાર આવ્યા નહોતા. રાજકારણ તે વખતે બાલ્યાવસ્થામાં હતું. પછી [illegible] યુવાની આવી. ઓદ્યોગ

એક પારસીભાઇએ [illegible] ર
પાડયું [illegible] રો
એક પછી અઠ [illegible] મ
દેશ.ઇએ એક પગલું આગળ ભર્યુ. [illegible] સ
હતો. [illegible] યની પોલો અખબારમાં છાપવા માડ. [illegible] ી

[illegible] શ્રી અ [illegible] ન
[illegible] અખબાર શરૂ કર્યું. [illegible] દ્વારા
[illegible] એની છાપ રાજા અને પ્રજા પર પડી.

[illegible]ના 'નવજીવન' નામનું અખબાર ગાંધીજીએ બહાર પાડયું અને નૌજુવાનોને તેમણે નવું બળ આપ્યું. નિર્બળને બળવાન બનાવ્યા અને અભણને ભાષા શીખવી. ખરી ગુજરાતી ભાષા નવજીવને જન્માવી. નવજીવને રજળતી ગુજરાતીને ઉપાડીને સિંહાસન પર બેસાડી. નવજીવન લોકોનું બાઇબલ બની ગયું. નવજીવન દૈનિક જીવનનો વિકાસ કરનારૂં સાધન બન્યું. આજના અખબાર પાછળ આવો અનેરો ઇતિહાસ રહેલો છે.

શ્રી નાનાભાઇ ભટ્ટ

ગાંધીજીએ સરદાર પૃથ્વીસિંહને નવી જ દોરવણી આપી છે, નવો પૈગામ આપ્યો છે. જે શારીરિક તાકાત જોઇએ તે હાલ આપણામાં નથી. મનની તાકાત, શરીરની તાકાત અને મને વધારો કહેવા હો તો આધ્યાત્મિક તાકાત આપણામાં નથી. ગાંધીજી નવા યુગનું નિર્માણ કરવા વિચારી રહ્યા છે. આનો મૂળભૂત પાયો તો એ છે કે દરેકે દરેક માણસે પોતાના જીવનમાં બુદ્ધિપૂર્વક જાત મહેનતને સ્થાન આપવું જોઇએ. જો જીવનની ઉંચામાં ઉંચી કોટિએ આપણે પહોંચવું હોય તો આપણા જીવનમાં બુધ્ધિપૂર્વકનું શરીરનું જ્ઞાન હોવું જોઇએ. સમાજની વિકસતી દશામાં બુધ્ધિપૂર્વકના શ્રમને સ્થાન નથી. લોકો મહેનત કરતા જ નથી અને બેહા બેહા ભાષણો આપે છે. પરિણામે સમાજમાં આવી જાતની મનોદશા ઉભી થાય છે અને આખો માનવ સમાજ તેનો ભોગ બની જાય છે. આમાંથી આપણે બચવું હોય, આવતી કાલનું નિર્માણ આપણે આજે કરવું હોય તો આપણા શરીરને આત્મબળ આપવું જોઇએ. જે માણસો ભાષણો આપે છે તેના કરતાં શ્રમઉત્પાદક કી વધારે કિંમત છે.

હું તો તમને એક વાત કહેવા અને કરાવવા આવ્યો છું અને તે તમારૂં આંગણું સ્વચ્છ રાખો. તમને લાગશે કે નાનાભાઇ આ નવું કયાંથી લાવ્યા? પણ હું તમારી પાસે એક વાત મૂકવાનો દાવો કરૂં છું કે જે માણસના જીવનમાં આ બાબતને બુદ્ધિપૂર્વકનું સ્થાન ન હોય તેના જીવનમાં એક મોટી ઉણપ રહી જાય છે.

આપણા ગામડાંના લોકો તો એમ સમજે છે કે કયારે એવો દિવસ આવશે કે જ્યારથી કામ કર્યા વગર પણ સુખે જીવવામાં વાંધો નહિં આવે. આ મનોદશા ખેદ ઉપજાવે એવી છે. એની જવાબદારી આપણા ભણેલા વર્ગ ઉપર રહેલી છે.

આવતી કાલનો સમાજ તમારી આગળ આવવાનો છે. આ આશાથી પૃથ્વીસિંહ જેવા વીરપુરૂષે પોતાની જાતને તમારી આગળ નીચોવી નાંખી છે. આપણા રોજના જીવનમાં થોડો એક ઉત્પાદક [illegible] હોવો જ જોઇએ. તમે જે માર્ગ અહીં લેવા આવ્યા છો તે માર્ગ તમારી પાસે ખુલ્લો જ છે. તમારાથી જેટલો રસ ચૂસાય તેટલો ચૂસી લેશો.

સ્વામીજીના હૃદયમાં કેટલી આગ બળે [illegible] ખબર પડે? આપણી આ દશાને અંગે સ્વામીજી એક બાળકની માફક રડે છે. એમને એમ રડતાં તો તમે જોયાં ન જ હોય. આપણી આજની નિર્માલ્ય દશામાંથી આપણને છોડાવવા માટે એ પ્રયત્ન કરી રહ્યા છે. જે પ્રજા નિર્માલ્ય અને તેજ વગરની બની છે. તેને તેજસ્વી બનાવવાના તેઓ પ્રયત્નો કરી રહ્યા છે શકિતવાળી કયારે બને એવી ઝંખના રાત દિવસ તેઓ કરે છે. સરદાર તો એમ કહ્યા કરે છે કે કયારે તમે મોતને ભેટવાની તાકાત કેળવો. મોતને ઝીલી શકે એવા નૌજવાનોની એમને જરૂર છે. માથું આપતાં કેમ શીખવું એ એમનો ઉદ્દેશ છે. હાથમાં માથું લઇને લડવું એ એમની રીત છે.

શ્રી રવિશંકર મહારાજ

અત્યારે મહેસાણા પ્રાંતના સુરસદ નામના ગામમાં એક ઓરડી રાખીને હું રહું છું. એ આખું ગામ ચોર બ્હારવટિયાનું છે. તેમનામાં અવગુણો છે તેમ સદ્‌ગુણો પણ પુષ્કળ છે. અઢાર વર્ષ સુધી હું ફર્યાજ કરતો હતો. હવે એક ઓરડી રાખીને રહું છું. એક બ્હારવટિયાની વાત કહું. આ બ્હારવટિયાને જમીન, ગાય, ભેંસ, એ બધીઓ વિગેરે હતું. તે કંઇક કેળવાયેલ લાગ્યો. પોતાની વાત કરતાં તેણે કહ્યું કે મેં કદી કંઇ પાપ કર્યું નથી તેથી જ મને આ સુખ મળ્યું છે. તમે કહેશો તેં તો બે હજાર જેટલી ચોરી કરી છે. તે જવાબ આપે છે કે કોઇના ઘરમાં બેસીને ચોરી કરીએ તો તે પાપ કહેવાય. જેમની પાસે પૈસાના ઢગલા પડયા છે એમની પાસેથી લઇને અમે બીજાને આપી દઇએ છીએ. જેના ઘરમાં લક્ષ્મી વધારે એકઠી થઇ હોય છે તે 'મને કાઢો કાઢો' એમ કહે છે. એની મુમ અમને સંભળાય છે અને જ્યારે જઇએ છીએ ત્યારે અંધારે અમને દેખાય છે. અમે તે લઇ આવીએ છીએ. અમારી પાસેથી તે લક્ષ્મી જુદે જુદે સ્થળે વહેંચાઇ જાય છે. ઇશ્વરે ઉત્પન્ન કરેલી વસ્તુઓને બીનજરૂરી એકત્રિત કરવી તેનું નામ ચોરી. વહેતા પાણીને રોકવું એ ચોરી છે. જો પાણી વહેતું રહે તો જંતુઓ પ્રવાહના પાણીમાં તણાઇ જાય છે.

હાથે કામ કરીએ તો ઘણા અનર્થ દૂર થાય. કપડાં અનાજ વિગેરેની કરકસર થાય. કરકસરમાં ખાનદાની રહેલી છે. મ્હારૂં ખર્ચ એક આનાનું છે. વાર્ષિક બાર આના. મજબુત હાથ પડે ત્યાં ધાન ઉપજે, સુંવાળો હાથ પડે ત્યાં ખાલીખટ થઇ જાય. પૈસાદારના હાથ ચારણી જેવા હોય છે. મુંબઇ દેશ ચારણી છે. મહેનતુ ગરીબના હાથમાં પૈસા જશે તો રોટલા ખાશે. ઘરનું બારણું છોડશે નહિ, મહેમાન કુટુમ્બને સાચવશે; રેંટીઓ કાંતવાનો

વિદાય થતું વર્ષ—આર્થિક દૃષ્ટિએ

૧૯૯૭ નું વર્ષ પુરૂ થાય છે ત્યારે વિશ્વયુદ્ધ અગાઉના કોઇ પણ યુધ્ધ કરતા વધુ ભીષણ સ્વરૂપે અઢી વર્ષ પસાર કરી રહ્યું છે. આ યુધ્ધ હજુ વધુ લાંબુ અને વધુ ભીષણ બનવાના ચિન્હો સ્પષ્ટ જણાય છે.

ગયા મહાયુધ્ધના અનુભવો ઉપરથી આ વિશ્વયુધ્ધમાં જેઓ સમૃધ્ધિનાં સ્વપ્નો સેવતા હતા તેઓ નિરાશ થયા છે, આમવર્ગ વધુમાં વધુ પરેશાન બન્યો છે, નિકાસ બંધ થવાથી કાચી ચીજો સસ્તી બની છે અને તેની ઘરાકી ઘટી છે. આયાત બંધ થવાથી કારખાનાની ઉત્પન્ન મોંઘી થઇ છે. ખેતીની ઉ[illegible] સસ્તા ભાવે વેચીને, પોતાની દૈનિક જરૂરીયાતની કારખાનાની ઉત્પન્ન મોંઘા ભાવે ખરીદવામાં હિંદનો ગરીબ લોકસમુહ આ લડાઇમાં વધુ ગરીબ [illegible] વેપાર તર્યો છે, મધ્યમ વર્ગમાં બેકારી વધી છે.

ગઇ લડાઇ તદ્દન અણધારી અને એકાએક થઇ હતી. તે લડાઇ માટે, ખાસ કરીને આર્થિક તૈયારી બીલકુલ નહોતી. એટલે ગઇ લડાઇ શરૂ થઇ કે તરત જગતના સર્વે દેશોની અર્થરચના અને તેના વેપાર છિન્નભિન્ન બની ગયા હતા. પરિણામે ગયા મહાયુધ્ધની શરૂઆતમાં દરેક બજારમાં મંદી થયેલી. લગભગ બે વર્ષ સુધી મંદી જ ચાલુ રહી હતી.

બે વર્ષ પછી જ્યારે લડાઇમાં સંડોવાયેલી સરકારોને નાણાની બેંચ પડી ત્યારે તેમણે નાણાનો પુરવઠો કરીને તે નાણામાંથી લડાઇનું ખર્ચ કાઢવા માંડયું હતું તે નાણાના પુરાવા પછી જ ગઇ લડાઇમાં ખરી તેજી થયેલી અને તે તેજી સર્વવ્યાપી હતી. દરેક ચીજના ભાવ અનેકગણા વધી ગયા હતા. વેપારીઓનો વેપાર ધીકતો બન્યો હતો. એટલે તે સમયે મોંઘવારી આજના જેટલી અળખામણી નહોતી બની. દરેક પ્રકારના ઉત્પાદનના ભાવ ઉંચા ઉપજે, પછી ખર્ચ પણ તેના પ્રમાણમાં આવે તેની ચિંતા નથી હોતી. પગાર વધારવા તે પણ સહજ અને સ્વાભાવિક હતું.

આ લડાઇમાં શસ્ત્ર ઉત્પાદનમાં ભલે કેટલાક દેશો પછાત રહી ગયા. પણ આર્થિક યુધ્ધ તો આ લડાઇ શરૂ થઇ તે પહેલાથી ચાલુ જ હતું. એટલે આ યુધ્ધમાં શસ્ત્રની તૈયારી કરતા વધુ તૈયારી આર્થિક યુદ્ધની થયેલી હતી અને દેશની અર્થરચના તેમજ વેપાર ઉપર સરકારનો કાબુ અગાઉના કોઇ પણ સમય કરતા વધુમાં વધુ હતો.

આ લડાઇ આવી ત્યારે કોઇ દેશના આંતરિક અર્થતંત્ર કે વેપાર ઉપર કોઇ પ્રકારની આઘાતક અસર થઇ જ નથી. આંતરરાષ્ટ્રીય વેપારની ગણત્રીઓ બદલાઇ ગઇ એટલું જ. તેનું પરિણામ એ આવ્યું કે ગઇ લડાઇના અનુભવ ઉપરથી જેઓ લડાઇની શરૂઆતમાં મંદી ધારીને વેપાર કરી બેઠા હતા તેઓ ફસાયા. ઉલટું લડાઇની શરૂઆતના ચાર મહિનામાં દરેક ચીજમાં આખી લડાઇ જેટલી તેજી થઇ ગઇ.

આ તેજીનો પવન એટલો ઉગ્ર હતો કે વાયદા બજારોમાં સટ્ટા રૂપી તેજીની છગ ચડી હતી. બીજી ચીજોમાં લોકોએ દરદાગીના વેચીને વસ્તુઓ સંગ્રહવા માંડી હતી.

[illegible] થઇ અને વાસ્તવિકતા
[illegible] ની એકદમ પડી
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]



[illegible] બજારમાં મુકાઇ ગયા હતા.

કાચી ચીજો સસ્તા ભાવે વેચાઇ ગઇ તે પછી સટ્ટા રૂપી તેજી ફરી થઇ ગઇ. પણ અત્યારે ખરેખર કાચી ચીજો વેચાવાનો વખત આવ્યો છે ત્યારે દરેક કાચી ચીજના ભાવ ઝડપથી [illegible] અને તે માલ ખપવા વિષે ભારે ચિંતા થઇ રહી છે. [illegible] કશું પગલું લેવાને બદલે બીજી સંસ્થાનોમાંથી સરકારને ફરજીયાત ખરીદવી પડતી રૂ જેવી વસ્તુઓ હિંદમાં ખડકાઇ રહી છે. આર્થિક વિષયોની [illegible] પરિણામે જાહેર પ્રજાને પણ તેમાં બહુ રસ નથી અને બધું ચાલે છે તેમ ચાલ્યા કરે છે. પણ કદાચ કાચી ચીજોમાં એવો વખત જલ્દી આવી જશે કે જ્યારે તેની ગંભીરતા સૌએ સ્વીકારવી પડશે.

બીજી બાજુ સરકારી વરધી પુષ્કળ પ્રમાણમાં મળતી હોવાથી તેમ જ પરદેશની માંગને પહોંચી વળવા માટે કારખાનાની ઉત્પન્નના ભાવ બહુ વધી ગયા છે. લોકમાનસ ઉપર ટાઢું પાણી રેડવા માટે લડાઇની શરૂઆતમાં સરકારે "નફાખોરી" અટકાવવાના નામે ખાલી ધુમરાડ કરી તેમ હવે "ભાવ નિયમન"ની વાતો ચાલે છે. આવા ગંભીર વિષયને સ્પષ્ટ કરવા માટે યોજનાપૂર્વકનો એક પણ પ્રયાસ સરકાર તરફથી થયો નથી કે અત્યારે તેમ કરવાની સરકારની કોઇ તૈયારી હોય તેમ જણાતું નથી.

આ રીતે રાજકીય અને આર્થિક બન્ને દૃષ્ટિએ નિરાશાના સંપૂર્ણ અંધકાર વચ્ચે આપણે ૧૯૯૮ ના નવા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ. અનેક વર્ષોના ફેરફારો પ્રત્યેક પળે થઇ રહ્યા છે અને તે ફેરફારો કરવાની કમાન કોઇ અકળ હાથમાં છે. તે સર્વવ્યાપી ફેરફારોમાં જેમ અનેક સમૃદ્ધિના શિખરો તૂટી રહ્યાં છે તેમ અનેક કચડાયેલા અને પડેલાનો પુનરૂધ્ધાર સર્જાયો હશે તેવી આશાના એકાદ કીરણ ઉપર નવું વર્ષ સૌને મુબારક હો!

એક વ્યાપારી

એ ફાયદો છે. હાથ કાંતેલ કાપડ જીવતું કાપડ છે, દ્રવ્યને સાચવે છે. મીલનો મજુર દારૂ પીને પૈસો બરબાદ કરે છે એમનું હિત પણ રેંટીયામાં રહેલું છે. આપણે બધા મહેનત કરીને ખાનાર હોત તો પરદેશનું મોં જોવા ન જવું પડત. અત્યારની કેળવણી નમાલી કેળવણી છે. જો એ કાયમ રહે તો સેંકડો વર્ષ સુધી ગુલામી નહિ જાય. દુઃખ વેઠવાની શક્તિ, ખડતલપણું વિગેરે ગુણો ગુલામીમાં ન કેળવાય. ગામના ધનવાન, બળવાન, વિદ્યાવાન, પોતાનું ધન, વિદ્યા અને બળ અન્યને અર્થે વાપરતા એ સમાજધર્મ. પોતાને અર્થે વાપરે તે મૂડીવાદ મૂડીનો અર્થ પૈસો જ નથી પણ બળ ધન, લાગવગ, મહેનત, બધું એમાં સમાય છે.

× × ×

કામ અકર્મક અને સકર્મક એ બે જાતનું હોય છે. ખપ વિનાની કસરત એ વાંઝણી કસરત કહેવાય—અકર્મક કહેવાય. ઉત્પાદકશ્રમ એક સકર્મક ક્રિયા કહેવાય.

× × ×

આચારમાં મુકેલું જ્ઞાન તે જ વિજ્ઞાન. એ કદિ ભુલાતું નથી.

સંપાદક : જયમતી

મુંબઇ જૈન યુવકસંઘને આર્થિક મદદ

શ્રી ધીરજલાલ શેઠે સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓમાં મદદરૂપ બને તે આશયથી રૂા. ૧૦૦ ની ભેટ આપી છે અને શ્રી હીરાલાલ અમૃતલાલ શાહે સંઘના પુસ્તકાલયને રૂા. ૫૦ ની મદદ આપી છે તે માટે બન્ને સજ્જનોનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ઓક્ટોબર ૧૫ ૧૯૪૧

રાધનપુરનું કલંક

છેલ્લાં ત્રણ માસથી રાધનપુર ખાતે બીરાજતા જૈન મુનિ-
રાજો અને સાધ્વીઓની [illegible]
લીમ ભાઈઓ તર[illegible]
પત્રો[illegible]
[illegible]
તેજ ઊપજ્યા
પામે અ[illegible]

જીવાભાઈ પ્રતાપસી અને શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ મોરબીઆ ડેપ્યુટેશનના રૂપમાં રાધનપુરના નવાબ સાહેબને મળવા માટે અને જૈનોનો કેસ રજુ કરવા સારૂ રાધનપુર ગયા હતા. તેઓએ ના. નવાબ સાહેબ અને તેમના દિવાનની મુલાકાત લઇને ત્યાં હેરાનગતીનો શરૂઆતથી આખર[illegible] ઇતિહાસ સ[illegible] ના. નવાબની જાણમાં આ [illegible]ત આવતાં તેઓ બોલ્યા કે મારી આગળ [illegible] આવી નથી અને ફરી આમ ન [illegible]ય તે માટે [illegible] રાધનપુર ગવરમેન્ટ ગેઝેટમાં જાહેર કરીશ કે [illegible] રા રાજ્યમાં આવું વર્તન કોઇપણ તરફથી કરવામાં આવશે તે તેની સખ્ત ખબર લેવામાં આવશે. આવી રીતે ના. નવાબ સાહેબ તરફથી વઝીર સાહેબની હાજરીમાં કહેવામાં આવવાથી બન્ને ગૃહસ્થો સંતોષ પામી મુંબઇ આવ્યા. ના. નવાબ સાહેબના કહેવા મુજબ દરબારી ગેઝેટમાં જાહેરાત થઇ કે નથી [illegible] એ જાણવામાં આવ્યું નથી, પણ ડેપ્યુટેશનના ગૃહસ્થો મુંબઇ પાછા પધાર્યા કે ત્રણ ચાર દિવસ બાદ ત્યાં બિરાજતા મુનિ મહારાજના ઉપર પોસ્ટ પારસલથી હાડકા અને ગોવી મલીન વસ્તુઓનું એક પેકેટ આવ્યું. એ ખોલતાં મુનિરાજને સખ્ત આઘાત થયો અને તેઓશ્રીએ ઉપવાસ શરૂ કર્યા. ગામમાં આ વાત ફેલાતાં જૈનોમાં હાહાકાર મચી રહ્યો અને આખી જૈન કોમમાં સખ્ત દુઃખની લાગણી પેદા થઇ. ત્યાંના નગરશેઠ પાસે રાડ પાડતા કેટલાક જૈન ભાઇઓ ગયા પણ નગરશેઠ બીચારા ના. નવાબ સાહેબનું અને વઝીર સાહેબનું એક રમકડું હોવાથી તેઓ કાંઇ પણ કરવા અશકત હતા.

આ દરમિયાન રાધનપુર રાજ્યના જાહેરાત ખાતા તરફથી એક સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું છે અને તે મુંબઇ સમાચાર આદિ દૈનિક પત્રોમાં પ્રગટ કરવામાં આવ્યું છે. એ નિવેદન નીચે મુજબ છે.

"મુંબઇ સમાચારના તા. ૧૬-૯-૧૯૪૧ ના અંકમાં "રાધનપુરના બે સળગતા સવાલો તેનો શુભ નીકાલ" એ હેડીંગ નીચે, મુંબઇના રાધનપુરી જૈનો તરફથી એક ડેપ્યુટેશન નામદાર નવાબ સાહેબ તથા મે. દીવાન સાહેબને મળવા રાધનપુર આવેલ. તે સંબંધી રીપોર્ટ પ્રસીધ્ધ થયો હતો. તે પછી અત્રે એક અત્યંત કમનસીબ બનાવ બની ગયો છે. તે એ કે, અમુક તોફાની જૈન ઇસમોએ બકરાના દાંત સહીતના જુના જડબાના હાડકાનું એક પારસલ ઘણી જ રીફતથી તૈયાર કરી પરકોમના કોઇ નીર્દોષ શખ્સોએ મોકલેલ હોવાનું ઠસાવવાના તેમજ રાજ્યને બદનામ કરવાના દુષ્ટ હેતુથી રાધનપુરમાં બીરાજમાન આચાર્ય મહારાજ ઉપર પોસ્ટ મારફતે મોકલેલું હાડકું "દીન" પેપરની જુની પસ્તીના કાગળમાં લપેટી. તેની ઉપર એક સફેદ કાગળ લપેટવામાં આવ્યો, જેની અંદરના ભાગમાં ચંદ્ર અને તારાની બારીક કાગળમાંથી કોરેલી આકૃતી તેમજ એક નાની મસજીદ જેવા ચીત્રની–પણ ખરેખર મંદીરની–છાપેલ કાપલી ચોંટાડવામાં આવી, આચાર્ય મહારાજનાજ નામના સીરનામાનો કાગળ તફડાવી તેની બંને બાજુનો બ્લકાબ વગેરેનો ભાગ કાપી લઇ ફકત તેમના નામનીજ સ્લીપ સદહું પારસલના રેપર ઉપર ચોંટાડી દે[illegible] [illegible]ટો લગાડી રાધનપુરનીજ પોસ્ટ ઓફીસે પોસ્ટ કરવા સવારના સાડાઆઠ વાગ્યાના સુમારમાં લઇ ગયા. પારસલ પોસ્ટની પેટીમાં નહીં પેસતાં તેને ઓફીસની બારીની અંદરના ભાગમાં મુકીને થોડીક વાર તેને લઇ [illegible] છે કે કેમ તેની ખાત્રી કરવા આંટા મારી ચાલી ગએલ. સદરહુ પારસલ આચાર્ય મહારાજને મળતાં સ્વભાવિક રીતે તેમને તેમજ જૈન કોમમાં ઘણોજ કચવાટ ઉભો થવા પામેલો. સ્થાનીક મહારાજની અરજ ઉપરથી નામદાર નવાબ સાહેબની ખાસ આજ્ઞા અનુસાર સદરહુ કેસ ઇ. પી. કોડ કલમ ૨૯૮ વગેરે મુજબ રજીસ્ટર કરી પોલીસે રીતસર તપાસ શરૂ કરી[illegible] તે પારસલ તયાર કરી મોકલવામાં જૈન કોમના જ અમુક ઇસમોનો હાથ હોવાની ભરૂસેદાર સંઘનો મારફત ખાત્રી થતાં, એ ઇસમોને અટકમાં લેવામાં આવેલા તેમજ બીજી જુબાનીઓ લેવામાં આવેલી તે દરમ્યાન આચાર્ય મહારાજ પોતાની ઉપર આવેલ પારસલ બાબત ગુનેહગારો સામે પગલાં ભરવા પોતાના સિધ્ધાંતની રૂએ નાખુશી બતાવતાં અત્રેના મહાજનનું એક ડેપ્યુ-ટેશન મે. દીવાન સાહેબ રૂબરૂ ગએલ, અને તે પછી નામદાર નવાબ સાહેબ હજુર ગએલ, જ્યાં હાડકાવાળું પારસલ આચાર્ય મહારાજને અમુક જણને ઇસમોએ મોકલેલ હોવા બદલ મહા-જનના ડેપ્યુટેશને પોતાની ખાત્રી કરી અને તોહમતદારો પૈકી સદરહુ ગુન્હાહીત કૃત્યની સઘળી હકીકત તેમની રૂબરૂ કહી સંભળાવી, અને તે ઉપરથી આચાર્ય મહારાજના માન અને જૈન કોમની શરમ ખાતર તેમજ તોહમતદારો પૈકી એક તો અત્રેના એક પ્રતિષ્ઠિત શ્રીમંત કુટુંબનો હોઇ પકડેલા ઇસમોને રેહમીયત બતાવી છોડી મુકવા ડેપ્યુટેશને નામદાર નવાબ સાહેબ હજુર ઘણીજ આગ્રેહભરી આજીજી કરી અને પરવશીરાહે આ પ્રકરણ બંધ કરી માફી આપવાની લેખીત અરજી કરતા અને તોહમતદારે પણ માફી માંગતાં અટકમાં લીધેલ ઇસિમોની ઉપર ખાસ રેહ-મીયત બતાવી નામદાર નવાબ સાહેબે તેમને છોડી મુકવાનો હુકમ કરેલ છે. તાજેતરમાં અપાશરા વગેરેમાં પથરા ફેંકી પરકોમ તેમજ રાજ્યને બદનામ કરવામાં આવે છે જે પૈકીનો અમુક નામ-ચીન ઇસમ અત્રેથી મોરવાડા તરફ નાસી ગએલ છે. પરકોમ અને સ્ટેટને વગોવવા ખાતર પોતાનાજ આચાર્ય મહારાજ પ્રત્યે આવું નીચ અને ગંદુ વર્તન ચલાવનારને પરમેશ્વર સદબુધ્ધી આપો!"

આ નિવેદન જે કલ્પનામાં પણ ન આવે એવી હકીકતો રજુ કરતું હોઇને સૌ કોઇને આશ્ચર્યમાં નાંખી દે તેવું છે અને તેમાં નામઠામ આપ્યા સિવાય જે મોગમ રીતે વિગતો આપવામાં આવી છે તે ધ્યાનમાં લેતાં એ હકીકતોની વાસ્તવિકતા વિષે કોઇને પણ શંકા ઉભી થયા સિવાય રહે તેમ નથી. જે શ્રીમંત પ્રતિષ્ઠિત કુટુંબની વ્યક્તિને એક તહોમતદાર તરીકે વર્ણવવામાં આવે છે તેનું પણ કાંઇ નામનિશાન આપવામાં આવ્યું નથી પણ રાધનપુરમાં આ બાબતમાં સંડોવવામાં આવેલ જે શ્રીમંત

વ્યક્તિનું નામ બોલવામાં આવે છે તેમના સંબંધે જરૂરી તપાસ કરતાં અમને પાકે પાયે માલુમ પડયું છે કે તે ભાઇને કોઇએ બોલાવેલ નથી કે તેણે એવી કશી જુબાની આપી નથી કે એવું અપકૃત્ય કરવા બદલ રાજ્યના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે એ રીતે કોઇ પણ પ્રકારની તેણે માફી માંગી નથી. આ વાત બરોબર હોય તો પરિણામે એ સાર નીકળે છે કે રાધનપુરના કોઇ પણ એક બે ભાઇઓને પોલીસ તરફથી અટકમાં લેવામાં આવે છે. પોલીસના પ્રયત્નોના પરિણામે અમુક શ્રીમંતના છોકરાને આ કાર્ય કરતાં તેમણે જોયેલ છે એવી મતલબની કબુલાત તેઓ લખી આપે છે. આ વાત ઉપર મહાજન એટલે કે નગરશેઠ નામદાર ખુદાવિંદ [illegible] દોડે છે અને કહેવાતા તહોમતદાર માટે માફી રહેમિયત માગે છે. આ [illegible] પ્રકરણમાં નગરશેઠનું વર્તન કેવું રહ્યું છે તે સૌ કોઇ [illegible]ખદાર ખુદાવિંદ ઉદારતાથી રહેમિયત બક્ષે છે અને રાજ્યનું જાહેરાત ખાતું આ ઉપરથી એક નિવેદન ઘડીને છાપાઓ ઉપર મોકલી આપે છે. દેશી રાજ્યોમાં આવી ઘટનાઓ બનતી જ આવી છે તેથી કોઇકનું અપકૃત્ય કોઇના માથે ઢોળી પાડવાનો રાજ્યના નીચેના અધિકારીઓનું આ એક કાવતું હોય એ બનવા જોગ છે અને એક શ્રીમંત અને ધર્મશ્રદ્ધાપરાયણ કુટુંબની એક વ્યક્તિ આવું અધમ કૃત્ય કરે તે કરતાં ઉપરનું અનુમાન વધારે સ્વાભાવિક લાગે છે. બધાંની વસ્તુસ્થિતિ અને બની રહેલી ઘટનાઓ સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ માંગે છે. રાજ્યના નિવેદનમાં જણાવવામાં આવેલી હકીકત સત્ય હોય તો એ રાધનપુરના જૈન સમાજના કપાળે મોટું કલંક ગણાય અને એ સંબંધમાં જે કોઇ વ્યક્તિ ગુનેહગાર હોય તેને રાજ્યે અથવા તો સંઘે સખ્ત શિક્ષા કરવી જ જોઇએ. ધારો કે આખી હકીકત જે પ્રમાણે રજુ કરવામાં આવી છે તેથી અન્યથા હોય તો પણ જ્યાં સુધી તે મુજબ જાહેર રીતે સાબીત કરવામાં ન આવે ત્યાં સુધી રાધનપુરનો જૈન સમાજ આ કલંકથી મુકત થયો ન જ ગણાય. તેથી આ બાબતમાં યોગ્ય તટસ્થ તપાસ મેળવવા માટે રાધનપુરના ત્યાં તેમ જ મુંબઇમાં વસતા જૈન આગેવાનોએ મજબુત હીલચાલ હાથ ધરવી જ જોઇએ. સાંભળવા પ્રમાણે આ બાબતમાં જેહમતભર્યો પ્રયાસ શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ અને શેઠ જીવાભાઇ તરફથી ચાલુ કરવામાં આવ્યો છે. પણ રાધનપુરના તમામ જૈનભાઇઓએ પછી તેઓ ગમે ત્યાં વસતા હોય, તેઓએ દેશી રાજ્યમાં થતા જુલમો અત્યાચારો, વગેરેથી નહીં ડરતાં જાહેર રીતે આ આખા કેસની તપાસ બહારના બ્રીટીશ રાજ્યના કોઇ નિવૃત અમલદાર પાસે કરાવવાની માગણી કરવી ઘટે છે અને તેમાં તમામ જૈનભાઇઓએ પુરતો સહકાર અને ફાળો આપવો જરૂરી છે. આ એવી જાતનું કલંક જૈનસમાજ ઉપર લગાડવામાં આવ્યું છે કે તે જો ન ભુસાય તો દાખલારૂપે હમેશને માટે રહેવાનું છે અને અહિંસાનો દાવો કરનાર આપણને નીચું જોવડાવનારૂં છે. જાહેર તપાસ કરતાં જો આબરૂદાર કુટુંબનો એ પુત્ર દોષીત ઠરે તો સમાજે તેને ઘટતા ડેજે પહોંચાડવો જોઇએ. આશા છે રાધનપુરી જૈનો કે જેમાં કેટલાક તો લાખોની દોલત ધરાવે છે, ધર્મ ઉપર ચુસ્ત શ્રદ્ધા ધરાવે છે અને મુંબઇની પંચરંગી પ્રજામાં પણ તેમનું નામ અગ્રસ્થાને છે તેઓ **રાધનપુરનું કલંક** ધોઇ નાખવા માટે દરેક પ્રયત્ન કરશે. લાખોમાંથી થોડા ઓછા થાય, હમેશનો સુખ-આરામ થોડો વખત ભોગવી ન શકાય અને રાજ્ય સામે પ્રવૃત્ત કરતાં રાજ્યની અવકૃપાના ભોગ થવું પડે તો પણ રાધનપુરને લાગેલા કલંકને દુર કરવા રાધનપુરી જૈનોએ કટિબદ્ધ થવું જ જોઇએ.

મણિલાલ મોકમચંદ શાહ

કેટલાક સમાચાર અને નોંધ

સંઘદ્વારા ખાદી હુંડીનું વેચાણ

આ વર્ષ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ખાદીહુંડીનું જ વેચાણકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું અને કુલ રૂા. ૮૧૭૬) ની હુંડીનું વેચાણ થયું છે. ત્રણ વર્ષથી આ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. પહેલા વર્ષે રૂા. ૧૯૦૦) ની ખાદીહુંડી વેચાઇ હતી; બીજે વર્ષે રૂા. ૩૦૦૦) ની ખાદીહુંડી વેચાઇ હતી. આ વર્ષે આ આંકડો વધીને રૂા. ૮૧૭૬) સુધી પહોંચે છે તે આનંદજનક છે. ખાદી વેચાણમાં સૌથી મોટું વેચાણ રૂા. ૩૩૫૮) નું બહેન શાન્તાબહેન પાટડીઆએ કર્યું છે. તેમને ખરેખર સંઘના ધન્ય[illegible] છે સૌ. જસુમતી [illegible] પણ ગયા વર્ષ કરતાં આ [illegible] છે અને તે રીતે [illegible]ની વિગત

[illegible]ન્તાબહેન પાટડીઆ
૫૮૦ [illegible]. [illegible]-જમતી મનુભાઇ કાપડીઆ
૫૭૫ સૌ. વેણીબહેન વિનયચંદ કાપડીઆ
૫૫૬ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ
૫૦૦ „ ચંદુલાલ વર્ધમાન શાહ
૮ { .. પરમાનંદ કુંવરજી કાપડીઆ; સૌ. વિજ્ [illegible]રમાનંદ કાપડીઆ; „ મધુરીબહેન અમૃત[illegible] શાહ
૧૫૪ શ્રી. કાન્તિલાલ ડી. કોરા
૧૫૦ „ વૃજલાલ ધ. મેઘાણી
૧૨૫ „ રતિલાલ ચીમનલાલ કોઠારી
૭૫ „ હુકમીચંદ શાહ
૬૦ „ તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી
૫૦ „ [illegible]. જી. શાહ
૨૫ „ ન [illegible]ચંદ શામજી
૨૫ „ વલ્લ મદાસ ફુલચંદ શાહ

સાહિત્ય પરિષદના પ્રસ્તાવો

અંધેરી ખાતે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદે પસાર કરેલા પ્રસ્તાવોનો સાર 'ફુલછાબ' નીચે મુજબ આપે છે.

૧

વિક્રમ સંવત ૧૯૯૮ એટલે કે આવતું વર્ષ ગુજરાત માટે ઘણું અગત્યનું છે. ગુજરાતનો મૂળ પ્રવાહ મહાન ચૌલુક્ય સમ્રાટ મૂળરાજદેવથી શરૂ થાય છે. વિ. સં. ૯૯૮ માં એ વીરશિરોમણિએ ગુર્જર ભૂમિનો શિલાનિવેશ કર્યો. એ દિવસથી ગુજરાતની સાંસ્કારિક, સામાજિક, રાજકીય અને પ્રજાકીય અસ્મિતા તેમ જ એકતા આપણા ઇતિહાસમાં પ્રગટયાં છે. આ કારણે આવતે વર્ષે એ પ્રસંગને ૧૦૦૦ વર્ષ પૂરાં થતાં હોવાથી ગુજરાતી પ્રજાના એ વિશ્વકર્માના રાજ્યાભિષેકની સહસ્ત્રાબ્દિ ઊજવવી.

૨

ગુજરાત બહાર બીજા પ્રાંતોમાં વસતા ગુજરાતીઓની સ્થિતિ મુશ્કેલીભરી બનતી જાય છે. આ સંમેલન ચેતવણી આપે છે કે, કેળવણી પર અને ખાસ કરીને ગુજરાતીમાં અપાતા શિક્ષણ પર જે આક્રમણ કરવામાં આવે છે તે બાબતમાં ગુજરાતીઓ જો વખતસર પગલાં નહિ ભરે તો ગુજરાત બહાર વસતો ગુજરાતી સમાજ સંસ્કારિક અને સામાજિક જોખમમાં આવી પડશે.

૩

મહાગુજરાતની સર્વ ગુજરાતી શિક્ષણ સંસ્થાઓનું એકીકરણ થાય એ અત્યંત જરૂરી છે, સંમેલન આ બાબતમાં કંઈપણ કરી શકે તે માટે આ બધાં ગુજરાતી મંડળોએ પરિષદના સંસ્થા-સભાસદ બની પરિષદ સાથે જોડાવું જોઇએ. આ સંમેલન પરિષદને એવું સૂચન કરે છે કે, ઉપર્યુકત પ્રશ્ન સંબંધી વિચાર કરી તેનો યોગ્ય નિકાલ લાવવા એક સમિતિ નીમવી અને મહાગુજરાત વિષે કંઈ સમાચાર મળી શકે તેવી એક પત્રિકા પ્રકટ કરવી.

૪

પરિષદ મુંબઇ વિદ્યાપીઠને વિનંતિ કરે છે કે અત્યારે બી. એ. ઓનર્સ ઇતિહાસના અભ્યાસક્રમમાં ત્રીજા પ્રશ્ન-પત્રમાં ઇતિહાસ વિષેના નિબંધનો વિષય [illegible] તેમાં સુધારો કરી નિબંધ અથવા ગુજરાત, મહારાષ્ટ્ર
રાખવો, જેથી મ[illegible]
આપ[illegible]

[illegible]

જ્યાં ગુજરાતના ઇતિહાસને સ[illegible]
[illegible]નાનક સંસ્થાઓમાં [illegible]યાં સરકારે, સંસ્થાનોએ અથવા [illegible] શકે તે માટે તેમનાં ભાષાંતરો સંક્ષિપ્ત ટીપ્પણો સાથ તૈયાર પાસે કરાવી એ સ્થળોએ રાખવાં.

૬

ડો. ભગવાનલાલ ઇન્દ્રજી શતાબ્દિ ઉત્સવ વખતે થયેલા ઠરાવ પ્રમાણે તેમનું તૈલચિત્ર અથવા અર્ધ [illegible] ગુજરાતી સાહિ પરિષદ તરફથી શ્રી. હેમચંદ્રાચાર્ય [illegible] સ્થળે મૂકવું.

૭

[illegible] અધિવેશન કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના અવસાનની સંવેદના નોંધે છે અને માને છે કે એ સાહિત્યસ્વામીના અવસાનથી જગતના સાહિત્ય અને સંસ્કૃતિને ન પુરાય એવી ખોટ પડી છે. એ પુણ્યાત્માને અંજલિ અધિવેશન અર્પે છે.

૮

બીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ, અને સંશોધક સાક્ષર શ્રી કેશવલાલ ધ્રુવ, વડોદરાનરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ, સર પ્રભાશંકર પટણી, હીરાલાલ પારેખ, દી. બ. નર્મદાશંકર મહેતા, મોતીભાઈ અમીન, ડાહ્યાભાઈ ડાહ્યાસરી, પ્રો. જયશંકર ત્રિવેદી, સરદાર જનાર્દન પાઠકજી, ગિજુભાઇ બધેકા, શાસ્ત્રી હાથીભાઇ, છોટાલાલ ન. ભટ્ટ, વિશ્વનાથ વૈદ્ય, વિનાયક નંદશંકર મહેતા, શિવલાલ પાનાચંદ શાહ, ચુનીભાઇ પુ. પટેલ, ફુલચંદભાઇ શાહ, ચમનલાલ વૈષ્ણવ, બલવંતરાય પ્ર. ઠાકોર, સર હોરમસજી એડનવાલા, સોરાબજી મંચેરજી, હરિહર દીવાના વગેરેના અવસાન બદલ અધિવેશન ઉંડો ખેદ જાહેર કરે છે.

પોકળ પદવીપ્રદાનની વ્યવસ્થિત યોજના

કાશીના એક સંસ્કૃત વિદ્યામન્દિર તરફથી 'સાહિત્યભૂષણ,' 'વિદ્યાભૂષણ', 'વૈદ્યભૂષણ' આવી અનેક પ્રકારની પદવીઓ દેશભરના અનેક લોકોને તેમની યોગ્યતાનો કશો પણ ખ્યાલ રાખ્યા સિવાય બબ્બે રૂપીઆ મેળવીને કેવી રીતે આપવામાં આવે છે તેની કેટલીક વિગતો 'પ્રજાબંધુ' દ્વારા પ્રગટ થઇ છે. અમદાવાદના એક એવા ગૃહસ્થને તેમની સાહિત્યકૃતિઓ માટે 'સાહિત્ય ભૂષણ'ની પદવી આપવામાં આવી હતી કે જેમણે આજ સુધીમાં એક પણ પુસ્તક લખ્યું નહોતું. આવી પદવીઓ મેળવીને સારા સારા માણસો મલકાયા છે અને સમાજના માનસન્માન પામ્યા છે. 'જુઓને! જેની આપણા પ્રાન્તમાં કશી કદર નથી તેની પર પ્રાન્તમાં કેટલી બધી કદર કરવામાં આવે છે' એમ પણ કેટલાકે આપણા લોકો ઉપર ઉપાલંભ કર્યો છે.

આ સંસ્થા સ્થળ સ્થળના જાણીતા માણસોના સરનામા મેળવે છે અને પછી તેમની ઉપર નીચે મુજબનો એક પત્ર મોકલે છે.

અખિલ ભારતીય રાજવિદ્વન્માન્ય સંસ્કૃત-વિદ્યા-મન્દિર, કાશી.

(સંસ્કૃત કાર્યાલય શાખા, કાશી)

પ્રતિષ્ઠાપત્ર સૂચના તા.

શ્રીમાન્.....

ભારતના અનેક ધર્માચાર્યો, મહારાજાઓ, વિદ્વાનો તથા ધનિકોદ્વારા સન્માનિત તથા સુરક્ષિત બનેલા અમારા સંસ્કૃત કાર્યાલયે છેલ્લાં ૧૧ વર્ષ માફક ઉપાધિ વિતરણ મહોત્સવ..... દરમિયાન આપને પણ.....ઉપાધિવડે અલંકૃત કર્યા છે. શ્રી રામાનુજાચાર્ય મહારાજ અને સંસ્કૃત-સંપાદકની સહીવાળું આપનું પ્રતિષ્ઠાપત્ર કાર્યાલયમાં સુરક્ષિત છે. કૃપા કરીને રજીસ્ટર સ્ટેમ્પ, સહાયતા, સદસ્ય લવાજમ વિગેરે બાબતોમાં વપરાવાના રૂા. ૨) અમારી ઉપર નીચે લખેલા સરનામે મોકલી આપીને આપનું ઉપાધિયુકત પ્રતિષ્ઠા પત્ર મંગાવી લેવા કૃપા કરશો. કૃપા કરીને પત્રોત્તર આપશો કે જેથી ફરીને યાદ આપવાની જરૂર ન રહે. પત્રોત્તર માટે ટીકીટ મોકલશો.

સંસ્કૃત વિદ્યામંદિર
(સંસ્કૃત કાર્યાલય શાખા)
બનારસ.

નિવેદક,
કમલાકાન્ત ત્રિપાઠી શાસ્ત્રી
સાહિત્યાલંકાર.

આ પત્રમાં જે ખાલી ભાગ છે ત્યાં નક્કી કરેલી પદવી લખવામાં આવે છે. એ પત્ર મળ્યા બાદ તેમાં જણાવ્યા મુજબ રૂા. ૨) મળ્યે તે ગૃહસ્થ ઉપર સૌ કોઇ માટે એકસરખું ઘડી રાખીને છપાવેલું નીચે મુજબનું પ્રતિષ્ઠાપત્ર મોકલી આપવામાં આવે છે.

શ્રીમાન

અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરતી સંસ્કૃત વિદ્યા જ્ઞાનને પ્રગટાવે છે. અન્ય અનેક વિદ્યાઓ હોવા છતાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણે કાળને વિષે આ ભાષા અભ્યુદયના કારણભૂત હોઇને તે વિદ્યાનું પરમ ઉન્નતિકારક સાચું સ્વરૂપ અન્ય વિદ્યાઓની અપેક્ષાએ અતિ શ્રેષ્ઠ રીતે પ્રકાશિત કરેલ છે. જગતના ગુરુરૂપ બનેલા એવા આ આર્યાવર્તમાં સંસારના કલ્યાણને માટે આ સંસ્કૃતવિદ્યાનો પુષ્કળ પ્રચાર અત્યંત જરૂરી છે અને તે પ્રચાર સંસ્કૃત ભાષાનું પઠનપાઠન, વકતૃત્વ, વર્તમાનપત્રદ્વારા પ્રચાર, સરળ અને શ્રેષ્ઠ ગ્રંથોનું પ્રકાશન અને તેવા પ્રકાશનોને આંગે પદવીપ્રદાન અને ઉત્તેજનાદિ કાર્યો-દ્વારા શકય છે. ઉપર્યુકત ઉદ્દેશોને કાર્યરૂપમાં પરિણમન કરવા માટે જ આ સંસ્કૃત વિદ્યામંદિર અસ્તિત્વમાં આવેલ છે.

દેવભાષાના કૃપાપાત્ર બનેલા જે કોઈ વિદ્વાન, ધર્માચાર્ય અને તેનું પરિશીલન કરનારા છે, તેઓ અમારા આ વિદ્યામંદિરને આદરણીય અને સ્નેહપાત્ર છે. હરહંમેશ આપશ્રીએ સંસ્કૃત ભાષાના વિકાસ માટે કરેલ કાર્યોને ધ્યાનમાં લઇને દ્રવ્યવિહીન અમારી આ સંસ્થા અલ્પ દ્રવ્યથી પણ તમને સત્કારવાને અસમર્થ છે છતાં પણ આ વિદ્યામંદિર પ્રભાવશાળી સુપદવીના પ્રદાન માત્રથી આપને સત્કારે છે. સાહિત્ય વિષયની આપની યોગ્યતાને લીધે પ્રસન્ન થઇને અમારું સંસ્કૃત વિદ્યામંદિર આપને .....ની ઉપાધિથી અલંકૃત કરીને અત્યંત હર્ષિત થાય છે. તેમજ સર્વશકિતમાન એવી મહાકાળીદેવીના બંને ચરણકમળમાં સવિનય પ્રાર્થના કરે છે કે આપની સાહિત્ય સંબંધી અભિવૃદ્ધિ ઉત્તરોત્તર વૃદ્ધિગત થાઓ.

પ્રબંધક :
પંડિત કાલિપ્રસાદ શાસ્ત્રી,
"સંસ્કૃતમ્" સંપાદક
સંસ્કૃત કાર્યાલય, અયોધ્યા

મંગલાકાંક્ષી,
રામાનુજાચાર્ય
દેવનાયકાચાર્ય
જગદ્ગુરુ
તિરુપત્તિ (મદ્રાસ)

આ પ્રતિષ્ઠાપત્રમાં પદવી પ્રાપ્ત કરનાર ગૃહસ્થની કશી સાહિત્યસેવાની વિગતવાર નોંધ આવી શકતી જ નથી અને તેનું લખાણ એટલું બધું મોગમ હોય છે કે તમે સાહિત્યની સેવા કરી હોય કે નહિ તો પણ આવું પ્રતિષ્ઠાપત્ર હળવે દિલે તમે લઈ શકો છો અને સોનેરી ફ્રેમમાં જડીને તમારા દીવાનખાનામાં લટકાવી શકો છો.

એ સંસ્કૃત વિદ્યામન્દિરના પરિપત્રમાં જ જણાવ્યું છે કે એ સંસ્થાની એક મુખ્ય પ્રવૃત્તિ પદવીપ્રદાનની છે અને આજ સુધીમાં તે સંસ્થાએ જુદા જુદા ૬૦૦૦ ગૃહસ્થોને ભિન્ન ભિન્ન પદવીઓથી નવાજ્યા છે. આ રીતે પણ એ સંસ્થાએ આજ સુધીમાં રૂા. ૧૮૦૦૦ પ્રાપ્ત કર્યા છે. સૂચના પત્રનો જવાબ મોકલવામાં ન આવે તો તેની ફરીથી યાદી આપવ[illegible] છે અને આ યાદી પત્રમાં પ્રસ્તુત પદવીને યોગ્ય બીજા ગૃહસ્થોના નામ ઠામ ઠેકાણાં સાથે માંગવામાં આવે છે. આ પ્રમાણે નવાં નામો [illegible] પોતાની માળા ચાલ્યા જ કરે છે. કહેવત છે કે 'લોભીઆ હોય ત્યાં ધુતારા ભુખે ન મરે' લોભ માણસને જેટલો ધનનો હોય છે તેટલો જ માન-સન્માનનો હોય છે. ધનની આજે અનેક ધુર્તબાજીઓ ચાલે છે. આ એક માણસમાં રહેલ માન-સન્માન મેળવવાની નબળાઇ ઉપર રચાયલી ધુર્તબાજી ગણાય. જેને કશો લોભ કે મોહ નથી તેઓ આવી ધુર્તબાજીથી સદા સુરક્ષિત છે.

"મારૂં કુટુંબ નિરાધાર નથી"

જ્યારે કોઇ પણ વિવાદાસ્પદ પ્રશ્ન ચર્ચાતો હોય ત્યારે પંત્રકારના અંગત અભિપ્રાયો ગમે તે હોય એમ છતાં પણ બન્ને બાજુને એ બાબતમાં જે કાંઇ કહેવાનું હોય તે તટસ્થતાપૂર્વક રજુ કરવું જોઇએ એ પત્રકારનો ધર્મ છે. ગયા 'પ્રબુદ્ધ જૈન'માં શ્રી અમૃતલાલ લક્ષ્મણની માતાનો પત્ર પ્રગટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શ્રી અમૃતલાલ લક્ષ્મણનું એક લાંબું નિવેદન અમને મળ્યું છે તેમાંનો જરૂરી વિભાગ નીચે આપવામાં આવે છે.

"ફરી હું સ્પષ્ટ કરૂં છું કે હું પુખ્ત ઉમ્મરનો, વ્યવહારથી ઘડાએલો, સમજુ અને વર્ષોથી મુંબઇ શહેરમાં વ્યાપારી કામકાજ કરનારો અનુભવી છું. મારી જવાબદારી હું સમજું છું. જૈન સાધુઓના આચાર વિચારોની તેમજ જૈનધર્મના રીતરીવાજોની મને પૂરતી સમજણ છે. બબ્બે વર્ષથી જૈનધર્મના સંસ્કારોથી હું મારા આત્માને તેમજ શરીરને કેળવી રહ્યો છું. પાંચ પ્રતિક્રમણ પ્રકરણાદિનો અભ્યાસ મેં કર્યો છે. જૈનધર્મના તપ, જપ, ક્રિયાકાંડો હું રસપૂર્વક કરી રહ્યો છું. ઉપધાનતપ કરી મેં માળ પહેરી છે. વર્ધમાનતપની ૧૧ ઓળી તેમજ નવપદની ઓળી વગેરે મેં કર્યા છે, તેમજ દીક્ષાને અંગેનો મારે નિયમ છે જેનું પાલન હાલ હું કરી રહ્યો છું. વળી છેલ્લે ધ્રાંગધ્રા ખાતેના આ ચાતુર્માસમાં બે વખત અઠ્ઠાઇઓ બે વખત ચોસઠ પહોરાપૌષધ તેમજ ત્રણ વર્ધમાનતપની ઓળી વગેરે મેં શક્તિ મુજબ કર્યું છે. આ બધું જણાવીને એકજ વાત કહેવા ઇચ્છું છું કે, મારી માતાના નામે મારી સામે જે લખવામાં આવ્યું છે તે જનતાને તદ્દન ગેરરસ્તે દોરવનારૂ છે.

વળી મારી મા પોતાના તે લેખમાં પોતાને નિરાધાર જણાવે છે તે હકીકત તદ્દન ઉપજાવી કાઢેલી છે. મારા ભાઈ વગેરે કે જે મુંબઇની ગુજરાતી શાળામાં શિક્ષક તરીકે છે અને બીજા ટયુશનો પણ મેળવીને માસિક સારી કમાણી કરે છે. (પોતાના તે લેખમાં મારી મા પોતાના જે પુત્ર પુત્રીને નહાના તેમજ કુમળા વિશેષણોથી ઓળખાવે છે તે મારા ભાઇ બહેન નહાના નથી પણ મુંબઇની ગુજરાતી શાળાના શિક્ષક ને શિક્ષિકા છે). અત્યાર સુધી એટલે લગભગ ત્રણ વરસથી મારી માને તેઓ સાચવી રહ્યા છે. આથી મારી માતાના કે ભાઇબ્હેનના ભરણપોષણની કોઇપણ પ્રકારની જવાબદારી છેલ્લા ત્રણ વરસથી મારા માથે રહીજ નથી. તેઓ સુખપૂર્વક મારી ગેરહાજરીમાં પોતાનો નિર્વાહ ચલાવે છે. મારા શિક્ષક ભાઇ તથા શિક્ષિકા બ્હેન તે શિવાય મારી માને ભરણપોષણ કરવા લાયક કોઇ કુટુંબ છે નહિ કે જેથી મારી દીક્ષાના સ્વીકારથી કુટુંબને નિરાધાર કે રખડતા રહેવાનો પ્રસંગ ઉભો થાય." **પરમાનંદ.**

જીવતા જમડા લઈ ગયાં

ધ્રાંગધ્રામાં મુનિ કનકવિજયજી પોતાના અમૃતલાલ નામના દીકરાને દીક્ષા ન આપે એવી વ્યવસ્થા કરવા ત્યાંના શ્રીસંઘ ઉપર ધા નાખતો બાઇ નર્મદાનો પત્ર છાપામાં વાંચ્યો ત્યારે તે સંબંધી ખરી માહેતી મેળવવા ઇચ્છા થઈ. જન્મભૂમિમાંથી તે બાઇનું સરનામું મેળવ્યું. મુંબઇના ભુલેશ્વર લતામાં કપુતરખાના પાસે આવેલ સાગરભુવનમાં રહેતી બાઇ નર્મદાબાઇ (દીક્ષિત થનાર ભાઇ અમૃતલાલની માતુશ્રી) પાસે ગયો.

બીચારી ભોળી ભદ્રિક બાઇ ખરેખર પ્રભુના માણસ જેવી લાગી. કોઇપણ રીતે પોતાના દીકરાને દીક્ષા ન અપાય એવા [illegible] જણવા તે ભારે ઉત્સુક જણાઇ અને કહેવા લાગી—

[illegible] નહિ. [illegible] લુવાણા. અમારે અને આ સાધુઓને [illegible] પણ બજારમાંથી કેટલાક [illegible] જતાઓ [illegible]

પર
નિ
રા
કાં

જતાં. એટલામાં ૨૫ વરસના પરણતર તેની વહુ ગુજરી ગઇ એટલે એનું દિલ વ્યાકુળ હતું. અને વળી આ સાધુઓનો સમાગમ ચાલુ રહ્યો છેવટે બધે ઠેકાણે તો માણસને મર્યા બાદ જમડા [illegible] જાય છે. પણ મારે ત્યાં તો મારા દીકરાને જીવતા જમડા [illegible] જેવું [illegible]

બાઇ! આ લોકોને કંઇ [illegible] નહિ હોય?" આમ કહી તે મારા તરફથી આશ્વાસનની રાહ જોતી [illegible] બાઇ.

હું શું જવાબ આપું? આ બાઇને કઈ રીત [illegible] આપવું તે મારે ન સૂજયું.

થોડા જ વખત પહેલાં બનેલા એ દાખલાઓ હજુ મારા સામે તાજા જ હતા.

પોતાના ધનવાન પતિ સુખલાલને દીક્ષા ન આપવા તેની સગર્ભા સ્ત્રી લલિત એ એક કાગળમાં શ્રી રામચંદ્ર સૂરીશ્વરજીને લખ્યું હતું કે "મહારાજ! મારા ચકલાનો માળો ચુંથી ન નાખશો"

છતાંએ માળો [illegible] ચુંથાયો અને સુખલાલને દીક્ષા અપાઇ ગઇ. બાઇ હજુ આંસુ પાડે છે.

બીજો દાખલો કરાચીમાં પોતાના નાનાભાઇ પોપટલાલને દીક્ષા ન આપવા પોપટલાલના મોટાભાઇ ભભૂતમલે મહારાજ વિદ્યાવિજયજીને કાગળ લખ્યો હતો કે—

"મહારાજ! મારો પગ સડે છે એવો ડોકટરોનો અભિપ્રાય છે. આવતીકાલે હરકિસન હોસ્પીટલમાં મારા પગનું ઓપરેશન થવાનું છે. ઘણું કરી પગ કપાવવો પડશે. માટે મહેરબાની કરી મારા ભાઇને દીક્ષા ન આપશો. મારો પગ સારો થયે હું પાસે રહી દીક્ષા અપાવીશ."

સમાજદર્શન.

સમાજના સ્વરૂપ, શ્રેય, અને ભાવનાનું વાસ્તવિક દર્શન તેની સંસ્થાઓમાં જ યોગ્ય રીતે થઇ શકે છે. અમુક સમાજ પ્રગતિવાન છે કે પ્રત્યાઘાતી છે, સમાજની મૂળભૂત ભાવના અને તેની આદર્શપ્રીતિ વૃદ્ધિગત છે કે કુંઠિત થઈ ગઈ છે. તે તેની સંસ્થાઓની કાર્યપ્રણાલિ, ઉદ્દેશ, અને તેના સંચાલન પાછળ રહેલી ભાવના ઉપરથી જ જાણી શકાય.

મને મારા સમાજનું આ દર્શન પહેલવહેલું બાર વર્ષની ઉંમરે જ્યારે શ્રી અમરેલી જૈન બોર્ડિંગમાં હું દાખલ થયો ત્યારે જ થયું. તે વખતે જ સમાજનું ખરું સ્વરૂપ, ઉપયોગ, તેની પાછળ રહેલી ભાવના અને સામાજીક [illegible]ની ભૂમિકા સ્પષ્ટ થઇ. ? અગાઉ સમાજ કે જ્ઞાતિ [illegible] અને [illegible] હતી! જ્યારે ન્યાતની જ [illegible] સરખે [illegible] જાતા હોય. અમને બાળકોને તે દિવસે શાળામાં [illegible] [illegible] ભણી [illegible]

કુદતા હોઇએ ત્યારે જ્ઞાતિનું, સમાજનું [illegible] કાલ્પનિક ચિત્ર સંપૂર્ણ થયું હોય તેમ લાગતું! આ સિવાય સમાજનું કંઇ બીજું સ્વરૂપ છે, તેને કંઇ વિશેષ કર્તવ્ય અને ભાવના પણ હોય છે તેવો ખ્યાલ જ ન હતો. સમાજમાં તે વખતે એવું કંઇ તત્વ પણ નહોતું કે જેથી મને સમાજના વાસ્તવિક [illegible] ખ્યાલ આ સમાજના મોટા ભાગને પણ મારા [illegible] [illegible]રાબ ખ્યાલ હોય છે [illegible]મ હું માનતો નથી. [illegible] [illegible]ધીનું મારું આ અજ્ઞાન, ભ્રમ, બોર્ડિંગના [illegible] ગયાં.

બોર્ડિંગમાં અમે પચીસ વિદ્યાર્થીઓ હતા. તેમાંથી થોડા જ માણી કે અર્ધમાણી હતા. બાકીના બધા સંસ્થાએ નક્કી કરેલ ખર્ચ ભરીને રહેતા હતા. છતાં પણ દર વિદ્યાર્થી દીઠ સંસ્થાને માસિક રૂપિયા ત્રણનો ખર્ચ ભોગવવો પડતો. માર્યું કે અર્ધ-માણી વિદ્યાર્થીઓનો તેના પ્રમાણમાં વધુ બોજ સંસ્થાને માથે પડતો! આ ખર્ચ કોણ આપે છે? શા માટે આપે છે? કયા લાભની ખાતર આપે છે? તે સંસ્થામાં નજીવા પગારે કાર્ય કરનારાઓ શા માટે તેની સેવા આપે છે? સંસ્થામાં મદદ કરનારા દાતાઓનું પત્રક જોતાં જણાવ્યું કે તેઓનો કોઇ પણ છોકરો આ સંસ્થામાં ભણ્યો નથી કે ભણતો નથી. છતાં પણ શા માટે મદદ કરે છે? આવા આવા કેટલાએ પ્રશ્નો મારા બાળક મગજમાં ઉભા થતા અને મને વધુને વધુ વિચારમાં મૂકી જતાં. કોઇ કોઇ વખતે કોઇ ગૃહસ્થ આવીને અમને મિષ્ટાન્ન જમાડતા; કોઇ આખી બોર્ડિંગને પોતાને ત્યાં નોતરતા ત્યારે પણ થતું કે અમને શા માટે જમાડે છે? શા માટે નોતરે છે? અમે કંઇ તેના ખાસ સગા નથી, તેના ગામના નથી અને કોઇ કોઇ સાથે તો આંખની ઓળખ પણ નથી. આવા આવા સાદા પણ ત્યારે તો નિગૂઢ લાગતા પ્રશ્નોનો એક જ ટુંકો પ્રત્યુત્તર મળી જતો કે અમે તેની ન્યાતના છીએ. અમે તેના સમાજના છીએ. અમે સૌ સ્વેચ્છાએ ભેગા થયેલા એક વિશાળ કુટુંબના છીએ. માટે જ આવું આવું બને છે. તે વખતે જ મને ખરું ભાન થયું કે કોમની અસ્મિતા આ દાન કરાવે છે, સંસ્થાઓ માટે માનવીઓની સેવા મેળવી આપે છે, આમંત્રણો અપાવે છે અને અમને આનંદ [illegible] આગળ વધારી સમાજને આનંદ પમાડે છે [illegible] જ્યારે પરીક્ષાના પરિણામો આવતા ત્યારે જેનું કોઇ પણ પાસ થવાનું નથી જ, તેવા માણસોને આતુરતાથી પરિણામની રાહ જોતાં, તે જાણી આનંદ અનુભવનાં અને માર્ક (ગુણ) મેળવનારને અભિનંદન અને ઇનામ આપતાં મેં જોયાં છે. ત્યારે જ મને સમાજના ખરા સ્વરૂપ, હેતુ અને ભાવનાનો ખ્યાલ આવ્યો છે. સમાજના મૂળ પાયામાં સેવા, સહકાર અને ઉપયોગી થઇ જાતે સુખી થઈ બીજાને સુખી કરવાની પ્રેમમય ભાવના જ પડી છે. આનંદ પ્રમોદ તો તે સુખનો સહજ પડતો પડઘો છે. સમાજને નાતે કોઇના બાળકને ભણવામાં સહાય કરવી, સમાજના નાતે કોઇ ગરીબને રાહત મળે તેવી યોજના રચવી, સમાજને નાતે માંદાની ભાવજત અને જરૂરિયાતવાળાને સંતોષવા, સમાજના નાતે સમાજના અન્ય માનવીઓના વિકાસમાર્ગ માટે કંઇ કરી છૂટવું અને સમાજના જ સામુદાયિક આનંદપ્રમોદ અને સંપર્ક, સંસ્કારવર્ધક યોજનાઓ કરવી તે જ સાચી સમાજ-વૃત્તિ અને સમાજ રચનાનો હેતુ છે. આ દર્શન જ્યાં જ્યાં થાય ત્યાં ત્યાં જ સમાજ છે અને જેટલા પ્રમાણમાં થાય તેટલા પ્રમાણમાં તે સમાજ પ્રગતિશાળી છે. બાકી તો પૃથ્વીને પાટલે અનેક અપરિચિતો આવે છે અને જાય છે છતાં પણ જેમ જેમ માનવી આગળને આગળ વિચારપૂર્વક વધતો જાય છે તેમ તેમ તેની ક્ષિતિજ-મર્યાદા પણ લંબાતી જાય છે. સમાજનું સાચું કર્તવ્ય પણ એજ છે કે જેમ જેમ માણસ વિકાસ પામતો જાય તેમ તેમ સમાજ તેવા તૈયાર થયેલાને આગળને આગળ મોકલતો જાય. પણ આ બધું ક્યારે બને? જો સમાજમાં પોતાના નાનકડા વર્તુળ પૂરતી પણ આ જાતની ભાવના હોય તો.

સમાજના એક નાનકડા અંશ જેવા ભાગને નિહાળો. તેની સંસ્થાઓ, સંસ્થાની કાર્યપધ્ધતિ અને દ્રષ્ટિ નિહાળો તો સમજી શકાશે કે તે સમાજ કેવો છે અને ભવિષ્યમાં કેવો બનવા માગે છે, તે સમાજના હાર્દથી કેટલો નજદીક કે દુર છે, તેના ગર્ભમાં સમાજ ભાવના-માનવતા સજીવ છે કે નિઃચેતન છે, તેની ઉપયોગી થવાની વૃત્તિ કે મુરાદ મૂર્તિમંત છે કે અનાકાર છે. આ વસ્તુ જાણવાથીજ આપણે કહી શકીએ કે તે સમાજ પ્રગતિવાન છે કે પ્રત્યાઘાતી છે. આ પ્રગતિની વ્યાખ્યા આજે સ્પષ્ટ નથી એટલે એ સંબંધમાં ઘણી વખત ગેરસમજુત ઉભી થાય છે. ડાહ્યા અનુભવી જગતે એક વસ્તુ નક્કી કરી છે કે જે માનવતાની નજદીકને નજદીક જતો જાય છે, પૂર્ણતા તરફ જેનું પ્રયાણ છે અને જે જગત સમસ્તને પ્રેમથી બાહુપાશમાં સમેટવા માગે છે તે જ પ્રગતિશાળી છે અને જે વિશાળતામાંથી નાનકડા વર્તુળ તરફ જતાં જતાં પોતાનાજ પૂરતો કેન્દ્રિત થઈ જાય છે તે પ્રત્યાઘાતી છે-પાછળ રહી ગયેલ છે, પછાત છે. આ સિવાયના બીજા કોઇ પણ ગજ

આવા પત્થરને પણ પિગળાવે તેવા કાગળની પણ મુનિ વિદ્યાવિજયજી ઉપર જરાય અસર ન થઇ. અને જ્યારે પોખરાજના ભાઇનો મુંબઇના દવાખાનામાં ડોકટરો પગ કાપી રહ્યા હતા તે જ વખતે કરાંચીમાં તેને દીક્ષા આપવાની તૈયારીઓ થઇ રહી હતી અને દીક્ષા અપાઇ પણ ગઇ.

આ બન્ને દ્રશ્યો હજુ મારી આંખ સામે તરવરતા હતા ત્યાં આ ત્રીજું નર્મદાબાઇનું કરૂણ દ્રશ્ય જોવા મળ્યું.

પૈસાદાર લોકો પોતાના પૈસાના બળથી ગરીબ માણસના છોકરાઓને આમ સાધુઓ પાસે લુંટાવે છે. પૈસાની તંગીથી ગરીબીના ભોગ બનેલાં માબાપોને નિઃશ્વાસપર નિઃશ્વાસ નાખતાં અને પોતાની આંખ આગળ છોકરાને આમ ઉપાડી જતાં જોઇ રહેવું પડે છે. છે કોઇ ઉપાય આવા બળાત્કારો રોકવાનો!

ટી. જી. શાહ.

કે માપ પ્રગતિ કે પ્રત્યાઘાતને માપનારા હાલમાં તો દેખાતા નથી. અલબત્ત હમણાં હમણામાં જગતના બીજા અંગોની પરવા કર્યા વિના દેખાતા કે થઇ ગયેલા સુખી, ભણેલાની થોડીક વધુ સંખ્યા ધરાવતા અને બીજાને દ્રવ્ય, બુદ્ધિ, કે જુથબળે ગાડરની માફક દોરતા સમાજના કોઇ એક નાનકડા ભાગને પ્રગતિશાળી સમાજ તરીકે ઓળખવાની બુરી પ્રથા આધુનિક જડવાદી જમાનામાં પ્રચલિત થયેલી જોવામાં આવે છે. પણ તે માપ અતિ નાનું અને અસત્ય છે એમ માનવતામાં માનતા મહાનુભાવો માને છે અને વાસ્તવિક રીતે એ માન્યતા બરોબર લાગે છે.

જગતની સકળ રચના અને તેની સ્થિતિ સમય સંજોગ અને વાતાવરણને અધીનવર્તીજ છે તે સમયે સમયે સંજોગ અને વાતાવરણ મુજબ બદલાયા જ કરે છે. તેની જ પ્રગતિની કુચનો કંઇ છેડો આવતો જ નથી.

[illegible] જ ગતિસૂચક છે અને જે સદાય ગતિમાન છે તેજ સદાય જીવંત છે. હજારો વર્ષ થયાં આ પ્રગતિની કુચ ચાલુ જ છે. દરેક યુગે પોતાની જરૂરિયાત અને શક્તિ પૂરતું અંતર કાપ્યું છે અને ભવિષ્યમાં પણ તે મુજબ અંતર કપાયા કરશે અને અંત વગરની ઘટમાળમાં જગત્ ફર્યા જ કરશે. પણ જે પોતાના પુરોગામીની કુચથી જ સંતોષ પકડી ગતિ થંભાવી બેઠા છે તે જગતની ગતિમાં પાછળ રહી જાય છે અને નિષ્ક્રિય બની તેજોવિહીન બને છે, કારણ કે ગતિનું ધ્યેય સ્પષ્ટ છે, પણ સીમા, મર્યાદા નક્કી નથી. જેમ પાણી, બાષ્પભવન અને પુનઃ પાણીની ઘટમાળ છે તોજ પાણીની સ્વચ્છતા, શુદ્ધતા, તાજાપણું રહે છે, જગતના સમગ્ર ચૈતન્ય કે ઉદ્‌ભીજને ઉપકારક બને છે અને કુદરતની અનેક રચનામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પણ પાણી એકલું પરિવર્તન વગર ખાબોચિયાનું પાણી જ રહેતું હોત તો? જીવનનું પણ તેમ છે. સમાજનું પણ તેમ જ છે. ગતિ એજ સમાજ સંજીવની છે.

સમાજના નાનકડા અંશો કે ભાગલાઓ વ્યવસ્થા જાળવવાના કારણે ભલે ટકે, પણ મુખ્ય લક્ષ્ય તો બધા અંશોનું પોતાના મૂળ શરીરને સમૃદ્ધ, શક્તિશાળી, અને શાન્તિમય બનાવવાનું જ હોવું જોઇએ. આ દૃષ્ટિએ સમાજના નાનકડા અંશોની રચના આવકારદાયક ગણાય, બાકી નહિ. આ વાત જાણવા માટે આપણે એક વખત તે નાનકડા સમાજનું ખરૂં સ્વરૂપ જાણવું જોઇએ. મેં શરૂઆતમાં કહ્યું છે તે મુજબ સંસ્થાનું વાસ્તવિક સ્વરૂપ તો તેની સંસ્થાઓમાં જ જોઇ શકાય છે. તેથી સમાજની ભિન્ન ભિન્ન સંસ્થાઓનો વિચાર કરતાં તેનું નીચે મુજબ વર્ગીકરણ કરી શકાય.

(૧) સમાજની પોતાની આંતર વ્યવસ્થા જાળવનારી અને સમાજને નિયમનમાં રાખનારી સંસ્થા–Establishment Office–જેવી. આ સંસ્થાનું લક્ષ્ય સકળ સમાજના વિધવિધ પ્રશ્નો, જરૂરિયાતો, ગુંચો ઉકેલવાનું અને સમાજના પૃથક પૃથક બળોને એકત્રિત કરી તેને સમાજના કાર્યમાં યોજી તેમાંથી નવું બળ જન્મવવાનું હોવું જોઇએ. તેને બદલે આજે તો આ સંસ્થાના પ્રાબલ્ય અને કામગીરી જ આખા સમાજનું લક્ષ્યકેન્દ્ર કેમ જાણે ન હોય તેમ લાગે છે. સમાજની સમગ્ર આર્થિક કે માનવશક્તિ આ સંસ્થાના નિભાવ પાછળ જ વપરાઇ રહેલી છે. વાણિજ્ય માટે ઉભી કરવામાં આવેલી પેઢી–Establihment–જે વ્યાપારવિનિમયને બદલે કારકુનો પટાવાળાઓ, મેનેજરોને જ સંભાળવાનું કાર્ય કેવળ કર્યા કરે તો એક દિવસે તે સંસ્થા નાબુદ થવાની તે શંકા વગરની વાત છે. આજે સંસ્થાઓના નાણાનો વહીવટ તપાસવામાં આવે તો જરૂર ખાત્રી થાય કે સમાજનું બળ, શક્તિ અને સાધન Establishment પાછળ ખર્ચાઇ જતાં સમાજના બીજા અગત્યના કાર્ય માટે બાકી કંઇ રહેતું નથી!

અપૂર્ણ

વ્રજલાલ ઘ. મેઘાણી

સંઘના સભ્યો અને 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોને વિનંતિ

'પ્રબુદ્ધ જૈન' પાક્ષિક પત્રનું આ ત્રીજુ વર્ષ ચાલે છે. તેમાં સમર્થ વિચારકો, અને વિદ્વાનો, તથા સુધારક વિચારના બંધુઓ તરફથી જુદી જુદી જાતની વાનગી પીરસવામાં આવે છે જેને ઉચ્ચ સંસ્કારી વિચાર ધરાવતા અને સાધારણ વિચાર ધરાવનાર પણ આનંદથી પચાવી શકે છે. આ પત્ર જૈન સમાજમાં વિચારક વર્ગમાં ધીમે ધીમે વધુ લોકપ્રિય થતું જાય છે. આ [illegible] મુંબઇ જૈન [illegible] સંઘને સાતસો આઠસો [illegible] પરાંત સંઘ તરફથી [illegible] ભાઇબહેનોને [illegible] આશરે [illegible]

[illegible] ભાવના છે. આ વાંચનાલય અને પુસ્તકાલય ચલાવવા માટે તેમજ સંઘ તરફથી યોજાતી પર્યુષણપર્વની વ્યાખ્યાનમાળાનું જે દિવસે દિવસે વધુ લોકપ્રિય થતી જાય છે તે તેમજ બીજી પ્રવૃત્તિઓ [illegible] સંઘને આશરે ત્રણેક હજારનું ખરચ થાય છે. સંઘની [illegible] મુંડા [illegible] સંઘના સભ્યો અને તેની પ્રવૃત્તિમાં રસ લેનારા ભાઇ બહેનો જ તેના બોજો ઉપાડી લે છે. એટલે સંઘના સભ્યો અને 'પ્રબુદ્ધ જૈન'ના [illegible] દિવાળીના ચોપડાપૂજન અને બેસતા વર્ષના માંગલીક પ્રસંગે [illegible] આપવાની યાદ જરૂર કરે, અને તેમ કરી અમારી કાર્યવાહી સમિતિને ખર્ચની ચિંતામાંથી મુક્ત કરે એવી અમારી નમ્ર વિનંતિ છે.

મણિલાલ મોકમચંદ શાહ
વ્રજલાલ ધરમચંદ મેઘાણી
મંત્રીઓ.

सबकी बोली

भाञ्ची! सबकी बोली बोल।
भाषाका घमंड मत रख तू सबका हिया टटोल।
भाञ्ची, सबकी बोली बोल।
सबके मनकी बात बताना।
भाषाका घमंड क्यों लाना॥
हिलमिलकर रहना है भाञ्ची, गाँठ हियेकी खोल।
भाञ्ची, सबकी बोली बोल॥
अरबी और फारसी छोडो।
संस्कृत, प्राकृतसे मुँह मोडो॥
हिन्दुस्तानवासियो बोलो, हिन्दुस्तानी बोल।
भाञ्ची, सबकी बोली बोल॥
सबने मिलकर देश बसाया।
फिर क्या अपना और पराया॥
अपनी अपनी हाँक न भाञ्ची, सबके मनमें डोल।
भाञ्ची, सबकी बोली बोल॥
सबको अपने मनमें लाओ।
सबके मनमें तुम बस जाओ॥
ऐसी बोली बोल जिससे प्रेम बढे आनमोल।
भाञ्ची, सबकी बोली बोल॥

('नइ दुनिआ'मांथी उधृत) सत्यभक्त

ધર્મ: સાહિત્યનું પ્રેરણામૂળ

(ચાલુ માસ દરમિયાન અંધેરી ખાતે મળેલ ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષસ્થાનેથી કવિવર અરદેશર ફ. ખબરદારે આપેલ મહત્વપૂર્ણ વ્યાખ્યાનમાંથી નીચેનો વિભાગ અવતરિત કરવામાં આવ્યો છે. તંત્રી.)

સાહિત્ય માટે વિવરણ

આપણા સાહિત્યના સંબંધની વ્યવહારુ વાતો કર્યા પછી હવે આપણે નર્યા સાહિત્યના વિષય પર જ આવીએ. આપણે આ સાહિત્યનાં સંમેલનો ભરીએ છીએ, તેમાં બસેં પાંચસેં કે હજાર જણાં મુદ્દતે મુદ્દતે ભેગાં મળીએ છીએ, તે જોઇને હજી પણ આપણા ધંધાદારી ભાઇઓ પૂછે છે કે ભાઇ, આ શી અમથી ખટપટ કરો છો? આ નકામી સાહિત્યની વાતોથી દેશને કે આપણો શો ઉદ્ધાર થશે

સત્તાની વગેરે વાતે

પૈસાનું માણ

ભાઇઓનું મન તો આપણે ઠાલી

ત્યાં પછી કોને પૈસો નહીં મળે તે બધી

આપે છે.

પ્રશ્નો અનેક ભાઇઓએ પૂછવા જ. ... ભરા ગરીબ વર્ગના ધંધાદારી ભાઇઓ છે તેમ જ શ્રીમંત વર્ગના શેઠીઆઓ પણ છે. એમાંના કેટલાક માત્ર કાગજ અને નામું લખવા જેટલું શીખેલા તો કેટલાક ગુજરાતી અને અંગ્રેજીની પણ સારી કેળવણી લીધેલા સજ્જનો પણ છે. એમ થવાનું કારણ ... કે એ સૌ ભાઇઓના કર્મસંજોગે ... અંતરાત્મા હજી ઉઘ... જ નથી. પશુપ્રાણી અને માનવજાત વચ્ચે ખાસ ફેર શો... છે અને ... મૂળ વાતથી જ એ ભાઇઓ બેખબર છે. પશુજીવનના બધા વ્યવહાર માણસ પણ કરે છે અને ... જ માફક માણસ પણ પોતાના જીવનનું રક્ષણ કરવાના પ્રયાસ કરે છે. એ પશુથી જ નહીં પણ પોતાના વિરોધી માનવ... થી પણ એ સમાજ પોતાના રક્ષણના ઉપાય યોજે છે. પોતે ... બધાથી વધારે ઐશઆરામમાં સુખચેનથી રહી શકે એમ માનવજાતનો મોટો ભાગ ચાહે છે, અને એ ઇચ્છામાંથી જ સ્પૃહા-હરિફાઇ ઉત્પન્ન થાય છે, ને તેમાંથી વ્યવહારની, વ્યાપાર... બધી યોજનાઓ ઘડાય છે; અને એમાંથી જ આખરે માનવ-સમાજે વચ્ચે માંહોમાંહ્ય મહાયુદ્ધો પણ થાય છે. પણ આ... વાતમાં આપણે એક વાત પૂછીશું કે ભાઇ, જીવન જીવવા... ને જીવનને રક્ષવાની વાતમાં, પશુસમાજથી માનવસમાજ કાંઇ જુદો પડે છે? યોજનામાં ફેર હશે, પણ ભાવનામાં તો કશો ફેર નથી જ.

અને આ વાણિયા વેપારીની બધી વાતમાં ત્રાજવાતોલ નીતિશાસ્ત્રીય શબ્દોમાં "ઉપયોગિતાવાદ"ની કહી શકાય. એની નજરમાં સાહિત્યનો ઉપયોગ એના અર્થશાસ્ત્રમાં કશો કામનો નથી. પણ માનવદુનિયામાં શું ઉપયોગની જ વસ્તુઓની ગણના છે? માણસને શું ઉંઘ, ભૂખ, તરસ, જાતીયભાવ જેવી પશુજીવનની જ ઝંખના છે, ને બીજું કશું નથી? એને ઉલ્લાસ, મોજશોખ, અહંદર્શન આદિ બીજા ભાવો શું ઉત્પન્ન નથી થતા? અને એની બુદ્ધિનું અને કલ્પનાનું શું? પશુજીવનથી એનું જીવન ઉંચું છે તેનો ફેર બતાવનારા આ માનવગુણોનું શું? શું માત્ર રોટી મળ્યાથી જ ગમે તેવા નીચા ઘરના માનવીને સંપૂર્ણ સંતોષ થશે? તે બહારની દુનિયાની વાતો, તેના પૂર્વજોનાં સાહસોની વાતો, તેનાં પોતાનાં પરાક્રમોની વાતો શું જાણવા કરવા તે માગતો નથી? એ બધું શું બતાવે છે? લેખનકળા પણ શોધાઇ નહીં હશે એવા દૂરના જમાનામાં પણ એનું આ કંઇસ્થ બુદ્ધિધન, કલ્પનાધન અને જિજ્ઞાસાધન તો જરૂર જ હોવું જોઇએ અને હતું જ, તે તેના અવશેષોથી અને સંશોધનથી આજે પણ આપણે જોઇને જાણી શકીએ છીએ. એ ખાસ ધન વિના એ હાલતા ચાલતા વનમાણસ (ape) જેવો જ રહ્યો હોત; પણ એ છેક દૂરના ભૂતકાળના માણસે પણ એની પશુથી જુદી પડતી માનવસંસ્કૃતિના આરંભકાળથી પોતાના ઉત્તમ ભાવોની, વિચારોની, અનુભવોની ને ભાવનાઓની નોંધ રાખી છે, ને એની વાણીમાં તે પ્રથમ તો વંશપરંપરા તેને કંઇસ્થ રાખતો ને તેમાં ઉમેરો કરતો આવ્યો છે. એ વિના તેની પ્રગતિ કદાપિ થઇ હોત જ નહીં. કલ્પનામય માનવી પોતાની ભાવનાઓને સિદ્ધ કરવા અને તેને મૂર્ત કરવા મથ્યો રહ્યો ત્યારે જ એમાંની ... ભાવનાઓ કાર્યરૂપે પરિણમી, અને એવી ... આકડા ઉમેરાતા જતાં માનવસંસ્કૃતિ ધીમે ધીમે આગળ વધતી ગઇ, અને તેનો આજે જોઇએ છીએ તેવો અદ્ભુત વિકાસ થયો. આજનો વાણિયો વેપારી પોતાના ધંધામાં ... ઉપયોગ... જે જે વસ્તુઓ રાખી રહ્યો છે, તે શું આ સંસ્કૃતિનું જ પરિણામ નથી? એને બેસવાના ગાદી તકિયા જોઇએ તે માટે રૂ અને કાપડ જોઇએ તે શું એમ જ ધરતીમાંથી એને મળે છે? એના વેપારની અનેક વસ્તુઓ શું પૃથ્વીમાં જ ઊગે છે? એના પત્રવ્યવહારનું શું? એને બીજળીની કે ધાસલેટની પણ અત્તી જોઇએ છે તેનું શું? એને અદલાબદલા માટે હુંડીપત્ર કે નાણાંના સિક્કા જોઇએ છે તેનું શું? આ બધું જ શું એનું સાહિત્ય નથી?

સાહિત્ય" શબ્દની સાદી વ્યુત્પત્તિમય વ્યાખ્યા કરીએ તો "હિતકારક વસ્તુઓનો સંગ્રહ તે સાહિત્ય." આ "વસ્તુઓ" શબ્દને બદલે આપણે "વચનો" કે "ઉક્તિઓ" મુકીએ તો તે આપણા સાહિત્ય એટલે વાંગ્મયની એક વ્યાખ્યા થઇ. એ વેપારીના વેપારનાં સાધનોની નોંધ યા કથા જો વંશપરંપરા ઊતરી ન આવી હોત, અને એ વેપારી પણ પોતાના અનુભવ અને આદર્શોનો તેમાં ઉમેરો કરતો ન હોત, તો જે લાભ કે નફો એના ઉપયોગિતાવાદથી એ કરે છે, તે એ શું કરી શકયો હોત? કદી નહીં. એવું એ સાહિત્ય શું છે, અને તે માનવજીવનને ટકાવવા અને આગળ વધારવા શું શું કરી શકયું છે, તે મેં વિસ્તારથી ગુજરાતી સાહિત્ય પરિષદની ભાવનગરવાળી સાતમી બેઠક વેળાના મારા ભાષણમાં કહેલું છે, એટલે તેનું પુનરાવર્તન કરવાની અહીં જરૂર નથી.

એક વાર ફરીથી આપણે "સાહિત્ય" શબ્દની વિશાળમાં વિશાળ વ્યાખ્યા કરી જોઇએ. માનવજીવનના ભાવોની, વિચારોની, અનુભવોની અને ભાવનાઓની શિષ્ટ નોંધ તે સાહિત્ય. હું અહીં 'શિષ્ટ" શબ્દ ઉમેરવાની ખાસ અગત્ય જોઉં છું, કેમકે જે અનિષ્ટ છે, તે અવગુણકારક છે. હિતકારક નથી, અને તેથી તે વર્જ્ય છે. આજે આપણે માનવજાતનાં જુનામાં જુનાં સાહિત્ય લેખે આર્યોના વેદ અને અવેસ્તા ગાથાને જાણીએ છીએ, અને એમાંની શિષ્ટ નોંધ માનવજાતને હિતકારક છે એની કોણ ના પાડશે? હજારો વર્ષ ઉપરના આપણા પૂર્વજોની સંસ્કૃતિ કેવી હશે તેનું કંઇક આંશે પણ સ્પષ્ટ દર્શન એ સાહિત્યથી શું આપણને નથી મળતું? જમાને જમાને કે યુગે યુગે સામાન્ય નીતિના વિચારોમાં દેશકાળાનુસાર ફેર રહેતો આવ્યો છે, પણ એ બાદ જતાં કેવળ માનવધર્મના વિચારોમાં, ભાવોમાં ને ભાવનાઓમાં એ સાહિત્યની નોંધમાં શું શિષ્ટતા નથી? માનવ કંઇ દેવ નથી, એટલે એની પશુતાના ગુણો પણ તે જમાનામાં તો મોજૂદ હતા; પણ એની એ પશુતામાં દિવ્યમાર્ગ તરફ ઊન્નત વહેતી એની જે માનવતા હતી, તેનાં જ પુણ્યદર્શન માનવે એ શિષ્ટ સાહિત્યમાં સંગ્રહીને અમર રાખેલાં છે. જે પુણ્યમય છે તે જ જીવવા યોગ્ય છે, જે પાપમય છે તે વર્જ્ય ને મૃત્યુપાત્ર છે. અને

આ સાહિત્યના કણુકણથી જે પુણ્યભંડાર માનવીએ સંગ્રહી રાખ્યો છે, તે જ એની પ્રગતિનું, એના શ્રેયનું સાધન છે. આપણો વેપારી ભાઇ વેપાર કરે ને દુનિયાની ઉપયોગિતામાં વધારો કરે, પણ એને પણ સાહિત્ય વગર તો ચાલવાનું નથી જ. અને એ સાહિત્ય એના બીજા ભાઇઓ જે એનાથી જ્ઞાનમાં અને દેવપ્રકાશમાં આગળ વધેલા છે તે એને પૂરું પાડે, એના હૃદયને તથા એની બુદ્ધિને વધારે પ્રકાશમય કરીને એના ઉલ્લાસની વૃદ્ધિ કરે, એના ગ્રાહક-જનના વર્તનમાં એને અણુસમજતા ગુણોનું પૃથક્કરણ કરીને તે એને સમજાવે, તો શું એ સાહિત્ય એના ઉપયોગિતાવાદનું પોષણ પણ નથી કરતું ? માનવજીવનમાં સાહિત્યની અગત્ય હતી તો જ તે પરાપૂર્વથી ઊતરતું અને સંધરાતું આવ્યું છે. આ મનુસૃષ્ટિના આરંભથી અનેક માનવસંસ્કૃતિઓ કાળાંતરે એક [illegible] પ્રકૃતિના કોઇક મહા ઉત્પાતથી કે મહાયુદ્ધથી નાશ પામતી આવી છે, પરંતુ એના બહુ થોડા અવશેષો આ પૃથ્વી પર રહ્યા છે. પણ એણે [illegible] વિકાસ જે કાંઇ વિશેષ જ્ઞાન પોતાના પૂર્વજોથી મેળવ્યું હતું તેની કથાઓ તો એક કંઠથી બીજે કંઠે ઊતરતી જ આવી હતી, અને આજે પણ એવા જૂના જલપ્રલયોના ને બીજા વિનાશોના ઉલ્લેખ આર્યોના વેદોમાં ને અવેસ્તામાં પણ આવે છે. એ કંઠસ્થ સાહિત્ય હતું, તો જ આપણે હજારો વર્ષ પછી તે વાતો જાણી શકયા છીએ, તેમજ તેમના જીવનની પ્રગતિની વાતોથી પણ આપણે માહિતગાર થઇ શકીએ છીએ.

સાહિત્ય કેવું જોઇએ ને કેવું ટકી શકે ?

આપણે ઉપર જોઇ ગયા તેમ સાહિત્ય જ માનવજીવનની સમગ્ર દિશાની પ્રવૃત્તિઓનો શિષ્ટ ઇતિહાસ છે, માનવસંસ્કૃતિઓ-માંની શિષ્ટ તારવણીઓનો જીવંત ભંડાર છે. આકાશમાં પ્રકૃતિનાં અનેક તત્વો રહેલાં છે; આપણે પણ નહીં પિછાન્યાં હોય તેવાં પણ બહુ હશે. પણ એ આકાશને ઝળહળાવી મૂકતું એનું ખરું ધન-આપણા વાણિયા વેપારીના રૂપૈયા-તો ચેતનવંતા ને સદા ઝગમગતા તારા, સૂર્ય, ચંદ્ર ને ગ્રહો છે. આખાયે વિશ્વનું સમગ્ર અવલોકન, આપણી સ્થૂળ દૃષ્ટિમાં અને દૂરબિનમાંથી પણ જોઇ શકાય તેવી શકય દૃષ્ટિમાં આ શિષ્ટ ચેતનમય તારાઓથી જ આપણે કરી શકીએ છીએ. અને તેની અગાધતાનું ને અનંતતાનું ચિંતન પણ કરી શકીએ છીએ. ઉપર કહ્યું તેમ જે શિષ્ટ સાહિત્ય છે તે જ અમરતાને પાત્ર છે.

વિજ્ઞાને પણ આપણને શીખવ્યું છે કે પ્રકૃતિમાં જે અશિષ્ટ છે તેનો કાળક્રમે નાશ થાય છે અને શિષ્ટ (fittest) જીવનનો જ વિકાસ થાય છે ને તે પ્રકૃતિના તુમુલ યુદ્ધમાં જીવી શકે છે. વિશ્વનું ચૈતન્ય પ્રકૃતિને શુદ્ધ કરતું કરતું તમામ જીવનને પુણ્ય-સ્થિતિ ભણી જ વાળે છે. જે પાપમય છે તે પ્રકૃતિના અશુદ્ધ અને અધૂરા રૂપનું દર્શન છે, જે પુણ્યમય છે તે જીવનના શુદ્ધ, પૂર્ણ ને ઉપકારક રૂપનું અંતિમ ફળ છે. જે પાપમય છે તે જીવનને અધોગતિ અને દુઃખ તરફ ખેંચે છે, જે પુણ્યમય છે તે જીવનને પ્રગતિ પર ચઢાવી આનંદ બક્ષે છે. જે પાપમય છે તેનો પ્રકૃતિની વિકિયામાં ભંગ થાય છે, જે પુણ્યમય છે તેની જ્યોતિ અચળ રહીને ઝગમગે છે. જે પાપમય છે તેનો ક્ષણિ-કતામાં વાસો છે, જે પુણ્યમય છે તે અનંતતામાં અમર વિહરે છે. એવું અમર સાહિત્ય જ ઉત્પન્ન કરવાનું પ્રત્યેક લેખકનું ધ્યેય હોવું જોઇએ. પ્રત્યેક લેખકે જાણવું જોઇએ કે તેનામાં જે ચેતન છે તે પ્રભુનું જ છે, ને તે પુણ્યમય છે. તેણે જાણવું જોઇએ કે તેના કોઇક પુણ્યના ફળરૂપ તેના પર વાગ્દેવીની મહેર ઊતરેલી છે, અને તેના હજારો લાખો મૂક માનવબંધુઓ જે પોતાના ભાવો, અભિલાષાઓ અને ભાવનાઓ વાણીના શિષ્ટ રૂપમાં ઉતારી કે ઉદ્ગારી શકતા નથી, તેના અવેજી તરીકે તે લેખકને જે શક્તિની બક્ષિશ થયેલી છે તેનો ઉપયોગ પુણ્યમાર્ગે જ કર-વાનો અધિકાર છે. એ અધિકારનો જે લેખક દુરુપયોગ કરે છે તે માનવજાતના શત્રુનું કાર્ય કરે છે. તે સાહિત્યને કલુષિત કરે છે, એટલે તે માનવાત્માની પવિત્રતાને કલુષિત કરે છે અને તેની પ્રગતિમાં વિરોધ ઉત્પન્ન કરે છે. કાળના વહેવા સાથે એવું સાહિત્ય પછી, તે ગમે તેવી પ્રતિભાથી ને કળાથી અંકિત હોય, તો પણ આખરે નાશ પામે છે, કારણ કે નિસર્ગનિયમ પ્રમાણે તો જે શિષ્ટ છે તે જ ટકી શકે છે ને અમરત્વ પામે છે.

ધર્મ જ સાહિત્યનો ને કળાનો પાયો

કાળના અંધારા ઓડાણમાં અતિ દૂરથી પણ આપણી [illegible]માન કરી શકીએ કે તે [illegible] હિંસક પશુ પ્રાણી [illegible]વાના ભય રહેતો હતો. એ [illegible] ...વાતક તત્વો—ધરતીકંપ, વાયુવંટોળિયા, [illegible] પણ ભાગ [illegible]તો. એટલે આ [illegible]

કોઇ દિવ્ય તત્વનો [illegible] ઉત્પન્ન થયો હશે. એ ભયમાંથી પોતાનું રક્ષણ કરવા એ દિવ્ય તત્વને કોઇક રીતે રાજી કરીને તેની કૃપા મેળવવાની અભિલાષા એના મનમાં જન્મી હશે. એટલે એણે પ્રથમ પ્રકૃતિનાં તત્વોની—સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, [illegible] પર્વત આદિની પૂજા અને વિનવણી કરવા માંડી. પોતાનાં [illegible]ઓની એ પ્રાણા[illegible] પ્રકૃતિના ઉત્પાતોથી પોતાની નજર સામે થતી ઘાતથી એના મનમાં ભય અને પછી અનુકંપા ઉત્પન્ન થવા લાગી, અને એ ભયમાંથી કોઇ[illegible]ન્ન થવા એણે એની કલ્પના પ્રમાણે પોતાના દેવ સ્થાપવા માંડયા. દુનિયાના નવે ખંડમાં માનવજાતના નીચલા થરમાં આ જાતની દેવપૂજા હજી પણ ચાલુ છે, અને આપણાં ગામડાંઓમાં—ના, નગરોમાં પણ—એ જાતની પૂજા આપણે હજી જોઇએ છીએ. આ ભય અને અનુકંપામાંથી એને કોઇ દિવ્ય, અદૃશ્ય, ચેતનતત્વની ઝાંખી થઇ, અને એ ચેતનતત્વના બીજમાંથી અને મૃત્યુના ભયમાંથી માનવને ધર્મનો ચમકાર ઉત્પન્ન થયો. એટલે બધા ધર્મના મૂળમાં આ ભય અને અનુકંપા જ રહેલાં છે. જ્યારે તેને ચેતનતત્વનો ખ્યાલ આવ્યો ત્યારે તેનો સારાનરસાનો ખ્યાલ વધારે તીવ્ર બન્યો, અને એમાંથી જ ધર્મના પ્રથમ તણખારૂપ નીતિરીતિના વિચારો અને ધીરેધીરે તેના સિદ્ધાંતો પણ રચાયા. પૂજાના દેવના સ્થૂળ રૂપે સૂર્યચંદ્ર હો, સાગરસરિતા હો, પહાડ પથ્થર હો, કે બીજું ગમે તે હો, માનવને તો એના ભયમાંથી મુક્ત કરવા તે દેવની દયા ને મહેર જ જોઇતી હતી અને હજી જોઇએ છે.

હવે, એ પછી, માનવને એ દેવને હંમેશ પોતાની સામે અને પાસે રાખવા માટે કોઇ સ્થાનની અગત્ય પડી, અને એ અગત્યને લીધે દેવને માટે ઘર બંધાયાં. પોતે ગમે તેવી લાકડાં-પતરાંની ઝુંપડીમાં એ માનવ રહેતો હોય, પણ પોતાના દેવને માટે કોઇ ઉચ્ચતર મઢી જ કરવાની તેને સ્વાભાવિક ઇચ્છા થાય, કેમકે દેવ કાંઇ એના જેવો સામાન્ય જન નહીં હોઇ શકે. એ દેવસ્થાનને સુંદર રૂપ આપવા માટે એના મનમાં નવો વિચાર ઉત્પન્ન થયો ને તેમાંથી કલાબુદ્ધિનો જન્મ થયો. એના દેવમંદિરને વિવિધ રીતે શણગારવા અને તેથી દિવ્યતા, ભવ્યતા, ને સુંદરતા બતાવવા એના ભાવે ને એની કલ્પનાએ પ્રયાસ આદર્યા. એ મંદિરમાં દેવને રીઝવવા અને પોતાની ઉંડી ભક્તિને વેગ આપવા

એણે ગાનતાન, નૃત્ય અને ભજન યોજવા માંડયાં. બધી કળાનો વિનિયોગ આ દેવમંદિરમાં થવા માંડયો, અને ધીમે ધીમે તે બહાર પ્રસર્યો. માનવજાતે પોતે અનેક યુગમાં મેળવેલા અને સંઘરી રાખેલા જ્ઞાનનો યોગ પણ એ દેવમંદિરને માટે થવા લાગ્યો. જ્ઞાનદિશા સતત ઉઘડતી જતાં અને આ પૂજનો ભાવ શુદ્ધ થતો જતાં આખરે લાંબે કાળે માનવને પરાજ્ઞાન ઉત્પન્ન થયું, અને ધીરે ધીરે આ અનેક દેવો ના અને અનેક દેવમંદિરોના વિવિધ વાદમાંથી શુદ્ધ એકેશ્વરવાદ, બ્રહ્મવાદ, સ્યાદ્વાદ, દ્વૈતવાદ, અદ્વૈતવાદ જેવી ઉચ્ચ કોટિની ધર્મકલ્પના માનવજાતિના અનેક જૂથોમાં પરિણામ પામી.

આ પરથી આપણે સ્પષ્ટ જોઈ શકાએ છીએ કે બધાં સાહિત્યનો ને બધી કળાનો પાયો ધર્મમાં જ રહેલો છે. આજે આપણી પાસે સાહિત્ય ને કળા [illegible] જે રૂપ મોજૂદ છે તે [illegible] વર્ષોમાં ધીરે ધીરે વિ[illegible]

[illegible]

તે સાહિત્યને ને કળાને આપણે [illegible]
[illegible] ળ પાયો જ ધસી પડશે અને આપણી એ [illegible]
આપણે [illegible]

[illegible] ને કળાના મધ્યબિંદુરૂપ રહ્યા [illegible] [illegible] ાડા જાય કે સડો પામે, તો સાહિત્ય અને કળાના [illegible] થાય તે કલ્પવું મુશ્કેલ નથી.

હિંદુસ્તાન કે ઇરાન કહો, ચીન કે અરબસ્તાન કહો, મિસર, ગ્રીસ કે તુર્કસ્તાન કહો: એ સૌ પ્રાચ્ય દેશોએ લાંબા અનુભવે અને યોગવિદ્યાના બળે માનવજાતની [illegible] પ્રવૃત્તિને સ. પ્રગતિને માર્ગે વહેવડાવવા [illegible] જ વિશ્વના મધ્યબિંદુ પર મૂકેલો છે: વિશ્વનું [illegible] તે જ સત્ય છે, તે જ પ્રભુ છે, અને [illegible] વસ્તુઓ ગૌણ છે. પાશ્ચાત્ય દેશોએ પાછળથી ચૈતન્યના વિકાસનો તલસ્પર્શી અભ્યાસ કરવાને બદલે બહુધા પ્રકૃતિના ગુણના સંશોધનથી સ્થૂળ ભોજનમજાનાં સાધનો ઉત્પન્ન કરવામાં, અને તે ટકાવી રાખવાને વિપક્ષ સામે યુદ્ધ કરવાની આસુરી સંપત્તિનો ઉપયોગ કરવામાં પોતાની શક્તિ ખર્ચી છે. પરિણામે આજે આપણે શું જોઈએ છીએ? આજે પશ્ચિમના એક જ ખંડની નાની નાની પ્રજાઓ વચ્ચે પાર્થિવ સત્તાને માટે જબરાં સંઘર્ષણ થયાં છે; ધર્મ સત્ય, નેકી, વ્યક્તિસ્વાતંત્ર્ય, સ્નેહ આદિ પ્રાચ્ય ખંડનાં આદર્શ ને ભાવના બધાં એક તડાકે ત્યાં વિલુપ્ત થવા લાગ્યાં છે, અને તેની સામે પાર્થિવ સત્તા અને તેને પોષવા ટકાવવા તથા વધારવા માટે અસત્ય, ઢોંગ, પ્રપંચ, ગુલામી, બુરાઈ વગેરે તમામ અધર્મને ધર્મરૂપ મનાવવાનાં મંથન ત્યાં ચાલી રહ્યાં છે. ધર્મ જ તૂટે પછી બાકી શું રહે?

કર્મસંજોગે પશ્ચિમની પ્રજાઓ સાથે આપણો યોગ ચાર સદીથી થવા માંડયો ને ધીરે ધીરે ત્યાંનો પાર્થિવ સુખવાદ આપણે અહીં પ્રવેશવા લાગ્યો. પશ્ચિમની પ્રજા સ્થૂળ ભોજનશોખ ને આરામના વિષયમાં વિજ્ઞાનના વિકાસથી આપણા કરતાં આગળ વધેલી લાગી, અને જિતાયેલી પ્રજા લેખે આપણી પ્રજાને ત્યાનું બધું જ ઉત્તમ ને અનુકરણીય લાગ્યું. ચૈતન્ય ને પ્રકૃતિના યોગથી ઉત્પન્ન થયેલા આ વિશ્વમાં બંનેનું કામ છે. પ્રકૃતિના ગુણોનું જ્ઞાન આપણા સમગ્ર વિકાસ માટે જરૂર કામનું છે, પણ એ જ્ઞાનને આપણે ચૈતન્યના પુત્રોએ ચૈતન્યના જ વિકાસ માટે ઉપયોગમાં ને વિનિયોગમાં લેવાનું છે. પ્રકૃતિનું સ્વરૂપ અંધારમાં છે, ચૈતન્યનું સ્વરૂપ તેજમાં છે. આપણે શું લઇશું? શું માંગીશું? અંધાર કે ચૈતન્ય? આ પ્રશ્નના ઉતરમાં જ આપણી પ્રગતિનો કે અધોગતિનો માર્ગ રહેલો છે.

અ. ફ. ખબરદાર

ખાદી પ્રવૃત્તિની પ્રગતિ

મુંબઈ શહેરમાં તા. ૬-૯-૪૧ ના રોજ ખાદી અને ગ્રામોદ્યોગ સંમેલન ભરવામાં આવ્યું હતું, તે પ્રસંગે ખાદી પ્રવૃત્તિના સુ[illegible] સૂત્રધાર શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણીએ ખાદી નિવેદન [illegible] કર્યું હતું. આ નિવેદનમાં આજે ખાદી પ્રવૃત્તિ કેટલી આગળ વધી રહી છે તેને લગતા કેટલાક જાણવાજોગ આંકડાઓ રજુ કરવામાં આવ્યા હતા. તેઓ જણાવે છે કે "સને ૧૯૨ માં ખાદી ઉત્પત્તિ અને વેચાણની શરૂઆત થઈ. ૧૯૨૪ સુધીના ચાર વર્ષ ખાદી કામનાં પ્રાથમિક વર્ષો ગણાય. ૧૯૨૪ પછી સંગઠ્ઠિતરૂપે ખાદી કામની શરૂઆત થઇ અને ત્યાર પછી જે આંકડાઓ ચરખાસંઘને દફ્તરે છે તે ઉપરથી સમજી શકાય છે કે ૧૬ વર્ષમાં હિંદુસ્થાનની અંદર કાંતનાર, વણનાર અને અન્ય કારીગરોને મજુરી રૂપે રૂ. ૩,૫૯,૪૧,૯૦૦ ની રકમ આપી શકાઇ છે અને ૧૯૪૦ ની સાલમાં ચરખા સંઘને દફ્તરે કામ કરતા કારીગરોની સંખ્યા ૨,૭૬,૧૪૬ ની છે. આ કારીગરો ૫૩,૪૫૧ ગામડામાં પથરાયલા છે. કારીગરોની જાતવાર સંખ્યા નીચે મુજબ છે. હરિજન ૧૯,૬૪૫, બીજા હિંદુ ૧૮૯,૨૭૩, મુસલમાન ૫૭,૩૭૮, અને બીજાઓ ૨૮,૮૫૦ છે, "આ ઉપરાંત તેમના જણાવવા મુજબ 'ખાદી ઉત્પત્તિ માટે આજે ૬૦૮ કેંદ્રોમાં કામ ચાલી રહેલું છે. વેચાણ માટે હિંદભરમાં ૨૮૪ વેચાણ ભંડારો ચાલે છે અને આ વેચાણ ભંડારો મારફત ગયા વર્ષમાં ૭૮ લાખ રૂપીઆનું વેચાણ થયું છે".

મુંબઇના ખાદી વેચાણના આંકડા પણ પ્રોત્સાહક છે. ૧૯૩૬-૩૭ માં મુંબઇના વેચાણનો આંકડો રૂ. ૩,૬૧,૯૬૮ નો હતો તે ઉત્તરોત્તર વધતાં ૧૯૪૦-૪૧ માં તે આંકડો રૂ. ૬,૬૪,૦૦૦ સુધી પહોંચ્યો છે.

આ રીતે ખાદીની પ્રવૃત્તિ હિંદુસ્થાનની ગરીબ જનતાને કેટલી બધી ઉપકારક અને આશીર્વાદ સમાન થઇ પડી છે તેનો આપણને કાંઇક ખ્યાલ આવી શકે તેમ છે. પણ આટલી પ્રગતિથી સંતોષ માનવો જરા પણ યોગ્ય નથી. આજે એક બાજુએ આપણા દેશમાં મીલનું તેમ જ પરદેશી કાપડ બળીને ખાદી વેચાણ કરતાં અનેકગણું વધારે કાપડ વેચાય છે; બીજી બાજુએ દેશમાં બેકારી અને ભુખમરો પારવિનાનો છે. આ બેકારી અને ભુખમરાનું નિવારણ ખાદીના તેમ જ ગ્રામોદ્યોગનિષ્પન્ન વસ્તુઓના વધારેને વધારે વપરાશમાં રહેલું છે આ બાબત તરફ પ્રજાનું હજુ જોઇએ તેટલું ધ્યાન ખેંચાયું નથી અને જે લોકો આ વાત સમજે છે અને સ્વીકારે છે તે લોકો અમલમાં મૂકવામાં ખૂબ પ્રમાદ સેવે છે. આ પ્રમાદ છોડયા સિવાય આપણો ઉદ્ધાર અસંભવિત છે.

પરમાનંદ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૧૩

મુંબઇ : ૧ નવેમ્બર ૧૯૪૧ શનિવાર.

લવાજમ
રૂપિયા ૨

...જી અને લલિતકળા

I believe that my life, my reason, my ...ght, is given me e... for the enlightenment of my fellow-beings. I believe that my knowledge of the truth is a talent which is lent me for this object: that this talent is a fire which is a fire ... it is being consumed. I believe that the only meaning of my life is that I should live it only by the light within me, and should hold that light on high before men that they may ...

—Tolstoy.

ભાવાર્થ: હું માનું છું કે મને મારું જીવન, મારી બુદ્ધિ અને મારું જ્ઞાન મારા માનવબંધુઓને જ્ઞાન આપવા માટે જ મળેલાં છે. હું માનું છું કે મારું સત્યજ્ઞાન એ પણ એક શક્તિ છે અને તે આ જ હેતુ માટે મને ધીરવામાં આવેલી છે: એ શક્તિ અગ્નિ જેવી છે, અને એ અગ્નિ જ્યારે વપરાતો હોય છે ત્યારે જ સ્વગ્નિ રહે છે. હું માનું છું કે મારા જીવનનો એક જ અર્થ છે કે મારે મારું જીવન મારા અંતરદીપની પ્રેરણા પ્રમાણે ... અને મારે એ દીપને માણસો આગળ ઉંચો ધરવો જેથી તેઓ એને જોઇ શકે.

—ટોલ્સ્ટોય

[શ્રી દિલીપકુમાર રોય બંગાળાના એક સુવિખ્યાત સંગીતકાર છે. તેમણે કેટલાક સમય પહેલાં 'તીર્થંકર' અ ... પુસ્તક પ્રગટ કર્યું છે અને તેમાં તેમણે શ્રી અરવિંદ ઘોષ, મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ઠાકુર, બર્ટ્રાન્ડ રસલ અને રોમાં રેલાં સાથે પોતાને જુદે જુદે પ્રસંગ ... થયેલી તેની સુબોધપ્રદ નોંધ આપી છે. આ લેખમાળાનો અનુવાદ શ્રી નગીનદાસ પારેખ 'પ્રસ્થાન'માં પ્રગટ કરી રહ્યા છે. તે આખી લેખમાળા ... પચ્ચીશીંગ કું. લી' તરફથી 'તીર્થંસઙ્ગીલ' એ નામથી થોડા સમયમાં પુસ્તકાકારે પ્રગટ થવાની છે. તેમાંના ગાંધીજી ઉપરના લેખમાં લલિતકળા પરત્વે ગાંધીજીના કેટલાક વિચારપ્રેરક મૌલિક મન્તવ્યો બહુ સુન્દર રીતે રજુ કરવામાં આવ્યા છે. મૂળ લેખમાંથી આટલો વિભાગ તારવીને શ્રી. નગીનદાસ પારેખની ઉદાર અનુમતિથી 'પ્રબુદ્ધ જૈન' ના વાંચકો માટે નીચે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ.]

મહાત્માજીની સાથે આ વાતચીતો ૧૯૨૪ અને ૧૯૨૬ માં થઇ હતી. મેં તરતોતરત જ તે લખી લીધી હતી. ૧૯૨૯ માં મેં એ તેમને મોકલી આપી અને પ્રગટ કરવાની રજા માગી. તેમણે એ વાંચી જોઇ અને મને લખ્યું કે મને એ ખૂબ ચિત્તાકર્ષક ('interesting') લાગી છે, અને મને એટલા ઓછા સુધારા કરીને પાછી મોકલું છું ('with the fewest possible alterations'): આ વાત અક્ષરેઅક્ષર સાચી છે. માત્ર એક લીટી ઉપર જ તેમણે કલમ ચલાવી હતી. વળી જ્યારે હું વિયેનામાં ભારતીય સંગીત વિષે વ્યાખ્યાનો આપતો ફરતો હતો અને તેમને મેં ફરી યુરોપ આવવાનું લખ્યું હતું. (૨૦-૯-૨૭) ત્યારે મને નીચે મુજબ જવાબ મોકલેલો.

"પ્રિય મિત્ર

યુરોપમાં મારી જે ખ્યાતિ થઇ છે તેને હું સાચે જ અયોગ્ય છું. મને ઘણીવાર એમ થાય છે કે હું જો પાછો યુરોપ કે અમેરિકા જાઉં તો મારા વિષે એમના જે મોટા મોટા ખ્યાલો છે તે બધા કડડભૂસ થઇ જશે-તેમની ભ્રમણા ભાંગી જશે. તમે ખાતરીપૂર્વક માનજો કે આ હું કેવળ શિષ્ટાચાર કે વિનય ખાતર કહેતો નથી. હું આમ કહું છું કારણ કે મને સાચે જ એમ લાગે છે. એજ. ગાંધી"

આ નિરભિમાનતાના ગુણથી જ આજે તેમણે સૌનાં હૃદય જીત્યાં છે.

* * *

મહાત્માજીની સાથે મારી પહેલી મુલાકાત ૧૯૨૪ ના ફેબ્રુઆરી માસમાં પૂનામાં થઇ હતી. ત્યાંની ઇસ્પીતાલમાં તેઓ ત્યારે પથારીવશ હતા-તરતના જ એપેન્ડિસાઇટિસના અસ્ત્રોપચાર પછી. તે વખતે ૫ણ તેઓ જેલમાં હતા એમ જ કહેવાય-કારણ કે જેલ તરફથી જ તેમને ઇસ્પિતાલમાં મોકલ્યા હતા. છતાં તે વખતે તેઓ માંદા હતા એટલે મુલાકાત માગનારાઓને સહેલાઇથી તેમને મળવાની રજા મળતી હતી.

સવારનો પહોર હતો. આકાશમાં સવારનું સોનું પથરાયેલું હતું.

મહાત્માજી ઓશીકાંના ઢગલા ઉપર બેઠા હતા-અર્ધા સુતેલા હતા એમ જ કહેવું જોઇએ. ઓરડામાં તેમના મંત્રી મહાદેવ દેસાઇ, શ્રીમતી સરોજિની નાયડુની એક કન્યા, એક તામીલ વકતા, અને બીજા પણ કેટલાક જણ હતા. મહાત્માજી તેમની સાથે હસતે મોઢે વાતચીત કરતા હતા. તેમનું હાસ્ય જોઇને મન ભરાઇ ગયું. એવું શિશુસરલ હાસ્ય મોટી ઉંમરના માણસોના મુખ ઉપર જોવાનું સૌભાગ્ય જીવનમાં જવલ્લે જ મળે છે. જવાહરલાલે તેમની આત્મકથામાં ખોટું નથી કહ્યું કે મહાત્માજીનું હાસ્ય જોવાનું સૌભાગ્ય જેને મળ્યું નથી તે મહાત્માજીને ઓળખતો નથી.

* * *

તેમને પ્રણામ કરીને મેં કહ્યું: "માત્ર આપનાં દર્શન કરવા જ હું બાંગલોરથી પૂના આવ્યો છું."

મહાત્માજી હસીને બોલ્યા: "Oh, that is kind of you indeed!"

પોતાની પાસે જ બેસાડીને તેમણે મારું નામ અને ઓળખાણ પૂછ્યાં.

નામ સાંભળતાં જ શ્રીમતી સરોજિનીકન્યા બોલી ઉઠ્યાં: "ઓ! તમે પેલા ગવૈયા દિલીપ રાય કે?—જે યુરોપમાં ફરી ફરીને સંગીત શીખતા હતા—તે દેશની 'હાર્મની' આપણા દેશની 'મેલડીમાં' આણવા માટે?"

"ઈંગ્લંડમાં અને જર્મનીમાં હું ત્યાંનું સંગીત થોડું ઘણું શીખ્યો છું ખરો," હું વિધિપૂર્વક વિનયવચનથી બોલ્યો, "પણ આપણા સંગીતમાં તે લોકોની 'હાર્મની' દાખલ કરવાની મારી કદી મતલબ હતી જ નહિ".

"પણ તમે ગવૈયા છો એ વાત તો તમે જાહેર કરી દીધી," મહાત્માજી બોલી ઉઠ્યા, "એટલે હવે બોલો—મારા જેવા એક માંદા આદમીને તમે થોડાં ગા[illegible] સંભળાવશો કે નહિ" તો માત્ર એટલું જ [illegible] છે."

"આપને ગીત સંભળાવવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થાય એવું મેં ધાર્યું [illegible] હું મારો તંબૂરો લઈને ક્યારે આવું, કહો—સાંજે?"

"[illegible] આવો તો તો બહુ સારું—અરે ઉભા રહો" એમ [illegible] "મારા આ મિત્ર જો સાંજે અહા જરા [illegible] ગાય તો અહીંના બીજા દરદીઓને અગવડ થશે ખરી?"

શ્વેતાંગિની હસતે મોઢે બોલી: "લગારે નહિ, મિસ્ટર ગાંધી, તમે જોઈએ એટલાં ગીત સાંભળજોને."

મહાત્માજીએ તેનો ઉપકાર માન્યો [illegible] "તો [illegible] જ સાંજે—પાંચ વાગે, ફાવશે ને."

"જરૂર [illegible]—માત્ર એક પ્રશ્ન માફ કરજો—સંગીત તમને [illegible] ગમે તો છે ને?"

'સંગીત કોને ન ગમે?—હું નાનપણથી જ સંગીતભક્ત છું—ખાસ કરીને ભજનોનો. છતાં તમને કહી રાખવું સારું કે સંગીતના તદ્‌વિદ જેને કહે છે તેવો હું નથી—એટલે કે સંગીતના ટેકનિકની સાથે મારે કશી લેવા દેવા જ નથી. પણ એનું મને ઝાઝું દુઃખ પણ નથી, સંગીત મારા હૃદયને સ્પર્શ કરે છે—બસ, બીજું શું જોઈએ? તમને શું લાગે છે?'

"પણ સંગીતની ટેકનિક જાણતા હોઈએ તો સંગીત પ્રત્યેનો પ્રેમ વધે નહિ?"

"વધે. પણ મને એ જાતના વિશેષજ્ઞ થવાની ઝાઝી ઉત્કંઠા નથી. સંગીતમાંથી હું તો પ્રેરણા મેળવવા ઇચ્છું છું, એ જો મને મળી રહે તો મને સંતોષ છે.

"મને આજે પણ દક્ષિણ આફ્રિકાની આવી જ એક ક્રિસ્મસ-તાલ યાદ આવે છે ત્યાં પાટાપાંધેલી અવસ્થામાં જ્યારે હું પડેલો હતો, ત્યારે મારી વિનંતિથી મારા જ એક મિત્રની કન્યા રોજ મને તેમનું પ્રખ્યાત ભજન Lead Kindly Light ગાઈ સંભળાવતી. તે ગીતથી મારી બધી અંગની વેદના અને તાપ પીગળી જતાં. એ કન્યાનો હું કેટલો ઋણી છું?—બોલો, હજી વધારે સાબીતી જોઈએ છે મને સંગીત ગમે છે કે નહિ એની?"

ઓરડો હાસ્યથી ગાજી ઊઠ્યો.

* * *

હું એક મરાઠી પ્રોફેસરને ઘેર ઊતર્યો હતો. ત્યાં આખો દિવસ કોઇની સાથે સારી રીતે વાતચીત કરી ન શક્યો. મને વારંવાર રવીન્દ્રનાથની 'શ્રી અરવિંદ તર્પણ' કવિતા યાદ આવતી હતી.

અરવિંદ, રવીન્દ્રેર લહ નમસ્કાર...
દેવતાર દીપ હસ્તે જે આસિલ ભવે
સેઈ રુદ્રદૂતે બલો કોન્ રાજા કબે
પારે શાસ્તિ દિતે! બંધનશૃંખલ તાર
ચરણવંદના કરિ' કરે નમસ્કાર,
કારાગાર કરે અભ્યર્થના.

(ભાવાર્થ: અરવિંદ, રવીન્દ્રના નમસ્કાર સ્વીકારો...દેવતાનો દીપ હાથમાં લઇને જે જગતમાં આવ્યો છે, તે રુદ્રદૂતને કહો કયો રાજા કયારે સજા દઇ શકે છે! બંધનની બેડીઓ તેની ચરણવંદના કરી તેને નમસ્કાર કરે છે. કારાગાર તેનું સન્માન કરે છે.)

કદાચ મહાત્માજી તે વખતે જેલમાં હતા એટલે આ લીટીઓ હું ભૂલી શકતો નહોતો.

* * *

નમતા પહોરનો સોનેરી પ્રકાશ ઓરડામાં પથરાઇ ગયો છે. મહાત્માજીની [illegible] પાસે જઇને બેઠો હાથમાં તંબુરો લઇને મીરાબાઇનું ગીત ગાયું.

સુની મૈં હરિ આવનકી આવાજ
મહલ ચડી જોઉં મોરી સજની, કબ આવે મહારાજ
દાદુર મોર પપીહા બોલે કોયલ મધુરે સાજ
બરસે બાદરવા મેઘા બોલે દામિન છોડી લાજ.
ધરતી રૂપ નવાં નવાં ધરિયાં પિયા મિલનકે કાજ
મીરા કે ચિત ધીર ન માને વેગ મિલો મહારાજ.

મહાત્માજીની આંખમાં પાણી ચમકી ઊઠ્યાં. કેટલીય વાર સુધી કોઇ જ બોલ્યું નહિ!...મારા તરફ જોઇને મહાત્માજી તે હાસ્ય હસ્યા જે

આંધાર–પ્રાણે શિશુર દાને
મિટાય આલો ક્ષુધા
કરુણા કાંપે... ધરણી–તાપે
આકાશ હાસે સુધા.

* * *

મહાત્માજી જ પહેલા બોલ્યા:

"મીરાનું ભજન! સુંદર ન હોય એમ બને!"

"આપ લોક ગુજરાતમાં મીરાંના ભજન જરૂર હમેશાં સાંભળતા હશો?"

"મીરાંના ઘણાં પદો મને પરિચિત છે—મારા સાબરમતી આશ્રમમાં મહીં મહીંથી ગવાય છે. આવો અનાવિલ આનંદ બહુ ઓછાં પદોમાંથી મળે છે."

મને એટલું તો સારું લાગ્યું....હિંદી ભાષામાં મીરાં અને કબીરનાં ભજનનો જોટો ક્યાં છે? હું બોલ્યો: "આપને મીરાંના પદમાં વિશેષતા ક્યાં લાગે છે?"

"ક્યાં? તેની અકૃત્રિમતામાં–બીજે ક્યાં? મીરાંના ઉદ્‌ગારમાં કૃત્રિમતાનું નામ સુદ્ધાં નથી. મીરાં ગીત ગાઇ ગઈ છે. તેનાથી ગાયા વિના રહેવાયું નહિ માટે સીધું હૃદયમાંથી નીકળ્યું છે કુદરતી ઝરણાંની પેઠે–જાણે ફૂટી નીકળ્યું ન હોય. યશનો મોહ અથવા લોકોની વાહવા મેળવવાનો કંઈ એ પદનો હેતુ થોડો જ હતો–જેમ ઘણા ચારણ ચારણીઓના ગીતનો હોય છે. આ જ એની અપીલ છે–જે કદી વાસી થવાની નથી."

"આપણાં આવાં સુંદર ગીતોને આપણા શિક્ષણમાં સંસ્કૃતિમાં આજ સુધી કેટલું ઓછું સ્થાન મળ્યું છે!"

"એ વાત સાચી છે," મહાત્માજી બોલ્યા. "અને એ કાંઇ ઓછા દુઃખની વાત નથી. હવે જાગવાનો સમય આવ્યો છે. કારણ જો લોકોના અનાદર અને ઔદાસીન્યને પરિણામે આ ગીતો મરવા પામે તો તે ભારે દુઃખની વાત થઇ પડશે. આ વાત મેં વારંવાર કહી છે."

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૯ જુઓ)

સમાજદર્શન

(ગતાંકથી ચાલુ)

(૨) સમાજને માર્ગદર્શન આપે તેવી જાતની પ્રવૃતિઓ–આવી પ્રવૃતિઓમાં મુખ્યત્વે પારલૌકિક આદર્શ જ વધુ પ્રાધાન્ય ભોગવે છે અને અમુક અંશે સામાજીક સુધારણા અને તેવા ઉદ્દેશવાળી થોડીક પ્રવૃતિ હોય છે. ધાર્મિક સંસ્થાઓ, સાધુસંસ્થા, ધાર્મિક ક્રિયાકાંડો, સમારંભો ગોઠવનારી સંસ્થાઓ, તીર્થસ્થાન સંભાળનારી સંસ્થાઓ તેમજ સામાજીક સુધારણાને વેગ મળે તેવી કેટલીએક પ્રવૃતિઓ આ બીજી જાતની સંસ્થાઓના પેટા ભાગમાં જ આવે છે.

આ પ્રવૃતિઓ અલબત્ત ઉપયોગી અને [illegible] ટકાવી રાખનારી છે. તે પ્રવૃતિ સિવાય બીજી દિશામાં આપણી પ્રવૃતિ ગમે તેટલી હોય તો પણ માનવજીવન લુખું લુખું, ગંભીરતા-વિહોણું જ લાગે છે, પરંતુ આમાં પણ અતિરેક ન થવો ઘટે. આજે જેટલું સ્વર્ગ આપણી પ્રવૃતિની નજદીક છે, તેટલું માનવ-જીવન નથી. આજે પારલૌકિત તત્ત્વો અને આશાઓ પાછળ આપણા ડાહ્યાઓ અને માર્ગદર્શકો દોડયા છે, તેટલા આલૌકિક પ્રશ્નો પાછળ નથી પડયા. જેટલું અનંત અને અગમ્ય વાતે આપણું ધ્યાન રોકયું છે તેટલું કે તેનાથી હજારમાં ભાગનું પણ મૂર્તિમંત માનવ સમાજે નથી રોકયું. પરિણામે આ લોક તો લગભગ અસ્પર્શ્ય જેવો થઇ જતા સત્વહીન બન્યો છે, જ્યારે પરલોકનો વીમો છે. જે જગતમાં જન્મ્યા, જે જગતના તત્ત્વોથી પિંડ પોષ્યો, જે જગતના જ્ઞાનથી જ્ઞાનદૃષ્ટિ ખુલ્લી અને જે જગતના અનેક અંશો સાથે જીવ્યા તે જગત એકદમ જ્ઞાનીઓને અકારૂં કેમ લાગતું હશે તે સમજાતું નથી. આ દૃષ્ટિ નવા યુગે કંઇક બદલાવી હોય તેમ લાગે છે, "હે પ્રભુ! જો તું મારા ઉપર પ્રસન્ન થયો હોય તો મને વજ્રનું શરીર આપજે કે જેથી મારી માનવજાતને સેવી શકું." એવી સ્વામી વિવેકાનંદજીની અને "હે પ્રભુ! મને સ્વર્ગ નથી જોઇતું, મારે મુકત પણ થવું નથી, પણ એક જ અભિલાષા છે કે આ ભારતમાં કરોડો જન્મ લઉં અને પ્રજાની સેવા કરૂં." એવી મહર્ષિ દાદાભાઇની પ્રાર્થના કે "વ્રજ મને વા'લુરે વૈકુંઠ નથી જવું" એવી પ્રેમઘેલી મીરાંની આરજુ–કોઇ પણ પારલૌકિક તત્વ કરતાં કમતી નથી. પૂ. મહાત્માજીએ માનવ જાતમાં સ્વર્ગ અને મોક્ષ દેખ્યા છે, તેની સેવામાં જ સાચી ધર્મવૃત્તિ દેખી છે. જે સંસારમાં સારી રીતે, સુખી રીતે, કલ્યાણકારી રીતે કે શાન્તિ સહિત જીવી શકે છે તે આવતા ભવમાં પણ તેવું જ સ્થાન પામે છે. આંહિનો બળ્યો કયાંય હરે નહિ એ નકકી છે. Life is real, life a earnest" "સત્ય છે જીંદગી જરૂરી-યાતી તણી" એવું કવિ લોંગફેલો કે ભકત કવિ નરસિંહમહેતાનું કહેવું આ લોકની મહત્તાને આગળ ધરનારૂં છે. માટે પરલોકનો જ વિચાર કરનારા આ લોકને ન ચૂકે એ ઇચ્છવા યોગ્ય છે.

સમાજસુધારણાના પ્રશ્નો આ લોકને સ્પર્શતા પ્રશ્નો છે–છતાં પણ બન્ને લોકનું કલ્યાણ કરે તેવા છે. સુધારણાની અસ્પષ્ટ વ્યાખ્યા જો એક વખત સ્પષ્ટ થઇ જાય તો એ નામથી ઉભી થતી અનેક વિસંવાદી વાતો સ્પષ્ટ બને–અને પ્રજા સહર્ષ તે વાતો સ્વીકારી પણ લે.

સુધારો એ કોઇ ક્રિયા નથી પણ અમુક સ્થિતિ છે, જે દેખી શકાતી નથી પણ અનુભવી શકાય છે; આજે ગેરસમજણથી કેટલીએક પ્રવૃતિને જ, દાખલા તરીકે–વિધવા વિવાહ, બાળદીક્ષા, બાળલગ્ન પ્રતિબંધ, દારૂનિષેધ કે એવી એવી પ્રવૃતિઓને સુધારાની પ્રવૃત્તિ તરીકે ગણવામાં આવે છે. પણ વાસ્તવિક રીતે તેમ નથી. કારણ કે આ પ્રવૃતિઓ કોઇ કાળે દુઃખ ઉપજાવનારી તો કોઇ બીજા અનુકુળ સંજોગોમાં ઇચ્છવા યોગ્ય અને શાન્તિ કરનારી પણ બને છે. પણ સાચા સુધારાની વસ્તુ બદલાતી નથી. કારણ કે તે પ્રવૃતિ નથી પણ પ્રવૃતિનું પરિણામ, અસર છે, પ્રવૃતિનો હેતુ છે. બધી પ્રવૃતિનો હેતુ સમાજની શાન્તિ, સુખ, અને પ્રગતિ સાધવાનો છે એટલે સમાજની શાન્તિ, સુખ અને કે પ્રગતિવાન દશાની સ્થિતિ તે જ સુધારણા છે.

"જીવને જીવવું વહાલું લાગે, આશીર્વાદ સમ લાગે, મંગળમય અને માનવતાની નજદીક જતું લાગે અને ફરી ફરી તેવા જીવનની ઝંખના જાગતી રાખે તેવી સ્થિતિ ઉત્પન્ન કરવી તેજ સાચા સુધારાનું ધ્યેય! બાકી બધી પ્રવૃત્તિઓ તો તે સ્થિતિ [illegible] સાધનો છે. [illegible] સાધન છે. મંગળમય [illegible] થતિ–સુધારો તે સાધ્ય."

આ દૃષ્ટિથી સમાજને યોગ્ય વળાંક [illegible] તો ૧૫૨ સમાજને તે સુધારા [illegible] સુખ, શાન્તિ અને મંગળ [illegible] લઇ જઇ શકાય.

છેલ્લા છેલ્લા વર્ષોમાં આ વસ્તુઓ [illegible] આવે છે, જ્યારે અગા [illegible] કરવામા આવતી. જેમ અગાઉના કાર્યમાં થયેલ અતિરેકે આધુનિક નવી સ્થિતિ જન્માવી છે તેવીજ રીતે આધુનિક સ્થિતિમાં થતો વિવેકશુન્ય અતિરેક સમાજને કોઇ નવીન માર્ગપર લઇ જશે અને અંધાધુંધી અને અસમાધાનમાં કેટલો દેશે તે શંકા વગરની વાત છે. ધ્યેય અને માર્ગમાં જો સમજ [illegible] હોય તો ગમે તેટલા પલટા ખાવા પડે તેની જરાય ફીકર નથી.

(૩) સમાજની આ બીજી પ્રવૃત્તિ–"માગ [illegible] સુધારણા પ્રવૃત્તિ" સંપાજનું કલ્યાણ કરવાના હેતુથી જ કરવામાં આવે છે. પણ તેનું પરિણામ અદૃષ્ય હોય છે. તે સમાજની સંસ્કૃતિ વધારી આડકતરી રીતે સમાજનું જીવન સુંદર, ભાવનામય અને સંવાદી બનાવે છે. પણ આજના આર્થિક સંકડામણના કપરા કાળમાં આ કરતાં પણ કંઈ વધારે પ્રજા માગે છે. તેનો વિચાર કરીએ.

સ્વામી વિવેકાનંદજી એક સ્થળે કહે છે કે :—

In India we have planty of Religion, but what we want and cry with parched throat is "Piece of bread (Economic uplift & monetary help in daily life) to be put in the hungry mouths which outnumber the happy souls."

"હિન્દમાં ધર્મભાવના તો પૂરતા પ્રમાણમાં છે. પણ આજે તો પ્રજાનો મોટો ભાગ કરણ સાદે રોટલીનો ટુકડો અને હમેશની જીંદગીમાં વ્યવહારમાં આર્થિક સહાય માગે છે."–પ્રજા પાસે આ "મહાન ધર્મ" આજે પડયો છે.

આવા કાર્યો માટેની ત્રીજી પ્રવૃતિ સમાજમાં ચાલે છે, જેનું ધ્યેય સમાજના આર્થિક પ્રશ્નને ઉકેલી, સહાયતા કરી, પ્રજાને ખૂટતું પૂરી કરી આપી તેને પણ સુખી, શાન્તિવાળા અને ભાવનાશીલ માણસોની કક્ષામાં લઇ જઇ પ્રગતિની કુચમાં સાથે રાખવા એટલું જ છે. સમાજ જીવનનો ખરો હેતુ આજ છે. આ કારણે જ સમાજની રચના આપણા પૂર્વજોએ વિચારી હતી. સમાજના પાયામાં પ્રેમ અને સહકાર પડયા છે અને તેમાંથી સહાયતા, સલાહ અને સાધન મેળવી સમાજ આગળ વધે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૮ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

નવેમ્બર ૧ ૧૯૪૧

સંઘના સભ્યો પ્રત્યે

લગભગ ચાર વર્ષ થયાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના બંધારણ અને ઉદ્દેશોમાં જરૂરી સુધારા કરી નવું બંધારણ ઘડવામાં આવ્યું છે જેના [illegible] આજે સંઘમાં જૈનોના [illegible] ફીરકાના લગભગ પો[illegible]ત [illegible]ખ્યામાં સભ્યો થયા છે. આ આસરે [illegible] બહેનોનો સમાવેશ થાય છે. આજે આપણે જ્ઞાતિ-સંપ્રદાય વગેરે [illegible] જુદા વાડામાં તોખા પડી નાની સંખ્યામાં વહેંચાઇ ગયા છીએ. તેમાંના [illegible] થઈ આપણે બધા એક [illegible] રીકે જોડાઇ શકીએ એવી રીતે જૈને યુવક સંઘનું [illegible] [illegible] ઉદ્દેશોનો પ્રચાર કરવામાં આવે અને સર્વાંગ પાલન કરવામાં આવે તો જૈન સમાજમાં જે સંકુચિતતા અને જુદાઇ દેખાય છે એ બધી જતી રહે અને આપણે એકત્ર બની શકીએ. આપણા સંઘે જુદી જુદી દિશામાં તેની શકિત મુજબ કાર્ય કરીને સમાજના ઘણા ભાઇઓની પ્રીતિ મેળવ્યા ઉપરાં[illegible] પણ મેળવી છે. આપણા કાર્યની ગતિ મર્યાદિત હોઇને આખા જૈન સમાજને આપણે સ્પર્શી [illegible] નથી. તેટલા માટે જૈન સમાજના ત્રણે [illegible] આપણા ઉદ્દેશો અને આપણા કાર્યની રૂપરેખાનો વધુ પ્રમાણમાં પ્રચાર થાય તેના સારૂ આપણા સંઘના સભ્યોએ જુદી જુદી રીતે સમાજના નાના મોટા વર્ગમાં વધુ સહવાસમાં આવવાનું વાતાવરણ ઉભું કરવાની યોજના વિચારવી જોઇએ. આપણે જુદા જુદા તડામાં વહેંચાઇ જઇ નિર્બળ અને નિસ્તેજ બન્યા છીએ તેમાંથી છુટી આપણે સબળ અને સમૃદ્ધ બનીએ એમ સૌ કોઇ ઇચ્છી રહ્યું છે. આપણો સમજુ વર્ગ આપણું જુદા પાડતાં ઝગડાઓથી કંટાળી ગયો છે અને તેથી આપણે વાડા ગચ્છો જ્ઞાતિ અને સંપ્રદાયોના વાડા છોડીને એક જૈન તરીકે રહીએ, એવી જાતના જે કાંઇ પ્રયત્ન આપણે કરીશું તેમાં તેઓ આપણને સારો ટેકો આપે એવું હાલનું વાતાવરણ છે. ઉપરાંત સમાજનો એક ભાગ તેના ઉપર વધતા ઓછા પ્રમાણમાં વપરાતી જોહુકમીઓથી પણ હતાશ થઇ ગયો છે. એ વર્ગ પણ પોતાને થતા ત્રાસમાંથી છુટવા માટે યોગ્ય દોરવણી માંગે છે. આનો લાભ આપણા સંઘના સભ્યોએ બરોબર રીતે લેવો જોઇએ અને આપણને જુદા પાડતાં કારણોનો અને આપણા ઉપર વપરાતી અને જોરજુલમથી લદાતી જોહુકમીઓનો નાશ કરવો જોઇએ. તેના માટે નીચેનું કાર્ય ઉપાડી લેવાની સંઘના સભ્યોની ફરજ છે એમ દરેક સભ્યે સમજી જઇ એ કાર્ય હાથ ધરવું જોઇએ.

(૧) જ્ઞાતિ-ઘોળ-સંપ્રદાયના નાનકડા વાડામાંથી નિકળી જઇ લગ્નક્ષેત્રને બને તેટલું વિસ્તારવાળું બનાવવું જોઇએ.

(૨) સમાજને સબળ અને સમૃદ્ધ બનવામાં આડે આવતા હાનિકારક રિવાજો રૂઢિઓ જમીનદોસ્ત કરવી જોઇએ.

(૩) ત્રણે ફિરકામાં જ્યાં જ્યાં અન્યાય દેખાતો હોય ત્યાં ત્યાં સર્વે સંઘોએ મળી તેનો સામનો કરવો જોઇએ.

(૪) પોતાનાથી જુદા ફિરકાના સભ્યને તેની ધાર્મિક ક્રિયાઓ કરવામાં કોઇએ અંતરાય કરવો જોઇએ નહિ.

(૫) સામાજીક ક્ષેત્રોમાં પુરૂષ અને બહેનો ઉપર થતાં અન્યાયો પ્રત્યે સંઘના દરેક સભ્યે પુરતા બળ સાથે સામનો કરવો જોઇએ.

(૬) લગ્નક્ષેત્ર વિસ્તારવા માટે આપણા સંઘના દરેક સભ્યની પહેલી ફરજ પોતાના બાળકોનાં વેવીશાળ અથવા લગ્ન જ્ઞાતિ-ગચ્છ-ઘોળ કે સંપ્રદાયની દિવાલ તોડી જૈનસમાજમાં ગમે તે ફીરકામાં યોગ્ય સ્થળે કરવાની રહેશે. તેમ કરીને આપણે સાંકડા વર્તુલમાં મોટું ગાબડું પાડી શકીશું અને આ ગાબડું વધુ મોટું બનાવવાના કાર્યમાં બીજાને માર્ગ દર્શક બની શકીશું.

(૭) સમાજની ઉન્નતિમાં આડે આવતી કેટલીક કુરૂઢીઓને તિલાંજલી આપવા માટે પણ આપણે જ શરૂઆત કરવાની રહેશે. ધાર્મિક અને સામાજીક કાર્યોમાં એ કુરૂઢીઓએ અને માન્યતાઓએ કેટલું નુકશાન કર્યું છે એ સમાજના દરેક વર્ગને સમજાવવા માટેના પ્રચારકાર્યની ફરજ આપણી જ રહેશે. એ ફરજ બરાબર સમજી લઇને તેનો અમલ કરવા આપણી શકિત મુજબ વખતનો ભોગ આપવા આપણે તૈયાર થવું જોઇશે.

(૩) ત્રણે ફિરકામાંથી જે કાંઇ એક ફિરકા ઉપર રાજ્ય તરફથી અત્યાચાર થતો હોય અથવા એક ફિરકાના કોઇ ભાઇ કે બહેન ઉપર એ ફિરકાના આગેવાનો અથવા જ્ઞાતિ, ગચ્છ કે વાડા તરફથી કાંઇ અન્યાયી જોહુકમી થતી હોય તેવા પ્રસંગોમાં સંઘના સર્વે સભ્યોએ મળીને તેના સામનામાં સહકાર આપવો જોઇએ. ઉપરાંત ત્રણે ફિરકામાં અરસપરસ થતા કજીઆ કોર્ટ દરબારના ખટલા અથવા એક બીજા પ્રત્યે વૈમનસ્ય વધારે એવા કોઇ પણ કાર્યમાં યુવકસંઘના સભ્યોએ કોઇપણ પ્રકારનો સહકાર યા ઉત્તેજન આપવું ન જોઇએ.

(૪) પોતપોતાની ધાર્મિક માન્યતા પ્રમાણે ધાર્મિક કાર્ય કરતા ફિરકા પ્રત્યે સમભાવ દેખાડવો જોઇએ. તેના પ્રત્યે કોઇપણ પ્રકારની અનાદર વૃત્તિ દેખાડવી નહીં. ધાર્મિક કાર્યોમાં જે કાંઇ કુરૂઢી દાખલ થઇ હોય તે દૂર કરવા માટે ત્રણે ફિરકાના સભ્યોએ એકત્ર થઇને પ્રયત્ન કરવો.

(૫) સામાજીક ક્ષેત્રમાં ઘણી રીતે અત્યાચારો જુલ્મો જ્ઞાતિ-તડા-ઘોળ-સંપ્રદાય તરફથી થાય છે. એ બધા જુલ્મો સામે એકત્ર મોરચો માંડવાની આપણા સંઘની સૌથી પહેલી ફરજ રહેશે. જ્ઞાતિ-ઘોળ બહાર લગ્ન કરવા, તેવા લગ્નોમાં ભાગ લેવો, અથવા તો ધાર્મિક-સામાજીક ક્ષેત્રોમાં પોતાના સ્વતંત્ર વિચારો દર્શાવવા, આ અથવા તો એવી કોઇ રીતે જે કાંઇ અન્યાયી પગલાં લેવામાં આવે તેની તરફ સખ્ત પ્રચાર કરવા અને પોકાર ઊઠાવવા સંઘે અગ્રભાગ લેવો જોઇએ.

આપણા સંઘના આશરે ત્રણસો સભ્યો છે. એ દરેક સભ્ય જો તેની ફરજનું પુરતી સમજ સાથે પાલન કરે તો થોડા સમયમાં સંઘના ઉદ્દેશો સમાજમાં ફેલાવી શકીએ અને સમાજના મોટા ભાગને એ ઉદ્દેશોનું યથાશકિત પાલન કરતાં આપણે જોઇ શકીએ. યુવકસંઘના દરેક સભ્યમાં એવી શકિત છે. એ શકિત તાકાત અને ભોગ આપવાની તમન્ના દેખાડી સમાજને એક અને અવિભાજ્ય જૈન તરીકે બનાવવા પોતાનો ફાળો આપી યુવકસંઘના સભ્યનું નામ સાર્થક કરવા અને સંઘને ઉજળો બનાવવા સાદર વિનંતિ છે.

મણિલાલ મોકમચંદ શાહ.

ભગવાન પાર્શ્વનાથ અને મહાવીર

(મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળમાં અપાયેલ વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર)

એક વર્ગમાં અનેક પ્રકૃતિઓના વિદ્યાર્થીઓ હોય તો શિક્ષકને વિષય કેવા સ્વરૂપમાં રજૂ કરવો તે વિષે જે મુંઝવણ થાય તેવી મુંઝવણ મને થાય છે. પરંતુ આ બધાની વચ્ચે કાંઇક સ્થિરતત્વ હોય છે એ તત્વની આશા રાખીને હું કાંઇક કહેવા ઇચ્છું છું.

શ્રી મહાવીર અને પાર્શ્વનાથ એ જુદા જુદા સમયમાં થઇ ગયા છતાં તેમની પ્રવૃત્તિઓમાં બહુ ફરક નથી. તેમના કુટુંબીઓ અને જન્મસ્થાન વિષે હું કાંઇ કહેવા ઇચ્છતો નથી.

એ બે વચ્ચે લગભગ અઢીસો વર્ષનો ગાળો મનાય છે. ક્ષેત્રની દૃષ્ટિએ બન્નેના જન્મસ્થાનમાં લગભગ દોઢસો માઇલનું જ અંતર છે.

પાર્શ્વનાથે પોતાની સાધના બનારસમાં કરી હતી. ભગવાન મહાવીર પાર્શ્વનાથના અનુયાયીઓની પરંપરામાં થયા હતા. ભગવાન પાર્શ્વનાથે પોતાની સાધના બનારસમાં કરી અને તેમનું અવસાન સમેતશિખરમાં થયું હતું એ જોતાં જણાય છે કે તેમના ધર્મનો ફેલાવો ઘણો થયો હતો. જો એ ફેલાવો ન થયો હોત તો મહાવીરના કુટુંબમાં પાર્શ્વનાથના ધર્મનો ફેલાવો ન હોત. આ બતાવે છે કે પાર્શ્વનાથના ધર્મનો પ્રતાપ કાશીથી મગધ અને ચંપા સુધી થયો હતો.

પાર્શ્વનાથની પરંપરામાં મહાવીર થયા. પાર્શ્વનાથના ઘણા અનુયાયીઓ ભગવાન મહાવીરના અનુયાયીઓ થયા. પણ એક મોટો વર્ગ એવો થઇ ગયો છે કે જેણે પોતાના શિરછત્ર તરીકે ભગવાન મહાવીરને માન્યા હોય તેમ લાગતું નથી. હઝારીબાગ જીલ્લામાં આદિનાથ ગોત્ર અને પાર્શ્વનાથ ગોત્ર વગેરે ગોત્ર ધારણ કરનારા શ્રાવકો જણાય છે પણ મહાવીર ગોત્ર ધારણ કરનાર કોઇ નથી જણાતું. આ ઉપરથી એમ અનુમાન થઇ શકે કે એક ભાગ એવો છે કે જ્યાં ભગવાન મહાવીરનો આદેશ નહિ સ્વીકારાયો હોય.

પાર્શ્વનાથ અને મહાવીર વચ્ચેનો સંબંધ પૂર્વજ અને તેના વારસદાર જેવો છે. ભગવાન મહાવીરે જે શાસ્ત્રો રચ્યાં છે તેમાંનો મોટો ભાગ પાર્શ્વનાથને આભારી છે. તેમણે પાર્શ્વનાથ પાસેથી ઘણું મેળવીને તેમાં સુધારો વધારો કર્યો છે. પાર્શ્વનાથના અનુયાયીનો એક ભાગ જે મહાવીરનો અનુયાયી નહોતો તે વિકાસ પામ્યા વગર એમને એમ રહી ગયો.

આ બન્નેના જીવનમાં સૌથી મોટો સાર ત્યાગનો છે. ત્યાગનો અર્થ ઘર છોડીને જવું તેજ નહિ પણ ક્ષમા, ધૈર્ય આદિ ગુણોનો વિકાસ કરવો તે છે. આ સદ્‌ગુણોનો વિકાસ જીવનમાં એકાએક થતો નથી. પુષ્પની સાથે જેમ સુગંધ રહે છે તેમ આત્માની સાથે આ સદ્‌ગુણ રહે છે.

સદ્‌ગુણ સાધવા હોય તો જ્યાં સુધી દુર્ગુણને નિર્મૂળ ન કરીએ ત્યાં સુધી સદ્‌ગુણ સાધી શકાય નહિ. ચંચલતા દૂર કર્યા સિવાય સ્થિરતા સાધી શકાતી નથી. તેવીજ રીતે સદ્‌ગુણ સાધના કરવા માટે દુર્ગુણ નિવારવા ઘટે છે. આ માટે પહેલા દુર્ગુણ નિવારવા તરફ માણસે લક્ષ આપવું ઘટે છે. દુર્ગુણો નિવારવા અને સદ્‌ગુણોને આણવા માટેની સાધના ભગવાન મહાવીર, પાર્શ્વનાથ અને તેમની પહેલાંના સમયથી આ દેશમાં ચાલતી આવે છે.

એક માન્યતા એવી હતી કે પોતે જે સંયોગો વચ્ચે જન્મ્યો હોય તે સંયોગો વચ્ચે રહીને તે પોતાના સદ્‌ગુણોની સાધના કરી શકે છે. બીજી એક માન્યતા એવી છે કે માણસ એટલો નબળો છે કે પોતાના ચાલુ વાતાવરણથી મુકત રહી શકતો નથી, તેથી તેણે અનુકુળ વાતાવરણમાં જવું જોઇએ. ત્રીજી માન્યતા એવી હતી કે સાધના માટે જાતિ, દેશ કે સમાજને છોડીને કોઈ એકાંત સ્થળમાં સાધના સાધીને પાછા મૂળ સ્થાનમાં આવીને ત્યાં કામ કરવું. મનુષ્યના સ્વભાવો જુદા જુદા હોય છે અને દરેકની પ્રકૃતિ અનુસાર આવી પ્રામાણિક વિચારણા ચાલે છે.

આપણે જાણીએ છીએ કે ગાંધીજી કદી ઘર છોડીને ભાગ્યા નથી. કદી કોઈ પહાડ ઉપર ગયા નથી. કુટુંબ છોડીને કોઇ અત્યંત એકાંત સ્થળે ગયા હોય તેમ જાણ્યું નથી. સ્વામી દયાનંદની સાધના તેથી જુદી હતી. ઘરકુટુંબ ગામ છોડીને પોતે સિદ્ધિ મેળવી અને પાછા વિશાળ સમાજ અને સ્થાનમાં તેમણે કામ કર્યું છે. દરેક માણસ પોતાની પ્રકૃતિ પ્રમાણે સાધના કરે તો કોઇ માર્ગ ખોટો છે એમ નહિ કહેવાય. દુર્ગુણોને નિવારવા અને સદ્‌ગુણોની સાધના કરવી હોય તેમણે સાધનાનો કોઇને કોઇ માર્ગ સ્વીકારવો જ જોઇએ. એ ત્રણે માર્ગ જુદા જુદા હોવા છતાં જો કોઇ પણ એક માર્ગે પ્રમાણિક પ્રયાસ કરવામાં આવે તો સદ્‌ગુણોની સિદ્ધિ થઇ શકે છે. પણ જો પ્રમાણિક પ્રયાસ ન કરવામાં આવે તો ત્રણે માર્ગે જતાં પણ સદ્‌ગુણોની સિદ્ધિ થઇ શકી નથી.

ભગવાન મહાવીરે જે માર્ગ સ્વીકાર્યો તે આપણી સમક્ષ છે. તેમને પોતાની આસપાસના વાતાવરણમાંથી જે જે ખોટું જણાયું તે તરત પોતાનામાં દાખલ કર્યું. જે [illegible] કે ઘર છોડીને એકાંત [illegible] સદ્‌ગુણોની સિદ્ધિ થઇ શકે તેમ નથી. એટલે તેઓ ઘર છોડીને એકાંતમાં ગયા. આ રીતે પાર્શ્વનાથ અને મહાવીરને પોતાના જીવનમાં જે ત્રુટીઓ અને ખામીઓ જણાઇ તે દૂર કરવા તેમણે એકાન્તમાં ઝુંબેશ આદરી.

તેમણે દર્શાવ્યું છે કે હિંસા, ક્રોધ, લોભ અને પરિગ્રહથી નિવૃત્ત થવું એ જીવ[illegible]નું પગથીયું છે. પણ આ પહેલું પગથીયું છે, પણ છેલ્લું પગથીયું તો સદ્‌ગુણોની સિદ્ધિ છે. દુર્ગુણોનું નિવારણ તો સદ્‌ગુણો મેળવવાનો [illegible] પરિગ્રહ અને હિંસાથી નિવૃત્ત થવું એટલે શૂન્ય થવું એમ નહિ પણ સક્રિય અહિંસા જ આચરવી એટલે કે પ્રેમપૂર્ણ બનવું.

શાસ્ત્રોમાં લોભ, ક્રોધ, ભય કે આસક્તિથી કોઇ પણ પ્રવૃત્તિમાં પડવાનો નિષેધ કરવામાં આવ્યો છે. સદ્‌ગુણ લાવવા માટે દુર્ગુણોનું નિવારણ થવું જોઇએ અને દુગુર્ણોવાળી પ્રવૃત્તિનો ત્યાગ એ સાચો ત્યાગ છે. દોષયુકત વાતાવરણથી મુકત થવું અને તેમાંથી માર્ગ કાઢવો એ બીજું પગથીયું છે.

ત્રીજું સોપાન એ સદ્‌ગુણ સાધનાનું છે. સ્ત્રી બાળકો, ઘરબાર અને પરિવાર સાથે રહીને સાધના થઇ શકે તેમ ન લાગતાં પાર્શ્વનાથ, મહાવીર અને બુદ્ધ ઘર છોડીને ચાલી નીકળ્યા. આ ત્રણેની સાધના તો એક સરખી છે. જે જીવનક્રમ તેમણે સ્વીકાર્યો હતો એ જીવનક્રમમાં જ તેમણે આખી જીંદગી ગાળી અને પોતાના આચરણનો ઉદ્દેશ લોકોને સમજાવ્યો. ભગવાન બુદ્ધે, મહાવીરે કે પાર્શ્વનાથે જે સાધના સ્વીકારી તે જગતના બધા લોકો માટે એક સરખી જ હોય તેમ માનવા જેવું નથી. બધાને માટે એક સરખી સાધના જ હોય તેમ માનવું એ સંકુચિતતા છે, મનની સંકડામણ છે. આપણે એમ માની લઇએ છીએ કે ઘર વ્યવહાર ચલાવવા સાથે અને વેપાર ધંધો કરવા સાથે આ સાધના થઇ શકે તેમ નથી આથી આપણામાં ઘણા દોષો આવી ગયા છે.

જો ઘર છોડીને જ સત્ય સૂચવાતું હોય તો પછી ઘર છોડનાર સાધુઓ અને સન્યાસીઓમાં આટલા દુર્ગુણો છે એવી ટીકા આપણે કેમ કરીએ છીએ? ઘર છોડયા વિના સાધના નહિ થઇ શકે એમ આપણે એકાંતે કેમ માની શકીએ? સાધના વાસ્તે એકાંત સેવન કરીએ, તપ કરીએ અને ગુરૂની શોધ માટે જઇએ એ બધું શા માટે છે? દુર્ગુણોનું નિવારણ કરવા માટે અને સદ્‌ગુણોની સ્થિરતા કરવા માટે.

પચ્ચખાણ કરવા તે શા માટે ? બીજી ક્રિયા સાધના અને વિધિઓ શા માટે ? દુર્ગુણોનું નિવારણ કરવા માટે કોઇ ઘરથી કંટાળીને બહાર ગયો પણ મનની ચંચળવૃત્તિ અને ક્રોધવૃત્તિને તો કાબુમાં આણી નહિ, આથી સન્યાસી થયા છતાં પણ તે પોતાના શિષ્યો ઉપર એવોને એવો ક્રોધ બતાવે એવો સંભવ છે. આથી પોતાની પ્રકૃતિ ઉપર કાબુ ન આણે તો માણસ વાતાવરણ બદલ્યા પછી પણ એવોને એવો જ રહે.

આપણે આજે સંન્યાસીઓની જે ટીકા કરીએ છીએ તે તેમની સાધના ઉપરની ટીકા નથી, પણ ઘર છોડયા પછી પણ તેમનામાં એને એ દુર્ગુણો જોવામાં આવે છે તેની સામે ટીકા છે.

જો તમારામાં સાહસ અને સ્થિરતા હોય તો કુટુંબ અને વ્યવહારમાં રહીને પણ સાધના કરી શકો. એ એક માર્ગ છે.

બીજો માર્ગ એ છે કે ઘરની બહાર ગયા પછી એમ લાગે કે હવે ફરી વ્યવહા[illegible] તો આપણે સ્થિર થઇ રહી શકીશું—આપણને બાધ આવશે નહિ—તો વ્યવહારમાં [illegible] કરવું તે છે.

ભગવાન મહાવીરે અને [illegible]થની સદ્‌ગુણ સાધના [illegible] બધા માણસો માટે છે, પણ તેના પગથીયાં જુદા જુદા માણસોને [illegible] છે એ આપણે સમજવું જોઇએ.

[illegible] પોતે જ પાર્વતીની સાથે લગ્ન કરે છે તેમાં પણ સાધનાનો જ ક્રમ દર્શાવ્યો છે. ભગવાન મહાવીર અને પાર્શ્વનાથની સાધના બધા માણસોને એક સરખી લાગુ પડે તેમ નથી. પણ આપણે તેના અનેક માર્ગો સમજવા જોઇએ, તોજ આપણી અનેકાન્ત જૈન-દૃષ્ટિ સાર્થક ગણાય. —ડૉ. સુખલાલજી.

સૌ. તારાબહેન માણેકલાલ પ્રેમચંદ સંઘની કચેરીમાં

[illegible] જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપીને જન માહલા સમાજના પ્રમુખ સૌ. તારાબહેન માણેકલાલ પ્રેમચંદ તા. ૧૫-૧૦-૪૧ ના રોજ સંઘની કચેરીમાં આવ્યા હતા જે વખતે કાર્યવાહક સમિતિના સભ્યોએ તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો સંઘના પ્રમુખ તરફથી ખ્યાલ આપવામાં આવ્યો હતો. તેમ જ સૌ તારાબહેને જૈન મહિલા સમાજની વર્તમાન પ્રવૃતિઓ સંબંધે કેટલુંક વિવેચન કર્યું હતું અને આ પ્રકારભેદ વિનાની બે જૈન સંસ્થાઓ પરસ્પરને સહકાર આપીને શું શું કાર્યો કરી શકે તે સંબંધમાં એકત્ર થયેલાં ભાઇબહેનોએ વિચારોની આપલે કરી હતી. અલ્પ ઉપાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

દીવાળીની ભેણી

'પ્રબુદ્ધ જૈન'ના છેલ્લા અંકમાં દીવાળી અને બેસતા વર્ષના શુભ અવસરે મુંબઇ જૈન યુવક સંઘને યાદ કરવા જે વિનંતિ કરવામાં આવી હતી તેને સન્માનીને દીવાળીની ભેણી નિમિત્તે અમને લગભગ ત્રણસોનાં વચનો મળ્યાં છે અને બીજા વધારે વચનો મળવાની આશા છે, તેમાંથી જે ગૃહસ્થોએ ભેણીની રકમ મોકલી આપી છે તે તે ગૃહસ્થોનાં નામની યાદી નીચે મુજબ છે. સંઘને આ રીતે યાદ કરવા બદલ તે તે ભાઇઓનો ઉપકાર માનવામાં આવે છે.

૨૫) શ્રી. પ્રતાપ હરજીવન ૨૫) શ્રી. વાડીલાલ એમ. પરીખ
૨૫) શ્રી ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ ૨૫) શ્રી. શરૂપચંદ નેમચંદ ઓફ
૧૫) શ્રી ગોકલદાસ મગનલાલ ૧૫) શ્રી હરગોવીંદદાસ હરજીવન
૫) શ્રી ત્રીકમલાલ મગનલાલ ૫) શ્રી હુકમીચંદ નરોત્તમદાસ
૫) શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયા ૨) શ્રી દીપચંદ ત્રીભોવન
૧) શ્રી રતીલાલ ભીખાભાઇ

સમાજદર્શન

(પૃષ્ટ ૧૨૫ થી ચાલુ)

આપણા સમાજમાં આજે આવી આર્થિક સહાયતા આપનારી સંસ્થાઓ છેલ્લા બે ત્રણ દાયકા થયા દિન-પ્રતિદિન અવશ્ય વધતી જાય છે. છતાં પણ તેનું પ્રમાણ જરૂરિયાતના પ્રમાણમાં ઘણું ઓછું છે. કારણ કે આગળ જણાવેલી બીજી બે પ્રવૃતિઓ (વહીવટ પ્રવૃતિ અને સુધારણા અને માર્ગદર્શન આપતી પ્રવૃતિઓ) સમાજનું વધુમાં વધુ લક્ષ્ય રોકી રહેલ છે અને તેની પાછળ તેની વધારેમાં વધારે શકિત, સમય અને સાધન ખર્ચાઇ રહેલાં છે. અગાઉ આર્થિક સહાયતા આપવાની પ્રવૃતિ મોટા પાયા પર ચલાવવાની જરૂર કદાપિ નહિ પડી હોય, પણ આજે [illegible]સ પ્રતિક્ષણે પોતાના ભાઇની સહાયની અપેક્ષા રાખીને ઉભો છે; ત્યાં સમાજે તેની ઉપેક્ષા કર્યે નહિ ચાલે. આવી પ્રવૃતિની વિપુલતા સમાજની ઉજ્વળતાસૂચક છે એમ માનવાની કોઈ ભૂલ ન કરે. તેવી જાત[illegible] જરૂરિયાત જ ન રહે તેવી સ્થિતિ ઉપજાવવાની ખાતર જ એક વખત જોરશોરથી સબળપણે આ પ્રવૃતિ હાથ ધરવાની આજે જરૂર લાગે છે.

સમાજના દીલમાં માનવપ્રીતિ અને લાગણી કેટલી છે, તેનામાં સમાજરચનાના મૂળભૂત સિદ્ધાંતો કેટલા પ્રમાણમાં વિદ્યમાન છે તે આ ત્રીજા પ્રકારની પ્રવૃતિથી જાણી શકાય.

આર્થિક સહાયતા કરનારી પ્રવૃતિઓ કે સંસ્થાઓ જેવી કે બાળકોને કેળવણીની મદદ કરનારી સંસ્થાઓ, વિદ્યામંદિરો કે છાત્રાલયો, અનાથ ભાંડુઓને મદદ કરનારાં અનાથાલયો, અર્ભકાલયો, અપંગાલયો કે વિધવાશ્રમો, બીમારોને મદદ કરનારી વૈદકીય સંસ્થાઓ, આરોગ્યગૃહો, ઓછી આવકવાળાને આર્થિક ટેકો આપે તેવા સસ્તા ભાડાના નિવાસો, નાના ગૃહઉદ્યોગ, ખાદી કેન્દ્ર વિગેરે અને પ્રજાશરીરને ઘડે તેવી વ્યાયામ આદિની પ્રવૃત્તિઓમાં જ સમાજની પ્રગતિની ભાવના અને વિશાળતાનું માપ છે. આ માપથી જ સમાજ પ્રગતિવાન છે કે પ્રત્યાઘાતી છે, સમાજ સુખી છે કે દુઃખી છે સમાજમાં માનવતા છે કે નથી તે કળી શકાય તેમ છે.

આ ઉપરથી એક વાત ફલિત થાય છે કે સમાજમાં જેટલા પ્રમાણમાં પોતાના માનવીઓ માટેની આવી પ્રવૃતિઓ વધશે, તેટલા પ્રમાણમાં તે સુખી થઇ શકશે. જેટલા પ્રમાણમાં તેમાં વિશાળતા, ઉદાત્તવૃત્તિ અને વધુને વધુ વિસ્તીર્ણ થવાની ભાવના હશે તેટલા પ્રમાણમાં જ તે સમાજ પ્રગતિવાન ગણાશે, અને પોતાની પ્રજાને તેવી કરશે. નાના સમાજો પોતાના કેન્દ્ર પૂરતી પણ આ ભાવના પોષવાનું નકકી કરે તો એક દિવસે તે ભાવના તેને માનવતા સુધી લઇ જશે.

એક સમાજે પોતાના કેટલાં બાળકોને કેળવણીમાં સહાય કરી, કેટલા બીમાર અને દર્દીઓને રાહત આપી, કેટલા અનાથ, વિધવા, અપંગોની વ્યવસ્થા કરી, કેટલા ઓછી આવકવાળા મધ્યમ સ્થિતિના માણસોને રાહત આપી તે ઉપરથી જ તેની સમાજભાવના સમજવાની છે.

સમાજે હવે સ્વર્ગ કરતાં માનવ જગતને અને પારલૌકિક વાતો કરતાં આલૌકિક વાતોને વધુ નજદીક લાવી તેમાંથીજ સ્વર્ગ સરજાવ્યા સિવાય છૂટકો નથી. નહિતર મુઆ પછીનું સ્વર્ગ તો કોણ જાણે કેવું હશે, પણ આજનું જીવતું જગત નર્ક બની જશે તે ચોક્કસ છે!!! કોઇ કહેશો કે જૈન સમાજ કયાં ઉભો છે અને તેનું વાસ્તવિક સ્વરૂપ શું છે ?

વૃજલાલ ધ. મેઘાણી

(પૃષ્ટ ૧૨૪ થી ચાલુ)

મહાદેવ દેસાઇ બોલ્યા: "ખરું, એ વાત એઓ હંમેશાં જ કહ્યા કરે છે."

મેં કહ્યું: "આ વાત સાંભળીને મને એટલો આનંદ થયો, મહાત્માજી, કે શું કહું? કારણ–બોટું લગાડશો નહિ–હું હમેશાં એવું માનતો આવ્યો હતો કે આપની કઠોર જીવનસાધનામાં કલાકારીગરીને કંઇ સ્થાન જ નથી. કહેવામાં શો વાંધો, મને ઘણી વાર એવો ભય રહેતો કે આપ સંગીતના વિરોધી હશો."

"વિરોધી! હું!! અને તે પણ સંગીતનો!!!" મહાત્માજી બોલી ઉઠ્યા. હું જરા શરમાઇ ગયો–આટલું ખુલ્લેખુલ્લું ન કહ્યું હોત તો યે ચાલત કદાચ.

પરંતુ મહાત્માજીના મુખ ઉપર આશ્વાસ[illegible] તરત જ પ્રગટ્યું: "ના ના, તમારો કશો વાંક નથી દિલીપ. હું જાણું છું–સમજું પણ છું–શા માટે આવી વાતો મારે વિષે ફેલાય છે–પણ હું શું કરું, કહો? મારે વિષે એટલા બધા જાતજાતના વિચિત્ર ખ્યાલો વાતાવરણમાં ફેલાઈ ગયા છે કે હવે કશો ઉપાય નથી."

કોઇ કોઇ સહેજ હસ્યું.

"પરંતુ આ ખ્યાલોને લીધે થયું છે એવું કે જ્યારે હું એમ કહું છું કે હું પોતાને ખરેખર એક કલાકાર માનું છું ત્યારે મારા પ્રિય મિત્રો પણ હસે છે. તેઓ માને છે કે આવી મસ્કરી મારે મોઢેથી ભાગ્યે જ બીજી નીકળી હશે."

બધાં આ વખતે વધારે હસી પડ્યાં.

"હું પણ આ વાત સાંભળીને હસું છું એથી બોટું ન લગાડશો મહાત્માજી," મેં કહ્યું, "પણ શું એમ ન હોય કે આપની કઠોર સાધનાને કારણે જ આવો ખ્યાલ લોકોના મનમાં બંધાઇ ગયો હોય? કારણ આપણે લોકોને પણ ખરી રીતે દોષ ન દઇ શકીએ. જો તેઓ કઠોર સાધના અથવા સંન્યાસની સાથે કલાપ્રેમનું અસ્તિત્વ ન કલ્પી શકે."

"પણ તેઓ એટલું કેમ ન સમજે કે સંન્યાસ જ જીવનની સૌથી મોટી કલા છે?"

"સંન્યાસ–કલા?"

"નથી? કલા ખરું જોતાં શું છે? સરલ સુષમા, ખરું ને? અને સંન્યાસ શું છે? સરલતમ સુષમાને રોજિન્દા જીવનમાં પરમ સુંદરરૂપે પ્રગટ કરવી–બધી આંખ આંજી દેનારી કૃત્રિમતા અને ઢોંગ છોડી દઇ ડગલે ને પગલે સાચા શુદ્ધ રહેવાની સાધના એટલે જ હું હંમેશાં કહું છું કે સાચો સંન્યાસી કેવળ કલાની સાધના કરે છે એટલું જ નહિ–પણ તેનું જીવન જ એક અખંડ કલાકૃતિ હોય છે."

મહાત્માજીના અવાજમાં આવેગની જરા ગરમી આવી: "તમે કલ્પી પણ શકો છો કે આવી જેની માન્યતા છે તેને લોકો સંગીતનો વિરોધી કહે છે–માત્ર એટલા જ કારણે કે તે સ્વભાવથી જ સંન્યાસી છે! કહે છે હું સંગીતવિમુખ છું–હું તો ભારતના ધર્મજીવનને અને સંગીતને જુદાં કલ્પી જ નથી શકતો! આ પછી મારે શું કહેવું કહો જોઉં?" મહાત્માજીના મુખ ઉપર કરુણ હાસ્ય પ્રગટી ઉઠ્યું.

"પણ જો એમ હોય તો લોકોએ તમને શા વાંકે સંગીત-કલાવિમુખ માની લીધા?"

"કંઇક વાંક હશે કદાચ," મહાત્માજી ફરી જરા હસ્યા, "એક તો કદાચ એ હશે કે આ જીવનમાં જે અનેક વસ્તુઓ કલા તરીકે વખણાય છે તેમાં મને કશું જ મહત્ત્વ લાગતું નથી. એનો અર્થ બેશક એ છે કે મારા પ્રાણના મૂલ મૂલ્યો જ જુદાં છે–my values are different: દાખલા તરીકે જેની માત્ર તદ્‌વિદો જ કદર કરી શકે તેને હું મહાન કલા કહેતો નથી–એટલે કે ટેકનિકની ગલીકુંચી જાણ્યા વિના જેમાં કશી સમજ જ ન પડે એવી કલાને. હું તો એમ માનું છું કે મહાન કલાની અપીલ બરાબર કુદરતના સૌંદર્યની પેઠે વિશ્વજનીન હોય છે. સૂક્ષ્મ ચર્ચા કરવામાં જબાજેરી કરવી એનું જ નામ કલારસિકતા એવું હું માની જ શકતો નથી. ખરી રસિકતાને વિશેષજ્ઞતા સાથે અને અતિશય ચીકણાવેડા સાથે કશો સંબંધ જ નથી. તેનો વેશ તો સાદો જ હશે–તેનું પ્રાગટ્ય પણ સહજ હશે–હમણાં મેં કહ્યું એમ પ્રકૃતિની પ્રાસાદિક ભાષા બોલે."

જરા વાર ચૂપ રહી હું બોલ્યો: "પણ–મેં સાંભળ્યું છે [illegible] ચિત્રો, ટાંગવાની વિરુદ્ધ છો? એ પણ નિંદાખોરોનો બોટો આરોપ છે?"

"ના," મહાત્માજી ફરી મૃદુ હસ્યા, "અને [illegible] પ્રાય છે કે મારા ઘણું ખરું એટલા ઉપરથી જ માની હશે કે હું મારા મનથી કલાવિમુખ હઇશ."

"પણ [illegible] ચિત્રો [illegible]

"શું કરવા ટાંગું, કહો જોઉં–જે દીવાલ આપણે માત્ર આશ્રય ખાતર ઘર બાંધવા માટે જ બાંધી છે, તો દીવાલની જે મૂળ સાર્થકતા છે તે સિવાય બીજી સાર્થકતા તેને અર્પવા શું કામ જવું–આમ પ્રયત્ન કરીને? જેમને કરવું હોય તે ભલે કરતા–તેમને જો ઠીક [illegible] તો ચિત્રોથી આખી ભીંત ભલે ઢાંકી દે–હું કંઇ ના પાડતા નથી. માત્ર મારી પ્રેરણાને માટે મારે ચિત્રની કશી જરૂર નથી–બસ, [illegible] કુદરત જ મારે માટે પૂરતી છે."

મહાત્માજી જરા અટકીને બોલ્યા: "તારાભર્યા આકાશ તરફ જોઇ જોઇને કેટલીવાર હું જ્યોતિરહસ્યના અતલ આશ્ચર્યમાં ડૂબી ગયો છું–કદી મારી આંખ થાકી નથી. વિશાળ મેદાન, વન, પર્વત, નદી, સાગર, એ બધાં ક્યાં નથી–એ બધાં, જ્યારે જોઇએ ત્યારે મારે મારી સૌન્દર્યની ક્ષુધા ક્યાં શમાવતાં નથી? તારાથી ચકચકતું આકાશ, મહાન સમુદ્ર, સ્વપ્નાળુ શૈલમાળા, એ બધાંના સંગીતથી મનમાં, પ્રાણમાં જે કંપ જાગે છે, તેની સાથે શું કોઇ પણ ચિત્રના કંપને કદી સરખાવી શકાય? અસ્ત ગોધૂલિની વિદાય આભાની અને ઉદય ગોધૂલિની હાસ્યછટાની બરાબરી કોઇ પણ મનુષ્યની પીંછીની વર્ણસમૃદ્ધિ કદી કરી શકે ખરી?"

"ના દિલીપ," મહાત્માજી બોલ્યા, "મારી કુદરત મારે ભલે રહી–બીજી કોઇ પ્રેરણા મારે નથી જોઇતી. આજે પણ તેનો રહસ્યભંડાર મારે મન એવો ને એવો અખૂટ, આનંદમય, અને સ્વપ્નભર્યો રહ્યો છે. માણસની બાળખેલ સમી કલાકારીગીરીની મારે શી જરૂર છે? ભગવાનની કલાકૃતિના ગંભીર રહસ્ય આગળ માણસની કૃતિ મને રંગીન રમકડાં જેવી લાગે છે. એટલે, તમે જ કહો વારું, કે આજકાલ જે બધી રંગીલાઇ કલાને નામે ચાલી રહી છે તેમાં એવું શું છે જે આપણું મન તે આકર્ષી શકે–ખાસ કરીને જ્યારે આપણે જોઇએ છીએ કે પ્રકૃતિ પોતાનો અખૂટ સૌંદર્યભંડાર લઇને આપણું મનોરંજન કરવાને સદા તત્પર ઉભી છે?"

× Only I do not need them *for my inspiration* સુધારીને મહાત્માજીએ પોતે છેલ્લા ત્રણ શબ્દો સ્વહસ્તે લખ્યા હતા.

હું મહાત્માજીના અભિપ્રાય જાણવા જ ગયો હતો—તેમની પાસે જે કાંઇ શીખવા જેવું હોય તે શીખવા જ—ચર્ચા કરવા નહિ. એટલે તેમની સાથેના મતભેદ ઉપર ભાર ન મૂકતાં મતઐક્ય ઉપર જ મેં ભાર મૂક્યોઃ મેં કહ્યું: "આપ પ્રકૃતિને કલાકારોની રાણી કહો છો, એમાં કોણ સંમત ન થાય? તેના ઐશ્વર્ય અને તેના આનંદ આગળ માણસની સામગ્રીની તુલના જ શી રીતે થાય? વળી જે રંગીલાઇ અને વિશેષજ્ઞતા આપને ગમતી નથી તે બધી ખરું જોતાં અસાર છે એ પણ કોણ નહિ માને? મને પણ કેટલીય વાર લાગ્યું છે કે કલાકારનો આત્મસંતોષ ભારે હાનિકર્તા છે, તેની ફેસલામણીથી જ મન કહે છે કે કલા જીવન કરતાં મોટી છે."

"બરાબર છે," મહાત્માજી ખુશ થઇને બોલ્યા, "જેટલી જાતની કલા છે તે બધીને ભેગી કરીએ અને તેમની યોગ્ય કિંમત આંકીએ તો પણ કહેવું પડે કે તેઓ જીવન [illegible] બરાબરી કદી કરી શકી નથી—કરી શકવાની પણ નથી. મહાન જીવનની પટભૂમિકા વિના કહેવાતી મહાન કલા તમે કયાં ગોત કરવા વારું? કલાને ઉત્સાહ[illegible] ઉત્સાહમાં સાતમે [illegible]ને ચડાવીએ તેથી શું વળ્યું, જો એ બધાને પરિણામે જીવ[illegible]મે માણસ[illegible] જતું હોય? કલા તો જીવનનો પૂર્ણ અર્થ છે, સૃષ્ટિના સુકુમાર[illegible], જીવનને [illegible] હતુ છે,—એવી એવી વાતો સાંભળીએ ત્યારે હસ્યા વિના શી રીતે રહેવાય?"

ઓરડામાં બધાં જ ચૂપ રહ્યા.

"કલા જીવન કરતાં મોટી!" મહાત્માજીના કંઠમાં સહેજ વ્યંગનો રણકાર આવ્યોઃ "કેમ જાણે આવી મોં ભરાઇ જાય એવી વાતોની બડાશથી કદી મન [illegible] હશે, કેમ જાણે કોઇ એક નિશ્ચિત માર્ગે આત્માના મુક્તિ મેળવાતી હશે. કોઇપણ કલાને [illegible] હસવા જેવો દાવો કરવામાં આવે છે, ત્યારે હું કહું છું કે એમાં હું સંમત નથી. કારણ મારે મન સૌથી મહાન કલાકાર તે જ છે જે સૌથી મહાન જીવન ગાળતો હોય. હું કલાના આવા ગુમાનને, આવી આત્મભ્મરિતાને નથી સ્વીકારતો—કલાને સ્વીકારું છું. એટલે જ તો મેં તમને કહ્યું હતું કે મારા જીવનનાં મૂલ્યો જ જુદાં છે—બસ."

મહાદેવ દેસાઇએ મને હસતાં હસતાં કહ્યું: "તમારી વાતચીત સાંભળીને જ કદાચ રોલાંએ મહાત્માજીના કલા સંબંધી મત વિષે બધું લખ્યું છે, તેમના ગાંધીચરિત્રમાં?"

"એ શી રીતે બને? હું થોડો જ કલા વિષેના મહાત્માજીના મત જાણતો હતો?" એમ કહીને મેં મહાત્માજીને કહ્યું: "તમને કદાચ સંભાળીને આનંદ થશે મહાત્માજી, કે આ વિષયમાં રોલાં આપની સાથે સંપૂર્ણ ઐકમત છે. તેમની વિખ્યાત *Jean Christophe* નવલકથામાં તેમણે વારંવાર આ એક જ વાત કહી છે કે જીવન તેના બધા પ્રકટી-કરણથી પર છે."

"ખરી વાત," મહાત્માજીના અવાજમાં પ્રસન્નતા વરતાતી હતી, "જીવનમાં રહસ્ય જે છે તે ઉર્ધ્વ લોકનું અમૂલ્ય દાન છે. તેનું કોઇ પણ પ્રકારનું આત્મપ્રગટીકરણ તેને પૂરેપૂરું પ્રગટ કરી શકતું નથી. એટલે જ હું કહું છું કે સૌથી મહાન કલાકાર તે જ છે જે સૌથી મહાન જીવન ગાળે છે."

* * *

તે દિવસે ફરી ફરીને મારા મનમાં મહાત્માજીના ગુરુ ટોલ્સ્ટોયનાં *What is Art* પુસ્તકમાંનાં અનેક વચનો ઘૂમ્યા કરતાં હતાં. તેઓ એક વાર એક નાટકની પૂર્વાવૃત્તિ જોવા ગયા હતા. ત્યાંથી કંટાળીને આવીને (અરે, કદાચ આજકાલનાં બોલપટ જોત તો તો કદાચ આપઘાત જ કરત!) તેમણે લખ્યું:

"આમાં માત્ર અતિશય મહેનત હોય છે એટલું જ નહિ, પણ આવી જાતની કલા માટે નટનટીઓનાં આખાં જીવન પાયમાલ થઇ જાય છે. સેંકડો માણસો બાળપણથી કાં તો હાથપગ ઉછાળતાં શીખે છે (એમને નૃત્યકાર કહે છે), કાં તો કંઠની કસરત અથવા યંત્રતાંડવ શીખે છે (એ લોકોને ગવૈયા બજવૈયા કહે છે), અથવા રંગ વડે હજારો ચિત્રો ચીતરતાં શીખે છે (એ લોકોને ચિત્રકાર કહે છે), અથવા તો શબ્દ વડે જાદુ કરવાનું શીખે છે (એ લોકોને કવિ કહે છે). પરિણામે થાય છે એવું કે એ બધા લોકો—મોટે ભાગે તો એ લોકો ખૂબ બુદ્ધિશક્તિ સાથે જન્મેલા હોય છે, પણ—પોતાનું એક ઇન્દ્રિયનું વિશિષ્ટ કામ કરતાં કરતાં અમાનુષ બની જાય છે, જીવનના બધા જ સાર્થક કાર્યોનો અર્થ સમજવાની શક્તિ ખોઇ બેસે—તેઓ માત્ર નિપુણતાથી હાથ, પગ, જીભ કે આંગળી વડે જાતજાતની કરામત કરી જાણે છે.

એ બધા કલાકારો—સાંપ્રદાયિકોની પેઠે—નંદાના આનંદપૂર્વક પરસ્પરનો છેદ ઉડાવતાં ઉડાવતાં પોતે પણ લોપ પામે છે..... ...એટલે એવું જોવામાં આવે છે કે જે કલા માણસ પાસે આટલાં બધાં ત્યાગ અને નિષ્ઠા માગી લે છે, જેણે માનવજીવનને વામણું બનાવી દીધું છે, પ્રેમનું જેણે અપમાન કર્યું છે, તેનું કશું નામનિશાને નથી એટલું જ નહિ તે જુદા જુદા પૂજનરીઓ આગળ એવાં જુદાં જુદાં સ્વરૂપ ધારણ કરે છે કે આ ક્રિમ્ભૂતક્રિમાકાર વસ્તુને માટે આપણે શું કરવા આટઆટલો ત્યાગ કરવો, આટઆટલું સહન કરવું, આટઆટલી સાધના કરવી, એ સમજવું પણ મુશ્કેલ થઇ પડે છે." અપૂર્ણ.

—અનંતમાં એકલ—

મ્હેં તો દીઠી અનંતની વાડી,
અનંતના ક્યારા,
અનંત હારમાળા.....મ્હેં૦
ભમી ભમી ભ્રમણાની ભોમ ખોદી,
અનંત ભોમ પોંખી,
અનંત હારમાળા.....મ્હેં૦
જોઈ સરિતાઓ ખળખળ વહેતી,
કલ કલ કરતી,
હસુડી હસનારી.....મ્હેં૦
જોયા હિમાદ્રિના તપસીઓ,
મનોબળ ધારી,
અહંગ વ્રતધારી,.....મ્હેં૦

સાખી

ઘર ઘર સખી પરિભ્રમણ કરું, દીલ દીલ કરું તપાસ;
એકલ એ યોગી તણી જોડી ન જોઇ કયાંય.

જગમાં હિમાલય એકલ,
ગાંધી યોગી એકલ,
એકલ જીતનારા.....મ્હેં૦
વનમાં ઘૂમે સિંહ એકલ,
ગગને સૂર્ય એકલ,
પ્રકાશ ફેલાવનારા.....મ્હેં૦

ચુનિલાલ કામદાર.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૧૪

મુંબઇ : ૧૫ નવેમ્બર ૧૯૪૧ શનિવાર.

લવાજમ
રૂપિયા ૨

સુભાષિતના હરીફાઈ

શ્રાવસ્તીની કથા છે.

ભગવાન એક વખત શ્રાવસ્તી પાસે જેતવનમાં અનાથપિંડિકના આરામમાં રહેતા હતા. ત્યાં તેમણે એક વખત ભિક્ષુઓને નીચે મુજબ ઉપદેશ આપ્યોઃ

હે ભિક્ષુઓ! એક વખત દેવો અને અસુરો વચ્ચે યુદ્ધ ચાલતું હતું. તે વખતે અસુરેંદ્ર વેપચિત્તિએ દેવેંદ્ર શક્રને કહેણ મોકલ્યું: 'હે દેવેન્દ્ર! આપણે બંને સુભાષિતો બોલીએ અને જેનું સુભાષિત ઉત્તમ ઠરે તેને જીતેલો ગણવો.'

દેવેન્દ્રે એ વાત કબૂલ રાખી.

પછી દેવોએ અને અસુરોએ એક પરિષદ નીમી, અને તે પરિષદ જે ચુકાદો આપે તે બંનેએ સ્વીકારવો એવું ઠરાવ્યું.

અસુરેંદ્ર વેપચિત્તિએ શક્રને કહ્યું: હે દેવેન્દ્ર! તું પ્રથમ એક ગાથા બોલ.

ત્યારે દેવેંદ્રે કહ્યું: હે વેપચિત્તિ! તું મારા કરતાં મોટો છે, માટે તું પ્રથમ બોલ.

ત્યારે વેપચિત્તિ નીચેની ગાથા બોલ્યોઃ

મુર્ખ માણસને રોકીએ નહિ, તો તે વધુ ફાટે છે; માટે ડાહ્યા માણસે પ્રથમથી જ પોતાની લાકડી સંભાળવી.

વેપચિત્તિની ગાથાને અસુરોએ વધાવી લીધી, પરંતુ દેવો ચૂપ રહ્યા.

પછી ઇંદ્ર પોતાની ગાથા બોલ્યોઃ

મૂર્ખ માણસને રોકવાનો એક જ માર્ગ મને દેખાય છેઃ તેને ખૂબ ગુસ્સે થયેલો જોઇ જાતે શાંત થઈ જવું.

દેવેંદ્રની ગાથાને દેવોએ વધાવી લીધી, પરંતુ અસુરો ચૂપ રહ્યા.

વેપચિત્તિ બોલ્યોઃ હું દેવેંદ્ર! મૂર્ખ આગળ શાંત રહેવાથી તે આપણને ડરી ગયેલા માની વધુ ત્રાસ આપે છે. ગાય પણ ભય પામીને નાસનારનો કેડો વધુ પકડે છે.

ત્યારે ઇંદ્ર બોલ્યો: હે વેપચિત્તિ! મૂર્ખ આપણે ભયભીત જવાથી શાંત રહ્યા. પરંતુ કોઈ પણ બાબતની શ્રેષ્ઠતા, તેના વડે અંતે કુલ કેટલું કલ્યાણ નીપજે છે, તેના વડે મપાય છે. તે દૃષ્ટિએ જોતાં સહનશીલતા જ શ્રેષ્ઠ છે. અલબત્ત, પોતે બળવાન હોવા છતાં, જે માણસ સામા મનુષ્યના અપરાધો સહન કરી લે છે, તેની સહનશીલતા જ સાચી સહનશીલતા છે; બાકી કાયર મનુષ્યો હંમેશાં સહનશીલ જ હોય છે. ગુસ્સે થનારની સામે ગુસ્સે થઇએ, તો આપણે સરખા જ દોષિત ઠર્યા; અથવા તો તેનાથી પણ વધારે દોષિત ઠર્યા. પરંતુ સામા થયેલો જોઈ જે મનુષ્ય શાંત રહે છે તે પોતાનું તેમ જ સામાનું હિત આચરે છે. તે મનુષ્ય પોતાનો રોગ દૂર કરે છે એટલું જ નહીં, પણ સામાનો રોગ પણ દૂર કરે છે. માટે સાચો વિજય તેનો જ છે; ભલે ધર્મ ન જાણનારાઓ તેને નમાલો કહે.

આ સાંભળી દેવો અને અસુરોએ નીમેલી પરિષદના સભ્યો એકી અવાજે બોલી ઉઠ્યા કે, વેપચિત્તિએ કહેલી ગાથા પશુબળ અને શસ્ત્રબળની ગાથા છે, તથા તેનું પરિણામ વિગ્રહ અને કલહ છે; પરંતુ દેવેંદ્ર શક્રની ગાથા પશુબળ અને શસ્ત્રબળની ગાથા નથી, તથા તેને પરિણામે વિગ્રહ અને કલહ શાંત થાય છે. માટે દેવેંદ્ર શક્રને અમે આ સુભાષિત-યુદ્ધમાં જીતેલો જાહેર કરીએ છીએ!

(સંયુક્ત૦ ૧૧-૧-૫) **ગોપાળદાસ જીવાભાઇ પટેલ**

ધર્મ વિરુદ્ધ ધાર્મિકતા

એક જમાનો એવો હતો કે જ્યારે મોટા મોટા સમ્રાટોને પણ પોતાના રાજમુકુટ હાથમાં રાખીને ધર્માચાર્યોની અદાલતમાં હાજર થવું પડતું. સાહિત્ય, કળા, વિજ્ઞાન, એ બધાંને ધર્મની અદાલતમાં પોતાની નિર્દોષતા અને નિષ્ઠા સિદ્ધ કરવાં પડતાં હતાં.

આજે એ દિવસો વહી ગયા છે. કારણ કે, ધર્મોમાંથી જાણે ધાર્મિકતા જ ચાલી ગઇ છે. હવે આર્ય ધર્મ, બૌદ્ધ ધર્મ, યહૂદી ધર્મ, વિશ્વાસી ધર્મ, ઇસ્લામ, વગેરે બધા જ ધર્મો માનવતાની અદાલતમાં આરોપી બનીને હાજર થયા છે. ધર્મને નામે એટલી સંકીર્ણતા ફેલાવા લાગી છે, એટલો મનુષ્યદ્રોહ થઇ રહ્યો છે કે, આજે એકેએક ધર્મ ન્યાયાધીશને બદલે આરોપીના સ્થાને આવી ગયો છે.

પહેલું સત્ત્વ ચાલ્યું જાય છે; પછી પ્રતિષ્ઠા આથમે છે ત્યાર પછી તો સ્થાનભ્રષ્ટ થવામાં વાર શી? ધર્મોએ ધાર્મિકતા છોડી અને પોતાનો નાશ વહોર્યો. હવે ધાર્મિકતાને જ ધર્મોના સકંજામાંથી બચાવવાના દિવસો આવી પહોંચ્યા છે.

'સબકી બોલી'માંથી **કાકા કાલેલકર.**

ગાંધીજી અને લલિતકળા

(ગતાંકથી ચાલુ)

મહાત્માજીની સાથે બીજી મુલાકાત દેશબંધુ ચિત્તરંજનના મકાનમાં ૪ થી નવેમ્બર ૧૯૨૪ ની સાંજે થઇ હતી. જાણીતા પુરૂષો બધા જ હાજર હતા. દેશબંધુ, કેલકર, તુલસીચરણ, શેરવાણી, જયકર, બસુ, રાજગોપાલાચાર્ય, અબ્દુલ કલામ આઝાદ, બીજા પણ કેટલાક અધિનાયકો. તેઓ વચ્ચે ખાદી સંબંધમાં કેટલોક સમય ગરમાગરમ ચર્ચા ચાલી રહી હતી.

જીવનના અનંત અભિશાપોમાં મૃત્યુ એક પરમ વરદાન છે, એ વસ્તુ હું તે દિવસે સમજ્યો—જ્યારે તે ચર્ચાની પણ મૃત્યુક્ષણ આવી પહોંચી.

ખંડમાં ફરી વાર શાંતિ પથરાઇ ગઇ. મહાત્માજી મારા તરફ જોઇને બોલ્યા "હવે?"

"પણ" જરા આનાકાની કરતાં મેં કહ્યું, "આપને આ કુરક્ષેત્ર પછી પણ થાક નથી લાગતો?"

'લાગે છે માટે જ તો તમારે ગાવું પડશે"

એક પ્રખ્યાત ગીત :

જિનકે હૃદિમેં સિરિ રામ બસે,
ઉન સાધન ઔર કિયે ન કિયે.
જિન સંત ચરણરજકો પરસા,
ઉન તીરથનીર પિયે ન પિયે.
સબ ભૂત દયા જિનકે ઉરમેં,
ઉન કોટન દાન હૃદય ન દિયે.
જિન રૂપ જે ધ્યાન ધરે,
ઉન રામ નામન લિયે ન લિયે.

"આપને હું એક પત્ર વાંચી બતાવવા માગું છું, મહાત્માજી"

"કોનો?"

"રોલાંનો. મેં તેમને પૂનામાં આપની સાથે મારે વાતચીત થયેલી તે મોકલી આપી હતી. તેના જવાબમાં તેમણે તે વિષે પોતાનો મત લખી મોકલ્યો છે."

"એમ? વાંચો વાંચો.—ના, ના, મને કંઇ એવો થાક લાગ્યો જ નથી."

મહાત્માજી એક મોટા પલંગ ઉપર સુતા હતા—મેં પાસે બેસીને વાંચ્યું :

"પ્રિય દિલીપકુમાર,

મુંબઇથી તમે મને જે પત્ર લખ્યો હતો તેને માટે મારા સસ્નેહ ધન્યવાદ સ્વીકારશો. મહાત્માજી આગળ મારા વિષે તમે જે વાતો કરી છે તે માટે પણ મારા ધન્યવાદ સ્વીકારજો. તેમની સાથેની તમારી વાતચીત અત્યંત ચિત્તાકર્ષક છે. બનતાં સુધી હું એનો અનુવાદ કોઇ ફ્રેંચ પત્રિકામાં છપાવીશ—બેશક મારે પોતાને વિષેનો ભાગ ટાળીને. કલા વિષેના એમના વિચારો જાણવા ખૂબ જરૂરી છે—અને તમે જ સૌ પહેલાં એ બધા જગતને જણાવ્યા. મને માત્ર એટલી વાતનો અફસોસ થાય છે કે મહાત્માજી પોતાનો કલાસિદ્ધાંત સ્પષ્ટ રીતે બોલતાં બોલતાં અટકી ગયા. દાખલા તરીકે, જ્યાં તેમણે તારાજડિત આકાશ વિષે પોતાનો મનોવેધક ઉભરો ઠાલવ્યો છે, ત્યાં તે પછી તરત જ, જે તેમણે કહ્યું હોત : 'પણ તેથી કંઇ હું ભારતીય ચિત્રકલા અને સ્થાપત્યનો ઓછો પ્રેમી નથી'—તો આપણને કેટલો બધો આનંદ થાત? પણ તેઓ તારાજડિત આકાશની વાત કરીને જ અટકી ગયા. બેશક, એ વાત કોણ નહિ માને કે પ્રકૃતિ જ સૌથી મહાન કલાકાર છે. માત્ર આપણે મહાત્મા જેવા મહાન પુરુષ પાસે એટલી આશા રાખીએ છીએ કે પ્રકૃતિની સ્તુતિની સાથોસાથ તેઓ આવું કંઇ કહે : 'માણસ પણ પ્રકૃતિનું અનુસરણ કરી રેખા–રંગ–ધ્વનિ–વિચાર–માં સૌંદર્યનો પૂજારી બને.' તેમનાં વચનો વાંચતાં વાંચતાં લાગે છે કે પ્રકૃતિ અથવા પ્રકૃતિના અંતર્લીન દિવ્ય સત્ય સમક્ષ તેઓ કેવળ નિષ્ક્રિય પ્રેમી બનીને રહેવા ઇચ્છે છે; પણ જો ભગવાન આપણ દરેકમાં વસે છે તો પોતપોતાની શક્તિ અનુસાર આપણું દરેકનું એ કર્તવ્ય નથી કે તે પરમ સૌંદર્યનિયંતાની પ્રતિમૂર્તિ બનવાનો આપણે પ્રયત્ન કરીએ?

"તમારી વાતચીતના એક ભાગ ઉપરથી મને લાગ્યું કે કલા વિષેના [illegible]જીના મત સંબંધે મેં જે લખ્યું છે, તેથી મહાત્માજી અને તેમના મિત્રોને જરા દુઃખ થયું છે. મેં એ સંબંધે મારો કોઇ પણ પ્રકારનો અભિપ્રાય વ્યકત કર્યો હોય એવું મને યાદ આવતું નથી! પરંતુ અનિચ્છાએ પણ જો મેં મારા પુસ્તકમાં એ સંબંધે કંઇ ભૂલચૂક કરી હોય, અથવા અજાણતાં તેમને ન ગમે એવું કંઇક કહ્યું હોય, તો તે માટે મારા કરતાં વિશેષ દુઃખ બીજા કોને થવાનું છે? હું તેમના પ્રત્યે ગમે એટલો આદર સેવતો હોઉં, તેમના ઉપર ગમે એટલો પ્રેમ રાખતો હોઉં, તો યે હું એક યુરોપિયન રહ્યોને—મારી એશિયાના એમના જેવા મહાપ્રાણ પુરૂષને સમજવામાં ભૂલ થાય એ બૂબ સ્વાભાવિક છે. મારો એક માત્ર ખુલાસો એ છે કે બીજાના મહિમાનો તલસ્પર્શ કરવાના એકાંતિક ઔત્સુક્યને વખતે મેં કદી આત્માદરને બહેકવા દીધો નથી. હું માત્ર એટલું જ ઇચ્છું છું કે તેઓ મારી ભૂલ બતાવે, હું સુધારી લઇશ.

"૧૯૨૨ માં જ્યારે મહાત્માજીને છ વરસની સજા થઇ ત્યારે કોઇ પણ યુરોપિયને એ વિષે એક શબ્દ સરખો ઉચ્ચાર્યો નહોતો. એ વસ્તુ તમને ખટકી છે. તમને નવાઇ લાગી છે. પણ તમને ખબર છે કે મહાત્માજી વિષે યુરોપમાં આટલી બધી ગેરસમજ છે તેને માટે સૌથી વિશેષ જવાબદાર કોણ છે?—તમે પોતે જ. તમારામાંના કોઇ કહે છે કે ગાંધી એક અતિશય અદ્‌ભુત વિચિત્ર હવાઇ માણસ છે, તેઓ બુદ્ધિસુદ્ધિને તો પાસે જ આવવા દેતા નથી; કોઇ વળી કહે છે કે તેઓ અંદરખાનેથી બોલ્શેવિક છે, અહિંસાનો ઉપયોગ તો તેઓ એટલા માટે કરે છે કે હમણાં એથી જ કામ સરે એમ છે. પરિણામે લોકો મૂંઝાઇ ગયા છે : "ગાંધી! એ શું છે!" અને એટલેથી જ કયાં પતે એમ છે? 'શાંતિ–અને–સ્વાધીનતાને–માટે સ્થપાયેલ–નારી–સંઘે' મહાત્માજીની સજા સામે લખાણો લખવાનો ઠરાવ કર્યો એટલામાં તો કેટલીક ભારતીય સ્ત્રીઓનો તીવ્ર વિરોધ થયો. તેમણે શું લખ્યું હતું ખબર છે?—કે ગાંધી અંદરખાનેથી હિંસાવાદી છે.....એમનાં નામ હું તમને નથી આપી શકતો, બે કારણે : (૧) નામ આપવાનો મને કશો અધિકાર નથી; (૨) બે લોકો બીજા હિંદીઓના ક્રોધનાં ભોગ થઇ પડે એ હું ઇચ્છતો નથી—બે ગાંધીજીનાં વચનો અને ઇચ્છા સાથે પણ સંગત નહિ થાય. અમારા દેશમાં બધી ખબરો કોઇ તમારા જેવા માણસો મારફતે યોડી જ આવે છે—એવા માણસો કે જેમનામાં દેશભક્તિની સાથે સાથે સત્યનિષ્ઠા પણ હોય.

"પણ જરા ઉંડા ઉતરીને વિચાર કરીએ તો માલમ પડે છે કે આખા વિશ્વના માનવોનો મોટો ભાગ આજે જે હીનાદપિહીન પાપના બીજા હેઠળ કચડાઇ રહ્યો છે, તે જ યંત્રણાનો ભાગ હિન્દુસ્તાન પણ ભોગવી રહ્યું છે. તે ઉપરાંત યુરોપમાં પણ

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૯ જુઓ)

ભગવાન નેમિનાથ અને કૃષ્ણ

નેમિનાથ અને રાજુમતિ વિષે જૈનો ઘણું જાણતા હશે, નાના બાળકો પણ કંઇને કંઇ તો જાણતા હશે, છતાં મને આ વિષય ઉપર કંઇક કહેવાનું મન થયું છે.

હું બનારસમાં હતો ત્યારે દુષ્કાળના ખબરો છાપામાં વાંચતો અને ઢોરોના મરવાના ખબરો સાંભળીને મને અતિશય ઉકળાટ થતો હતો. માણસો તો મરે છે છતાં આપણું ધ્યાન મુંગા ઢોર પ્રત્યે વધુ ખેંચાય છે. એ વખતે હું હેમચન્દ્રાચાર્ય ઉપરના એક પુસ્તકની અંગ્રેજી પ્રસ્તાવના સાંભળતો હતો ત્યારે નેમિનાથનો ઉલ્લેખ આવ્યો. એટલે મને ત્યારથી આ વિષય ઉપર બોલવાનો વિચાર આવ્યો હતો.

નેમિનાથ વિષે તમે કાંઇ કહો ત્યારે તમારે કૃષ્ણ વિષે પણ જાણવું જોઇએ. નેમિનાથ અને કૃષ્ણ એ બેને આપણા આદર્શો તરીકે રાખીએ તો આપણે આખી આર્યસંસ્કૃતિ સમજ્યા છીએ એમ કહેવાય.

એ બન્નેનો જન્મ યદુકુળમાં થયો હતો. નેમિનાથનો જન્મ આજથી છાશી હજાર વર્ષ પહેલાં થયો હતો એમ જૈન પરંપરા કહે છે. બ્રાહ્મણ પરંપરા કૃષ્ણનો જન્મ પાંચ હજાર વર્ષ પહેલાં થયો એમ કહે છે. જો નેમિનાથ અને કૃષ્ણ કાકાના દિકરા ભાઇ હોય તો આ જૈન પરંપરાનો ખ્યાલ ભૂલ ભરેલો ગણવો જોઇએ. મને લાગે છે કે નેમિનાથ છાશી હજાર વર્ષ પહેલાં નહિ પણ પાર્શ્વનાથથી થોડા સમય પહેલાં જ થઇ ગયા હોવા જોઇએ. એટલે સમયની બાબતમાં જૈન પરંપરા ઉપર બહુ ભાર મુકવા જેવું મને લાગતું નથી.

યદુવંશ એ મથુરાની આસપાસ ફુલ્યો ફાલ્યો હતો. વસુદેવના પુત્ર કૃષ્ણ અને વસુદેવના ભાઇ સમુદ્રવિજયના પુત્ર એ નેમિનાથ. જૈન પરંપરામાં નેમિનાથની સાથે કૃષ્ણનું પણ ઘણું વર્ણન આવે છે. બ્રાહ્મણ પરંપરામાં કૃષ્ણનું વર્ણન ઘણું છે, છતાં તેમાં નેમિનાથનો ઉલ્લેખ પણ નથી એ આશ્ચર્ય ઉપજાવે તેવી વાત છે.

મથુરામાં કૃષ્ણ ઉપર આફત આવતાં તે નવી રાજધાની દ્વારિકામાં સ્થાપે છે. નેમિનાથનો ઉચ્છેર અને જુવાની દ્વારિકામાં થયા હોય તેમ જણાય છે. નેમિનાથ અને રાજુમતિનું જીવન એ જૈન પરંપરાની ત્યાગ વૃત્તિનો નમુનો છે. તેઓ પરણવા ઇચ્છતાં નહોતાં છતાં બીજાની સમજાવટથી પરણવા તૈયાર થાય છે. લગ્ન વખતે કતલ થનારાં જાનવરો જોઇને નેમિનાથને અત્યંત કરૂણા અને કંપારી છૂટે છે અને પશુવધનો ખ્યાલ આવતાં તેઓ લગ્ન છોડીને ગીરનારમાં તપશ્ચર્યા કરવા માટે ચાલ્યા જાય છે.

રાજુમતિ એ કંસની બ્હેન અને ઉગ્રસેન રાજાની પુત્રી. રાજુમતિને નેમિનાથ વિષે ખબર પડતાં તે પણ સંસાર છોડીને ચાલી નીકળે છે અને તપ કરતી વખતે નેમિનાથના ભાઇ રહેનેમી જેઓ સાધુ થયા હતા અને જે રાજુમતિના રૂપમાં લોભાય છે તેમને સદુપદેશ આપી સ્થિર કરે છે. ત્યાર પછી નેમિનાથ અને રાજુમતિ સદુપદેશ કરતાં ફરે છે. આપણી ધર્મપરંપરામાં સાધુ અને સાધ્વીનું જે સ્થાન છે તેના નમુના રૂપે તેમનું જીવન વ્યતીત થયું હતું. તેઓ ઐતિહાસિક પાત્રો હોય કે ન હોય તો પણ લોકોના ચિત્તમાં એટલા બધા વસી ગયા છે કે તેઓ હતા જ એમ મનાય છે.

કૃષ્ણ વિષેનું સાહિત્ય એટલું વિશાળ છે, તેને લગતાં ગીતો સંસ્કૃત અને પ્રાકૃતમાં એટલા બધા છે કે જો એ બધાનો સંગ્રહ કર્યો હોય તો એ જ એક મોટું મહાભારત થઇ જાય. જૈનો પણ કૃષ્ણને નેમિનાથના સમાન એક ભાવી તીર્થંકર તરીકે ઓળખે છે. પણ જો આપણે બન્નેના ચરિત્રને વધુ સમજીએ તો આપણને સાચું રહસ્ય માલુમ પડશે.

પશુઓની હિંસાના ખ્યાલથી દુખિત થઇને નેમિનાથ સાધુ થાય છે, રાજુમતિ નેમિનાથના રાગથી નહિ પણ ખરા ત્યાગથી પ્રેરાઇને સાધ્વી થાય છે. રહેનેમીની ચંચળ ચિત્તવૃત્તિનું સંયમમાં પરિવર્તન કરાવે છે. ઋગ્વેદમાં યમ અને યમી એ બે ભાઇ બ્હેનોનું વર્ણન છે, જેમાં યમીને લગ્ન કરવાની ઇચ્છા થાય છે પણ તેનો ભાઇ યમ તેને સંયમમાં સ્થિર કરે છે. નેમિનાથ અને રાજુમતિના જીવનના આ પ્રસંગો નાના છતાં ઘણા મહત્વના છે. જૈન આદર્શમાં જે સંતનો, ત્યાગનો આદર્શ છે તેનું આપણને નેમિનાથ અને રાજુમતિના જીવનમાં દર્શન થાય છે.

કૃષ્ણે ગીતાનો ખરેખર બોધ કર્યો હોય કે તેના પછી તેને નામે બીજા કોઇએ લખી હોય, પણ તે અત્યંત જીવન-સ્પર્શી છે અને તેમાં વૈદિક સંસ્કૃતિનો સાર આવી જાય છે, તેથી આજે તે ધર્મસાહિત્યમાં સર્વ શ્રેષ્ઠ સ્થાન ભોગવે છે.

નેમિનાથના જીવનમાં જેવો પ્રસંગ આવે છે તેથી જુદો પ્રસંગ કૃષ્ણના જીવનમાં આવે છે. અતિવૃષ્ટિ-પીડાતાં જાનવરોને તેમણે ગોવર્ધન પર્વતદ્વારા બચાવ્યા અને આજે પણ ઠેર ઠેર ગૌશાળાઓ બ્રાહ્મણ સંસ્કૃતિના અનુયાયીઓ તરફથી ચાલે છે. આ ગૌશાળામાં મોટે ભાગે ગાયો જ હોય છે.

બીજા પ્રાન્તોમાં ગાયો માટે રક્ષણની વ્યવસ્થા છે, પણ ગાયો ઉપરાંત બીજા પ્રાણીઓનું રક્ષણ કરવું એ વ્યવસ્થા ગુજરાતમાં આપણે વધુ જોઇએ છીએ તેનું કારણ નેમિનાથનો બોધ હોય તેમ જણાય છે. એટલે આપણે કૃષ્ણને ગોરક્ષક અને નેમિનાથને પશુરક્ષક ઓળખાવી શકીએ. કૃષ્ણનો સંબંધ ગોપાલન-ગોવર્ધન સાથે જોડવામાં આવ્યો છે, તેવીજ રીતે નેમિનાથનો સંબંધ પશુરક્ષણ અને પશુપાલન સાથે જોડવામાં આવ્યો છે. તેની સાક્ષીઓ કાઠિયાવાડમાં ચૂને ગીરનાર ઉપર મળે છે.

નેમિનાથનો સંબંધ વ્યવહાર સાથે જાણે ન હોય તેમ લાગે છે. ત્યાગ કર્યા પછી જે તેમની પાસે આવે તેમને માટે તેમના જીવનમાં ઘણું છે, જ્યારે કૃષ્ણનું આખું જીવન વ્યવહારપૂર્ણ છે. સંસારમાં રહ્યા છતાં સંસારથી અલિપ્ત રહેવાનો બોધ તેમના જીવનમાંથી જડે છે. હિંદમાં નેમિનાથ અને કૃષ્ણના બે આદર્શોમાં આપણી આર્ય સંસ્કૃતિની રજુઆત થાયછે.

આર્ય સંસ્કૃતિમાં હીનયાન અને મહાયાન એવા બે આદર્શો છે. હીનયાન આદર્શ પોતા પૂરતો જ પર્યાપ્ત છે. પોતાનું કલ્યાણ કરતાં બીજાનું કલ્યાણ થઇ જાય તો ભલે; પણ ખાસ તો પોતા માટે છે જ્યારે મહાયાન આદર્શ સર્વ લોકોના કલ્યાણને પહેલું સ્થાન આપે છે. જૈનોમાં હીનયાનને વધુ પસંદગી આપવામાં આવી હોય તેમ જણાય છે, જ્યારે બ્રાહ્મણ લોકોએ મહાયાનના આદર્શને પણ સ્વીકાર્યો છે. કૃષ્ણના જીવનમાં સુદામાની વાત આવે છે, વૈભવો ભોગવવા છતાં પોતે અલિપ્ત રહે છે. સમરાંગણમાં પણ તે તટસ્થ ભાવે રહે છે. પણ આ બન્ને આદર્શોને અલગ પાડવાથી આપણે ઘણું વેઠ્યું છે. બ્રાહ્મણ અને જૈનોએ પરસ્પરના મહાનપુરૂષો વિષે કેટલું ઓછું જાણ્યું છે? હીનયાની અને મહાયાની આદર્શો જે આજે છૂટા પડી ગયા છે તે બરાબર નથી. ભારતીય સંસ્કૃતિને જો આપણે સમજવા માગતા હોઇએ તો નેમિનાથ અને કૃષ્ણ બન્નેને આપણે સમજવા જોઇએ. રસવૃત્તિ, બુદ્ધિ અને તત્વજ્ઞાનની દૃષ્ટિએ જો

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૭ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

નવેમ્બર ૧૫ ૧૯૪૧

ધાર્મિક શિક્ષણ

કેળવણીની જૈન સંસ્થાઓ ચલાવનાર કાર્યકર્તાઓનો અનુભવ છે કે એવી સંસ્થાઓમાં પૈસા આપનાર ગૃહસ્થો પહેલું પ્રશ્ન એ પૂછે છે કે તમારી સંસ્થામાં ધાર્મિક શિક્ષણ અપાય છે ? ધાર્મિક શિક્ષણ અપાય છે તેમ કહેવાથી અથવા બતાવવાથી આવી સંસ્થાઓ માટે પૈસા મળે છે તે જાણીતી વાત છે. પ્રશ્ન પૂછનારમાંથી ઘણા ખરા કદાચ જાણતા પણ નહિ હોય કે ધાર્મિક શિક્ષણ એટલે શું તે કેવા પ્રકારનું હોવું જોઇએ અને કેવી રીતે આપી શકાય અથવા જે ધાર્મિક શિક્ષણ અપાય છે તે કેવા પ્રકારનું છે અને સાર્થક છે કે નહિ તે જાણવાની પણ તેમને પરવા ન હોય. છતાં ધાર્મિક શિક્ષણ ફરજીયાત છે, તેની પરીક્ષા લેવાય છે, પરીક્ષામાં દરેક વિદ્યાર્થીને પાસ થવું પડે છે–આપવું દરેક જૈન સંસ્થાના રીપોર્ટમાં વાંચીએ છીએ. આ ખરેખર કરુણ દશા છે. ધાર્મિક શિક્ષણ અપાવું જોઇએ એવો આગ્રહ રાખવાવાળા જાણતાં ન હોય કે ધાર્મિક શિક્ષણ કોને કહેવાય અને કેવી રીતે આ[illegible]તાં તેને માટે આગ્રહ રાખે અને તેને નામે [illegible] કોઇ જૈન સંસ્થા છટકેચોક એમ કહે કે અમે તો માત્ર વ્યવહારિક કેળવણીના ઉત્તેજનાર્થે સંસ્થા ચલાવીએ છીએ અને સામાન્યપણે જેને ધાર્મિક શિક્ષણ કહેવામાં આવે છે તેવું કોઇ શિક્ષણ આપતા નથી તો તેવી સંસ્થાને આર્થિક સહાય મળવી મુશ્કેલ થઇ પડે. ધાર્મિક શિક્ષણ અપાય છે તે કારણે જેઓ આવી સંસ્થાઓને મદદ કરે છે તેવાઓના પોતાનાંજ સન્તાનો પોતાને ત્યાં કાંઇ ધાર્મિક શિક્ષણ લેતા ન હોય તેની તેમને પરવા નથી. પણ તેમના પૈસાથી ચાલતી સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ ફરજીયાત હોવું જોઇએ એવો તેમનો આગ્રહ છે. વ્યવહારિક કેળવણી જરૂરની છે તે હકીકતનો ઇન્કાર કદાચ આવા દાન આપવાવાળા નહિ કરે; પણ તે માટે જ પોતાનું દાન નહિ આપે. સંસ્થાઓમાં ફરજીયાત ધાર્મિક શિક્ષણ માટે આવો આગ્રહ શા માટે ? કેવા પ્રકારના ધાર્મિક શિક્ષણની દાતાઓ અપેક્ષા રાખે છે ?

ધાર્મિક શિક્ષણ જ્યાં ફરજીયાત અપાતું હોય એવી કેટલીક જૈન કેળવણીની સંસ્થાઓ મેં જોઇ છે. કેટલાકને વિષે હું વિના સંકોચ એમ કહી શકું છું કે ધર્મ પ્રત્યે અણગમો ઉત્પન્ન કરવાની વધારે સારી રીત ભાગ્યે જ શોધી શકાય એવી રીતે "ધાર્મિક શિક્ષણ" આપવામાં આવે છે. સાચા ધાર્મિક શિક્ષણનું જે એક મુખ્ય લક્ષણ હોવું જોઇએ કે તે સ્વેચ્છાએ લેવાય તો જ સાર્થક થાય તેનો જ અભાવ જોવામાં આવે છે. ફરજીયાતનું તત્ત્વ એટલું વધારે પડતું હોય છે કે તે એક જ કારણે અપાતું શિક્ષણ નિરર્થક થાય છે. એટલું જ નહિ પણ કદાચ અવળું પરિણામ ઉપજાવનારું બને છે. અમુક ક્રિયાઓ ફરજીયાત કરવી જ જોઇએ, અમુક તિથિએ લીલોતરી તથા રાત્રી ભોજનનો ત્યાગ કરવો જ જોઇએ, અમુક દિવસોએ, કદાચ હમેશ, મંદિરમાં પૂજા કરવા જવું જોઇએ. વિગેરે. આ બધી ક્રિયાઓ રહસ્યપૂર્ણ છે, એક દૃષ્ટિએ ધર્મના પ્રતીકરૂપ છે પણ ફરજીયાત હોય ત્યાં અનર્થકારી છે. તેવી જ રીતે અમુક સ્તોત્રો ફરજીયાત મોઢે કરવા જ જોઇએ, અમુક ગ્રંથોનો અભ્યાસ કરી પરીક્ષા આપવી જ જોઇએ વિગેરે.

ધાર્મિક શિક્ષણનો આપણે આગ્રહ રાખીએ છીએ તેનું મુખ્ય કારણ એક જ છે કે ઉંડે ઉંડે પણ આપણામાં એક ભાવના છે કે જૈન ધર્મ એક મહાન ધર્મ છે, આચરણીય છે અને તેથી આપણાં સંતાનોમાં જૈન ધર્મ અને સંસ્કૃતિનાં બીજ રોપવા જરૂરનાં છે. આપણામાંથી અને જગતમાંથી ધાર્મિક ભાવના ઓછી થતી જાય છે અને તેનું આપણને ભાન છે અને દુઃખ પણ [illegible] સાચો ઉપાય કરવા આપણે તૈયાર નથી. છેવટ આ એક માર્ગ શોધી કાઢયો કે આપણા પૈસાની મદદથી વ્યવહારિક કેળવણી લેતાં વિદ્યાર્થીઓએ ધાર્મિક શિક્ષણ ફરજીયાત લેવું જોઇએ. વેપારી દૃષ્ટિએ આ [illegible] કર્યો કે અમો પૈસા આપીએ. તમારે તેના બદલામાં ધાર્મિક શિક્ષણ ફરજીયાત લેવું પડશે. આપણને સંતોષ થયો કે આપણામાં અથવા આપણાં સંતાનોમાં તો ધાર્મિક સંસ્કાર લુપ્ત થતાં ચાલ્યા છે, પણ કેટલાક વિદ્યાર્થીઓને ફરજીયાત ધાર્મિક શિક્ષણ આપ્યું છે તેથી જૈન ધર્મ ચિરકાળ ટકી રહેશે અને આપણા આત્માનું કલ્યાણ થશે કે બીજાને ધર્મબોધની તક આપી !

મારી એ નમ્ર સુચના છે કે કોઇ પણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ ફરજીયાત હોવું ન જોઇએ. તેની સામે એક જ દલીલ છે કે તેમ કરીશું તો બહુ થોડા વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ લેશે. આ દલીલ જ ધાર્મિકશિક્ષણ ફરજીયાત કરવાની વિરુદ્ધની છે. ધાર્મિક શિક્ષણ માટે જે વિદ્યાર્થીઓમાં સ્વેચ્છાએ રસ ઉત્પન્ન કરી ન શકીએ તો ફરજીયાત અપાએલ ધાર્મિક શિક્ષણ નિરર્થક છે, કદાચ વિપરીત પરિણામ ઉપજાવનારૂં થાય. બધી કેળવણીનું મુખ્ય લક્ષણ જ એ છે કે તેમાં વિદ્યાર્થીની સ્વતંત્રતા જળવાવી જોઇએ અને તેમાં તેને રસ ઉત્પન્ન થવો જોઇએ. ધાર્મિક શિક્ષણનું આ લક્ષણ સવિશેષ હોવું જોઇએ. વ્યવહારિક કેળવણી તો આજીવિકા માટે અથવા બુદ્ધિની ખીલવણી માટે હોય છે. ધાર્મિક શિક્ષણ આત્મભાન માટે છે તેથી તેમાં બળાત્કારને કોઇ સ્થાન નહોઇ શકે.

બીજો પ્રશ્ન ધાર્મિક શિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઇએ. આ પ્રશ્ન ઘણો અટપટો છે. હું માત્ર થોડી સુચનાઓ કરીશ. ધાર્મિક ક્રિયાઓ ધર્મનું હાર્દ નથી. તેમાં રહેલ આચાર પ્રણાલિકાઓ અને વિધિનિષેધો સમયે સમયે બદલાય છે અને બદલાવા જોઇએ. તેથી સૈકાઓ પૂર્વે નક્કી થયેલ અમુક ધાર્મિક ક્રિયાઓ આજે પણ એજ સ્વરૂપે કરવી જોઇએ એવો આગ્રહ રાખવામાં ડહાપણ નથી. બીજું જે ક્રિયાઓ કરવાની હોય તે ધર્મભાવના જાગ્રત કરવાવાળી છે એવી પ્રતીતિ ન થાય ત્યાં સુધી તેની કોઇ ઉપયોગીતા નથી, પણ માત્ર જડભાવે એક ટેવરૂપ થઈ જાય તેટલું જ. દા. ત. લીલોત્રી અથવા રાત્રી ભોજનનો ત્યાગ. આમ કરવામાં ધર્મ છે તેની પ્રતીતિ ન થાય ત્યાં સુધી ફરજીયાત કરાવવાથી શું લાભ ? એક તરફથી વિજ્ઞાન એમ કહેતું હોય કે ખૂબ શાકપાન અને ફળ ખાવા અને બીજી તરફથી આપણે ધર્મને નામે તેનો નિષેધ કરીએ તેનો મેળ કયાં ? શા માટે એ નિષેધ આચરણીય છે ? ખાસ કરીને કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આવી ફરજ પાડવામાં આવે અને તેનું રહસ્ય તેમની બુદ્ધિ ન સ્વીકારે તો આ વસ્તુ તેમને માટે એક ઉપહાસનો વિષય જ રહે. તેવું દરેક

ક્રિયા વિષે. ક્રિયા કોઇ ભાવનાનું અપૂર્ણ પ્રતીક છે અને તે ભાવનાને જીવનમાં ઉતારવાનું એક ઉપયોગી સાધન છે. તે ન સમજાય ત્યાં સુધી ક્રિયા સજ્ઞાન ન જ થાય.

તેવી જ રીતે અમુક ગ્રન્થોનો ફરજીયાત અભ્યાસ અને તેની પરીક્ષાઓનું. એ ગ્રન્થો જૈન તત્ત્વજ્ઞાન—દ્રવ્યાનુયોગ અને દર્શન (metaphysics and logic)–ના હોય તો એક સાવચેતીના જરૂર છે. તત્ત્વજ્ઞાન એ મુખ્યત્વે બુદ્ધિનો વિષય છે. ધર્મ હૃદય અને લાગણીનો વિષય છે. જૈન તત્ત્વજ્ઞાનનાં પંડિતો જૈન ધર્મનાં સાચા અનુયાયીઓ છે એવો અનુભવ નથી. જૈન તત્ત્વજ્ઞાન અને જૈન આચાર ધર્મ બન્ને વચ્ચે કોઇ આવશ્યક સંબંધ નથી. એટલે કે તત્ત્વજ્ઞાનમાંથી [illegible] આચારધર્મ અનિવાર્યપણે ફલીત થતો નથી. આર્યસંસ્કૃતિની એ [illegible] છે કે તત્વજ્ઞાનના પ્રદેશે ગમે તેવા મતભેદ હોય, દ્વૈત હોય, અદ્વૈત હોય, વિશિષ્ટાદ્વૈત હોય, તો પણ તેની જીવનસાધના એક છે. તપ, ત્યાગ અને સંયમની. બુદ્ધિના પ્રદેશમાં પૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં વર્તનમાં એકતાનો આગ્રહ છે. તેમાં કોઇ સાધન ઉપર ઓછો વત્તો ભાર મૂકવામાં આવે પણ સાધ્ય એક છે. આત્માની મુક્તિ, સાધના એક છે, ઇન્દ્રિય નિગ્રહ અને વીતરાગ ભાવ. હિન્દુ, બૌદ્ધ અથવા જૈન ધર્મ દરેકના દ્રવ્ય અને દર્શનવિચારણામાં મતભેદો ઘણાં છે, છતાં સાધ્ય, સાધના એક છે. તેથી જૈન દ્રવ્યાનુયોગ અને દર્શનનો અભ્યાસ ઉપયોગી છે છતાં તેનાંજ અભ્યાસથી જૈન ધર્મ અથવા સંસ્કૃતિનું હાર્દ પુરું નહિ સમજાય.

જૈન ધર્મનું હાર્દ છે તેનો સંયમધર્મ, જેમાંથી ફલિત થાય છે તેનાં મહાવ્રતો–અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, તે સંયમધર્મ તત્વજ્ઞાન ઉપર નહિ મનુષ્ય સ્વભાવનાં જ્ઞાન ઉપર રચાયેલ છે. મનુષ્યની વાસનાઓનું પ્રાબલ્ય, કામ અને સુખની તીવ્ર લાલસા, તેનાં સંયમની જરૂરીયાત અને તેમાં જ શ્રેય–આ જૈન ધર્મનું હાર્દ છે. જૈન ધર્મ સંયમ ઉપર સવિશેષ ભાર મૂકે છે. તેનાં બધાં વ્રતો, આચારપ્રણાલિકાઓ અને વિધિનિષેધો આ એક મહાન ધર્મના જુદા જુદા પ્રકારો છે.

તેથી સાચું ધાર્મિક શિક્ષણ તપ, ત્યાગ અને સંયમની ભાવના દ્રઢ કરવામાં છે. ક્રિયાઓ ભલે કરવામાં આવે, તત્વજ્ઞાનનો અભ્યાસ ભલે થાય, પણ આ બધાનું લક્ષ્ય અને ધ્યેય સ્વેચ્છાએ સ્વીકારેલ સંયમમાં શ્રેય છે એવી ભાવનાની અભિવૃદ્ધિમાં છે. દરેક સંપ્રદાયને પોતાની વિશિષ્ટ ક્રિયાઓ અને માન્યતાઓ હોય છે, જેને તે સંપ્રદાય ધર્મનું મુખ્ય લક્ષણ માને છે. વસ્તુતઃ તેમ નથી. આજે ગાંધીજીનાં મહાન પ્રયોગથી જૈન ધર્મ ખરેખર યુગધર્મ બને છે, વિશ્વ ધર્મનું સ્વરૂપ લે છે. એ હવે માત્ર જૈનોનો જ ધર્મ નથી રહેતો. ત્યાગ અને સંયમની ભાવના જીવનનું મુખ્ય લક્ષ્ય રહેતાં છતાં, તેને જીવનમાં ઉતરવાના નવા માર્ગો ગાંધીજી બતાવે છે.

આવું શિક્ષણ આપવું તે અતિ વિકટ કાર્ય છે. સમસ્ત સમાજનું વાતાવરણ એવી ભાવનાનું પોષક ન હોય ત્યાં મુશ્કેલી વિશેષ રહે છે. જ્યાં લક્ષ્મીપૂજા જ જીવનનું ધ્યેય છે, તેનું જ માન છે અને તેની ઉપર જ મનુષ્યનું મૂલ્ય અંકાય છે ત્યાં માનવતાનું નવું મૂલ્યાંકન કરવું સહેલું નથી; છતાં સાચું ધાર્મિક શિક્ષણ આપવું હોય તો તે પ્રયોગ કર્યે જ છુટકો છે. આવા શિક્ષણનો આધાર સંસ્થાના સમગ્ર વાતાવરણ અને શિક્ષક ઉપર રહે છે. કોલેજનાં વિદ્યાર્થીઓમાં આવા શિક્ષણ પ્રત્યે અભિરુચિ કરવી પ્રમાણમાં સહેલું છે, કારણ કે તેમની સાથે બુદ્ધિપૂર્વકની ચર્ચા થઇ શકે. તે માટે આવા સંયમધર્મનું હાર્દ સમજવતાં જૈન ધર્મના મૂળ પુસ્તકોનો અભ્યાસ અને તેનું વિવેચન ઉપયોગી થાય.

ઉપરનું વિવેચન કોઈ સંસ્થા કે તેમાં અપાતા ધાર્મિક શિક્ષણની ટીકા કરવા લખ્યું નથી તે ભાગ્યે જ કહેવાની જરૂર છે. મારા અનુભવથી મને જે જણાયું છે તેની સુચનાઓ કરી છે. **ચીમનલાલ ચકુભાઇ શાહ.**

અહિંસક વ્યાયામસંઘ

[સરદાર પૃથ્વીસિંહજી દ્વારા સંચાલિત 'શ્રી અહિંસક વ્યાયામ સંઘ'નું બંધારણ નીચે રજુ કરવામાં આવે છે.]

(૧) ભૂમિકા:–કેળવણીની બધી યોજનાઓનું ધ્યેય સત્ય, અહિંસા, સંયમ અને સેવાપરાયણ જીવન બનાવવાનું હોવું જોઇએ. તેને સિદ્ધ કરવા માટે અનેક સદ્‌ગુણોના સંવર્ધન અને શિક્ષણ સાથે સાથે વ્યાયામ શિક્ષણની પણ જરૂરત છે. એ દૃષ્ટિને નજર રાખી વ્યાયામ શિક્ષણ સફલ બનાવવા માટે એક ખાસ સંસ્થાની જરૂરીયાત માલુમ પડવાથી આ સંસ્થાની સ્થાપના કરવામાં આવે છે.

(૨) નામ:–આ સંસ્થાનું નામ **"અહિંસક વ્યાયામ સંઘ"** રાખવામાં આવે છે. સંઘનું મુખ્ય કાર્યાલય મલાડ (મુંબઇનું પરું) માં રહેશે. પરંતુ સંઘની કાર્યકારિણી સમિતિને જ્યારે જરૂર પડે ત્યારે તેનું સ્થાન બદલવાનો અધિકાર છે.

(૩) ઉદ્દેશ.–આ સંઘનો ઉદ્દેશ વ્યાયામ દ્વારા દેશની એ રીતે સેવા કરવાનો છે જેથી જનતાની શારીરિક અને કર્તૃત્વશક્તિના વિકાસની સાથે સાથે તેના મન અને બુદ્ધિ સુસંસ્કારી બને અને તેનું જીવન સત્ય, અહિંસા, સંયમ અને સેવાપરાયણ થાય.

(૪) કાર્યકારિણી સમિતિ–ઉપર જણાવેલ ઉદ્દેશને યોગ્ય અને વ્યવહારૂ રૂપ દઇ કાર્યમાં પરિણત કરવા માટે નીચે જણાવેલ સભ્યોની એક કાર્યકારિણી સમિતિ બનાવવામાં આવી છે.

(૧) શ્રી નાથજી (કેદારનાથ)	પ્રમુખ
(૨) શ્રી રામેશ્વરદાસ બીડલા	ટ્રસ્ટી
(૩) શ્રી કેશવદેવ નીવેટીયા	,,
(૪) શ્રી પુરુષોત્તમ કાનજી	,,
(૫) શ્રી પૃથ્વીસિંહજી	સંચાલક
(૬) શ્રી ઝાબીરઅલી	સભ્ય
(૭) શ્રી મનુભાઇ બક્ષી	માનદ મંત્રી

(૫) કાર્યકારિણી સમિતિમાં ઓછામાં ઓછા પાંચ અને વધારેમાં વધારે સાત સભ્યો રહેશે. તેઓને તેમની નિમણુકના સમયથી આજીવન સભ્ય ગણવામાં આવશે. કાર્યકારિણી સમિતિમાં ખાલી રહેલ અથવા ખાલી પડનાર સ્થાનની પૂર્તિ કરવાનો અધિકાર સમિતિના બાકીના સભ્યોને છે. તે પૂર્તિ સર્વાનુમતિથી કરવામાં આવશે.

(૬) કાર્યકારિણી સમિતિના અધિકાર અને જવાબદારી:–સંઘના સંચાલનની બધી જવાબદારી અને અધિકાર કાર્યકારિણી સમિતિને રહેશે. તેને માટે સમિતિને યોગ્ય લાગે તેવા પ્રસ્તાવ, નિયમ, ઉપનિયમ, કાર્યક્રમ, યોજના, ઉપસમિતિઓ તથા કાર્યકર્તાઓની નિયુક્તિ વગેરે કરી શકે છે તથા તેમાં ફેરફાર પણ કરી શકે છે અને સંઘના કાર્યોને માટે ધન અને મિલ્કતની પ્રાપ્તિ, સ્વીકાર, ખર્ચ, લેણદેણ, તેમજ તેની સંભાળ માટે યોગ્ય

ગત સંવત્સર

વિક્રમ સંવત ૧૯૯૭ ના સંવત્સરનું થોડા દિવસો પહેલાં અવસાન થયું અને વિક્રમ સંવત ૧૯૯૮ નો પ્રારંભ થયો. વિદાય પામેલા આખા વર્ષ દરમિયાન યુરોપની યાદવાસ્થલી વધારેને વધારે ભીષણ સ્વરૂપ પકડતી ગયેલ છે. ડેન્માર્ક, નોર્વે, બેલ્જીઅમ, હોલાંડ, અને ફ્રાન્સ તો તેથી આગળના વર્ષમાં પડી ચુકયા હતા અને જર્મનોના ઇંગ્લાંડ ઉપરના આકાશી હુમલાઓ ચાલુ થયા હતા. ત્યારબાદ ગત વર્ષ દરમિયાન જર્મનીએ સર્વ બાલ્કન રાજ્યો પોતાને સ્વાધીન કર્યા અને પીઠ પાછળથી ઘા મારે તેમ રશીઆ ઉપર વિરાટ આક્રમણ શરૂ કર્યું. આજે દુનિયાએ કદિ નહિ જોયેલ એવા તુમુલ સંહારના પરિણામે રશીઆના દક્ષિણ પ્રદેશો યુક્રેન, ક્રીમીઆ વિગેરે જર્મનીએ લગભગ સર કર્યા છે. ઉતરે આવેલ લેનીનગ્રેડની સમીપ જર્મનો જઇ પહોંચ્યા છે અને રશીઆનું પાટનગર મોસ્કો પડું પડું એવી દશામાં લગભગ ચોતરફથી જર્મનઘેરાનું ભોગ થઇ પડેલ છે. બીજી બાજુએ અંગ્રેજોએ ઇરાક, સીરીઆ અને ઇરાન ઉપર પોતાનો કાબુ જમાવ્યો છે; તુર્કીની અનુકુળતા જાળવી રાખી છે અને યુનાઇટેડ સ્ટેટસને પોતાના પક્ષે વિગ્રહમાં લગભગ સામેલ કરવા સુધી ઇંગ્લાંડ ખેંચી શકયું છે. દૂર પૂર્વમાં જાપાન પોતાનાં શસ્ત્રાસ્ત્રો ખખડાવી રહેલ છે અને રશીઆના પડવાની જાણે કે રાહ જોતું હોય એમ યુદ્ધપૂર્વની બધી તૈયારીઓ દાખવી રહેલ છે. જાપાન રણશીંગું ફુંકે કે યુનાઇટેડ સ્ટેટસને માટે વિગ્રહથી અલગ રહેવાનું અશકય જ બનવાનું છે અને એ રીતે પેસીફીક મહાસાગર પણ એક મોટી રણભૂમી બની જાય એવો સંભવ છે. રશીઆ ટકી નહિ શકે એવો અભિપ્રાય આજકાલ ચોતરફથી વધારે ને વધારે મજબુત બનતો દેખાય છે અને એના પડવા બાદ જર્મન આક્રમણ કઇ દિશા તરફ પોતાનો પંજો લંબાવશે એ વિષે જાતજાતની અટકળો બંધાઇ રહી છે. એક બાજુએ રશીઆ પડે તો પછી યુરોપમાં તો તેને ગ્રેટબ્રીટન જ સર કરવાનું રહે. પણ ત્યાં ઇંગ્લીશ ચેનલ અભેદ્ય દીવાલ માફક ઉભી છે. તે કેમ ભેદ્યી તેનો નીકાલ ન આવે ત્યાં સુધી જર્મનીનું ગમે તેટલું મોટું આક્રમણ ઇંગ્લાંડને નમાવી શકે જ નહિ. બીજી બાજુએ તુર્કી, ઇરાન, અફઘાનીસ્તાન ભેદીને હિંદુસ્થાન ઉપર જર્મની ચઢાઇ કાં ન કરે એવો પણ એક તર્ક હિંદુસ્થાનની ઉત્તર સીમાને જોખમાવી બનાવી રહેલ છે. વળી જાપાન આ વિગ્રહમાં ઝંપલાવે તો બર્મા અને હિંદનો પૂર્વ ભાગ વિમાની આક્રમણોના ભોગ બન્યા વિના ન રહે એમ સૌ કોઇ માને છે. જે રીતે વિગ્રહનો વિકાસ થઇ રહ્યો છે તેનો અભ્યાસ કરતાં દુનિયાનો મહત્વનો એક પણ દેશ આ કાળકરાળ વિગ્રહથી અલગ રહેવા પામે એ શકય લાગતું નથી. ઇચ્છાએ કે અનિચ્છાએ દુનિયાના પ્રત્યેક દેશ અને પ્રત્યેક પ્રજાએ આ સંહારતાંડવમાં પોતાનો ફાળો આપવાનો જ હોય એવું ભાવીનિર્માણ ભાસે છે. સાધારણ રીતે આજ કરતાં આવતી કાલ વધારે ઉજળી અને આશાપ્રદ હોય છે. આજના સમયમાં આજ કરતાં આવતી કાલ વધારે ભયાનક અને કલ્પનામાં ન આવે તેવી અનવસ્થાને નોતરતી લાગે છે. માનવીએ માનવસભ્યતાનું મોટામાં મોટું દેવાળું કાઢ્યું છે. સેવાગ્રામનો સંત દુનિયાને એક ખુણે સત્ય અને અહિંસાનો સંદેશ સંભળાવી રહેલ છે. પણ દુનિયા ઉપર પ્રભુત્વ ધરાવતી પ્રજાઓ વેરઝેરના નિશામાં ચકચુર બનેલી છે. આજ સુધીના ઇતિહાસમાં કદિ નહિ જોવાયલી અને કદિ નહિ કલ્પાયલી આંધી આપણી કમનસીબ દુનિયા ઉપર ઉતરી આવી છે. અલબત, દૂરનું ભાવી ઉજ્જવળ હશે અને દુનિયાનું નવનિર્માણ આમાંથી જ ઉભું થવાનું હશે, પણ આજે તો આપણી આંખો ચોતરફ ઘટ્ટ બનેલા તિમિરને ભેદી શકતી નથી અને દુનિયા બે ડગલાં આગળ ચાલી હતી તે પણ બે ડગલાં પાછળ હઠતી હોય અને આપણી આશાનું સ્વર્ગ લાંબા કાળ માટે ઉથલી પડતું હોય એવો નિરાશાવાદ આપણી બુદ્ધિ અને કલ્પનાને ઘેરી વળે છે.

જો રશીઆ પડે તો? રશીઆના સામ્યવાદમાં હિંસા ભરચક ભરી હતી; વ્યક્તિસ્વાતંત્ર્ય સર્વથા લુપ્ત બનતું હતું; એમ છતાં પણ આજના મુડીવાદની ચુડમાં ફસાયલી દુનિયાનો ઉદ્ધાર કરવાનો અને કંઈ કાળથી દબાયલી અને શોષાયલી ગરીબ જનતાને ઉંચે લાવવાનો એ એક ભગીરથ પ્રયોગ હતો. એક બાજુ પાર વિનાનું નિષ્પન્ન, બીજી બાજુએ અપાર બેકારી, આ મુડીવાદી સંસ્કૃતિના અનિવાર્ય પરિણામો છે. આજનું યુધ્ધ એ પરિસ્થિતિનો સ્વાભાવિક પરિપાક છે. આ દુષિત ચક્રચુડમાંથી દુનિયાને છોડાવવાનો રશીઆના સામ્યવાદનો મનોરથ હતો. એ રશીઆના પતન સાથે એ મહાન પ્રયોગનો હાલ તુરતને માટે અન્ત આવે. વિપુલ માનવજાતની પ્રગતિ અને કલ્યાણની દૃષ્ટિએ આ ખરેખર અત્યંત કરૂણાજનક અને કમનસીબ ઘટના બની રહી છે! અને આપણું કમનસીબ હિંદુસ્થાન પણ આન્તર્ગત પરિસ્થિતિના કારણે વધારે ને વધારે વિષમ અને વિકટ ભાવી તરફ ખેંચાઇ રહ્યું હોય એમ લાગે છે. યુદ્ધનું ગમે તે પરિણામ આવે તો પણ હિંદુસ્થાનના લલાટે ગુલામી અને પરાધીનતા જ લખાયલી હોય એવી કોઇ વિચિત્ર નિરાશા મનને વેદનાવ્યાકુળ બનાવે છે. યુરોપીય વિગ્રહ હિંદને આઝાદ બનવા માટે એક મહાન અવસર હતો. પણ એ અવસરને હિંદુ-મુસલમાનને પરસ્પર લડતા કરનાર પાકીસ્તાન પ્રચારે ધુળ મેળવ્યો છે અને હાથમાં આવેલું અમૃત ફળ ફેંકાવી દીધું છે. ૧૯૩૦-૩૨માં અંગ્રેજ સરકારને હિંદને કોઇ પણ રીતે સંતોષવાની ભારે ચિન્તા પડી હતી. આજે તેના જીવન મરણનો સવાલ ઉભો કરે એવા આ ઘનઘોર યુદ્ધથી ઘેરાયલા હોવા છતાં હિંદુસ્થાનનો પ્રશ્ન ૧૯૩૦-૩૨ના વર્ષો જેટલો અંગ્રેજ સરકારને ચિન્તાનો વિષય હોય એમ જણાતું નથી. હિંદુસ્થાન બ્રીટનને પુષ્કળ યુદ્ધ સામગ્રી અને વસ્તુઓ આપે છે, સંખ્યાબંધ

માલુમ પડે તેવી બીજા પ્રકારની પ્રવૃત્તિ કરી શકે છે અને તેમાં તેને ઇન્ડીયન ટ્રસ્ટ એકટની કલમ ૨૦ ની મર્યાદામાં રહેવાનું આવશ્યક રહેશે નહિ.

(૭) જો કોઇ કારણવશાત્ શ્રીનાથજી અથવા પૃથ્વીસિંહજી સંઘમાંથી નિકળી જાય તો તેની જગ્યા કાર્યકારિણી સમિતિની સર્વાનુમતિથી પૂરવામાં આવશે. શ્રીનાથજી પોતાની અનુપસ્થિતિમાં કાર્યકારિણી સમિતિના બીજા કોઇ સભ્યને પ્રમુખનું કાર્ય કરવા માટે નિમણુક કરી શકે છે. તેવી નિમણુકના અભાવમાં કાર્યકારિણી સમિતિ પોતાનો પ્રમુખ ચૂંટી લેશે.

(૮) સંઘની ભૂમિકામાં બતાવેલ હેતુને કાયમ રાખી કાર્યકારિણી સમિતિને આ વિધાનની ભાષા અને કલમોમાં ફેરફાર કરવા, વધારવા, ઘટાડવા, તથા સંઘને વિસર્જન કરવાનો પણ અધિકાર છે. પરંતુ જો સંઘનું વિસર્જન કરવામાં આવે તો કાર્યકારિણી સમિતિ તેમજ ટ્રસ્ટીઓની એ ફરજ રહેશે કે સંઘની બાકીની બધી માલમિલકત કોઇ અહિંસાત્મક જનસેવાના કાર્યમાં ખર્ચે અથવા તેવું કામ કરતી સંસ્થાને સોંપી દે.

રામબાગ
મલાડ. } મંત્રી
અહિંસક વ્યાયામ સંઘ.

સૈનિકો આપે છે. પણ આપણે જ્યારે એમ પુછીએ છીએ કે આ વિગ્રહને અન્તે થનાર ભાવીનિર્માણમાં અમારૂં શું સ્થાન? ત્યારે તેઓ એક જ જવાબ આપણા માથામાં મારે છે કે તમે એક થઇને આવો અને નવરચનાની સંયુક્ત યોજના લાવો. આ એકતા અને સંયુક્ત યોજના શ્રી. ઝીણાની કોમીવાદી પ્રચારકાર્યે આજની ઘડિએ અશકય બનાવી દીધી છે. જ્યાં ત્યાં કોમી દાવાનળ સળગે છે અને નિર્દોષ અને ગરીબ માણસોના ભોગ લેવાય છે. ઝીણા આપણા જ દેશનો વતની છે અને કોમી ઝગડાંમાં એક યા બીજા પક્ષે ભાગ લેતા ભાઇઓ પણ આપણા જ દેશબાંધવો. દેશની આવી અસહાય દશા નિપજાવનાર આખરે આપણે જ છીએ. આપણી શરમ પારવિનાની છે. આ દુનિયામાં ઉંચું માથું કરવાનો અવસર આવ્યો ત્યારે આપણામાં ફિટનો યોગ શરૂ થયો અને આમ તેમ ગમે એટલું દોડવા છતાં ધાણીના બળદના માફક હતા ત્યાંના ત્યાં જેવી આપણી દશા થઇ ગઇ.

આજે આપણા દેશમાં અશાન્તિ અને અવ્યવસ્થા ઉપજાવે તેવાં તત્ત્વો ચોતરફ ઉભરાઇ રહ્યાં છે. કોમી તંગ વાતાવરણ, પ્રજાનો તીવ્ર અસંતોષ, રાષ્ટ્રીય મહાસભાનો સત્યાગ્રહ, મોસ્લેમ લીગનો અસહકાર, વધતી જતી મોંઘવારી અને કરબોજો, સંખ્યાબંધ રાજકારણી કાર્યકર્તાઓનો જેલવાસ અને રાજ્યકર્તાઓની પરાપૂર્વની એની એજ રાજ્યપધ્ધતિ–આ બધાંજ તત્વો આપણા નજીકના ભાવીને વધારેને વધારે ગહન બનાવે છે.

થોડા દિવસ પહેલાં મહાત્મા ગાંધીજીએ આજ સુધીના સત્યાગ્રહી રાજકારણની પર્યાલોચના કરતું અને ભાવી માર્ગનું સૂચના કરતું એક અતિ મહત્ત્વનું નિવેદન બહાર પાડયું છે. એ નિવેદન આજ સુધી ચાલી રહેલ સત્યાગ્રહની લડત સંબંધે સંતોષ વ્યકત કરે છે. પ્રજાની આજની મંદ મનોદશા ધ્યાનમાં લેતાં આ સંતોષ વધારે પડતો લાગે છે. ૧૯૩૦–૩૨ નો વિરાટ સત્યાગ્રહ કયાં અને આજનો કૃશકાય ઝરણા માફક વહેતો સત્યાગ્રહ કયાં? આ ઉપરાંત આજે પ્રજાગણમાં દેખાતો નિરૂત્સાહ, અશ્રદ્ધા, નિષ્ક્રિયતા પણ એટલાંજ ગ્લાનિજનક છે. એમ છતાં કોઇ પણ ગંભીર પગલું ભરતાં ગાંધીજી સામે બે બાબતો આવીને ઉભી રહે છે. તેમનો સત્યાગ્રહનો આદર્શ પ્રતિપક્ષને સંકટના સમયે બને ત્યાં સુધી નહિ મુંઝવવાની નીતિ આગળ ધરે છે અને બીજું એ નીતિ આપણને સ્વીકાર્ય ન હોય તો પણ કોમી ભેદબુદ્ધિએ આખા દેશની સ્થિતિ અતિ નાજુક બનાવી દીધી છે. 'લેને ગઇ પુત અને ખો બેઠી ખસમ' જેવી સ્થિતિ તો આપણી નહિ થાયને?– આવી આશંકા પ્રજાવ્યાપી સત્યાગ્રહનો વિચાર કરતાં રાષ્ટ્રના કોઇ પણ જવાબદાર સૂત્રધારની સામે આવીને ઉભી રહે છે. જ્યાં સુધી આપણે અંદર અંદર એકમેક વિષે નિર્ભય ન હોઇએ ત્યાં સુધી આપણી ઉપાડેલી તરવાર આપણું જ ગળું રખેને ન કાપે એ ભય તદ્દન અસ્થાને નથી. તેથી ગાંધીજી આજે તો રચનાત્મક કાર્યક્રમ ઉપર ખૂબ ભાર મુકે છે અને તેમાંથી જ પ્રતિપક્ષને યોગ્ય કાળે યુદ્ધ આપી શકાય તેવી યુદ્ધતાકાત ઉભી થવાની શકયતા ગાંધીજી જુએ છે. રચનાત્મક કાર્યક્રમમાં પ્રજાનું ચિત્ત ઠરતું નથી અને ધીમું અને આવેગની ઉત્તેજના વિનાનું કામ કરવાની પ્રજામાં ધીરજ કે શ્રદ્ધા નથી અને તેથી આપણી વચ્ચે પૂર્વકાળમાં થઇ ગયેલ પતિતોદ્ધારક ભગીરથસમા ગાંધીજી છે, સત્યાગ્રહ છે, રચનાત્મક કાર્યક્રમ છે એમ છતાં પણ આપણે જ્યાંના ત્યાં ઉભા છીએ એ આપણી મોટી કમનસીબી છે.

ગાંધીજીએ પોતાના નિવેદનમાં બે બાબત ચોખ્ખેચોખ્ખી જણાવી છે. એક તો હજુ પણ યુદ્ધવિરોધી વિચારો દર્શાવવાની સરકાર છુટ આપે એટલે કે પ્રજાનો વાણીસ્વાતંત્ર્યનો જન્મસિદ્ધ હક્ક સરકાર સ્વીકારે તો આજે ચાલી રહેલ સત્યાગ્રહ પણ ગાંધીજી બેચી લેવાને તૈયાર છે. તેમજ બીજી બાજુએ વિગ્રહના અન્ત સમય સુધીમાં હિંદુસ્થાનની પ્રજાને આઝાદ બનાવવામાં નહિ આવી હોય તો હિંદુસ્થાનની પ્રજા સમક્ષ વિરાટ સત્યાગ્રહનો કાર્યક્રમ મૂકવામાં અને એ રીતે સરકારને શકય તેટલી મોટી લડત આપવામાં ગાંધીજીને કોઇ અટકાવી નહિ શકે એ પણ ગાંધીજીએ સ્પષ્ટપણે જણાવી દીધું છે.

સરકાર આજે એક પછી એક દેશનેતાઓને જેલમુકત કરી રહી છે અને બધા જ રાજકીય કેદીઓને છોડી મૂકવામાં આવશે એવી વાતો ચાલી રહી છે. આમ બને તો દેશમાં એક નવી પરિસ્થિતિ ઉભી થાય. ભાતભાતની મંત્રણાઓ શરૂ થાય અને પરિણામે આપણામાં કાં તો બુધ્ધિભેદ થાય અથવા તો સૌ કોઇને માન્ય એવો કોઇ વેગવાન કાર્યક્રમ ઉભો થાય. શું થશે તેની આજે અટકળો કરવી મિથ્યા છે. કારણ કે જગતની આખી રંગભૂમિ ઉપર એક પછી એક અવનવા પ્રવેશો ભજવાઇ રહ્યા છે. હિંદુસ્થાનના પ્રશ્નો જટિલતાથી ભરેલા તો છે જ; અને વળી એ જટિલતામાં આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ ખૂબ વધારો કરે છે. સરકારની શાહીવાદી રાજનીતિ અને આન્તરરાષ્ટ્રીય ઘટનાઓ બન્નેને પરવશ આપણું હિંદુસ્થાન સ્વરાજ્ય સિદ્ધિથી હજુ ખરેખર દૂર છે અને એ સિદ્ધિ હસ્તગત થતાં પહેલાં આપણે અનેક યાતનાઓમાંથી પસાર થવાનું જ છે એ વિષે બે મત છે જ નહિ.

પરમાનંદ.

ભગવાન નેમિનાથ અને કૃષ્ણ

(પૃષ્ઠ ૧૩૩ થી ચાલુ)

આપણે કૃષ્ણને ન જાણીએ તો નેમિનાથને પણ આપણે બરાબર નહિ જાણી શકીએ. કૃષ્ણભકતો જેઓ મહાયાની છે તેમણે નેમિનાથના જીવનમાંથી ઘણું શિખવાનું છે. કૃષ્ણને નામે પોતાની તામસ અને રાજસવૃત્તિને તેઓ પોષી રહ્યા છે. તેમણે નેમિનાથ અને રાજીમતિના જીવનમાંથી ત્યાગ અને તપશ્ચર્યા શીખવા જોઇએ. પણ વ્યવહારમાં તમે કાંઇ કરવા માગતા હો તો તમારે કૃષ્ણના જીવનમાંથી મેળવવું પડશે. જૈન આચાર્યોને હાથે કૃષ્ણની કથા લખાઇ છે, તેમના પિતા વસુદેવની વાત લખાઇ છે. અત્યંત રસભરી છે. કૃષ્ણના જીવનના વાસ્તવિક અંશોને નેમિનાથના જીવન સાથે જોડીને આપણે આર્યસંસ્કૃતિનું સાચું રૂપ ઓળખી શકીશું. ગોપાલન અને પશુપાલન એ વસ્તુની અગત્ય પણ આપણે તેમના જીવનમાંથી મેળવવાની છે. અંતિમ સમયે પોતાને બાણ મારનારને કૃષ્ણ ઉદારચિત્તે ક્ષમા આપે છે. એટલું જ નહિ પણ તેને પશુપાલનનો બોધ આપે છે. મહાવીર, બુદ્ધ બધાના જીવનમાં આવા દાખલાઓ મળી આવે છે. તેઓ સ્થૂલ જીવન પ્રત્યે નિર્ભમ હોય છે.

એટલે હું જૈનોને કૃષ્ણના જીવન વિષે વાંચવાનું કહું છું, તેમ જૈનેતરોને નેમિનાથ અને રાજીમતિ વિષે સહાનુભૂતિથી જાણવાની સૂચના કરૂં છું. આથી અરસપરસના પૂર્વગ્રહો દૂર થશે અને આર્ય સંસ્કૃતિના બન્ને પાસાનું દર્શન થશે. વ્યવહારમાં કામ કરવા છતાં અલિપ્ત રહેવાની ભાવના કૃષ્ણના જીવનમાંથી મળે છે. નેમિનાથ અને કૃષ્ણના આદર્શોમાં લોકોને જણાય છે તેવો વિરોધ નથી. વિરોધ દેખાય છે તે સ્થૂલ છે.*

પંડિત સુખલાલજી

*એ રૂપે ઉપરની મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલ એક વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ.

નાટ્ય પ્રગતિનું સીમાચિહ્ન

છેલ્લા પખવાડીઆ દરમિયાન મુંબઇની રંગભૂમી ઉપર બે સુંદર નાટ્ય પ્રયોગો ભજવાયા. એક 'ચંડાલિકા,' બીજું 'કુંવરબાઇનું મામેરું'. 'ચંડાલિકા' વિશ્વભારતી અને શાન્તિનિકેતન સાથે સંબંધ ધરાવતા ભાઇબહેનો તરફથી ભજવાયું હતું. તે મૂળ નાટક કવિવર ટાગોરની કૃતિ અને તેનો ગુજરાતી અનુવાદ શ્રી. બચુભાઇ શુકલે કર્યો. તે નાટ્યપ્રયોગની લગભગ રૂા. ૪૦૦૦) ની આવક વિશ્વભારતીને અર્પણ કરવામાં આવી. 'કુંવરબાઇનું મામેરું' યાને 'પ્રેમરંગ' વીલેપારલેના કુમારિકા સ્ત્રીમંડળે ઉપસ્થિત કર્યું હતું. 'કુંવરબાઇનું મામેરું' મૂળ કવિ પ્રેમાનંદની કૃતિ. તે ઉપરથી શ્રી. કરસનદાસ માણેકે રંગભૂમી ઉપર ભજવી શકાય એવો ઘાટ આપીને નાટક તૈયાર કર્યું. એટલે એ નાટકમાં પ્રેમાનંદની જ રચેલી કડીઓ ચાલી આવે, વર્ણનાત્મક ભાગ બાજુએ બેઠેલ ગાયકગણ ગાય અને સંવાદ વિભાગો ભિન્ન ભિન્ન પાત્રો પોતપોતાના ક્રમ મુજબ ગાતા જાય. ગાળે ગાળે નરસિંહ મહેતાનાં પદો આવે અને પ્રસંગોચિત નૃત્યની છાંટ આવે. આ નાટકમાં કવિ પ્રેમાનંદ સિવાય બીજા બધા સ્ત્રીપુરૂષના પાત્રો બહેનોએ જ ભજવવા એવો આગ્રહ રાખવામાં આવ્યો હતો. આ નાટકનું નિમિત્ત લઇને પ્રસ્તુત સંસ્થા માટે દ્રવ્યનો ફાળો કરવામાં આવ્યો હતો અને તેના પરિણામે લગભગ રૂા. ૨૫૦૦૦ ની રકમ એકઠી થઇ હશે એમ અનુમાન કરવામાં આવે છે. આ આખું કળાસર્જન તૈયાર કરવામાં નાણાવટી કુટુંબનો બધી રીતે ઘણો મોટો ફાળો હતો.

ચંડાલિકા મોટે ભાગે નૃત્યનાટ્ય (dance drama) હતું. નૃત્યનાટ્યમાં નાટકની ઘટનાઓ મૂકભાવે મુદ્રા અને અભિનયથી બતાવવામાં આવે છે. બાજુએ બેઠેલ ગાયક મંડળી ગાળે ગાળે ગીતો ગાય છે અને નવી નવી ઘટનાઓનો ખ્યાલ આપ્યા કરે છે. નાટકનાં પાત્રો નાટ્ય તેમ જ નૃત્ય કળામાં સારી તાલીમ પામેલ વિદ્યાર્થીઓ હતા. તેથી આખું નિરૂપણ અને રચના ભારે સુન્દર અને કળાપૂર્ણ હતાં. એક ચંડાળકન્યાને જગત આખું તરછોડે છે. તેની પાસે ભગવાન બુધ્ધનો મુખ્ય શિષ્ય આનંદ આવે છે અને પાણી માંગે છે. ચંડાલકન્યા પાણી પાય છે પાણી પીને ભિક્ખુ આનંદ જાય છે. ચંડાલકન્યા તેના ઉપર મોહમુગ્ધ બને છે અને પોતાની માતાને મંત્રતંત્રના બળે તેને ખેંચી લાવવા આગ્રહ કરે છે. મંત્રતંત્રના પ્રયોગોના પરિણામે ભિક્ખુ આનંદ ખેંચાઇને આવે છે. પણ ચંડાલકન્યાની સ્થૂળ દુનિયા અને સ્થૂળ સંસારમાં પ્રવેશ કરવાને બદલે ચંડાળકન્યાને બુધ્ધદીક્ષા આપે છે અને ઉન્નત ભૂમિકા ઉપર લઇ જાય છે. આટલી ટુંકી કથા-વસ્તુ પણ તે નિરૂપણ કરવાની પદ્ધતિ એટલી બધી અનોખી અને અદ્‌ભુત કે એ નાટ્ય પ્રયોગ દરમિયાન આપણો પણ આ વ્યવહાર સ્થૂળ દુનિયા સાથેનો સંબંધ બે ઘડિ માટે છુટી જતો હોય અને સંગીત, નૃત્ય, તાનતાન અને તરંગોથી ભરેલી કોઇ દિવ્ય સૃષ્ટિમાં વિચરી રહ્યા હોઇએ એવો અનુભવ થઇ આવતો હતો. આખું આયોજન-પોષાક, રચના, નૃત્ય, સંગીત-બધું જ ઉત્તમ પ્રકારનું અને નાટ્ય પ્રવૃત્તિમાં નવી જ ભાત પાડે તેવું હતું. કમનસીબે નાટકનો શબ્દદેહ આવા ભવ્ય આયોજના સાથે સરખાવતાં ઉતરતી કોટીનો લાગતો હતો. કેટલાંક ગાયનોની ભાષા તથા રચના તેમ જ ગદ્યવિભાગ જ્યાં ત્યાં સંગીતવિહોણો ભાસતો હતો. અનુવાદક એમ કહી શકે છે કે 'હું શું કરું? ટાગોરનું લખેલું મારે સાદી ગુજરાતી ભાષામાં ઉતારવાનું હતું?' બંગાળી ન જાણનારને આમ મૌન કરી શકાય; પણ ટાગોર કેટલી ભવ્ય અને સંસ્કૃતમય ભાષા લખે છે એનો તેમની અન્ય કૃતિઓના અનુવાદો ઉપરથી સહેજે ખ્યાલ આવી શકે તેમ છે. સંભવ છે કે પ્રસ્તુત ભાષા દૌર્બલ્ય અનુવાદને બને તેટલું 'તળપદું' બનાવવાના આગ્રહનું પરિણામ હોય. પણ અનુવાદકનો પ્રસ્તુત નાટકની ભાષાને 'તળપદી' રાખવાનો આગ્રહ અસ્થાને હતો. નાટકની મુખ્ય નાયિકા ચંડાલ કન્યા કે તેની માતા જરા પણ તળપદાં લાગતાં નહોતાં. એ અને એની સહચરીઓ આકાશમાંથી ઉતરી આવેલી પરીઓ જેવી ભાસતી હતી. ચંડાળ કન્યાની અસ્પૃશ્યતા અને ભિક્ખુ આનંદનો તેની સાથેનો પ્રસંગ તો એક નિમિત્ત હતું. તે નિમિત્તનો આશ્રય લઇને કવિનો આશય તો પ્રેક્ષકગણને પોતાની સાથે નૃત્ય, સંગીત, આનંદ અને ઉલ્લાસભર્યા કોઇ દિવ્ય વાતાવરણમાં ઉડ્ડયન કરાવવાનો હતો. નાટકની ભાષા સાદી હોય કે ભારે હોય એ ગૌણ બાબત છે પણ એ ભાષા આવા ઉડ્ડયનને પોષક અને ઉત્તેજક તો હોવી જ જોઇએ. આ બાબતની ન્યૂનતા ખુંચે તેવી હતી. આમ છતાં પણ ચંડાલિકાએ આપણને નવું જ રસદર્શન કરાવ્યું છે. એમાં તો ના કહી શકાય તેમ છે જ નહિ.

કુંવરબાઇનું મામેરું બીજી પ્રતિનો નાટ્ય પ્રયોગ હતો. 'ચંડાલિકા' નૃત્ય નાટ્ય (dance drama) હતું, 'કુંવરબાઇનું મામેરું' સંગીત નાટ્ય (opera) હતું. 'ચંડાલિકા'ને બરોબર સમજવા અને માણવા માટે નૃત્ય અભિનય વિગેરે સંબંધમાં કેટલીક પૂર્વ સમજણ અને વિકસિત દૃષ્ટિ અપેક્ષિત હતાં. કુંવરબાઇનું મામેરું સૌ કોઇ સહેલાઇથી સમજી શકે અને તે પ્રયોગ જોઇને સૌ. કોઇ આનંદ પામી શકે એવું સરળ હતું. ચંડાલિકા ગ્રહ નક્ષત્રોની સૃષ્ટિમાં આપણને લઇ જતું હતું અને આકાશગંગામાં ઉડાડતું હતું. 'કુંવરબાઇનું મામેરું' પૃથ્વીતલની કોઇ ઉપવન વાટિકામાં આપણને પ્રવાસ કરાવતું હતું.

કુંવરબાઇનું મામેરું રચનાર કવિ પ્રેમાનંદ. એ કાવ્યનો પ્રેરક આદ્ય કવિ નરસિંહ મહેતો અને એ કાવ્યની વસ્તુ કુંવરબાઇના સીમન્તનો એક ઘરગતુ તળપદો અને સર્વ કોઇને સુપરિચિત સંસાર પ્રસંગ, સાસુ નંણદના મેણાંટુણાં, વહુની અસહાય જીવનદશા, બાપની વત્સલતા અને ભક્તિનો ચમત્કાર-આ બધાં કારણોને લીધે આ નાટ્યપ્રયોગ જોતાં આપણને પળે પળે આત્મીયતા અને આપણા ગુજરાતની અસ્મિતાનો આનંદપૂર્ણ અનુભવ થઇ આવતો હતો. જેવું નાટક એવી જ તેની કળાપૂર્ણ અને ગુજરાતી વાતાવરણથી ભરેલી શણગાર રચના હતી. નાટકના પ્રારંભમાં પ્રેમાનંદ માણભટ્ટ તરીકે રજુ થાય છે અને પોતે રચેલા કુંવરબાઇના આખ્યાનમાં શ્રોતાગણને પ્રવેશ કરાવે છે. આ પાઠ ભજવનાર શ્રી. કરસનદાસ માણેક ભારે સફળ અભિનય વડે પ્રેમાનંદને સજીવ બનાવે છે. નાટકના અન્ય પાત્રો માફક નરસિંહ મહેતાનો પાઠ પણ એક બહેન ભજવે છે. એ બહેન પોતાની તાકાત મુજબ બહુ સારૂં કામ કરે છે, એમ છતાં પણ તેના બદલે પ્રેમાનંદનો પાઠ જેમ શ્રી કરસનદાસ માણેકને આપવામાં આવ્યો તેમ નરસિંહ મહેતા પુરતો અપવાદ કરીને તેનો પાઠ પણ કોઇ યોગ્ય મોટી ઉમ્મરના પુરૂષને આપવામાં આવ્યો હત તો આખા પ્રયોગની સફળતામાં ઘણો વધારો થાત. કારણ કે નરસિંહ મહેતાના પાઠમાં માર્દવ નહિ પણ ભક્તિની મસ્તી જોઇએ. વળી નરસિંહ મહેતાની કલ્પના આધેડ ઉમ્મરના પુરૂષની છે. આ બન્ને તત્વો એક નાની ઉમ્મરના સ્ત્રી પાત્રના અભિનયમાં ઉતારવા અશકય જ હતાં.

આમ છતાં પણ સમગ્ર રીતે જોતાં આખો પ્રયોગ ખરેખર સફળ અને આજ સુધી ભજવાતા નાટ્યપ્રયોગોને નવી દિશા સુઝાડનાર હતો. આ રીતે છેલ્લા પખવાડીઆમાં ભજવાયેલ આ બન્ને નાટ્ય પ્રયોગો આજે નૂતન દૃષ્ટિએ પરિવર્તન પામતી અને વિકસતી જતી નાટ્યકલાની પ્રગતિના યશસ્વી સીમાચિહ્નો બને છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. **પરમાનંદ.**

ગાંધીજી અને લલિતકળા

(પૃષ્ટ ૧૩૨ થી ચાલુ)

તેજસ્વી માણસો આવી સહાનુભૂતિ વ્યકત કરે છે છતાં તેનો પ્રચાર થતો નથી. અને સાધારણ માણસની દૃષ્ટિ ઘરનાં દુઃખના પરિધિને વટાવીને બહાર જઈ શકતી નથી. આ બધું સમજીને જરા લાગણીપૂર્વક (સમભાવપૂર્વક) વિચાર કરવો યોગ્ય નથી શું?

"મારે પોતાને વિષે જો પૂછતા હો તો હું નિષ્કપટભાવે કહી શકું છું પ્રિય મિત્ર, કે અમારા દેશને કે યુરોપને હું બીજા દેશો કરતાં જુદી નજરે જોતો નથી. હું તો એમ વિચારૂં છું કે કોણ મારો ભાઇ નથી? કોનું દુઃખ મારા પોતાના ભાઇના દુઃખની પેઠે મને નથી ખટકતું? કોઇ પ્રજાના મહાન વિચારો મને ચિરપરિચિત જેવા જ લાગે છે. વિશ્વમાં મારું ઘર ક્યાં નથી? નવાઇની વાત જો કોઈ હોય તો તે એ છે કે એશિયામાં અને યુરોપમાં મોટા ભાગનાં સ્ત્રીપુરુષો અંતરમાં સમસ્ત જગતની સાથે આવું ગંભીર ઐકય અનુભવતાં નથી.

અનુભવતાં નથી—એ વાત સ્વીકાર્યા વિના છૂટકો નથી; કારણ મારા દેશબંધુઓ મારી વિરુદ્ધ છે. તેમની નજરમાં સાચે જ હું એક વિદેશી છું—કારણ કે મારા નાનકડા સ્વદેશના વાડામાં હું પોતાને પૂરી રાખવા તૈયાર નથી. મારા જીવનમાં સૌથી વિશેષ દુઃખ સૌથી વિશેષ વેદના એ કારણે જ મેં અનુભવ્યાં છે."

એટલું કહીને અટકીને મેં મહાત્માજીને કહ્યું "રોલાંએ પોતાના એક પુસ્તકની ભૂમિકામાં આ શબ્દો લખ્યા હતા:

"મને ગયે વરસે ખબર પડી કે મારા શત્રુ અસંખ્ય છે. તેમને મારે આટલું જ કહેવાનું છે: 'મને તમે ઝેરીલી નજરે ભલે જુઓ, પરંતુ તમને હું કદી પણ ઝેરીલી નજરે જોવાનો નથી—એ વિદ્યા તમે મને નહિ શીખવી શકો!.....મારો મંત્ર તો આ છે—મને જે યોગ્ય લાગે, માનવતાને જે યોગ્ય હોય તે હું કહીશ જ—એ કહેવાથી બીજા ખુશ થાય કે રોષે ભરાય એની મને શી પડી છે? હું જાણું છું—દરેક સત્ય વચન પોતાનો માર્ગ કરીને નીકળી જાય છે. રક્તથી ફળદ્રુપ બનેલી ભૂમિમાં હું એનાં બીજ વાવું છું; મારું મન સાક્ષી પૂરે છે—ફળશે, ફસલ ફળશે."

વાકયોનો અંગ્રેજી અનુવાદ કરીને મહાત્માજીને સંભળાવ્યો, ત્યાર પછી ફરી રોલાંનો પત્ર વાંચવા માંડયો:

"મારી માત્ર એટલી જ કામના છે કે મારાં જીવનનાં દુઃખવ્યથાનો પરિણામે હવે પછી માણસનું જીવન કંઇ નહિ તો સહેજ પણ વધારે સુખમય બને, મિલનને માર્ગે, એક બીજાને સમજવાને માર્ગે ચાલવું તેમને માટે સહેજ વધુ સહેલું બને.

"મહાત્મા ગાંધી વિષે કદાચ મારાં ઘણાં લખાણો તમારા જોવામાં આવ્યાં હશે. છતાં હું તમને મારું ગાંધીચરિત્ર મોકલું છું. અસંખ્ય લોકોએ એ પુસ્તક વાંચ્યું છે. જો કે સમાલોચકો મારી બાબતમાં સંપ કરીને મુંગા જ રહ્યા છે—જેમ તેઓ હમેશાં રહેતા આવ્યા છે—તો પણ એ પુસ્તકની અનેક આવૃત્તિઓ થઇ ગઇ છે અત્યાર સુધીમાં. અને અનેક દેશબુરંધરોના મનમાં જબરો આઘાત લાગ્યો છે.

"આશા રાખું છું કે તમારી સંગીતની યાત્રામાં તમે બરાબર આગળ વધતા હશો. એ સાધના છોડશો નહિ. કારણ એ ખૂબ સુંદર કામ છે—અને એ તમારા દ્વારા જ થવાનું છે.

"ફરી મળીશું પ્રિય મિત્ર! હું તમને મોટે ભાગે લખતો નથી એ ખરૂં, પણ જ્યારે લખું છું ત્યારે ઘણું ઘણું લખું છું.

"મારાં સ્નેહવંદન સ્વીકારશો. **રોમાં રોલાં**"

× × ×

મહાત્માજી બોલ્યા: "પણ મેં તો તમને કહ્યું નહોતું કે કલાની આરાધના ન થવી જોઇએ. એવું હું કહી જ ન શકું. માણસની રૂચિ, મત, ભિન્નજ ભિન્ન ભિન્ન હોય છે. હું માત્ર એટલું જ કહેવા માગતો હતો કે હું પોતે ચિત્રકલા જેવી કલાનો પક્ષપાતી નથી—એની મને જરૂર નથી મારી પ્રેરણાને માટે. મને પૂરતો સંતોષ મળી રહે છે તારાજડિત આકાશ જોઇને, સંભવ છે કે યુરોપને ચિત્રની જરૂર હોય: તેમને ત્યાં કયાં આપણા જેવું આકાશ છે?"

"પણ જો તેમનું આકાશ લગભગ રોજ ઘેરાયેલું ન રહેતું હોત તો તેઓ ચિત્રપ્રેમી ન થાત એમ આપનું કહેવું છે?"

"ના, એમ પણ હું નથી કહેતો. તેમના ચિત્રપ્રેમનાં બીજાં પણ કારણો જરૂર હોઇ શકે. હું એમ કહેવા માગતો હતો કે મને પોતાને ચિત્રની કશી જરૂર જ લાગતી નથી. તે ઉપરાંત ચિત્ર-ચર્ચા કરવા જેવી મારી સ્થિતિ પણ નથી."

હું છોડું એમ નહોતો: "પણ ધારો કે આપની સ્થિતિ ખૂબ સારી હોત, આપ ધનવાન હોત તો?"

મહાત્માજી નાછૂટકે બોલ્યા: "આ બાબતમાં મારી રૂચિ કેવી છે એ જાણવાની તમને આટલી બધી ફિકર છે તો સાંભળો: ચિત્રમાં મને ઝાઝો રસ પડતો નથી. એટલે હું કોઇને કહેતો નથી કે મારા ઓરડાની દીવાલે ચિત્રો ટાંગો." એટલું બોલી જરા હસ્યા. પછી બોલ્યા: "પણ વાત એમ છે કે હું તો દીવાલ પણ ઇચ્છતો નથી. દીવાલ બાંધ્યા વાડામાંથી જે સદા છુટકારો માગતો હોય તે શું કરવા દીવાલને શણગારવા બેસે? હું કુદરતમાં ફરનારો રહ્યો—સમજાય છે ને હું શું કહેવા માગું છું તે?"

માથું હલાવીને મેં કહ્યું: "સમજ્યો, છતાં હજી જાણવાનું મન થાય છે કે જો બધા જ ચિત્રો છોડીને જંગલમાં દોડી જાય તો તે સારૂં થાય?"

"તેનો આધાર તો લોકોનાં મન, સ્વભાવ, રૂચિ, મતિ, ગતિ ઉપર છે. મારે તમને એ કહેવું હતું કે મને જો પ્રકૃતિની સંગત મળે તો બીજા કોઇ પણ સૌંદર્ય વિના મને ચાલે. છતાં બીજા લોકોને જો લાગતું હોય કે ચિત્ર જેવી કલા માનવજાતિને માટે શુભ વસ્તુ છે, તો સારી વાત છે. માત્ર હું એટલું કહું છું કે કલાને નામે આત્મસંતોષ અને આત્મવંચનાને ન પોષો—એટલું યાદ રાખો કે સમસ્ત માનવો પ્રત્યે તમારૂં કર્તવ્ય રહ્યું છે. તમારી કલા જેટલે અંશે સાધારણ માણસના કામમાં આવશે તેટલે જ અંશે તે શુભ કહેવાશે, જેટલે અંશે તે કામમાં નહિ આવશે તેટલે અંશે તે અશુભ કહેવાશે."

"પણ ધારો કે લોકો આજ ને આજ કોઇ કલાની કદર ન કરી શકે તો? દરેક કલાનો ઉચ્ચતમ વિકાસ સમજવા માટે શું થોડા ઘણા શિક્ષણ સંસ્કારની જરૂર નથી હોતી?"

"શિક્ષણ અને સંસ્કારનો ચોકકસ અર્થ તમે શો કરો છો?"

"વિશેષજ્ઞતા જેવી શું કોઇ વસ્તુ જ નથી? આપણે ઘણી વાર એવું નથી જોતા કે મન જો થોડે અંશે કેળવાયેલું ન હોય તો અનેક લલિત કલામાં રસ લઇ શકતું નથી?"

"ના. વિશેષજ્ઞતામાં મને શ્રદ્ધા નથી. સાચી કલા તો સૌને રસ આપે."*

મને ટૉલ્સ્ટૉયના *What is Art* માંનું પ્રખ્યાત વચન યાદ આવ્યું: આજે ધર્મબુદ્ધિ માણસને તે ન જાણે એમ ચલાવી

* મારા લખાણમાં આ પ્રમાણે હતું: "A great work of art should appeal to all"—મહાત્માજીએ પોતાને હાથે great શબ્દ છેકી નાખીને real શબ્દ લખ્યો હતો.

રહી છે—જે દિવસે માણસ એ બુદ્ધિને સાક્ષાત્કાર દ્વારા સ્વીકારશે તે દિવસે નીચલી શ્રેણીના માણસોને માટે એક પ્રકારની કલા અને ઉચ્ચ શ્રેણીના માણસોને માટે બીજા પ્રકારની કલા નહિ રહે : માત્ર એક જ પ્રકારની વિશ્વજનીન કલા જ રહેશે—જેનો મૂલ મંત્ર મૈત્રી અને વિશ્વબંધુત્વ હશે.

આવું થશે ત્યારે જ કલા પાછી કલા થશે, જેવી એ પહેલાં હતી અને જેવી એણે થવું જોઇએ—એટલે કે ઐક્ય અને આનંદ પ્રેરનારી.”

* * *

આમ છતાં મહાત્માજીનો પોતાનો અભિપ્રાય બરાબર જાણવા માટે મેં કહ્યું : ‘આપ કલામાં વિશેષજ્ઞતાનો વિરોધ શા માટે કરો છો?”

“હું તમને એક સામો પ્રશ્ન પૂછીશ : તમે કલા સર્વજનગમ્ય થાય એનો વિરોધ શા માટે કરો છો? કલા શા માટે બધા લોકોને રસ પડે એવી થવા ન ઇચ્છે? શા માટે તેની નસોમાં જનતાના પ્રણયનું લોહી ન વહે? સીધી રીતે વિચારીએ તો એટલું નથી સમજાતું કે કલાનો ઊગમ પ્રકૃતિ છે? એટલે માતા જો કંજૂસાઇ કરતી નથી તો સંતાન શા માટે કરે? પ્રકૃતિએ ક્યારે એમ કહ્યું છે કે તેની સંપત્તિ માત્ર બેચાર જણની વિલાસસામગ્રી બની રહેશે—બાકી બધાં લાખો કરોડો સ્ત્રીપુરુષો અસ્પૃશ્યોની જેમ બહાર રહેશે—અનાદર પામશે? કલાકાર શા માટે પોતાના એક નાના વાડામાં જ પોતાને પૂરી રાખે? જનમનના પ્રાણની ધરતીથી વિચ્છિન્ન થઇને તે કદી જીવી શકે ખરો? હું તો કેમે કરીને સમજી જ શકતો નથી કે ધીમે ધીમે સમગ્ર માનવજાતિની રુચિ જો કલાને જાગ્રત ન કરે તો તેનો નવજન્મ, રઝતશુદ્ધિ શી રીતે થશે?”

“આપની વાત ખૂબ વિચારવા યોગ્ય છે મહાત્માજી, પરંતુ બધાં જ શ્રેષ્ઠ સૌંદર્ય કંઇક અંશે શ્રેષ્ઠ વિચારો જેવાં જ નથી? શ્રેષ્ઠ વિચારો બધા જ સમજતા નથી—અને નજીકના ભવિષ્યમાં સમજી શકશે એવી આશા પણ પડતી નથી. એટલે શ્રેષ્ઠ સૌંદર્ય બધા જ આજ ને આજ સમજી શકશે, અને જે તેઓ ન સમજે તે બાતલ ગણાવું જોઇએ, એમ માનવું તે બરાબર છે?”

“પણ મને તો એમ લાગે છે કે શ્રેષ્ઠ વિચાર, દર્શન અથવા ધર્મની ગરિષ્ઠ વાણી સૌને જ અસર કરે છે. હું તો એવા પ્રકારની વિશેષજ્ઞતા ઉપર મોહી પડતો જ નથી, જેનો અર્થ અને વ્યંજના બેચાર જણ સિવાય બધાંને ઊખાણાં જેવાં લાગે. એનું મને તો એક જ પરિણામ આવતું દેખાય છે કે કલાકારોનું મગજ ગરમ થઇ જાય છે—બધા પ્રત્યે લાગણીને બદલે તેમના મનમાં અવજ્ઞા જન્મે છે. એક રીતે જે કલા માણસો વચ્ચે એકતા સ્થાપવાને બદલે તેમને જુદા પાડે છે તેનું મહત્ત્વ શામાં છે, કહો જોઉં?”

મહાત્માજી જરા અટકી બોલવા લાગ્યા : “આખરે પરિણામ આવું આવશે એ વિચારથી પણ દુઃખ નથી થતું? માણસ પોતાની સંસ્કૃતિને શું પોતાના અહં માટે ઇંધણ બનાવશે? તે શું બીજા બધાને પોતાના કરતાં હલકા માની તેમને કહેશે: ‘હટ જાઓ?’ યુરોપ તરફ એક વાર જુઓ જોઉં : ત્યાં ગગનચારીઓ તુમાખી વગર વાત જ કરતા નથી. તે લોકો એમ કહે છે કે અમારી દરેકની કલા એ જ ઈશ્વરની વિશેષ પ્રેમપાત્ર છે. પરિણામ એ આવ્યું કે દરેક કલાકાર પોતપોતાનું દળ ઊભું કરે છે—સાંકડો વાડો—જેની બહારનો કોઇ જ માણસ તેમની કલામાં કશું સમજતો જ નથી. તમે શું ખરેખર એમ માનો છો કે જે સમાજમાં લાખો અને કરોડો માણસો આળસ, ગ્લાનિ અને અજ્ઞાનના અંધકારમાં જીવન્મૃતની પેઠે પડેલાં છે, તે સમાજમાં આવા પ્રકારની શોખશેખી કરીને વખત બગાડવો સારો છે? એના કરતાં દુઃખીનાં દુઃખ દૂર કરવા માટે, તેમનાં કલ્યાણને માટે જીવન અર્પણ કરવું એ સારું નથી?—જે પૃથ્વીનો થરેથર આજે પણ માણસના આંસુથી સીંચાઇ રહ્યો છે, ત્યાં પ્રત્યેક માણસનું શું કર્તવ્ય નથી કે પોતાના પ્રાણની લાગણી વડે બીજાનાં આંસુ લૂછ્યાં!”

મને વિશ્વપ્રેમી વિખ્યાત વૈજ્ઞાનિક ક્રોપોટકિને “બહુજનહિતાય બહુજનસુખાય” પોતાનું વિજ્ઞાનનું પરિશીલન છોડીને સાઇબીરિયામાં જેલ જવાનું પસંદ કર્યું હતું તે વાત યાદ આવી. તેમના અનુપમ *Memoirs of a Revolutionist*માં તેમણે કેટલોય સમય પહેલાં લખ્યું હતું :

“ઉચ્ચતર આનંદલોકમાં વસવાનો મને શો અધિકાર છે—જ્યારે મારી ચારેકોર બે મુઠી અન્નને માટે બધાં હાહાકાર કરી રહ્યાં છે?—જ્યારે હું જોઉં છું કે ઉચ્ચતર આવેગલોકમાં વાસ કરવાનું મૂલ્ય ચૂકવવા માટે મારે ભૂખમરો વેઠતા લોકોના મોંના કોળિયા ખૂંચવી લેવા પડે છે...એ બધા લોકો જાણવા માગે છે, પોતાના જ્ઞાનને વિસ્તારવા માગે છે. તેમને એ જ્ઞાન આપો. તેમને જરા ફુરસદ મળે એમ કરો. મારે તો આ બધા લોકોમાં જ અને એમને ખાતર જ કામ કરવું જોઇશે. માણસની પ્રગતિ વિષે મોં ભરી નાખે એવી બડીબડી બાતાં તો બહુ થાય છે, પણ કામ શું થાય છે? જેઓની પ્રગતિ કરાવવાની છે, તેમનાથી પ્રગતિના ધ્વજવાહકો અલગ જ રહે છે. આવી અસંગતતાથી મન અકળાઈ ઉઠે છે એટલે જ આવા મિથ્યાચાર પેદા થાય છે.”

મૂળ લેખક–**શ્રી દિલીપકુમાર રોય**

સમાપ્ત.

અનુવાદક–**શ્રી નગીનદાસ પારેખ**

દીવાળીની બોણી

પ્રબુદ્ધ જૈનના તા. ૧૫-૧૦-૪૧ ના અંકમાં દીવાળી અને બેસતા વર્ષના શુભ અવસરે શ્રી. મુંબઇ જૈન યુવકસંઘને યાદ કરવા જે વિનંતી કરવામાં આવી હતી તેને સન્માનીને દીવાળીની બોણી નિમિત્તે અમને લગભગ ત્રણસો રૂપીઆના વચનો મળ્યા હતા એમ તા. ૧-૧૧-૪૧ના અંકમાં અમે જણાવ્યું હતું પણ અમને જણાવતાં આનંદ થાય છે કે એ આંકડો વધીને લગભગ રૂપીઆ પાંચશોનો થયો છે. તા. ૧-૧૧-૪૧ના અંકમાં જે ભાઇઓના રૂપીઆ આવી ગયા હતા તેની યાદી અમે આપી છે. બીજી વધુ રકમ આવી છે તે નીચે મુજબ છે. સંઘને આ રીતે મદદ કરવા બદલ તે તે ભાઇઓનો ઉપકાર માનવામાં આવે છે.

૧૪૮ા તા. ૧-૧૧-૪૧ ના અંકમાં જણાવવા મુજબ

૫૧) શેઠ ભગવાનદાસ હરખચંદ ૫૧) શેઠ મોતીલાલ કલ્યાણદાસની કું.
૨૫) શ્રી માણેકલાલ શરૂપચંદ ૨૫) શેઠ જે. ખુશાલદાસની કું
૧૫) શ્રી મણીલાલ વાડીલાલ ઝવેરી ૧૫) શ્રી કેશવલાલ કરમચંદ સંઘવી
૧૫) મે. એમ. જે. થાણાવાળાની કું. ૧૫) મે. કાંતીલાલ ભોગીલાલની કું.
૧૫) શ્રી. મનુભાઇ ગુલાબચંદ ૫) શ્રી. માણેકલાલ વાડીલાલ
૫) શ્રી ખુબચંદ શરૂપચંદ ૫) શ્રી. જેઠાલાલ રામજી
૫) શ્રી. વલભદાસ ફુલચંદ મહેતા

૩૮૭ા

મંત્રીઓ,
શ્રી. મુંબઈ જૈન યુવકસંઘ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૧૫

મુંબઇ : ૧ ડીસેમ્બર ૧૯૪૧ સોમવાર.

લવાજમ
રૂપિયા ૨

સેવાગ્રામના સંતને !

(મહાત્મા ગાંધીજીની જન્મજયન્તી પ્રસંગે રચાયલું કાવ્ય.)

આપ્યો પવિત્ર નર ભારતકાજ ઇશે,
તોતેરમા વરસમાં સુખથી પ્રવેશે;
તેત્રીશ કોટિજનના હૃદયે વિરાજે,
તેને શતાયુ કરજો પ્રભુ હિંદકાજે. ૧.

આ પુણ્યવાન નર જ્યાં પગલાં ધરે છે,
ત્યાં શાંતિ તુષ્ટિ વળી પુષ્ટિ જનો વરે છે;
જે પુણ્યશાળી નર દૈવી ગુણોથી રાજે,
તેને શતાયુ કરજો પ્રભુ હિંદકાજે. ૨.

એના ગુણો સ્વકીય જીવનમાં ય લાવો,
ને વીરના જનમના દિનને સુહાવો;
જે હિંદના પરમ તારણહાર આજે,
માટે શતાયુ કરજો પ્રભુ હિંદ કાજે. ૩.

જોયું પ્રમાદવશ વિશ્વ બધું ય જ્યારે,
ત્યાગી પ્રમાદ દૂર સજ્જ થયા જ ત્યારે;
સંજીવની જગતને દઇને અનેરી,
નિદ્રા હરી સકલ ભારતવર્ષ કેરી. ૪.

મૈત્રી ધરે સકલ વિશ્વજીવોની સાથે,
રાખે પ્રમોદતણું છત્ર હમેશ માથે;
જેની નસે નસમહિં કરૂણા વહે છે,
મધ્યસ્થભાવ ધરીને હૃદયે રહે છે. ૫.

જે વિશ્વને અભયદાન દઇ રહ્યા છે,
સંસારમાં ય પણ શીલ ધરી રહ્યા છે;
કલ્યાણકાજ જગમાં તપ આચરે છે,
સદ્‌ભાવને જગતજંતુ મહિં ભરે છે. ૬.

છે શત્રુ મિત્ર સમ જે નરના સ્વભાવે,
એવો ખરેખર ક્ષમા ગુણ જે દીપાવે;
જે સત્ત્વવૃત્તિ ધરતા નિજ દેહ કેરી,
ને ખીલવે સ્વપરમાં મૃદુતા અનેરી ૭.

માતાજીએ સુખદ શીખ દીધી હતી જે,
જેણે ઉતારી હતી જીવનમાં બધી તે;
કીધાં શુભાશિષ વડે વિધવિધ કામો,
તે સન્તનો જગતમાં જયવાદ જમો. ૮.

જે જે વિલાસપથગામી હતા વિદેશો,
કેવી દશા પર પડી નિરખી જ લેશો;
એ વાત રોજ કહી જાગૃતિ આણનારા,
હું કેટલા સુગુણ મોહન ગાઉં તારા ? ૯.

જેણે દીધો જગતને બહુમુલ્ય મંત્ર,
'સાદું કરો' જીવન કેરું હમેશ તંત્ર;
એવો સુબોધ દઇને કરતા સનાથ,
એ સન્તને જગતમાં ચિર રાખ નાથ. ૧૦.

જે સત્ય સત્ય વળી સત્ય જ આચરે છે,
નિષ્કામ ભાવ ધરીને વળી જે ફરે છે;
ચાહો કદિ હરઘડી નિજ નિજ હિત,
તો સન્તની જીવનમાં ધરજો સુરીત. ૧૧.

આવી પડે દુઃખતણો ગિરિ રે કદાપિ,
ખોતા નથી ધીરજના ગુણને તથાપિ;
એવી અપૂર્વ સમતા ધરનાર ગાંધી,
જેણે કળા ગુણવડે જનતા જ સાંધી. ૧૨.

રાજેન્દ્ર, નહેરૂ, મહાદેવ, પટેલ આજે,
મીરાં, સરોજિની વળી કમળા વિરાજે;
આદેશને જીવનમાં ધરતા હમેશ,
ને દુઃખની નવ કરે પરવા જ લેશ. ૧૩.

ગાંધીતણી વિશદ વાણી ગણાય આજે,
ગાંધીતણું સુઘડ માનસ આજ છાજે;
આચારમાં જ મુકીને પછી બોલનારા,
એ ગાંધીજી ત્રિવિધ શુદ્ધિ ધરાવનારા. ૧૪.

ગાંધીજીને જગત આખું નમી રહ્યું છે,
માને બધું જગત ગાંધીજીએ કહ્યું જે;
આશાતણું કિરણ એકજ ગાંધીજી છે,
દેશોતણી નજરમાં પણ ગાંધીજી છે. ૧૫.

લોકો બને વિષમ દૃશ્ય થકી હતાશ,
ગાંધી ધરે સરળ દીપકનો પ્રકાશ;
આ દેશનું વિષમ તત્ત્વ મીટાવનારા,
ને વિશ્વને સુખદ માર્ગ બતાવનારા. ૧૬.

જેનું બધું કથન આજ બધે સુણાય,
જેનું જીવ્યું સફલ આજ બધે મનાય;
જેના ગુણો જગત સર્વ ગણે અમાપ,
તેને ચિરાયુ કરજો જગનાથ આપ ! ૧૭

જે સન્તનો સુયશ વિશ્વમહિં સુણાય,
જેનો બધે જયજયાવર રે ગવાય;
જેણે ધર્યો સરસ માર્ગ જ સત્ય કેરો,
તે સન્તનો વિજય હો જગમાં અનેરો ! ૧૮.

ભાવજી દામજી શાહ.

અખો અને આનંદઘન

આજે તો યુરોપખંડમાં યુદ્ધ ચાલી રહ્યું છે, આ યુદ્ધમાં લાખો અને કરોડો માણસોનો સંહાર થઇ રહ્યો છે; કેટલાંય નિર્દોષ સ્ત્રી અને બાળકો આ લડાઇમાં જંતુ પેઠે રહેંસાઇ રહ્યાં છે. વિભાર્ગે જતી આ દુનિયાને કોણ બચાવી શકે ? અને કોણ કહી શકશે કે આ લડાઇ શું પરીણામ લાવશે ? અત્યારે તો વિજ્ઞાન પોતાનો જ નાશ નોતરી રહ્યું છે અને આજ સુધીની પશ્ચિમ દેશોની સંસ્કૃતિનો વિનાશ નજીક આવતો જણાય છે. આત્મવાદ તરફની ઉદાસીનતા એજ આ ભયંકર વિનાશનું કારણ હોઇ શકે.

આપણા દેશમાં આત્મવાદનું રહસ્ય બતાવનાર ઘણાય મહાપુરુષો પૂર્વે થઇ ગયા છે અને આ પુન્યશાળી દેશમાં હજી પણ ઘણીયે મહાન વિભૂતિઓ પાકશે. હિન્દુ ધર્મમાં અખો અને જૈન ધર્મમાં આનંદઘન આ બે પ્રભાવશાળી પુરુષો સંબધી આપણે કંઇક જાણીએ.

અખો

મોગલ રાજાઓના સમયમાં પ્રાચીન કવિ અખો અમદાવાદની એક ટંકશાળમાં નોકરી કરતો હતો. સાથે સાથે તે સોનીનું કામ કરતો હતો. કુટુંબમાં માત્ર પોતાને એક બહેન જ હતી. આ બહેને અખાને એક કંઠી કરવા આપી. કંઠી બનાવતાં બહેને આપેલ સોનામાં અખાએ પોતાનું સોનું ઉમેરી કંઠી વધારે વજનદાર બનાવી. અવિશ્વાસુ બહેનને ભાઇની પ્રમાણીકતામાં શંકા ઉત્પન્ન થઇ અને કંઠીની કસોટી કરાવવાં બીજા સોની પાસે ગઇ. આ વાતની અખાને જાણ થતાં એના હૃદયને કારી ઘા લાગ્યો. સંસાર અને સગાં ઉપર તેને અપ્રીતિ ઉત્પન્ન થઇ. ઉચ્ચ કોટિના ત્યાગ અને વિરાગ એના મનમાં જાગૃત થયા. સનાતન સત્યની શોધમાં અખાએ અમદાવાદ છોડયું અને પ્રભુનો સાક્ષાત્કાર કરવા તેણે મથુરા અને વૃંદાવનમાં પર્યટન શરૂ કર્યું.

નિષ્કામી ગુરૂનો સમાગમ સાધવાની તેણે ખૂબ કોશિષ કરી; પણ તેને મળતા ગુરૂઓ ઢોંગી અને ધુતારા નીકળ્યા. જ્યારે ગુરૂએ તેની પાસેથી ધન લઇ લીધું ત્યારે અખાને બીજીવાર સંસારનો કપરો અનુભવ થયો. અને એ શિદ્ધ કવિએ ગુરૂને કહ્યું.

"ગુરૂ કર્યા મેં ગોકુળનાથ,
ઘરડા બળદને ઘાલી નાથ,
ધન હરે, ધોબ્બો નવ હરે,
એ ગુરૂ કલ્યાણ કોનું કરે ?"

આખરે અખાને એક સાચા સદ્‌ગુરૂ મળી ગયા અને તેમની દ્વારા તેમણે આત્મતત્વનો અનુભવ પ્રાપ્ત કર્યો,

અખાની કવિતામાં રસ કે રસિકતા નથી; સૌંદર્ય કે માધુર્ય નથી; પણ તેની કવિતામાં કર્કશતા છતાંય એવો ગૂઢાર્થ રહ્યો છે કે જો તે સમજાય તો અખાનાં કાવ્યો આપણને જ્ઞાન અને રસ બન્ને આપી શકશે. અખાએ જાતિભેદો અને મતભેદોને દૂર કરવા માટે અધ્યાત્મવાદનો ખૂબ ઉપદેશ કર્યો છે.

ભૂત પંચનો આ સંસાર,
મુરખ વહે જે વરણ અંહકાર,
બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય ને શુદ્ર
એ સહુ હરિના પિંડ, કોઇથી નથી ક્ષુદ્ર.

અખાના કાવ્યમાં કેક ઠેકાણે કટાક્ષ હોય જ છે અને આ કટાક્ષથી એનો કાવ્યની કર્કષતા ઉડી જાય છે અને વાંચનારને અનહદ આનંદ થાય છે. અખો કહે છે.

"દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં વાધ્યું શેર,
ચર્ચા કરતાં અધિકું થયું, ગુરૂ થયો ત્યારે મણમાં ગયું."

વૈષ્ણવ ધર્મના સાધુ અને સંન્યાસીઓમાં રહેલી નિર્બળતા જોઇ અખાને દુઃખ થાય છે.

"સભાપતિ થઇ બેસે મધ્ય,
આત્મની નહિ જાણે વિધ;
હશે મળે નહિ કુંવારી ગાય,
ઠાલા આવ્યા ને ભુલા જાય."

આત્માની ઓળખ વગર પોતાની જાતને મોટા માનનાર ગુરૂઓ અને પંડિતો તરફ અખાનો આ મીઠો કટાક્ષ છે.

પ્રકૃતિ કે માયાનું સ્વરૂપ અખાએ ઘણી જ આબેહુબ રીતે વર્ણવ્યું છે.

"આ મહાવળગણી માયા પાપણી,
જેમ સેવીએ તેમ ડસે સાપણી;
રંગ ઢંગ માયામાં ઘણા,
સહુ કોઇ સેવક છે માયા તણા."

માયાને સાપણી સાથે સરખાવી તેમાં દુઃખી થતા જીવોને જોઇ અખાને બહુ દુઃખ થાય છે અને પોતાને આત્માનો અનુભવ થતાં પોતે કહે છે;

જાગ્યો હવે હું ટળ્યો સંસાર,
અખો ઉડયો હવે આકાશ,
તેને ન હોય પૃથ્વીના પાશ.

અનેક શાસ્ત્રોના લાંબા અભ્યાસ પછી તેમાં રહેલ મતભેદ અને વિતંડાવાદ જોઇને અખો કંટાળી જાય છે અને કહે છે;

"ષડ્‌દર્શનના જુજવા મત,
માંહોમાંહે ખાયે ખત,
એકનું થાપ્યું બીજા હણે,
અન્યથી આપને અદકો ગણે.
ભાઇ એજ અંધારો કુવો
ઝગડો પતવી, કોઇ ન મુવો."

પંડિતાઇ અને વાદના કુવામાં હુબેલા સાધુ અને મુનિઓને જોઇ અખો પૂછે છે કે આત્માને પીછાનવા જે પંથ પસંદ કર્યો તે પંથ ત્યાગી વિવાદના વિમાર્ગે શા માટે જાઓ છો ?

હિન્દુ ધર્મમાં વ્યાપી રહેલ અસત્ય અને અશ્રદ્ધા જોઇને અખો કહે છે,

"જ્યાં જોઇએ ત્યાં કુડે કુડ,
સામે સામા બેઠા ધુડ.
કોઇ આવી વાત સુરજની કરે,
ત્યાં આવી જઇ ચાંયજ ધરે,
અમારે હજાર વરસ અંધારે ગયા,
તમે આવા ડાહ્યા કયાંથી થયા ?"

અખાની દૃષ્ટિએ આત્મા અને ભક્તિનાં અનુભવ પછી સંસાર અને તેની માયા શિથિલ થઇ જાય છે. સાચા જ્ઞાનની પ્રાપ્તિ પછી હૃદય નવનીત સમું કોમળ થઇ જાય છે અને સર્વ જીવો પ્રત્યે દિવ્ય પ્રેમ જાગૃત થાય છે.

"ખાતો પીતો બોલતો,
દેખતો સઘળે રામ;
વેધ્યું મન રહે તેહનું
શિથિલ સંસારી કામ,

(અનુસંધાન પૃષ્ટ ૧૫૦ જુઓ)

રાધનપુરી ભાઈઓનું આનંદ સંમેલન

રાધનપુરની ગૌરવકથા.

તા. ૨૮-૧૧-૪૧ ના રોજ મરીનડ્રાઇવ ઉપર શ્રીમાન રામદેવજી આનંદીલાલ પોદ્દારના પ્રમુખપણા નીચે મુંબઇમાં વસતા રાધનપુરી ભાઇઓનું એક આનંદસંમેલન ભરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાધનપુર બહારના પણ અનેક ગૃહસ્થોને નિમંત્રણ આપવામાં આવ્યાં હતાં. મુંબઇ ઇલાકાના માજી પ્રધાન બાળાસાહેબ ખેર પણ પધાર્યા હતા. આ પ્રસંગે જણીતા શેરદલાલ શેઠ ગીરધરલાલ ત્રીકમલાલે એક લાખ રૂપીઆની અને શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલે પચાસ હજાર રૂપીઆની સખાવત જાહેર કરી હતી અને બન્ને રકમોનું ટ્રસ્ટ કરીને તેનું વ્યાજ રાધનપુરની જૈન પ્રજાને આર્થિક તથા વૈદ્યકીય રાહત આપવા પાછળ તેમજ કેળવણીની સગવડો પુરી પાડીને તેનું અજ્ઞાન દૂર કરવા પાછળ ખર્ચાશે એમ જણાવવામાં આવ્યું હતું. તેમને અનુસરીને સદ્‌ગત શેઠ જીવાભાઇ કેશરીચંદના સ્મરણાર્થે તેમના પુત્ર ભાઇ ધીરજલાલ તરફથી રૂ. ૧૦૫૦૦) નું ટ્રસ્ટ કરીને તેનું વ્યાજ નાતજાતના કશા ભેદ સિવાય એવાજ પરોપકાર પાછળ ખરચવામાં આવશે એમ તેમના ભાગીદાર શેઠ ગોરધનભાઇ સોનાવાલા તરફથી જાહેર કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં **શ્રી. કકલભાઈ ભુદરદાસ વકીલે** જણાવ્યું કે:-

"આજે એવા એક શ્રીમાન ગૃહસ્થને પ્રમુખસ્થાને મેળવવા અમો ભાગ્યશાળી થયા છીએ કે જેઓની જાહેર કારકીર્દી મનુષ્યજાતની સેવામાં તરબોળ છે, જેઓના દાનનો ઝરો ન્યાતજાતના ભેદભાવ વગર બધાને માટે ખુલ્લો છે, જેઓશ્રીએ લાખો રૂપિયા પોતાની જન્મભૂમિ નવલગઢમાં હાઇસ્કૂલ-કોલેજ-રસ્તા બનાવવા પાછળ ખર્ચ્યા છે, પોતાના નિવાસસ્થાન સાન્તાક્રુઝમાં જેમણે કેળવણીના પ્રચાર અર્થે હાઇસ્કૂલ, મંદિર તથા હોસ્પિટલ પાછળ રૂપિયા ત્રણ લાખનું દાન કર્યું છે, મુંબઇમાં જેઓશ્રીએ લગભગ સાત લાખ રૂપિયાના ખરચે આયુર્વેદિક કોલેજ, હોસ્પિટલ તથા કોમર્સ કોલેજ પાછળ આપ્યા છે, જેઓની ડીક્શનરીમાં કોઇ પણ જાહેર કાર્ય માટે 'ના' જેવો શબ્દ નથી. એવા ચારિત્ર્યશાળી સખી દિલના પુરુષ આજના અમારા નાના સરખા સંમેલનના પ્રમુખસ્થાને બિરાજે એ અમારાં અહોભાગ્ય છે.

અમારાં વધારે સદ્‌ભાગ્ય તો એ છે કે આ ઇલાકાના માજી વડા પ્રધાન પરમ માનનીય, પ્રાતઃસ્મરણીય, સેવાની મૂર્તિ-સમા શ્રીમાન બાળા સાહેબ ખેરે અમારા આમંત્રણને માન આપી અત્રે પધારી અમારૂં આંગણું પોતાના પવિત્ર પગલાંથી પાવન કરેલ છે અને તે માટે આપણે બધા તેઓશ્રીના આભારી છીએ.

શ્રીયુત ગીરધરલાલને ત્યાં આજે લગ્ન જેવો શુભ પ્રસંગ છે તથા ચર્ચગેટ રેકલેમેશન ઉપર બંધાતા મારા નવીન ગૃહની આજે વાસ્તુક્રિયા છે. આ બન્ને શુભ પ્રસંગોએ અમો રાધનપુરની પ્રજાની કંઇક સેવા બજાવીએ એવી સદ્‌ભાવનાથી આપને પધારવા અમોએ એકત્ર આમંત્રણ કર્યું છે.

રાધનપુરનો ઇતિહાસ આવી જાતનાં ઉદાર કાર્યો માટે મશહુર છે. આ સંબંધે થોડો ઉલ્લેખ આપની સમક્ષ રજુ કરું તો અસ્થાને નહિ ગણાય.

ધાર્મિક વૃત્તિથી પ્રેરાઇને કરેલાં જેમનાં ઉદાર સખાવતી કાર્યોની યાદ હજુ તાજી જ છે, એવા આપણા વડવાઓ રાધનપુરમાં મંદિરો, ઉપાશ્રયો, કુવાઓ, ધર્મશાળાઓ વગેરે બંધાવી આપણને ઉમદા વારસો અર્પણ કરી ગયા છે અને તે માટે આપણે તે તે સદ્‌ગત શહેરીઓના આભારી છીએ. આવા નામાંકિત ગૃહસ્થોમાં મસાલીઆ કુટુંબના નથીરાઓ ખાસ કરીને શેઠ સીરચંદભાઇ, મોહન ટોકરવાળા, હકમચંદ કશળચંદ, ભણસાળી કશળચંદ વચ્છરાજ, શેઠ હીરાચંદ કલ્યાણજી, ઘેલાશેઠવાળા, ડામર વોરાવાળા વગેરેની ગણતરી છે.

દાનનો પ્રવાહ વહેલવામાં સદ્‌ગત પ્રાતઃસ્મરણીય શ્રીમાન શેઠ મોતીલાલ મુળજી રાધનપુરના ઇતિહાસમાં પ્રથમ સ્થાન ધરાવે છે. વીશ હજારની તે વખતે બાદશાહી ગણાતી રકમ ઉચ્ચ કેળવણી માટે કાઢી આપી જ્ઞાન પ્રત્યેની પોતાની મમતા પુરવાર કરવાની સાથે રાધનપુરની જનતાને વૈદ્યકીય મદદ મળી શકે તે માટે સારા એન્ડાઉમેન્ટ ફંડ સાથેની ડીસ્પેન્સરી ખોલીને તથા તેમના સુપુત્રોએ સુવાવડખાનું ખોલીને આખી રાધનપુરી જનતાને ભારે ઉપકાર તળે મુક્યા છે. શ્રીમાન શેઠ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા તેટલી જ પ્રશંસાને પાત્ર છે. તેઓએ શ્રી શત્રુંજયનો છ રી પાળતો સંઘ તથા ઉદ્યાપન કરી ભક્તિરસમાં પણ ખામી આવવા દીધી નથી. રાધનપુર પાંજરાપોળનું કાયમી ફંડ તથા રાધનપુર જૈન મંડળના પ્રમુખ તરીકે અનેક દિશાઓમાં મદદ કરી પોતાનું નામ રાધનપુરના ઇતિહાસમાં તાજના ઝળકતા જવાહીર તરીકે નોંધાવ્યું છે. શેઠ મોતીલાલ પછી શેઠ હીરાલાલ બકોરદાસ આવે છે. આ શ્રીમાને રાધનપુર ખાતે ભોજનાલય, રાધનપુર પાંજરાપોળ ફંડ, રાધનપુર જૈન મંડળના પ્રમુખ તરીકે અનેકવિધ ફંડોમાં ફાળો, બનારસ યુનીવર્સીટી, વીલેપાર્લે જૈન મંદિર તથા સેનેટોરીયમ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી તિલક સ્વરાજ્ય ફંડ વગેરે ફંડોમાં સારી રકમો ઉદારતાથી ભરી રાધનપુરી તરીકેનું નામ દીપાવ્યું છે. સદ્‌ગત હીરાભાઇની ભાવના ઘણીજ ઉચ્ચ હતી. તેમણે ઘણું ઘણું કરવાની હોંશ મારી પાસે વ્યકત કરેલી; પરંતુ તેવી તક હાથ ધરવામાં આવે તે પહેલાં તેઓ ઝડપાઇ ગયા અને મનની મનમાં રહી ગઇ. તેઓના સુજ્ઞ બંધુ ભાઇ કાન્તિલાલ બકોરદાસ તથા તેઓના પુત્ર ભાઇ ચંદ્રકાન્તીલાલ પોતાના પિતાના પગલે ચાલી મરહુમની ઉચ્ચ ભાવના પુરી કરવા મન ઉપર લેશે એવું આપણે ઇચ્છીશું.

રાધનપુરનો ઇતિહાસ લખાવાની શરૂઆત કરનાર ઉપરની બન્ને વ્યકિતઓ પછી મારા પરમ ઉપકારી મિત્ર શ્રીયુત જીવતલાલ પ્રતાપસી તથા શ્રીયુત ગીરધરલાલ ત્રીકમલાલ આજે પ્રથમ પંકિતમાં છે. આ બન્ને શ્રીમાનોએ લાખોના ખરચે શ્રી. શત્રુંજય તીર્થનો છ રી પાળતો સંઘ તથા શ્રી સમેતશિખરજીનો સંઘ કાઢી પ્રભુ ભક્તિમાં પોતાની અચળ શ્રદ્ધા પુરવાર કરી છે. શ્રીયુત જીવાભાઇએ આટલેથી જ નહિ અટકતા રાધનપુર ખાતે રૂપિયા પચાસ હજારના ખરચે આયંબીલ ખાતું સ્થાપ્યું છે, જે માટે રાધનપુરની જૈન જનતા

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૬ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ડીસેમ્બર ૧ ૧૯૪૧

જૈનધર્મનો અભ્યુદય ?

ધર્મ આત્માનો ગુણ છે એથી આત્માનો અભ્યુદય થાય તો જ ધર્મનો અભ્યુદય થઇ શકે. આત્મા ધર્માધાર છે અને ધર્મ આત્માનું આધેય છે એટલે આધારનો જેટલો પ્રકર્ષ થાય તેટલો જ પ્રકર્ષ તેના આધેયનો થાય. જ્યાં સુધી આત્માનો પ્રકર્ષ ન થાય ત્યાં સુધી ધર્મના અભ્યુદય માટે ગમે તેટલા બાહ્ય દેખાવો કરવામાં આવે, વિવિધ પ્રકારના સ્થૂલ ક્રિયાકાંડો રચવામાં આવે, વિવિધ ઉત્સવોની મોહક યોજના કરવામાં આવે અને એવા બીજા અનેક આડંબરી દેખાવોનો દેખાડો કરવામાં આવે તો પણ ધર્મનો અભ્યુદય થવાનો સંભવ જ નથી. આ જ દૃષ્ટિએ અહીં જૈન ધર્મના અભ્યુદયનો વિચાર કરવાનો છે. જૈન ધર્મ એટલે દશ લાખ જૈનોનો આચાર વ્યવહારમાં, ભાષાસરણીમાં કે વિચાર પ્રવાહમાં જૈન ધર્મનું પ્રતિબિંબ પડતું દેખાતું હોય અને તે પણ વિરલ રીતે નહીં, પરંતુ મોટા પ્રમાણમાં. તે પ્રતિબિંબ લોકોની નજરમાં સ્પષ્ટપણે કળાતું હોય તો જરૂર એમ કહી શકાય કે 'જૈન ધર્મ જૈનોનો આત્મામાં પરિણામ પામ્યો છે અને એમ છે તેથી જ તેનો અભ્યુદય પણ પ્રવર્તમાન છે.' અહીં એ પણ વિચારવું આવશ્યક છે કે જૈનોના આચાર વ્યવહાર, ભાષાભંગી અને વિચારપ્રવાહમાં જૈન ધર્મનું પ્રતિબંબ એટલે શું ? એ નક્કી થયા પછી એ પ્રતિબિંબ જૈનોના આત્મામાં છે કે નહીં ? ન હોય તો જે દેખાય છે તે શેનું–કયા ધર્મનું–પ્રતિબંબ છે? આ બધી હકીકતનો વિચાર થયા પછી એમ જાણી શકાય કે વર્તમાનમાં જૈન ધર્મનો અભ્યુદય છે કે અનભ્યુદય છે?

અહીં એ પણ જણાવવાનું પ્રસ્તુત છે કે જૈન ધર્મ એટલે અહિંસા અથવા શ્રેયસી પ્રેમવૃત્તિ, સત્ય, અચૌર્ય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય. આ પાંચ યમોને જીવનમાં લાવવા માટે જ બાકી બધાં સાધુનાં કે શ્રાવકનાં નાનાં મોટાં બાહ્ય અનુષ્ઠાનો યોજાયાં છે એટલે એ અનુષ્ઠાનો પોતે ધર્મરૂપ નથી. પરંતુ જે અર્થે તે અનુષ્ઠાનો સેવવામાં આવે છે તે અહિંસા વગેરે જ જૈનધર્મ છે. ઉકત પાંચે યમોની વાત હમણાં કોરે મુકીએ, પરંતુ તેમાંના પ્રથમ અને મૂળભૂત અહિંસાયમની જ વાત કરીએ. અહિંસા એટલે કષાયની મન્દતા અર્થાત્ લોભ, રાગ, દ્વેષ, ક્રોધ, દ્રોહ, ઇર્ષ્યા, કપટ, માન, જાતિ-મદ વગેરે મદો. એ બધા વૈભાવિક ધર્મોનું આત્મામાં મન્દબળ થવું અને તેમને સ્થાને સંતોષ, શ્રેયસી પ્રેમવૃત્તિ, ક્ષમા, ગુણ પ્રમોદ, સરળતા, નમ્રતા વગેરે સ્વાભાવિક ધર્મોનું આત્મામાં પ્રાબલ્ય થવું અને એ સ્વાભાવિક ધર્મોના પ્રાબલ્યદ્વારા જ જાગૃતિ-પૂર્વક છ કાય જીવોનો અનારંભ. આજ કાલ કેટલાક લોકો કેવળ છ કાયના જીવોના અનારંભને જ ધર્મ બતાવે છે. તેના કરતાં અહીંની અહિંસાની વ્યાખ્યા જરા જુદી છે અને તે એટલા અંશમાં કે આત્મસ્વભાવની જાગૃતિ કરવાપૂર્વક જ છ કાયનો અનારંભ સાધી શકાય છે. માટે આત્મસ્વભાવની જાગૃતિ એ ઉકત અનારંભનું પ્રથમ ઉપાદાન કારણ છે અને તે પૂર્વમાં હોય તો જ ઠીક અભ્રાંત કાર્ય નીપજી શકે છે. નહીં તો કદાચ સ્થૂલ દૃષ્ટિએ છકાયનો અનારંભ જણાતો ભલે હોય પરંતુ તે કેવળ આત્મપ્રતારણા સિવાય બીજું કશું નથી એ હકીકત ધ્યાનમાં રાખવાની છે. હવે આપણે અહીં જોઇએ કે દશ લાખ જૈનોમાં પ્રધાનપણે જે અહિંસા ઉપર વર્ણવી છે તેનું પ્રતિબિંબ દેખાય છે ખરું ? ખરેખરી રીતે વિચાર કરતાં સ્પષ્ટ જણાઇ આવે છે કે જૈનોના પ્રધાન ત્યાગી કે ગૃહસ્થ વર્ગમાં જૈની અહિંસાનું પ્રતિબિંબ દેખાતું હોત તો તેઓમાં નીચેની બાબતો કદી પણ ન દેખાવી જોઇએ.

૧ અગ્રેસર જૈનોમાં ચાલતો સટ્ટાનો જુગાર–વ્યાપાર.

૨ અગ્રેસર જૈનો મારફત ખેડુતોના અને મજુરોના શોષણ નીપજાવતા વ્યવસ્થા.

૩ જૈન સમાજમાં કતલખાનાના ચામડામાંથી બનતી વસ્તુ-ઓનો વાપર.

૪ દેશની પરતંત્રતાના કારણરૂપ વિદેશી વસ્ત્રોનો ઉપયોગ.

૫ લાખો ત્રસજીવોના સંહારમાંથી નીપજતા રેશમનો ઉપયોગ.

૬ ધર્મને નામે ચાલતા સાધુઓ વચ્ચેના કલહો.

૭ ધર્મને નામે ચાલતા મૂર્તિ કે મુહપત્તિના વિવાદો.

૮ ધનાર્થે, ઇહલોકસુખાર્થે વા પ્રતિષ્ઠાર્થે આચરવામાં આવતાં કર્મકાંડો.

૯ સાધુઓ દ્વારા મંદિરોનાં નિર્માણ અને તેનાં સંચાલન માટે પેઢીઓની સ્થાપના.

૧૦ સાધુઓના ઉપકરણોમાં વિદેશી મહારંભજન્ય વસ્તુ-ઓનો વાપર.

૧૧ ખાદી વાપરીએ તો તેને ધોવા માટે પાણી વધારે વાપરવું પડે એવી કુયુકિતઓનો પ્રચાર.

૧૨ ડેન્માર્ક કે એવા બીજા પ્રદેશોમાં હજારો ઘેટાંઓના નાશદ્વારા નીપજતી પાતળી ઊનની કામળીઓ કે રજોહરણોનો સાધુઓમાં થતો ઉપયોગ.

અહીં વધારે લખવાનું સ્થાન નથી; પરંતુ ઉપર જણાવેલી તથા બીજી નહીં જણાવેલી હિંસાપોષક પ્રવૃત્તિઓ જૈનોના મોટા ભાગમાં વ્યાપેલી છે ત્યાં સુધી એમ કોણ કહી શકે કે જૈન ધર્મનો અભ્યુદય પ્રવર્તમાન છે ? પરંતુ એટલું જરૂર કહી શકાય કે જૈનોમાં સાધુઓમાં કે ગૃહસ્થોમાં– (૧) સ્થૂલ–શરીર–સંરક્ષણનો વિશેષ પ્રેમ છે, (૨) મિથ્યા પ્રતિષ્ઠાનો વિશેષ રસ છે, (૩) બીજા બીજા અસંખ્ય મોટા પ્રાણીઓને ભોગે પણ પોતાનું જીવન ટકાવવાની આકાંક્ષા છે. (૪) વીતરાગને નામે પોતાની સરાગવૃત્તિને પોષવાની વિશિષ્ટ કળા છે અને (૫) કર્મવાદનું નામ લઇ બીજાઓની દુઃખમય પરિસ્થિતિ તરફ ઉપેક્ષા કરવાની તર્કવૃત્તિ જાગ્રત છે વગેરે વગેરે. આ આપણી પરિસ્થિતિ અભ્યુ-દયસૂચક નથી, પરંતુ અધઃપાતનું નિદર્શન છે.

ઘણીવાર ધર્મીઓ ભલે મંદ હોય છતાં તેમના સાહિત્યનો લોક-સમુહમાં પ્રકર્ષ થતો દેખાતો હોય તો તે પણ અમુક રીતે ધર્મનો અભ્યુદય કહી શકાય. પરંતુ આપણે ત્યાં તો તેમ પણ નથી. બીજા સાહિત્યની વાત જવા દઇએ તો પણ આપણા મૌલિક અંગસાહિત્યની શુદ્ધ અને અદ્યતન વિશિષ્ટ પધ્ધતિથી સંપાદિત થયેલી એકે આવૃત્તિ હજુ સુધી પ્રકાશિત થઇ નથી. સમગ્ર અંગસાહિત્યની તો થાય ત્યારે ખરી, પરંતુ એકાદ અંગસૂત્રની એવી આવૃત્તિ પણ નજરે આવતી નથી. વર્તમાનમાં આ પરિસ્થિતિ જણાય છે. તેમાંથી આપણે બચીએ અને વાસ્તવિક અભ્યુદય તરફ વળીએ તો આપણાથી જૈન ધર્મની શોભા વધશે.

પંડિત બેચરદાસ.

આપણું અડધું અંગ.

'વિચાર વાણી અને વ્યક્તિગત સ્વાતંત્ર્ય એ માનવીનો જન્મ સિદ્ધ અધિકાર છે' એમ જાહેરમાં બોલવું યા લખવું એ એક વાત છે અને એ જ અધિકારો બીજાને ભોગવવા દેવા એ બીજી વાત છે, અને ખાસ કરી આપણા ભારતવર્ષમાં સ્ત્રી અને પુરૂષની બાબતમાં વ્યક્તિગત હક્ક-અધિકારનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે સ્પષ્ટ દેખાઇ આવે છે કે, સ્ત્રીઓની વ્યક્તિગત સ્વાતંત્રતા પુરૂષ વર્ગની દયા ઉપર અવલંબે છે, અથવા એમ કહીએ કે પુરૂષની ઇચ્છાનુસાર જ સ્ત્રી પોતાના હક્ક ભોગવી શકે છે. જ્યારે પુરૂષને પોતાના હકક-અધિકાર પોતાને સ્વાધીન હોય છે, એટલું જ નહિ પણ મોટે ભાગે [illegible] પોતાના હકકના બચાવમાં અને સ્ત્રીઓના હકક ડુબાવવાનો પ્રયત્ન કરવામાં ભુતકાળમાં થયેલ મહાપુરૂષો મનાતા પુરૂષોએ જ રચેલાં-સ્મૃતિ આદિ-ગ્રંથોનો હવાલો [illegible]તાં પણ પુરૂષો શરમાતા નથી.

પુરૂષપ્રધાન સમાજનું બંધારણ અને તેના સામાજીક કાયદાકાનુનો જ એવી રીતે ઘડાયલા છે કે પુરૂષ એ સ્ત્રીનો માલીક છે, સ્ત્રી મીલ્કત છે, અને પુરૂષ વર્ગના ઘણા મોટા ભાગનું માનસ આ દૃષ્ટિએજ ઘડાયલું હોય છે એટલે માલીકપણાનો હક્ક જતો કરવા તેઓ ભાગ્યે જ તૈયાર હોય છે. રાજદ્વારી કે આર્થિક ક્ષેત્રમાં પોતાની સત્તાના—માલીકી હક્કના બચાવ માટે કાયમ એ સ્થિતિ નભી રહે તે ખાતર જેમ સામ, દામ, દંડ અને ભેદની નીતિ અખત્યાર કરવામાં આવે છે તેજ પ્રમાણેની નીતિ સમાજશાસનમાં પોતાના હક્ક નિભાવી રાખવા માટે પુરૂષવર્ગે સ્ત્રી વર્ગ તરફ ચલાવી છે-ચલાવે છે.

પૂજ્ય મહાત્માજી જેવા મહાપુરૂષે અનેક વખત જાહેર કર્યું છે કે 'સ્ત્રી એ પુરૂષની બરાબર સમાન છે, સમાન હક્ક તેને છે.' છતાં સ્ત્રીઓના વાસ્તવિક અધિકારો છીનવી લઇ તેનો માલીક થઇ બેસનાર પુરૂષ તેમના હક્કો પાછા આપવા કે નહિ ? આપવા તો કઇ જાતના ? કેટલા આપવા ? ઇત્યાદિની વિચારણામાં પણ પોતેજ મુખ્ય ભાગ ભજવે છે. બીજાની મીલ્કત પચાવી બેસનાર જડસુઓ જેમ દાન કરવાનાં નાટકો ભજવે છે તેમ પુરૂષવર્ગ શું નથી કરતો ?

આપણા સમાજ તરફ નજર કરો ! રૂઢીઓ અને રીત રીવાજોનાં અનેક બંધનોથી જેઓના શ્વાસ ગુંગળાઇ રહ્યા છે એવી જ્ઞાતિઓ, તડો, ધોળા, અને પંચો દ્વારા કોને અન્યાય થઇ રહ્યો છે ? રૂઢીનાં, રીત રિવાજનાં કે કોઇ પણ વાડાનાં બંધન પુરૂષને સ્પર્શે છે ખરાં ? સમાજરચના જ એવી રીતે રચવામાં આવી છે કે માનવી જે જાતનાં-લગ્ન આદિ-સામાજીક સુખોની અભિલાષા રાખે છે તે દરેક બાબતમાં પુરૂષ સ્વતંત્ર છે, સ્ત્રી પરતંત્ર છે. પછી તે ગમે તે સ્થિતિમાં હોય.

આપણે કહીએ છીએ કે : સ્ત્રી અને પુરૂષ સંસાર રથનાં બે ચક્ર છે અને આ દ્રષ્ટિએ સ્ત્રી અને પુરૂષ બંને સમાન હક્કદાર જ હોવા જોઇએ. પણ આ તો પ્રસંગ આવ્યે માત્ર બોલવાનું. આપણે તેમને કેળવણીથી વેગળા રાખવાનો પ્રયત્ન કરીને, સામાજીક, આર્થિક, રાજદ્વારી કે જીવનવિકાસના પ્રત્યેક પ્રશ્નોથી દૂર રાખીને, રસોડાની રસોયણ તરીકે, આપણી ઇચ્છતમાં વધારો કરવા, સોના ચાંદી ને ઝરઝવેરાતનાં ઘરેણાં અને વિવિધ વસ્ત્રોથી શણગારેલી પુતલી તરીકે આપણી સ્ત્રીઓને મોટા ભાગે જીવાડીએ છીએ.

ઉપરના માનસે કુમાર અને કુમારીકાની કેળવણીમાં ભેદભાવ રાખ્યો છે. એ વર્ગ અભણ રહેવાથી સીધું પરિણામ એ આવ્યું છે કે તેઓ જડ, વહેમી અને ચાલ્યા આવતા રીતરિવાજોની રહેજ પણ મર્યાદા ઓળંગવામાં ભીરૂ બની. 'અબળા' એ આ નામને સાર્થક કરી રહી છે. દુનિયાના મહાન શિક્ષણકારોનું માનવું છે કે 'બાળકોનો મોટામાં મોટો ગુરૂ તેમની માતા છે.' એટલું વિચારી જુઓ કે અભણ માતાઓના ખોળામાં ઉછરતી પ્રજાનું ઘડતર કેવું હોઇ શકે ? જો માતાઓ સુશિક્ષિત, સંસ્કારી, સ્વતંત્ર અને આઝાદ હોય તો ઉગતી પ્રજાના ઘડતરમાં કેટલો સુંદર ફાળો આપી શકે ? એટલું જ શા માટે ! દેશ કે સમાજની ઉન્નતિના કાર્યમાં પણ પુરૂષ વર્ગને પુરો સહકાર આપી શકે એ નિઃસંશય છે. કારણ કે તુર્કી અને રશિયાના ઉદ્ધારમાં સ્ત્રી વર્ગે જે મહત્વનો ભાગ ભજવ્યો છે તે ઇતિહાસ આપણી સામે મોજુદ છે. ભૂતકાળમાં અનેક સ્ત્રીઓએ રાજ્યતંત્રના અનેક આંટીઘુંટીભર્યા વહીવટો ચલાવ્યા છે. અનેકે ભલભલા મુછાળા રાજવીઓ અને સેનાપતિઓને રણમાં હંફાવ્યા છે. અનેકે શિલ્પ, અને સાહિત્યકળામાં યશ પ્રાપ્ત કર્યો છે. એટલે આ પ્રશ્ન લાયકાતનો નથી. આપણે તેમને તક જ આપતા નથી એજ મુખ્ય પ્રશ્ન છે.

જ્યાં જ્યાં સ્ત્રીવર્ગને તેમનો જીવનવિકાસ સાધવા માટે સંપૂર્ણ તક અને સગવડ આપવામાં આવી છે તે તે દેશોમાં સ્ત્રીવર્ગ ખૂબ આગળ વધ્યો છે અને દરેક વિષયોમાં આગળ આવ્યો છે.

આ ઉપરથી એમ કહી શકાય કે 'સ્વરાજ્ય એ અમારો જન્મસિદ્ધ હક્ક છે' એ જેટલું સાચું છે-તેટલું જ 'જે હાથ પારણું હીંચોળે છે તે જ હાથ પ્રજા ઉપર શાસન ચલાવે છે' એ પણ સાચું છે. એટલે જ આપણા અડધા અંગના જન્મસિદ્ધ અધિકારોની ઇરાદાપૂર્વક અને વ્યવસ્થિત રીતે આપણે આજ સુધી જે લુંટ ચલાવી છે તે હવે પહેલી તકે બંધ કરી તેમને સમાન દરજ્જે સ્થાપવાની અનિવાર્ય અગત્ય છે. નહિતર દેશ અને સમાજની ઉન્નતિનું 'દીલ્હી' હજુ બહુ દૂર છે અને રહેશે. એટલું આપણે સમજી લેવું ઘટે છે. **અમીચંદ.**

જે દેશ—

જે દેશનું જળ પીઇને તુજ દેહને ભીનો કર્યો,
તે દેશને તુજ આત્મનું પાણી સીંચીને પોષજે !
જે દેશની માટી થકી અવનિ પરે તું ઉપજ્યો,
તે દેશના કલ્યાણ માટે દેહ યસે હોમજે જે...દેશનું.
જે દેશનું શોણિત રાતું, નસ નસે કુદી રહ્યું,
તે દેશને ઉદ્ધારવા તુજ રક્ત પણ વહેવાડજે !
જે દેશના ધર્મો થકી, તુજ સ્વર્ગ ખુલ્લું થઇ જશે,
તે દેશ કેરા આંગણા તુજ ધર્મ નાદે ગજાવજે...જે દેશનું.
જે દેશની માટી અને શક્તિ થકી ધન મેળવ્યું,
તે દેશ માટે, દીન માટે, પરમ ધન તું વેરજે !
જે દેશમાં તારા વડીલો જન્મી મુક્તિ મહિં ગયા,
તે દેશને તુજ જન્મથી ઉન્નત સ્વર્ગ બનાવજે...જે દેશનું.
જે દેશના ઝુલા મહિં તુજ બાળકો ઝુલશે હવે,
તે દેશમાં મૂકી જજે આશિષ, આશા ઉમદા !
જે દેશની માટી થકી થઇ માટી મહિ ભળું મળી,
તે દેશની ભૂમિ પરે તુજ દેહ આ ઢળજે અરે...જે દેશનું.
જે દેશમાંથી ઉડીને તું, સ્વર્ગ ટોચે જઇ વસે,
તે દેશને તું સ્વર્ગમાં પણ ઘડી કદી નહિ ભૂલજે....જે દેશનું.

વ્રજલાલ મેઘાણી.

રાધનપુરી ભાઇઓનું આનંદસંમેલન

(પૃષ્ઠ ૧૪૩ થી ચાલુ)

તેઓની ઋણી છે. મુંબઇમાં તેઓ અગ્રણી તરીકે કામ કરી રહ્યા છે અને રાધનપુરી તરીકે પોતાની કારકીર્દી ઝળકતી બનાવવામાં જરા પણ કચાશ રાખી નથી. સ્વ. શેઠ જીવણલાલ કેશરીચંદને પણ આ તકે ભૂલી શકીએ નહિ. તેઓની ભાવના પણ ઉચ્ચ હતી; પણ તેઓ જોઇએ તેટલો હાથ લંબાવી શકયા નહિ, છતાં રાધનપુર ખાતે બાંધવામાં આવેલી ધર્મશાળા તેઓની યાદ હમેશને માટે આપણા મગજમાં તાજી રાખશે. મરહુમની ઇચ્છા રાધનપુરના મુંબઇમાં વસતા ભાઇઓ માટે સસ્તા ભાડાનાં મકાનો બાંધવાની હતી. પરંતુ તે ઇચ્છા પાર પડી શકી નહિ. આપણે ઇચ્છીશું કે તેઓનાં ધર્મપત્ની શ્રીમતી તારાબાઇ તથા તેઓના પુત્ર ભાઇ ધીરજલાલ મરહુમનું અધુરૂં રહેલું કાર્ય તથા ભાવના પુરી કરવાનું મન ઉપર લેશે.

પુરૂષો ઉપરાંત સ્ત્રી વર્ગ પણ સ્વતંત્ર રીતે ઉદારતા અને સેવાના કાર્યમાં પાછળ રહેલ નથી. શેઠાણી ગબલીબાઇએ થરાદ મુકામે સ્કૂલ બંધાવી આપી હતી અને તે બદલ તેમની સેવાની પીછાણમાં નામદાર હિન્દી સરકાર તરફથી કૈસરે-હિન્દનો મેડલ તેઓને બક્ષવામાં આવ્યો હતો. મુંબઇના તે વખતના નામદાર ગવર્નરે પુના ખાતે ગવર્નરની લેવીમાં તેઓને ખાસ આમંત્રણ આપી બોલાવ્યા હતા અને સદરહુ મેડલથી સ્વર્ગસ્થ શેઠાણીને સુશોભિત કર્યા હતા. મુંબઇના રાધનપુર જૈન મંડળે પણ તેઓના જાહેર કાર્યની કદર કરી હતી. અને મરહુમ સોલીસીટર દમણીઆના પ્રમુખપણા નીચે જાહેર મેળાવડો કરી તેઓને તથા શેઠ મોતીલાલ મુળજીને માનપત્ર તથા કાસકેટ એનાયત કર્યા હતાં.

હવે હું એવા ગૃહસ્થ તરફ દૃષ્ટિ કરૂં છું કે જેઓએ દાનની દિશામાં ક્રાન્તિ યાને રેવોલ્યુશન કરેલ છે. શું આ ભાઇનું નામ આપવાની જરૂર છે? આપણને બહારની દુનિયામાં ઉજળા દેખાડનાર આ ભાઇ તે શ્રીયુત કાન્તિલાલ ઇશ્વરલાલ છે. એ ભાઇએ પાંચ માગ્યા ત્યાં પચ્ચીસ અને પંચાસ માગ્યા ત્યાં પાંચસો આપ્યા છે. આ બંધુની સખાવતો જગજાહેર હોઇ તે જણાવવાની જરૂર નથી. પરંતુ રાધનપુરની બોર્ડીંગ તથા શ્રી શકુંતલા કાન્તિલાલ ઇશ્વરલાલ કન્યાશાળાનું નામ આપ્યા વિના મને ચાલતું નથી. આ બન્ને સંસ્થાઓને સવા સવા લાખ આપવા છતાં આ ભાઇ હજુ થાકતા નથી અને નાની મોટી કોઇ પણ ચીજની જરૂર જણાય તો તે લાભ મારે લેવો જોઇએ એમ કહી કાર્યકર્તાઓને ખૂબ ઉત્તેજીત કરી હોંસ ભર્યા રાખે છે. શ્રી શકુંતલા કાન્તિલાલ ઇશ્વરલાલ કન્યાશાળા બીલ્ડીંગ હસ્તીમાં આવવામાં મારો થોડો ઘણો પણ હિસ્સો છે, અને આજે તેથી હું વધારે મગરૂર છું. હંમેશના રીવાજ મુજબ શ્રી માંગરોળ જૈન સભાનો દશેરાનો ઉત્સવ શ્રી કાન્તિલાલ બકોરદાસના પ્રમુખપણા નીચે સર કાવસજી જહાંગીર હોલમાં ઉજવવામાં આવ્યો હતો, જે પ્રસંગે સંસ્થાને મકાનની જરૂરીઆત ઉપર સભાજનોનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. વળતે જ દિવસે શ્રીયુત કાન્તિભાઇને હું મળ્યો અને આ યશ આપે લેવો એવી મેં તેમને વિનંતિ કરી. મને ટુંક વખતમાં જ ખબર મળી કે શ્રીયુત કાન્તિલાલ ઇશ્વરલાલે મોટી રકમની ઓફર આ કાર્ય માટે સંસ્થાના વહીવટકર્તાઓ પાસે મુકી છે. સારા નસીબે તેઓની આ ઓફર સ્વીકારવામાં આવી, જેના પરિણામે તેઓનો કીર્તિસ્થંભ આ બોર્ડીંગની તુરત જ પાછળ ક્વીન્સ રોડ ઉપર તૈયાર થઇ રહ્યો છે. અને ટુંક વખતમાં તે ખુલ્લો મુકાયેલો જાહેર કરવામાં આવશે આપણે આશા રાખીશું કે શ્રીયુત કાન્તિલાલભાઇ પોતાની સખાવતનો ઝરો ન્યાત-જાતના ભેદભાવ વગર મનુષ્ય જાતના ઉપયોગ માટે સદાને માટે ખુલ્લો રાખશે અને રાધનપુરીના તાજમાં અનેક કલગીઓનો ઉમરો કરશે.

સેવાની બાબતમાં રાધનપુર જૈન મંડળના આદ્ય પ્રમુખ શેઠ હરગોવિંદદાસ પુનમચંદ, ગુજરાતી મંડળીના પ્રમુખ તથા શેર બજારના ડીરેકટર સ્વ. શેઠ વાડીલાલ પુનમચંદ તથા રાધનપુરના 'ગ્રાન્ડઓલ્ડમેન' તરીકે જાણીતા થયેલા શેઠ ચુનીલાલ વીરચંદના નામનો ઉલ્લેખ ન કરૂં તો આજના પ્રસંગને મેં અન્યાય કર્યો કહેવાય. આ તો જાહેર નામો છે. બીજા અનેક ભાઇઓ કે જેઓએ ગુપ્ત રહ્યા જાહેર રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્રની ભાવનાને અંગે, સ્વામીભાઇઓની ભક્તિને અંગે નાની મોટી રકમો રાધનપુર તથા મુંબઇ ખાતે વાપરી છે, તે બધા ભાઇઓ આપણા અભિનંદનને યોગ્ય છે

રાધનપુરનો આટલો ટુંક ઇતિહાસ રજુ કર્યા પછી હું આજના વિષય ઉપર આવું છું. ઉપર જણાવેલા ભાઇઓને પગલે પુલ નહિ તો પુલની પાંખડી સેવાભાવે અર્પવા અમો બન્નેને ઉલ્લાસ થયો છે. શ્રીયુત ગીરધરભાઇને હાર્ટ એટેક થયો ત્યારે વ્યવહારૂ રીતે એમ જણાયું કે તેઓએ કંઇક સખાવત કરવી જોઇએ. શ્રીયુત ગીરધરભાઇના એક સ્નેહી તરીકે મને પણ સૂચના કરવામાં આવી. પરંતુ શ્રીયુત ગીરધરભાઇની એવી સ્થિતિમાં મારી જીભ કેમ ઉપડે એ જ સવાલ હતો. મને એટલો સંતોષ હતો કે શ્રીયુત ગીરધરભાઇએ પોતાના ગુપ્ત હાથે મદ્રદમાં તેમજ બીજા ધાર્મિક કાર્યોમાં લાખો રૂપિયા ખરચ્યા છે. એટલે તેઓને લગાર સારૂં થાય તો વાત કરૂં. સારા નસીબે તેઓનો હાર્ટ એટેક હળવો પડયો અને તેઓશ્રીને વિનંતિ કરવાની તક મને

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
વાર્ષિક સભા.

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૭-૧૨-૪૧ રવિવાર ના રોજ બપોરે ત્રણ વાગે નીચે જણાવેલ સ્થળે મળશે. જે વખતે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષનો વૃત્તાન્ત તથા તપાસાયલો હિસાબ મંજુર કરવો.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજુર કરવું.

(૩) બંધારણ અનુસાર નવા વર્ષ માટે પ્રમુખ, ઉપપ્રમુખ, બે મંત્રીઓ, ફોષાધ્યક્ષ તેમજ કાર્યવાહક સમિતિની ચુંટણી કરવી.

(૪) હિસાબનિરીક્ષકની નિમણુક કરવી.

આ પ્રસંગે વાર્ષિક સામાન્ય સભાનું કામકાજ પુરૂં થયા બાદ શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહે સંઘના સભ્યોનું સ્નેહ સ્વાગત કરવા ઇચ્છા દર્શાવી છે.

સર્વે સભ્યોને વખતસર અવશ્ય પધારવા વિનંતિ કરવામાં આવે છે.

મણિલાલ મોકમચંદ શાહ
વૃજલાલ ધરમચંદ મેઘાણી
મંત્રીઓ.

સ્થળ:-શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહનું નિવાસ સ્થાન
ટોપીવાળા મેન્શન, પાંચમે માળે.
વનિતા વિશ્રામ સામે, સેન્ડહર્સ્ટ રોડ.

સમય:-તા. ૭-૧૨-૪૧ રવિવાર બપોરના ત્રણ વાગે.

સાંપડી. "ગીરધરલાલ! તમો લાખો રળ્યા છો અને લાખો તમોએ ખરચ્યા છે. પરંતુ એક એવું ખાતું આપે ઉભું કર્યું નથી જે કાયમને માટે આપની યાદ તાજી રાખે" આમ કહીને મેં તેઓની પાસે પચાસ હજારની માંગણી કરી. ગીરધરલાલે શું જવાબ આપ્યો? તેઓએ જે જવાબ આપ્યો તેથી મારે તો શરમાઇ જવું પડયું. "કકલભાઈ! પચાસ હજારમાં કંઇ થાય નહિ. લાખ, તો ઓછામાં ઓછા જોઇએ અને તેટલી રકમનું ટ્રસ્ટ કરી સોંપવા મેં ધીરજને સૂચના કરેલ છે." આપ જાણીને ખુશી થશો કે શ્રી ગીરધરલાલે આજના શુભ પ્રસંગની યાદમાં તે રકમ આપવાનું અને તેનો ઉપયોગ જરૂરીયાતવાળા આપણા ભાઇઓને જીવન નિર્વાહનાં સાધનો જ્ઞાનનાં સાધનો તથા વૈદકીય મદદ આપવા માટે કરવા નકકી કર્યું છે. ટ્રસ્ટની વીગતો હવે પછી નક્કી કરવામાં આવશે.

શ્રીયુત ગીરધરલાલના આવા ઉદાર જવાબથી મને પણ કંઇક લાભ ઉઠાવવાની પ્રેરણા થઇ. આખરે મારી નસોમાં પણ રાધનપુરીનું લોહી વહે છે. મારી ઉમર પણ પંચાવન વરસની થવા આવી છે. કોણે જાણ્યું છે કે કાલે શું થશે? તેથી જેટલો લાભ જલ્દીથી લઇ લેવાય તેટલો કામનો. જે ઉદ્દેશથી ભાઇ ગીરધરલાલે ટ્રસ્ટ કરવાનું નકકી કર્યું છે, તેજ ઉદ્દેશથી હું પણ રૂપિયા પચાસ હજારનું ટ્રસ્ટ આજના મારા નવીન ગૃહના વાસ્તુ પ્રસંગની ખુશાલીમાં કરી આપવાનું માથે લઉં છું. આ રકમ આસ્તે આસ્તે વધારવાની મારી ભાવના છે. પ્રભુ તેમ કરવાની મને સદ્‌બુદ્ધિ આપે."

ત્યારબાદ **શ્રી. કાન્તિલાલ ધરચલાલે** જણાવ્યું કે :-

"આજના આનંદ સંમેલન પ્રસંગે, શેઠશ્રી ગીરધરલાલ ત્રીકમલાલ, અને શ્રીયુત કલકભાઈ તરફથી, રાધનપુરની જૈન પ્રજા માટે, જે ગંજાવર રકમની સખાવતની જાહેરાત કરવામાં આવી છે, તે માટે હું રાધનપુરની જૈન જનતા અને તમો સર્વે તરફથી, આ બન્ને દાતાઓને, હાર્દિક અભિનંદન આપું છું.

આ પ્રસંગ, રાધનપુરની જૈન પ્રજાને માટે આનંદનો છે, તેટલોજ. ગૌરવ અને ભગરખી લેવા જેવો છે આગળ વધીને કહું તો સમગ્ર જૈન કોમ માટે પણ એટલો જ આનંદદાયક પ્રસંગ છે.

રાધનપુરનો જૈન સંઘ, તે સમગ્ર જૈન સંઘના શરીરનું, એક નાનકડું અંગ છે. આજે કેટલાક કમનસીબ સંયોગોને લીધે, આખા શરીરની સ્થિતિ ઘણી નબળી પડી ગઇ છે. નાના અંગના એક ભાગનું નિરાકરણ, આજની ગંજાવર રકમની સખાવતથી, બહુ સંતોષકારક રીતે થઇ શકશે. એટલે આખા શરીરને આટલી ચિન્તામાંથી મુકત થવાનો અવસર મળશે. આ રીતે સમગ્ર જૈન સંઘ માટે અત્યારનો પ્રસંગ ખૂબ આનંદજનક છે.

જૈનધર્મમાં નાણાંનો સદ્‌વ્યય કરવા માટે સાત ક્ષેત્રોને સાચવવાનું અને પોષવાનું કહેલ છે. આ સાતે ક્ષેત્રોનો મુખ્ય આધાર એમાંના બે ક્ષેત્રો, શ્રાવક અને શ્રાવિકા ઉપર છે. શ્રાવક અને શ્રાવિકા આ સાતે ક્ષેત્રના પ્રાણવાયુ છે. શેઠશ્રી ગીરધરલાલ અને શ્રીયુત કકલભાઇએ સમગ્ર જૈન સંઘના શરીરની સાચી નાડ પારખી છે. એમણે સાતે ક્ષેત્રોને મજબુત બનાવવા, મૂળ પાયાનો પ્રથમ વિચાર કર્યો છે. આજનો અને આવતી કાલનો શ્રાવક જગત સમક્ષ ઉભો રહી શકે, અને ભગવાન મહાવીરના શાસનને દીપાવવાની શકિત અને બળ મેળવી શકે તેની ઉંડી વિચારણા આ સખાવતમાં રહેલી છે. અનુકંપા અને સમભાવ જે જૈન ધર્મની મુખ્ય આજ્ઞાઓ છે, તે આ સખાવતોમાં આપણે જોઇ શકીએ છીએ. આ આખી સખાવત પાછળ, દાતાઓએ, ખૂબ, ઉંડી વિચારણા કરી હોય, તેમ લાગે છે. આવી સખાવતથી જૈન કોમને એક નવી પ્રેરણા મળશે.

વ્યવહારિક પ્રસંગો, એ વ્યકિતગત આનંદના વિષયો છે. પણ જ્યારે વ્યવહારની સાથે ધર્મ અને ફરજને જોડવામાં આવે છે ત્યારે તે પ્રસંગ આખા સામુદાયિક આનંદમાં ફેરવાઈ જાય છે. આજનું આનંદ સંમેલન આ પ્રકારનું છે.

વ્યવહારિક પ્રસંગોને ઉજવવાનો આ નવો ચીલો આપણને શિક્ષણરૂપ છે.

છેવટમાં, આ બન્ને દાનવીરોને લાંબુ આયુષ્ય મળે, અને આવી રીતે અનેક વખત એમની સખાવતો સાંભળાવવા આપણને નોતરે તેવું પરમાત્મા પાસે ઇચ્છું છું."

ત્યારબાદ બીજા કેટલાંક ભાષણો થયાં અને પછી **બાળાસાહેબ ખેર** ઉભા થયા અને તેમણે એક ભારે પ્રેરક વ્યાખ્યાન આપ્યું. તેમના વ્યાખ્યાનનો સાર નીચે મુજબ છે:—

"આપના જૈનધર્મમાં પાંચ મહાવ્રતને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ. આમાં અપરિગ્રહની ભાવના માત્ર દાનથી જ સિદ્ધ થઇ શકે છે. આ દૃષ્ટિએ અહિં જાહેર થયેલાં દાનો અપરિગ્રહની ભાવનાના પોષક છે અને તેથી આવડી મોટી ઉદાર સખાવતો સાંભળીને મને ખૂબ આનંદ થાય છે. અપરિગ્રહની ભાવના ઉપર આપણી આર્ય સંસ્કૃતિએ અને હિંદુ ધર્મે મૂળથી ખૂબ ભાર મુકયો છે. કવિ કાળીદાસે રચેલ રઘુવંશમાં કથા આવે છે કે વરતન્તુ ઋષિના શિષ્ય કૌત્સે અભ્યાસ પુરો કરી ગુરૂની વિદાય માંગી અને 'આપને ગુરૂદક્ષિણા શું આપું' એમ પ્રશ્ન કર્યો ત્યારે ગુરૂએ દશ લાખ સોના મહોર માંગી. આવડી મોટી ગુરૂદક્ષિણા કયાંથી મળે? વરતન્તુનો શિષ્ય અયોધ્યાના રાજા રઘુ પાસે આવ્યો અને ગુરૂને આપવા માટે દશ લાખ સોના મહોરની માંગણી કરી. આ વખતે કવિ કાલીદાસ રાજા રઘુની પરિસ્થિતિ નીચે મુજબ રજુ કરે છે:—

निःशेषविश्राणितकोषजातं
कौत्सः प्रपेदे वरतन्तुशिष्यः।

અર્થાત્:—જે રાજાએ પોતાનો સમસ્ત ભંડાર દાનમાં આપી દીધો હતો તે રાજાની સમીપ વરતન્તુનો શિષ્ય કૌત્સ ઉપસ્થિત થયો, આ શું સૂચવે છે? અપરિગ્રહનો આદર્શ રાજાઓ સમક્ષ હમેશા ઉભો હતો. રઘુકુળમાં થએલા રાજાઓનું વર્ણન કરતાં કવિ કાલિદાસ જણાવે છે કે **त्यागाय समृध्धार्थानाम्** ।–તેમની સમૃદ્ધિ ત્યાગને માટે હતી, વળી અન્યત્ર એ જ કવિ જણાવે છે કે **आदानं हि विसर्गाय**।–રાજાઓ કર લેતા તે આખરે એકત્ર કરેલું ધન લોકકલ્યાણમાં વાપરી નાંખવા માટે. ઉપનિષદમાં પણ આજ ભાવનાનું સમર્થન કરવામાં આવ્યું છે. **त्यक्तेन भुञ्जीथाः**। ત્યાગ વડે જ દ્રવ્યનો ઉપયોગ કરો. જાણીતું સુભાષિત છે કે **दानेन पाणिर्न तु कंकणेन**। હાથની શોભા દાનથી વધે છે, કંકણથી નહિ. આ ભાવનાને અનુસરીને આજે જે દાન જાહેર થઇ રહ્યાં છે તેની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે.

આજે અપાયલાં દાનની મર્યાદા રાધનપુરના જૈન સમાજ પુરતી હોય એમ લાગે છે. આ યોગ્ય છે, પણ હું ઇચ્છું છું કે આવાંજ ઉદાર દાનો નાતજાત કે ધર્મના ભેદ વિના સર્વ સામાન્ય

પ્રજા માટે પણ આપ ભાઇઓથી જાહેર થતાં રહે. અહિંસા એ આપનો વિશિષ્ટ ધર્મ છે એવો આપનો દાવો છે. અહિંસા-ધર્મી જ્યાં જ્યાં હિંસા થતી હોય ત્યાં ત્યાં તે અટકાવવા પોતાનો હાથ લંબાવે. એ મારાં તારાંનો ભેદ ન રાખે. આજે જ્યારે રાધનપુરમાં વસતા તમારા ભાઇઓનો ઉત્કર્ષ સાધવા આપઆપની ઉત્સુક થયા છો ત્યારે જ નજીકમાં અહિંથી ત્રીશ પાંત્રીશ માઇલ દૂર થાણાની આસપાસ આદિવાસીઓ (aboriginals) બહુ મોટી સંખ્યામાં વસે છે. થાણા જીલ્લામાં તેમની સંખ્યા બે લાખની છે. તેમની દુર્દશાનું ચિત્ર, તમારી પાસે રજુ કરવાનું મને મન થઇ આવે છે. તે લોકો અમેરિકામાં જે પ્રકારની ગુલામીની પ્રથા ચાલતી હતી તેથી પણ વધારે કનિષ્ટ પ્રકારની ગુલામી ભોગવી રહ્યા છે. તેમના પુરૂષો અનેક અત્યાચારોના ભોગ બની રહ્યા છે; તેમને જીવતા બાળી નાંખ્યાના બનાવો નોંધાયલા છે. તેમની સ્ત્રીઓ ઉપર તેમના પુરૂષોની દેખતાં અત્યાચારો કરવામાં આવ્યા છે અને લાજ લુંટાઇ છે. આ બધું મારા જાણવામાં આવ્યું ત્યારે મારૂં દિલ ખળભળી ઉઠ્યું, મારો આત્મા હલી ઉઠ્યો; મારાથી જે કાંઇ અપાય તે આપ્યું અને થઇ શકે તે કર્યું, પણ હું તો એક સામાન્ય સ્થિતિનો બ્રાહ્મણ રહ્યો. હું કેટલું કરી શકું ? તેમને બનતી રાહતો આપવા માટે એક યોજના કરવામાં આવી છે. તેમની કેટલીક અગવડોને પહોંચી વળવા માટે તાત્કાલિક દશ હજાર રૂપીઆ જોઇએ. હું તે માટે મહેનત કરી રહ્યો છું. બે ત્રણ હજાર મેળવ્યા છે. ડીસેંબરની મધ્યમાં તો મારે પાછું જેલમાં જવાનું છે. તે પહેલાં મારે તેમને આપેલો કોલ પુરો કરવો જ જોઇએ. હું તો ભિક્ષુક બ્રાહ્મણ રહ્યો. આવડી મોટી મંડળી અહિં એકત્ર થઇ છે, મને એમ થયું કે આ બાબતની અહિં અપીલ કાં ન કરૂં ? સુખ અને ઐશઆરામ ભોગવતા આપણને ત્રાસ, ગરીબાઇ અને જુલ્મોના ભાર નીચે દબાયલા અને કચરાલા ભાઇબહેનોનો ખ્યાલ ન આવે; પણ હું તેમની જે દશા વર્ણવું છું, તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. સીમીંગનના સરકારી રીપોર્ટમાં આ જાતિને લગતી માનવતાને શરમાવનારી અનેક હકીકતો ભરેલી છે. હું આશા રાખું છું કે આપ આ બાબત ઉપર જરૂર ધ્યાન આપશો. આ પ્રસંગે આપને આ ભિક્ષુક બ્રાહ્મણનો આશીર્વાદ છે કે આપ કકલભાઇ, ગીરધરભાઇ વિગેરે ખૂબ ખૂબ ધન કમાતા રહો અને અનેકગણાં મોટાં દાનોની જાહેરાત કરવા માટે અમને ફરી ફરીને બોલાવતા રહો !"

શ્રી. બેર સાહેબની અપીલને સન્માનીને તે ને તેજ વખતે જુદા જુદા ગૃહસ્થો તરફથી આદિવાસીઓના ઉદ્ધારકાર્ય પાછળ ખરચવા માટે રૂ. ૧૦૦૦૦) નો ફાળો કરી આપવામાં આવ્યો અને અલ્પ ઉપાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી.

મચ્છરને !

ચૂસે છે તું, મચ્છર, લોહી મારૂં,
છતાં દિસે તું મુજને દયાળુ;
તું પેટ પૂર્યા સુધી ફકત ચૂસે,
ન બેંકમાં તું મુજ રકત મૂકે.

'પ્રસ્થાન'માંથી હરિહર ભટ્ટ.

કેટલાક સમાચાર અને નોંધ

સદ્‌ગત દલપતરાય મહેતા–આદર્શ ગૃહપતિ.

એક અઠવાડીઆ પહેલાં થયેલા સદ્‌ગત દલપતરામ વિઠ્ઠલદાસ

મહેતાના એકાએક અને અકાળ અવસાને તેમના અનેક સ્નેહીજનો, પ્રશંસકો અને તેમની સંભાળ નીચે ઉછરેલા અનેક વિદ્યાર્થીઓને સખ્ત આઘાત પહોંચાડ્યો છે. તેમનું સમસ્ત જીવન એક યા અન્ય સ્થળે આવેલા વિદ્યાર્થીગૃહના ગૃહપતિ તરીકે સેવા આપવામાંજ વ્યતીત થયું હતું. 'પ્રુલછાબ' તેમના વિષે નીચે મુજબ નોંધ કરે છે:—

"છેલ્લાં વીસ વર્ષથી કેળવણીના ક્ષેત્રમાં મુંગું કામ કરનાર કર્તવ્યનિષ્ટ અને સરળ સ્વભાવથી પોતાની આજુબાજુ અનેક વિદ્યાર્થીઓનું આપ્તમંડળ મેળવી સર્વને કેળવણીમાં રસ લેતા કરનાર શ્રી દલપતરાય મહેતાનો રાધનપુરમાં ૪૬ વર્ષની વયે ટૂંકી માંદગીમાં સ્વર્ગવાસ થયો છે.

લીંબડીની જૈન બોર્ડીંગમાં ગૃહપતિ તરીકેની એકધારી ૧૩ વર્ષની કારકીર્દી એ એમના જીવનનાં સૌથી યાદગાર વર્ષો છે. એ દરમ્યાન એમની છાયા નીચે રહી અભ્યાસ કરનાર અનેક વિદ્યાર્થીઓ સાથેનો સંબંધ ગૃહપતિ અને શિષ્ય કરતાં પિતા પુત્ર અને મિત્ર તરીકેનો હતો. વિદ્યાર્થીજીવન પૂરૂં કર્યા પછી પણ દરેક વિદ્યાર્થી સાથે મિત્ર તરીકેનો ગાઢ સંબંધ રાખતા, દરેકના અંગત પ્રશ્નોમાં રસ લેતા, અનેકની મુંઝવણમાં ભાગ લેતા અને કેટલાયને જીવનમાં પગભર બનવા માટે પોતાના ટૂંકા પગારમાંથી થયેલી નાની બચતમાંથી આર્થિક મદદ કરતા.

આ કારણે કશી બચત રાખ્યા સિવાય તેઓ વિદ્યાર્થીઓની તેમ જ બહોળા સ્નેહીમંડળની કેવળ શુભેચ્છાનો વારસો કુટુંબીજનો માટે મૂકતા ગયા છે.

વિદ્યાર્થીઓમાં વ્યક્તિત્વ પેદા કરવાની તેમની શક્તિને નહિ સમજનારા કેટલાકની આંખે તે આવેલા અને તેવા લોકોએ રાજ્યની દૃષ્ટિમાં અળખામણા બનાવી દીધેલા અને રાજકારણ સાથે એમને સંબંધ ન હોવા છતાં લીંબડી બોર્ડીંગના વહીવટકર્તાઓ ઉપર દરેક જાતનું દબાણ લાવી રાજ્યે એમને લીંબડી બોર્ડીંગ છોડાવેલી. ત્યાંથી મુંબાઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં તેમ જ કચ્છી જૈન બોર્ડીંગમાં તેઓ ગૃહપતિ તરીકે ત્રણ વર્ષ રહેલા અને છેલ્લાં ચાર વર્ષથી શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ જૈન બોર્ડીંગના ગૃહપતિ તરીકે રાધનપુરમાં પણ તેમણે વિદ્યાર્થીઓનો ચાહ મેળવેલો.

પંદર દિવસ પહેલાં જ તેઓ ભાવનગર રજાએ આવેલા, ત્યાંથી પાછા વળતાં વઢવાણ કાંપમાં બોર્ડીંગના વિદ્યાર્થીઓને પોતાનો લાભ આપતા ગયેલા. એમની ખોટ એમના કુટુંબ જેટલી જ એમના અનેક મિત્રો અને સ્નેહીઓને જણાશે. તેમ જ કેટલાય જૂના અને ચાલુ વિદ્યાર્થીઓને એમની ખોટ અનુભવાયેલી રહેશે.

એમની વિધવા, બે પુત્રો અને ત્રણ પુત્રીઓ માટે એ આશ્વાસન છે કે સદ્‌ગતની સેવાને કારણે મોટું સ્નેહીમંડળ અને વિદ્યાર્થી વર્ગની (જેમાંથી કેટલાક તો નામધારી નીવડ્યા છે) સહાનુભૂતિ આ કસોટીમાં એમની સાથે હશે."

શ્રી દલપતરાયના નિકટ સ્નેહી શ્રી બાપાલાલ કેશવલાલ દોશી તેમને સ્મરણાંજલિ આપતાં જણાવે છે કે :—

"શ્રી દલપતરાય વિઠ્ઠલદાસ મહેતાનું અવસ્સાન થતાં અનેક યુવાનોને આદર્શ 'મોટા ભાઇ'ની ખોટ પડી છે. તેમના અનેક સ્નેહીઓએ અંગત દુઃખ ગણી જઇને સદા હસતા અને ભાવનાની સુવાસ ફેલાવતા ભલા, સાચા અને સાદા એવા એક મિત્રને ગુમાવ્યો છે. 'બોર્ડીંગ' અને 'સુપ્રીન્ટેન્ડન્ટ' જેવા શબ્દોને તે સાથે જોડાયેલાં અનેક મેલાં આવરણો સાથે તિલાંજલિ આપીને તે સ્થાને 'વિદ્યાર્થી ગૃહ,' 'ગૃહપતિ' મોટાભાઇ' વિગેરે શબ્દોને ઉંચ આદર્શ અને ભાવનાનું મૂર્તિમંત સ્વરૂપ આપનાર શ્રી દલપતરાય વિઠ્ઠલદાસ મહેતા ઘણું કરીને સૌથી પહેલા હતા.

તેઓ હંમેશાં કહેતા કે "વિદ્યાર્થી ગૃહ એ તમારો નાનો સમાજ છે. તેના પ્રત્યેક પ્રશ્નને ઝીણવટથી સમજો, તમે જાતે તે પ્રશ્નોનો ઉકેલ શોધો, મુશ્કેલીઓ સમજો અને તે દૂર કરો. વાંચો, વિચારો અને નવનવા આદર્શ રચો. પણ તમારા એ સર્વ આદર્શોને અહીં જ કસોટીએ ચડાવો! આદર્શો આડેની મુશ્કેલીઓ ટાળવાનું બળ મળો! પછી સફળતા તમારી છે" સવારે અને રાત્રે સંસ્થાની ઓરડીઓમાં ઘુમતા, નવરા વિદ્યાર્થીઓના કુંડાળા વચ્ચે બેસતા, દરેક વિદ્યાર્થીના અંગત અને કૌટુંબિક સંજોગો સમજવા પ્રયત્ન કરતાં અને વિદ્યાર્થીની વ્યવહારિક અનેક મુશ્કેલીઓનો તોડ કાઢતા કાઢતા વિદ્યાર્થીઓમાં ઉપરના મંત્રનો ગુંજારવ કરતા અમારા વિશ્વાસપાત્ર અને પ્રિય 'મોટા ભાઇ' આજે પણ મારી નજર સામેથી ખસી શકતા નથી.

ઉપર જણાવેલ ધ્યેયને લક્ષ્યમાં રાખીને તેમણે આજથી વીશ વર્ષ પહેલા લીંબડીના વિદ્યાર્થી ભુવનમાં વિદ્યાર્થીઓને સંસ્થાનિક સ્વરાજ્ય આપ્યું હતું. મને બરાબર ખ્યાલ છે કે તેમનું આ પગલું શ્રી દક્ષિણામુર્તિ વિદ્યાર્થી ભુવનનું પણ પુરોગામી હતું. સંસ્થાનો બધો આંતરિક વહીવટ વિદ્યાર્થીઓએ ચુંટેલી એક વિદ્યાર્થી સભાને સોંપાયો હતો, એમણે શરૂ કરેલી પ્રણાલિકા ઉપર જ વિદ્યાર્થી ભુવનનો વહીવટ આજ સુધી સફળતા પૂર્વક ચાલી રહ્યો હતો. ઉંચ ભાવના સાથે તેમની વ્યવહાર કુશળ દોરવણી આ સફળતા માટે જવાબદાર હતી. તેમની નીચે ભણેલા સેંકડો વિદ્યાર્થીઓને જ્ઞાન અને ખમીર સાથે ઉંચ ભાવનાનું બળ મળ્યું છે અને લગભગ બધા જીવનમાં સફળ નીવડયા છે. આ તેમના કુશળ માર્ગદર્શનને આભારી છે તેમ સૌ કોઇ આજે સાભાર સ્વીકારે છે.

નાના ભાઇઓને પાંખ આપીને જીવનમાં ઉડતા અને મ્હાલતા કરનાર અમારા આદર્શ "મોટાભાઇ" આજે પોતાનું નાનાં બાળકોનું અને પાંખ વિનાનું કુટુમ્બ છોડીને એકાએક વિદાય પામ્યા છે! તેઓ ફરજ બજાવી ધન્ય થયા છે! તેમના આદર્શ સિદ્ધ થાય તે રીતે તેમનાં અધુરા કામ પુરાં કરવાની અને બીજી રીતે તેમના પ્રત્યેનું ઋણ અદા કરવાની જવાબદારી તેમના જુના વિદ્યાર્થીઓની અને સ્નેહીઓની છે. તેમના આત્માને શાન્તિ હો!"

જૈન સમાજનો ગૌરવપ્રસંગ

તા. ૨૮-૧૧-૪૧ ના રોજ મુંબઇમાં વસતી રાધનપુરી ભાઇઓનું એક સ્નેહસંમેલન મળ્યું હતું, જેની વિગતો અને જેમાં જાહેર થયેલી સખાવતો અન્યત્ર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. રાધનપુરવાસી જૈનોના ઐહિક જીવનની જરૂરિયાતો અને તેમની કેળવણીને લગતી બાબતોને પહોંચી વળવા માટે આવી ગંજાવર સખાવતો કરવામાં આવે એ ખરેખર આખા જૈન સમાજ માટે અતિશય ગૌરવ લેવા જેવો પ્રસંગ ગણાય. જૈન પ્રજાની લોહીમાં ઉદારતાનું તત્વ ભરેલું છે. કોઇ પણ બાબત તેના મન ઉપર આવી તે પાછળ તે હજારો રૂપીઆ વાપરી નાંખતાં અચકાતી નથી. લાખો રૂપીઆના ખરચે બંધાયલાં અને બંધાતાં જૈન મંદિરો જૈન પ્રજાના હાડમાં રહેલી ઉદારતાની સાક્ષી પુરે તેમ છે. આ બાબત જૈન સાધુઓ સારી રીતે જાણે છે અને તેથી જ પોતે જેને ઇષ્ટ પ્રવૃત્તિઓ લેખે છે તે પાછળ જૈન ગૃહસ્થો પાસેથી તેઓ પુષ્કળ દ્રવ્ય ખરચાવી શકે છે. કમનસીબે આજે જે જૈન સાધુઓનું જૈનસમાજ ઉપર પ્રભુત્વ છે તેમાંના ઘણા ખરાને આખા દેશમાં ઘર કરી રહેલ ભુખમરો, દારિદ્રય, અને અજ્ઞાનની કશી ચિન્તા જ નથી એટલું જ નહિ પણ જેના ઉપર જૈન ધર્મના ટકાવનો આધાર છે તે જૈનસમાજની અર્થ, કેળવણી કે આરોગ્યને વિષયક દુર્દશાનો પણ તેઓ કશો ખ્યાલ કરતા જ નથી અને મંદિરો, ઉપાશ્રયો, ઉજમણા, વરઘોડા, સંઘો, જમણવારો અને એવી બે ઘડિ વાહવાહ કરાવનારી પ્રક્રિયાઓ પાછળ જ જૈન પ્રજાનું અનર્ગળ નાણું ખરચાવવામાં પોતાની સાધુતાની ઇતિકર્તવ્યતા માને છે. આવી પરિસ્થિતિ અને વાતાવરણ વચ્ચે રહેવા છતાં જૈનસમાજના ઐહિક જીવનને રાહત આપવાના હેતુથી એટલું જ નહિ પણ કેળવણી પ્રચાર વડે અજવાળવાના હેતુથી જે ગૃહસ્થોએ આવડી મોટી રકમ એનાયત કરી છે તેઓ ખરેખર આખા જૈનસમાજના ધન્યવાદને પાત્ર બને છે. વળી ઘેર લગ્ન પ્રસંગ આવે તેને અથવા તો વાસ્તુ પ્રસંગ આવે તેને આવાં મોટાં જાહેર દાનવડે ઉજવવાનો ખ્યાલ પણ એટલી જ પ્રશંસાને યોગ્ય છે. પિતાની ઇચ્છાને અનુસરીને ભાઇ ધીરજલાલે એક લાખ અને પાંચ હજાર જેવડી મોટી રકમ જુદી કાઢવાનો વિચાર જાહેર કર્યો તે બદલ ભાઇ ધીરજલાલને પણ ખરેખર ધન્યવાદ ઘટે છે.

આ ઉદાર દાન એક જ વર્ગના લોકો માટે અને એક જ સ્થળના લોકો માટે છે એ બાબત આજની દેશવ્યાપી દરિદ્રતા અને મધ્યમ વર્ગની પારવિનાની મુંઝવણો વિચારતાં જરૂર સંકુચિત લાગે છે. હજુ સુધી આપણે કોમી વર્તુલથી વિશાળ વર્તુલ સાથે જોઇએ તેટલું તાદાત્મ્ય અનુભવતાં નથી શિખ્યા. 'જ્યાં જ્યાં દુઃખ હોય, યાતના હોય, ઘોર અજ્ઞાન હોય ત્યાં ત્યાં મારૂ દ્રવ્ય પહોંચ્યું જોઇએ. કારણ કે મને જે દ્રવ્ય મળે છે તે એક કોમ કે ધર્મના અનુયાયીઓના થરમાંથી નથી મળતું, પણ સમાજ આખાના નીચલા થરમાથી ખેંચાઇને વ્યાપારી કુનેહ અને સમાજની ચોક્કસ પ્રકારની રચનાને લીધે મારે ત્યાં એકત્ર થાય છે. તેથી એ ઉપર સૌ કોઇનો સરખો હક્ક છે' આ ભાવના અને વિચારણા હજુ આપણાં હૃદય અને બુદ્ધિને સ્પર્શ્યા નથી. આમ છતાં પણ ઉપરની દાનયોજના એક નાનો સરખો ખુણો અજવાળશે અને ઉજળા મોઢાવાળો બનાવશે એટલું શુભ પરિણામ પણ ઓછું આવકારદાયક નથી. જેણે આવાં દાન આપવા માંડયા છે તેના દિલમા દરિદ્રનારાયણ વસેલા રહે અને આજે એક ગામના જૈનોને તો આવતી કાલે સ્થળ સ્થળના દીનદલિતોને તેમની ઉદારતા પહોંચી વળે એવી આપણે આશા રાખીએ અને એવી પ્રાર્થના ચિન્તવીએ.

શ્રી. કકલભાઇને ખાસ અભિનન્દન.

ઉપરના ભવ્ય દ્રવ્યવિસર્જનમાં શ્રી. કકલભાઇનો રૂ. ૫૦૦૦૦ નો ફાળો છે. શ્રી કકલભાઇ મુંબઇ જૈન યુવક સંઘના આદ્યપ્રણેતાઓમાંના એક છે અને આજ સુધી સંઘની પ્રવૃત્તિ સાથે ગાઢપણે જોડાયલા છે અને સંઘને જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે ઓછી વધતી મદદ કરવામાં તેમણે પાછી પાની કરી નથી. તેથી શ્રી કકલભાઇને મુંબઇ જૈન

યુવક સંઘના ખાસ અભિનન્દન છે. તે અમારા છે અને અમારામાંના એક ભાઇ આવડું મોટું દાન કરવાની સ્થિતિએ પહોંચે એ અમારા માટે અસાધારણ આનંદ અને અભિમાનનો વિષય બને છે, તેમનો ઉત્કર્ષ સંઘનો જ ઉત્કર્ષ છે. તેમના હાથે આવાં ઉત્તરોત્તર અનેક કાર્યો બને અને વિશાળ જનતાની સેવા તેમના હૈડે સદા વસેલી રહે એવી અમારી પ્રાર્થના છે.

ભાઈ કાન્તિલાલ તથા જયસુખલાલને અભિનન્દન!

આજે તો ચોતરફ લગ્ન, લગ્ન અને લગ્નનાં જ વાજાં વાગી રહ્યાં છે. સવારે ઓફીસે જઇએ કે સાંજે ઘેર આવીએ કે લગ્નની બે ત્રણ કંકોત્રીઓ કે નિમંત્રણો આવીને પડેલાં જ હોય. અનેક યુવક યુવતીઓ, કુમાર કુમારિકાઓ છોકરા-છોકરીઓ લગ્નગ્રંથીથી જોડાય છે અને જીવનની લાંબી મજલમાં એકાકી જીવનની સીમા વટાવીને ગૃહસ્થ જીવનમાં પગલાં માંડે છે. સુખ દુઃખથી ભરેલા આ સંસારમાં જન્મ મરણ જેવો જ લગ્ન એક સાધારણ ચાલુ બનાવ છે. આમાં કોઇને અભિનન્દને શું આપવું અને આનંદ પણ ખાસ શું દર્શાવવો ?

એમ છતાં પણ જગતમાં કોઇ કલ્યાણકારી વ્યક્તિનો જન્મ થાય છે ત્યારે દેવો પણ આનંદ પામે છે અને કુદરત એક આનંદની લહરથી પુલકિત બને છે એમ ધર્મશાસ્ત્રો કહે છે. આવી જ રીતે કોઇ એક આદર્શ પરાયણ યુવક સમાનધર્મિણી યુવતીનું પ્રાણિગ્રહણ કરે છે ત્યારે જનતા આનંદ પુલકિત બને છે અને એ લગ્ન જનકલ્યાણમાં કાંઇ ને કાંઇ વધારો કરશે એવી આશા અનુભવે છે

આવું એક લગ્ન શ્રી. કાન્તિલાલ નથ્થુભાઇ પારેખનું બહેન ચંદન સાથે થોડા દિવસ પહેલાં ઉજવાયું. શ્રી. કાન્તિલાલ પારેખ એટલે જુના અને જાણીતા એક સત્યાગ્રહી પ્રખર સૈનિક. વર્ષો પહેલાં સુરતમાં થયેલ હિંદુ મુસલમાનના હુલ્લડ પ્રસંગે શરીરનો એક પણ ભાગ ઘા વિનાનો ન હોય એવા તે ઘાયલ થયેલા. સત્યાગ્રહની લડતના કારણે તેમણે ૧૯૩૦-૩૨ ની લડત દરમિયાન કુલ સાડાત્રણ વર્ષ જેલમાં પસાર કરેલાં. રવિશંકર મહારાજે તેમની લગ્નક્રિયા કરી હતી. ગાંધીજી, સરદાર વલ્લભભાઇ, મહાદેવભાઇ, કિશોરલાલ મશરૂવાળા તેમ જ કાકાસાહેબ કાલેલકરે તેમની ઉપર લાગણી-ભરી શુભેચ્છાના સંદેશાઓ મોકલ્યા હતા.

એવાં બીજા લગ્ન ભાઇશ્રી જયસુખલાલનાં શ્રી. પુષ્પાબહેન સાથે ઝીણાહોલમાં થયાં. ભાઇ જયસુખલાલની જ્ઞાતિએ વાણીયા, ધર્મે જૈન અને વ્યવસાયે ચમાર છે. કારણ કે કાઠિયાવાડમાં આવેલા તરવડા ચર્મોદ્યમના તેઓ એક કાર્યકર્તા છે. બહેન પુષ્પા બહેનની બી. પી. સી. સી. ની એક દેશસેવિકા છે. લગ્ન આશ્રમવિધિ પ્રમાણે થયાં. શ્રી ગોપાળરાવ કુલકર્ણીએ પુરોહિતનું કાર્ય કર્યું. લગ્નવિધિને શોભે એવો સાદો છતાં શોભતો લગ્ન સમારંભ હતો.

આવા ચોક્કસ આદર્શને વરેલા વરકન્યાનાં લગ્નો સૌ કોઇના અભિનન્દનને યોગ્ય છે. તેઓ સુખી થાય અને તેમના હાથે જનસેવાનાં અનેક કાર્યો નીપજે એમ આપણે ઇચ્છીએ.

લગ્નકંકોત્રી

એક વખત લગ્નની કંકોત્રી ચોક્કસ રીતે લખાતી અને ચોક્કસ રીતે છપાતી. આગળની લગ્ન કંકોત્રીમાં કોઈ પણ પ્રકારની વિવિધતા જોવામાં આવતી નહોતી. આજે સમાજ જેમ બીજી અનેક બાબતોમાં તેમ જ આ બાબતમાં પણ જુનો ચીલો છોડીને નવા નવા ચીલાઓ પાડી રહેલ છે અને આપણી સામે ભાતભાતની કંકોત્રીઓ આવીને ઉભી રહે છે. કોઇ કોઇ કંકોત્રીની રચના ભારે સુન્દર અને મૌલિક હોય છે તો કોઈ કોઇ બીજી કંકોત્રીઓની કેવળ નકલ જ હોય છે. આમ કંકોત્રીના બાહ્યાકારમાં ખૂબ ખૂબ વિવિધતા કેળવાઇ રહી છે અને તે ખરેખર આવકારદાયક છે. પણ કંકોત્રીની શબ્દરચના બધે લગભગ સરખી જોવામાં આવે છે. 'અમુકની પુત્રી સાથે અમુકના પુત્રનાં લગ્ન અમુક દિવસે નિરધાર્યાં છે તો આપ મિત્રમંડળ સહિત વરકન્યાને આશીર્વાદ આપવા પધારશો' આ એનો ચાલુ શબ્દાકાર હોય છે. આ ચાલુ રવૈયાનો ભંગ કરતી એક સ્નેહીની એવી કંકોત્રી મળી કે જેનું બાહ્ય સુશોભન અવશ્ય સુન્દર હતું જ એટલું જ નહિ પણ જેનું લખાણ પણ બીજી કંકોત્રીઓથી એટલું જુદુ પડતું હતું કે આપણું તે તરફ ધ્યાન ખેંચાયા વિના ન જ રહે. તે લખાણ નીચે મુજબ હતું:—

"જીવન પંથ વિકટ છે એની વિકટતા પરસ્પરના સહકારથી ઘટે છે. સહધર્મચારિણીનો સહકાર એમાં મુખ્ય છે. યોગ્ય સહચરીના સુયોગે જીવનપંથ વિકટ લાગે જ નાહ. એ ધારણાએ મારો પુત્ર....., શ્રી.....ની પુત્રી..... સાથે ....શુભ દિવસે લગ્નગ્રંથીથી જોડાય છે. આપના આશીર્વાદ વિકટપંથ કાપવામાં એમને પ્રેરણાદાયક અને સહાયક થશે. તો એ મંગળ પ્રસંગે આપ આશીર્વાદ આપવા પધારી ઉપકૃત કરશોજી. જો કોઇ કારણે આપ જાતે પધારી ન શકો તો પત્રદ્વારા આપના આશીર્વાદ પાઠવવા કૃપા કરશોજી".

જુની રૂઢિઓ જાય, નવા રીત રીવાજો શરૂ થાય, જુના આકારો વિલય પામે, નવા આકારો સરજાય એ જીવતી સંસ્કૃતિનું દ્યોતક છે. એ દૃષ્ટિએ ઉપરનું લખાણ રોચક લાગે છે.

પરમાનંદ.

દીવાળીની બોણી

પ્રબુદ્ધ જૈનના તા. ૧૫-૧૦-૪૧ ના અંકમાં દીવાળી અને બેસતા વર્ષના શુભ અવસરે શ્રી મુંબઈ જૈન યુવકસંઘને યાદ કરવા જે વિનંતિ કરવામાં આવી હતી તેને સન્માનીને દીવાળીની બોણી નિમિત્તે અમને લગભગ પાંચશો રૂપીઆનાં વચનો મળ્યાં હતાં એમ અમે તા. ૧૫-૧૧-૪૧ ના અંકમાં જણાવ્યું હતું; પણ અમને જણાવતાં આનંદ થાય છે કે એ આંકડો વધીને લગભગ આઠસો રૂપીઆ સુધીનો થવા જાય છે. તા. ૧૫-૧૧-૪૧ ના અંકમાં જે ભાઇઓના રૂપીઆ આવી ગયા હતા તેની યાદી આપી છે. બીજી વધુ રકમ આવી છે તે નીચે મુજબ છે. સંઘને આ રીતે મદદ કરવા બદલ તે સર્વે ભાઇઓનો ઉપકાર માનવામાં આવે છે.

૩૮૩ા તા ૧૫-૧૧ ૪૧- અંકમાં જણાવવા મુજબ.

૧૦૦) ભાઈ મણિલાલ જેઠાલાલ ગામ ગોધાવીવાળા, તેમના પીતાશ્રીના સ્મરણાર્થે વાંચનાલય પુસ્તકાલયને કબાટ માટે.

૨૫) શ્રી માણેકલાલ અમુલખરાય મહેતા, ૨૫) મેસર્સ કનૈયાલાલની કું., ૨૫) અમરતલાલ કાશીદાશ દોશી, ૧૫) શ્રી મનસુખલાલ ચસમાવાળા. ૧૧) શ્રી શાંતીલાલ જાદવજી. ૧૧) શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ્ર અમરચંદ. ૧૧) ડો. ચીમનલાલ શ્રોફ. ૧૧) શ્રી મણિલાલ કેશવજી. ૧૧) શ્રી ચીમનલાલ પી. શાહ. ૧૧) મે. સી. પી. શાહની કું. ૧૧) શ્રી હરીભાઇ શંભુલાલ શાહ. ૧૧) જેઠાલાલ સંઘજી. ૧૧) ચતુરભુજભાઇ (જે. પી. જમનાદાસવાળા). ૧૦) શ્રી કાંતીલાલ ઝવેરચંદ ગાંધી. ૫) મનસુખલાલ જેમલ શેઠ. ૫) મોહનલાલ આર. પારેખ. ૫) અમરતલાલ રાયચંદ.

—— **મંત્રીઓ,**

૭૦૧ **શ્રી મુંબઈ જૈન યુવકસંઘ.**

વ્યાપારમાં અહિંસા.

('તરુણ જૈન'ના ઓગસ્ટ માસમાં પ્રગટ થયેલ શ્રી ભંવરમલજી સીંધીના લેખનો અનુવાદ)

કોઇને પ્રશ્ન થશે કે વેપાર અને હિંસાને શો સંબંધ? પણ પ્રાણીવધ કે દેખીતા દેહવિનાશમાં જ જે હિંસા માનતું હશે તે જ આવો પ્રશ્ન કરશે. તે તો પ્રત્યક્ષ હિંસા ઉપર અવલંબેલા માછલી, માંસ કે ઇંડાના વેપાર સિવાય, બીજા કોઇ વેપારમાં હિંસ જોઇ શકશે નહિં. બીજી બાજુથી જે કોઇ જરા શાસ્ત્રમાં ઉંડું ઉતરેલ હશે તો તે એમ કહેશે કે કોઇ પણ પ્રકારના વેપાર કે પરિગ્રહના મૂળમાં હિંસા તો રહેલી જ છે. પણ તે જીવન નિર્વાહ માટે આવશ્યક હોઇને તેથી અપવાદ રૂપે સ્વીકાર્ય છે અને ધર્મગુરૂઓએ પણ શાસ્ત્રોમાં રહેલા બીજા વધારે ઉચ્ચ, પવિત્ર, અને વિશાળ સિધ્ધાંતો તરફ ઉપેક્ષા દાખવીને, આ અપવાદને એટલી હદ સુધી સ્વીકારી લીધો છે કે હવે તે અપવાદ અપવાદ રૂપે રહ્યો જ નથી. એમણે એમ ભલે કહ્યું કે દ્રવ્યનો સાચો ઉપયોગ ધર્મ કે સમાજના હિત માટે વાપરવામાં કે દાન કરવામાં છે, પરન્તુ ભાર મૂકીને ઠોકી વગાડીને એ ન સમજાવ્યું કે, જીવનનિર્વાહ માટે અત્યંત આવશ્યક હોય તેનાથી વધારે ઉપાર્જન કરવું કે સંગ્રહ કરવો તેમાં જ પાપ છે, હિંસા છે અને પછી તેનો સમાજહિતમાં ઉપયોગ કરવો તે તો એક વાર કાદવથી કપડાં હાથે કરીને બગાડવા અને પછી તેને ધોવા બેસવું, તેના જેવું છે.

આ જાતની હિંસા જ માનવ જાતિનો આપસ આપસમાં ઘાત કરાવનારી છે. ધર્મગુરૂઓએ જે દાનનો મહિમા વર્ણવ્યો તેને લીધે લાખો કે અબજો રૂપીઆ સમાજહિતના કાર્યોમાં વપરાયા, પણ આ વાપરનારાઓએ ઉંડું વિચાર્યું નહિં કે ધર્મગુરૂઓએ ભારપૂર્વક સમજાવ્યું નહિં કે જે દ્રવ્યદાનથી તેઓ પુણ્ય હાંસલ કરવા માગે છે તે દ્રવ્ય કેવા હિંસામય માર્ગે ઉપાર્જન થયું છે. એમની વ્યાપાર પ્રણાલીથી સમાજમાં કઇ જાતનું શોષણ થઇ રહ્યું છે, કેવી આર્થિક અસમાનતા ઉત્પન્ન થઇ છે અને તેને લીધે, અપ્રત્યક્ષ રીતે સમાજમાં જે હિંસા થઇ રહી છે, તેના પ્રમાણમાં તેણે કરેલાં દાનની કિંમત કશા જ હિસાબમાં નથી.

જન સમુદાયનો મોટો ભાગ એમ માની જ બેઠો હોય છે કે વેપારમાં તો પ્રમાણિકતા અને સત્ય પૂરેપૂરા જળવાય જ નહિં અને જો કોઇ સંપૂર્ણ પ્રમાણિકતાથી પોતાનો ધંધો કરવા જાય તો તે સફળ થઇ શકતો નથી, એટલું જ નહિ પણ સમાજમાં એ અવ્યવહારૂ ગણાય છે. અત્યારના વેપારીઓની વેપાર કરવાની રીતો તરફ જોતાં અને ગમે તે રીતે સફળ થયો હોય, છતાંએ સમાજમાં તેની જે પ્રતિષ્ઠા હોય છે તે તરફ જોતાં આ વસ્તુ તરત દેખાઇ આવે છે. આ પ્રમાણે આ વેપારીઓ અપ્રત્યક્ષ રીતે જે હિંસા કરે છે તેટલી હિંસા કદાચ બીજો કોઇ વર્ગ નહિં કરતો હોય.

હિંસક યુધ્ધમાં ભાગ લેનાર એક સીપાઇ દશ, વીશ, કે પચાસ જીવનું ખુન કરતો હશે, તેના કુટુંબીઓને પણ પાયમાલ કરતો હશે. પણ આજના આ યંત્રયુગમાં તો એકજ વેપારી દર કલાકે અને દર પળે હજારો જીવોનું એવું શોષણ કરી રહ્યો છે કે જેની તેને પોતાને પણ કલ્પનાએ હોતી નથી. જગતૂના દરેક સુધરેલા દેશોમાં સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થાને નામે આજે જોહુકમી જ વધતી ગઇ છે. યંત્રોના આવવાની સાથે વેપારમાં એકહથ્થુ સત્તા આવતી ગઇ, અને તેને લીધે જે થોડા શ્રીમંત થઇને બેઠા, તેના હાથમાં પેટનો ખાડો પુરવા માટે, ઇચ્છાએ કે અનિચ્છાએ સેંકડો લોકો ગુલામ થઇને રહ્યા. જેમ જેમ આ એકહથ્થુ સત્તા વિકાસ પામતી ગઇ, તેમ તેમ હિંસાની શકિત પણ વધતી ગઇ, અને આજે તે એવે તબકકે પહોંચી છે કે ત્યાગીઓ અને ધર્મગુરૂઓ પણ તેની મોહમાં આવી જઇને આવા પ્રકારની હિંસા અને અસત્યની બાબતમાં મૌનને જ અવલંબે છે, એટલું જ નહિં પણ આ શોષક વેપારીઓ પાસે ધાર્મિક કહેવાતી થોડીક ક્રિયાઓ કરાવીને કે, પોતાના ઉપદેશદ્વારા થોડુંક દ્રવ્ય ધર્મકાર્યમાં વપરાવીને સંતોષ માને છે અને તેઓનો પોતા તરફ આદરભાવ જોઇને ઉલટું અભિમાન લે છે.

વેપારમાં કેટલીક હિંસા તો એટલી મોટી અને પ્રત્યક્ષ છે કે જેને સમજાવી જરા પણ મુશ્કેલ નથી. ખુદ વેપારીઓમાં પોતામાં પણ આ વસ્તુ માટે એક બીજા તરફ અણગમો અને તિરસ્કાર દર્શાવાય છે, છતાંએ જ્યારે પોતા ઉપર જ પ્રસંગ આવે ત્યારે તે પણ લાલચમાં ફસાઇને તે જ પ્રમાણે વર્તે છે.

વ્યકિતઓના જીવનની પરવા કર્યા વગર ચોકખી વસ્તુમાં નુકશાનકારક વસ્તુની ભેળસેળ કરીને ઉંચે ભાવે વેચવી, કોઇએ અનામત મૂકેલી વસ્તુને બદલી નાખવી, ગરીબમાં ગરીબ માણુસ પાસેથી પણ દસ કે બારગણું વ્યાજ લેવું, નમુનામાં એક વસ્તુ દેખાડવી અને આપવી બીજી, પૂરી કિંમત લઇને ઓછો માલ આપવો, આ બધી એવી વસ્તુઓ છે કે જેમાં હિંસાને શોધવી પડે તેમ નથી. આને પણ જો વેપારમાં અનિવાર્ય મનાય, અગર તો તેમાં ચતુરાઇ ગણાય તો તો આપણે ન્યાય અને નીતિનું દિવાળું જ કાઢયું છે એમ કહેવું પડે.

જે સાચો અહિંસા ધર્મ સમજતું હોય તે તો પોતાની ઓછામાં ઓછી જરૂરીઆતોને પહોંચી વળવાથી જેટલું વધારે પેદા કરે તેમાં હિંસા જ માને. આ દૃષ્ટિએ આખું વ્યાપાર તંત્ર જ બદલવાની જરૂર છે. આજના એકહથ્થુ ઉદ્યોગોથી જે શોષણ ચાલી રહ્યું છે અને તેને લીધે દરેકના દિલમાં જે રોષનો અગ્નિ ધુંધવાયા કરે છે, તેને શાંત પાડવાની અને શોષિતોને ન્યાય આપવાની જરૂરીયાત આજની સુધરેલી દેખાતી દુનીઆ પાસે ઉંડી વિચારણા માગે છે.

આપણે રાજકીય ક્ષેત્રમાં અહિંસાની વાતો કરીએ છીએ. અહિંસાદ્વારા સ્વાતંત્ર્યયુદ્ધ જીતવાને અને આપણા ઉપર થતા દમનનો સામનો કરવાને તૈયાર થયા છીએ, પણ આપણી અંદર આપસ આપસમાં જે દમનનો–હિંસાનો–અગ્નિ સળગી રહ્યો છે તેને ઓલવવાનો પ્રયત્ન નહિં કરીએ?

આજે આપણો મુખ્ય ધર્મ તો આ જ છે કે વેપારદ્વારા થતી આ પ્રકારની હિંસાને સત્વર દૂર કરીએ.

જરૂરીઆત કરતાં વધારે પેદા કરવું, સંગ્રહ કરવો અને તેના દ્વારા માન અને પ્રતિષ્ઠા મેળવવાની ભાવના રાખવી, તે જ આપણને હિંસાના માર્ગે ઘસડી જાય છે. બીજા કરતાં હું મોટો કહેવાઉં, વધારે શ્રીમંત કહેવાઉ, એ જાતની હરીફાઇ જ અધર્મ ફેલાવી રહી છે. આ લાલચમાં ફસાઇને માણુસ અનેક પ્રકારના ઉજળા દેખાતા છળપ્રપંચ કરે છે અને હિંસાને પોષે છે. અત્યારે જે ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે, અને જેમાં હિંસા તેના નગ્ન સ્વરૂપમાં દેખાઇ આવી છે, તે ઉપર જણાવેલી વ્યાપારી હિંસાનું જ પરિણામ છે. યુદ્ધ કરતા દેશોના મોટા મોટા વેપારીઓ જ આ યુધ્ધની જ્વાળામાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે ઘી હોમી રહ્યા છે. યુદ્ધમાં માનવ સંહાર રૂપ હિંસા તો થાય છે, પણ યુદ્ધને અંગે થએલી વસ્તુની અછતનો લાભ લઇને, જીવનની જરૂરીઆતની વસ્તુઓના પણ ખુબ ઉંચા ભાવો લઇ જઇને

અખો અને આનંદઘન

(પૃષ્ઠ ૧૪૨ થી ચાલુ)

નવનીત સરખું હૃદય કોમળ
કહ્યું ન જાયે હેત,
આંખો માંહે અમૃત ભર્યું
હરિ ભકિત કેરૂં ક્ષેત્ર."

અખો કહે છે કે મોક્ષ મંદિરમાં જવા માટે ભકિત એક પંખીણી છે; જ્ઞાન અને વિરાગ એ બે તેની પાંખો છે; ચિદાકાશમાં તે ઉડે છે, અને આત્મપ્રાપ્તિ તે અંતિમ ધ્યેય છે. પોતાને જ્ઞાન થતાં અખો જીવતાં મોક્ષ અનુભવે છે અને કહે છે.

"હું નહિ, તું નહિ, તે નહિ, એસા અપરંપાર."

આનંદઘન

આનંદઘન એ અખાના સમકાલીન કવિ થઇ ગયા. પણ તેમના જીવન વિષે આપણે ઘણું ઓછું જાણીએ છીએ. આ ખરેખર શોચનીય છે. અખાની શૈલીમાં કટાક્ષ અને કર્કશતા છે, જ્યારે આનંદઘનની વાણીમાં રસિકતા અને મધુરતા છે. પોતાના કાવ્યોદ્વારા તેમણે જૈન ધર્મનું રહસ્ય બતાવ્યું છે. કોઇ પણ પ્રકારનાં વાદ અને વિવાદથી પર થઇ તેમણે તો પુદ્‌ગલ અને આત્માનો સબંધ જાણવા ઉપરજ ભાર મૂકયો છે. તેમનો જન્મ કયાં હતો, તેમનાં માબાપ કોણ હતા વિગેરે આપણે જાણતા નથી. આપણે તો તેમના કાવ્યદ્વારાજ તેમને પીછાનીએ છીએ. જ્યારે પોતે મેડતામાં નિવાસ કરતાં હતા ત્યારે એક દિવસ વ્યાખ્યાનનો સમય થવા આવ્યો અને જે શ્રીમંત શેઠ તેમની ચાલુ સેવા સુશ્રૂષા કરતા હતા તે વખતસર ન આવ્યા. આનંદઘને તેમની રાહ જોયા વગર નિયમિત સમયે વ્યાખ્યાન શરૂ કર્યું. એ શ્રીમંત શેઠને આથી ખોટું લાગ્યું. આ બાબતનો ખ્યાલ આવતાં આનંદઘને તે શ્રીમંતે પોતાને વહોરાવેલાં કપડાં તેને પાછાં આપ્યાં અને ઉપાશ્રય છોડી જંગલ ભણી ચાલી નીકળ્યા. મેડતાનો એક બીજો બનાવ તેમના સંબંધમાં જાણીતો છે. ત્યાંના રાજાની એક અણમાનીતી રાણીએ રાજાને વશ કરવા માટે આનંદઘનજી પાસે વશીકરણ મંત્ર માગ્યો. આનંદઘને એક કાગળના ટુકડા ઉપર રાણીને કંઇક લખી આપ્યું. એ કાગળનો ટુકડો વાંચ્યા વગર માદળીયામાં નાંખીને તે માદળીયું રાણીએ પહેરવા માગ્યું અને કર્મયોગે ત્યાર પછી રાજાની તે રાણી ઉપર પ્રીતિ ઉતરવા માંડી. કંઇક સમય પછી રાણીએ રાજાને આ સાધુએ આપેલા વશીકરણ મંત્રની વાત કરી. રાજાએ વાત સાંભળીને ઘણો ગુસ્સે થયો. સાધુ થઇ તે આવા વશીકરણ મંત્ર લોકોને આપે તેથી રાજાને બહુ જ તિરસ્કાર છૂટયો. રાજા આનંદઘન પાસે ગયો, ત્યારે આનંદઘને બીલકુલ ક્રોધ કર્યા વગર રાજાને માત્ર એટલું જ કહ્યું કે માદળીયું ખોલીને મંત્ર વાંચો તો ખરા! માદળીયું તોડી રાજાએ મંત્ર વાંચ્યો. તેમાં લખ્યું હતું કે:

"તેરા રાજા પ્રસન્ન હો તો આનંદઘનકો કયા? તેરા રાજા અપ્રસન્ન હો તો ભી આનંદઘનકો કયા?"

આ વાંચીને રાજા રતબ્ધ બની ગયો અને તેમના પગમાં પડી ક્ષમા યાચી.

અખાની માફક આનંદઘનજીએ પણ ધર્મ અને સંપ્રદાયોના ભેદભાવોનું ખૂબ ખંડન કર્યું છે અને તેમનાં કાવ્યો વાંચતાં આપણે કોઇક અલૌકિક દેશમાં પર્યટન કરતા હોઇએ એવો અનુભવ થાય છે.

એક ઠેકાણે–સ્પષ્ટતે કહે છે:–

"ગગનકે અધબીચ એક કુવા,
યહાં અમીકા વાસા;
સુગુરૂ હોવો સો નીત નીત પીએ—
નગુરૂ જાયે પાછા."

કાવ્યની આ પંકિતમાં રહેલ ઉંડુ રહસ્ય માત્ર આત્માની શોધ કરતાં હોય તેનાથી જ સમજી શકાય. આનંદઘનને મન આત્માની ઓળખ કરવી એટલે દિવ્ય અમૃત પાન કરવું અને સારાય જીવનને કૃત્યકૃત્ય બનાવવા માટે ઉત્તમ ગુરૂની શોધ કરવી.

કર્મ અથવા માયાનું તાત્પર્ય અખાની માફક આનંદઘને પણ અદ્‌ભુત રીતે આલેખ્યું છે:–

"સસરો અમારો બાળો ભોળો,
સાસુ બાળ કુંવારી.
પરણ્યો અમારો પારણીએ ઝુલે,
મેં ઝુલાવન હારી."

જન્મ જન્માંતરોમાં મનુષ્યો વચ્ચે કંઇ કંઇ પ્રકારના સંબંધો બંધાય છે એ સત્ય આ પંકિત આપણને બતાવે છે અને બંધાય જીવોમાં રહેલ એક અને સનાતન આત્મા કયા કયા પ્રકારના પ્રસંગોમાંથી પસાર થાય છે તે પણ આપણને બતાવવામાં આવે છે.

પોતાની આત્મવત્ અવસ્થામાં આનંદઘનને સ્ત્રી પુરૂષના ભેદભાવ દેખાતા નથી અને પોતે કહે છે કે 'કોણ પુરૂષ કોણ નારી.' આત્માને જાણીએ તો જીવન એક સ્વપ્નસમાન ભાસે છે. તેઓ કહે છે કે શ્રીમંતાઇનો, સુખનો, રૂપ કે સાયબીનો ગર્વ ન કરજો. પુદ્‌ગલ અને આત્માનો સંબંધ જાણજો! જેમ ગાય ચરતી હોય છતાંય પોતાનું લક્ષ્ય વાછરડી તરફ હોય છે, જેમ પાણી ભરવા જતી સાહેલીઓ આનંદવિનોદ કરતી હોય છતાં તેમનું લક્ષ પોતાનું બેડું ન પડે તે સાચવવામાં હોય છે, તેમ સંસારના વ્યવહારો સંભાળવા પડતા હોય તો પણ આપણું લક્ષ તો આત્મા તરફ જ હોવું જોઇએ.

આત્મપ્રાપ્તિ જ્યારે માનવ સમાજનું અંતિમ ધ્યેય બનશે ત્યારે જગતમાં વ્યાપેલ દુઃખ અને અન્યાય આપોઆપ દૂર થશે. સાચા આધ્યાત્મવાદથી આપણે આપણી જ નહિ પરંતુ આપણા કુટુંબ, સમાજ અને દુનિયાની સેવા બજાવીશું.

શ્રીમદ્ આનંદઘનને કોઇએ પૂછ્યું કે તમો આત્માની વાત ઉપર થોડું ઓછું લક્ષ આપો તો સમાજની સારી સેવા કરી શકશો. તેમણે જવાબ આપ્યો કે 'મારી જાતને જાણીને જ જગતની સારામાં સારી સેવા કરી શકાશે' અને ખરેખર જ તેમનાં કાવ્યો આજે દુનિયાની સારી સેવા કરી રહ્યાં છે અને જનતાને ઉન્નત આધ્યાત્મિક જીવનની અમૂલ્ય પ્રેરણા આપી રહ્યાં છે.

રતિલાલ જી. શાહ.

વેપારીઓ ગરીબમાં ગરીબને પણ રહેંસવા રૂપ જે હિંસા કરી રહ્યા છે તેની આગળ ઉપરની હિંસા કંઇ જ હિસાબમાં નથી.

આજનું વાતાવરણ કહો કે સમાજવ્યવસ્થા કહો, પણ તે એવા પ્રકારના છે કે જેમાં આવી જાતની હિંસાને રાજ્ય તરફથી તેમજ ધર્મગુરૂઓ તરફથી પણ પ્રશંસા અને ઉત્સાહ જ મળી રહ્યા છે.

જેઓ ખરેખર પોતાના જીવનમાં ધર્મ ઉતારવા માગે છે, તેઓ આના ઉપર વિચાર કરશે? પોતાના જીવન વ્યવહારમાં અહિંસાને ઉત્તરોત્તર વધારે મહત્વ આપનાર કદાચ એક કોડીનું એ દાન નહિં કરતો હોય તોએ તે હજારોનું દાન આપનાર ઉપર વર્ણવેલા વેપારી કરતાં લાખો ગણો શ્રેષ્ઠ છે. એ સમજવાની ખાસ જરૂર છે.

મેના બહેન.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૩
અંક : ૧૬

મુંબઇ : ૧૫ ડીસેમ્બર ૧૯૪૧ સોમવાર.

લવાજમ
રૂપિયા ૨

કોણ જીત્યું ?

બહુ પ્રાચીન સમયની આ વાત છે. કેટલીય વાતો, ચલણી સિક્કાની પેઠે, એક પેઢી પાસેથી બીજી પેઢી પાસે ઉતરી આવે છે; પરંતુ તેમનું મૂળ કે તેમનો સમય નોંધવાની કે જાણવાની દરકાર કોઇ નથી કરતું. તે વાતોનો રસ કે સાર જ લોકોને મન અગત્યનો અંશ હોય છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે આવી જુદી જુદી અનેક કથાઓને પોતાના 'કથા અને કહાણી' નામના ગ્રંથમાં સંધરી છે, તેમાંની આ એક છે.

દાનેશ્વરી તરીકે કોશલ દેશના રાજાની મોટી નામના હતી. દીન-દરિદ્રોનું તે આશ્રયસ્થાન હતો. દુઃખમાં માતપિતાની પાસે જેમ બાળક દોડી જાય, તેમ દુઃખી લોકો તેની પાસે દોડી જતા.

કોશલરાજની એ કીર્તિ કાશીરાજથી સહન થઇ શકી નહીં. તે ઇર્ષ્યાથી બળી જવા લાગ્યો : 'મારી પ્રજાનાં માણસો મારા કરતાં કોશલરાજને મોટો માને ? મારા કરતાં જેનું પદ નીચું છે તેની, મારી જ પ્રજામાં આટલી બધી કીર્તિ ?' એમ વિચારી તેણે એક દિવસ પોતાના સેનાપતિને કહ્યું, 'સેનાપતિ, ચાલો હાથમાં તલવાર લો અને લશ્કર તૈયાર કરો. મારા કરતાં કોશલરાજને મોટા પુણ્યશાળી થઇ બેસવું છે, તો એને જરા પાઠ શીખવીએ.'

કાશીરાજે સૈન્ય તૈયાર કરી કોશલ દેશ ઉપર ચડાઇ કરી. કોશલરાજ રણસંગ્રામમાં હારી જવાથી લાજનો માર્યો જંગલમાં પલાયન કરી ગયો. વિજયી કાશીરાજ દરબાર ભરી, મદથી હસતો હસતો સભાસદોને કહેવા લાગ્યો, 'જેનામાં ધન સાચવવાની તાકાત ન હોય, તેણે દાનેશ્વરી થવા નીકળવું ન જોઇએ !'

પરંતુ લોકોમાં હાહાકાર મચી ગયો. બધા કહેવા લાગ્યા, 'રાહુ ચંદ્રને ગળી ગયો. લક્ષ્મીજીએ બળવાનના બાહુ પસંદ કર્યા, પણ ધર્મી સામું ન જોયું.' દશે દિશાના લોક કલ્પાંત કરતા બોલવા લાગ્યા, 'અમારું શિરછત્ર ચાલ્યું ગયું; સકળ જગતના બંધુ કોશલરાજના શત્રુને ધિક્કાર હજો !'

નગરજનોનું એ કલ્પાંત સાંભળી, કાશીરાજ ગુસ્સાથી સળગી જવા લાગ્યો: 'હરામખોરો ! હું હજુ જીવતો-જાગતો છું, તો પછી આટલું બધું શાને રડી મરો છો ? તમારો એ દાનેશ્વરી હવે શું પાછો આવશે ? કે મને હરાવીને શું પોતાનું રાજ્ય પાછું મેળવશે ? ઠીક, ઠીક; પરંતુ જ્યાં સુધી તે જીવતો છે, ત્યાં સુધી તમે બધા તેનો ખ્યાલ છોડવાના નથી. માટે તેને નામશેષ કરી નાખવો એ જ યોગ્ય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, 'શત્રુનું જરાસરખું મૂળ બાકી રહેવા દેવું નહીં.'

આમ વિચારી તેણે પોતાના મંત્રીને બોલાવીને કહ્યું, 'મંત્રીજી, જાઓ, નગરમાં ઢંઢેરો પિટાવો કે, જે માણસ કોશલરાજને પકડી લાવશે તેને સો સોનામહોર ઇનામ આપવામાં આવશે.' રાજાના નોકરો રાતદિવસ ઠેર ઠેર એ ઘોષણા કરવા લાગ્યા. જે કોઇ તે સાંભળતું, તે આંખો મીંચી, જીભ કરડી, કાને હાથ દબાવી દેતું.

કોશલરાજ ગંદાં ફાટયાં-તૂટયાં કપડાં પહેરી વનવગડામાં રખડયા કરતો હતો. એક દિવસ એક વટેમાર્ગુએ આંસુ ભરેલે મુખે તેને પૂછ્યું, 'ભાઇ, કોશલદેશનો રસ્તો કઇ બાજુ આવ્યો, બતાવીશ ?'

રાજાએ તે સાંભળી તેને પૂછ્યું, 'એ અભાગિયા દેશમાં હવે શા દુઃખે જાય છે, ભાઇ ?'

વટેમાર્ગુએ કહ્યું, 'હું વેપારી વાણિયો છું. મારું નાવ ભરસમુદ્રમાં ડૂબી ગયું છે. હવે ઘેર ઘેર ભીખ માગતો તો કેમ કરીને જીવું ! પણ ચારે બાજુ મેં દયાળુ કોશલરાજની કીર્તિ સાંભળી છે. કહે છે કે, તે અનાથનો નાથ છે, દીન-દરિદ્રનું શરણ છે; કોઇ તેને બારણેથી ખાલી હાથે પાછું ફરતું નથી. માટે હું તેની પાસે જઇ મારું દુઃખ દૂર કરવા ઇચ્છું છું.'

તે સાંભળી કોશલરાજે જરા હસીને પોતાની આંખમાં આવતાં આંસુ છુપાવી દીધાં. ત્યાર બાદ ચૂપ રહી કાંઇક વિચાર કરી લીધો અને કહ્યું, 'ભાઇ ! તું ઘણી મુશ્કેલીઓ વેઠતો આટલે દૂર આવ્યો છે, તો તારી મનઃકામના પૂર્ણ થાય તેવો માર્ગ, આવ, તને બતાવું.' એમ કહી તે તેને લઇને ચાલ્યો.

કાશીરાજ દરબાર ભરીને બેઠો છે. એટલામાં ત્યાં એક જટાધારી વનવાસી આવીને ઊભો રહ્યો. રાજાએ ભોં ભલકાવીને તેને પૂછ્યું, 'શા કારણસર તમારું આવવું થયું છે ? ખુશીથી કહો. કાશીરાજ તમારી જે કાંઇ કામના હશે તે જરૂર પૂરી કરશે.'

પેલા જટાધારીએ ધીરે ધીરે કહ્યું, 'કાશીરાજ, હું કોશલરાજ છું; મને પકડી લાવે તેને જે મોટું ઇનામ આપવાનું તમે જાહેર કર્યું છે, તે મારા આ જોડીદાર વણિકને આપો. તે ભારે મુશ્કેલીમાં આવી પડયો છે, તથા મારી પાસેથી કંઇ મળશે એ આશાએ મારા નગરનો રસ્તો પૂછતો જતો હતો, ત્યાં મને વચ્ચે મળ્યો. તેને હું નિરાશ કરવા નથી માગતો. માટે લો મારું માથું અને તેને ઇનામની રકમ ગણી આપો.'

આ જોઈ સભાસદો ચોંકી ઊઠયા. આખો દરબાર સ્તબ્ધ થઇ ગયો. બારણા પાસે ઊભેલા બખતરધારી દ્વારપાલની આંખો આંસુથી ભરાઈ ગઈ. કાશીરાજ પણ ક્ષણભર તો ચૂપ થઈ ગયો. પછી તે બોલ્યો, 'હે રાજકેદી ! પોતાનું માથું આપીને મારા ઉપર વિજય મેળવવાનો પેંતરો તું ઠીક ગોઠવી લાવ્યો છે ! પણ તારી એ આશા નિષ્ફળ જવાની છે, કેમ કે આજના આ રણસંગ્રામમાં હું જ જીતીશ.'

મુંબઈ જૈન યુવક સંઘનો પરિચય

સંઘનો ઉદ્દેશ

આ સંસ્થાના ઉદ્દેશો નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

(ક) સમાજપ્રગતિને રૂંધતા અનેક ધાર્મિક તેમજ સામાજિક વહેમોનો તથા કુરૂઢિઓનો જૈન સમાજમાંથી ઉચ્છેદ કરવો અને ધર્મ અને સમાજના નામે ચાલતાં પાખંડો ખુલ્લાં પાડવાં.

(ખ) આજના પ્રગતિશીલ વિચારો અને ભાવનાઓની દૃષ્ટિએ આપણી કાળજુની સમાજવ્યવસ્થા જે મૌલિક પરિવર્તન માંગી રહેલ છે તેને લગતી સમજણ અને સાહિત્યનો જૈન સમાજમાં ફેલાવો કરવો.

(ગ) સમાજઉન્નતિ તેમજ જનસેવાની પ્રવૃત્તિઓ હાથ ધરવી.

(ઘ) આપણો દેશ સ્વાધીન, સ્વાવલંબી અને સમર્થ બને એ ધ્યેયપૂર્વક દેશભરમાં ચાલી રહેલી રાજકીય તેમજ સામાજિક પ્રવૃત્તિઓને બને તેટલો ટેકો આપવો.

નીચે આપેલી બાબતો સંઘના દરેક સભ્યને સ્વીકાર્ય હોવી જ જોઇએ

શ્રી મુંબઇ જૈન યુવકસંઘના ઉદ્દેશો અતિ વ્યાપક પ્રદેશને સ્પર્શતા હોઇને ધર્મસંપ્રદાય અને સમાજને લગતા ભિન્ન ભિન્ન પ્રશ્નો સંબંધી આ યુવકસંઘની નીતિ તેમજ કાર્યપદ્ધતિ નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

(ક) આ યુવકસંઘમાં ત્રણે વિભાગના જૈન યુવકોને જોડાવાનો અને કાર્ય કરવાનો સમાન અને સંપૂર્ણ અવકાશ આપવામાં આવે છે અને ત્રણે વિભાગના વ્યક્તિગત તેમજ સર્વસામાન્ય પ્રશ્નોને ઉપર જણાવેલ ધ્યેય અને નિર્દિષ્ટ કાર્યપ્રદેશ અનુસાર હાથ ધરવાનો આ યુવકસંઘ મનોરથ સેવે છે. આ કાર્ય માટે જૈન સમાજના ત્રણ વિભાગો વચ્ચે રહેલા મુખ્ય માન્યતાભેદો સંબંધમાં આ યુવકસંઘ નીચે મુજબના અભિપ્રાયોને અનુસરીને પોતાની સર્વ પ્રવૃત્તિઓ ચલાવશે.

૧. પ્રથમ તો આ યુવક સંઘમાં જોડાનાર પોતે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છે, દિગંબર મૂર્તિપૂજક જૈન છે કે સ્થાનકવાસી જૈન છે એવી વિશિષ્ટ રીતે પોતાની જાતને ઓળખાવવામાં કશું પણ મહત્ત્વ સમજશે નહિ. પોતે જૈન છે એટલે ભગવાન મહાવીર-પ્રરૂપિત જૈન ધર્મ અને સંસ્કૃતિનો વારસ છે એટલી જ ઓળખાણ આ યુવકસંઘમાં જોડાનાર સભ્ય પોતાને માટે પુરતી ગણશે.

૨. મૂર્તિપૂજા સંબંધમાં ત્રણ વિભાગની માન્યતામાં મોટો મતભેદ કેટલાય કાળથી ચાલતા આવે છે. આ યુવક સંઘમાં પણ કેટલાક સભ્યો મૂર્તિપૂજાને ધર્મોપાસનાના એક અગત્યભર્યા સાધન તરીકે સ્વીકારે છે, જ્યારે કેટલાક સભ્યો તેવી અગત્ય સ્વીકારતા નથી; એમ છતાં પણ આજના જૈન સમુદાયના મોટા ભાગનું ધાર્મિક જીવન મૂર્તિપૂજા સાથે ગાઢપણે સંકળાયેલું છે અને રહેવાનું છે એ પરિસ્થિતિ આ યુવકસંઘ સ્વીકારે છે અને સાથે સાથે આજે ચાલી રહેલી મૂર્તિપૂજાની પદ્ધતિમાં જે અનેક વહેમો, દ્રવ્યનો અપવ્યય અને અતિશયતાઓ દાખલ થયેલાં છે તે પહેલી તકે દૂર કરવાની જરૂર વિષે પણ આ યુવક સંઘના સર્વે સભ્યો એકમત ધરાવે છે અને તે સંબંધમાં નીચેના ધોરણે સુધારા કરવાની પ્રવૃત્તિ હાથ ધરવા માંગે છે.

(૧) આજે ચાલી રહેલી મૂર્તિપૂજા પાછળના વહેમો અને ખોટી માન્યતાઓ દૂર થવી જોઇએ.

(૨) મૂર્તિને શણગારવાની અને આંગીઆભૂષણ ચઢાવવાની પ્રથા જૈન મૂર્તિપૂજાની કલ્પના અને આદર્શ સાથે બંધ બેસતી નહિ હોવાથી તે પ્રથાનો સર્વત્ર નિષેધ થવો જોઇએ.

(૩) બીનજરૂરી નવાં મંદિરો બંધાવવા પાછળ તેમજ ચાલુ મંદિરોના બીનજરૂરી શોભાશણગાર પાછળ થતો દ્રવ્યનો પુષ્કળ વ્યય બંધ થવો જોઇએ.

(૪) મંદિરોને સાદી રીતે નિભાવતાં બચતી આવકનો તેમજ એકત્ર થયેલી મુડીનો જનકલ્યાણનાં કાર્યોમાં ચાલુ ઉપયોગ થવો જોઇએ.

(૫) શ્વેતાંબર કે દિગંબર મૂર્તિ એક જ ઇષ્ટદેવને મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રયત્ન હોઇને તે બન્ને વચ્ચે આજ સુધી કેળવવામાં આવેલી ભેદની દિવાલ અર્થ વિનાની અને બીનજરૂરી છે એ પ્રકારની સમબુદ્ધિ સર્વત્ર કેળવવી જોઇએ.

૩. બીજો માન્યતાભેદ સાધુઓ સંબંધમાં પ્રવર્તે છે. તે વિષે આ યુવકસંઘ જાહેર કરે છે કે ભિન્ન ભિન્ન સંપ્રદાયના વેશભેદને આ યુવકસંઘ જરા પણ મહત્ત્વ આપતો નથી. જે સાધુઓ પંચમહાવ્રતને જીવનમાં ઉતારવાનો એકનિષ્ઠ પ્રયત્ન સેવતા હોય તથા પવિત્ર અને સમાજને ઉપયોગી જીવન જીવતા હોય તેવા કોઈ પણ જૈન વિભાગની અંદરના કે બહારના સાધુને આ યુવકસંઘ આદરયોગ્ય ગણશે.

૪. કેટલાક તીર્થના ઝગડાઓ આજે શ્વેતાંબર મૂર્તિપૂજક અને દિગંબર મૂર્તિપૂજક જૈનો વચ્ચે વૈમનસ્ય નિપજાવી રહેલ છે. જૈન સમાજના પેટાભેદો નષ્ટ કરીને સાચી એકતા અને સમાનતાનું માનસ ઉત્પન્ન કરવું એ વિચારભૂમિકા ઉપર આ યુવકસંઘની રચના થયેલી હોવાથી આવા ઝગડાઓ પરત્વે સંભાળપૂર્વક તટસ્થતા જાળવી રાખવી અને એ ઝગડાઓ ચાલુ રહેવાથી આખા સમાજને કેટલું ભારે નુકસાન થઇ રહ્યું છે તેનો લેખો તેમજ ભાષણોદ્વારા જૈન જનતાને સચોટ ખ્યાલ આપવો અને જ્યાં અને જ્યારે શક્ય હોય ત્યાં અને ત્યારે ચાલુ ઝગડાઓની સ્થાયી પતાવટ કરાવવાની દિશાએ પોતાની લાગવગ અને શક્તિઓનો ઉપયોગ કરવો-આ પ્રકારનું ધોરણ આ યુવકસંઘ સ્વીકારે છે.

(ખ) જ્યારે કોઈ પણ ધાર્મિક અથવા સામાજિક રૂઢિ કે પ્રણાલિકા દેશ અથવા સમાજના સ્વાસ્થ્ય કે ઉત્કર્ષની બાધક જણાશે ત્યારે તે રૂઢિ કે પ્રણાલિકાનો સામનો કરવાનું આ યુવકસંઘ ચુકશે નહિ. આવી અનિષ્ટ રૂઢિ કે પ્રણાલિકાના સમર્થનમાં રજુ થતા શાસ્ત્રના ઉલ્લેખોને જરા પણ બંધનકર્તા ગણવામાં

(અનુસંધાન પૃષ્ટ ૧૬૧ જુઓ)

પછી તેણે કોશલરાજને રાજા તરીકે સંબોધીને કહ્યું, 'હે કોશલરાજ! તમારું રાજ્ય હું તમને પાછું આપું છું અને સાથે મારું હૃદય પણ. હવે આ ગાદીએ બેસી તમારા જ રાજ્યભંડારમાંથી આ વણિકને જોઇએ તેટલું ધન આપો.'

એમ કહી એ ચીંથરેહાલ વનવાસીને રાજાએ રાજ્યાસને બેસાર્યો, અને તેના ઝાંખરા જેવા વાળ ઉપર રાજમુગટ પહેરાવી દીધો. નગરજનો એકી અવાજે પોકારી ઊઠયા : 'ધન્ય'! 'ધન્ય'!

'શિક્ષણ અને સાહિત્ય'માંથી **ગોપાળદાસ જીવાભાઇ પટેલ**

સાભાર ઉદ્ધૃત

સંઘના સભ્યોને ઉદ્‌બોધન

(મુંબઇ જૈન યુવકસંઘની વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે સંઘના પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ કરેલું પ્રારંભિક વિવેચન.)

આ વાર્ષિક સભાના પ્રસંગે તમો સર્વને આવકાર આપતાં મને બહુ આનંદ થાય છે. સંઘના પ્રમુખ નરીકે છેલ્લા ત્રણ વર્ષથી સંઘની કાર્યવાહી સાથે નિકટપણે જોડાયલા રહેવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. આ મુદત દરમિયાન સંઘનો ઉત્તરોત્તર વિકાસ થઇ રહ્યો છે અને સંઘ એક પછી એક આગળ પગલાં ભરી રહ્યો છે. સંઘના આજ સુધીના કાર્યપ્રવર્તનમાં જુદા જુદા સભ્યોએ મને પુરો સાથ આપ્યો છે અને મારા પ્રત્યે તેમણે એકસરખો સદ્‌ભાવ અને પ્રેમ દાખવ્યો છે. સદ્‌ભાગ્યે હજુ સુધી આપણા સંઘમાં કોઈ પણ પ્રકારની પક્ષાપક્ષી ઉભી થઇ નથી અને જ્યારે જ્યારે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થયો છે ત્યારે ત્યારે તે તે પ્રશ્નના ગુણદોષનો સ્વતંત્ર રીતે વિચાર કરીને નિર્ણય કરવામાં આવ્યો છે. કોઇ બાબતનો એકમતથી તો કદિ કોઇ બાબતનો બહુમતીથી નિર્ણય કરવામાં આવ્યો છે. પણ દરેક પ્રસંગે એકમેકને સમજવાનો અને ઉદારતાપૂર્વક બાંધછોડ કરતાં રહેવાનો પ્રયત્ન દરેક સભ્યે દાખવ્યો છે. આને લીધે સંઘની પ્રવૃત્તિ આજ સુધી એકસુરીલી રહી છે. જ્યારે અમુક વ્યક્તિ એક બાબત રજુ કરે ત્યારે તે બાબત ગમે તેવી હોય, પણ અમુક વ્યક્તિએ એ બાબત રજુ કરી એટલે જ અન્ય વ્યક્તિઓએ તેનો વિરોધ કરવો જોઇએ–આવી મનોદશા જે સંસ્થાની કાર્યવાહીમાં ઉભી થાય છે તે સંસ્થાનું કાર્ય વિકાસ પામવાને બદલે પક્ષાપક્ષીના ખડક સાથે અથડાઇને ધીમે ધીમે શીર્ણવિશીર્ણ થવા માંડે છે. આપણા સંઘમાં આવી મનોદશા ઉભી થવા પામી નથી એ આપણું મોટું સદ્‌ભાગ્ય છે.

સંઘનું કામકાજ ચલાવવામાં આજ સુધી મેં ત્રણ બાબતો ખાસ ધ્યાનમાં રાખી છે. એક તો જે કોઇ પ્રવૃત્તિ હાથ ધરવી તે સાંગોપાંગ પાર પાડવી. બીજું ચાલુ બહુ મોટા ખર્ચમાં ઉતરવું ન પડે એવી જ પ્રવૃત્તિ સંઘે હાથ ધરવી. લીધેલા કામને પાકું બનાવવા ઉપર જ સંઘની પ્રતિષ્ઠા બંધાય છે. ગજા ઉપરાંતની ફાળ ભરવી નહિ અને નાનું પણ ચોક્કસ પગલું ભરવું આજ સાચી કાર્યપદ્ધતિ છે. બીજી બાજુએ સમાજમાં વિચારક્રાન્તિ પેદા કરવી અને પ્રગતિબાધક રૂઢિઓને જમીનદોસ્ત કરવા જેટલું સમાજમાં બળ કેળવવું એ આ સંસ્થાનો મુખ્ય હેતુ છે. વિપુલ દ્રવ્યની અપેક્ષા રાખતી પ્રવૃત્તિઓ શ્રીમાનોના સહકાર સિવાય ચાલતી જ નથી અને એ સહકાર લેવા જઇએ તો તેની કીંમત આપવી પડે છે અને તેટલા પુરતી સંઘના સ્વત્વને હાનિ પહોંચ્યા વિના રહેતી નથી. સંઘની કાર્યવાહી ઉપર સ્થાપિત હક્કો ધરાવતા કોઇ પણ વર્ગના પ્રભુત્વની છાયા ન પડે અને સંઘની કાર્યવાહી આ સમાજને નિડરપણે સાચું માર્ગદર્શન આપતી રહે એ બાબત આપણા લક્ષ્ય ઉપરથી કદિ પણ ખસવી ન જોઇએ. આ કારણથી જ સમાજના શ્રીમાનો પાસે હાલતાં ચાલતાં દ્રવ્યની મદદ માંગવા જવું પડે એવી કોઇ પણ પ્રવૃત્તિથી સંઘને દૂર રહેવા હું હમેશા સૂચવતો આવ્યો છું.

ત્રીજી બાબત સંઘે ઉપાડવા જોઇતાં સેવાકાર્યોની છે. સંઘે જો સમાજમાં સાચી પ્રતિષ્ઠા મેળવવી હોય અને ક્રાન્તિકારી વિચારો સમાજ પાસે સ્વીકારાવવા હોય તો તે કાર્ય સમાજને જુદી જુદી રીતે ચાલુ સેવાઓ આપવા વડે જ શક્ય બને છે. રચનાત્મક કાર્યક્રમનો પણ આજ અર્થ છે. મંડન અને ખંડન સાથે જ ચાલે છે. જે કોઇ વ્યક્તિ કે સંસ્થા સેવા વડે સમાજનો વિશ્વાસ સાધે છે તે જ વ્યક્તિ કે સંસ્થા સમાજને વિપ્લવ અને ક્રાન્તિના માર્ગે દોરી શકે છે. આ દૃષ્ટિબિન્દુથી જ જેમ જેમ સંઘની તાકાત વધતી જાય છે તેમ તેમ સંઘ એક પછી એક સેવાનું કાર્ય હાથ ધરતો જાય છે. આજ સુધીમાં હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓનો સંઘના વાર્ષિક વૃત્તાન્ત ઉપરથી ખ્યાલ આવી શકે તેમ છે. આ પ્રવૃત્તિઓનું સ્વરૂપ બને તેટલું સાર્વજનિક રાખવામાં આવ્યું છે. નાતજાતના કે સંપ્રદાયના ભેદોથી સંઘને બને તેટલો પર રાખવાનો સંઘની કાર્યવાહીનો પ્રયત્ન રહે છે.

આ દેશની અવનતિનું મૂળ કોમીવાદના સતત સંવર્ધનમાં રહેલું છે. આને લીધે આપણા લોકોની દૃષ્ટિ રાષ્ટ્ર ઉપર કેન્દ્રિત થવાને બદલે 'મારો ધર્મ અને મારી નાતજાત' ઉપર જ કેન્દ્રિત થયેલી જોવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અલગ અલગ હોઇ શકે છે, પણ ચોક્કસ માન્યતા સ્વીકારનારા વર્ગમાં જ જ્યારે આપણી આખી દુનિયા સમાઈ જાય છે ત્યારે અનેક અનર્થો જન્મે છે. કોમ કોમની હરીફાઈ, પોતાની કોમ માટે પક્ષપાત, અન્ય કોમ વિષે વિપક્ષ બુદ્ધિ, સર્વ જનસમુહના હિતાહિત સંબંધે ઉદાસીનતા, અમુકને જ પોતાનાં ગણવા અને અન્ય સર્વને પારકાં લેખવા–આવી અનેક વિકૃતિઓ જન્મ પામે છે. પોતાની કોમને જ કેન્દ્રમાં રાખીને વિચારનારા આગેવાનોમાં આવી જ મનોદશા જોવામાં આવે છે, આજે હિંદુ મુસલમાનનું જે ભયાનક સંઘર્ષણ ચાલી રહ્યું છે તે ઉપર વર્ણવેલી મનોદશાનું જ વિરાટ પરિણામ છે. આમાંથી ઝેર વેર અને પારાવાર અનર્થો જન્મે છે અને પરિણામે આપણો દેશ પારકી સત્તાની ધુંસરીથી છુટો થઇ શકતો જ નથી. આ કોમી ભેદભાવ ટાળવા માટે બે રીતે કામ લેવું જરૂરી છે. એક બહારથી, બીજું અંદરથી. રાષ્ટ્રીય મહાસભા જેવી કોઇ પણ જાતના કોમી ભેદભાવ વિનાની સમસ્ત ભારત જનતાના હિતને ચિન્તવનારી લોકસંસ્થાઓ બહારથી ઘણું કાર્ય કરી રહી છે. એમ છતાં પણ કોમી માનસ જ્યાં ઘર કરી બેઠું છે એવા કેટલાય સામાજિક દળોને આવી સંસ્થાઓ પહોંચી શકતી નથી. આવાં સામાજિક દળો અને વર્ગોમાં કાર્ય કરવા માટે તો તે તે દળ અને વર્ગમાં રહેલા રાષ્ટ્રપ્રેમી યુવકોએ ઉભા થવું જ જોઇએ અને અંદરથી સુરંગ ફોડવાનું અને સાંપ્રદાયિક પ્રભુત્વનો નાશ કરવાનું કામ હાથ ધરવું જોઇએ. જે જે વિચારકો અને કાર્યકર્તાઓએ પોતપોતાના સમાજ સાથેનો સંબંધ છોડયો નથી એમ છતાં પણ જેમની દૃષ્ટિ પોતપોતાના સમાજથી વધારે વિશાળ વર્તુલને પહોંચી શકી છે, તે સર્વ વિચારકોની અને કાર્યકર્તાઓની પોતાના સમાજનો કુપમંડુકની મનોદશામાંથી ઉધ્ધાર કરવાની ખાસ ફરજ છે અને આજે તો એ અનિવાર્ય ધર્મ બને છે. આપણો મુંબઇ જૈન યુવક સંઘ આવો એક પ્રયાસ છે અને જુદા જુદા સમાજના યુવકોને આવો પ્રયાસ હાથ ધરવા નિમંત્રે છે. મુંબઇ જૈન યુવક સંઘ કોમી છે છતાં કોમી નથી; કારણ કે તેનો ઉદ્દેશ જૈન સમાજના ભાઇ બહેનોને પોતપોતાના જીવનને લગતા દરેક પ્રશ્નોનો વિચાર માત્ર જૈન સમાજની દૃષ્ટિએ નહિ, પણ સમસ્ત દેશની દૃષ્ટિએ કરતા શિખવવાનો છે અને જે સામાજિક પરિવર્તન સ્વરાજ્ય સાધનાની દૃષ્ટિએ આવશ્યક છે તે પરિવર્તન જૈન સમાજમાં નીપજાવવું એ તેનું ધ્યેય છે. આ રીતે મુંબઇ જૈન યુવક

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૬ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ડીસેમ્બર ૧૫ ૧૯૪૧

ઉગમણી દિશાએ ઉઠેલી આંધી.

તા. ૭-૧૨-૪૧ ના રોજ જાપાને અમેરિકા અને બ્રીટન સામે લડાઇ જાહેર કરી તેને લીધે આજ સુધી લેખાતુ યુરોપીય યુદ્ધ વિશ્વયુદ્ધમાં પરિણામ પામ્યું છે. એક બાજુ જાપાનના પ્રતિનિધિએ અમેરિકાના રાજ્યકર્તાઓ સાથે સમાધાનીની વાટાઘાટો ચલાવી રહ્યા હતા. આ વાટાઘાટો લંબાયે જ જતી હતી. એવામાં એકાએક જાપાને લડાઇ જાહેર કરી દીધી અને પેસીફીક મહા-સાગરના વિશાળ પટ ઉપર મધ્ય ભાગમાં સુતેલા હોનોલુલુ ઉપર બોંબનો મારો શરૂ કર્યો. આમ એક નહિ પણ અનેક સ્થળો ઉપર જાપાનનું આક્રમણ એક સાથે આરંભાયું. મનીલા, ફીલી-પાઇન, મલાયા, હોંગકોંગ, સીંગાપુર, પીનાંગ-ચોતરફ જાપાનીઝ બોંબના ધડાકા શરૂ થયા. બ્રીટનના બે વિરાટ જહાજો-'પ્રીન્સ ઓફ વેલ્સ' અને 'રીપલ્સ'ને જાપાને જળશરણ કર્યાં; સીયામ અથવા તો થાઇલેન્ડમાં જાપાને પ્રવેશ કરીને તેની રાજધાની બેંકોક કબજે કરી.

આમ દૂર દેખાતું યુદ્ધ હવે તો આપણી સમીપ આવીને ઉભું છે. બર્માના દક્ષિણ કીનારે જાપાનીઝ લશ્કર ઉતારવામાં આવ્યું છે. આસામ નજીકમાં જ છે. કલકત્તા બહુ દૂર નથી. તુરતમાં બનેલા બનાવોએ અને જાપાનના વધતા જતા આક્રમણોએ હિંદુસ્થાનના લોકોને ચિન્તાપરાયણ અને કાંઇક અંશે ભયગ્રસ્ત પણ બનાવી દીધા છે. હિંદી મહાસાગરને જોખમી બનતાં વાર શી ? કલકત્તા, મદ્રાસ કે મુંબઇ આવતી આંધીથી બહુ દૂર ન ગણાય. હવે શું બનશે એ પ્રશ્ન કેવળ કલ્પનાનો નથી રહ્યો.

આ વિગ્રહના પ્રારંભથી આજસુધીમાં બન્ને પક્ષોના હાથે અનેક કુટિલ કાવાદાવાઓ થયા હશે. કારણ કે યુદ્ધનું એટલે કે હિંસાનું સ્વરૂપ જ એવું છે કે કોઈ બાબતનો નિર્ણય હિંસક પદ્ધતિએ કરવાનું નક્કી કરો એટલે તેના અનુષંગીઓ-અસત્ય, દ્વેષ, મત્સર, પરાપવાદ, છળકપટ,-એ બધાનું અવલંબન લીધા વિના ચાલે જ નહિ. આમાં પણ આપ્યા વિગ્રહ દરમિયાન જર્મનીએ ગઇ કાલ સુધી મિત્રગણાતા રશીયા ઉપર જે હલ્લો કર્યો અને કશા પણ કારણ સિવાય અને વાટાઘાટના બહાને પ્રતિ-પક્ષીઓને વિશ્વાસગ્રસ્ત રાખીને જાપાને અમેરિકા અને બ્રીટન સામે જે એકાએક લડાઇ જાહેર કરી તે બે ખરેખર વિશ્વાસઘાત અને છળપ્રપંચના બેનમુન બનાવો છે. આ બનાવો દ્વારા માનવ જાતે માનવતાનું દેવાળું જાહેર કર્યું છે. જેવી રીતે કેવળ તક સાધવાના હેતુથી ઇટલીએ ફ્રાન્સ અને બ્રીટન સામે લડાઇ જાહેર કરી હતી તેવી જ રીતે યુરોપીય વિગ્રહનો લાભ લઇને પૂર્વના પ્રદેશોમાં નિરંકુશ જાપાનીઝ સામ્રાજ્ય સ્થાપવાના હેતુથી જ જાપાને આ યુદ્ધમાં ઝંપલાવ્યું છે. એ પાછળ નથી કોઇ ઉદાત્ત હેતુ કે નથી કોઇ જનતાના ઉદ્ધારનો પ્રશ્ન. આવી તક ફરી હાથ નહિ આવે-માટે લેવાય તેટલો લાભ લઇ લેવો એ આખી જાપાનીઝ રાજનીતિનો સાર દેખાય છે. પશ્ચિમમાં જર્મની અને પૂર્વમાં જાપાન એક જ ધ્યેય અને ધારણાથી આગળ વધી રહ્યા છે. નાના દેશો અને રાજ્યોને આજે ઉભા રહેવાનું કશું ઠેકાણું રહ્યું નથી. નજીક રહેલી કોઇ પણ મોટી રાજસત્તા-પછી તે બ્રીટન હો, જર્મની હો કે જાપાન હો-પોતાનો પંજો કોઇ પણ નાના દેશ ઉપર લંબાવે છે અને તે દેશને નમતું આપ્યા સિવાય બીજો વિકલ્પ જ રહેતો નથી. યુરોપનો મોટો ભાગ આજે જર્મન એડીતળે છુંદાયલો પડયો છે. એબી-સીનીયા, ઇરાક, સીરીયા, ઇરાન ઉપર બ્રીટીશ વાવટો ફરકે છે. જાપાનનો હાથ લંબાતાંવેંત સીયામ નમી પડયું છે. દુનિયાની મોટી ગણાતી સર્વ રાજ્યસત્તાઓ એક યા બીજી બાજુએ આ વિશ્વવિગ્રહમાં ગોઠવાઇ ગઇ છે. નાની રાજ્યસત્તાઓ એક યા મોટી રાજ્યસત્તાનું અંકુશ હેઠળ આવી ગઇ છે. હજુ સ્વતંત્રપણે ઉભેલી છુટી છવાઇ રાજ્યસત્તાઓને કોઇને કોઇ પક્ષ સ્વીકાર્યે જ છુટકો છે. દુનિયાના ઇતિહાસે કદિ નહિ જોયેલું એવું આ વિશ્વ-વ્યાપી યુદ્ધ આખી દુનિયાનું કયું ભાવી ઘડવા માંગે છે તેની કાંઇ કલ્પના આવતી નથી. આજે તો ચોતરફ સંહાર, વિનાશ અને અરાજકતાના વાદળો જ ઘેરાઈ રહ્યાં છે.

આપણને એઘડિક એમ થઇ આવે છે કે આ વિશાલ વસુધાના ફલક ઉપર આજે જે સંહારતાંડવ સરજાઇ રહ્યો અને તે કારણે એક પછી એક જે જે ભીષણ ઘટનાઓ બની રહી છે તે કોઇ સીનેમાના રજતપટ ઉપર રજુ થનારી વસ્તુ હત તો આપણે એ દૃષ્યના એક પછી એક આવતા પ્રવેશો કેટલા આનંદ અને રોમાંચથી જોઇ રહ્યા હત ! ભૂતકાળમાં થયેલાં રામાયણ, મહાભારત અને ઇલીયડ જેવી મહાન યુધ્ધોની કથાઓ એ જ ભાવ અને લાગણીથી આપણે વાંચતા, કહેતા અને સાંભળતા આવ્યા છીએ. પણ આજે ભજવાઇ રહેલું યુધ્ધનાટક આપણા જીવનને એટલું નિકટપણે સ્પર્શે છે કે તેનો વિચાર કરતાં આપણા દિલમાં આનંદ અને રોમાંચ ઉદ્‌ભવવાને બદલે વિષાદ, ગ્લાનિ, ચિન્તા અને ભયનો અનુભવ જ થયા કરે છે. વળી જાપાન અને અમેરિકાના રણાંગણ-પ્રવેશ બાદ છેલ્લાં અઢી વર્ષથી ચાલી રહેલ યુધ્ધ હવે તો આપણા આંગણામાં જ આવીને ઉભું છે અને તેથી દૂરના ગામડામાં લાગેલી આગની ઝાળ આપણા ગામને ઝાંપે પહોંચે ત્યારે તે આગ કેવળ કૌતુક અને કુતુહલનો વિષય મટીને આત્મ-રક્ષણની ચિન્તા અને ભયનો વિષય બની જાય છે તેવી જ મનોદશા આજે સમીપ આવતા વિશ્વવિગ્રહને અંગે આપણે અનુભવી રહ્યા છીએ.

આવી કટોકટી ભરેલી સ્થિતિમાં આપણે શું કરવુ ? આપણે એક તો નિઃશસ્ત્ર પ્રજા છીએ. કોઇ પણ પ્રકારના ભીષણ હવાઇ આક્રમણને પહોંચી વળવાની હિંદુસ્તાનની કેટલી તૈયારી છે તે આપણે જાણતા નથી, પણ જે જે દેશોની આવી તૈયારી હતી તે તે દેશોને પણ પાર વિનાનું નુકસાન-જનમાલની ખુવારી-ખમવી પડી છે એ આપણે જાણીએ છીએ. ધરતીકંપ જેવી કેટલીક આફતો અણધારી આવે છે તો કેટલીક આફતો આવતી આપણને દેખાય છે. અણધારી આફતમાં પૂર્વ તૈયારીને જરા પણ અવકાશ હોતો નથી. નજર સામે આવતી આફત ટાળી શકાય તેવી ન હોય, તેનો તેનાં જ સાધનો વડે સામનો કરવાની શકયતા ન હોય તો પણ જે આવે તે શાન્તિથી સહન કરી લેવું, બને તેટલાં વ્યવસ્થિત રહેવું, જે કોઇ આફતના ભોગ બને તેની સારવાર કરવી, સંભાળ લેવી એટલી માનસિક તૈયારીની ખાસ જરૂર છે જ. ગભરાટ કે નાસભાગથી જરા પણ ફાયદો થતો નથી. ઉલટું તેથી નુકસાનનો ગુણાકાર જ વધે છે એ આપણે ન ભુલીએ. A. R. P. ની સૂચનાઓનો પણ સરવાળે આજ અર્થ

છે. આજે દુનિયામાં કદિ ન કલ્પાયલો એવો ઉલ્કાપાત ઉભો થયો છે. ઉલ્કાપાતના સૂત્રધારોને મન માનવીના જીવનની કશી કીંમત રહી નથી. આપણે નિર્દોષ છીએ, તટસ્થ છીએ, આ યુધ્ધ સાથે અમારે કશી લેવા દેવા નથી એમ કહેવાથી પણ આ ઉલ્કાપાતની ઝાળથી બચી શકીએ તેમ નથી. સર્વતોમુખી વિનાશની આજે આંધી ચઢી છે. તેમાંથી હિંદુસ્થાન કેમ બચે? મૃત્યુ આવે, સંકટ આવે, ગમે તેવી હાડમારી આવે તે સર્વને સ્વસ્થતાથી ભેટીએ. દુનિયાના સામુદાયિક કર્મનું આપણે પણ પ્રાયશ્ચિત કરવાનું જ રહ્યું. એ પ્રાયશ્ચિતકાર્ય જે માંગે તે આપીએ અને એમ છતાં પણ આપણી ભાવના, આપણા આદર્શ ઉપર અડગ રહીએ. પામર માનવીઓ માફક રડારોળ, કકળાટ કે ભાગનાશ ન કરીએ. આસપાસ વસતા ભાઈબાંડુને જરૂરી સેવા પહોંચાડવાને તત્પર બનીએ. સામેથી આવતી આંધીના ટાણે આજ આપણો ધર્મ બને છે-આજ આપણું કર્તવ્યકર્મ બને છે. પરમાનંદ

કેટલાક સમાચાર અને નોંધ.

સ્વર્ગસ્થ અમૃતલાલ રાયચંદ ઝવેરી.

તા. ૧૩-૧૨-૪૧ ના રોજ સ્થાનકવાસી વિભાગના બહુ જાણીતા આગેવાન અને મુંબઇની ઝવેરી બજારના એક અગ્રગણ્ય ઝવેરી અમૃતલાલ રાયચંદ ઝવેરીનું એકાએક હૃદય બંધ પડતાં ૬૨ વર્ષની અકાળ વયે અવસાન થયું. આ બનાવની નોંધ લેતાં ભારે ગ્લાનિ થાય છે. અમૃતલાલભાઈમાં અનુપમ સૌજન્ય હતું. ઝવેરી બજારમાં તેમની અસાધારણ પ્રતિષ્ઠા હતી. સ્થાનકવાસી જૈન સમાજ તેમની અનેક સેવાઓનો ઋણી છે. રાષ્ટ્રના કોઇ પણ કાર્યમાં તેમનો ઉદાર ફાળો હોય જ હોય. તેમની સરળતા તેમ જ સાદાઈ સૌ કોઇનું આકર્ષણ કરેતે વાં હતાં. ઉંડી ધર્મ-નિષ્ઠાથી તેમનું આખું જીવન અંકિત થયેલું હતું. તેમના જવાથી જૈન સમાજમાં એક ભારે ઉપયોગી અને સેવાભાવી વ્યકિતની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને પરમાત્મા પરમ શાન્તિ આપે!

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો રજત મહોત્સવ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગની એક નામીચી સંસ્થા છે. આ વિદ્યાલય મુંબઇની જુદી જુદી કોલેજોમાં ભણતા જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓને રહેવા ખાવા વિગેરેની સગવડો આપે છે, એટલું જ નહિ પણ તેમને ધાર્મિક શિક્ષણ આપવાનો પણ આ સંસ્થામાં સુવ્યવસ્થિત પ્રબંધ કરવામાં આવ્યો છે. આ વિદ્યાલયમાં સો વિદ્યાર્થીઓને રાખવામાં આવ્યા છે અને તે ઉપરાંત પુના, કરાંચી અને બનારસ ખાતે પણ તે તે સ્થળની કોલેજોમાં ભણતા કેટલાક જૈન વિદ્યાર્થીઓને આ વિદ્યાલય જરૂરી મદદ આપે છે. પ્રસ્તુત વિદ્યાલયે પચ્ચીસ વર્ષ પુરાં કર્યાં છે. તેના આનંદમાં વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિ ચાલુ માસની ૨૭, ૨૮, અને ૨૯ મી તારીખ દરમિયાન રજત મહોત્સવ ઉજવવાની જોરસભેર તૈયારીઓ કરી રહેલ છે.

આ રજત મહોત્સવના સ્મરણને કાયમ રાખવા માટે એક સુંદર દળદાર ગ્રંથ તૈયાર થાય છે. આ ગ્રંથમાં વિદ્યાલયની આજ સુધીની કારકીર્દીનો વિગતવાર વૃતાન્ત આપવામાં આવશે તેમજ અનેક વિદ્વાનોના ગુજરાતી તેમજ અંગ્રેજી લેખોનો સંગ્રહ પ્રગટ કરવામાં આવશે. વિદ્યાલય સાથે એક યા બીજી રીતે જોડાયલી અનેક વ્યક્તિઓની છબીઓ તેમજ બીજા પણ કેટલાંક સુંદર ચિત્રો આ ગ્રંથમાં સામેલ કરવામાં આવશે. ગ્રંથનું બાહ્ય તેમજ આન્તર પરિશોભન ઘણું જ આકર્ષક હશે. આ ગ્રંથ લગભગ ૫૦૦ પાનાનો થશે. તેની કીમત રૂા. ૩૩) રાખવામાં આવી છે, રજત મહોત્સવનો કાર્યક્રમ હાલતુરત નીચે મુજબ રાખવાનું વિચારવામાં આવેલ છે.

તા. ૨૭ શનિવાર

સવારના ૯ થી ૧૨-રોયલ ઓપેરા હાઉસમાં 'રસદર્શન'
સાંજના ૪॥ -વિદ્યાલયમાંથી પસાર થયેલા વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન.
રાત્રીના ૮-વકતૃત્વ હરીફાઇ

તા. ૨૮ રવિવાર

સવારના ૮-રમત ગમતનું સંમેલન
બપોરના ૩-જાહેર રજત મહોત્સવ સંમેલન
રાત્રીના ૮-સંગીત ગાયન વાદન

તા. ૨૯ સોમવાર

સવારના ૯-પ્રભુપૂજા
સાંજના ૪॥-આનંદમીલન
રાત્રીના-સંગીત ગાયન વાદન અથવા તો વ્યાખ્યાનો

તા. ૩૦ મંગળવાર

સવારના ૯-રોકસી થીએટરમાં 'વિદ્યાપતિ' નો સીનેમા.

આ મહોત્સવ નિમિત્તે ગોવાલીયા ટેંકના મેદાનમાં એક મોટો મંડળ ઉભો કરવામાં આવશે. બીજા દિવસના જાહેર મેળાવડાના પ્રમુખસ્થાને સર મણિલાલ બાલાભાઇ નાણાવટી બીરાજશે. આખા કાર્યક્રમની ચોક્કસ વિગતો વિદ્યાલય તરફથી હવે પછી બહાર પાડવામાં આવશે. અહિં તો માત્ર રૂપરેખા રજુ કરવામાં આવી છે.

હિંદી રાજકારણ

લડાઇ આપણા બારણે આવીને ઉભી છે ત્યારે આપણા રાજ્યવહીવટની સત્તા આપણા હાથમાં નથી કે જેથી આવતા સંકટનો સામનો કેમ કરવો તેનો આપણે આપણી રીતે વિચાર કરી શકીએ. જે સરકાર આપણી ઉપર રાજ્ય કરે છે તેની કાળજીની સંજ્યનીતિમાં એવો કશો પણ પલટો આવ્યો દેખાતો નથી કે જેથી આપણું ભાવી આપણને જ સ્વાધીન છે એમ હિંદી પ્રજાને પ્રતીતિ થાય અને એ પ્રતીતિના બળે આજની સરકારને સહકાર આપવાની પ્રજા માનસમાં સ્વયંભૂ અને સ્વાભાવિક પ્રેરણા જાગે. આવી વર્તમાન પરિસ્થિતિ વચ્ચે યુદ્ધવિરોધી સત્યાગ્રહના કારણે જેલવાસી બનેલા સત્યાગ્રહીઓને છુટા કરવામાં આવે તેથી કોઇ પણ જાતના મહત્વના ફેરફારની આશા રાખવી એ વધારા પડતું લાગે છે. આમ છતાં પણ સત્યાગ્રહી કેદીઓને મુકત કરવાનું એવું પરિણામ સરકારે કલ્પ્યું હોય ખરૂં કે આજે ગાંધીજીની કાર્યપદ્ધતિ સામે જે મતભેદ પ્રગટ થઇ રહ્યો છે તે બધા આગેવાનો એકત્ર થતાં વધારે ચોક્કસ સ્વરૂપ ધારણ કરે અને પરિણામે આજની આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ ધ્યાનમાં લઇને રાષ્ટ્રીય મહાસભા યુદ્ધવિરોધી સત્યાગ્રહ અને અસહકારની નીતિનો ત્યાગ કરીને યુદ્ધ પ્રયત્નમાં સહકાર આપવાનો ઠરાવ કરે. સંભવ છે કે કદાચ અખિલ હિંદ મહાસભા સમિતિ ગાંધીજીની દોરવણી માન્ય રાખીને યુદ્ધસહકાર ન સ્વીકારે તો પણ મુખ્ય ગણાતા આગેવાનો વચ્ચે સ્પષ્ટ મતભેદોની દીવાલો ઉભી થાય એ પણ રાજકારણની દૃષ્ટિએ બહુ અગત્યનું પરિણામ ગણાય. આજે જે જે જાહેર નિવેદનો જુદા જુદા અગ્રણીઓ તરફથી કરવામાં આવે છે તે ઉપરથી જણાય છે કે ગાંધીજી તો પોતે પોતાના કાર્યક્રમ ઉપર મૂળ જ મકકમ છે. રાજેન્દ્રબાબુ તથા વલ્લભભાઈ પટેલ ગાંધીજીની સાથે જ છે. પંડિત જવાહિરલાલ નહેરૂ પણ સરકારની આખી રાજ્યનીતિ

મૂળમાંથી પલટાય નહિ અને હિંદને સ્વાધીન બનાવવામાં ન આવે ત્યાં સુધી યુધ્ધપ્રયત્નમાં સહકાર આપવાની વાત સાંભળવાને પણ તૈયાર ન હોય એમ લાગે છે. અબુલકલામ આઝાદ પણ સરકારની રાજનીતિમાં એવું કશું દેખતા નથી કે જેથી કોંગ્રેસે અખત્યાર કરેલું વળણ બદલવાની જરૂર ગણાય. બીજી બાજુએ રાજગોપાલાચાર્ય, ભુલાભાઇ દેસાઇ, સત્યમૂર્તિ, કનૈયાલાલ મુનશી સરકાર સાથે વાટાઘાટ કરીને સરતી સહકાર આપવા તરફ ઢળતા હોય એમ દેખાય છે. શ્રી રાજગોપાલાચાર્યનું મહત્વ અવગણી શકાય તેમ છે જ નહિ. તેમની રાષ્ટ્રનિષ્ઠા કે પ્રમાણિકતા વિષે પણ એ મત હોઇ શકે જ નહિ. સંભવ છે કે તેમનો વિચારપક્ષ વધારે વાસ્તવવાદી હોય. ડીસેંબરની ૨૩ મી તારીખે મહાસભાની કાર્યવાહક સમિતિ મળશે. તે આખી પરિસ્થિતિનો ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી વિચાર કરીને ત્યાર બાદ થોડા સમયમાં મળનાર અખિલ હિંદ મહાસભા સમિતિને દોરવણી આપશે. આપણી ચોતરફના સંયોગો કોઇ પણ સામાન્ય માનવીને કિંકર્તવ્યમૂઢ બનાવી દે તેવા છે. વિશ્વવિગ્રહની વિસ્તરતી વિષજ્વાળાઓ, સરકારની શાહીવાદી રાજનીતિ, દેશની કોમી પરિસ્થિતિ, પાકીસ્તાનનું ભુતાવળ, સુમાન્ય નેતાઓ વચ્ચે મહત્વના મતભેદો, પોતાના જનમાલના રક્ષણની ચિન્તા-આ બધાં તત્વો સામાન્ય મતિને મુંઝવે તેવાં છે અને સાચું માર્ગદર્શન પામવામાં ભારે અન્તરાય રૂપ છે. ગમે તેમ હોય પણ મહાત્મા ગાંધીજી અને પંડિત જવાહિરલાલજી બન્ને જ્યાં સુધી એક બાજુએ છે ત્યાં સુધી રાષ્ટ્રીય મહાસભા બીજી બાજુની નેતાગીરી સ્વીકારે એ હાલના સંયોગોમાં તો સંભવિત નથી લાગતું. આમ છતાં પણ આજે કોઇ પણ નિશ્ચિત પ્રતિપાદન શકય છે જ નહિ. **પરમાનંદ.**

(પૃષ્ઠ ૧૫૩ થી ચાલુ)

સંઘનું રાષ્ટ્રવાદિત્વ નિરપવાદ છે અને કોમી છતાં પ્રાગતિક હોવાનો દાવો કરતી અન્ય સંસ્થાઓને અનુકરણીય છે.

સંઘનો રાષ્ટ્રવાદી અને ક્રાન્તિકારી હોવાનો દાવો ઘણો મોટો છે અને તે માત્ર શબ્દોમાં પોકાર્યે સિધ્ધ થયો સમજવાનો નથી. તે માંગે છે સંઘના બંધારણમાં દર્શાવવામાં આવેલા શિસ્તનિયમોનું અક્ષરશઃ પાલન અને જે વિચારો અને અભિપ્રાયોનો સ્વીકાર આ સંઘમાં જોડાવા માટે જરૂરી છે તે વિચારો અને અભિપ્રાયોનો પોતપોતાના જીવનમાં બની શકે તેટલો અમલ. આ બાબત તરફ સર્વ સભ્યોનું હું ખાસ ધ્યાન ખેચું છું. હજુ આજ સુધી આપણી કાર્યવાહીએ શિસ્તપાલન ઉપર જોઇએ તેટલો ભાર મુકયો નથી, પણ સંઘને ખરેખર પ્રાણવાન બનાવવા માટે આ બાબત વધારે લક્ષ્યમાં લેવાની જરૂર છે. કોઇ પણ રીતે સભ્યોની સંખ્યા વધે એ ધોરણ ખોટું છે. અનિષ્ટ છે. એમ કરવાથી આપણે કશી પ્રગતિ સાધી શકવાના નથી. થોડા પણ સાચા માણસો એજ કોઇ પણ સંસ્થાનું ખરું બળ છે. આજે પણ હું દરેક સભ્યને સંઘના ઉદ્દેશો, અભિપ્રાયો અને મન્તવ્યો તેમજ શિસ્તનિયમો ફરી ફરી જોઇ જોવા-વિચારી લેવા વિનંતિ કરું, તે મુજબ પોતપોતાનું વર્તન ઘડવાનો તેઓ પાકો નિશ્ચય ધારણ કરે એમ હું માંગું. અને વધારે વિચાર કરતાં સંઘની આવી અપેક્ષાને વિચારમાં કે આચારમાં પોતે પહોંચી શકે એમ નથી એમ જેને લાગે તે સંઘથી પહેલી તકે છુટો થાય એમ હું ઇચ્છું. સભ્ય થવા ઇચ્છનાર ભાઇબહેનો પણ બધી બાબતનો પુરો વિચાર કરીને જ સંઘમાં જોડાવાનો વિચાર કરે એવી હું અપેક્ષા રાખું. આવી રીતે સંશોધન પામેલો સંઘ જ સમાજમાં સાચી ક્રાન્તિ નીપજાવવાનું સામર્થ્ય દાખવી શકશે.

આપણો સંઘ એમ શક્તિસીમા જલ્દીથી પ્રાપ્ત કરે અને રાષ્ટ્ર ઉન્નતિમાં મહત્વનો ફાળો આપવા ભાગ્યશાળી થાય એવી આપણે પ્રાર્થના કરીએ.

અર્થશાસ્ત્રની દૃષ્ટિએ ખાદી

જેલમાં એક સમાજવાદી મિત્ર જે અર્થશાસ્ત્રના પણ સારા અભ્યાસી છે તેમની સાથે ખાદીની ઉત્પત્તિ આર્થિક દૃષ્ટિએ હિતકારક છે કે નહિ તે વિષે વાત થયેલી તેનો સાર નીચે આપ્યો છે:—

અર્થશાસ્ત્રના નિયમોનો ઉપયોગ કરવામાં દરેક દેશે પોતાની પરિસ્થિતિ તપાસીને વર્તવું જોઇએ. અર્થશાસ્ત્રનો ઉદ્દેશ દેશ અથવા સમાજના મનુષ્યોનું હિત સાધવાનોજ જ હોઇ શકે, તેથી દરેક દેશે પોતાની પરિસ્થિતિ સાથે અર્થશાસ્ત્રને બંધબેસતું કરવું જોઇએ.

સમાજને ઉપયોગી વસ્તુઓ દા. ત. કાપડ ઉત્પન્ન કરવામાં કાચો માલ તો હંમેશાં જોઇએ જ., પણ યંત્રશક્તિ અને મનુષ્યશક્તિ એ બન્નેનું પ્રમાણ કેટકેટલું હોવું જોઇએ તેનો આધાર તે તે દેશની પરિસ્થિતિ પર છે. એટલે કે કાપડ ઉત્પન્ન કરવામાં જે શક્તિ જોઇએ તેનું સમીકરણ આમ બાંધી શકાય.

યંત્ર શક્તિ + મનુષ્ય શક્તિ = કુલ જરૂરી શક્તિ.

જે દેશમાં મનુષ્ય સંખ્યા ઘણી હોય, જ્યાં મનુષ્યો કામના અભાવે બેકાર રહેતા હોય કે ભૂખે મરતા હોય ત્યાં ઉત્પાદન માટે મનુષ્ય શક્તિનો વધારે ને વધારે ઉપયોગ કરવો એ દેશને અર્થશાસ્ત્રની દૃષ્ટિએ ફાયદાકારક છે. આ દૃષ્ટિ કોઇ મુડીદાર કે માલિકની દૃષ્ટિ નહિ, પણ દેશની દૃષ્ટિ છે અને દેશની આર્થિક વ્યવસ્થાની દૃષ્ટિ છે. જ્યારે બધું જ મનુષ્યબળ કામે લાગી જાય અને છતાં વધુ ઉત્પાદનની જરૂર રહે ત્યારેજ યંત્રશક્તિનો ઉપયોગ કરી મનુષ્યશક્તિ ઓછી વપરાય તેવી વ્યવસ્થા કરવી તે યોગ્ય ગણાય. **યંત્રશક્તિ વાપરીને મનુષ્ય શક્તિને બેકાર રાખવી એમાં મનુષ્ય શક્તિનો વ્યય થાય છે, એટલું જ નહિ પણ એ બેકારીના પોષણ માટેનો બોજો પણ દેશ ઉપરજ પડે છે.**

એટલે જે દેશોમાં મનુષ્ય સંખ્યા ઓછી હોય-દા. ત. ઇંગ્લાંડ કે જાપાન-તે ઉત્પાદન વધારવા ખાતર વધુને વધુ યંત્રશક્તિનો ઉપયોગ કરે તો તે તેમના દેશના અર્થશાસ્ત્રની દૃષ્ટિએ યોગ્ય ઠરે; પણ હિંદુસ્તાન જેવો દેશ જ્યાં ઘણી મનુષ્યશક્તિ વપરાયા વિનાની પડી રહી બેજ જાય છે, જ્યાં એ મનુષ્ય બળની બેકારીનો બોજો પણ દેશને જ વેઠવો પડે છે અને જ્યાં યંત્ર ખરીદવા જેટલી દેશની આર્થિક સ્થિતિ નથી, ત્યાં તો યંત્રોનું ઉત્પાદન વધારવા કરતાં મનુષ્યશક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરવો એજ અર્થશાસ્ત્રની નજરે યોગ્ય છે.

એટલા માટે જે જે ઉદ્યોગોમાં મનુષ્ય બળનો ઉપયોગ થઈ શકે ત્યાં ત્યાં બને તેટલો મનુષ્ય બળનો વધારે ઉપયોગ કરવો અને યંત્રશક્તિનો ઓછો ઉપયોગ કરવો એજ યોગ્ય છે. બધું મનુષ્ય બળ વપરાઇ ગયા પછી પણ જો જરૂરીયાત ઊભી રહે તો યંત્ર વાપરવાનો વખત આવશે. પણ હાલ એ પ્રશ્ન ઊભો થતો નથી. વળી જે ઉદ્યોગોમાં યાંત્રિક ઉત્પાદનની જ જરૂર છે–દા. ત. મોટર બનાવવાનો ઉદ્યોગ–ત્યાં પણ આ પ્રશ્ન ઊભો થતો નથી.

બીજા ઉદ્યોગોમાં જ્યાં જ્યાં મનુષ્યબળનો ઉપયોગ શકય છે ત્યાં વધુને વધુ પ્રમાણમાં એને વાપરવું એજ આપણા દેશના અર્થશાસ્ત્રની દૃષ્ટિએ હિતકર છે.

કાપડ એ એવો ઉદ્યોગ છે કે જેમાં મનુષ્યબળનો પહેલેથી છેલ્લે સુધી ઉપયોગ થઈ શકે છે અને એ રીતે બનેલું કાપડ તેનું નામ **ખાદી.**

માટે આપણા દેશના અર્થશાસ્ત્રની દૃષ્ટિએ ખાદી વાપરવી એજ યોગ્ય છે. **શાંતિલાલ હ. શાહ.**

શ્રી મુંબઈ જૈન યુવકસંઘ

વાર્ષિક વૃત્તાન્ત.

(સં. ૧૯૯૭)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આજે તેર વર્ષ પૂરા કરીને ચૌદમા વર્ષમાં પ્રવેશ કરે છે. આ સંઘ આજ સુધીમાં નાની મોટી અનેક અગવડોમાંથી પસાર થયો છે અને જૈન સમાજને વિવિધ પ્રકારની સેવા આપતો રહ્યો છે. પ્રથમ દશકા સાથે જૈન સમાજના દીક્ષા-પ્રકરણનો ઇતિહાસ ગાઢપણે સંકળાયેલ છે. વિ. સં. ૧૯૯૪માં સંઘના બંધારણમાં મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા. એ બંધારણના પરિણામે આ સંઘ જૈન સમાજના એક વિભાગનો મટીને મુંબઇના જૈન સમાજની યુવક જનતાનો પ્રતિનિધિ બન્યો. ક્રાન્તિકારી અને પ્રાગતિક વિચારવાળા ભાઇબહેનો જ આ સંઘના સભ્યો રહી શકે એવી રચના સ્વીકારવામાં આવી. સંઘનું સ્વરૂપ સ્પષ્ટપણે રાષ્ટ્રવાદી બન્યું. સંઘની કાર્યવાહીમાં ભાઇઓ સાથે બહેનો પણ સક્રિયપણે ભાગ લેતી થઇ. આજથી અડી વર્ષ પહેલાં 'પ્રબુદ્ધ જૈન' નવા સ્વરૂપે પ્રગટ થવા માંડ્યું. દોઢ વર્ષ પહેલાં માન્યવર માજી મુખ્ય પ્રધાન બાળાસાહેબ ખેરના હાથે સાર્વજનિક પુસ્તકાલય અને વાંચનાલયની ઉદ્‌ઘાટનક્રિયા કરવામાં આવી. સંઘના સભ્યોની સંખ્યા વધતી વધતી લગભગ ૩૦૦ સુધી પહોંચી. આમ ઉત્તરોત્તર વિકાસ પામતા મુંબઇ જૈન યુવકસંઘનું ગત વર્ષ સંઘે શરૂ કરેલી પ્રવૃત્તિઓને વધારે સ્થિર અને મજબુત બનાવવા પાછળ વ્યતીત થયું છે. આખા વર્ષ દરમિયાન ખાસ કોઇ નવો બનાવ બન્યો નથી અને માંદાની માવજતનાં સાધનો વસાવવા અને જરૂર હોય તેને પૂરા પાડવા એ સિવાય બીજી કોઇ નવી પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી નથી.

'પ્રબુદ્ધ જૈન'

'પ્રબુદ્ધ જૈન'ની લેખ-સામગ્રીની વિવિધતા વધતી જાય છે અને ગ્રાહકસંખ્યા પણ ધીમે ધીમે વૃદ્ધિંગત થઇ રહી છે. આજે સંઘના સભ્યો ઉપરાંત ગ્રાહક-સંખ્યા ૪૦૦ની છે. જે ધોરણ ઉપર 'પ્રબુધ્ધ જૈન' શરૂ કરવામાં આવ્યું હતું તે ધોરણને એક સરખી રીતે વળગી રહેવામાં આવેલ છે અને તેથી 'પ્રબુધ્ધ જૈન' શિષ્ટ વર્ગોમાં સારી રીતે સન્માનિત બન્યું છે. 'પ્રબુદ્ધ જૈન'ના લેખો અન્ય સામયિક તેમજ માસિક પત્રોમાં અવાર નવાર ઉધ્ધૃત થયેલા જોવામાં આવે છે. કાગળના વધતા જતા ભાવો અને ગ્રાહકોની પ્રમાણમાં અલ્પ સંખ્યા, જાહેર ખબર નહિ લેવાનો આગ્રહ અને નિયત કરેલાં આઠ પાનાંને બદલે સાધારણ રીતે દશ અને કદી કદી બાર પાનાની લેખ-સામગ્રી-આવાં કારણોને અંગે 'પ્રબુધ્ધ જૈન' હજુ સુધી પગભર થઇ શકયું નથી, એટલું જ નહિ પણ દર વર્ષે ઠીક ઠીક ખોટ આવ્યા કરે છે. આજ સુધીમાં એટલે 'પ્રબુદ્ધ જૈન' શરૂ કર્યું ત્યારથી આજ સુધીના ગાળામાં 'પ્રબુદ્ધ જૈન' ને મળેલ ભેટની રકમો તેમજ લવાજમ પેટે વસુલ થયેલી રકમો બાદ કરતાં 'પ્રબુદ્ધ જૈન' પેટે રૂા. ૭૪૨-૬-૦ ની ખોટ આ વખતના હિસાબમાં માંડી વાળી છે. આમ છતાં દરેક અંગ્રેજી મહિનાની પહેલી અને પંદરમી તારીખે 'પ્રબુધ્ધ જૈન' ની રાહ જોતો એક મોટો વર્ગ આપણે ઉભો કરી શકયા છીએ અને કોમી છાપાઓમાં શુદ્ધ રાષ્ટ્રીય ધોરણે અને વિશાળ તથા વ્યાપક દૃષ્ટિએ ચાલતું કોઇ પણ પત્ર હોય તો તે 'પ્રબુદ્ધ જૈન' જ છે એવો દાવો ગર્વપૂર્વક કરવાની સ્થિતિએ આપણું મુખપત્ર પહોંચ્યું છે એમ કહેવામાં જરાપણ અતિશયોકિત નથી. એ પત્રની નિષ્ઠા અને દૃષ્ટિમાં જેને જેને વિશ્વાસ આવ્યો હોય તે તે સર્વ જૈન-જૈનેતર વિદ્વાનો, વિચારકો અને કાર્યકર્તાઓને આ પત્રને અપનાવવાની અને વિવિધ વિષયો ઉપર લેખો મોકલીને બનતો સહકાર આપવાની વિનંતિ કરવામાં આવે છે. એવો એક પણ જનકલ્યાણનો પ્રશ્ન નથી કે જેને 'પ્રબુદ્ધ જૈન' માં સ્થાન હોઇ ન શકે. જેણે આજે આખા જગતનું ધ્યાન ખેંચ્યુ છે તે 'અહિંસા' ના પ્રશ્નને 'પ્રબુદ્ધ જૈન' માં અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. સાથે સાથે જૈનસમાજના અંગત પ્રશ્નોની ચર્ચા પણ 'પ્રબુદ્ધ જૈન' કરતું જ આવ્યું છે અને જૈન સમાજમાં બનતાં બનાવો પ્રત્વે જરૂરી માર્ગદર્શન પણ સમયે સમયે કરાવતું આવ્યું છે. 'પ્રબુદ્ધ જૈન'ને જેટલી જરૂર છે વિદ્વાન અને વિચારક લેખકોના સહકારની તેટલી જ જરૂર છે તેની ગ્રાહક સંખ્યામાં સારા પ્રમાણમાં વૃદ્ધિ કરવાની. 'પ્રબુદ્ધ જૈન'ના પ્રશંસકોને અને સંઘના સભ્યોને આ દિશાએ બને તેટલું મદદરૂપ થવા અમારી આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ છે. 'પ્રબુદ્ધ જૈન' જે સુંદર અને વ્યવસ્થિત આકારમાં પ્રગટ થાય છે તે સૂર્યકાન્ત પ્રેસના માલીક અને આપણા સંઘના સભ્ય શ્રી હર્ષચન્દ્રના હાર્દિક સહકારને આભારી છે તે બાબતની અહિં નોંધ લેવી ઘટે છે.

વાંચનાલય અને પુસ્તકાલય

સંઘના સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલયને લગતો વૃત્તાન્ત તેને લગતી સમિતિ તરફથી રજુ કરવામાં આવેલ છે જે આ સાથે પરિશિષ્ટ 'ક' તરીકે જોડેલો છે. એ વૃત્તાન્તમાંથી જાણવા જેવી સર્વ વિગતો મળી શકશે અને આ પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો ત્યારે જે કલ્પના અને ગણુતરી હતી તે કરતાં કેટલા બહોળા પ્રમાણમાં આસપાસ વસતા તેમજ દૂર દૂરના ભાઇ-બહેનો લાભ લઇ રહેલ છે તેનો સાચો ખ્યાલ આવશે. આ પુસ્તકાલય તેમજ વાંચનાલય આજે જ્ઞાનની એક મોટી પરબ જેવું બની ગયું છે. પુસ્તકોના ચાર મોટા કબાટો ભરાઇ ગયા છે અને વધતા જતા પુસ્તકો માટે પાંચમો કબાટ તૈયાર થઇ રહ્યો છે. પુસ્તકાલયના ત્રણ કબાટો સદ્‌ગત વિઠ્ઠલભાઇ સ્મારક ફંડમાંથી બનાવવામાં આવ્યા છે અને ચોથો કબાટ શ્રીમતી ચંચલબહેન છોટાલાલ તરફથી તેમના પતિની યાદગીરીમાં ભેટ મળેલ રકમમાંથી તૈયાર કરાવ્યો છે. પાંચમા કબાટ માટે શ્રી મણિલાલ જેઠાભાઇ તરફથી તેમના પિતાશ્રીની યાદગીરીમાં રૂા. ૫૦૦ની રકમ સંઘને ભેટ મળી છે. શ્રી ચંચળ બ્હેનનો અને ભાઇ મણિલાલ જેઠાભાઇનો તેમજ સંખ્યાબંધ પુસ્તકો ભેટ આપીને પુસ્તકાલયને આટલી જલ્દીથી સમૃધ્ધ કરવા માટે અનેક ભાઇ બહેનોનો અહિં ઉપકાર માનવામાં આવે છે. વાંચનાલય પુસ્તકાલયને લગતા ખર્ચની વિગત પરિશિષ્ટ 'ક'માં આપવામાં આવી છે. ઉપર જણાવેલ પાંચ કબાટ ભરાઇ જવા બાદ વિશેષ કબાટો કે પુસ્તકો રાખવાની સંઘની કચેરીમાં જગ્યા નથી. જૈન ધર્મનાં પુસ્તકો હજુ બહુ મોટા પ્રમાણમાં વસાવવાની જરૂર છે. ગુજરાતી સાહિત્યનો સંગ્રહ પણ હજુ ઘણો અધુરો છે. અંગ્રેજી પુસ્તકો સારા પ્રમાણમાં વસાવવાનો આપણે મોહ નથી રાખ્યો; પણ અગત્યનું એક પણ જૈન ધર્મનું કે ગુજરાતી સાહિત્યનું પુસ્તક આ પુસ્તકાલયમાંથી ન મળે એમ ન બનવું જોઇએ. આ દ્રષ્ટિએ જેમ બને તેમ જલ્દીથી પુસ્તકાલયને પહોંચાડી દેવું એવી અમારી ધારણા છે. પણ તે સ્થિતિને પહોંચવા માટે આ પુસ્તકાલયમાં ઓછામાં ઓછાં દશ હજાર પુસ્તકો જોઇએ. તે રાખવા માટે વધારે કબાટો અને વધારે જગ્યા જોઇએ. આ શુદ્ધ જ્ઞાનસેવાના કાર્યમાં મદદરૂપ બનવા અને આ કાર્યને સ્થાયી સ્થિતિએ પહોંચાડવા આ પ્રવૃત્તિ પ્રત્યે સહાનુભૂતિ

ધરાવતા સંઘના ભાઇ બહેનોને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. મુંબઇ જૈન યુવકસંઘની બીજી પ્રવૃત્તિઓ સાથે કોઇને ગમે તે મતભેદ હોય, પણ આ કાર્ય શુદ્ધ સેવાનું, મતભેદ વિનાનું, કેવળ સાર્વજનિક અને લોકોની એક સાચી જરૂરિયાતને પહોંચી વળનારું છે. આજના યુધ્ધે કેટલાક ભાઇઓને ત્યાં લક્ષ્મીનું પૂર વહેતું કર્યું છે. ઉચિત દાન વડે પોતાનું કે વડિલજનોનું સ્મરણ કાયમ કરવાનો આ એક પુનિત શ્રેયસ્કર માર્ગ છે. આ બાબત તરફ સૌ કોઇ સજ્જન સન્નારીઓનું અમો ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

માંદાની માવજતનાં સાધનો.

ગયા વર્ષ દરમિયાન શ્રી મણિલાલ વાડીલાલ તરફથી રૂા. ૧૦૦૫ ની મદદ મળવાથી માંદાની માવજતનાં સાધનો સંઘની કચેરીમાં વસાવવામાં આવ્યા છે અને નામના ભાડાથી એ સાધનો કોઇ પણ જાતના ભેદભાવ વિના પૂરા પાડવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. આ બાબતને લગતી પત્રિકાઓ દ્વારા યોગ્ય જાહેરાત કરવામાં આવી છે. એમ છતાં પણ આ સાધનોનો જોઇએ તેવો લાભ લોકોએ ઉઠાવ્યો નથી.

પર્યુષણ વ્યાખ્યાનમાળા.

પર્યુષણ વ્યાખ્યાનમાળા આ સંઘની એક વિશિષ્ટ પ્રવૃત્તિ છે. ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા પંડિત સુખલાલજીના અધ્યક્ષપણા નીચે યોજાઇ હતી. કાશી જેવા દૂર સ્થળેથી અનેક અગવડો વેઠીને તેઓ મુંબઇ આવ્યા અને આ વ્યાખ્યાનમાળાનું તેમણે સંચાલન કર્યું તે માટે તેમનો જેટલો ઉપકાર માનવામાં આવે તેટલો ઓછો છે. પં. સુખલાલજીનું ભમત્વ અને સંઘની પ્રવૃત્તિઓ સાથેનું તેમનું તાદાત્મ્ય સૌ કોઇને સુવિદિત છે. સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા જૈન સમાજનું એક મહત્વનું આકર્ષણ બનેલ છે અને તેમાં ચર્ચાતા વિષયોની વિશાળતા અને અસાંપ્રદાયિકતાએ મુંબઇ જેવા મોટા શહેરમાં યોજાતી અનેક વ્યાખ્યાનમાળાઓમાં જુદી જ ભાત પાડી છે. પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં અપાયેલાં વ્યાખ્યાનોની યાદી નીચે મુજબ છેઃ–

વક્તા	વિષય
પંડિત દરબારીલાલજી	સર્વ–ધર્મ–સમભાવ
પંડિત સુખલાલજી	આચાર અને વિચાર
શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ	શ્રી આનંદઘન અને શ્રી યશોવિજયજી
પંડિત દરબારીલાલજી	તપ
શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ	ભગવાન મહાવીરની ત્રિપદી
શ્રી કેશવલાલ દવે	માનવ–જીવન–સંસ્કૃતિમાં ધર્મ અને તેનું કાર્ય
શ્રી ગોપાળરાવ કુલકર્ણી	ગાંધીવાદ
શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	જીવનદૃષ્ટિ
શ્રી ગોપાલરાવ કુલકર્ણી	વર્ધાશિક્ષણયોજના
શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	ગાંધીવાદ અને સમાજવાદ
શ્રી મગનભાઈ દેસાઇ	કબીર અને નાનક
મૌલવી મકબુલ અહમદ	મુસલમાન સંતો
સ્વામી આનંદ	અહિંસા–વ્યક્તિગત અને સામુદાયિક
શ્રી નાનાભાઇ ભટ્ટ	મહાભારત અને રામાયણ
શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ	રામાયણની એક બાજુ
પંડિત સુખલાલજી	આધ્યાત્મિક માર્ગ અને સામાજિક માર્ગ
શ્રી કેદારનાથજી	માનવ જીવનનું ધ્યેય
શ્રી ઉમેદભાઇ મણીઆર	કેટલાંક ભજનો

આ વ્યાખ્યાનમાળાને સફળ બનાવવામાં ભિન્ન ભિન્ન વ્યાખ્યાતાઓ, હીરાબાગ હોલના ટ્રસ્ટીઓ અને ભાંગવાડી થીએટરના માલીકોએ મહત્વનો ફાળો આપ્યો છે, તે સર્વેનો અહિં ઉપકાર માનવામાં આવે છે.

ખાદીહુંડીનું વેચાણ.

છેલ્લાં ત્રણ વર્ષથી સંઘે ગાંધી જયંતીના દિવસો દરમ્યાન ખાદી હુંડીનું વેચાણ હાથ ધરવા માંડયું છે. પહેલા વર્ષમાં રૂા. ૧૯૦૦ ની ખાદીહુંડીનું વેચાણ થયું હતું. બીજા વર્ષમાં રૂા. ૩૦૦૦ ની ખાદીહુંડીનું વેચાણ થયું હતું. વૃત્તાન્તના વર્ષ દરમ્યાન આપણે રૂા. ૮૧૭૬ ની ખાદીહુંડી ખપાવી શકયા છીએ. આ કાર્યમાં સૌથી મોટો ફાળો સૌ. શાંતાબહેન પાટડીઆનો ફાળો છે. તેમણે રૂા. ૩૩૫૮ ની ખાદી હુંડી ખપાવી આપી છે. સૌ. જસુમતી બહેને રૂા. ૧૨૨૫ ની ખાદીહુંડીનું વેચાણ આપ્યું છે. આ બન્ને બહેનોને સંઘના ખાસ ધન્યવાદ ઘટે છે.

સંઘની કચેરીમાં આવેલા મહેમાનો

સંઘની પ્રવૃત્તિઓનો પરિચય વધે અને ભિન્ન ભિન્ન કાર્યક્ષેત્રમાં કામ કરતી વિશિષ્ટ વ્યક્તિઓ સાથે સંઘનો સંપર્ક ઉભો થાય તે આશયથી ગત વર્ષ દરમિયાન કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓનું સંઘની કચેરીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમાંના સૌથી પહેલા રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર સર મણિલાલ બાલાભાઇ નાણાવટી હતા. બીજા મહેમાનો કલકત્તાની જૈન યુવક જનતામાં કાર્ય કરી રહેલ અને 'તરૂણ જૈન'ના સંપાદક શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા અને શ્રી ભેંવરમલ સિંધી હતા. તેમની સાથે મુંબઇ અને કલકત્તાની જૈન સમાજની ભિન્ન ભિન્ન પરિસ્થિતિ વિષે કેટલીક ચર્ચા થઇ હતી. શ્રી મહાદેવ હરિભાઇ દેસાઇ મુંબઇમાં ગુજરાત–કાઠિયાવાડ જલસંકટ નિવારણ ફાળા માટે કેટલોક સમય રહી ગયા તે દરમિયાન તેમણે સંઘની કચેરીમાં આવવા કૃપા કરી હતી અને તેમની સાથે રાજકારણી અહિંસા સંબંધમાં બહુ બોધક ચર્ચા થઇ હતી. એ પ્રસંગે હાજર રહેલા સભ્યોમાંથી જળ–સંકટ નિવારણ કાર્ય માટે રૂા. ૨૩૫) એકઠા કરીને શ્રી મહાદેવભાઇને આપવામાં આવ્યા હતા. શ્રી નાનાભાઇ ભટ્ટ પણ એક દિવસ સંઘની કચેરીમાં આવી ગયા અને આંબલાના અનુભવો સંભળાવવાના નિમિત્તે ગામડાના લોકોની પારાવાર ગરીબીનો આબેહુબ ખ્યાલ આપી ગયા. 'નેશનલ કાઉન્સીલ ઓફ વીમેન'ના ઉપ–પ્રમુખ અને જૈન મહિલા સમાજના પ્રમુખ સૌ૦ તારાબહેન માણેકલાલ પ્રેમચંદ પણ સંઘના નિમંત્રણને માન આપીને સંઘની કચેરીમાં આવ્યા હતા અને તેમની સાથે જૈન મહિલા સમાજ અને મુંબઇ જૈન યુવકસંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ સંબંધમાં કેટલીક ચર્ચા થઇ હતી. અને એકમેક કયાં સહકાર આપી લઇ શકે તે સંબંધે પણ કેટલીક વાતો થઇ હતી.

સંઘે હાથ ધરેલા કેટલાક સામાજિક કીસ્સાઓ.

ગત વર્ષ દરમ્યાન એક યા બીજા પ્રકારની આફતમાં સપડાયલી બહેનોના કેટલાક કીસ્સાઓ–હાથ ધરવાનું બન્યું હતું. આ સંબંધે કેટલીક વિગતો ૧૯૪૧ ના જુલાઇ માસની ૬ ઠી તારીખના 'પ્રબુદ્ધ જૈન' માંથી મળી શકશે. આ દિશાએ બનતી સેવા કરવા સંઘના કાર્યવાહકો આતુર છે, પણ આ બાબતની લોકોને પૂરી જાણ નથી, તેમજ કેટલીક બહેનો આવી મદદ માંગતા હજુ બહુ જ અચકાય છે અને 'નસીબમાં હોય તેમ થાય' એમ વિચારી માથે આવી પડેલા સંજોગોને આધીન બની જાય છે અને ગમે તેવા સીતમ કે અન્યાયને સ્વીકારી લે છે.

આ બાબતમાં અમો જૈન જનતાને જણાવવાની રજા લઇએ છીએ કે આવા કોઇ પણ અન્યાય, ત્રાસ કે મુંઝવણના કીસ્સાઓમાં બનતી રાહત આપવા સંઘની કાર્યવાહી ઉત્સુક છે. આ કાર્યમાં મદદરૂપ થઇ શકે એવી કાર્યકર્તા બહેનો પણ અમારી ચાલુ કાર્યવાહીમાં જોડાયલી છે. એ ઉપરાંત આવા કાર્યમાં જૈન મહિલા સમાજે પણ જરૂર હોંય તેટલો સાથ અને સહકાર આપવા ઇચ્છા દર્શાવી છે. સંઘની આજની તાકાત લક્ષ્યમાં રાખીને આ પ્રવૃત્તિ હાલ તુરત જૈન સમાજ પૂરતી મર્યાદિત રાખવામાં આવી છે.

સંઘનું સ્નેહસંમેલન

ગત વર્ષ દરમિયાન ફેબ્રુઆરી માસની નવમી તારીખે સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના સભ્યો ઉપરાંત જૈન સમાજના કેટલાક સંભાવિત ગૃહસ્થો અને સન્નારીઓને પણ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આવા સંમેલનથી સભ્યો વચ્ચે પરસ્પર ભાઇચારો વધે છે અને અનેક નવી ઓળખાણો તેમજ નવા પરિચયો સધાય છે. આ પ્રસંગે એકત્ર થયેલી મંડળીએ બે કલાક ખૂબ આનંદ અને વાર્તાવિનોદમાં પસાર કર્યા હતા.

સંઘની કાર્યવાહી તથા આર્થિક પરિસ્થિતિ

આજે સંઘના ૨૮૨ સભ્યો છે. આ સંખ્યા લગભગ સ્થાયી છે. પાંચ પંદર સભ્યો ઘટે છે તો પાંચ પંદર વધે છે. ચોક્કસ વિચારો અને અભિપ્રાયો ધરાવનારા ભાઇ બહેનો જ સંઘના સભ્યો થઇ શકે છે. તેથી આ સંખ્યા એકદમ વધી જવા સંભવ નથી. એમ છતાં જે વિચારો અને અભિપ્રાયો ઉપર સંઘ ભાર મૂકે છે તે વિચારો અને અભિપ્રાયો આજે વધારે ને વધારે સુમાન્ય બનતા જાય છે. તેથી સંઘના સભ્યો ધ્યાનમાં લે અને ઉચિત પ્રયત્નો કરે તો આજની સભ્યસંખ્યામાં સહેજે સારો વધારો થઇ શકે તેમ છે.

વૃત્તાન્તના વર્ષ દરમ્યાન એક વાર્ષિક સામાન્ય સભા અને કાર્યવાહક સમિતિની કુલ ૧૦ સભાઓ મલી હતી. કાર્યસાધક હાજરીના અભાવે કાર્યવાહક સમિતિ મુલતવી રાખવાનું બાજે જ બન્યું છે. આ સાથે જોડેલ પરિશિષ્ટ 'ખ' માં આપેલ આવક જાવકનો હિસાબ અને સરવૈયા ઉપરથી માલુમ પડશે કે ગયા વર્ષમાં આવક રૂા. ૨૩૪૭-૨-૬ ની થઈ છે. અને ખર્ચ રૂા. ૨૭૭૫-૧-૬ નો થયેલ છે. પરિણામે રૂા. ૪૨૭-૧૫-૦ ની ગયા વર્ષ દરમ્યાન ખોટ આવી છે.

વૃત્તાન્તના વર્ષ દરમિયાન કેટલાક ગૃહસ્થો તરફથી સંઘને જે નાની મોટી રકમોની ભેટ મળી છે તેની યાદી નીચે પ્રમાણે છે.

૨૦૦	શ્રી	કકલભાઇ બી. વકીલ
૧૫૧	,,	એક ગૃહસ્થ
૧૦૧	,,	મણિલાલ મોકમચંદ શાહ
૧૦૧	,,	કેશવલાલ મંગલદાસ
૧૦૧	,,	ભીખાભાઇ ભુદરભાઇ કોઠારી
૧૦૧	,,	હેમચંદભાઇ અમરચંદભાઇ
૧૦૦	,,	અમીચંદ ખેમચંદ શાહ
૧૦૦	,,	ધીરજલાલ નેમચંદભાઇ
૭૫	,,	ચંદુલાલ વર્ધમાન શાહ
૭૫	,,	કાંતિલાલ ભોગીલાલની કું.
૫૧	,,	ચીમનલાલ એમ. પરીખ
૫૧	,,	ચીમનલાલ પી. શાહ
૫૧	,,	દુર્લભજી ઉમેદચંદ પરીખ
૫૦	,,	ચીમનલાલ પોપટલાલ મહેતા
૫૦	શ્રી	હીરાલાલ અમૃતલાલ શાહ
૫૦	,,	ટી. જી શાહ
૫૦	,,	તારાચંદ એલ. કોઠારી
૨૫	,,	સરૂપચંદ એન. શ્રોફ
૨૫	,,	ચીમનલાલ ચકુભાઇ
૨૫	,,	સુમતીચંદ પુલચંદ વેલજી
૨૫	,,	વલ્લભદાસ પુલચંદ મહેતા
૨૫	,,	ગોકલદાસ મગનલાલ
૨૫	,,	પરમાનંદ કુંવરજી કાપડીઆ
૨૫	,,	જેઠાલાલ રામજીભાઇ
૨૫	,,	જયંતિલાલ કેશવલાલ કાપડીઆ
૨૫	,,	શાંતિલાલ હ. શેઠ
૨૫	,,	રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૫	,,	નાનચંદ શામજીભાઇ
૧૫	,,	એન. એમ. શેઠ
૧૫	,,	મોહનલાલ આર. પરીખ
૧૫	,,	મનસુખલાલ હીરાલાલ લાલન
૧૭૭૭		

આ સર્વે બંધુઓનો અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

સંઘ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનાર ગૃહસ્થો તરફથી મળેલાં ત્રણ વર્ષ સુધી સંઘને ચોક્કસ રકમ આપવાના વચનો આ વર્ષની આખરે પૂરા થાય છે. પુસ્તકાલયમાં નવા પુસ્તકો ન લઇએ તો પણ સંઘના માથે ઓછામાં ઓછા વાર્ષિક રૂા. ૨૨૦૦) ના ખર્ચનો બોજો હંમેશને માટે ઉભો છે. આ ખર્ચને પહોંચી વળવા માટે એવું એક ફંડ એકઠું થયું જોઇએ અથવા તો મેળવવું જોઇએ કે જેથી અમુક વર્ષ સુધી ખર્ચ કયાંથી અને કેમ મેળવવો એ પ્રશ્નથી સંઘ તદ્દન નિશ્ચિન્ત રહે. આ દિશાએ બનતું કરવાની સંઘના દરેક સભ્યની ખાસ ફરજ છે. સંઘમાં જોડાયેલા સભ્યો મોટે ભાગે સાધારણ સ્થિતિના છે એમ છતાં આજે ચાલી રહેલા યુદ્ધના અસાધારણ સંજોગોએ કેટલાક સભ્યોને ઠીક ઠીક કમાણી કરાવી છે. પાસે કશી પણ સ્થાયી મુડી ન હોવા છતાં સંઘે ચાલુ ખર્ચની જવાબદારી સભ્યોના સહકાર અને જરૂર પડયે કોઈ પણ સ્થિતિને પહોંચી વળવાની તેમણે આજસુધી દેખાડેલી તત્પરતા ઉપર શ્રદ્ધા અને આધાર રાખીને ઉપાડવામાં આવી છે. આજે ચાલી રહેલી પ્રવૃત્તિઓ સુખપૂર્વક ચલાવવામાં આર્થિક દૃષ્ટિએ આપણને ભવિષ્યમાં જરા પણ વાંધો ન આવે એવી સંઘની દ્રવ્યસ્થિતિ સદ્ધર બનાવી લેવાનો આજે અવસર છે. આપણે બધા જો આ બાબત બરોબર ધ્યાનમાં લઇએ તો એ સ્થિતિ આપણે જલ્દીથી નીપજાવી શકીએ તેમ છે એમ અમને લાગે છે. વળી વાંચનાલય પુસ્તકાલય શરૂ કર્યા ત્યારે વ્યાયામશાળાનો પણ આપણા કાર્યક્રમમાં આપણે સમાવેશ કર્યો છે તે બાબતનું અહિં સ્મરણ કરાવવું જરૂરી છે. વ્યાયામશાળા પણ સારા પ્રમાણમાં દ્રવ્યની અપેક્ષા રાખે છે. સંઘના સભ્યો ઉપર જણાવેલી બાબતો લક્ષમાં લે અને પોતે ઉત્સુકતા અને ખંતથી સક્રિય બને અને સંઘની રચનાત્મક બાજુ વિશેષ અને વિશેષ વિકસાવવામાં બને તેટલી મદદ કરે એવી તેમને અમારી આગ્રહ ભરી વિજ્ઞાપના છે.

મણિલાલ મોકમચંદ શાહ
પ્રજલાલ વરમચંદ મેઘાણી
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

પરિશિષ્ટ ક

સંઘના સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલયનો વાર્ષિક વૃત્તાંત.

(વાંચનાલય-પુસ્તકાલય સમિતિએ કાર્યવાહક સમિતિ સમક્ષ રજુ કરેલો વાર્ષિક વૃતાંત.)

ઝવેરી બજાર જેવા ભરચક લત્તામાં એક સારા અને સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલયની ખાસ જરૂર હતી. આ જરૂરીયાતને પહોંચી વળવા માટે આપણા યુવકસંઘે તા. ૧૭-૮-૪૦ ના રોજ મુંબઇ ઇલાકાના માજી વડા પ્રધાન બાળાસાહેબ ખેરના હાથે ઉદ્‌ઘાટન ક્રિયા કરાવી એક સાર્વજનિક વાંચનાલય તથા પુસ્તકાલયની શરૂઆત કરી છે.

વાંચનાલય.

આ વાંચનાલયનો ચાલુ સાલ દરમિયાન ૨૩૧૬૨ માણસોએ લાભ લીધો છે, એટલે સરેરાસ લગભગ ૬૫ માણસો લાભ લઇ રહ્યા છે. વાંચનાલયમાં કુલ્લે ૪૪ પત્રો આવે છે તેમાં દૈનિક ૫, અઠવાડિક ૭, પાક્ષિક ૭, અને માસિક ૨૫, અને ભાષામાં ગુજરાતી ૩૬, હિંદી ૫, અને અંગ્રેજી ૩, નો સમાવેશ થાય છે.

—: વાંચનાલયમાં આવતા પત્રોની યાદી :—

દૈનિક—૧ મુંબઇ સમાચાર ૨ જન્મભૂમિ ૩ વંદે માતરમ 4 The Times of Iinda 5 The Free Press Journal. કુલ ૫.

સાપ્તાહિક–૧ જૈન ૨ મુંબઇ સમાચાર ૩ જૈન પ્રકાશ ૪ પુલકાબ્ધ ૫ જૈન સંદેશ ૬ પ્રજાબંધુ ૭ અમદાવાદ મ્યુનિસિપાલીટી સમાચાર.

પાક્ષિક—૧ પ્રબુદ્ધ જૈન ૨ ભગિની સમાજ પત્રિકા ૩ ખાદી પત્રિકા ૪ જ્યોતિર્ધર ૫ સમયધર્મ ૬ ભાવનગર સમાચાર ૭ શાસન સુધાકર.

માસિક—૧ શ્રી જીવદયા ૨ નઇદુનિયા ૩ શ્રી ગૌગ્રાસ ૪ શ્રી કચ્છી દશા ઓસવાળ પ્રકાશ ૫ કવિતા ૬ નૂતન વ્યાયામ ૭ પ્રસ્થાન ૮ ઊર્મિ ૯ નવરચના ૧૦ અનેકાન્ત ૧૧ કિશોર ૧૨ શ્રી આત્માનંદ પ્રકાશ ૧૩ સ્ત્રી જીવન ૧૪ યુવક ૧૫ ધરશાળા ૧૬, કુમાર ૧૭ શિક્ષણ અને સાહિત્ય ૧૮ જીવનવિકાસ ૧૯ સુવાસ ૨૦ નવચેતન ૨૧ તરૂણ ઓસવાલ ૨૨ શ્રી જૈન સત્ય પ્રકાશ ૨૩ શિક્ષણ પત્રિકા ૨૪ શ્રી જૈન ધર્મ પ્રકાશ ૨૫ The Modern Review.

પુસ્તકાલય

આપણા પુસ્તકાલયમાં વર્ષની આખર સુધીમાં ૩૪૨૩ પુસ્તકો એકત્ર થઈ છે, શકયાં જેમાં ૬૩૭, જૈનધર્મને લગતા છે. ભાષામાં-ગુજરાતી ૨૨૮૬, અંગ્રેજી ૨૪૦, હીંદી ૧૭૯, સંસ્કૃત ૧૭૧, પ્રાકૃત ૧૧, માગધી ૧૪. મરાઠી ૧૧, અને બાળબોધ ૧૧, છે. પુસ્તકાલયની પ્રવૃત્તિ અંગે સહાનુભૂતિ ધરાવનાર ભાઇઓ અને બહેનો તરફથી ચાલુ સાલમાં ૮૫૯, અને ગઇ સાલમાં ૧૭૪૭ મળી કુલ ૨૬૦૬, પુસ્તકો ભેટ મળ્યાં છે અને ૮૧૭ પુસ્તકો ખરીદવામાં આવ્યા છે. કશા પણ લવાજમ સિવાય રૂા. ૩૦ ડીપોઝીટ લઇને પુસ્તકો વાંચવા માટે સૌને આપવામાં આવે છે, આવી રીતે ચાલુ સાલમાં ડીપોઝીટ મુકીને પુસ્તકાલયનો લાભ લેનારાની સંખ્યા ૩૭૬ ની છે અને વાંચવા માટે ૬૦૦૦ પુસ્તકો અપાયાં છે.

ખર્ચ

વાંચનાલય તથા પુસ્તકાલય પાછળ ચાલુ સાલમાં થયેલ ખર્ચમાં નોકરનો રૂા. ૫૭૦) નવા પુસ્તક ખરીદના રૂા. ૩૬૫-૫-૦ ફરનીચરના રૂા. ૧૧૬-૪-૦, પરચુરણ રૂા. ૬૨-૬-૦ પોસ્ટખર્ચના રૂા. ૫-૩-૬ અને પેપર તથા માસિક પત્રોના લવાજમના રૂા. ૧૦૫-૭-૦ માંથી રદી પસ્તીના વેચાણના રૂા. ૩૮-૮-૦ જતાં રૂા. ૬૬-૧૫-૦ એમ કુલ્લે ખર્ચ રૂા ૧૨૧૭-૧૩-૬ થયો છે. વાંચનાલય અને પુસ્તકાલયના ખર્ચનો આપણા સંઘને ત્રણ વર્ષની મદદના વચનો મળ્યાં છે તેમાંથી જે રકમ આવે છે અને જે છુટક ભેટ મળે છે તેમાંથી નિભાવ થાય છે. ૧૯૪૮ ની આખેરી આ ત્રણ વર્ષ પુરાં થાય છે. એટલે આપણી આર્થિક સ્થિતિનો ખ્યાલ કરી આપણે આજથી જ સાવધ થવાની જરૂર છે. વાંચનાલય અને પુસ્તકાલયનો વિચાર કરતાં એ પ્રવૃત્તિ જે વેગ લઇ રહી છે, તે વેગમાં વધારો કરવાની અને તેને સમૃદ્ધ બનાવવાની ખાસ જરૂર છે. આ માટે માસિક, વાર્ષિક જે ભેટો મળે છે તેના ઉપર કાયમી ખાતા નભાવવા ઘણીવાર મુશ્કેલ બને છે અને તેવી કાયમી સંસ્થા પાસે કાયમી ફંડ જેવી સ્થિતિ હોય તોજ આપણે તેવી સંસ્થાઓ ચલાવવા સંબંધમાં નિશ્ચિન્ત થઇ શકીએ. આથી આપણા યુવક સંઘે આવા રચનાત્મક કાર્યને જીવંત રાખવા કાયમી ફંડની શરૂઆત કરવાની જરૂર છે.

અમીચંદ ખેમચંદ શાહ
મંત્રી, વાંચનાલય–પુસ્તકાલય.

સંઘ સમાચાર

વાર્ષિક સામાન્ય સભા

તા. ૭-૧૨-૪૧ રવિવારના રોજ શ્રી ચંદુલાલ વર્ધમાન શાહના નિવાસસ્થાન ઉપર શ્રી મુંબઇ જૈન યુવકસંઘની વાર્ષિક સામાન્ય સભા મળી હતી. આ સભામાં ૬૦ સભ્યોએ હાજરી આપી હતી. ગઇ સામાન્ય સભાનો વૃત્તાન્ત વંચાયા બાદ સંઘના પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ પ્રારંભમાં કેટલીક પ્રસ્તુત બાબતોનું વિવેચન કર્યું; ત્યારબાદ ગયા વર્ષનો વૃત્તાન્ત, આવક જાવકનો હિસાબ, સરવૈયું તથા આવતા વર્ષનો અંદાજ ખર્ચ ક્રમસર મંત્રી તરફથી રજુ કરવામાં આવ્યા અને તે સર્વ બાબતો મંજુર થયા બાદ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોની ચુંટણીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું જેનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ પ્રમુખ
,, ચીમનલાલ ચકુભાઇ શાહ ઉપપ્રમુખ
,, મણિલાલ મોકમચંદ શાહ, ,, વૃજલાલ ધરમચંદ મેઘાણી } મંત્રીઓ
,, અમીચંદ ખેમચંદ શાહ કોષાધ્યક્ષ

કાર્યવાહક સમિતિના સભ્યો

શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ
,, રતિલાલ ચીમનલાલ કોઠારી
,, લીલાવતી બહેન દ્વેવીદાસ
,, વેણીબહેન વિનયચંદ કાપડીઆ
,, તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી

,, વલ્લભદાસ પ્રેમચંદ મહેતા
,, શાંતિલાલ હરજીવન શાહ
,, જસુમતીબહેન મનુભાઇ કાપડીઆ
,, મનસુખલાલ હીરાલાલ લાલન
,, હર્ષચંદ્ર કપુરચંદ દોશી
,, ખીમચંદ મગનલાલ વોરા
,, વિદ્યાબહેન પરમાનંદ કાપડીઆ
,, ચંદ્રાબહેન તારાચંદ કોઠારી
,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
,, નાનચંદ શામજીભાઇ

તા. ૧૨ મીની રોજ મળેલી નવી કાર્યવાહક સમિતિની સભાએ નીચે જણાવેલ વધારાના સભ્યો ચુંટી કાઢયા છે.

શ્રી રમણલાલ ચંદુલાલ શાહ
,, મનુભાઇ ગુલાબચંદ કાપડીઆ
,, ભાનુકુમાર જૈન

શ્રી મણિલાલ જેમલ શેઠનું સ્વાગત

ઉપર જણાવેલ સંઘની વાર્ષિક સભા દરમિયાન બાર માસનો જેલ નિવાસ પુરો કરીને તાજેતરમાં છુટેલા શ્રી. મણિલાલ જેમલ શેઠનું સંઘના પ્રમુખ તરફથી સ્વાગત કરતાં જણાવ્યુ હતું કે 'બાર માસના લાંબા ગાળે આપણા એક સાથીને ફરીને મળતાં આપણને સૌ કોઇને ખૂબ આનંદ થાય એ સ્વાભાવિક છે. જેણે પ્રજાની સેવાને જ પોતાના જીવનમાં પ્રધાન સ્થાન આપ્યું છે અને માતાની હાકલ પડયે કોઇ પણ ભોગ આપવાને જે સદા તત્પર છે એવા અમુક સભ્યો આપણા સંઘને પ્રાપ્ત થયા છે. આ હકીકત સંઘના ગૌરવ અને પ્રતિષ્ઠામાં ખરેખર ખૂબ વધારો કરે છે. આપણા મણિભાઇ એમાંના એક છે એ આપણે સૌ જાણીએ છીએ, આજના અનિશ્ચિત રાજકારણમાં જેટલો વખત મણિભાઇ છુટા રહેવા પામે તેટલો વખત તેમનાં અનેક અન્ય રોકાણો સાથે સંઘને પણ બનતી સેવા આપે એવી હું માંગણી કરું છું. શ્રી મણિલાલ જેમલ શેઠે જવાબ આપતાં જણાવ્યું કે "આજે કેવળ શબ્દોમાં જેલ જનારનું કે જેલમાંથી પાછા ફરનારનું સ્વાગત કરીને સંતોષ માન્યે નહિ ચાલે. દિવસાનુદિવસ વધારે ને વધારે કપરો કાળ આવતો જાય છે. આપણી આઝાદી સહેલાઇથી હાંસલ થવાની નથી. તે પાર વિનાનો આત્મભોગ અને બલિદાન માંગશે. તેવા પ્રસંગે જે સંઘના સભ્યો આજે મારૂં સ્વાગત કરે છે તેઓ પોતાથી બનતો ભોગ આપવામાં પાછી પાની ન કરે એમ હું ઇચ્છું છું." ત્યાર બાદ પુષ્પહાર વડે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

સંઘનું સ્નેહ સંમેલન

સંઘની વાર્ષિક સભાને અંતે શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ તરફથી સંઘનું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું અને એ પ્રસંગે સંઘના સભ્યો ઉપરાંત બીજાં પણ કેટલાંક ભાઇબહેનોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. સુનિયોજિત ઉપાહાર સામગ્રીવડે એકત્ર થયેલી મંડળીનું સુંદર આતિથ્ય કરવામાં આવ્યું હતું અને સૌ કોઇએ મિષ્ટ વાર્તાવિનોદમાં તે દિવસની સાંજ પસાર કરી હતી.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવકસંઘ.

(પૃષ્ટ ૧૫૨ થી ચાલુ)

આવશે નહિ. આવી બાબતોમાં જરૂર જણાયે સરકારી કાયદાઓ કરાવવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં પણ આ યુવકસંઘ પાછી પાની કરશે નહિ.

(૧) આવીજ રીતે સમાજ અને ધર્મને લગતા અનેક પ્રશ્નો ઉપર પોતાના વિચારો છુટથી જાહેરમાં રજુ કરવાનો દરેક વ્યક્તિને હક્ક છે એમ આ યુવકસંઘ માને છે અને તેથી જ્યારે જ્યારે આવા હક્ક ઉપર સંઘબહિષ્કાર, જ્ઞાતિબહિષ્કાર કે એવી બીજી કોઇ રીતે કોઇ પણ સંઘ કે જ્ઞાતિ તરફથી આક્રમણ કરવાનો પ્રયત્ન કે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે ત્યારે ત્યારે તેવા પ્રયત્ન કે પ્રવૃત્તિનો બનતો સામનો કરવાનું આ યુવકસંઘ ચુકશે નહિ.

(ઘ) આ યુવકસંઘનું મુખ્ય કાર્યક્ષેત્ર જૈન સમાજ રહેશે એમ છતાં પણ આ યુવકસંઘ રાષ્ટ્ર અને વિશાળ સમાજના હિતને પ્રાધાન્ય આપીને પોતાની પ્રત્યેક પ્રવૃત્તિનું સંચાલન કરશે અને રાષ્ટ્રહિતને બાધક એવી કોઇ પણ પ્રવૃત્તિ આ યુવકસંઘ કદિ હાથ ધરશે નહિ.

(ઙ) સામાજિક પ્રશ્નો પરત્વે આ યુવકસંઘની સર્વ પ્રવૃત્તિઓ નીચે જણાવેલ ધ્યેય અને ધોરણ સ્વીકારીને યોજવામાં આવશે.

(૧) સમાજરચના અને વ્યવહારમાં સ્ત્રી અને પુરૂષની સાર્વત્રિક સમાનતા સ્વીકારાવી જોઇએ.

(૨) જ્ઞાતિબંધનો, અનિષ્ટ લગ્નો, કુરૂઢિયાત વૈધવ્ય, અસ્પૃશ્યત્વ આદિ કુરૂઢિઓનો નાશ થવો જોઇએ.

(૩) વ્યક્તિસ્વાતંત્ર્યને સમાજજીવનમાં ખુબ અવકાશ મળવો જોઇએ.

(ચ) રાજકીય બાબતો પરત્વે સંપૂર્ણ સ્વાતંત્ર્યના ધ્યેયને આ યુવકસંઘ સ્વીકારતો હોઇને તે દિશાએ કાર્ય કરતી અને અહિંસા અને સત્યના માર્ગે પ્રજાજીવનનું નિયમન કરતી રાષ્ટ્રીય મહાસભાના વિવિધ કાર્યક્રમને આ યુવકસંઘ બને તેટલો સક્રિય ટેકો આપશે.

શિસ્ત નિયમો.

આ યુવકસંઘમાં જોડાનાર સભ્ય પાસે નીચે મુજબના પાલનની અપેક્ષા રાખવામાં આવે છે.

(૧) દરેક સભ્ય રાષ્ટ્રીય મહાસભાનો સભ્ય હોવો જ જોઇએ. (અપવાદ:-જે સભ્ય યોગ્ય ઉંમરના વાંધાને લીધે રાષ્ટ્રીય મહાસભાનો સભ્ય થઇ શકે તેમ ન હોય તેને આ નિયમ લાગુ પડશે નહિ.)

(૨) દરેક સભ્યે પહેરવેશમાં સ્વદેશી વસ્ત્રોનો જ અને બની શકે તો ખાદીનો ઉપયોગ કરવો જોઇશે.

(૩) દરેક સભ્યે પોતાના જીવનવ્યવહારમાં અસ્પૃશ્યત્વની રૂઢિને તિલાંજલિ આપવી જોઇશે.

(૪) કોઇ પણ અનિષ્ટ લગ્નમાં આ સંઘનો સભ્ય ભાગ લઇ શકશે નહિ.

(૫) કોઇ પણ જ્ઞાતિનું અધિકારપદ આ સંઘનો સભ્ય સ્વીકારી શકશે નહિ.

(૬) કોઇ પણ અયોગ્ય દીક્ષામાં આ સંઘનો સભ્ય ભાગ લઇ શકશે નહિ.

(૭) દેવદ્રવ્યના નામે થતી આવકનો જનકલ્યાણના કાર્યમાં ઉપયોગ કરવાનો પ્રબંધ થયો ન હોય એવાં મંદિરોની આવકમાં ઘી બોલીને કે તેના ફંડફાળામાં પૈસા ભરીને આ સંઘનો સભ્ય વધારો કરશે નહિ.

(૮) આ સંઘનો સભ્ય એક પત્નીની હયાતિમાં બીજી પત્ની કરી શકશે નહિ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

મુંબઈ જૈન યુવક સંઘ.

સંવત ૧૯૯૭ ના કારતક શુદી ૧ થી આસો વદી ૦)) સુધીનો આવક જાવકનો હીસાબ.

જ				ઉ			
૧૭૭૮	૦	૦	ભેટ ચાલુ વર્ષમાં	૧૩૪૭	૧૫	૦	શ્રી ખર્ચની વીગત
૩૦૦	૦	૦	શ્રી પેટ્રન મેમ્બરના				
૨૫૬	૮	૦	શ્રી સામાન્ય સભ્યના લવાજમ				
		૮ ૦ ૦	સં. ૧૯૯૫				
		૭૭ ૮ ૦	સં. ૧૯૯૬				
		૬૧૧ ૦ ૦	સં. ૧૯૯૭				
		૬૯૬ ૮ ૦					
		૪૪૦ ૦ ૦	પ્રબુદ્ધ જૈનનો (હવાલો)				
		૨૫૬ ૮ ૦					
૧૦	૦	૦	ઇન્ડીયા બેંકમાંથી વ્યાજના.				
૨	૧૦	૬	શ્રી પુસ્તક વેચાણ				
			૨૩૪૭ ૨ ૬				
૪૨૭	૧૫	૦	આવક કરતા ખર્ચ વધારે				
			૨૭૭૫ ૧ ૬				

				૧૩૪૭	૧૫	૦	શ્રી ખર્ચની વીગત
				૫૧૬	૦	૦	મકાન ભાડા
				૪૦૬	૫	૬	માણસોના પગાર
				૨૪૮	૫	૩	વ્યાખ્યાનમાળા
				૬૧	૬	૬	ખર્ચ ખાતે પરચુરણ
				૨૩	૮	૦	સ્ટેશનરી ખાતે
				૨૧	૬	૬	પોસ્ટ ખાતે
				૩૪	૧૨	૦	છપામણી
				૬	૦	૦	કલાર્ક અમીચંદના માંડી-
				૧૩૪૭	૧૫	૦	વાળ્યા તે
				૭૪૨	૬	૬	શ્રી પ્રબુદ્ધ જૈન પેપરને અંગે આવક કરતા ખર્ચ વધારે આવક જાવકના હીસાબ મુજબ
				૬૮૪	૧૧	૬	શ્રી લાયબ્રેરી અંગે ખર્ચના આવક જાવકના હીસાબ મુજબ
				૨૭૭૫	૧	૬	

સરવૈયું

જ				ઉ			
૧૦૦	૦	૦	શ્રી રીઝર્વ ફંડ ખાતે જમા	૧૧૫૮	૧૫	૦	ઈંડીયા બેંક પાસે લેણા
૧૦૭૧	૧૦	૬	શ્રી આવક જાવકના ખાતે	૧૦૩૬	૧૩	૩	શ્રી પુસ્તક ખરીદ ખાતે લેણા
			૧૩૮૭ ૧૦ ૦ ગઇ સાલના	૩૨૬	૧૪	૦	શ્રી ફરનીચર ખાતે લેણા
			૧૧૧ ૧૫ ૦ વ્યાખ્યાન માળાના હવાલો	૨૪	૧૩	૦	સિલિક પુરાંત
			૧૪૬૬ ૬ ૬				
			૪૨૭ ૧૫ ૦ ચાલુ વર્ષમાં ખોટના	૨૫૫૩	૭	૩	
			૧૦૭૧ ૧૦ ૬				
૧૧૬૨	૧૫	૦	શ્રી લાયબ્રેરી ડીપોઝીટ ખાતે				
૫૨	૧૫	૦	શ્રી માંદાની માવજત ખાતે				
૪૨	૦	૦	શ્રી ૧૯૯૮ ના સભ્યના લવાજમ				
૭	૪	૬	શ્રી પરિષદ ખાતે				
૫	૪	૭	મુનીશ્રી શાંતિવિજયસુરીજી				
૬	૦	૦	ચુનીલાલ વીરચંદ				
૭૧	૦	૦	શ્રી. મણીલાલ એમ. શાહ				
૩	૬	૦	શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય				
૨૫૫૩	૭	૩					

શ્રી પ્રબુદ્ધ જૈન પેપરનો સંવત ૧૯૯૭ના કારતક સુદી ૧ થી આસો વદી ૦)) સુધીનો આવક તથા ખર્ચનો હીસાબ

જ				ઉ			
૪૪૦	૦	૦	સામાન્ય સભ્ય પાસેથી સં. ૧૯૯૬, ૧૯૯૭ બે વર્ષના રૂા. ૧૧ લેખે હવાલો નાંખેલ તેના ૨૨૫) ૧૯૯૬ ના, ૨૧૫) ૧૯૯૭ ના.	૫૪૫	૧૩	૬	સંવત ૧૯૯૬ ના બાકી દેવા
				૧૩૮૮	૪	૬	શ્રી ખર્ચની વીગત
							૨૨૧ ૩ ૦ સ્ટેશનરી
							૮૬૬ ૧૨ ૦ છપામણી
							૨૬૬ ૧૧ ૬ પોસ્ટ ખાતે
							૨૦ ૦ ૦ પગાર ખાતે
							૧૬ ૧૦ ૦ પરચુણ
૧૨૩	૪	૦	શ્રી બોણીના (ભેટ) આવ્યા તે				
૬૨૮	૭	૬	શ્રી પ્રબુદ્ધ જૈન લવાજમના આવ્યા તે જમા				
૧૧૬૧	૧૧	૬					
૭૪૨	૬	૬	આવક કરતા ખર્ચ વધારે				
૧૬૩૪	૨	૩		૧૬૩૪	૨	૩	

લાયબ્રેરી ખાતે આવક જાવકનો હીસાબ

જ				ઉ			
૫૦	૦	૦	શ્રી ભેટના હીરાલાલ અમરતલાલ તરફથી મલ્યા	૫૭૦	૦	૦	શ્રી પગાર ખર્ચના
૬૮૪	૧૧	૬	આવક કરતા ખર્ચ વધારે	૬૨	૬	૦	શ્રી પરચુરણ ખર્ચ સ્ટેશનરી, વીમો, પરચુરણ
				૬૬	૧૫	૦	શ્રી પેપરોના લવાજમના
				૫	૩	૬	શ્રી પોસ્ટ ખર્ચના
૭૩૪	૧૧	૬		૭૩૪	૧૧	૬	